B ૨ । ૫

ભાવસિન્ધુ



પુષ્ટિ પુષ્પ - ૭

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજનવલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુંસાઈજી) ના ચતુર્થ કુમાર

શ્રીમદ્ ગોસ્વામી શ્રી ગોકુલનાથજી વિરચિત

ભાવસિન્ધુ

પ્રકાશક :

શ્રી પુષ્ટિ સાહિત્ય પ્રકાશન
૫૪, સરદારકુંજ સોસાયટી,
શાહપુર બ્હાઈ સેન્ટર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટે.નં. - ૨૫૪૯૧ - ૪૭૬૫૮૧

ન્યોછાવર - રૂા. ૧૧૧
+રજી. પોસ્ટેજ - રૂા ૧૨

પ્રાપ્તિસ્થાન : પ્રકાશક
શ્રી પુષ્ટિ સાહિત્ય પ્રકાશન કાર્યાલય

(૧) **પ.ભ. શ્રી અંબાલાલભાઈ લાખાભાઈ પટેલ**
૫૪, સરદારકુંજ સોસાયટી,
શાહપુર બ્હાઈ સેન્ટર.
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટે. નં. - ૨૫૪૯૧

(૨) **પ.ભ. શ્રી દામોદરભાઈ પુષ્કરભાઈ શુકલ**
૩૬\૪૨૬ રઘુકુળ એપાર્ટમેન્ટ,
સોલા રોડ, નારણપુરા.
અમદાવાદ ૩૮૦ ૦૧૩
ટે.નં. - ૪૭૬૫૮૧

પ્રકાશન તિથિ :-
શરદપૂર્ણિમા - રાસોત્સવ
આસો સુદ - ૧૫
સંવત : ૨૦૪૮

તા:- ૧૧ - ૧૦ - ૧૯૯૨

ગ્રાફિક્સ, ટાઈટલ, ટાઈપ સેટીંગ :-
ફ્લાયડોટ કોમ્પ્યુટર ઈમેજ
એમ - ૫૧, કે. કે નગર,
રન્નાપાર્ક પાસે, ઘાટલોડીયા.
અમદાવાદ - ૩૮૦ ૦૬૧.

સહાયક :
વિધાતા કોમપ્રિન્ટ
અમદાવાદ.

પ્રત :- ૧૦૦૦

પ્રસ્તાવના

"નિજેચ્છાતઃ કરિષ્યતિઃ"

કેવળ પ્રભુ ઈચ્છાએજ શ્રી પુષ્ટિ સાહિત્ય પ્રકાશન કાર્યાલય દ્વારા ૮૪ વૈષ્ણવની વાર્તા ત્રણ જન્મ લીલાભાવના સહિતની ત્રણ આવૃત્તિઓ છપાયા બાદ ફરી એકવખત ભાવસિન્ધુ ની બીજી આવૃત્તિ પ્રગટ કરી રહી છે. ભવિષ્યમાં સેવાભાવિ પ્રતિનિધિઓ તેમજ વૈષ્ણવોના સતત સાથ સહકાર આવી જ રીતે મળતા રહેશે તો ત્રણ જન્મ લીલાભાવના સહિત બસોબાવન વૈષ્ણવની વાર્તા આવતા વર્ષે આપવાનો વિચાર છે. વૈષ્ણવો તેમનો પ્રતિભાવ મોકલે. પ્રિન્ટીંગના તેમજ કાગળના સતત વધતા જતા ભાવના કારણે ગઈ વખત કરતા આ વખતે ભાવસિન્ધુ થોડુ વધારે ખર્ચાળ બન્યુ છે. પરંતુ તેની ક્વૉલીટીમાં ઘણો જ ફેરફાર થયો છે. તે વૈષ્ણવો સમજી શકશે.

હવે આ ભાવસિન્ધુ નામનો ગ્રંથ એટલે કેવળ રસમાર્ગીય ગ્રંથ. આમ આવા આ રસમાર્ગીય ગ્રંથ તરીકે કહેવાતા આ ભાવસિન્ધુ નામના ગ્રંથ ઉપરથી એ સચોટ માર્ગદર્શન થાય છે કે આ માર્ગમા તો માત્ર પ્રભુની કૃપા (અનુગ્રહ) જ મુખ્ય વસ્તુ છે અને તેથીજ આ માર્ગને કૃપા માર્ગ (અનુગ્રહ માર્ગ) તરીકે પણ કહેવામા આવેલ છે.આમ આ માર્ગને અનુગ્રહ માર્ગ તરીકે કહેવામા આવતો હોવાથી જીવના કોઈપણ પ્રકારના સાધનથી પ્રભુ કૃપા કે અનુગ્રહ કરતા નથી પરંતુ .... પોતાપણુ છોડીને જીવ પ્રભુનો થયો કે બસ કૃપા કે અનુગ્રહ થયો જ સમજો. પછીતો જેવો જેનો ભાવ અને જેવો જેનો અનુભવ.......પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી) ના આશિષથીજ આ ભગીરથ કાર્ય ટુંકા ગાળામા થઈ શક્યુ છે. તેઓશ્રીની કૃપા દ્દષ્ટી જ આ કાર્ય સિધ્ધ કરાવી શકી છે.

ભાવસિન્ધુ નામના ગ્રંથ વિશેના પરીચય અર્થે દર્શાવવાનુ કે આ ગ્રંથમા પ્રથમથીજ મહાપ્રભુજીનો નિજ વાર્તાપ્રસંગ એક, આપશ્રીના સેવકોની વાર્તાઓ તેર અને શ્રી ગુસાંઈજીના સેવકોની વાર્તાઓ છ મળી કુલ વીસ વાર્તાઓ લખવામા આવેલી છે આમ આમાની અમુક વાર્તાઓ તો ૮૪ - ૨૫૨ વૈષ્ણવની વાર્તાઓ પૈકીની જ છે. જ્યારેતે સિવાયની બીજી વાર્તાઓ જે લખવામા આવેલી છે તે તદ્દન નવી જ છે.

સંવત :૨૦૪૮ આસો સુદ પુનમ
'રાસોત્સવ'
તા: ૧૧ -૧૦ - ૯૨

પ્રકાશકઃ
શ્રી પુષ્ટિ સાહિત્ય પ્રકાશન
અમદાવાદ

અખંડ ભૂમંડલાચાર્ય વર્ય

શ્રી મહાપ્રભુજીના યશોગાન

ધન્ય હો તૈલંગકુળના ભાણ, વંદુ શ્રી વલ્લભ જીવન પ્રાણ ટેક

પુષ્ટિ સૃષ્ટિના સંસ્થાપક, ધર્મ ઉધ્ધારક, આપ,
પ્રકટ્યા પંદરસો પાંત્રીસમાં, ભૂતલમાંહી આપ ૧

માધવમાસ કૃષ્ણપક્ષની, એકાદશી રવિવાર,
કૃપા કરીને પ્રકટ્યા ભૂતલ, વર્ત્યો જયજયકાર ૨

માત ઈલંમાગારૂ કુખે, તૈલંગ કુળમાં આપ,
પ્રકટ્યા ચંપારણ્યની માંહી, અગ્નિકુંડે આપ ૩

પિતા આપના લક્ષ્મણભટ્ટજી, પુણ્યશાળી પવિત્ર,
દેવી સંપત્તિથી ભરીયા, ધર્મશીલ ખચિત ૪

પ્રાકટ્ય આપનું થયું અલૌલિક, ચમત્કારથી ભરીયું,
ખરેખર,'શ્રી કૃષ્ણ સ્વરૂપે' તેજ પુંજથી ભરીયું ૫

ભક્તિપંથે પ્રેર્યા સૌને, કૃપા દાન દઈ આપે.
હરિરસ આમૃતના અલૌલિક, પાન કરાવ્યા આપ ૬

'શ્રી કૃષ્ણઃ શરણં મમ' ના દિવ્ય મંત્ર દઈ આપે.
બ્રહ્મસંબંધી કરોવી સૌનું શ્રેયસ સાધ્યું સાચે ૭

અષ્ટાક્ષર મહામંત્ર રટતાં, નિર્મલ મનડું થાયે,
પ્રભુ સ્વરૂપમાં તન્મય થાતાં. પરમાનંદ પમાયે ૮

પ્રભુ સ્વરૂપે પ્રકટી આપે, ભક્તિમાર્ગ સ્થાપ્યો,
સેવા-ભક્તિનો લાભ અનેરો, દેવી જીવને આપ્યો ૯

આપે સાચે! વૈષ્ણવજન પર, કૃપાભાવ દર્શાવ્યો,
તત્વસાર શ્રીમદ્ ભાગવતનો સુ'બોધિની' રચી આપ્યો ૧૦

''ષોડશગ્રંથ'' રચ્યો જે આપે, તત્વજ્ઞાન ભરેલો,
આત્મ શ્રેય કરવાનો સૌને, માર્ગ બતાવ્યો સહેલો ૧૧

માયાનાં પ્રબલ બંધનથી, મુક્ત કરાવ્યા આપે,
દિવ્ય પ્રેમ ભક્તિની 'જ્યોતિ', ઉર જગાવી આપે ૧૨

આપે વિજયનગરમાં જઈને, માયાવાદ ફગાવ્યો,
પંડિતોની સભા જીતીને, બ્રહ્મવાદને સ્થાપ્યો ૧૩

આચાર્યોએ ''જગતગુરૂની'' પદવી આપને આપી,
કૃષ્ણદેવે કર્યો 'કનકાભિષેક', પૂજ્યભાવ દર્શાવી ૧૪

વૈષ્ણવધર્મ તણો ભારતમાં, ડંકો વગાડ્યો આપે,
મોહ-નિદ્રા મહી સૂતેલાં કો, જાગ્યા તમ પ્રતાપે ૧૫

ત્રણ વખત પરિક્રમા કરીને, ચોરાશી બેઠક સ્થાપી,
આપે ભાગવત સપ્તાહ કરીને, પુણ્ય ભૂમિ તે કીધી ૧૬

ખરે બન્યાં એ વૈષ્ણવ જનનાં, તીર્થધામ સુખકંદ,
ભોગ ધરી જલ-ઝારી ભરતાં, પ્રકટે ઉર આનંદ ૧૭

સદ્ભાગી ચોરાશી વૈષ્ણવ, આપ શરણમાં આવ્યા,
પુષ્ટિ પીયુષ પીતાં પાતાં, પરમાનંદને પામ્યા ૧૮

આપ દેવી જીવ ઉધ્ધાર્યા, નિજ શરણમાં લઈને,
ભવસાગરથી ડુબંતા તાર્યા, પામ્યા સદ્ગતિને ૧૯

વૈષ્ણવ જનના પ્રાણ આપ છો, આપ છો ધર્મ સુજાણ,
દેવી સંપત્તિથી ભરીયા, તૈલંગકુળના ભાણ, ૨૦

ખરે, તીવ્ર વૈરાગ ભરેલી, ત્યાગમૂર્તિ છો આપ,
પ્રસન્નતાથી સદા ભરેલી, સૌમ્યમૂર્તિ છો આપ ૨૧

આપ ખરેખર જગતગુરૂ છો, અખંડ ભૂમંડલાચાર્ય,
શુધ્ધાધ્વૈત ભક્તિને સ્થાપી, અદ્ભૂત કર્યા કાર્ય ૨૨

આપ સમર્થ ધર્મધુરંધર દીસો ભક્તિ સ્વરૂપ,
દયા, પ્રેમની મૂર્તિ દીસો, દીસો વિમલ સ્વરૂપ ૨૩

તેજ પુંજ છો આપ તપસ્વી, દેવાંશી ! અવતાર,
કૃપાનિધિ તવ શરણે આવ્યા, ઉતારજો ભવપાર ૨૪

અનુક્રમણિકા

ક્રમ	વાર્તાનું નામ	પાનું
	--- શ્રી મધુરાષ્ટકમ્	૧
૧	અલૌકિક પ્રભાવ (નિજ વાર્તા પ્રસંગો)	૨

--- શ્રી મહાપ્રભુજીના સેવકોની વાર્તાઓ---

૨	દામોદરદાસ હરસાની, (૧)	૯
૩	કૃષ્ણદાસ મેઘન, (૨)	૨૩
૪	કૃષ્ણદેવ રાજા, (૩)	૩૭
૫	દામોદરદાસ સંભલવાલા, (૪)	૬૩
૬	પદ્મનાભદાસજી, (૫)	૮૧
૭	તુલસાંબેન, (૬) તે શ્રી પદ્મનાભજીના પુત્રી	૧૦૧
૮	રૂક્ષ્મણીબાઇ, (૭) તે શ્રી પુરુષોત્તમદાસ શેઠની પુત્રી	૧૦૫
૯	રજોભાઇ ક્ષત્રાણિ, (૮)	૧૧૬
૧૦	નારાયણદાસ બ્રહ્મચારી, (૯)	૧૨૯
૧૧	સંતદાસજી ચોપડા ક્ષત્રિય, (૧૦)	૧૩૯
૧૨	ગજનધાવન, (૧૧)	૧૫૦
૧૩	કૃષ્ણદાસ તથા તેમના પત્ની, (૧૨)	૧૫૭
૧૪	શ્યામદાસ સુતાર, (૧૩)	૧૭૦

--- હવે શ્રી ગુંસાઇજીના સેવકોની વાર્તાઓ ---

૧૫	વાઘાજી રજપૂત, (૧)	૧૭૫
૧૬	ચંદાબાઈ, (૨)	૧૮૫
૧૭	બે કુંભાર ભાઈઓ, (૩)	૧૯૩
૧૮	દુર્ગાવતી રાણી, (૪)	૧૯૯
૧૯	રૂપમુરારીદાસ, (૫)	૨૦૫
૨૦	તાજ બેગમ, (૬)	૨૧૫

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય કમલેભ્યો નમઃ ॥

શ્રીમદ્ ગોસ્વામી શ્રી ગોકુલનાથજી વિરચિત

ભાવસિન્ધુ

શ્રી મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં, નયનં મધુરં હસિતં મધુરમ્,
હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ૧
વચનં મધુરં ચરિતં મધુરં, વસનં મધુરં વલિતં મધુરમ્,
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ૨
વેણુર્મધુરો, રેણુર્મધુરઃ, પાણિર્મધુરઃ પાદૌ મધુરૌ,
નૃત્યં મધુરં સખ્યં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ૩
ગીતં મધુરં પીતં મધુરં, ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્,
રૂપં મધુરં તિલકં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ૪
કરણં મધુરં તરણં મધુરં, હરણં મધુરં રમણં મધુરમ્,
વમિતં મધુરં શમિતં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ૫
ગુંજા મધુરા માલા મધુરા, યમુના મધુરા વીચી મધુરા,
સલિલં મધુરં કમલં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ૬
ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં ભક્તં મધુરમ્,
ઇષ્ટં મધુરં શિષ્ટં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ૭
ગોપા મધુરા ગાવો મધુરા, યષ્ટિર્મધુરા, સૃષ્ટિર્મધુરા,
દલિતં મધુરં ફલિતં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ૮

૧. અલૌકિક પ્રભાવ

(નિજ વાર્તા પ્રસંગો)

પ્રભુએ રચેલી આ સૃષ્ટીના એક ભાગમાં સૌથી પવિત્રમાં પવિત્ર એવી એક ભાગ્યશાળી ભૂમિ આવેલી છે કે જે ભૂમિ પર પ્રભુની લીલા અર્થે દૈવી-આસુરી જીવોની ઉત્પત્તિ તથા દૈવી જીવો આસુરી જીવો સાથે ભળી જઈને પોતાના જીવનને કેવળ માયાવી જીવન બનાવીને પોતાનું જીવન વ્યતિત કરી રહેલા હતા. આવી મહાન ભૂમિ તે હિન્દુસ્તાન નામના દેશ તરીકે પ્રખ્યાત છે. આમ આ હિન્દુસ્તાન દેશના લગભગ પાંચશો વર્ષના પૂર્વેના ઈતિહાસ તરફ દ્રષ્ટિ કરતા અચંબોજ થશે કે ક્યાં આ હિન્દુસ્તાન દેશવાળી ભૂમિની પવિત્રતા અને ક્યાં તે સમયના જુલ્મોની વિચિત્રતા.. ! એટલે કે તે સમયે હિન્દુસ્તાન દેશમાં વસી રહેલા હિન્દુ-ભારતવાસીઓ પોકારી રહ્યા હતા કે હે પ્રભુ... આવા જુલ્મો હજી ક્યાં સુધી જોવા પડશે!...

સંવત ૧૫૩૫ ની સાલનો સમય એટલે તે એવો કપરો હતો કે આ સૃષ્ટિ પર સર્વત્ર સળગી ઉઠેલા સામાજીક, રાજકીય, અને ધાર્મિક ક્રાંતિકારીના આંદોલનનો સમય હતો કે જે સમયે લોદીવંશની ઈસ્લામી રાજ્યની હકુમત ચાલી રહી હતી અને ઈસ્લામ ધર્મને જ માનનાર એવો સિકંદર નામનો ઈસ્લામી બાદશાહ રાજ્ય કરતો હતો. કે જે ક્રુર-ધર્માંધ હોવાને કારણે અને વળી સત્તાના આધારે કેવળ ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરવવાં અર્થે છડેચોક પોતે અપહરણો કરવા માંડ્યા, ઠેકઠેકાણે તોફાનો કરવા માંડ્યાં. નર-નારીઓની લાજ-આબરું લૂંટવા માંડી. ઠેકઠેકાણે કતલો કરવા માંડી, ગામોના ગામો સળગાવવા માંડ્યા, દેવ-મંદીરો કે હિન્દુઓના ઈષ્ટદેવની મૂર્તિઓ તોડવા માંડી. અરે, એટલું જ નહિ પરંતુ હિન્દુ-ભારતવાસીઓને હથીયારો બતાવી બતાવીને કહેવા લાગ્યો કે હિન્દુ ધર્મને બદલે અમારા ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરો અથવા તો મોતનો સ્વીકાર કરો. આવી રીતે નહિ શોભતા અનેક પ્રકારના અત્યાચારો કરી કરીને હિન્દુ-ભારતવાસીઓને અનહદ ત્રાસ આપવા લાગ્યો હતો. આમ આખાય હિન્દુસ્તાનમાં જુલ્મોના ભોગ બની ગયેલાઓના વહી રહેલા આસુંઓને રોકનાર કોઈ ન દેખાયું? આમ આવો આ કપરો સમય હતો.

હવે આ સૃષ્ટિ પર જ્યારે જ્યારે રાજકીય સામાજીક કે પછી ધાર્મિક બાબતો પ્રત્યે અન્યાયના વાદળો છવાઈ જાય છે ત્યારે ત્યારે અંત લાવવા અને યોગ્ય વ્યવસ્થા કરવા અર્થે શ્રીહરિ પોતે જ અવતાર ધારણ કરીને ભૂતળ પર અવશ્ય પધારે જ છે. એટલે કુદરતના આ નિયમ અનુસાર હિન્દુસ્તાનની ભૂમિ પર જુલ્મો અને ત્રાસ ખરેખર વધી ગયા હતા અને વળી તીર્થોને સનાથ અને દેવી જીવોનો ઉદ્ધાર પણ કરવાનો હતો કે જેથી શ્રીહરિના સાક્ષાત્ અવતારરૂપે શ્રી વલ્લભાધિશ (શ્રી મહાપ્રભુજી) નું સંવત ૧૫૩૫ના ચૈત્ર વદ ૧૧ ના રોજ ચંપારણ્ય નામના અરણ્ય જંગલમાં પ્રકટ્ય થતાં સર્વત્ર જયજયકાર થઈ રહ્યો અને પછી...

પછી શું ?

પછી એજ કે " નિજ ઈચ્છા કરિષ્યતિ " મુજબ સર્વત્ર ઘોર અંધકારમાં ધકેલાઈ ગયેલા જીવોને જાગૃતિમાં લાવવા માટે અને લોદીવંશની જુલ્મી રાજ્યસત્તાના કારણે ઉત્પન્ન થયેલી ભંયકરતાને દુર કરવા માટે આખાયે હિન્દુસ્તાનમાં પૃથ્વી પરિક્રમા કરવાનો નિશ્ચય કરીને ખુલ્લા ચરણારવિંદે ચાલીને પરિક્રમા શરૂ કરી. તે પછી આપશ્રીએ એવું કર્યું કે જ્યાં નહિ કોઈ માર્ગદશન કે નહિ કોઈ ઉપદેશ એવા જીવોના અશાન્તિ અને અજ્ઞાનતા ભરેલા વાતાવરણ વચ્ચે હિન્દુ-મુસ્લિમ કે પછી અન્ય કોઈ જાતીનો ભેદ રાખ્યા સિવાય અણધારી ધાર્મિક ક્રાન્તિ લાવીને સૌ કોઈના હૃદયને સંતોષ આપીને નવા નવા વિચારોનો અને નવી નવી ભાવનાનો રસ રેડીને સૌ કોઈને સાચો રસ્તો બતાવ્યો. રાજકીય, અને

સામાજીક અને ધાર્મિક ઉપદેશો કરી કરીને સૌને પોતપોતાના ધર્મનું જ્ઞાન કરાવ્યું. વિધર્મી સત્તાવાળાઓના અત્યાચારોથી ભયભીત બનેલાઓને નિર્ભય કરતા ચોતરફ શાન્તિ પ્રસરાવી. પ્રેમરૂપેની અલૌકિક નદીના પુરમાં ધર્મ નૌકા વ્હેતીમુકીને શ્રી પુષ્ટિમાર્ગીય શરણ માર્ગની સ્થાપના કરી. વળી એવી પણ આજ્ઞા કરતા કે અમારા આ પુષ્ટિ માર્ગની દ્રષ્ટિ સંકુચિત નથી પરંતુ વિશાળમાં વિશાળ છે એટલે કે અમારો પુષ્ટિમાર્ગ દરેક વર્ણને (જાતિને) માટે એક સરખો જ લાભંદાયક છે. કોઈપણ વર્ણનો જન્મેલો જીવ આ માર્ગની શરણાગતિ સ્વાકારી આ માર્ગમાં પ્રવેશ કરી શકે છે. આમ દરેક વર્ણને યોગ્ય લાગે તેવા સિદ્ધાંતોનું વર્ણન કરી કરીને સ્થાપેલ આ પુષ્ટમાર્ગના દ્વાર ખુલ્લા કર્યા.

અને પછી તો...

હિન્દુસ્તાનમાં સર્વત્ર વ્યાપી ચુકેલા ઘોર અંધકારને દૂર કરી બતાવનાર શ્રી વલ્લભાધિશના અલૌકિક પ્રભાવથી પવિત્રમાં પવિત્ર એવી આ હિન્દુસ્તાનની ભૂમિ પર ન ધારેલા હોય એવું એક અનોખું વાતાવરણ બની જવા પામ્યું. આમ સૌને ખરો રસ્તો બતાવતા અને પરિક્રમા કરતા કરતા આપશ્રી શ્રીમદ્ ગોકુળ પધાર્યા.

આપશ્રીના આવા સમભાવવાળા ઉચ્ચ પ્રકારના ઉપદેશોના કારણે આપશ્રીના આવા અલૌકિક પ્રભાવની વાતો હિન્દુસ્તાનમાં ચોતરફ ફેલાવા લાગી. આપક્ષીના પ્રભાવની વાતો ફેલાતા ફેલાતા આખરે જ્યારે બાદશાહ સિકંદરના સાંભળવાવમાં આવી ત્યારે આવા મહાપુરુષના દર્શન કરવા જોઈએ તેવું મન સાથે નક્કી કરીને આખરે અમુક જ અમલદારોને સાથે રાખીને અને એક બાદશાહ તરીકેના મોભાને તુચ્છ માનીને કોઈ પણ જાતના ઠાઠમાઠ કર્યા સિવાય બાદશાહ સિકંદર તો શ્રી મહાપ્રભુજીના દર્શન કરવા માટે જ શ્રી વ્રજ મંડળ તરફ જવાને નીકળ્યો. આખરે શ્રી મહાપ્રભુજી જ્યાં બિરાજતા હતા. ત્યાં શ્રીમદ્ ગોકુળમાં આવી પહોંચતા આપશ્રીના દર્શન કર્યા. અરે... એટલું જ નહિ પરંતુ દર્શન કરતાની સાથે જ તે ખરેખર આકર્ષાયો અને તે એવો તો આકર્ષાયો કે બસ પોતાનું બાદશાહી તાજ આપશ્રીના ચરણાવિંદમાં ઝૂકી જ ગયું. પછી આજ્ઞા લઈને પોતે પોતાના સ્થળે પાછો આવ્યો. બાદ હિન્દુ ધર્મનો નાશ કરવાની ઈચ્છાવાળા એવા આ બાદશાહ સિકંદરના વિચારોનું ખરેખર પરિવર્તન પણ થઈ ગયું. આમ બાદશાહ સિકંદર થયેલા પરિવર્તનથી અને વળી ભાવનાથી હિન્દુ-ભારતવાસીઓના આનંદનો કોઈ પર રહ્યો નહિ, એટલે કે સર્વત્ર આનંદ, આનંદ, અને આનંદ જ થઈ રહ્યો.

હવે બીજી તરફ દિલ્હીપતિ બાદશાહ સિકંદર આપશ્રીના દર્શન કરીને શ્રીમદ્ ગોકુળતી પોતાના સ્થળે આવી પહોચ્યાં તો ખરો પરંતુ તે પછી આપશ્રીના કરેલા સ્વરૂપ દર્શન માત્રથી જ પોતાને થયેલા આકર્ષણના આધારે ખરેખર પોતાની ભાવનાને પલ્ટો જ થઈ જવા પામ્યો હતો અને આવા મહાપુરુષના દર્શન હવે નિત્ય રીતે કેવી રીતે કરવા .. ? તેવા પ્રકારની તાલાવેલી પોતાનામાં પ્રગટ થઈ. આખરે કંઈક વિચારોના અંતે પોતાને એવી પ્રેરણા થઈ કે આ મહાપુરુષનું ચિત્ર તૈયાર કરાવીને મારા મહેલમાં રાખવાથી જ મને નિત્ય દર્શન થતા રહેશે. આમ પોતાને થયેલી આવી પ્રેરણા અનુસાર જગમશહુર એવા પોતાના હોનહાર નામના ચિતારાને બોલાવતા પોતે હુકમ કર્યો કે જાવ, શ્રી વ્રજ મંડળમાં જઈને એ મહાપુરુષ,નું ચિત્ર વ્હેલામાં વ્હેલી તકે તૈયાર કરીને લઈ આવો.

આમ બાદશાહ સિકંદરે કરેલા હુકમના શબ્દો સાંભળતાની સાથે જ ચિતારો તો તૈયાર કરીને શ્રી વ્રજ મંડળમાં કે જ્યાં મહા પ્રભુજી બિરાજમાન હતા ત્યાં આવી પહોંચ્યો. પ્રથમ તો આપશ્રીના દર્શન કર્યા અને પછી વિનંતી પૂર્વક બાદશાહ સિકંદરને કરેલા હુકમની વાત કહી. સંભળાવી. જવાબમાં આપશ્રીએ આજ્ઞા કરતા કહ્યું કે સારી વાત છે, તમે ચિત્ર તૈયાર કરી શકતા હો તો ભલે તૈયાર કરો... હવે આ હોનહાર ચિતારો ચિત્રકળામાં બહુ જ હોશિયાર હોવાથી પાતોની મનની પોતાને આ કાર્ય મુશ્કેલ ભરેલું જરાય જણાયું નહિ. પરંતુ અભિમાની એવા આ હોનહાર ચિતારાને ખબર ન હતી હું આજે કોનું ચિત્ર બનાવવા માટે તૈયાર થયો છું ? બાદ આપશ્રીની આજ્ઞા મુજબ અભિમાની કે કે એવા ચિતારાએ તો આપશ્રીના સુંદર રીતે દર્શન કરીને પોતાની પીંછી ચલાવવા માંડી. જોત જોતામાં એક ચિત્ર તૈયાર કરીને આપશ્રીના સ્વરૂપ સાથે મેળવતા પોતાને જણાયું કે પોતાની મહેનત નકામી ગઈ. કે પછી બીજું ચિત્ર એક એમ એક પછી એક ઘણાયચિત્રો તૈયાર કરતો ગયો પરંતુ ચિત્ર બરાબર તૈયાર થઈ શકતું જ નહિ. આમ મહેનત કરેલ હોવા છતાંય તે પોતાની કળામાં નાસીપાસ થતા પોતે વિચાર કરવા લાગ્યો કે આજ આજકાલ કરતા કરતા મને આ ચિત્ર તૈયાર કરવમાં છ માસ વીતી જવા આવ્યા છતાંય ચિત્ર તો તૈયાર થઈ શખતું જ નથી. વળી ચિત્ર તૈયાર કરીને નહિ લઈ જાઉં તો બાદશાહ મારા પ્રાણ લેસે. આમ કંઈક પ્રકારના વિચારો કરતા કરતા પોતે ખરેખર ગભરાયો કે હવે કરવું શું? આવા પ્રખ્યાત

હોનહાર ચિતારાની વિચારોમાંને વિચારોમાં પોતાને આપશ્રીની પ્રભુતાનો ખ્યાલ આવી જતા પોતાના હૃદયમાં એવો જ ભાસ થઈ હતો કે આ મહાપુરુષના પગમાં પડ્યા સિવાય કોઈ રસ્તો નથી. આખરે પોતે એ કર્યુ કે આપશ્રીને શરણે જઈ બે હાથ જોડીને સાષ્ટાંગ દંડવત્ત પ્રણામ કર્યા અને પછી કેવળ દીન થઈને વિનંતી કરી કે રાજ, આપશ્રીનું ચિત્ર તૈયાર કરવામાં આજે છ માસથી પ્રયત્નો કરી રહ્યો છું પરંતુ રાજ, મારા સાધનબળથી ચિત્ર તૈયાર થઈ શક્યું નહિ તેથી હવે બાદશાહ પાસે જઈને હું મારું મોઢું શું બતાવું.? આટલું બોલતાની સાથે જ નિ:સાધન બનેલા એવા આ જગમશહુર હોનહાર નામના ચિતારાની આંખોમાંથી આસુંઓ વહી રહ્યાં... આમ આ આંસુઓ દ્વારા પોતાનામાં રહેલો અહંકાર દુર થતા કરૂણાસાગર એવા શ્રી મહાપ્રભુજી દીન જીવો પર કૃપા કરે તેમાં નવાઈ શું?... એટલે પછી આપશ્રીએ આ ચિતારા સામે " કરૂણા દ્રષ્ટિ " કરીને આજ્ઞા કરી કે તમે પહેરેલા કપડા ઉતારીને આ શ્રી યમુનાજીમાં સ્નાન કરી આવો.

આપશ્રીએ કરેલ આજ્ઞા મુજબ શ્રી યમુનાજીમાં સ્નાન કરીને આવતા આપશ્રીને હોનહાર ચિતારાને નામ સ્મરણ કરાવીને આજ્ઞા કરી કે " જે સ્વરૂપથી જગત્ પ્રસિદ્ધ દર્શન આપુ છું તેજ સ્વરૂપ ચિત્ર તૈયાર કર. " આમ આવી આજ્ઞા કરીને નિજ સ્વરૂપ ચિતારાના હૃદયમાં સ્થાપન કર્યુ.

હવે અહીં એક બાબત સમજવાની છે કે શ્રી મહાપ્રભુજીના ભાવાત્મક દર્શન તે ભાવિકોને પોતપોતાના ભાવ પ્રમાણે થતા જ હોય છે પરંતુ અલૌકિક સ્વરૂપના દર્શન તો માત્ર દૈવી જીવોનેજ થાય છે. એટલે આમ નિજ સ્વરૂપને ચિતારાના હૃદયમાં પધરાવતા ચિતારો કોઈ અલૌકિક ભાવથી ભિજાંઈ જતા પોતાને અલૌલિક રીતે આપશ્રીના દર્શન થયા હતા.

આમ પોતાને થયેલા અલૌકિક દર્શનના પ્રભાવથી પોતે ચિત્ર તૈયાર કરવા લાગ્યો. આપશ્રીએ કરેલ આજ્ઞા મુજબ જ જગતપ્રસિદ્ધ દર્શનવાળુ ચિત્ર તૈયાર થઈ જતા હોનહાર ચિતારો આપશ્રી પાસે આવ્યો અને ચિત્ર સન્મુખ કરીને દંડવત્ પ્રણામ કર્યા... તેમજ પ્રતિજ્ઞા પણ કરી કે હવે પછી કોઈ પણ જીવનું ચિત્ર ઉતારીશ નહિ. તે પછી આપશ્રીને ફરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને વિદાયગીરીની આજ્ઞા લઈને હવાના વેગે હોનહાર ચિતારો બાદશાહ સિકંદર પાસે આવ્યો અને શ્રીમદ્ ગોકુળમાં થયેલી પોતાની સ્થિતિની તેમજ બનેલી ઘટનાની સર્વ હકીકત કહી સંભળાવતા તૈયાર કરીને લાવેલા ચિત્ર બાદશાહના હાથમાં મૂક્યું. આમ કેવળ આપશ્રીની કૃપા દ્રષ્ટિ દ્વારાજ તૈયાર કરી લાવેલા ચિત્રના દર્શન કરતા બાદશાહ સિકંદર બહુજ પ્રસન્ન થતા પોતાને પહેરવાના રત્ન જડિત સોનાના જે કડા હતા તેજ બાદશાહે હોનહાર ચિતારાને બક્ષિશમાં આપી દીધી અને હુકમ કર્યો કે તમે કરેલ પ્રતિજ્ઞા મુજબ હવે પછી તમારે જીવ તરીકે કોઈપણના ચિત્રો બનાવવા નહિ.

તે પછી બક્ષિશમાં પોતાને મળેલ રત્ન જડિત સોનાના કડાથી હોનહાર ચિતારાને અતિ આનંદ થતા પોતાના જીવન સુધીમાં કોઈપણના ચિત્રો નહિ બનાવતા માત્ર શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રી નવનીતપ્રિયાજી, શ્રીનાથજી તેમજ સાતેય લાલજીના જ ચિત્રો બનાવ્યા કે જે ચિત્રોના હાલ પણ કોઈ સ્થળે દર્શન થઈ જાય તો નવાઈ નહિ.

આ હોનહાર ચિતારાએ તૈયાર કરેલ આપશ્રીના ચિત્રજી પ્રત્યેનો ઉલ્લેખ એવો છે કે :- ઉનાળાના દિવસોમાં સંધ્યાનો સમય છે. શ્રીમદ્ ગોકુળમાં આવેલી શ્રી ઠકુરાણી ઘાટ પર આપશ્રી વિરાજ્યા છે. શ્રીમદ્ ભાગવત ઉપરથી શ્રી સુબોધિનીજીની ટીકાનું રહસ્ય નિજ સેવકો પાસે આપશ્રી પ્રગટ કરી રહ્યાં છે. માધવ ભટ્ટ કાશ્મીરી આપશ્રીની સન્મુખ બેસીને આપશ્રીના વાચનામૃત મુજબ શ્રી સુબોધિનીજી લખી રહ્યાં છે એમની પાછળ શ્રી મહાપ્રભુજી પૂર્ણ પુરુષોત્તમનું જ સ્વરૂપ છે. એવું સિદ્ધ કરી આપનાર તેમજ આજ્ઞાનું પાલન કરી બતાવનાર શ્રી કૃષ્ણદાસ મેઘન બે હાથ જોડીને બેઠેલો છે અને માર્ગના સ્થંભ તરીકે સુચન કરીને જેમના હૃદયમાં માર્ગનું રહસ્ય સ્થાપન કરેલ છે એવા મહાનુભાવી શ્રી દામોદરદાસ હરસાની આપશ્રી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી રહ્યાં છે.

આમ આપશ્રીના આ ચિત્રજીને બાદશાહ સિકંદરે ખાસ પોતાના મહેલમાં સ્થાપના કરાવી રાખેલ હતું અને પછી નિત્ય દર્શન કરતો હતો ત્યારબાદ થોડોક સમય પસાર થયો હશે તેવામાં તો આ બાદશાહ સિકંદર મરણ પામતા લોદી વંશનો જ એક ઈબ્રાહીમ લોદી નામનો બાદશાહ દિલ્હીની ગાદીએ આવ્યો કે જેના સમયમાં તો ઠેકઠેકાણે બળવાઓ થવા લાગ્યા તેમજ અન્ય રાજાઓ સાથે વારંવાર અથડામણો થતા અવારનવાર લડાઈઓ જ થયા કરતી હતી. આવામાં એક વખત આ બાદશાહ ઈબ્રાહીમ લોદી અને મોગલવંશીઓ વચ્ચે ખરેખરી અથડામણ થઈ જતા બાદશાહ ઈબ્રાહીમ લોદી હારી ગયો અને પોતાના હાથમાંથી આ દિલ્હીની ગાદી જતી રહી. ત્યાર પથી આ હિન્દુસ્તાનું રાજયતંત્ર બદલાતા

બાબર નામનો મોગલવંશી બાદશાહ દિલ્હીની ગાદીએ આવ્યો. પરંતુ ટૂંક સમયમાં જ આ બાદશાહ બાબર મરણ પામ્યો. બાદ તેમનો પુત્ર હુમાયુ દિલ્હીની ગાદીએ આવતા હિન્દુસ્તાનનું રાજ્યતંત્ર તેણે સંભાળ્યું.

હવે બાદશાહ હુમાયુના ચાલી રહેલા રાજ્યતંત્ર દરમ્યાન પૃથ્વી પરક્રિમા કરતા કરતા શ્રીમહાપ્રભુજી ઉત્તર પ્રદેશમાં આવેલા થાનેશ્વર, કુરૂક્ષેત્ર, સિંહનંદ વગેરે અનાથ ક્ષેત્રોને સનાથ કરવા પધાર્યા. આમ આ સમયે રામાનુજ પંડિત, જગતાનંદ પંડિત વગેરેને શરણે લીધા પછી દિલ્હી શહેરમાં આવેલ નિદંબોધ ઘાટ પર સ્નાન કરીને વ્રજ મંડળમાં પધારવાની ઈચ્છા થતા રામાનુજ પંડિત જગતાનંદ પંડિત, વાસુદેવદાસ છકડા, પૂરનમલ્લ ક્ષત્રિય, અંબાલાવાળા ત્રિપુરાદાસ, યાદવેન્દ્રદાસ વગેરે વૈષ્ણવ સમાજને સાથે લઈને આપશ્રી દિલ્હી શહેર નજીક પધારતા શહેરથી બે માઈલ દૂર ઉતારો કર્યો. જ્યારે બીજી તરફ વાતાવરણ એવુ બનવા પામ્યુ કે આપત્રી દિલ્હીમાં પધાર્યા છે તેવા સમાચાર શહેર આખાયમાં પ્રસરી ગયા. આમ આવા સમાચાર સાંભળતા દિલ્હીમાં વાસ કરી રહેતા દરેક મુસલમાનોમા ગભરાહટના વાદળો ફરી વળ્યા કેજેના કારણે દિલ્હી શહેર આખાયમાં કોલાહલ મચી જતા દિલ્હી શહેરને છોડી છોડીને મુસલમાનો નાસભાગ કરવા લાગ્યા. આવા પ્રકારના બીકવાલા સમાચારથી થોડા ઘણા મુસલમાનો એકત્ર થઈને બાદશાહ હુમાયુ પાસે ગયા અને અરજ કરીને કહેવા લાગ્યા કે હજુર સાહેબ... પહેલા એક સમયે આપણા આ દિલ્હી શહેરમાં આવેલા મથુરા ગેઈટ નામના દરવાજા ઉપર હિન્દુઓના ફકીરે એક યંત્ર મુક્યો હતો કે જે યંત્રના પ્રભાવથી ઘણાય મુસલમાનો હિન્દુઓ થઈ ગયા હતા (આ યંત્રની બાબતમાં વિશેષ ખુલાસો ક્ષી મથુરાજીના બેઠકજીનું લીલા વર્ણન વાંચવાથી જાણી શકાશે.)આમ હિન્દુઓના તેમ ફકીર સાહેબ આજે ફરીને આપણા દિલ્હી શહેરમાં પર્ધાયા છે તેથી આ વખતે શું કરશે? તેજ સમજાતું નથી. વળી આ સમાચાર સાંભળતા દિલ્હી શહેરના મુસલમાનો ખરેખર ગભરાઈ જ ગયા છે. એટલું જ નહિ પરંતુ આવા પ્રકારના ઉપસ્થિત ગભરાટથી સૌકોઈ નાશભાગ કરીને આપણી દિલ્હી શહેરને છોડી છોડીને અન્ય સ્થળોએ જઈ રહ્યાં છે. ... એટલે .. હજુર... દિલ્હી શહેરમાં વાસ કરી રહેલ મુસલમાનોની આવી કફોડી હાલત થવા પામી છે ! હવે તો આપ હજરત સાહેબ બચાવો તોજ બચી શકાય તેવું છે નહિ તો બધાય હિન્દુ થઈ જશે ?

આવેલી માણસોએ કરેલી આ બધી વાત બદશાહ હુમાયુને સાંભળી તો ખરી પરંતુ બાદશાહ હુમાયુને તો બીજો કંઈપણ વિચાર કર્યા સિવાય બે હિન્દુ વજીરોને બોલાવ્યા અને હુકમ કર્યો કે સોનાની પાલખી, (સુખપાલ) ચમર, છત્ર, માણસો વગેરે લઈને આપણા શહેરમાં હિન્દુ ફકીર જે પધાર્યા છે કે હિન્દુ ફકીર શ્રી વલ્લભધિશ પ્રભુને શહેરમાં પધરાવી લાવો. સાથે સાથે મારાવતી પૂછીને એ પણ સમાચાર કહેવડાવજો કે અમારા હજરત સાહેબ આપશ્રીને પધારવવા માટે ક્યાં સુધી સામા આવે ? બાદશાહ હુમાયુના થયેલા આવા હુકમથી આ બન્ને હિન્દુ વજીરો સોનાની પાલખી, છત્ર, ચમર, ભેટ, તથા જરૂર પુરતા માણસો લઈને શ્રી મહાપ્રભુજીને પધરાવી લાવવા માટે વિદાય થયા. પછી તો ચાલતા સૌ શહેર બહાર આવ્યા અને વૈષ્ણવ સમાજ સાથે શ્રી મહાપ્રભુજીના દર્શન થતાં બન્ને વજીરોએ આપશ્રીને દંડવત્ કર્યા અને બાદશાહ હુમાયુ તરફથી વિનંતી કરીને ભેટ કરી તેમજ બાદશાહે કરેલા હુકમની બધી વાત કહી સંભળાવી.

તે પછી આપશ્રીને સોનાની પાલખીમાં પધરાવ્યા અને બે હાથ જોડી વિનંતી કરીને એક વજીર પૂછવા લાગ્યો કે પ્રભુ, આજ્ઞા હોય તો આપશ્રી કહો ત્યાં સુધી આપશ્રીને પધરાવવા માટે અમારા હજરત સાહેબ સામા આવે. જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે પધરાવવા માટે સામા આવવાની કંઈ જરૂર નથી. બાકી અમે નિગંબોધ ઘાટ ઉપર જ્યારે સ્નાન કરવા પધારીએ ત્યારે ત્યાં આવીને તમારા બાદશાહ દર્શન કરે એમ સંદેશો કહેવડાવજો. આ પ્રમાણની આજ્ઞાના વચનો સાંભળીને વજીરે આ સંદેશો કોઈ એક માણસ દ્વારા બાદશાહ હુમાયુ ઉપર મોકલી આપ્યો. હવે સંદેશામાં આપશ્રીએ કરેલી આજ્ઞાના વચનો સાંભળીને પોતાને ઘડી ઘડી ના સમાચાર પ્રાપ્ત થતા રહે તેવી ભાવનાથી બાદશાહ હુમાયુને આપશ્રીના ઉતારાથી તે પોતાના મહેલ સુધી બધેય માણસો ગોઠવી દીધા અને પછી તો આવા પ્રકારની કરેલ વ્યવસ્થાના કારણે આપશ્રીના ઘડી ઘડીયે ના સમાચાર બાદશાહ હુમાયુના જાણવામાં આવતા હતા.

ત્યાર પછી મહાપ્રભુજી દિલ્હી શહેરમાં નક્કી કરેલા મુકામ ઉપર પધાર્યા. જ્યારે બીજી તરફનું વાતાવરણ એવું બનવા પામેલ કે દિલ્હીમાં રહેતા પ્રત્યેક મુસલમાનો ખરેખર ગભરાઈ ગયેલા હોવાથી ઘરની બહાર કોઈ નીકળ્યા જ નહિ. લાલ કિલ્લાથી તે નિગંબોધ ઘાટ સુધી બધેય કેવળ હિન્દુ ને હિન્દુ જ જોવામાં આવતા હતા. એટલે કે જાણે પાંડવોના રાજ્યનો જ અમલ થયો હોય તેવો શ્રી મહાપ્રભુજીનો " અલૌકિક પ્રભાવ " દિલ્હીવાસી જનતામાં જોવામાં આવતો હતો. ત્યાર બાદ શ્રી મહાપ્રભુજી નિગંબોધ ઘાટ પરપ જ્યારે સ્નાન કરવાને પધાર્યા ત્યારે એક પણ મુસલમાનને સાથે લાવ્યા

સિવાય બાદશાહ હુમાયુ આપ શ્રી ના દર્શન કરવા માટે આવી પહોચ્યો. જેમ સૂર્યના કિરણો પ્રકાશ પાસે દીવાનો પ્રકાશ ઝાંખો દેખાય તેમ દિલ્હીપતિ બાદશાહ હુમાયુ પોતે શ્રી મહાપ્રભુના તેજ પાસે ઝાંખો દેખાયો. પછી બાદશાહ હુમાયુને આપશ્રી ઉપર ફૂલોની વૃષ્ટિ કરતા દિલ્હીવાસી કેટલાક લોકોને " આપશ્રીના અલૌકિક સ્વરૂપના દર્શન થયા. " એટલે આમ આખાય દિલ્હી શહેરમાં એક અપૂર્વ અને અવર્ણનીય શોભા થવા પામી હતી. ત્યારબાદ બાદશાદ હુમાયુને સાષ્ટાંગ દંડવત્ કરીને સહસ્ત્રવધિ સોના મહોરો ભેટ કરીને વિનંતી કરી કરતાં કહ્યું કે મારા રાજ્યના સમયની યાદગીરીમાં આપશ્રીનો અવતાર થયો અને મને આપશ્રીનો જાણીને દર્શન આપ્યા તેજ હું મારા અહોભાગ્ય માનું છું એટલે આમ મારા અને મારા આ રાજ્યના ભાગ્યની શી પ્રસંશા કરૂં.!

તે પછી બાદશાહ હુમાયુને શ્રી મહાપ્રભુજીને વળી એક વિનંતી કરી કે મને આશીર્વાદ આપો કે " દાઉ દીન કાયમ રહે પણ બીગડે નહિ " જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતાં કહ્યું કે બગડવાનું શુ છે. ? અથવા અમારે બગાડીને શું કરવાનું છે. ? બાકી અનીતી કરશો તો પોતાની મેળે જ બગડી જશે. શ્રી મહાપ્રભુજીના આવા વચન સાંભળીને બાદશાહ હુમાયુ તો કંઈપણ બોલ્યો જ નહિ. બાદ આપશ્રીએ કડક રીતે બીજી વાત કરતા કહ્યું અમારા હિન્દુઓના મહાન તીર્થધામ તરીકેના શ્રી મથુરા શહેરના મંદિરમાં રાત્રે જે દિવા પ્રગટાવવામાં આવતા હતા તે તથા ઝાલર ઘંટા, શંખ અને બીજા વાજીંત્રો જે રોજ વાગતા હતા તે એમ આ બંને વસ્તુઓને તમારા કાજીએ બંધ કરાવીને શ્રી મથુરા શહેરમાં ખોટો ઉપદ્રવ કરાવ્યો છે કે જે યોગ્ય નથી. માટે તે બંધ કરાવેલ દીવા પાછા પ્રગટાવવા અને બંધ કરાવેવા વાંજીત્રો પાછા વાગે એવો હુકમ તમે શ્રીમથુરા મોકલશો તે પછીજ અમે અહીંથી આગળ પ્રયાણ કરીશું અને એમ કદાચ નહિ કરવામાં આવે તો પછી શ્રી મથુરા શહેરમાં આવેલા મંદિરોની જે દશા કાજીએ કરી છે તેના કરતાં પણ વધારે દુર્દશા તમારી અહીંની મસ્જીદોની તથા કબરોની અમે કરીશું. બાકી પાછળથી તમે અમને કહેવા ન આવો તેટલા માટે તમને પહેલા જ ચેતવણી આપીએ છીએ. વળી વિશેષમાં એ પણ ધ્યાનમાં રાખશો કે કરેલા આવા અન્યાય ભરેલા ઉપદ્રવથી કોપાયમાન થયેલા અમારા ઈષ્ટદેવ તમને એવો ચમત્કાર બતાવશે કે જેથી તમારામાંનો કોઈપણ માણસ અહીં દિલ્હીમાં રહી પણ શકશે નહીં. એટલે ટુંકમાં એટલુંજ સમજો કે હમણાને હમણાંજ તમારા માણસોને શ્રી મથુરા મોકલીને ઉત્પન્ન કરેલા ઉપદ્રવનો અંત લાવો.

શ્રી મહાપ્રભુજીના આવા વચનો સાંભળીનો થયેલા ઉપદ્રવથી અજ્ઞાન એવો બાદશાહ હુમાયુન તો થરથરવા જ લાગ્યો અને તરતજ પોતે એક વજીરને હુકમ કરીને કહ્યું કે હમણાં ને હમણાંજ મારો આ હુકમ લઈને તમે શ્રી મથુરા જાવ અને ત્યાંના કાજીને કેદની સજા કરીને હિન્દુઓના દેવ-મંદિરોમાં પહેલાની માફક જ દીવા પ્રગટાવવાની અને વાંજીત્રો વગાડવાની છુટ આપી દીયો.. જાવ.. જલદી જાવ...

બાદશાહ હુમાયુનના હુકમથી વજીર તો તરતજ શ્રી મથુરા તરફ જવાને વિદાય થતા માત્ર આઠ પહોરમાં જ મથુરા આવી પહોચ્યો. ત્યારબાદ સૌથી પહેલાં વજીરે તે કાજીને પોતાના મનથી ઉપસ્થિતિ કરેલા ઉપદ્રવ બદલ સજા કરીને કેદમાં પૂર્યો પછી અગાઉની માફક વાંજીત્રો વગાડવાનો તેમજ દીવા પ્રગટાવવાનો હુકમ જાહેર કરતાં દરેક મંદિરોમાં અગાઉની માફક જ વાંજીત્રો વાગવા લાગ્યા અને દીવા પણ પ્રગટાવવામાં આવ્યા. આવા પ્રકારના વાતાવરણથી ચોબાઓ તથા શ્રી મથુરાવસી જનતા એમ સૌ કોઈના આનંદનો પાર રહ્યો નહિ. એટલે કે શ્રી મથુરા શહેર આખાય માં આનંદ આનંદ થઈ રહ્યો. શ્રી મહાપ્રભુજીના જય હો- જય હોના અવાજો સંભળાઈ રહ્યાં. જ્યારે બીજી તરફ શ્રી મથુરામાં દીવા પ્રગટી રહ્યાં છે અને વાંજીત્રો પણ વાગી રહ્યાં છે " એવા સમચારવાળો પત્ર લખીને વજીરે બાદશાહ હુમાયુ પર મોકલી આપ્યો. આમ આ પત્ર બાદશાહ હુમાયુને પહોંચતાની સાથે જ બાદશાહ હુમાયુને શ્રી મહાપ્રભુજી પાસે આવ્યો અને દંડવત્ કરીને આવેલો પ્રમાણ-પત્ર આપશ્રીને વાંચી સંભળાવ્યો કે જે સાંભળીને આપશ્રી પ્રસન્ન થયા.

આપ શ્રી મહાપ્રભુજીના અલૌકિક પ્રભાવથી શ્રી મથુરાનું કાર્ય સિદ્ધ કર્યા પછી આપશ્રીએ શ્રી વ્રજભૂમિ તરફ જવા માટે તૈયારી કરતા બાદશાહ હુમાયુને પોતાના તરફથી સોનાની પાલખી, છત્ર, લોના મહોરો વીગેરે ભેટ કર્યા. અને દીનતાપૂર્વક વિનંતી કરી કે આપશ્રી જ્યાં જ્યાં પધારો ત્યાં ત્યાં આ પાલખીમાં બીરાજીને પધારજો. જવાબમાં આપશ્રીએ આજ્ઞા કરતાં કહ્યું કે અમે શ્રી વ્રજભૂમિની હદ સુધી આ વસ્તુઓ નો ઉપયોગ કરીશું અને પછી ત્યાંથી આ વસ્તુઓ પાછી મોકલી આપીશું. આવી રીતની આજ્ઞા કરીને શ્રી મહાપ્રભુજી નિગંબોધ ઘાટ ઉપર સ્નાન કર્યુ. અને તે પછી બાદશાહ હુમાયુએ ભેટ તરીકે આપેલી સોનામહોરો બ્રાહ્મણોને વહેંચી દીધી. બાદ આપશ્રી પાલખીમાં બિરાજી દિલ્હીના લાલ કિલ્લાની નીચે જઈને આપશ્રીએ આગળ જવા માટે પ્રયાણ કર્યું. આ સમયે બાદશાહ હુમાયુ દર્શન કરવાને આવેલ હતો બીકને લીધે એક પણ મુસલમાન પોતાના ઘરની બહાર નીકળ્યો ન હતો. પછી આગળ પ્રયાણ કરતા કરતા આખરે જ્યારે શ્રી વ્રજભૂમિ હદ પાસે આવી પહોંચતા બાદશાહ હુમાયુને પાલખી છત્રી વીગેરે પાછા મોકલાવીને માણસોએ આજ્ઞા કરી કે પાછા જ્યારે અમે મંગાવીએ ત્યારે લાવજો.

શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર આવેલા માણસો દિલ્હી તરફ રવાના થયા. જ્યારે વૈષ્ણવ સમાજ સહિત ખુલ્લા ચરણાવિંદે આગળ શ્રી વ્રજભૂમિમાં પ્રવેશ કર્યો. આમ શ્રી વ્રજભૂમિમાં પ્રવેશ કર્યા બાદ ચાલતા ચાલતા આપશ્રી મથુરા તરફ પધાર્યા અને જ્યારે મથુરા પધાર્યા ત્યારે મથુરાવાસી બ્રહ્મણો આપશ્રીને પધરાવવા માટે સામા આવ્યા હતા. શ્રી યમુના મહારાણીકી જય... શ્રી ગિરિરાજ ધરણ કી જય... શ્રી ગોવર્ધનનાથજી કી જય... વિ.વિ..જેવા જયનાદો કરતા કરતા આપશ્રીને મથુરાશહેરમાં પધારવી ગયા. આ સમયે ઓખા મથુરા શહેરની શોભા એવી હતી કે કેમ જાણે કંસને મારીને વિશ્રાંત ઘાટ ઉપર પધાર્યા હોય. એટલે આ સમયની શોભાનું વર્ણન કરવું અશક્ય છે. ટુંકમાં એટલું જ કે મથુરા શહેર આખાયમાં આનંદ અને આનંદ સિવાય બીજું કંઈ દેખાતું જ ન હતું. તે પછી મથુરાવાસી બ્રહ્મણો તથા અન્ય સૌ કોઈ આપશ્રીને વિનંતી કરતા કહેવા લાગ્યા કે મથુરાપુરી ઘણા દિવસોથી અનાથ હતી કે જે આપશ્રીએ આપશ્રીના અલૌકિક પ્રભાવથી સનાથ કરી. વળી અમને સૌ કોઈને ધર્મ-સંકટમાંથી મુક્ત કરી અમારો જતો ધર્મ પણ અટકાવ્યો. એટલે ધન્ય હો પ્રભુ ... ધન્ય હો... વિશેષમાં મથુરાવાસી ચોબાઓએ આપશ્રીને આશીર્વાદ આપતા કહ્યું કે આવો અવતાર આપશ્રીનો યુગેયુગમાં થજો... તે પછી મથુરાથી શ્રીમદ્ ગોકુળ પધાર્યા.

જ્યારે બીજી તરફ થોડાક દિવસો વ્યતિત થયો હશે તેવામાં બાદશાહ હુમાયુ મરણ પામતા તેનો પુત્ર અકબર ગાદીએ આવ્યો. અને હુમાયુ પોતાની સત્તા દરમ્યાનમાં જે કાયદાઓ ચલાવી રહેલ હતો તે જ રાજતંત્રના કાયદાઓ પોતે એક કિતાબમાં લખી ગયો હતો. કે જે કાયદાઓ પ્રમાણે જ બાદશાહ અકબર રાજ્યતંત્ર ચલાવવા લાગ્યો. હવે જ્યારે લોદીવંશી બાદશાહ ઈબ્રાહીમ લોદી લડાઈમાં હારી ગયો હતો ત્યારે તેના રાજ્યમાં રહેલી તમામ વસ્તુઓનો કબજૌ મોગલવંશી બાદશાહે લીધો હતો. આમ કબજે કરેલ દરેક વસ્તુઓમાં બાદશાહ સિકંદરે હોનહાર નામના ચિતારા દ્વારા તૈયાર કરાવેલ શ્રી મહાપ્રભુજીનાં ચિત્રજી પણ આ મોગલવંશી બાદશાહના કબજામાં આવી ગયેલા હોવાથી તે ચિત્રજી બાદશાહ હુમાયુએ તો પોતાના મહેલમાં જ પધરાવી રાખ્યા હતા કે જે ચિત્રજીના દર્શન બાદશાહ અકબરે અગાઉ કરેલ તો હતા પણ તે સમયે આ ચિત્રજી પ્રત્યે પોતે કંઈ લક્ષ આપેલ નહિ. પરંતુ પોતાના પિતાના મરણ બાદ રાજ્યતંત્રના કાયદા વિ. જાણવાના નિમિત્તે જ્યારે પોતે કિતાબો વાંચતો હતો ત્યારે શ્રી મહાપ્રભુજી પ્રત્યે આકર્ષણ થાય તેવા ચરિત્રો હુમાયુએ એક કિતાબમાં જે લખ્યા હતા તે ચરિત્રો બાદશાહ અકબર વાંચતો હતો અને પછી પોતાની દ્રષ્ટિ એક દોહા પર પડી કે :-

o દોહો o

નાગે પૈંયન પાઁમ પાડી, કીને ગુન્હા સબ માપ;
હેત હુમાયુન લિખિ ગયો, દેખ્યો અતુલ પ્રતાપ ૧

શ્રી વલ્લભ આચાર્ય ગુરુ, ગોકુળ ગામ ગુંસાઈ;
અકબર ઈષ્ટ રાખિયો, તેરે સદા સહાઈ.....૨

આમ આ દોહો વાંચતાની સાથે જ મહેલમાં સ્થાપન કરી રાખેલા આપશ્રીના ચિત્રજીની યાદી પોતાને આવી જતા તરત જ પોતે તે ચિત્રજી પાસે ગયો અને દર્શન કરતા આપશ્રીના સ્વરૂપ પ્રત્યે પોતાને ખરેખર આકર્ષણ થયું. અરે, એટલું જ નહિ, પરંતુ પોતાને થેયલા આકર્ષણને આધારે સાક્ષાત્ દર્શન કરવાની જ તાલાવેલી થઈ કે હવે ગોકુલ ક્યારે જાઉં... ? અને ક્યારે આ શ્રી વલ્લભના સાક્ષાત્ દર્શન કરૂ? આવા પ્રકારે પોતાના હ્રદયમાં થયેલી ભાવનાએ બાદશાહ અકબરે તો તરત જ ધર્મને જાણનાર એવા ચાર વજીરો ને બાલાવતા હુકમ કર્યો કે ગોકુલ ગામમાં બિરાજતા શ્રી વલ્લભ પાસે જાવ અને અમારા હજુરને આપશ્રીના દર્શન કરવાની અતિ આતુરતા થઈ છે તો આવે ? બાદશાહ અકબરે કરેલા આ હુકમ મુજબ ચારેય વજીરો શ્રી મહાપ્રભુજી જ્યાં બિરાજતાં હતા કે ગોકુલ ગામે આવ્યા અને આપશ્રીના વિનંતિથી પૂછ્યું કે અમારા બાદશાહને રાજના દર્શન કરવાની ઈચ્છા થઈ છે તો આવે ? જવાબમાં આપશ્રી આજ્ઞા કરી કે ઘણી સુંદર વાત છે પરંતુ દિલ્હીમાં નિગંબોધ ઘાટ પર જે પ્રમાણે બાદશાહ હુમાયુ દર્શન કરવા માટે આવ્યો હતો તે જ પ્રમાણે ભલે

બાદશાહ અકબર પણ આવે... આપશ્રીના આજ્ઞાના આવા વચનો સાંભળીને આ ચારેય વજીરો દિલ્હી આવ્યા અને આપશ્રીએ કરલા આજ્ઞાના વચનો દિલ્હીપતિ બાદશાહ અકબરને કહી સંભળાવ્યો.. બાદ તરત જ તૈયારી કરાવીને એક પણ મુસલમાનને સાથે લીધા સિવાય પોતાના પિતા બાદશાહ હુમાયુના માફક જ માત્ર ધર્મને જાણનાર એવા ચાર વજીરોના વૈભવ સાથે બાદશાહ અકબર આપશ્રીના દર્શનાર્થે શ્રીમદ્ ગોકુળ ગામે આવી પહોંચ્યોં.

હવે રાજના દર્શન કરવા માટે બાદશાહ અકબરે આવે છે તેવા સમાચાર આપશ્રીને પહોંચાડીને અને આજ્ઞા આપ્યા બાદ બાદશાહ અકબર શ્રી મહાપ્રભુજા પાસે તો આવ્યા પરંતુ દર્શન અને સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કર્યા એટલે કે દંડવત્ પ્રણામ કર્યા બાદ પણ પૃથ્વી પર પડી રહ્યો. વળી પોતે પોતાનો જન્મ સફળ માન્યો. પોતાનું રાજ્ય પણ અવિચળ સુફલિત થયેલ માન્યું. આમ પોતે પોતાના મનથી જ પોતાના અભોભાગ્ય માનવા લાગ્યો. બાદ બાદશાહ હુમાયુ તો શ્રી મહાપ્રભુજીના સેવક હતા તેમજ બીજું કંઈપણ સર્વ કર્યું હતું. પરંતુ આ બાદશાહ અકબર પ્રત્યેનું તો વર્ણન જ કરવું અશકય છે. તે પછી બાદશાહ અકબર પોતાની સાથે લાવેલ સહસ્ત્રવધિ સોના મહોરોની ભેટ કરીને વિનંતિ કરી કે રાજ, મને એવા આશીર્વાદ આપો કે આપશ્રીના ચરણ કમળમાં મારું મન સદાય રહ્યાં કરે. જવાબમાં આપશ્રીએ " તથાસ્તુ " એટલે કે તેમ થશે, એવી જ્યારે આજ્ઞા કરી ત્યારે વૃન્દાવનમાં અક્રુરજીને જેવા પ્રભુના દર્શન થયા હતા તેવી શ્રી મહાપ્રભુજીના દર્શન બાદશાહ અકબરને થયા કે જે દર્શનથી બાદશાહ અકબરને અપૂર્વ આનંદ થયો હતો.

ત્યારબાદ, બાદશાહ અકબર દિલ્હી આવ્યો અને પોતાના મહેલમાં પધરાવેલ આપશ્રીના ચિત્રજી ના દર્શન કર્યા પછી જ બીજા સામે જોવું અને પછી જ બીજું કંઈ કરવું એવો પોતે રોજનો નિયમ કર્યો હતો.

આમ આવો હતો આપશ્રીનો અલૌકિક પ્રભાવ.........

૨. દામોદરદાસ હરસાની

૦ દોહો ૦

શ્રી શ્રીવલ્લભ અવતરે, પુષ્ટિ સૃષ્ટિ કે હેત,
દામોદર જન આદિ નિજ, ક્રિડત હે સંકેત ...૧

ગણના ચોરાસી જના, ધૈર્ય ધર્મ પ્રકાશ,
દ્રાદશ અંગી અંગ સબ, ગુણાતીત નિરધાર...૨

જે મહાન ભૂમિ એક હિન્દુસ્તાન નામના દેશ તરીકે પ્રખ્યાત છે. તે દેશની દક્ષિણ દિશામાં એક આંધ્ર પ્રાંત આવેલો છે કે જે પ્રાંતમાં કાકરવાડ નામનું એક ગામ હતું.

આમ આ કાકરવડ ગામમાં ધનાઢ્ય એવા એક કપુરચંદ હરસાનીના નામે એક ક્ષત્રિય ગ્રહસ્થ રહેતા હતાં. પ્રભુ ઈચ્છાએ પોતાને સારા પ્રમાણમાં દ્રવ્ય પ્રાપ્ત થયેલ હોવાથી પોતાનું જીવન પણ સરસ રીતે જીવી રહ્યાં હતા. ભગવદ્ ભક્તો, સાધુસંતો કે પછી ગરીબોને ઉપયોગી થવાને કારણે પોતે પોતાના ગામમાં સદાવ્રતો ચાલુ કર્યા હતા. તેમજ વટેમાર્ગુઓ કે અતિથીઓને એક પ્રકારે આશરો મળે તેવા હેતુએ પોતે પોતાના ગામમાં ધર્મશાળાઓ પણ બંધાવેલી હતી. આવા ઉચ્ચ પ્રકારના કાર્યાર્થે ગ્રામજનોએ સૌએ મલીને આ કપુરચંદ હરસાનીને માનપૂર્વક ગામના મુખી પણ બનાવ્યા હતાં. એટલે કે તેઓ સર્વ વાતે સુખી હતા. સમય પસાર થતા એક દિવસ પોતાના ગામમાં કોઈ એક હરિભક્ત આવેલ અને ફરતા ફરતા કપુરચંદ હરસાનીએ બંધાવેલી ધર્મશાળામાં આવી મુકામ કર્યો કે જેના સમાચાર કપુરચંદ હરસાણીને મળતા પોતે આ હરિભક્તના દર્શન કરવાને ધર્મશાળામાં ગયા કે જ્યાં જઈને આ હરીભક્તના દર્શન કર્યા પછી પ્રણામ કરીને તેમની પાસે બેઠા. આમ દર્શન કરવાના નિમિત્તે એક બીજાનું મિલન થતા કપુરચંદ હરસાનીને તો આ હરિભક્ત કોઈ મહાન લાગ્યા. કે જેના કારણે આ હરિભકતને આ ધર્મશાળામાંથી બોલાવી જઈને ઘરમાં રાખ્યા તે પછી આ હરિભક્તની ઈચ્છા પ્રમાણે થોડીઘણી ટહેલ કરવા લાગ્યા. આમ કરતા કરતા થોડાક દિવસો પસાર થઈ ગયા. આ સમય દરમ્યાન કપુરચંદ હરસાની નો અંતઃકરણપૂર્વકનો સ્નેહ હરિભક્ત પર જેમ જેમ વધતો ગયો તેમ તેમ દરેક પ્રકારની તેમની ટહેલ પણ ભાવપૂર્વક કરવા લાગ્યા હતા. પરિણામે આ હરિભક્ત કપુરચંદ હરસાની ઉપર બહુ જ પ્રસન્ન થતા હરિભક્તે કહ્યું કે શેઠ, તમારી આવા પ્રકારની ટહેલથી હું બહુ જ પ્રસન્ન થયો છું. તેથી તમારી ઈચ્છામાં આવે તે માંગો. આમ હરિભક્ત ની પ્રસન્નતાપૂર્વકના શબ્દો સાંભળીને કપુરચંદ હરસાનીએ બે હાથ જોડીને નમ્રતાથી કહ્યું કે મહારાજ, તમારા જેવા મહાનોની દયાથી હું દરેક વાતે સુખી છું પરંતુ મારે ત્યાં પુત્રની જ ખામી છે તેથી અક પુત્રની ઈચ્છા છે. આ વાત સાંભળીને હરિભક્તે કહ્યું કે ' તથાસ્તુ ' પ્રભુ તમારી ઈચ્છા પૂર્ણ કરપશે. વળી એક નહિ પરંતુ ત્રણ પુત્રો થશે કે જેમાં સૌથી નાનો પુત્ર મહાન થઈને તમારા કુટુંબને તારશે અને તમારૂ નામ ઉજ્જવળ કરશે. હરિભક્તના આવા આશીર્વાદથી કપુરચંદ હરસાની બહુ જ ખુશ થયા. બાદ આ હરિભક્ત આગળ જવાની તૈયારી કરતા કહુરચંદ હરસાનીએ તેમનો સારો સત્કાર કરીને વિદાય કર્યા. હવે આ હરિભક્ત કોણ હશે ? તે તો માત્ર પ્રભુ જ જાણે.

સમયની ગતિએ સમય પસાર થઈ રહેલો છે કે કપુરચંદ હરસાનીનો ગ્રહસ્થાશ્રમ પણ સુખેથી ચાલી રહેલો છે. આમને આમ થોડાક વર્ષો પસાર થઈ જતા પેલા હરિભકતે આપેલા અંતકરણના આશીર્વાદ મુજબ કપુરચંદ હરસાનીને ત્યાં જગતમાં સૌને ત્યાં જેમ સામાન્ય રીતે જન્મ થાય છે તેમ અક પછી એક એમ બે પુત્રોના જન્મ થયા છે જે બંને પુત્રો

માતા-પિતાના લાડમાં મોટા થતા જાય છે. હવે ઋતુ અનુસાર ઉનાળામાં પડતી સખ્ત ગરમીના દિવસોનો અંત આવતા કપુરચંદ હરસાનીના સ્ત્રીને વળી ગર્ભ થયો. આવામાં પ્રભુની ઈચ્છાનુસાર આ કાકરવાડ ગામમાં કંઈક ઉપદ્રવ થતા ગામ ભાગ્યું. કે જેના પરિણામે ગામમાં વસી રહેલા ગ્રામ્યજનોમાં ના ઘણાય લોકો નાસભાગ કરતા કપુરચંદ હરસાની પણ પોતાના કુટુંબ સહિત પોતાનું આ કાકરવડ ગામ છોડીને બીજા કોઈ એક ગામમાં જઈને વસ્યા. ત્યારબાદ ચોમાસાના દિવસો આવ્યા અને પ્રભુની લીલા અનુસાર વરસાદ વરસવો શરૂ થયો. કે જે વરસાદથી કુવાઓ ભરાણા નદીઓ ઉભરાણી, તળાવો છલકાયા, અને તરસી થઈ રહેલી ભૂમિ પણ ધરાણી. આવા પ્રાકરના વાતાવરણથી ઉગી નીકળેલ લીલીછમ જેવા ઘાસથી ભૂમિ પણ અતિ સુંદર દેખાઈ રહી છે. ધાન્ય તેમજ ચારો પણ સારો થયેલો દેખાય છે. સૌ કોઈ પ્રસન્ન થતાં આનંદ પામતા દેખાય છે. વૃક્ષો તો જાણે બહુજ હસી રહ્યાં હોય તેવું દેખાય છે. પશુઓ પોતાની મસ્તીમાં મસ્ત થઈને જ્યાં ત્યાં ચરી રહેલા દેખાય છે. વળી પંખીઓ તે અનોખા ઉમંગથી ઉડી ઉડીને લીલાછમ જેવી આ ચોમાસાના દિવસોમાં આનંદ લુંટી રહેલા દેખાય છે. એટલે કે આમ જ્યાં જ્યાં દ્રષ્ટિ પડે ત્યાં ત્યાં સર્વત્ર આનંદ મંગલ થઈ રહેલ હોય તેવું દેખાય છે, આમ કરતા કરતા ચોમાસાના દિવસો ચાલ્યા ગયા. તેમજ શિયાળામાં હિમ જેવી ઠંડીના દિવસો પણ જતા રહ્યાં અને હવે મહા મહિનો આવ્યો.

આમ આ મહા મહિનાની શરૂઆત થતા એકમ આવી ગઈ તે પછી બીજ અને ત્રીજ પણ ગઈ અને સમજો કે ચોથ આવી. આ ચોથનાં મહાન દિવસે કપુરચંદ હરસાનીને ત્યાં ત્રીજા એક પુત્રનો અલૌકિક રીતે જન્મ થતા પોતાના ઘરમાં સર્વત્ર પ્રકાશ ફેલાયો કે જે દ્રશ્ય જોતા પેલા હરિભકતે કહેલા વચનો યાદ કરતાં ઘરમાં સૌ કોઈ પોતપોતાની ભાગ્યશાળી માનીને આનંદ સાગરમાં ડુબકીઓ મારવા લાગ્યા, તે પછી આ પુત્રને નીરખતા શોભાયમાન એવા પોતાના આ પુત્રની સ્વરૂપ શોભા જોઈ સૌકોઈ ચકિત થઈ ગયા બાદ એક જયોતિષ શાસ્ત્રીને બોલાવીને પોતાના આ પુત્રની જન્મોત્રી બાબતમાં કહેવા લાગ્યા આ જયોતિશસ્ત્રીએ કહ્યું કે તમારા પુત્રના જન્મ સમયેના એટલે કે સંવત ૧૫૩૦ ના મહા-સુદ-૪ના બ્રહ્મમુહુર્તના સમયેના ગ્રહો જોતા જણાય છે કે આ પુત્રની જન્મોત્રી વિષે શું કહેવું / એટલે કે એના ગ્રહો એટલા ઉત્તમ છે કે જેની પાસે કોઈ વાત કરવા જેવું નથી. તેનું વર્ણવ કરવું મુશ્કેલ છે. બાકી એટલું ચોક્કસ છે કે તમારા આ પુત્રથી અનેક જીવોનો ઉદ્ધાર થશે. આ રીતે પુત્રની ભવિષ્ય વાણી કહીને જયોતિષ શાસ્ત્રી કપુરચંદ હરસાની પાસેથી રજા લઈને વિદાય થયા. તે પછી કપુરચંદ હરસાનીને દામોદરદાસ એવું આ પુત્રનું નામ રાખ્યું.

હવે શ્રી મહાપ્રભુજી શ્રી સુબોધીનીજી માં દર્શાવે છે કે શ્રી જશોદાજી એક એવા ભકત હતા કે વ્રજ ભકતો દોરડા લાવવાની સહાયતાથી પોતે પ્રભુને બાંધવા લાગ્યા. પરંતુ બંધાય તો નહી છતાય ભક્તની આવી જ ઈચ્છા છે તે જાણીને ભક્તવલ્સલ પ્રભુ તો બંધાયા. વળી ભકતના આ બંધનમાંથી છુટવાની મારી શક્તિ પણ નથી એવા પ્રકારનું વર્તન કરી બતાવતા પ્રભુએ તો બંધાયેલી હાલતમાં જ આગળને આગળ ચાલવા માંડયુ ચાલતા ચાલતા યમલાર્જુન નામના બે વૃક્ષો રસ્તામાં વચ્ચે આવતા તે બન્ને વૃક્ષો પડ્યા. આમ આ વૃક્ષો પડતા સર્વત્ર કોલાહલ જામી જતા વ્રજભક્તો એકઠા થયા અને પ્રભુને બાંધેલા જોઈને દોરડાઓ છોડવા લાગ્યા. આમ આ લીલા દવારા પ્રભુને શ્રી જશોદાજીનું સ્વરૂપ તેમજ વ્રજભક્તોનું સ્વરૂપ એમ આ બંને સ્વરૂપો કેવળ ભક્ત કરીકે ના સ્વરૂપો દેખાડી એ બતાવ્યું કે મારા કરતા (શ્રી દામોદરજી ઠાકોરજી કરતા) મારા ભક્તો મોટા છે. કે જેઓને હું (શ્રી દામોદરજી ઠાકોરની) વશ છુ એટલા જ શ્રી મહાપ્રભુજીએ શ્રી પુરુષોત્તમ સહસ્ત્ર નામમાં કહેલ છે કે દામોદર ભક્ત વશ્યો. એટલે કે શ્રી દામોદરજી (ઠાકોરજી) ભક્તને વશ છે આજ રીતે આ દામોદરજી એક કરતા કે દમલા, આ માર્ગ તારા માટે પ્રગટ કર્યો છે. આપશ્રીના આ ગૂઢ ભાવવાળી વાણી દવારા એ પણ સમજાય છે કે ભક્તો તો બીજા ઘણાય છે. પરંતુ તારે તે હું વશ જ છું આમ કેવળ એક ગૂઢ ભાવનાથી દ્રષ્ટિએ જ કપુરચંદ હરસાની ત્રીજા પુત્રનું નામ દામોદરદાસજી રાખવામાં આવ્યુ હતું.

ત્યારબાદ ટુંક સમયમાં જ દામોદરદાસજી નાની વયમાં જ પોતાની માતૃશ્રી શ્રી હરિ શરણ થયા તે પછી ઘરમાં સૌ કોઈ દામોદરદાસજી ને સ્નેહ ભરેલી દ્રષ્ટિએ રાખતા અને હાલતા ચાલતા રમાડવાના નિમિત્તે સૌ કોઈ તેમને તેડી તેડીને વ્હાલ કરી હોંસે હોંસે રમાડતા હોય પરંતુ દામોદરદાજી તો કોઈના તરફ હસતા જ નહિ અરે એટલું જ નહિ પરંતુ દ્રષ્ટિ માત્ર પણ કરતાં નહિ. આ અરસામાં સંસાર ચક્રના નિયમ અનુસાર કપુરચંદ હરસાની એ પોતાના મોટા પુત્રનું સગપણ કરીને લગ્ન કર્યા. જ્યારે બીજી તરફ આ દામોદરદાસજીના હૃદયમાં વાત ચીત કરવામાં, ઉઠવા બેસવામાં, ખાવા પીવામાં, હરવા ફરવામાં, સારા સારા કપડા પહેરવામાં કે પછી આવી કોઈપણ બાબત પ્રત્યેનો ભાવ તો પ્રથમથી જ નહોતો એટલે કે આવી કોઈ પણ બાબત્માં તેમનું ચિત્ત નહિ રહેતા માત્ર શ્રી મહાપ્રભુજીનું સ્મરણ કરીને રહ્યાં હતા આવા પ્રકારના કારણે શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસજીને કોઈ એક અલૌકિક રીતે આજ્ઞા પણ કરી હતી કે તને રાજમાર્ગ પણ સારું દર્શન થશે. પ્રભુની થયેલી આવી આજ્ઞાના કારણે દામોદરદાસજીનું ચિત્ત બીજી વસ્તુમાં હોય પણ ક્યાંથી તે પછી સ્હેજ મોટા થયા બાદ પોતાને રહેવાનું જે મકાન હતું તે રાજમાર્ગ પર જ હતું અને વળી પોતાની તાપકલેશરૂપી દ્રષ્ટિ કેવળ રાજમર્ાપર રહ્યાં કરે એવી ભાવનાએ પોતાના મકાનમાં આવેલા ઝરુખા જેવા ભાગમાં પોતાની બેઠક કરીને ત્યાં બેસી રહીને માત્ર રાજમાર્ગ પર જ દ્રષ્ટિ રાખતા હતા, સમય વ્યતિત થતા પોતાને એજ વિચાર આવતા હતા કે હવે શ્રી વલ્લભ પ્રભુ ક્યારે પધારે. મને દર્શન ક્યારે થશે ? હું ક્યારે કૃતાર્થ થઈશ ? તેઓશ્રીના ચરણારવિંદનો આશ્રય મને ક્યારે પ્રાપ્ત થશે? આમ અનેક પ્રકારના વિચારોથી દામોદરદાસજી તો નિરંતર માત્ર શ્રી મહાપ્રભુના જ વિરહાગ્નિમાં તપી તપીને પોતાના શરીરને માત્ર હાડકા જ દેખાતા હોય તેવું કરી નાખ્યું દામોદરદાસજી ના આવા પ્રકારના જીવનથી કપુરચંદ હરસાની અતિ ચિંતા થતી હતી તે ઘરમાં બધા આનંદથી રહે છે જ્યારે આ દામોદર તો શોકાતુર ચહેરે અને તે પણ એક જ જગ્યાએ બેસી રહે છે કે જેને પોતાના દેહના ઘરના કે પછી લૌકિક કાર્યોની પણ પરવા નથી. એટલે પોતાનું જીવન કેવા પ્રકારનું જીવવા ઈચ્છે છે ? તેજ સમજાતુ નથી. આમ પોતાના આ ત્રીજા પુત્રના જીવન પ્રત્યે તો હવે પ્રભુ ઈચ્છા માન્યા સિવાય કપુરચંદ હરસાનીને બીજો કોઈ રસ્તો સુઝતો નથી. તે પછી આ માયાવી જગતમાં પોતાના પરિવારને માત્ર પ્રભુના વિશ્વાસે છોડી કોઈ ગુપ્ત સ્થળે જતા રહેવાનો સમય આવી પહોંચતા કપુરચંદ હરસાની પણ શ્રી હરિ શરણ થયા. ત્યારબાદ દામોદરદાસજી પોતાના વડીલ ભાઈ-ભાભી ની દેખરેખ હેઠળ રહેતા રહેતા મોટા થતા જાય છે. આમ કરતા કરતા દામોદરદાસજી સોળ વર્ષના થયા.

આમ કપુરચંદ હરસાનીની ગેરહાજરી થયા પછી થોડોક સમય પસાર થયા બાદ આ ત્રણેય ભાઈઓમાંના વડીલ ભાઈએ પોતાના મન સાથે વિચાર કર્યો કે વડલાઓની માલ-મિલકત તરીકે રહેલી વસ્તુઓ હવે વહેંચણી થઈ જાય તો સારૂ કે જેથી અંદરો અંદર ઘરમાં કલેશ થવા પામે નહિ. આવા પ્રકારના વિચારે વડિલ ભાઈએ વાત પોતાના ભાઈઓને કહેવાની શરૂઆત કરી દીધી. અને પછી તો અવારનવાર આ વાત કરતા જ રહેતા હતા. પરંતુ દામોદરદાસજી આ બાબતમાં જાણે કંઈજ જાણતા મથી તેવા રીતના વર્તનથી કંઈજ બોલે નહિ.મન મહાપ્રભુજીના ચરણ કમલમાં જ ચોંટેલું હોવાથી તેમની આવી કલેશરૂપી માયા પ્રત્યે જરાય મમતા હતી જ નહિ. એટલે પછી આવી બાબતોમાં પ્રત્યે તેઓ કહે પણ શું વળી સંસારમાં ફરી વળેલી માયામાં જ આશક્ત થઈને રહેનાર અન્ય જીવો આ દામોદરદાસજીના હૃદયમાં ગૂઢ ભાવને જાણે પણ ક્યાંથી ? ત્યારબાદ વડિલ ભાઈએ તો એક દિવસે પોતાના મામાને બોલાવીને ચોખવટ કરતા દામોદરદાસજી ને કહ્યું કે ભાઈ માયારૂપેની આ લક્ષી તે દરેક પ્રકારના કલેશ થવાનું મૂળ હોવાથી આ લક્ષ્મીની પાછળ અંધ બની જઈને મા,બાપ, પુત્ર, આઈ, બહેન, પતિ, પત્ની, કાકા, મામા,મિત્ર કે અન્ય સૌ સગા સંબંધીઓ પ્રત્યે જે પ્રેમ હોય છે તે પ્રેમમાં એક તિરસ્કાર ભરેલી ભાવના જાગૃત થઈને એકબીજાઓને મનમાં અંતરાયના અંકુરો ફુટે છે. કે જેના આધારે દરેકના ઘરમાં એક કલેશરૂપેનું વાતાવરણ બની જતા પોતપોતાનો સંસાર દુઃખદાયક બની જાય છે . કે જે આપણા માટે વધારે બચવા માટે આપણા વડલાઓ ની મિલકતની વહેંચણી નું કાર્ય પતાવી લેવું આપણા માટે વધારે ઉચ્ચીત છે. નહિતર મિત્રને મિત્રતાપણું, બાપને બાપપણું, પુત્રને પુત્રપણાનું પુત્રીને પુત્રીપણાનું, ભાઈને ભાઈપણાનું, બહેનને બહેનપણાનું, પતિને પતિપણાનું પત્નીને પત્નીનીપણાનું કાકાનેકાકાપણું, મામાનેમામાપણું, એમ સૌને સૌના સગપણનું બંધન તૂટી જવા સંભવે છે. એટલે કે સૌકોઈનું જોડાયેલું સૌકિક બંધન તૂટી જઈને એકબીજા પ્રત્યે વેરભાવ ઉત્પન્ન થશે અને પરિણામે આપણે એકબીજાનો એકબીજોને ઉપયોગમાં પણ આવી શકીસું નહિ. વળી આપણા માતા-પિતાની ગેરહાજરીમાં આવા પ્રકારના સંજોગોમાં આવે તેના કરતા આપણા વડલાઓની મિલ્કત જે ભાગલા કર્યા છે તેમાંથી યોગ્ય લાગે તે તમે રાખો. " પિતા તુલ્ય વડિલ ભાઈના " આવા વચનો સાંભળીને દામોદરદાસજી એ તો કંઈ ઉત્તર આપ્યો નહિ... આખરે દામોદરદાસજી વતી પોતાના મામાએ વડીલ ભાઈઓને કહ્યું કે તમારી ઈચ્છાનુસાર હું તેની વ્યવસ્થા કરી દઈશ આમ સૌનો એક મતે તથા વડલાઓની માલ-મિલકત ની વહેંચણીનું કાર્ય થઈ ગયા બાદ પણ દાદોદરદાસજી તો જાણે પોતાને કોઈ પણ પ્રકારનું મમત્વ નથી તેવા પ્રકારે માત્ર રાજમાર્ગ પર દ્રષ્ટિ રાખીને શ્રી મહાપ્રભુજીનું જ સ્મરણ કરી રહ્યાં છે.

હવે દામોદરદાસજીના દેહની પરિસ્થિતિ દિન પ્રતિતિન બગડતી જતી હોવાથી કદાચ તેને કોઈ ગુપ્ત રોગ હશે તેથી વૈધને બતાવીને ઉપચારો કરાવીએ એવો વિચાર કરીને વડિલ આઈએ ગામમાં સારા સારા અનુભવી વૈધોને બોલાવી દામોદરદાસજીના શરીરનૈ બતાવી બતાવવીને રોગ પ્રત્યે તપાસ કરાવી પરંતુ દામોદરદાસજીના રોગ પ્રત્યે કોઈ કાંઈ અનુમાન કરી શકતા નથી આખરે સૌ નિરાશ થયા.

આમ ને આમ થોડાક મહિનાઓ પસાર થયા હશે તેવામાં પ્રથમના હરિભક્ત કે જે કપુરચંદ હરસાનીને આશીર્વાદ આપી ગયા હતા તેજ હરિભક્ત આ દામોદરદાસજીના દર્શન કરવાના નિમિત્તે પાછા આ ગામમાં આવીને ગામ બહાર આવેલા રમણીય સરોવર પર એક નાની પર્ણકુટિ જેવું કરીને રહેવા લાગ્યા. ત્યારબાદ આ હરિભક્ત પોતાના કોઈ એક વિચારે રાહમાર્ગે ચાલતા ચાલતા દામોદરદાસજી બેઠા હતા ત્યાંથી પસાર થઈ રહ્યા હતા આવામાં આ હરિભક્તની દ્રષ્ટિ ઝરૂખામાં બેઠેલા દાદમોદરદાસજી ઉપર પડતાં તરતજ સમજી ગયા તે કે " એ મહાપુરુષ આ પોતેજ " તે પછી દામોદરદાસજીના આખા અંગના દર્શન કરવા માટે શ્લોક બોલવાનું કેવળ નિમિત્તે શ્લોકનો કોઈ એક શ્લોક બોલતા બોલતા આ હરિભક્તે દામોદરદાસજીના મકાનમાં પ્રવેશ કર્યો. આમ શ્લોકોનો ઉચ્ચાર કરતા કરતા પોતાના ઘરમાં કોઈ આવી રહ્યું છે તેવું સાંભળીને અને પછી જોઈને ભાવિક એવા સૌ કોઈને એવું લાગ્યું કે કોઈ મહાપુરુષ આવી રહ્યાં છે. તેથી સૌએ સન્માન પૂર્વક સામા આવીને ઘરમાં પધરાવી ગયા અને દામોદરદાસજી જ્યાં બેઠા હતા ત્યાં આ મહાપુરુષને લઈ જઈને એક આસન પર બેસવાનું સુચન કરતા આ હરિભક્ત દામોદરદાસજી ના અલૌકિક સ્વરૂપ નીહાળતા નીહાળતા તેમની પાસે બેઠા બાદ દામોદરદાસજીના વડિલ ભાઈએ આ હરિભક્તને કહ્યું કે અમારા અહોભાગ્ય છે કે આજે આપ જેવા મહાપુરુષે અમારા ઘરમાં આવીને અમારા આ ઘરને પાવન કર્યું... તે પછી થોડીક ક્ષણો પસાર થઈ હશે તેવામાં દામોદરદાસજીના મોટા ભાઈએ વળી આગળ ચલાવતા કહ્યું પોતાનું દુઃખ પ્રગટ કરવા લાગ્યા કે જુઓને અમારા આ નાના ભાઈનું શરીર સારૂ રહેતુ નથી ઘણાય વૈદ્યોને બોલાવ્યા અને તેના શરીરને બતાવ્યું પરંતુ શું રોગ છે ? તેનું કોઈ અનુમાન કરી શકતા નથી કે જેથી કંઈ ઉપચાર પણ નથી. હવે તો તેના શરીરની હાલત પણ દિનપ્રતિદિન બગડતી જાય છે. .. ન જાણે પ્રભુએ શું વિચાર્યુ હશે? વળી પોતે કંઈ બોલતો પણ નથી કે પોતાને શું થાય છે?

જવાબમાં હરિભક્તે દામોદરદાસજીના હૃદયમાં રહેલી ભાવનાઓનું અનુમાન કરતા સ્હેજ કહ્યું કે તેમનો જન્મ થયો ત્યારથી તે આજ સુધી તે કેવળ પોતાના પ્રાણથી પણ પ્રિય એવા પોતાના એક " પ્રાણ સ્નેહીના " સ્વરૂપમાં જ મગન રહ્યા છે કે જેના કારણે જ તેમના શરીરની આ હાલત થવા પામી છે એટલે તેમને શારીરિક રોગ નહિ પરંતુ તેમને તો માનસિક રોગ થયેલો છે. આમ તેને થયેલા આ માનસી રોગનું અનુમાન કરીને નિવારણ પ્રભુ સિવાય તો આ લોકમાં તો તમને કોઈ મલી શકશે નહિ. બાકી પ્રાણથી પ્રિય એવા પોતાના અલૌકિક સ્નેહીના દર્શન થતાની સાથે જ પોતાના આ માનસિક રોગનું નિરાકરણ આપોઆપ થઈ જશે. એટલે હવે બીજું કંઈ નહિ કરતા પોતે જે રીતે રહે છે તેજ રીતે તેમને રહેવા દેશો...

આમ આવા પ્રકારે થયેલા સુચન માન્યા સિવાય બીજું શું મનાય ?

હવે આવા પ્રકારે થયેલી આ વાતચીત પ્રત્યે પોતે કંઈ જ સાંભળતા નથી તેમ દામોદરદાસજી તો પોતાની વિરહ દશામાંજ જ્યાં બેઠેલાં છે ત્યાં બેસી રહેલા છે. બાદ દામોદરદાસજીના સ્વરૂપના દર્શન કરતા કરતા આ હરિભક્ત તો ઉભા થયા અને વળી શ્લોક બોલતા બોલતા જ ચાલવા મંડતા સૌએ ભાવભરી વિદાયગીરી આપી અને પછી આ હરિભક્ત તો ફરતા ફરતા પોતાના રહેઠાણવાળી પર્ણકુટિએ આવી પહોચ્યાં. ત્યારબાદ પોતાની ભાવના મુજબ આ હરિભક્ત્ નિત્ય ગામમાં આવે છે અને ઝરૂખામાં બેસી રહેલા દામોદરદાસજીના દર્શન કરીને પાછી પોતાની પર્ણકુટિએ જતા રહે. એટલે સમજો કે આ હરિભક્ત પોતાના એક નિત્ય કર્મ મુજબ દામોદરદાસજીના દર્શન કરવા નિત્ય આવે અને બાકીનો સમય પ્રભુ ભજનમાં જ વ્યતિત કરતા હતા.

હવે બીજી તરફ શ્રી વલ્લભાધિશનું કહો કે પછી વલ્લભ કહો પરંતુ આ નામે શ્રી પૂર્ણ પુરુષોત્તમનું પ્રાકટ્ય તો જાણે હિન્દુસ્તાનમાં મધ્ય પ્રદેશમાં આવેલા ચંપારણ્ય નામના અરણ્ય જંગલમાં થયા બાદ પોતાના પરિવાર સહિત શ્રી વલ્લભાધિશના પિતાજી શ્રી લક્ષ્મણ ભટ્ટજી તીર્થયાત્રાએ નીકળતા દક્ષિણ ભારતમાં આવેલા તીરૂરતિ તીર્થધામમાં આવ્યા હતા અને આ તીર્થધામમાં બિરાજતા શ્રી લક્ષ્મણ બાલાજીના મુખમાં શ્રી લક્ષ્મણ ભટ્ટજી લીન થઈ જતા માતાજી સહિત સૌ વિલાપ કરવા લાગ્યા, પરંતુ શ્રી વલ્લભાધિશે માતાજી ત્થા ભાઈઓ એમ સૌ કોઈને આશ્વાસન આપીને આજ્ઞા કરતા કહ્યું કે તમે સૌ વિધાનગર મામાને ઘેર જાવ અને હું ફરતા ફરતા ટુંક સમયમાં જ ત્યાં આવીને સૌને મલિશ. આવા પ્રકારની આજ્ઞા કરીને શ્રી વલ્લભાધિશે સૌને વિધાનગર પોતાના મામાને ત્યાં જવાને વિદાય કર્યા. તેમજ પાછળ પિતાજીની જે ક્રિયાઓ કરવાની હતી તે કરીને સ્વતંત્ર થયા. તે પછી નિજ ઈચ્છાનુસાર વેશ ધારણ કરીને ખુલ્લા ચરણાવિંદે ચાલીને આ શ્રી લક્ષ્મણ બાલાજીના તીર્થધામમાંથી પ્રયાણ કરીને આગળ પધાર્યા.

આમ પ્રયાણ કરીને પ્રથમ દામોદરદાસજી જે ગામમાં રહેતા હતા તે ગામ તરફ પધાર્યા. અને પછી તે ગામમાં પ્રવેશ કરીને અલૌકિક રીતે પોતે કરેલ આજ્ઞા મુજબ રાજમાર્ગ પર થઈને જ ગામના બીજા છેડે આવેલા સરોવર તરફ જવાને પધારી રહ્યા હતા... અને પછી.. એ જ કે રાજમાર્ગ પર દ્રષ્ટિ રાખીને ઝરૂખામાં રહેલ દામોદરદાસજીની દ્રષ્ટિ અગ્નિની જવાળાઓ વચ્ચે પ્રગટ થયેલા આ અગ્નિ સ્વરૂપ જેવા શ્રી વલ્લભ પ્રભુના દૂરથી દર્શન થતાની સાથે જ પોતાના માનસી રોગનું નિરાકરણ થઈ જતા પોતાનો દેહ નૂતન બની ગયો આમ પલટાઈ ગયેલા પોતાના નૂતન દેહમાં આવેલ કોઈ અલૌકિક શક્તિએ દામોદરદાસજી એ તો ઉપર જ્યાં ઝરૂખામાં બેઠા હતા ત્યાંથી જ છલાંગ મારીને રાજમાર્ગ પર પડતું મૂક્યુ. અને પછી દોડતા દોડતા શ્રી વલ્લભ પ્રભુની નીકટ આવી પહોંચતા શ્રી અંગને વળગી જવાને કારણે દામોદરદાસજીના પલ્ટાયેલા નૂતન દેહમાં સર્વાંગે " સખી ભાવ પ્રગટ થઈ ગયો. " લલિતાજીના ગુપ્ત સ્વરૂપો વાળા એવા આ દામોદરદાસજી તો શ્રી વલ્લભ પ્રભુને ઓળખતા જ હતા કે જેથી દામોદરદાસજીના શિર પર શ્રીહસ્ત ધર્યો અને સ્નેહથી હસીને કહ્યું કે દમલા તુ આવ્યો ? પ્રસન્નતામાં છો ને ? એવું કહીને દામોદરદાસજી પ્રસન્ન કર્યા અને પછી જ્યારે શ્રી વલ્લભ પ્રભુએ આગળ ચાલવા માંડ્યું ત્યારે પોતાના લૌકિક દેહ સંબંધોમાં સગ્ગા- સંબંધીઓને કે પોતાના લૌકિક ઘરનો કે પોતાની લૌકિક માલ મિલ્કતો કે પછી આવો લૌકિક બીજો કોઈપણ જાતનો વિચાર કર્યા સિવાય દામોદરદાસજી પણ શ્રી વલ્લભ પ્રભુજી પાછળ ચાલવા લાગ્યા. એટલે સમજો કે પોતાના લૌકિક સંબંધોનું જે કંઈ હતુ કે સર્વે સર્વસ્વનો ત્યાગ કરીને " ચાલી નીકળ્યા તે ચાલી નીકળ્યાં...

એટલે હવે આ દામોદરદાસ હરસાની પોતાના લૌકિક ઘરે પાછા આવે ખરા ? ન આવે આ દામોદરદાસ હરસાની તો પછી ન આવે ભાપા... પાછા ન આવે ...

બાદ શ્રી વલ્લભ પ્રભુ તો ચાલતા ચાલતા ગામ બહાર આવેલા સરોવર પર કે જ્યાં પેલા હરિભક્ત પર્ણકુટિમાં હતા ત્યાંથી જ પસાર થઈને સહેજ દૂર જઈને એક સુંદર અને પવિત્ર સ્થળે બિરાજ્યાં. હવે જે ઘણા સમયથી રાહ જોઈ રહ્યાં હતા એવા આ હરિભક્તને શ્રી વલ્લભાધિશ પધાર્યા છે તેવી ખબર પડતાં તેઓ તો તરતજ દોડતા દોડતા શ્રી વલ્લભાધિશ પાસે આવ્યા. દર્શન કર્યા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાની સાથે આ હરિભક્ત ની દેહ શ્રી વલ્લભાધિશ ચરણારવિંદમાં છૂટી ગઈ. ત્યારબાદ શ્રી વલ્લભ પ્રભુ સરોવરમાં સ્નાન કરીને પધાર્યા. કે જેથી દામોદરદાસજી પણ સ્નાન કરીને શ્રી વલ્લભ મુખારવિંદ સન્મુખ આવીને ઉભા રહેતો શ્રી વલ્લભ પ્રભુએ દામોદરદાસજીને નામ સંભળાવીને એટલે કે શરણમંત્ર સંભળાવીને તુલસીની માળા આપી કે જે માળા દામોદરદાસજીએ પોતાના કંઢમાં પહેરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા પછી તો " તરત જ રસસમુદ્ર શ્રી વલ્લભ પ્રભુના સ્વાનંદરૂપેના સંબંધ દવારા રસપાત્ર સિદ્ધ કર્યા જેવા દામોદરદાસજીને સ્થાયીભાવસિદ્ધ કર્યો. આમ આવા પ્રકારે દામોદરદાસજી ને સ્થાયીભાવ સિદ્ધ કર્યા પછી શ્રી વલ્લભ પ્રભુ દામોદરદાસજીને વારંવાર કહેતા કે દમલા આ માર્ગ તારા માટે પ્રગટ કર્યો છે. તે પછી સકલ તીર્થોને સનાથ અને દૈવીજીવોનો ઉદ્ધાર કરવા અર્થે અહીંથી પ્રયાણ કરીને દામોદરદાસજી સહિત શ્રી વલ્લભ પ્રભુએ આગળ પ્રાયણ કર્યું.

હવે પ્રયાણ કરીને ચાલતા ચાલતા શ્રી વલ્લભ પ્રભુ વિધાનગર આવી પહોંચતા પ્રથમ પોતાના મામાને ઘેર પધાર્યા કે જ્યાં માતાજી, ભાઈઓ, તથા મામા એમ સૌને મલ્યા અને પછી તો આ વિધાનગરના શ્રી કૃષ્ણદેવ રાજાને ત્યાં ચાલી રહેલી ધાર્મિક સભામાં પ્રવેશ કરીને આવેલા અન્ય સંપ્રદાયના સૌ આચાર્યો સાથે અઠયાવીસ દિવસ સુધી શાસ્ત્રર્થ કરી કરીને આખરે આ વિધાનગરમાં શ્રી વલ્લભ પ્રભુએ દિગ્વિજય કર્યો . આમ આ પ્રથમદિગ્વિજય થતા માયામતનું ખંડન કરીને શ્રી વલ્લભ પ્રભુએ ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું. હવે શ્રી વલ્લભ પ્રભુનો દિગ્વિજય થતાં અન્ય સંપ્રદાયના આચાર્યોએ એકત્ર થઈને શ્રી વલ્લભપ્રભુને " અખંડભૂમંડલાચાર્ય શ્રી મહાપ્રભુજી " તરીકેની પદવી અર્પણ કરીને આવેલા દરેક સંપ્રદાયના આચાર્યોએ પ્રણામ કર્યા. બાદ પૃથ્વી પરિક્રમા અર્થે આપશ્રી આગળ પધાર્યા

○ દોહો ○

પ્રગટ કીયો પથ તોહિં, હિત હે મમ રસકો પાત્ર,
દોષ હરે મહા સુખ ભરે, યાકે સ્મરણ માત્ર ૧

નયન નીર ગદ્દગદ્ ગિરા, કહેત ન આવે બૈન;
કૃપાદ્રષ્ટિ રસ સિંચિ કે, હાયો તાપ તન મૈન ૨

આયો દમલા હંસી કહ્યો, ધારે શ્રીકર માથ,
મારગ દેખત રાજ સે, કીનો આદી સનાથ ૩

દમલા મોસે ન્યૂન નહિ, મમ રસ કે અનૂકુલ;
શ્રી મુખર્તે આજ્ઞા કરી, યહ મારગકો મૂલ....૪

વ્યાપિ રહ્યો સબ જનમમેં, જો લો દમલા અંશ :
તો લોં શ્રી મહાપ્રભુત કો, દાન દેત નિજ વંશ.....૫

અકથ કથા કહાંલો, જાકો ચરિત્ર અનંત;
પરમ પુનિત સૌરભ સ્વજસ,ગાવત સબ મિલિ સંત...૬

નવઘન વલ્લભ માધુરી, વરસે દમલા સિંચ;
ઉગમી હૃદય સરોવરી, રોક્યો સબ જન વીચ.... ૭

દમલા શ્રી મહાપ્રભુનકો, સરસ સ્નેહ વિલાસ,
જાગત સોવત સ્વપ્નમેં મિલિ, રહેત રસ રાસ.....૮

રોમ રોમ રસના રટું, તોઉં ન હોત બખાન,
જાનત વે જન વિરહી જનને અનુભવ હોત પ્રમાન....૯

શ્રી દામોદરદાસ કો, દાસી કહું કે દાસ,
અપની કરૂણા જાનિ કે, કરે દાસ કો દાસ....૧૦

હવે શ્રી મહાપ્રભુજી દામોદરદાસજીને વારંવાર કહેતા કે 'દમલા, આ માર્ગ તારા માટે પ્રગટ કર્યો છે.. ' આમ વહાલાપણું બતાવતી આપશ્રીની વાણીમાં ગૂઢ ભાવ કે દામોદરદાસનું સ્વરૂપ એ અલૌકિક દ્રષ્ટિએ તો શ્રી લિલતાજીનું ગુપ્ત સ્વરૂપ નારી તરીકેનો 'દામલા' જેવો શબ્દ કહીએ દાસીભાવનું કે પછી સ્ત્રીભાવનું સુચન કરી બતાવ્યું , વળી વહાલાપણાની વાણી દ્વારા એ પણ છે કે આ માર્ગ ના રહ્સ્ય તરીકે જો કોઈપણ તો તે દામોદરદાસ જ છે.

હવે શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ એટલે કેવળ રસથી ભરેલું 'રસપૂર્ણ ' સ્વરૂપ અને દામોદરદાસજીનું સ્વરૂપ એટલે આગળ સુચન કર્યા મુજબ ' સ્થાયીભાવનું ' સ્વરૂપ આમ રસપૂર્ણ એવા શ્રી મહાપ્રભુજીમાં રહેલો રસ સૌથી પ્રથમ દામોદરદાસજીમાં આવે અને દામોદરદાસજીમાં સ્થિર થાય. સ્થિર થયા બાદ ભૂતળ પર રહેલા અન્ય જીવોને દામોદરદાસજી દ્વારા જ તે રસની પ્રાપ્તિ થાય. આમ સ્થાયી સ્વરૂપે અન્ય કોઈ નહિ પરંતુ દામોદરદાસજી જ છે અને તેથી જ ' તારા માટે ...... ' કહીને તે સમજાવ્યું.

હવે '' આ માર્ગ પ્રગટ કર્યો છે. '' આખા વાક્યના બાકી રહેલા આટલા શબ્દોનો ભાવ આગળ સુચવાઈ ગયેલા સ્થાયીભાવના અનુસંધાનથી એ સમજાય છે કે શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગુંસાઈએ "સ્ત્રીશૂદ્રાધુ ધ્યુતિક્ષમ" એવું આપશ્રીનું નામ કહેલ છે જે નામનો અર્થ એવો છે કે સ્ત્રી અને શુદ્રાદિક વિ. ઉધ્ધાર કરવામાં દરેક પ્રકારની શક્તિ ધરાવનાર એવા શ્રી મહાપ્રભુજી છે. એટલે એઓશ્રીએ જેમ સ્ત્રી તથા શુદ્રાદિક વિગેરેનો ઉધ્ધાર કર્યો છે તેમ ભૂતળ પર રહેલા અન્ય જીવોનો પણ ઉદ્ધાર કરવાના હેતુએ જ આ માર્ગ પ્રગટ કર્યો છે. પરંતુ તે માત્ર સ્થાયીભાવરૂપ દામોદરદાસજી દ્વારા જ. આમ આવા પ્રકારે દામોદરદાસજી ના હૃદયમાં શ્રી મહાપ્રભુજીએ જે રસ સ્થિર કર્યો છે તે જ શ્રી મહાપ્રભુજીના રસની પ્રાપ્તિ ભૂતળપર રહેલા અન્ય જીવોને દામોદરદાસજી એ જ કરાવી હોય તેવું સ્થાયીભાવ તરીકેના સુચનથી સ્પષ્ટ સમજી શકાય છે. એટલે ટુંકમાં એટલું જ કે ખીલેલા ફૂલોનો રસને જેમ ભમરી જેવા અધિકારી જીવો જ આવીને આનંદ અનુભવે છે. બાકી બીજા કોઈ નહિ. આમ ભૂતળ પર રહેલા જીવોમાંના જીવોનું કાર્ય સિદ્ધ કરવા માટે જ.. ' આ માર્ગ પ્રગટ કર્યો છે. ' તેવું સુચન કર્યું.

ત્યારબાદ શ્રી મહાપ્રભુજી અને દામોદરદાસજી એમ બંન્ને વચ્ચે ચાલી રહેલી ભગવદ્ વાર્તામાં અતિશય સ્નેહ દર્શાવીને રસની રસમગ્ર બનેલા હોય એવા દામોદરદાસજી ને સમયનો સ્હેજ ખ્યાલ કરાવતા આપશ્રીએ કહ્યું કે '' દમલા ભગવદ્ વાર્તા કરતા બહુ વાર થઈ...'' હવે ભગવદ્ રસની પ્રાપ્તિ કરનાર ભક્તને આવી રસરૂપી ભગવદ્ વાર્તા પ્રિય હોવાથી, કદાચ ભગવદ્ વાર્તા કરતા કરતા બહું વાર થઈ ગઈ હોય અથવા સમય ઘણો થઈ ગયો હોય તો પણ હજી વધારે રસની પ્રાપ્તિ થાય તેવી ઈચ્છા જો થયા ન કરે તો તે ભગવદ્ વાર્તા કેમ કહેવાય ? એટલે કે ભગવદ્ વાર્તાજ એવી હોય છે કે જેંમાં સમયનો તો શું પરંતુ દેહનો પણ ખ્યાલ રહી શકતો નથી.

હવે ભગવદ્ વાર્તા તો દરેક ઠેકાણે અને દરેક જીવો સાંભળતા જ હશે. પરંતુ તે માત્ર એક નિત્ય નિયમ તરીકે અને તે પણ થોડાક નક્કી કરેલા સમયમાં જ કંઈક વાંચન ક્રિયા કે પછી બીજી આડી અવળી વાતો કરીને " જે બન્યુ તે કર્યુ " એમ કેવળ સમય પસાર કરવાના નિમિત્તે જ કંઈક સાંભળી લીધું હોય એવી ભગવદ્ વાર્તા અહીં સુચવેલી નથી.અહીં તો ભગવદ્ વાર્તા એવી સુચવેલી છે કે જે ભગવદ્ વાર્તા કેવળ અલૌકિક ભાવરૂપે જ હોય કે જેમાં આઠેય પહોર પસાર થઈ જાય તો પણ સંતોષ થાય નહિ અને હૃદયની દશા તો તે વાર્તા પ્રત્યે વિશેષ ને વિશેષ લલચાવ્યા કરતી હોય ... બાકી સમય પસાર કરવાના ભાવ તરીકે સાંભળેલી ભગવદ્ વાર્તામાં અને અહીની અલૌકિક રસથી ભરેલી આ ભગવદ્ વાર્તામાં તો બહુ જ અંતર છે. આ ઉપરથી એટલુ તો ચોક્કસ છે કે જયારે પ્રભુની ખરેખર કૃપા વરસાવાની હોય ત્યારે જ અલૌકિક રહસ્ય ભરેલી ભગવદ્ વાર્તા સાંભળવાની પ્રેરણા થાય અને ત્યારે જ ભગવદ્ વાર્તાના રહસ્ય પાછળ રહેલા ભગવદ્ રસનું પાન કરવા તરફ વલણ બદલાય, બાકી નહિ એટલે કે વલણ બદલવામાં તો ખાસ કરીને ભક્તને આતુરતા થવી જોઈએ. જોકે આતુરતા થવી કે નથી પણ પ્રભુ ઈચ્છા જ બળવાન છે છતાય ભક્તે તો પોતાના હૃદયમાં જેવા ભાવ હોય તેવા ભાવથી કર્તવ્ય કરવું જરૂરી છે. પછી ભલે પ્રભુની ઈચ્છા હોય તેમ થાય.

હવે શ્રી મહાપ્રભુજી અંતર્યામી છે કે જેથી દરેક ભક્તના હૃદયમાં રહેલા ભાવને જાણી શકે છે અને તેથી જ ભગવદ્ વાર્તા પ્રત્યે દામોદરદાસજીના હૃદયમાં રહેલાં અતિશય સ્નેહવાળા સર્વ ભાવને જાણીને દામોદરદાસજીને નવી નવી ભાવનાઓ ઉત્પન્ન કરવા માટે દાસીવાચક ' દમલા' નામ કહીંને આજ્ઞા કરી કે " દમલા ભગવદ્ વાર્તા કરતા બહુ વાર્તા કરતા બહુ વાર થઈ... આવી આજ્ઞા કરીને આપશ્રીએ સ્નેહ સંબંધના રસનું સિંચન કર્યું. આમ આવું સિંચન કરવા પાછળ પ્રભુની ઈચ્છા એ જ હોય છે કે આમ સિંચનરૂપેની લાલચ દ્વારા નવા નવા ભાવ જાણવાની આતુરતા ભક્તને થયા જ કરે. હવે પ્રભુ એક છે જ્યારે ભક્ત તો અનેક હોય છે જેથી ભક્તને પોતાના હૃદયમાં જેવો ભાવ હોય છે તેવું તે પામે એટલે કે પ્રભુ તેને તેવું ફળદાન કરે છે. આમ આ ભાવ ઉપરથી એ પણ સ્પષ્ટ સમજાય છે કે શ્રી મહાપ્રભુજી દરેક ભક્તના હૃદયમાં પ્રગટ થતા ભાવને જાણી શકતા હોવાથી ભક્તને પોતાના હૃદયમાં પ્રગટ થતા ભાવથી જેવી આતુરતા કરાવતી હોય તેવી જ આતુરતા કરાવીને ભક્તવલણનું પરિવર્તન કરે છે અને વલણનું પરિવર્તન કરાવ્યા પછી " શ્રી મહાપ્રભુજી જે જે ભક્તોને જે જે રીતે અંગીકાર કરવાનો વિચાર કર્યો હોય તો તે રીતેના રસનું સિંચન આપીને કે અપાવીને આખરે ન ધારેલા હોય તેવી રીતે ભક્તનો અંગીકાર કરીને અનુગ્રહ કરે જ છે. "

ત્યારબાદ, પ્રભુએ રચેલા કુદરતી વાતાવરણ દરમ્યાન આવતા શ્રવણ મહિનાની અજવાળી અગિયારસના દિવસે નિજ અંતરંગ સેવક દામોદરદાસજી સહિત પૃથ્વી કરતા કરતા આપશ્રી શ્રીમદ્ ગોકુલમાં પધાર્યા કે જે શ્રીમદ્ ગોકુલમાં જલ સ્વરૂપે બિરાજતા શ્રી યમુનાજીના તટ પર આવેલા ગોવિન્દ ઘાટ ઉપર શ્રી દ્વારકાનાથજીના મંદિર પાસે આવેલા એક વૃક્ષ નીચેની ચોતરા પર આપશ્રી બિરાજમાન થયા અને પછી નિજ કાર્યોમાંથી પરવારીને રાત્રિએ ચોતરા પર પોઢ્યા તેમજ આજ્ઞા લઈને દામોદરદાસજી પણ આપશ્રીનાથી થોડેક દૂર જઈ સૂતા. આવામાં અર્ધ રાત્રિ થતા આ સ્થળે શ્રી ઠાકોરજી સાક્ષાત પ્રગટ થયા અને આપશ્રી પાસે પધાર્યા. બાદ બ્રહ્મસંબંધનો ગૂઢ-મંત્ર કહી સંભળાવીને આજ્ઞા કરી કે આપ ગૂઢ-મંત્ર દ્વારા બ્રહ્મસંબંધ કરાવીને સર્વ જીવોનો અંગીકાર કરો અને પછી શ્રી ઠાકોરજી તો અંર્તધ્યાન થયા.. બ્રહ્મસંબંધનો અર્થ એવો થે કે બ્રહ્મ કહેતા પ્રભુ એટલે પ્રભુ સાથે સંબંધ થવો તેને બ્રહ્મસંબંધ કહેવાય છે. આમ બ્રહ્મસંબંધ દ્વાર જે જીવોનું કે પછી આત્માનું બ્રહ્મસંબંધ (આત્મ નિવેદન) થશે તે બધાય જીવો આત્મ સંબંધી તરીકેના એટલે કે પોતાના જ કહેવાશે એવું સ્પષ્ટ સમજાય છે.

તે પછી થોડાક દૂર સૂઈ રહેલા દામોદરદાસજીએ શ્રી ઠાકોરજી અને શ્રી મહાપ્રભુજી વચ્ચે થયેલી વાતચીતને સાંભળેલ તો હતી છતાંય કેમ જાણે પોતે કંઈ જાણતા નથી તેવી દશામાં સૂઈ જ રહેલા હતા કે દામોદરદાસજી તરફ દ્રષ્ટિ કરતા આપશ્રીએ પૂછ્યું કે દમલા ,તે કંઈ સાંભળ્યું?.... જવાબમાં દામોદરદાસજીએ કહ્યું કે રાજ, આપની કૃપાથી શ્રી ઠાકોરના વચનામૃતો સાંભળ્યા તો ખરા પરંતુ તેમાં હું કંઈ સમજી શક્યો નહિ. આમ કહેવા પાછળ દામોદરદાસજીના ગુઢ હૃદયમાં રહેલો ગુપ્ત ભાવ એવો હતો કે હું સમજ્યો છું એવું જો પોતે કહે તો પોતાનામાં સમાનાતા જેવો ભાવ આવી જતા સેવક ભાવે પોતે કરેલી શ્રી મહાપ્રભુજીની સેવા સફળ થાય નહિ કે તેથી જ્યારે સ્વામિરૂપે શ્રી મહાપ્રભુજી સમજાવે અને સેવકરૂપે દામોદરદાસજી સમજે ત્યારે જ શ્રી મહાપ્રભુનો સ્વામિભાવ અને દામોદરદાસજી સેવક ભાવ રહે. અને

વળી આવા ભાવથી કરેલી સેવા પણ સુફલિત થાય. એટલે હૃદયમાં ગુપ્ત રાખેલ પોતાના આવા ભાવના કારણે જ દામોદરદાસજી એ કહ્યું કે હું કે કંઈ સમજી શક્યો નહિ...

આમ દામોદરદાસજીએ પ્રગટ કરેલા ભાવના ભાવને સાંભળ્યા પછી આપશ્રીએ સમજાવતા કહ્યું કે શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી કે બ્રહ્મસસંબંધ કરાવીને સર્વ જીવોનો અંગીકાર કરો અને જે જીવ મને સોંપશો તે આત્મા સંબંધી તરીકેના જીવને હું કદી છોડીશ પણ નહિ. તે પછી બ્રહ્મસંબંધ કે આત્મ નિવેદન પાછળ રહેલા રહસ્યને પણ સ્વામિભાવવાળા શ્રી મહાપ્રભુજીએ સેવકભાવવાળા દામોદરદાસજીને જ્યારે સમજાવ્યું ત્યારે તે રહસ્ય બરાબર સમજાવ્યું. અને તેથી જ સૌથી પ્રથમ તો પોતાને જ બ્રહ્મસંબંધ કે આત્મ નિવેદન કરાવવા પ્રત્યેની તાલાવેલી થતા બીજા દિવસે એટલે પોતાને બ્રહ્મસંબંધ કે આત્મ નિવેદન કરવાવા પ્રત્યેની તાલાવેલી થતા બીજા દિવસે સવારે એટલે કે શ્રાવણ સુદ બારસને રોજ સવારે દામોદરદાસજીને સ્નાન કરાવીને શ્રી ઠાકોરજીએ કરેલી આજ્ઞાનુસાર શ્રી મહાપ્રભુજીએ નિજ અંતરંગ હદયગત્ સેવક દામોદરદાસજીને પ્રથમ બ્રહ્મસંબંધ અથવા તો આત્મ નિવેદન કરાવીને આત્મનિવેદન ભાવ-સર્વાત્મભાવ દામોદરદાસજી ના હૃદયમાં અખંડિત સ્થાપન કર્યો અને પછી દામોદરદાસજી દ્વારા જ બીજા બધાજ જીવોના ભાગ્યની પણ સિદ્ધિ કરી. એટલે કે ભવિષ્યમાં બધાજ જીવોના ભાગ્યની સિદ્ધિ થતી રહેશે એવું પણ આ પ્રસંગ ઉપરથી સ્પષ્ટ સમજાય છે.

ત્યારબાદ વળી એક સમયે આપશ્રી વ્રજભૂમિમાં આવેલ ગોપાલપુર ગામે (જતીપુરા) પધારતા શ્રી ગિરિરાજજીના મુખારવિંદ સામે તળેટીમાં જ એક છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા અને પછી ભોજન વિ. કાર્યોમાંથી પરવારીને દામોદરદાસજીના ખોળામાં શ્રીમસ્તક ધરીને શ્રી મહાપ્રભુજી પોઢયા હતા. આમ આ સમયે નિજ મંદિરમાંથી શ્રીનાથજી શ્રી મહાપ્રભુજી પાસે આવવાને પધારી રહ્યાં હતા, પરંતુ આ સમયે દામોદરદાસજીને શ્રી મહાપ્રભુજીના સ્વરૂપથી આત્મીય સંબંધ તરીકેનો રસ સંબંધ થઈ રહેલો હોવાથી શ્રીનાથજીને દૂરથી પધારતા જોઈને દામોદરદાસજીના મનમાં સ્હેજ એવું થયું કે શ્રી પૂર્ણપુરુષોત્તમ તરીકેનું એક સ્વરૂપ કે જે શ્રી મહાપ્રભુજી છે તે સ્વરૂપ આ સમયે અહીં પોઢેલ છે અને બીજું સ્વરૂપ કે જે શ્રીનાથજીનું છે તે હવે આ સમયે અહી પધારી રહેલ છે. એમ આ બંને સ્વરૂપો તો એક જ છે છતાંય જોઆ પોઢેલા સ્વરૂપને જગાડુ તો " શ્રૃંગારરસ તરીકેના રસ સંબંધમાં" કદાચ બીજા સ્વરૂપની સંભાવના થઈ જાય તો રસાભાષ થાય, પરંતુ રસાભાષ તો અહીયાં નથી એટલે કે અહી તો રસાભાષ ને બદલે આ સમયે કેવળ આત્મીય રસ સંબંધની જ વાત છે છતાય અહીંયા રસાભાષ જેવું થાય તે યોગ્ય નહિ એવું વિચારીને દામોદરદાસજીએ પધારી રહેલ શ્રીનાથજી તરીકેના સ્વરૂપને માત્ર ઈશારાથી સમજાવ્યું કે આપ હમણાં ન પધારો. આમ દામોદરદાસજીએ કરેલા ઈશારાથી શ્રીનાથજી તો નજીક આવતા અટકી ગયા અને જ્યાં અટકી ગયા હતા ત્યાં જ ઉભા રહ્યાં પરંતુ...

શ્રીનાથજીના ચરણારવિંદમાં ધરેલા ઝાંઝરનો અવાજ શ્રી મહાપ્રભુજીના સાંભળવામાં આવી જતા શ્રી મહાપ્રભુજી પોતાની મેળે જ જાગી ગયા. અને પોતાની સામે પણ સ્હેજ દૂર શ્રીનાથજી ને ઉભેલા જોતા શ્રીનાથજીએ રચેલા આ કૌતકને શ્રી મહાપ્રભુજીએ તો જાણે પોતે કંઈ જાણતા જ નથી તેમ નિજ હૃદયમાં સમાવી દીધું. આમ શ્રીનાથજીએ રચેલા આ કૌતકમાં રહેલા ભાવને જો ઉપરથી જોઈએ તો એ ભાવ સમજાય છે કે શ્રી પૂર્ણપુરુષોત્તમના સ્વરૂપવાળા શ્રી મહાપ્રભુજી દામોદરદાસજીના ખોળામાં શ્રી મસ્તક ધરીને પોઢેલા છે અને શ્રી પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપવાળા શ્રીનાથજી પધારેલા છે આમ આ બન્ને સ્વરૂપોની રૂબરૂમાં દામોદરદાસજી એ આ બન્ને સ્વરૂપો પ્રત્યેની એકતાપણાના ભાવોનો અધિક પ્રભાવ પધાર્યો. બાકી કદાચ એવું શા માટે ? બાકી કદાચ એવુ જો ન હોય તો આ સમયે શ્રીનાથજી પધારે શા માટે ? અને વળી શ્રી મહાપ્રભુજી જાગે પણ શા માટે ? એટલે ઉપર પ્રમાણેનો ભાવ સ્પષ્ટ સમજાય છે. જ્યારે બીજી તરફ રચેલા આવા કૌતક દ્વારા શ્રીનાથજીએ દામોદરદાસજીને પણ આકર્ષણ થાય તેવો ઉત્તમ પ્રકારનો ' દાસરસ ' પ્રગટ કરાવ્યો. બાકી રહસ્ય તરીકેનો ભાવ તો કેવળ રસ સંબંધોનો જ છે કે જે કૃપા સાધ્ય હોવાથી માત્ર કૃપાથી જ જાણી સમજી શકાય છે. બાકી તેવી કૃપા માટે જો ભગવદ્ કૃપા હોય તો મન વચન અને દેહ હોતાના પ્રભુ સિવાય અન્ય કોઈનો આશ્રય કર્યો ન હોય તેવા અનન્ય ભગવદ્ ભક્તોના સમાગમ દ્વારા સ્વમાર્ગીય સત્સંગ મલી આવે તો " કાર્ય સિદ્ધ થાય " પરંતુ અત્યારના આ સમયમાં અન્નય ભગવદ્ ભક્તોનો સમાગમ ક્યાંથી ? અને વળી તેઓનો સત્સંગ પણ ક્યાંથી?...

ત્પારબાદ, ‘ દમલા અર્ધી ગાદી ઉપર બેસે છે ’ આમ આ વાક્યમાં સૂચવેલ દમલા શબ્દ એ દાસીભાવ કે સ્ત્રીભાવનુ સુચન કરે છે. હવે લૌકિક દ્રષ્ટિએ જોઈએ તો સ્ત્રી એ પુરુષનું અર્ધું અંગ હોવાથી સ્ત્રી અને પુરુષ એમ બન્ને વ્યક્તિઓનું જ્યારે મિલન થાય છે ત્યારે જ રસપૂર્ણ થાય છે એમ અહીં પણ એવા જ ભાવનું સુચન છે, પરંતુ તે કેવળ અલૌકિક. એટલે કે જેવી રીતે શ્રી ઠાકોરજીનું સ્વરૂપ એક પુરુષ તરીકેનું છે અને શ્રી સ્વામિનીજીનું સ્વરૂપ એક સ્ત્રી તરીકેનું છે એમ આ બન્ને સ્વરૂપો એકી સાથે જ જ્યારે ગાદી ઉપર બિરાજે છે ત્યારે જ રસપૂર્ણ થાય છે તેવી જ રીતે શ્રી લલિતાજીના ગુપ્ત સ્વરૂપવાળા દામોદરદાસજી કે જે પોતાને દાસીભાવે-સ્ત્રીભાવે માને છે અને શ્રી ઠાકોરજીની ગુપ્ત સ્વરૂપવાળા મહાપ્રભુજીને પોતે સ્વામિભાવે કહો કે પછી પતિભાવે કહો પરંતુ શ્રી ઠાકોરજીના ગુપ્ત સ્વરૂપવાલા શ્રી મહાપ્રભુજીની સેવા કરે છે, આમ દામોદરદાસજી પોતે પોતાના સ્વરૂપને શ્રી મહાપ્રભુજીના અર્ધા અંગ તરીકે માનતા હોવાથી પુરુષ ભાવવાળા જ્યારે બેસે ત્યારે જ રસપૂર્ણ થયો કહેવાય અથવા ત્યારે જ રસપૂર્ણ થાય છે બાકી અહીં લૌકિક ભાવલાવેળા નથી. અહીં તો કેવળ પોતાના અલૌકિક ભાવના આધારે જ દામોદરદાસજી અર્ધી ગાદી ઉપર બેસતા હોવાથી આજ્ઞા કરી કે "દમલા અર્ધી ગાદી ઉપર બેસે છે." વળી દામોદરદાસજી પોતાના ભાવનું આથી વિશેષ વર્ણન પણ શું કહી બતાવે ?

ત્યારબાદ એક દિવસ શ્રી ગુંસાઈજી અને દામોદરદાસજી એમ બન્ને એકાંતમાં બેઠા હતા કે તે સમયે શ્રી ગુસાઈજીએ દામોદરદાસજીને પ્રશ્ન કર્યો કે શ્રી મહાપ્રભુજીના અને ઠાકોરજીના એમ આ બન્ને સ્વરૂપોને તમે કેવા પ્રકારે માનો છો? જવાબમાં દામોદરદાસજીએ કહ્યું કે શ્રી જગદીશ કહેતા મર્યાદા-પુષ્ટિ તરીકે જે ઠાકોરજી કહેવાય છે તે નહિ પરંતુ કેવળ પૂર્ણ પુરુષોત્તમ તરીકે જે ઠાકોરજી છે તે શ્રી ઠાકોરજીના સ્વરૂપ કરતા શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને હું આધક માનું છું. આમ દામોદરદાસજીએ પ્રગટ કરેલી આવી ભાવના પાછલ રહેલો ભાવ એવો છે કે ’અદેયદાન-દક્ષશ્ચ, મહોદાર ચરિત્રવાન કે જેનો અર્થ એવો છે કે પ્રભુ સિવાય એટલે કે પૂર્ણ પુરુષોતમ તરીકે શ્રી ઠાકોરજી સિવાય અન્ય કોઈ થી ન આપી શકાય એવુ અને તે પણ " યોગ્યતા કે અયોગ્યતાવાળા કંઈપણ વિચાર કર્યા સિવાય પોતાનામાં રહેલી પ્રિતિપૂર્વકની ઉદારતાથી દાન કરવાના સામર્થ્યવાળા એવા શ્રી મહાપ્રભુજી છે. આમ શ્રી સર્વોત્તમ સ્ત્રોતમાં શ્રી ગુસાંઈજીએ બતાવેલા આપશ્રીના આ નામના પ્રભાવથી દામોદરદાસજીએ કહ્યું કે શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને હું અધિક માનું છું...

જ્યરે રહસ્યની દ્રષ્ટિએ વિચાર કરવામાં આવે તો ખરેખર એ જ સમજાય છે કે પ્રભુની આજ્ઞાનુસાર ભૂતળ પર રહેલા દૈવી જીવોને પુષ્ટિમાર્ગીય ફલનું દાન કરવા માટે જ આપશ્રીનું પ્રાક્ટય થયેલું છે પરંતુ મુક્તિ જેવા ફલથી આધક ફલ એટલે કે પુષ્ટિમાર્ગના સંબંધ દ્વારા જે ફલ પ્રાપ્ત થાય છે તે ફલ આપવા જેવું કાર્ય કે જે ન કરવા જેવું કાર્ય છે તે આપશ્રીએ જો ન કર્યું હોત તો પછી આપશ્રીનું અને આપશ્રીએ પ્રગટ કરેલા આ પુષ્ટિમાર્ગનું પ્રાક્ટય નકામું જ હતું કે જેથી જ શ્રી ઠાકોરજી સિવાય અન્ય કોઈ ન કરી શકે તેવું દાન કરવાનુ અને તે ઉદારતાપૂર્વક સામર્થ્ય સહિત-આપશ્રીનું પ્રાક્ટય થયું અને પછી તો આપશ્રીના આવા પ્રકારના સામર્થ્યથી આપશ્રીએ કરી પણ બતાવ્યું કે ન ધારેલ તેવા પ્રવાહમાં ખેંચાઈ જઈને પ્રભુની સેવા-સ્મરણ અર્થેના સાધન રહિત અને વળી દુષ્ટ સ્વભાવવાળા અપરાધી જીવોની યોગ્યાતા કે અયોગ્યતાનો જ્યાં વિચાર કરવો અસંભવિત જ છે તેવા પ્રકારનો અનુભવ કરીને આવા મલિન કલિકાળ જેવા સમયમાં શ્રી પૂર્ણ પુરુષોત્તમનું સ્વરૂપ એટલે કે પોતાના સર્વસ્વ તરીકેનું ફલસ્વરૂપ જે છે તે જ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીએ આવા સૌ જીવો ઉપર પધરાવી આપીને તેજ સ્વરૂપની સેવાનું મહાન ફલદાન કર્યું એટલે આપશ્રી મહાપ્રભુજીએ કરેલા આવા મહાન ફલદાનના આધારે દાન કરતા દાતા મોટા છે તે સ્પષ્ટ સમજાવતા દામોદરદાસજીએ કહ્યું કે શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને હું અધિક માનું છું.

હવે આધુનિક જીવોની સમજ ફેર ન થાય તેટલા માટે અહીં એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે અહીં દાન સ્વરૂપ શ્રી ઠાકોરજી અને દાતા સ્વરૂપ શ્રી મહાપ્રભુજી છે. આમ આવા આ બન્ને સ્વરૂપો પ્રત્યે એટલે દાન અને દાતા પ્રત્યેનો કદાચ ક્યાંય જે ભેદભાવ રાખવામાં આવતો હશે તે અન્ય સંમ્પ્રદાયમાં હશે પરંતુ અહી એટલે કે આપણા પુષ્ટિમાર્ગીય સમ્પ્રદાયમાં તો એવો ભેદભાવ નથી કારણ કે દાન સ્વરૂપે જે શ્રી ઠાકોરજી છે તે શ્રી મહાપ્રભુનું જ સ્વરૂપ છે અને દાતા સ્વરૂપે જે શ્રી મહાપ્રભુજી છે તે પણ શ્રી ઠાકોરજીનું જ સ્વરૂપ છે કે જેથી મહાનુભાવોએ કીર્તન દ્વારા ગાયુ છે કે " દાતા ભુક્તા ઓર ન દૂજા, સાચા ત્રિભુવનરાય વહાં; ભક્તન પ્રાણ આધાર વહાં" વળી શ્રી ગુસાંઈજીએ પણ " યજ્ઞભોક્તા યજ્ઞકર્તા " એવું સર્વોત્તમ સ્તોત્રમાં કહ્યું છે કે જેમાં યજ્ઞ ભોક્તા જે છે તેજ યજ્ઞના કર્તા બતાવ્યા છે. એટલે કે આમ દાન સ્વરૂપ શ્રી ઠાકોરજી અને દાતા સ્વરૂપ શ્રી મહાપ્રભુજી એમ આ બન્ને સ્વરૂપો જે છે તે બન્ને સ્વરૂપો એકજ છે અને અન્ય સ્વરૂપો પરમાનંદરૂપ જ છે એવું સમજીને આ બન્ને સ્વરૂપો પ્રત્યેનાભાવ નું ખંડન નહિ કરતા બન્ને સ્વરૂપો એક જ છે તેવા ભાવે ચિંતન કરવું. ત્યારબાદ " મારી પહેલા દામોદરદાસજીની દેહ છૂટે નહિ " અથવા "દમલાની દેહ મારી પહેલા ન છૂટે " આમ આ બન્ને વાક્યોમાં રહેલો ભાવ એવો છે કે એક સમયે દામોદરદાસજીના મનમાં એવી ભાવના થયેલી હતી કે મને નિત્ય લીલાની પ્રાપ્તિ કેમ થાય ? આમ દામોદરદાસજીના મનમાં થયેલી ભાવનાને અંતર્યામી એવા શ્રી મહાપ્રભુજી જાણી ગયા કે જેથી આપશ્રીએ શ્રી ઠાકોરજી પાસે ઉપર પ્રમાણેની માંગણી કરી હતી પરંતુ આપશ્રીને વળી આવી માંગણી કરવાની જરૂર હોય ખરી ?... ન હોય. છતાંય આવી માંગણી કેમ કરી હશે ?.... તેનો ભાવ સમજીએ.

પતિવ્રતાપતિ : પારલૌકિકૈહિકદાનનૃત ૬૬ નિગૂઢહૃદયોન્ય ભક્તેષુ જ્ઞાપિતાશયઃ૬૬ એટલે કે પતિવ્રતાના પતિ આ લોકમાં અને પરલોકમાં પણ સર્વે પ્રકારના દાન કરનારા, ગૂઢ હૃદયવાળા અને વળી અનન્ય ભક્તોમાં એટલે કે નિજ અંતરંગ ભક્તોમાં પોતાનું હૃદય સ્થાપન કરનારા અથવા અનન્ય ભક્તોને પોતાના હૃદયના વિચારો જણાવનારા એવા શ્રી મહાપ્રભુજી છે. આમ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગુંજાઈજીએ કહેલ આપશ્રીના આવા નામના આધારે આપશ્રીને આવી માંગણી કરવી સંભવે નહિ. વળી કીર્તન દ્વારા પણ ભગવદીયોએ બતાવ્યું છે કે " દાસ ચત્રુર્ભુજ પ્રભુ કે નિજ મત ચલત લાલ ગિરિધરન " આમ આ કીર્તનના આધારે વિચારીએ તો તે પણ સ્પષ્ટ સમજાય છે કે શ્રી મહાપ્રભુજીની ઈચ્છા વિરુદ્ધની બીજી કોઈ ઈચ્છા શ્રી ઠાકોરજીની તો હોય જ નહિ. એટલે આવી માંગણી કરીને એ સુચન કર્યું કે દામોદરદાસજીનું સ્વરૂપ અને દેહ કેવળ અલૌકિક હોવાથી તેમજ જન્મ-મરણ સંભવતા નથી. વળી જ્યાં દામોદરદાસજી હોત ત્યાં શ્રી મહાપ્રભુજી તો હોય જ. એટલે કે આમ ભૂતળ પર રહેલા જીવોને ભવિષ્યમાં કોઈ સમયે શ્રી મહાપ્રભુજી દર્શન આપશે એવી વૃતિ બતાવીને ભવિષ્યના જીવોનો ભાવ પણ સિદ્ધ કર્યો.

તે પછી આપશ્રીએ કરેલા આવી માંગણીથી ભૂતળ પર રહેલા જીવોને એક પ્રકારે ખાસ એ પણ સૂચન કર્યું કે માર્ગનો સિદ્ધાંત, માર્ગની પ્રણાલિકા તેમજ ભગવદ્ લીલાનું ગૂઢ રહસ્ય છે તે બધુય અન્ય કોઈમાં નહિ પરંતુ કેવળ દામોદરદાસજીના હૃદયમાં જ સંમ્પૂર્ણ રીતે સ્થાપના કરેલ હોવાથી કદાચ મારી પહેલા દામોદરદાસજીનો નિત્ય લીલામાં પ્રવેશ થઈ જાય તો પાછળ ભૂતળ પર રહેલા નિજ જીવોને એટલે કે આત્મીય સંબંધ તરીકેના પતિવ્રતા ધર્મનું પાલન કરનારા અથવા તો આત્મીય સંબંધ તરીકેના પતિવ્રતા ધર્મનો જેઓ ભંગ કરવાની ભાવના ધરાવતા નથી તેવા મારા અનન્ય ભક્ત જેવા જીવોને ગૂઢ રહસ્યવાળા ભગવદ્ રસની પ્રાપ્તિ કોણ કરાવશે ?... એટલે કે ભૂતળ પર રહેલા નિજ જીવોના કલ્યાણ અર્થે જ આવી માંગણી કરીને " નિજ જીવોનું સૌભાગ્ય સિદ્ધ કર્યું"...

12/8/15

હવે ટુંકમાં એટલું જ કે પાછળ ભૂતકાળ પર રહેલા નિજ જીવોનો દામોદરદાસજી દ્વારા ભગવદ્ રસના પ્રાપ્તિ થતી રહે એવા પ્રકારના હેતુએ આપશ્રીએ દામોદરદાસજીનું મન નિત્ય લીલામાંથી પાછું વાળીને જ્યાં સુધી માર્ગની સ્થિતિ છે ત્યાં સુધી દામોદરદાસજી કેવળ અલૌકિક રીતે જ ભૂતકાળ પર રાખીને સૌ જીવોનું સૌભાગ્ય સિદ્ધ કરી દેખાડ્યું કે જેથી દામોદરદાસજી ને મરણ વિગેરે દોષ સંભવતા નથી એ ચોક્કસ માનવું.

ત્યાર બાદ દરેક પ્રકારનું સિંચન કરી કરીને માર્ગનું જે કંઈ હતું તે બધુંય શ્રી મહાપ્રભુજીએ સંપૂર્ણ રીતે દામોદરદાસજીના હૃદયમાં સ્થાપ્યા બાદ ભગવદ્ આજ્ઞાનુસાર એક દિવસ શ્રી દામોદરદાસજી કાશીના મહાન તીર્થધામમાં પધાર્યા અને ગંગાજીનાં કિનારા પર આવેલા હનુમાન ઘાટ પાસે પધારીને એક શીલા ઉપર બિરાજીને શ્રી મહાપ્રભુજીએ અન્ન-જલ અને વાણીનો ત્યાગ કરીને સંન્યાસ ગ્રહણ કર્યો અને પછી તો આમ ને આમ સત્તાવીશ દિવસ સુધી આ શીલા ઉપર બિરાજ્યા હતા. બાદ બીજા દિવસે એટલે કે અષાઢ શુદ બીજને દિવસે જ્યાં શિલા પર બિરાજી રહ્યાં હતા ત્યાથી ઉભા થઈને થોડે દૂર જઈને જલમાં ઉભા રહ્યાં. હવે શ્રી મહાપ્રભુજીનું આમ અલૌકિક રીતે થવાના પ્રયાણનું નિરિક્ષણ કરવા અર્થે ગામની તેમજ બહારગામની જનતા આ ગંગાજીના કિનારે એકત્ર થયેલી હતી જે એકત્ર થયેલી જનતામાંથી પ્રત્યેક વ્યક્તિની દ્રષ્ટિ માત્ર શ્રી મહાપ્રભુજીની સ્વરૂપને જ નિહાળવામાં તલ્લીન થયેલી હતી. તે પછી સૌની સમક્ષ બન્ને હસ્ત જોડીને શ્રી મહાપ્રભુજી કમર સુધીના જલમાં જ્યાં ઉભા હતા ત્યાંથી આગળ પધારતા આપશ્રીના શ્રીઅંગમાંથી કેવળ અલૌકિક રીતે જ તેજોમય જવાળાઓ પ્રગટ થતા આ જવાળાઓ દ્વારા શ્રી મહાપ્રભુજી નિત્ય લીલામાં પધાર્યા..

તે પછી... શ્રી મહાપ્રભુજી અને દામોદરદાસજી એમ અરસપરસ બન્ને વચ્ચેનો ન કલ્પી શકાય તેવા પ્રકારનો ગૂઢ સ્નેહ હતો કે જેથી શ્રી મહાપ્રભુજી નિત્ય લીલામાં પધારેલા હોવા છતાંય દામોદરદાસજીને તો નિત્ય દર્શન આપતા હતા. હવે બીજે દિવસે દર્શન થવામાં વિલંબ થતા તે દિવસે દામોદરદાસજીના પેટમાં પીડા થતી... અરે... એટલું જ નહિ પરંતુ અંગમાં રહેલા સર્વ રૂવાંડે રૂવાંડે પીડા થતી હતી. આમ થતી આપીડા પ્રત્યેનો ભાવ એવો કે શ્રી મહાપ્રભુજીના દર્શન થવામાં જ્યારે વિલંબ થતો ત્યારે દામોદરદાસજી ને પોતાના દેહ સંબંધનો શુધ્ધિ આવી જતા પોતાને વિરહરૂપેનું અતિશય દુઃખ થતુ હતું કે જે માત્ર અલૌકિક દુઃખથી જ પેટમાં પીડા થતી હતી. બાકી બીજી કોઈ અલૌકિક પીડા ન હતી અને પછી શ્રી મહાપ્રભુજીના જ્યારે દર્શન થતા ત્યારે રૂવાડે રૂવાડે જે પીડા થઈ રહી હતી તેમાંથી એકદમ મુક્ત થઈ જતા હતા અને કેમ જાણે નવું જ જીવન પ્રાપ્ત થયું હોય તેમ પાછા પોતાની અસલ દશામાં આવી જતા સ્વરૂપાનંદમાં મગ્નબની જતા હતા. આમ દર્શન આપીને શ્રી મહાપ્રભુજી અલૌકિક રીતેના સંબંધનો એક પ્રભાવ બતાવતા હતા કે જે પ્રભાવથી

વાર્તા કરનારા કે પછી સાંભળનારા આધુનિક જીવોના હૃદયમાં શ્રી મહાપ્રભુજી અને દામોદરદાસજી એમ પરસ્પર બન્નેના સ્નેહનો અલૌકિક રસાસ્વાદ આવે છે. આમ આ રસસ્વરૂપેના લાગેલા ચટાકાથી વાર્તા કરનાર કે પછી સાંભળનારા જીવો સંસારમાં મસ્ત હોવા છતાંય સંસારની માયાનો સંબંધ તેઓને છુટી જાય છે અને પછી તે પોતાને જે કરવાનું છે તે કાર્યમાં મસ્ત બની જઈને શ્રી ઠાકોરજીના સેવા-સ્મરણ કે શ્રી ઠાકોરજીને પ્રસન્ન કરવાના કાર્યોમાંના ગમે તે કાર્ય દ્વારા શ્રી મહાપ્રભુજી તથા દામોદરદાસજી એમ બંને સ્વરૂપોની કૃપા થઈ જતાં વર્ણન પણ થઈ ન શકે તેવા પ્રકારનો આનંદ સ્વરૂપાનંદ ભોગવે છે.

3/8/15

હવે "હસતુ મુખ સૌને ગમે " એ નિયમ ન કલ્પી શકાય તેવા પ્રકારના સ્નેહથી ભરેલો શ્રી મહાપ્રભુજીના સૌંદર્ય અને મંદમંદ હાસ્ય પ્રગટ કરતા મુખારવિંદના દર્શનથી ભક્ત જેમ આનંદ સાગરમાં ડુબી જાય છે તેમ નિજ ભક્તના હૃદયમાં રહેલા " સ્નેહના અનુભવથી આનંદ પ્રદર્શિત કરતા મુખને નિહાળતા શ્રી મહાપ્રભુજીને પણ આનંદ થતો હોવાથી તેવા સ્નેહને વશ થયેલા એવા શ્રી મહાપ્રભુજી દામોદરદાસજીને હંમેશા દર્શન આપતા હતા. આમ આ બાબતથી એ સ્પષ્ટ સમજાય છે કે શ્રી મહાપ્રભુજી નિત્ય લીલામાં પધારેલા હોવા છતાંય નિજ અન્નય ભક્તોને માટે તો ભૂતળ પર બિરાજમાન જ છે. આમ કેવળ અરસપરસ ગૂઢ સ્નેહની વાત છે એટલે તેના સ્નેહવાળા સ્નેહીનું હૃદય તો એવા સ્નેહવાળા સ્નેહી જ જાણે. બાકી તે કહેવાથી ન સમજાય- અનુભવે જ સમજાય.

ત્યારબાદ ઉપરમાં દર્શાવ્યા મુજબ શ્રી મહાપ્રભુજી નિત્ય લીલામાં પધાર્યા તે સમયે આપશ્રીના પુત્ર શ્રી ગુંસાઈની વય નાની હોવાથી એક દિવસ શ્રી ઠાકોરજીને ઉત્સવ આવતા શ્રી ગુંસાઈજી શ્રી અક્કાજી એટલે કે માતાજી શ્રી મહાલક્ષ્મીજી પાસે પધાર્યા અને કેમ જાણે પોતે માર્ગનું કંઈપણ જાણતા જ ન હોય તેમ શ્રી ગુંસાઈજીએ કહ્યું કે શ્રી આચાર્યજી તો નિત્ય લીલામાં પધાર્યા... પરંતુ આપશ્રીએ જે આ માર્ગ પ્રગટ કર્યો છે તે માર્ગની રીતિ તેમજ આજે શ્રી ઠાકોરજીનો ઉત્સવ આવેલો હોઈ આ ઉત્સવની રીતિ પણ કેવી છે... તે અમે જાણતા નહિ હોવાથી તેની કંઈ સમજ પડતી નથી. એટલે હવે આ ઉત્સવ ની રીતિ માટે કેવું કરવું?... જવાબમાં માતાજી એ આજ્ઞા કરતાં કહ્યું કે આપણા આ પુષ્ટિમાર્ગનો સર્વ સિદ્ધાંત, પ્રણાલિકા, સેવા રીતિ, ઉત્સવોનો પ્રકાર તેમજ માર્ગનું જે ગૂઢ રહસ્ય છે તે બધુય દામોદરદાસજીના હૃદયમાં સ્થાપન કરેલ છે એટલે દામોદરદાસજી પાસે જઈને પૂછવાથી તેઓ તમને બધાય ઉત્સવોની તેમજ માર્ગની સર્વ રીતિ સમજાવશે. માતાજીની આજ્ઞાનુસાર શ્રી ગુંસાઈજી તો દામોદરદાસજી પાસે પધાર્યા અને માર્ગની રીતિ તેમજ માર્ગીય ઉત્સવોના પ્રકારની વાત પૂછતા દામોદરદાસજીએ માર્ગનો સિદ્ધાંત તેમજ ઉત્સવોનો પ્રકાર પ્રેમ પૂર્વક સમજાવ્યો.

હવે શ્રી ગુંસાઈજ તો ઈશ્વર હતા કે જેથી દરેક પ્રકારનું જ્ઞાન અને સર્વ પ્રકારની શક્તિ તો ધરાવતા જ હોય છતાંય શ્રી ગુંસાઈજી દામોદરદાસજી પાસે પધારીને આવું પૂછવાનું કે પછી સમજવાનું વળી શું હોય?... એટલે કરેલી આ બાળલીલા દ્વારા શ્રી ગુંજાઈજી તો એ કર્યું કે " સ્નેહરસના " અનુભવી એવા જે દામોદરદાસજી છે તે દામોદરદાસજીનું કેવળ મહાત્મ્ય જ વધાર્યું. આમ સ્નેહરસનો અનુભવ કરનારા એમ બંનેના સ્વરૂપને વાણીથી કે પછી ઉપરની ક્રિયાથી ઓળખી શકાતું નથી. પરંતુ તે તો માત્ર " શ્રી મહાપ્રભુજી સ્નેહરસનું દાન કરે અથવા સ્નેહરસના અનુભવી એવા દામોદરદાસજી દ્વારા તેવું દાન કરાવે ત્યારે જ ઓળખી શકાય... " તે પછી શ્રી ગુંસાઈજીએ કેરલી આ બાળલીલાના આંતરીક દ્રષ્ટીએ વિચારતા એ સમજાય છે કે શ્રી ગુંસાઈજી એ દામોદરદાસજીને પૂછેલી બાબતોના આધારે માર્ગનો સિદ્ધાંત માર્ગની પ્રણાલિકા, સેવારીતિ, ઉત્સવોના પ્રકારે વિગેરે જેવુ બીજું પણ જે કંઈ માર્ગીય હતુ તે બધુંય પાછળથી પ્રગટ થયું પરંતુ માર્ગનું જે ગૂઢ રહસ્ય છે તેમાનું કંઈપણ પ્રગટ નહિ થતા તે કેવળ દામોદરદાસજીના હૃદયમાં જ રહેવા દીધું.

ત્યારબાદ એક દિવસ એવું બન્યું કે શ્રી ગુંસાઈજી નિજ બેઠકમાં બિરાજી રહ્યાં હતા. આવામાં બે ચાર નિજ અંતરંગ સેવકો આપશ્રી પાસે આવતા શ્રી ગુંસાઈજી સાથે વાતોમાં તલ્લીન થયા અને પછી તો શ્રી ગુંસાઈજી સહિત-સૌ ઠઠ્ઠા મશ્કરી કરી કરીને હાસ્ય વિનોદ કરી રહ્યાં હતા. આમ આ સમયે દામોદરદાસજી આવી પહોંચતા શ્રી ગુંસાઈજીને દંડવત્ પ્રણામ કર્યા અને પછી શ્રી ગુસાઈજી પાસે વિવેકપૂર્વક બેઠા. બાદ શ્રી ગુંસાઈજી સહિત થઈ રહેલા હાસ્ય વિનોદના કારણે દામોદરદાસજીએ કહ્યું કે રાજ, આ માર્ગ આમ હાંસી કે ઠઠ્ઠામશ્કરી કરવાનો નથી પરંતુ આ માર્ગ તો કેવળ શ્રી ઠાકોરજીનું સેવાફલ પ્રાપ્ત કરવામાં આવતા બધાય દુઃખ સહન કરીને તાપ ક્લેશ કરવાનો છે. દામોદરદાસજીએ કરેલી આ વાત સાંભળીને શ્રી ગુસાંઈજીએ કહ્યું કે તમે જે કહો છો તેખરૂ કહો છો પરંતુ શ્રી મહાપ્રભુજીની જ્યારે કૃપા-અનુગ્રહ થશે

ત્યારે જ અમને માર્ગીય તાપક્લેશ થશે બાકી તો શ્રી મહાપ્રભુજીની કૃપા કે પછી અનુગ્રહ માર્ગમાં આવી રહેલ હોવા છતાં કંઈ સમજાય તેવું નથી. આમ શ્રી ગુંસાંઈજી શ્રીમુખની વાણીને બરાબર સાંભળ્યા પછી દામોદરદાસજી એ ફરીને વિનંતીપૂર્વક કહ્યું કે આવું જોઈને મારે તો રાજને વિનંતિ કરવાની હતી કે જે મેં કરી ... પછી આપ તો ઈશ્વર છો... જેવું યોગ્ય લાગતું હશે તેવું જ કરતા હશો... બાકી માર્ગ તો તાપક્લેશનો છે, દામોદરદાસજીની આવી વિવેકપૂર્વકની વાતથી શ્રી ગુંસાંઈજી બહુ જ પ્રસન્ન થયા અને કહ્યું કે તમે જે કહ્યું તે ખરેખર સત્ય છે. વળી તમારા હૃદયમાં શ્રી મહાપ્રભુજી બિરાજે છે અને તમારા દ્વારા શ્રી મહાપ્રભુજી જ અમને આવી આજ્ઞા કરી રહ્યાં છે એવું હું માનું છું કે જેથી શીખામણરૂપેની વાતો પ્રેમથી કહેતા રહેજો. વળી શ્રી મહાપ્રભુજી જ અમને આજ્ઞા કરે છે તેવું માનીને અમે તે વાતને માન્ય પણ રાખીશું. ત્યારપછી શ્રી ગુસાંઈજી દામોદરદાસજી દ્વારા કહેવામાં આવતી બધી વાતને કે પછી શીખામણોને માન્ય રાખતા હતા.

આમ આ કેવળ ઠઠ્ઠા-મશ્કરી જેવા પ્રસંગને પણ જો એક સિદ્ધાંતિની દ્રષ્ટિએ જોઈએતો તેથી એક તો એ સ્પષ્ટ સમજાયછે કે શ્રી મહાપ્રભુજીની કૃપા કે પછી અનુગ્રહ સિવાય આ માર્ગમાં આવી રહેલા હોવા છતાંય આ માર્ગમાં કંઈ સમજ પડે તેવું નથી છતાંય દામોદરદાસજી દ્વારા કૃપા-અનુગ્રહ નહિ થાય તેની ખાત્રી શું ?.. કારણ કે માર્ગીય જે કંઈ છે તે દામોદરદાસજીના હૃદયમાં શ્રી મહાપ્રભુજીએ સંપૂર્ણ રીતે સ્થાપિત કરેલ છે તેમજ દામોદરદાસજી દ્વારા ચાલી રહેલો હોવાથી માર્ગીય બધી વસ્તુ દામોદરદાસજી દ્વારા જ સિદ્ધ થશે. એવું સૌને બતાવવા અર્થે જ શ્રી ગુંસાઈજીએ દામોદરદાસજીને કહ્યું કે તમારા દ્વારા શ્રી મહાપ્રભુજી અમને આવું માર્ગ દર્શન કરીને માર્ગનો સિદ્ધાંત બતાવે છે. આમ આવા કારણે શ્રી ગુંસાઈજી પણ એ જ આજ્ઞા કરી બતાવ્યું કે દામોદરદાસજીએ કરેલી વાતને સમજીને અને માન્ય રાખીને માર્ગનો સિદ્ધાંત છે તે પ્રમાણેનું જ વર્તન હોવું જોઈએ.

હવે આ ઠઠ્ઠા-મશ્કરી કે હાસ્ય વિનોદવાળા પ્રસંગોને જો આંતરિક દ્રષ્ટિએ જોઈએ તો તેમાં રહેલું રહસ્ય એવું છે કે હાસ્યને એક પ્રકારે ‘ હાસ્યરસ ’ કહેવાય છે એટલે હાસ્યરસનો અનુભવ કરતી વખતે આ રસ દ્વારા હૃદયમાં ખરેખર જે આનંદ થાય છે તે આનંદને એક પ્રકારે અરસપરસના સંયોગરસ તરીકેનું સુખ કહેવાય છે. હવે અહીં વિયોગરસ અને સંયોગરસ એમ બે પ્રકારના રસને મુખ્ય ગણવામાં આવ્યા છે,. આમ " વિયોગરસ, અને સંયોગરસ" એમ આ બંને પ્રકારના રસ ‘જ્યારે’ એકરૂપ થાય છે ત્યારે જ શ્રુંગારરસની પૂર્ણતા થઈ કહેવાય એટલે શ્રુંગારરસની પૂર્ણતા કરવા માટે સૌથી પ્રથમ વિયોગરસનો એટલે કે લાયકપણાના અભાવે એકબીજાને મળવા માટે હૃદયમાં આતુરતાપૂર્વકનો જે ખરેખર તાપ થાય છે તેને વિયોગરસ કહેવાય છે એટલે કે વિયોગરસનો અનુભવ કરતા કરતા જ્યારે લાયક થવાનો સમય આવ્યો ત્યારે એકબીજાનો મિલાપ થયો કે જે મિલાપના આધારે વિયોગરસનો પૂર્ણ રીતે અનુભવ થઈ ગયા પછી તેમાંથી મુક્ત થઈને સંયોગરસમાં આવી શકાયુ.

04/09/15

હવે સંયોગરસના મુખ્ય જે આકર્ષણ છે તે હાસ્ય છે એટલે કે સૌથી પ્રથમ કોઈ એક પ્રકારનો ચાળો કરી બતાવીને હાસ્ય કરવું. તે હાસ્ય દ્વારા ચિત્તને ચોરવું અને ચિત્તને ચોર્યા પછી ઠઠ્ઠા-મશ્કરી દ્વારા ચિત્તને તલસાવવું અને ચિત્તને તલસાવ્યા પછી સંયોગરસનો પૂર્ણ રીતે અનુભવ થઈ ગયા પછી જે આનંદ વિલાસવામાં આવે છે તે જ શૃંગારરસનું ફલ છે.

હવે શ્રી ગુંસાઈજી તો ઈશ્વર જ હતા એટલે " નિજ ઈચ્છાતઃ કરિષ્યતિ " મુજબ પોતે પોતાની ઈચ્છા પ્રમાણે જે કંઈ કરવું હોય તે બધુંય કરવાને સામર્થ્યવાળા હતા અને તેથી જ દામોદરદાસજીએ માર્ગનો સિદ્ધાંત બતાવ્યા પછી કહ્યું હતુ કે ‘ આપ તો ઈશ્વર છો-જેવું યોગ્ય લાગતું હશે તેવું જ કરતા હશો.’ એટલે પોતાની ઈચ્છા પ્રમાણે પોતે કરવાને સામર્થ્યવાળા હોવાથી ગુંસાઈજી આવી ઈચ્છા કરીને નિજ અંતરંગ સેવકો સાથે કરેલ હાસ્ય વિનોદ દ્વારા શૃંગારરસ તરીકે રસનો એક પ્રકાર બતાવ્યો. આમ આ છેલ્લી કોટીના સ્નેહની વાત હોવાથી કેવળ તે કોટીએ પહોંચેલા સ્નેહીઓ જ આ વાતને સમજી શકશે બીજું કોઈ નહિ.

ત્યારબાદ આગળ દર્શાવવામાં આવેલ મુજબ એ સ્પષ્ટ થયું કે શ્રી મહાપ્રભુજી દામોદરદાસજીને નિત્ય દર્શન તો આપતા જ હતા કે જેથી એક દિવસ શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસજીને પૂછ્યું કે શ્રી ગુંસાઈજીને તમે કેવા સ્વરૂપે માનો છો ? જવાબમાં દામોદરદાસજીએ કહ્યું કે રાજ, શ્રી ગુંસાઈજીના સ્વરૂપને આપના લાલજી એટલે કે આપના પુત્ર તરીકે માનું છું દામોદરદાસજીના હૃદયમાં રહેલી આવી ભાવનાને જાણતા શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે શ્રી ગુસાંઈજીનુ જે સ્વરૂપ છે તે મારુ પોતાનું જ સ્વરૂપ છે કે જેથી મારા પુત્ર તરીકે નહિ માનતા તે મારું જ સ્વરૂપ છે તેવો ભાવ રાખજો. આપશ્રી મહાપ્રભુજીએ કરેલી આ આજ્ઞા દ્વારા એ સ્પષ્ટ સમજાય છે કે શ્રી મહાપ્રભુજી અને ગુંસાઈજીમાં એમ આ બંને સ્વરૂપોમાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખ્યા સિવાય બંનેનું એક જ સ્વરૂપ છે એવો ભાવ રાખવાનું સૌને સૂચન થયું. એટલે આ બંને સ્વરૂપો એક જ છે તેવો ભાવ સૌએ રાખવો. તે પછી શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસજીને જે દિવસે આવી આજ્ઞા કરી હતી તે જ દિવસથી દામોદરદાસજી જેવી રીતે શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપનું સ્મરણ કરતા હતા અથવા શ્રી મહાપ્રભુજી પ્રત્યે જેવો ભાવ રાખતા હતો તેવી જ રીતે શ્રી ગુંસાઈજીના સ્વરૂપનું સ્મરણ કરીને તેવો જ ભાવ રાખતા હતા.

હવે ઉપરથી જોતા તો પ્રત્યેકને એવું સમજાય છે કે શ્રી મહાપ્રભુજી અને ગુસાંઈજી એમ આ બંનેના સ્વરૂપો અલગ અલગ છે અથવા તો દ્રષ્ટિમાં બે સ્વરૂપો દેખાય છે પરંતુ અલૌકિક રીતે તો આ બંને સ્વરૂપો એક જ હોવાથી શ્રી મહાપ્રભુજીએ ઉપર પ્રમાણેની આજ્ઞા દામોદરદાસજીને કરી હતી એટલે શ્રી મહાપ્રભુજીએ કરેલી આજ્ઞાનુસાર આ બંને સ્વરૂપો તો એક જ છે એવા ભાવને હૃદયમાં રાખીને જ દામોદરદાસજી શ્રી ગુસાંઈજીની સેવા-સ્મરણ અને દર્શન કરવા લાગ્યા હતા કે જેના કારણે જેવી રીતે શ્રી મહાપ્રભુજી દામોદરદાસજીને " નિજાનંદ રસનું દાન " કરતા હતા તેવી જ રીતે શ્રી ગુસાંઈજી પણ દામોદરદાસજીને નિજાનંદ તરીકેના રસનું દાન કરવા લાગ્યા હતા. પરિણામે શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઈજીને પોતાના સ્વામીભાવે માનીને કરેલી સેવાથી સિદ્ધ થયેલા પોતાના અલૌકિક પતિવ્રતા તરીકે ભાવનું ખંડન દામોદરદાસજીએ કર્યુ નહિ. હવે દામોદરદાસજીએ પોતાના અલૌકિક પતિવ્રતા તરીકે ભાવનું ખંડન થવા ન દીધું તેમ ચાચા હરિવંશજીએ પણ પોતાના આવા ભાવનું ખંડન થવા દીધેલ ન હોવાથી શ્રી ગુસાંઈજીએ શૃગાંરરસ મંડન ગ્રંથ પ્રગટ કરી બતાવ્યો. આમ પ્રગટ કરેલા ગ્રંથ દ્વારા એ બતાવ્યું કે શ્રી મહાપ્રભુજીના સેવક દામોદરદસાજી અને શ્રી ગુસાંઈજીના સેવક ચાચા હરિવંશજી એમ આ બંને સેવકો એક સરખા જ શકિતમાન છે.

ત્યારબાદ ઉપર દર્શાવ્યા પ્રમાણે એ સ્પષ્ટ થાય છે કે જયાં દામોદરદાસજી ત્યાંશ્રી મહાપ્રભુજી અને જ્યાં શ્રી મહાપ્રભુજી ત્યાં શ્રી ઠાકોરજી હોય, હોય, અને હોય જ. એટલે આ ભાવનાએ દામોદરદાસજીને અહીં ભૂતળ પર રાખેલ હોવાથી ઉપર પ્રમાણેના બંને સ્વરૂપો દામોદરદાસજીના હૃદયકમલમાં બિરાજતા હોય તેમાં વળી શંકા જેવું શું હોય? વળી જેમ અલૌકિક દ્રષ્ટિએ કહેવાય છે કે દ્રષ્ટિ વિના સૃષ્ટિ નકામી, મીઠાશ વિના સામગ્રી નકામી, વરરાજા વિના જાન નકામી એકડા વિના મીડાં નકામાં એન્જીન વિના ડબા નકામા, વસ્તી વિના ગામ નકામું, લત્તાપત્તા વિના બગીચો નકામો, ગ્રાહક વિના દુકાન નકામી, સંતાન વિના ઘર નકામું, લગન વિના માંડવો નકામો, આનંદ વિના જીવન નકામું, દ્રવ્ય વિના કીર્તી નકામી, સ્નેહ વિના મિલન નકામું, આત્મા વિના દેહ નકામો, પ્રેમ વિના સેવા નકામી, ભાવ વિના ક્રિયા નકામી, સેવા વિના મંદિર નકામું, મહાત્ય વિના દર્શન નકામું ભકત વિના ભક્તિ નકામી, અને રસ વિના સત્સંગ નકામો છે તેમ અલૌકિક દ્રષ્ટિએ શ્રી દામોદરદાસજીની કૃપા વિના બધુંય " નકામું " જ છે.

બાદ પ્રત્યેક જીવને નિરંતર સંયોગમાં રખાવનારા એવા શ્રી દામોદરદાસજી કોઈ એક ગુપ્ત સ્વરૂપે અહીં ભૂતળ પર રહેલા હોવાથી કદાચ અન્ય કોઈ મહાનુભાવોના દર્શન કરતા કદાચ શ્રી દામોદરદાસજીના જેવો ભાસ થઈ જતો હોય તો પ્રથમ તે સ્વરૂપને બરાબર નિરખજો. નિરખીને પૂર્ણ રીતે વિ ચારજો, પૂર્ણ રીતે વિચારીને બરાબર ઓળખજો કે પાંખડી-વંચક એટલે કે ધર્મઠગ તરીકેના લક્ષણવાળા તો નથી ને? એટલે બરાબર ઓળખીને હૃદયે પધરાવજો, હૃદયે પધરાવીને એકમેક થજો, એકમેક થઈને રસપાન કરજો, રસપાન કરીને આનંદે ઝૂલજો આનંદે ઝૂલીને ભાવ પ્રમાણે કરજો.

તે પછી, ગોકુળનાથજીએ પરમ ફલરૂપે સુચવી બતાવેલા એવા શ્રી દામોદરદાસજીના બેઠકજી બે છે કે જેમાના એક શ્રીમદ્ ગોકુળમાં ઠુકરાણી ઘાટ ઉપર અને બીજા વૃન્દાવનમાં બંસીબટ ઉપર આવેલા છે. એટલે આમ આ બંને બેઠકજી પ્રગટ છે.

હવે ટુંકમાં એટલું જ કે શ્રી દામોદરદાસજીની જો કૃપા થઈ ગઈ હોય તો પછી કહેવાનું જ શું ?... કારણકે જે કૃપાથી થાય દાન, જે દાનથી થાય આનંદ, અને જે આનંદથી થાય અનુભવ. એટલે કે દામોદરદસજીની થયેલી કૃપા દ્વારા કાર્ય સિદ્ધ થવાનું જ તે થવાનું જ દુધમાં સાકર ભળવાની તે ભળવાની જ, કે જે વાત પ્રત્યે તો એવું છે કે જેવી ભાવના તેવું દર્શન, જેવું દર્શન તેવી તાલાવેલી, જેવી તાલાવેલી તેવો તાપક્લેશ, જેવો તાપક્લેશ તેવું રસદાન, જેવું રસદાન તેવું રસપાન, જેવું રસપાન તેવો આનંદ, જેવો આનંદ તેવો અનુભવ એટલે કે ક્રિયા તે ક્રિયા અને ભાવ તે ભાવ, આ કંઈ દલીલ કે દ્રષ્ટાંતથી ન સમજાય ... તે તો અનુભવે જ સમજાય... વળી અનુભવ ની વાતનું પ્રમાણ પણ ન હોય એટલે

અનુભવ અને પ્રમાણ તે પ્રમાણ. અનુભવ ત્યાં પ્રમાણ નહિ અને પ્રમાણ ત્યાં અનુભવ નહિ ન માની શકાતુ હોય તો મલજો કોઈ અનુભવીને, અનુભવી ન મળે તો વિચારજો તેવી અનુભવીને વાણીને, તેવા અનુભવની વાણીમાં પણ સમજ ન પડે તો પૂછજો કોઈ આત્મ સ્નેહીને.

અમુક વર્ષો પસાર થયા બાદ - એક દિવસે શ્રી ગુસાંઈજીના ચતુર્થલાલજી એટલે કે આ " ભાવસિન્ધુ " નામના ગ્રથંમાં આવેલી વાર્તાઓને શ્રીમુખના વચનામૃતો દ્વારા કહી સંભળાવનારા શ્રીમદ્ ગોસ્વામી શ્રી ગોકુળનાથજી નિત્ય નિયમ તરીકે જેમ હંમેશા કથા કરતા હતા તેમ આજે પણ કથા કહેવાનો સમય થતાં આપશ્રી પધાર્યા વળી કથા શ્રવણ કરનારા સર્વે ભગવદીયો પણ આવીને બેઠેલા જ હતા કે જેથી કથા કહેવાની શરૂઆત કરતા પહેલા શ્રી ગોકુળનાથજીએ આજ્ઞા કરતા કહ્યું કે આજે શ્રી દામોદરદાસજીની વાર્તા પ્રસંગોનું વર્ણન કરીશું. આમ શ્રી ગોકુળનાથજીના વચનો સાંભળતાં કથા સાંભળવાને આવી બેઠેલા ભગવદીઓમાંના નિરાશ થયેલા હોય તેવા એક ભગવદીયે કહ્યું કે આજે કથા રહી ?... જવાબઅર્થે શ્રી ગોકુળનાથજીએ આજ્ઞા કરતાં કહ્યું કે હા... કથા તો રહી પરંતુ તમે સૌ નિત્ય નિયમપૂર્વક જે કથા સાંભળવા આવો છો કે કથા સાંભળ્યાંના ફલરૂપે શ્રી દામોદરદાસજીના વાર્તા પ્રસંગો જ આજે કહેવાના છે.

આમ શ્રી ગોકુળનાથજીએ આજ્ઞા કરીને શ્રી દામોદરદાસજીના વાર્તા-પ્રસંગોનું એટલે કે આ ગ્રંથમાં લખાયેલા વાર્તા- પ્રસંગોનું વર્ણન કરીને સૌને કથાનું ફળ કહી સંભળાવ્યું કે જેના આધારે શ્રી ગોકુલનાથજીના મુખારવિંદના વચનામૃત તે અમૃતરૂપેનો રસ અને શ્રી દામોદરદાસજીના વાર્તા પ્રસંગો તે પાકેલી કેરીનો રસ એમ "આ બંને રસનો ભેગો સંબંધ થતા " કોઈ અલૌકિક રસ રાખ્યા જેવો અલભ્ય લાભ થયો અને પછી તો જેના ઉપર કૃપા વરસી તેને શ્રી ગોકુળનાથજીએ તે રસનો...સ્વાદ ચખાડયો આમ સહેજ પણ કચાશવાળી નહિ પરંતુ પૂર્ણ રીતે પાકેલી કેરીના સ્વરૂપ સમાન વર્ણવી બતાવેલી શ્રી દામોદરદાસજીનું સ્વરૂપ પરમફલરૂપ જાણવું...

આમ ગૂઢ રહસ્યથી ભરપૂર શ્રી દામોદરદાસ હરસાનીની વાર્તા સંપૂર્ણ.

5/9/15

૩. કૃષ્ણદાસ મેઘન

હવે પ્રભુને જ્યારે જ્યારે આ ભૂતળ પર અવતાર ધારણ કરીને લીલાઓ કરવાની હોય છે ત્યારે ત્યારે નિજ મંડળમાંના સખાઓ તેમજ સખીઓનો પ્રથમથી જ અહીં ભૂતળ પર અલગ અલગ સ્થળોએ મોકલી આપે છે. તે પછી સમય આવતા પોતાનો એટલે કે પ્રભુનો પાદુર્ભાવ થાય છે અને પાદુર્ભાવ થયા પછી નિજ મંડળના સખાઓ તથા સખીઓ દ્વારા પોતાની ઈચ્છાનુસાર વિવધ પ્રકારે લીલાઓ કરે છે. આમ આવા પ્રકારની વ્યવસ્થાના આધારે હવે આગળ વધીએ કે અહીં ભૂતળ પર આવેલા પવિત્રમાં પવિત્ર એવા આપણા હિન્દુસ્તાનના દેશના ઉત્તર પ્રદેશમાં એક સુકરક્ષેત્રના નામે એક ક્ષેત્ર (ભૂમિ) આવેલ છે. આ ક્ષેત્રની મધ્યે સ્વચ્છ જલથી વહી રહેલા એવા સોરમગંગા નામના ગંગાજી વહી રહેલ છે કે જે સોરમગંગા નામની નદીના કિનારે સોરમજી (સોંરો) નામનું એક તીર્થધામરૂપે એક ગામ આવેલ છે. આમ આ સોંરો ગામમાં મેઘન નામનું એક ક્ષત્રિય કુંટુંબ રહેતું હતું. આમ આ મેઘન નામના ક્ષત્રિય કુટુંબમા સંવત ૧૫૨૩ની સાલ દરમ્યાન આ કૃષ્ણદાસજીનો જન્મ થયેલો હતો. તે પછી કૃષ્ણદાસજી મોટા થતા પોતાની જ્યારે પાંચેક વર્ષની વય થઈ હશે ત્યારે કૃષ્ણદાસજીના હૃદયમાં કોઈ અલૌકિક પ્રભાવથી કંઈક અલૌકિક આકર્ષણ થઈ જવાથી પોતાના હૃદયમાં વૈરાગ્ય જેવી ભાવના પ્રગટ થવા પામી હતી કે જેના કારણે સંસારીક જીવન પ્રત્યે પોતાને અભાવ આવતો હતો, પરિણામે સંસારના બંધનોમાં નહિ ફસાતા કોઈ બીજી જ રીતે પોતાનું જીવન વ્યતિત કરવા લાગ્યા હતા. આમ કરતા કરતા પોતાની જ્યારે આઠ વર્ષની વય થઈ ત્યારે પોતાના લૌકિક કુટુંબને તેમજ ઘરબાર વિ.ને તુચ્છ માનીને પોતાના લૌકિક ઘરનો ત્યાગ કરીને ચાલી નીકળ્યાં હતા. એટલે હવે આ કૃષ્ણદાસજી પોતાના લૌકિક ઘરમાં પાછા આવે ખરા ?... ન આવે ... પાછા ન આવે... બાપા, પાછા ન આવે....

6/9/15

આમ કોઈ અલૌકિક પ્રભાવથી ઘરબારનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા પછી કૃષ્ણદાસજી તો પોતાના આ સોંરો ગામમાં આમતેમ ફરી રહ્યાં હતા. હવે તીર્થધામ તરીકેની આ સોંરો ગામમાં એક મર્યાદા માર્ગીય વૈષ્ણવ કેશવાનંદસ્વામિ હતા કે જેઓ એક મહાન ત્રિકાળજ્ઞાની પંડિત પણ હતા. આમ આ કેશવાનંદસ્વામિ પોતાના શિષ્યો સહિત આ સોંરો ગામમાં વાસ કરી રહેતા હતા કે જેની વાત કૃષ્ણદાસજી ફરતા ફરતા આ કેશવાનંદસ્વામિના સ્થળે આવ્યાઅને પોતાના હૃદયમાં પ્રગટ થયેલી કોઈ એક ભાવનાના આધારે આ કેશવાનંદસ્વામિને ગુરુ કરીને પોતે એક શિષ્ય તરીકે તેમની સાથે રહેવા લાગ્યા. આમ એક શિષ્ય તરીકેનું જીવન વિતાવતા વિતાવતા કૃષ્ણદાસજીને આ ગુરુ સાથે રહેતા રહેતા બે વર્ષ જેટલો સમય વ્યતિત થઈ ગયો. બાદ એક દિવસ આ કેશવાનંદસ્વામિ યોગાભ્યાસ સાધી રહ્યાં હતા કે જેમાં સર્વત્ર મંગળ ચિન્હો દેખાતા પોતાના શિષ્યોને સંબોધતા કહ્યું કે હે શિષ્ય ... આજે સર્વત્ર મંગળ ચિન્હો જ દેખાઈ રહ્યા હોવાથી આજનો યોગ મહાન છે. એટલે સમજો કે દેખાઈ રહેલા મંગળ ચિન્હોના આધારે આજે ભૂતળ પર કોઈ ભાગ્યશાળી ભૂમિવાળા સ્થળે જરૂર ભગવદ્ અવતાર થવો જોઈએ. આમ ગુરુજીનાં વચનો સાંભળીને બીજા શિષ્યોને તો ગમે તે થયું હોય પરંતુ કૃષ્ણદાસજીના હૃદયમાં તો ન કલ્પી શકાય તેવો એક જબ્બર આંચકો લાગતા ગુરુજીને વિનંતી કરીને અતિ આતુરતાથી પૂછવા લાગ્યાકે મહારાજ. આ ભગવદ્ અવતાર કયાં દેશમાં.... ક્યાં.... સ્થળે... અને કોને ત્યાં થશે?.. શિષ્યના પ્રશ્ન પ્રત્યે વિચાર કરીને ત્રિકાળજ્ઞાનની શક્તિથી કહ્યું કે તે ભગવદ્ અવતારનો પાર્દુભાવ આ હિન્દુસ્તાન દેશની પવિત્ર ભૂમિ પર એક ઉચ્ચ કુળ તરીકેના બ્રાહ્મણના કુટુંબમાં થવાનો હોય એવા યોગ જણાય છે. ગુરુજીની આવી વાત કૃષ્ણદાસજીએ સાંભળીતો ખરી પરંતુ સાથે સાથે કૃષ્ણદાસજીને પણ " કંઈક અનુભવ " થઈ જતા કૃષ્ણદાસની મનોદશા બદલી અને થયેલ ભગવદ્ પ્રેરણા અનુસાર શ્રી બદ્રિકાશ્રમની યાત્રાએ જવાનું એક નિમિત્ત કર્યું. આ માત્ર એક નિમિત્ત કરેલી યાત્રાએ જવા માટે ગુરુજી પાસે આજ્ઞા માંગી અને આખરે પ્રસન્નતાપૂર્વક ગુરુજીએ આપેલી આજ્ઞાને પોતાના શિર પર ચઢાવીને કૃષ્ણદાસજી એ તો પોતાના આ સોંરા ગામને છોડયું...

હવે આ ભગવદ્ સ્વરૂપના દર્શન કરવાની પોતાની હૃદયમાં જે ગુપ્ત ભાવના હતી તે ગુપ્ત ભાવનાના આધારે જે તરફ ચાલવાની પ્રેરણા થાય છે તે તરફ કૃષ્ણદાસજીએ તો આગળને આગળ ચાલવા માંડ્યું. આખરે શહેરોમાંથી કે ગામડાઓમાંથી પસાર થતા થતા વનવગડાઓમાં ચાલતા ચાલતા પહાડી પ્રદેશમાં અને વિકરાળ જંગલોમાં ભટકતા ભટકતા, હિંસક પ્રણીઓના અવાજોને સાંભળતા સાંભળતા, ભયંકર સ્થળોને જોતા જોતા, ઠંડી, ગરમી કે વરસાદના દિવસોને વિતાવતા વિતાવતા. ભાન ભૂલેલી દશામાં જ્યાં ત્યાં રખડતા રખડતા અને વળી દેહાધ્યાસને પણ ભૂલી જઈને હિન્દુસ્તાન ની ચારેય દિશાઓમાં આવેલા શહેરે, શહેરે ગામડે ગામડે અને જંગલે જંગલમાં ફરવા લાગ્યા. આમ ફરતા ફરતા ઘણો સમય પસાર થઈ ગયેલો હોવા છતાંય ભગવદ્ સ્વરૂપનાં દર્શન તો ક્યાંય થયા નહિ કે જેથી કૃષ્ણદાસજી મનમાં સ્હેજ નિરાશ થયા પરંતુ વળી મનને દ્રઢ કરતા પોતે વિચાર્યું કે ભલે ગમે તે થઈ જાય પણ ભગવદ્ સ્વરૂપનાં દર્શન તો અવશ્ય કરવા જ છે, આમ પોતાની પૂરેપુરી તાપક્લેશવાળી ભાવનાએ નિરાશા ભરેલી દશામાંથી તુરત જ જાગૃત થયા અને દેહાધ્યાસને પણ નહિ ગણકારતા પાછા જ્યા ત્યાં ફરવા લાગ્યા...

" હાર્યો જુગારી બમણું રમે " એ નિયમ અનુસાર કૃષ્ણદાસજી જેમ જેમ ફરવા લાગ્યા તેમતેમ દર્શન પ્રત્યેનો તાપક્લેશ તો વધતો જ જતો હતો અને આખરે પોતાના હૃદયમાં એક જ રટન થયા કરતું હતું કે મને તે ભગવદ્ સ્વરૂપનાં દર્શન ક્યારે થાય ?. આમ આવા પ્રકારે થઈ રહેલા તાપકલેશના સમયે તાપક્લેશ જ દેહના પોષણરૂપે બની જતો હોવાથી કૃષ્ણદાસજી પોતાની આ દશામાં દેહાધ્યાસ તરીકેની પેશાબપાણી કરવાનુ કે પછી ઠંડી, ગરમી, પીડા, થાક, ઉંઘ, ભૂખ, તરસ, વિ. પ્રત્યે સ્હેજ પણ વિચાર આવતો ન હતો એટલે તાપક્લેશ લગની કે તાલાવેલી ચીજ જ એવી છે કે જે વાતે ન સમજાય અનુભવે જ સમજાય.

તે પછી કૃષ્ણદાસજી ફરતા ફરતા લગભગ સાત વર્ષ જેટલો સમય વ્યતિત થઈ જવા આવ્યો હતો છતાંપણ કંટાળ્યા સિવાય પુરેપૂરા પ્રયત્નો સાથે અતિશય પરિશ્રમ વેઠતા વેઠતા કૃષ્ણદાસજી તો પોતાની આટલી નાની વયમાં પણ જ્યાં ત્યાં ફરીને તપાસ જ કરી જ રહ્યાં હતા આમ ફરતા ફરતા કોઈ એક શહેરમાં આવ્યા કે જે શહેરમાં રહેતા એક પંડિતજીના ઘેર કૃષ્ણદાસજી આવી પહોચતા પંડિતજીની સાથે વાતચીત ઉપરથી પંડિતજીએ કૃષ્ણદાસજીને કહ્યું કે અરે,... તમે જે ભગવદ્ અવતારની શોધ કરો છો તે ભગવદ્ અવતારનો પાર્દુભાવ તો મધ્ય પ્રદેશમાં આવેલા ચંપારણ્ય નામના અરણ્ય વનમા સંવત ૧૫૩૫ ના ચૈત્ર વદ ૧૧ ના રોજ થઈ ગયેલો છે. કે જે વાતને આજે સાત વર્ષ જેટલો સમય પસાર થઈ ગયેલો છે. એટલે કે તમારે જો ભગવદ્ અવતારવાળા સ્વરૂપના દર્શન કરવા જ હોય તો તમે કાશીના મહાન તીર્થધામમાં જાવ કે જેથી તમને ત્યાં તે સ્વરૂપનાં દર્શન અવશ્ય થશે. પંડિતજીના વચનો કૃષ્ણદાસજીના હૃદયમાં પ્રવેશતાની સાથે જ કૃષ્ણદાસજીએ તરત જ કાશી તરફ જવાના રસ્તે પ્રયાણ કર્યું. અને પછી તો તે જ ભગવદ્ આવતારવાળા સ્વરૂપનું સ્મરણ કરતા કરતા અને પોતાનામાં આવેલા નવા ચેતનની ગતિએ ચાલતા ચાલતા કૃષ્ણદાસજી કાશીના મહાન તીર્થધામમાં આવી પહોચતા કાશીની ગલીએ ગલીએ અને તે પણ પ્રત્યેક મકાનમાં તપાસ કરવા લાગ્યા.

હવે બીજી તરફ ચંપારણ્યમાં ભગવદ્ સ્વરૂપે શ્રી વલ્લભના થઈ ચુકેલા પ્રગટ્ય પછી શ્રી લક્ષ્મણ ભટ્ટજી કાશીમાં આવી રહેતા હતા, સમય અનુસાર શ્રી વલ્લભની સાત વર્ષની વય થઈ ત્યારે શ્રી લક્ષ્મણ ભટ્ટજીના આંગણે શ્રી વલ્લભને જનોઈ આપવાનો પ્રસ્તાવનો પ્રસંગ બહુ ધામધુમથી ઉજવાઈ રહેલો હતો. આમ આ સમયે કાશીની ગલીઓમાં આવેલા પ્રત્યેક મકાનોમાંમ તપાસ કરતા કરતા કૃષ્ણદાસજી શ્રી લક્ષ્મણ ભટ્ટજીને ત્યાં ઉજવાઈ રહેલા પ્રસંગવાળા સ્થળે આવી પહોંચ્યા અને જે મકાનમાં પ્રસંગ ઉજવાઈ રહ્યો હતો તે મકાનમાં એટલે કે શ્રી લક્ષ્મણ ભટ્ટજીના મકાનમાં દ્રષ્ટિ કરતા કૃષ્ણદાસજીને કોઈ એક અલૌકિક સ્વરૂપના દર્શન થયા. અરે... એટલું જ નહિ પરંતુ સાત સાત વર્ષથી પોતાને જે થાક લાગેલો હતો તે બધો થાક માત્ર એ દર્શનથીજ દૂર થઈ જતા કોઈ અલૌકિક અનુભવ થયો કે જે અનુભવના આધારે પોતાના આનંદનો પાર રહ્યો ન હતો અને પછી તો શ્રી વલ્લભના દર્શન કરતા કરતા આજુબાજુમાં ઉભા રહેલા લોકોના સમુહમાં અન્ય સૌની સાથે ભળી જઈને કૃષ્ણદાસજી પણ સૌના સાથે ઉભા રહી ગયા. તે પછી જનોઈના પ્રસ્તાવની ક્રિયા પરિપૂર્ણ થતા શ્રી વલ્લભ ઘરની બહાર પધારતા હતા કે જે જોઈને કૃષ્ણદાસજીએ દંડવત્ પ્રણામ કર્યા આમ પોતાને દંડવત્ પ્રણામ કરતા કૃષ્ણદાસજીને જોતા જ શ્રી વલ્લભ પ્રભુ તો પોતાના છાયારૂપે શ્રી વિશાખાજીના ગુપ્ત સ્વરૂપવાળા આ કૃષ્ણદાસને ઓળખી જ ગયા. પરંતુ કૃષ્ણદાસજીને વિશ્વાસ કરાવવાની ખાતર આવકાર શ્રી વલ્લભ પ્રભુએ કહ્યું કે " આવો કૃષ્ણદાસ".

આમ અમી દ્રષ્ટિવાળા આપશ્રીના વાણી અધરામૃત દ્વારા કૃષ્ણદાસજીને સર્વાત્મક સ્વરૂપ જ્ઞાન થઈ જતા કૃષ્ણદાસજીતો આનંદ સાગરમાં ડુબકીઓ મારતા મારતા શ્રી વલ્લભ પ્રભુની નજીક ગયા અને ફરી દંડવત્ પ્રણામ કરીને વિનંતીથી કહ્યું કે પ્રભુ ...મારો સ્વાકીર કરો. કૃષ્ણદાસજીની આવી ઈચ્છા છે તેવું જાણીને શ્રી વલ્લભ પ્રભુએ કૃષ્ણદાસજીને શરણ મંત્ર દ્વારા શરણે લઈને ચરણારવિંદના દાસ બનાવી રાખ્યા. બાદ શ્રી અંગની સેવાને "મુખ્ય" માનીને કૃષ્ણદાસજી શ્રી વલ્લભ પ્રભુના અંગની જ સેવા કરવા લાગ્યા હતા. અને તે પણ એવી રીતેથી કે શ્રી વલ્લભ પ્રભુ રાત્રે જ્યારે પોઢતા ત્યારે કૃષ્ણદાસજીની ગોદમાં જ ચરણારવિંદ રાખીને પોઢતા હતા. વળી કૃષ્ણદાસજી આમ આખી રાત્રિ સુધી ચરણારવિંદની સેવા તેમજ પંખાની સેવા કરતા હતા. આમ કૃષ્ણદાસજી આવા પ્રકારે સેવા કરતા હોવા છતાય કૃષ્ણદાસજીને નિંદ્રા જરા પણ આવતી ન હતી. એટલે કે દેહાધ્યાસ બાધક કરતા ન હતા. આવી રીતેની શ્રીઅંગની સેવાથી અતિ પ્રસન્ન થતા શ્રી વલ્લભપ્રભુએ કૃષ્ણદાસજીનું પુષ્ટિ માર્ગની રીતિથી " રસરૂપ દાસ્તવ " સિદ્ધ કર્યું. વળી શ્રીઅંગના સંબંધ દ્વારા અલૌક્કિ સામર્થ્યની પણ સિધ્ધી થઈ એટલે આમ શ્રીઅંગની કરેલી સેવાથી કૃષ્ણદાસજીએ જે સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ હતુ તેનું અહીં શબ્દોમાં વર્ણન કરવું અશક્ય છે... "

હવે અહીં ભૂતળ પર રહીને શ્રીઅંગની સેવાને મુખ્ય માનવા પાછળ કૃષ્ણદાસજીના હૃદયમાં રહેલો ભાવ એવો હતો કે કૃષ્ણદાસજી શ્રી વિશાખાજી સખીથી પ્રગટ્યા છે. સખી શ્રી વિશાખાજી શ્રી સ્વામિજીની છાયારૂપ છે એટલે કે છાયાનો (પડછાયાનો) સંબંધ જેમ શરીર સાથે નો હોય છે તેમ શ્રી વિશાખાજી પણ શ્રી સ્વામિનીજીની જ સાથે રહેતા હોવાથી શ્રી વિશાખાજીનો સંબંધ પણ શ્રી સ્વામિનીજી સાથે જે હોવો જોઈએ. આમ આ ભાવ અનુસાર અહીં ભૂતળ પર પણ શ્રી વિશાખાજીના ગુપ્ત સ્વરૂપવાળા કૃષ્ણદાસજી કેવળ છાયારૂપેના ભાવથી શ્રીસ્વામિનિજીના ગુપ્ત સ્વરૂપ વાળા શ્રી વલ્લભ પ્રભુની સાથે જ રહેવા લાગ્યા હતા. અને છાયાનો સંબંધ જેમ શરીર સાથે હોય છે તેમ તે સંબંધ અનુસાર શ્રીઅંગની સેવાને મુખ્ય માનીને કૃષ્ણદાસજી શ્રીઅંગની સેવા કરતા હતા એ ભાવ બતાવ્યો.

તે પછી વિદ્યાનગરમાં દિગ્વીજય કર્યા બાદ અન્ય સમ્પ્રદાયના આચાર્યો તરફથી શ્રી વલ્લભ પ્રભુને શ્રી મહાપ્રભુજી તરીકેની પદવી અર્પણ કરવામાં આવેલ હોવાથી વિદ્યાનગરમાં કરેલ દિગ્વીજય પછીથી શ્રી વલ્લભ પ્રભુ તે " શ્રી મહાપ્રભુજી " તરીકે કહેવાયા. ત્યારપછી પૃથ્વી પરિક્રમા કરતા કરતા સેવકો સહિત શ્રી મહાપ્રભુજી શ્રીમદ ગોકુળ પધાર્યા અને દામોદરદાસ હરસાનીના વાર્તામાં વર્ણન કર્યા મુજબ શ્રાવણ શુદ ૧૧ના રોજ મધ્યરાત્રિએ થયેલી ભગવદ્ આજ્ઞાનુસાર બીજા દિવસે દામોદરદાસજીને બ્રહ્મસંબંધ કરાવ્યા બાદ કૃષ્ણદાસજીએ પોતાને બ્રહ્મસંબંધ કરાવવાની કરેલી વિનંતીથી શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસજીને પણ બ્રહ્મસંબંધ કરાવીનેઅલૌકિક દાન કર્યું હતું.

ત્યારબાદ શ્રી બદ્રિકાશ્રમની યાત્રાએ જવાનું માત્ર મિનિતિત કરીને મર્યાદા-માર્ગીય ગુરુજીની આજ્ઞા લઈને અને તે આજ્ઞા શિર પર ચઢાવીને કૃષ્ણદાસજી તો ચાલી જ નીકળ્યા હતા પરંતુ આમ નિજ સેવક કહેલા તે નિમિત્તવાળા વચનને સત્ય કરીને બાતવવા અર્થે શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ ગોકુલથી પ્રયાણ કરીને પૃથ્વી પરિક્રમા કરતા કરતા શ્રી બદ્રિકાશ્રમ તરફ પધાર્યા અને પછી વચ્ચે આવતા ઘણાય સ્થળોને સનાથ કરતા કરતા હિમાલયના પ્રદેશમાં પ્રવેશ કરીને અતિ વિક્રાળ જેવા અને વળી પહાડોની-ચડાઈ-ઉતરાઈવાળા સ્થળોમાંથી પસાર થતા થતા આગળ પધારી રહ્યાં હતા. આમ રસ્તામાં એક કિરનિનામા નામનો પર્વત આવ્યો કે જે પર્વત એટલો બધો ઉંચો હતો કે સૂર્યનો જ્યારે ઉદય થતો ત્યારે ઉગતા સૂર્યના કિરણો સૌથી પહેલા આ પર્વત ઉપર પડતા હતા અને પછી જગત આખામાં પ્રકાશ કરતા હતા કે દેથી જ પર્વત " કિરનિનામા પર્વત " તરીકે ઓળખાય છે. આમ આવા ઉંચા પર્વતની નજીક થઈને નિજ સેવકો સહિત શ્રી મહાપ્રભુજી પધારી રહ્યાં હતા. આ સમયે સાથે રહેનારા નિજ સેવકોમાંના કૃષ્ણદાસજી તો વાત્સલ્ય પ્રેમના આધારે દ્રષ્ટિને માત્ર શ્રી મહાપ્રભુજીના શ્રીઅંગ તરફ જ રાખીને શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની પાછળ ચાલી રહ્યા હતા. આવામાં આ કિરનિનામા પર્વતના શિખર તરીકેની એક મોટી શિલા સહેજ ખસી અને એકા એક નીચે પડતી હતી. આમ આવી મોટી શિલા પડતા પડતા નીચે આવી રહી છે તેવુ જોતાની સાથે જ કૃષ્ણદાસજીતો શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની આગળ દોડી જઈને આમ અચાનક રીતે પડને નીચે આવી રહેલી શિલાને કૃષ્ણદાસજીએ પોતાના હાથના સ્પર્શ માત્રથી અટકાવીને સ્થિર કરી દીધી. આમ કૃષ્ણદાસજીએ પોતાના શરીર વડે ન બની શકે તેવી કરેલી આ સેવાથી શ્રી મહાપ્રભુજી અતિ પ્રસંન્ન થયા અને આજ્ઞા કરતા કહ્યું કે " કંઈક માંગો ".

આમ શ્રી મહાપ્રભુજીના મુખારવિંદ દ્વારા થયેલી આજ્ઞાથી કૃષ્ણદાસજીએ વિનંતી કરતા કહ્યું કે રાજ, રામા, ગુરૂને ઘેર પધારી મારા ગુરૂનો ઉદ્ધાર કરો. કૃષ્ણદાસજીએ માંગેલો આ વરદાનથી શ્રી મહાપ્રભુજીએ શ્રી મુખે આજ્ઞા કરી કે

" તથાસ્તુ " એટલે કે તેમ થાઓ. આ પ્રમાણેનું વરદાન આપીને શરીરથી કરેલી સેવાની સિદ્ધિ કૃષ્ણદાસજીને પ્રાપ્ત કરાવીને શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદોસજીનો શારીરિક તાપ નિવૃત કર્યો.

હવે કૃષ્ણદાસજીના આ પ્રસંગ દ્વારા એ સ્પષ્ટ સમજાય છે કે શ્રી મહાપ્રભુજીનું પ્રાગટ્ય દૈવી જીવોનો ઉદ્ધાર અને તીર્થોને સનાથ કરવા અર્થેનું હતું કે જેથી આ કિરનિનામાં પર્વતને " કૃષ્ણદાસજીના સ્પર્શ દ્વારા " સનાથ કરવાનો હોય શ્રી મહાપ્રભુજી આ રસ્તેથી પધારી રહ્યાં હતા અને જયારે શ્રી મહાપ્રભુજી આ પર્વત નજીક પધાર્યા ત્યારે શ્રી મહાપ્રભુજીને કેવળ દંડવત કરવાના ભાવથી જ તે પર્વતના શિખર તરીકે રહેલી શિલા એટલે કે પર્વતના મસ્તક તરીકેની શિલા નીચે આવી રહી હતી. બાકી અકસ્માત જેવું વળી શું હોય... ? આમ શિલાને નીચે પડતી જોઈને અને વળી પોતાને થયેલી પ્રેરણા અનુસાર કૃષ્ણદાસજીએ પોતાના હાથના સ્પર્શ દ્વારા અટકાવીને સ્થિર કરી દીધી એટલે કે જેની " યોગ્યતા ન હતી તેવા કિરનિનામા પર્વતને ભગવદીયના સ્પર્શ દ્વારા યોગ્યતા પ્રાપ્ત કરાવીને કૃષ્ણદાસજી જેવા ભગદીયના સ્પર્શ દ્વારા આ કિરનિનામા પર્વતને સનાથ કરવાનું કાર્ય શ્રી મહાપ્રભુજીએ સિદ્ધ કર્યું.

ત્યારબાદ કિરનિનામા પર્વતને કૃષ્ણદાસજીના સ્પર્શ દ્વારા સનાથ કરીને શ્રી મહાપ્રભુજી આગળ પધારતા કૃષ્ણદાસજીના વચનને સત્ય કરી બતાવવા શ્રી બદરીકાશ્રમ પધાર્યા અને પછી શ્રી બદરીકાશ્રમથી તો એક એવા સ્થળે પધાર્યા કે જ્યાં કોઈ મનુષ્ય નહિ, કોઈ પશુ નહિ, પંખી નહિ, અને વળી જયાં જીવની ગતિ પણ નહી એવા પહાડી અને વળી અઘોર જંગલવાળા સ્થળે કે જયાં વ્યાસાશ્રમ (શ્રી વેદ વ્યાસજીનો આશ્રમ) આવેલો છે ત્યાં તે આશ્રમના પ્રવેશ દ્વાર પાસે પધાર્યા હવે આ શ્રી વેદ વ્યાસજીનો આશ્રમ ગુફાની અંદર આવેલો છે. તેમજ તેમાં સાધારણ જીવની પ્રવેશ નહિ કરી શકતો હોવાથી શ્રી મહાપ્રભુજી ગુફાની અંદર જ્યારે પધારતા હતા ત્યારે કૃષ્ણદાસજીને આજ્ઞા કરીને કહ્યું કે '' તમે અહીં ઉભા રહો '' ... આમ આવી રીતેની આજ્ઞા કરીને મહાપ્રભુજી તો ગુફામાં આવેલા શ્રી વેદ વ્યાસજી ના આશ્રમ તરફ પધાર્યા. શ્રી મહાપ્રભુજીને પધારતા જોઈને શ્રી વેદ વ્યાસજી શ્રી મહાપ્રભુજીનો સત્કાર કરવા માટે સામે આવ્યા અને એક બીજાના થયેલામિલાપથી પ્રસંન્ન થતા પોતાના આશ્રમવાળા સ્થળે પધરાવી ગયા. જ્યાં જઈને એક આસન પર આપશ્રીને પધરાવીને શ્રી વેદ વ્યાસજીએ નમસ્કાર કરીને કહ્યું કે " કૃષ્ણરતુ ભગવાન સ્વંય " એટલે કે આપ પોતે જ ભગવાન શ્રી કૃષ્ણ છો. તે પછી શ્રી વેદવ્યાસજીએ કરેલા વેદ- સૂત્ર ઉપર શ્રી મહાપ્રભુજીએ જે ભાષ્ય કર્યું હતુ તે ભાષ્યની વ્યાખ્યા કહી સંભળાવતા શ્રી વેદ વ્યાસજી ચકિત થઈ ગયા.

બાદ શ્રી વેદવ્યાસજીએ રચેલા શ્રીમદ્ ભાગવતના દશમા સ્કંધના, પૂર્વાર્ધના સુડતાલીસમાં અધ્યાયના અગીયારમાં શ્લોકમાં કરેલી ભ્રમર ગીતમાં " આત્મત્વાતા ભક્તશ્ત્યવાત્ " એમ અર્ધો શ્વોક ઘટતો જ હતો એટલે કે લખવાનો રહી જ ગયો હતો. જો કે આ ઘટતા અર્ધા શ્લોકની ટીકા તોશ્રી મહાપ્રભુજીએ શ્રી સુબોધિનીજીમાં કરી જ હતી. પરંતુ શ્રી વેદ વ્યાસજીની એક પ્રકારે મર્યાદા સાચવવા માટે આ ઘટતો અર્ધો શ્લોક શ્રીમદ્ ભાગવતમાં આપશ્રીએ પૂરો કર્યો ન હતો. એટલે ઘટતો આ અર્ધો શ્લોક આ સમયે શ્રી વેદવ્યાજી પાસે પૂરો કરાવ્યો અને પછી શ્રીમદ્ ભાગવતમાં પણ શ્રી વેદ વ્યાસજી દ્વારા જ શ્રી મહાપ્રભુજી એ આરોપણ કરાવ્યો હતો. આમ અરસ-પરસની ચર્ચામાં અહીં ગુફામાંને ગુફામાં ત્રણ દિવસ જેટલો સમય પસાર થઈ ગયો અને પછી...

અને પછી તો એજ કે એકાએક ... શ્રી મહાપ્રભુજી અહીંથી વિદાય થયા.

જ્યારે બીજી તરફ શ્રી વેદવ્યાસજીના આશ્રમવાળી ગુફાના પ્રવેશ દ્વારની બહાર ઉભા રહેવાની કૃષ્ણદાસજીને શ્રી મહાપ્રભુએ જે આજ્ઞા કરી હતી તે આજ્ઞાનુસાર કૃષ્ણદાસજી તો પ્રવેશ દ્વારની બહાર તેમને તેમ ઊભા જ રહેલા છે કે જે વાતને ત્રણ ત્રણ દિવસ પસાર થઈ ગયેલા હોવા છતાંય કૃષ્ણદાસજીને દેહાધ્યાસ તરીકેની ભૂખ, તરસ, નિદ્રાં, વી,વી. બાંધક કરી શક્યા નહિ હોવાથી દેહ સંબંધનું દુઃખ તો કંઈ થયું ન હતું પરંતુ શ્રી મહાપ્રભુજીનો જે વિયોગ થયેલ તે વિયોગથી જ પોતાને હૃદયમાં ઘણું દુઃખ થવા પામ્યું હતું. કે જે થયેલા દુઃખને અહીં શબ્દોમાં પ્રગટ કરવું તેની કલ્પના પણ કરવી અશક્ય છે. છતાય સ્હેજમાંનું સ્હેજ જે પ્રગટ કરવામાં આવેલું છે. તેનાથી જ કંઈક સમજવાનું રહ્યું એટલે કે કૃષ્ણદાસજી જ્યાં ઉભા રહ્યા હતા ત્યાં જ ઉભા રહેલી દશામાંને દશામાં મન સાથે વિચાર કરવા લાગ્યા કે આપશ્રી એ મને અહીં બહાર ઉભા રહેવાની આજ્ઞા કરી છે અંદર જવાની તો આજ્ઞા કરી નથી અને કદાચ જો અંદર જાવ તો આજ્ઞાનો ભંગ કર્યો કહેવાય એટલે અંદર પણ કેમ જવાય? .... વળી અહીં આમને આમ ઉભો રહ્યો છું પરંતુ કૃપા કરીને શ્રી મહાપ્રભુજી એ ચરણારવિંદના દર્શન મારા દેહને આપેલ હોવાથી હવે ચરણારવિંદના દર્શન સિવાય મારા આ દેહથી હવે

અહીં રહી શકાશે નહિ અથવા તો શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદના દર્શન સિવાય આ લોકમાં હવે જીવન જીવીને મારે શું કરવાનું છે? ... આમ અનેક પ્રકારે દુઃખ પામતા હોયતેવી દશામાં હવે પોતાને કંઈ સુઝ તો પડી જ નહિ ... વિચાર કરો કે વિયોગ ત્રણ ત્રણ દિવસ પસાર થઈ ગયેલા હોવાથી આવા અનન્ય ભાવવાળા સેવકોની હાલત કેવી થતી હશે?... એટલે વિયોગના દુઃખ વિયોગી જ જાણે અન્ય કોઈ નહિ.

આખરે કૃષ્ણદાસજીએ નિશ્ચય કર્યો કે લીલાછમ જેવા થઈને ઉભેલા પોતાના દેહને આમને આમ અહી ઉભો રાખીને સુકાયેલા વૃક્ષની માફક સુકવી દઈશ પરંતુ અહીંથી સ્હેજ પણ ખસીશ નહિ. આમ આવા પ્રકારના કરેલા નિશ્ચયથી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદના વિયોગથી થઈ રહેલા દુઃખરૂપેના સમુદ્રમાં ડુબતાં રહ્યા અને વિયોગના વિયોગે દુઃખ કરી કરીને વિયોગના ચરણારવિંદનો આશ્રય રાખીને સ્હેજ પણ ખસ્યા સિવાય જ્યાં ઉભેલા હતા ત્યાંજ અને તેજ સ્થિતીમાં ઉભા રહ્યાં હતા.

હવે " સ્મૃતિ માત્રાર્તિનાશન... એટલે કે સ્મરણ માત્રથી જ સેવકના દુઃખનો નાશ કરનાર એવા શ્રી મહાપ્રભુજી છે. આમ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગુંસાઈજી એ શ્રી મહાપ્રભુજીના નામનું વર્ણન કરેલા છે. એટલે કે આપશ્રીના આવા નામના આધરે કૃષ્ણદાસજીને થઈ રહેલું દુઃખ શ્રી મહાપ્રભુજીથી સહન થઈ શક્યું નહિ, એટલે પછી પોતાના વિયોગે પોતાના સેવકને થઈ રહેલા દુઃખનો નાશ કરવા માટે શ્રી વેદ વ્યાસજી પાસેથી એકાએક વિદાય થયા હતા અને પછીતો આશ્રમવાળી ગુફામાંથી તરતજ બહાર પધાર્યા અને દ્વાર પાસે કૃષ્ણદાસને ઉભેલા જોયા કે જેથી શ્રી મહાપ્રભુજીએ પૂછ્યુ કે કૃષ્ણદાસ... તમે અહીં જ ઉભા છો ? ગયા નથી ?... આમ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદના થયેલા દર્શનથી હર્ષિત આસુંવાળા વદને કૃષ્ણદાસજીએ જવાબ આપતા કહ્યું કે રાજ, જ્યારથી આપશ્રીના ચરણારવિંદનો આશ્રય મને પ્રાપ્ત થયો છે ત્યારથી આપશ્રીના ચરણારવિંદના સિવાયનો મારે બીજો કોઈ આશ્રય રહ્યો નથી. જેથી આપશ્રીના ચરણારવિંદનો આશ્રય છોડીને હવે હું ક્યાં જાવ ? આમ અનન્ય ભાવવાળા સેવક કૃષ્ણદાસજીની વાત સાંભળીને શ્રી મહાપ્રભુજી બહુ જ પ્રસન્ન થયા અને " કંઈક માગો " એવી આજ્ઞા કરી કરતા કૃષ્ણદાસજીએ એ માંગ્યું કે રાજ, વધારે બોલવાની મારામાં રહેલી ખરાબ ટેવથી જે મુરખંતા દોષ લાગે છે તે મારો મુરખતા દોષ જાય. આમ કૃષ્ણદાસજીએ માંગેલા વરદાનનો સ્વીકાર કરતા શ્રી મહાપ્રભુજી કહ્યું કે તથાસ્તુ એટલે કે તેમ થાઓ. આમ આ વરદાન દ્વારા કૃષ્ણદાસજી વાણીની સેવા કરી કે જેથી કૃષ્ણદાસજીનો વાણીનો તાપ એટલે કે બોલવાથી થતા દોષોને શ્રી મહાપ્રભુજીએ નિવૃત કર્યા. તે પછી અહીં હિમાલયના પ્રદેશમાં આવેલા તીર્થોને સનાથ કરતા કરતા શ્રી મહાપ્રભુજી ગંગાસાગર તરફ જવાને આગળ પધાર્યા.

હવે આ હિમાલયના બરફવાળા પ્રદેશમાં એક ગંગોત્રી નામના સ્થળેથી જલનો એક પ્રવાહ નિરંતર વહી રહેલો હોય છે તેમજ હિમાલયના અન્ય બરફવાળા સ્થળોએથી પણ બરફના થઈ રહેલા જલ એકત્ર થઈ થઈને ગંગોત્રીથી આવી રહેલા મૂળ પ્રવાહ સાથે ભળી જઈને મૂળ પ્રવાહના પ્રમાણમાં પણ વધારો થતો રહે છે. આમ સમૂહરૂપે થતો પ્રવાહ વહેતા વહેતા હિમાલયમાંથી રૂદ્ર પ્રયાગ થઈને હરિદ્વારમાં આવી પહોંચતા આ પ્રવાહનું નામ ગંગાજી (નદી) તરીકે કહેવાયુ પછી તો આ ગંગાજી હરિદ્વારથી પૂર્વ પ્રદેશ તરફ વળતા અલ્હાબાદ (પ્રયાગ) કાશી અને પટના થઈને બંગાલમાં આવેલા કલકત્તા તરફ આવેલા છે. બાદ કલકત્તાથી એકાસી માઈલ ઉપર રહેલા બંગાલના સાગર (સમુદ્ર) સાથે આ ગંગાજીનું સંગમ થાય છે. આમ ગંગાજીનું અને સાગરનું જે સ્થળે સંગમ થાય છે તે સ્થળને " ગંગાસાગર " નામનું એક તીર્થધામ કહેવામાં આવે છે. આ ગંગાસાગરના તિર્થધામની આસપાસમાં સુંદર વન નામનું એક અઘોર બિહામણું વન આવેલ છે કે જે વનમાં કેવળ તામસી જીવોનો જ વસવાટ છે.

ત્યારબાદ હિમાલયના પ્રદેશમાંથી શ્રી મહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરતા કરતા અઘોર અને બિહામણા જેવા વનમાં આવેલા ગંગાસગરના તિર્થધામમાં પધાર્યા અને શ્રી કપીલ મુનિના આશ્રમ પાસે એક છોંકરનાં વૃશ્ર નીચે બિરાજ્યાં.

બાદ આ ગંગાસાગરવાળા વનમાં સિંહ, વાઘ,વરુ, મૃગ, વિ. જેવા જીવોનો વસવાટ હોવાથી આ વનમાં બીક પણ બહુ રહ્યા કરતી હતી. પરંતુ આ વનમાં શ્રી મહાપ્રભુજીના પધારવાથી આવા દરેક ભંયકર જીવોને જન્મ સિદ્ધ જે સ્વભાવ હોય તે સ્વભાવમાં ફેરફાર થઈ જતા એટલે કે પરસ્પરનો જે વિરોધ સ્વભાવ હોય છે તેમાં પરિવર્તન થઈ જતા આ બધાય ભયંકર જીવો કેમ દાણે આ વનમાં માત્ર ગાયો જ ફરતી હોય હોય તેમ સમાન થઈને સૌ જીવો એકી સાથે આનંદથી હરતા ફરતા હતા તેમજ શ્રી મહાપ્રભુજીના થયેલા દિવ્ય દર્શનથી આ બધા જીવો પશુ જેવીયોનીમાં હોવા છતાંય દેવી જીવોના માફક પોતપોતાના જીવને સફળ કરતા કૃતાર્થ થયા હતા. વળી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદનો એક બીજો

પ્રભાવ પણ એવો દર્શાવવામાં આવે છે કે આ વનમાં શ્રી મહાપ્રભુજીના વધારવાથી આ વનની ભૂમિને શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદના થયેલા સ્પર્શ માત્રથી લત્તાપત્તા સહિતના પ્રાચીન બધાય વૃક્ષો લીલામાં પ્રાપ્ત થતા આ વનમાં સર્વત્ર નવા લત્તાપત્તાઓથી શોભતા નવા જ વૃક્ષો પ્રગટ થતા હતા કે જેથી આ વનની રમણીય શોભાથી આ વન હૃદયને ખરેખર આકર્ષણ જ કરાવા લાગ્યું હતું.

આવા આ વનમાં થોડાક દિવસો પસાર થયા બાદ કૃષ્ણદાસજીની માનસી સેવાનો મનોરથ સફળ કરવાની ઈચ્છા શ્રી મહાપ્રભુજીએ કરી કે જેથી કૃષ્ણદાસજીના હૃદયમાં તાપ કરવાનો ભાવ ઉત્પન્ન કરાવ્યો. એટલે કે એવું બન્યું કે એક દિવસ ભોજન માટે સામગ્રી તૈયાર થઈ શકી નહિ કે જેથી આ વનમાંથી પાકા અને વળી સ્વાદિષ્ટ ફળ લાવીને કૃષ્ણદાસજીએ શ્રી મહાપ્રભુજીને આરોગાવ્યા. આ ફળ એવા અલૌકિક હતા કે જેનાથી ભોજન સામગ્રીની કંઈ ઈચ્છા થવા જેવુ રહ્યું ન હતું. આમ આવા ફળ શ્રી મહાપ્રભુજીના આરોગ્યા પછી કૃષ્ણદાસજીએ ફલાહાર કર્યો કે જેનાથી કૃષ્ણદાસજીના હૃદયમાં એક પ્રકારનો તાપ થયો કે શ્રી મહાપ્રભુજી અન્ન તરીકેનું કંઈક આરોગે તો સારું. વળી જો આરોગે તો જ મારા હૃદયમાં થયેલા તાપ નિવૃત થાય અને તો જ મારા ભાવની સફળતા થાય. હવે અંતર્યામી એવા શ્રી મહાપ્રભુજી તો આ બધું ય જાણે જ છે કે જેથી કૃષ્ણદાસજીને થયેલા તાપને નિવૃત કરીને તેના ભાવને સફળતા કરવા અર્થે તેમજ તેમના સર્વ મનોરથો પૂર્ણ કરવા અર્થે રાત્રિના સમયે કૃષ્ણદાસજીની ગોદમાં (ખોળામાં) ચરણારવિંદ ધરીને શ્રી મહાપ્રભુજી પોઢયાં. આવા આ સમયે શરીરની હલનચલન ન થાય તેની સાવધાની રાખીજ હતી પરંતુ પોતાનામાં આવી રહેલો શ્વાસનો અવાજ પણ જરાય ન સંભળાય એવી રીતે બેસી રહીને કૃષ્ણદાસજી હદ ઉપરાંતનું સુખ વિચારીને સેવા કરી રહ્યાં હતા કે જે એવા દ્વારા શ્રી મહાપ્રભુજીની સ્વરૂપાનંદનો અનુભવ કૃષ્ણદાસજી કરી રહ્યા હતા આમ આ અનુભવનું વર્ણન અહીં અવર્ણનીય હોવાથી લખવામાં આવેલ નથી એટલે ટુંકમાં એટલું જ કે " જેવું મનોરથ તેવો અનુભવ ".

ત્યારબાદ કૃષ્ણદાસજીની માનસી સેવાનો મનોરથ પૂર્ણ કરવાની કરેલી ઈચ્છાનુસાર આમ રાત્રિના સમયે કૃષ્ણદાસજીની ગોદમાં ચરણારવિંદ ધરીને અને તે પણ પોઢી રહેલી સ્થિતિમાં શ્રી મહાપ્રભુજીએ પોતાના મનમાં ધાનની મુરમુરા એટલે કે ડાંગરના મમરા હોય તો આરોગીએ એવી ઈચ્છા કરી હવે જેમ શ્રી મહાપ્રભુજી સૌના હૃદયની વાત જાણી શકે છે તેમ શ્રી મહાપ્રભુજીના અનન્ય ભક્તો પણ શ્રી મહાપ્રભુજીના હૃદયની વાત શ્રી મહાપ્રભુજીની અનન્યતાના પ્રતાપબળથી જાણી શકતા હોવાથી શ્રી મહાપ્રભુ એ પોતાના મનમાં કરેલી ઈચ્છાને કૃષ્ણદાસજી જાણી ગયા પછી તો ચરણારવિંદના સેવા કરતા કરતા પોતના મનમાં વિચાર કરવા લાગ્યા કે :- અરે આમ દિવસનો સમય હોય તો આપશ્રીની કૃપાએ ગમે તેમ અને ગમે ત્યાથી મમરા લાવીને આપશ્રીને આરોગાવત પરંતુ આમ રાત્રિનો સમય હોવાથી મમરા લાવવાનું કાર્ય પોતાને કઠીન દેખાયુ કારણ કે આમ રાત્રીનો સમય અને વળી શ્રી મહાપ્રભુજી પોઢેલ છે તેથી આજ્ઞા લેવા માટે જગાડુ તો જગાડયાનો અપરાધ પડે તેમજ જગાડયા સિવાય એટલે કે આજ્ઞા સિવાય જો જાવ તો પણ આપરાધ પડે અરે... એટલું જ નહિ પરંતુ આજ્ઞા લીધા સિવાય હું જતો રહું અને પછી પાછળથી કદાચ શ્રી મહાપ્રભુજી જાગી જાય અને મને ન જુવે તો અત્યાર સુધી કરેલી મારી સેવા નકામી થાય અને વળી કદાચ કરીને મમરા લાવુ તો લાવેલ મમરા કદાચ ન આરોગે તો શ્રી મહાપ્રભુજીના મનમાં થયેલી ઈચ્છા મુજબની સેવા કરી પણ ન કહેવાય એટલે કરેલી એવી સેવાપર પાણી ફરી વળતા મારુ જીવન પણ નકામુ થાય.... આમ દરેક પ્રકારે વિચાર કરતા કરતા કૃષ્ણદાસજીને કંઈ રસ્તો નહિ સુજતા પોતાના હૃદયમાં સ્હેજ અકળામણ જેવું થવા લાગ્યું હવે કૃષ્ણદાસજીની આવી સ્થિતિ જોઈને કેવળ રસ્તો બતાવવા અર્થે શ્રી મહાપ્રભુજીએ એક લૌકિક લીલા કરી કે લૌકિક દ્રષ્ટિએ જેમ કોઈ જાગતા હોવા છતાય કેવળ બીજાને બતાવવા માટે જ પોતે ઉંઘે છે એવો દેખાવ કરતા જરાય ચાલ્યા સિવાય સૂતેલા રહે છે તેમ અહીં પણ શ્રી મહાપ્રભુજીએ તેવી જ રીતથી લૌકિક લીલા કરીને એ લીલા દ્વારા શ્રી અંગથી આળસ મરડીને ગાઢ નિદ્રાં જેવું બતાવ્યું હવે ચરણારવિંદની સેવા કરતા કરતા શ્રી મહાપ્રભુજીએ બતાવેલી આ લીલા દ્વારા કૃષ્ણદાસજીને સ્હેજ હિંમત તો આવી પરંતુ પાછા વિચાર સાગરમાં ડૂબકીઓ મારવા લાગ્યા કે આવા સંકટના સમયે પ્રાપ્ત થયેલા આ મનુષ્ય દેહથી આ કાર્ય ન બન્યુ તો ધિક્કાર છે મને અને પ્રાપ્ત થયેલ મારા આ દેહને એટલે હવે તો આ સમયે આ કાર્ય ન બને તો પછી આ દેહને ગંગાજીમાં જ છોડી દેવો ઉત્તમ છે આમ આવો વિચાર કરીને આખરે કૃષ્ણદાસજી એ એવું કર્યુ કે પોતાના ખોળામાં ધરેલા શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદને ધીમે ધીમે ખસેડીને જમીન પર પાથરી રાખેલ બીજા વસ્ત્રો ઉપર પધરાવ્યા તેમજ શ્રીઅંગ નીચે દબાવેલ પોતાના કપડા પણ ધીમે રહીને સરકાવી દીધા. તે પછી પોતે ઉભા થયા અને સ્હેજ દૂર રહીને શ્રી મહાપ્રભુજીના શ્રી અંગ તરફ જોઈ રહ્યા થોડીક ક્ષણો પસાર થયા પછી શ્રી મહાપ્રભુજી ગાઢ નિદ્રા કરતા સુખેથી પોઢી જ રહ્યા છે તેવું જ્યારે પોતાને મનમાં થયું ત્યારે શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદને દંડવત્ પ્રણામ કરીને પોતાનું કાર્ય સિદ્ધ કરવા અર્થે ચાલતા થયા ચાલતા ચાલતા વનની બહાર આવ્યા. આમ વનની બાહર આવતાની સાથે જ કૃષ્ણદાસજીને ગંગાજીના સામા કિનારે દિવાનો સહેજ પ્રકાશ દેખાયો કે જેથી ત્યાં કોઈ ગામ હશે એવું અનુમાન કરીને પોતે ગંગાજીના કિનારા પાસે આવ્યા. પછી પહેરેલા કપડાને કાઢી નાખીને નાના એક કપડાનો કછોટો માર્યો તેમજ બીજા કાઢેલા કપડાં ભીંજાય નહિ તેમ પોતાના માથા ઉપર બાંધ્યાં. બાદ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદનું સ્મરણ કરીને નકરવા જેવું સાહસ કરીને કૃષ્ણદાસજીએ તો ગંગાજીમાં ઝંપલાવ્યું.

[એક યોગ્ય નોંધ અત્યાર સુધીમાં " ભાવ સિન્ધુ " નામના જેટલા ગ્રંથો પ્રગટ થયા હશે તેમાંના અલગ અલગ પ્રકાશનવાળા ચાર ગ્રંથો તે મેં જોયા અને તપાસ્યા પણ ખરા. એટલે કે તે દરેકમાં એક જ વસ્તુસ્થિતિ બતાવવમાં આવેલી છે કે જે વસ્તુસ્થિતિ નો અહીં સ્હેજ ઉલ્લેખ કરવો જરૂરી જણાતા અહીં આ રીતે નોંધ કરી છે. હવે ગંગાસાગરના આ પ્રસંગમાં શ્રી કૃષ્ણદાસ મેઘન મમરા લેવા જવા માટે ગંગાજીમાં ઝંપલાવે છે તે પહેલાં ગંગાજીને " નમસ્કાર " કર્યા પછી ગંગાજીને પ્રાર્થના રૂપે વિનંતી પણ કરે કે " અહો શ્રી ગંગે ... આ સમયે તમે મારો ધર્મ રાખશો તો રહેશે ... " તો શું આ સત્ય હોય ખરૂ ? હવે અન્નયસ્ય ભજન તત્ર સ્વતો ગમતવેવ ચ; પ્રાર્થના કાર્યમાત્રેપિ તતોન્યત્ર વિવર્જયેત્ !! એટલે કે શ્રી હરિ સિવાય અન્ય દેવનુ ભજન કરવુ અને તે પોતે ત્યાં જવુ તે અને કોઈ કાર્ય માટે તેમને પ્રાર્થના કરવી તે આમ આ ત્રણેય બાબતોનો સર્વથા ત્યાગ કરવો, જો આમ કરવામાં ન આવે તો શરણ ભાવના જતી રહે છે. વળી પ્રભુને અનન્ય ભક્તો જ પ્રિય છે છતાંય જો સહજ અન્યાશ્રય થાય તો પ્રભુ પોતાનો આશ્રય આપતા નથી.. આમ શ્રી મહાપ્રભુજીએ કહેલી આવી આજ્ઞાના આધારે " હાલના સમયમાં કેવળ પ્રભુના આશ્રયને વળગી રહીને પોતાનું જીવન જીવી રહેલા જીવો પણ પોતાની અનન્યતામાં સાવધાન રહીને અન્ય કોઈનો આશ્રય કરતા નથી ; " તો પછી શ્રી કૃષ્ણદાસ મેઘન કે જેઓએ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદ સિવાય અન્ય કોઈનો આશ્રય કર્યો નથી એવા અનન્યતાવાળા શ્રી કૃષ્ણદાસ મેઘન ગંગાજીને નમસ્કાર તેમજ આવી પ્રાર્થના કરે ખરા? ... એટલે "ભાવ સિન્ધુ" નામના અન્ય ગ્રથોમાં જે લખાયું છે તે ગમે તે રીતે લખાયું હોય પરંતુ કૃષ્ણદાસ મેઘને અન્ય કોઈને આવી પ્રાર્થના કદી પણ કરી જ ન હોય ... ખેર..]

હવે કૃષ્ણદાસજીને તરતા તો આવડતું હતું કે જેથી શ્રી મહાપ્રભુજીના અનન્યતાના પ્રતાપ બળે કૃષ્ણદાસજીએ ગંગાજીમાં ઝંપલાવ્યા બાદ દીવાના દેખાતા પ્રકાશની અટકળ કરીને તરતા તરતા કોઈ પણ જાતના વિઘ્ન કે તકલીફ થયા સિવાય અને તે પણ થોડીક વારમાં જ ગંગાજીના સામા કિનારે એટલે કે જે કિનારે દીવાનો પ્રકાશ દેખાતો હતો તે કિનારે આવી પહોચ્યાં. આમ કિનારે આવ્યા બાદ બાંધેલ કછોટો છોડીને પોતાના માથા પર રાખેલા સુકા કપડા પહેર્યા અને પછી દીવાના દેખાતા પ્રકાશવાળા ગામ તરફ ચાલતા ચાલતા આમ રાત્રિના સમયે એક અજાણ્યા ગામમાં આવતા ગામમાં રહેતા સૌ મનુષ્ય જીવોને નિદ્રાંમાં મસ્ત બનેલા જોયા પરંતુ દીવાનો જ્યાં પ્રકાશ દેખાતો હતો ત્યાં આવીને જોયું તો ભગવદ્ ઈચ્છાએ ઘરના બહારના ભાગમાં એક મનુષ્યજીવ જાગી રહેલી સ્થિતિમાં સૂતો હતો કે જેની પાસે જઈને કૃષ્ણદાસજીએ કહ્યું કે ભાઈ , આ સામે દેખાતા વનમાં ગંગાસાગરની યાત્રા કરવા આવ્યો છું. વળી આજે આખા દિવસનો ભૂખ્યો છુ કે જેથી અન્ન જેવી સીધુ-સામગ્રી લેવા માટે ગંગાજી તરીને અહીં તમારી પાસે આવ્યો છું. જવાબમાં પેલા ભાઈએ કહ્યું કે તમારે ભોજન કરવું હોય તો ભોજન કરવું. બાકી સીધુ-સામગ્રી જેવી વસ્તુ લઈ જાવ અને પછી રસોઈ કરો તેના કરતા તરત દાન અને મહા પૂન્ય થાય તેવું કરો ને ?.. પેલા ભાઈની આવી " સગવડીયા પંથ' જેવી વાત સાંભળીને કૃષ્ણદાસજીએ કહ્યું કે ભાઈ, તમારા ઘરની કરેલી રસોઈ મારા ઉપયોગમાં આવે નહિ. માટે તમે એવું કરો કે તમારા ખેતરમાં લીલી ડાંગર હોય તો તે ડાંગરના મમરા મને લાવી આપો તો સારુ. આમ કૃષ્ણદાસજીની વાત પેલા ભાઈએ ભાવથી સાંભળી તો ખરી પરંતુ પોતાના હૃદયમાં એ વાત ઉતરી નહિ તેથી તે ભાઈએ કહ્યું કે મારા ખેતરમાં લીલી ડાંગર તો છે પરંતુ આમ રાત્રિના સમયે કેમ કપાય ?... અને કદાચ કાપું કો મને દોષ લાગે એટલે જો તમારે ભોજન કરવુ હોય તો ભોજન કરાવુ બાકી એ તો નહિ જ બને...

આમ નકાર જેવા જવાબથી પેલા ભાઈને સમજાવતા કૃષ્ણદાસજીએ કહ્યું કે જો ભાઈ તમે, કાપીને મને જે લીલી ડાંગરના મમરા આપશો તેના માગ્યા કરતા બમણા પૈસા હુ આપીશ અને પછી સવારે તમારી ઈચ્છામાં આવે તે રીતે કોઈ સત્કાર્યમાં આ પૈસાનો ઉપયોગ કરી નાખજો. બાકી તમારી પાસે રાખશો નહિ. વળી આવી રીતે કરવાથી રાત્રિના સમયે લીલી ડાંગરને કાપવાનો દોષ પણ તમને લાગશે નહિ. આમ રાત્રિના સંજોગોમાં વિચાર કરીને કૃષ્ણદાસજીએ પ્રેમથી અને ભાવથી સમજાવતા પેલા ભાઈના હૃદયમાં જે વાત ગુંચવાતી હતી તે વાતનું આપોઆપ સમાધાન થઈ જતા

દીવો લઈને બન્ને જણાએ સાથે, ખેતરમાં ગયા, ખેતરમાં જઈને પેલા ભાઈએ લીલી ડાંગર કાપી અને મમરાને અલગ કરીને કૃષ્ણદાસજીને બતાવતા કહ્યું કે આમાંથી તમારે જરૂર હોય તેટલા લઈ જાઓ. પછી જરૂરત પૂરતા મમરા લીધા તેમજ પૈસા આપીને કૃષ્ણદાસજીએ કહ્યું કે હવે વધારે કાપશો નહિ. આમ શ્રી મહાપ્રભુજીની કૃપાથી લીલા મમરા તો જાણે પ્રાપ્ત થયા પરંતુ હવે શેકવા માટે શું કરવું ? ... આવો વિચાર કરતા કરતા કૃષ્ણદાસજી પેલા ભાઈની ઉપર કૃપા દ્રષ્ટિ કરી. આમ કૃપા દ્રષ્ટિ કર્યા બાદ ક્ષણવારમાં તો કૃષ્ણદાસજી દ્વારા થયેલી કૃપાથી પેલા ખેતરવાળા ભાઈને સ્વરૂપ જ્ઞાન થઈ જતા પોતાના હૃદયમાં ભાવ બદલાઈ ગયા. આવી રીતે પેલા ખેતરવાળ્રા ભાઈને સ્વરૂપ જ્ઞાન થયા બાદ ગામના અજાણ્યા એવા કૃષ્ણદાસજીએ પૂછ્યૂ કે ભાઈ, આ મમરા શેકનાર ભાડભુજોં ક્યાં રહે છે?... કૃષ્ણદાસજી દ્વારા થયેલી કૃપાથી સ્વરૂપ જ્ઞાન થયેલા એવા ખેતરવાળા ભાઈએ જવાબમાં મારી સાથે ચાલો એવું કહીને કૃષ્ણદાસજી સહિત પેલા ભાઈ તો મમરા શેકાવાવાળાને ઘેર પહોચ્યાં.

મમરા શેકનાર ભાડભુંજાને ઘેર પહોચ્યાં બાદ તેને જગાડ્યો અને ખેતરવાળા ભાઈએ, કહ્યું કે લો આટલા લીલી ડાંગરના મમરા શેકી આપો. નિદ્રાંમાં હજી હોય તેવા ભાડભુંજા એ જવાબમાં કહ્યું કે અરે.. આટલી મોડી રાત્રે મમરા કેવી રીતે શેકી આવું ?... માટે જાવ, સવારે, આવજો, ભાડભુંજાની વાત સાંભળીને ખેતરવાળા ભઈએ ફરીને કહ્યું કે જરા સામે તો જો.... આ એક મહાપુરુષ આવ્યા છે કે જેઓને ડાંગર કાપીને મમરા મેં આપ્યા છે અને હવે આ મમરા શેકી આપવાની સેવા તમે કરશો તો પ્રભુ તમારુ કલ્યાણ કરશે. આમ આવું કહીને આ ભાઈએ શેકવાની મજુરી તરીકેના એક પૈસાને બદલે ચાર પૈસા ભાડભુંજાના હાથમાં આપ્યા. મહાપુરુષ આવ્યાની વાતથી તેમજ ચારગણા દામ મલવાથી ભાડભુંજાને કો ખરેખર આશ્ચર્ય થતા તરત જ દીવો પ્રગટાવીને ખેતરવાળા ભાઈની સામે જોઈને ભાડભુંજાએ કહ્યું કે ભાઈ, તમારી સાથે આ ઉભા છે તે જ મહાપુરુષ છે ! ..... જવાબમાં હા.... એવું સાંભળતા ભાડભુંજાએ દીવાના પ્રકાશ દ્વારા પોતાની સામે ઉભેલા કૃષ્ણદાસજીના દર્શન કરતા પોતાના હૃદયમાં કોઈ બીજો જ ભાવ પ્રગટ થઈ જતા પોતે બોલવા લાગ્યો કે ધન્ય ભાગ્ય, ધન્ય ભાગ્ય, સારુ ભાઈ સારુ.... હમણાંજ મમરા શેકી આપું છું... આવી રીતે કહીને અતિ આનંદ પામેલા એવા ભાડભુંજાએ તો પોતાના હાથ ધોઈને બરાબર સુકા કર્યા તેમજ નવો દેવતા ચેતાવીને ભઠ્ઠી તૈયાર કરી અને પછી પોતાના હૃદયના પલ્ટાયેલા ભાવ મુજબ અતિ સ્નેહથી મમરા શેકવા લાગ્યો. મમરા શેકાઈ જતા બીજા અન્નનો દાણો, રજનો અંશ, કાંકરી, કચરો વિ. કંઈપણ મમરામાં ન રહે તેવી રીતેની કાળજી રાખીને મમરાને સાફ કર્યા. આમ તૈયાર થયેલા મમરા ખેતરવાળા ભઆઈના હાથમાં આપતા ખેતરવાળા ભાઈએ મમરા લઈને કહ્યું કે પાંદડાના બે દુના પણ આપો. ભાડભુંજાએ પાંદડાના બે દુના તૈયાર કરીને આપ્યા કે જેથી મમરાને બરાબર વીણી વીણીને એક દુનામાં ભર્યા અને બીજો દુનો માથે ઢાંકીને એક કોરા કપડાના કટકામાં બાંધીને પોતપોતાના હૃદયની ભાવના અનુસાર પ્રસન્ન થતા થતા ત્રણેય જણાએ ચાલતા ચાલતા ગંગાજીના કિનારે આવ્યા કે જ્યાં આવીને પ્રથમ કરેલ મુજબ રહેરેલા કપડા કાઢીને, કછોટો વાળીને, મમરાને વળી બીજી કપડાથી બરાબર વીંટીને પોતાના પહેરેલા કપડા સહિત માથા ઉપર બાંધ્યાં. બાદ આ બંન્ને મનુષ્ય-જીવો પાસેથી વિદાય લઈને મમરા સ્હેજ પણ ભીંજાય ન જાય તેવી રીતેની સાવચેતી રાખીને ધીમે ધીમે ગંગાજીમાં ઉતર્યા અને પછી તો તરતા તરતા કિનારેથી પોતે ઝંપલાવ્યું હતું તે કિનારે પાછા આવી પહોચ્યાં.

તે પછી એટલે કે ગંગાજીના આ તરફના કિનારે આવ્યા પછી માથા ઉપર બાંધેલા મમરા-કપડા વિ. છોડીને અને સુકા કપડા પહેરીને કિનારેથી ચાલતા ચાલતા ગંગાસગારના વનમાં કે જ્યાં શ્રી મહાપ્રભુજી પોઢયા હતા ત્યાં આવીને પ્રથમ તો શ્રી મહાપ્રભુજી જાગૃત થયા છે કે પોઢયા છે એ જોયુ પછી પોઢયા છે એવુ જાણતા શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદને દંડવત્ પ્રણામ કરીને લાવેલા મમરા સામેના એક સ્થળે પધરાવીને પ્રથમ જ્યાં શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદ પાસે બેઠા હતા ત્યાં લઈને કૃષ્ણદાસજી બેઠા. બાદ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદને ધીમે ધીમે પોતાના ખોળામાં સરકાવીને ચરણારવિંદની સેવા કરવા લાગ્યા સાથે સાથે કૃષ્ણદાસજીના હૃદયમાં એક તરફ થી તાપ થવા લાગ્યો કે આમ લાવેલા મમરા કોઈપણ રીતે શ્રી મહાપ્રભુજી આરોગે તે સારુ અને બીજી તરફથી ભય પણ લાગતો હતો કે આટલા જ માટે શ્રી મહાપ્રભુજીને જગાડુ એ મારો ધર્મ પણ નહિ. એટલે આમ વિચાર કરતા કરતા કૃષ્ણદાસજી તો ચરણારવિંદની સેવા કરી રહ્યાં હતા. આવામાં જાણે લાંબી નિદ્રાંમાથી જાગૃત થતા હોય તેમ શ્રી મહાપ્રભુજી સ્હેજ જાગૃત થયા અને ચરણારવિંદની સેવા કરી રહેલા કૃષ્ણદાસજીને પૂછ્યું કે રાત્રિ કેટલી ગઈ છે?..... જવાબમાં કૃષ્ણદાસજીએ કહ્યું કે રાજ, હવે અર્ધી રાત્રિ જેટલી પણ રહી નથી.

બાદ ' ભકતેચ્છા પુરક '... એટલે કે અનન્ય ભક્તોની ઈચ્છાને પૂર્ણ કરનારા એવા શ્રી મહાપ્રભુજી એટલે શ્રી મહાપ્રભુજીએ અનન્ય ભક્ત જેવા કૃષ્ણદાસજીની ઈચ્છા પૂર્ણ કરવા માટે મનમાં જે ઈચ્છા કરી હતી તે ઈચ્છાને પ્રગટ કરતા પોઢી રહેલી સ્થિતિમાં જ આજ્ઞા કરી કે આ વનમાંથી ડાંગરના મમરા મળે તો આરોગીએ. જવાબમાં કૃષ્ણદાસજીએ વિનંતી કરતા કહ્યું કે રાજ, આ શરીર આપની સેવા માટે જ ધારણ કરેલ છે કે જેથી રાજના સુખાર્થે ગમે ત્યાં જઈને ગમે ત્યાંથી મમરા લાવીને અર્પણ કરીશ. કૃષ્ણદાસજીની આવી વિનંતી સાંભળીને શ્રી મહાપ્રભુજી જે પોઢી રહેલા હતા તેને બદલે ઉઠીને હજી તો સરખી રીતે બિરાજી રહ્યાં હતા એવામાં સામે જ કપડાના કટકા ઉપર દુનામાં ધરી રાખેલા મમરા આપશ્રીની દ્રષ્ટિમાં આવતા આપશ્રીએ પૂછ્યું કે આ મમરા અહીં કોણ ધરી ગયું ? વળી કયાંથી આવ્યા?... જવાબમાં કૃષ્ણદાસજી શું કહે ?... કારણકે ધર્મી સ્વરૂપના સુખાર્થે તો ખરૂ છતાંય ધર્મી સ્વરૂપને એટલે કે શ્રીમહાપ્રભુજીને છોડીને પોતે મમરા લઈ આવેલ હોવાથી ડરના માર્યા જવાબ આપવાને બદલે કંઈ બોલી જ શક્યા નહિ આમ કૃષ્ણદાસજી કંઈપણ બોલ્યા નહિ કે જેથી શ્રી મહાપ્રભુજીએ વળી પૂછ્યું કે અમને એકલાને છોડીને તમે કેમ જતા રહ્યાં હતા?.... શ્રી મહાપ્રભુજીના આવા શબ્દો સાંભળતા કૃષ્ણદાસજી થરથર ધ્રુજવા લાગ્યા તેમજ આંસુઓની ધારોઓ વહેવા લાગી કે જેથી કૃષ્ણદાસજીના હૃદયમાં રહેલા સેવા ભાવને શ્રી મહાપ્રભુજીજાણી ગયા. આખરે શ્રી મહાપ્રભુજી નું હૃદય કૃષ્ણદાસજી છે અને કૃષ્ણદાસજીનું હૃદય શ્રી મહાપ્રભુજી છે એટલે કે આથી આ સમયે મહાપ્રભુજીએ આમ અપસપરસ સ્નેહનો અંતર્યામિ કૃષ્ણદાસજી છે એવું બતાવવા અર્થે શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતાં કહ્યું કે મેં (મહાપ્રભુજીએ) અર્ધી રાત્રિએ મમરા આરોગીને માત્ર મનમાં જ કરેલી ઈચ્છાને તમે (કૃષ્ણદાસજી) જાણી જતાં ન થઈ શકે તેવું સાહસ કરીને તમે સેવા કરી. આવી રીતેની આજ્ઞા કરતાની સાથે જ પોતાના બન્ને શ્રી હસ્તથી કૃષ્ણદાસજીને પકડીને સ્નેહપૂર્વકના ભાવથી પોતાની છાતી સાથે મિલાવ્યા (ભેટાવ્યા) અને તે એવા તો મિલાવ્યા કે " સ્નેહરસનું સિંચન કરીને " કૃષ્ણદાસજીના આધ્યાત્મક (ચિંતા) આધિ ભૌતિક (રોગ) અને અધિ દૈવિક (ઉપાધી) એમ ત્રણેય પ્રકારના તાપ આ સમયે દૂર કર્યા.

તે પછી અતિ પ્રસન્ન થતા શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે કૃષ્ણદાસજી, કંઈપણ વરદાન માંગો જવાબમાં વરદાન માંગતા કૃષ્ણદાસજીએ વિનંતીથી કહ્યું કે રાજ, હું તો એ જ માંગુ છું કે આપ શ્રીના આ માર્ગનો સિદ્ધાંત મારા હૃદયમાં અહર્નિશ દ્રઢ થતો રહે. હવે સ્વામિ સુખી રહે અને તેમના સુખથી જીવ સુખી રહે એવો જ આ માર્ગનો સિદ્ધાંત છે તે તો કૃષ્ણદાસજીએ મમરા લાવીને કરી બતાવ્યું અને આમ કરી બતાવવાથી શ્રી મહાપ્રભુજી બહુ જ પ્રસન્ન પણ થયા. છતાંય દ્રઢ થતો રહે એવું કૃષ્ણદાસજીએ માંગલ હોવાથા શ્રી મહાપ્રભુજીએ પ્રસન્નતાપૂર્વક આજ્ઞા કરી કે પ્રગટ કરેલા અમારા આ માર્ગનો સિદ્ધાંત અનુરાગ (આસક્તિ) નિરંતર તમારા હૃદયમાં દ્રઢ થતો રહેશે તેમજ ક્ષણે ક્ષણે તે અનુરાગની વૃદ્ધિ અધિક થતી રહેશે. આવી રીતેની આજ્ઞા કરીને " શ્રી મહાપ્રભુજીને ત્રણ વાર પોતાની છાતીએ ભેટાવીને અમીરસરૂપેના સ્નેહમૃતનું સિંચન કર્યુ " . આમ આ સમયે કૃષ્ણદાસજીને થેયલા સુખનો અનુભવ નિકુંજ મંદિરમાં પ્રિયતમ અને પ્રિયાની વચ્ચે રહેલા અનુરાગનુ (આશક્તિનું) " સૌભાગ્ય " પ્રગટ થઈ રહ્યાં જેવો થયો હતો. એટલે તે અનુભવ લખી શકાય કે વર્ણન કરી શકાય તેવો નહિ હોવાથી અહીં વિશેષ સંઈ લખીને વર્ણન કરેલ નથી અને તે પછી શ્રી મહાપ્રભુજી અતિ પ્રસન્નતાથી મમરા આરોગ્યા કે જેનાથી કૃષ્ણદાસજીની માનસી સેવા સિદ્ધ થઈ. વળી મમરા એવી રીતે આરોગ્યા કે પ્રસાદ પાસે સબ વ્યંજન વારિ કે ઠારિ દીજે. આવી રીતે મમરા આરોગ્યા પછી આ મમરાનો પ્રસાદ અતિ સ્નેહપૂર્વક અને તે પણ પોતાની સન્મુખ જ કૃષ્ણદાસજીને લેવડાવ્યો કે જે પ્રસાદી મમરાનો અલૌકિક સ્વાદ એક સ્વાદ અને શ્રી મહાપ્રભુજીના આરોગવાથી " જીભમાં રહેલા અમીરસનો સંબંધ " મમરાને થવાથી તે અમીરસનો બીજો સ્વાદ. એમ આ બન્ને સ્વાદોની એકી સાથે જ પ્રાપ્તિ થતા કૃષ્ણદાસજીને જે રસાસ્વાદ થયો હોય તે રસાસ્વાદનું વર્ણન પણ શું હોય?... વળી કૃષ્ણદાસજી આવી રીતેની ન કરવા જેવી સેવા તો ઘણાય પ્રકારની કરતા હતા કે કૃષ્ણદાસજી જેવા અનન્ય ભક્તોં દ્વારા જ સમજાય બાકી ન સમજાય... બાપા, બાકી ન સમજાય....

આમ પાછલી રાત્રિએ મમરા આરોગ્યા પછી કૃષ્ણદાસજી ચરણારવિંદની કરી રહેલા સેવાના આધારે શ્રી મહાપ્રભુજી પોઢ્યા અને પછી તો ચાર મુહુર્ત (લગભગ સાડાત્રણ કલાક) પસાર થયા બાદ શ્રી મહાપ્રભુજી જાગ્યા. પછી દેહ કૃત્ય કરીને તેમજ તે જ સ્થળને સનાથ કરીને બિરાજવાના સ્થળે પાછા બિરાજીને આપશ્રીએ ચરાણરવિંદ ધર્યો કે જેથી કૃષ્ણદાસજી ની સેવા કરવા લાગ્યા હતા. હવે ચરણારવિંદની સેવા કરતા કરતા કૃષ્ણદાસજીએ વિનંતીથી પ્રશ્ન કર્યો કે રાજ, પ્રભુને પ્રિય શું હોય છે. ?.... અને અપ્રિય શું હોય છે?.... જવાબરૂપે સમજાવતા શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે પ્રભુ તો ઉત્તમ વસ્તુના ભોક્તા છે તેથી મૂળમાં એટલે કે પ્રથમમાં સિદ્ધાંત દ્રષ્ટિએ સ્નેહ સહિતની વસ્તુ

પ્રભુને પ્રિય છે. અને ક્લેશ (ધુમાડો) તેમજ ભક્તોનો દ્રોહ અપ્રિય છે. હવે આ બન્ને પ્રકારોમાં કહેલી વસ્તુને કૃષ્ણદાસજીએ સિદ્ધ કરી બતાવી પણ ખરી. એટલે કે સ્નેહ સહિત મમરા લાવીને પ્રભુ સ્વરૂપે શ્રી મહાપ્રભુજીને આરોગાવ્યા. એ પ્રિય કર્યુ અને પછી કોઈપણના હૃદયમાં ક્લેશ કરાવીને અથવા તો કોઈપણની અદેખાઈ કે કોઈપણના હૃદયને દુ;ખ કરાવીને કે કોઈપણને દગો કરાવીને મમરા લાવ્યા હોત તો તે અપ્રિય કર્યુ કહેવાત પરંતુ કૃષ્ણદાસજીએ તો કોઈપણના હૃદયમાં ક્લેશ (ધુમાડો) કરાવ્યા સિવાય તેમજ કોઈપણનો દ્રોહ એટલે કે અદેખાઈ, દગો કે દુઃખ કર્યા સિવાય મમરા લાવીને બન્ને રીતે અપ્રિય દોષ નિવૃત કરીને માત્ર પ્રિય કાર્ય કર્યું એટલે કે પ્રિય અને અપ્રિય એમ બન્ને પ્રકારે સાવધાની રાખીને ઉત્તમ પ્રકારની સેવા કરી બતાવી.

આમ પ્રિય અને અપ્રિય વસ્તુનો ઉલ્લેખ કરી બતાવ્યા બાદ પ્રિયથી પણ જે વધારે પ્રિય વસ્તુ છે તે વસ્તુને બતાવતા શ્રી મહાપ્રભુજીએ ફરીને આજ્ઞા કરતાં કહ્યું કે પ્રભુને 'ગોરસ' તો વળી પ્રિયથી પણ વધારે પ્રિય એટલે કે અત્યંત પ્રિય છે.....

હવે ગોરસના અર્થ તરીકે જોઈએ તો તેના અર્થ ઘણાય થતા હશે છતાયં સામાન્ય રીતે દહીં સમજાય પરંતુ બીજી રીતે વિચારીએ તો ગોરસને ગો અને રસ એમ અલગ અલગ શબ્દ તરીકે અર્થ કરીએ તો ગો એટલે કે ગાય, ઈન્દ્રિય, વાણી, પૃથ્વી, આકાશ, વગેરે ઘણાય અર્થ થઈ શકે છે પરંતુ અહીં તો ગો એટલે ઈન્દ્રિય તરીકેનો અર્થ લેવામાં આવેલ છે એટલે કે ઈન્દ્રિયમાં એક તો જીભ તરીકેની ઈન્દ્રિય અને બીજી વિષયભોજ્ય એટલે કે જો ઈન્દ્રીયથી લૌક્કિ વિષયસુખ ભોગવવવામાં આવે છે તે ઈન્દ્રીય એમ આ બે ઈન્દ્રીય પૈકી જીભ તરીકેની ઈન્દ્રિયોનો સંબંધ અહી હોવાથી " ગોરસ એટલે જીભરૂપેની ઈન્દ્રીયોમાં રહેલો રસ" એવું સુચન કરવામાં આવ્યુ.

તે પછી ડાંગરના મમરાને એક બીજા રૂપે જોઈએ તો ચોખા તરીકે સખડી સામગ્રીમાંના દાણા જ છે કે જે ચોખાના દાણાને સખડી તરીકેની સામગ્રી કહેવાય છે. એટલે કે મમરા કહો કે ચોખાં કહો પરંતુ આ ચોખાને એક જીવ સ્વરૂપે માની બતાવવા ચોખામાં ચોખારૂપે રહેલા અસંખ્ય દાણાઓનો જે સમાવેશ થયેલો હોય છે તે સમાવેશ દ્વારા અસંખ્ય જીવ સ્વરૂપોથી એકરૂપ થયેલા ચોખારૂપેની સુકી સામગ્રી તરીકે લીલી ડાંગરના મમરા કૃષ્ણદાસજીની કૃપા દ્રષ્ટિ દ્વારા સ્વરૂપ જ્ઞાન થતાં પેલા ખેતરવાળા મનુષ્ય-જીવે સ્નેહથી આપ્યા અને પછી ભાંડભુંજાને નિમિત્ત કરીને નવા જ પ્રગટાવેલા અગ્નિ દ્વારા મમરારૂપે- દાણારૂપે રહેલા અસંખ્ય જીવોને યોગ્ય બનાવ્યા. વળી જે યોગ્ય ન બન્યા તે કચરા તરીકે કાઢી નાખતા ભાડભુંજાને ત્યાંથી જ છુટા પડી ગયા. આમ કૃષ્ણદાસજીના સ્પર્શ દ્વારા પ્રભુને યોગ્ય બનાવેલા જીવ સ્વરૂપે દાણાઓને અન્ય કોઈનો સંબંધ ન થાય તેવી રીતેની સાવધાની રાખીને દાણારૂપે રહેલા બધાય જીવોને પોતાના (કૃષ્ણદાસજીના) હૃદયરૂપેના એક કોરા કપડામાં રાખીને અન્ય કોઈએ નહિ પરંતુ કૃષ્ણદાસજીએ સ્નેહ સહિત શ્રી મહાપ્રભુજીની સન્મુખ કર્યા. આમ લીલી ડાંગરના મમરા તે કોરી સામગ્રી તરીકે કહેવાય છે, અને ચોખાને જલનો સંબંધ થતા સખડીની સામગ્રી કહેવાય છે. એટલે કે આથી ગમે તે સમજો પરંતુ તે બન્ને નું એક જ સ્વરૂપ હોવાથી જીવ તરીકેના ભાવે એકરૂપ થઈને તે પણ સ્નેહથી આવેલ લીલી ડાંગરના મમરા જીભની ઈન્દ્રિયથી શ્રી મહાપ્રભુજીએ આરોગ્યા. એટલે કે જીભમાં રહેલો શ્રી મહાપ્રભુજીનો અમીરસ કે ગોરસ કૃષ્ણદાસજીએ સર્વાત્મભાવ કરીને અંગીકાર કરાવ્યો. આમ આ ભાવથી પણ સખડી ભોગમાં દાણારૂપે ચોખાની સામગ્રી પ્રત્યે વિશેષ ભાર મુકેલો છે. વળી પ્રભુને સખડી ભોગમાં દાણારૂપે ચોખાની સામગ્રી જે ધરાય છે તે સામગ્રીમાં રહેલા દાણાને જીવ સ્વરૂપ માનીને 'ગોરસના સંબંધ દ્વારા' પ્રભુતેનો અંગીકાર કરે છે. આમ આ ગોરસની વાત કેવળ અલૌકિક રસ સંબંધ હોવાથી જે ખરેખર રસીક હશે તે જ કૃષ્ણદાસના આવા અનુભવોને સમજી શકશે એટલે કે આ અલૌકિક રસ સંબંધ વાત પ્રત્યે લૌકિક જેવા ભાવ કે વિચાર કરીને કે કરાવીને પોતાનું જ અહિત થાય તેમાં નવાઈ શું ?...

બાકી આટલુ તો ચોક્કસ છે કે લૌકિક ભાવનાએ જેમ દૂધ અને માખણ વચ્ચે રહેલા ગોરસ (દહીં) કે જે અરસપરસ બન્નેનો (દૂધનો અને માખણ) ગૂઢ સંબંધ ધરાવનારી વસ્તુ છે તેમ અલૌકિક ભાવનાએ પ્રભુ અને જીવ વચ્ચે સંબંધ ધરાવનારી વસ્તુ જો હોય તો કેવળ " સ્નેહ" જ છે કે જેનાથી જ જીવના બધાય મનોરથોને ભક્તેચ્છા પુરકઃ એ નિયમે શ્રી મહાપ્રભુજી પૂર્ણ કરે છે કે જે કૃષ્ણદાસજીના જીવન પ્રસંગો પરથી સ્પષ્ટ સમજી શકાય છે.

ત્યારબાદ કૃષ્ણદાસજીએ ફરીને પ્રશ્ન કરતાં વિનંતીથી પૂછયું કે રાજ, વૈષ્ણવ થઈને પ્રભુની લીલાનો ભેદ જાણતા નથી તેનું શું કારણ ? ... કૃષ્ણદાસજીએ પૂછેલા આ પ્રશ્નના જવાબમાં શ્રી મહાપ્રભુએ આજ્ઞા કરી કે વૈષ્ણવો વિધિપૂર્વક આત્મ નિવેદન (બ્રહ્મ સંબંધ) કરતા નથી તેથી પ્રભુની લીલાના ભેદને ક્યાયથી જાણે ?... પરંતુ જો વિધિપૂર્વક આત્મ નિવેદન કરે તો પ્રભુની લીલાના ભેદને જાણે.

હવે શ્રી મહાપ્રભુજીએ કરેલી આ આજ્ઞાથી એ સ્પષ્ટ સમજાય છે કે જીવ સર્વ સમર્પણ કરીને માર્ગમાં આવેલ હોવા છતાંય પોતામાં રહેલી અહંતા-મમતાના આધારે પોતે પોતાનું સ્વરૂપ, ભગવદ્ ભક્તનું સ્વરૂપ તેમજ શ્રી ઠાકોરજીના સ્વરૂપને જાણી શક્યો નહિ. કારણ કે વિધિપૂર્વક શરણ ભાવને વિચારતો નથી. વળી માર્ગની રીતે ચાલતો નહિ હોવા છતાંય પોતાની યોગ્યતા માનીને સ્વમાર્ગીય ભગવદ્ ભક્તનો સંબંધ કરતો નથી અને કદાચ કંઈપણ કરતો હોય છે તો અંતઃકરણપૂર્વક કરતો નથી. આ માર્ગ દિનતાનો છે છતાય જોઈએ તે દીનતા તેનામાં હોતી નથી. સ્વમાર્ગીય સેવાનો પ્રકાર જાણીને સેવા કરતો નથી અને કંઈ કરે છે તે માર્ગની રીતી પ્રમાણે કરતો નથી. પોતાની ઉપર પધરાવેલ શ્રી ઠાકોરજીના સ્વરૂપને ભૂલી જઈને જ્યાં ત્યાં ભટક્યા કરે છે. એટલે કે પોતાની ઉપર પધરાવેલા શ્રી ઠાકોરજી પ્રત્યે જે " અનન્યતા " રાખવી જોઈએ તે નહિ રાખતા અન્યને ત્યાં જઈને ન કરવાનું કરે છે. તેમજ પોતાની ઉપર પધરાવેલ શ્રી ઠાકોરજીને પોતાનું સ્વરૂપ માનીને પોતાનો અનન્ય ભાવ ટકાવી રાખતો નથી. એટલે કે પોતાના આવા વર્તનના આધારે શ્રી ઠાકોરજીની લીલાનો ભેદ ક્યાંથી જાણે?... પરંતુ આવું કરવાને બદલે પોતે કરેલ આત્મ નિવેદન મુજબ પોતાના અંતઃકરણથી ખરેખર પોતાનું દાસત્ય માનીને વિચારે કે મારામાં કંઈ નથી; હું તો કેવળ દાસ છું, શ્રી ઠાકોરજીને આધીન છું, વળી મને જે કંઈ પ્રાપ્ત થયું છે તે મારું નથી પરંતુ તે બધુંય શ્રી ઠાકોરજીનું છે. આવી રીતે નિત્ય વિચારી વિચારીને પોતાનમાં ઘર કરીને બેસી રહેલી અહંતા-મમતારૂપેની ખોટી સત્તાને છોડી દઈને અન્ય સૌની સાથે દીનતા રાખીને વર્તે, સ્વામાર્ગીય ગ્રંથો નિરંતર વાંચીને મનન કર્યા કરે અને પોતાની ' યોગ્યતા કંઈ જ નથી ' તેવું માનીને અનન્યતાનો પ્રભાવ બતાવનારા ભગવદ્ ભક્તોના સ્વરૂપ પ્રત્યે અલૌકિક દ્રષ્ટિ રાખીને અને તેઓનો જ સહવાસમાં રહીને નિરંતર સત્સંગમાં ડુબ્યો રહે. આમ આટલું કરે તો સમર્પણ કરેલા પદાર્થનું પોતાને જ્ઞાન થાય કે જે જ્ઞાન દ્વારા પોતાના સ્વરૂપોનો વિચાર કરે કે હું કોણ હતો?.... ભગવદ્ સંબંધ થયા પછી હવે હું કોનો થયો ?.... આ માર્ગમાં હું શા માટે આવ્યો છું ?... અને હવે મારે શું કરવાનું છે.? .... આમ આવી રીતે જ્યારે પોતાના ખરા અંતઃકરણથી તાપ-કલેશ કરતો રહે ત્યારે તે પોતાના સ્વરૂપને જાણે અને પોતાને સ્વરૂપને જાણ્યા પછી પોતાનામાં ભગવદ્ ભાવ પ્રગટ થતા ભગવદ્ ભક્તના સ્વરૂપને જાણ્યા પછી પોતાનામાં ભગવદ્ ભાવ પ્રગટ થતા ભગવદ્ ભક્તના સ્વરૂપને જાણે એ પછી તે ભગવદ્ ભક્તની કૃપા દ્વારા અનન્યતારૂપેની સેવાનો પ્રકાર જાણીને પોતાના શ્રી ઠાકોરજીમાં ચિત્ત રાખીને જ્યારે અનન્યતા-ભાવે સેવા કરે ત્યારે શ્રી ઠાકોરજીના સ્વરૂપને જાણે અને ત્યારે જ લીલા ભેદને પણ જાણે.

આમ આવી ભાવનાને અનુસરીને કૃષ્ણદાસજીએ તો સર્વાત્મકભાવની સિદ્ધિ કરીને જ આત્મ નિવંદન કર્યું હતું કે જે તેમના જીવનથી સ્પષ્ટ સમજાય છે એટલે કૃષ્ણદાસજીને લીલા સ્વરૂપની કે લીલા ભેદની સિદ્ધિ તો પ્રથમથી જ થઈ ગઈ હતી અને તેથી જ શ્રી મહાપ્રભુજી કૃષ્ણદાસજીને સાક્ષાત્ લીલાત્મક સ્વરૂપે હંમેશા દર્શન આપતા હતા. આમ આવા ભક્તોનો સમાગમ જો પ્રભુ કૃપા વિચારીને કરાવે તો તેઓની આડીથી શ્રી ઠાકોરજીનું સ્વરૂપ તેમજ લીલાનો ભેદ જાણી શકાય. બાકી પુરાણ વિગેરે શાસ્ત્રોમાં વર્ણવેલી કથાને કે પછી ઈતિહાસમાં લખાયેલી બાબતોને માત્ર વાંચવાથી અને વાચીને માત્ર ઉપદેશ કરવાથી પોતાના સ્વરૂપને કે પછી ભગવદ્ ભક્તના સ્વરૂપને કે પછી શ્રી ઠાકોરજીના સ્વરૂપને કે પછી લીલાના ભેદને જાણી શકાતું નથી.

ત્યારબાદ શ્રી મહાપ્રભુજી આ ગંગાસાગરમાં તીર્થધામમાં છ માસ સુધી બિરાજ્યા હતા અને તે પછી નિજ ઈચ્છા કરિષ્યતિ મુજબ આપશ્રીએ અહીંથી વિજય કરીને પૃથ્વી પરિક્રમા કરતા કરતા શ્રી વ્રજ મંડળ તરફ પધાર્યા અને સમજો કે ચાલતા ચાલતા શ્રી વ્રજ મંડળમાં પ્રવેશ કરીને આગળ પધારી રહ્યાં હતા.

વાહ ! શું વ્રજ ભૂમિની અલૌકિકતા !..આવી આ વ્રજ ભૂમિના એક વન જેવા ભાગની નજીક શ્રી ગિરિરાજજી બિરાજી રહ્યાં છે. વળી આસપાસની ભૂમિ હરિયાળી દેખાઈ રહી છે. જુદા જુદા પ્રકારના રંગવાળી ગાયો અને વાછરડાં આમતેમ ફરી ફરીને વનને શોભાવી રહ્યાં છે. વાયુ મંદમંદ વહી રહેલો છે. વૃક્ષોનાં પાંદડાંઓ એકબીજાને મલી મલીને કોલાહલ કરી રહ્યાં છે. બાળક, યુવાન તેમજ વૃદ્ધ એમ સૌ વ્રજ ભક્તો પોતાના કાર્યમાં મસ્ત બનેલા હોય તેમ આમ તેમ જોઈ રહ્યાં છે. પંખીઓ કિલ્લોલ કરી રહ્યા છે. નાના નાના બાળકો મનને આનંદ પમાડે તેવા ગીતો લલકારી રહ્યાં છે. એટલે અહીં સર્વત્ર આનંદ આનંદ દેખાઈ રહ્યો છે. આમ આવા સમયે અગણીત ગુણોથી ગુણવંતા, સકલ કલાને

જાણનારા અને વળી પોતાના માત્ર દર્શનથી અનેકને તારનારા એવા સુંદર મુખરાવિંદથી સૌ કોઈને આકર્ષણ કરતા એવા શ્રી મહાપ્રભુજી પોતાના તેજોમય સ્વરૂપથી દિશાઓને પ્રકાશમાન કરતા કરતા નિજ સેવકો સહિત પાપને હરનારુ એવું જેનું શિતળ અને નિર્મલ જલ છે એવા શ્રી ગોવિંદ કુંડ પધાર્યા અને એક કદંબના વૃક્ષ નીચે બિરાજમાન થયા બાદ નિજ કાર્યોમાંથી પરવાર્યા પછી રાત્રિના સમયે કૃષ્ણદાસજી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદ ની સેવા કરતા હતા, કે જે સમયે કૃષ્ણદાસજીએ પ્રશ્ન કરતા પૂછ્યું કે રાજ, મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચન્દ્રજી અયોધ્યાવાસી સૌને સાથે લઈને વૈકુંઠ પધાર્યા પરંતુ રાજા દશરથને સ્વર્ગવાસ કેમ કરાવ્યો હશે?..... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ "ધર્મને બદલે ધર્મી સ્વરૂપની સેવા ઉત્તમ છે"એવું સમજાવતા આજ્ઞા કરી કે અયોધ્યા નગરીના રાજા દશરથે એક સમયે પોતાની રાણી કૈકેયીને બે વચનો આપેલા હતા અને તે પછી તો આ વાતને ઘણોય સમય પસાર થઈ ગયા બાદ એક દિવસ એવું બન્યું કે પાટવી પુત્ર તરીકે પોતાના મોટા પુત્ર શ્રી રામચંદ્રજીને રાજ્યં ગાદી પર બેસાડીને અયોધ્યા નગરીના ગાદીપતિ બનાવવાના હતા કે જે માટે બધી તૈયારીઓ પણ થઈ ગઈ હતી આમ આવાં સંજોગોમાં એક મોકો જોઈને રાણી કૈકેયીએ અગાઉ પોતાને રાજા દશરથે આપેલ બે વચનો માંગ્યા કે રામચંદ્રજીને વનવાસ મોકલો અને મારા પુત્ર ભરતને અયોધ્યા નગરીનું રાજ્ય આપો. હવે પોતે આપેલા વચનોનું પાલન ન કરે તો પોતાનો ધર્મ જતો હોવાથી પોતાના વચનને સત્ય કરી બતાવીને પોતાનો ધર્મ સાચવવા અર્થે કૈકેયે માંગેલા બન્ને વચનો અનુસાર પોતાના મોટા પુત્ર તરીકે કહેવાતી રાણી કૌશલ્યાના પુત્ર શ્રી રામચંદ્રજીને વનવાસ આપ્યો અને રાણી કૈકેયીના પુત્ર ભરતને અયોધ્યા નગરીનું રાજ્ય આપ્યું.

હવે મહાન બુદ્ધિશાળી અને વળી સત્યવાદી એવા જે રાજા દશરથ કે જમને ત્યાં શ્રી મર્યાદા પુરુષોત્તમ પોતે જ પુત્રરૂપે પ્રગટ થયેલા એવા શ્રી રામચંદ્રજીને વનવાસ મોકલીને, અઘોર વનમાં ભમાવીને અને વળી અનેક સંકટો અપાવીને અનહદ શ્રમ રાજા દશરથને વળી સ્વર્ગવાસ હોય પણ ક્યાંથી ?.... છતાંય પ્રભુ તો સદાય કૃપાળુ જ હોય કે જેથી સ્વર્ગવાસમાં જે વાસ આપ્યો તે શ્રી રામચંદ્રજીની કૃપા જ કહેવાય. બાકી સ્વર્ગની પણ યોગ્યતા તેમની ન હતી. કારણ કે લૌકિક સંબંધ કહેવાતી પોતાની રાણી કૈકેયને આપેલા વચનને સત્ય કરવા અર્થે પોતાના " લૌકિક ધર્મનું " પાલન કરવા જતા શ્રી રામચંદ્રજી જેવા મર્યાદા પુરુષોત્તમ તરીકે કહેવાતા ધર્મી સ્વરૂપની સેવા છોડી, અરે, એટલુ જ નહિ, પરંતુ વનવાસ મોકલીને ધર્મી સ્વરૂપ જેવા સ્વરૂપને શ્રમ પણ આપ્યો. આમ પ્રભુને શ્રમ આપવા બદલ રાજા દશરથની યોગ્યતા ન હોવા છતાંય સ્વર્ગનું દાન કરનારા મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામચંદ્રજીએ પોતાના પિતા રાજા દશરથને સ્વર્ગવાસ કરાવ્યો અને બીજી તરફ અયોધ્યાવાસીઓ કે જેઓએ સાક્ષાત " ધર્મી સ્વરૂપની સેવા કરી હતી" તે બધાયને સાથે લઈને વૈકુંઠ પધાર્યા હતા. તેનો દોહો :- રામ ભજે તે રામકો તાકો સાખી રામ, અવધિ ગઈ વૈકુંઠ કો ભૂપ ગયે સુરધામ. વળી ભગવદ્ આજ્ઞા છે કે " સર્વ ધર્માન્ પરિત્યજય મામેક શરણંવ્રજ " એટલે કે બધાય ધર્મોને છોડી દઈને એક મારા (વ્રજાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ પ્રભુ ને) શરણે આવ. આવી રીતે કહીને સ્વમાર્ગીય સિદ્ધાંત બતાવવા માટે શ્રી મહાપ્રભુજીએ એ જ સુચન કર્યું કે " ધર્મની સેવા કરતા ધર્મનું પાલન કરનારા ધર્મી સ્વરૂપવી સેવા કરવી એ સર્વોત્તમ છે" શ્રી મહાપ્રભુજીએ કરેલી આવી આજ્ઞાના આધારે કૃષ્ણદાસજીએ તો બધાય ધર્મોને છોડી દઈને કેવળ ધર્મી-સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપની જ સેવા કરી બતાવી છે કે જે સ્પષ્ટ સમજાય છે.

ત્યારબાદ વ્રજ ભૂમિમાં દરેક સ્થળે પધારતા શ્રીમદ્ ગોકુલ થઈને શ્રી મહાપ્રભુજી મથુરા પધાર્યા અને પછી મથુરાથી પૃથ્વી પરિક્રમા કરતા કરતા અને દૈવી જીવોનો ઉદ્ધાર કરતા કરતા એક દિવસ સોંરો ગામે એટલે કે વતન તરીકે કહેવાતા કૃષ્ણદાસજીના જ ગામમાં પધાર્યા અને સોરમગંગાના ઘાટ પર એક પવિત્ર સ્થળે બિરાજ્યા. હવે કૃષ્ણદાસજીએ ત્રણેય સમયે માંગેલા વરદાનો મુજબ શ્રી મહાપ્રભુજીએ ત્રણેય વરદાનો આપ્યા હતા. વળી તેમાંના બે વરદાનો સિદ્ધ કરતાં ત્રીજું ગુરુજીને ઘેર પધારી તેનો ઉધ્ધાર કરવાનુ જે વરદાન માંગેલુ હતુ તે સિધ્ધ કરવાનુ બાકી રહેલ હોવાથી કૃષ્ણદાસજીના આ ત્રીજા વરદાનને સિદ્ધ કરવાના નિમિત્તે જ શ્રી મહાપ્રભુજીનું અહીં સોરો ગામમાં પધરાવું થયેલું હતુ પરંતુ શ્રી મહાપ્રભુજી આ સોરો ગામમાં પધારીને કૃષ્ણદાસજીના ગુરુજીને ઘેર જ પધારવાના હતા તે પહેલાં તો કૃષ્ણદાસજી જ પોતાના ગુરુજીના દર્શન કરવાનું નિમિત્ત બતાવીને ગુરુજી ના આશ્રમ તરફ ગયા. આમ કૃષ્ણદાસજીને પોતાના ગુરુજીને ત્યાં જવાના કારણો તો ઘણાંય હશે પરંતુ મુખ્ય કારણ તો એ જ હતું કે પોતાના ગુરુજીને શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનો, જીવનનો તેમજ શ્રી પૂર્ણ પુરુષોત્તમના સંપૂર્ણ જ્ઞાનનો અનુભવ કરાવીને તેમનો ઉદ્ધાર કરાવા માટે જ પોતાના ગુરુજીના આશ્રમે ગયા નહિતર શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદ છોડીને વળી જાય કેમ?... એટલે દર્શનનું કારણ તો માત્ર એક નિમિત્ત તરીકે જ બતાવેલું હતું.

જ્યારે બીજી તરફ ઠંડીના દિવસો છે, સોંરો ગામના કહેવાતા સોરમ-ગંગાના કિનારા ઉપર આવેલા આશ્રમમાં કેશવાનંદ સ્વામિ અર્ધા ખુલ્લા અને કોઈ મંત્રનો ઉચ્ચાર કરતા કરતા એક આસન પર બેઠેલા છે. ઠંડીના દિવસોના આધારે કેશવાનંદ સ્વામિની સામે સળગતા દેવતાની ભરેલી સઘડી પડેલી છે. આમ આવા સમયે કૃષ્ણદાસજીએ આ કેશવાનંદ સ્વામિના આશ્રમમાં પ્રવેશ કરતા પ્રણામ કરીને કહ્યુ કે ગુરૂજી ... પ્રણામ... અર્ધા નેત્રો ખુલ્લા રાખીને બેઠેલા કૃષ્ણદાસજીના આ કેશવાનંદ સ્વામિ -ગુરૂજી એ પ્રણામ જેવો શબ્દ સાંભળતા, પોતાના નેત્રો ખોલીને આવનાર આ વ્યક્તિ તરફ પોતાની દ્રષ્ટિ કરી અને આવનાર વ્યક્તિને પોતે ઓળખતા હોય તેવો ભાસ થતા પોતે સ્હેજ વિચારમાં તો પડી ગયા પરંતુ પોતાની વિચાર શક્તિ દ્વારા સાત સાત વર્ષ જેવા લાંબા સમયે આવી મળેલ પોતાના આ શિષ્ય કૃષ્ણદાસજીને ઓળખી ગયા અને પછી બેસવાનું સુચન કરતા કૃષ્ણદાસજી પોતાના આ શિષ્ય સામે બેઠા. થોડીક ક્ષણો પસાર થયા પછી ગુરૂજીએ મનમાં અનુમાન કરીને કહ્યું કે કેમ , કૃષ્ણદાસ... મને છોડીને તેં બીજાં ગુરુ કર્યા ને ?... જવાબમાં કૃષ્ણદાસજીએ વિનંતીથી કહ્યું કે મહારાજ, આ તો ગુરૂ કૃપા બળે શ્રી પુર્ણ પુરુષોત્તમની મને પ્રાપ્તિ થઈ છે બાકી મારા ગુરૂતો આપ જ છો. આવી વાત સાંભળીને ગુરૂજીએ પોતાના મનમાં એવું થયું કે આ મને મુર્ખ બનાવે છે કે જેથી બુઝાતો દીપક વધારે ઝબકે એ નિયમે ગુરૂજી ગુસ્સે થતા બોલ્યા કે અરે... તારે તો વૈષ્ણવ તરીકેના ચિહ્યો જોતા જ જણાઈ આવે છે કે તે અન્ય આચાર્યને ગુરૂ કર્યા છે બાકી આવું ખોટું બોલીને તેમજ મને મુર્ખ બનાવીને એક આચાર્ય તરીકે હું તારો ગુરુહોવા છતાંય તું મારું અપમાન કરે છે ? વળી તેં બીજા ગુરૂને પૂર્ણ પુરુષોત્તમ -પૂર્ણ પુરુષોત્તમ કહે છે તો પૂર્ણ પુરુષોત્તમ તરીકે કંઈક પ્રમાણ તો બતાવ?.... ગુરૂજીની આવી ગુસ્સા ભરેલી વાણી સાંભળીને કૃષ્ણદાસજીએ તો દીનતાથી જ જવાબ આપ્યો કે આચાર્ય તરીકે મારા ગુરૂ કે જે આપ છો જેથી હું આપનું અપમાન બીલકુલ કરતો નથી. આપ તો મહાન છો કે જેથી યોગ્ય હશે તેમ સમજતા હશો. આમ ગુરૂ-શિષ્ય વચ્ચે ઘણી ચર્ચાઓ થઈ છતાંય ગુરૂજીના મનનું સમાધાન થઈ શક્યું નહિ તેમજ વિશ્વાસ પણ આવ્યો નહિ હોવાથી આમ વાણી દ્વારા ગમે તેટલા પ્રમાણ હું આપીશ તો પણ તેમને વિશ્વાસ તો આવશે જ નહિ. એટલે હવે તો તેમને સાક્ષાત્ અનુભવ કરી બતાવ્યા સિવાય બીજો કોઈ રસ્તો નથી. આમ આવો વિચાર કરીને કૃષ્ણદાસજીએ તો એવું કર્યું કે...

ગુરૂજીની આગળ સળગતા દેવતાવાળી સઘડી જે અગ્નિનો પ્રકાશ કરી રહી હતી તેમાં પોતાના બંને હાથ નાખીને કૃષ્ણદાસજીએ સળગતા દેવતાનો ખોબો ભર્યો અને પછી દેવતાના ભરેલા ખોબાને પોતાના ગુરૂજી સામે રાખીને બોલ્યા કે શ્રીમદ્ વલ્લભચાર્યજી જો પૂર્ણ પુરુષોત્તમ શ્રી ઠાકોરજીનું સ્વરૂપ હોય તો મારા હાથમાં બળશો નહિ અને જો અસત્ય હોય તો મારા હાથ બળીને ભસ્મ થઈ જજો. આમ આવી રીતે બોલીને કૃષ્ણદાસજી તો સળગતા દેવતાના ભરેલા ખોબાને લગભગ એક કલાક સુધી એમ ને એમ જ પોતાના હાથમાં રાખીને ઉભા રહ્યાં હતા. આમ સત્ય હોવા છતાયં કરેલ ખોટી શંકાને આધારે કૃષ્ણદાસજીએ બતાવેલ પ્રમાણરૂપેના આવા મહાન કાર્યથી ગુરૂજી તો ભય પામતા બહુ જ ગભરાયા કે જેથી શ્રી મહાપ્રભુજીએ કરેલી કૃપાથી શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ પ્રત્યેનું કંઈક જ્ઞાન થઈ જતાં કૃષ્ણદાસજીને કહેવા લાગ્યા કે તમને શ્રી પુરુષોત્તમની પ્રાપ્તિ થઈ છે એવું તમે જે કહ્યું તે સત્ય કહ્યું છે... સત્ય કહ્યું છે.... સત્ય કહ્યું છે... એમ ત્રણ વાર કહીને કૃષ્ણદાસજીના હાથમાં રહેલા સળગતા દેવતારૂપેનાં અગ્નિનુ તેજ પોતાનો હાથ વડે નીચે ફેંકાવી દીધો. આમ જમીન પર પડેલા દેવતારૂપેના અગ્નિનું તેજ એટલું બધું વધી જવા પામ્યું હતુ કે જે તેજથી નેત્રો અંજાઈ જતા ગુરૂજી તે અગ્નિ સામે જોઈ પણ શક્યા ન હતા. તે પછી ગુરુજીએ કૃષ્ણદાસજીના હાથને અને આંગળીઓને સ્પર્શ કરી તપાસતા હાથ અને બધી આંગળીઓ બીલકુલ ચાલુ સ્થિતિ જેવા ઠંડા જ લાગ્યા. આમ આવા પ્રકારે બનેલા એક દૈવી ચમત્કારીક આશ્ચર્ય પામતા પોતાની શંકા દૂર થઈ તેમજ જમીન પર પડી રહેલા અગ્નિની ત્રણ વાર પરિક્રમા કરતા જ્યારે ત્રીજી પરિક્રમા પૂર્ણ કરી ત્યારે ગુરુજીએ અગ્નિ સામે ઉભા રહી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ સમયે જમીન પર પડી રહેલા અગ્નિ સામે જોતા ગુરુજીએ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન થયું કે જે જ્ઞાન દ્વારા જમીન પર પડી રહેલા અગ્નિના સાક્ષાત શ્રી મહાપ્રભુજીના દર્શન થતાની સાથે જ અને તે પણ અન્ય સૌની વચ્ચે જ ગુરુજીનું તાળવું ફાટતા તાળવામાંથી દીવાની જ્યોત સમાન એક જ્યોત નીકળી કે જે જ્યોત જમીન પર પડી રહેલા અગ્નિ સાથે ભળી ગઈ એટલે કે અગ્નિ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપમાં સમાઈ જતા અદ્રશ્ય થઈ ગઈ. આમ આંખના એક પલકારામાં જ એક શિષ્ય દ્વારા ગુરુની થયેલી સદ્‌ગતિ નો પ્રત્યક્ષ અનુભવ કરીને સૌ ખરેખર આશ્ચર્ય જ પામ્યા હતા.

આ પ્રમાણે પોતાના ગુરુજીને શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ એક અલૌકિક રીતે જ્ઞાન કરાવીને અને ગુરુજીનો ઉદ્ધાર કરાવીને કૃષ્ણદાસજી શ્રી મહાપ્રભુજી પાસે આવી સાષ્ટાગ દંડવત્ પ્રણામ કરીને બેઠાં. કૃષ્ણદાસજીને પોતાના ગુરુજીને ત્યાંથી આવેલ જોઈને શ્રી મહાપ્રભુજે પૂછ્યું કે કેમ... તમારા ગુરુજીને સ્વરૂપ જ્ઞાન થયું ?... જવાબમાં વિનંતી પુર્વક

કૃષ્ણદાસજીએ પૂછયું કેમ રાજ, જે બન્યું તે કેવળ આપશ્રીની ઈચ્છાએ જ બન્યુ છે... એમ કહીને ગુરુજીને ત્યાં બનેલી સર્વ કહીકત કહી સંભળાવી. કૃષ્ણદાસજીની આવા પ્રકારની સેવાથી શ્રી મહાપ્રભુજી એ કૃષ્ણદાસજીની પ્રશંસા કરતાં કહ્યું કે એક સાધારણ જીવ જેવાને તમારો સંબંધ થતા તે સાધારણ જીવનો ઉદ્ધાર થાય છે તો પછી આવા સત્પાત્ર જેવા તમારા ગુરુજીનો ઉદ્ધાર થાય તેમાં વળી નવાઈ શું.?... વળી સામાન્ય અભિમાનથી ભરેલા વાસુદેવદાસ છકડા જેવા પણ કૃષ્ણદાસજીના માત્ર હાથના સ્પર્શથી પોતાનામાં રહેલા સામાન્ય અભિમાનની નિવૃતિ થઈ જતા કૃષ્ણદાસજીની કૃપા મેળવીને શ્રી મહાપ્રભુજીનાશરણે આવી શ્રી મહાપ્રભુજીને પરમ કૃપા પાત્ર થયા હતા. તો પછી બીજી વાત તો ક્યાં કરવી ?... આમ કૃષ્ણદાસજીએ આવા અનેક પ્રકારના કરેલા ઈશ્વરી ચરીત્રોથી અને તે પણ શ્રી મહાપ્રભુજીની પુર્ણ કૃપાએ શરીરની, વાણીની અને માનસી સેવાની એમ ત્રણ પ્રકારની અલભ્ય વસ્તુઓની સિદ્ધી મેળવી હતી એવા આ કૃષ્ણદાસજી મેઘનની જીવન ઝરમરનો અંત આવે તેમ નથી.

આમ ઈશ્વરી આવેશવાળા શ્રી કૃષ્ણદાસ મેઘનની વાર્તા સંપૂર્ણ.

૪ : શ્રી કૃષ્ણદેવ રાજા

આ હિન્દુસ્તાન દેશની દક્ષિણ દિશામાં એટલે કે પ્રથમ જ્યાં આર્ય લોકો આવી વસ્યા હતા અને તે પછી જ્યાં સુગ્રીવની રાજધાની થઈ ગઈ હતી તે રાજધાનીવાળો પ્રદેશ એક કિષ્કિંધા પ્રદેશ તરીકે ઓળખાતો હતો. આમ આ આખા કિષ્કિંધા પ્રદેશના કહેવાતા રાજાઓ તરીકે ચંદ્રવંશી રાજાઓ રાજ્ય કરી રહ્યાં હતા. આવા આ કિષ્કિંધા પ્રદેશમાં આવેલ તુંગભદ્રા નામની નદીના દક્ષિણ કિનારા પર વિધાનગર નામે એક મોટું શહેર આવેલું હતું. સમય પસાર થતા થતા આખરે એટલે કે - પાંચસો વર્ષ પૂર્વે આ કિષ્કિંધા પ્રદેસના ગાદીપતિ તરીકે મહાન પ્રતાપી ચંદ્રવંશી રાજા વીરનૃસિહજી મહારાજા પાટનગર તરીકે કહેવાતા આ વિધાનગરમાં રહીને રાજયતંત્ર ચલાવતા હતા. વળી આ સમયે શહેરની આબાદી પણ ઘણી જ સારી હોવાથી અમીરો, સરદારો, તાબેદાર રાજાઓ, અન્ય રાજ્યોના એલચીઓ, શ્રીમંતો વી.વી. એમ સૌ કોઈ આ વિધાનગરમાં આવીને રહી શકે તેવી રીતેના મોટા મોટા આલીશાન તેમજ વિધા, વ્યાપાર, હુન્નર, વિશ્રામ અને તંદુરસ્તી તરીકેના ભવ્ય મનોહર સ્થળો બનાવેલા હતા. વળી રાજ્યમાં રહેનારી વસ્તીમાનો મોટો ભાગ ધર્મનિષ્ઠ હોવાથી અસલ કારીગરીથી શોભતા નાના મોટા સેંકડો દેવાલયો- મંદિરો બનાવેલા હતા. વળી રાજા વીરનૃસિંહજીનું નામ સાંભળતા જ સમસ્ત ભારતના મ્લેચ્છ (મુસલમાનો) લોકો ભય પામીને ભાગી જ જતા હતા એટલે આવો તો રાજા વીરનૃસિહજી મહારાજનો પ્રભાવ હતો. આમ પોતાના રાજ્યતંત્રની તેમજ શહેરની રચના હૃદયથી અતિ આનંદ પમાય તેવી રીતેની ઉચ્ચ ભાવનાવાળી હતી. વળી રાજા વીરનૃસિંહજી મહારાજા પોતાના ભાવ અનુસાર ખાસ કરીને પોતે શ્રી કૃષ્ણની જ ભક્તિ કરતા હતા કે જેથી પોતાને ધાર્મિક બાબત પ્રત્યે પુરેપૂરો ભાવ હોવાથી પોતાના મહેલમાં બે હજાર બ્રહ્મણોને નિત્ય પુજા-પાઠ કરવા અર્થે રાખ્યા હતા. વળી પોતે સ્થાપિત કરેલા પોતાના પુસ્તકાલયમાં ચાર વેદ અઢાર પુરાણ, ઐતિહાસીક તથા અન્ય ધાર્મિક અનેક પુસ્તકોનો સંગ્રહ પણ સારામાં સારો કરેલો હતો અરે એટલુ જ નહિ પરંતુ પોતાના આવા પુસ્તકાલયની બરાબર સંભાળ રહે તેવી ભાવનાએ અગીયાર મહાન પંડિતોની હંમેશને માટે નિમણુંક કરીને એક મંડળ પણ રચી રાખેલું હતું. વળી પોતે રાજ્યતંત્ર, વેદ, શાસ્ત્રો, પુરાણો, વી. માં રહેલા તત્વને પણ બરાબર જાણનારા હોવાથી પોતાના રાજ્યમાં આવતા આવા સૌ કોઈને ઉત્તેજન અને આશ્રય આપીને ન્યાય, દયા અને પ્રમાણિકપણાનો સંપૂર્ણ રીતે ખ્યાલ રાખીને રાજ્ય કરતા હતા.

ત્યારબાદ સમય અનુસાર આવા ભક્તિભાવ અને ઉચ્ચ વિચારોના આધારે આ રાજા વીરનૃસિંહજી મહારાજાને ત્યાં એક પુત્રનો જન્મ થતા લગભગ પોણી કલાક સુધી સુવર્ણનો (સોનાનો) વરસાદ વરસ્યો હતો. આમ આવા બનેલા આ અલૌકિક પ્રસંગથી રાજા તરીકે કહેવાતા પિતાના તેમજ શહેરમાં વસી રહેલા પ્રત્યેક પ્રજાજનોના હૃદયમાં કોઈ અલૌકિક પ્રભાવરૂપેનો આનંદ પ્રગટ થઈ રહ્યો હતો અને પછી આ પુત્રનું ભવિષ્ય જાણવાની ઈચ્છાએ પિતાએ (રાજાએ) જયોતિષ શાસ્ત્રી તરીકેના મહાન પંડિતોને બોલાવી પોતાના પુત્રની જન્મ પત્રિકા વિષે સુચન કરતા પંડિતોએ કહ્યું કે મહારાજાધિરાજ.... રાજકુમાર તરીકે કહેવાતા આપને ત્યાં જે પુત્રનો જન્મ થયો છે તે મનુષ્ય તરીકે કહેવાતા કોઈ સામાન્ય જીવનો જન્મ થયો નથી કારણકે તેમના ગ્રહો જોતાં એવું જણાય છે કે તે તો ભગવદ્ સંબંધ કરાવનારા કોઈ દૈવી જીવનો જ અવતાર છે અને વળી ભગવદ્ ધામમાંથી કોઈ અલૌકિક કાર્યાર્થે જ અહીં ભૂતલ પર આપને ત્યાં અવતરેલ છે. એવું કહીને પંડિતોએ જન્મપત્રિકા વિ. તૈયાર કરીને રાજાના હાથમાં આપતાં રાજા તો બહુ જ હરખઘેલા બની ગયા હતા કે જેના કારણે શહેર આખામાં ઘેરઘેર વધામણીરૂપેના શુભ સમાચાર કહેવડાવીને વધાઈ વ્હેંચી હતી. પછી પુત્રની છઠ્ઠી વિ. જેવા દેહકૃત્યો કરી બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપીને સૌને પ્રસન્ન કર્યા હતા. પછી રાજાએ પુત્રના નામ સંબંધની વાત કરતાં પંડિતોમાંના એકે કહ્યું કે ઉત્તમ નામ તો શંકરદેવ આવે છે વળી બીજાએ કહ્યું કે રામદેવ આવે છે વળી ત્રીજાએ

કહ્યું કે લક્ષ્મણદેવ આવે છે. એટલે કે સમજો કે જે જેના ઉપાસક હતા તેવા નામ સૌ બતાવતા હતા. આમ અલગ અલગ ભાવવાળા નામના સુચનોથી રાજા-રાણી પ્રસન્ન થયાં મનમાં રહેલા ભાવનાના આધારે અતિ ગભરાયેલા હૃદયે રાજાએ પંડિતોને કહ્યું કે જન્મ સમયેના નક્ષત્રથી આવતી રાશીના અક્ષરો પ્રત્યે શાંત ચિતે વિચાર કરીને નામ કરો રાજાની આવા પ્રકારની સુચનાથી પંડિતો સૌ મલીને નક્ષત્ર ઉપર આવતી રાશી ઉપરના અક્ષરો કાઢીને વિચાર કરવા લાગ્યા અને આખરે કહ્યું કે મહારાજાધિરાજ... પુત્રની રાશી તરીકે અક્ષરથી કૃષ્ણ પદ આપે છે. આપ આ કૃષ્ણદાસ તરીકેનું કૃષ્ણ શબ્દ અને પુત્ર દેવી જીવ સમાન હોવાથી "કે " અક્ષરથી કૃષ્ણ અને દેવ (દેવી) એમ આ બન્ને શબ્દો એક શબ્દ કરતાં " કૃષ્ણદેવ " એવું નામ થતું હોવાથી રાજાને મનમાં જે વિચાર આવ્યા કરતા હતા તે વિચારો પ્રમાણેનું જ નામ આવ્યું કે જેથી અતિ હર્ષ પામતા પંડિતોને કહીને સમજાવીને રાજાએ તો રાજકુમાર તરીકે કહેવાતા પોતાના પુત્રનું નામ " કૃષ્ણદેવ" જ રાખ્યું હતું. બાદ રાજા-રાણી એમ બન્ને પોતાના પુત્રને લાડથી ઉછેરવા લાગ્યા હતા.

બાદ, રાજકુમાર કૃષ્ણદેવની ઉંમર સ્હેજ મોટી થયા પછી જેમ જેમ વય મોટી થતી જતી હતી તેમ તેમ પોતાના વૃધ્ધીનું પરિવર્તન થતું જતું હોવાથી શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુએ -વ્રજ મંડળમાં જે જે લીલાકરી હતી તે તે લીલા પ્રત્યે પ્રેમ-ભાવ પણ વિશેષ વધતો જતો હતો. પછી વિધાભ્યાસ કરાવવા માટે રાજાએ (પિતાશ્રી એ) બે પંડિતો રાખીને અભ્યાસની શરૂઆત કરાવી હતી અને પછી તો પોતાના (રાજકુમાર) અલૌકિડ પ્રભાવબળથી ન્યાય, વ્યાકરણ તેમજ વેદ, વેદાંતનો સંપૂર્ણ રીતે અભ્યાસ કરીને માત્ર ચાર વર્ષમાં જ દરેક રીતે તૈયાર થઈ ગયેલા હોવાથી પિતાએ (રાજાએ) પોતાના પુત્રની વિધાભ્યાસની પરીક્ષા કરવાનો વિચાર કર્યો કે જે વિચારના આધારે મોટા મોટા પંડિતોને બોલાવીને એક રાજ-સભા ભરી. આ સમયે રાજકુમાર કૃષ્ણદેવ આવતા પ્રથમ પિતાને પ્રણામ કર્યા પછી રાજ- સભામાં આવેલ અન્ય સૌ પંડિતોને પણ વિવેક ભાવે પ્રણામ કરીને અને પિતાજીની આજ્ઞા લઈને પોતાના આસન પર બેઠા. બાદ પુત્રના વિધાભ્યાસની પરીક્ષા અર્થે કંઈ ને કંઈ પ્રશ્નો પૂછવાની પંડિતોને સુચના કરતા પંડિતોએ પૂછેલા પ્રશ્નોના સિંહ જેવી ગર્જના કરીને રાજકુમાર કૃષ્ણદેવ ફટોફટ જવાબ આપતા હતા કે જે જોઈને રાજા,પંડિતો તેમજ સર્વે સભાજનો બહુ જ પ્રસન્ન થયા હતા. આમ સિંહ જેવી ગર્જનાએ જવાબો આપેલ હોવાથી રાજકુમાર કૃષ્ણદેવને " શ્રી કૃષ્ણદેવસિંહજી " તરીકેની ઉપમા પણ સૌ કોઈએ આપી હતા. તે પછી સૌ પંડિત બ્રાહ્મણોએ શુભશિર્વાદના મંગળ વચનોના ઉચ્ચાર કરતા રાજાએ સૌને દક્ષિણા તરીકે પાંચ પાંચ સોના મહોરો આપીને સૌને વિદાય કર્યા હતા. તે પછી સમય અનુસાર કોઈ એક મહારાજાની પુત્રી- રાજકુમારી સાથે રાજકુમાર કૃષ્ણદેવના વર્ણન પણ ન થઈ શકે તેવી રીતે ધામધુમ કરીને લગ્ન કર્યા હતા.

તે પછી સંસારચક્રના નિયમ અનુસાર થોડોક સમય વ્યતિત થયો હશે તેવામાં રાણીજી એટલે કે રાજકુમાર કૃષ્ણદેવના માતુશ્રી હરિશરણ થતા પ્રભુના ચરણારવિંદમાં પહોચ્યાં હતા. બીજી તરફ રાજા એટલે કે રાજકુમાર કૃષ્ણદેવજીના પિતાશ્રી વૃદ્ધ અવસ્થાએ પહોંચેલા હોવાથી રાજયતંત્ર ચલાવવાને અશક્ત હતા દરેક પ્રકારની રાજકીય તાલીમ આપ્યા બાદ રાજ્યતંત્રનો તમામ વહીવટ રાજકુમાર કૃષ્ણદેવને સોંપી દેવો એવો વિચાર કરીને વીરનૃસિંહજી મહારાજાએ રાજકુમાર કૃષ્ણદેવને વિધિપૂર્વકનું રાજ્ય-તિલક કરીને રાજયનો તમામ વહીવટ સોપીને વિધાનગરમાં સર્વત્ર શ્રી કૃષ્ણદેવ મહારાજની જય.... શ્રી કૃષ્ણદેવ મહારાજની જય... તરીકેના નાદો સંભળાઈ રહ્યાં. આમ કૃષ્ણદેવ રાજા રાજ-સિંહાસન ઉપર બિરાજ્યા પછી પોતાના હૃદયમાં રહેલી ઉચ્ચ પ્રકારની ભાવનાએ રાજયતંત્ર ચલાવવા લાગ્યા હતા.

બાદ કૃષ્ણદેવ રાજાનું કહેવાતું આ શહેર વિધાભ્યાસ માટેનું ખાસ સ્થળ હોવાથી આ શહેરમાં વિધાભ્યાસ કરવા યોગ્યતા આલીશાન વિદ્યાગૃહો પણ બનાવી રાખેલા હતા. વળી જ્યાં અવિદ્યાનો સંભવ જ ન હતો અથવા તો આ શહેરમાં અભણ માણસો ભાગ્યે જ જોવામાં આવતા હતા કે જેથી જ આ શહેરનુ નામ વિધાનગર પાડવામાં આવ્યું હતું તે પછી આ વિધાનગરના રાજા તરીકે કહેવાતા કૃષ્ણદેવ રાજાએ ઉચ્ચ પ્રકારની રાજશાસન પદ્ધતિ રાખેલ હોવાના કારણે વિધાનગરમાં રહેનારા સૌ કોઈએ ચોરી,દુરાચારી,અહિંસા જેવા અધમ કાર્યો છોડી દઈને કેવળ સત્કર્મો કરીને જ પોતા પોતાનું જીવન જીવતા હતા. એટલે કે કોઈપણ માણસને ધાર્મિક દુઃખ થવા જેવો સમય ઉપસ્થિત થવા પામતો ન હતો. આમ આવા પ્રકારે રાજનિતીવાળું રાજ્યતંત્ર ચલાવતા ચલાવતા કૃષ્ણદેવ રાજા પોતાના કર્તવ્ય અનુસાર પોતે નિત્ય નિયમ પૂર્વક શ્રીમદ્ ભાગવતની કથા સાંભળીને યથાયોગ્ય પાલન પણ કરતા હતા. આવામાં એક સમયે પોતાના એટલે કે કૃષ્ણદેવ રાજાના પિતાશ્રી વીરનૃસિંહજી મહારાજાની દેહ છૂટતા પ્રભુના ચરણારવિંદમાં પ્રાપ્ત થયા હતા.

હવે કૃષ્ણદેવ રાજાના મહેલમાં નિત્ય નિયમ પૂર્વક શ્રીમદ્ ભાગવતની કથા તો નિત્ય થતી જ હતી કે જેથી કથા દ્વારા વ્રજલીલાના મહાત્મ્યની જ્યારે જ્યારે કોઈ વાત આવતી હતી ત્યારે ત્યારે કૃષ્ણદેવ રાજાને હૃદયથી ઘણો જ આનંદ-અનુભવ થતો હતો. વળી રાજ-સિંહાસના અધિકારી બનીને રાજ્યતંત્રનો વહીવટ સંભાળ્યા બાદ કૃષ્ણદેવ રાજા પોતાના હૃદયના ખરા ભાવથી શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુની (શ્રી ઠાકોરજી) સેવા પણ નિત્ય કરતા હતા કે જેથી પોતાના આવા નિત્ય નિયમ મુજબના સેવા કાર્યમાંથી પરવાર્યા બાદ આજે પણ કથા સાંભળવાને પધારતા પોતાને બિરાજવાના સ્થળે બિરાજ્યા તેમજ પંડિતજીએ કથા વાંચવી શરૂ કરતા ભૂમિનો એક પ્રસંગ ચાલ્યો કે " શ્રી ગિરિરાજ્યનું સ્વરૂપ રત્નમય છે અને શ્રી ગોવિન્દ કુંડ દુધમય છે." પંડિતજીની વાણી દ્વારા સાભળેલી આ વાતના આધારે કૃષ્ણદેવ રાજાએ તો આવા દર્શન કરવાની ખરેખર તાલાવેલી થઈ કે જે તાલાવેલીથી પોતે વિચાર કર્યો કે વ્રજભૂમિમાંથી આ બંને વસ્તુઓ મંગાવીને પ્રથમ દર્શન કરું ?... પોતાના આવા વિચારે કૃષ્ણદેવ રાજાએ તરતજ પુરોહિતને બોલાવ્યા અને એક રાજા તરીકે હુકમ કર્યો કે એક કોથળી, એક કળશ અને ખર્ચના પૈસા લઈને તમે શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુની કહેવાતી વ્રજભૂમિમાં જાવ અને ત્યાં જે રત્નમય શ્રી ગિરિરાજજી કહેવાય છે તેના પાંચ-દશ સ્વરૂપો કોથળીમાં પધરાવજો તેમજ જે દુધમય શ્રી ગોવિંદ કુંડ કહેવાય છે. તેમાંનુ જલ કળશમાં પધારાવજો અને પછી આ બન્ને અલૌકિક વસ્તુઓ સાચવીને અહીં પધરાવીને લાવો... કૃષ્ણદેવ રાજા ના હુકમનું પાલન કરવા અર્થે પુરોહિત તો શ્રી વ્રજભૂમિ તરફ જવાને વિદાય થયા અને પછી ચાલતા ચાલતા સમજો કે શ્રી વ્રજભૂમિમાં આવી પહોચ્યાં.

બાદ પુરોહિતે વ્રજભૂમિમાં પ્રવેશ કરીને ફરતા ફરતા શ્રી ગિરિરાજજીના તેમજ શ્રી ગોવિંન્દ કુંડના દર્શન તો કર્યા પરંતુ મનમાં વિચાર કર્યો કે પંડિતજીએ કથા સંભળાવીને રાજાને જેવું કહ્યું છે તેવું અહીં ક્યાં છે?... અહીં તો શ્રી ગિરિરાજજી માત્ર પથ્થરરૂપે જ દેખાય છે અને વળી શ્રી ગોવિંદ કુંડ માત્ર જલરૂપે જ દેખાય છે. એટલે પંડિતજીએ કથા દ્વારા રાજાને ખરેખર ભરમાવ્યા જ હોય તેવું લાગે છે. અરે.. ગમે તે હોય મારે આવા વિચાર કરવાની જરૂર નથી. મને તો રાજાએ જે હુકમ કર્યો છે તે મુજબ મારે તો આ બન્ને વસ્તુ લઈ જવી. બાકી તો સત્ય-અસત્ય જે કંઈ હશે તે ત્યાં વિધાનગરમાં જ ખબર પડશે અને તે પણ પંડિતજીને જ ભોગવવું પડશે આમ આવો વિચાર કરીને પુરાહિતે લાવેલ કોથળીમાં શ્રી ગિરિરાજજીના નાના નાના થોડાક સ્વરૂપો પધરાવ્યા તેમજ લાવેલ કળશમાં શ્રી ગોવિંદ કુંડનું જલ પધરાવ્યું અને પછી આ બને વસ્તુને સાચવી રાખીને ચાલતા ચાલતા એક સાંજે વિધાનગરમાં આવી પહોચ્યાં. તે પછી રાજાને સમાચાર મોકલતા રાજાએ હુકમ કર્યો કે સવારે સભામાં પધરાવી લાવજો.

હવે સવારે વ્હેલા ઉઠી સ્નાન વિ. દેહ કર્તવ્ય તેમજ શ્રી ઠાકોરજીની સેવા વિ. જેવા નિત્ય નિયમ તરીકેના પણ કાર્યોમાંથી પરવારીને રાજા સભાગૃહમાં પધાર્યા અને રાજસિંગાસન ઉપર બિરાજીને માણસોને હુકમ કર્યો કે એક સોનાનો કટોરો તેમજ મખમલની ગાદીવાળુ જે સેવાનું સિહાસન છે તે અહીં પધરાવી લાવો. આમ રાજાએ કરેલા હુકમ મુજબ સોનાનો એક કટોરો તેમજ સિંહાસન લાવીને રાજાની સામે પધરાવ્યા બાદ રાજાએ નિત્ય કથા વાંચનાર પંડિતજીને બોલાવવા માટે માણસને મોકલતાં માણસે પંડિતજી સામે જઈને કહ્યું કે આપને મહારાજાધિરાજ બોલાવી રહ્યા છે. મહારાજાધિરાજ બોલાવી રહ્યા છે એવા શબ્દો સાંભળતા જ પંડિતજીના હૃદયમાં તો ગભરાટના વાદળો ફરી વળતા ધ્રુજતા ધ્રુજતા વિચાર કરવા લાગ્યા કે કથામાં આવેલા વ્રજભૂમિના પ્રસંગનું વર્ણન કરતી વખતે મે કહેલ તો હતું કે શ્રી ગિરિકાજજી રત્નમય છે અને શ્રી ગોવિન્દ કુંડ દુધમય છે. પરંતુ કાદચ જો આવું નહિ હોયતો બસ મારુ તો જાણે આવી જ બન્યુ સમજો... સારુ, જે બનવાનું હશે તે બનશે... બાકી હવે થાય પણ શું ?..... આવા ભયરૂપને મનમાં કંઈક વિચારો કરી તો રહયા હતા છતાય આખરે પંડિતજી તો ખરાને એટલે વળી પોતાના ભયરૂપેના વિચારોને બદલાવતા કોઈ બીજા જ ભાવરૂપે નો વિચાર કર્યો કે અરે... મે જે કંઈ કહ્યું હતુ તે મારા ઘરનું તો કંઈ કહ્યું જ નથી એટલે કે શાસ્ત્રમાં જે લખેલ હતુ તે જ મેં કહ્યું હતુ એટલે તેથી મારે ભય પામવા જેવું શું છે.?... વળી જો તે અસત્ય હશે તો તે શાસ્ત્ર જાણે અને શાસ્ત્રના કર્તા એટલે કે પ્રભુ જાણે મારે શું?.... તેમજ શાસ્ત્રોની સત્યતા રાખવી તે શ્રી ઠાકોરજીના હાથની વાત છે બાકી મારા જેવો બ્રાહ્મણ વળી શું કરે?... આમ એક બચાવ તરીકે નો વિચાર કીને નિર્ભયતાથી પંડિતજી તો સભાગૃહમાં આવીને રાજાની પાસે રહેલા આસન પર બેઠા. તે પછી રાજાએ પુરોહિતને બોલાવતા વ્રજભૂમિમાંથી પધરાવી લાવેલ બન્ને અલૌકિક વસ્તુઓ લઈને પુરોહિત સભાગ્રહમાં આવ્યા અને રાજાએ કરેલ સુચન મુજબ શ્રી ગિરિરાજજીના સ્વરૂપને મખમલની ગાદી ઉપર તેમજ સોનાના કટોરામાં શ્રી ગોવિન્દકુંડવાળા જલને પધરાવતા તરતજ શ્રી ગિરિરાજજી જે પથ્થરરૂપે દેખાતા હતા તે 'રત્નમય' બની ગયા અને શ્રી ગોવિંદ કુંડનું જલ જે જલરૂપે દેખાતુ હતુ તે "દુધમય" બની ગયું હતું. એટલે સમજો કે " જેવો જેનો ભાવ તેવા તને દર્શન " અને " જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ" એ નિયમે ક્યાં પુરોહિતની લૌકિક દ્રષ્ટિ અને ક્યાં કૃષ્ણદેવ રાજાની અલૌકિક દ્રષ્ટિ ?... ક્યાં પુરોહિત અને પંડિતજી જેવા સામાન્ય જીવોનો ભાવ અને ક્યાં રાજા જેવી દૈવી જીવોનો ભાવ?... એટલે અલૌકિક ભાવરૂપેની જે અલૌકિક દ્રષ્ટિ છે તેજ દૈવી જીવ તરીકેનું

એક ચિન્હ છે. આમ માત્ર રાજા એકની જ અલૌકિક દ્રષ્ટિ દ્વારા સભાગ્રહમાં બેઠેલા સૌ કોઈને આવા અલૌકિક સ્વરૂપે દર્શન થતા રાજા,રાણી, પંડિત,પુરોહિત સહિત સૌ કોઈ આશ્ચર્ય પામીને ખરેખર ચકિત થઈ ગયા હતા. તે પછી આમ થયેલા અલૌકિક દર્શન દ્વારા પોતાના અહોભાગ્ય માનતા રાજાએ પોતે કપુરથી આરતી ઉતારીને નૈવેધ ભોગ એટલે કે પ્રસાદી વસ્તુઓ ભોગ ધર્યો હતો. બાદ કૃષ્ણદેવ રાજાએ તો દૈવી જીવ તરીકે મહાન હતા કે જેથી પોતે વિચાર કર્યો કે વ્રજભૂમિના આવા અલૌકિક સ્વરૂપોને અહીં ઘરમાં પધરાવી રાખવા તે અપરાધ જેવું ગણાતુ હોવાથી રાજાએ આ બન્ને અલૌકિક વસ્તુઓને જે સ્થળેથી પધરાવી લાવવામાં આવી હતી ત્યાં જ તેજ સ્થળે પાછી પધરાવી દેવાનો રાજાએ હુકમ કરતા તેજ પુરોહિતઓ બન્ને અલૌકિક સ્વરૂપોને જ્યાંથી પધરાવી લાવ્યા હતા ત્યાંજ તેજ સ્થળે પધરાવવા માટે વ્રજભૂમિમાં ગયા અને કાર્ય બરાબર કરીને વિધાનગરમાં પાછા આવી ગયા.

તે પછી જેનું પ્રમાણ કાઢ્વું મુશ્કેલ થઈ પડે તેટલા પ્રમાણમાં દ્રવ્ય કૃષ્ણદેવ રાજાને ત્યાં હતું કે જેના કારણે પોતાના રાજયના પ્રવેશમાં દરેક નગરમાં કે પછી દરેક ગામમાં તોલ કરીને આપવા દેવાનો જે વ્યવહાર ચાલતો હતો તે સોનાના ત્રાજવાને જ તોલ કરીને આપવા લેવાનો વ્યવહાર ચાલતો હતો. વળી બ્રાહ્મણો ને દાન-દક્ષિણામાં અપાતા સોનાનું વજન તો કરવામાં આવતું જ નહતું. વળી પોતે મોતીથી ભરેલી જ મોજડી પહેરતા હતા. વળી રાજ્યમાં કોડીના ચલણને બદલે ત્રાંબાના પૈસા ચાલતા, ત્રાંબાના પૈસાને બદલે ચાંદીના રૂપિયા ચાલતા અને ચાંદીના રૂપિયાને બદલે સોનાની મહોરો ચાલતી હતી. વળી આવા વૈભવ સાથે રાજ્યના રક્ષણ અર્થે પાંચ હજાર હાથીનું એક લાખ ઘોડેસ્વારનું અને દશ લાખ પાયદળ એટલે કે આવું મોટું લશ્કર -સૈન્ય કાયમ માટે રાખેલ હતું કે જેમાંથી પાંચસો હાથી , વીસ હજાર ઘોડેસ્વાર અને એક લાખ પાયદળનું લશ્કર-સૈન્ય તો વિધાનગરમાં જ અને તે પણ હંમેશને માટે તૈયાર જ હોય તેવી રીતે સજ્જ કરી રાખવામાં આવેલું હતું. (આવી આ મોટી મોટી વાતો પ્રત્યે કદાચ જો શંકા જેવું થાય તો વિધાનગરના ઈતિહસ તરફ દ્રષ્ટિ કરી લેવી.) વળી પોતાને ધર્મ પ્રત્યે પુરેપૂરો ભાવ હોવાથી પોતાના મહેલમાં બે હજાર બ્રાહ્મણો તો પૂજા-પાઠ કરવા માટે આવતા હતા એટલે આવો કૃષ્ણદેવ રાજાને ત્યાં રાજ-વૈભવ હતો.

હવે માનવ જીવનમાં જ્યારે જ્યારે કોઈપણ પ્રકારનું ઉલટું પરિવર્તન થવાનું હોય છે ત્યારે ત્યારે પોતાના શાન્તિપૂર્વકના ચાલી રહેલા જીવન પ્રવાહમાં ન કલ્પી શકાય તે પ્રકારે વિઘ્નરૂપેની કંઈને કંઈ નવી ઘટના બને જ છે. એટલે કુદરતના આવા નિયમ અનુસાર અહીં પણ એવું જ બનવા પામ્યું હતું કે કૃષ્ણદેવ રાજાનો વૈભવી જીવન પ્રવાહ જે શાન્તિપૂર્વક ચાલી રહ્યો હતો તેમાં વિઘ્નરૂપે એક એવી ઘટના બનવા પામી હતી કે કૃષ્ણદાસ રાજાના ધર્મપત્નિ કે જે વિધાનગરના મહારાણી થયા હતા તે આ મહારાણી માધ્વ સંપ્રદાયના આચાર્ય વ્યાસ તીર્થ દંડીના સેવક હતા કે જેથી કૃષ્ણદેવ રાજાને પણ મારે દીક્ષા આપીને સેવક કરવા એવી આ માધ્વ સંપ્રદાયના આચાર્યે ઈચ્છા દર્શાવી. આમ માધ્વ સંપ્રદાયના આચાર્યે દર્શાવેલી પોતાની ઈચ્છાના આધારે વિધાનગરના કહેવાતા આખાય શહેરમાં આનંદરૂપેના વાતાવરણોમાં વાદ-વિવાદોના પગરણો મંડાયા હતા એટલે કે શારીરિક શક્તિથી અલૌકિક બુદ્ધિથી, પુરેપુરા વૈભવથી અને વળી ઉત્તમ પ્રકારના દાન કરવાથી કૃષ્ણદેવ રાજાની વ્યાપેલી કીર્તિને સહન નહિ કરનારા શાંકરમતવાળાઓ (શૌવ-શંકર મતવાળાઓ) વિરોધી થઈને માધ્ય સંપ્રદાયના આચાર્યની વિરુદ્ધમાં ધાંધલ મચાવીને રાજ્યમાં જે આનંદ હતો તેને બદલે કેલશ ઉતપન્ન કરાવવા લાગ્યા હતા અને પછી તો એકબીજાઓ પોતપોતાના મતને જ ઉત્તમ બતાવવા અર્થે હદ ઉપરાંતના વિરોધો કરવા લાગ્યા હતા. પરિણામે રાજ્યમાં ચોતરફ કોલાહલ જામી જતાં કૃષ્ણદેવ રાજા ચિંતાત્તુર બન્યા કે હવે કરવું શું ?....

આખરે કંઈક વિચારોના અંતે ક્યો મત શ્રેષ્ઠ છે તેનો નિર્ણય કરવા માટે એક ધાર્મિક સભા ભરવી. એવો વિચાર કરીને ભારતમાં જે જે મુખ્ય આચાર્યો હતા તેઓ બધાને કૃષ્ણદેવ રાજાએ આમંત્રણો મોકલીને બોલાવ્યા અને નક્કી કરેલા દિવસે ધાર્મિક સભાની શરૂઆત કરતાં પોતાને ત્યાં ઉપસ્થિત થયેલા પ્રશ્નનો ઉકેલ કરવા માટે રાજાએ સુચન કર્યું કે જે કરેલા માધ્વ બાદ પ્રથમ તો માધ્વ સંપ્રદાયના શંકરમતવાળા આચાર્યો વચ્ચે વાદવિવાદ ચાલતા ચાલતા માધ્વ સંપ્રદાયના આચાર્યની સહાયનાં નિમ્બાર્ક, સંપ્રદાયના, વિષ્ણુસ્વામી સંપ્રદાયના અને રામાનુજના સંપ્રદાયના આચાર્યો હતા. અને સામા પક્ષવાળા શાંકરમતવાળા આચાર્યની સહાયમાં શૈવ, શાક્ય, ગાણાપાત્ય, સૌર, વિ. મતવાળા હતા. તેમજ મધ્યસ્થ પક્ષવાળા તરીકે ગૌતમ, કણાદ, મીમાંસક વિ. હતા. આમ આ સૌની સમક્ષ વાદ ચાલતા ચાલતા થોડાક દિવસ તો જાણે વિત્યા પરંતુ કોઈ નિર્ણય થઈ શક્યો ન હતો વળી ભગવદ્ આજ્ઞાનુસાર વિષ્ણુસ્વામી સંપ્રદાયવાળા વાદવિવાદમાં નહિ ઉતરતા શાન્ત જ રહ્યાં હતા.

આમ વિરોધી પક્ષ તરીકે પોતાની સામે ખાસ કરીને કોઈ પણ નથી તેવું જાણતા શાંરમતવાળા તો અભિમાની બનીને આ ધાર્મિક સભામાં ધર્મ સંબંધી ઝઘડા જ કરવા લાગ્યા હતા. વળી આવું બની રહેલ હોવા છતાંય સૌના વાદવિવાદની વાતો કૃષ્ણદેવ રાજા શાંતિપૂર્વક સાંભળ્યા જ કરતા હતા પરંતુ કોઈ પક્ષને સંમતિ આપવાનો વિચાર પોતાના હૃદયમાં થયો નહિ હોવાથી પોતે કંઈ બોલતા જ ન હતા. કે જેથી શાંકરમતવાળા ઓ વધારેને વધારે વિવાદોમાં ઉતરી જઈને ધર્મ ક્લેશ વધારી રહ્યાં હતા કે એટલે કે એક પછી એક એમ સાતસો અન્ય મતવાળાઓ શાંકરમતવાળાઓને અનુકુળ થઈ જતા મહાશૈવથી શિવને પરબ્રહ્મ કહી બતાવીને એટલે કે શ્રુતિનો વિરૂદ્ધ અર્થ કરીને તેમજ ધર્મ ઝગડાઓ ખોટો વધારો કરીને અન્ય સૌની સાથે વાદવિવાદ કરવાને તૈયાર થયા હતા . આમ પોતાના રાજ્યમાં ન ધારેલ તેવા પ્રકારના થયેલા પરિવર્તનવાળા કૃષ્ણદેવ રાજાના હૃદયમાં ઘણું જ દુઃખ થતાં પોતે એ જ વિચાર કરી રહ્યા હતા કે ઉત્પન્ન થયેલા આ ધર્મ ઝઘડાનો અંત હવે કેવી રીતે લાવવો?........ વળી આવા પરિવર્તન પાછળ પ્રભુએ વિચાર્યું પણ શું હશે?.........

બાદ એક દિવસ જ્યારે કૃષ્ણદેવ રાજા રાત્રે સૂતા હતા ત્યારે મધ્ય રાત્રિએ નિંદ્રામાં શ્રી ભગવદ્ આજ્ઞા થઈ કે ધર્મ સંબંધી ઉપસ્થિત થયેલા ઝઘડાની તમે જરાપણ ચિંતા ન કરો આ બધી મારી લીલા છે માટે તમે હવે એ દેશ પરદેશ માં જ્યાં ત્યાં વિષ્ણુસ્વામી સંપ્રદાયની જે જે વિરોધ મતવાળા હોય તેઓ બધાયને જાહેર સમાચાર આપી આપીને તમારા કહેવતા આ વિધાનગરમાં ધર્મ સંબંધની ચાલી રહેલી ધાર્મિક સભામાં કોઈ રહી ન જાય તેવી રીતે સૌને બોલાવી લેજો વળી આજથી અઠ્ઠાવીસમાં દિવસે શ્રી વલ્લભાચાર્યજીના નામે મારુ જ સ્વરૂપ તમારી આ ધર્મ સંબંધેની સભામાં પધારશે અને સૌનો પરાજય કરશે.... આવામાં કૃષ્ણદેવ રાજાની આંખો ખુલી તો ગઈ પરંતુ પોતાના હૃદયમાં " હરિરસ" (વીર્યરસ) પ્રગટ થઈ ગયો હતો. પરિણામે રોમેરોમમાં અતિ હર્ષ ઉત્પન્ન થઈ જતા કૃષ્ણદેવ રાજાની મનોદશાનું ખરેખર પરિવર્તન થઈ જવા પામ્યું હતું.

તે પછી સવારનો સમય થતાં કૃષ્ણદેવરાજા પોતાનાં નિત્ય કાર્યોમાંથી પરવારીને રાજ્યસભામાં આવ્યા કે જ્યાં ઉપરી અધિકારીને બોલવાને હુકમ કર્યો કે દેશ પરદેશના દરેક શહેરે શહેરમાં અને ગામે ગામમાં સમાચાર પહોચાડી શકે તેવા માણસોને રવાના કરીને જાહેર સમાચાર તરીકે સમાચાર મોકલો કે ધર્મ સંબંધી વાદવિવાદો કરવાની જેઓની ઈચ્છાહોય તેઓ બધાય આજથી અઠ્ઠાવીસ દિવસની અંદર અમારા વિધાનગરમાં આવી જાય. બાકી અમને ખબર ન હતી તેવું કહીને પાછળથી કોઈ વાંધો ઉઠાવી ખોટો વિરોધ કરશે તો તે ચાલી શકશે નહિ... આ પ્રમાણે કૃષ્ણદેવ રાજાના હુકમની વાત સાંભળીને ઉપરી અધિકારીએ તો આ જાહેર સમાચાર આપવા અર્થે માણસો મોકલી આપ્યા. આમ જાહેર સમાચાર સર્વત્ર પહોંચતાં દરેક સ્થળેથી લાખો બ્રાહ્મણો વિધાનગરમાં મોકલી આપ્યા હતા. વળી જેમ જેમ બ્રાહ્મણો આવી રહ્યા હતા તેમ તેમ તેઓ બધાયને રહેવા તેમજ ભોજન માટેનો પ્રબંધ કરેલ હોવાથી પ્રબંધ અનુસાર સૌનો યોગ્ય સત્કાર કૃષ્ણદેવ રાજા તરફથી કરવામાં આવતો હતો કે જેથી પોતાના રાજ્યમાં આવેલા કોઈને કોઈપણ જાતની તકલીફ થવા પામે નહિ. અથવા કોઈ નારાજ પણ થાય નહિ.

આમ આ ધર્મ સંબંધી ઝઘડાના પ્રસંગ નિમિત્તે આવી રહેલા બ્રાહ્મણોની વિદ્યાનગરનાં જે ભીડ થવા પામતી હતી તે ભીડવાળા દ્રશ્યને જોતા ત્રણ પ્રકારની ઉપમા આપી શકાય તેવા દ્રશ્યો દેખાઈ રહ્યા હતા કે જેમાનું અક દ્રશ્ય મહાભારત સમાન, બીજું દ્રશ્ય પાંડવોના અશ્વમેઘના યજ્ઞ સમાન અને ત્રીજુ દ્રશ્ય સ્વંયવર સમાન દેખાતું હતુ એટલે આવી આ ત્રણ પ્રકારની ઉપમા યોગ્યનો દેખાવ કૃષ્ણદેવ રાજાના કહેવાતા વિધાનગરમાં જોવામાં આવત્તો હતો. હવે બહારગામથી સૌ કોઈ આવી ગયા હશે એવું અનુમાન કરીને આવેલા સૌ આચાર્યોના તેમજ બ્રાહ્મણોના ઉતારા ઉપર માણસો મોકલીને સમાચાર મોકલવામાં આવ્યા હતા કે અહીં યોજવામાં આવેલ ધાર્મિક સભાનો માણસ મોકલીને સમાચાર મોકલવામાં આવ્યા હતા કે અહીં યોજવામાં આવેલ ધાર્મિક સભાનો પ્રારંભ આવતી કાલે સવારે કરવામાં આવશે કે જેથી સૌ કોઈએ આવતી કાલે સવારે કરવામાં આવશે કે જેથી સૌ કોઈએ આવતી કાલે સવારે સભાગૃહમાં આવી જવું તેમજ રાજાના હુકમ મુજબ દરેક વ્યકિતની યોગ્યતા મુજબ બેસવા માટેના આસનોની ગોઠવણી કરીને સભાગ્રહમાં દરેક પ્રકારની તૈયારીઓ કરવામાં આવી. બીજા દિવસે સવારે.

બાદ ગઈ કાલે અપાયેલા સમય મુજબ સભાનો સમય થતા પહેલા ઉપરી અધિકારીઓએ તેમજ રાજ્યના અધિકારીઔએ અન્ય માણસોએ સજ્જ કરેલા આલીશાન સભાગ્રહમાં આવીને પોતે પોતાનું કાર્ય સંભાળ્યું હતું. તે પછી સમય થતાં અન્ય જગ્યાએથી આવેલા આચાર્યો પંડિતો તથા અન્ય સામાન્ય બ્રાહ્મણો એમ સૌ કોઈ સભાગ્રહમાં પ્રવેશ

કરીને ચોક્કસ કરી રાખેલા પોત પોતાના આસનો પર બેસવા લાગ્યા હતા. આમ આવનાર સૌ કોઇ સભાગૃહમાં આવી ગયા બાદ થોડીક ક્ષણોમાં જ કૃષ્ણદેવ રાજા સભાગૃહમાં આવ્યા અને પોતાને બેસવાના રાજસિંહાસન પાસે ઉભા રહીને રાજ્યની એક રિતી અનુસાર આવેલા આચાર્યો, પંડિતો તેમજ સામાન્ય બ્રાહ્મણો એમ સૌ કોઈને પ્રણામ કરીને કૃષ્ણદેવ રાજા પોતાના સિંહાસન ઉપર બેઠા. બાદ તરત જ ઉભા થઈને આ ધાર્મિક સભાનો પ્રારંભ કરવા માટે એક સ્વયંવરની ઉપમા પ્રગટ કરી બતાવવા કૃષ્ણદેવ રાજાએ સભામાં આવેલા સૌની સમક્ષ વિનંતીપૂર્વક કહ્યું કે અહીં આ વિધાનગરમાં યોજવામાં આવેલ આ ધાર્મિક સભામાં ધર્મ સંબંધના વાદવિવાદો દ્વારા શ્રેષ્ઠ મત ઠરાવતા જેમનો વિજય થશે તેમને કનકાભિષેક કરીને તેમનો હું સેવક થઈશ માટે નિર્ણય કરી બતાવો કે શ્રેષ્ઠ મત કયો છે?......

તે પછી કેમ જાણે વાણીરૂપેના સંગ્રામે આવ્યા હોય તેમ પોત પોતાનો પ્રભાવ બતાવતા માધ્વ સંપ્રદાયના આચાર્ય અને શંકરમતવાળાના આચાર્ય વચ્ચે વાદવિવાદોની શરૂઆત થતા અગાઉની માફક જ વાણીરૂપેના હથીઆરો દ્વારા સામસામા વાદવિવાદો કરવા લાગ્યા હતા. અને પછી તો બે, ત્રણ,ચાર, પાંચ એમ એક એક દિવસ કરીને છવિસ દિવસ સુધી શાસ્ત્રર્થ કરતા કરતા આખરે શાંકરમતવાળા શંકરાચાર્ય વાદમા જીતશે એવું અનુમાન કરીને આજની સભા વિસર્જન થઈ હતી. બાદ ત્રીજા દિવસેં એટલે કે સત્તાવીસમાં દિવસે પણ રોજના કાર્યક્રમ મુજબ સૌ કોઈ સભાગ્રહમાં આવીને આ સભામાં પ્રપંચી-માયાવાદીઓ પોતાને કનકાભિષેક થાય એવા ઈરાદાએ કંઈક પ્રકારના પ્રયત્નો કરી કરીને શાસ્ત્રાર્થ કરી રહ્યા હતા. આખરે શાંકરમતવાળા શંકરાચાર્યે માધ્ય સંપ્રદાયવાળા માધ્વાચાર્યને વાદમાં જીત્યા હોવાથી શાંકરમતવાળાનો મત શ્રેષ્ઠ ગણાતા તે મતવાળા આચાર્યને આવતી કાલે કનકાષિભેક કરવાનો નિર્ણય કૃષ્ણદેવ રાજાએ જાહેર કરતા સૌ કોઈ પોત પોતાના ઉતારે ગયા.

જ્યારે બીજી તરફ કાશીમાં માત્ર ૬૪ દિવસમાં જ વેદ, પુરાણો તેમજ દરેક પ્રકારના શાસ્ત્રો ભણીને પોતાનો અભ્યાસ શ્રી વલ્લભે પુરો કર્યો હતો. આમ આટલા ટુકા સમયમાં શ્રી વલ્લભનો અભ્યાસ પુરો કરીને શ્રી વલ્લભ એક મહાન વિધ્વાન થઈ ગયેલા એવું સમજીને કાશીના વિદ્વાનો શાસ્ત્રાર્થ કરવા માટે શ્રી વલ્લભ પાસે આવ્યા. વાદવિવાદ કરતા કરતા એક દિવસ પોતાના પિતાશ્રીની સમક્ષ શ્રી વલ્લભે આવેલા વિદ્વાનો ને નિરૂત્તર કરી માયામતનું ખંડન કરીને કાશીમાં ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું. શ્રી વલ્લભે કરેલા આવા પ્રકારના કાર્યથી શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ પોતાના પુત્ર શ્રી વલ્લભને કહ્યું કે આ કાશીના બ્રાહ્મણો અહીંના આ વિશ્વનાથ પ્રભુને બહુ જ વહાલા છે તેથી તેઓનું અપમાન કરવું એ આપણું કર્તવ્ય નથી પિતાશ્રીના આ વચનો સાંભળીને શ્રી વલ્લભ મનમાં વિચાર કરવા લાગ્યા કે અરે.... માયા મતનું ખંડન કરીને ભક્તિમાર્ગનું સ્થાપન કરવા માટે જ મારો અવતાર થયો છે પરંતુ પિતાશ્રી મને આમ જો અટકાવ્યા કરશે તો મારું કાર્ય કેમ થશે?..... એટલે હવે પિતાશ્રી સ્વધામ પધારે તો જ મારું કાર્ય સરળતાથી થઈ શકશે. આવા પ્રકારનો વિચાર કરીને શ્રી વલ્લભે યાત્રા કરવા જવાનું નિમિત્ત કરીને પોતાના માતા-પિતાને એક દિવસ કહ્યું દક્ષિણમાં શ્રી લક્ષ્મણ બાલાજી નામના તીર્થમાં યાત્રા કરવા જવાની મારી ઈચ્છા થઈ છે કારણકે સર્વ તીર્થમાં તે તીર્થ એક મહાન કહેવાય છે. પુત્રની મનોભાવના જાણી શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ તથા શ્રી ઈલ્લમાગારૂજી વિગેરે કુટુંબીઓએ શ્રી લક્ષ્મણ બાલાજીના કહેવાતા તીર્થ ધામની યાત્રા એ જવાની તૈયારી કરી.

બાદ પોતાના પ્રાણપ્યારા પુત્રની ઈચ્છા પ્રમાણે કાશીથી કૃષ્ણદાસ મેઘન સહિત સૌ રવાના થઈને દક્ષિણમાં આવેલા શ્રી લક્ષ્મણ બાલાજીના તીર્થધામમાં આવી પહોચ્યાં આમ આખાય કુટુંબનો આ તીર્થધામમાં પ્રવેશ થતાં આ કુટુંબમાના શ્રી વલ્લભ સ્વરૂપને જોઈને ગ્રામજનો સૌ મોહ પામી વિચારવા લાગ્યા કે આવો બાળક તો આપણે કદીપણ જોયેલ નથી તેથી આ બાળક કોઈ મહાન લાગે છે એમ માનીને સૌ પ્રણામ કરવા લાગ્યા હતા. તે પછી ગામમાં પ્રવેશ કરતા કરતા એક સ્થળે મુકામે કરીને લક્ષ્મણ બાલાજીના કહેવાતા મંદિરમાં ગયા અને ત્યાં સૌએ દર્શન કર્યા હતા. તે પછી વલ્લભે પોતાના પિતાશ્રીને કહ્યું કે હવે તમે પ્રભુને માટે સુંદરમાં સુંદર શૃંગારોની તૈયારી કરાવો. બાદ બીજી દિવસે સ્નાન કરીને સૌ મંદિરમાં ગયા હતા કે જ્યાં લક્ષ્મણ ભટ્ટજી શ્રી બાલાજીની ખરા ભાવ થી સેવા કરીને તૈયાર કરાવેલા શૃંગારો ધરાવતા હતા તેવામાં પ્રભુને અચાનક બગાસુ આવવાથી શ્રી લક્ષ્મણ ભટ્ટજી પ્રભુના મુખ કમલમાં લીન થઈ જતા સૌ આશ્ચર્ય પામીને વિલાપ કરવા લાગ્યા હતા. આમ પોતાના પતિનો મુખ-કમલમાં પ્રવેશ થઈ ગયેલો જોઈને શ્રી ઈલ્લમાગાજીરૂ પતિના વિયોગે બહુ જ વિલાપ કરવા લાગ્યા હતા કે હવે મારુ કોણ ?.... .... પરિણામે રુદન કરતાં આખોમાંથી આસુંઓની ધારાઓ વહેવા લાગી હતી. માતાજી ને આવા પ્રકારનો વિલાપ કરતા દુઃખી થતા જોઈને શ્રી વલ્લભે કહ્યું કે માતાજી, વિલાપ ન કરો, દુઃખી ન થાઓ , રડો નહિ, અક્ષર પુરુષનો આખરે બ્રહ્મમાં જ લય થાય છે. માટે દુઃખી ન થાઓ. હવે થોડાક સમય મારા પ્રત્યેના પ્રેમ અર્થે મારી સાથે રહો અને પછી તમે પણ તમારા પતિને પામશો.......... હવે વિલાપ નહિ કરતાં આપ સૌ વિધાનગરમાં મામાને ત્યાં જાઓ અને હું ટુંક સમયમાં જ ત્યાં આવીને આપ સૌને મળીશ. બાદ શ્રી વલ્લભે પોતાના નાના ભાઈ રામકૃષ્ણ (કેશવપુરી) ને બોલાવીને કહ્યું કે તમે સૌ માતાજી, સાથે મામાને ત્યાં જાઓ અને માતાજીને જેમ સુખ થાય તેમ કરજો. આટલું કહીને સૌએ વિધાનગરમાં પોતાના મામાને ત્યાં વિદાય કર્યા. તેમજ પાછળથી પોતાના પિતાશ્રીની લૌકિક બધી ક્રિયાઓ કરીને પોતે સ્વતંત્ર થતા વિચાર કર્યો કે હવે કઈ તરફ જવું ?........ અને પછી.... " નિજ ઈચ્છા કરિષ્યતિ " મુજબ પોતે એક બ્રહ્મચારીનો વેશ ધારણ કરીને કૃષ્ણદાસ મેઘન સાથે રાખી વિધાનગર તકફ પાછા પધાર્યા.

તે પછી શ્રી વલ્લભ પ્રભુ વિધાનગર તરફ પધારી રહ્યા હતા. આવામાં વચ્ચે દામોદરદાસ હરસાનીનું ગામ આવતાં દામોદરદાસજીને અચાનક શ્રી વલ્લભ પ્રભુના દર્શન થતાં પોતાના આનંદનો પારજ રહ્યો ન હતો. અને પછી તો એક બીજીને થયેલી ચર્ચાથી દામોદરદાસજી પોતાનું બધુંય છોડીને પોતાના પ્રાણથી પણ પ્યારા એવા શ્રી વલ્લભ પ્રભુની સાથે ચાલી નીકળ્યા હતા. ચાલતા ચાલતા એક દિવસ સાંજ ના સમયે કૃષ્ણદેવ રાજાના કહેવાતા વિધાનગર નામના શહેરમાં પ્રવેશ કરીને વિધાભૂષણ નામે કહેવાતા પોતાના મામાને ઘેર પધાર્યા કે જ્યાં માતાજી વિ. એક બીજાઓ સૌ મલ્યા. તેમજ શ્રી વલ્લભ પ્રભુને કહેવાતા આ મામા કૃષ્ણદેવ રાજાના રાજ્યમાં એક ઉપરી અધિકારી હતા કે જેમને સમાચાર મળતા પોતે ઘેર આવીને શ્રી વલ્લભ પ્રભુને અતિ પ્રેમથી મળ્યા હતા. હવે વિધાનગરમાં અત્યારે જે બની રહેલું છે તેમાંનુ શ્રી વલ્લભ પ્રભુથી કંઈ પણ અજાણ્યું નથી. છતાંય થોડીક વાર વિશ્રામ લીધા બાદ પોતાનો પ્રભાવ બતાવવા માટે વિધાનગરની પરિસ્થિતિનો ખ્યાલ કરાવતાં પોતાના મામા કેવળ જીવ દ્રષ્ટિએ કહેવા લાગ્યા કે રાજાને માધ્વ સંપ્રદાયના સેવા કરવા અર્થે રાજ્યમાં બગડેલી પરિસ્થિતિના આધારે આ વિધાનગરના કૃષ્ણદેવ રાજાએ ચારેય સંપ્રદાયના આચાર્યોને, અનેક વિદ્વનોને તેમજ અનેક પંડિતોને આમંત્રણો આપીને પોતાને ત્યાં ચાલી રહેલી ધાર્મિક સભામાં આવવા માટે બોલાવ્યા હતા. વળી સૌ આવ્યા પણ ખરા કે જેમાં ભસ્મ રુદ્રાક્ષ ધારણ કરનારા પ્રચંડ માયાવાદીઓ, શૈવ, શાક્ત, બૌધ્ધ , કાપાલિક તેમજ જૈન ધર્મીઓ પણ આવેલા હતા કે જેઓ એક બીજાઓ સામ સામે શાસ્ત્રર્થ કરી રહ્યા હતા. અનેક શાસ્ત્રોમાં પ્રવીણ એવા તે પંડિતો પોતપોતાના મતોને ઉત્તમ બતાવી રહ્યા હતા. આમ અરસપરસ ઘણાય દિવસો સુધી શાસ્ત્રર્થ ચાલતા ચાલતા આખરે આ ધાર્મિક સભામાં સર્વ રીતે શંકરાચાર્ય જીત્યા હોવાથી આવતી કાલે તેમને કનકાભિષેક કરીને અમારા કૃષ્ણદેવ રાજા તેમના સેવક બનવાના છે . આમ આવું કહેવા લાગ્યા હતા પરંતુ શ્રી વલ્લભ પ્રભુના મામા કૃષ્ણદેવ રાજાના હૃદય માં રહેલી વસ્તુને શું જાણે? એટલે જીવ દ્રષ્ટિથી વળી કહેવા લાગ્યા કે આવતી કાલે સવારે તમે પણ સભામાં આવીને તમારા વિષ્ણુ સ્વામી કહેવાતા ઉત્તમ મતને સભામાં જાહેર કરો. વળી આ રાજા મારા જજમાંન હોવાથી હું રાજાનો સમાગમ પણ કરાવી આપીશ . આમ મામાની વાણી સાંભળીને શ્રી વલ્લભ પ્રભુ કોઈ પણ ઉત્તર નહિ આપતા મૌન રહ્યા હતા, તે પછી થોડીક ક્ષણો પસાર થયા બાદ પોતાના મામાએ કહ્યું કે રસોઈ તૈયાર થઈ ગઈ છે તેથી ચાલો ભોજન કરવા જઈએ.

જુઓ મામા, હું ભોજન તરીકે હંમેશા મારા હાથે જ તૈયાર કરેલ અન્ન જમું છું કે જેથી ભોજન કરવા સંબંધમાં તમે મને સ્હેજ પણ આગ્રહ ન કરશો છતાંય જો આગ્રહ કરશો તો તે નકામો છે, કારણકે હું અન્ન કોઈના હાથે તૈયાર કરવામાં આવેલ ભોજન ક્યાંય કરતો જ નથી. શ્રી વલ્લભ પ્રભુની આવી વાત સાંભળીને પોતાના મામા અતિ ગુસ્સે થતા કહેવા લાગ્યા કે અરે વલ્લભ તારા માતાપિતા તેમજ વડવાઓ એમ સૌ કોઈ અમારા હાથે તૈયાર કરેલી રસોઈ જમતા હતા તેમજ અત્યારે જમે પણ છે. પરંતુ તું તેઓના કરતાં પણ વધારે સમજદાર થઈ ગયો કે જેથી ભોજન કરવાની ના પાડે છે. આમ કેટલીક અયોગ્ય વાણી વાપરીને ન સંભળાવવા જેવા ઘણાય કટુ વચનો કહેલા હોવા છતાંય શ્રી વલ્લભ પ્રભુએ તો કંઈપણ નહિ બોલતા કેવળ મૌન ધારણ કર્યું હતું. હવે વિચારો કે ક્યાં થોડીક ક્ષણો પહેલાં મામાએ બતાવેલો પ્રેમ-ભાવ અને થોડીક ક્ષણો પછી ક્યાં મામાએ પ્રગટ કરેલા અભાવ ભરેલા કટુ વચનો ?..... ખરેખર, જીવ સ્વભાવ દુષ્ટ હોવાથી શ્રી વલ્લભ પ્રભુ પર અભાવ સ્વરૂપને આવા કંસ સમાન મામા જાણે પણ શું ?.. એટલે આમ શ્રી વલ્લભ પ્રભુ પર અભાવ દર્શાવીને ગુસ્સે થયેલા પોતાના મામા તો ગુસ્સામાં ને ગુસ્સામાં સીધા કૃષ્ણદેવ રાજા પાસે ગયા કે જ્યાં હવે સૌ એ પણ જોઈ લેજો કે પોતાનામાં રહેલા અહંભાવથી કે પછી ઉપરી આધિકારીપણાની પોતાને સોંપવામાં આવેલી સત્તાથી આવા જીવો શું નથી કરતાં ?..... જીવો ન કરવાનું કરે છે તો ખરા પરંતુ પાછળથી પોતાને જ પસ્તાવાનો સમય આવે છે તે પણ ભૂલવાનું નથી.

હવે પુત્ર પ્રત્યે જનેતા તરીકે કહેવાતી માતાને પ્રેમભાવ કેવો હોય છે?... તે સ્હેજ જોઈએ. એટલે કે શ્રી વલ્લભ પ્રભુના મામા તો જાણે સમજો કે રાજા પાસે ગયા. પરંતુ પાછળથી મામા- ભાણેજ વચ્ચે બની ગયેલા પ્રસંગથી આંખોમાંથી વહી રહેલા આંસુઓને લુંછતાં લુંછતાં માતાજી શ્રી વલ્લભ પ્રભુ પાસે આવ્યા અને પોતાના બન્ને હાથ લાંબા કરીને પુત્રને પકડતાની સાથે જે પોતાની છાતીએ લગાવીને કહેવા લાગ્યા કે તું કેટલો કોમળ છો?...... વળી તું ઉંમરમાં હજુ નાનો છો?........ તું થાકેલો છો!... વળી ભૂખ્યો પણ છો?.... માટે મામાની વાતને મનમાં નહિ રાખતાં જોઈતી બધી સામગ્રી હું તને લાવી આપું છું કે જેથી તું તારા હાથે રસોઈ કરીને ભોજન કરી લે બાકી ભૂખ્યા રહીને રાત્રિ પણ કેમ જાય ?... એટલે મારું માનીને તુ તારા હાથે જ રસોઈ તૈયાર કરીને ભોજન કર, જવાબમાં માતાજીના આવા સ્નેહથી શ્રી વલ્લભ પ્રભુએ વિનંતીપૂર્વક કહ્યું કે માતાજી, હવે રાત્રિ થઈ ગઈ છે તેથી અત્યારે તો કંઈ નહિ સવારે હું અવશ્ય ભોજન કરીશ. બાકી પુત્ર ભલે બાળક સમાન હોય કે પછી યુવાન થાય કે પછી વૃદ્ધ થાય કે પછી ગમે તેવડો મોટો થાય. છતાં પણ પોતાની જનેતા પાસે પુત્ર તો પુત્ર જ કહેવાય. એટલે પુત્રનું જતન કરવું. પુત્રને માટે પારકાના કામ કરીને પુત્રનું ભરણ પોષણ કરવું, પુત્રને લાડ લડાવવા કે પછી પુત્રના ગમે તેવા દોષ હશે છતાંપણ તે દોષને ઢાંકીને પોતાના પુત્રને સારો ગણશે આમ આવું માંતા કરશે અન્ય કોઈ નહિ વળી માતા વિના પુત્રના દુઃખથી દુઃખી પણ કોણ થાય ?..... માતા વિના પુત્રને પ્રેમ ભાવના ખબર પણ શું પડે ?.... માતા વિના પારકાની ન સાંભળવા જેવી વાતો સાંભળીને સહન પણ કોણ કરશે ?

અરે, એટલું જ નહિ પરંતુ પુત્રને માટે માતા પિતા વિના પોતાની જાતને (શરીરને) તુચ્છ માનીને પોતાના જીવનને વેડફી પણ કોણ નાખે ?.... આમ આ બધુય હું સમજુ છું પરંતુ પ્રભુએ મારા માટે આવું વિચાર્યુ હશે?.... એટલે હું કરૂ પણ શું?.. બાકી મામાની આવી કટુ વાણીથી મને લેશમાત્ર પણ દુઃખ થયું નથી . તેથી આ બાબતમાં તમે પણ મનમાં કંઈપણ ઓછું લાવશો નહિ. સૌના જ કર્યા સૌએ ભોગવવાના હોય છે. આવું કહીને શ્રી વલ્લભ પ્રભુએ આસ્વાસન આપીને માતાજીના હૃદયમાં ઉભરાયેલા ઉભરાને શાન્ત કર્યા પછી વિનય પ્રગટ કરી બતાવવા માટે રાત્રિના સમયે પોતાના આ મામાને ત્યાં જ શ્રી વલ્લભ પ્રભુએ પોઢવાની ઈચ્છા દર્શાવવાથી ઘરના સૌ આનંદમાં આવી ગયા હતા અને આખરે શ્રી વલ્લભ પ્રભુએ પોઢી પણ ગયા હતા.

બાદ શ્રી વલ્લભ પ્રભુના વિદ્યાભૂષણ નામના મામા પોતાના નામને વધારે કલંકવાળુ બનાવવા માટે કૃષ્ણદેવ રાજા પાસે તો ગયા હતા પરંતુ ત્યાં જઈને કોઈ એક બીજી જ ભાવનાએ એટલે કે શ્રી વલ્લભપ્રભુ પ્રત્યે પોતાનામાં પ્રગટ થયેલી દુષ્ટ ભાવનાએ રાજાને સમજાવવા લાગ્યા કે મહારાજીધિરાજ. આજે ઘણા દિવસો આપને ત્યાં ચાલી રહેલી આ ધાર્મિક સભામાં બધાય સંમ્પ્રદાયો વચ્ચે શાસ્ત્રાર્થ ચાલી રહેલો હતો કે જેમાં શંકરમતવાળાઓને ચારેય સંપ્રદાયોને નિરૂત્તર કરીને જે વિજય કર્યો છે તે યોગ્ય છે. બાકી આ ભારતભરમાં વિષ્ણુસ્વામી સમ્પ્રદાયમાંના ખાસ કોઈ અહીં આવેલ હોય તેવું દેખાતું નથી. જો કે કોઈ કોઈ આવ્યા તો છે જ પરંતુ તેઓ શાન્ત રહ્યા છે. એટલે શંકરમતવાળાઓએ કરેલ વિજય મુજબ આપ શ્રીમાને આવતી કાલે કનકાભિષેક કરવાનો નિર્ણય આજે સભામાં જે પ્રગટ કરી દીધો છે તે યોગ્ય જ છે. એટલે હવે કદાચ કોઈ નવો પંડિત આવતી કાલે અહીં પહોંચે તો પણ તેનો પ્રવેશ હવે શાસ્ત્રાર્થ કરવા અર્થે આપણા આ સભાગ્રહમાં થવો જોઈએ નહિ. કે જે માટે બંદોબસ્ત પણ કરવો જરૂરી છે. આમ રાજાને આવું સમજાવીને શ્રી વલ્લભ પ્રભુના કંસ સમાન મામા પોતે જાતે જ મુખ્ય દ્વાર પર જઈને પહેરાવાળાઓને રાજાના હુકમ તરીકેની સુચના કરી દીધી કેં આવતી કાલે કદાચ કોઈ નવો પંડિત આવી ચઢે તો તેને સભાગ્રહમાં આવવા દેશો નહિ. વળી આ બાબતમાં પહેરાવાળાઓને બરાબર સચેત કરીને શ્રી વલ્લભ પ્રભુના મામા પોતાને ઘેર આવી પહોંચતા થોડું કંઈક ખાધુપીધુ બાદ કેમ જાણે એક મોટું કાર્ય સિદ્ધ કરીને આવ્યા હોય તેમ પોતાના મનમાં અતિ આનંદ માનતા માનતા સૂઈ ગયા હતા. આમ આવા દુષ્ટ બુદ્ધિવાળા જીવો પોતાને પ્રાપ્ત થયેલી સત્તાનો કેવો દુરપયોગ કરે છે?.... વળી તે સત્તાના આધારે તેઓ શું નથી કરતાં તે જોયું ને ?.... પરંતુ આવા જીવોની સત્તા ભગવદ્ સ્વરૂપોને શું કરી શકવાની હતી ?.... છતાંય આ છે ઉપરી અધિકારીપણાનો એક પ્રભાવ.

હવે શ્રી વલ્લભ પ્રભુનું પોતાના મામાએ અપમાન કરેલ હોવા છતાંય કેવળ માતાજીને દુઃખ ન થાય તેટલા માટે પોતાના મામાને ઘેર શ્રી વલ્લભ પ્રભુ પોઢયા હતા પરંતુ પ્રભુથી તે સહન થયેલ નહી હોવાથી જયાં શ્રી વલ્લભપ્રભુજી પોઢયા હતા ત્યાં જ રાત્રે પ્રગટ થઈને પ્રભુએ વલ્લભ પ્રભુને જગાડીને આજ્ઞા કરી કે અરે, તમે આ દુષ્ટના ઘરમાં કયાં પોઢયા છો?..... તમારો આ દુષ્ટ મામો વળી રાજાનો સમાગમ શું કરાવી આપવાનો હતો ?... કૃષ્ણદેવ રાજા જેવા

અનેક દૈવી જીવો તમારા દર્શનની રાહ જોઈને આતુરતાથી બેસી રહેલા છે. માટે આ તમારા મામાના ઘરનો અત્યારે જ ત્યાગ કરીને આ શહેરની બહાર આવેલ વિદ્યાકુંડ ઉપર જાઓ અને ત્યાંજ મુકામ કરીને રહો. વળી શાસ્ત્રર્થ માટે આવતી કાલનો દિવસ છેલ્લો હોવાથી આ વિદ્યાનગરમાં ચાલી રહેલી ધાર્મિક સભામાં આવેલા અન્ય સૌ માયાવાદીઓને અલૌકિક પ્રભાવ બતાવીને વિજય કરો. આમ આવા પ્રકારની આજ્ઞા કરીને પ્રભુ અંતધ્યાન થતા શ્રી વલ્લભ પ્રભુએ તો પ્રભુની આજ્ઞા પ્રમાણેજ કર્યું કે તરત જ ઉઠીને પોતાના મામાના ઘરનો ત્યાગ કરીને નિજ સેવકો દામોદરદાસ હરસાની તથા કૃષ્ણદાસ મેઘન સહિત શ્રી વલ્લભ પ્રભુ વિદ્યાકુંડ ઉપર પધાર્યા અને બાકી રહેલી રાત્રિ પણ અહીં આ વિદ્યાકુંડ ઉપર રહીને પસાર કરી.

તે પછી વિદ્યાકુંડ ઉપર રાત્રિ પોઢી રહીને પ્રાતઃકાલે નિજ સેવકો ઉઠતા શ્રી વલ્લભ પ્રભુ પણ પ્રભુનું સ્મરણ કરતા કરતા જાગૃત થયા. પછી દેહ ક્રિયા સ્નાન વી. કાર્યોમાંથી પરવારીને વિચારવા લાગ્યા કે સભાગ્રહનાં પહેરાવાળાઓને થયેલ સુચનને આધારે ધાર્મિક સભામાં પ્રથમ મારે જવું તેના કરતા પ્રથમતો કમંડલને જ મોકલાવું અને પછી મારે જવું એવો વિચાર કરીને શ્રી વલ્લભ પ્રભુએ પોતાના અલૌકિક પ્રભાવથી કમંડલને સંબોધીને આજ્ઞા કરતાં કહ્યું કે આ વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાના કહેવાતા સભાગ્રહમાં ચાલતી ધાર્મિક સભામાં જાઓ અને અલૌકિક પ્રભાવથી સર્વ સભાસદોને આશ્ચર્ય ચકિત બનાવીને પાછા અહીં આવો. આમ શ્રી વલ્લભ પ્રભુની આજ્ઞાનું પાલન કરવા માટે દેવી કમંડલ તો કૃષ્ણદેવ રાજા ના કહેવાતા સભાગ્રહ તરફ ચાલ્યું.

જ્યારે બીજી તરફ કૃષ્ણદેવ રાજાને જે દિવસે ભગવદ્ આજ્ઞા થઈ હતી તે દિવસ ગણાતા આજે અઠ્ઠાવીસમો દિવસ છે એટલે આજનો છેલ્લો દિવસ હોવાથી કૃષ્ણદેવ રાજા, રાજ્યના ઉપરી અધિકારીઓ તેમજ અન્ય સૌ માણસો પ્રાતઃકાળ થતા વ્હેલા ઉઠીને પોતપોતાના કાર્યો પતાવીને આજે સૌ સભાગ્રહમાં વ્હેલા આવી જઈને પોતપોતાને સોંપવામાં આવેલા કાર્યોને સંભાળી લીધા છે. એટલે તેમાં કહેવાજેવું પણ શું હોય?..... છતાય શ્રી વલ્લભ પ્રભુના મામાએ સાવધાન કરી રાખવા સભાગ્રહના પહેરાવાળાએ સાવધાનીપૂર્વક સભાગ્રહના પ્રવેશ દ્વાર પાસે ઉભા રહીને પોતાની ફરજ બજાવતા રહેલા છે. રોજના નિયમ મુજબ સભાનો સમય થતા અનેક પંડિતો-વિદ્વાનો આવીને પોતપોતાના સ્થળે બેઠા છે. કનકાભિષેકના સમાચાર સાંભળી સાંભળીને ગામની તેમજ બહારગામથી જનતા મોટા પ્રમાણમાં આવી એકઠી થયેલી છે. સર્વાંગે વ્યાપેલા વીર્યરસથઈ પ્રકાશી રહેલા મુખવાળા કૃષ્ણદેવ રાજા સભાગ્રહમાં બરાબર સામેજ પોતાના સિંહાસન ઉપર બિરાજી રહ્યાં છે. રાજાની જમણી બાજુએ સુવર્ણથી તૈયાર કરાવેલ સિંહાસન એક આસન તરીકે ખાલી પડી રહેલું છે. આ સુવર્ણના સિંહાસનની બાજુમાં રાખવામાં આવેલા બે આસનો પર શ્રી માધ્વ સમ્પ્રદાયવાળા તેમજ શ્રી રામાનુજ સમ્પ્રદાયવાળા આચાર્યો બિરાજી રહ્યાં છે. પછી રાજાની ડાબી બાજુએ રાખવામાં આવેલા બે આસનો પર શ્રી નિમ્બાર્ક સંમ્પ્રદાયવાળા તેમજ શ્રી શંકરમતવાળાના આચાર્યો બિરાજી રહ્યા છે, અને તે પછી, આમ આ બન્ને બાજુએ અન્ય માયાવાદી વિદ્વાનો-પંડિતો તેમજ અન્ય મતવાળાઓ બેઠેલા છે. સભાગ્રહમાં બીલકુલ શાન્તિ જળવાઈ રહે તેવા પ્રકારની વ્યવસ્થા કરીને શ્રી વલ્લભ પ્રભુના મામા વિદ્યાભૂષણ સહિત સૌ ઉપરી અધિકારીઓએ પોતાની દ્રષ્ટિ ફેરવી ફેરવીને ચોતરફ ધ્યાન રાખી રહ્યા છે. કૃષ્ણદેવ રાજાની બંને બાજુએ જે ચાર આચાર્યો બિરાજી રહ્યા છે તેમાંના શ્રી શંકરાચાર્ય પોતાના અહંકાર ને પ્રગટ કરીને વિચાર કરી રહ્યા છે કે આજે મને કનકાભિષેક થવાનો છે. તે પછી કેમ જાણે પ્રબળમાયાવાદીઓના શાસ્ત્રર્થનો અંત હજી આવ્યો ન હોય તેવા વિચારો કરતા શ્રી માધ્વાચાર્ય, શ્રી રામાનુંજાચાર્ય, શ્રી નિમ્બાકાર્યચાર્ય તેમજ અન્ય મતવાળા વિદ્વાનો-પંડિતો પણ પોત પોતાના વિચારો કરતા બેસી રહીને સભાને અતિ શોભાયમાન કરી રહ્યા છે.

તે પછી કૃષ્ણદેવ રાજા પોતાના સિંહાસન ઉપર બિરાજીને વિચાર કરી રહ્યા છે કે આજે છેલ્લો દિવસ હોવાથી મને થયેલી ભગવદ્ આજ્ઞાનુસાર શ્રી વલ્લભાચાર્યજી હવે જરૂર પધારવા જોઈએ તેવા પ્રકારે કૃષ્ણદેવ રાજા શ્રી વલ્લભપ્રભુની અતિ આતુરતાથી હવે રાહ જોતા બિરાજી રહેલા છે. પરંતુ લૌકિક દ્રષ્ટિએ સભાનો કાર્યક્રમ શરૂ કરવા માટે ઉભા થઈને એક રાજ્યની રીતી અનુસાર આવેલા સૌ સભાસદોનો એક સ્વયંવરનીરૂપે આભાર-દર્શન પ્રગટ કર્યા પછી કહ્યુ કે આ વિદ્યાનગરમાં ચાલી રહેલી ધાર્મિક સભામાં સૌ મતવાળાનો શાસ્ત્રર્થ થતા આખરે શાંકરમતવાળા કહેવાતા શ્રી શંકરાચાર્યજીનો વિજય થતા આજે તેમને કનકાભિષેક કરવામાં આવે છે છતાપણ અન્યાય ન થાય તે માટે ફરીને એક વિનંતી કરું છું કે કોઈપણ વ્યક્તિને વિરોધ તરીકે જો હજી કંઈપણ કહેવાનું રહી જતું હોય તો તેઓ પોતાનો વિરોધ અત્યારે અહીં પ્રગટ કરી બતાવે. બાકી પાછળથી જે કંઈ કહેવામાં આવશે તે નકામું થશે.

આમ સભામાં વાર્તાલાપ થઈ રહ્યો રહેલો છે એવામાં શ્રી વલ્ભ પ્રભુએ વિદ્યાકુંડથી રવાના કરેલ કમંડળ સભાગ્રહના મુખ્ય દ્વાર પાસે આવી પહોંચતાં આ અલૌકિક પ્રભાવશાળી કમંડળનો તેજસ્વી પ્રકાશ ચોતરફ ફેલાયો સભામાં બેઠેલા સૌ સભાસદો વિચાર માં પડી ગયા કે આવો પ્રકાશ ક્યાંથી આવે છે?........ આમ કમંડળના તેજથી સૌ કોઈ આશ્ચર્ય પામ્યા. પછી જેમ જેમ કમંડળ નજીક આવતું જાય છે તેમ તેમ પોતાના પ્રભાવશાળી તેજના પ્રકાશથી સૌ સભાસદોની આંખો અંજાઈ જવા પામી. આવા પ્રકારના વાતાવરણથી સૌ કોઈ બોલી ઉઠયા કે ઓહો...... આવો આ તેજ નો પ્રકાશ ક્યાંથી આવ્યો હશે. અને કોણે મોકલ્યો હશે?..... બાદ સૌ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે બોલવા લાગ્યા હતા આવામાં કોઈ એક બુદ્ધિશાળીએ કહ્યું કે રાજન, સૌ કોઈ કહે છે તેમ આ પ્રકાશ સૂર્ય,ચન્દ્ર કે બીજા કોઈનો નથી પરંતુ આ પ્રકાશ તો શ્રી પૂર્ણપુરૂષોત્તમ પ્રભુએ મોકલેલ કમંડળનો આવે છે. આમ આ વાત સાંભળતાની સાથે જ કૃષ્ણદેવ રાજા તો ઉભા થઈને પોતાની તરફ આવી રહેલા કમંડળની સામે ગયા અને બીલકુલ નજીક આવી પહોંચતા પ્રણામ કરીને આ " દૈવી કમંડળનું " સ્વાગત કર્યું. પછી રાજા એ કહ્યું કે અહોભાગ્ય છે અમારી આ ભૂમિના અને અમારા આ ઘરના કે આજે પ્રભુનું પવિત્ર કમંડળ અહીં અમારે ત્યાં પધારેલ છે. માટે હે કમંડળ, સર્વ સામર્થ્યવાન એવા આપના પ્રભુને અહીં પધરાવો. રાજાના આ વચનો સાંભળીને કમંડળ સભામાં બેઠેલા સૌ કોઈ સભાસદોને પોતાના તેજના પ્રકાશથી ફરીને આંજી દઈને બધી દિશાઓમાં પ્રકાશ ફેલાવતું પાછું શ્રી વલ્લભ પ્રભુ પાસે આવ્યું અને દંડવત્ પ્રણામ કરીને વિનંતીથી કહ્યું કે હે પ્રભો, સભામાં બેઠેલા સર્વે સભાસદો મને જોઈને ખરેખર આશ્ચર્ય ચકિત થઈ ગયેલ હોવાથી રાજાએ કહેવડાવ્યું છે કે તમારા પ્રભુને સભામાં પધરાવો.

આવા નિજ દેવી કમંડળે બતાવેલી ચમત્કારવાળી વાત સાંભળીને શ્રી વલ્લભ પ્રભુ દામોદરદાસ હરસાની તેમજ કૃષ્ણદાસ મેઘન સાથે લઈને રાજદરબાર તરફ જવાને પોતાના સ્થાનેથી રવાના થયા. ચાલતા ચાલતા રાજદરબારની હજી તો હદમાં ચરણારવિંદ ધરાતાની સાથે જ વિના કર્યે શંખનાદો થવા લાગ્યા તેમજ રણશિંગાના તથા બીજા નાદો પણ થવા લાગ્યા. આવા આનંદ મંગલના શુભ ચિહ્નો આપોઆપ દેખાતા સભાગ્રહમાં બેઠેલા સૌ સભાસદો તો વિસ્મય પામીને બોલી ઉઠ્યા કે અરે, આ વળી શું ?.... પરંતુ આવા શંખ વિ.ના અવાજો સાંભળતા કૃષ્ણદેવ રાજાતો પોતાના મનમાં સમજી જ ગયા કે પ્રભુએ મને આજ્ઞા મુજબ પ્રભુ પોતે જ શ્રી વલ્લભાચાર્યજીના સ્વરૂપે પધારી રહ્યા હશે નહિતર આવું વળી બને જ કેમ ?..... આમ કૃષ્ણદેવ રાજા આ રીતે વિચારો કરી રહ્યા હતા એટલામાં તો દૂરથી જેઓના તેજની કલ્પના પણ થઈ ન શકે તેવા કોઈ તેજસ્વી મહાપુરૂષને પોતાના તરફ આવી રહેલા જોઈને સાવધાન કરેલ એવા પ્રવેશદ્વારના પહેરાવાળાઓ તો સભાગ્રહમાં આવીને વિનંતી કરતાં કહ્યું કે મહારાજાધિરાજ , જેઓના તેજની કલ્પના પણ થઈ શકે નહિ તેવા સૂર્ય સમાન કોઈ તેજસ્વી બ્રહ્મકુમાર આવી રહ્યા છે. પહેરાવાળાના શબ્દો સાંભળતા ચાલતી સભામાં થી ઉભા થઈને આનંદ સાગરમાં ડુબી ગયેલા હોય તેવા કૃષ્ણદેવ રાજા તો એકદમ સભાગ્રહના પ્રવેશ દ્વારની બહાર આવ્યા.

હજી શ્રી વલ્લભ પ્રભુ તો દૂર હતા છતાય કૃષ્ણદેવ રાજા તો સામે ચાલ્યા અને સમીપમાં જઈ પહોંચતા શ્રી વલ્લભ પ્રભુના દર્શન કર્યા... અરે .... દર્શન તો કર્યા પરંતુ દર્શન કરતાની સાથે જ પ્રેમઘેલા બનેલા કૃષ્ણદેવ રાજા શ્રી વલ્લભ પ્રભુના ચરણારવિંદમાં પડી જ ગયા. વળી અલૌકિક પ્રેમના આધારે પોતાના શરીરની પણ શુદ્ધિ જતી રહેલ હોવાથી પોતાના મુખથી કંઈ બોલી પણ શક્યા નહિ કે જે દ્રશ્ય જોઈને કૃપાસાગર એવા શ્રી વલ્લભ પ્રભુએ પોતાના બન્ને ચરણારવિંદ કૃષ્ણદેવ રાજાના મસ્તક ઉપર ધરવાથી કૃષ્ણદેવ રાજાને સ્હેજ ભાન આવતાં બાજુમાં ઉભેલા માણસોએ જેમ તેમ કરીને ઉભા કર્યા તેમજ કૃષ્ણદેવ રાજાની બંને આંખોમાંથી આંસુઓ વહી રહેલા હોવાથી વળી શ્રી વલ્લભ પ્રભુએ સ્હેજ હાસ્ય કરતાં કરતાં કૃષ્ણદેવ રાજા મસ્તક ઉપર શ્રી હસ્ત ફેરવતાં કૃષ્ણદેવ રાજા બરાબર શુદ્ધિમાં આવી ગયા અને વિનંતી કરીને કહેવા લાગ્યા કે હે પ્રભો, આપનું સ્વાગત હો........ આપનું સ્વાગત હો..... હે કૃપાનાથ, આજે તો મારી આ ભૂમિના ભાગ્યનો, મારા તથા અમારા કુટુંબના ભાગ્યનો અને વળી મારા રાજ્યનો અને મારી આ સમસ્ત પ્રજાના ભાગ્યનો સંપૂર્ણ રીતે ઉદય થયો...... હે કૃપાનિધિ મારા જેવા જીવો પર કૃપા દ્રષ્ટિ કરીને અને તે પણ મારા આંગણે પધારીને મારા જેવા અનાથને સનાથ કર્યો....... કૃષ્ણદેવ રાજાની આવી વાણી સાંભળતાંની સાથે જ શ્રી વલ્લભ પ્રભુએ કૃષ્ણદેવ રાજાની સામે જોતા દ્રષ્ટિ દ્વારા " સ્નેહરસનું ' સિંચન કરીને આજ્ઞા કરી કે આજે તમારા સર્વે અપરાધો નિવૃત થયેલ છે એટલે હવે તમારા સર્વે દુઃખ પણ અવશ્ય નિવૃત થશે તેમજ તમારી ઈચ્છા મુજબ તમારી સર્વે મનોકામના પણ સિદ્ધ થશે. માટે હવે કોઈપણ બાબતની ચિંતા કરશો નહિ. શ્રી વલ્લભ પ્રભુના મુખારવિંદથી અલૌકિક ભાવવાળા ઉત્તમ વચનો સાંભળતાં કૃષ્ણદેવ રાજાના શરીરમાં કોઈ બીજી જ ભાવના પ્રગટ થઈ ગઈ તેમજ શરીરના બધાય અવયવોમાં પણ કોઈ બીજી જ શક્તિએ પ્રવેશ કરી દીધો. આમ પોતાના શરીરમાં કોઈ અલૌકિક પરિવર્તન થયેલું જોઈને કૃષ્ણદેવ રાજાએ ફરીને શ્રી વલ્લભ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

બાદ સભાગ્રહ તરફ પોતાના હાથ લાંબા કરી બતાવતાં કૃષ્ણદેવ રાજાએ વિનંતી કરી કે પ્રભુ, પધારો...... સભાગ્રહમાં પધારો ...... આમ આવું કહીને શ્રી વલ્લભ પ્રભુના મુખારવિંદ સામે જોતાં જોતાં કૃષ્ણદેવ રાજા પોતાના પાછા પગે ચાલતાં શ્રી વલ્લભ પ્રભુ પણ આગળ પધાર્યા આમ આ સમયે રાજાએ કરેલ ઈસારાથી માણસોએ ફૂલોના ટોપલા લાવીને શ્રી વલ્લભ પ્રભુ ઉપર ફૂલોની વૃષ્ટિ કરવા લાગ્યા અને પછી સમજો કે ફૂલોની વૃષ્ટિ કરતાં કરતાં સભાગ્રહની મધ્યમાં આવી પહોંચતા સભાગ્રહમાં બેઠેલા સૌ સભાસદો આ દ્રશ્ય જોઈને ચકિત જ થઈ ગયા. આમ સર્વત્ર ફૂલોની વૃષ્ટિ થતાં શ્રી વલ્લભ પ્રભુ નિજ સેવકો સહિત સંપૂર્ણ રીતે સભાગ્રહમાં આવી પહોંચતાં સર્વે સભાસદો તેજહીન બની ગયા તેમજ પ્રથમ વિરોધી તરીકે કહેવાતી અને વળી પોતાના નામને કલંકરૂપે બનાવેલ એવા પોતાના મામા વિદ્યાભૂષણ તો પોતાના ઉપરી અધિકારીપણા ને ભૂલી જઈને શરમાઈ જ ગયા. અરે, એટલું જ નહિ પરંતુ સામે જોવાને બદલે પોતાના માથાને નીચે રાખીને આંખોમાંથી વહી રહેલા આંસુઓ દ્વારા પસ્તાવો જ કરવા લાગ્યા પણ હવે કરે શું.?......

તે પછી શોભાયમાન, તેજસ્વી અને વળી બ્રહ્મચારીનો વેશ ધારણ કરેલા એવા શ્રી વલ્લભ પ્રભુને ખાલી પડી રહેલા સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન કર્યા. કે જે સમયે સેવકો દ્વારા અલૌકિક રીતે રત્નજડિત સુવર્ણની દાંડીવાળા ચમરો અને પંખાથી પવન ચોતરફ પ્રસરી રહેતા જેમ સૂર્યના ઉદયથી ચંદ્ર-તારા વી. ઝાંખા પડી જઈને અસ્ત થઈ જાય છે તેમ અલૌકિક સેવકો અલૌકિક ચમરો થી અલૌકિક પંખાથી અને અલૌકિક છત્રથી શોભતા સુવર્ણના સિંહાસન ઉપર બિરાજી રહેલ શ્રી વલ્લભ પ્રભુના વૈભવવાળા પ્રભાવને જોતાની સાથે જ અન્યમાર્ગીઓના જે વિરોધી મત હતા તે ઝાંખા પડી જઈને અસ્ત થવા લાગ્યા.

આવા પ્રકારના વાતાવરણમાં ભગવદ્ ભક્તો જેવાને " સુંદર ડાંગર " (ચોખા) તરીકે ઉપમાં આપીને અહીં સંબોધવામાં આવેલ છે કે સુંદર ડાંગરના જેવા ભગવદ્ ભક્તોને પ્રસન્ન કરવા માટે કિરણો સમાન નિજ સેવકોથી શોભતા શ્રી વલ્લભ પ્રભુએ કૃષ્ણદેવ રાજાને પૂછ્યું કે હે કૃષ્ણદેવ રાજા અહીં આ ધાર્મિક સભામાં ક્યા વિષય પર શાસ્ત્રર્થ ચાલી રહેલો છે?... જવાબમાં બે હાથ જોડીને કૃષ્ણદેવ રાજાએ વિનંતીથી કહ્યું કે પ્રભુ, શાસ્ત્રર્થનો વિષય તો બ્રહ્મના ધર્મીપણા સંબંધીનો છે એટલે આ વિષયમાં સર્વ પ્રકારે જેમનો વિજય થાય તેમને વેદવિધિ પ્રમાણે કનકાભિષેક કરીને મારે સેવક થવું એવો વિચાર કરીને ભારતમાં આવેલા દરેક સ્થળોએથી દરેક ધર્મના આચાર્યને પંડિતોને તેમજ વિદ્વાનોને આમંત્રણ આપીને મેં બોલાવ્યા હતા. પછી આ ધાર્મિક સભામાં ઘણાય મતવાળાઓ આવેલા છે કે જેમાં વૈષ્ણવ સંપ્રદાયવાળા તરીકે કહેવાતા ત્રણ વૈષ્ણમાર્ગીય આચાર્યો પંડિતો તેમજ વિદ્વાનો આવેલા તો છે પરંતુ વિષ્ણુસ્વામી મતને માનનારા ખાસ કોઈ આવેલ નહિ હોવાથી શાસ્ત્રર્થમાં આખરે શાંકરમતવાળાઓએ વિજય કર્યો છે. વળી આજનો છેલ્લો દિવસ છે કે જેથી હવે જેનો ભૂતળ પર પ્રકાશ નથી તેવા વિષ્ણુસ્વામીના મતને પ્રગટ કરી બતાવીને વિષ્ણુસ્વામીના કહેવાતા સંપ્રદાયને પ્રકાશમાં લાવો એવી મારી આપને વિનંતી છે. આમ કૃષ્ણદેવ રાજાએ કરેલી વિનંતિ સાંભળીને શ્રી વલ્લભ પ્રભુએ કહ્યું કે - અમે વૈણવ છીએ વળી જેઓના સધર્મક બ્રહ્મ સેવ્ય છે એવા જે અમે પૂજ્ય શ્રી વિષ્ણુસ્વામીના મતને માનનારા અહીં આવ્યા છીએ તેમજ અમારા આ પક્ષનું અમે પ્રતિપાદન કરવાની ઈચ્છા પણ રાખીએ છીએ કે જેથી જેઓને શાસ્ત્રાર્થ કરવો હોય તેઓ મારી પાસે આવી શકે છે.

શ્રી વલ્લભ પ્રભુના મુખારવિંદના વાણી સાંભળીને સભામા આવી બેઠેલા સમસ્ત સભાસદો સમક્ષ કૃષ્ણદેવ રાજાએ નિવેદન કર્યુ કે ધર્મ શાસ્ત્ર સંબંધી જેઓને વિરોધ હોય અને શાસ્ત્રર્થ કરવાની ઈચ્છા હોય તેઓ શ્રી વિષ્ણુસ્વામી ના મતને માનનારા એવા અહીં પધારેલા શ્રી વલ્લભાચાર્યજી સામે આવીને પોતાનો વિરોધ આરંભ કરે કૃષ્ણદેવ રાજાના આવા નિવેદનથી વિરોધીઓના આગેવાનો પંડિતો ઉભા થઈને શ્રી વલ્લભ પ્રભુ પાસે શાસ્ત્રર્થ કરવા માટે આવતા શ્રી વલ્લભ પ્રભુએ સૌને સન્માનપૂર્વક બોલાવીને કહ્યું કે મેં રચેલા શ્રી કૃષ્ણ સ્તોત્રની માત્ર વ્યાખ્યા દ્વારા જ સૌનું સમાધાન કરીશ.

બાદ અરસપરસ શાસ્ત્રર્થ કરવામાં આવતાં શ્રી વલ્લભ પ્રભુના અલૌકિક શક્તિરૂપેની વાણીથી શાસ્ત્રાર્થ કરવાના પૂર્ણ આવેશ થી આવેલા પંડિતોના દર્શાવવામાં આવતા વિરોધમાં દિવસોના દિવસો વિતવા લાગ્યા હતા છતાંય તે બધાયના વિરોધો ભસ્મિભૂત થઈ જતા હોવાથી સૌ પંડિતો નિરૂત્તર બની બનીને જતા રહેતા, વળી હાથીની સૂંઢની માફક

જેઓ ખોટો આડંબર કરી કરીને પોતાના ઓઠ (હોઠ) ફફડાવતા હતા અથવા તો હાથીના દાંતની માફક જીભ ફફડાવી પોતાના દાંત ભીંસીને બોલતા હતા તેઓ પણ કેસરી સિંહ સમાન શ્રી વલ્લભ પ્રભુની ગર્જનારૂપેની વાણી સાંભળતાની સાથે જ બોલતા બંધ રહ્યા હતા. અરે, એટલું જ નહિ પરંતુ પોતાના મસ્તકો નમાવીને એટલે કે નીચા રાખીને ચુપ થઈ બેસી જ રહ્યા હતા.

અરે, આ સભામાં શંકરાચાર્યે વિજય કરીને તેમને કનકાભિષેક થવાનો હતો તેને બદલે અહીં શાસ્ત્રાર્થમાં તો બીજા અઠ્ઠાવીસ દિવસ પસાર થઈ જતા આખરે શાસ્ત્રર્થ કરવા જેટલી પણ હિંમત અન્યમાર્ગીય કોઈનામાં રહેવા પામી ન હતી. આમ ન કલ્પેલ તેવા પલ્ટાઈ ચુકેલા આવા પ્રકારના વાતાવરણથી કૃષ્ણદેવ રાજાએ ઉભા થઈને એક ચેતવણી તરીકે સભમાં જાહેર કર્યું આ સભામાં આવેલા દરેક મતવાળાના આચાર્યો, પંડિતો કે પછી વિદ્ધવાનોને ચેતવણી આપવામાં આવે થે કે શાસ્ત્રર્થમાં પોતાના જ્ઞાનનો પ્રભાવ જો બતાવવો હોય તો હજી પણ પોતાનો વિરોધ પ્રગટ કરી શકે છે બાકી આ સભામાંથી શ્રી વલ્લભાચાર્યજી ના પધાર્યા પછી કોઈ આવીને કહેશેકે શાસ્ત્રાર્થ કરવાની મારી ઈચ્છા હતી તો તેવાઓને કેવળ મિથ્યા પ્રલાપી એટલે કે સંબંધ વગરના નકામા ઢોંગ કરીને ખોટું બોલનારા તરીકે ગણવામાં આવશે.

હવે " સ્વદાસાર્થકૃતાષસાધન " સર્વશક્તિધૃક્ " એટલે કે પોતાના સેવકોને માટે સર્વ સાધનો કરનારા અને સર્વ પ્રકારની શકિતને ધારણ કરનારા એટલે સર્વ શક્તિમાન એવા શ્રી મહાપ્રભુજી છે. આમ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગુસાંઈજીએ શ્રી મહાપ્રભુજીના નામનું વર્ણન કરેલ છે. એટલે સર્વે પ્રકારની શક્તિ ધરાવનારા એવા શ્રી વલ્લભપ્રભુના નામનું વર્ણન કરેલ છે. એટલે સર્વે પ્રકારની શક્તિ ધરાવનારા એવા શ્રી વલ્લભ પ્રભુની સામે આવે કોણ ?..... એટલે પછી થોડીક ક્ષણો પસાર થયા બાદ સભામાંથી કોઈ એક આગેવાન આચાર્ય ઉભા થયા અને બે હાથ જોડીને સભા સમક્ષ વિનંતીથી કહેવા લાગ્યા કે જો જીવ તરીકે કોઈ હોય તો તેની સાથે હજી પણ અમે શાસ્ત્રર્થ કરીએ પરંતુ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પોતે જ આ સભામાં પધારેલ હોવાથી જીવ કોટીએ રહેવી સામાન્ય વ્યકિતઓ જેવા જે અમે પૂર્ણ પુરુસોત્તમના સ્વરૂપ સામે શાસ્ત્રર્થ શું કરી શકવાના હતા?....... એટલે શાસ્ત્રર્થ કરવાને બદલે હું તો એ જ માનું છું કે આમ યોજવામાં આવેલ આ ધાર્મિક સભાના માત્ર એક નિમિત્તથી અમને તેમજ સભામાં આવેલા સૌ સભાસદોને પણ સાક્ષાત પુરુષોત્તમ પ્રભુના દર્શન થયા અને વળી જે દર્શનથી અમારા જેવા બધાયનો ઉદ્ધાર જ થયો. બાકી વિશેષ શું કહું?....... આમ આ સમયે સમસ્ત સભાસદોના મુખમાંથી શ્રી વલ્લભાચાર્યજીનો જય એમ વારંવાર જય જયકાર શબ્દોથી થયેલા અવોજા સભામાં સર્વત્ર થઈ રહેતા શ્રી વલ્લભ પ્રભુ પર ફૂલોની અતિ વૃષ્ટિ થવા લાગી. તે પછી શ્રી વલ્લભ પ્રભુએ સભામાં સર્વે સભાસદો તરફ દિવ્ય દ્રષ્ટિ કરતા સૌને અપૂર્વ આનંદ થયો હતો. તેમજ કૃષ્ણદેવ રાજા સભામાં અને સંપ્રદાયીક અન્ય સૌ વૈષેણવોના હૃદયમાં તો નવા જ પ્રાણ આવ્યા હોય તેવો આવેશ આવી ગયો હતો. એટલે સમજો કે સર્વત્ર આનંદ આનંદ ઘઈ રહ્યો હતો.

આમ આ જાહેર ધાર્મિક સભામાં પ્રથમ આઠ દિવસ એકપક્ષી વાદીઓએ, પછીના દશ દિવસ બીજા એકપક્ષી વાદીઓએ, પછીના ત્રણ દિવસ અને ત્રીજા એકપક્ષી વાદીઓએ અને પછી સાત દિવસ ચોથા એકપક્ષી વાદીઓએ એમ સૌએ મલીને કુલ અઠ્ઠાવીસ દિવસ સુધી શ્રી વલ્લભ પ્રભુ સાથે શાસ્ત્રર્થ કર્યો હતો. પરંતુ શાસ્ત્રર્થમાં પોતનામાં રહેલી અલૌકિક શક્તિથી પ્રમાણ સહિત સચોટ રીતે સમજાવી સમજાવીને વિષ્ણુસ્વામીના મતને પ્રગટ કરી બતાવીને આખરે અઠ્ઠાવીશ દિવસના અંતે આ જાહેર ધાર્મિક સભામાં આવી એકત્ર થયેલા સર્વ અન્યમાર્ગીઓના આચાર્યો, પંડિતો તેમજ વિદ્વાનોનો પરાજય કરીને શ્રી વલ્લભ પ્રભુએ સંપૂર્ણ રીતે વિજય કરતા કૃષ્ણદેવ રાજાએ સભામાં બેઠેલા સર્વે સભાસદોને સંબોધીને પ્રશ્ન કરી પૂછ્યું કે હવે કોઈપણ વ્યક્તિને કંઈપણ બોલવાની ઈચ્છા છે?....... કૃષ્ણદેવ રાજાના આ પ્રશ્નના જવાબમાં તો એવું જ દેખાયું કે રાત્રિએ ફરનારા ભૂત,પ્રેત પિશાચ, ચોર કે પશુપંખીઓ વી. જેમ સૂર્યના ઉદયથી ભાગી જઈને સંતાઈ જાય છે તેમ શ્રી વિષ્ણુસ્વામી મતવાળા શ્રી વલ્લભ પ્રભુના સચોટ સિદ્ધાંતો દ્વારા વૈષ્ણવ ધર્મના થયેલા વિજયથી સૌ કોઈ વિરોધીઓ મૌન થઈને જાણે સૌ સભામાં સંતાઈ ગયા હોય કેવા પ્રકારે સભામાં સર્વત્ર શાન્તી પ્રસરેલી હોય તેવું જ દેખાયું. એટલે આમ સભામાંથી કોઈપણ કંઈ બોલેલ નહિ હોવાથી સભામાં આવી બેઠેલા 'મધ્યસ્થ પક્ષાવાળાઓને' સંબોધીને કૃષ્ણદેવ રાજાએ વિનંતી કરતા કહ્યુ કે પહેલેથી તે અંત સુધી આપ સૌએ આ શાસ્ત્રાર્થને સાંભળ્યો છે કે જેથી આ શાસ્ત્રાર્થ અંતનો આપ સૌ નિર્ણય કરી બતાવો.

તે પછી કૃષ્ણદેવ રાજાની આવી વાણી સાંભળીને મધ્યસ્થ પક્ષ તરીકે કહેવાતા સૌએ અંદરોઅંદર એક બીજાનો મત લઈને તેઓમાંના એક આગેવાન પંડિત મધ્યસ્થ પક્ષ તરીકેનો નિર્ણય સમસ્ત સભાસદો સમક્ષ રજુ કરતા કહ્યું કે શ્રીમાન્ મહારાજાધિરાજ અમને આ રીતે સુચન કરતા નિર્ણય કરવામાં અમારો જે ધર્મ છે તે ધર્મને અનુસરીને ન્યાયમાંથી છટકયા સિવાય અમારા શુદ્ધ અંતઃકરણપૂર્વક અમારો નિર્ણય દર્શાવીએ છીએ કે શ્રી વલ્લભાચાર્યજી એ પોતાની આટલી નાની ઉમ્મરમાં આ સભાજનો વચ્ચે સર્વ વાદીઓના મતનું બહુંજ સુંદર રીતે અને તે પણ અસરકારક રીતે વિવરણ કરીને પોતાના શ્રી વિષ્ણુસ્વામીના મત તરીકેના સિધ્ધાંતોનું ઉત્તમ રીતે પ્રતિપાદન કરેલ છે કે જેથી અતિ આનંદપૂર્વક અને તે પણ યઘોષ સહિત શ્રી વલ્લભાચાર્યજીએ ચારેય દિશાઓમાંથી આવેલા સર્વે વાદીઓને પરાજય કરીને વિજય કરનારા અથવા સંપૂર્ણ રીતે વિજય કરનારા તરીકે કહેવાતું " દિગ્વિજયી " પદ અર્પણ કરીએ છીએ .... ઈતિ...

આમ મધ્યસ્થ પક્ષે કરેલા નિર્ણયને સભામાં બેઠેલા સૌ સભાસદોએ શ્રી વલ્લભાચાર્યજીના વિજયઘોષ કરીને વધાવી લીધો હતો. બાદ અતિ પ્રસ્નંન થયેલા એવા કૃષ્ણદેવ રાજાએ મધ્યસ્થ પક્ષવાળાઓના આ નિર્ણયને દંદુભિ વી. ના નાદશ્રી જાહેર કરવાનો હુકમ કરતા આવા નાદો કરીને આ નિર્ણયને જાહેર કરવામાં આવ્યો હતો. તે પછી કૃષ્ણદેવ રાજાએ, અન્ય સૌ આચાર્યોએ અન્ય સૌ પંડિતોએ, અન્ય સૌ વિદ્વાનોને, અન્ય સૌ રાજ્યના માણસોએ અતિ માન અને સ્નેહપૂર્વક પ્રણામ કરીને શ્રી વલ્લભ પ્રભુને અભિનંદન આપ્યા બાદ આજનું કાર્ય સંપૂર્ણ કરીને સભા વિસર્જન થતા રાજ્યની ચંતુરંગણી સેના એટલે કે હાથી, ઘોડા, અને પાયદલ એ ચાર વસ્તુથી શોભતી સેના, સર્વે સભાજનો તથા ગ્રામજનો સહિત કૃષ્ણદેવ રાજા શ્રી વલ્લભ પ્રભુને તેમના સ્થાન સુધી વળાવવા માટે તૈયાર થયા. અને પછી રથમાં બિરાજવાંની શ્રી વલ્લભ પ્રભુને વિનંતી કરતા શ્રી વલ્લભ પ્રભુએ વાહનમાં બેસવાનીના પાડી કે જેથી શ્રી વલ્લભ પ્રભુના સ્વરૂપની ભાવનાએ તેઓ શ્રીના પાદુકાજી એક સુવર્ણની પાલખીમાં પધરાવ્યા. પછી વાજતે ગાજતે સૌ ચાલતા ચાલતા શ્રી વલ્લભ પ્રભુના મુકામે પહોંચતા શ્રી વલ્લભ પ્રભુ પોતાના માતાજી સહિત સૌ વડિલ વર્ગને અને વિધાનગરમાં શ્રી ' દિગ્વિજયી' બનતા સૌ અતિ આનંદ પામ્યા બાદ વળાવવા આવેલા સૌ પોત પોતાના સ્થળે પાછા જતા રહ્યા.

ત્યારબાદ રાજદરબારમાં આવીને કૃષ્ણદેવ રાજાએ મંત્રીઓને તથા ઉપરી અધિકારીઓને કરેલ હુકમ મુજબ બીજા દિવસે વ્હેલી સવારથી કામે વળગી જઈને શ્રી વલ્લભ પ્રભુના કનકાભિષેક કરવા તોરણો બાંધીને એક વિશાળ મંડળ ઉભો કર્યો. પછી કનકાભિષેક માટે જે કંઈ તૈયારીઓ કરવાની હતી તે બધીય તૈયારીઓ કરી લીધા બાદ આમંત્રણોમાં આવેલ સર્વે આચાર્યો, પંડિતો, વિદ્વાનો, અન્ય નાના નાના રાજાઓ, રાજ કૂટૂંબિઓ, શ્રીમંતો શેઠ લોકો, સૈન્યના સરદારો તથા માણસો, રાજ્યના ઉપરી અધિકારીઓ તથા માણસો ગામની તથા બહારગામના પ્રજાજનો, એમ સૌ કોઈ સમય થતા આવવા લાગ્યા. અને પછી સમજો કે તૈયાર કરવામાં આવેલ વિશાળ મંડપ અતિ શોભાયમાન દેખાવા લાગ્યો હતો. તે પછી કૃષ્ણદેવ રાજાએ મંડપમાં આવીને સૌનું, યથાયોગ્ય સ્વાગત કર્યા બાદ કૃષ્ણદેવ રાજાએ મંડપમાં બેઠેલા આચાર્યોને એક રાજ્યની રીતીએ વિનંતી કરી કે શ્રી વલ્લભાચાર્યજીને કનકાભિષેક કરવાની આજ્ઞા આપો. જવાબમાં આચાર્યોએ સારૂ, સારૂ.... આપ કરો, આપ કરો.... એવું કહીને શ્રી વલ્લભ પ્રભુને કનકાભિષત કરવાની રાજાને આજ્ઞા આપી, પછી કૃષ્ણદેવ રાજાએ પોતાના ભાઈઓને, અમુક રાજકુટુંબિઓને, રાજ્યના મંત્રીઓને તેમજ મામા વિધાભૂષણ સહિત ઉપરી અધિકારીઓને, ચંતુરંગિણી સેના, સુવર્ણની પાલખી વીગેરે લઈને શણગારવામાં આવેલા મંડપમાં શ્રી વલ્લભ પ્રભુને પધરાવી લાવવા માટે શ્રી વલ્લભ પ્રભુના મુકામે ગયા.

જ્યાં સૌએ જઈને કૃષ્ણદેવ રાજાએ કરેલા સુચન મુજબ મુખ્ય મંત્રીઓએ શ્રી વલ્લભ પ્રભુને પધારવાની વિનંતી કરી, કે જે વિનંતીનો સ્વીકાર કરીને શ્રી વલ્લભ પ્રભુએ કરેલી આજ્ઞા મુજબ દામોદરદાસ-કૃષ્ણદાસ વિગેરે સર્વ સેવકો મંડપમાં જવાને તૈયાર થઈ જતા શ્રી વલ્લભ પ્રભુના પાદુકાજી ને પાલખીમાં પધરાવવાનું કહીને શ્રી વલ્લભ પ્રભુ ચરણારવિંદથી ચાલતા આખા મંડળે ચાલીને પ્રયાણ કર્યુ. આમ આ આખી સ્વારી જેવું જ દ્રશ્ય દેખાતું હતું. વળી વાંજીત્રો વાગતા હતા. નર-નારી અને બાળકોના ટોળેટોળાં રસ્તે ભેગા થતા હતા. ગ્રામજનો પુષ્પોની વૃષ્ટિ કરી રહ્યા હતા. વળી સૌ કોઈ આજનો આ અલભ્ય લાભનો આનંદ લઈ રહ્યા હતા. સર્વત્ર આનંદ મંગળ સાથે જય જયકારના અવાજો થઈ રહ્યા હતા. શ્રી વલ્લભ પ્રભુ પોતાની દ્રષ્ટિ ચોતરફ કરતા કરતા ચરણારવિંદથી ચાલી રહ્યા હતા. વિધાનગર શહેરના રસ્તાઓ પર ઠેકઠેકાણે ગોઠવવામાં આવેલી આકર્ષણ કરતી કમાનોમાં થઈને પસાર થતા થતા આખરે આ આખી સ્વારી મંડપ પાસે આવી પહોંચતા કૃષ્ણદેવ રાજાએ સામે આવીને ન વર્ણવી શકાય એ રીતે નો શ્રી વલ્લભ પ્રભુનો સત્કાર કરીને શણગારેલા મંડપમાં શ્રી વલ્લભ પ્રભુનો પ્રવેશ કરાવ્યો. પછી શ્રી વલ્લભ પ્રભુને એક ઉત્તમ આસન પર બિરાજમાન કર્યા બાદ મંડપમાં એકત્ર થયેલા સૌ કોઈએ શ્રી વલ્લભ પ્રભુને પ્રણામ કર્યા. કે જે જોઈને બાજુમાં જ ઉભેલા મામા વિધાભૂષણે પણ પોતાના શરમિંદા મોઢે પ્રણામ કર્યા.

તે પછી શ્રી વલ્લભ પ્રભુએ કરેલા ઈસારાથી નિજ સેવક શંભુ ઉભા થયા અને પોતાના હાથ ઉંચા કરીને શાન્તિ રાખો-શાન્તિ રાખો કહીને મંડપમાં બેઠેલા સૌ આચાર્યો, પંડિતો, વિદ્વાનો તેમજ અન્ય સૌ સભાસદોને સંબોધીને કહ્યુ કે અહીં આ વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજા તરફથી યોજવામાં આવેલી આ વિશાળ સભામાં થયેલા અસરપરસ વાદ વિવાદથી કોઈ પણ વ્યક્તિને હજુ પણ કોઈ શંકા રહી ગઈ હોય અથવા તો કોઈ વિષય પ્રત્યે ચર્ચા કરવી બાકી રહી ગઈ હોય તો તે જણાવવા કૃપા કરશો કે જેથી તે શંકાનું સમાધાન સારી રીતે કરી શકાય... બાદ કોઈના તરફથી કંઈપણ નહિ સાંભળતા વળી ફરીને કહ્યું કે અહીં અરસપરસમાં થયેલા વાદવિવાદને અંગે તમારા તરફથી કદાચ કઠોર વચનો કહેવાઈ ગયા હોય તો તે બદલ સમસ્ત સભાસદો પાસે અમે ક્ષમા માંગીએ છીએ. આમ આ ક્ષમાની વાત સાંભળીને સૌના તરફથી એક આગેવાન આચાર્યે કહ્યું કે શ્રી વલ્લભાચાર્યજીની વાણીમાં ક્ષમા માંગવા જેવું કંઈપણ સંભવતું નથી બાકી તો મહાપુરુષોના કટુ વચનો પણ એક શિક્ષાને માટે જ હોય છે...... આવામાં પુરોહિતે આવીને કહ્યુ કે મહારાજાધિરાજ, સમય થઈ ગયો છે. પુરોહિતના આ શબ્દો સાંભળતા કૃષ્ણદેવ રાજા ઉભા થયા અને કનકાભિષેક માટે જે સ્થળ નક્કી કરવામાં આવ્યું હતું તે સ્થળે શ્રી વલ્લભ પ્રભુને પધરાવી જઈને એક સુંદર પાટ ઉપર બિરાજમાન કર્યા. તેમજ અન્ય સૌ શ્રી વલ્લભ પ્રભુની આસપાસમાં વિંટળાઈને ચોતરફ ઉભા રહ્યા.

બાદ કૃષ્ણદેવ રાજાના કહેવા મુજબ પુરોહિતે મંત્રો દ્વારા પ્રથમ તો અભિષેક સંકલ્પ કરાવ્યો પછી પૂજા જેવું કંઈક કરીને તીર્થોમાંથી લાવેલા જલથી શ્રી વલ્લભ પ્રભુને અભિષેક કર્યો. પછી શ્રી વલ્લભ પ્રભુને બીજી એક પાટ પર પધરાવ્યા કે જ્યાં મંગાવેલા પવિત્ર જલથી શંભુ ભટ્ટ સ્નાન કરાવીને વસ્ત્રથી શ્રીઅંગ લૂછીં નાખીને નવા કૌપીન વસ્ત્રો, ઉપરણો, યજ્ઞોપવિત, તુલસીની માળા, તીલક વગેરે ધારણ કરાવ્યા. પછી શંભુ ભટ્ટ શ્રી વલ્લભ પ્રભુને કનક સિંહાસન પાસે પધરાવી ગયા. પછી કૃષ્ણદેવ રાજા તરફથી સર્વે આચાર્યોએ આગળ બોલાવવાનું સુચન કરતા પુરોહિતે સૌ આચાર્યોને આગળ બોલાવ્યા. પછી સર્વે આચાર્યોની સંમતિથી કૃષ્ણદેવ રાજાએ શ્રી વલ્લભ પ્રભુને રેશમી વસ્ત્ર પાથરેલા અને વળી જેના ઉપર છત્ર છે તેવા કનક સિંહાસન ઉપર પધરાવ્યા. આમ આ સમયની શોભાનું વર્ણન અશક્ય હોવાથી અહીં વર્ણન કરેલ નથી. તે પછી કૃષ્ણદેવ રાજાએ સૌની વચ્ચે શ્રી વલ્લભ પ્રભુને કસ્તુરીનું તિલક કરીને પુષ્પમાળા, નૈવેઘ, આચમન, મુખવાસ, વી. અર્પણ કરીને મોટા પ્રમાણમાં શ્રી વલ્લભ પ્રભુને ભેટ કરી અને વિનંતીથી કહ્યું કે અભિષેકમાં વપરાયેલા સુવર્ણના પાત્રો વગેરે પણ આપને જ અર્પણ જ કર્યા છે. માટે આમ આ સર્વ વસ્તુઓનો આપ સ્વીકાર કરો... આવુ કરીને રાજાએ દંડવત્ પ્રણામ કર્યા.

તે પછી આવી ભેટોનો સ્વીકાર નહિ કરવા બાબતમાં શ્રી વલ્લભ પ્રભુએ પોતાના નેત્રના ઈસારાથી દામોદરદાસજીને સમજાવી દેતા દામોદરદાસજીએ ઉભા થઈને સભામાં સૌની સમક્ષ કૃષ્ણદેવ રાજાને કહ્યું કે આપના શુદ્ધ ભાવપૂર્વક કરવામાં આવેલી આ અમુલ્ય ભેટથી આપે ખરેખર આપનો ભક્તિભાવ પ્રદર્શિત કરેલ છે અને વળી શ્રી વલ્લભ પ્રભુ પણ અતિ પ્રસંન્ન થયા છે..... પરંતુ.... ન છુટકે અમારે જણાવવું પડે છે કે કનકાભિષેકમાં વપરાયેલા સુવર્ણના પાત્રો તો સ્નાનના જલ સમાન થઈ ગયેલ હોવાથી તે ગ્રહણ કરવા યોગ્ય નથી. તેમજ શ્રી વલ્લભ પ્રભુ પોતાના સેવકો સિવાય અન્ય કોઈએ અર્પણ કરેલી કોઈપણ વસ્તુ ગ્રહણ પણ કરતા નથી. એટલે આમ કોઈપણ વસ્તુનો કે દ્રવ્યનો સ્વીકાર કરી શકાય તેમ નથી. બાકી અન્ય સદ્કાર્યોમાં તેમજ દૂર દૂરથી આશાએ આવેલા સૌ કોઈને ભેટ કરેલ આ બધુંય વ્હેચી આપો. દામોદરદાસજીની આવી વાત સાંભળીને કૃષ્ણદેવ રાજાએ પોતાના પુરોહિત સાથે વિચાર કરીને ભેટ કરેલ દ્રવ્યના તથા સુવર્ણ પાત્રોના યથા યોગ્ય ભાગ પાડીને આચાર્યોના શિષ્યોને, વૈદિક બ્રાહ્મણોને, મંદિરોના પુજારીઓને, કેદીઓને, અપંગોને, આંધળાઓને, ગરીબોને તેમજ ધર્મશાળા, કૂવા, મંદિરો વી. ના કાર્યાર્થે બધુયે વ્હેંચી દીધું.

હવે કનકાભિષેકનું કાર્ય સંપૂર્ણ થયા બાદ શ્રી વ્યાસતીર્થ આચાર્યે અન્યમાર્ગીય વૈષ્ણવી સંપ્રદાયના શિષ્યો દ્વારા શ્રી વલ્લભાચાર્યજીને સામ્રાજ્ય તીલક કરાવ્યું અને પછી પોતે એટલે કે આચાર્ય શ્રી વ્યાસતીર્થે તીલક કર્યુ અને તે પછી કૃષ્ણદેવ રાજા દ્વારા પણ તીલક કરાવીને ચારેય સંપ્રદાયોના વતી સૌની સમક્ષ શ્રી વલ્લભાચાર્યજીને પ્રેમ- પૂર્વક " અખંડ ભૂમંડલાચાર્ય શ્રી મહાપ્રભુજી " તરીકેની પદવી અર્પણ કરીને સૌએ ભાવપૂર્વક પ્રણામ કર્યા, (આ સમયે શ્રી મહાપ્રભુજીની વય વર્ષ ૧૧ ની હોવાનું અનુમાન છે.)

આમ અહીંની આ ધાર્મિક સભામાં શ્રી વલ્લભપ્રભુએ શ્રી પુષ્ટિ માર્ગને (વૈષ્ણવ ધર્મને) પ્રગટ કરી બતાવીને દિગ્વિજય કર્યો. પછી અન્ય સંપ્રદાયના આચાર્યો તરફથી " શ્રી મહાપ્રભુજી " તરીકેની પદવીને ગ્રહણ કરીને કૃષ્ણદેવ રાજાના રાજ્યમાં ઉત્પન્ન થયેલા ધર્મ ક્લેશનો અંત લાવીને વિદ્યાનગરમાં સર્વત્ર શાન્તી પ્રસરાવી. બાદ કૃષ્ણદેવ રાજાએ પોતાના કુટુંબિઓ તેમજ સંબંધીઓ સહિત પોતાને શરણે લેવાની શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા શ્રી મહાપ્રભુજીએ સૌને સ્નાન કરાવીને શરણાષ્ટક મંત્ર ગ્રહણ કરાવીને તુલસીની માળાઓ આપી કે જે સૌએ સ્વીકારીને શ્રી મહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે પછી કૃષ્ણદેવ રાજાએ એક થાળમાં સાત હજાર સોના મહોરો મંગાવીને શ્રી મહાપ્રભુજીની સન્મુખ ધરીને વિનંતી કરીને કહ્યું કે પ્રભુ, મને સનાથ કરીને મારી આટલી ભેટ સ્વીકારો. હવે આ સાત હજાર સોના મહોરોમાંથી એક દીનદાસ નામના ક્ષત્રિયની 'દીનાર નામની' જે સાત મહોરો આ કૃષ્ણદેવ રાજાના ખજાનામાં આવેલી હતી તે માત્ર સાત સોના મહોરો શ્રી મહાપ્રભુજીએ લઈ લીધી અને પ્રભુના આભૂષણ કરાવીને અંગીકાર કરાવવા માટે દામોદરદાસજીને આપી તેમજ બાકી રહેલી સોના મહોરોના ચાર ભાગ કરાવીને અલગ અલગ વ્યાક્તિઓને અપાવી દઈને આવા પ્રકારે દ્રવ્યની સામે દ્રષ્ટિ નહિ કરતા કે આશા નહિ રાખતા શ્રી મહાપ્રભુજીએ વૈરાગ્ય ગુણ બતાવ્યો. બાદ કૃષ્ણદેવ રાજાનું દરેક પ્રકારે કહેવાતુ અનિષ્ટ નિવૃત કરીને ઈષ્ટ કર્યું. એટલે કે સર્વ પ્રકારના દુઃખોને દૂર કરીને આ સમયે મનવાંછીત વસ્તુની પ્રાપ્તિ કરાવી અથવા તો સમજો કે અલૌકિક સ્વરૂપાનંદનું દાન કર્યુ કે જેથી કૃષ્ણદેવ રાજાના આનંદનો તો કોઈ પાર જ રહ્યો નહિ. વળી આનંદ થતા રાજ્યમાં રહેલા સર્વે અપરાધી કેદીઓને છોડી મુક્યા તેમજ રાજ્યના ઘણાય કરવેરા માફ કર્યા, વળી સાથે સાથે એ પણ કર્યુ કે રાજ્યમાં રહેતા સ્વજનો સૈનિકો, નોકર-ચાકર, ગરીબ, વી. વી. ને દાન આપીને સૌ કોઈને આનંદમય બનાવ્યા. બાદ દૂર દૂરથી આચાર્યો, પંડિતો, વિદ્વાનો તેમજ અન્ય સૌ કોઈને ભાવપૂર્વક દાન- દાન-દક્ષિણા આપીને સૌને માનપૂર્વક વિદાય કર્યા.

તે પછી કૃષ્ણદેવ રાજાએ વિનંતી કરતા શ્રી મહાપ્રભુજીએ એક મનુષ્ય તરીકેનો સામાન્ય ધર્મ અને એક રાજા તરીકેના કહેવાતા ધર્મનો ઉપદેશ કરતા આજ્ઞા કરી કે સ્વધર્મનું જ્ઞાન સંપાદન કરવા માટે ભગવદ્ ભક્તોના સત્સંગની આવશ્યકતા ખાસ રેહલી હોવાથી સૌથી પ્રથમ તો એવા તાદ્રશી ભગવદ્ ભક્તોનો સત્સંગ કરવો. ગળામાં રહેલી આ તુલસીની માળા નિરંતર કંઠમાં પહેરી રાખવી. પ્રભુના ચરણારવિંદરૂપે તિલક સદાય કરવું. ચાર જંયતી અને એકાદશીના વ્રત કરવા. સ્વધર્મનો જ સત્સંગ કે કથા શ્રવણ કરવી. અન્યાશ્રયનો પૂર્ણ રીતે ત્યાગ કરીને કેવળ એક પ્રભુનો જ આશ્રય કરવો અન્નપ્રસાદી વસ્તુને ગ્રહણ કરવાના કાર્યને છોડી દઈને પ્રભુને ધરેલું પ્રસાદી અન્ન લેવું. સ્વધર્મી સિવાય અન્ય કોઈની સાથે જરૂર પુરંતુ જ બોલવું, સન્મુખ રહી શકાય તેવા પ્રકારે પ્રભુની સેવા કરવી. દુઃસંગથી બચવા માટે ભગવદ્ ભક્તોનો સંગ ઉત્તમ છે તેથી ભગવદ્ ભક્તોનો સંગ કરવો દીન પર સદાય દયા રાખવી, સત્ય અને નિતીને ઉત્તમ ગણીને તેના આચરણથી પોતાની ભાવના દ્રઢ કરતા રહેવું, પ્રભુના તેમજ પ્રભુને વહાલામાં વહાલા નિજ ભકતોના ચરિત્રો નિરંતર વાંચીને તે પ્રમાણે કરતાં રહેવું પ્રભુ એજ સર્વે સુખનું મૂળ છે. તેથી પ્રભુને ગમે તે સંજોગોમાં કદીપણ ભૂલવા નહિ કારણકે જે પ્રભુને ભૂલતા નથી તેવાઓને તો પોતે યાદ કરતા જ હોય છે. લોકની ખોટી શરમને છોડી દઈને પોતાને કરવાનું કાર્ય કરતા રહેવું. ગમે તેવા સુખ દુઃખ આવે તો પણ પોતાના હૃદયમાં ચિંતાને જરાય સ્થાન આપવું નહિ એટલે ચિંતા કરવી નહિ. પ્રભુને પોતાના સર્વસ્વ તરીકે માનવા. વળી પ્રભુને પોતાનું સર્વસ્વ માનવાથી પ્રભુ ખરેખર પ્રસન્ન જ થાય છે કે જેથી દુનિયા પણ તેને આખરે નમે છે જેઓ પોતાના લૌકિક કે અલૌકિક કાર્યો પ્રભુ પર વિશ્વાસ રાખીને કરે છે તેઓને ક્યાંય મુંઝવણ થતી નથી માટે પ્રભુ ઉપર વિશ્વાસ રાખવો. તમારા આ વૈભવમાં આશક્તિ નહિ રાખતા પ્રભુમાં આશક્તિ રાખવી. દેહને ગમે તે પ્રકારના દંડ આવે તો પણ તેમાં કેવળ પ્રભુ ઈચ્છા માનીને આવેલા દંડને આનંદથી ભોગવી લેવા. ક્રોધ ઉત્પન્ન થતા સૌથી પહેલા તો પોતાના અંતઃકરણને જ ભસ્મ કરે છે માટે ક્રોધ તો કદાપી કરવો જ નહિ. પોતાના ઘરમાં સૌ કોઈને સ્વધર્મી ઉચ્ચ સંસ્કાર આપીને સ્વધર્મ પ્રત્યેનો બોધ કરતા રહેવું. જે ઘરમાં કલેશ નથી તે ઘર પ્રભુને બિરાજવા લાયક હોવાથી હૃદયમાં કે ઘરમાં ક્લેશ નહિ કરતાં આનંદથી રહેવું. જેઓનો પ્રભુ પ્રત્યે કે સ્વમાર્ગ પ્રત્યે અભાવ જણાય તો તેઓનો અવશ્ય ત્યાગ કરવો. જેમ પાણીમાં બાચકા ભરવાથી હાથમાં કંઈ આવતું નથી તેમ પોતાના પ્રભુને છોડીને અન્ય દેવ-દેવીને ચોટવાથી કોઈ લાભ થવાનો નથી માટે પોતાના પ્રભુને એક ને જ ચોટી રહેવાથી પોતાના સર્વ કાર્યો જરૂર સિદ્ધ થશે. સ્વાર્થે કે લોભે કોઈ પણ પ્રકારના અનિષ્ટ કાર્યો કરવા નહિ. ગર્વ-અહંકારને તજવો. વળી પોતાનામાં રહેલી અહંતા-મમતા જ્યારે દૂર થાય છે ત્યારે જ પોતાના અસલ સ્વરૂપને ઓળખી શકાશે માટે અહંતા-મમતાને પણ અવશ્ય તજવી વિધર્મી અને દુઃસંગીથી સદાય દૂર રહેવું. પ્રભુની સેવા અને સ્મરણ સિવાયના બીજા કાર્યો કરવા પ્રત્યે પોતાની ઈન્દ્રીયોને કાબુમાં રાખવી. જે દીનતાથી હિનતા દેખાતી હોય તેવી દીનતા નહિ બતાવતા અંતઃકરણમાં સાચી દીનતા રાખવી. અન્ય કોઈના દોષ જોવા કરતા પોતાના જ દોષ જોવા. તે તુચ્છ છે તેવી કીર્તિ મેળવવા પાછળ પોતાનો કીંમતી સમય બગાડવો નહિ. કોઈપણ જીવ પ્રત્યે કુદ્રષ્ટિ કરવી નહિ. કોઈપણ જીવ પ્રત્યે વેરભાવ કરવો નહિ. બાકી તો અચંબાની વાત એ છે કે મહાન પંડિતો-વિદ્વાનો આ બધી વાત જાણતા હોવા છતાય તેઓ અંતઃકરણપૂર્વક

પ્રભુને ભજતા નથી અને ઉલટા અવળે રસ્તે જતા રહે છે માટે જ ફરી ફરીને કહું છું કે પ્રભુને ભૂલવા નહિ તેમજ આ સૃષ્ટિમાં રહેલા સર્વે જીવો પ્રભુના જ છે તેવું સમજીને બધાય જીવોને સમાનભાવથી જોવા.

હવે તમે રાજા છો પ્રજાના હિતકારી છો તેથી એક રાજા તરીકેનું જે વલણ જોઈએ તે પણ સાંભળો કે અંબરીષ-જનક જેવા મહાન રાજાઓ પુરેપુરા રાજવૈભવમાં હતા છતાંય તેમના ચિત્ત તો માત્ર પ્રભુમાં જ હતા એટલે કે રાજવૈભવમાં ખોટો મોહ નહિ રાખતા પ્રભુ પ્રત્યેનું જ વલણ રાખવું. નિર્ભય સ્થાન જેવા આ શરણ માર્ગમાં આવ્યા પછી પ્રભુ સિવાય અન્ય કોઈના ભયથી મુક્ત રહેવું. રાજ્યમાં ખટપટ થતા ધીરજ અને હિંમતથી રહેવું. રાજ્યની પ્રજાને પોતાના બાળકો સમાન ગણાવી કારણકે પ્રજાના સુખે જ રાજા સુખી થાય છે. પ્રજા પાસેથી વસુલ કરેલા દ્રવ્યોનો મોટો ભાગ તો પ્રજાના હિતાર્થે જ વાપરવો. મંત્રીઓ કે અમલદારો પ્રજાને ખોટી રીતે હેરાન ન કરે તેવી રીતેની દેખરેખ રાખીને પોતાનું રાજ્યતંત્ર ચલાવવું. રાજાઓનું પ્રથમ અને મુખ્ય કર્તવ્ય પ્રજાનું પાલન કરવાનું છે માટે સમય અનુસાર પ્રજાની રક્ષા કરતા રહેવું.સત્ય નીતી અને ન્યાય કદીપણ છોડવા નહિ. સુખ દુઃખ, લાભ હાનિ તેમજ જય પરાજય ને સમાન ગણીને ધર્મનું સર્વથા પાલન કરવું. જે રાજા પ્રજાને સુખ નહિ આપતા કેવળ કર લેવા ઉપર જ લક્ષ્ય રાખે છે તે દરેક રીતે પોતાની શક્તિને જ હાનીકારક નીવડે છે. માટે પ્રજાને અનુકુળ થઈને રાજ્યના દરેક કાર્યો કરવા બાકી તો પ્રભુ જે રીતે સૃષ્ટિનું પાલન કરે છે તે રીતે રાજાએ પણ પોતાની પ્રજાનું સર્વ રીતે પાલન કરવું તે રાજાનો સ્હેજ ધર્મ છે. માટે રાજ્ય ઉપર આવેલી ગમે તે પ્રકારના આપત્તિના સમયે પણ પ્રજાનું સર્વદા રક્ષણ કરવું.

આ પ્રમાણે શ્રી મહાપ્રભુજીનો ઉપદેશ સાંભળીને રાજા સહિત સૌ કોઈને ઘણો આનંદ થયો અને પછી નિત્ય સેવા માટે કૃષ્ણદેવ રાજાની વિનંતીથી શ્રી મહાપ્રભુજીએ પોતાના પાદુકાજી પધરાવી આપીને પોતાના મુકામે પધાર્યા. બાદ થોડાક દિવસ વિદ્યાનગરમાં રહીને શ્રી મહાપ્રભુજીએ પંઢરપુર શ્રી વિઠ્ઠલનાથજીના દર્શનાર્થે પધારવા માટેની તૈયારી કરતા કૃષ્ણદેવ રાજાએ વિનંતીથી કહ્યું કે કૃપાનાથ, કૃપા કરીને થોડાક દિવસો અહીં બિરાજો અને તે પણ મારા મનમાં રહેલી મારી " પ્રિય ભાવનાને " સફળ કર્યા પછી જ આપ આગળ પધારો કૃષ્ણદેવ રાજાએ આવી વિનંતી કરી પરંતુ જીવનો કેટલો અને કેવો ભાવ છે?..... જીવની કેટલી તૈયારી છે?....... એ જોવા અર્થે તલસાવવા અર્થે આ સમયે તેવી ભાવનાને સિધ્ધ કરવાની ઈચ્છા નથી એવુ બતાવવા માટે કેવલ હાસ્ય કરીને શ્રી મહાપ્રભુજી મૌન રહ્યા. આવુ જોઈને પોતાના હૃદયમાં ખરો ભાવ હોવાથી કૃષ્ણદેવ રાજાએ પોતાના બંને હાથ જોડીને ફરીને વિનંતી કરતા કહ્યું કે પ્રભુ, મારા હૃદયમાં રહેલો મારા " પ્રિય મનોરથ " પૂર્ણ કરવા માટે આપ પાછા ક્યારે કૃપા કરશો?.... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ' સમયની રાહ જુઓ. વળી ક્યારેક જોશું.' એટલે કે સમય આવ્યે થોડાક દિવસો પછી તમારો મનોરથ સિદ્ધ કરીશું. આમ આવું કહીને કૃષ્ણદેવ રાજાની વિનંતીને કંઈક પોષણ આપીને શ્રી કંઠમાં રહેલી માલા કાઢીને કૃષ્ણદેવ રાજાના ગળામાં પહેરાવી તેમજ શ્રીહસ્તથી કૃષ્ણદેવ રાજાની પીઠ થાબડી.

હવે પ્રથમથી તે આજ સુધી વિદ્યાનગરમાં શ્રી મહાપ્રભુજી બિરાજ્યા તેટલા દિવસ દરમ્યાનમાં હજારો જીવો શરણે આવ્યા હતા કે જેની સાથે સાથે મામા વિદ્યાભૂષણે-પણ પોતાના ઘરના બધાય માણસોને નામ શ્રવણ કરાવ્યું હતું અને કેવળ પ્રતિષ્ઠા અંગે જ શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા ન હતા. પરંતુ પાછળથી પોતાને થયેલા અતિ પ્રાયશ્ચિત ના આધારે શ્રી મહાપ્રભુજી પાસે આવીને કહેવા લાગ્યાકે હુ આપના અલોકિક સ્વરૂપને ઓળખી શક્યો નહિ વળી મારામાં રહેલી અજ્ઞાનતાથી મેં કરેલ અપરાધ બદલ મને ક્ષમા કરો. તે પછી મામા વિદ્યાભૂષણે શ્રી મહાપ્રભુજીને કરેલ અતિ આગ્રહથી શ્રી મહાપ્રભુજીએ પોતાના માતાજી વિગેરેને પોતાના મામાને ઘેર રહેવાની આજ્ઞા કરીને સૌને પોતાના મામાને ત્યાં રાખીને બીજા દિવસે પૃથ્વી પરિક્રમા કરવા માટે આગળ પધારવાની તૈયારી થઈ જતા કૃષ્ણદેવ રાજા, રાજ્યના મંત્રી, ઉપરી અધિકારીઓ અને સૌનિકો, અન્ય માણસો, પલટન પ્રજાજનો એમ સૌ કોઈ શ્રી મહાપ્રભુજીના મુકામે આવીને એકઠા થયા અને પછી સ્વારી સહિત કૃષ્ણદેવ રાજાએ માનપૂર્વક વિદાયગીરી આપતા સેવકો શ્રી મહાપ્રભુજી આગળ પધારવા માટે વિદાય થયા. હવે કૃષ્ણદેવ રાજાની ભાવના અનુસાર રક્ષણ કરવા માટે કૃષ્ણદેવ રાજાએ બસો સૈનિકોને સાથે મોકલ્યા હતા. પરંતુ ભક્તોને સદાય નિર્ભય રાખનાર પ્રભુ સર્વ રીતે સમર્થ હોવાથી તેઓને અન્ય કોઈ ના રક્ષણની જરૂરત રહેતી નથી કે જેથી રક્ષણ અર્થે સાથે આવેલા સૌ કોઈને શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી દામોદરદાસજીએ વિદ્યાનગરના શહેરની હદને છોડતાની સાથે જ મોકલી આપ્યા.

આમ વિદ્યાનગરથી પ્રયાણ કરીને શ્રી મહાપ્રભુજી આગળ તો પધાર્યા પરંતુ પાછળ એવું બનવા પામ્યુ કે શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદેવ રાજાને પાછા વળવાની આજ્ઞા કરતા કૃષ્ણદેવ રાજા તો ત્યાંને ત્યાં જ ઉભા રહીને નિજ સેવકો

સહિત આગળ પધારી રહેલ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ તરફ દ્રષ્ટિ કરી કરીને દર્શન જ કરી રહ્યા હતા. અને પછી શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ પોતાની દ્રષ્ટિમાંથી જ્યારે અદ્રશ્ય થયુ ત્યારે પોતાનું હૃદય ભરાઈ આવતા આંખોમાંથી આંસુઓ વહી રહ્યા. અરે.... એટલું જ નહિ પરંતુ વળાવવા માટે ચાલીને આવ્યા તો હતા પણ ચાલીને પાછા જવાની શક્તિજ પોતાના પગમાં રહી નહતી. બાદ ચાલીને પાછા જવાની ઈચ્છા કરતા પોતાના પગ જમીન પર સ્થિર નહિ થતા હોવાથી અથવા તો લથડતા જેવી બનેલી હાલતના આધારે પોતાનાથી ચાલી શકાયું નહિ. આખરે ચાલીને જવા તરીકેનું ચેતન રાજામાં નથી એવું સમજી સાથે રહેલા માણસોમાંથી ચાર-પાંચ માણસોએ એકઠા થઈને કૃષ્ણદેવ રાજાને મહેલમાં લઈ ગયા હતા. જ્યારે બીજી તરફ સેવકો સહિત શ્રી મહાપ્રભુજી આગળ પધારતા પધારતા પંઢરપુર ગામમાં પધારીને નદીના સામા કિનારે મુકામ કરીને બિરાજ્યા. અને પછી કૃષ્ણદેવ રાજાએ અર્પણ કરેલા બધાય આભરણ અને વસ્ત્રો શ્રી વિઠ્ઠલનાથજીને સમર્પણ કરી દીધા હતા.

ત્યારબાદ કૃષ્ણદેવ રાજાને થોડીઘણી શુદ્ધિ તો આવી પરંતુ પોતાની મહાવિકલ દશા થઈ ગઈ હતી એટલે કે આમતેમ ફરી ફરીને તેમજ જ્યાં ત્યાં બેસી રહીને આખો દિવસ પસાર કર્યા બાદ રાત્રિનો સમય થઈ ગયેલો હોવા છતાંય ખાવા પીવાનું પણ ભૂલી જઈને કેવળ વિરહ દશામાં પ્રવેશ કરી ચુકેલ કૃષ્ણદેવ રાજા પોતાની વિરહી દશાનો સમય વ્યતિત કરી રહ્યા છે. શ્રી ઠાકોરજીએ વ્રજમાં કરેલી અંતર્ધાન લીલાના સમયે જેમ ગોપીજનોને લાગેલા આઘાતથી પસાર થઈ ગયેલા કિંમતી સમયને યાદ કરીને વિલાપ કરતા હતા. તેમ શ્રી મહાપ્રભુજી વિદ્યાનગરમાં પધાર્યા ત્યારથી તે વિદાયગીરી આપી ત્યાં સુધીના સમયની યાદી લાવીને કૃષ્ણદેવ રાજા વિલાપ કરી રહ્યા છે. એટલે કે ઘડીકમાં બેસી જાય, તો વળી ઘડીકમાં સૂઈ જાય, વળી ઘડીકમાં કંઈક વિચારો કરવા મંડી જાય, વળી ઘડિકમાં આંસુઓ આવી જાય, વળી આંખોમાં આવી જતા આંસુઓથી કહેવા લાગે કે પ્રભુ, આપના થયેલા આ વિયોગના આધારે હૃદયને થઈ રહેલા અનહદ દુઃખથી વહેતા આ આસુંઓ હવે કેમ અટકશે?..... વળી ઘડીકમાં દોડી જઈને રાજમાર્ગ પર આવેલી બારીએ જઈ ઉભા રહે.વળી ઘડીકમાં જ્યાં કનકાભિષેક થયો હતો ત્યાં જઈને વિચાર કર્યા કરે, ત્યાંથી આમતેમ ફરે અને સભાગ્રહની બહાર જાય આવે. વળી ઘડીકમાં માણસો બોલાવે, વળી ઘડીકમાં કેમ જાણે પોતે કમંડલના તેજથી અંજાઈ જતા હોય તેમ પાછા ત્યાંને ત્યાંજ બેસી જાય વળી ઘડીકમાં સયન ખંડમાં જઈ સૂઈ જાય. વળી કોઈ વિચારથી બોલવા લાગે કે કેવું સ્વરૂપ ?..... કેવું મુખારવિંદ?....... કેવી કૃપા દ્રષ્ટિ?..... કેવો પ્રભાવ?..... કેવા વચનામૃતો?.... વિગેરે સ્મરણો ભૂલી પડેલી મારી આ આંખો સામે તરી રહ્યા તો છે પરંતુ એવા અલૌકિક સ્વરૂપના દર્શન પણ મને હવે ક્યારે થવાના ?..... તેમજ એ "સંયોગ-રસ" પણ મને હવે ક્યારે પ્રાપ્ત થવાનો ?...... આમ વિચારો કરતા કરતા વળી શયનખંડમાં આમતેમ ચક્કર મારવા લાગે, ચક્કર મારતા મારતા વળી બોલવા લાગે કે મારા હૃદયના આધારરૂપ-મારા પ્રાણની જ્યોત સમાન શ્રી વલ્લભ પ્રભુ મને હવે ક્યારે મલે ?.... ખરેખર, મારી યોગ્યતા નહિ જ હોયને નહિતર મારા માટે આવું બને જ કેમ?... વળી ઘડીકમાં જમીન પર સૂઈ જઈને આળોટવા મંડી પડે, આળોટતા આળોટતા પાછા વિચાર કરતા કરતા બોલે કે કરેલી કૃપાએ અહીં બિરાજમાન થયેલ હોવા છતાય " એ અલૌકિક સ્વરૂપનો જે અલભ્ય લાભ કહેવાય છે તે હું લઈ શક્યો નહિ અને નકામા ઝઘડાઓના આધારે શાસ્ત્રાર્થ કરવામાં મને પ્રાપ્ત થયેલો કીંમતી સમય વ્યર્થ કરી નાખ્યો. એટલે કે જે કરવાનું હતું તેં મેં ન કર્યું અને ન કરવાનું હતું તેં મેં કર્યું "...... વળી ઘડીકમાં પાછા ઉભા થઈને આમ તેમ ફરતા જાય અને બોલતા જાય કે તે કીંમતી સમય આંખના એક પલકારાની જેમ જતો રહ્યો પરંતુ આવી નિધિ પધારેલ હોવા છતાંય હું વિલસી શક્યો નહિ... કે જે માટે દોષ પણ કોનો બતાવું?..... એટલે હવે તો મારા કરેલા મારે જ ભોગવવાના રહ્યા.... આવું કહેતાની સાથે જ કેમ જાણે ખરેખર ભાન ભૂલાઈ જ ગયું હોય તેમ પોતે જ્યાં ઉભા હતા ત્યાંથી અતિ વિલાપ કરતા કરતા આ શયનખંડમાં પોતે જ્યાં સૂઈ રહે છે ત્યાં જઈને સૂતા. આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેવા માંડી અને હૃદયમાં ગભરામણ પણ થવા લાગી.....

આખરે કંઠ પણ રૂધાંઈ ગયો અને બોલવાનું પણ અશક્ય બની જવાથી કંઠમાંથી માત્ર એક શબ્દ સંભળાતો હતો કે કૃપાનાથ.... પ્રાણનાથ..... પ્રભુ.....વ્હાલા...... અંતર્યામિ.... પ્રિતથી પ્યારા...ઓ કૃપાસાગર ...કયાં જાંઉ.... ઓ કૃપાનિધિ ....શુ કરૂ ? આમ આવા છેલ્લા શબ્દો બોલતા બોલતા કેમ જાણે શરીરમાં કંઈ ચેતન જ રહેવા પામ્યું નથી. તેમ છુટા હાથ-પગે ચત્તાપાટ પડી જ રહ્યા.... આમ આ છે વિકલદશાની કંઈક અંતિમ સ્થિતિ કે જેમાં પ્રાણ રહ્યો તો રહ્યો અને ગયો તો ગયો. બસ ... વિશેષ વર્ણન અશક્યનું સુચન કરે છે એટલે હવે વિશેષ લખવું પણ અશક્ય છે બાકી વિરહદશાના સ્વરૂપને સાંભળવાથી કે પછી લખેલું લખવાથી કે પછી લખેલું વાંચવાથી અથવા તો પોતાનો પ્રભાવ બતાવવા અર્થે કરવામાં આવતી માત્ર ઉપર ઉપરની ક્રિયાઓથી સમજી કે સમજાવી શકાયું નથી. એટલે તે તો

માત્ર આ કૃષ્ણદેવ રાજા જેવા અનુભવી જ સમજે તેમજ અન્યને પણ માત્ર અનુભવે જ સમજાય. બાદ આવી રીતે અંતિમ સ્થિતિએ આવી પહોંચેલા કૃષ્ણદેલ રાજાની આવી સ્થિતિ જોઈને કે સાંભળીને કોને દુઃખ ન થાય?.....

હવે આનંદ:પરમાનંદઃ શ્રી કૃપાનિધિ : દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાતિનાશનઃ એટલે કે આનંદ સ્વરૂપ,પરમાનંદ સ્વરૂપ શ્રી કૃષ્ણ પ્રભુના મુખરાવિંદરૂપ, કૃપાનો ભંડાર, દેવી જીવોનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરનારા અને સ્મરણ કરતા માત્રથી જ સર્વ પ્રકારની પીડા (દુઃખ) નો નાશ કરનારા એવા શ્રી મહાપ્રભુજી છે. આમ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગુંસાઈજીએ શ્રી મહાપ્રભુજીના નામનું વર્ણન કરેલ છે. આમ આવા શ્રી મહાપ્રભુજી હોવાથી કૃષ્ણદેવ રાજાને થતું દુઃખ જોઈને તેમજ શુદ્ધ અંતઃકરણપૂર્વક કરેલા સ્મરણ માત્રથી જ જે શાસ્ત્રવેદી ઉપર બિરાજીને દિગ્વિજય કર્યો હતો તેજ શાસ્ત્રવેદીના સિંહાસન ઉપર આપશ્રી બિરાજમાન છે તેવા કૃષ્ણદેવ રાજાને પોતાની આવી વિરહ દશામાં જ પ્રત્યક્ષ દર્શન આપીને કે પછી અનુભવ કરાવીને કૃપાસાગર એવા શ્રી મહાપ્રભુજીએ શ્રીમુખથી આજ્ઞા કરતા કહ્યું કે કૃષ્ણદેવ રાજા, હું તો અહીં આ શાસ્ત્રવેદીના સિંહાસન ઉપર નિત્ય બિરાજમાન જ છું છતાંય આવો ક્લેશ કરી તમે દુઃખી શા માટે થાવ છો?.... ચાલો, ઉઠો.... ઉભા થાવ.... વળી હું અન્ય સ્થળે બિરાજી રહ્યો છું એવો ભાવ તમારે રાખવો પણ નહિ. આમ આવા અનુભવ દ્વારા રસનું સિંચન કરીને પોતાના પ્રતિભાવ બંધ કરાવતા શ્રી મહાપ્રભુજી અંતર્ધ્યાન થયા. આમ શ્રી મહાપ્રભુજીએ જેઓને પોતાના માન્યા છે કે જે વિરહદશામાં પોતાના શયનખંડમાં જ્યા સૂઈ રહ્યા હતા ત્યાંજ કૃષ્ણદેવ રાજાને આવો અનુભવ થયો અને તે પણ એવી રીતે કે શાસ્ત્રવેદીના સિંહાસન ઉપર બિરાજમાન થઈને શ્રી મહાપ્રભુજી પોતે જ આજ્ઞા કરી રહ્યા છે એવા સાક્ષાત્ દર્શન થયા પછી તો કરેલ આજ્ઞાવાળા વચનામૃતો સાંભળતાની સાથે જ વિરહથી પોતાને થતા દુઃખની તરત નિવૃતિ થઈ જવાથી કૃષ્ણદેવ રાજા ઉભા તો થયા પરંતુ પોતાના અસલ સ્વરૂપ આવેશમાં આવી જઈને રાત્રિનો સમય હોવા છતાંય આ રાત્રિના સમયે જ માણસોને જગાડ્યા અને દુદુંભી વગેરે વાંજીત્રો વગાડવાનો હુકમ કર્યો બાદ કૃષ્ણદેવ રાજાએ પોતે સ્નાન વગેરે કાર્યોમાંથી પરવારી શ્રી મહાપ્રભુજીનું સ્મરણ કરવા લાગ્યા.

આવામાં રાત્રિનો અંધકાર દૂર થઈ જતા સવારનો સમય થયો. આમ સવારનો સમય જોઈને સ્મરણ કરતા કરતા કૃષ્ણદેવ રાજા ઉભા થયા અને જે શાસ્ત્રવેદીના સિંહાસન ઉપર બિરાજીને શ્રી મહાપ્રભુએ પોતાને વિરહ દશામાં દર્શન આપ્યા હતા તે શાસ્ત્રવેદીના સિંહાસનને સારામાં સારા વસ્ત્રો ધરાવ્યા. તીલક કર્યુ, પુષ્પોની માળાઓ ધરી આરતી ઉતારી અને ઘણુ દ્રવ્ય ભેટ કરીને સાક્ષત દંડવત પ્રણામ કરી દ્રવ્ય રાજદરબારમાં રાજાઓના યશગુણ ગાનારા માગધ, ચારણ, ભાટ વગેરે જેવી જ્ઞાતિવાળાઓને વ્હેંચાવી દીધુ અને પછી આ દિવસ થી કૃષ્ણદેવ રાજા નિત્ય નિયમપૂર્વક આ સ્થળે હંમેશા સવાર-સાંજ એમ બન્ને સમયે પોતાના હાથે જ આરતી કરતા હતા.

ત્યારબાદ જીવ સ્વભાવે દુષ્ટ એટલે કે જીવ દુષ્ટ નથી જીવનો સ્વભાવ દુષ્ટ છે કે જેથી કહેવામાં આવેલ મુજબ જીભ સ્વભાવે દુષ્ટ હોવાથી સૃષ્ટિમાં રહેલા પ્રવાહી સૃષ્ટિવાળા જીવો ગમે ત્યાંથી પણ શોધખોળ કરી લાવીને પોતાના કે પછી અન્ય કોઈના શાન્તીમય ચાલતા જીવનમાં વિરોધ જેવું કે પછી એક વિઘ્ન જેવું કંઈને કંઈ નવું તુત ઉભુ કરવાનાજ. એ નિયમે અહીં પણ એવું જ બનવા પામ્યું કે કૃષ્ણદેવ રાજાનો જીવન પ્રવાહ જે શાન્તિ પૂર્વક ચાલી રહ્યો હતો તેમાં પણ એક વિરોધ તરીકે કંઈક નવું જ ઉપસ્થિત થયું એટલે કે એક જ પખવાડીયામાં એકી સાથે જ્યારે જ્યારે બે એકાદશી આવતી હતી ત્યારે કૃષ્ણદેવ રાજા તો દશમના ભાગની કહેવાતી એકાદશીનું વ્રત નહિ કરતા બીજા દિવસથી કહેવાતી એકાદશીનું વ્રત કરતા હતા. આમ કરતા કરતા એક સમયે એક જ પખવાડિયામાં એકી સાથે બે એકાદશી આવતી હોવાથી કઈ એકાદશી નું વ્રત કરવું ?....... એ પ્રશ્ન અગાઉથી ઉપસ્થિત થતા તેનો નિર્ણય કરવા માટે કૃષ્ણદેવ રાજાએ કાશીનું પંચાંગ અને કૃષ્ણદેવ રાજાના જોષીજીએ બનાવેલું પંચાંગ એમ આ બન્ને પંચાંગો મંગાવીને તપાસતા બન્ને પંચાંગોમાં તફાવત જણાયો કે જેથી સામ સામ સૌ વિચારમાં પડી ગયા કે હવે કરવું શું?..... આમ અગ્નિમાં ઘી હોમાયા જેવું થવાથી વિદ્યાનગરના બ્રાહ્મણો વિદ્વાનોએ વળી આ એક તૂત ઊભું કરીને વિરોધ કર્યો. પરિણામે વિદ્યાનગર શહેરમાં વળી પાછું અશાન્તિ જેવું વાતાવરણ બની જવા પામ્યું.

પરંતુ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપાનંદનો અનુભવ કરનારા કૃષ્ણદેવ રાજા તો પરમ વૈષ્ણવ બની ચુક્યા હતા કે જેથી કૃષ્ણદેવ રાજાને હવે વિઘ્ન જેવું કે પછી ચિંતા જેવું હોય પણ શું ?... એટલે મનમાં વિચાર કરતા આખરે શ્રી મહાપ્રભુજીના કૃપાબળથી એક ઉત્તમ વિચાર આવ્યો કે જે વિચારના આધારે કૃષ્ણદેવ રાજાએ વિરોધી સૌ બ્રાહ્મણો વિદ્વાનો તેમજ શહેરની મુખ્ય મુખ્ય વ્યક્તિઓ એમ સૌ કોઈને બોલાવ્યા અને સૌની હાજરીમાં જ કૃષ્ણદેવ રાજાએ કઈ એકાદશીનું વ્રત કરવું?.... એ સંબંધેનું બે અલગ અલગ કાગળોમાં કંઈક નિશાન તરીકેનુ લખાણ લખીને આ બન્ને કાગળો લઈને શાસ્ત્રવેદી પાસે સૌ ગયા અને આ બન્ને કાગળો શ્રી મહાપ્રભુજીના સિંહાસન ઉપર પધરાવીને વિનંતી કરી કે પ્રભુ, આ બન્ને માંથી કઈ એકાદશીનું વ્રત કરવું?.... એ કૃપા કરીને અમને આજ્ઞા કરી બતાવો કે જેથી તે સત્ય માનીને તે પ્રમાણે અમે વર્તીએ, આમ આવી વિનંતી કરીને સૌને બહાર બોલાવીને કૃષ્ણદેવ રાજાએ દરવાજા બંધ કરાવી દીધા. તે પછી બહાર બેસી બેસીને લગભગ પોણો કલાક પસાર થઈ ગયા બાદ કૃષ્ણદેવ રાજાએ શાસ્ત્રવેદીના દરવાજા ખોલાવીને સૌ શ્રી મહાપ્રભુજીના સિંહાસન પાસે ગયા કે જ્યાં જઈને જુએ છે તો કૃષ્ણદેવ રાજાના જોષીજીવાળા પંચાગમાં બતાવેલ નિર્ણયવાળો કાગળ-સિંહાસન ઉપર જે સ્થિતિમાં રાખેલો હતો તેજ સ્થિતિમાં પડેલો હતો. અને વિદ્વાનોને કહેવાતા કાશીવાળા પંચાંગમાં બતાવેલ નિર્ણયવાળો કાગળ કેમ જાણે સિંહાસન ઉપરથી દૂર ફેંકી દેવામાં આવ્યો હોય તેમ સિંહાસનની નીચે દૂર પડેલો હતો. એટલે કે કૃષ્ણદેવ રાજા એકાદશીનું વ્રત જે રીતે કરતા હતા તેજ સત્ય પ્રમાણનું સુચન કરતા શ્રી મહાપ્રભુજીએ વિશ્વાસ દ્વારા નિજ ભક્તોનું મ્હાત્મ્ય બતાવ્યું. આમ શ્રી મહાપ્રભુજીનો તેમજ નિજ ભક્તોનો આવો અલૌકિક પ્રભાવ જોઈને સૌએ કૃષ્ણદેવ રાજાના નિર્ણયને સત્ય માનીને કૃષ્ણદેવ રાજાના આવા દ્રઢ વિશ્વાસ બદલ કૃષ્ણદેવ રાજાને સૌ ધન્યવાદ આપવા લાગ્યા. અને પાછળથી વળી એ પણ થયું કે પ્રથમ હજારો જીવો શરણે તો આવેલા હતા પણ આ શાસ્ત્રવેદી પર પધરાવવામાં આવેલ શ્રી મહાપ્રભુજીના સિંહાસનના દર્શન કરવા માટે તો ભાગ્યે જ કોઈ આવતું હતું. પરંતુ બની ગયેલા આવા અલૌકિક પ્રસંગના પ્રભાવથી શરણે આવેલા તે બધાય જીવો શ્રી મહાપ્રભુજીના આ સિંહાસનના દર્શન કરવા માટે નિત્ય આવવા લાગ્યા હતા.

હવે આ વિદ્યાનગરમાં વિજય કરીને શ્રી મહાપ્રભુજી આગળ જવા માટે જ્યારે પ્રયાણ કરતા હતા ત્યારે કૃષ્ણદેવ રાજાએ વિનંતી કરીને શ્રી મહાપ્રભુજીને કહ્યું હતું કે રાજ, સર્વતીર્થોને સનાથ અને દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે આપ આમ પૃથ્વી પરિક્રમા કરવા પધારતા આપને ઘણો શ્રમ થશે કે જેથી મારો એવો ભાવ છે કે દશ-વીસ પંડિતો તેમજ બીજા પચાસ માણસો એમ સૌને ખર્ચી આપીને સાથે મોકલું છું એટલે મારા ભાવરૂપેની મારી આ વિનંતીનો સ્વાકીર કરીને આપ આ સૌને સાથે રાખો.... કૃષ્ણદેવ રાજાની વિનંતીનો સ્વીકાર નહિ કરતા શ્રી મહાપ્રભુજીએ તો આ વિદ્યાનગરમાંથી પ્રયાણ કરીને આગળ પધારી ગયા હતા. પરંતુ પાછળથી કૃષ્ણદેવ રાજાને બહુ જ દુઃખ થતા પોતાને એક વિચાર આવ્યો કે શ્રી મહાપ્રભુજીનું આવું કોમળ સ્વરૂપ કે જે દેશ-પરદેશમાં જ્યાં જ્યાં પધારશે ત્યાં ત્યાં બહુ જ પરિશ્રમ થશે. વળી જે પરિશ્રમ થશે તે પરિશ્રમથી મારૂં દાસત્ય પણ જતું રહે...... આમ આવા કારણે કૃષ્ણદેવ રાજાએ શ્રી મહાપ્રભુજીએ આવા વિદ્યાનગરમાંથી કરેલા પ્રયાણ બાદ પોતાના દૂત તેમજ થોડાક માણસોને શ્રી મહાપ્રભુજીની પાછળ ગુપ્ત રીતે રાખ્યા હતા અને પછી જ તો એજ કે શ્રી મહાપ્રભુજી જ્યાં જ્યાં પધારે અને જે જે બને તે તે સર્વે સમાચારો તરીકેની વધાઈ કૃષ્ણદેવ રાજાને જ્યારે જ્યારે મલતી હતી ત્યારે ત્યારે કૃષ્ણદેવ રાજા મોટા મોટા ઉત્સવો માનીને બહુજ આનંદ પામતા હતા એટલે સમજો કે શ્રી મહાપ્રભુજીના સુખ પ્રત્યેનો કૃષ્ણદેવ રાજાનો આવો તો ઉત્તમ ભાવ હતો.

ત્યારબાદ, દશેય દિશામાં દિગ્વિજય કરીને તેમજ સકલ તીર્થોને સનાથ કરતા કરતા અને વળી પોતાના મુખારવિંદના દર્શન દ્વારા કે પછી પોતાના ચરણકમલની રજ દ્વારા માર્ગમાં અનેક જીવોને પવિત્ર કરતા કરતા સેવકો સહિત શ્રી મહાપ્રભુજી એક સમયે જગન્નાથપુરીમાં પધાર્યા અને શ્રી જગદીશ પ્રભુના દર્શન કર્યા બાદ સર્વત્ર છવાયેલા અજ્ઞાનરૂપેનો નાશ કેરનારા એવા સૂર્ય સમાન શ્રી મહાપ્રભુજી શ્રી જગદીશ પ્રભુના કહેવાતા મંદિરની ઉત્તર દિશાના દ્વાર સામે એક સુંદર પવિત્ર સ્થળ જોઈને બિરાજ્યા. તેમજ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે કૃષ્ણદેવ રાજાએ શ્રી મહાપ્રભુજીની પાછળ ગુપ્ત રીતે રાખેલ દૂત તેમજ માણસો શ્રી મહાપ્રભુજીની પાછળ જગન્નાથપુરીમાં આવીને અને યોગ્ય સ્થળે મુકામ કરીને તેઓ પણ આ જગન્નાથપુરીમાં જ રહ્યા છે. એટલે હવે જોઈએ કે અહીં શું બને છે.?.....

આમ આ સમયે આ જગન્નાથપુરીમાં એક વિષ્ણુદેવ નામના રાજા રાજ્ય કરતા હતા કે જે રાજા મહાન વિદ્વાન હતા. પ્રજાજનોને સુખી રાખીને રાજ્ય કરતા હતા. વળી બ્રાહ્મણ, અતિથી, વિદ્વાન, પંડિત, ભિક્ષુક વી.વી. જે કોઈ પોતાના ગામમાં આવતા તેમનો સત્કાર કરીને આશ્રય આપતા હતા. આમ કરતા કરતા વિષ્ણુદેવ રાજાને એક દિવસ એવો વિચાર આવ્યો કે જેટલા દેવો છે તેમાં મુખ્ય દેવ કોણ હશે?..... જેટલા મંત્રો છે તેમાં મુખ્ય મંત્ર કયો હશે?.... જેટલા શાસ્ત્રો છે તેમાં મુખ્ય શાસ્ત્ર કયુ હશે?..... અને જેટલા કર્મો છે તેમાં મુખ્ય મંત્ર કયું હશે?..... આવી આ બાબતમાં ઘણા વિચારો કર્યા પરંતુ વિષ્ણુદેવ રાજાને સત્ય વસ્તુની કઈ સમજ પડી નહિ. આખરે પંડિતો અને વિદ્વાનો બોલાવીને એક સભાની યોજના કરૂ અને પછી સભામાં આવેલા સૌ પંડિતો અને વિદ્વાનોને આ પ્રશ્નો પુછું આવો વિચાર કરીને આ વિષ્ણુદેવ રાજાએ તો પાતાના આ વિચાર ને અમલમાં મુક્તા પંડિતો તેમજ વિદ્વાનોને આમંત્રણ મોકલાવીને બોલાવ્યા

અને એક સભા ભરી. આ સભામાં આવી એકત્ર થયેલા સૌ પંડિતો, વિદ્વાનો અને બ્રાહ્મણો સમક્ષ વિષ્ણુદેવ રાજાએ એક પછી એક પ્રશ્નો રજુ કર્યા કે હે પંડિતો, બધાય દેવોના મુખ્ય દેવ કોણ?..... બધાય મંત્રોમાં મુખ્ય મંત્ર ક્યો ?....... બધાય શાસ્ત્રોમાં મુખ્ય શાસ્ત્ર કયું ?..... અને બધાય કામોમાં મુખ્ય કાર્ય કયું?..... આવા પ્રકારના આ ચાર પ્રશ્નો વિષ્ણુદેવ રાજાએ સૌની સમક્ષ પૂછતાં ઘડીક તો સૌ વિચારમાં પડી ગયા બાદ એક પછી એક પોતાને ફાવે તેમ એટલે કે જે જેના ઉપાસક હતા તે તે રીતેના સૌએ જવાબો આપ્યા. પરંતુ સૌના તરફથી આપવામાં આવેલ આવા જવાબોથી વિષ્ણુદેવ રાજાને સંતોષ થયો નહિ.

આવામાં વિષ્ણુદેવ રાજાના સાંભળવામાં આવ્યું કે પોતાના ગામમા કોઈ એક મહાન આચાર્ય પધાર્યા છે. તેથી નક્કી કરીને એક દિવસ સર્વે પંડિતોને બોલાવીને અને સાથે ભેગા લઈને શ્રી મહાપ્રભુજી જ્યાં બિરાજતા હતા ત્યાં વિષ્ણુદેવ રાજા આવ્યા દર્શન અને દંડવત્ પ્રણામ કર્યા પછી શ્રી મહાપ્રભુજીની સામે બેસીને વિનંતીથી કહ્યું કે મહારાજ આપ તો મહાન આચાર્ય છો અને વળી માયામતનું ખંડન કરીને દસેય દિશામાં દિગ્વિજયો કર્યા છે એવું સાંભળીને મારા હૃદયમાં ઉત્પન્ન થયેલા પ્રશ્નોનું સમાધાન કરવા માટે આપને શરણે આવ્યો છું. વિષ્ણુદેવ રાજાની વિનંતી સાંભળીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતાં કહ્યું કે રાજન, ખુશીથી કહો-યોગ્ય સમાધાન કરીશું. શ્રી મહાપ્રભુજીની આવી મધુર વાણી સાંભળીને બહુ જ પ્રસન્ન થતા વિષ્ણુદેવ રાજાએ ઉપર પ્રમાણેના ચારેય પ્રશ્નો પૂછયા. હવે વિષ્ણુદેવ રાજાના આ ચારેય પ્રશ્નોથી શ્રી મહાપ્રભુજીએ વિચાર કર્યો કે શાસ્ત્રની રીતે જો હું સમજાવીશ તો રાજાના મનનું સમાધાન થશે નહિ પરંતુ જો અલૌકિક રીતે સમજાવીશ તો જ તેને સત્ય વસ્તુ સમજાશે એટલે કે રાજાને શ્રી જગદીશ ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે તેથી શ્રી જગદીશ પ્રભુ દ્વારા જ સમજાવવાથી તેના મનનું યોગ્ય સમાધાન થશે. વળી સાથે સાથે પંડિતોના વાદવિવાદ પણ આપોઆપ બંધ થઈ જશે. આમ મનમાં વિચાર કરીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે રાજા, જુઓ, આ શ્રી જગદીશ પ્રભુ તો અહીં સાક્ષાત્ બિરાજમાન છે તેથી શ્રી જગદીશ પ્રભુ પાસે જઈને એક કાગળ, ખડિયો અને કલમ લઈ જઈને તેમની પાસે મુકો. એટલે શ્રી જગદીશ પ્રભુ પોતે જ લખી આપીને તમારા મનનું સમાધાન કરી આપશે. શ્રી મહાપ્રભુજીના વચનામૃતો સાંભળીને વિષ્ણદેવ રાજા તો બહુ જ આનંદમાં આવી ગયા. અને પછી વિષ્ણુદેવ રાજાએ તો વિનંતી કરીને શ્રી મહાપ્રભુજીને જ સૌની આગળ કર્યા. અને પાછળ રાજા અને પછી બધાય પંડિતો સહિત સૌ આનંદ થી શ્રી જગદીશ પ્રભુના મંદિરમાં આવ્યા. સૌએ દર્શન કર્યા પછી શ્રી મહાપ્રભુજીએ ઉપર પ્રમાણેના ચારેય પ્રશ્નોના જવાબ લખી આપવાની શ્રી જગદીશ પ્રભુને વિનંતી કરતાં એક કાગળ, ખડિયો અને કલમ નિજ મંદિરમાં રાખીને સૌ બહાર આવ્યા.

તે પછી મંદિરના દરવાજાના દ્વાર બંધ કરાવી દીધા અને તાળા મરાવીને ચારેય બાજુમાં ચોકીદારો ગોઠવી દીધા. થોડીક ક્ષણો પસાર થયા બાદ શ્રી જગદીશ પ્રભુએ વિચાર કરીને અને શ્રી મહાપ્રભુજીની વિનંતીથી પોતે પોતાનું સાક્ષાત સ્વરૂપ પ્રગટ કરીને પોતાના હાથમાં કલમ લીધી અને મોતી જેવા અક્ષરે લખ્યું કે " શ્રી દેવકી-પુત્ર એ જ મુખ્ય દેવ, શ્રી દેવકી પુત્રના નામો એ જ મુખ્ય મંત્ર, શ્રી દેવકી-પુત્રે ગાયેલી ગીતા એ જ મુખ્ય શાસ્ત્ર અને શ્રી દેવકી-પુત્રની સેવા એ જ મુખ્ય કર્મ છે." આ પ્રમાણે શ્રી જગદીશ પ્રભુએ લખાણ લખ્યા બાદ શ્રી મહાપ્રભુજીએ વિષ્ણુદેવ રાજાને આજ્ઞા કરતા કહ્યુ કે રાજન, હવે મંદિરના દ્વાર ખોલાવો અને મંદિરમાં જઈને શ્રી જગદીશ પ્રભુના હાથે લખાયેલા કાગળ લઈ આવો. આવી શ્રી મહાપ્રભુજી કરેલી આજ્ઞાથી વિષ્ણુદેવ રાજાએ મંદિરના દ્વાર ખોલાવ્યા અને મંદિરમાં જઈને સૌની સમક્ષ તે કાગળ લાવતા શ્રી મહાપ્રભુજીએ ફરીને આજ્ઞા કરી કે તે કાગળમાં શ્રી જગદીશ પ્રભુએ જે લખી આપેલ છે તે પંડિતોને વાંચી સંભળાવો. વિષ્ણુદેવ રાજાએતો કાગળમાં ઉપર પ્રમાણેની લખેલી આજ્ઞા વાંચી સંભળાવી જે લખ્યુ હતું તે સૌની સમક્ષ પ્રગટ કર્યું આમ શ્રી જગદીશ પ્રભુના હસ્તાક્ષરના દર્શન કરીને સૌ ખરેખર આશ્ચર્ય પામેલહોવા છતાંય આટલેથી આ વાત સંપૂર્ણ થતી તો નથી જ કારણ કે ......

લૌકિકમાં કે પછી અલૌકિકમાં ગમે તેવા સારા કાર્યો કર્યા હશે કે સારા કાર્યો થયાં તો પણ હશે તે પણ એવા કાર્ય ઉપર પાણી ફેરવનારા વિરોધીઓ તો રહેવાના જ. એ નિયમે શ્રી મહાપ્રભુજીએ ભોજન કર્યા સિવાય અહીં શ્રી જગદીશ પ્રભુના મંદિરમાં આવીને આવું ન બની શકે તેવું ઉત્તમ કાર્ય કરી બતાવેલ હોવા છતાય વિરોધીઓ કે પછી માયાવાદી પંડિતો શ્રી મહાપ્રભુજીના આવા સામર્થ્ય ને જોઈને હૃદયમાં બળવા લાગ્યા અને પછી તો તેમાનો એક બહિર્મુખ પંડિત કે જે બુમાબુમ કરીને રાજાને તેમજ શ્રી મહાપ્રભુજીને કહેવા લાગ્યો કે શ્રી જગન્નાથજીને હાથ જ નથી તો હાથ વિના લખ્યું કેવી રીતે?...... એટલે આ બધું ખોટું તો છે. ધતિંગ છે. આવા આ દુષ્ટ બ્રાહ્મણ પંડિતના વચનો સાંભળીને શ્રી મહાપ્રભુજીએ કહ્યુ કે આતો કોઇ મહામુર્ખ શિરોમણિ છે. વૈષ્ણવોના ધ્વેશ કરનારો છે. એ મૂર્ખને એટલી પણ ખબર નથી કે જો પ્રભુને હાથ ન હોત તો ધરાવામાં આવતી આટલી બધી સામગ્રી કેમ આરોગતા હશે?...... એટલે પ્રભુના સ્વરૂપને કે પ્રભુના સામર્થ્ય ને તે સમજ્યો જ નથી તે પછી સૌએ તેને મનાવ્યો પરંતુ માને તે બીજા. એટલે પછી ન છુટકે વિષ્ણુદેવ રાજાએ શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા કહ્યું કે રાજ.... પ્રભુ બધાય પંડિતોનો તો વ્હેમ જાણે દૂર થઈ ગયો છે પરંતુ જો આ એક પંડિત નો વ્હેમ દુર થાય તો સારુ. બાકી આપ તો પ્રભુ છો એટલે વિશેષ કહુ પણ શું?.... વિષ્ણુદેવ રાજાની આવી દીનતાપૂર્વકની વિનંતી સાંભળીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે રાજન, જાઓ... કાગળ ... ખડિયો અને કલમ લઈને બીજીવાર શ્રી જગદીશ પ્રભુ પાસે મુકીને આવો કે જેથી સૌને જણાઈ આવશે કે વિરોધ કરવા પાછળ તેનું કારણ શું છે?...... શ્રી મહાપ્રભુજીની આવી આજ્ઞા સાંભળીને વિષ્ણુદેવ રાજાએ કાગળ, ખડિયો, અને કલમ લઈને ફરીને મંદિરમાં મુક્યા અને દરવાજાના દ્વાર બરાબર બંધ કરાવીને સૌ બ્હાર બેઠા, હવે કૃષ્ણદેવ રાજાએ શ્રી મહાપ્રભુજીની પાછળ ગુપ્ત રીતે રાખેલ માણસો આ બધુંય જુએ છે અને પછી સમય સમયના બધાય સમાચાર કૃષ્ણદેવ રાજાને મોકલતા પણ રહે છે.

તે પછી થોડોક સમય વિત્યા બાદ શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા દ્વાર ખોલાવીને શ્રી જગદીશ પ્રભુને ફરીને લખાયેલો કાગળ લાવ્યા તેમજ શ્રી જગદીશ પ્રભુના હાથે લખાયેલા અક્ષરોના સૌને દર્શન કરાવ્યા અને લખેલા શ્લોકોનો સૌની સમક્ષ ઉલ્લેખ કર્યો કે આ માતાપિતાનો ધ્વેશ કરનારો અને વળી બીજાના વીર્યથી ઉત્પન્ન થયેલો વર્ણશંકર છે... અરે... એટલું જ નહિ પરંતુ ભગવદદ્રોહી, ભક્તદ્રોહી અને ધર્મદ્રોહી પણ છે આમ આ પ્રમાણેનો ઉલ્લેખ સાંભળીને આ સમયે એકઠા થયેલા સૌ ચકિત થઈ ગયા. વળી આ વાત સત્ય છે કે કેમ ?.... તેના ખાત્રી કરવા માટે વિષ્ણુદેવ રાજાએ માણસો મોકલીને તે બહિર્મુખ પંડિતની કહેવાતી જનેતાને બોલાવી અને સૌની વચ્ચે તેને પૂછયું કે આ પુત્ર તારો છે?.... અને તારો હોય તો તે કોનાથી ઉત્પન્ન થયો છે?.... તે સત્ય બતાવ. આવા પ્રકારના સવાલોથી લોક શરમે પોતે કરેલા અધમ કર્તવ્યને છુપાવતા કંઈપણ જવાબ આપ્યો નહિ કે જેથી વિષ્ણુદેવરાજાના હુકમથી અતિ ધમકી આપીને માણસોએ મરવાની તૈયારી કરી બતાવતા તે બાઈએ ધ્રુજતા ધ્રુજતા કહ્યું કે પ્રથમ મારે એક મ્લેચ્છની સાથે સંબંધ હતો કે જે મ્લેચ્છના સંબંધોથી તે ઉત્પન્ન થયેલો છે..... આ પ્રમાણે સત્ય હકીકત જાણીને સૌ કોઈ વિસ્મય પામ્યા..... અને તે પછી આ પંડિત દુષ્ટ છે. આસુરી છે અને વળી મ્લેચ્છના વીર્યથી ઉત્પન્ન થયેલો છે કે જેથી આવો આ જીવ આ પુરીમાં રહેવો ન જોઈએ એવું વિચારીને વિષ્ણુદેવ રાજાએ તેનું કાળું મોઢું કરાવીને આ જગન્નાથપુરીમાંથી બહાર કાઢી મુક્યો. બાદ શ્રી મહાપ્રભુજીનો અહીં દિગ્વિજય થતા સર્વત્ર જય જયકાર થયો તેમજ સૌ પ્રણામ કરવા લાગ્યા. વળી અહીંના ઘણાય જીવો શરણે થતા સર્વત્ર જય જયકાર થયો તેમજ સૌ પ્રણામ કરવા લાગ્યા. વળી અહીંના ઘણાય જીવો શરણે આવતા વિષ્ણુદેવ રાજા પણ શરણે આવ્યા અને શ્રી મહાપ્રભુજીને મહા મુલ્યવાન રત્નો ભેટ આપ્યા.

જ્યારે બીજી તરફ જગન્નાથપુરીમાં શ્રી મહાપ્રભુજીને થયેલા શ્રમવાળા સમાચાર લઈને જગન્નાથ પુરીમાંથી નીકળેલ માણસો પ્રયાણ કરતા કરતા વિધાનગર પહોચ્યાં અને જગન્નાથપુરીમાં બનેલી ઘટનાના સમાચાર કૃષ્ણદેવ રાજાને કહીને સંભળાવ્યા કે જે સાંભળીને કૃષ્ણદેવ રાજાને અતિ આઘાત લાગતા કેમ જાણે મુર્છા જ આવી ગઈ હોય તેવી સ્થિતિમાં મુકાઈ ગયા હતા અને પછી શુદ્ધિમાં આવતા શ્રી મહાપ્રભુજી આઠ પ્રહર સુધી મહાપ્રસાદ લઈ ન શક્યા તેવો શ્રી મહાપ્રભુજીને શ્રમ શા માટે આપ્યો?.. એવો એક પત્ર વિષ્ણુદેવ રાજા ઉપર લખીને પોતાના એક પંડિતને આપ્યો તેમજ સાતે બીજા ત્રણ પંડિતોને પણ મોકલવાનો વિચાર કરીને ચારેય પંડિતોને જગન્નાથપુરીમાંથી આવેલા માણસો સાથે જગન્નાથપુરી તરફ રવાના કર્યા. અને પછી સમજો કે કૃષ્ણદેવ રાજા ના માણસો સાથે ચારેય પંડિતો જગન્નાથપુરીમાં આવ્યા અને કૃષ્ણદેવ રાજાએ લખી મોકલેલ પત્ર જગન્નાથપુરીના કહેવાતા વિષ્ણુદેવ રાજાને આપતા રાજાએ પત્ર વાંચ્યો અને પછી આ પત્રના ઉત્તરમાં પોતે પત્ર લખ્યો છે તે જે કંઈ બનવા પામ્યું હતું તે કોઈ મ્લેચ્છના વીર્યથી ઉત્પન્ન થયેલા બ્રાહ્મણના કારણે બનવા પામ્યું હતુ પરંતુ પાછળથી તેનું કાળું મોઢું કરીને અમારા ગામમાંથી તેને બહાર કાઢી મુક્યો છે અને તે પછી તે આનંદના સમાચાર તો એ છે કે આવું થવાથી અહીં શ્રી મહાપ્રભુજીનો સારી રીતે વિજય થયો છે. સર્વત્ર જય જયકાર થયો છે. અહીના ઘણાય જીવો શરણે આવ્યા છે અને વળી આપ જેવાઓની આડીથી સેવક થઈને મેં પણ અતિ આનંદ અનુભવ્યો છે. એટલે શ્રી મહાપ્રભુજીને અહીં શ્રમ જેવું હવે કંઈ નથી..... વિ. વિ. આમ આવો પત્ર લખીને વિષ્ણુદેવ રાજાએ પોતાના બે માણસોને આ પત્ર આપ્યો અને વિદ્યાનગરથી આવેલા પંડિતોનો સત્કાર કરીને વિદાયગીરી આપતાં પોતાના આ બંને માણસોને પણ તેમની સાથે જ વિદ્યાનગર જવાને વિદાય કર્યા.

બાદ જગન્નાથપુરીથી વિદાય થયેલા પંડિતો સાથે વિષ્ણુદેવ રાજાના માણસો થોડાક દિવસોમાં વિદ્યાનગર આવ્યા અને રાજદરબારમાં જઈને વિષણુદેવ રાજાએ લખી આપેલો પત્ર એક રાજ્યની રીતિએ નમન કરીને કૃષ્ણદેવ રાજાને આપ્યો. આમ વિષ્ણુદેવ રાજાનો પત્ર વાંચીને કૃષ્ણદેવ રાજા બહુ જ પ્રસન્ન થયા કે જેના કારણે પોતે પોતાના ત્યાં એક

મહાન ઉત્સવ કર્યો. તે પછી તે જગન્નાથપુરીના માણસોને વિદ્યાનગરથી જ્યારે કૃષ્ણદેવ રાજા વિદાય કરતા હતા ત્યારે શ્રી જગદીશ પ્રભુને અંગીકાર કરવા માટે ઘણાય આભૂષણો અને ભેટ તરીકે દ્રવ્ય આપીને આ માણસોને અતિ પ્રેમથી વિદાય કર્યા બાદ આ માણસોએ જગન્નાથપુરીમાં આવીને કૃષ્ણદેવ રાજાએ મોકલાવેલ સંદેશો વિષ્ણુદેવ રાજાને કહી સાંભળાવ્યો તેમજ કૃષ્ણદેવ રાજા એ મોકલેલા આભૂષણો ભેટ વી. શ્રી મહાપ્રભુજીને આપતા શ્રી મહાપ્રભુ એ આ બધુય શ્રી જગદીશ પ્રભુને પોતાના શ્રીહસ્તથી અંગીકાર કરાવ્યું. અને જગન્નાપુરીમાં સૌ કોઈ આનંદના આવેશમાં આવી જઈને જય જયકાર કરતા શ્રી મહાપ્રભુજીને દંડવત પ્રણામ કરવા લાગ્યા. આમ સમજો કે શ્રી મહાપ્રભુજી આજગન્નાથપુરીમાં એક વર્ષ સુધી બિરાજીને પૃથ્વી પરિક્રમાને કાજે અહીંથી આગળ પ્રયાણ કર્યું. હવે એક દિવસ કૃષ્ણદેવ રાજા શાસ્ત્રવેદી સામે બેસીને શ્રી મહાપ્રભુજીનું સ્મરણ કરતા હતા ત્યારે પોતે મનમાં એક મનોરથ જેવું કંઈક વિચારવા લાગ્યા કે કનકાભિષેક તો કરાવ્યો પરંતુ આનંદ તો પ્રાપ્ત થયો નહિ કે જેથી હવે શ્રી મહાપ્રભુજી જો લગ્ન કરે તો યુગલ સ્વરૂપની સેવા તરીકેનો એક મહાન મનોરથ કરીને સંપૂર્ણ આનંદ પ્રાપ્ત કરૂ.......

તે પછી ભક્તેચ્છાપુરક : એટલે કે પોતાના અન્નય ભકતોની ઈચ્છાને પૂર્ણ કરનારા એવા શ્રી મહાપ્રભુજી છે. આમ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગુંસાઈજીએ શ્રી મહાપ્રભુજીના નામનું વર્ણન કરેલ છે. એટલે અંતર્યામિ એવા શ્રી મહાપ્રભુજી નિજ ભક્ત કૃષ્ણદેવ રાજાના હૃદયની ઈચ્છાને જાણી જતા પૃથ્વી પરિક્રમા કરતા નિજ સેવકો સહિત કાશી પધાર્યા. કાશીમાં શ્રી કૃષ્ણ ભટ્ટજીના પુત્રી શ્રી મહાલક્ષ્મીજી સાથે શ્રી મહાપ્રભુજીનો મહાન વિવાહ-ઉત્સવ થયો એટલે કે લગ્ન થયા. બાદ શ્રી મહાલક્ષ્મીજીને પિયરમાં રાખીને નિજ સેવકો સહિત ફરીને પૃથ્વી પરિક્રમા કરવા પધાર્યા. અને તે પછી પૃથ્વી પરિક્રમાનું કાર્ય સંપૂર્ણ થયા બાદ વિધાનગરથી માતાજી તથા કાશીથી શ્રી મહાલક્ષ્મીજી વિગેરેને બોલાવીને હંમેશાને માટે અડેલમાં વાસ કરીને બિરાજ્યા. હવે શ્રી મહાપ્રભુજીની પાછળ કૃષ્ણદેવ રાજાએ રાખેલા ગુપ્ત માણસો દ્વારા સમયે સમયના બધાજ સમાચાર કૃષ્ણદેવ રાજાને મલતા હતા જ પરંતુ વિવાહ-ઉત્સવ પછી અડેલમાં પધારીને બિરાજમાન થાય છે તેવા સમાચાર કૃષ્ણદેવ રાજાને જ્યારે મલ્યા ત્યારે કૃષ્ણદેવ રાજાને બહુ આનંદ થયો તેમજ વિચારવા લાગ્યા કે સૌ ભક્તજનોના ભાગ્યનો મહાન ઉદય થયેલ હોવાથી હવે મારા પણ મનોરથો સફળ થશે. એમ અતિ આનંદમાં આવી જઈને પોતાને ત્યા આનંદપૂર્વક ઉત્સવ કર્યો અને......

પછી કૃષ્ણદેવ રાજાએ શ્રી મહાપ્રભુજીના સમાચાર પ્રાપ્ત કરવા અર્થે રાખેલ ગુપ્ત માણસો દ્વારા શ્રી મહાપ્રભુજીની આજ્ઞા લઈને શ્રી મહાપ્રભુજીના શુભ સમાચારો પોતાને ક્ષણે ક્ષણે મલતા રહે એવી ઉત્તમ ભાવનાએ કૃષ્ણદેવ રાજાએ ગુપ્ત માણસો રાખ્યા હતા તે બદલ પ્રગટ રીતે વિદ્યાનગરથી તે અડેલ સુધીમાં પચાસ માણસોની એક ટુકડી રાખી અને પછી તો તે ટુકડી દ્વારા કૃષ્ણદેવ રાજા શ્રી મહાપ્રભુજીના શુભ સમાચારો ક્ષણે ક્ષણે જાણી શકતા હતા. હવે પોતાના હૃદયની ભાવનાએ વિચારેલા મનોરથોના કારણે શ્રી મહાપ્રભુજીના દર્શન અને મનોરથોનો આરંભ કરવાની તીવ્ર ઈચ્છાએ અડેલ જવાનો વિચાર કરીને પ્રથમ શ્રી મહાપ્રભુજીને પત્ર દ્વારા સમાચાર મોકલાવ્યા. આમ આવા સમાચાર શ્રી મહાપ્રભુજીને પહોંચતા શ્રી મહાપ્રભુજીએ વિચાર કર્યો કે આવા વિવાહ ઉત્સવ તરીકેના સમાચાર સર્વત્ર ફેલાતા દેશ પરદેશમાં રહેતા બધાય વૈષ્ણવો અડેલમાં અવશ્ય આવશે જ. કે જેના કારણે અડેલમાં ભીડ થઈ જશે. અને વળી અધુરામાં પુરૂ એ પણ થશે કે કૃષ્ણદેવ રાજા પણ પોતાના હજારો માણસોનો મોટો સંઘ લઈ આવશે કે જેથી ભીડમાં ભીડનો બહુ જ વધારો થઈ જશે. વળી આ પ્રમાણેના મનોરથમાં વૈષ્ણવોને પણ આનંદ મળે તેવી ઈચ્છાએ આ મનોરથ માન્ય કર્યો છે. પરંતુ જો અતિ ભીડ થઈ જશે તો વૈષ્ણવોને આનંદ મળી શકશે નહિ. એટલે પછી કેવળ વૈષ્ણવોના આનંદરૂપે ના સુખનો વિચાર કરીને શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદેવ રાજાને આજ્ઞા કરતા પત્ર દ્વારા જણાવ્યું કે વિવાહ-ઉત્સાહ તરીકે વિચારેલા કનકાભિષેક મહોત્સવના દર્શન કરવા માટે દેશ પરદેશથી વૈષ્ણોના જુથોના જુથો આ અડેલ જેવા ગામડામાં આવશે કે જેથી સાથે જો તમે જો હજારો માણસોના સંઘ સહિત આવશો તો આ નાનકડા ગામમાં વૈષ્ણવો બહુ હેરાન થઈ જશે કે જે જોઈને તમારા મનને પણ અતિ ઉદ્વેગ થશે કે જેથી તમે એવું કરજો કે તમે ત્યાંથી રવાના થયા પછી જ્યારે અડેલ નજીક આવો ત્યારે તમારા માણસોમા સંઘ સહિત તમારે અડેલથી એક ગાઉ દૂર મુકામ કરજો અને પછી પચાસ પચાસ માણસોને લઈને તમારે હંમેશા અડેલ આવવું. વળી આવી રીતે અડેલમાં આવવાથી તમારો મનોરથ તમે સુખ શાન્તીથી કરીને અલભ્ય આનંદ પ્રાપ્ત કરી શકશો કે જેના સાથે સાથે વૈષ્ણવો પણ અલૌકિક લ્હાવો લઈ શકશે.

શ્રી મહાપ્રભુજી તરફથી આજ્ઞારૂપે આવેલા પત્ર દ્વારા સમાચાર જાણીને આજ્ઞાપત્રને પોતાના મસ્તક ઉપર પધરાવીને કૃષ્ણદેવ રાજા તો હર્ષઘેલા બની જઈને નાચવા કૂદવા લાગ્યા તેમજ માણસોને હુકમ કરીને દુંદુભિ જેવા વાંજીત્રો વગાડાવ્યા. બાદ કેમ જાણે પોતાના મનોરથોનો આજથી જ આરંભ કરતા હોય તેમ કીંમતીમાં કીંમતી વસ્ત્રો તૈયાર કરાવ્યા. અમુલ્ય આભૂષણો તૈયાર કરાવ્યા. કનકાભિષેક માટે સવા લાખ સોનો મહોરો તૈયાર કરાવી. સુવર્ણનું સિંહાસન તૈયાર કરાવ્યું. સંધ્યાવંદન માટે સુવર્ણનો સાજ તથા સુવર્ણની બીજી વસ્તુઓ તૈયાર કરાવી અને તંબુ વી. પણ તૈયાર કરાવ્યા. પછી રાજકુટુંબિઓ, અન્ય રાજઓ, મંત્રીઓ, ઉપરી અધિકારીઓ, પંડિતો-વિદ્વાનો, શેઠ લોકો, રાજ્યના અમુક માણસો, શહેરના અમુક પ્રજાજનો, પાયદળ, હાથી, ઘોડા, પાલખી વિગેરેને તૈયાર કરાવ્યા. આમ આવા પ્રકારે કૃષ્ણદેવ રાજાએ તો હજારો માણસોનો એક મોટો સંઘ તૈયાર કર્યો અને પછી નક્કી કરેલા દિવસે દુંદુભિ તથા બેન્ડ વાજા જેવા વાંજીત્રો વગાડતા-વગાડતા અને શ્રી મહાપ્રભુજીની જય... શ્રી મહાપ્રભુજીની જય.... બોલતા બોલતા કૃષ્ણદેવ રાજા સહિત હજારો માણસોથી શોભી રહેલા સંઘે અડેલ જવા માટે રાજમહેલથી આગે કૂચ કરી અને પછી વિદ્યાનગરના રાજમાર્ગ પર ઠઠ થઈને એકઠી થયેલી જનતા તરફથી કરવામાં આવતી પુષ્પોની વૃષ્ટિનો ભાવપૂર્વક સ્વીકાર કરતા કરતા વિદ્યાનગરના રાજમાર્ગો છોડયા. વિદ્યાનગર શહેર છોડયું અને આખરે વિદ્યાનગરની હદ પણ છોડીને આ સંઘ આગળ ચાલી નીકળ્યો. તે પછી એક અનોખા ઉમંગથી ચાલતા ચાલતા અને વચ્ચે પોત પોતાની ભાવના અનુસાર આનંદરૂપેનો આ રસ લૂંટતા લૂંટતા થોડાક દિવસોમાં આ આખો સંઘ અલ્હાબાદ પાસે આવેલા અડેલ ગામની નજીકમાં આવી પહોંચતા શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર કૃષ્ણદેવ રાજાએ અડેલથી એક ગાઉ દૂર મુકામ-કરાવ્યો.

બાદ શ્રી મહાપ્રભુજીને પોતાના આવી ગયાના સમાચાર મોકલાવીને મુખ્ય કેવળ પસાચ માણસોને પોતાની સાથે લઈને અનન્ય ભાવને પ્રગટ કરી બતાવનાર કૃષ્ણદેવ રાજા અડેલ ગામે આવ્યા. તેમજ નિજ સ્થાનમાં બિરાજી રહેતા શ્રી મહાપ્રભુજીના દર્શન કરીને ચરણારવિંદમાં ઢળી પડયા. હૃદય ભરાઈ આવતા આંખોમાંથી હર્ષરૂપેના આંસુઓ વહેવા લાગ્યા. પછી શ્રી મહાપ્રભુજીના બંને ચરણારવિંદનો સ્પર્શ કરીને બંને ચરણારવિંદ પોતાના મસ્તક ઉપર ધારણ કર્યા. આમ આ સમયે શ્રી મહાપ્રભુજીએ કૃષણદેવ રાજાને સ્વપ્ને પણ ખ્યાલ ન હોય તેવા અલૌકિક સ્વરૂપે દર્શન આપ્યા કે જે દર્શન કરતા કૃષ્ણદેવ રાજાના રોમે રોમમાં સેવારસ ભરાઈ આવ્યો, અરે, એટલું જ નહિ પરંતુ હૃદયમાં ખેરખરો દાસીભાવ પ્રગટ થઈ આવ્યો કે જે દાસીભાવનું વર્ણન કર્યે ન સમજાય એટલે વિશેષ વર્ણન પણ શું કરી શકાય ?.... પછી કૃષ્ણદેવ રાજાએ દીનતાભાવે કહ્યું કે રાજ, આપની કૃપાએ આજ મારૂ જીવન સફળ થયું.

હવે મનોરથનો આરંભ કરવાની અતિ આતુરતાવાળા કૃષ્ણદેવ રાજાએ પ્રેમના આવેશમાં આવી જઈને શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા કહ્યું કે પ્રભુ, આપ યુગલ સ્વરૂપે (શ્રી મહાપ્રભુજી અને શ્રી મહાલક્ષ્મીજી) સેહરા ધરીને એકી સાથે બિરાજીને મારો મનોરથ સિદ્ધ કરો. જવાબમાં શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે સારૂ તેમ કરીશું. આવા શ્રી મહાપ્રભુજીવા જવાબથી કૃષ્ણદેવ રાજાએ તો આનંદ સાગરમાં ડુબકા મારતા મારતા જેઠ માસ તરીકે કહેવાતા પ્રથમ જેઠ માસની આવતી એકાદશીના શુભ દિવસે વિવાહ-ઉત્સવ કરવો એવું નક્કી કર્યું. પછી તે દિવસ આવતા મહોત્સવનો આરંભ કરીને એક મોટો મંડપ બંધાવ્યો. મંડપમાં કીંમતી ચંદરવા બંધાવ્યા, મંડપને ફુલ-પાનથી શણગારાવ્યો, મંડપમાં અમુલ્ય પીંછવાઇ બંધાવી. પછી યુગલ સ્વરૂપને એટલે કે શ્રી મહાપ્રભુજી અને શ્રી મહાલક્ષ્મીજીને એમ બંને સ્વરૂપોને અમુલ્ય વસ્ત્રો તથા આભુષણો ધારણ કરાવ્યા. પછી યુગલ સ્વરૂપને મંડપમાં પધરાવી જઈને કેમ જાણે ખરેખર વિવાહ-ઉત્સવ જ હોય તેમ બન્ને સ્વરૂપોના વસ્ત્રોને ગાઠ(છેડાછેડી) બાંધીને મંડપમાં બિરાજવાના સ્થળે પધરાવ્યા. આમ બિરાજવાને સ્થળે બિરાજ્યા પછી બંને સ્વરૂપોને સહેરાના કહેવાતા શણગાર ધરાવ્યા.તેમજ ફુલોની વૃષ્ટિ કરી. પછી રજો વગેરે જેવા શ્રી મહાલક્ષ્મીજીના સહચારીઓ વિવાહના મંગલ ગીતો ગાવા લાગ્યા. અનેક પ્રકારના વાંજીત્રોના મધુર સ્વરો સંભળાવવા લાગ્યા. દામોદરદાસજી વિગેરે જેવા વૈષ્ણવો મંગલ વધાઈઓ ગાવા લાગ્યા. વળી કૃષ્ણદેવ રાજાએ કાશી પ્રયાગ વિગેરે સ્થળેથી બોલાવેલા ગુણીજનો અને ગંધર્વો પણ પોતાને શોભતા નાચ-ગાન કરવા લાગ્યા. પંડિતો-વિદ્વાનો મધુર સંગીતરૂપે મંત્રો બોલી બોલીને અલૌકિક આનંદ અનુભવવા લાગ્યા. અન્ય વૈષ્ણવોએ એક બીજાને મદદરૂપે થઈને કેમ જાણી પ્રેમરસની નદીમાં તરતા હોય તેમ આ મહોત્સવરૂપોની આનંદ બજારમાં આમતેમ ફરવા લાગ્યા. આમ સૌની સાથે કૃષ્ણદેવ રાજા પણ પોતાના રજોગુણને એટલે કે રાજાપણાના કહેવાતા-અભિમાનરૂપેના ગુણને તેમજ ખોટી શરમને છોડી દઈને પોતાના હૃદયમા કેવળ દાસ-દાસી ભાવ રાખીને વૈષ્ણવોના સમૂહમાં ભળી જઈને આ અલૌકિક આનંદ બજારમાં વરસતા અલૌકિક રસનું પાન કરવા લાગ્યા. મંડપ મધ્યે ચોતરફ પુષ્પોની-વૃષ્ટિ થવા લાગી કેળના સ્થંભો અને ફૂલપાનથી શોભી રહેલા મંડપ મધ્યે- બિરાજેલા બન્ને સ્વરૂપો મંદમંદ હાસ્ય કરી કરીને અને ચોતરફ કૃપા દ્રષ્ટિ કરીને સૌ કોઈને આકર્ષણ કરવા લાગ્યા. એટલે સમજો કે આ મહોત્સવમાં આનંદ લેવા આવેલા સૌ કોઈ પોત પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. આવા પ્રકારના વાતાવરણમાં વચ્ચે કૃષ્ણદેવ રાજાને તો કેમ જાણે દેહાનુસંધાન

ભૂલાઈ જતુ હોય તેમ યુગલ સ્વરૂપના ચરણારવિંદ પાસે જઈને બન્ને સ્વરૂપોના ચરણારવિંદમાં ઢળી પડ્યા. આવું જોઈને બિરાજી રેહલ યુગલ સ્વરૂપ પોત પોતાના શ્રીહસ્તનો સ્પર્શ કરતા કૃષ્ણદેવ રાજા ઉભા થયા અને પછી હજારોની સંખ્યાવાળા માનવ સમૂહની વચ્ચે જય..... જય કરતા કરતા યુગલ સ્વરૂપને સાષ્ટાંગ પ્રણામ કર્યા તેમજ હજારો સોના મહોરો ન્યોચ્છાવર કરીને સૌ કોઇને આપવા લાગ્યા. આવા આ વિવાહ-ઉત્સવના સમયે થયેલી અપૂર્વ શોભાનું વર્ણન જ કરવું અહીં મુશ્કેલ છે. બાકી તો ભગવદીઓ ભાગ્યશાળી હતા કેઓએ જ આવા અવર્ણનીય શોભાના દર્શન કર્યા.

પછી અહીં શ્રી મહાપ્રભુજીની સમીપમાં રહીને નિત્ય નવાનવા ઉત્સવો કરતા હતા. આમ કરતા કરતા પ્રથમ જેઠ માસ પુરો થયો અને બીજા જેઠ માસની શુદ બારસ વિત્યા બાદ તેરસના દિવસે કૃષ્ણદેવ રાજાએ શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા આજ્ઞા માગે કે રાજ, આ જે પુનમ આવે તે દિવસે સુવર્ણ સ્નાન કરાવવાનો મારો મનોરથ છે તો કૃપા કરીને આ મારો મનોરથ પણ સિદ્ધ કરો. કૃષ્ણદેવ રાજાનો આ મનોરથ વિષેની વાત સાંભળીને શ્રી મહાપ્રભુજીએ- થોડીક વાર વિચાર કરીને આજ્ઞા કરી કે રાજન સારૂ..... પરંતુ અમારી આજ્ઞા પ્રમાણે કરશો તો સૌ ખરૂ સુખ પ્રાપ્ત કરી શકશો. જવાબમાં બે હાથ જોડીને ઉભા રહેલ કૃષ્ણદેવ રાજાએ દીનતાપૂર્વક કહ્યું કે પ્રભુ...... આપ શ્રીમાનની આજ્ઞા હશે તે પ્રમાણે જ કરીશું. બાદ શ્રી મહાપ્રભુજીએ સમજાવતા આજ્ઞા કરી કે રાજન, સુવર્ણમાં રજો ગુણ રહેલો છે. એટલે કે જો તમારી ભાવના પ્રમાણે કરવામાં આવશે તો અન્ય વૈષ્ણવોને આનંદ આવશે નહિ કે જેથી તમે એવું કરો કે તમારે તેમજ અહીં આવેલા સર્વ ભાવિક વૈષ્ણવોને પોત પોતાની કાંધ(ખભા) ઉપર અહી બાજુમાં રહેલા યમુનાજીમાંથી શ્રી યમુના જળ ભરી લાવવું અને પછી તમે જે સૂવર્ણની મહોરો લાવ્યા છો તે સૂવર્ણ મહોરોનો એક ચોતરો (આટો) બનાવીને તે ચોતરા ઉપર અમને યુગલ સ્વરૂપને પધરાવીને સુવર્ણ સ્નાન કનકાભિષેક વિગેરે જે કરાવવું હોય તે કરાવજો. અને આમ કરાવવાથી તમને સૌને આનંદ થશે કે જેના સાથે તમારો મનોરથ પણ અતિ આનંદથી સિદ્ધ થશે. આમ શ્રી મહાપ્રભુજીએ કરેલ આજ્ઞા પ્રમાણે જ પોતાની ઈચ્છા પ્રગટ કરી બતાવતા હોય તેમ કૃષ્ણદેવ રાજાએ કહ્યું કે પ્રભુ...... આપ તો પરમ કૃપાળુ છો? ....એવું કહીને દંડવત્ પ્રણામ કર્યા.

પછી બીજા જેઠ માસની પુનમ આવી કે જે દિવસે સવારથી સુવર્ણ સ્નાન અંગેની તૈયારીઓ કરતા શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ કૃષ્ણદેવ રાજાએ નક્કી કરી રાખલે સ્થળે સૂવર્ણની મહોરોનો એક ચોતરો તૈયાર કરાવ્યો. ચોતરા ઉપર સુંદરમાં સુંદર કોમળ વસ્ત્રની બિછાવટ કરી . પછી કૃષ્ણદેવ રાજા સહિત સૌ વૈષ્ણવો ગાગરો ભરી ભરીને પોત પોતાની કાંધ ઉપર શ્રી યમુના જલ લાવ્યા. પછી શ્રી મહાપ્રભુજીને તેમજ શ્રી મહાલક્ષ્મીજીને એમ યુગલ સ્વરૂપને તૈયાર કરેલા સુવર્ણના ચોતરા ઉપર પધરાવ્યા. અને પછી સુવર્ણ સ્નાન કરાવવાની શરૂઆત કરતા બ્રાહ્મણો મંત્રો ભણવા લાગ્યા. વૈષ્ણવો દ્વારા આવેલ શ્રી યમુના જલમાં કેસર કસ્તુરી વિ. જેવી સુંગંધીઓ પધરાવીને તૈયાર કરી રાખેલ શ્રી યમુના જલથી યુગલ સ્વરૂપને કૃષ્ણદેવ રાજા સહિત સૌ વૈષ્ણવો સ્નાન કરાવવા લાગ્યા. વૈષ્ણવો કીર્તન બોલવા લાગ્યા. ગીતો ગાવાવાળા ગીતો ગાવા લાગ્યા, પછી સ્નાન કરાવવાનું કાર્ય પૂર્ણ થયેથી યુગલ સ્વરૂપના શ્રીઅંગને લૂછીને ઉત્તમોત્તમ વસ્ત્રો અને આભૂષણો ધરાવ્યા. પછી કૃષ્ણદેવ રાજાએ શ્રીયુગલ સ્વરૂપના શ્રી હસ્તનો સ્પર્શ કરીને સુવર્ણના છત્રથી શોભતા સુવર્ણના સિંહાસન પર પધરાવ્યા. અને આરતી ઉતારી. મોટા પ્રમાણમાં દ્રવ્યની ન્યોછાવર કરીને ભેટ કરી. બાદ સૌએ દંડવત્ પ્રમામ કર્યા. આમ અહીં ઉજવવામાં આવેલા બંને ઉત્સવના સમયે અડેલમાં સાક્ષાત્ લીલાત્મક સૃષ્ટિ દર્શન થઈ રહ્યા હતા તેમજ આ સમયે ન કલ્પેલ તેવા પ્રકારનું અલૌકિક સુખ સૌ પ્રાપ્ત કરી શક્યા હતા. વળી સર્વે વૈષ્ણવો અને કૃષ્ણદેવ રાજાએ પણ પોત પોતાની ફરજ અનુસારનું કાર્ય કરી બતાવીને સૌ કોઈ પોત પોતાના અહોભાગ્ય માનવા લાગ્યા હતા. આમ ઉત્સવોનુ કાર્ય સંપૂર્ણ થઈ ગયા બાદ કૃષ્ણદેવ રાજએ એ પણ કર્યું કે આ મનોરથો પોતે માનેલ હોવાથી આ મનોરથોના નિમિત્ત દેશ પરદેશથી આવેલા વૈષ્ણવો તેમજ અડેલ ગામના વૈષ્ણવો એમ સર્વે વૈષ્ણવોને કૃષ્ણદેવ રાજાએ પોતાની તરફથી ત્રણ દિવસ સુધી મહાપ્રસાદ લેવડાવ્યો. તેમજ સર્વે વૈષ્ણવોને વસ્ત્રો ઓઢાઠીને પહેરામણી પણ કરી.

તે પછી કૃષ્ણદેવ રાજાએ શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા પૂછ્યું કે રાજ, આ સુવર્ણનો સાજ સૂવર્ણનું છત્ર, સૂવર્ણનું સિંહાસન, સુવર્ણની મહોરો વગેરેનું શું કરવું ?...... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ સુવર્ણની વસ્તુઓમાંથી સંધ્યાવંદન કરવા માટેનો જે એક સુવર્ણનો સાજ હતો તે માત્ર એક સાજ તરીકે કહેવાતા પાત્રોનો જ અંગીકાર કરીને બીજી વસ્તુઓ માટે આજ્ઞા કરતા કહ્યું કે સુવર્ણનું છત્ર અને સુવર્ણનું સિંહાસન અમારી જ્ઞાતિના ભટ્ટજીને આપી દીયો અને સુવર્ણની મહોરો બાબતમાં કહેવાનું કે તે મહોરો તો અમારા સ્નાનના જલ સમાન થઈ ગયેલ હોવાથી તે સુવર્ણની મહોરો અમારા ઉપયોગમાં નથી. વળી આ વાત તો તમે જાણો પણ છો. એટલે કે તમે વિદ્યાનગરમાં જ્યારે કનકાભિષેક કરાવ્યો હતો ત્યારે અમે જે આજ્ઞા કરી હતી તે તમે ક્યાં નથી જાણતા?...... એટલે તે આજ્ઞા મુજબ આ સુવર્ણની મહોરો બ્રાહ્મણોને વ્હેંચી આપવી. આવી શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ સૂવર્ણનુ છત્ર અને સુવર્ણનું સિંહાસન શ્રી મહાપ્રભુજીની જ્ઞાતિના ભટ્ટજીને આપી દીધી. બાદ પ્રયાગ કાશીમાં રહેતા બ્રાહ્મણોમાંથી સવા લાખ બ્રાહ્મણોને આમંત્રણો આપ્યા. અને પછી પ્રયાગમાં કહેવાતા ત્રિવેણી સંગમના ઘાટ ઉપર એક સભાના રૂપમાં સૌ બ્રાહ્મણો એકત્ર થતા શ્રી મહાપ્રભુજીએ ત્યાં પધારીને કૃષ્ણદેવ રાજા દ્વારા એક એક બ્રાહ્મણોને એક એક મહોર દક્ષિણા તરીકે અપાવી દેતા ત્રિવેણી સંગમ ઉપર સર્વત્ર શ્રી વલ્લભાચાર્યજીની જય ..... શ્રી વલ્લભાચાર્યજીની જય..... એમ શ્રી મહાપ્રભુજીના નામની જય જયકારો થવા લાગ્યા. એટલે આ રીતે શ્રી મહાપ્રભુજી સ્વયશ પ્રગટ કરાવીને સૌ વૈષ્ણવ સહિત શ્રી મહાપ્રભુજી અડેલ પધારીને સુખ-શાન્તિથી રહેવા લાગ્યા.

બાદ શ્રી મહાપ્રભુજી એક સમયે જ્યારે બેઠક ખંડમાં બિરાજતા હતા ત્યારે કૃષ્ણદેવ રાજાએ તાલુકા ગામોની ભેટ સ્વીકારવાની વિનંતી કરતા શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે રાજન, અમારી જ્યારે ઈચ્છા થશે ત્યારે જરૂરત પુરતા દ્રવ્ય માટે પત્ર લખીશું એટલે તે સમયે તે મોકલજો. શ્રી મહાપ્રભુજીએ તાલુકા ગ્રામની ભેટ સ્વીકારવાની આવી રીતે ના પાડતા કૃષ્ણદેવ રાજાએ વળી ફરીને બીજી વાત કરતા કહ્યું કે રાજ, તો પછી આપશ્રી આજ્ઞા કરો તો અડેલ ગામની બન્ને બાજુએ એક એક ગાઉ સુધીમાં શ્રી યમુનાજીના કિનારા ઉપર પાકો ઘાટ બંધાવું?..... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે અરે, રાજન શ્રી યમુનાજી તો અહીં અલૌકિક ભાવથી બિરાજે છે તેથી તો અહીં ઘાટ બંધાવવાનો વિચારપણ તમારા હૃદયમાં કદીપણ કરશો નહિ. આમ શ્રી યમુજાનીના સ્વરૂપનો એક અલૌકિક ભાવ પ્રગટ કરી બતાવીને શ્રી મહાપ્રભુજીએ શ્રી યમુનાજીના કિનારા પર ઘાટ બાંધવાની પણ ના પાડવાથી કૃષ્ણદેવ રાજા સ્હેજ વિચારમાં પડ્યા છતાંપણ પોતાનું મન માન્યુ નહિ અને આખરે અડેલ ગામની ચારેય બાજુએ એટલે કે દિશામા કિલ્લા જેવી પહોળી અને પાકી દિવાલોવાળા મોટો મોટા ચાર બુરજ બંધાવ્યા. તેમજ શ્રી મહાપ્રભુજીના સુખ અને સેવા અર્થે પોતાના તરફથી સાતસો માણસો રાખેલા કે જે સાતસે માણસો આ બુરજ ઉપર જ રહેવા લાગ્યા હતા.

આમને આમ નવા નવા મનોરથો કરતા કરતા કૃષ્ણદેવ રાજા અહીં અડેલમા બે માસ રહ્યા બાદ શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદેવ રાજાને વિધાનગર જવાની આજ્ઞા કરતા બીજા દિવસે વિધાનગર તરફ પ્રયાણ કરવાનો વિચાર કર્યો. પછી બીજા દિવસે પોતાની સાથે લાવેલ હજારો માણસોવાળા સંગને તૈયાર કરાવીને મંત્રીઓ તથા અધિકારીઓ જેવા અમુક માણસોને સાથે લઈને કૃષ્ણદેવ રાજા શ્રી મહાપ્રભુજીને દંડવત્ કરવા માટે પોતાના મુકામેથી અડેલ આવ્યા. શ્રી મહાપ્રભુજીના દર્શન કરતાની સાથે જ, કૃષ્ણદેવ રાજાની દશા પાછી બદલી કે જેથી પોતાનામાં રહેલી અતિ અશક્તિના કારણે શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં આપોઆપ નમી જ ગયા. અને પછી સમજો કે વિધાનગરે જવા માટે કેમ જાણે પોતાનામાં ચાલવાની શક્તિ જ ન હોય તેવું પોતાને જણાયું પણ ... શું થાય?..... જવુ તો પડશે જ. એવું વિચારીને ઊભા થયા અને શ્રી મહાપ્રભુજીના મુખારવિંદ સામે એક દ્રષ્ટિથી જોઈ જ રહ્યા. વળી આંખોમાંથી આંસુઓની ધારાઓ પણ વહેવા માંડી, આવું જોઈને સર્વ ગુણ જેઓનામાં પૂર્ણ છે એવા શ્રી મહાપ્રભુજીએ વિચાર્યુ કે વિધાનગરમાં જેવું થયુ હતુ તેવું જો અહીં થશે તો રાજાને તથા અન્ય સૌને રસ્તામા બહુ જ દુઃખ થશે. એવા હેતુએ શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદેવ રાજાના સાથે આવેલા મંત્રીઓની બુદ્ધિનું પરિવર્તન કરી નાખતા રાજાની પાસે ઉભા રહેલા પોતાના મંત્રીઓ બહુ જ ઉતાવળ કરવા લાગ્યા. આમ મંત્રીઓને ઉતાવળ કરતા જોઈને " ભક્તોની સર્વે ભાવનાઓને પૂર્ણ કરીને રસનું દાન કરનારા " એવા શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદેવ રાજાના મસ્તક ઉપર શ્રીહસ્ત મુક્તા આજ્ઞા કરી કે રાજન. કોઈ પણ જાતનું દુઃખ કર્યા સિવાય આનંદ કરતા કરતા તમે વિધાનગર જાવ અને ત્યાં તમારા મહેલમાં શાસ્ત્રાવેદીવાલા ચોતરા ઉપર બેઠકનારૂપે અમારે બિરાજવાનું જે સ્થળ છે " તે બેઠકવાળા સ્થળે અમે તમને દર્શન આપીશું " કે જેથી તમે તમારા બધાય મનોરથો ત્યાં પૂર્ણ કરજો. આવી રીતે કૃષ્ણદેવ રાજાને સમજાવીને શ્રીકંઠમાંથી માળા ઉતારીને કૃષ્ણદેવ રાજાના ગળામાં પહેરાવીને તેમજ બીડા આપીને વિદાયગીરી આપતા કૃષ્ણદેવ રાજાએ સાષ્ટાંગ દંડવત્ પ્રમામ કરીને અને શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને હૃદયમાં ધારણ કરીને અડેલથી વિદાય થયા. બાદ ચાલતા ચાલતા પોતાનો સંઘ જ્યાં તૈયાર થઈને ઉભો હતો ત્યાં આવી પહોંચતા કૃષ્ણદેવ રાજાની સાથે સંઘવાળા સૌ માણસો પણ ચાલવા લાગ્યા.

હવે ચાલતા ચાલતા કેટલાક દિવસો આ આખા સંઘ સહિત કૃષ્ણદેવ રાજા વિધાનગર નજીક આવી પોંચતા સંઘમા માણસો દ્વારા શહેરમાં સમાચાર પ્રસરી જતા રાજ કુટુંબિઓ, રાજમયના મંત્રીઓ ઉપરી અધિકારીઓ, બેન્ડ વાજા સહિત પાયદળ, પ્રજાજનો એમ સૌ કોઈ મલીને ભાગ્યશાળી એવા આવી રેહલા હજારો માણસોવાળા સંગના દર્શન અને સત્કાર

કરવા માટે શહેરથી એકાદ ગાઉ દૂર સામે પછી તો સંઘવાલાઓ તરફથી શ્રી વલ્લભ પ્રભુની જય.... અને પ્રજાજનો તરફથી કૃષ્ણદેવ મહારાજાની જય શ્રી મહારાજાધિરાજની જય .... મહારાજાધિરાજ ઘણુ જીવો ..... એવા ચોતરફ જયનાદો થવા લાગ્યા ચોતરફથી પુષ્પ વૃષ્ટિઓ થવા લાગી. વળી આવો પ્રસંગ જિંદગીમાં રોજ આવતો નથી એવું માનીને આજનો આ પ્રસંગનો લાભ લઈને આનંદ પ્રાપ્ત કરવા માટે હર્ષ ઘેલા બનેલા સૌ કોઈ સામે આવવા લાગ્યા હતા. પછી સૌ ધીમે ધીમે શહેર તરફ આગળ ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા વિધાનગર શહેરના કિલ્લામાં પ્રવેશ કરતા તોપોના અવાજો કરી કરીને સંઘનો સત્કાર કર્યો. ચારણ જેવી જ્ઞાતિવાળા પ્રજાજનો કીર્તિગાન કરવા લાગ્યા. સ્ત્રિજનો મધુર ગીતો ગાવા લાગ્યા. વળી થઈ રહેલ જયનાદોથી આખુ વિધાનગર ગાજવા લાગ્યું. રાજમાર્ગ પર આવેલા મકાનોની બારીઓમાંથી પુષ્પોનો તો જાણે વરસાદ જ વરસવા લાગ્યો. આમ સૌ આજના અનેરા આનંદનો અનુભવ કરતા કરતા આખરે સ્વારીરૂપે શોભી રહેલો સંઘ રાજમહેલમાં આવી પહોંચ્યો. આમ રાજમહેલમાં આવી પહોંચતા રાજા બેઠકવાળા શાસ્ત્રવેદીના ચોતરા પાસે આવીને સન્મુખ ઉભા રહ્યા અને શ્રી મહાપ્રભુજીનું સ્મરણ કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બાદ વાણીથી અવર્ણનીય એવો આજનો પરમ આનંદ પ્રાપ્ત કરીને સૌ વિસર્જન થયા.

તે પછી સમજો કે કૃષ્ણદેવ રાજા પોતાના મહેલમાં શાસ્ત્રવેદી ઉપર શ્રી મહાપ્રભુજીની સેવા અને સ્મરણ કરતા હતા કે જે સેવા-સ્મરણ દ્વારા કૃષ્ણદેવ રાજા શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનો અનુભવ કરવા લાગ્યા હતા. અરે, એટલું જ નહિ પરંતુ વિધાનગરમાં બેઠા બેઠા જ્યારે જ્યારે અને જે જે મનોરથો કૃષ્ણદેવ રાજાને પોતાના મનમાં ઉત્પન્ન થતા હતા તે બધાય મનોરથો શાસ્ત્રવેદીના કહેવાતા ચોતરા ઉપર આવેલા બેઠકવાળા સ્થળે સાક્ષાત્ પધારીને શ્રી મહાપ્રભુજી પૂર્ણ કરતા હતા. હવે કૃષ્ણદેવ રાજા લીલા-સ્વરૂપમાં સંબંધના પરિચય પ્રત્યેનો વિચાર કરતા લીલામાં કૃષ્ણદેવ રાજાનું સ્વરૂપ શ્રી સ્વામિનીજીની અંતરંગ સખીઓમાંની એક અંતરંગ સખીના ભાવરૂપ જ હતુ. નહિતર અહીં ભૂતળ પર કેવળ શ્રી સ્વામિનીજીરૂપ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપમાં જ આશક્ત ન થતા.... શ્રી મહાપ્રભુજીના સ્વરૂપના જ સુખનો વિચાર ન કરત..... અને વળી શ્રી મહાપ્રભુજીના સ્વરૂપની સેવા કે સ્મરણ ન કરત એટલે ટુંકમાં એટલું જ કે જેઓના રોમે રોમમાં દાસીભાવ વાળો સેવારસ ભરેલો છે એવા પરમ કૃપાપાત્ર કૃષ્ણદેવ રાજા શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનો અનુભવ કરી કરીને " ન ધારેલ હોય તેવા પ્રકારનું અલૌકિક સુખ " ભોગવી રહ્યા હતા. આમ આવા કૃષ્ણદેવ રાજાની જીવન ઝરમરનો પારજ નથી એટલે લખી લખીને કેટલું લખાય?

આમ કૃષ્ણદેવ રાજાનું આ વિધાનગર દક્ષિણ ભારતમાં આવેલ છે. વળી કૃષ્ણદેવ રાજા ભગવદ્ ચરણારવિંદમાં પ્રાપ્ત થયા પછી આ વિધાનગરનું નામ બદલી જતા પાછળથી વિજયનગર તરીકે ઓળખવવા માંડ્યું એટલે આમ આ વિજયનગર (જુનુ વિધાનગર શહેર) દક્ષિણ ભારતમાં આવેલા ગુન્ટેકબ અને હુબવી વચ્ચે આવતા હોસ્પેટ સ્ટેશનથી જવાય છે. (આ હોસ્પેટ સ્ટેશનથી સાત માઈલ દૂર આવેલા હમ્પી નામના કહેવાતા તીર્થધામની બાજુમાં જે ખંડેર જેવો ભાગ દેખાય છે તેજ જુનુ વિધાનગર) સમય જતા આ વિજયનગરને (વિધાનગરને પાછળથી નષ્ટવત કરવામાં આવતા તે નષ્ટવંત્ થયેલી દશામાં આજે પણ દર્શન થાય છે.

આમ પ્રેમ-શક્તિનું સ્વરૂપ બતાવનાર શ્રી કૃષ્ણદેવ રાજાની વાર્તા સંપૂર્ણ.

૫ : દામોદરદાસ સંભલવાલા

આ ગ્રંથની પહેલી વાર્તામાં બતાવ્યા મુજબ જે સમયે લોદીવંશનો અસ્ત થયો અને મુગલ રાજ્યની હકુમત ચાલી રહી હતી. તે સમયે આ હિન્દુસ્તાન દેશની ઉત્તર દિશામાં કહેવાતા ઉત્તર પ્રદેશ નામના પ્રાંતમાં કાનપુરની બાજુમાં એક કનોજ નામનું શહેર આવેલું હતુ. કે જે શહેર હાલ પણ હૈયાત છે. આમ આ શહેરમા એક ક્ષત્રિય કુંટુંબના ધનવાનમાં ધનવાન એવા એક દામોદરદાસ સંભલવાલા રહેતા હતા. તે જેઓને પોતાના બાલપણથી જ પ્રભુ પ્રત્યે વિચારો આવ્યા કરતા હતા. પછી સંસારચક્રની ગતિએ પોતાની વય મોટી થતા અઢળક સંપત્તિવાળા ક્ષત્રિય કુંટુંબના એક ધનાઢય ગૃહસ્થની લાડકવાયી પુત્રી સાથે દામોદરદાસ સંભલવાલા ના લગ્ન થયા. વળી પિતાએ અતિ લાડથી મોટી કરેલ પુત્રીને કરીયાવરમાં ઘણુંય આપ્યું હતુ... અરે... એટલું જ નહિ પરંતુ પોતાની પુત્રીને ઘરમાં કંઈ કામ નરવું ના પડે એવા હેતુએ એકસો જેટલી દાસીઓ પણ કરીયાવરમાં આપી હતી. એટલે પછી સમજો કે દામોદરદાસ સંભલવાલા પોતાની ધર્મપત્નિ સાથે નો ગ્રહસ્થાશ્રમ સુખેથી ભોગવવા લાગ્યા હતા. પરંતુ સાથે સાથે પ્રભુ પ્રત્યેના વિચારો પણ પોતાના હૃદયમાં ડંખ મારી રહ્યા હતા. પણ કરે શું?.... ભક્તો સિવાય ભગવાનની ઓળખાણ કરાવે કોણ?.... વળી હૃદયના ખરા તાપક્લેશ સિવાય ભગવાનના વ્હાલા ભક્તો મળે પણ ક્યાં?...... આવા પ્રકારે વિચારો કરતા કરતા પોતાની વય પણ મોટી થવા લાગી. હવે જેમ જેમ વય મોટી થતી જાય છે તેમ તેમ પોતનામાં આવેલ સમજણ શક્તિના આધારે હૃદયમાં તાપક્લેશ પણ વિશેષને વિશેષ વધતો જાય છે. આખરે પોતાનો લક્ષ્મીવાળો વૈભવ વિલાસ ભોગવી રહેલા દામોદરદાસ સંભલવાળાનો સ્હેજ હૃદય પલટો થઈ જતા સંસારના કહેવાતા સુખો, વિલાસો, કે પછી મોજશોખો છોડી દઈને પ્રભુ કેમ મળશે?.... પ્રભુ ક્યારે મળશે ?... એવા તાપક્લેશ હૃદયમાં ખરેખર થવા લાગ્યો. આવામાં મકર સ્નાન કરવાનો દિવસ આવતા દામોદરદાસ સમભલવાલા મકર સ્નાન કરવાના નિમિત્તે અલ્હાબાદ પાસે ત્રિવેણી સંગમવાળા પ્રયાગ નામના તીર્થધામમાં આવ્યા હવે પ્રભુ તો કૃપાળુ છે અને આવા હોવા છતાંય જીવનું ન વિચારે તે બને ખરૂ?... ના વિચારે નહિ.... નહિ .. તેવું બને જ નહિ. પરંતુ તેમાં તાપક્લેશની આવશ્યકતા પ્રથમ રહે છે. એટલે ખરા અંતઃકરણપૂર્વક તાપક્લેશ થયો કે બસ ભક્તોનો તેમજ પ્રભુનો પણ મિલાપ થયો જ સમજો. હા હા... થયો જ સમજો...

જ્યારે બીજી તરફ કેશવાનંદસ્વામી કે જે કૃષ્ણદાસ મેઘનના પ્રથમ ગુરૂ હતા કે જમેણે ભગવદ્ અવતાર સંબંધીના કહેલા સમાચારથી કૃષ્ણદાસ મેઘન ને ભગવદ્ આવતારનો સંયોગરસ પ્રાપ્ત કરવા માટે પોતાના આ ગુરૂને ત્યાંથી ચાલી નીકળીને ગામોગામ ફરતા હતા (કે જેનું વર્ણન આગળમાં કૃષ્ણદાસ મેઘનની વાર્તાઓ દ્વારા જણાવવામાં આવેલું છે) તે મુજબ ઘણાય ગામોમાં ફરતા ફરતા કૃષ્ણદાસ મેઘન આ પ્રયાગ નામના તીર્થધામમાં પણ આવીને કે ભગવદ્ અવતારના પ્રાકટયની વાત પૂછતા પૂછતા પ્રયાગમાં તપાસ કરતા હતા. આવામાં કૃષ્ણદાસ મેઘનનો દામોદરદાસ સંભલવાલા ને અચાનક મિલાપ થઈ જતા આ મિલાપ દ્વારા અરસપરસમાં થયેલી વાતચીતથી એકબીજાને અતિ આનંદ આવ્યો. અને પછી વિશેષ ચર્ચા કરતા કૃષ્ણદાસ મેઘનને કહ્યું કે આપણા આ હિન્દુસ્તાનની ભાગ્યશાળી ભૂમિ પર ભગવદ્ અવતારનું પ્રાગટય થઈ ચુકેલું છે કે જે મળેલા સમાચારથી તે ભગવદ્ સ્વરૂપના દર્શન કરવા માટે હું આમ તેમ બધેય ફરી રહ્યો છું. આમ આવું થોડુ કંઈક સુચન કરીને તેમજ પોતાની પણ યાદી રહે તેવું કંઈક કરીને કૃષ્ણમેઘન તો આ પ્રયાગમાં ભગવદ્ સ્વરૂપ પ્રત્યેના કંઈપણ સમાચાર નહિ મલતા આ પ્રયાગ છોડીને આગળ ચાલી નીકળ્યા.

હવે ભક્તોની કોટીમાં રહેલાં એવા કૃષ્ણદાસ મેઘનના થયેલા મિલાપ પછીથી દામોદરદાસ સંભલવાલાના હૃદયમાં તાપક્લેશ વધવા લાગ્યો કે જે તાપક્લેશમાંને તાપક્લેશમાં અહીં આ પ્રયાગમાં જે કાર્ય કરવા માટે આવેલા હતા તે

કાર્યના અંગે બીજા દિવસે એટલે કે મહા શુદ ૧૫ ના દિવસે ત્રિવેણી સંગમ પર ગયા અને શ્રી ગંગાજી, શ્રી યમુનાજી અને શ્રી સરસ્વતી (ગુપ્ત રીતે) એમ આ ત્રણેય નદીઓના ત્રિવેણી સંગમવાળા સ્થળે જલમાં પ્રવેશ કરીને મક્કર સ્નાન કરવા લાગ્યા. આવામાં અહીં આ જલમાં એક અલૌકિક ઘટના એવી બની કે દામોદરદાસ સંભલવાલા જ્યાં સ્નાન કરતા હતા ત્યાં પોતાના હાથમાં કંઈક આવવાથી પોતે તે પકડી લીધું અને પછી ત્રાંબાનો હસ્ત લીખીત એક ત્રાંબાપત્ર જોવામાં આવતા સ્નાન બરાબર કર્યું કે ન કર્યુ પણ આ ત્રાંબાપાત્ર લઈને પોતે પોતાના સ્થળે આવ્યા. તે પછી આ ત્રાંબાપત્રમાં દેખાઈ રેહલી આકૃતિઓ પ્રત્યેનો વિચાર કરતા આખરે રાત્રિ પણ થઈ જતા ખાધાપીધા વિના એમને એમ દામોદરદાસ સંભલવાલાને નિદ્રાં આવી ગઈ.

બાદ લીલામાં આ દામોદરદાસ સંભલવાલાનું સ્વરૂપ ચિત્રા સખીનું છે. અહીં ભૂતળ પર ચિત્રા સખીથી પ્રગટયા છે અને વળી તે શ્રી સ્વામીનીજીની સખીના ભાવરૂપ છે કે જેના કારણે શ્રી સ્વામિનીજીરૂપે ભૂતળ પર પ્રગટ થયેલા શ્રી મહાપ્રભુજીનો મિલાપ કરાવવા માટે મકર સ્નાન કરતા કરતા શ્રી યમુનાજી દ્વારા શ્રી ઠાકોરજીએ ત્રાંબાપત્ર અપાવ્યો તો ખરો પરંતુ દામોદરદાસ સંભલવાલા શ્રી મહાપ્રભુજીને ઓળખશે કેવી રીતે?... . એવો વિચાર કરીને દામોદરદાસ સંભલવાલાને આવી ગયેલી નિદ્રાંના સમયે શ્રી ઠાકોરજીએ સ્વપ્ન દ્વારા આજ્ઞા કરી કે ત્રાંબાપત્ર તને પ્રાપ્ત કરાવ્યો છે કે ત્રાંબાપત્ર જેઓ વાંચી બતાવે તેઓના શરણે જજે..... આમ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને ઓળખવવાનું કાર્ય કરીને શ્રી ઠાકોરજી સ્વપ્નમાંથી અંતધ્યાન થયા. આમ સ્વપ્ન અદ્રશ્ય થતાની સાથે જ દામોદરદાસ સંભલવાલા જાગૃત થઈ ગયા અને પછી નિદ્રા પણ ક્યાંથી આવે ?....... એટલે એમને એમ બેસી રહીને અનેક પ્રકારના વિચારો કરતા કરતા બાકી રહેલી રાત્રિ પસાર કર્યા બાદ પ્રાતઃકાલ થતા પોતાના કાર્યમાંથી પરવારીને આ પ્રયાગના તીર્થધામમા મકર સ્નાન કરવાને આવેલ મોટા મોટા પંડિતોને આ ત્રાંબાપત્ર બતાવ્યો પરંતુ કોઈએ કંઈપણ કહ્યુ નહિ દામોદરદાસ સંભલવાલા નિરાશ થયા. તે પછી કાશીવાળા શેઠ પુરુષોત્તમ દાસજી સાથે એક પ્રકારે પોતાને વ્યવહાર હતો કે જેથી દામોદરદાસ સંભલવાલા પ્રયાગથી કાશી આવ્યા અને ખર્ચીની હૂંડી લઈને શેઠ પુરસોત્તમદાસને ઘેર ગયા કે જ્યાં જઈને ત્રાંબાપત્રની બની ગયેલી હકીકત દામોદરદાસ સંભલવાલાએ શંઠ પુરસોત્તમ દાસજીને કહી સંભળાવી. પછી તો જોતજોતમા દામોદરદાસ સંભલવાલા નો આ કાશીમાં પંદર દિવસ જટલો સમય વીતી ગયો. આમ આ પંદર દિવસના સમય દરમ્યાન આ કાશીમાં પણ રહેતા ઘણાય પંડિતોને તેમજ મહાત્માઓને આ ત્રાંબાપત્ર બતાવ્યો હતો પરંતુ તેમાં રહેલી આકૃતિઓ વિષે કોઈ કાંઈ સમજાવી શક્યા ન હતા. વળી આખરમાં દામોદરદાસ સંભલવાલા એ શેઠ પરસોત્તમદાસજીને કહ્યું કે કૃષ્ણદાસ મેઘનના નામે કોઈ એક વ્યક્તિ મને પ્રયાગમાં મળેલ અને ભગવદ સ્વરૂપનું પ્રાક્ટય થઈ ચૂકેલું છે એવું મને સુચન કરેલ છે તેમજ તે પણ પ્રગટ થયેલા ભગવદ સ્વરૂપનાં દર્શન માટે ફરી ફરીને તપાસ કરતા હતા, આવું સાંભળીને પરસોત્તમદાસ શેઠને આંચકો લાગ્યો પણ કંઈ બોલ્યા નહિ. પછી આ ત્રાંબાપત્રમાં રહેલી બાબતોનો ઉલ્લેખ તો હવે તે ભગવદ સ્વરૂપની પ્રાપ્તિ થયા સિવાય થવો અશક્ય છે આવો જ્યારે પોતાના મનમાં દ્રઢ નિશ્ચય થયો ત્યારે પરસોત્તમદાસ શેઠ પાસેથી વિદાય થઈને અને કાશીમાં રવાના થઈને કનોજ પોતાના ઘેર પાછા આવ્યા.

હવે દામોદરદાસ સંભલવાલા કનોજ પોતાને ઘેર પાછા આવ્યા પછી પ્રયાગમાં થયેલું કૃષ્ણદાસ મેઘનનું મિલન, વળી તેમના શબ્દો , સંગમમાંથી પ્રાપ્ત થયેલો ત્રાંબાપત્રનો તેમજ સ્વપ્નમાં થયેલી ભગવદ્ આજ્ઞા વિગેરે બની ગયેલા પ્રસંગોને યાદ કરતા પોતે એક વિચારરૂપી ઉંડા સમુદ્રમાં ડુબી ગયા કે જેના કારણે પોતાનો આનંદીત ચહેરો ઉદાસ બનતો હતો. વળી ખાવામા, પીવામાં, હરવા-ફરવામાં કે પછી દરેક કાર્ય પ્રત્યે પોતાનમાં જે આનંદ હતો તે અદ્રશ્ય થઈ જવા પામ્યો. એટલે સમજો કે પોતાના હૃદયમાં એકજ રટણ થવા લાગ્યું કે શ્રી ભગવદ્ સ્વરૂપના દર્શન કરવાને હું ક્યારે ભાગ્યશાળી બનીશ!....... તેમજ ભગવદ્ સ્વરૂપનું રટણ હું કયારે પ્રાપ્ત કરી શકીશ?.... આમ દામોદરદાસ સંભલવાલા અતિ તાપક્લેશરૂપેના વાતાવરણમાં રાતદિવસ પસાર કરતા કરતા જીવનના દિવસોને વ્યતિત કરી રહ્યા છે.

આમ કરતા કરતા થોડાક મહિનાઓ વિત્યા બાદ સેવકો સહિત શ્રી મહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરતા કરતા આ કનોજ પધાર્યા અને શહેરની બહાર આવેલા એક સુંદર બાગમાં ઉતારો કરીને બિરાજ્યા બાદ કૃષ્ણદાસ મેઘન ને આજ્ઞા કરી કે શહેરમાં જઈને સિધુ સામગ્રી લઈ આવો. પરંતુ હું અહીં પધારેલ છું એવું કોઈને કહેશો નહિ. આમ આવી આજ્ઞા કરવા પાછળનો ભાવ એવો હતો કે કનોજના જીવોને શરણે લેવાના છે કે જે કાર્ય તો આપોઆપ સિદ્ધ થઈજ જશે. એટલે કે કનોજમાં રહેલા જીવો પોતાની મેળેજ શરણે આવી જશે. વળી અતર્યામિ એવા શ્રી મહાપ્રભુજી તો એ જાણતા જ હતા

કે દામોદરદાસ સંભલવાલા નો મિલાપ કૃષ્ણદાસ ની સાથે થવાનો જ છે કે જે મિલાપથી જો દામોદરદાસ સંભલવાલા ના હૃદયમાં તાપક્લેશ હશે તો કૃષ્ણદાસ મેઘનને જોતાની સાથે જ પોતાની મેળે જ અંહી આવી પહોંચશે તેમજ શ્રી મહાપ્રભુજી કૃષ્ણદાસ મેઘન દ્વારા જો દામોદરદાસ સંભલવાલા ને સમાચાર મોકલે તો એ પણ એક વાત છે કે દામોદરદાસ સંભલવાલા પુરેપૂરા સાધન-સંપત્તિવાળા હોવાથી શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસ સંભલવાલાને બોલાવવાની ઈચ્છા કરી હશે. એવો ભાવ જો કૃષ્ણદાસ મેઘનના મનમાં કદાચ આવી જાય તો કૃષ્ણદાસનો બગાડો થાય. પરંતુ શ્રી મહાપ્રભુજી તો નિજ ભક્તોનું હિત વિચારનારા જ છે કે જેથી કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી હતી કે કોઈને કહેશો નહિ......

તે પછી શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ કૃષ્ણદાસ મેઘન સીધુ લેવાને શહેરમાં ગયા કે જયાં આમતેમ ફરી ફરીને જરૂરત પુરતી જોઈને સામગ્રી લીધી અને પછી રાજમાર્ગે થઈને બાગ તરફ કે જ્યાં શ્રી મહાપ્રભુજી બિરાજમાન હતા તે તરફ આવી રહ્યા હતા. બાદ જેમનો ચહેરો અતિ ઉદાસ હતો એવા દામોદરસાદસ સમભલવાલા એક ઘોડા ઉપર સવાર થઈને રાજ દરબારમાંથી આવી રહ્યા હતા. આવામાં સામગ્રી લઈને આવી રહેલા કૃષ્ણદાસ મેઘનને જોતાની સાથે જ જેમ વિજળીનો આંચકો લાગતા જ શરીર ચમકે છે તેમ કૃષ્ણદાસ મેઘનની સાથે જ દામોદરદાસ સંભલવાલાની આંખો ચમકી અને પોતાની એક યાદી આવી ગઈ કે મને પ્રયાગમાં મલ્યા હતા તેજ આ કૃષ્ણદાસમેઘન છે, કે જેના કારણે તરતજ પોતાનો ઉદાસ ચહેરો પ્રફુલ્લીત બની ગયો તેમજ શરીરમાં કોઈ નવું ચેતન આવી ગયું. અને પછી બેઘડી થયેલા પ્રેમરૂપેના સંબંધથી પોતાનું હૃદય ભરાઈ આવ્યું અને આંખોમાંથી આંસુઓ વહી રહેતા પોતે થોડા ઉપરથી ઉતરીને કૃષ્ણદાસ મેઘન પાસે આવી પોતાના હાથથી કૃષ્ણદાસ મેઘનને પકડી ને એક અલૌકિક આકર્ષણથી મલ્યા. બાદ દામોદરદાસ સંભલવાલાએ પૂછ્યું કે તમે જે ભગવદ્ સ્વરૂપની શોધ કરતા હતા તે ભગવદ્ સ્વરૂપના દર્શન તમને થયા કે નહિ ?.... અત્યારે આમ ક્યાં જાઓ છો...... દામોદરદાસ સંભલવાલાના આવા પ્રશ્નોથી કૃષ્ણદાસ મેઘનને મનમાં વિચાર આવ્યો કે આપશ્રીની આજ્ઞા તો નથી..... તેથી કૃષ્ણદાસ મેઘને કંઈપણ ઉત્તર આપ્યો નહિ અને બાગ તરફ ચાલવા લાગ્યા.

હવે કૃષ્ણદાસ મેઘન આમ કંઈપણ બોલ્યા સિવાય મૌન થઈને ચાલતા થવાથી પોતાને બહુ જ દુઃખ થયું કે જેના કારણે પોતે કંઈક અનુમાન કરીને ઘોડાને કોઈ દ્વારા પોતાને ઘેર મોકલી આપીને પોતે કૃષ્ણદાસ મેઘનની પાછળ પાછળ ચાલવા લાગ્યા. આમ બે જણાઓ ચાલતા ચાલતા આખરે શહેરની બહાર આવેલા બાગમાં કે જ્યાં શ્રી મહાપ્રભુજી બિરાજતા હતા ત્યાં આવી પહોંચ્યા. આમ એક ભક્તની ઉપર વિશ્વાસ રાખીને ભક્તની પાછળ પાછળ ચાલવાથી દામોદરદાસ સંભલવાલા તો પોતાના હૃદયના ખરા તાપક્લેશના ફલરૂપે શ્રી મહાપ્રભુજીના સન્મુખ થઈ ગયા હોવાથી પોતે બહુ જ ખુશ થયા. અને પછી તો સૂર્યથી પણ અધિક પ્રકાશમાન એવા શ્રી મહાપ્રભુજીના દર્શન કરતા કરતા શ્રી મહાપ્રભુજીની સામે ઉભા રહ્યા. આમ દામોદરદાસ સંભલવાલાને આવેલા જોઈને શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘન ઉપર ગુસ્સે થતા કહ્યુ કે તમે શહેરમાં શા માટે વાત કરી?...... જવાબમાં કૃષ્ણદાસ મેઘને દીનતાથી કહ્યુ કે કૃપાનાથ મેં, કોઈને કંઈપણ કહ્યુ નથી પરંતુ ..... આમ કૃષ્ણદાસ મેઘન આગળ બોલવા જતા હતા એવામાં વચ્ચે જ દામોદરદાસ સંભલવાલાએ વિનંતીથી કહ્યું કે મહારાજ, તેઓએ મને કંઈપણ કહ્યુ નથી. પરંતુ મારા હૃદયના ભાવથી અને તે પણ એક પ્રકારેઅનુમાન કરીને જ હું તેમની પાછળ પાછળ ચાલીને આ રીતે સન્મુખ થઈ શક્યો છું. આવી રીતે બન્નેની વાત સાંભળીને શ્રી મહાપ્રભુજી પ્રસન્ન થયા.

તે પછી પ્રસન્નતાપૂર્વક શ્રી મહાપ્રભુજીઓએ દામોદરદાસ સંભલવાલાને આજ્ઞા કરતા કહ્યુ કે તમને ત્રિવેણીના સંગમમાંથી શ્રી યમુનાજી દ્વારા જે ત્રાંબાપત્ર મળ્યું છે તે લાવો. શ્રી મહાપ્રભુજીના ન કલ્પેલ તેવા આ વચનો સાંભળીને દામોદરદાસ સંભલવાલા તો ખરેખર આશ્ચર્ય જ પામ્યા અને વિચાર કરીને જવાબમાં કહ્યુ કે પ્રભુ, આપ તો સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ છો તેવો મને અત્યારે અનુભવ થવાથી હવે તે પત્ર લાવીને હું શું કરવાનો હતો.?...... દામોદરદાસ સંભલવાલાનો આવો ભાવ જાણીને શ્રી મહાપ્રભુજીએ કહયું કે જે ત્રાંબાપત્ર વાંચે તેને શરણે જજો એવી તમને ભગવદ્ આજ્ઞા થયેલી છે તો તે પ્રમાણે વર્તવું તો જોઈએને એટલે કે ત્રાંબાપત્ર તો લાવો. શ્રી મહાપ્રભુજીએ કરેલી આવી આજ્ઞાથી દામોદરદાસ સંભલવાલાએ કહ્યું કે કૃપાનાથ, હમણાં લાવી આપું છું... એવું કહીને પોતે ઘેર ગયા અને ત્રાંબાપત્ર લાવીને શ્રી મહાપ્રભુજીના શ્રીહસ્તમાં ધરતા વિનંતીથી કહ્યું કે પ્રભુ, લ્યો આ ત્રાંબાપત્ર.....

આમ ત્રાંબાપત્ર શ્રીહસ્તમાં લઈને તેમાં રહેલી આકૃતિ પ્રત્યેનો ખુલાસો કરતા હોય તેમ આજ્ઞા કરતા કહ્યું કે જુઓ, તમે લીલામાં ચિત્રા સખી હતા. શ્રી સ્વમિનીજીના નિકુંજ ભુવનમાં ચિત્રકામ કરતા હતા. અને વળી તમે તો શ્રી

સ્વામિજીના સખી છો વિ. વિ. જેવું ત્રાંબાપત્રમાં રહેલી આકૃતિ દ્વારા જે જે દર્શાવવામાં આવેલ હતું તે બધુય શ્રી મહાપ્રભુજીના આમ વાણી અધરામૃત દ્વારા કહી સંભળાવતા દામોદરદાસ સંભલવાલા ને શ્રી મહાપ્રભુજીના આમ વાણી અધરામૃત દ્વારા તરત જ પોતાને પોતાના સ્વરૂપનું જ્ઞાન થઈ આવ્યું અને પછી ક્ષણભરનો વિલંબ નહિ કરતા પોતાને શરણે લેવાની વિનંતી કરતા શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસ સંભલવાલા ને રીત અનુસાર નામમંત્ર આપીને શરણે લીધો.

ત્યારબાદ દામોદરદાસ સંભલવાલાએ શ્રા મહાપ્રભુજીને દીનતાપૂર્વક વિનંતી કરી કે પ્રભુ, મારે ઘેર પધારો જીવની ભાવના અનુસાર વિનંતીનો સ્વીકાર કરીને શ્રી મહાપ્રભુજીએ તેમને ઘેર પધારતા દામોદરદાસ સંભલવાલાએ બહુ જ સારી રીતે સન્માન કરીને પોતાના ઘરમાં પધરાવ્યા. પછી શ્રી મહાપ્રભુજીના અદ્ભુત સ્વરૂપનાં દર્શન કરતા સૌ કોઈ પ્રસન્ન થયા અને આનંદ સાગરમાં ડુબી જઈને દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નિ શરણે આવતા દામોદરદાસ સંભલવાલા તેમ જ તેમના ધર્મપત્નિ એમ બે ને બ્રહ્મસંબંધ કરાવ્યો. તે પછી દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્ની કરીયાવરમાં એકસો જેટલી જે દાસીઓ આવી હતી તેમાં એક દાસી દૈવી જીવ અને વળી યમુનાજીની સખી હતી. તેને શ્રી કૃષ્ણના સ્વરૂપનો સદાય આવેશ રહેતો હતો કે જેથી લીલામાં કૃષ્ણવેશની એવું તેનું નામ હતુ. આમ અહીં ગુપ્ત ભાવે..... રહેલી આ દાસી પણ શ્રી મહ્પ્રભુજીને શરણે આવતા તેને પણ રીતી પ્રમાણે શરણે લીધી. હવે વૈષ્ણવ થયા પછી દામોદરદાસ સંભલવાલાએ શ્રા મહાપ્રભુજીને વિનંતી કરી કે કૃપાનાથ, હવે આજ્ઞા કરો કે અમારું શું કર્તવ્ય છે.?.... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમારો શ્રી ઠાકોરજી સાથે સંબંધ થયેલો હોવાથી લૌકિકમાં જેમ પત્નિ પતિની સેવા કરે છે તેમ તમે પણ હવે તમારા અલૌકિક પતિ તરીકે શ્રી ઠાકોરજીના સેવા કરો. સેવાના અજ્ઞાન એવા દામોદરદાસ સંભલવાલા એ આજ્ઞા કરી કે આ શહેરમાં ક્યાંય કોઈની પાસે શ્રી ઠાકોરજીનું સ્વરૂપ બિરાજતું હોય તો તપાસ કરીને પધરાવી લાવો કે જેથી યોગ્ય રીતે સમજવું.

આમ શ્રી મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર દામોદરદાસજી સંભલવાલાએ કનોજ શહેર આખામાં તપાસ કરાવી કે તપાસ દ્વારા એક દરજીને ત્યાંથી શ્રી ઠાકોરજીનું એક સ્વરૂપ પ્રાપ્ત થઈ જતા તે સ્વરૂપને પધરાવી લાવીને શ્રી મહાપ્રભુજીના શ્રીહસ્તમાં ધરતા કહ્યું કે કૃપામાથ, એક દરજીને ત્યાંથી આ સ્વરૂપ પ્રાપ્ત થયું છે. આમ શ્રીહસ્તમાં ધરેલા સ્વરૂપના દર્શન કર્યા પછી શ્રી મહાપ્રભુજીએએ કરેલ આજ્ઞા પ્રમાણે દામોદરદાસ સંભલવાલાએ ઘર ખાસા કર્યુ, પાત્રો તેમજ દરેક વસ્તુઓ બદલાવી , અને તે પછી શ્રી મહાપ્રભુજીએ આ સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવીને શ્રી દ્વારિકાનાથજી એવું આ સ્વરૂપનું નામ ધરીને સિંહાસન ઉપર પધરાવી પાટ બેસાડ્યા. આવી રીતે દામોદરદાસજી સંભલવાલાના માથે શ્રી દ્વારકાનાથશ્રીની પધરાવી દેતા દામોદરદાસજી સંભલવાલાને ત્યાં રાજવૈભવાળી સેવા શરૂ કરાવી. પછી " આપ સેવા કરી શીખવે શ્રી હરિ " ... એ નિયમે શ્રી મહાપ્રભુજીએ પોતે જ બધી સામગ્રી સિદ્ધ કરીને શ્રી મહાપ્રભુજીએ પોતે જ પ્રથમ ભોગ પણ ધર્યો. પછી ભોગ સરાવાનો સમય થતા પોતે જ ભોગ સરાવ્યો. બાદ બીડા આરોગવવા અર્થે બીડા શ્રીહસ્તમાં લેતા પાન કાચા જેવા લાગ્યા કે જેથી ગુસ્સે થઈને દામોદરદાસજી સંભલવાલાજીને કહ્યું કે આવા કાચા પાન .... (અયોગ્ય વસ્તુ) શ્રી ઠાકોરજીને ધરાય નહિ કારણ કે શ્રી ઠાકોરજી તો ઉત્તમમાં ઉત્તમ વસ્તુના ભોક્તા છે તેથી ઉત્તમમાં ઉત્તમ વસ્તુ હોય તે જ એટલે કે આવેલી વસ્તુ યોગ્ય છે કે નહિ તેનો હૃદયથી બરાબર વિચાર કર્યા પછી શ્રી ઠારોરજીને અંગીકાર કરાવવી. પછી આપણા ઉપયોગ માટે લાવેલા કાપડમાંથી બચેલું કાપડ હોય તો તેમાંથા શ્રી ઠાકોરજીના વસ્ત્રાદિક બનાવીને ધરાવા નહિ. બાકી શ્રી ઠાકોરજી માટે તો ઉત્તમમાં ઉત્તમ કોમળ કાપડ લાવીને જ વસ્ત્રો વિ. તૈયાર કરીને ધરવા. વળી જે સામગ્રી શ્રી ઠાકોરજીને માટે આવી હોય તેમાંથી લૌકિક ભાવનાએ જરાય ઉપયોગ કરવો નહિ. તે ખાસ ખ્યાલ રાખવો. આ પ્રમાણે શ્રી પુષ્ટિ-માર્ગીય સેવાની રીતી બતાવીને શ્રી મહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા માટે આગળ પધાર્યા. પછી પાછળથી શ્રી ઠાકોરજી માટે જલ પણ પોતે શ્રીમંત હોવા છતાય લોક શરમ છોડીને દામોદરદાસ સંભલવાલા પોતે પોતાના હાથે જ ભરીને લાવતા હતા. પછી શ્રી ઠાકોરજી માટે જે સામગ્રી સિદ્ધ થથી હતી તેમાંથી પીળી સામગ્રી સોનાના પાત્રોમાં અને સફેદ સામગ્રી ચાંદીના પાત્રોમાં મલી જતી હોય તેવી રીતેની સજાવટ કરીને ભોગ ધરતા હતા, એટલે સમજો કે દામોદરદાસ સંભલવાલા અને તેમના ધર્મપત્નિ એમ બન્ને જણાએ શ્રી ઠાકોરજીની સેવા પ્રેમ અને ભાવપૂર્વક કરતા હતા.

આમ કરતા કરતા દામોદરદાસ સંભલવાલાને અને તેમના ધર્મ-પત્નિને શ્રી ઠાકોરજીની સેવા કરવામાંને કરવામાં ઘણો સમય વીતી ગયો. તે પછી સખ્ત ગરમી થતી હોય તેવા ઉનાળાના દિવસો આવ્યા, આવા ઉનાળાના દિવસોમાં એક દિવસ પોતાના ઠાકોરજીને સાંજે પોઢાડવાનો સમય થતા પોઢાડવાની તૈયારી કરીને શ્રી ઠાકોરજીને નિજ મંદરમાં પોઢાડ્યા.

અને પછી સમય જતા દામોદરદાસ, સંભલવાલા પણ મકાનની બહારના ભાગમાં આવેલી ચોતરાવાળી ખુલ્લી જગ્યાએ જઈને સૂતા. બાદ અર્ધરાત્રિ થતા શ્રી ઠાકોરજીને તો નિજ મંદિરમાં બહુ જ ગરમી થતી હોવાથી શ્રી ઠાકોરજીથી નિજ મંદિરમાં હવાના અભાવે સોહાયુ નહી કે જેના કારણે શ્રી ઠાકોરજીએ મંદિરની બહાર સૂઈ રહેલ દાસીને (શ્રી યમુનાજીની સખીને) જગાડીને આજ્ઞા કરી કે મંદિરના દરવાજા ખોલી નાખ. આમશ્રી ઠાકોરજીએ કરેલી આજ્ઞાનુસાર દાસીએ મંદિરના દરવાજા જે બંધ હતા તે ખોલી નાખ્યા. પછી શ્રી ઠાકોરજીએ વળી આજ્ઞા કરી કે બહુ જ ગરમી થઈ રહી છે તેથી તુ મને પંખો કર. શ્રી ઠાકોરજીની આ આજ્ઞાથી દાસી તો નિજ મંદિરમાં શ્રી ઠાકોરજી જ્યાં સૈયામાં હતા ત્યાં શ્રી ઠાકોરજી પાસે જઈને પંખો કરવા લાગી અને....

પછી એજ પંખો કરતા કરતા થોડોક સમય પસાર થતા શ્રી ઠાકોરજીએ પંખો કરવાનું બંધ કરાવીને આજ્ઞા કરીકે હવે તુ સૂઈ જા..... પરંતુ મંદિરના દરવાજા બંધ નહિ કરતા ખુલ્લા રાખજે. શ્રી ઠાકોરજીની આજ્ઞાનુસાર " પૂર્ણ ભાગ્યાશાળી " એવી આ દાસીએ નિજ મંદિરના દરવાજા ખુલ્લા રાખીને પ્રથમ પોતે જ્યાં સૂઈ હતી ત્યાં આવીને પાછી સૂઈ ગઈ. પંરતુ ઉંઘ નહિ આવતા આખરે જેમ તેમ રાત્રિ પસાર કરી. આમ આ દાસીની વાર્તા રહસ્યથી ભરેલી એટલે કે કેવળ અલૌકિક ભાવરૂપેની હતી કે જેથી આ દાસીને કેવળ " સામગ્રીરૂપ " તરીકેનું સુચન કરીને શ્રી ગોકુલનાથજીએ વિશેષ કંઈ પ્રકાશ કર્યો નથી.

જ્યારે બીજી તરફ રાત્રિનો સમય પસાર થઈ ગયા બાદ ચોતરા ઉપર ખુલ્લી જગ્યાએ સૂઈ રહેલ દામોદરદાસ સંભલવાલા જાગૃત થયા અને ઘરમાં પ્રવેશ કરતા નિજ મંદિરના દરવાજા ખુલ્લા જોઈને અચંબાથી દાસીને પૂછ્યું કે અરે, મંદિરના દરવાજા કોણે ખોલ્યા ?.... જવાબમાં દાસીએ કહ્યું કે શ્રી ઠાકોરજીને રાત્રે બહુ જ ગરમી થતી હોવાથી શ્રી ઠાકોરજીએ દરવાજા ખોલવાની આજ્ઞા કરેલી અને તે આજ્ઞાથી મંદિરના મેં દરવાજા ખોલ્યા હતા. દાસીની આ વાત સાંભળીને દામોદરદાસ સંભલવાલા તો દાસી ઉપર બહુ જ ગુસ્સે થયા અને એક ઠપકો આપવાની રીતે કહેવા લાગ્યા કે શ્રી ઠાકોરજીએ કરેલ આજ્ઞાથી મંદિરના દરવાજા ખોલવાનું મને નહિ કહેતા તે કેમ ખોલ્યા ?..... આમ પ્રભુની ' રસરૂપ લીલાના ' અજ્ઞાન એવા દામોદરદાસ સંભલવાલા દાસી ઉપર ગુસ્સો કરીને ઠપકો આપતા હોવાથી શ્રી ઠાકોરજીએ પોતાની પ્રિય તો ઠીક પરંતુ અતિ પ્રિય એવી શ્રી યમુનાજીની સખી રૂપેની દાસીનો પક્ષ ખેંચીને દામોદરદાસ સંભલવાલાને કહેવા લાગ્યા કે મને રાત્રે ગરમી થવાથી દાસીને આજ્ઞા કરીને તેની પાસે દરવાજા મેં જ ખોલાવ્યા હતા. તમે તો બહાર હવામાં જઈને સૂતા હતા અને મને અંદર કે જ્યાં હવા પણ આવી શકે નહિ તેવી જગ્યાએ પોઢાડયો. વળી ચિત્રા સખી તરીકે નિજ મંદિરની સંભાળ રાખવાની તમારી સેવાને પણ તમે ભૂલી ગયા. આમ પોતાના દોશનો કંઈ વિચાર નહિ કરતા બીજા પર ગુસ્સે થાવ છો.... પરંતુ દાસી તો મને " અતિ પ્રિય છે વળી તેનું સ્વરૂપ પણ અલૌકિક છે તેથી તેના ઉપર તમે પણ પ્રિતિ રાખશો "...... ગુસ્સો કદીપણ કરશો નહિ.

શ્રી ઠાકોરજીના આવા વચનો સાંભળીને દામોદરદાસ સંભલવાલાને ' પોતાની અયોગ્યાતાના કારણે પોતાને ખરેખર ચોટ લાગી ' પરિણામે શ્રી ઠાકોરજીને આપેલ શ્રમ બદલ પોતાને દુઃખ થયું કે જેના કારણે પોતે તરત જ ટેક લીધી કે પ્રભુને સોહાય તેવું મંદિર જ્યારે બનશે ત્યારે જ હું ખાનપાન કરીશ. આ વાત સાંભળીને પોતાની સ્ત્રીએ કહ્યું કે મંદિર બાંધવાનું કાર્ય એક બે દિવસનું નથી કે આમ ખાદાપિધા વિના કેમ ચાલે?.... જવાબમાં દામોદરદાસ સંભલવાલાએ કહ્યુ કે ફૂલાહાર કરીને ચલાવીશ.... બાદ તરત ન મકાનકામના કારીગરોને બોલાવીને મંદિરનું બાંધકામ અહીં શરૂ કરાવ્યુ અને પછી સમજો કે લીલામાં જેમ પોતે કરતા હતા તેમ તેવા જ ભાવથી અહીં મંદિરની રીતી પ્રણામે દરેક સગવડો કરાવીને ટૂંક સમયમાં જ મંદિર તૈયાર કરાવ્યું. અને પછી શ્રી ઠાકોરજીને આ નવા મંદિરમાં પધરાવીને પાટ બેસાડ્યા. આમ આ દિવસે એક મોટો ઉત્સવ માનીને વિવિધ પ્રકારની સામગ્રી સિદ્ધ કરીને અમુક પ્રભુને આરોગાવી તેમજ ગામના વૈષ્ણવોને અતિ પ્રેમથી બોલાવીને દાસી સહિત સૌ વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યા બાદ પોતે સખડી મહાપ્રસાદ લીધો. આમ આ પ્રમાણે કરી બતાવવાથી દામોદરદાસ સંભલવાલાનુ ' દાસત્વ' સિદ્ધ થયું. હવે દામોદરદાસ સંભલવાલાની સ્થિતિ કંઈ જેવી તેવી ન હતી. અને વળી અધુરામાં પુરુ એ પણ થયું કે પોતાના સસરા બહુ જ ધનિક હોવાથી ઘરનું બધુંય કામ કરવા માટે એકસો જેટલી દાસીઓ પણ કરિયાવરમાં આવેલી હતી છતાંય દામોદરદાસ સંભલવાલા અને પોતાના ધર્મપત્ની એમ બન્ને જણાએ શ્રી ઠાકોરજીની સેવા અર્થેનું બધુંય કામ પોતે બન્ને પોતાના હાથે જ કરતા હતા. આવા પ્રકારની સેવાથી એ સ્પષ્ટ થાય છે કે શ્રી ઠાકોરજીને પોતાની માથે પધરાવ્યા પછી કેવળ દાસ-દાસીએ

કે અન્ય કોઈ પાસે સેવા કરાવીને પોતે કેવળ વાણી વિલાસ કરાવે એ સેવા નથી વળી કેવળ એવા વાણી વિલાસોથી પ્રભુ પ્રસન્ન થતા પણ નથી. એટલે ખરૂ તો એ છે કે પોતાને ત્યાં ગમે તેટલા નોકરો ચાકરો કે દાસ-દાસીઓ હોય તો પણ પોતાના શ્રી ઠાકોરજીની સેવા પોતે કરે તોજ શ્રી ઠાકોરજી પ્રસન્ન થાય છે. અને પછી ન કરવા જેવી કૃપા કરીને ફલદાન કરે છે. આમ આવી સેવાને તનુજા અને વિતજાની દ્રષ્ટિએ પણ સ્હેજ સમજવા જેવું છે કે પોતાની શ્રી ઠાકોરજીની સેવા અન્ય કોઈ દ્વારા નહિ પરંતુ કેવળ પોતાના દેહથી જે સેવા કરવામાં આવે છે તેનેજ " તનુજા સેવા" કહેવામાં આવે છે. અને પોતાની પાસે રહેલા ધનનો ખોટો ખર્ચ કરી બતાવીને અન્ય કોઈ વૈષ્ણવો દ્વારા કે પછી મુખિયા-ભિતરીયા દ્વારા કે પછી અન્ય કોઈ નોકર- ચોકરો દ્વારા કરવામાં આવતી સેવાને વિત્તજા સેવા કહેવાતી નથી. પરંતુ વિત્તજા સેવા તો ત્યારે જ કહેવાય કે જ્યારે ઉપરમાં બતાવ્યા પ્રમાણેની તનુજા સેવાની સાથે પોતાની પાસે રહેલ ધનનો ખર્ચ કેવળ પોતાના શ્રી ઠાકોરજી માટે જ કરીને એટલે કે સુંદરમાં સુંદર સાજ-વસ્ત્રો કરાવે , સુંદરમાં સુંદર-નવા આભૂષણો કરાવે, કીંમતીમાં કીંમતી વસ્તુ અંગીકાર કરાવે, નાના મોટા પાત્રો વસાવે, સુંદરમાં સુંદર મંદિર બનાવે, નિત્ય તરેહ તરેહની સામગ્રી બનાવે, અને સારામાં સારો કીર્તનનો સાજ વસાવે. એટલે ટુંકમાં એટલું જ કે ભગવદ્ ઈચ્છાએ પોતાની પાસે રહેલુ ધન પોતાના શ્રી ઠાકોરજીને ઉપરમાં બતાંવ્યા પ્રમાણે વિનિયોગ કરાવીને જે સેવા કરવામાં આવે તે જ " વિત્તજા સેવા " કહેવામાં આવે છે. બાકી આ સિવાયનું માણસો રાખીને જે કાંઇ કરવામાં આવે છે તેને તો કેવળ અન્ય જીવો પ્રત્યે પોતાનો એક પ્રભાવ-છાપ પાડવા માટે માત્ર એક ડોળ કર્યા જેવું જ કંઈક કર્યું કહેવાય. એટલે કે સેવાનું ખરૂ સ્વરૂપ બતાવનારા દામોદરદાસ સંભલવાલા તેમજ તેમના ધર્મપત્ની એમ બન્ને જણાયે શ્રી ઠાકોરજીને લાડ લડાવીને એટલે કે ઉપર પ્રમાણેની તનુજા-વિત્તજા તરીકેની સેવા દ્વારા પોતાના શ્રી ઠાકોરજીનું સુખ વિચારીને પોતાનું જીવન આનંદથી જીવી રહ્યા હતા.

બાદ દામોદરદાસ સંભલવાલા દરેક રીતે સુખી હોવાથી પોતે અને પોતાના ધર્મપત્ની એમ બન્ને જણાએ ભાવ પૂર્વક સેવા કરીને પોતાના આ મનુષ્ય અવતારવાળા જીવનના દિવસો પોતાના કોઈ અનોખા ઉમંગથી વિતાવી રહ્યા હતા. છતાંય સંસારમાં ફરી વળેલી માયાનો પ્રભાવ જ એવો છે કે જેમાં જીવ લપટાયા વિના રહેતો જ નથી. એટલે માયાના આવા પ્રકારના પ્રભાવથી દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નીના કેવળ હૃદયમાં સ્હેજ વિચાર થયા કરતો હતો કે અમે દરેક પ્રકારે સુખી તો છીએ પરંતુ એકાદ પુત્ર હોય તો સારૂ!..... આમને આમ થોડાક સમય વિત્યો હશે તેવામાં પૃથ્વી પરિક્રમા કરતા કરતા શ્રી મહાપ્રભુજી આ કનોજ ગામમાં પધાર્યા અને દામોદરદાસ સંભલવાલાને ઘેર ઉતારો કરીને બિરાજ્યા. બાદ શ્રી મહાપ્રભુજીના રાત્રિના સમયે જ્યારે પોઢતા હતા ત્યારે દામોદરદાસ સંભલવાલા નિત્ય ચરણારવિંદની સેવા કરતા હતા. આવામાં એક દિવસે શ્રી મહાપ્રભુજીએ જ્યારે પોઢયા હતા ત્યારે દામોદરદાસ સંભલવાલા ચરણારવિંદની સેવા કરી રહ્યા હતા તે સમયે બહુ જ પ્રસન્ન થતા હોય તેમ શ્રી મહાપ્રભુજીએ કેવળ એક પ્રકારે પરીક્ષા કરવા અર્થે જ દામોદરદાસ સંભલવાલાને પૂછ્યું કે તમારા મનમાં કોઈપણ વાતનો મનોરથ છે?......... આપશ્રીના આવા પ્રકારના પ્રશ્નના જવાબમાં દામોદરદસ સંભલવાલા એ કહ્યું કે પ્રભુ .... આપશ્રીની થયેલી કૃપાથી મારા મનમાં તો હવે કોઈ જાતનો મનોરથ નથી.આવું સાંભળીને શ્રી મહાપ્ભુજીએ વળી આજ્ઞા કરતા કહ્યું કે તમારે ન હોય તો તમારી સ્ત્રીને પૂછો કે તેને તો કોઈ વાતની ઈચ્છા નથી ને ?. ... પછી આપશ્રીની આજ્ઞા મુજબ ચરણારવિંદની સેવા છોડીને દામોદરદાસ સંભલવાલા તો પોતાના ધર્મપત્ની પાસે ગયા અને પૂછ્યું કે શ્રી મહાપ્રભુજી પ્રસન્ન થઈને પૂછાવે છે કે તમરા મનમાં કોઈ વાતની ઈચ્છા છે?....... જવાબમાં પોતાના ધર્મપત્નીએ શ્રી પુષ્ટિમાર્ગનું ફલ માગવાને બદલે હૃદયમાં જે પુત્રનો વિચાર થયા કરતો હતો તે આજે પ્રગટ કરતા એક પુત્ર હોય તો સારૂ એવી ઈચ્છા દર્શાવી.... આમ પોતાના ધર્મપત્નિ એ કરેલી વાતશ્રી મહાપ્રભુજી પાસે આવીને નિવેદન કરતા શ્રી મહાપ્રભુજીએ શ્રીમુખે આજ્ઞા કરતા કહ્યું કે તેને મારો આશ્રય છુટયો છે એટલે હવે જે ફલ મલવાનું હતું તે ફલ પુત્ર પ્રાપ્ત કરવાની ઈચ્છાથી મળશે નહિ. આમ આવી ભાવનાના આધારે સ્ત્રીની ઈચ્છાનુસાર શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ભલે પુત્ર થશે. અને સાથે સાથે આ પણ આજ્ઞા કરી કે પુત્ર માંગીને પોતાની ભક્તિ સકામી એટલે કે સ્વાર્થવાળી કરી નાખી. તે પછી એકાદ દિવસ કનોજમાં બિરાજીને શ્રી મહાપ્રભુજી શ્રીનાથજીના દર્શનાર્થે ગોપાલપુર (જતીપુરા) તરફ પધાર્યા.

જોયું ને ?.... ક્યાં અલૌકિક ભાવ અને ક્યાં લૌકિક ભાવ ... એટલે કે જેઓ લૌકિકમાં આસક્ત હોય છે તેઓને લૌકિક (ખોટા) રત્નો જ મેળવવાની ભાવના થાય છે. વળી લૌકિક આસક્તિવાળા જીવો ઉપર કૃપા કરીને કદાચ અલૌકિક રસનું દાન કરવામાં આવે તો પણ તેઓને તે ઉપયોગી બનતુ નથી " કે જેથી જ શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે " જે ફલ મલવાનું હતું તે ફલ પુત્ર પ્રાપ્ત કરવાની ઈચ્છાથી મલશે નહિ".....

તે પછી મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર સમય આવતા દામોદરદાસ સંભલવાલા ના ધર્મપત્નીને ગર્ભ રહ્યો. પછી આમને આમ બેત્રણ મહિનાઓ પસાર થાય હશે તેવામાં આ કનોજ ગામમાં તેલીઓ એટલે કે તેલવાળા કપડા પહેરનાર અને તેલમાં જોઈને બનવાની વાત કહેનારો એક તેલીઓ આવ્યો કે જેના સમાચાર ગામ આખાયમાં ફેલાઈ જતા ગર્ભવતી સ્ત્રીઓ તો પોતાને પુત્ર થશે કે પુત્રી એવું જાણવાની ઈચ્છાએ સૌ આ તેલીઆ પાસે જઈ જઈને પૂછલા લાગી. આમ આવું જોઈને કોઈ એક સ્ત્રીએ દામોદરદાસ સંભલવાલા ના ધર્મપત્નિ પાસે આવીને કહયું કે અલી, તું પણ પૂછાવને!.... આમ હજી તો આગળ વાત થતી હતી તેવામાં બાજુમાં ઉભેલ એક દાસી તો આટલી વાત સાંભળતાની સાથે જ તેલીઆ પાસે ગઈઅને અમુક વાતથી સમજાવતા પૂછ્યું કે મારી શેઠાણીને પુત્ર થશે કે પુત્રી?.... દાસીની બધી વાત સાંભળીને તેલીઆએ પોતાની શક્તિ અનુસાર કંઈક જોઈને કહ્યું કે તારી શેઠાણીને ત્યાં પુત્રનો જન્મ થશે આમ તેલીઆની વાત સાંભળીને દાસી તો હરખાતી હરખાતી પોતાની શેઠાણી પાસે આવી અને કહ્યું કે આપણા ગામમાં આવેલા તેલીઆને હું પૂછી આવી અને કહ્યું કે તમારી શેઠાણીને ત્યાં પુત્રનો જન્મ થશે. દાસીની આવી વધામણી જેવી વાતસાંભળીને દામોદરદાસ સંભલવાલાની ધર્મપત્ની થી " સ્હેજ હસી જવાયું " આમ એક પ્રકારે સ્હેજ હસવાના કારણે થયેલા અન્યાશ્રયથી શું હવે શું બને છે ?..... તે જોવાનું રહ્યું.

બાદ અંતર્યામિ એવા શ્રી મહાપ્રભુજી તો પ્રત્યેક જીવના હૃદયની વાત જાણતા હોવાથી દુનિયામાં બની રહેલી બીજી વાત જાણે તેમાં નવાઈ શું ?... એટલે શ્રી મહાપ્રભુજી પોતાવા આવા સામર્થ્યના આધારે દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્ની ' સ્હેજ હાસ્ય દ્વારા ' થેયલા અનાયશ્રયની વાત જતીપુરામાં જાણી જતા શ્રી મહાપ્રભુજી જતીપુરાથી વિદાય થઈને કનોજ ગામમાં પધારીને દામોદરદાસ સંભલવાલાને ઘેર મુકામ કરી બિરાજ્યા. બાદ દામોદરદાસ સંભલવાલા દર્શન અનં દંડવત્ પ્રણામ કરીને ચરણ સ્પર્શ કરવા જતા હતા કે જે જોઈને શ્રી મહાપ્રભુજીએ તેમને રોકયા અનેઆજ્ઞા કરતા કહ્યું કે તમે મારા ચરણસ્પર્શ કરવાને યોગ્ય નથી કારણ કે તમારી સ્ત્રીને અન્યાશ્રય દોષ લાગેલો છે. અને વળી તમે તેમના હાથનું ખાનપાન કરતા હોવાથી તમને પણ એક રીતે અન્યાશ્રય દોષ લાગતો હોવાથી તમને હવે મારા ચરણસ્પર્શ કરવાનો અધિકાર નથી. કારણ કે આ માર્ગમાં અન્યાશ્રય સમાન બીજો કોઈ દોષ નથી. જેમ લૌકિકમાં એક પતિ કરેલ હોવા છતાય છતાય બીજો પતિ તરીકે માને તો સ્ત્રીનો પતિવ્રતા ધર્મ જાય છે તેમ અલૌકિકમાં પણ એવું જ છે કે આ માર્ગમાં પ્રવેશ કર્યા પછી જો સ્હેજ પણ અન્ય કોઈનો આશ્રય કરવામાં આવે તો પોતાનો અલોકિક ધર્મ જાય..... શ્રી મહાપ્રભુજીના મુખારવિંદ દ્વારા આ વાત સાંભળીને દામોદરદાસ સંભલવાલાની આંખોમાંથી ટપક ટપક આંસુઓ પડવા લાગ્યા અને બે હાથ જોડીને વિનંતી થી કહ્યું કે પ્રભુ, આમાનું હું તો સંઈ જ જાણતો નથી કે તેમણે શું અન્યાશ્રય કર્યો છે. ?... દામોદરદાસ સંભલવાલાની આવી અજ્ઞાનતા ભરેલી વાત સાંભળીને શ્રી મહાપ્રભુજીએ કહ્યુંકે સારૂ તમારી સ્ત્રીને પૂછી જુઓ કે જેથી તમને ખબર પડશે કે તેણીએ શું અન્યાશ્રય કર્યો છે'.

ન કદી સ્વપ્ને ન કદી કલ્પનામાં અને ન કદી વિચારમાં એવું બનેલું સાંભળીને ગભરાઈ ગયેલા દામોદરદાસ સંભલવાલા તો પોતાની પત્નિ પાસે ગયા અને શ્રી મહાપ્રભુજીએ કરેલ વાત વિષે પૂછતા પોતાની પત્નિ એ તેલીઆ દ્વારા બનેલી ઘટનાની કથા કહી સંભળાવી કે જેકથા સાંભળીને અતિ દુઃખ પામેલા દામોદરદાસ સંભલવાલા શ્રી મહાપ્રભુજીને નિવેદન કરતા શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે ભક્તને શ્રી ઠાકોરજી સિવાય બીજી કોઈ પણ વસ્તુમાં જો આસક્તિ હોય છે તે શ્રી ઠાકોરજી તે આસક્તિવાળી વસ્તુનો તરત જ નાશ કરે છે. હવે તમારી સ્ત્રીને પુત્રની ઈચ્છા તો અવશ્ય હતી જ અને વળી મેં પુત્ર આપેલો પણ ખરો. એટલે તેમાં તો હવે કંઈ ફેરફાર નહિ એટલે પુત્ર તો થશે પરંતુ તમારી સ્ત્રીમાં જે લૌકિક આસક્તિ છે તે લૌકિક આસક્તિનો નાશ કરવા અર્થે તે મ્લેચ્છ એટલે કે આશુરી બુદ્ધિવાળો નાસ્તિક થશે. આમ આવા પ્રકારે થોડી ઘણી બીજી પણ સમજુતી કરાવીને શ્રી મહપ્રભુજી અહીંથી તરત જ વિદાય થઈને અડેલ તરફ પધાર્યા.

શ્રી મહાપ્રભુજી અડેલ પધાર્યા દામોદરદાસ સંભલવાલાએ પોતાની પત્નિને પુત્ર જે થવાનો છે તે મ્લેચ્છ થશે એવી વાત કહી સંભળાવતા પોતાની પત્નિને અંતઃકરણપૂર્વક ખૂબ જ દુઃખ થયું કે જે દુઃખના કારણે પોતાને અલૌકિક જ્ઞાન

થઈ જતા પોતાનામાં અન્નય ભાવ પ્રગટ થયો. પછી પોતે વિચારવા લાગ્યા કે મારા પેટમાં તો મ્લેચ્છ પુત્ર છે કે જેથી મારાથી હવે શ્રી ઠાકોરજીની સેવા કેમ થાય ?.... વળી સામગ્રીને તેમજ પાત્રો કે બીજી વસ્તુને મારાથી હવે સ્પર્શ કેમ થાય ?.... આમ પરિવર્તન થઈ ચુકેલ પોતાના અલૌકિક ભાવના આધારે પોતે શ્રી ઠાકોરજીની સેવા કરવાનું તેમજ પાત્રો-સામગ્રી અને એવી બીજી વસ્તુને સ્પર્શ રપવાનું પણ છોડી દીધું . એટલે આમ કેવળ " સ્હેજ હાસ્ય દ્વારા " પોતાને લાગેલ અન્યાશ્રય દોષથી જ પોતાની સેવા છુટી જવાથી દુઃખરૂપેનો વિલાપ કરી કરીને સેવામાં આવેલા આવરણના બાકી રહેલા દિવસોને પસાર કરવા લાગ્યા સમયની ગતીએ દિવસો પસાર થતા થતા આખરે પ્રસુતિનો દિવસ આવી ગયો છે તેવું જાણીને પોતે વિચાર્યુ કે પુત્ર થવાનો છે તે અમારી ભાવના પ્રમાણે તો જીવન જીવશે નહિ. એટલે અમે જેમ શ્રી ઠાકોરજીની સેવા કરીએ છીએ કેમ તે કરશે નહિ. વળી અમારા સર્વસ્વ જેવા શ્રી ઠાકોરજીનું સુખ પણ તે જરાય વિચારશે નહિ. એટલે આવા મ્લેચ્છ પુત્રનું મૌઢું જોવું તે પણ એક પ્રકારે વધારે અનિષ્ટ કરવા જેવું છે કે જેથી તેનું મોઢું પણ જોવું નહિ તે વધારે ઉત્તમ છે. પોતાની આવી ઉચ્ચ પ્રકારની ભાવનાએ પોતે પોતાની માતાને બોલાવી અને સુચના કરતા કહ્યું કે મારા પેટમાં જે બાળક છે તે મ્લેચ્છ હોવાથી મારે તેનું મોઢું જોવું નથી એટલે તેનો જન્મ થતાની સાથે જ તુ તેને તારે ઘેર લઈ જજે અને ગમે તે રીતે તેને પાળીપોષીને મોટો કરજે... પછી બાળકનો જન્મ થવાનો સમય થતા પુત્રનું મોઢું જોવાઈ ન જાય એવી ભાવનાએ પોતે પોતાની બન્ને આંખોએ પાટા બાંધી દીધા. પછી બાળકનો જન્મ થતા જન્મ તો પુત્રનો થયો પરંતુ પોતાની માતાને આપેલી સુચના મુજબ પોતાની માતાએ આ જન્મેલ મ્લેચ્છ પુત્રને પોતાને ઘેર લઈ ગઈ કે જ્યાં ધાવ દ્વારા એટલે કે કોઈ એક સ્તનપાન કરાવનાર કે ધાવણ ધવરાવનારી બાઈના ધાવણ દ્વારા પોષણ આપીને મોટો કરવા લાગી.

આમ સંસારમાં સર્વત્ર પ્રસરી ચુકેલી માયાના પ્રભાવથી લપટાઈ જઈને દામોદરદાસ સંભલવાલાના ધર્મ પત્નિને પુત્રની આસક્તિ થતા પુત્રની પ્રાપ્તિ તો જાણે થઈ પરંતુ પુત્ર તરીકે ની જે આસક્તિ હતી તે આસક્તિ ઘડીકમાં જ નાશ થઈ ગઈ અરે.... એટલું જ નહિ પરંતુ પોતાને પ્રાપ્ત થયેલા પોતાના પુત્રનું મોઢુ પણ પોતે જોયું નહિ. સંસારના દરેક પ્રકારના મોહને- આસક્તિને પણ છેલ્લી વિદાયગીરી આપી દેતા પોતે તેમજ દામોદરદાસ સંભલવાલા એમ બન્ને જણાએ "અનન્ય ભાવે " શ્રી ઠાકોરજીની સેવા કરીને પોતાના જીવનના બાકી રહેલા દિવસોને કોઈ એક બીજા પ્રકારના તાપક્લેશથી પસાર કરવા લાગ્યા. જ્યારે બીજી તરફ પોતાને પ્રાપ્ત થયેલ મ્લેચ્છ પુત્ર કે જે પિયરમાં રાખેલો છે તેની પાસે રહીને મોટો થતો જાય છે.

તે પછી શ્રી મહાપ્રભુજી જ્યારથી અડેલ બિરાજવા લાગ્યા ત્યારથી કનોજની આસપાસના સિંહનંદ વિ. ગામોમાં રહેતા વૈષ્ણવો શ્રી મહાપ્રભુજી ના દર્શન કરવા માટે ઘણી વાર અડેલ જતા હતા કે જેમાંના જે વૈષ્ણવો દામોદરદાસ સંભલવાલાને ઘેર થઈને અડેલ જતા હતા તે સૌ વૈષ્ણવોનો ભાવપૂર્વક સત્કાર કરીને મહાપ્રસાદી લેવડાવતા હતા... અરે.. એટલું જ નહિ પરંતુ તેઓ જ્યારે અડેલ તરફ જવાને વિદાય થતા ત્યારે દામોદરદાસ સંભલવાલા તે વૈષ્ણવોને કહ્યા સિવાય ગુપ્ત રીતે ખર્ચીના પૈસા તેઓના થેલામાં મૂકી દેતા હતા. આમ આવી રીતે કર્યા પછી પ્રત્યેક વૈષ્ણવોના હાથમાં એક એક મહોર અને એક એક શ્રીફળ આપીને કહેતા કે આ શ્રી મહાપ્રભુજીને ભેટ તરીકે ધરીને મારાવતી દંડવત્ કરજો.... આમ આવું કરવા પાછળ દામોદરદાસ સંભલવાલાનો ભાવ એવો હતો કે મારું આટલું દ્રવ્ય અલૌકિકમાં વપરાશે અને વળી શ્રી ફળ દ્વારા જો હું સન્મુખ થતો રહીશ તો કૃપા સાગર ક્યારેક મારી યાદી લાવીને મારું વિચારશે પછી કનોજથી રવાના થઈને વૈષ્ણવો જ્યારે અડેલ શ્રી મહાપ્રભુજીની સન્મુખ આવી પહોંચતા ત્યારે શ્રી મહાપ્રભુજીના દર્શન કરીને દામોદરદાસ સંભલવાલાએ આપેલી એક મહોર અને એક શ્રીફળ ભેટ તરીકે શ્રી મહાપ્રભુજીને ધરીને તેમના વતી પણ વૈષ્ણવો દંડવત્ કરતા તેમજ સાથે સાથે દામોદરદાસ સંભલવાલાની પ્રસન્નતા પણ કરતા.

હવે દામોદરદાસ સંભલવાલાનો જે ઉપર ઉપરનો ભાવ હતો તે તો જાણ્યો કે પોતાનું એટલું દ્રવ્ય અલૌકિકમાં વપરાશે તેમ જ શ્રીફળ દ્વારા જો સન્મુખ થતો રહીશ તો કૃપાના સાગર ક્યારેક મારી યાદી લાવીને મારૂ વિચારશે. પરંતુ શ્રીફળ તેમજ ભેટ કરાવીને કે પછી મોકલવાનો ભાવ તો આંતરિક દ્રષ્ટિએ એવો છે કે સન્મુખ થતા હોઈએ ત્યારે જીવે યોગ્ય લાગે તેવી વિનંતી કરવાની હોય છે પરંતુ વિનંતી નહિ કરતા દર્શન કર્યા. શ્રી ફળ ભેટ ધર્યું અને દંડવત્ કરીને ચાલ્યા આવતા હોવાથી અથવા કોઈના દ્વારા શ્રીફળ ભેટ મોકલેલ હોવાથી પાછળ જીવનાવતી શ્રીફળ પોતે વિનંતી કરે છે. એટલે જે નરજાતિમાં પણ નહિ અને નારીજાતિમાં પણ નહિ એમ બન્ને જાતિમાં જેનો સમાવેશ કરવામાં આવેલ છે

તે આ શ્રીફલ છે કે જે શ્રીફળને જીવનું સ્વરૂપ ગણવામાં આવેલ છે. એટલે આમ આ "શ્રીફળનો ભાવ" થયો. અને પછી કેવળ સન્મુખ થવા માટે જ આ શ્રીફળરૂપે પોતે (જીવ) પોતાને અર્પણ કરે છે કે ભેટ કરે છે એટલે આમ આ શ્રીફળ ભેટ કરવાનો ભાવ થયો, બાદ ભેટ તરીકે પરમ કૃપાળુના ચરણારવિંદમાં પહોંચ્યા પછી શ્રીફળ રૂપેનો જીવ સન્મુખ પડી રહીને પોતાના સ્વરૂપ પ્રત્યે કંઈક પ્રકારે પોતાની યાદી કરાવી કરાવીને પરમ કૃપાળુને વિનંતી કર્યા કરે છે કે :-

હે પ્રભુ... અનાથના નાથ.... આખી લીલા સૃષ્ટિના ચાર યુગો અને સોળેય કળાઓમાં જેનો સમાવેશ કરવામાં આવેલો છે તેવો જે હું મારૂ જે કંઈ છે તે સર્વસ્વ સહિત અને વળી આપની ચરણારવિંદમાં ચક્કરો મારી રહેલી લક્ષ્મીઓમાંથી લક્ષ્મીને (એક રૂપિયાની કરવામાં આવતી ભેટ) સાક્ષી તરીકે સાથે રાખીને મારા આ શ્રીફળ જેવા સ્વરૂપે કેવળ અપૂર્ણ થવા માટે જ એટલે દૂર આપના ચરણકમળમાં આવી પહોંચેલ છું પણ......

પ્રભુ જો કે મારા સ્વાર્થે જ હું રૂબરૂમાં અથવા કોઈના દ્વારા વારંવાર આપના ચરણ કમળમાં આવ્યા કરૂ છું... પણ પ્રભુ શું કરૂ?...... મારા આ દેહ ઉપર રહેલા મારા રૂવાંટા રૂપે આ જેટલા છોતરા દેખાય છે તેટલા જ મારામાં દોષ છે કે જે મારા દોષોની લીધે મારૂં કંઈ વળતું નથી જિંદગીના દિવસો તો જાણે આમને આમ જતા જ રહ્યા. પરંતુ..... પ્રભુ ..... છોતરારૂપે મારા દોષો દેખાઈ રહેલા છે તો તે કેવળ જીવ તરીકેનો મારો સ્વભાવ જ છે કે જેથી છોંતરારૂપે ઉપર ઉપરથી દેખાતા મારા દોષોને નહિ જોતા હૃદયમાં રહેલી વસ્તુ તરફ સ્હેજ દ્રષ્ટિ કરીને જોશો તો આપને ખરેખર સમજાશે કે હું યોગ્ય છું કે નહિ.....

પ્રભુ.... આ સૃષ્ટિમાં મારૂ કંઈ છે તે સર્વસ્થ છોડીને કેવળ આપનો જ આશ્રર્ય રાખીને જેમ શ્રીફળે પોતાની કાચલી કઠણ- મજબૂત રાખી થે તેમ મેં પણ મારા મનને કઠણ-મજબૂત (દ્રઢ) કરી રાખીને કેવળ એક પ્રકારની આશાએ જ જીવન જીવી રહેલ છું કે પ્રભુ આજે વિચારશે.... પ્રભુ કાલે વિચારશે પણ..... આજકાલ કરતા કરતા દિવસોના દિવસો તો ઠીક પરંતુ વર્ષો વીતવા લાગ્યા છતાંય પ્રભુ શું..... મારૂ નહિ જ વિચારો?... પણ પ્રભુ .... કાચલીએ રાખેલી મજબુતાઈને જેમ મે રાખેલી દ્રઢતાના કારણે અનેક પ્રકારના દુઃખ જે મેં સહન કર્યા તે પણ શું વ્યર્થ ... સારૂ, આપ જાણો... આપની લીલામાં હું શું સમજું ?... પણ...

પ્રભુ...આ શ્રીફળમાં રહેલ કોપરૂ જેટલું કોમળ છે તેનાથી પણ વિશેષ કોમળ મારૂ હૃદય છે પરંતુ.....શું કહું?.... ટુંકમાં કે આવી આશામાંને આશામાં આમ સમય વ્યતિત થતો રહેશે તો તે હવે મારા માટે મુશ્કેલ જેવું જ બનવાનું....

વળી પ્રભુ... મારૂ હૃદય એટલું બધુ કોમળ અને શુદ્ધ છે કે જેનાથી મારામાં રહેલું પાણી (રસ) જરાય બગડવા દીધેલ નથી પરંતુ પ્રભુ.... જો છોતરા જેવો અવગુણવાળો ખરાબ સ્વભાવ મારો ન હોત તો મારૂ બધુ વ્યર્થ હતુ પણ.... સારૂ થયું કે છોતરા જેવો મારામાં અવગુણ હતો. કારણ કે તે છોતરા જેવા દેખાતા મારા ખરાબ અવગુણવાળા સ્વભાવથી, જ મારૂ, મારા આવા હૃદયનું અને મારામાં રહેલા પાણીનું (રસનું) જતન કરી તો શકાયું નહિતર... હવારૂપે સર્વત્ર પ્રસરી ચુકેલો દુઃસંગ મારા હૃદયના કારણે મને ભરમાવીને મારી કઈ દશા કરત?... એટલે આમ દુ;સંગથી બચીને પણ અત્યાર સુધી નભી રહેલ છું.

પ્રભુ... છોતરારૂપે મારા સુંદર કપડાની અંદર કાજલથી આંજેલી મારી આંખો વિગેરે ગુપ્ત ઇન્દ્રીઓ સ્હેજ જોઈને અનુભવ કરશો તો પણ આપને ખબર પડશે કે હું અન્ય સુકા શ્રીફળની માફક નિરસ તો નથી જ.....

વળી પ્રભુ... છોતરા જેવા મારા ઉપરના સ્વરૂપથી કદાચ આપને ખાત્રી થતી ન હોય તો મારા હૃદયરૂપેના કોપરાની વચ્ચે રહેલ રૂષ્ટપુષ્ટ જેવા બીજને બીજ જોશો તો પણ ખબર પડેશે કે હું અસલ પુષ્ટિ જીવ તરીકે છું કે નહિ?... વળી બીજને જોઈને ભલે ઉપરથી કંઈ ન બોલો પરંતુ હૃદયથી તો આપ સમજી જશો જ કે હું આપનો છું.....કારણ કે મારામાં રહેલું બીજ અન્ય કોઈનું નહિ પરંતુ શ્રીઅંગથી પ્રગટ કરેલી સૃષ્ટિમાંનું જ છે..... એટલે પછી હવે આપ મારુ નહિ વિચારો તો વિચારશે કોણ?.....

પ્રભુ.... કૃપાળુ .... પતિવ્રતાના પતિ... હવે... વિશેષ તો શું કહું?... પરંતુ શ્રીફળ તરીકે કહેવાતો જે હું જીવ તરીકે ઘણી વાર સન્મુખ થયો છું છતાંય ... મારૂ કંઈ વળતું નથી તેથી વળી બીજો વિચાર પણ આવ્યો કે કદાચ આપ

સીધી રીતે જીવનું વિચારતા નહિ હો કે જેથી આ વખેતે તો " આપના જે વહાલા છે". તેમના દ્વારા જ સર્વે પ્રકારની મારી તૈયારી કરીને મારા પ્રાણ જેવા રૃષ્ટપુષ્ટ બીજ,રસ અને હૃદયનો પણ સમાવેશ કરીને મારા સર્વસ્વ સહિત શન્મુખ થયેલ છું.... તો હવે મારું કંઈક વિચારશો અને અનુગ્રહરૂપેનો જે રસ બિંદુઓ કહેવાય છે તેમાંથી એક બે બિંદુ જેટલો પણ જો અનુગ્રહ કરીને મને અંગીકૃત જીવ તરીકે માનશો તો હું મારો આ જન્મ સફળ થયો માનીશ નહિતર... અન્ય જીવોની માફક મારી પણ એવી જ ગતી છે... બાકી વિશેષ શું કહું?... મારા અને દંડવત્ સહિત મારી આ વિનંતી પ્રત્યે કંઈક વિચારશો... પ્રભુ... હવે કંઈક વિચારશો

આમ વિનંતી અર્થે એક રૂપિયાની સાક્ષી સહિત શ્રીફળ ભેટ કરવામાં આવે છે એટલે આવો પણ શ્રીફળનો એક ભાવ છે કે જેનું પ્રમાણ જોવા જઈએ તો ખોવાઈ જઈએ, પ્રમાણ ક્યાંય ન મલે એ તો મલે શ્રી વલ્લભપ્રભુના વ્હાલાઓના હૃદયમાં પ્રમાણ તે પ્રમાણ અને અનુભવ તે અનુભવ , અનુભવ ત્યાં પ્રમાણ નહિ અને પ્રમાણ ત્યાં અનુભવ નહિ...

હવે શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કરેલા આ માર્ગમાં તો એકજ વાત છે કે સત્સંગરૂપેનો રંગથી રંગીલા બનો, રંગીલા બનીને રસીક બનો, રસીક બનીને પ્રેમી બનો અને પ્રેમી બન્યા બાદ પ્રેમાનંદથી પ્રેમ માર્ગે ચાલો, ભાવાનંદથી પીગળો, ભજનાનંદથી ભીજાવ, સંયોગમાં સાંયોગસુખ ભોગવો, સંયોગસુખથી રસપાન કરો, વિયોગે ઝૂરી ઝૂરીને મરો અને ઝૂરી ઝૂરીને મરતાં પડેલા શ્રીફળ ભેટ કરો.... આ બધુંય વાતે, દલીલે, કે દ્રષ્ટાંતે પણ ન સમજાય. વળી ગમે તેટલાં સાધનો કે પ્રયત્નો કરો તો પણ તે નસમજાય.... તે ન સમજાય... એટલે સમજો કે શ્રી વલ્લભ પ્રભુના કે શ્રી વલ્લભ પ્રભુના લાડીલા દામોદરસદાસ હરસાનીની કૃપારસ વિના બધુય નકામું છે. બાકી... પોતાને રસ હોય તો ભાવ થાય. ભાવ તો તૈયારી થાય, તૈયારી થાય તો કૃપા થાય. .. અને કૃપા થઈને કે રસદાન થયું જ સમજો અને રસદાન થયું તો સમજો કે બધુય સમજાયું જ હવે.... શ્રી હરિ ગુરૂ વૈષ્ણવ એમ આ ત્રણેય સ્વરૂપોની સેવામાં પેલા બેની સેવા તો મલશે જ પરંતુ... ત્રીજા એટલે કે વૈષ્ણવના સ્વરૂપની સેવા કદાચ મલવી મુસ્કેલ છે. એ તો જેનું પરમ ભાગ્ય હોય તેને એટલે શ્રી વલ્લભ પ્રભુની ઈચ્છા એ કદાચ તેવા સ્વરૂપની સેવા મલી જાય. તો " વિવેક રાખીને " તન, મન, અને ધનથી સેવા ટહેલ કરવાનું ચુકવું નહિ.

હવે શ્રી મહાપ્રભુજી અંતર્યામિ હોવાને કારણે દામોદરદાસ સંભલવાલા વૈશણવો દ્વારા જે શ્રીફળો ભેટ તરીકે મોકલતા હતા તેમાંના છેલ્લા શ્રીફળો અને સાક્ષીરૂપેની લક્ષ્મી એમ બન્ને ને પોતાની સન્મુખ પડેલા જોઈને તેમજ શ્રીફળો કરી રહેલ વિનંતીને સાંભળીને અને વળી શ્રી હરિ ગુરૂ વૈષ્ણવ એમ ત્રણેય સ્વરૂપની પોતાના ખરા અંત;કરણપૂર્વક તન, મન, ધનથી જે સેવા કરી રહ્યા છે તે સેવાની પ્રશંસા સાંભળીને શ્રી મહાપ્રભુજી દામોદરદાસ સંભલવાલાનું વિચારીને મનમાં વિચાર કરવા લાગ્યા કે દામોદરદાસ સંભલવાલા હવે યોગ્ય બન્યા છે કે જેથી પૂર્ણ નિરોધ કરાવીને દામોદરદાસ સંભલવાલા ઉપર પૂર્ણ અમુગ્રહ કરીને ફલદાન કરવા અર્થે પોતાના અંતરંગ દામોદરદાસ હરસાની દામોદરદાસ સંભલવાલાને ઘેર મોકલ્યા.

બાદ અડેલ રવાના થઈને દામોદરદાસ હરસાની કનોજ તરફ આવી રહ્યા છે, હવે માખણ કરતા પણ વધારે કોમળ ભગવદ્ ભક્તનું હૃદય હોય છે કારણકે પોતાને થતા દુ:ખથી પોતાને જાણે કે કંઈ થતું હોતુ જ નથી પરંતુ સામાનું દુખ જોઈને ભગવદ્ ભક્તને દુ:ખ વધારે થાય છે. વળી તે પોતાનાથી સહન પણ થઈ શકતું નથી. કે જેથી અન્યને થતા દુ:ખનુ નિવારણ પણ પોતાને યોગ્ય લાગે કે રીતે કરી પણ નાખતા હોય છે. એટલે ભગવદ્ ભક્તનું હૃદય આટલું બધુ કોમળ હોવાથી દામોદરદાસ સંભલવાલા માટે કેવી રીતે કરવું?. ... એવા કંઈક વિચારો કરતા કરતા આખરે થોડાક દિવસોમાં કનોજ ગામે આવી પહોચતા કનોજ ગામમાં રહેતા દામોદરદાસ સંભલવાલા ઘર પાસે સીધા આવીને દામોદરદાસ સંભલવાલા ને તેમજ અન્ય કોઈને ખબર પડે નહિ તેમ એક મહેમાન જેવા થઈને ઘરની અંદર પ્રવેશ કર્યો. આમ ઘરમાં પ્રવેશ કરતા કોઈ એક મેમાન આવ્યા છે તેવું એક સુચન કરાવવાની ભાવનાએ દામોદરદાસ હરસાની જય શ્રી કૃષ્ણ બોલતા બે હાથ જોડીને ઉભા રહ્યા..... દામોદરદાસ હરસાનીનો અવાજ છે તેવી સ્હેજ કલ્પના કરીને શ્રી ઠાકોરજીની સેવા કરી રહેલ દામોદરદાસ સંભલવાલાં સ્હેજ બ્હાર આવ્યા અને પોતાની ધારણા મુજબ દામોદરદાસ હરસાનીની જ પોતાને દર્શન થતા દામોદરદાસ સંભલવાલા તો પોતાને અત્યંત ભાગ્યશાળી માનીને કોઈ અનોખા ભાવથી સામે દોડી આવીને પોતાના બન્ને હાથ પહોળા કરીને દામોદરદાસ હરસાનીને પોતાની બાથમાં લઈને દામોદરદાસ હરસાનીનો

છાતી બરાબર મિલાવીને પ્રેમરૂપે અતિ હર્ષથી ભેટી પડયા. આમ દામોદરદાસ હરસાનીના અલૌકિક સ્વરૂપનો સ્પર્શ થતા દામોદરદાસ સંભલવાલા નું સ્વરૂપ ખરેખર બદલાઈજ ગયું હોય તેમ પોતાના શરીર ઉપર રહેલા રૂવાંટાં ઉભા થઈ ગયા. પોતાનામાં પ્રગટ થયેલો અલૌકિક આનંદ ઉભરાવા લાગ્યો. ગળુ ગદ્ગદ્ થઈ જતા આંખોમાંથી અલૌકિક પ્રેમરૂપેના આંસુઓની ધારાઓ વહેવા માંડી. એટલે કે દામોદરદાસ સંભલવાલાને તો જાણે પોતાના આંગણે જાણે શ્રી ઉદ્ધવજી પધાર્યા હોય તેવો આનંદ છલકાવા લાગ્યો. .. મારુ વિચારીને પ્રભુએ આજે મારા ઉપર ખરેખર અનુગ્રહ જ કર્યો અરે... એટલું જ નહિ પરંતુ પોતાના વ્હાલા મારા આંગણે મોકલ્યા. એટલે મારા અહોભાગ્ય કહેવાય નહિતર મારા આંગણે પ્રભુના આવા અંતરંગ ક્યાંથી?.....

વળી આવા પ્રભુના લાડિલા વૈષ્ણવ પધારે ત્યારે તેમની પાછળ પ્રભુ પણ અવશ્ય પધારે જ. એટલે સમજો કે શ્રી હરિ-ગુરૂ- વૈષ્ણવ એમ ત્રણેય સ્વરૂપો આજે મારા ઉપર કૃપા કરવા માટે જ આટલો શ્રમ લઈને મારા આંગણે પધાર્યા છે. એટલે આજે મારા આંગણે ખરેખર સુવર્ણના સુર્યનો જ ઉદય થયો..... આમ શ્રી મહાપ્રભુજીના અંતરંગ દામોદરદાસ હરસાની પધારવાથી અતિ પ્રસ્નન થયેલા દામોદરદાસ સંભલવાલા, એ પોતાના હૃદદના અલૌકિક ભાવથી પોતાને ત્યાં આજે એક મહાન ઉત્સવ માન્યો. અને પછી... તો.... ઘરમાં બિરાજતા પોતાના પ્રભુ પણ અતિ પ્રસન્ન થશે એવી પણ એક ભાવનાથી પોતે માનેલા મહાન ઉત્સવના આધારે દામોદરદાસ હરસાની ને એક સુંદર સ્થળે બિરાજવાનું સુચન કરીને બીજા બે વૈષ્ણવોને અપરસ કરાવીને દામોદરદાસ સંભલવાલા સહિત સૌ વિવિધ પ્રકારની સામગ્રી સિદ્ધ કરવા લાગ્યા. સામગ્રી સિદ્ધ થઈ જતા પ્રભુને ભોગ ધર્યો. કીર્તન વધાઈઓ ગાવા લાગ્યા. સમય થતા ભોગ સરાવ્યા. બીડા-મુખવાસ આરોગાવ્યા. પછી આંખોમાં વહી રહેલા આસુંઓએ આરતી ઉતારતા ઉતારતા સૌએ દર્શન કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા પછી પ્રભુને (શ્રી દ્વારકાનાથજીને) અનોસર કરીને તાલા-મંગળ કર્યા.

હવે શ્રી મહાપ્રભુજીએ મારૂ વિચારીને આવા નિજ અંતરંગ વૈષ્ણવને મારા ત્યાં " કેવળ કૃપા કરવા અર્થે જ મોકલ્યા છે" તેથી તન, મન અને ધનથી બને તેવી રીતેની ટહેલ કરવાનું ચુકવું તે મારા માટે અયોગ્ય જ કહેવાય. વળી જીવનમાં ફરી ફરીને આવો પ્રસંગ આવતો નથી. એવું વિચારીને દામોદરદાસ સંભલવાલા એ " ખોટી શરમને તેમજ પોતપણાના મોભાને " છોડી દઈને સુગંધી તેલ દ્વારા દામોદરદાસ હરસાનીના અંગને જરાય શ્રમ કે દુ:ખ ન થાય તેમ દામોદરદાસ હરસાનીના આખા અંગે તેલ માલિસ કરવા લાગ્યા. પછી પોતાના હાથે સ્નાન કરાવ્યું પછી અંગ લૂછીને નવા ધોતી-ઉપરણા વિ. વસ્ત્રો પહેરાવ્યા, તિલક કર્યુ, પછી શોભી રહેલા દામોદરદાસ હરસાનીના મુખ સામે પોતાની પ્રેમ ભરેલી દ્રષ્ટિ કરીને મંદમંદ હાસ્ય કરતા કરતા આજે પોતાને ત્યાં માનેલા મહાન ઉત્સવના નિમિત્તે મહાપ્રસાદ લેવડાવવા માટે વૈષ્ણવોને બોલાવવા માટે ગામમાં માણસોને મોકલીને દામોદરદાસ સંભલવાલા પોતાના નિત્ય નિયમ તરીકેના પાઠ કરવા લાગ્યા. આમ આ સમયે ઘરમાં જે જે બની રહેલું છે તે બધુંય દામોદરદાસ હરસાની જોઈ રહ્યા છે. અને જે જાણવા જેવું છે તે જાણી લઈને શાંતિપૂર્વક બેસી રહેલા છે.

પછી એક બાજુએ પોતાના પાઠ પૂર્ણ થઈ જતા અને બીજી બાજુ વૈષ્ણવો પણ આવી ગયેલા હોવાથી ઘરના વૈષ્ણવોને પોતાના કરવાનું કહેતા વૈષ્ણવોએ એક પંગતના રૂપમાં પોતાના કરી કરીને પાતળો મુકી. પછી દામોદરદાસ સંભલવાલાએ વિવિધ પ્રકારની વાનગીઓવાળા મહાપ્રસાદમાંથી સૌથી પહેલા અનસખડી તરીકેનો મહાપ્રસાદ સૌના પાતળોમાં પીરસ્યો અને પછી સખડી મહાપ્રસાદી પીરસતા દામોદરદાસ હરસાનીએ કેવળ એક બાનુ બતાવતા કહ્યું કે અડેલમાં તો હું નિત્ય શ્રી ઠાકોરજીના થાળની જ સખડી લઉં છું . પણ અહીં વિપ્રગોય હોવાથી હુ કેવળ અનસખડી જ લઈશ. એવું કહીને સખડી મહાપ્રસાદ લેવાની ના પાડી. અને આખરે સખડી મહાપ્રસાદ લીધો પણ નહિ. આમ દામોદરદાસ હરસાની એ સખડી જેવો મહાપ્રસાદ લીધેલ નહિ હોવાથી દામોદરદાસ સંભલવાલાના હૃદયમાં બહુ જ દુ:ખ થતા પોતે સ્હેજ વિચાર કરવા લાગ્યા કે અમારા હાથની સખડી શ્રી ઠાકોરજી આરોગતા હશે કે નહિ ?... જીવ સ્વભાવે દુ:ખ થાય તે સ્વાભાવિક છે પરંતુ બીજા સૌ વૈષ્ણવોએ અનસખડી તથા સખડી એમ બન્ને પ્રકારનો મહાપ્રસાદ લીધેલ હોવાથી સંતોષ માનીને દામોદરદાસ સંભલવાલા તથા તેમના ધર્મ પત્નિ એમ બન્નેએ માત્ર શાક પુરીનો મહાપ્રસાદ લઈને ઉભા થઈ ગયા.

હવે સખડી મહાપ્રસાદ નહિ લેવા પાછળ દામોદરદાસ હરસાનીનો ભાવ આંતરિક દ્રષ્ટિએ એવો હતો કે દામોદરદાસ હરસાનીએ ઘરમાં બેઠા બેઠા સ્ત્રી પુરુષ એમ બન્ને ભાવ બરાબર જોયા. કે જેમાં દામોદરદાસ સંભલવાલા નો ભાવ દરેક

રીતે ઉત્તમ જોવાથી અનસખડી મહાપ્રસાદ લીધો અને તેમના ધર્મપત્નિ ની બાબતમાં એવું દેખાયું કે " વ્યક્તિગત ખોટી શરમ તેમજ કુટુંબ મર્યાદા " હજી તેમનામાં રહેલી છે એટલે કે અલૌકિક રીતે અરસપરસની જે શરમ છૂટવી જોઈએ તે છૂટી નથી અને વાત સત્ય છે કે તેમના ધર્મપત્નિએ શ્રી મહાપ્રભુજી સાથે સન્મુખ રહીને કદીપણ વાત કરેલ નથી. વળી સખડીની સામગ્રીનો તેમના ધર્મપત્નિ-પણ સિદ્ધ કરતા હતા. એટલે જેમનામાં હજી ખોટી શરમ રહેલી છે તેઓને હાથે સિદ્ધ કરવામાં આવતી સખડીસામગીને મહાપ્રસાદ લેવો નહિ એવા ભાવે દામોદરદાસ હરસાનીએ સખડી મહાપ્રસાદ લીધો નહિ. હવે બીજો પણ એ ભાવ છે કે ખોટી શરમવાલાના હાથથી સિદ્ધ થયેલ સખડી મહાપ્રસાદ જો હું લઈશ તો દામોદરદાસ સંભલવાલાને જે ફલદાન કરવાનું છે તે થશે નહિ કારણકે દામોદરદાસ સંભલવાલા જે સખડી મહાપ્રસાદ લેતા હતા તે મહાપ્રસાદવાળી સામગ્રી તો તેમના ધર્મપત્નિ પણ સિદ્ધ કરતા હતા. એટલે તેમને યોગ્ય ફલદાન અહીં થશે નહિ એટલે દામોદરદાસ સંભલવાલાનું ઉત્તમ વિચારીને પોતે વિચાર કર્યો કે જો હું અહીં સખડી મહાપ્રસાદ નહિ લઉં તો દામોદરદાસ સંભલવાલને એક પ્રકારે તપક્લેશ થશે કે જ તાપક્લેશના કારણે પોતે અડેલ આવશે કે જ્યાં તેમને શ્રી મહાપ્રભુજીના દર્શનનો લાભ પણ મળશે તેમજ આપ બિરાજમાન હોવાથી પૂર્ણ ફલદાન કરવાનુ કાર્ય પણ આપ પોતે જ સિદ્ધ કરશે. આમ દામોદરદાસ હરસાનીએ પોતાને આવા ભાવના આધારે સખડી ... મહાપ્રસાદ લીધો નહિ. આમ આ પ્રસંગ દ્વારા એ સ્પષ્ટ સમજાયું કે વ્યકિતગત તરીકેની પોતાનામાં જે શરમ છે તે "ખોટી શરમ" જ્યાં સુદી નહિ છૂટે ત્યાં સુધી તે ખોટી શરમ પોતાને જ વિઘ્નરૂપે હોવાથી જીવ યોગ્ય બનેલ હોવા છતાય તે ફલદાન પ્રાપ્ત થવાનું હોય છે તે ફળદાન તેને પ્રાપ્ત થતુ નથી. એટલે " અલૌકિકમાં લૌકિક શરમ રાખવી એ બાધક છે" એવું સુચન કરી બતાવ્યું.

તે પછી રાત્રિ થતા એક ભગવદ્ મંડલીનારૂપે ગામના સૌ વૈષ્ણવો દામોદરદાસ સંભલવાલાને ઘેર એકત્ર થતા દામોદરદાસ સંભલવાલા એ સર્વ વૈષ્ણવોને તિલક કર્યા તેમજ મહાપ્રસાદ વહેચ્યો. તેમજ થોડીક વાર સૌ બેઠા અને કીર્તન -વધાઈઓ દ્વારા એક પ્રકારે આનંદ કરીને સૌ પોત પોતાને ઘેર જતા રહ્યા. બાદ પાછળથી આ રાત્રિના એકાંત જેવા સમયના આધારે દામોદરદાસ સંભલવાલા એ દામોદરદાસ હરસાનીને દીનતા ભાવે વિનંતી કરી કે ભાઈજી... અમારા અહોભાગ્ય છે કે આપ જેવા આજે અમારે ત્યાં પધાર્યા નહિતર આપ ક્યાં અને અમે ક્યાં ?....... અમે તો આપના ચરણની રજ બરાબર પણ નથી. બાકી શ્રી મહાપ્રભુજીની કૃપાએ બની આવે તે શ્રી ઠાકોરજીની સેવા નિમિત્તે થોડું ઘણું કરીને અને માયામાં લપટાઈ રહીને જીવનના દિવસો પૂરા કરી રહ્યા છીએ, ગોપીજનોએ જે સુખ પ્રાપ્ત કર્યુ હતુ " તેસુખ" પ્રાપ્ત કરવાના ભાગ્ય વળી અમારા હોય પણ ક્યાંથી?.... એ તો પ્રભુ જો વિચારે તો બને અથવા આપ જેવા નિત્ય સાનિધ્યમાં રહેવાળા અંતરંગો અમારૂ વિચારો તો બને !...... હા, ભાઈજી... આપ તો શ્રી મહાપ્રભુજીની સાનિધ્યમાં જ નિત્ય રહો છો વળી આપે તો શ્રી મહાપ્રભુજીનો સંબંધ અનુભવ પણ કર્યો છે એટલે કહેવાનું કે જો મારી યોગ્યાતા હોય તો તે સંબંધ અનુભવની વાત કૃપા કરીને મને સંભળાવો. વળી તે વાતથી હુ બીલકુલ અજ્ઞાન છું નથી તે વાત સાંભળવાની ઈચ્છા મને ઘણીવાર થયા કરે છે. પરંતુ આપ જેવા સિવાય આ વાત સંભળાવે પણ કોણ?........... વળી હું તો એવું જ માનું છું કે પ્રભુએ કેવળ મારા ઉપર કૃપા કરવા માટે જ આપને મોકલ્યા છે કે જેથી કૃપા કરીને તે રસનું પાન કરાવો '......... દામોદરદાસ સંભલવાલાની પૂર્ણ ભાવનાવાળી આવી વાત સાંભળીને દામોદરદાસ હરસાની સમજી ગયા કે દામોદરદાસ સંભલવાલા હવે " યોગ્ય બન્યા છે " કે જેથી દામોદરદાસ હરસાની આત્મ સંબંધ તરીકે કહેવાતા ગુપ્ત રહસ્યવાળા અનુભવની વાત ધીમે ધીમે કહેવા લાગ્યા. અને પછી સમજો કે જે કદી નહિ સાંભળેલી તેવી આત્મ સંબંધ તરીકે કહેવાતી રહસ્યની વાતો સાંભળતા દામોદરદાસ સંભલવાલા તો ખરેખર ચકિત જ થઈ ગયા. પરિણામે આવી સ્વમાર્ગીય વાત પ્રત્યે અસંતોષ થવાના કારણે આતુરતા વધતી ગઈ અને પછી જેમ જેમ સાંભળતા ગયા તેમ તેમ પોતાને રોમે રોમમાં અલૌકિક પ્રેમરસ પ્રસરવા લાગ્યા. આખરે પોતાના સ્વરૂપનું પણ દામોદરદાસ સંભલવાલાને ભાન રહ્યુ નહિ.

હવે એતં નિશમ્બ સાધુવાંદ. વૈયાસકિ સ ભગવાનથ ળિષ્ણરાતમ્ ! શ્રીમદ્ ભાગવતના કહેવાતા આ શ્લોકની ટીકામાં શ્રી મહાપ્રભુજી એ શ્રી સુબોધિનીજીમાં આજ્ઞારૂપે લખેલ છે કે આવા પ્રકારે રસાવેશના સમયે પ્રભુ પોતે જ વક્તા તરીકે હોય છે અને શ્રોતા તરીકે પણ પ્રભુ પોતે જ હોય છે એટલે કે વક્તા તરીકેના દામેદરદાસ હરસાની " આત્મ સંબંધ" તરીકેના ગુપ્ત રહસ્યવાળા અનુભવની વાત કરતા હતા કે જે સાંભળીને શ્રોતા તરીકેના દામેદરદાસ સંભલવાલા અનુભવ કરતા હતા. એટલે એકાંત જેવા રાત્રિના સમયે બન્નેના સ્વરૂપો કેવળ અલૈકિક સ્વરૂપો તરીકેનો રસવેશ આવી ગયો હતો. કે જેનાં કારણે રાત્રિ આખી પસાર થઈ ગયેલ હોવા છતાં રાત્રિ જેવા સમયનો સ્હેજપણ ખ્યાલ આ બન્નેમાંથી કોઈને રહ્યો નહિ. આવી સ્વમાર્ગીય ગુપ્ત રહસ્યવાળી વાતનું વિશેષ વર્ણન અહીં લખાવું અયોગ્ય છે. બાકી સંબંધ અનુભવીની વાતો એટલે કે " આત્મ સંબંધ" તરીકેના ગુપ્ત રહસ્યવાળા અનુભવની વાતો. " કે જે આ રસના રસિયા હશે તે જ રસાસ્વાદના અનુભવને જાણે કારણ કે પ્રમાણ તે પ્રમાણ અને અનુભવ તે અનુભવ. આમા આવા ગુપ્ત રહસ્યવાળા અનુભવો ની વાતો કરતા કરતા રાત્રિ પસાર થઈ ગઈ.

બાદ રાત્રિનો અંધકાર દુર થઈને પ્રાત:કાળનો સમય થતા રસમગ્ન બનેલા એવા બન્ને સ્વરૂપોને જોઈને બન્ને સ્વરૂપને રસાવેશવાળી દશામાંથી જાગૃત કરવા અર્થે દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નિએ બે હાથ જોડીને કહ્યું કે સવાર થયું.... આમ સવાર થયાની વાત સાંભળીને જાણે બીજી જ દુનિયામાંથી આવ્યા હોય તેમ બન્ને સ્વરૂપો ઉભા થયા અને પોત પોતાના દેહ કૃત્યોમાંથી પરવાર્યા. પછી દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નિએ બન્નેને અપરસ કરાવતા બન્ને સ્વરૂપોએ સાથે રહીને રાજભોગ સુધીની સેવાને પહોંચીને તાળા-મંગલ કર્યા. બાદ મહાપ્રસાદ લેવા માટે પોતાના કરી પાતરો ધરી. વૈષ્ણવો મહાપ્રસાદ લેવા માટે પાતર ઉપર બેસતા દામોદરદાસ સંભલવાલા પણ પાતર ઉપર બેઠા.પછી મહાપ્રસાદ પીરસતા દામોદરદાસ હરસાની એ તો કેવળ અનસખડી જ લેવાનું કહ્યું કે કે જેથી તેમની પાતરમાં કેવળ અનસખડી પીરસીને બીજા વૈષ્ણવોની પાતરમાં અનસખડી તથા સખડી એમ બન્ને પ્રાકારનો મહાપ્રસાદ પીરસતા સૌ વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો.

હવે આવેલ વૈષ્ણવો ત્રણ દિવસના મહેમાન કહેવાય. વળી સાચા વૈષ્ણવો તો વંધારે રહી પણ શકે નહિ અને કદાચ રહે તો પણ શું ? .... એટલે આવા પ્રકારની ભાવનાએ દામોદરદાસ હરસાની પણ એક મહેમાન બનીને જ આવેલા હોવાથી પોતે વિચાર્યુ કે મને અહી આવ્યે ત્રણ દિવસ ગયા છે કે જે ત્રણ દિવસ દરમ્યાનમાં બધુ કાર્ય સિદ્ધ થઈ ગયુ છે એટલે કે દામોદરદાસ સંભલવાલાને પૂર્ણ યોગ્યતાની સિદ્ધિ થઈ ગઈ છે. હવે તો ફલ સ્વરૂપ જ દેખાડવાનું બાકી રહ્યું છે કે જે ફલ સ્વરૂપ ના દર્શન નો અનુભવ તો તેઓ અડેલમાં કરશે. આમ આવો વિચાર કરીને દામોદરદાસ હરસાની અડેલ જવાની આજ્ઞા માગી. પરંતુ દામોદરદાસ સંભલવાલા એ આજ્ઞા નહિ આપતા બીજા ત્રણ ચાર દિવસ રહીને પાછી આજ્ઞા માગવાથી દામોદરદાસ સંભલવાલએને જવાની ના કહી. આમ અહી લગભગ અઠવાડિયું પસાર થઈ ગયેલ હવા છતાંય દામોદરદાસ હરસાનીને કહ્યું કે ભાઈજી, હવે તમે મને વધારે આગ્રહ કરશો નહિ. હવે મારાથી અહી વધારે રહી શકાશે નહી બાકી તો વિશેષ હું કઈ રીતે સમજાવું ? પરંતુ હવે જો મને વધારે રેહવાનો આગ્રહ કરશો તો મને ખરેખર દુઃખ જ થશે. દામોદરદાસ હરસાનીની આ છેલ્લી વાત સાંભળીને દામોદરદાસ સંભલવાલાએ સારામાં સારા વસ્ત્રો, શ્રીફળ, અને કેટલીક મહોરો દામોદરદાસ હરસાનીને આપીને કહ્યું કે ભાઈજી આ બધુય શ્રા મહાપ્રભુજીને ભેટ કરવા માટે આપું છું કે જેથી આ બધુ ય શ્રી મહાપ્રભુજીને ભેટ કરીને મારા દંડવત પહોચાડજો. પછી દામોદરદાસ હરસાનીને રસ્તામાં કોઈપણ દાતની તકલીફ ન થાય એવી ભાવનાએ થોડાક માણસોને દામોદરદાસ હરસાની સાથે મોકલવાનો વિચાર કરીને રાજદરબારમાં થોડાક માણસોને બોલાવીને કહ્યું કે આ ભાઈજીને અડેલ જવાનું છે કે જેથી અડેલ સુધી બરાબર સાથે રહેજો, અને પછી ત્યાંથી તમે નાવમાં પાછા આવતા રહેજો. આમ દરેક પ્રકારની તૈયારીઓ કર્યા પછી સૌ નાવવાળા સ્થળે આવ્યા. કે જ્યાં દામોદરદાસ સંભલવાલાએ દામોદરદાસ હરસાનીને કોઈ અલૌકિક સંબંધથી ભેટીને દામોદરદાસ સંભલવાલાએ કહ્યું કે ભાઈજી, મારી શુદ્ધિ લેજો, વળી હું તો તમારો જ છું... આમ આવા સ્નેહ સ્મરણ કરતા કરતા દામોદરદાસ હરસાનીએ નાવમાં સુંદર જગ્યાએ પધરાવીને સ્નેહ પૂર્વક વિદાયગીરી આપતા નાવ ચાલી. પછી ચાલતી નાવને જોતા રહ્યા અને આંખોમાંથી આંસુઓ વહેતા રહ્યા.... આમ દામોદરદાસ હરસાની જેટલા દિવસ રહ્યા હતા તેટલા દિવસ સખડી મહાપ્રસાદ નહિ લે!.... અહીં કેવળ અનસખડી મહાપ્રસાદ જ લીધો હતો. વળી જેટલા દિવસ કનોજમાં રહ્યા તેટલા દિવસ દામોદરસાદસ સંભલવાલાએ પોતાના મોભાની શરમ છોડી દઈને દામોદરદાસ હરસાનીની દરેક પ્રકારે સેવા કરીને પોતાનો આ મનુષ્ય જન્મ સફળ કર્યો.

બાદ અડેલમાં શ્રી મહાપ્રભુજી ગાદી ઉપર બિરાજમાન થઈને બિરાજ્યા હતા. આવામાં કનોજથી રવાના થયેલ દામોદરદાસ હરસાની અડેલ આવી પહોચતા નાવ સહિત માણસોને કનોજ તરફ પાછા વિદાય કરીને પોતે શ્રી મહાપ્રભુજી પાસે આવ્યા. અને દર્શન કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે પછી દામોદરદાસ સંભલવાલાએ આપેલ વસ્ત્રો, શ્રીફલ, મહોર વિ. સન્મુખ ભેટ કરીને દામોદરદાસ સંભલવાલાના વતી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી બે હાથ જોડીને ઉભા રહેતા શ્રી મહાપ્રભુજીએ બેસવાની આજ્ઞા કરી કે જેથી દામોદરદાસ હરસાની શ્રી મહાપ્રભુજીની નજીક, બેઠા. તે પછી દામોદરદાસ સંભલવાલાના સમાચાર પૂછતા કનોજના સારા સમાચાર કહી સંભળાવ્યા કે જે સાંભળીને શ્રી મહાપ્રભુજી બહુ પ્રસન્ન થયા અને પછી વળી પૂછયું કે દામોદરદાસ સંભલવાલાના ઘેર તમે પ્રસાદ લેતા હતા... જવાબમાં

દામોદરદદાસ હરસાનીએ કહ્યું કે રાજ, ત્યાં હું કેવળ અનશખડી મહાપ્રસાદ નિત્ય લેતો હતો. આમ આ વાત સાંભળીને તે અપ્રસન્ન થયા હોય તેમ શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે મારા અંતરંગ ની પ્રાપ્તી થયેલ હોવા છતાંય સખડી મહાપ્રસાદ લેવડાવીને પોતાનું કાર્ય સિદ્ધ ન કર્યુ ?... અને હવે ફરીને સમય તેને પ્રાપ્ત થશે પણ ક્યારે?... આમ શ્રી મહાપ્રભુજી અપ્રસન્ન થયા છે તેવું જોઈને દામોદરદાસ હરસાનીએ તો કંઈ પણ ઉત્તર નહિ આપતા ચુપ જ રહ્યા.

હવે ત્રણ લોકના અંતર્યામિ શ્રી મહાપ્રભુજી છે અને શ્રી મહાપ્રભુજીના અંતર્યામિ આપના કૃપાપાત્રો છે. એટલે આ નિયમ પૂર્ણ કૃપાપાત્ર જેવા દામોદરદાસ સંભવાલા કનોજમાં પોતાને ઘેર બેઠા જાણી ગયા કે શ્રી મહાપ્રભુજી મારા ઉપર અપ્રસન્ન થયા છે કે જેના કારણે દામોદરદાસ સંભલવાલા એ તરત,જ અડેલ જવાનો વિચાર કરીને પોતાની પત્નિને કહ્યું કે શ્રી મહાપ્રભુજી ના દર્શન કરાવા માટે હું અડેલ જાઉં છું. તેથી શ્રી ઠાકોરજીની સેવા ભાવપૂર્વક કરજો અને વિશેષ કંઈ નહિ કહેતા માત્ર આટલું જ કહીને દામોદરદાસ સંભલવાલા બે માણસો સહિત કનોજ રવાના થયા અને પછી સમજો કે થોડાક દિંવસમાં અડેલ આવી પહોચતા શ્રી મહાપ્રભુજી ભોજન કરી બીડા આરોગી રહ્યા હતા . આમ આવા સમયે દામોદરદાસ સંભલવાલાએ આવીને દર્શન કર્યા અને સાથે સાથે લાવેલ શ્રીફળ મહોરો વિ. ભેટને સન્મુખ ધરીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને બે હાથ જોડીને કેમ જાણે ધ્રુજતા હોય તેમ સામે ઉભા રહ્યા પરંતુ શ્રી મહાપ્રભુજીએ પોતાના મનથી રચેલા એક નાટકના આધારે સામી દ્રષ્ટિ પણ કરી નહિ.

આમ દામોદરદાસ સંભલાવાલએ થોડીક વાર તો ઉભા રહીને જોયા જ કર્યુ પરંતુ શ્રી મહાપ્રભુજી એ સામે દ્રષ્ટિ કરી જ નહિ જેથી શ્રી મહાપ્રભુજી મારા ઉપર ખરેખર અપ્રસન્ન થયા જ છે એવી પોતાની ખાત્રી થતા તે સ્હેજ ધ્રુજી રહ્યા હતા તેનાથી પણ વિશેષ ધ્રુજવા લાગ્યા. ચિત્ત અતિ વ્યાકુળ થઈ ગયુ. ગદ્ગદ્ થવા લાગ્યું. અને આંખોમાંથી તો આંસુઓની ધારાઓ જ વહેવા લાગી . આખરે સમજો કે આવી હાલતે બળતા હૃદયથી દુઃખ કરતા બે હાથ જોડીને વિનંતી પૂર્વક કહેવા લાગ્યા ..... કે પ્રભુ... મારો એવો કયો મહાન અપરાધ થયો છે કે જે અપરાધના કારણે કૃપાસાગર આપ આવી રીતે મારા ઉપર અપ્રસન્ન થતા સામે દ્રષ્ટિ પણ કરતા નથી ?.... વળી પ્રભુ ... જીવ તો અનેક દોષોથી ભરેલો છે કે જેથી અનેક અપરાધ કરતો આવ્યો છે. અને વળી હજી કરતો પણ આવે છે. પંરતુ પ્રભુ... કૃપા કરીને આપ જો સમજાશો તો જવ પોતાના દોષોને સમજી શકશે, બાકી..... આમ આપશ્રી અપ્રસન્ન થશો તો જીવ જશે ક્યાં?...... માટે પ્રભુ.... કૃપા કરો અને હજી... વિશેષ બોલવા જતા હતા પરંતુ હૃદય ભરાઈ આવતા વિશેષ કંઈ પણ બોલી શક્યા નહિ. અને એટલે કે આખરે રડવા લાગ્યા. દામોદરદાસ સંભલવાલએ આવી દીનતાપૂર્વકની કરેલી વિનંતીને સાંભળતા જાણે અતિ ગુસ્સે થયા હોય એમ કૃપાનિધિ શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે મારા અંતરંગ દમલાને સખડી મહાપ્રસાદ શા માટે લેવડાવ્યો નહિ?..... જવાબમાં બે હાથ જોડીને અને તે પણ રડતા રડતા દામોદરદાસ સંભલવાલાએ વિનંતી થી કહ્યું કે રાજ... પ્રભુ... તેમાં મારો કોઈ દોષ નથી..., કૃપા કરીને આપ એમને જ પૂછો કે તેમણે સખડી મહાપ્રસાદ શામાટે ન લીધો?..... દામોદરદાસ સંભલવાલાની આવી વાત સાંભળીને શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનીને પૂછ્યું કે જેથી દામોદરદાસ હરસાનીએ પોતાના હૃદયમાં જે ભાવ હતો તે સંપૂર્ણરીતે કહી સંભળાવ્યો. આમ દામોદરદાસ હરસાનીના આવા ભાવથી શ્રી મહાપ્રભુજી બધુંય સમજી ગયા હોય તેવું બતાવીને રચેલ નાટકનો અંત લાવલા અર્થે " હવે મારા મનનું સમાધાન થયું " એવું કહીને શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસ સંભવાલા તરફ દ્રષ્ટિ કરીને દામોદરદાસ સંભલવાલાના મસ્તક ઉપર શ્રી હસ્ત ધરીને દામોદરદાસ સંભવાલાને બેસવાની આજ્ઞા કરી. આમ શ્રી મહાપ્રભુજીએ કરેલી આજ્ઞાથી દામોદરદાસ સંભલવાલા ચરણસ્પર્શ કરીને બેઠા. બાદ અધરામૃત આપીને દામોદરદાસ સંભલવાલાના હૃદયને શાંત કર્યુ. અને પછી.. સમજો કે કૃપાનિધી શ્રી મહાપ્રભુજીએ કરેલી કૃપાના આધારે દામોદરદાસ સંભલવાલાના હર્ષનો પાર ન રહ્યો.

હવે આવું નાટક રચવા પાછળ શ્રી મહાપ્રભુજીનો ભાવ એવો હતો કે દામોદરદાસ હરસાની અડેલ આવીને કનોજના બધાય સમાચારો કહ્યા હતા ત્યારથી શ્રી મહાપ્રભુજી દામોદરદાસ સંભલવાલા ઉપર હૃદયથી તો અતિ પ્રસન્ન જ હતા પરંતુ દામોદરદાસ સંભલવાલાને કેવલ અડેલ બોલાવવા માટે જ માત્ર ઉપરથી આવું નાટક રચેલું હતું છતાંય શ્રી મહાપ્રભુજીએ રચેલા આવા નાટકને સત્ય માનીને દામોદરદાસ સંભલવાલા તો તુરત અડેલ આવી ગયા. એટલે શ્રી મહાપ્રભુજીના હૃદયની વાત જાણનાર આવા ભક્ત પર શ્રી મહાપ્રભુજીને વળી આમ અપ્રસન્નતા જેવું હોય ખરૂ?...... ન હોય... એટલે પછી દામોદરદાસ સંભલવાલા આવી ગયા હોવાથી શ્રી મહાપ્રભુજીએ રચેલા નાટકનો " હાસ્ય દ્વારા" અંત લાવ્યા.... બાદ પૂર્ણ કૃપા કરીને કૃપાસાગપરં શ્રી મહાપ્રભુજીએ દામોદરદાસ સંભલવાલને જુઠાણુ મહાપ્રસાદ લેવડાવ્યો અને પછી શ્રી મહાપ્રભુજીએ શ્રી અંગની સેવા આપીને દામોદરદાસ સંભલવાલનો જે રીતનો અંગીકાર વિચાર્યો હતો તો રીતેનો અંગીકાર કરીને ફલદાન (એટલે કે ફલ પ્રાપ્તિ માટે જે દાન કરવાનું હોય છે તે દાન) કર્યું. અને પછી સમજો કે દામોદરદાસ સંભલવાલાને પૂર્ણ ફલ નિરોધની સિદ્ધિ થઈ ગઈ. એટલે કે " જે રીતેની તૈયારી જોઈએ તે રીતેની સંપૂર્ણ તૈયારી થઈ ગઈ"....

આવા આ દામોદરદાસ સંભલવાનો અંગીકાર અલૌકિક રીતે હતો એટલે કે પ્રથમ આકૃતિવાળુ ત્રાંબાપત્ર અપાવ્યું. પછી ત્રાંબાપત્ર દ્વારા તાપક્લેશ થયો. પછી તુરત શ્રી મહાપ્રભુજી કનોજ પધાર્યા. પછી શ્રી ઠાકોરજીએ મહારાસના સમયે વેણુનાદ કરીને ગોપીજનોને બોલાવ્યા. અને પછી આવેલ ગોપીજનોના હૃદયબલની પરિક્ષા કરવા અર્થે જેમ પાછા જવાની આજ્ઞા કરી હતા તેમ દામોદરદાસ સંભલવાલાના હૃદયબળની પરિક્ષા કરવા અર્થે કોઈને કોઈને કહેશો નહિ એવું સુચન કરીને કૃષ્ણદાસ મેઘનંને કનોજ ગામમાં સામગ્રી લેવા મોકલ્યા. પછી રસ્તામાં મિલાપ થઈ જતા દામોદરદાસ સંભલવાલાનું હૃદય દ્રઢ થયું. પછી હૃદય દ્રઢ થતા કૃષ્ણદાસ મેઘનની પાછળ પાછળ ચાલ્યા આવીને શ્રી મહાપ્રભુજીની સન્મુખ થયા. પથી દર્શન આપીને શરણે લીધા. આમ શરણે લીધા પછી વાર્તામાં બતાવ્યા મુજબ દાન કરીને આખરે અડેલ બોલાવ્યા, અડેલ આવતા જુઠાણ મહાપ્રસાદ લેવડાવ્યો અને પછી શ્રી મહાપ્રભુજીએ શ્રીઅંગની સેવા આપી કે જે સેવાથી દામોદરદાસ સંભલવાલા પુર્ણ ફલનિરોધીની સિદ્ધિ થઈ. એટલે દામોદરદાસ સંભલવાલનો આ રીતીથી અંગીકાર થયો, આવી રીતે અનુગ્રહ કરીને જીવનો સીધો અંગીકાર જ કર્યો ત્યાં વળી સામાન્ય જીવ પર કૃપા કરીને શ્રી મહાપ્રભુજીએ તેનો ઉદ્ધાર કરે તેમાં નવાઈ જેવું શું હોય ?... બાદ ફલ પ્રાપ્તિના અનુભવ માટે હજી સમય આવેલો નહિ હોવાથી દામોદરદાસ સંભલવાલાને થોડાક દિવસ અડેલમાં રાખીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમે ઘેર જાવ અને શ્રી ઠાકોરજીની સેવા કરો... હવે અહીનુ સુખ છોડીને કનોજ જવાની દામોદરદાસ સંભલવાલા એ નારાજી બતાવતા શ્રી મહાપ્રભુજીએ ફરીને આજ્ઞા કરી કે તમે ખુશીથી ઘેર જાવ કે જ્યાં " સમય આવ્યે તમને ફલની પ્રાપ્તિ જરૂર થશે." શ્રી મહાપ્રભુજીની આવી આજ્ઞા ના આધારે સમયની રાહ જોવાની જ રહી... એટલે ન છુટકે દામોદરદાસ સંભલવાલાએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કેમ જાણે અહીં છેલ્લા જ દર્શન કરતા હોય તેમ શ્રી મહાપ્રભુજીના મુખારવિંદના એક જ દ્રષ્ટિએ દર્શન કરતા કરતા પોતાના માણસોને સાથે લઈને ઘેર જવા માટે અડેલથી વિદાય થયા.

હવે જેમના જીવનનો અંતિમ સમય આવી પહોચ્યો છે જેઓના જીવનના હવે ગણતરીને જ દિવસો બાકી રહ્યા છે એવા દામોદરદાસ સંભલવાલા અડેલથી વિદાય થયા પછી રસ્તામાં પોતાના શરીરની હાલત બગડી જવાથી સાથે રહેલા માણસો મુશીબતોને સહન કરતા કરતા જેમ તેમ કરીને સૌ કનોજ આવ્યા. પછી દામોદરદાસ સંભલવાલા પોતાના ઘરમાં આવતા પોતે પૂછ્યું કે શું સમય છે... જવાબમાં શ્રી ઠાકોરજીની સેવા કરી રહેલ પોતાના પત્નિએ કહ્યું કે શ્રી ઠાકોરજીને ત્યાં રાજભોગનો સમય છે. આવું સાંભળતાની સાથે જ અપરસ કરીને દામોદરદાસ સંભલવાલા શ્રી ઠાકોરજીના નિજ મંદિરમાં ગયા... અને... અને... એટલે એ જ કે જે ફલદાન કરવામાં આવેલ હતુ તે ફલ દાન પ્રાપ્તિનો સાક્ષાત્ અનુભવ થયો એટલે કે મંદિરમાં પ્રવેશ કરીને મંદિરમાં દ્રષ્ટિ કરે છે તો મંદિરમાં અલૌકિક નિકુંજ છે કે જે નિકુંજમાં શ્રી દ્વારકાનાથજી (પોતાના ઠાકોરજી) અલૌકિક રસરૂપ કોટિ વ્રજભક્તોના યુથમાં લીલા કરી રહ્યા છે એવા અલૌકિક દર્શન થયા. અરે... કેવલ દામોદરદાસ સંભલવાલા એકલાને જ આવા દર્શન થયા તેવું નથી પરંતુ દામોદરદાસ સંભલવાલાની આડીથી તેમના પત્નિને પણ આવા અલૌકિક દર્શન થયા. અને પછી આવા અલૌકિક લીલાના સાક્ષાત્ દર્શન કરતા કરતા દામોદરદાસ સંભલવાલાની દેહ અહીં મંદિરમાં જ છૂટી જતા અલૌકિક દેહ ધારીને પોતાને જે લીલાના દર્શન થઈ રહ્યા હતા તેજ લીલામાં પહોચ્યાં આમ બની ગયૅલા આવા બનાવના આધારે આંખમાં આસુ પણ લાવ્યા સિવાય કેવળ હિંમત રાખીને જ પોતાના પત્નિ દામોદરદાસ સંભલવાલાના લૌકિક મૃતદેહને નિજ મંદિરમાંથી બહાર લાવ્યા અને કોઈને ખબર પડે નહિ તેમ આ મૃતદેહને ઢાંકી નાખ્યો.

હવે સંસારમાં બની રહેલા આવા બનાવથી એવો ક્યો જીવ હશે કે જેને દુખ થતુ નહિ હોય?... એવો ક્યો જીવ હશે કે જેઓની આંખોમાંથી આંસુઓ આવ્યા નહિ હોય?.... એવો કયો જીવ હશે કે જેને ખાવાપીવા પ્રત્યે અભાવ આવ્યો નહિ હોય?... વળી એવો કયો જીવ હસે કે જેણે રડાકૂટ પણ નહિ કરી હોય?.... એટલે સંસારની માયાજાળ જ એવી છે કે જેથી આબધુંય થાય તે સ્વાભાવિક જ છે. પરંતુ દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નિએ આ બની ગયેલા દુઃખદ્ બનાવ પાછળ કેવળ ભગવદ્ ઈચ્છા જ માની અને પોતાના હૃદયને કઠણ કરી રાખીને સંસારી અન્ય જીવોના જેવું કંઈ નહિ કરતા પોતે પોતાના પ્રાણ જ છોડી દેવાનો વિચાર કર્યો પરંતુ તે વિચારને પોતાના હૃદયમાં ગુપ્ત રીતે રાખીને

પ્રથમ જે કાર્ય કરવાનું હતુ કે કાર્યનો વિચાર કર્યો કે એમની દેહ છૂટી ગયાની વાત જો હમણા હું પ્રગટ કરીશ તો સૌ કોઈ આવી પહોચ્શે કે જેની સાથે સાથે પુત્ર કે જે મ્લેચ્છ છે તે પણ તરતજ આવશે કે જેના કારણે મારે જે કાર્ય કરવાનું છે તે થવું મુશ્કેલ બનશે. વળી ઘરમાં જે કંઈ છે કે બધુંય શ્રી ઠાકોરજીનું છે, પરંતુ મ્લેચ્છ પુત્ર આવશે તો તે બધુંય લઈ જશે વળી અલૌકિક વસ્તુનો લૌકિકમાં ઉપયોગ થાય તે પણ યોગ્ય નહિ એટલે આમ આ બધાય વિચાર કરીને જાણે ઘરમાં કંઈ બન્યુ નથી તેમ દામોદરદાસ સંભલવાલાના દેહને ઘરમાં એક સ્થળે ઢાંકી રાખીને સંતાડી દીધો.

બાદ સૌથી પહેલા તો આ ઘરમાં જે કંઈ છે તે સહિત પ્રભુને શ્રી મહાપ્રભુજીને ત્યાં પધરાવી દઉં અને પછી કુટુંબમાં કે જ્ઞાતિમાં ખબર આપું આમ આવો વિચાર કરીને જેમના ભાવને ધન્ય છે એવા દામોદરદાસ સંભલવાલા ના ધર્મ પત્નિએ અમુક વૈષ્ણવો ને બોલાવ્યા કે જેમાં ના એક વૈષ્ણવને અડેલ જવા માટે નાવ ભાડે કરી લાવાવનું કહેતા વૈષ્ણવ નાવનું નક્કી કરવા માટે ગયા. પછી પાછળથી ઝાંપીજી પોતે તૈયારી નહિ કરતા કૃષ્ણવેશની નામવાલી દાસીને બોલાવીને તે દાસી દ્વારા ઝાંપી જીની સમજાવટ કરાવી અને પછી હૃદયને અતિ કઠણ રાખેલ હોવા છતાંય આંખોમાંથી નીકળી પડેલા આંસુઓને પોતાના પ્રભુને (શ્રી દ્રારાકાનાથજી) ઝાંપીજીમાં પધરાવાનું કહીને ઝાંપીજી તૈયાર કરાવ્યા. પછી આંખોમાંથી વહી રહેલા આંસુઓને લૂછીને બીજી તૈયારીઓ કરવા લાગ્યા. આવામાં નાવ ભાડે કરવા ગયેલ વૈષ્ણવ નાવ ભાડે કરીને આવી જતા દામોદરદાસસંભલવાલાના ધર્મપત્નિએ ઝાંપીજીમાં બિરાજતા પોતાના પ્રભુને દંડવત્ પ્રણામ કરીને તેજ દાસી સહિત ઝાંપીજી નાવમાં પધરાવવાનું કહેતા ઝાંપીજી નાવમાં પધરાવ્યા. બાદ જલથી ભરેલો માત્ર એક માટીનો કરવો (વાસણ) ઘરમાં રાખીને બાકીનું ઘરમાં જે કંઈ હતુ તે બધુંય નાવમાં પધરાવીને વૈષ્ણવોને કહ્યું કે આ નાવ અડેલ જઈને નાવમાં પધરાવેલ બધુંય શ્રી મહાપ્રભુજીને ત્યાં પહોંચતુ કરજો. આમ દામોદરદાસ સંભલવાના ધર્મપત્નિના કહેવા મુજબ વૈષ્ણવે નાવ ચાલતી કરાવતા દામોદરદાસ સંભળવાલાના ધર્મપત્નિ પોતાના પ્રભુને છેલ્લા દંડવત્ પ્રણામ કરીને ઘેર આવ્યા અને....

આ પ્રમાણે પોતાની હયાતીમાં જ શ્રી ઠાકોરજીને, કૃષ્ણવેશમાં દાસીને તેમજ ઘરમાં રહેલી દરેક વસ્તુઓ શ્રી મહાપ્રભુજીને ત્યાં પહોંચતી કરવાનું કાર્ય સંપૂર્ણ કર્યા બાદ ઘેર આવીને થોડાક કલાકો પસાર થયા પછી હવે નાવ લગભગ ચાલીસેક કોસ (ગાઉ) દૂર જતી રહી હશે એવું અનુમાન કરીને દામોદરદાસ સંભલવાલાનો મૃતદેહ જે ઢાંકીને રાખેલો હતો તે ખુલ્લો કરીને દામોદરદાસસ સંભલવાનાની દેહ છૂટી ગઈ છે તેવા સમાચાર પોતાના કુટુંબમાં તેમજ જ્ઞાતિમાં કહેવડાવ્યા કે જે સમાચાર સાંભળતાની સાથે જ દામોદરદાસ સંભલવાલાના સસરા વિ. કુટુંબિજનો તેમજ જ્ઞાતિવાળા એમ સૌ કોઈ આવ્યા અને દામોદરદાસ સંભવવાલા ના મૃતદેહ ને જોઈને લૌકિક દેહના સંબંધ તરીકે જે પ્રકારે દુઃખ થાય છે તે જ પ્રકારનું દુઃખ સૌને થવા લાગ્યું પરંતુ તેમાં પ્રભુ ઈચ્છા માનીને આખરે દામોદરદાસ લૌકિક મૃતદેહ ક્રિયા કરવા માટે તૈયારી કરતા બે ચાર માણસોએ નનામીનો સામાન લાવવાનું કહીને માટીના કરવામાં રાખેલ જલથી ભૂમિ પર પોતનું કરીને દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નિએ જાણે ભગવદ્ સ્મરપણ કરતા હોય તેમ બે હાથ જોડીને નમન કર્યુ અને.... પછી તો અત્યાર સુધી પોતાના હૃદયમાં જે દુઃખ થયુ હતુ તે ખરેખર આ સમયે પ્રગટ થઈ જતા આંખોમાંથી આંસુઓની ધારાઓ જ વહેવા લાગી.. .. પછી સમજો કે નનામીને ઉપાડતા પ્રભુનું સ્મરણ કરતા કરતા સૌ સ્મશાન ભૂમિ પર ગયા કે જ્યાં દામોદરદાસ સંભલવાલાના લૌકિક મૃતદેહ ને અગ્નિ સંસ્કાર કરીને સૌ પાછા ઘેર આવ્યા. ઘરમાં બેસી રહીને અરસપરસ સૌ પોતપોતનું દુઃખ વ્યક્ત કરવા લાગ્યા. આવામાં એક વારસદાર તરીકે કહેવાતો પોતાનો પુત્ર કે જે મ્લેચ્છ હતો તે આવ્યો. ઘરમાં આવીને ચોતરફ દ્રષ્ટિ કરે છે તો જલના કરવા સિવાય ઘરમાં પોતાને કંઈ નહિ દેખાતા પોતે પૂછપરછ કરી. જે પૂછપરછ દ્વારા પોતાને એવું જણાયું કે ઘરમાં કંઈ હતુ તે બધુય નાવ દ્વારા અડેલ મોકલી આપવામાં આવ્યું છે. આવા પ્રકારે રચાયેલી ચાલબાજીના આધારે અતિ ગુસ્સે થતા નાવને રોકવા માટે પોતે તરતજ નાવવાળા સ્થળે ગયો પરંતુ... નાવનો પત્તો નહિ લાગતા આખરે રખડીને પાછો ઘેર આવ્યો અને પોક મૂકીને માથા કૂટવા લાગ્યો. આમ લૌકિક થઈને અલૌકિક વસ્તુની આશા રાખે તો પણ તે અલૌકિક વસ્તુ પ્રાપ્ત થઈ શકતી નથી. અને પરિણામે માથા કૂટવા જેવું જ થાય કે બીજું કંઈ?... આખરે ઘરના બે ત્રણ જણાઓ સિવાય બાકીના એક પછી એક એમ સૌ કોઈ પોતપોતાના ઘેર ગયા.

બીજી દિવસે હવે જેઓના જીવનના ગણતરીના જ કલાકો બાકી રહ્યા છે એવા દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નિ અન્ન-જલ છોડી દઈને જે સ્થળે દામોદરદાસ સંભલવાલાનો મૃતદેહ ઢાંકી રાખેલો હતો તે સ્થળે સામે કેવલ વિરહ દશામાં બેસી રહેલા છે તેમજ ગઈ કાલથી પોતાની પાસે રહેલ પોતાની માતા પણ દિકરીની દશાના વિચારો કરતા કરતા દિકરીની પાસે બેસી રહેલા છે. આવામાં પોતાના પિતા આવ્યા અને બાજુમાં બેસી જઈને લૌકિક દ્રષ્ટિએ વિધવા બનેલી પોતાની દિકરીને આશ્વાસન આપતા આપતા પોતે ચિંતા કરવા લાગ્યા કે હવે દિકરીનો નિર્વાહ કેમ થશે?.... આવી થતી ચિંતાને આધારે પોતે પોતાની દિકરીને પૂછ્યું કે દિકરી ઘરમાં જે કંઈ હતુ તે બધુય તેં અડેલ મોકલી આપ્યું તે તો ઠીક પરંતુ હવે તુ ખાઈસ પીશ સું?... તું તારો નિર્વાહ કેમ કરીશ?.... પિતાના આવા અલૌકિક પ્રશ્નના આધારે પોતે (દિકરીએ) જે નિર્ણય કરેલા છે તે નિર્ણય યાદ કર્યો કે શ્રી ઠાકોરજી પધાર્યા એટલે કે સેવા છુટી. વળી મારા જીવનસાથી તરીકે મારી સાથે જે અલૌકિક વસ્તુ હતી તે પણ ગઈ એટલે કે સત્સંગ પણ ગયો કે જેથી હું સેવા અને સત્સંગ વિનાની કેવળ એક લૌકિક જેવી જ થયેલી હોવાથી મારે હવે જીવીને કરવું છે શું?... આમ પોતાની આવી ભાવનાએ પ્રાણ છોડવાનો પોતે જે નિર્ણય કરેલો છે તેગુપ્ત રાખીને કંઈક કહેવું જોઈએ એવું વિચારીને દિકરીએ લૌકિક રીતીને સમજાવતા કહ્યુ કે પિતાજી આપણે ક્ષત્રિય જ્ઞાતિમાં રીવાજ છે કે દિકરીને આવા સમયે પોતાના અંગત સગાઓ જે ખર્ચી આપે તેનાથી જ દિકરીનો નિર્વાહ ચાલે છે. એટલે આપણી જ્ઞાતિમાં આ રિતીરિવાજ અનુસાર તમે મને જે આપશો તેનાથી મારો નિર્વાહ કરીશ. બાકી બીજું હું શું કરી શકવાની હતી ?... આમ આવી લૌકિક અનેક પ્રકારની ચર્ચામાં ને ચર્ચામાં જેમને ખાવાપીવાનું પણ છોડી દીધેલ છે. એવા દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નિ ના ત્રણ દિવસ વિતી ગયા. અને આખરે અન્ન જલ લીધા સિવાય શ્રી ઠાકોરજી નો વિરહ કરી કરીને દામોદરદાસ સંભલવાલાની પાછળ તેમના ધર્મપત્નિએ પણ પોતાની લૌકિક દેહ છોડી દીધી. બાદ દિકરીના મૃત દેહને પણ અગ્નસંસ્કાર કરીને લૌકિક રીતી પ્રમાણે બન્નેનું જે કરવા જેવું હતું તે બધુંય કર્યુ એટલે કે દામોદરદાસ સંભલવાલાનો તથા તેમના ધર્મપત્નિનો એમ બન્નેનો આમ લીલામાં પ્રવેશ થતા બન્નેનું ક્રિયા-કર્મ પણ સાથે જ કર્યું.

જ્યારે બીજી તરફ દામોદરદાસ સંભલવાલાના ધર્મપત્નિએ પોતાની હૈયાતીમાં જ કનોજથી રવાના કરેલ નાવ સહિસલામત રીતે અડેલ આવી પહોંચતા શ્રી મહાપ્રભુજી જ્યાં બિરાજમાન હતા ત્યાં આવીને એક વૈષ્ણવે વિનંતીથી કહ્યું કે રાજ, કનોજથી શ્રી દ્રારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે. આમ વૈષ્ણવે આવીને જ્યારે શ્રી મહાપ્રભુજીને આ સમાચાર કહ્યા ત્યારે તે સમયે બાજુમાં જ મોટા પુત્ર શ્રી ગોપીનાથજી ઉભેલા હતા કે જેથી આ સમાચાર સાંભળીને જાણે પોતે મનથી અતિ પ્રસન્ન થયા હોય તેમ શ્રી ગોપીનાથજીએ કહ્યું કે નારાયણ તો લક્ષ્મીજી સહિત પધાર્યા છે. મોટા પુત્રની આવી ભાવનાવાળા શબ્દો સાંભળીને શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે શ્રી ઠાકોરજીનો વૈભવ જોઈને શું તારૂ મન પ્રસન્ન થયું છે. જવાબમાં શ્રી ગોપીનાથજીએ કહ્યું કે આપશ્રીના અમે કહેવાયા પછી શ્રી ઠાકોરજીની વસ્તુનો મોહ કરીએ તેમાં શું. વળી તેવો ભાવ હોય તો શું નિમૂર્ળ નાશ થઈ જવાનો છે.? જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા એટલું જ કહ્યું કે હા... અમારો માર્ગ તો એવો જ છે. એટલે સમજી લેજે કે નિમૂર્ળ નાશ જ થવાનો. આમ આવી આજ્ઞા કરીને શ્રી મહાપ્રભુજીએ આ માર્ગને એક સિદ્ધાંત બતાવ્યો કે આ માર્ગમાં સેવાતા શ્રી ઠાકોરજીના વૈભવને કે જે દ્રવ્યોનો જો સ્હેજ પણ મોહ કે લાલચ થાય છે તો તે પોતાને અહિતકર્તા હોવાથી પોતાનો જ નિમૂર્ળ નાશ છે અને પછી... ખરેખર બન્યુ પણ એવું જ કે શ્રી ગોપીનાથજીને ત્યાં એક પુત્ર થઈને તેમનો વંશ આગળ ચાલ્યો જ નહિ. આમ આ પ્રસંગના સુચન ઉપરથી એ સ્પષ્ટ સમજાય છે કે આ માર્ગ માં આવેલા સૌ કોઈએ નોંધ કરી રાખવાની જરૂર છે કે શ્રી ઠાકોરજીના વૈભવનો કે દ્રવ્યનો મોહ કરીને પોતાને ત્યાં રાખેલા વૈભવનો કે દ્રવ્યોનો પોતાના મોજશોખમાં કે પછી પોતાના લૌકિક કાર્યોમાં ઉપયોગ કરવાથી પોતાનું જ અહિત થશે માટે આવી ભાવનાવાળાઓએ ખાસ, ખાસ અને ખાસ સાવધાન રહેવાની જરૂર છે. નહિતર ત્રણના તેર, કે છપ્પનના મેળમાં પણ નહિ રહો.

ત્યારબાદ શ્રી ગોપીનાથજીની આવી ભાવના આધારે શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે કેવળ શ્રી દ્વારકાનાથજીને અમારે ઘેર પધરાવી લાવીને નાવમાં રહેલ, દ્રવ્ય સામગ્રિ વિ. વિ. બધુંય શ્રી યમુનાજીમાં પધરાવી દો. શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર વૈષ્ણવો તો શ્રી ઠાકોરજીને શ્રી મહાપ્રભુજીના ઘેરપધરાવી લાવ્યા. અને પછી શ્રી ઠાકોરજી સાથે સામગ્રીરૂપે જે એક કૃષ્ણવેશની નામની દાસી પણ નાવમાં આવેલી હતી કે જે સામગ્રીરૂપ હોવાથી તે પોતાના દેહ સહિત શ્રી યમુનાજીમાં પડીને શ્રી યમુનાજી પાસે ચાલી ગઈ. પછી વૈષ્ણવોએ નાવમાં રહેલ વૈભવ તથા દ્રવ્ય સહિત બધીય સામગ્રી શ્રી યમુનાજીમાં પધરાવી દીધી. પરિણામે કેવળ શ્રી દ્રારકાનાથજી એકલા જ શ્રી મહાપ્રભુજીને ઘેર પધાર્યા (આ શ્રી દ્રારકાનાથજી હાલ કાંકરોલીમાં બિરાજે છે) આમ વૈભવ સહિત દરેક વસ્તુઓ શ્રી યમુનાજીમાં પધરાવી દેતા કોઈ કોઈ વૈષ્ણવોને શંકા થઈ કે જે શંકાના આધારે તેમનાં એક વૈષ્ણવે શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા પૂછ્યું કે રાજ, આ બધીય વસ્તુઓ તો વૈષ્ણવ તરફથી જ આવેલી હતી છતાંય તે બધીય વસ્તુઓનો આપશ્રીએ અંગીકાર નહિ કરતા શ્રી યમુનાજીમાં

પધરાવવાનું કારણ શું ?... વૈષ્ણવોની શંકા ના સમાધાન તરીકે શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતાં કહ્યું કે વૈષ્ણવોની વસ્તુઓ અંગીકાર કરી શકાય પરંતુ દામોદરદાસ સંભલવાલાનો જો એક પુત્ર છે તે મ્લેચ્છ આસુરી બુદ્ધિવાળો છે. એટલે આ બધીય વસ્તુઓ નો અંગીકાર કરીને આપણે ત્યાં રાખી છે તેવું જાણવામાં આવે તો તે અહીંયા આવે અને ઝઘડો કરે. વળી આવી આ દ્રવ્યાદિક વસ્તુઓ તો દુ:ખનું જ મૂળ છે જેથી આવેલી આવી બધી વસ્તુઓ શ્રી યમુનાજીમાં પધરાવી દીધી. આવામાં કોઈ એક વૈષ્ણવે આવીને શ્રી મહાપ્રભુજી ને કહ્યું કે દામોદદાસ સંભલવાલા ના ધર્મ પત્નિએ પણ પોતાની લૌકિક દેહ છોડી દીધી આમ, આવા સમાચાર સાંભળીને શ્રી મહાપ્રભુજીએ બન્નેની બહુ જ પ્રશંસા કરીને આજ્ઞા કરતા કહ્યું કે સ્ત્રી-પુરુષ બન્ને ભગવદીય હતા. આમ તેઓનો આ પ્રસંગ " મહાફલરૂપ " જાણવો.

આમ સેવાનું સ્વરૂપ બતાવનારા દામોદરદાસ સંભલવાલાની વાર્તા સંપૂર્ણ.

૬ : પદમનાભદાસજી

ગત્ વાર્તાવાલા દામોદરદાસ સંભલવાલા ની વતની ભૂમિ તરીકે કનોજ શહેરમાં જ કનોજીઆ બ્રાહ્મણ તરીકેની જ્ઞાતિવાળું એક કુંટુંબ રહેતું હતુ કે જે કુંટુંબમાં આ પદ્મનાભદાસજીનો જન્મ થયો હતો. આમ આ કનોજ શહેરમાં વસી રહેલા પદ્મનાભદાસજીના પિતાજીના વડિલો વંશ પરંપરાથી શ્રીમદ્ ભાગવતની કથા કરતા અને ગામમાં સૌને સંભળાવતા હતા. વળી આ કુંટુંબમના મૂળ પુરુષે જ્યારથી આ કનોજમાં આવી વાસ કર્યો ત્યારથી આ કનોજમાં બાહ્મણના કુંટુંબના કહેવાતા આ ઘરમાં વંશપરંપરાથી શ્રી વ્યાસની ગાદી ચાલતી આવી છે. વળી આ ઘર શહેરમાં મુખ્ય અને પૂજ્ય ગણાતું આવેલ હોવાથી પોતાની જ્ઞાતિમાં, શહેરમાં તેમજ, આસપાસના ગામડાઓમાં આ ઘરની પ્રતિષ્ઠા પણ સારી હતી.... હવે પદ્મનાભદાસજીના પિતાને શ્રીમદ્ ભાગવત બહુજ ઈષ્ટ હોવાથી તોમણે પોતાના ઘરમાં એક અલગ મંદીર બનાવેલુ હતુ કે જે મંદીરમાં પધરાવી રાખેલા સિંહાસન ઉપર શ્રીમદ્ ભાગવતની પોથી પધરાવી રાખતા હતા, વળી સેવા સમયે ફૂલની માળા ધરતા હતા. ભોગ ધરતા હતા. અને આરતી ઉતારતા હતા. એટલે આવી રીતે તેઓ હંમેશા શ્રીમદ્ ભાગવતની સેવા કરતા હતા. પોતે શ્રીમદ્ ભાગવતની કથા વાંચવાના કાર્યને એક વ્યાવૃતિનું (કમાણીનું) સાધન બનાવી રાખેલ હોવાથી તે કથા દ્વારા દ્રવ્યની જે પ્રાપ્તિ થતી હતી તેનાથી નિર્વાહ કરતા હતા જેથી તેઓ દરેક રીતે સુખી હતા. આમ સમય પસાર થતા તેઓ સર્વ વાતે સુખી તો થતા જતા હતા પરંતુ તેમને ત્યાં કંઈ સંતાન નહિ હોવાથી પોતેને બહુજ દુ:ખ થયા કરતું હતુ.

આમ સંતાન પ્રત્યેની ચિંતા કરતાં કરતાં એક દિવસ પોતાને નૈમિષારણ્યની જાત્રાએ જવાનો વિચાર આવ્યો કે જેનાથી તેઓ તૈયારી ઉત્તર પ્રદેશમાંજ આવેલા સીતપુરની બાજુમાં નૈમિષારણ્ય નામના તીર્થધામા ગયા. બાદ રાત્રે સૂતા હતા ત્યારે રાત્રિના પાછલા સમયે સ્વપ્ન દ્વારા પોતાને ભગવદ્ આજ્ઞા થઈ કે જરાય અન્ન લીધા સિવાય દુધ લઈને જ તમે આ પવિત્ર તીર્થધામમાં શ્રીમદ્ ભાગવત્ની સપ્તાહ કરો અને એમ કરવાથી તમારે ત્યાં ભગવદ્ ભક્ત જેવા પુત્રની પ્રાપ્તિ થશે (હવે અનુભવ પ્રમાણે એવું સમજાય છે કે રાત્રિના પાછલા સમયમાં આવતા સ્વપ્ન ખરેખર ફલરૂપ જ નિવડે છે. પરંતુ તે અનુભવે જ સમજાય) આમ રાત્રિના પાછલા સમયમાં આવેલા સ્વપ્ન દ્વારા થયેલી ભગવદ્ આજ્ઞાને સાથેજ તેઓ જાગી ગયા અને પોતાને થયેલી આવી આજ્ઞાના આધારે પોતે મનથી અતિ આનંદ માનતા રાત્રિનો બાકી રહેલો સમય આનંદમાંને આનંદમાં પસાર કર્યો. પ્રાત:કાલનો સમય થતા સ્વપ્નમાં થયેલી ભગવદ્ આજ્ઞા નુસાર પોતે નિયમ લઈને શ્રીમદ્ ભાગવત્ સપ્તાહની શરૂઆત કરી અને પછી સમજો કે સપ્તાહને સમાપ્ત કર્યા બાદ નૈમિષારણ્ય રહેલા સૂત શૈનકાદિક વિ.ના આશ્રમોને દંડવતિ કરીને કનોજ શહેરમાં પોતાને ઘેર આવ્યા તેમજ નૈમિષારણ્યમાં બનેલી અલૌકિક ઘટનાની વાત પોતાના ધર્મપત્નિ ને સંપૂર્ણ રીતે કહી સંભળાવતા પત્નિ બહુ જ ખુશ થયા. બાદ પતિ-પત્નિ એમ બન્ને જણાઓઅતિ પ્રસન્ન થતા થાતા પોતાના ગ્રહસ્થાશ્રમમાં સુખેથી ભોગવી રહ્યા હતા.

હવે સમયની ગતિએ સમય પસાર થતા થતા તેમના ધર્મપત્નિ ને ગર્ભ રહ્યો અને પછી સમજો કે સમય આવતા એટલે કે લગભવ સં. ૧૫૩૮ ની સાલના સમય દરમ્યાનમાં પોતાને ત્યાં પુત્રનો જન્મ થયો અથવા સમજો કે આ પદ્મનાભદાસજીનો જન્મ થયો. આવા આવા સમાચાર શહેરમાં ફેલતા શર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યા. પછી સમય અનુસાર પદ્મનાભદાસજી મોટા થતા જાય છે. વળી પોતાના નાનપણથી જ પ્રભુભક્તિ જેવા ભાવો પોતાનામાં પ્રગટ થવા લાગ્યા. પછી પિતાજીએ સંસ્કૃત વિધાભ્યાસ કરાવ્યો કે જે અભ્યાસથી વેદ પુરાણ વી. શાસ્ત્રોમાં પુરેપૂરા અનુભવી થવા તેમજ સર્વરીતે પ્રવિણ પણ થયા. પરિણામે પોતાની પિતાજી કરતા પણ પોતે વિશેષ પ્રભાવશાળી બન્યા અને આખરે

પોતે એક મહાન વિદ્વાન પણ કહેવાય. પછી પોતે પુખ્તવયના થતા કનોજીઆ બ્રાહ્મણની જ્ઞાતિમાં એક સારા બ્રાહ્મણની કન્યા સાથે પદ્મનાભદાસજીના લગ્ન થયા બાદ પોતાના ઘરમાં શ્રીમદ્ ભાગવતની કથા જ્યારે રસીક ભાવથી કરતા ત્યારે ઘણાય શ્રોતાઓ કથા શ્રવણ કરવાને આવતા હતા. અરે. .. એટલુ જ નહિ પરંતુ પદ્મનાભદાસજીના આવા પ્રભાવબળની વાતો શહેરમાં ચોતરફ ફેલાવા લાગી. આમ પોતે એક મહાન વિદ્વાન જેવા હોવાને કારણે વંશપરંપરાથી પોતાના ઘરમાં ચાલતી આવતી શ્રી વ્યાસ ગાદીને પણ પોતે ખુબજ દીપાવી. પછી સમજો કે પોતાના પિતાજી શ્રી હરી શરણ થતા પોતાના પિતાજીની માફક પોતાના કુંટુંબનો પણ શ્રીમદ્ ભાગવત વાંચીને સંભળાવીને ચલાવવા લાગ્યા હતા વળી પોતાના પ્રભાવબળની વાતો આજુબાજુમાં બધેય આખરે જ્યારે રાજા સુધી પહોંચતી હતી ત્યારે રાજા પણ બહુજ પ્રસન્ન થયા હતા. બાદ પદ્મનાભદાસજી ને પોતાની વ્યાવૃતિ (ધંધો) ઘરબેઠા ચાલવા લાગી કે જેથી પોતાને ક્યાંય બહાર જવાની જરૂર ન રહી આમ પદ્મનાભદાસજી નો ગ્રહસ્થાશ્રમ સુખરૂપ ચાલવા લાગ્યો હતો.

ત્યારબાદ જ્યારે અધિક માસ આવતો ત્યારે ત્યારે પદ્મનાભદાસજી ની પોતાની વ્યાવૃતિ હોવા છતાંય એક માસ સુધી ભાગવતની કથા સૌને કંઈ પણ દાન-દક્ષિણા લીધા સિવાય સંભળાવતા હતા. આવામાં અમુક વર્ષો વિત્યા બાદ એક વર્ષે અધિક માસ આવ્યો કે જે અધિક માસમાં માત્ર દૂધનો આહાર કરીને જાહેર હિન્દુ સમાજમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણની કથા વાંચીને જ્યારે પૂર્ણ કરી ત્યારે છેલ્લા દિવસની રાત્રિએ અને તે પણ રાત્રિના પાછલા સમયે સ્વપ્નમાં શ્રી ઠાકોરજી એ દર્શન આપ્યા....

હવે લીલામાં જે શ્રી સ્વામિનીજીની અંતરંગ સખી છે. લીલામાં જેનું ચંપકલતા નામ છે તેજ આ પદ્મનાભદાસજી. એટલે શ્રી સ્વામિનીજીના અંતરંગની સખી આ પદ્મનાભાદાસજીના સ્વરૂપે અહીં પ્રગટેલા હોવાથી પાછલી રાત્રે સ્વપ્નમાં શ્રી ઠાકોરાજીએ દર્શન આપ્યા અને નિગૂઢ માર્ગ દર્શન કરતા આજ્ઞા કરી કે આવતી કાલે શ્રી મહાપ્રભુજી અડેલથી કનોજ પધારવાના છે કે જેથી તમે તેમના શરણે જજો.... વળી અમે મથુરા મંડલના એટલે કે વ્રજ મંડલના રાજા છીએ... વિ. વિ. બાબતની સુચના કરીને શ્રી ઠાકોરજીઅંતર્ધાન થતા પદ્મનાભદાસજીની આંખો ખુલ્લી થઈ ગઈ અને પછી સમજો કે પોતે અપાર આનંદ અનુભવવા લાગ્યા. આવામાં પ્રાતઃકાળ થતા પદ્મનાભદાસજીએ પોતાના દૈહિક વિ. કાર્યોમાંથી પરવારીને પોતાની સાથે સબંધ ધરાવતા બ્રહ્મણ ક્ષત્રિય સૌ કોઈને ભેગા કરીને એક સમાજ તૈયાર કર્યો. પછી સૌ એકઠા થઈને શ્રી મહાપ્રભુજીની સામે જવા માટે કનોજથી અલ્હાબાદ જવાને રસ્તે ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા એકદ કોશ (ગાઉ) ચાલ્યા હશે તેવામા સેવકો સહિત શ્રી મહાપ્રભુજીના દુરથી દશર્ન થતા પદ્મનાભદાસજી તો આતુરતા ભરેલી ગતિએ સામે જ દોડ્યા અને નજીક જઈ પહોંચતા અતિ હર્ષથી દર્શન કરીને પોતાના " રસયુક્ત " ભાવવાળા આવેશથી પ્રેમઘેલા થઈને ચરણારવિંદમાં ઢળી જ પડ્યા, શરીર ઉપરના રૂવાંડા ઉભા થઈ ગયા અને શરીરનું ભાન પણ રહ્યુ નહિ કે જેથી મહાપ્રભુજીએ (શ્રી સ્વામિનીજીએ પોતાની અંતરંગ ચંપકલતા સખીને ભાવરૂપે) પદ્મનાભદાસજીના મસ્તક ઉપર ચરણારવિંદ ધર્યા અને પછી હાથ પકડીને ઉભા કર્યા પછી તેમના મસ્તક ઉપર શ્રીહસ્ત ફેરવતા પદ્મનાભદાસજીને શુદ્ધિ આવી અને પોતાની આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યા. પછી ગદ્ગદ્ કંઠે વિનંતીતથી કહ્યું કે કૃપાળુ ... અહીં ભૂતલ પર જન્મ ધર્યાનું ફલ મને પ્રાપ્ત થતા આને મારો જન્મ સફલ થયો. ... બાદ.... પહ્નાભદાસજીએ આગળ પ્રયાણ કરીને વાજતે ગાજતે શ્રી મહાપ્રભુજીને શહેર તરફ પધરાવી જતા શહેર બહાર આવેલા બગીચામાં મુકામ કરાવીને બગીચામાં જ બિરાજમાન કર્યા. આમ " રાત્રિના પાછલા સમયે " જે સ્વપ્નું આવેલું તે ખરૂ પડતા શ્રી મહાપ્રભુજીના અલૌકિક દર્શન દ્વારા પોતાને એક પ્રકારે પ્રત્યક્ષ અનુભવરૂપેનું ફલ પણ મુલ્ય એવું માનીને પદ્મનાભદાસજી સહિત ગામનો આખો સમાજ વિખેરાઈ જતા સૌ કોઈ પોતપોતાના ઘેર ગયા.

આમ સૌ કોઈ જતા રહ્યા બાદ દામોદરદાસ સંભલવાલાની વર્તામાં દર્શાવ્યા મુજબ શ્રી મહાપ્રભુજી એ કૃષ્ણદાસ મેઘન ને આ કનોજ શહેરમાં સામગ્રી લેવા મોકલેલા, પછી દામોદરદસા સંભલવાલાનો કૃષ્ણદાસ મેઘનની સાથે મિલાપ થયેલો, પછી દામોદરદાસ સંભલવાલા તેમજ તેમના ધર્મપત્નિ અને દાસી સહિત સૌ શરણે આવેલા, પછી દામોદરદાસ સંભલવાલા ની વિનંતી થી શ્રી મહાપ્રભુજીએ આ બગીચામાંથી મુકામ ફેરવીને દામોદરદાસ સંભલવાના ઘેર મુકામે કર્યો અને પછી શ્રી મહાપ્રભુજી એ દામોદરદાસ સંભલવાલાના ઘેર જ્યારથી શ્રીમદ્ ભાગવત ની કથા કહેવી શરૂ કરેલી ત્યારથી પહ્નનાભાદાસજી પણ દામોદરદાસ સંભલવાલા ને ઘેર નિત્ય કથા શ્રવણ કરવા માટે આવતા હતા. પછી તો શ્રી.... મહાપ્રભુજીના મુખકમળમાંથી ફલ સ્વરૂપે શ્રીમદ્ ભાગવત કથાની મધુધારાનુ પાન કરતાની સાથે જ પદ્મનાભદાસજીએ નિશ્ચય કરી લીધો કે સાક્ષાત્ રસાત્મક પુરુષોત્તમ સિવાય આવું કોઈ કરી શકે નહિ. આમ શ્રી મહાપ્રભુજીમાં રહેલા અલૌકિક પ્રતાપબળનો અનુભવ કરીને કુટુંબ સહિત પદ્મનાભદાસજીએ શરણે આવવાની તૈયારી

બતાવી કે જેથી શ્રી મહાપ્રભુજીએ પદ્મનાભદાસજી સહિત તેમના આખા કુંટુંબમાં રહેલા સૌને નામ નિવેદન મંત્ર આપી સૌને શરણે લીધા તેમજ બીજા ઘણાય જીવો પણ શરણે આવ્યા.

બાદ પદ્મનાભદાસજી વ્યાસાસન ઉપર બેસીને પોતાના ઘરમાં શ્રીમદ્ ભાગવતની કથા કરતા હતા તેમજ તેમની વ્યાવૃતિ તે દ્વારા ચાલતી હતી કે જે ઉપર મુજબના તેમજ જીવન ઉપરથી જાણી શકાયું છે. હવે શ્રી મહાપ્રભુજીનું શરણ જે દિવસે સ્વીકાર્યું તેજ દિવસે બપોર પછી પદ્મનાભદાસજી દામોદરદાસ સંભળવાલાના ઘેર કથા સાંભળવા માટે આવ્યા. બાદ કથા પૂર્ણ થયા પછી શ્રી મહાપ્રભુજીએ સ્વરચિત એક નિબંધના શ્ર્લોકની વ્યાખ્યા કરી કે :-

અથવા સર્વદાશાસ્ત્ર શ્રી ભાગવકતમાદરાત્
પાઠનીય પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્...॥ ૧ ॥
વૃત્યંથં નૈવયુંજીત પ્રાણૌઃ કંઠ ગતૈરપિ
તદ્દ્ભાવે યથૈવસ્યાત્ તથા નિર્વાહમારેત્...॥ ૨ ॥

એટલે શ્રીમદ્ ભાગવતનો સદા સર્વદા પ્રયત્ન કરીને કોઈપણ જાતના સ્વાર્થ સિવાય આદરપૂર્વક પાઠ કરવો વળી કંઠે પ્રાણ આવી જતા હોય તો પણ તેવા સમયે ઉદર પોષણ અર્થે એટલે કે પોતાના જીવન નિર્વાહ અર્થે શ્રીમદ્ ભાગવતનો ઉપયોગ કરવો નહિ. પરંતુ નિર્વાહ માટે બીજી જે રીતે બની શકે તે રીતેનો પુરૂષાર્થ કરવો.... આમ આવું સાંભળતાની સાથે જ પદ્મનાભદાસજી જ્યાં બેઠા હતા ત્યાંથી ઉભા થઈને શ્રી મહાપ્રભુજીની સન્મુખમાં આવીને પોતાના હાથમાં જલ લઈને સંકલ્પ કર્યો કે પ્રભુ.... આવું હું જાણતો ન હતો પરંતુ આજથી હું શ્રીમદ્ ભાગવતની કથા કરીને વ્યાવૃતિ એટલે કે એક પ્રકારની આવો ધંધો નહિ કરૂ..

આમ પદ્મનાભદાસજી એ કરેલા આવા સંકલ્પના આધારે શ્રી મહાપ્રભુજીએ શ્રીમુખે આજ્ઞા કરતા કહ્યું કે તમે બ્રાહ્મણ છો વળી તમારો તો આ ધંધો છે તેથી ભલે શ્રીમદ્ ભાગવત વાંચીને નિર્વાહ કરજો. જવાબમાં પદ્મનાભદાસજી એ કહ્યું કે કૃપાનિધિ ... આજે આપે મારા ઉપર ખરેખર કૃપા કરીને મને ઉત્તમ વસ્તુ બતાવી છે. એટલે જે સંકલ્પ કર્યો છે તે કર્યો જ જેથી તેવી કથા દ્વારા દાન, દક્ષિણા ભેટ. વિ. તરીકે પ્રાપ્ત થતા દ્રવ્યથી તો મારો નિર્વાહ નહિ જ કરૂ. પદ્મનાભદાસજીના સંકલ્પ પ્રત્યેની દ્રઢતા જોઈને શ્રી મહાપ્રભુજીએ પૂછયું કે તમે ગૃહસ્થી છો તેથી તમારો તથા તમારા કુંટુંબનો વિર્વાહ કેમ કરશો?. જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે પ્રભુ ... હું યજમાનોના ઘેરથી ભિક્ષા લાવીશ અને તેનાથી મારો નિર્વાહ કરીશ. બાકી કોઈપણ શાસ્ત્રની કથા કહીને નિર્વાહ તો નહિ જ કરૂ. પદ્મનાભદાસજીનો આવો ભાવ જોઈને શ્રી મહાપ્રભુજી પ્રસન્ન થતા કહ્યું કે વૈષ્ણવોને માટે ટેક જ.. મોટો ધર્મ.

તે પછી બીજા દિવસે પંદ્મનાભદાસજી પોતાનો જીવન નિર્વાહ અર્થે પોતાના યજનાનોને ત્યાં ભિક્ષા લેવા માટે નીકળતા પ્રથમ એક યજમાનના ને ત્યાં બેઠા બેઠા પદ્મનાભદાસજીને વિચાર આવ્યો કે અરે,..... બ્રાહ્મણ હોવા છતાંય અગાઉ મેં કદીપણ ભિક્ષા માગી નથી અને હવે તો વૈષ્ણવ થયેલો હોવાથી આમ ભિક્ષા માંગવી તે તો અયોગ્ય કહેવાય. વળી બ્રાહ્મણ સ્વરૂપ હોવાથી ગળામાં જનોઈ હતી કે જેના કારણે ભિક્ષા માંગવી પણ યોગ્ય હતી પંરતુ હવે તો હું વૈષ્ણવ થયેલો હોવાથી ગળામાં તુલસીની માળા પહેરી છે એટલે ભિક્ષા માંગવી ખરેખર અયોગ્ય જ છે. એટલે કે " વૈષ્ણવ થઈને આવું કરવાથી વૈષ્ણવ ધર્મને ઉલટું કલંક લગાડયા જેવું કર્યું. કહેવાશે"... પદ્મનાભદાસજી આવો વિચાર આવતા પોતે મનથી વળી બીજો શંકસ્પ કર્યો કે આવી રીતે ભિક્ષા માંગીને પણ હું મારો નિર્વાહ નહિ કરૂ.. એટલે પછી યજમાનોને ત્યાંથી ભિક્ષા માંગ્યા સિવાય પાછા ઘેર આવતા રહ્યા. આવી આ વાત જ્યારે શ્રી મહાપ્રભુજીના જાણવામાં આવી ત્યારે પદ્મનાભદાસજીને બોલાવીને પૂછ્યુ કે આમ ભિક્ષા નહિ માંગવાનો પણ સંકલ્પ કર્યો તો પછી હવે તમે તમારો જીવન નિર્વાહ કરશો કેવી રીતે?... જવાબમાં પદ્મનાભદાસજી કહ્યું કે કૃપાનિધિ... કંઈપણ વેપાર ધંધો કે મજૂરી કરીને મારો જીવન નિર્વાહ કરીશ... પછી સમજોકે વૈષ્ણવ થઈને શાસ્ત્રો વાંચી વાંચીને કે માંગી માંગીને ભિક્ષા લાવીને પોતાનો જીવન નિર્વાહ નહિ કરતા કોડી લાવીને વેચતા તેમજ વગડામાંથી લાકડા લાવીને વેંચતા હતા. ટુંકમાં કે પદ્મનાભદાસજી પોતાનો જીવન નિર્વાહ આવી રીતે ચલાવવા લાગ્યા હતા. પદ્મનાભદાસજીની આવી વર્તણૂક ઉપરથી એ સ્પષ્ટ સમજાય છે કે શ્રી મહાપ્રભુજીના માત્ર એક ઉપદેશથી જ પોતાને ખરેખર અલૌકિક ચોંટ લાગી કે જે ચોંટને કારણે પૂર્ણ વિશ્વાસથી અન્ય વસ્તુને ગૌણ સમજીને સર્વ રીતે માત્ર " વૈષ્ણવતાને " જ ઉત્તમ માની.

હવે શ્રી પદ્મનાભદાસજીની આવા પ્રકારની વર્તણૂક ઉપરથી એ સ્પષ્ટ સમજાય છે કે આજકાલ ભગવદીય જેવી મોટા મોટા નામવાલી છાપ લગાડીને " ધર્મના નામે એક વ્યાવૃત્તિ તરીકે બનાવેલા સાધન દ્વારા પ્રાપ્ત થતા દ્રવ્ય વિગેરેથી

જેઓ પોતાનો નિર્વાહ કરી રહેલા હોય છે તે વૈષ્ણવતાને તેમજ માર્ગને એક કલંકરૂપ ન કહેવાય તો બીજું શું કહેવાય?.... એટલે જેઓ " વૈષ્ણવ થઈને ' આવી રીતે નિર્વાહ કરી રહ્યા હોય છે તેઓએ પણ સમજવું જરૂરી છે કે શ્રી મહાપ્રભુજીની ઉપર પ્રમાણેની આજ્ઞા પ્રત્યે તેમજ શ્રી પદ્મનાભદાસજીના બન્ને પ્રકારના સંકલ્પો માં રહેલી ઉત્તમ ભાવના પ્રત્યે સહેજ વિચારીને કલંકરૂપ થવા જેવા વર્તન ને બદલાવાય તો તે પોતાને માટે તેમજ માર્ગને માટે ઉત્તમ કાર્ય કર્યું ગણાશે. પછી તો જેનો જેવો ભાવ અને જેવું જેનું વલણ.

તે પછી પદ્મનાભદાસજીએ શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા પૂછ્યું કે કૃપાનાથ, વૈષ્ણવ તરીકે હવે મારે કર્તવ્ય શું કરવું ? .... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે શ્રી ઠાકોરજીની સેવા, કરો. હવે શ્રી ઠાકોરજીની સેવા પ્રત્યે જેઓને જરાય વિશ્વાસ નથી એવા પદ્મનાભદાસજીએ બે હાથ જોડીને વિનંતીથી કહ્યું કે પ્રભુ, મેં તો પુરાણ, મહાભારત વિગેરે શાસ્ત્રો જોયા છે. વાંચ્યાં છે તેમજ સાંભળનારાને માત્ર સંભળાવવાની ખાતર સંભળાવ્યા પણ છે. એટલે શ્રી ઠાકોરજીના સ્વરૂપ પ્રત્યે વિશ્વાસ રાખવો મારા માટે મુશ્કેલ છે છતાંય પ્રભુ... સ્વરૂપ પ્રત્યેનો કંઈક ચમત્કાર જો મારા જોવામાં આવે તો જ મને શ્રી ઠાકોરજીના સ્વરૂપ પ્રત્યે દ્રઢ વિશ્વાસ થાય. પદ્મનાભદાસજીએ કરેલી પોતાના મનની સાચેસાચી વાત સાંભળીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે તમે અમારી સાથે શ્રી વ્રજ મંડળમાં આવો કે જ્યાં તમને શ્રી ઠાકોરજીના સ્વરૂપોનો ચમત્કાર બતાવીશું. પછી એક બે દિવસ અહીં કનોજમાં બિરાજીને સેવકો સહિત શ્રી મહાપ્રભુજી શ્રી વ્રજમંડળમાં પધારતા પદ્મનાભદાસજી પણ શ્રી વ્રજ મંડળમાં જવા માટે શ્રી મહાપ્રભુજીની સાથે કનોજથી નીકળ્યા. ચાલતા ચાલતા શ્રી વ્રજ મંડળમાં આવી પહોંચતા મહાવનની પાસે રમણ સ્થળ છે કે જ્યાં શ્રી યમુનાજીના સામા કિનારા ઉપર (ગોકુલથી ત્રણ માઈલ દૂર) એક કર્ણાવલ ગામ છે ત્યાં પધારીને આ ગામમાં બિરાજ્યા.

બીજા દિવસે, પ્રાતઃકાળનો સમય થતા સૌ વૈષ્ણવો સહિત શ્રી મહાપ્રભુજીના શ્રી યમુનાજીના કિનારા પાસે પધાર્યા અને એક સ્થળે બિરાજીને શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવા લાગ્યા. આવામાં કેવળ એક અકસ્માત રીતે આ શ્રી યમુનાજીના કિનારા ઉપરથી કરાડ તૂટી એટલે કે ઉંડા ખાડાવાળી જગ્યાએથી જમીનની ખાલી ઉભી રહેલી દિવાલ પડતા તેમાંથી તાડનું મોટું એક મહાન તેજસ્વી ભગવદ્ સ્વરૂપ નીકળ્યું અને શ્રી મહાપ્રભુજીની પાસે પધારીને કહ્યું કે મારી, સેવા કરો. આવા આ શ્રી ભગવદ્ સ્વરૂપના મુખારવિંદ દ્વારા આવી વાણી સાંભળીને શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે પ્રભુ... આ કાળમાં વૈષ્ણવોનું સામર્થ્ય નથી કે આપના આવડા મોટા સ્વરૂપની સેવા કરી શકે!.... બાકી સેવા કરાવવાનો મનોરથ હોય તો સેવા કરી શકાય તેવડા નાના સ્વરૂપે થઈ જાવ તો સેવા થાય.

શ્રી મહાપ્રભુજીની આવી વાતને આધારે કિશોર લીલાના રસાત્મક સ્વરૂપની આકૃતિવાળુ નાનુ એટલે કે શ્રી મહાપ્રભુજીના ચિબુકથી (દાઢીથી) મસ્તક સુધીના માપ સુધીનું સ્વરૂપ થઈ જઈને એકદમ શ્રી મહાપ્રભુજીની ગોદમાં પધારીને બિરાજ્યું. પછી શ્રી મહાપ્રભુજીએ આ સ્વરૂપનું શ્રી મથુરેશજી (મથુરાનાથજી) તરીકેના નામનું સુચન કરીને પદ્મનાભદાસજીને પૂછ્યું કે ભલે ગમે તેટલા શાસ્ત્રો વાચ્યાં પરંતુ આ અનુભવથી હવે તમને શ્રી ઠાકોરજીના સ્વરૂપ પ્રત્યેનો ચમત્કાર દેખાયો?... એટલે પ્રમાણ એટલે પ્રમાણ અને અનુભવ તે અનુભવ,. વળી પ્રમાણ ત્યાં અનુભવ નહી અને અનુભવ ત્યાં પ્રમાણ નહિ. હવે આ આ સ્વરૂપના અનુભવરૂપોના ન કલ્પેલા તેવા દર્શન કરતા પદ્મનાભદાસજી વિચારમાં પડી ગયા કે પોતાને પ્રથમ સ્વપ્ન દ્વારા જે ભગવદ્ સ્વરૂપે શ્રી મહાપ્રભુજીના શરણે જવાની આજ્ઞા કરી હતી તેજ આ સ્વરૂપ હતું તેવું પોતાના મનમાં સમજી ગયા અને આ સ્વરૂપના દર્શન કરતાની સાથે જ પોતાનું ચિત્ત સ્વરૂપમાં ચોટીં જતા આશ્ચર્ય પામીને જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે પ્રભુ..... આપ તો સાક્ષાત્ પ્રભુ જ છો કે જેથી આપની કૃપાથી શું ન થાય?.... આમ શ્રી ઠાકોરજીના સ્વરૂપ પ્રત્યે પદ્મનાભદાસજીનો ભાવ પૂર્ણ રીતે દ્રઢ થતા શ્રી મહાપ્રભુજીએ " આ કિશોર લીલાવાળું શ્રી મથુરેથજીનું રસાત્મક સ્વરૂપ " પદ્મનાભદાસજીના માથે પધરાવી આપ્યું અને આજ્ઞા કરી કે આ... સ્વરૂપની ભાવપૂર્વક સેવા કરજો. બાદ શ્રી પદ્મનાભદાસજી કનોજ પોતાના ઘેર આવ્યા કે જ્યાં આવીને પોતાના હૃદયમાં પ્રગટ થઈ ચૂકેલા " અનન્ય ભાવે" સેવા કરવા લાગ્યા અને પછી તો સમજો કે સેવા કરતા કરતા ઘણોજ સમય પસાર થઈ ગયો.

હવે પદ્મનાભદાસજીના કુટુંબમાં એવું છે કે પોતાના ધર્મપત્નિ હતા. પછી પોતાને ત્યાં અક પુત્ર થયો હતો. પછી તે પુત્રના એક પાર્વતિજી નામની કન્યા સાથે લગ્ન થયા હતા. પછી તે પુત્રને ત્યાં પણ રઘુનાથદાસજી નામનો એક પુત્ર થયો હતો. . ... વળી પદ્મનાભદાસજી ને બે પુત્રી હતી કે જે બે પુત્રી પૈકી મોટી પુત્રી તુલસાનાં લગ્ન કરેલા હતા પરંતુ લગ્ન કર્યા પછી પોતાના લૌકિક પતિનું મોઢું પણ જોવા પામેલ નહિ એટલે કે તુરતમાં જ વિધવા થયેલ હોવાથી સાસરે નહિ જતા પોતાના પિતાજી પદ્મનાભદાસજીના ઘેર જ રહેતા હતા. એટલે હવે તો માત્ર એક નાની દીકરીના જ લગ્ન કરવાના બાકી હતા. આમ પદ્મનાભદાસજી નું આવું આખું કુંટુંબ શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા બાદ... ઘરમાં સૌ કોઈ રસરૂપ થઈને શ્રી ઠાકોરજી (શ્રી મથુરેશજી) ની સેવા ભાવપૂર્વક કરતા હતા.

ત્યારબાદ... શ્રી વ્રજ મંડળમાં આવેલા ગોકુલમાં શ્રી મહાપ્રભુજી જ્યાં બિરાજતા હતા ત્યાંથી પૃથ્વી પરિક્રમા કરતા કરતા અડેલ તરફ પધારી રહ્યા હતા. આવામાં એક ધનાઢ્ય વેપારી ક્યાંક જતો હોવાથી રસ્તામાં જ શ્રી મહાપ્રભુજીની સાથે થઈ ગયો અને પછી તો શ્રી મહાપ્રભુજીનો આશ્રય કરીને તે વેપારી શ્રી મહાપ્રભુજીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. આ ચાલતા ચાલતા કનોજ શહેર આવતાં પાછળ આવી રહેલા આ વેપારી શ્રી મહાપ્રભુજીથી વિખુટો પડી જઈને શહેરના બ્હારના ભાગમાં કોઈ એક સ્થળે રોકાઈ ગયો. આમ પૈસાદાર જેવા આ વેપારીને જોતા ચોર લોકોએ તો તેના ઉપર આક્રમણ કરીને તેની પાસે જે કંઈ હતું તે બધુંય લૂંટીને નાસી ગયા..... જ્યારે બીજી તરફ નિજ સેવકો સહિત શ્રી મહાપ્રભુજી કનોજ શહેરમાં પ્રવેશ કરીને પોતાના સેવક દામોદરદાસ સંભલવાલાને ત્યાં પધાર્યા અને તેમના ઘેર મુકામ કરીને બિરાજ્યા બાદ શ્રી મહાપ્રભુજી પધાર્યા છે તેવા સમાચાર મલતા પદ્મનાભદાસજી પણ દામોદરદાસ સંભલવાલાને ઘેર આવ્યા અને શ્રી મહાપ્રભુજીના દર્શન કરીને દંડવત્ પ્રણામ કર્યા. બાદ શ્રી મહાપ્રભુજીએ સ્નાન વી. કાર્યોમાંથી પરવારીને શ્રીહસ્તે સામગ્રી સિદ્ધ કરીને પ્રભુને ભોગ સમર્પ્યા.

આવામાં શ્રી મહાપ્રભુજીથી વિખુટો પડી ગયેલો પેલો લૂંટાએલો વેપારી જાણે ખરેખર રડતો જ હોય તેમ તપાસ કરતો કરતો દામોદરદાસ સંભલવાલાના ઘેર આવ્યો અને પૂછ્યું કે પ્રભુજી ક્યાં છે?....... આમ આવી એક વૈષ્ણવ જેવી વ્યક્તિએ રડતા રડતા આવીને આવું પૂછવાથી બાજુમાં ઉભા રહેલા પદ્મનાભદાસજીએ જવાબ આપવાને બદલે સામે પ્રશ્ન કર્યો કે શું કામ છે?.... જવાબમાં લૂંટએલા વેપારીએ કહ્યું કે મહારાજ, હું પ્રભુજીની પાછળ પાછળ આવતો હતો પરંતુ.... આ ગામ આવંતા હું વિખુટો પડી જતા પાછળથી લૂંટાઈ ગયો કે જેથી હું પ્રભુજી પાસે આવ્યો છું...... આ લૂંટાએલા વેપારીની આવી વાત સાંભળીને પદ્મનાભદાસજી તો વેપારીનો હાથ પકડીને બ્હાર દૂર લઈ ગયા અને પછી ત્યાં પૂંછ્યું કે તમારૂ, દ્રવ્ય-માલ, વી. કેટલું લૂંટાઈ ગયું છે.?..... જવાબમાં વેપારીએ અમુક રકમ બતાવી. બાદ આ વેપારીને હાથ પકડી રાખેલી હાલતે પોતાની સાથે લઈ જઈને પદ્મનાભદાસજી ગામના એક શરાફ સદ્ગ્રહસ્થની પાસે આવતા તે સદ્ગ્રહસ્થે પદ્મનાભદાસજીએ કહ્યું કે મારે અત્યારે આટલી. ... રકમની જરૂર છે માટે તેટલી રકમ અને રકમનું વ્યાજ મળીને એક ખતપત્ર તમને લખી આપું છું કે જેથી તેટલી રકમ આ વેપારીને તમે અત્યારે આપી દીયો. પદ્માભદાસજીની આવી વાત સાંભળીને સદગ્રહસ્થે કહ્યું કે ભાઈજી, ખતપત્રનું કંઈ કામ નથી.... અને રકમ લાવીને નમ્રતાથી બોલ્યા કે લ્યો આ રકમ.'.. આમ આ રકમ વેપારીના હાથમાં આપતા હતા તેવામાં પદ્મનાભદાસજીએ કહ્યું કે ના....એ.... ન બને. પ્રથમ ખતપત્ર અને પછી રકમ. પદ્મનાભદાસજીની આવી નિતી જોઈને સદ્ગ્રહસ્થે કહ્યું કે સારૂ. .. જેવી આપની ઈચ્છા. એવું કહીને પદ્મનાભદાસજીના કહેવા પ્રમાણે એટલે કે ધર્મ ગિરવી મુકીને ખતપત્ર લખ્યું અને પછી રકમ લૂંટાએલા વેપારીને આપતા વેપારી તો લૂંટાએલા દ્રવ્યમાલ વી. ની બદલા તરીકેની રકમ લઈને પોતાને જે તરફ જવાનું હતું તે તરફ ચાલતો થયો.

આમ કોઈ ન કરે તેવું કાર્ય બરાબર પતાવીને પદ્મનાભદાસજી દામોદરદાસ સંભલવાલાને ઘેર પાછા આવતા શ્રી મહાપ્રભુજીએ પૂછ્યું કે તમે ક્યાં ગયા હતા?...જવાબમાં પદ્મનાભદાસજીએ બે હાથ જોડીને દીનતાપૂર્વક કહ્યું કે કૃપાનાથ, મારા એક કાર્યને અંગે બહાર ગયો હતો. પદ્મનાભદાસજીનો આવો જવાબ સાંભળ્યા પછી અંતર્યામી એવા શ્રી મહાપ્રભુજી તો બધુય જાણતા જ હતા કે જેથી પદ્મનાભદાસજીએ છુપાવેલી વાતને ખુલ્લી કરતા શ્રી મહાપ્રભુજીએ પૂછ્યું કે તમારે અને તે લૂંટાએલા વેપારીને શું સંબંધ હતો કે જેથી તમારે આવું કાર્ય એટલે કે " કરજ કરીને આમ પૈસા આપવા જેવું કાર્ય કરવું પડ્યું ?"... વળી તમે જે કાર્ય કર્યું છે તે ખોટું કર્યું કહેવાય".... શ્રી મહાપ્રભુજીની આવી વાત સાંભળીને થોડીવાર તો પદ્મનાભદાસજી કંઈ બોલીજ શક્યા નહિ.... અને પછી ગદ્ગદ્ થઈ ગયેલા કંઠે કહ્યું કે પ્રભુ... આવું ન કરત તો.... આપને ભોજન કરવામાં બેઘડીક વિલંબ થાત અને સ્વીકારેલા દાસત્વ તરીકેનો મારો આ જન્મ વ્યર્થ જાત. એટલે દાસત્વરૂપેનો મારો જન્મ વ્યર્થ ન જાય તે માટે મેં આ કાર્ય કર્યું બાકી પ્રભુ " કરજ તો આપની કૃપાથી હમણા જ ચુકવી દઈશ એમાં કોઈ મોટી વાત નથી. આવું સાંભળીને શ્રી મહાપ્રભુજીએ ફરીથી પૂછ્યું કે પણ.. . ધર્મ જેવી અમુલ્ય વસ્તુને ગિરવે શા માટે મુકી?...... જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે રાજ, આવી કઠીન વસ્તુ લખી

આપ્યા સિવાય કરેલ કરજ પાછું વેલાસર ભરપાઈ થઈ શકે નહિ તેથી જ ધર્મ જેવી વસ્તુ ગિરવે મુકીને આ કાર્ય કરેલ છે પદ્મનાભદાસજીના હૃદયમાં રહેલો ઉત્તમ ભાવ જાણીને શ્રી મહાપ્રભુજી ખરેખર પ્રસન્ન જ થયા હોય તેમ મૌન રહ્યા. અને… . પછી બે ત્રણ દિવસ કનોજમાં બિરાજીને શ્રી મહાપ્રભુજી અડેલ તરફ પધાર્યા.

હવે આ લૂંટાયેલા વેપારીના બનાવથી એક લૌકિક દ્રષ્ટિએ એ સમજાય છે કે પોતાની પાસે રહેલ દ્રવ્ય-માલના આધારે કદાચ રસ્તામાં મને કોઈ લૂંટી લેશેતો… આવી બીક સૌને લાગે તે સ્વાભાવિક છે એટલે આ વેપારીને પણ રસ્તામાં બીક લાગ્યા જ કરતી હતી પરંતુ રસ્તે ચાલતા ચાલતા શ્રી મહાપ્રભુજીનો આશ્રય પ્રાપ્ત થઈ જતા આ વેપારી આ શ્રી મહાપ્રભુજીના આશ્રયે શ્રી મહાપ્રભુજીની પાછળ પાછળ ચાલવા લાગ્યો હતો. પછી જ્યાંસુધી શ્રી મહાપ્રભુજીનો આશ્રય હતો ત્યાસુંધી પોતે લૂંટાયો નહિ. પરંતુ કનોજ શહેરમાં પ્રવેશ કરતાની સાથે શ્રી મહાપ્રભુજીનો આશ્રય છોડતા પોતે લૂંટાઈ ગયો. આમ આ પ્રસંગથી એ સ્પષ્ટ સુચન થાય છે કે કોઈપણ જીવ શ્રી મહાપ્રભુજી ના ચરણાવિંદનો આશ્રય જ્યાંસુધી રાખે છે ત્યાંસુધી પોતે સંસારરૂપી માર્ગમાં રહેલા અનેક પ્રકારના ચોરથી લૂંટાતો નથી. પણ આશ્રય છોડતા સંસારરૂપી માર્ગમાં રહેલા ચોર પોતાની જાળ બિછાવે છે અને આખરે લૌકિક કે અલૌકિક જે કંઈ હોય છે બધુંય લૂંટી લીએ છે. બાકી શ્રી મહાપ્રભુજીનો પ્રભાવ એવો નથી કે આશ્રયવાળા જીવની આવી ગતિ થાય!… એટલે આ નિયમે આ વેપારીએ શ્રી મહાપ્રભુજીનો આશ્રય છોડતી પોતાનું કર્મનું ફળ ભોગવવું પડ્યું. બાકી પ્રભુતો દયાળુ હોય છે. કે પોતાનું માત્ર નામ લેનાર જીવને પણ દુ:ખમાંથી મુક્ત કરે છે. એટલે એ રીતે પણ આ વેપારી જ્યારે શ્રી મહાપ્રભુજીનુ નામ પૂછતા પૂછતા શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદ સુધી આવી પહોચ્યાં ત્યારે શ્રી મહાપ્રભુજીએ પદ્મનાભદાસજી દ્વારા લુંટાએલી રકમ અપાવી અને તે વેપારીને થઈ રહેલા દુખમાંથી મુકત કરીને સુખી કર્યો આમ આશ્રય છોડનારને પણ સુખી કરનાર શ્રી મહાપ્રભુજી છે. તો પછી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદનો જેને ભાવપૂર્વક આશ્રય હોય તેને તો વળી કેટલું સુખ પ્રાપ્ત થયું હશે?… એટલે ટુંકમાં એટલું કે આશ્રય એ એક એવી ઉત્તમ વસ્તુ છે કે જે કલમથી, વાણીથી કે દલીલથી સમજાવી શકાય તેવું નથી કે તો કેવળ તેના પ્રકારના વર્તનથી જ સમજાય.

તે પછી શ્રી મહાપ્રભુજીનું નામ પૂછતાં પૂછ્તાં તે વેપારી જ્યારે દામોદરદાસ સંભલવાલને ઘેર આવ્યો ત્યારે શ્રી મહાપ્રભૂજીને ભોજન કરવાનો સમય હતો કે જેથી બાજુમાં જ ઊભેલા પદ્માભદાસજીએ પોતાના મનમાં વિચાર કર્યો કે શ્રી મહાપ્રભુજી તો દયાળુ છે કે જેથી આવા દુ:ખી જીવને જોઈને ભોજન કેમ કરશે? …. એટલે શ્રી મહાપ્રભુજી જો આ વેપારીનો અવાજ સાંભળશે તો શ્રી મહાપ્રભુજી નો ભોજન કરવામાં વિલંબ થશે જે વિલબને આધારે દાસત્વથી ભરેલો મારો તો સેવક ધર્મ રહેશે નહિ, આમ આવો વિચાર કરીને પદ્માભદાસજીએ તે વેપારીનો હાથ પકડીને બ્હાર દૂર લઈ ગયા કે જ્યાં બનેલી વાત પૂછ્યા પછી પોતે ફરીને વિચાર કરવા લાગ્યા કે અરે… શ્રી મહાપ્રભુજીતો " મહોદાર ચરિત્રવાન " છે અને અત્યારે આવુ બનેલ હોવાથી આ વેપારી જ્યા જ્યાં જશે ત્યાં ત્યાં બધેય ' ચપટી ચોખા ' મુકતા જશે. એટલે કે પોતાના મનમાં આવશે તેમ વાતો કરતો જશે કે જે યોગ્ય નહિ, એટલે આ સમયે મારે એ કરવુ જરૂરી છે કે મારા અલૌકિક ધર્મ પાસે મારો લૌકિક ધર્મ તુચ્છ છે કે જેથી આ સમયે જે કરવાનું છે તે ન કરૂં અને લૌકિક ધર્મ પકડી રાખીશ તો મારા લૌકિક ધર્મને મારે શું કરવાનો છે.?….. આમ પોતાના આવા ભાવના આધારે જ પદ્મનાભદાસજીએ પોતાના લૌકિક ધર્મને ગિરવે મુકીને લૂંટાયેલા દ્રવ્ય-માલના બદલામાં રોકડ રકમ અપાવીને તે વેપારીને બારોબાર રવાના કરીને પોતે એ કરી બતાવ્યું કે શ્રી મહાપ્રભુજીનો ભોજન કરવામાં વિલંબ થવા દીધો. નહિ તેમજ પોતાના દાસત્વ તરીકેનો "અલોકિક ધર્મનું" પાલન કરી બતાવવા સદ્ગ્રહસ્થને ત્યાંથી પેલા વેપારીને રકમ અપાવવા માટે પોતાના લૌકિક ધર્મ ગિરવે મુક્યો. એટલે પદ્મનાભદાસજી ના આવા ભાવ ઉપરથી એ સ્પષ્ટ સમજાય છે કે ધર્મી સ્વરૂપ શ્રી મહાપ્રભુજીની સાથેના ' કેવળ અલૌકિક આત્મ-સંબંધના આધારે જ" પદ્મનાભદાસજીએ પોતાનો લૌકિક દેહસંબંધ ગિરવે મુક્યો. આમ આવા પ્રકારના આ કાર્યથી પદ્મનાભદાસજી પણ ધર્મી સ્વરૂપ સમાન જ.. . ગણાય અને તેથી જ શ્રી ગોકુલનાથજીએ કોટીમાં વિરલા કહ્યા છે.

પછી કરજ કરીને આમ પૈસા આપવા જેવું જે કાર્ય કર્યું તે ખોટું કર્યુ… શ્રી મહાપ્રભુજીએ આવા પ્રકારે જે આજ્ઞા કરી કે આજ્ઞા દ્વારા એ સુચન કર્યુ કે દેહ તો ક્ષણભંગુર છે તેથી દેહનો શું ભરોસો છે કે જેથી માથે અન્યનું ઋણ માથે રહી જાય તો તે ભોગવવા માટે પાછો જન્મ લેવો પડે… હવે શ્રી મહાપ્રભુજીએ કરેલા આવા સુચનના જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે " કરજ તો આપની કૃપાથી કાલે ચુકવી દઈશ એટલે તે કંઈ મોટી વાત નથી"…. આમ આવું કહેવા પાછળ પદ્મનાભદાસજીનો ભાવ એવો હતો કે આપશ્રીના સામર્થ્ય પાસે કાલ વળી શું સામર્થ્ય છે?…. અને વળી તે કરજ તરીકે કહેવાતું અન્યનું ઋણ તો આપશ્રીની કૃપાથી કાલે જ ચુકવાઈ જશે પણ…. તેવું જો ન કરેલ હોત તો મારો

સેવક ધર્મને જતો રહ્યો હોય તો તે શું પાછો પ્રાપ્ત થઈ શકત ખરો?…. એટલે આમ લૌકિક દેહ-ધર્મને તુચ્છ માનીને અલૌકિક આત્મ-ધર્મને ઉત્તમ માની બતાવનાર ' કોટીમાં વિરલા ' એવા આ પદ્મનાભદાસજીને ધન્ય છે…….

ત્યારબાદ, શ્રી મહાપ્રભુજી તો જાણે કનોજમાં બે ત્રણ દિવસ બિરાજીને અડેલ તરફ પધાર્યા અને તે પછી બીજા દિવસે પદ્મનાભદાસજી કોઈ એક રાજાને ત્યાં ગયા કે જ્યાં રાજાએ પદ્મનાભદાસજીનો બહુ જ માનપૂર્વક સત્કાર કરીને પોતાના કથા ભુવનમાં એક આસન પર બેસાડયા. આમ પદ્મનાભદાસજીને આવેલા જોઈ કુટુંબના સૌ કોઈને એક પ્રકારે અતિ આનંદ થયો હોય તેવું સૌના મોઢા ઉપરથી દેખાઈ આવતું હતુ. પછી રાજાએ બે હાથ જોડીને પદ્મનાભદાસજીને વિનંતીપૂર્વક કહ્યું કે કૃપા કરીને આપ આજે મારા ઘેર પધાર્યા છો કે જેથી આજે તો આ એકત્ર થયેલા મારા આખા કુટુંબ પરિવારને કથામૃતનું પાન કરવો. આમ રાજાની આવી વિનંતી ના જવાબમાં પદ્મનાભદાસજી કહ્યું કે રાજન. શ્રીમદ્ ભાગવતની કથાનું પાન તો હવે કરાવી નહિ શકું… એટલે તમે જો કહેતા હો તો મહાભારતની કથા સંભળાવું. આ વાત સાંભળીને રાજાએ કહ્યું કે ભલે મહાભારતની તો મહાભારતની પણ કથા… સંભળાવો… આમ રાજાની કથા સાંભળવાની ખરેખર ઈચ્છા છે તેવું જાણીને પદ્મનાભદાસજીએ તો મહાભારતની કથા કહેવી શરૂ કરી અને મહાભારત માં આવતા બધાય પ્રસંગો બહુ જ સરસ રીતે કહી સંભળાવ્યા બાદ જ્યારે યુદ્ધનો પ્રસંગ શરૂ થવામો હતો તે પહેલા રાજાના મહેલમાં જ્યાં સૌ કથા સાંભળવાને જે કથા ભુવનમાં બેઠા હતા ત્યાં તેમજ આસપાસમાં જ્યાં જ્યાં હથિયારો દેખાતા હતા તે બધાય ત્યાંથી દુર મુકાવી દીધા અને તે પછી યુદ્ધના પ્રસંગની શરૂઆત કરતા પદ્મનાભદાસજી એ " સાક્ષાત્ વિર્યરસ પ્રગટ કર્યો" કે જેના આધારે કથા સાંભળનારા સૌ કોઈનામાં પરાક્રમનો ઉદય થયો એટલે કે અસલ વીરરસ (શૂરવીરતા તરીકે કહેવાતો રસ) આવી ગયો. પરિણામે સૌ ખરેખર પોત પોતના ભૂલી જ ગયા તેમ સૌ કોઈને અંદરો-અંદર તોફાન જ મચાવી દીધું. એટલે કે કોઈ લાત મારવા લાગ્યા. તો કોઈ મુક્કી મારવા લાગ્યા તો કોઈ ઘાયલ થઈ જતા હોય તેમ ભોંય પર પડવા લાગ્યા, કોઈ વળી કંઈ કરવા લાગ્યા. એટલે સમજો કે પદ્મનાભદાસજીની આવી રસરૂપ કથા દ્વારા કોઈનામા અસલ શૂરવીરતા આવી ગયેલી હોવાથી કથા ભુવનમાં સૌ કોઈ લડાઈ જ કરવા લાગ્યા હતા. એટલે આવું તો પદ્મનાભદાસજીમાં સામર્થ્ય હતુ અને પછી જેમ તેમ સૌને શાન્ત કરીને આવો વીરરસ પ્રગટ કરાવતી રસરૂપ કથાને પૂર્ણ કરી.

આવી રીતે પદ્મનાભદાસજીએ કહેલા મહાભારતની રસરૂપ કથા સાંભળીને રાજા તો અતિ પ્રસન્ન થયો અને… પછી તો કલ્પનામાં પણ ન હોય તેટલું દ્રવ્ય દક્ષિણા તરીકે આપવા લાગ્યો હતો. હવે મધુરવાણી દ્વારા ખોટી દીનતારૂપેના ભાવનું પ્રદર્શન કરી બતાવીને જેટલું મલે તેટલું દ્રવ્ય લઈ જનારા તો ઘણાય મલી આવતા હોય પરંતુ આ પદ્મનાભદાસજી નહિ… કે જેથી પદ્મનાભદાસજીએ સામી દ્રષ્ટિ પણ કરી નહિ અને " મારે આટલુ બધુ દ્રવ્ય શું કરવું છે?…. એવું વિનયપૂર્વક કહીને પદ્મનાભદાસજીએ પેલા સદ્ગ્રહસ્થ પાસેથી દ્રવ્ય લઈને પોતાનો લૌકિક ધર્મ ગિરવે મુક્યો હતો કે છોડાવવા માટે વ્યાજ સહિત જેયટલા દ્રવ્યની જરૂરત હતી તેટલા જ દ્રવ્યોનો સ્વીકાર કર્યો… પછી પેલા સદ્ગ્રહસ્થને ઘેર ગયા અને દ્રવ્ય આપીને અને લખી આપેલ ખતપત્ર ફડાવી નાખીને ફરજ દ્વારા આમ માથે ચઢાવેલા ઋણમાંથીમુક્ત થયા. સાથે સાથે પદ્મનાભદાસજી ખરેખર પ્રસન્ન પણ થયા કે પેલા લૂંટાયેલા વેપારીનું આ રાજા પાસે જે લેણું હતું તે આવા પ્રકારની લીલા દ્વારા ચુકવાઈ ગયું અને મારો દાસ-ધર્મ સિદ્ધ થયો. બાકી જો આવી લીલા ન થઈ હોત તો મારો જન્મ વ્યર્થ હતો. કારણ કે એક સાધન સંપન્નવાળી વ્યકિતની સાથે રહેવાથી લૂંટવાનો સંભવ રહેતો નથી તો પછી શ્રી મહાપ્રભુજીની સાથે રહેવાથી લૂંટાય જ કેમ ?……… એટલે સારૂ થયું કે લૂંટાએલો વેપારી શ્રી મહાપ્રભુજીનું નામ પૂછતાં પૂછતાં પાછો આવ્યો. પરંતુ જો તે જતો રહ્યો હોત તો જ્યાં ત્યાં ચપટી ચોખા મુકતો રહેત એટલે કે જ્યાં ત્યાં કહેતો ફરત કે શ્રી મહાપ્રભુજીના આશ્રયે રહેલ હોવા છતાંય હું લૂંટાઈ ગયો. વળી આમ આવા પ્રકારની લીલા તો મારા ધર્મની પરિક્ષા અર્થે જ થઈ હોય તો પણ નવાઈ નથી. એટલે પછી પોતાનો અલૌકિક (દાસ-ધર્મ) સિદ્ધ કરવા માટે લૌકિક ધર્મને તુચ્છ માનીને તે લૌકિક ધર્મને ગિરવે મૂકીને પદ્મનાભદાસજી એ પોતાના અલૌકિક ધર્મનું પાલન કર્યું અરે… એટલું જ નહિ પરંતુ હવે તો તે લૂંટાયેલો વેપારી જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં શ્રી મહાપ્રભુજીની પ્રાર્થના કરી કરીને કહેશે કે મારૂ દ્રવ્ય લૂંટનારા લૂંટી તો ગયા પરંતુ શ્રી મહાપ્રભુજીએ પુરીપુરી રકમ અપાવીને મારા દુ:ખનું ખરેખર નિવારણ જ કરાવ્યું. એટલે આમ એ સ્પષ્ટ થાય છે કે લૌકિક અને અલૌકિક ધર્મ પ્રત્યે પદ્મનાભદાસજીનો ભાવ એવો હતો કે શ્રી મહાપ્રભુજી ના શરણે આવવાથી બધુંય સમર્પણ કરી દેવાયું. છે કે જેથી અલૌકિક ધર્મ પાસે લૌકિક-વૈદિક ધર્મ ગૌણ છે અને વળી તે અલૌકિક ધર્મથી જુદો પણ છે. એટલે કે લૌકિક -વૈદિક ધર્મોના જો ઉત્તમ પ્રકારના આચરણો કર્યા હોય તો તેનાથી પૂન્યની પ્રાપ્તી થાય અને આખરે તે ' પૂન્યના ફલ તરીકે ' સ્વર્ગ ભોગવવું પડે. આમ આવા કારણે જ શ્રી

મહાપ્રભુજી તો પૂછ્યું હતું કે 'ધર્મ જેવી અમુલ્ય વસ્તુને ગિરવે શામાટે મુકી?".... હવે પદ્મનાભદાસજીને તો શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ હૃદયારૂઢ થઈ ગયેલું હોવાથી એવા લૌકિક-વૈદિક ધર્મની આપેક્ષા નહિ રાખતા તે જ ધર્મ ગિરવે મુકીને પોતાનો ધર્મ- (દાસ-ધર્મ એટલે કે સમર્પણ કર્યા પછી સ્વામીના સુખ માટે જ સેવા કરવાનો જે અલૌકિક ધર્મ કહેવાય છે તે અલૌકિક ધર્મ ' સિદ્ધ કરી બતાવ્યો.

ત્યારબાદ સમય અનુસાર પદ્મનાભદાસજીના નાની પુત્રીનો વિવાહ (સગાઈ) કરવાનો સમય આવતા પદ્મનાભદાસજી પોતાની જ્ઞાતિમાં અને તે પણ વૈષ્ણવ હોય તેવા સારા છોકરાની તપાસ કરવા લાગ્યા, પરંતુ પોતાની જ્ઞાતિમાં વૈષ્ણવનો છોકરો નહિ દેખાતા પદ્મનાભદાસજીએ વિચાર કર્યો કે મારી દીકરીને તો મારે તો વૈષ્ણવ છોકરાને જ પરણાવવી છે, પછી ભલે જ્ઞાતિમાં નહીં મળે તે બીજા જ્ઞાતિમાં પરણાવીશ. બાકી જ્ઞાતિવાળા કહેવાતા અન્ય માર્ગીયના છોકરાને તો નહિ જ આપું... પછી તપાસ કરતા કરતા ઘણોય સમય વ્યતિત થઈ ગયો હોવા છતાયં પોતાની જ્ઞાતિમાં વૈષ્ણવનો છોકરો નહિ મલતા ' જેવી શ્રી ઠાકોરજીની ઈચ્છા ' જેથી શ્રી ઠાકોરજી ઉપર વાત છોડી દીધી.

આવામાં પોતાના આ કનોજ ગામમાં એક તે પણ દામોદરદાસ સંભલવાલના ઘેર જ કોઈ ઉત્સવના નિમિત્તે ઘણાય વૈષ્ણવો આવ્યા હતા કે જેથી પદ્મનાભદાસજીએ આવેલા વૈષ્ણવોની સમક્ષ પોતાની નાની દિકરીનો વિવાહ (સગાઈ) કરવા માટે વાત કરી કે કોઈના ધ્યાનમાં શ્રી મહાપ્રભુજીનો સેવક હોય તેવો વૈષ્ણવ -છોકરો હોયતો બતાવો કે જેથી મારી નાની દિકરીનો વિવાહ(સગાઈ) કરીને તેની સાથે લગ્ન કરી આપુ પદ્મનાભદાસજીની આ વાત સાંભળીને આવેલા ઘણાય વૈષ્ણવોમાંથી એક વૈષ્ણવે ઠેકાણું બતાવતા કહ્યું કે ફલાણાનો છોકરો બહુ સારો છે વળી તમારી દિકરીને લાયક પણ છે. બાકી તમે કનોજીઆ બ્રહ્મણ છો અને તે સનોઢીયા બ્રહ્મણ છે. એટલે જ્ઞાતિમાં આટલો ફેર છે. કે જેથી વિચાર કરજો અને યોગ્ય લાગે તો તેની સાથે તમારી દિકરીનો વિવાહ(સગાઈ) કરજો આવી વાત સાંભળીને પોતે પ્રસન્ન થયા હોય તેમ પદ્મનાભદાસજીએ કહ્યું કે ભાઈ.... મારો તો... જ્ઞાતીની કંઈ જરૂર નથી. પણ... માત્ર શ્રી મહાપ્રભુજીના સેવક થયેલ વૈષ્ણવ હોય તો મારે ચાલશે... આવું કહીને પદ્મનાભદાસજી તો છોકરાનું ઠેકાણું બતાનનાર વૈષ્ણવ સાથે ચાલ્યા અને બતાવેલા તે છોકરાના ઘેર જઈને તે છોકરાને જોયો અને પછી તો તરત જ કંકુના જ કર્યા. એટલે કે ચાંદલો-તિલક કરીને પોતાની નાની દિકરીનો વિવાહ(સગાઈ) નક્કી કર્યો. બાદ પદ્મનાભદાસજી ઘેર આવ્યા. આમ પોતાની દિકરીનું વિવાહ નું કાર્ય પતાવીને ઘરે આવતાની સાથે જ પોતાની મોટી દિકરી તુલસાંબેનને નાની દિકરીનો વિવાહ કરી આવ્યા વિષેની વાત કરતા તુલસાંબેને કહ્યું કે પિતાજી, આવી રીતે તમે બીજી જ્ઞાતિમાં વિવાહ કરી આવ્યા તે બહુ જ ખોટું કાર્ય કર્યું. કારણ કે બીજી જ્ઞાતિમાં આપણી દિકરી કેમ દેવાય?.... જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે તુલસાં તે બ્રાહ્મણ છે કે જેથી કંઈ હરકત નહિ... વળી આપણા અહોભાગ્ય કે આપણા ઘરમાં અન્યમાર્ગીયના પ્રવેશ નહિ થતા શ્રી મહાપ્રભુજીના સેવક એટલે કે વૈષ્ણવનો પ્રવેશ તો થયો કહેવાશે... આવું કંઈ નહિ સાંભળતા એક પ્રકારે વિરોધ કરનારા તુલસાંબેને કહ્યું કે પિતાજી, એ કદી પણ નહિ બને. કારણ કે જ્ઞાતિમાં કે સમાજમાં નિંદા થશે માટે કરેલો વિવાહ(સગાઈ) ફેરવો. આ વાત સાંભળીને પદ્મનાભદાસજી તો ઘરમાં જઈને એક ચપ્પુ શોધી લાવીને તુલસાંબેનને કહ્યું કે તુલસાં ... સારૂ... લે આ ચપ્પુ અને જે અંગૂઠે મેં ચાંદલો-તિલક કરેલ છે તે મારા આ અંગુઠાને કાપી નાખ... પિતાજીની આવી દ્રઢતા જોઈને જોઈને તુલસાબેને કહ્યું કે એમ અંગુઠો ક્યાંય કપાતો હશે. જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે તો શું આ હાથે કરેલો વિવાહ(સગાઈ) ક્યાંય ફેરવાતો હશે. ?.... માટે દિકરી પ્રાણ જાય તો પણ કરેલો વિવાહ (સગાઈ) તો હવે ન ફેરવાય..... બેટા, ન ફેરવાય... સમજીને... પિતાજીનો આવો ભાવ જાણીને તુલસાબેને પિતાજીની વાતને માન્ય રાખતાં કહ્યું કે ભલે... થયું તે થયું જેથી ભગવદ્ ઈચ્છા.

સમાજનો ડર રાખનારા જીવોની ભાવનાઓ કેવી હોય છે.?.... તે પણ એક બીજો નમુનો જોઈએ કે તુલસાં બેનનું સમાધાન થઈ ગયા પછી તુલસાં બેનના મામાને આ વાતની ખબર પડતા તે પદ્મનાભદાસજી પાસે આવ્યા અને કેમ જાણે સમાજમાં પોતે એકલા જ રહેતા હોય તેમ સમજાવીને કહેવા લાગ્યા આવી રીતે તમે નાનીનો વિવાહ(સગાઈ) કરી આવ્યા છો તો નાતજાતમાં તેમજ સમાજમાં તો નાક જ કપાય કે બીજું કંઈ થાય ?.... અમારા જેવોને પૂછવું તો હતું?... વળી આવું કરતા પહેલા ચાર માણસોને પૂછીએ તો ખરા?.... તમે તો ભગત જેવા થઈને ફરો પણ હવે સમાજનું સાંભળવું તો અમારે ને ?..... પણ..... હવે તમને કહેવું પણ શું?... ઠીક હવે આપણે એક રસ્તો કાઢીએ કે જે જ્ઞાતિના છોકરા સાથે તમે નાનીનો વિવાહ(સગાઈ) કરી આવ્યા છો તે છોકરાને તેઓની જ્ઞાતિમાં કન્યા મળે છે કે જેથી જો તમે કહેતા હો તો છોકરાનો વિવાહ(સગાઈ) તેમની જ્ઞાતિના જ વૈષ્ણવની કન્યા સાથે નક્કી કરી આપું જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે સારૂ... પણ ઠીક છે.... એટલે હવે તમે એવું કરો કે બીજી જ્ઞાતિના વૈષ્ણવની કન્યા તેમજ આપણી કન્યા એમ બંને કન્યાઓનો વિવાહ(સગાઈ) આ વૈષ્ણવ છોકરો સાથે કરી આપો વળી આ બંને કન્યાઓને તેજ છોકરા સાથે પરણાવી દઈશ. અને આમ કરવાથી બે કન્યાદાન આપવાનો બમણો લાભ પણ મને મળશે. માટે જો આવું હોય તો જાવ....ખુશીથી નક્કી કરી આવો પદ્મનાભદાસજીની આવી વાત સાંભળીને તુલસંબેનેના મામા તો બીલકુલ ચુપ જ થઈ જતા મુંગે મોઢે જતા જ રહ્યા... આમ પોતાના કુંટુબના કે કે જ્ઞાતિના અન્ય સગ્ગા સંબંધી સૌ કોઈએ થોડાક દિવસો સુધી મનમાં આવે તેમ બોલીને ધાંધલ મચાવી પંરતુ કોઈનું કાંઈ ચાલી શક્યું નહિ. આખરે પદ્મનાભદાસજીએ તો 'પોતાની ભાવના' અનુસાર જે છોકરાને ચાંદલો-તિલક કરેલા હતા તે જ છોકરા સાથે નાની દિકરીના લગ્ન કરીને એક પ્રકારે કહેવાતી લૌકિક ફરજમાંથી મુક્ત થયા. પછી જ્ઞાતિવાળા કે કુંટુંબીઓ વી. બોલવાવાળા સૌ બોલતા રહ્યા અને પછી સમય પસાર થતા આખરે સૌ ચુપ થઈ ગયા. એટલે સમયમાં રહીને લૌકિક-વૈદિક કાર્યો પ્રત્યેનો " ખોટો ડર કે પછી ખોટી શરમ " છોડી દઈને કેવળ પ્રભુનો આશ્રય રાખીને જો પાતોના દરેક કાર્યો કરવામાં આવે તો લૌકિક-વૈદિક પણ પોતાને વિઘ્નરૂપ થઈ શકતા નથી એવો પ્રભુના આશ્રયનો આ એક પ્રભાવ બતાવ્યો.

આમ પદ્મનાભદાસજી " ખોટા ડરને અને ખોટી શરમને " છોડી દઈને પોતાની નાની દિકરીના લગ્ન બીજી જ્ઞાતિમાં કરેલ હોવાથી સમાજમાં ગુંચવાઈને રેહનારાઓને નિંદા કરવામાં કંઈ બાકી રાખેલ ન હતુ પરંતુ જેઓને પ્રભુનો આશ્રય છે તેઓને વળી સમાજનો ડર કેવો?.... તેમજ તેઓને સમાજ કરવાનો પણ શું હતો?... બાકી આશ્રય દ્રઢ જોઈએ. પરિણામે નિંદા કરનારાઓ થાક્યા તો ખરા પરંતુ જેઓ નિંદા કરતા હતા તેઓ બધાય થોડાક સમય પસાર ગયા પછી પદ્મનાભદાસજીની તો પ્રશંસાજ કરવા લાગ્યા હતા. એટલે સમજો કે લૌકિક જીવોની મનોદશા એવી હોય છે કે ઘડીકમાં આમ... અને ઘડીકમાં તેમ... મનની સ્હેજ પણ સ્થિરતા હોતી જ નથી. એટલે આવા લૌકિક જીવો ઘડીક ઘડીકમાં આવી ફરતી વાતો કરીને પોતે પોતાની જ મુર્ખાઈનું પ્રદર્શન કરી બતાવતા હોય છે. બાકી જેવી તેવી વાતો કરવાથી ભગવદ ભક્તોનું સ્હેજ પણ અહિત થતું જનથી. હવે પદ્મનાભદાસજીના આ ભાવ ઉપરથી એ સ્પષ્ટ સમજાય છે કે ભગવદ ભક્ત અથવા તો અન્ય કોઈપણ જીવ જો સમાજનો ખોટો ડર કે પછી ખોટી લાજ શરમ કદાચ રાખે તો પોતાને જે કાર્ય કરવાનું છે તે કાર્ય પોતે કદીપણ કરી શકશે નહિ.

સમયની ગતિએ સમય પસાર થતા પદ્મનાભદાસજી પ્રત્યે જેઓને તિરસ્કાર ભરેલી દ્રષ્ટિ હતી અથવા તો સમાજના લોકો ખરાબ બોલતા હતા તેજ લોકો સારૂ બોલવા લાગ્યા હતા. કે જેના કારણે પદ્મનાભદાસજીનું એક પ્રકારે મહાત્મય પણ કનોજમાં બહું જ વધી જવા પામેલ હોવાથી પદ્મનાભદાસજી સામે કોઈ કાંઈ બોલી શકતા ન હતા અને ઉલટા વિનયપૂર્વક પ્રણામ કરીને સૌ પ્રશંસા કરતા હતા.

ત્યારબાદ, આ કનોજમાં એક ક્ષત્રાણિ રહેતી હતી કે જે અગાઉ પદ્મનાભદાસજીની યજમાન હતી. આમ આ ક્ષત્રાણિએ " ગૃહસ્થી તરીકે " ઘણાય લાંબા સમય સુધી જીવન જીવેલ હોવા છતાંય પોતાને ત્યાં કંઈપણ સંતાન થયેલ નહિ હોવાથી ઘણા વિદ્વાનો અને જોશીઓના કહેવા પ્રમાણે પૈસાનું પાણી કરી કરીને વ્રત-જપ વી. ઘણાય કાર્યો કરેલા પરંતુ આશા આશામાં જ સમાઈ ગઈ અને પૈસા પાણીમાં ગયા એટલે કે સંતાનની પ્રાપ્તિ તો ન જ થઈ તે ન જ થઈ.

આમ કરતા કરતા ગામમાં પ્રસરી રહેલા પદ્મનાભદાસજી મહાત્મયના ના આધારે કોઈ એક અનુભવીએ આ ક્ષત્રાણિને કહ્યું કે આપણા ગામમાંફલાણા ઠેકાણે પદ્મનાભદાસજી કરીને એક મહાન ભગવદીય વૈષ્ણવ રહે છે તેમની પાસે તમેજે માંગશો તે મલશે. બાકી આમ તો તમારા પૈસાનું પાણી થઈ જશે. વળી મારૂ માનો કે ' પ્રભુના ભક્તો સિવાય કોઈ સંતાન આપી શકવાના નથી." એટલે ફરી ફરીને તમને કહું છું કે તમે તેમને ત્યાં જઈને દીનતા પૂર્વકની વિનંતી કરજો. આ વાત સાંભળીને ક્ષત્રાણિએ કહ્યું કે સારૂ... ભાઈ.... ત્યાં જઈશ.... પછી આ ક્ષત્રાણિ પદ્મનાભદાસજીના ઘેર ગઈ તો હતી પરંતુ પદ્મનાભદાસજી મલ્યા નહિ અને પછી તો " ગરજવાનને અક્કલ ન હોય" એ નિયમે બીજા દિવસે ગઈ, ત્રીજા દિવસે ગઈ અને ચોથા દિવસે પણ ગઈ છતાંય ...... પદ્મનાભદાસજીનો મિલાપ થાય નહિ અરે... ક્યાંથી થાય?... કારણ કે સ્વાર્થી લૌકિક આસક્તિવાળા જીવોને જે તાલાવેલી થઈ છે તે બરાબર દ્રઢ કરાવ્યા સિવાય મિલાપ થાય તો પણ શું. કામનું ? એટલે આવા કારણે પદ્માનાભદાસજીનો મિલાપ થાય પણ કેમ?...... આમ આવા પ્રકારના વાતાવરણ અંગે પોતાના મનને સ્હેજ પણ ડરાવ્યા સિવાય આ ક્ષત્રાણિતો પદ્મનાભદાસજી ના ઘેર રોજ જવા લાગી હતા. આમ આ ક્ષત્રાણિ એ રોજ પોતાને ઘેર આવતી હોવાથી એક દિવસ તુલસાંબેને પૂછ્યું કે બેન, તમે રોજ આવો છો તો

શું કંઈ કાર્યોર્થે આવો છો?... જવાબમાં ક્ષત્રાણિએ કહ્યું કે બેન... મારે ત્યાં ઘણા લાંબાં સમય થયા એકેય સંતાન નથી તેથી સંતાન પ્રાપ્તિના ઉપાય માટે તમારા પિતાજીના દર્શન કરવા રોજ આવુ છું.... પરંતુ... મારા કમભાગ્યે તેમના દર્શન .... થતા નથી. હવે તમારા પિતાજીને મારાવતી આટલી વિનંતી કરજો કે આ બાબતમાં મને કંઈ યોગ્ય કરી આપે. આમ આવું કહીને આ ક્ષત્રાણિ પોતાની ઘેર જતી રહી.....

બીજા દિવસે - આ ક્ષત્રાણિ જ્યારે પદ્મનાભદાસજી ના ઘેર પાછી આવી ત્યારે તુલસાં બેનને ગઈ કાલની વાત યાદ આવી જતા પદ્મનાભદાસજીને કહ્યું કે પિતાજી.... આ બેનને સંતાન નથી તેથી તે બિચારા.... રોજ આવે છે માટે યોગ્ય .... લાગે તેમ કરો. હવે " ભક્તોના હૃદય એટલા બધા કોમલ હોય છે કે જેનાથી સામાનું દુઃખ જરાય સહન થઈ શકતું નથી". આમ આવા હૃદયના આધારે જેની આંખોમાંથી ટપક-ટપક આંસુઓ પડી રહ્યા છે તેવી માત્ર લૌકિક કામનાવાળી ક્ષત્રાણિ તરફ દ્રષ્ટિ કરતા જ પદ્મનાભદાસજીના હૃદયમાં દયાએ પ્રવેશ કર્યો અને પરિણામે ચંપકલત્તાના ગુપ્ત સ્વરૂપ વાળા પદ્મનાભદાસજીના હૃદયમાં દયા આવી જતા આ ક્ષત્રાણિ પ્રત્યે સ્હેજ વિચાર કરીને તુલસાંબેનને જલ લાવવાનું કહેતા તુલસાંબેન જલ લાવ્યા અને પિતાજી પાંસે રાખીને પોતાના કાર્યોર્થે પાછા જતા રહ્યા. પછી કોટીમાં વિરલા એવા પદ્મનાભદાસજીએ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને પોતાના હૃદયમાં પધરાવીને ક્ષત્રાણિને અંદર બોલાવતા કહ્યું કે બેન... અહીં અંદર આવો. હવે ભગવદ્ ભક્તો પર રાખેલા વિસ્વાસ ના આધારે ક્ષત્રાણિ અંદર આવતા પદ્મનાભદાસજીએ કહ્યું કે આ મારા અંગુઠાનો જલથી ધોઈને તે જલનું ચરણોદક તરીકે પાન કરો. આમ લૌકિક જીવ તરીકે કહેવાતી આ ક્ષત્રાણિએ તો " કંઈ પણ શરમ રાખ્યા સિવાય" મહાન ભગવદ્ ભક્ત જેવા પદ્મનાભદાસજીએ બતાવેલા અંગુઠાને જલથી ધોઈને તે જલનું ચરણોદક તરીકે પાન કર્યુ એટલે કે પીધું. આવા. .. જલનું પાન કરતા પદ્મનાભદાસજીએ આ ક્ષત્રાણિ પર દ્રષ્ટિ કરતા કહ્યું કે હવે... તમે જાવ... અને તમને એક પુત્ર થશે કે જેનું નામ મથુરાદાસ .... રાખજો.

બાદ સમય પસાર થતા થતા દશેક માસ પસાર થયા હશે એવામાં આ ક્ષત્રાણિને એક પુત્ર થયો અને પદ્મનાભદાસજીના સુચન મુજબ આ પુત્રનું નામ મથુરદાસ રાખ્યું આ ભકતોના સામર્થ્ય તરીકે આવા પ્રભાવથી તો પદ્માનાદાસજીએ " ઘણાય જીવોની કામમા પૂર્ણ કરેલી હતી... ..." કે જેથી સમાજમાં જે લોકો પદ્મનાભદાસજીના નામથી અજ્ઞાન હતા તે બધાયને પદ્મનાભદાસજીના સ્વરૂપ પ્રત્યે અલૌકિક જ્ઞાન થવા લાગ્યું હતુ.

હવે પદ્મનાભદાસના આવા કાર્ય અંગે અહીં એક શંકા થવા સંભવ છે કે વૈષ્ણવ (ભક્ત) થઈને પોત પોતાની આવી મોટાઈ કદી પણ કરી બતાવે નહિ તો પછી પદમનાભદાસજીએ આવું શા માટે કર્યું હશે?. આમ આ શંકાના સમાધાન તરીકે એ ભાવ બતાવવામાં આવે છે કે આમ લૌકિક તુચ્છ કામનાઓ માટે પ્રભુને શ્રમ શા માટે આપવો?... આમ પ્રભુને શ્રમ નહિ આપવાના હેતુએ પદમનાભદાસજીએ પોતે પોતાના અંગુઠાનું ચરણોદક આપ્યું. વળી આમ પોતાનું ચરણોદ આપવામાં પોતાને કર્તાપણા તરીકેનો ભાવ પણ પોતાના હૃદયમાં ન હતો. કારણ કે પદમનાભદાસજીના હૃદયમાં શ્રી મહાપ્રભુજી સદા- સર્વદા બિરાજમાન છે કે જેથી કેવળ શ્રી મહાપ્રભુજીના ભાવથી જ પોતે ચરણોદક આપ્યું હતુ એટલે આવા કાર્યો આવા ભક્તોને માટે બાધક નથી. બાકી પોતાપણાનો જો સ્હેજ પણ ભાવ હોત તો " ક્ષત્રાણિનું જે કાર્ય સિદ્ધ થયું તે સિદ્ધ થાત પણ નહિ" .. એટલે ટુંકમાં એટલું જ કે આવા ભગવદ્ ભક્તો પોતાની ઈચ્છાથી કંઈ પણ નહિ કરતા કેવળ પ્રભુની ઈચ્છાનુસાર જ સર્વે કાર્યો કરતા હોય છે. બાકી સિંહના ટોળામાં ન હોય, બકરા- ઘેટાના ટોળા હોય એટલે.... સિંહ તરીકે કહેવાતા આવા ભગવદ્ ભક્તો મલવા જોઈએ. અને..... મલ્યા પછી તેઓની કૃપા મેળવવી જોઈએ અને કૃપા... મેળવ્યા પછી હૃદયમાં ભાવ થવો જોઈએ અને હૃદયમાં ભાવ થયા પછી તે ભાવ પ્રગટ થવો જોઈએ અને... ભાવ પ્રગટ થયો કે બસ જીવના બધાય મનોરથો પૂર્ણ થયા જ સમજો.... વિશેષમાં તો પ્રભુએ જે જીવોને "રહસ્યનું દાન" કરેલ હશે તેઓ જ આ વસ્તુને સમજી શકાશે અન્ય કોઈ નહિ.

ત્યારબાદ પદમનાભદાસજીના મનમાં એવો ભાવ થયો કે શ્રી મહાપ્રભુજીની સેવા અર્થે અડેલમાં રહું તો સારૂં !... અને પછી " નિજ ઈચ્છાતઃ કરિષ્યતિ" મુજબ થયું પણ એવું જ કે પોતાના સેવ્ય સ્વરૂપ શ્રી મથુરેશજીને પધરાવીને પદમનાભદાસજી પોતાના કુંટુબ સહિત અડેલમાં આવ્યા. બાદ ઘર વસાવીને સૌ અડેલમાં વાસ કરીને રહેવા લાગ્યા આમ અહી અડેલમાં રહીને સૌ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની સેવા કરતા તેમજ પોતાની સ્ત્રી અકકાજીની (શ્રી મહાલક્ષ્મીજીની સેવામાં રહેતા હતા.) હવે આવા પ્રકારની સેવા સાથે શ્રી મહાપ્રભુજીના મુખારવિંદ દ્વારા શ્રી સુબોધિનીજીમાં રહેલા ગુઢ રસનું પાન નિત્ય કરતા હતા. અને પછી તો ધીમે ધીમે કોઈ વાત ગુપ્ત રાખ્યા સિવાય.... અવર્ણીય કૃપા કરીને શ્રી મહાપ્રભુજીએ શ્રી પુષ્ટિમાર્ગનું તત્વ (રહસ્ય) પદમનાભદાસજીને નિત્ય સંભળાવીને સમજાવતા

હોવાથી શ્રી પુષ્ટિમાર્ગનું રહસ્ય પદમનાભદાસજીના હૃદયમાં સંપૂર્ણ રીતે દ્રઢ થઈ ગયું અને આખરે પદ્મનાભદાસજી પોતે શ્રી મહાપ્રભુજીના હૃદયરૂપે જ થઈ ગયા.

આમ કરતા કરતા થોડાક સમય પસાર થઈ જતા એક દિવસ વૈષ્ણવ સમાજ સહિત શ્રી મહાપ્રભુજી અડેલથી પ્રયાગ પધાર્યા (અલ્હાબાદ પાસે આવેલ શ્રી યમુનાજીના એક કિનારે અડેલ છે અને સામે કિનારે પ્રયાગ છે) કે જ્યાં એક વૈષ્ણવ ઘરમાં મુકામ કરીને બિરાજ્યા. પછી રાત્રિના સમયે વૈષ્ણવ સમાજની વિનંતીથી શ્રીમુખે " કથામૃતનું " પાન કરવા લાગ્યા. આમ પાન કરાવતા કરાવતા બહુ જ મોડુ થઈ ગયું. એટલે કે એક પહોર જેટલી રાત્રી વિતી ગઈ. આમ એક પહોર જેટલી રાત્રિ વીતી ગયેલ હોવા છતાંય રાત્રિના આ સમયે.... વૈષ્ણવ સમાજ વચ્ચે શ્રી મહાપ્રભુજી એ એક એવી આજ્ઞા કરી કે અત્યારે અડેલથી શ્રી મહાલક્ષ્મીજી (શ્રી મહાપ્રભુજીના વહુજીને) પધરાવી લાવે એવું કોણ છે?.... શ્રી મહાપ્રભુજીની આવી આજ્ઞા ના આધારે વૈષ્ણવો સૌ વિચારમાં પડી ગયા કે અત્યારે ઘોર અંધકાર જેવી રાત્રિના સમયે અડેલ કેમ જવાય!..... પરિણામે કોઈ તૈયાર નહિ થતા " કોટીમાં વિરલા " એવા પદ્મનાભદાસજી પોતે શ્રી મહાપ્રભુજી ને દંડવત્ પ્રણામ કરીને ચાલતા થયા. હવે બીજા વૈષ્ણવો જે બેઠા હતા તેઓ બધા અંદરો અંદર વાતો કરવા લાગ્યા કે બ્રાહ્મણ મૂર્ખો બનશે કે બીજુ કાંઈ!... અત્યારે નાવવાળા કોણ બેઠા હશે?..... વળી પધરાવવા ગયો તો છે પણ તે કેવી રીતે પધરાવી લાવવાનો હતો?... એટલે હેરાન થઈને હમણા પાછો આવશે .'આમ સૌ વાતો કરતા રહ્યા અને એક પદ્મનાભદાસજી તો ચાલતા ચાલતા શ્રી યમુનાજી કિનારે આવતા કિનારા પર નાવ ઉભી રાખીને એક છોકરાને ...... ઉભેલો જોયો અને પછી પદ્મનાભદાસજી નજીક આવતા આ..... છોકરાએ પૂછ્યું કે તમારે શું સામા કિનારે જવું છે.?... જવાબમાં પદમનાભદાસજીએ કહ્યું કે હા, જવુ તો છે પણ ....પદ્મનાભદાસજીના આટલા શબ્દો સાંભળીને આ છોકરાએ... પ્રેમથી કહ્યું કે તમે ગભરાવ નહિ " મારે પણ સામા કિનારે જવું જ છે." તેથી આવો નાવમાં બેસી જાવ. છોકરાનો આવો પ્રેમ- ભાવ જોઈને બીજો કંઈ વિચાર નહિ કરતા પદ્મનાભદાસજીતો નાવમાં બેઠા અને....

પછી સમજો કે આંખના એક પલકારામાં આ નાવ તો સામા કિનારે એટલે કે અડેલ તરફના કહેવાતા કિનારે આવી પહોંચતા પદ્મનાભદાસજીને નાવમાંથી ઉતારીને આ નાવવાળા છોકરાએ પૂછ્યું કે તમે પાછા પ્રયાગ આવવાના છો !.... જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે હા , હમણા, જ પાછો આવું છું માટે નાવ ઉભી રાખજો. આમ આવું કહીને પદ્મનાભદાસજી અડેલ ગામમાં જઈને શ્રી મહાપ્રભુજીના નિવાસસ્થાને બિરાજી રહેલા શ્રી મહાલક્ષ્મીજી પાસે ગયા અને વિનંતી કરીને શ્રી મહાલક્ષ્મીજીને સાથે પધરાવીને શ્રી યમુનાજીના કિનારે આવી પહોંચ્યાં. આમ કિનારે આવતા વાતચીત થયેલ મુજબ નાવ ઉભી રાખીને છોકરો તો ઉભેલો હતો કે જેથી શ્રી મહાલક્ષ્મીજીને નાવમાં પધરાવીને બિરાજમાન કર્યા પછી પોતે પણ નાવમાં બેઠા...નાવ ચાલ્યું.. અને પછી શ્રી યમુનાજીની લહેરોને ઝીલતા ઝીલતા પોતપોતાનું કાર્ય પૂર્ણ કરવા અર્થે આનંદ સાંગરમાં ડુબેલા એવા આ ત્રણેય સ્વરૂપો ... પ્રયાગ તરફના કિનારે આવી પહોંચતા શ્રી મહાલક્ષ્મીજીને નાવમાંથી ઉતારીને પદ્મનાભદાસજી તો પ્રયાગમાં વૈષ્ણવના ઘેર કે જ્યાં શ્રી મહાપ્રભુજી બિરાજમાન હતા ત્યાં જવાને શ્રી મહાલક્ષ્મીજી સહિત ચાલતા થયા. હવે ચાલતા ચાલતા પદ્મનાભદાસજીએ પાછળ સ્હેજ દ્રષ્ટિ કરીને જોયું તો કિનારા પર ન તો દેખાય નાવ કે ન તો દેખાય તે છોકરો... એટલે સમજો કે આ બની ગયેલી એક અલૌકિક લીલાનાં આધારે નાવ અને છોકરો અદ્રશ્ય થઈ ગયા હતા. ....

તે પછી શ્રી મહાલક્ષ્મીજીને પધરાવી લાવીને પદ્મનાભદાસજીને શ્રી મહાપ્રભુજી પાસે આવીને દંડવત્ પ્રણામ કર્યા અને રસ્તામાં બની ગયેલી લીલાનૂં સર્વ વૃતાંત કહી સંભળાવતાં શ્રી મહાપ્રભુજીએ " સ્હેજ હાસ્ય" કરીને આજ્ઞા કરી કે સારૂ... જાવ, હવે સૂઈ જાવ, શ્રી મહાપ્રભુજીના આજ્ઞાઅનુસાર પદ્મનાભદાસજી તો જ્યાં બધાય વૈષ્ણવો સૂતા હતા ત્યાં આવ્યા અને સૂઈ જવાની તૈયારી કરતા સૂઈ રહેલા વૈષ્ણવોમાંના જેઓ જાગતા હતા તેઓએ પદ્મનાભદાસજીને પુછ્યું કે શ્રી મહાલક્ષ્મીજીને પધરાવી લાવ્યા/... જવાબમાં પદ્મનાભદાસજીએ બનેલી વસ્તુસ્થિતિનો ખ્યાલ કરાવ્યો પણ શ્રી મહાપ્રભુજીના આ... માર્ગના મર્મને નહિ જાણનાર એવા આ વૈષ્ણવો કહેવા લાગ્યા કે આવું કાર્ય કરીને તમે પ્રભુ ને બહુ જ શ્રમ કરાવ્યો. ભલે તમે તમારા મનથી કદાચ ઉત્તમ કાર્ય કર્યું હોય તેવું માનતા હો પરંતુ તમે પ્રભુને જે શ્રમ કરાવ્યો તે અયોગ્ય જ કર્યુ,... આવું સાંભળીને પદ્મનાભદાસજી મોન રહ્યાં અને કંઈપણ બોલ્યા સિવાય સૂઈ ગયા.

પ્રાતઃકાલ થતા સૌ જાગ્રત થયા અને પોત પોતાના કાર્યોમાંથી પરવારીને સૌ વૈષ્ણોવો શ્રી મહાપ્રભુજી પાસે આવ્યા અને દંડવત્ પ્રણામ કરીને વિનંતીથી કહેવા લાગ્યા કે રાજ, બ્રાહ્મણે (પદ્મનાભદાસજી) કાલે રાત્રે પ્રભુને શ્રમ કરાવ્યો

છે. .... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે જે બન્યું છે તે મારી ઈચ્છાથી જ બન્યું છે માટે તમે કોઈ પદ્મનાભદાસજીને કંઈ કહેશો નહિ. બાકી પોત પોતાની યોગ્યતા માનીને ગમે તેવી કલ્પના કરીને શ્રમ કરાવ્યો છે - એવું ન માનો. પ્રભુની લીલાને સૌ જાણી શકતા નથી એટલે શ્રી પદ્મનાભદાસજીએ પ્રભુને શ્રમ કરાવ્યો નથી પણ... વિયોગથી જે શ્રમ થઈ રહ્યો હતો તે શ્રમ ઉલ્ટો દૂર કરાવ્યો છે. શ્રી મહાપ્રભુજીની આ આજ્ઞાથી એ સ્પષ્ટ સુચન થાય છે કે શ્રી મહાપ્રભુજી અને શ્રી મહાલક્ષ્મીજી એમ આ બન્ને સ્વરૂપો વચ્ચે જે વિયોગ હતો તે વિયોગને દૂર કરીને બન્ને સ્વરૂપનો જે સંયોગ (મિલાપ) કરાવ્યો તેજ થઈ રહેલા શ્રમનું નિવારણ કર્યું અરે... એટલું જ નહિ પરંતુ વિયોગમાંથી સંયોગ કરાવીને શ્રી મહાપ્રભુજી અને શ્રી મહાલક્ષ્મીજી એમ આ બન્ને સ્વરૂપોના " પરમ સુખ" માટેની એક પ્રકારે ઉત્તમ સેવા પણ કરી બતાવી છે. એટલે " સ્વામીના હૃદયને સમજીને " કેવળ તેમના સુખાર્થે જ જે સેવા કરવામાં આવે તે જ સેવા કરી કહેવાય. બાકી તો ઠીક.... સૌ સેવા કરે જ છે ને ?.....

હવે આમ રાત્રિના સમયે શ્રી મહાલક્ષ્મીજીને પધરાવી લાવવાની શ્રી મહાપ્રભુજીએ જે આજ્ઞા કરી હતી તે આજ્ઞા પાછળ રહેલો ગુપ્ત ભાવ એવો હતો કે આ રાત્રિના સમયે શ્રી મહાલક્ષ્મીજીને ગર્ભમાં શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી) ના પ્રાકટ્ય તરીકેની સ્થિતિ સ્થિર થવાની હોવાથી પદ્મનાભદાસજીએ આ રાત્રિના સમયે જ શ્રી મહાલક્ષ્મીજીને અડેલથી પધરાવી લાવવાની " ગૂઢ" ભાવવાળી સેવા કરી કે જે સેવા દ્વારા યુગલ સ્વરૂપ એટલે કે શ્રી મહાપ્રભુજી અને શ્રી મહાલક્ષ્મીજી " સંયોગ સુખ તરીકે કહેવાતા પરમ સુખ ને પામ્યા કે જે પરમ સુખ દ્વારા શ્રી મહાલક્ષ્મીજી એ સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ તરીકે કહેવાતા શ્રી વિઠ્ઠલેશ ચરણને ધારણ કર્યા. એટલે આમ આ રહસ્યની દ્રષ્ટિએ એ વિચાર કરો કે પદ્મનાભદાસજી એ પોતે કેરલી સેવાદ્વારા ભવિષ્યમાં દેવી જીવો પર કેટલી કૃપા કરી કહેવાય. ટુંકમાં કે રાત્રિનો સમય કેમ ?... આજ્ઞા કરનારા શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ કેવું?..... પદ્મનાભદાસજીનું સ્વરૂપ કયું?.... શ્રમ જેવું માનનારા વૈષ્ણવોના સ્વરૂપો કયાં?.... નાવ કઈ?... છોકરાનું સ્વરૂપ કયું?.... વળી છોકરાનું સ્વરૂપ સાક્ષાત્ શ્રી ઠાકોરજીનું સ્વરૂપ ખરુ કે કેમ?... શ્રી મહાલક્ષ્મીજી નું સ્વરૂપ કયું?. શ્રી યમુનાજીનું સ્વરૂપ કયું... શ્રી યમુનાજીની લહેરો કઈ?. .. શ્રી ગુંસાઈજીનું સ્વરૂપ કયું ?.. વી, વી. તો તેઓ જ સમજી શકે કે જેઓ "રસરૂપી આ પ્રેમ માર્ગમાં રંગાયા હોય".... બાકી વાંચનની કે પછી કેવળ એક પ્રકારના જ્ઞાનની દ્રષ્ટિએ કદાચ કંઈક સમજી શકાય તો ખરું પરંતુ હૃદયથી તો ત્યારે જ સમજાય કે જયારે "ખરેખર... રંગાયા જ હોય " વળી રંગાવા રંગાવામાં ફેર હોય છે કારણકે હાલના આ સમયમાં તો ચોતરફ રંગબેરંગી રંગો ઉડી જ રહ્યા છે માટે જોજો હો.. "ધર્મરૂપના" અસલી રંગથી રંગવાને બદલે પાછા કયાંય "કર્મરૂપેના" નકલી રંગથી રંગાઈ ન જવાય... તે પછી આ પ્રયાગમાં બિરાજીને જે કાર્ય પૂર્ણ કરવાનુ હતુ તે કાર્ય.. પુર્ણ કરીને નિજ સમાજ સહિત શ્રી મહાપ્રભુજી અડેલ પધાર્યા.

થોડાક દિવસો પસાર થયા પછી..

શ્રી મહાપ્રભુજી વિચાર કરવા લાગ્યા કે દામોદર સંભલવાલાની લીલામાં પ્રાપ્તિ થઈ અને પદ્મનાભદાસજી અહીં અડેલમાં આવી રહ્યા છે કે જેથી આ બનેંની દેખાતી ખોટના આધારે કનોજમાં વસી રહેલા અન્ય વૈષ્ણવોનો "સ્વધર્મ" તરીકેનો ભાવ શિથિલ થઈ રહ્યો છે એટલે હવે પદ્મનાભદાસજીને કનોજ મોકવલા ઉચ્ચીત છે. પરંતુ પદ્મનાભદાસજી કનોજ જાય તેવું દેખાતું નથી છતાંય... હવે કંઈક કરવું તો પડશે જ. એવો વિચાર કરીને સર્વશક્તિમાન એવા શ્રી મહાપ્રભુજીએ એક એવી લીલા કરી કે ધીમે ધીમે પદ્મનાભદાસજીના ઘરમાં દ્રવ્યનો અભાવ કરાવ્યો કે જે અભાવના કારણે પદ્મનાભદાસજીને દ્રવ્યનો સંકોચ થતો ગયો. એટલે દ્રવ્યની તંગી-ભીડ જણાતા પોતોના કુટુંબના નિર્વાહ અર્થે ખાવા પીવા જેવા ખર્ચ માટે પણ મુશ્કેલી ઉભી થવા પામી. અરે.. એટલું જ નહિ પરંતુ પોતાના શ્રી ઠાકોરજી માટે વસ્તુ લાવીને સારી સારી સામગ્રી કરવાનું પણ અશક્ય બનતા પોતાનો નિર્વાહ પણ કરકસરથી કરવા લાગ્યા.. હવે શ્રી મહાપ્રભુજી અને પદ્મનાભદાસજી એમ આ બંને સ્વરૂપો હૃદયથી એક જ હોવા છતાંય પદ્મનાભદાસજીનુ એવું બન્યું તો પછી સામાન્ય જીવોની તો વાત જ કયાં કરવી?... એટલે સમજો કે પદ્મનાભદાસજી એક પ્રકારે કહેવાતી સાધન દશામાંથી નિઃસાધન દશામાં પલટાઈ ગયા. આમ પદ્મનાભદાસજીની આવી પરિસ્થિતિને જોતા લૌકિક બુદ્ધિવાળા જીવો કે જેઓ પોતાને કે અન્યને કેવળ " ધનથી જ " સુખી માની રહ્યા છે તેવા જીવો પ્રભુની આવા પ્રકારની લીલામાં શું સમજી શકવાના હતા કે પ્રભુની આવી લીલા દ્વારા ક્યા જીવો પર કૃપા વરસાવાની હશે?... એટલે આવી લીલા પાછળ રહેલા ભેદને તો તેઓ જ સમજી શકે કે જેઓ કેવળ પ્રભુ ઈચ્છાને આધીન થઈને પોતાને આપેલો પાઠ ભજવતા હોય...

હવે પલટાઈ ગયેલી પોતાની આવી પરિસ્થિતિમાં પણ કેવળ પ્રભુ ઈચ્છા માનીને પદ્મનાભદાસજી કરકસર કરીને માત્ર સામાન્ય વસ્તુઓ લાવીને જે રીતે બની આવી તે રીતેની સામગ્રી સિદ્ધ કરીને શ્રી ઠાકોરજીને ભોગ ધરતા અને પછી પ્રસાદ તરીકે પણ તેજ લઈને પોતાનો તેમજ પોતાના કુટુંબનો જીવન નિર્વાહ ચલાવી રહ્યા હતા. આમ હોવાના કારણે પદ્મનાભદાસજી આખરે એ રીતે પણ જીવન જીવવા લાગ્યા કે દ્રવ્યના અતિશય સંકોચના આધારે સામગ્રીમાં માત્ર છોલા (ચણા) લાવીને શ્રી ઠાકોરજીને ભોગ ધરે પણ એવી રીતે કે છોલા(ચણા) બરાબર સાફ કરે... અને પછી જલમાં ભીંજવી રાખે.. અને પછી બીજા દિવસે તળિને સામગ્રી સિદ્ધ કરે... અને પછી ભોગ બધાય સમયે આમ તળેલી સામગ્રી તરીકે સિદ્ધ કરેલા ચણા, ચણાને ચણા જ શ્રી ઠાકોરજીને ભોગ ધરે વળી રાજભોગમાં તો એવું કરતા કે થાળરૂપે કહેવાતી પાતળમાં આ છોલાની (ચણાની) સિદ્ધ કરેલી સામગ્રીની એકેક ઢગલી કરતા જાય અને પોતાના હૃદયના ભાવ મુજબ બોલતા જાય કે પ્રભુ, આ ભાત (સખડી) છે...આ દાળ છે... આ રોટી છે... આ ખીર છે... આ શાક ... આ પુરી છે... આ સંધાણુ છે... રાયતુ છે... આમ આવુ બોલી બોલીને શ્રીઠાકોરજીને ભોગ ધરે અને પછી આરોગવાની વિનંતી કરીને દંડવત્ પ્રણામ કરે. પદ્મનાભદાસજીના આવા પ્રકારના ઉત્તમ ભાવના આધારે શ્રી ઠાકોરજી ભોગમાં ધરેલી બધીય સામગ્રી પ્રેમપૂર્વક આરોગતા હતા કે જેથી દરેક વસ્તુનો સ્વાદ પણ વસ્તુના નામ પ્રમાણે જ આવતો હતો. એટલે સમજો કે ઘરના સૌ કોઈ પ્રસાદરૂપે આ છોલા (ચણા) જ લઈને પોતાના પલટાયેલા જીવનના દિવસો આનંદથી પસાર કરતા હતા.

આમ પ્રભુની ઈચ્છાએ જીવન જીવતા વળી થોડાક દિવસો વિત્યા. આવામાં એક દિવસ પદ્મનાભદાસજીના ઘેર એક લૌકિક દ્રષ્ટિવાળા વૈષ્ણવ આવ્યા. આ સમયે શ્રી ઠાકોરજી રાજભોગ આરોગતા હતા કે જેથી દર્શન કરીને જ જાવ એવી ભાવનાએ આ વૈષ્ણવ તો દર્શન કરવા અર્થે ઘરમાં બેઠા, બાદ ભોગ સરાવવાનો સમય થતા પદ્મનાભદાસજીએ ભોગ સરાવીને મહાપ્રસાદને એક જગ્યાએ પધરાવ્યો. પછી પોતાના ભાવ પ્રમાણે જેમ કરવાનું હતું તેમ કરીને ટેરાને દૂર કરતા આવેલા વૈષ્ણવોને શ્રી ઠાકોરજીના દર્શન કરાવ્યા. હવે આ વૈષ્ણવ શ્રી ઠાકોરજીના દર્શન તો કર્યા. પરંતુ સાથે સાથે બહારમાં પધરાવેલા મહાપ્રસાદના પણ દર્શન કર્યા કે જે મહાપ્રસાદના દર્શન કરીને પોતાની લૌકિક દ્રષ્ટિના કારણે પોતાના મનમાં પદ્મનાભદાસજીના આવા સેવા પ્રકાર પ્રત્યે સ્હેજ અભાવ આવ્યો કે જે અભાવના કારણે પોતે તરત જ જતા રહ્યા. એટલે આમ જીવ શું લેવા આવે છે?... અને શું લઈ જાય છે?... તેજ સમજવું મુશ્કેલ છે.

તે પછી લૌકિક દ્રષ્ટિવાળા તે વૈષ્ણ શ્રી મહાપ્રભુજી પાસે પહોંચ્યા અને દંડવત્ પ્રણામ કરીને વિનંતિથી કહ્યું કે રાજ, આજે હું પદ્મનાભદાસજીના ઘેર શ્રી ઠાકોરજીના દર્શન કરવા ગયો હયો. દર્શન કરીને ત્યાં મેં એવું જોયું કે પદ્મનાભદાસજી તો શ્રી ઠાકોરજીને ભોગ-સામગ્રી તરીકે માત્ર છોલા (ચણા) જ ધરે છે બાકી બીજું કંઈપણ જોવામાં આવ્યું નહિ. આ લૌકિક દ્રષ્ટિવાળા વૈષ્ણવની આવી વાત સાંભળીને અંતર્યામિ એવા શ્રી મહાપ્રભુજી કંઈ બોલ્યા નહિ કે જેથી આ વૈષ્ણવ પણ ચુપ થઈ રહ્યા... પછી બીજા દિવસે નિજ- ગ્રહે બિરાજી રહેલ શ્રી ઠાકોરજીના રાજભોગ સરાવીને પદ્મનાભદાસજીના ઘરે શ્રી મહાપ્રભુજી પધારતા પદ્મનાભદાસજીએ દંડવત્ પ્રણામ કર્યા અને પછી શ્રી ઠાકોરજીના મંદિરમાં પધાર્યા હવે એક થાળરૂપેની પાતળોમાં અલગ અલગ ઢગલીઓ કરીને શ્રી ઠાકોરજીની સન્મુખ ધરેલી છોલા (ચણા) રૂપેની સામગ્રીના દર્શન કર્યા કે જે દર્શન કરતાં મહાપ્રભુજીએ પૂછ્યું કે પદ્મનાભદાસજી, આ ઢગલીઓ કરીછે તેનો કયો ભાવ છે?... જવાબમાં ગદ્ગદ્ થઈ ગયેલા કંઠે પદ્મનાભદાસજીએ કહ્યું કે રાજ, આ ભાત(સખડી) છે, આ.. દાળ છે, આ રોટલી છે, આ .. ખીર છે, આ .. પુરી છે, આ ... શાક છે, આ.. સંધાણુ છે.. અને આ... રાયતુ છે, આમ જેટલી ઢગલીઓ કરી હતી તે બધીય ઢગલીઓના ભાવ પ્રગટ કરી બતાવતા શ્રી મહાપ્રભુજીનું હૃદય ભરાઈ આવેલ અને પ્રશંસા કરી કે પદ્મનાભદાસજીને ધન્ય છે કે દ્રવ્યનો આટલો બધો સંકોચ હોવા છતાંય શ્રી ઠાકોરજીની સેવા તો હૃદયના ખરા ભાવથી જ કરે છે. શ્રી મહાપ્રભુજીએ પદ્મનાભદાસજીની આવી પ્રશંસા કરી તો ખરી પરંતુ શ્રી મહાપ્રભુજીએ અન્ય કોઈ વૈષ્ણવને આ વાત કરી નહિ... બાદ શ્રી મહાપ્રભુજી નિજ-ગ્રહે પધાર્યા અને ભોજન કરીને શ્રી અક્કાજીને (શ્રી મહાલક્ષ્મીજીને) વાત કરતા કહ્યુ કે દ્રવ્યના અભાવે પદ્મનાભદાસજી બહુજ સંકોચમાં આવી ગયા છે કે જેથી શ્રી ઠાકોરજીને ભોગમાં માત્ર છોલા (ચણા) જ ધરે છે... માટે આપણે ત્યાંથી સામગ્રી મોકલતા રહેજો.

શ્રી મહાપ્રભુજીના શ્રીમુખથી આ વાત સાંભળ્યા પછી સાંજના સમયે શ્રી અક્કાજીએ (શ્રી મહાલક્ષ્મીજીએ) શ્રી હસ્તે જ બધી સામગ્રી સિદ્ધ કરીને એક વૈષ્ણવ (ભંડારી) દ્વારા પદ્મનાભદાસજીના ઘરે મોકલાવી. આમ સામગ્રી પોતાના

ઘરમાં આવતા તુલસાં બેને પદ્મનાભદાસજીને કહ્યું કે પિતાજી, જુઓ.... રાજને ત્યાંથી આટલી સામગ્રી આવી છે. તુલસાં બેનની આ વાત સાંભળીને સામગ્રી તરફ દ્રષ્ટિ કરતા ખરેખર આશ્ચર્ય પામીને પદ્મનાભદાસજીએ કહ્યું કે અરે... ગુરુ સમાન શ્રી મહાપ્રભુજીને ત્યાંથી આવી રીતે સામગ્રી આવવાથી અને તે ઘરમાં રાખવાથી તો આપણું બગડે... એટલે બેટા તેમાંથી એક પણ કણ ઓછી ન થાય તેમ સંભાળીને એક ઠેકાણે પધરાવી રાખ. પછી આમ બીજા દિવસે સામગ્રી આવી તેમજ ત્રીજી દિવસે પણ આવી. પરંતુ પદ્મનાભદાસજીના કહેવા મુજબ આ બધી સામગ્રી તુલસાં બેન સાવધાનીપૂર્વક એક ઠેકાણે પધરાવી રાખતા હતા. હવે આમ ઉપરા ઉપરી ત્રણ દિવસ સુધી શ્રી મહાપ્રભુજીને ત્યાંથી સામગ્રી આવેલ હોવાથી પદ્મનાભદાસજીએ વિચાર કર્યો તે આવા પ્રકારે સામગ્રી આવવાથી એજ સુચન થાય છે હવે અહીં અડેલમાં રહેવાનું નથી. એટલે આવા સુચનથી અડેલમાં રહેવું યોગ્ય નથી. આવામાં કાશીમાં રહેતા શેઠ પુરુષોત્તમદાસજીને કંઈક સમાચાર મળેલ હશે કે જેને કારણે તેમના તરફથી પત્ર આવ્યો કે ભાઈજી, શ્રી ઠાકોરજીની સેવા કરતા તેમજ ગ્રહસ્થી તરીકેના કુટુંબ વી. નો નિર્વાહ કરતા દ્રવ્ય માટે જરાય સંકોચ રાખશો નહિ અને તમે સૌ સુખેથી અડેલમાં રહેજો... આમ આવો પત્ર વાંચીને પત્રમાં લખેલો મર્મ સમજીને જવાબ અર્થે પદ્મનાભદાસજીએ પત્ર લખ્યો કે ભાઈજી, આપનો પત્ર મલ્યો છે, વાંચી-સમજીને મેં અતિઆનંદ અનુભવ્યો છે, આપ શ્રી મહાપ્રભુજીના સેવક છો, વળી પરમ ભગદીય પણ છો કે જેથી મારાપ્રત્યે આપે જે પ્રેમ-લાગણી વ્યક્ત કર્યા છે તે બદલ તો બીજું શું લખું?... પરંતુ તેં આપને યોગ્ય છે. બાકી શ્રી મહાપ્રભુજીને ત્યાંથી આવેલી સામગ્રીથી મેં મારો નિર્વાહ કર્યો નથી તેમજ " આવી નવી રીતથી મારો નિર્વાહ કરવા હું ઈચ્છતો પણ નથી".. આમ આવો પત્ર લખી મોકલીને પદ્મનાભદાસજીએ તો રસ્તા- ખર્ચી માટે દ્રવ્યનો જે રીતે બની આવ્યો તે રીતેનો બંદોબસ્ત કરીને કનોજ જવાની તૈયારી કરવા માંડી.

પ્રાતઃકાલ થતા વ્હેલા ઉઠીને શ્રી ઠાકોરજીની સેવાને પહોંચીને અતિ દુઃખ પામતા પદ્મનાભદાસજીએ પોતાના શ્રી ઠાકોરજીને વિનંતી કરી કે " પ્રભુ ... અહી તો જેવો સમય તેવી સામગ્રી જેવું છે"... પરંતુ શ્રી મહાપ્રભુજીને ઘેર ઘણાય પ્રકારજની સામગ્રી હોય કે જેથી આપને ત્યાં પધારવાની ઈચ્છા હોય તો આપને ત્યાં પધરાવું. બાકી મારી તો આ... પરિસ્થિતિ છે. જવાબમાં શ્રી ઠાકોરજીએ અતિ પ્રસન્ન થતા કહ્યું કે તમે જરાપણ ચિંતા ન કરો. મને તો તમારી અને તે પણ તમારા હાથે સિદ્ધ થયેલી સામગ્રી બહુ જ ભાવે છે કે જેથી તમે જે કરશો તે હું પ્રેમથી આરોગીશ... પ્રભુના આવા વચનામૃતનું પાન કરીને શ્રી ઠાકોરજીને સાથે જ પધારવું છે તેવું જાણતા શ્રી ઠાકોરજીને અનોસર કરાવીને અડેલથી પ્રયાણ કરવા માટે સંપૂર્ણ રીતેની તૈયારી થઈ ગયા પછી પદ્મનાભદાસજીએ તુલસાં બેનને કહ્યું કે બેટા, શ્રી મહાપ્રભુજીને ત્યાંથી આવેલી આ જે સમાગ્રી છે તે લઈને શ્રી મહાપ્રભુજીને ત્યાં પાછી પધરાવી આવ. પિતાજીના આ વચનો સાંભળીને તુલસાંબેન તો આવેલી બધી સામગ્રી લઈને શ્રી મહાપ્રભુજીને ઘેર-ભંડારમાં પધરાવીને આવી જતા. પદ્મનાભદાસજી એક નાવ ભાડે કરી આવ્યા. બાદ ઘરમાંથી સૌ વિદાય થતા શ્રી ઠાકોરજીને નાવમાં પધરાવ્યા. દરેક વસ્તુઓ નાવમાં મૂકી અને પોતાના કુટુંબ પરિવારને પણ નાવમાં બેસાડીને પદ્મનાભદાસજી શ્રી મહાપ્રભુજીને ત્યાં આજ્ઞા લેવા માટે ગયા કે જ્યાં જઈને આપશ્રીને દંડવત્ પ્રણામ કરીને કનોજ જવાની આજ્ઞા માંગી. આવામાં ભંડારીએ(વૈષ્ણવે) આવીને કહ્યું કે રાજ, પદ્મનાભદાસજીને ઘેર અહીંથી જે સામગ્રી મોકલી હતી તે તેમણે ભંડારમાં પાછી મોકલી છે.... આ વાત સાંભળીને શ્રી મહાપ્રભુજી સમજી ગયા કે આમ સામગ્રીજ મોકલવાથી જ પદ્મનાભદાસજીએ કનોજ જવાનો વિચાર કર્યો કારણ કે "ગુરૂના ઘરની કોઈપણ વસ્તુ દ્વારા વૈષ્ણવ કદીપણ પોતાનો નિર્વાહ કરે નહિ"... એ ભાવનાએ પદ્મનાભદાસજી હવે અહીં અડેલમાં રહેશે નહિ?.... એવું વિચારીને શ્રી મહાપ્રભુજીએ પદ્મનાભદાસજીને પૂછ્યું કે શ્રી ઠાકોરજી ક્યાં બિરાજે છે?... જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે રાજ... શ્રી ઠાકોરજી નાવમાં બીરાજે છે.... આમ આટલું બોલ્યા અને પોતાના હૃદયને બહુ જ દુઃખ થતા પદ્મનાભદાસજી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં પડી ગયા. પછી થોડીવારે ઉભા થયા પરંતુ પાછા પડી ગયા... વળી ઉભા થયા તો પણ પડી ગયા. પદ્મનાભદાસજીની આવી દશા જોઈને શ્રી મહાપ્રભુજીએ આશ્વાસન આપતા આજ્ઞા કરીકે પદ્મનાભદાસજી, ખેદ નકરો, અમે પણ તમારા કનોજ ગામે પધારીશું કે જેથી કનોજ જઈને તૈયારી કરી રાખજો, વળી અમે તમારાથી એક ક્ષણ પણ દૂર નથી, તમે તો અમારા હૃદયરૂપ છો માટે જરાય ચિંતા નહિ કરતા. શ્રી ઠાકોરજી નાવમાં એકલા બિરાજે છે તેથી તમે જલદી જાવ અને શ્રી ઠાકોરજીને સંભાળો, આમ શ્રી મહાપ્રભુજીએ " ધીરજરૂપેનું આશ્વાસન" આપીને નાવ પર પહોંચાડી આવવા માટે દીનકરદાસ શેઠને પણ પદ્મનાભદાસજી સાથે મોકલ્યા.

આ શ્રી મહાપ્રભુજી પાસેથી આજ્ઞા લઈને વિદાય થતા દીનકરદાસ શેઠ પદ્મનાભદાસજીની સાથે જ રહીને સંભાળપૂર્વક જ્યાં નાવ ઉભી હતી ત્યાં આવ્યા અને સૌની સાથે પદ્મનાભદાસજીને પણ નાવમાં બેસાડ્યા તેમજ

દીનકરદાસ શેઠે નાવવાળાને પણ ભલામણ કરી કે આ સૌને સુખ શાન્તિથી કનોજ પહોંચાડજો. વળી તેના બદલામાં હું તમને સારું ઈનામ આપીશ. હવે નાવવાળાને આવું સુચન કરીને પદ્મનાભદાસજીની છાતી સાથે પોતાની છાતી મિલાવીને દીનકરદાસ શેઠ પદ્મનાભદાસજીને ભેટ્યા.... બાદ દીનકરદાસ શેઠ નાવમાંથી નીચે ઉતરતા નાવવાળાએ પોતાની નાવ કનોજના માર્ગે ચાલતી કરી... અને નાવ આગળ... ચાલી...

બાદ આ સમયે... એટલે કે ભગવાન તરીકે કહેવાતા શ્રી મહાપ્રભુજી અને ભગદીય તરીકે કહેવાતા દીનકરદાસ શેઠ એટલે " ભગવાન અને ભગદીય " એમ આ બંને સ્વરૂપોનો અત્યારે આ સમયે. .. એકી સાથે વિયોગ થવાથી " આત્મ સ્નેહીઓ તરીકે કહેવાતા સ્નેહીઓના વિયોગે" પદ્મનાભદાસજી ને ન કલ્પી શકાય તેવા પ્રકારનું દુઃખ થવા લાગ્યું. અરે... એટલું જ નહિ પરંતુ અડેલ તરફના રંસ્તે જઈ રહેલા દીનકરદાસ શેઠ જ્યાં સુધી દેખાતા હતા ત્યાં સુધી દીનકરદાસ શેઠ તરફ જ પદ્મનાભદાસજી જોઈ રહ્યા હતા અને પછી નાવ જેમ જેમ આગળ ચાલી જતી હતી તેમ તેમ પોતાની દ્રષ્ટિમાંથી દીનકરદાસ શેઠ દેખાતા બંધ થતા જતા હતા. આખરે પોતાની દ્રષ્ટિથી દીનકરદાસ શેઠ જ્યારે અદ્રશ્ય થઈ ગયા એટલે કે દેખાતા બંધ થઈ ગયા ત્યારે પદ્મનાભદાસજીના દેહની પરિસ્થિતી વિશેષ બગડી જતા પોતાના દેહનું ભાન રહ્યું નહિ... એટલે આમ આ છે " આત્મ સ્નેહીઓના વિયોગની દશા"...... પછી નાવમાં ને નાવમાં આવી જ હાલતમાં આખી રાત્રિ પસાર ઝઈ ગઈ અને પછી જ્યારે સવાર પડી ત્યારે શ્રી મહાપ્રભુજીનું સ્મરણ કરાવતા કરાવતા તુલસાંબેન પદ્મનાભદાસજીના ચરણારવિંદ દબાવા લાગ્યા. આમ શ્રી મહાપ્રભુજીના સ્મરણરૂપેના અવાજનો સ્પર્શ તેમજ તુલસાંબેન જેવા વૈષ્ણવનો સ્પર્શ એમ આ બંને પ્રકારનો સ્પર્શ થતા પદ્મનાભદાસજીને ભાન આવ્યુ આવતા પોતે પૂછ્યું કે અડેલ.... અડેલ.... ક્યાં છે?.... જવાબમાં તુલસાંબેને કહ્યું કે અડેલ નજીક જ છે, એવું કહીને તુલસાંબેને પદ્મનાભદાસજીને બેઠા, કર્યા. આવામાં ગંગંજીના કિનારા પર જ પોતાનું કનોજ ગામ આવતા નાવને ગંગાજીને કિનારે લાવીને ઉભું રખાવ્યું. .... એટલે સમજો કે પદ્મનાભદાસજી પોતાના કુટુંબ પરિવાર સહિત પોતાના વતન તરીકે કહેવાતા કનોજ ગામે આવી પહોંચ્યા.

હવે તુલસાંબેનની નાની બેન તથા નાની બેનના વર કે જે પણ ભગવદ્દીય હતા એટલે તુલસાંબેને એક નાવવાળાને મોકલીને સૌ પ્રથમ પોતાના બેન- બનેવીને સમાચાર મોકલ્યા. આમ પદ્મનાભદાસજી પધાર્યા છે તેવા સમાચાર સાંભળીને આ બંને (દિકરી-જમાઈ) કોઈ અનોખા ઉમંગમાં આવી જઈને ગામમાં અન્ય વૈષ્ણવોને ખબર કરાવતા હોંસેહોંસે સૌ એકઠા થયા અને કુટુંબ પરિવાર સહિત પધારેલા પદ્મનાભદાસજીનું સ્વાગત્ કરવા માટે સૌ સામા આવ્યા. આમ સૌ નદીકિનારે કે જ્યાં નાવ ઉભી હતી ત્યાં આવી પહોંચતા નાની દિકરીતો હર્ષથી ભરાઈ આવેલા હૃદયે પોતાના કુટુંબના દર્શન કરીને આનંદ સાગરમાં ડુબી ગઈ અને જમાઈએ તો પદ્મનાભદાસજીના ચરણારવિંદમાં પડીને જઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા તેમજ આવેલા અન્ય સૌ વૈષ્ણવો પણ પ્રેમભરેલા મિલનરૂપે પદ્મનાભદાસજીને ભેટવા લાગ્યા. પછી તુલસાંબેને શ્રી ઠાકોરજીને પોતાના હાથમાં પધરાવ્યા તેમજ અન્ય સૌ વૈષ્ણવોએ કેવળ એક પ્રકારે સેવાની ભાવનાએ જેટલી વસ્તુઓ હતી તે બધીય વસ્તુઓ લઈ લઈને પદ્મનાભદાસજીને ઘેર પોંચાડવા લાગ્યા. પછી ચાલતા ચાલતા શ્રી ઠાકોરજી સહિત સૌ ઘરે આવી પહોંચતા પદ્મનાભદાસજી સૂના થઈ ગયેલા ઘરમાં શ્રી ઠાકોરજીને પધરાવ્યા અને પછી ઘરના કહો તે પછી બ્હારના કહો પરંતુ સહાયરૂપે બધાય વૈષ્ણવો સેવામાં મગ્ન બની જઈને સૌ સેવા કરવા લાગ્યા. બાદ સમયસર રાજભોગની તૈયારી થઈ જતા શ્રી ઠાકોરજીને રાજભોગ ધર્યા.

આમ આ સમયે બધાય વૈષ્ણવોના મનમાં એક પ્રકારનાં આનંદરૂપી રસનો ઉમેરો આવી જતા એકી સાથે સૌ વૈષ્ણવો કહેવા લાગ્યા કે શ્રી ઠાકોરજીએ કરેલી કૃપા દ્વારા આપણા આ કનોજ શહેરમાં પ્રથમ દામોદરદાસ સંભલવાલાના માથે શ્રી દ્વારકાનાથજી બિરાજ્યા હતા તેમજ તે પછી પાછા પદ્મનાભદાસજીના માથે શ્રી મથુરાનાથજી બિરાજ્યા હતા. એ સમયે કનોજ શહેર આખામાં જે આનંદ આવતો હતો તે આનંદનું વર્ણન જ કરવું અશક્ય છે..... તે પછી દામોદરદાસ સંભલવાલા શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં સેવા અર્થે લીલામાં પહોંચતા શ્રી દ્વારકાનાથજી અડેલ પધાર્યા તેમજ તે પછી પદ્મનાભદાસજી પણ અડેલ જતા રહેલા હોવાથી શ્રી મથુરાનાથજી પણ અડેલ પધાર્યા હતા કે જેથી આ કનોજ શહેર ખરેખર સુનુ જ દેખાતું હતું.... પરંતુ શ્રી ઠાકોરજીએ પાછી ખરેખર આપણા ઉપર કૃપા જ કરી કે પદ્મનાભદાસજી જેવા પરમ ભગવદીય-વૈષ્ણવ અને શ્રી મથુરાનાથજી જેવા શ્રી ઠાકોરજી પાછા આપણા આ કનોજ ગામમાં પધારીને બિરાજ્યા એટલે હવે આનંદની તો વાત જ શું કરવાની હોય?..... બોલ શ્રી મથુરાનાથજીકી જય...

ત્યારબાદ આ કનોજ શહેરના ગામોમાંથી વૈષ્ણવો શ્રી મહાપ્રભુજીની દર્શનાર્થે જ્યારે જ્યારે અડેલ તરફ જતા હતા ત્યારે વચ્ચે રહેલા આ કનોજ ગામમાં આવતા અને પ્રથમ તો સૌ દામોદરદાસ સંભલવાલાના ઘેર જ ઉતરતા હતા પરંતુ દામોદરદાસ સંભલવાલા શ્રી ઠાકોરજીના ચરણારવિંદની સેવામાં પહોંચ્યા પછી જે જે વૈષ્ણવો અડેલ તરફ જતા હતા તે બધાય કનોજ જરૂર આવતા હતા અને દામોદરદાસ સંભલવાલાના ઘરને બદલે પદ્મનાભદાસજીના ઘરેજ ઉતરતા હતા. હવેઆમ બહારગામથી જે જે વૈષ્ણવો કનોજ આવતા હતા તે બધાય વૈષ્ણવોની સેવા ટહેલ વી. પદ્મનાભદાસજીના જમાઈ (નાની દીકરીના વર) પોતે જ પોતાના ખરા અંતઃકરણપૂર્વક અને સાચા પ્રેમ ભાવથી જ કરતા હતા. વળી વૈષ્ણવોની સેવા-ટહેલ અર્થે કનોજથી એક ગાઉ (બે માઈલ) દુર બે બેલગાડી અને અમુક માણસો પોતે રાખેલા હતા. આમ ઘરે લાવ્યા પછી આવેલા વૈષ્ણવો પ્રત્યે " કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા સિવાય" જેટલા દિવસ કનોજમાં રહે તેટલા દિવસ દરેક પ્રકારની સેવા-ટહેલ પોતે પોતની જાતથી જ કરતા હતા. પછી આવેલા વૈષ્ણવો જ્યારે અડેલ તરફ રવાના થવાના હોય ત્યારે પોતે સાથે રહેતા અને નાવમાં બેસાડીને સૌને પ્રેમ-ભરેલી વિદાયગીરી આપીને અડેલ તરફ રવાના કરતા હતા. વળી તેમનામાં (જમાઈમાં) એક એ પણ ઉત્તમ ભાવ હતો કે પોતાના ગામમાંથી જઈ રહેલા વૈષ્ણવોને કંઈપણ પૂછ્યા સિવાય અને તે પણ અન્ય કોઈને વાત કર્યા સિવાય રસ્તાનું ખર્ચ પણ પોતે આપતા હતા. એટલે સમજો કે તેમને વૈષ્ણવોની સેવા- ટહેલ પ્રત્યે અતિ ભાવ હતો.

હવે પ્રથમ આ નાની દીકરીનો વિવાહ (સગાઈ) કરતી વખતે સમાજમાં કેવું વાતાવરણ બનવા પામ્યુ હતુ?... પરંતુ તેમના આવા પ્રકારના જીવનથી સૌએ જોયુને કે પદ્મનાભદાસજીના આ જમાઈએ પોતાનો કેવો ઉત્તમ ભાવ પ્રગટ કરી બતાવ્યો?... અને વળી શ્રી ઠાકોરજીએ તેમના પર કૃપા પણ કેવી કરી કે વૈષ્ણવની સેવા મલી. ..એટલે પ્રભુ જ્યારે વિચારે છે ત્યારે કોઈપણની યોગ્યતા કે અયોગ્યતાનો વિચારજ કરતા નથી. બાકી જીવની તૈયારી જોઈએ. એટલે હવે ટુંકમાં કે આમ વૈષ્ણવોની તન-મન-ધનથી સેવા-ટહેલ કરતાં કરતાં પદ્મનાભદાસજીના આ નાના જમાઈ પરમ ભગદીય થઈ ગયા અને આમ ચોર્યાસી વૈષ્ણવોની વાર્તામાં લખાઈ ગયા,

અરે.... તેઓ એકજ નહિ પરંતુ તેમના પત્ની એટલે કે પદ્મનાભદાસજીના નાની દિકરી પણ પરમ ભગવદીયજ હતા. એટલે પદ્મનાભદાસજીના નાના દિકરી-જમાઈ એમ આ બંનેના જીવની લહેર તો વળી કોઈ અનેરીજ હતી. પદ્મનાભદાસજીના ઘરમાં બિરાજતા પોતાના સેવ્યસ્વરૂપ શ્રી મથુરાનાથજી પોતે પોતાના ભાવાત્મક સ્વરૂપે આ નાની દિકરી-જમાઈના ઘેર નિત્ય પધારતા હતા અને ... 'ભોગ તરીકે ધરેલી સામગ્રીનો' પ્રેમપૂર્વર અંગીકાર પણ કરતા હતાં પરંતુ 'પ્રગટ કર્યે રસ જાય'...એ ભાવનાએ ગુપ્ત રીતે રહીને બંને જણાઓ પોતાનું કાર્ય કરી રહ્યા હતા અને પછી તો સમયે સમયે અનુભવ દ્વારા શ્રી ઠાકોરજી તેઓ બંનેની દરેક ભાવના પૂર્ણ કરતા હતા.

ત્યારબાદ એક દિવસ પદ્મનાભદાસજીના મનમાં એવો વિચાર આવે છે કે નાની દિકરીને ત્યાં શ્રી ઠાકોરજી બિરાજતા તો નથી કે જેથી પોતાના શરીર-પોષણ માટે અન્નું કેવી રીતે કરતી હશે.... આમ આવો વિચાર કરીને પદ્મનાભદાસજી તો ઓચિંતા પોતાની નાની દિકરીના ઘરે ગયા અને ઘરમાં જઈને સામે દ્રષ્ટિ કરતા પોતાને જણાયું ટેરો (પડદો) કરેલો છે કે જેથી પોતે પૂછ્યું કે બેટા , શું સમય છે?.... જવાબમાં પોતાના હૃદયનાં ભાવને તેમજ પોતાની આંતરિક દશાને ગુપ્ત રાખતા દિકરીએ કહ્યું કે પિતાજી, સમય વળી તો આપ જેવોને ત્યાં હોય- અમારે ત્યાં શું હોય?... બાકી અમે તો આપશ્રીનું સ્મરણ કરીને પેટ ભરી લઈએ છીએ. દીકરીની આવા પ્રકારે દીનતારૂપેની વાણીના પ્રભાવથી પદ્મનાભદાસજી સ્હેજ વિચારમાં તો પડી ગયા પરંતુ 'પોતાનામાં રહેલા ભગવદીયપણાના આધારે' જે ટેરો કરેલો હતો તે ટેરો દુર કરતા શ્રી ઠાકોરજીને રાજભોગ આવેલા છે અને પોતાના (પદ્મનાભદાસજીના) જ સેવ્ય સ્વરૂપ શ્રી મથુરાનાથજી સિંહાસન પર બિરાજીને પોતાની નાની દિકરીને ધરેલ સામગ્રી આરોગી રહ્યા છે. આવા ભાવાત્મક રીતે શ્રી ઠાકોરજીના સાક્ષાત્ દર્શન થતા પદ્મનાભદાસજી ન કલ્પી શકાય તેવું આશ્ચર્ય પામીને અને પ્રેમાવેશમાં આવીને ત્યાંને ત્યાંજ એટલે કે શ્રી ઠાકોરજીની સન્મુખમાં જ ભોંય પર પડી ગયા. પછી.... સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને રૂંધાઈ ગયેલા શ્વાસે પદ્મનાભદાસજીએ પૂછ્યું બેટા... તમારા ઉપર આવી મહાન કૃપા કેવી રીતે થઈ?... જવાબમાં દિકરીએ કહ્યું કે પિતાજી પ્રથમ પગલે આપની કૃપા થઈ અને પછી વૈષ્ણવોની સેવા- ટહેલથી. "એટલે ટુંકમાં કે સારી-ખરાબ જેવી હોય તેવી...... શ્રી ઠાકોરજી અમારી માની લીએ છે". બાકી પ્રેમ સિવાય બીજી વળી અમારી કંઈ શક્તિ? નાની દિકરીની આવી "અતિ ગૂઢ રહસ્યરૂપે" આ વાત સાંભળીને બહુ જ પ્રસન્ન થતા આ સમયે પદમનાભદાસજીએ દિકરીના ઘરે પ્રભુના અધરામૃતમાંથી ચાર ગ્રાસ(કોળીયા) મહાપ્રસાદ લીધો. બાદ પ્રશંસા કરતા કહ્યું કે બેટા ધન્ય છે. હું તો એવું જ માનતો હતો કે શ્રી ઠાકોરજીની

માત્ર તુલસા ઉપર જ કૃપા છે પરંતુ આજે જ.... મેં જાણ્યું કે તુલસા કરતા પણ અધિક કૃપા તારા ઉપર થઈ છે પદ્મનાભદાસજીના આ પ્રત્યક્ષ અનુભવ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જેઓ વૈષ્ણવોની સ્નેહપૂર્વક સેવા-ટહેલ કરતા હોય છે તો પ્રભુ તેઓને વશ થઈ રહે છે અને વશ થયા પછી... કહેવાનું પણ શું હોય?..... હવે વૈષ્ણવોની સેવા-ટહેલ કરવાથી પ્રભુ પોતે વશ થઈ જાય છે તો પછી ભગવદિય ભક્તો વશ થાય તેમાં વળી નવાઈ શું?... આમ પ્રભુ નાની દિકરીને વશ થયેલા હોવાથી ધરવામાં આવતી સામગ્રી અંગીકાર કરવા આખરે ભાવ્તમક સ્વરૂપે પણ પ્રભુ નાની દિકરીને ઘરે પધારતા હતા. વળી પ્રભુ વશ થયેલા છે એવા પ્રત્યક્ષ દર્શન કરીને ભગવદ્ ભક્ત જેવા પદ્મનાભદાસજી પોતાની નાની જિકરીને ઘેર " રોજ... આવવા લાગ્યા હતા. આમ પદ્મનાભદાસજીની આ નાની દિકરીના અન્ય ગુપ્ત ભાવ અને તેમના પર " શ્રી ઠાકોરજીની અને ભગવદીઓની થયેલી કૃપાનું "... વિશેષ વર્ણન અવર્ણીય હોઈ આટલો માત્ર એક ખટગુણ ધર્મી પ્રસંગ બતાવ્યો છે.

ત્યારબાદ લીલામાં જે ચંદ્રાવલીજીની મનોરમા સખી છે તે મનોરમા સખીનો ભૂતળ પર ગુજરાતમાં રહેતા એક સાચોરા બ્રાહ્મણના કહેવાતા કુટુંબમાં રામદાસજીના નામે જન્મ થયો હતો પછી આ રામદાસજી પોતે જ્યારે વીસ વર્ષની વયના થયા ત્યારે પોતાના માતા પિતા મરણ પામતા પોતે એટલે કે મોટા રામદાસજી તરીકે કહેવાયેલા આ રામદાસજી ફરતા ફરતા શ્રી મહાપ્રભુજીની કૃપા દ્વારા વૈષ્ણવ થયા હતા તેમજ પોતાની માથે શ્રી ઠાકોરજીની સેવા પધરાવીને પ્રેમથી સેવા કરતા હતા આમ કરતા કરતા એક દિવસ પોતાને ઘેર એક વૈષ્ણવ આવતા પ્રેમપૂર્વક પોતાને ઘેર રાખ્યા. પછી દરેક કાર્યોમાંથી પરવારીને સત્સંગ અર્થે શાન્તિથી બેસતા મોટા રામદાસજીએ કહ્યું કે વૈષ્ણવરાજ ભાઈજી...... અત્યારે વૈષ્ણવોનો સંગ દુર્લભ હોવા છતાંય આપે મહાન કૃપા કરીને આજે આપ મારે ઘરે પધાર્યા અને... રામદાસજી હજી વધારે કહેવા જાય છે તેવામાં તો વૈષ્ણવરાજ વચ્ચે જ બોલ્યા કે અરે, ભાઈજી... સંગ કરવાને લાયક તો કનોજમાં પદ્મનાભદાસજી રહે છે કે જેઓનો એક ક્ષણ પણ જો સંગ થાય તો તેવાઓના દ્વારા વળી ભગવદ્ કૃપા પણ જલદી થઈ જાય. બાકી હું તો ઠીક.....

આમ આવી વાત સાંભળીને રામદાસજીના હૃદયમાં તાલાવેલીએ પ્રવેશ કર્યો કે જે તાલાવેલીના આધારે મનમાં એવું થયું કે હવે તો પદમનાભદાસજીનો જ સંગ કરુ.... પછી તે આવેલા વૈષ્ણવ ચાર દિવસ રહીને જ્યારે રામદાસજીના ઘરેથી ગયા ત્યારે રામદાસજી તો પોતાના શ્રી ઠાકોરજીને પધરાવીને કનોજમાં રહેતા પદ્મનાભદાસજી ના ઘરે આવ્યા. આમ પોતાના ઘરે જ શ્રી ઠાકોરજી સહિત વૈષ્ણવ પધાર્યા છે તેવુ જોઈને પદ્મનાભદાસજીએ આ મોટા રામદાસજીનો પ્રેમપૂર્વક સત્કાર કરીને પોતાને ઘરે ઉતારો કરાવ્યો. પછી શ્રી ઠાકોરજીની સેવામાં પહોંચવા જેવાં વી. કર્તવ્યોમાંથી પરવાર્યા પછી એકાંતના સમયે એટલે કે રાત્રિના સમયે જ્યારે બન્ને જણા સત્સંગ અર્થે બેઠા હતા ત્યારે ખરેખર રૂદન જ કરતા હોય તેવુ થઈને મોટા રામદાસજીએ કહ્યું કે ભાઈજી. .. વિચારરૂપી સમુદ્રના મોજાઓમાં આમતેમ અથડાતા અથડાતા હું હજી એવોને એવોજ રહી ગયો છું કે જેથી મારી કંઈક વિચારીને .. .ભગવદ્ કૃપા થાય" તેવા રસનું મને પાન કરાવો... રામદાસજીના સ્વરૂપ તરફ દ્રષ્ટિ કરતા " ખરેખર ભૂખ લાગી જ છે" તેવું જાણતા રામદાસજી ઉપર કૃપા દ્રષ્ટિ કરીને પદ્મનાભદાસજી એ " તેવા... રસનું સિંચન કરીને " મનોરમા સખીના ગુપ્ત સ્વરૂપવાળા આ મોટા રામદાસજીને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને પછી જેનો અંત નથી તેવા ભગવદ્ રસનો સ્વાદ ચખાડવામાંને ચખાડવામાં દેહનું અનુસંધાન ભૂલાઈ જતા રાત્રિ પસાર થઈ ગઈ.

પછી... પ્રાંતકાળનો સમય થયો.

આમ ભગવદ્ રસમાં મસ્ત બનેલા એવા પદમનાભદાસજી અને મોટા રામદાસ એમ આ બન્નેને સમયની... યાદી આપતા હોય તેમ તુલસાંબેને ભગવદ્ સ્મરણ કર્યા. તુલસાંબેનની આવી યાદીથી બન્ને પોતાના અલૌક્કિ આવેશમાંથી જાગૃત થયા અને.....

પછી તો આ મોટા રામદાસજી અહીં કનોજમાં પદ્મનાભદાસજીને ઘરે એક મહિનો રહ્યા અને આખરે... મોટા રામદાસજીએ કહ્યું કે પદ્મનાભદાસજી મેં તમારી જેવી પ્રશંસા સાંભળી હતી તેવી જ પ્રશંસાથી તમારી વરસેલી કૃપા દ્વારા મને અલૌકિક વસ્તુની પ્રાપ્તિ થઈ ... હવે મારા શ્રી ઠાકોરજીને તમે અહીં પધરાવી રાખજો અને હું શ્રી ગોવર્ધનનાથજીના (શ્રીનાથજીના) દર્શન કરી આવું. એવું કહીને આ મોટા રામદાસજી તો પદ્મનાભદાસજી પાસેથી વિદાયગીરી લઈને શ્રીનાથજીના દર્શન કરવા અર્થે શ્રી ગિરિરાજજી (જતીપુરા) ગયા કે જ્યાં જઈને શ્રીનાથજીના દર્શન કર્યા તેમજ સાથે સાથે શ્રી ગુસાંઈજીના પણ દર્શન કર્યા. હવે લીલામાં શ્રી ચંદ્રાવલીજીની આજ્ઞાકારી સખી જે મનોરમા હતી તેજ મનોરમા

સખીના ગુપ્ત સ્વરૂપવાળા આ મોટા રામદાસજીને જોતાની સાથે જ ચંદ્રાવલીજીના ગુપ્ત સ્વરૂપવાળા શ્રી ગુસાંઈજીએ લીલાના અલૌકિક સંબંધનું સુચન કરતા હોય તેમ " સ્હેજ હાસ્ય કરીને " શ્રી ગુસાંઈજીએ આવા સ્હેજ હાસ્ય દ્વારા લીલાના સંબંધનું સુચન કર્યું... અને પછી આપ શ્રી ગુસાંઈજી અતિ પ્રસન્ન થયા આ મોટા રામદાસજીને પોતાની પાસે રાખવા અર્થે શ્રીનાથજીના મુખ્યાજી તરીકે રાખ્યા. પછી... આવા પ્રકારે... આ મોટા રામદાસજીને લીલાનું અનુસંધાન થઈ જતા પોતે કનોજ જવાનું પણ ભૂલી ગયા. પરિણામે અહીં શ્રી ગિરિરાજજીમાં જ રહીને લીલા સંબંધના ભાવે શ્રીનાથજીની સેવા મનથી કરવા લાગ્યા.

જ્યારે બીજી તરફ આ મોટા રામદાસજીના શ્રી ઠાકોરજી કનોજમાં પદ્મનાભદાસજીને ત્યાં જે બિરાજી રહ્યા છે તે શ્રી ઠાકોરજીની સેવા પણ પદમનાભદાસનાં ઘરે નિત્ય અને તે પણ પ્રીતીપૂર્વક જ થયા કરે છે. આવામાં થોડોક સમય પસાર થયો હશે તેવામા આ કનોજ શહેર પર મોગલો ચઢી આવ્યા અને કનોજ શહેર આખામાં લૂંટ કરી કે જેના આધારે પદ્મનાભદાસજીના ઘરમાં પણ આમ આવું જોતા પદ્મનાભદાસજીએ તુલસાંબેનને કહ્યું કે તમે બધાય ઘરમાં રહેજો, હું જાવ છું અને શ્રી ઠાકોરજી મલશે ત્યારે પાછો આવીશ.... એવુ કહીને પદ્મનાભદાસજી તો મોગલોની પાછળ પાછલ ભાગ્યા. પછી જે શ્રી ઠાકોરજીને લીધા હતા તેજ મોગલોની પાછળ જતા જતા તે મોગલોના ઘરે આવીને પદ્મનાભદાસજીએ ' કહેવા જેટલું કહી જોયું '.... પરંતુ તે મોગલે તે ઠાકોરજીનું સ્વરૂપ નહી આપતા પદ્મનાભદાસજીએ એક એવો સત્યાગ્રહ કર્યો કે જ્યાં સુધી શ્રી ઠાકોરજી મને પધરાવી ન આપે ત્યાં સુખી અન્ન-જલ કંઈ લેવું જ નહિ તેમજ અહીંથી ખસવું પણ નહિ... આવા આ સત્યાગ્રહના આધારે એક પછી એક એમ પદ્મનાભદાસજીના આવા સાત સાત દિવસ અહીં વીતી ગયા પરંતુ તે મોગલે શ્રી ઠાકોરજી ન આપ્યા તે ન જ આપ્યા. આખરે તે મોગલની સ્ત્રીના હૃદયમાં શ્રી ઠાકોરજીએ કંઈક પ્રેરણા કરી હોય તેમ સ્ત્રીએ મોગલને કહ્યું કે અરે... કંઈ સમજો છો કે નહિ?... બ્રાહ્મણોના ઈષ્ટદેવની મૂર્તિ તમે જે લાવીને ઘરમાં રાખી છે તે મૂર્તિ તેને પાછી નહિ આપી દીયો તો તે અહીં મરશે અને આપણને બ્રહ્મહત્યા લાગશે કે જેનાથી આપણું સર્વસ્વ નાશ થઈ જતા દુઃખી દુઃખી થઈ જશું માટે સમજીને તેના ઈષ્ટદેવની મૂર્તિ આપી દીયો. પોતાની સ્ત્રીના ભયરૂપેના આવા વચનો સાંભળીને મોગલે પોતાના હાથે શ્રી ઠાકોરજીનું સ્વરૂપ ઘરમાંથી લાવીને પદ્મનાભદાસજીને સોંપતા પોતે તરત જ ઘરે આવ્યા અને પોતે સ્નાન કર્યા પછી શ્રી ઠાકોરજીના સ્વરૂપને " પંચામૃત સ્નાન" કરાવીને ઘરમાં બિરાજમાન કર્યા. બાદ એક મહાન ઉત્સવ કરીને વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો. એટલે સમજો કે આમ અન્યના ઠાકોરજી હોવા છતાંય પદ્મનાભદાસજીએ તે શ્રી ઠાકોરજીને પોતાના પ્રાણ કરતા પણ વધારે વ્હાલા માની બતાવીને એ સુચન કર્યું કે જે જે વૈષ્ણવોના માથે શ્રી ઠાકોરજી બિરાજતા હોય તે વૈષ્ણવોએ ભલે પછી પોતાના શ્રી ઠાકોરજી હોય કે પછી અન્ય કોઈ વૈષ્ણવના શ્રી ઠાકોરજી હોય તો પણ સ્વરૂપમાં ભેદ નહિ રાખતા એકજ ભાવે માનીને પોતાના પ્રાણ કરતા પણ શ્રી ઠાકોરજીને જો વધારે વ્હાલા તરીકે માનવામાં આવે તો પ્રભુ પણ તેવા જીવોને (વૈષ્ણવોને) પોતાના વ્હાલા કરી નાખે તેમાં વળી નવાઈ શું?.. એટલે તે તો ખરેખર માર્ગની રીતીએ જ ચાલીએ તો સમજાય તેવું છે. બાકી કેવળ " વાણી-વિલાસ" કરવાથી જ સમજાય તેવું નથી.

હવે કનોજમાં બની ગયેલા આ બનાવને શ્રી ગિરિરાજજીમાં શ્રી નાથજીની સેવા કરી રહેલ મોટા રામદાસજીને ત્યાં જ બેઠાં ખબર પડી ગઇ કે જેના આધારે પોતાના (મોટાં રામદાસજી) અતિ દુઃખ થતાં પોતે પણ સાત દિવસ સુધી અન્ન-જલનો ત્યાગ કરી દઈને અને પાછી સાવધાની રાખીને શ્રીનાથજીની સેવા તો કરતાં પરંતુ મનમાં બહુ૦ દુઃખ થયા કરતુ હતુ. આમ શ્રી ગિરિરાજજીમાં મોટા રામદાસજીની થયેલી આવી પરિસ્થિતિ પદ્મનાભદાસજીએ જયારે કનોજમાં બેઠાં જાણી ત્યારે મોટા રામદાસજીને સતોષ કરાવવા અને સાથે સાથે પોતાના મનનુ પણ સમાધાન કરવા માટે તુલસાં બેનને ભલામણ કરીને પદ્મનાદાસજી તરત જ કનોજથી પ્રયાણ કરીને શ્રી ગિરિરાજજી ગયા કે જયાં જઈને શ્રીનાથજીના દશર્ન કર્યા પછી બંને મલ્યા અને "આત્મ સંબંધી તરીકે સાચા પ્રેમથી" એક બીજા પરસ્પર ભેટતા બનેના નેત્રોમાંથી પ્રેમભરેલાં આંસુઓ વહી રહ્યા...

બાદ ગદ્ ગદ્ થઇ ગયેલાં મોટા રામદાસજીએ પદ્મનાભદાસજીને બહુ જ દીનતાથી કહ્યુ કે ભાઇજી...કેવળ એક મારા જેવાના આધારે જ આપને બહુ જ પરિશ્રમ થયો... જવાબમાં પદ્મનાદાસજીએ કહ્યુ કે મારે ત્યાં બિરાજતા પ્રભુને આવા પકારે જે પરિશ્રમ થયો તે મારાથી સહન નહિ થતા મેં જે કયુ હતુ તે યોગ્ય જ હતુ. પરંતુ.. સાત સાત દિવસ સુધી અન્ન-જલ લીધા સિવાય તમે જે શ્રમ લીધો તે શા માટે લીધો?... પદ્મનાભદાસજીના આવા વચનો સાભળીને મોટા રામદાસજીએ પોતાના હૃદયનો ભાવ પગટ કરતાં કહ્યુ કે ભાઇજી, મારા... શ્રી ઠાકોરજીનુ સ્વરૂપ લૂંટમાં પધારતા મને આઘાત લાગ્યો કે અરે.. શુ મારા શ્ર ઠાકોરજી લૂંટમાં પધાર્યા?... એટલે સહન થઈ ન શકે તેવા એક પકારના થયેલા દુઃખના આધારે મનમાં પ્રગટ થયેલી ભાવનાએ વૈરાગ્યનો અંગીકાર કરીને સાત દિવસ સુધી મેં અન્નજળ છોડી દીધા કારણ કે મારા પર પધરાવેલ શ્રીઠાકોરજીની સેવા વર્ષો સુધી જે મેં કરી છે તે બદલ મારાથી તો કંઈ ન બન્યું... પરંતુ તે કરેલી સેવાના ગૂઢ સંબંધનો વિચાર કરીને મારે આટલુ તો કરવુ જોઈએ! બાકી તે શ્રી ઠાકોરજી મારા જ... હતા અને મેં જે કર્યુ તેમાં મને.. વળી શ્રમ કેવો?...

આમ પરસ્પર એકબીજાને પોતપોતાના મનનું સમાધાન થઈ જતા બંને બહુ જ પ્રસન્ન થયા અને પછી થોડા દિવસો શ્રી ગિરિરાજજીમાં રહીને અને અલૌકિક રસ પાન કરીને મોટા રામદાસજી પાસેથી ભાવભરી વિદાયગીરી લઈને પદ્મનાભદાસજી કનોજ પોતાને ઘરે પાછા આવી ગયા અને શ્રી ઠાકોરજીની સાથે એકતાર થઈને તનમનથી સેવા કરવા લાગ્યા.

ત્યારબાદ, જેમ જેમ સમય પસાર થતો જતો હતો તેમ તેમ પદ્મનાભદાસજીને દ્રવ્યનો સંકોચ પણ વિશેષ ને વિશેષ થતો જતો હતો કે જેના આધારે એક દિવસ પોતાની સ્ત્રીએ કહ્યું કે આપણે હવે બીલકુલ ગરીબ જેવી સ્થિતિમાં મૂકાતા જઈએ છીએ અને વળી દેહનાં પોશણ અર્થે પણ દ્રવ્યની જરૂર તો પડવાનીજ જેથી બ્રહ્મણ તરીકેનો આપણો જે જન્મ સિદ્ધ હક્ક છે તે હક્કના આધારે આપણી બ્રાહ્મણવૃત્તિનો સ્વીકાર કરો તો સારુ. નહીતર હવે આપણે આપણું જીવન કેમ જીવીશું?.... જવાબમાં પદ્મનાભદાસજીએ કહ્યું કે બ્રાહ્મણવૃત્તિ (ભિક્ષાવૃત્તિ) તો મારાથી બને તેમ નથી કારણ કે પહેલા આવી બ્રાહ્મણવૃત્તિ કદી પણ કરી નથી અને કહે જો આવી રીતે બ્રાહ્મણવૃત્તિ (ભિક્ષાવૃત્તિ) કરું તો વિઘ્નસંતોષીઓ આ અલૌકિક નિગૃહ પુષ્ટિમાર્ગ ઉપર કલંક લગાડીને કહેતા ફરે કે પદ્મનાભદાસજી એક એવા સંપ્રદાયમાં ગયા છે કે જ્યાં તેમનું વ્યાસાસન છુટી જતા પોતાને ભીખ માગવાનો સમય આવ્યો. એટલે આવા પ્રકારના કારણે મારાથી આવી બ્રાહ્મણવૃત્તિ (ભિક્ષાવૃત્તિ) તો નહીજ થાય....

બાકી દેહના નિર્વાહ અર્થેતો પ્રભુ ઉપરનો વિશ્વાસજ ઉત્તમ છે કારણકે " કીડીને કણ અને હાથીને મણ" એ નિયમે વિશ્વાસથી આપણું બધુ સિદ્ધ થશે. માટે કાપડની તેમજ અન્નની ચિંતા છોડીદઈને કેવળ પ્રભુના પ્રેમમાં મસ્ત રહીને... પ્રભુ પ્રત્યે સાચો પ્રેમ, ભાવઅને વિશ્વાસ રાખવાથી દ્રોપદીને વસ્ત્રો તથા અન્ન અખૂટ થઈ પડયા હતા કે જે શું તમારા જાણવામાં નથી?... વળી વૈષ્ણવ થઈને અન્ન અને વસ્ત્રની ચિંતા કરી કરીને ધનની પાછળ લાચારી ભરેલા નકામાં ફાફા મારીને પોતોનો સમય વૃથા જ કરે છે.... વળી એટલો તો વિચાર કરો કે પ્રભુ જગતનાં પાલન હાર કહેવાય છે તે પ્રભુ પોતાના ભક્ત પ્રત્યે બેદરકારી કેમ રાખે?.. શું માર્ગમાં ફાટેલા કપડા નથી પહેરતા?...શું અન્ય સૌનું પોશણ કરવા પ્રભુએ પ્રગટ કરેલા વૃક્ષો ભિક્ષા નથી આપતા?...... શું પ્રભુએ પ્રગટ કરેલી નદીઓ સુકાઈ ગઈ છે?... શું ગુફાઓમાં હાઉસફુલના પાટીયા લાગી ગયા છે?.... શું શરણાગતિ સ્વીકારેલા જીવોનું પ્રભુ રક્ષણ નથી કરતા?... કે જેથી કપડાની અન્નની જલની ઘરની કે પછી શરીરના રક્ષણની ચિંતામાં આપણે કરીએ?.... એટલે સમજો કે અન્ન વસ્ત્ર વી. તો સહજમાં મળી શકે છે.... બાકી ધનના મદથી આંધળા થઈને ભટકી રહેલા લોકોની લાચારી મારા જેવોતો કદીએ કરશેજ નહિ .... વળી પ્રભુ ધન રૂપેનાં સાધનોથી પ્રસન્ન થતા પણ નથી; તેતો કેવળ ભક્તની દીનતારૂપેના સાધનથી પ્રસન્ન થાય છે માટે હવે તમારા હૃદયમાં ઘર કરી રહેલી બધી ચિંતાઓનો ત્યાગ કરો... પ્રભુ સર્વશક્તિમાન છે.... આમ હૃદયમાં ખરેખર સનસનાટી ફેલાવી તેવા પદ્મનાભદાસજીના વચનામૃતોનું પાન કરતાં કરતાં પોતેની સ્ત્રીના ભાવ પલટાવા લાગ્યા અને આખરે દુઃખને પણ સુખ માનીને પોતાના જીવનનાં દિવસો આનંદથી પસાર કરવા લાગ્યા.

હવે આવી રીતે થોડા દિવસો વ્યતીત થતા પદ્મનાભદાસજીના પુત્ર શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોંચતા પુત્રનાં વિયોગે પોતાની માતાને (પદ્મનાભદાસજીના સ્ત્રીને) બહુ જ દુઃખ થવા લાગ્યું કે જે થઈ રહેલા દુઃખના આધારે પદ્મનાભદાસજીએ શ્રી ઠાકોરજીના અનોસરનાં સમયે પોતાનો પુત્ર શ્રી ઠાકોરજીને પંખો કરીને એક પ્રકારે શ્રી ઠાકોરજીના શ્રમ ને દૂર કરી રહેલ છે તેવા દર્શન પોતાની સ્ત્રીને જ્યારે કરાવા હતા ત્યારે પોતાની સ્ત્રીને થઈ રહેલા દુઃખની નિવૃત્તિ થઈ અને ...પછી વળી થોડા દિવસો વ્યતિત થયા. પદ્મનાભદાસજીની સ્ત્રીપણ શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પ્રાપ્ત થયા. આમ પદ્મનાભદાસજીની સ્ત્રીલીલામાં પહોંચ્યાં બાદ પુત્ર વધુ પાર્વતી અનુકુળ થઈને પદ્મનાભદાસજીની સાથે શ્રી ઠાકોરજીની સેવામાં સહાયરૂપ થતા હતા.

આમ આવા પ્રકારના વાતાવરણ પછી આખરે પદ્મનાભદાસજીનું શરીર પણ અશક્ત થઈ જતુ હોવાથી એક દિવસે પોતાને સેવ્ય સ્વરૂપ શ્રી મથુરાજીને દીનતાભાવે વિનંતી કરી કે પ્રભુ.. નાથ.. મારા શરીરની દશાતો હવે અશક્ત થતી જાય છે કે જેથી આપની ઈચ્છા હોય તો અડેલ શ્રી માહાપ્રભુજીના ઘરે પધારો.. જવાબમાં પોતાના શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી કે હવે તમે સુખેથી અમારા લીલામાં આવો. બાકી મારી સેવા તો હું મોટા દિકરી તુલસાં પુત્રવધુ પાર્વતી તથા પાર્વતીના પુત્ર રઘુનાથ વી. વી. પાસે કરાવીશ. તે પછી સમય આવે હું મારી ઈચ્છા અનુસાર શ્રી મહાપ્રભુજીના ઘરે પધારીશ. બાકી અત્યાર સુધી તમે કરેલી મારી સેવાની પ્રશંસા શું કરુ? જેટલી કરું તેટલી ઓછી જ છે. એટલે ટુંકમાં શ્રી યસોદાજીને ત્યાં જેવા સુખ પ્રાપ્તી મને થઈ હતી તેવા સુખ પ્રાપ્તી મને તમારે ઘરે થઈ અને હવે તો ભવિષ્યમાં ભૂતલ પર રહેલા જીવો (વૈષ્ણવો) તમોએ કરેલી સેવાની વાર્તાઓ જ્યારે વાંચશે સાંભળશે અને પછી "મર્મ સમજીને" તમે કરેલી સેવાની રીતે પ્રમાણે સેવા કરશે ત્યારે ભોગને સુખેથી આરોગીશ. આવી આજ્ઞા કરતાંને સાથે જ શ્રી મથુરાનાથજીએ પોતાની લીલી સામગ્રીના દર્શન કરાવ્યા કે જે દર્શન કરતાં કરતાં પદ્મનાભદાસજી તેની લીલામાં પ્રાપ્ત થયા આમ પદ્મનાભદાસજીના દેહ છુટ્યા બાદ પદ્મનાભદાસજીનાં પ્રતાપ બળથી પોતાનું આખું કુટુંબ પ્રપંચ રહીત અને તેપણ સેવાપરાયણ રહીને "ભાગવદ્ રસમાં" જ મગ્ન બની રહ્યું હતુ કે જેથી શ્રી મથુરાનાથજીએ પોતાને સેવા પદ્મનાભદાસજીના વંશજો દ્વારા સારી રીતે કરાવી અને પછી શ્રી મથુરાનાથજી પોતાની ઈચ્છાઅનુસાર શ્રી મહાપ્રભુજીના ઘરે પધાર્યા.

આમ કોટીમાં વિરલા એવા પદ્મનાભદાસજીની વાર્તા સંપૂર્ણ.

૭. તુલસાંબાઈ

આ તુલસાંબાઈનું નામ તો ગત્ વાર્તામાં એટલે કે પદ્મનાભદાસજીના મોટી દિકરી તરીકે જે તુલસાંબેન હતા તેજ તુલસાંબેનનો આ એક વાર્તા-પ્રસંગ છે. આમ તુલસાંબાઈ અહીં ભૂતલ પર પદ્મનાભદાસજીના મોટી દિકરી તરીકે હતા. વળી લીલામાં પણ પદ્મનાભદાસજી ગુપ્ત સ્વરૂપ વાળા ચંપકલત્તાના સખી તરીકે જે મણીકુંડલા સખી છે તે જ આ તુલસાંબાઈનું ગુપ્ત સ્વરૂપ છે. હવે લીલામાં જેમ ચંપકલત્તા સખીને પ્રસન્નતામાં રાખીને મણીકુંડલા સખી બધા કાર્યો કરતા હતા તેમ અહીં પણ ચંપકલત્તાના ગુપ્ત સ્વરૂપવાળા પદ્મનાભદાસજીના ઘરે જ પ્રગટ થઈને મણીકુંડલા સખી ના ગુપ્ત સ્વરૂપવાળા આ તુલસાંબાઈ પદ્મનાભદાસજીને પ્રસન્નતામાં રાખીને જ બધાય કાર્યો કરતા હતા આમ આ મણીકુંડલા સખીના ગુપ્તસ્વરૂપ વાળા આ તુલસાબાઈનો પદ્મનાભદાસજીના ઘરે જન્મ થયા બાદ પોતે જેમ જેમ મોટા થતા હતા તેમ તેમ પદ્મનાભદાસજીની કૃપા દ્વારા પોતાને (તુલસાંબાઈને)આ માર્ગમાં રહસ્ય તરીકેનું થોડુ થોડુ જ્ઞાન થતું રહેલું હતું. તેમજ બ્રહ્મસંબંધ દ્વારા શ્રી મહાપ્રભુજીના સેવક (વૈષ્ણવ) થયા પછી પદ્મનાભદાસજીના માર્ગ દર્શન પ્રમાણે પોતાના હૃદયનાં ખરા ભાવથી સેવા કરતા હતા.

તે પછી તુલસાંબાઈના હૃદયનાં ભાવ જોઈને પદ્મનાભદાસજીના શ્રી મથુરાનાથજીએ સ્વઈચ્છાથી પોતાનું બીજું સ્વરૂપ પ્રગટ કરતાં શ્રી મહાપ્રભુજીએ શ્રી મથુરાનાથજીના પ્રગટ થયેલા આ બીજા સ્વરૂપને શ્રી છોટા મથુરાનાથજી તરીકેના નામની ઉપમાં આપીને તુલસાંબાઈના માથે પધરાવી આપ્યું અને પછી તો આ શ્રી છોટામથુરેશજીના નામવાળા આ શ્રી ઠાકોરજીને સર્વસ્વ માનીને તુલસાંબાઈતો પદ્મનાભદાસજીના માર્ગ દર્શન મુજબ પોતાના હૃદયનાં ખરા .. ભાવથી સેવા કરવા લાગ્યા હતા..... બાદ પદ્મનાભદાસજીનો લીલામાં પ્રવેશ થયા પછી પદ્મનાભદાસજીજેવા વૈષ્ણવના સંગ દ્વારા ઉચ્ચકક્ષાએ પહોંચેલા એવા આ તુલસાંબાઈનાં સ્વમાર્ગીય વિચારો અને રહસ્ય ભરેલી હૃદયની ગુપ્તભાવનાઓ પ્રત્યે વિચાર કરવા જઈએ તો પત્તો લાગે તેવું નથી. કારણકે જીવ તરીકે ની ચતુરાઈ કે પછી તેવી ચતુરાઈ દ્વારા પ્રાપ્ત કરેલા જ્ઞાનથી સમજાય તેવું નથી. એટલે તેતો કેવળ ભાગવદ્ કૃપાએ સમજાય.....

આમ આવા પ્રકારે પસાર થઈ રહેલા તુલસાંબાઈના જીવન દરમ્યાન એક દિવસ સવારે વહેલા ઉઠી દેવના દર્શને તેમજ ઘરનાં કાર્યોમાંથી પરવારીને સ્નાન કરી પછી સાવધાની પૂર્વક મંગલભોગની તૈયારી કરીને પોતાને સેવ્ય સ્વરૂપ શ્રી છોટામથુરેશજીને જગાડી મંગલ ભોગ ધર્યો. આવામાં શ્રી મહાપ્રભુજીના સેવક એક વૈષ્ણવ પોતાને ઘરે આવ્યા અને જઈ શ્રી કૃષ્ણ બોલીને ભગવદ્ સ્મરણ કર્યા. આમ આવા શબ્દો સાંભળતા તુલસાંબાઈ તો પોતાના હૃદયનાં કોઈક અલૌકિક આનંદમાં ડુબી જઈને નીજ મંદિરમાંથી બહાર આવ્યા અને આવેલા વૈષ્ણવના દર્શન કરીને પોતે પણ જય શ્રી કૃષ્ણ બોલીને ભગવદ્ સ્મરણ કર્યા. બાદ હૃદયમાં પ્રગટ થયેલી કોઈ એક ભાવનાએ આવેલા વૈષ્ણવનો ભાવપૂર્વક સત્કાર કરી મારા લાડીલા ના લાડીલા અહીં બેસો... હું હમણા આવી... એવું કહીને તુલસાંબાઈ પછા અંદર ગયા. અરે.. અંદર તો ગયા પરંતુ અંદર જઈને અતિ પ્રસંન થતા વિચાર કરવા લાગ્યા કે મારા વડિલોની આડી દ્વારા મારા હૃદયના સાચા ભાવપૂર્વક કરેલી સેવાથી આજે ઘણા લાંબા સમયથી ઠાકોરજીએ મને પોતાની... કરી જાણી. આમ શ્રી ઠાકોરજીએ આજે પોતાની કરેલ હોવાથીજ આજે મારા પર કૃપા કરવા માટે મારે ઘેર આજે વૈષ્ણવ પણ અચાનક પધાર્યા એટલે ખરેખર આજે તો મારા ભાગ્યનો ઉદય થયો... નહીંતર.... મારા જેવી માટે આવું બનોજ ક્યાંથી?....

આમ અતિ પ્રસન્ન થતા થતા તુલસાંબાઈ થોડીક વધારે સામગી કરવા લાગ્યા અને પછી સામગી સિધ્ધ થઈ જતા શ્રી ઠાકોરજીને રાજભોગ ધર્યો..પછી સમયાનુસાર ભોગ ધરાવ્યા, આવેલા વૈષ્ણવને દશર્ન કરાવ્યા, આરતી કરીને

અનોસર કરીને મંદિરના દ્વાર બંધ કર્યા. ..બાદ દંડવત્ પ્રણામ કરીને બહાર આવ્યા અને બેસાડી રાખેલા વૈષ્ણવને બે હાથ જોડીને વિનંતિ કરતા કહ્યુ કે ભાઈશ્રી ઉઠો. .,સ્નાન કરો... કે જેથી આપણે મહાપ્રસાદ લઈએ. આમ તુલસાંબાઈની વાત સાંભળીને આવેલા વૈષ્ણવે સ્નાન તો કર્યુ. પરંતુ મનમાં જ્ઞાતિ ભેદનો પ્રશ્ન ઉપસ્થિત થતા પોતાને એક વિચાર આવ્યો કે આ તુલસાંબાઈ તો કનોજીઆ બ્રાહ્મણ છે અને હું તો સરવરીઓ બ્રાહ્મણ છુ એટલે આ તુલસાંને ઘરે મહાપ્રસાદ કેમ લેવાય?.......આમ આવો વિચાર કરીને મહાપ્રસાદ લીધા સિવાય લાડિલાના લાડિલાં એવા આ વૈષ્ણવ જતા રહ્યા..

હવે આવેલાં આ વૈષ્ણવ આમ મહાપ્રસાદ લીધા સિવાય જતા તો રહ્યા પરંતુ તુલસીબાઈ જ્યાં ઉભા હતા ત્યાં ઢળી પડ્યા અને હૃદયમાં દુખના મોજાઓ એ તોફાન કરવું શરૂ કર્યું. પછી નીજ મંદરિના દ્વારપાસે અતિ કલ્પાંત કરતાં કરતા.. હે નાથ .. હે વ્હાલા.. હે પ્રાણથીપણ પ્યારા.. આજે મારો વળી શું અપરાધ થયો કે જેથી આવેલા વૈષ્ણવ આમ મહાપ્રસાદ લીધા સિવાય એટલે કે મારે ત્યાંથી ભુખ્યા જતા રહ્યા.... પ્રભુ... ખરેખર, હજી મારી યોગ્યતા નહી જ હોય... નહીંતર... આમ બોલતા બોલતા પોતાનુ હૃદય અતિભરાઈ આવતા વિશેષ કંઈ બોલી શક્યા નહિ વળી પોતાના બળતા હૃદય ઉભા થઈને પોતે પણ ભુખ્યા જ રહેતા ઉભા થઈને બધો પ્રસાદ ગાયોને ખવડાવી દીધો અને પછી સમજો કે જલ એટલે વસ્તુ પણ લીધા સિવાય ઘરમાં જેમ તેમ પડી રેહેલી કસોટી અર્થે આવેલા આ સમયને પસાર કરવા લાગ્યા પછી ઉત્થાપનનો સમય થતા જેમ તેમ સ્નાન કરીને શ્રી ઠાકોરજીની સયન સુધીની સેવાને પહોંચીને અને શ્રી ઠાકોરજીને પોઢાડી દઈને બહાર આવ્યા તેમજ સયન નો મહાપ્રસાદ પણ પોતે નહીં લેતા ગાયો ને જ ખવડાવી દીધો....પછી વિચાર કરવા લાગ્યા કે અરે... પ્રભુ ઈચ્છાએ જ આજે સમય પ્રાપ્ત થયેલો હોવા છતાંય મારા કમભાગ્યે તે સમય જતો રહ્યો. આમ પસાર થઈ ગયેલા કિંમતી સમયને યાદ કરીને રડતા રડતા જાય અને ગાડાની માફક આમ તેમ ફરતા જાય... વળી ક્યાંય ચેન પડે નહિં આખરે ભોંય પર પડી ગયા... આમ આતિ દુઃખમાં ડુબેલા એવા તુલસાંબાઈને સૂઈ જવાનો સમય થઈ ગયેલો હોવા છતાં પોતાની આવી દુખદ દશામાં પોતાને ઉંઘ પણ ક્યાંથી આવે?.... અરે... એટલું જ નહિ પરંતુ કેમ જાણે પોતાના જીવનની અંતિમ સ્થિતિ આવી પહોંચી હોય તેમ પડી રહેતા આખરે રાત્રિના પાછલા સમયે સહેજ જોકું આવી ગયુ.

આમ આવા સંજોગે એક પ્રમાણની દ્રષ્ટિએ જોવામાં આવે તો તેજ સમજાય છે કે શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કરેલા આ માર્ગની પ્રણાલીકા મુજબ જ્ઞાતિભેદના આધારે આ વૈષ્ણવ થી તુલસાંબાઈ ઘરે સખડી તરીકેનો મહાપ્રસાદ લઈ ન લઈ શકાય એવા તુલસાંબાઈ જાણી ગયેલ હોવાથી વિશેષ આગ્રહ કરે પણ શું?... એટલે આમ વિશેષ આગ્રહ નહિ કરતાં મહાપ્રસાદ લીધા સિવાય આ વૈષ્ણવ જતા રહ્યા.. હવે આંતરિક દ્રષ્ટિના ભાવનો એટલે કે રહસ્ય તરીકેના ભાવને વિચારીએ તો આવનાર વૈષ્ણવ અન્ય કોઈ સામાન્ય વૈષ્ણવ જીવ ન હતા પરંતુ દામોદરહરસાની ના અલૌક્કિ સ્વરૂપ શ્રી લલીતાજીની સૌરભા નામની સખી હતી. આમ વૈષ્ણવ(સૌરભાસખી) તે દામોદર હરસાની ના (શ્રી લલીતાજીના) સંબંધ વાલા હતા. અને તુલસાંબાઈ મણિકુંડલા સખી તે પદ્મનાભદાસજીના (શ્રી ચંપકલત્તાસખીના) સંબંધ વાળા હતા. એટલે ભાવમાં રહેલા આવા ભેદના આધારે... દામોદરદાસદાસ હરસાનીની આજ્ઞા સિવાય આવેલા આ વૈષ્ણવથી તુલસાંબાઈના ઘરે આ પ્રસાદ કેમ લેવાય?. એટલે આમ દામોદરદાસ હરસાનીની કૃપા સિવાય આ માર્ગમાં કંઈ બનતુ નથી. કારણકે" દમલા આ માર્ગ તારા માટે પ્રગટ કરેલ છે".. એટલે આવા કારણથી મહાપ્રસાદ લીધી સિવાય આ વૈષ્ણવ જતા રહ્યા હતા એ સ્પષ્ટ સુચન થાય છે.

તે પછી રાત્રિના પાછલા સમયે તુલસાંબાઈને આવેલા ઝોકું એ સુચન કરે છે કે તુલસાંબાઈ પ્રભુના થઈ ચુકેલા તો હતા જ પરંતુ અંગિકૃત તરીકે જ્યાં સુધી ન માને ત્યાં સુધી પ્રભુ સાક્ષાત નહિ થતા સમજી ન શકાય તેવી પરિસ્થિતમાં જીવને મૂકી દીધા પછી પોતાને જેમ કરવું હોય તેમ કરે. એટલે આમ આ રિતિ અનુસાર જ તુલસાંબાઈને સહેજ ઝોકું આવી ગયું હતું... હવે તુલસાંબાઈની રાત્રીના પાછલા સમયે ઝોકું આવી ગયા પછી સ્વપ્ન દ્વારા પોતાની સાથે શ્રી મથુરેશજીએજ આજ્ઞા કરતા કહ્યું કે તુલસાંમનમાં દુઃખ ન કર... બની ગયેલી બાબત માટે ચિંતા પણ ન કર... બાકી તેજ વૈષ્ણવ સવારે તારા ઘરે પાછા આવશે માટે તુ જલદી જલદી સામગ્રી સિદ્ધ કરજે.... અને તે વૈષ્ણવ મહાપ્રસાદ લેશે... પછી સ્વપ્ના દ્વારા આજ્ઞા કરી કે શ્રી ઠાકોરજી અંતરધ્યાન થયા. શ્રી ઠાકોરજી આવા મધુર વચનો સાંભળતા કેમ જાણે તુલસાં બાઈને કોઈ અલૌક્કિ શક્તિનો આંચકો લાગ્યો હોય તેમ તુલસાંબાઈ ખરેખર ચમકીજઈને જાગૃત દશામાં આવી ગયા અને પછી તો આંખોમાં શ્રી ઠાકોરજીના વચનો તરી આવતા હોવાથી પોતાનું બધુ દુઃખ ભુલાઈ ગયુ. અરે ભુલાઈ તો ગયું પરંતુ પહેલા પહેલા હૃદયમાં જે ઉત્સાહ ઉંમંગ હતો તેનાથી અનેક ગણો આવી જતા જાણે પોતાનું સ્વરૂપ બદલાઈ ગયું કે કહેવા લાગ્યા કે પ્રભુએ આખરે મારી સાંભળી અને મને પોતાની કરી જાણી અને આજે મારા ઉપર અનહદ કૃપા કરી છે... વળી ગઈ કાલે તે વૈષ્ણવ જ્ઞાતિભેદનાં આધારે મહાપ્રસાદ લીધા વિના જતા રહ્યા હતા તો તેથી શું થયું?.... પરંતુ હવે તો જો લેવડાવવાવાળા હોય તો લેનારા ક્યાં જવાના હતા?... પ્રેમરૂપના આ ભાવના આધારે આજેતો અનસખડી પ્રસાદ વધારેને વધારે પીરશીને લેવડાવું પછી શું?.... આવા પ્રકારના ઘણા વિચારોમાં પ્રાત : કાળનો સમય થતા શ્રી ઠાકોરજીએ કરેલી આજ્ઞા નુસાર જલદી જલદી સ્નાન કરી પોતાના કરવાના કાર્યમાં મસ્ત બની ગયા.

જ્યારે બીજી તરફ તુલસાંબાઈના ઘરે આવેલા વૈષ્ણવ જે મહાપ્રસાદ લીધા સિવાય જતા રહ્યા હતા પરંતુ તેમને પણ ક્યાંય ચેન પડતુ ન હતું અને દિવસનો સમય જેવી તેવી રીતે પસાર કરીને રાત્રે કંઈક પ્રકારના વિચારો કરતાં કરતા નિંદ્રાને આધિન થયા એટલે સુઈ ગયા બાદ આવી ગયેલી નિંદ્રામાં જગાડીને શ્રી મથુરેશજીએ એ આજ્ઞા કરતા કહ્યું કે ગઈ કાલે તુલસાંને ત્યાં જઈને મહાપ્રસાદ નહિ લેવાથી તુલસાંએ અન્ન તો શું જલ પણ લીધું નથી કે જેથી તમે તુલસાંને બહુ દુઃખી કરી છે પરંતુ હવે કરેલા આ અપરાધ બદલ સવારે તુલસાંને ઘરે જઈને માફી માગીને સખડી મહાપ્રસાદ લેજો એવી મારી આજ્ઞા છે વળી તમારી હૃદયની ભાવના અનુસાર શ્રી લલિતાજીની પણ આજ્ઞા છે... તે પછી શ્રી ઠાકોરજીએ કરેલા સુચનથી શ્રી લલિતાજીએ પોતાની સૌરભા સખીના ગુપ્ત સ્વરૂપવાળા આ વૈષ્ણવ ને આજ્ઞા કરી કે અમારા અને તેના ભાવ વચ્ચે કંઈ ભેદ નથી માટે તુલસાં બાઈને ઘરે જઈને અન્ન સખડી તો ઠીક પરંતુ સખડીમહાપ્રસાદ પણ લેજો. આમ આ પ્રમાણે આજ્ઞા કરી ને તેમજ લલિતાદ્વારા પણ આજ્ઞા કરાવીને શ્રી મથુરેશજી અંતધ્યાન થયા...

આવામાં આ વૈષ્ણવ તુરત જાગી ગયા અને શ્રી ઠાકોરજીના તેમજ શ્રી લલિતાજીના આવા વચનોના આધારે પોતાના મનને ધિક્કારતા વિચારવા લાગ્યા કે આ મેં એક પ્રકારે બહુ ખોટું કર્યું પણ હવે ક્યારે સવાર પડે અને ક્યારે તુલસાંના... દર્શન કરુ?... આમ થયેલી તાલાવેલીને આધારે રાત્રેને રાત્રે સ્નાન કરીને તીલક કર્યુ અને ચરણામૃત લઈને પાઠ કરવા બેઠા આમ પાંઠ કરતા કરતા સવાર થયું કે તરત જ પોતે તુલસાંબાઈના ઘરે ગયા અને ઘરમાં પ્રવેશ કરીને દીનતાભાવે જય શ્રી કૃષ્ણ કહીને ભગવદ્ સ્મરણ કર્યા આમ વૈષ્ણવનો અવાજ સાંભળતાની સાથે જ ગાંડાઘેલા તુલસાંબાઈ અંદરથી બહાર આવ્યા અને ગઈ કાલે જ જતા રહેલા વૈષ્ણવને આજે પાછા આવેલા જોઈને અતિ આનંદમાં આવી ગયા અને પછી તો... આવેલા વૈષ્ણવના નેત્રોની દ્રષ્ટિ સાથે પોતાની નેત્રોની દ્રષ્ટિ મિલાવતા જય શ્રી કૃષ્ણ કહીને પોતે પણ ભાવપૂર્વક ભાગવદ્ સ્મરણ કર્યુ. પછી સમજો કે તુલસાંબાઈ નાચવા કુદવા લાગ્યા આમ આ એક અલૌકિક પ્રકારે નાચતા બોલવા લાગ્યો કે વ્હાલા... પ્રભુ.. " જતી રહેલી નિધી મને પાછી પ્રાપ્ત થઈ... હા હા .... પાછી પ્રાપ્ત થઈ.... આમ મને પોતાની જાણીને.... આપ પાછા પધાર્યા તેતો ખરેખર... મારા ઉપર મહાન કૃપા કરી.... હા હા.... મહાનકૃપાજ કરી.... " આમ બોલતા બોલતા તુલસાંબાઈ એ પાછા આવેલા વૈષ્ણવનું બહુજ સારી રીતે સન્માન કરી ને ઘરમાં આસન પર બેસાડ્યા.

બાદ અંદર જઈને જલદી જલદી સામગ્રી સિદ્ધ કરવા લાગ્યા અને પછી જ્યારે સામગ્રી સિદ્ધ થઈ પછી શ્રી ઠાકોરજીને જગાડ્યા અને મંગલભોગ ધર્યો સંગાર ભોગ ધર્યો અને પછી રાજભોગમાં સખડીઅને અન્નસખડી એમ બંને ભોગ અલગ અલગ ધર્યા પછી નીજ મંદિરમાંથી બહાર આવીને બેઠેલા વૈષ્ણવને દીનતાભાવે વિનંતી કરતા કે ભાઈશ્રી, સ્નાન કરો અપરસીયુ તૈયાર છે. આમ તુલસાંબાઈના કહેવાથી વૈષ્ણવે સ્નાન કરીને અપરસીયુ (અપરસમાં પહેરિશકાય તેવું પહેરવાનું કાપડ) પહેર્યુ. અને તીલક વી. કરી લેતા તુલસાંબાઈએ વળી કહ્યું કે ભાઈ શ્રી, આજેતો વધાઈ બોલો... વૈષ્ણવે વધાઈ બોવાવી શરૂ કરતા તુલસાંબાઈએ રાજભોગ સરાવ્યા અને આરતી કરી શ્રી ઠાકોરજીને દર્પણ બતાવ્યું. હવે જે સમયે દર્પણ ધરે તે સમયે શ્રી ઠારોરજીના અત્યંત પ્રસંન્તા પૂર્વક દર્શન થયા અને પછી દંડવત્ પ્રણામ કરીને નીજ મંદિરનાં દ્વાર બંધ કરીને બંને બહાર આવીને તુલસાંબાઈએ બે પોતના કર્યા. પોતના પર પાતળો મૂકી. પહેલા તો એકમાં અનસખડી પ્રસાદ પીરસ્યો અને બીજી માં સખડી મહાપ્રસાદ પીરસ્યો. બાદ અનસખડી મહાપ્રસાદ વાળી પાતળનું... સંબોધન કરી બતાવતા તુલસાંબાઈએ વૈષ્ણવને અતિ પ્રેમથી કહ્યું કે ભાઈ શ્રી પધારો આ... પાતાળ પર બેસો...

હવે તુલસાંબાઈએ વૈષ્ણવને જે પાતાળ પર બેસવાનું કહ્યુ હતુ તે પાતાળમાં માત્ર અનસખડી મહાપ્રસાદજ પીરસેલ હોવાથી વૈષ્ણવે કહ્યું કે તુલસાં... હું તો સખડીમહાપ્રસાદ લઈશ. હવે શ્રી ઠાકોરજીએ" તે વૈષ્ણવ સખડી મહાપ્રસાદ લેશે"... તેવી આજ્ઞા કરેલ હોવા છતાંય માત્ર એક રમત કરતા તુલસાંબાઈએ કહ્યું કે ના... તમને તો જ્ઞાતિભેદ છે. તેથી તમે માત્ર અનસખડી મહાપ્રસાદ લ્યો. તુલસાંબાઈની આવી વાત સાંભળતાની સાથેજ આ વૈષ્ણવની આંખમાંથી

આંસુઓ વહેવા લાગ્યા અને ખરેખર રડતાજ હોય તેમ કહેવા લાગ્યા કે તુલસાં... ગઈ કાલે મેં જે જ્ઞાતિનો ભેદ માન્યો હતો તે મારા થી બહુ જ ખોટું થઈ ગયું હતુ જેથી તે મારો અપરાધ થયો છે... કે જે અપરાધના આધારે તારા શ્રી મથુરેશજીએ રાત્રે મને સ્વપ્રામાં આજ્ઞા કરી કે મને "મને બધી વાત કરી છે" એટલે તો હવે મારે સખડીમહાપ્રસાદજ લેવો છે... પણ તે પહેલા તને દુઃખી કરીને હું તારો જે અપરાધી થયો છું તે બદલ મને માફી આપ.....

આમ વૈષ્ણવની આવી વાત સાંભળીને તુલસાંબાઈતો ખરેખર ચકિત થઈ ગયા અને વળી દુઃખ પામીને કહેવા લાગ્યા કે અરે... હાય મેં આવી હઠ શા માટે કરી?... મેં આ શું કર્યું?.... મેં આમ હઠ કરેલ હોવાથી મારા પ્રભુને શ્રમ લેવો પડ્યો પણ... જો મેં હઠ કરી ન હોત તો મારા પ્રભુને શ્રમ થતા નહી... અરે... આ મેં શું કર્યુ?... મેં શુંકર્યુ?... એમ અતિ પ્રશ્ચાતાપ કરી જોર જોરથી રુદન કરવા લાગ્યા અને જોર જોરથઈ રડતાં રડતાં પોતાના દોષને પ્રગટ કરવા લાગ્યા આમ એક તરફ તુલસાંબાઈ અને બીજી તરફ વૈષ્ણવ એમ અરસ પરસ બંને પોતપોતાના દોષ પ્રત્યે અતિ પ્રાયશ્ચિત કરીને નિજ મંદિર માં બિરાજી રહેલા શ્રી મથુરેશજીથી સહન ન થઈ શકવાથી મંદિરમાંથી શ્રી મથુરેશજીએ આજ્ઞા કરીકે હું તમારા બંનેના અપરાધની પ્રસન્નતા પૂર્વક ક્ષમા આપું છું... માટે હવે તમે રડવાનું છોડી દઈને મહાપ્રસાદ લઈયો." પ્રથમ પ્રભુએ બંનેને સ્વપ્ર દ્વારા અનુભવ કરાવ્યો હતો પરંતુ આવા પ્રકારના બનેલા વાતાવરણના આધારે અત્યારે તો પ્રત્યક્ષ... આવો અનુભવ થતા"શ્રી ઠાકોરજીના વચનામૃતો સાંભળીને વળી પાછા આનંદમાં આવી જઈને તુલસાંબાઈએ કહ્યું કે ભાઈશ્રી... ચુપ,રડતા બંધ થઈ જાય. આમ એક પ્રકારે તુલસાંબાઈ તરફથી માફી મલી જતા જવાબમાં વૈષ્ણવે પણ કહ્યું કે તુલસાં ચુપ, તુ પણ રડતી બંધ થઈ જા. આમ આવા પ્રકારે આત્મ સંબંધ તરીકેના અલૌકિક પ્રેમના આધારે બંનેની આંખોમાંથી હર્ષના આસુંઓ વહી રહ્યા છે અને પછી તો આસુંઓ લુછતાં જાય અને શ્રી ઠાકોરજીના અધરામૃતથી આ સ્વાદીત થયેલો સખડી અને અનસખડી મહાપ્રસાદ જે અત્યંત સ્વાદિષ્ટ હતો તે સખડી અને અનસખડી મહાપ્રસાદ બંને લેતા જાય વળી ચુપ, ચુપ, કરીને શ્રી મહાપ્રભુજીના માર્ગની પ્રસંશા કરતા જાય એટલે સમજો કે " આમ બંને હળી મળીને મહાપ્રસાદ લીધો..."

આખરે સખડી જેવી... વસ્તુનો અંગીકાર કરવાની જે ઈચ્છા ન હતી તે આમ પ્રભુ ઈચ્છાએ જ આ સખડી જેવી વસ્તુનો આવેલા વૈષ્ણવે અંગીકાર કર્યો. એટલે સખડીજેવો... મહાપ્રસાદ લીધો આમં મહાપ્રસાદ લઈને જે સુખ વિલાસ ભોગવ્યો..... તે તન-મન-ધન તરીકે પોતાના સર્વસ્વની તુચ્છ માનીને આ માર્ગમાં જે ચાલે - અનુભવ કરે તેમ પ્રેમરૂપેના વિલાસને સમજી શકે એવો આ પુષ્ટિમાર્ગનો વિલાસ છે.... વિશેષ શું?.....

આમ આત્મ-વિલાસી તુલસાંબાઈના જીવનનો વાર્તા-પ્રસંગ સંપૂર્ણ.

૮. રૂક્ષ્મણીબાઈ

આ હિન્દુસ્તાન દેશની પવિત્ર ભૂમિ પર આવેલા બજારો તીર્થધામમો જે મોટા અને મુખ્ય તીર્થધામો કહેવાય છે તેમાં એક કાશી શહેરના નામે એક તીર્થધામ કહેવાય છેકે જે તીર્થધામમાં ગંગાજી નામની નદી વહી રહી છે તેમજ આ શહેરમાં શ્રી કાશી-વિશ્વનાથ તરીકેનુ એક મર્યાદા માર્ગીય મંદિર છે. એટલે આમ આ કાશી શહેરમાં શ્રી કાશી-વિશ્વનાથ પ્રભુનાં મંદિરનો તેમજ શ્રી ગગાંજીનો મહિમાં જ મુખ્ય છે. એટલે આવા મહિમાને આધારે હજારો જીવો આ કાશીના તીર્થધામની જાત્રાએ પણ અવશ્ય જાય જ છે.

આમ આવા આ કાશી શહેરમાં એક પુરૂષોતમ શેઠ કરીને એક સદગ્રહસ્થ રહેતા હતા. હવે અલ્હાબાદ-પ્રયાગમા ત્રિવેણી સંગમમાંથી દામોદરદાસ સભલવાલાને જે ત્રાંબાપત્ર પ્રાપ્ત થયેલુ હતું તે ત્રાંબાપત્ર વંચાવવાના નિમેત્તે દામોદરદાસ સંભલવાલા આ પુરુષોત્તમ શેઠ પાસે પણ આવેલા હતા અને તે પછી તો દામોદરદાસ સંભલવાલા ના સંગ દ્વારા પુરુષોત્તમદાસ શેઠને પણ શ્રી મહાપ્રભુજીના પણ દર્શન કરવા પ્રત્યે અતિ આરતી થયા કરતી હતી . આવામાં પૃથ્વી પરિક્રમા કરતા કરતા નીજ સેવકો સહિત શ્રી મહાપ્રભુજી જ્યારે આ કાશી શહેરમાં પધાર્યા હતા ત્યારે પુરુષોત્તમદાસ શેઠને ગંગાજીના કિનારે આવેલા એક ઘાટ ઉપરથી અચાનક મહાપ્રભુજીના દર્શન થઈ જતા પુરુષોત્તમદાસ શેઠને અલૌકિક આકર્ષક થયું હતું કે જેના કારણે સાથે રહેલા નિજ સેવકોમાના કૃષ્ણદાસ મેઘનને પુરુષોત્તમદાસ શેઠે પુછ્યું કે કૃષ્ણદેવ રાજાના વિધાનગરમાં જેઓએ દિગ્વીજય કર્યો હતો તેવો જ આ શ્રી મહાપ્રભુજી છે.?... જવાબમાં કૃષ્ણદાસ મેઘને કહ્યું કે હા... તેઓ જ આ શ્રી મહાપ્રભુજી છે આવું સાંભળતા પુરુષોત્તમદાસ શેઠ તો શ્રી મહાપ્રભુજીના સન્મુખ માં જઈને દંડવત્ પ્રણામ કર્યા અને બે હાથ જોડીને અતિ દીનતા પૂર્વક વિનંતી કરી કે મને પોતાનો કરો.. અને મારુ ઘર પણ પાવન કરો.. પુરુષોત્તમદાસ શેઠની દીનતા જોઈને વશ થયેલા એવા શ્રી મહાપ્રભુજી પુરુષોત્તમદાસ શેઠના ઘરે પધાર્યા અને પછી તો શેઠને, શેઠના પુત્ર ગોપાલદાસને, શેઠની પુત્રી રૂક્ષ્મણીને, એમ ઘરમાં રહેતા સૌ કોઈને બ્રહ્મસંબંધ આપીને શરણે લીધા... તે પછી શ્રી મહાપ્રભુજીએ શ્રી મદનમોહનજીનું સ્વરૂપ શેઠજીના માથે પધરાવી આપતા શેઠજી મદનમોહન ઠાકોરજીને સાક્ષાત્ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ તરીકે (પોતાની આવી ગુપ્ત ભાવનાઓ) "રાજસેવા" તરીકે સેવા કરવા લાગ્યા.

બાદ શેઠજીના ઘરે ઉજવવામાં આવતા મોટાં મોટા ઉત્સવોના સમયે પોતાના સેવ્ય ઠાકોરજીના દર્શન કરવા માટે ગામ ગામથી ઘણા વૈષ્ણવીઓ આવતા અરે... એટલુ જ નહિ પરંતુ કાશીમાં બિરાજતા શ્રી કાશીવિશ્વનાથ મહાદેવજી પણ આવતા હતા. તેમજ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવજીની આજ્ઞા અનુસાર પરમ ભક્ત જેવા પોતાના એક શૈવી બ્રાહ્મણે શેઠજીના મુખેથી નામ શ્રવણ પણ કર્યુ હતુ કે જેની સાથે સાથે કાશીમાં રહેતા બીજા અનેક જીવોને પણ નામ શ્રવણ કરાવ્યું હતુ. એટલે શેઠજીમાં શ્રી મહાપ્રભુજીએ આવો મહિમા સ્થાપન કર્યો હતો. આમ શેઠજીમાં રહેલા આવા મહિમાનાં પ્રભાવથી કાશી શહેરમાં રહેનારાઓમાંથી કોઈપણ માયાવાદી શેઠજીના સામે વાદવિવાદ કરવા અર્થે આવી શકતો ન હતો. આવા શ્રી મહાપ્રભુજીના પરમ સેવક શેઠ પુરુષોત્તમદાસજી હતા. પછી શેઠજીના પુત્ર પણ પિતાજીના જેવાજ પરમ ભગવદીય જેવા જ હતા. એટલે કે મહાપ્રભુજીના ચરણારવિંદની સેવાના દ્રઢાનુરાગી હતા.

હવે શેઠજીની પુત્રી રૂક્ષ્મણીને તો જન્મથી સંસારની લૌકિક માયાનો સ્પર્શ થયો જ ન હતો.... પછી રૂક્ષ્મણીબાઈ મોટા થતા થતા જ્યારે ૫ વર્ષની વયના થયા ત્યારે શ્રી ઠાકોરજી માટે ફુલની માળા કરવા લાગ્યા હતા. વળી સાત વર્ષની

વયના થયા ત્યારે મોતીની માળા પરોવવા લાગ્યા હતા.... એટલે કે સમજોકે પોતાના બાળપણથીજ રૂક્ષ્મણીબાઈનુ ચિત શ્રી ઠાકોરજીમાં પરોવાઈ ગયુ હતુ. તે પછી... રૂક્ષ્મણીબાઈથી ઠાકોકરજીના દર્શન જ્યારે " રસકટાક્ષ થી " કરતા હતા ત્યારે શ્રી મદનમોહનજી પણ સાક્ષાત્ " રસાત્મક સ્વરૂપે જ " રૂક્ષ્મણીબાઈને દર્શન આપતા હતા. આમ શ્રી ઠાકોરજી રૂક્ષ્મણીબાઈને આવા પ્રકારે દર્શન કરાવતા હોવાથી લૌક્કિ કોઈપણ વાછનાં ની ગંધપણ રૂક્ષ્મણીબાઈના હૃદયમાં રહેવા પામી ન હતી કે જેથી રૂક્ષ્મણીબાઈના હૃદયમાં રહેલો દરેક પ્રકારનો ભાવ કેવલ શ્રી મદનમોહનજીના સ્વરૂપમાં જ સ્થિર થઈ જવા પામ્યો હતો. બાદ રૂક્ષમણીબાઈ શ્રી ઠાકોરજીના દર્શન જ્યારે જ્યારે કરતા હતા ત્યારે ત્યારે સંન્મુખમાં ઉભા રહીને આંખની પાંપણને ચલાયા વિના એકી ટસે દર્શન કરતા હતા અને પછી જ્યારે ટેરો (પડદો) આવી જતો ત્યારે શ્રી ઠાકોરજીનો વિયોગ સહન થઈ નહી શકવા થી આંખોમાંથી આંસુઓ વહીજ રહેતા હતા અને પછી તો... શ્રી ઠાકોરજી જેમ વ્રજ ભક્તોના ઋણદાર થઈ ગયા હતા તેમ અહીં પણ આ શ્રી મદનમોહન ઠાકોરજી રૂક્ષ્મણીબાઈના ઋણદાર થઈ ગયા હતા. કારણકે પોતાના હૃદયમાં ગુપ્ત રહેલા અનેક પ્રકારના અલૌક્કિ ભાવથી લાડ લડાવીને રૂક્ષ્મણીબાઈએ શ્રી ઠાકોરજીને વશ કર્યા હતા વશ થયા પછી કહેવાનુ પણ શું હોય?..

જ્યારે બીજી તરફ શેઠજીના એક બહેન હતા જે સંસારીક કે વ્યવહારિક કાર્યો કરવામાં ઘણા ઉત્સાહિ હતા. જેથી લૌક્કિમાં તેઓ સૌથી આંગળ હતા. હવે સમય અનુસાર રૂક્ષ્મણીબાઈની વય સહેજ મોટી થતી હોવાથી શેઠજીના આ બેને તો ડહાપણ કરીને પોતાની ઈચ્છાનુસાર રૂક્ષ્મણીબાઈનો વિવાહ જ્ઞાતિના એક છોકરા સાથે નક્કી કરી આવીને ઘરના સૌને વાત કરી. આમ પોતાની આટલી નાની વયમાં જ કરેલા પોતાના વિવાહની વાત સાંભળતા રૂક્ષ્મણીબાઈને બહુજ દુઃખ થતા પોતાના હૃદયમાં ન થવા જેવું લાગ્યું. પરિણામે રૂક્ષ્મણીબાઈને તાવ ચઢી આવતા શરીર આખુ તપી ગયું હોય તેવું થઈ ગયું. આમ પોતાની બનેલી આવી દુઃખદ સ્થિતિમાં વિચાર કરવા લાગ્યા કે અરે, પ્રભુ... હે નાથ... એવા તો મારા કયા પાપ ઉત્પન્ન થયા કે જેથી શ્રી ઠાકોરજીની સેવામાં ઉપયોગી થતા મારા આ શરીરનો સંબંધ નો નરકના એક કીડા જેવા જીવ સાથે કરાવ્યો?.... આવા વિચારથી રૂક્ષ્મણીબાઈને હૃદયમાં વિશેષને વિશેષ દુઃખ થવા લાગ્યુ... પણ શું કરે.... એક તો પોતાનું હજુ બાળપણ તેમાં પણ વળી પાછી સ્ત્રી તરીકેની જાતિ એટલે લૌક્કિ સગાઓ કે વૃદ્ધવડિલો પાસે પોતાનું ચાલે પણ શું?... પછી એક દિવસ સારુ મુહર્ત હોવાને કારણે રૂક્ષ્મણીબાઈના સસરા સારા-સારા કાપડ તથા દાગીના વી. લઈને રૂક્ષ્મણીબાઈને પહેલ-વહેલું પહેરાવવા માટે આવ્યા અને લાવેલી દરેક વસ્તુઓ સાથે પ્રસાદી વસ્ત્ર તથા પ્રસાદી, ફૂલની માળા વી. શેઠના હાથમાં આપીને કહ્યુ કે આ બધુ રૂક્ષ્મણીને પહેરાવો અને રીતિ મુજબ તિલક ચાંદલો કરો. આમ આ બધી વસ્તુઓ લઈને શેઠજીએ રૂક્ષ્મણીબાઈના સસરાને કહ્યું કે આજે રૂક્ષ્મણીનું શરીર સારુ નથી તેથી તમે મુહર્ત સાધીને જાવ અને આ બધુ રૂક્ષ્મણીને હું પછી પહેરાવીશ. પોતાના મનનું સમાધાન થયું હોય તેમ રૂક્ષ્મણીબાઈના સસરાએ સારુ.... કહીને પોતાને ઘર જવા વિદાય થયા. બાદ આવેલ વસ્તુમાંથી પ્રસાદીવસ્ત્ર તથા પ્રસાદીફૂલવી માળા રૂક્ષ્ણીબાઈને આપતા કેવળ એક પ્રસાદીના નામના સબંધથી રૂક્ષ્મણીબાઈએ મનમાં આનંદ અનુભવ્યો બાકી તો બીજુ સૌ સૌનું કરશે અને વહુ વહુનુ કરશે..

બાદ... એક બે દિવસ પછી લગ્ન કરી આપવા પ્રત્યેની વાતચીત ચલતા શેઠજી એક વિચારમાં પડી ગયા કે શ્રી ઠાકોરજીની ઉત્થાનની સેવા નિત્ય રૂક્ષ્મણીબાઈ પોતે પોતાના હાથે કરે છે કે જેથી લગ્નના પ્રસંગનું કાર્ય શ્રી ઠાકોરજી કેવી રીતે સરળ કરશે?... વળી રૂક્ષ્મણીનું સ્વરૂપ પણ મહા અલૌક્કિ સ્વરૂપ છે કે જેથી તેનો આવો લૌક્ક સંબંધ પણ કેમ ઘટે?... ઠીક...... ધણી જેવા ધણીરૂપે શ્રી મહાપ્રભુજી માથે બિરાજે છે તેથી જેવી તેમની ઈચ્છા હશે તેમ થશે. બાકી આમા હવે પ્રભુ ઈચ્છા માન્યા સિવાય કંઈ સૂઝતું નથી. અંતે પોતાના મનનું આ રીતે સમાધાન કરીને વાતને જતી કરી.

આવામાં શેઠજીના ઘરમાં જેનુ સંપૂર્ણ રીતે રાજ ચાલતું હતુ તેવા શેઠજીના દોઢડાહ્યા બેને તો રૂક્ષ્મણીબાઈના લગ્ન કરવા માટે ઉતાવળ કરીને લગ્નનો સારો દિવસ જોવડાવીને લગ્નનો દિવસ નક્કી કર્યો. આમ પોતાની બેનના જબરજસ્તી જેવા કરેલા આ કાર્યથી શેઠજી મનમાં બહુ જ દુઃખી થતા પોતાની બેનને કહેવા લાગ્યા કે રૂક્ષમણીની વય દશ વર્ષની હોઈ તે હજી નાની છે એટલે લગ્નની આમ ઉતાવળ કરીને લગ્ન કરવાથી ફાયદો શું થવાનો છે?.... વળી આમ હઠ કરીને કરવાના કાર્યમાં તમને આનંદ પણ શું આવવાનો છે?..... ભાઈએ આવું કહેલ હોવા છતાંય શેઠજીની બેને તો ભાઈની વાત માની જ નહિ અને પરિણામે પોતાના દોઢડાહ્યાપણાના સ્વભાવે હરખપદૂડાં થઈને શેઠજીની બેને તો નક્કી કરેલા દિવસ મુજબ લગ્નની તૈયારી કરવા લાગ્યા.

હવે શેઠજી એટલે છપ્પન કરોડ રૂપિયાની માલ-મિલકત ધરાવનાર શેઠ પુરુષોત્તમદાસજી કાશીનગરના નગરશેઠ હતા. શહેરમાં સૌથી વધારે વૈભવશાળી અને પ્રતિષ્ઠાવાળા જો કોઈ હોય તે આ એક શેઠ પુરૂષોત્તમદાસજી હતા. બ્હાર ક્યાંય ફરવા જતા હોય તો પાલખીમાં બેસીનેજ જતા હોય. એટલે સમજો કે શેઠ પુરૂષોત્તમદાસજીનો લૌક્કિમાં આવો પ્રભાવ હતો... વળી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની સેવા પ્રતાપબળથી પોતાના ઘરની ચોકી કરવા માટે શ્રી કાશીવિશ્વનાથ મહાદેવજીએ કાલભૈરવને આજ્ઞા કરેલી હોવાથી કાલભૈરવી દેવો પહેરાવાળો શેઠજીના ઘરની રક્ષા કરવા આવતો હતો. એટલે શેઠ પુરૂષો તમદાસજીનો અલૌક્કિ રીતે પણ એવો પ્રભાવ હતો. પરંતુ... સમાજનો એક નિયમ છે કે કોઈ પણ વ્યક્તિનું પરદેશમાં જેટલું માન હોય તેટલું માન પોતાના ગામવાળાઓને ન હોય..... પોતાના ગામવાળાઓને જેટલુ માન હોય તેટલુ માન પોતાની જ્ઞાતિવાળાઓને ન હોય... પોતાની જ્ઞાતિવાળાઓને જેટલું માન હોય તેટલુ માન પોતાના કુટુંબિજનોને ન હોય.. અને પોતાનાકુટુંબિજનોને જેટલુ માન હોય તેટલુ માન પોતાના ઘરવાળાઓને ન હોય.. એટલે સમાજના આવા નિયમના આધારે શેઠ પુરૂષોત્તમદાસજી પ્રત્યે સ્હેજ પણ માન નહિ હોવાના કારણે જ પોતાના સ્વભાવ અનુસાર રૂક્ષ્મણીબાઈના લગ્ન તૈયારી કરવા લાગ્યા હતા.

આવામાં લગ્નનો દિવસ નજીક આવતા શેઠજીએ પોતાની બેનને કહ્યું કે ,અમારી પાસે જે ધન છે તે શ્રી મદનમોહનજીનું છે તેથી વધારે ધન ખર્ચી શકાશે નહિ મારાથી તો આટલા... અમુકજ પ્રમાણના ધનથી લગ્ન પતાવવાના છે. એટલે તમે વેવાઈ વી. ને આ વાત કરો અને તેઓને જો આ વાત માન્ય હોય તોજ આપણે રૂક્ષ્મણીના લગ્ન કરવા છે નહિતર હું બીજા ઠેકામે મારી દિકરીનો વિવાહ(સગાઈ) કરીને લગ્ન કરીશ... પછી શેઠજીના બેને આ વાત વેવાઈ ના ઘરે જઈને સૌને વાત પહોંચાડતા વેવાઈએ અતિ પ્રસન્ન થતા કહ્યું કે શ્રી મદનમોહનાથજીના પરમ કૃપાપાત્ર સેવક શેઠ પુરૂષોત્તમદાસજીની દિકરી અમને મળે એટલે અમારે બધુય આવી ગયું બાકી અમારે નથી ધનની જરૂર કે નથી બીજી વસ્તુની જરૂર. એટલે શેઠજીને જેમ યોગ્ય લાગે તેમ ભલે લગ્ન કરે. અમને કોઈ હરકત નથી. વેવાઈ તરફથી આવો જવાબ લઈને પોતાના ભાઈ પુરૂષોત્તમદાસજી પાસે આવીને વેવાઈએ કરેલી વાત કહી સંભળાવતા શેઠજીના મનનું સમાધાન થયુ... અને પછી સમજો કે લગ્નના માંગલિક પ્રસંગના સમયે શેઠજીએ શ્રી મહાપ્રભુજીને પધરાવેલા હોવાથી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં દંડવત્ પ્રણામ કરીને વિનંતી કરી કે પ્રભુ, આપ કૃપા કરીને તે છોકરાને (જમાઈને) નામ શ્રવણ કરાવશો તોજ રૂક્ષ્મણી તે છોકરા સાથે હસ્ત-મેલાપ કરશે. નહિતર હઠમાં આવેલી રૂક્ષ્મણી તે છોકરાની સાથે હસ્ત-મેલાપ કરશે નહિ. શેઠજીની આ વિનંતીનો સ્વીકાર કરીને શ્રી મહાપ્રભુજીએ કૃપા દ્વારા તે છોકરાને નામ શ્રવણ કરાવીને ગળામાં કંઠી બાંધી આપી. એટલે શેઠજીની ઈચ્છાનુસાર આ કાર્ય સિદ્ધ થયું.

પછી લગ્ન પ્રસંગ નિમિત્તે જે તૈયારીઓ કરવામાં આવી હતી તેની સાથે સાથે રૂક્ષ્મણીબાઈએ પણ કોઈ ન જાણે તેમ શ્રી મદનમોહનજીના સ્વરૂપનું એક ચિત્ર તૈયાર કરાવી પોતાના પાસે રાખ્યું હતુ..... પછી લગ્ન વિધિનો આરંભ કરવામાં આવ્યો અને રૂક્ષ્મણીબાઈને લગ્ન મંડપમાં બેસાડતા રૂક્ષ્મણીબાઈએ પ્રથમથી તૈયારી કરાવી રાખેલા શ્રી મદનમોહનના(ચિત્રજી) સ્વરૂપને પોતાની ગોદમાં લઈને લગ્ન મંડપમાં બેઠા... પછી લગ્ન વિધિ થતા થતા ચોરીએ પહોચ્યા સુધીમાં હવે નામ શ્રમણ દ્વારા પોતાના લૌક્કિ વરને શ્રી મહાપ્રભુજીનો સંબંધ થયેલ હોવા છતાંય ચોરીએ પહોંચ્યા સુધીમાં પણ દ્રષ્ટિ કરીને રૂક્ષ્મણીબાઈએ પોતાના લૌકિક વર સામે જોયું ન હતુ. આમ કરતા કરતા લગ્નવિધિ સમાપ્ત થતા શ્રી મહાપ્રભુજીની કૃપા દ્વારા રૂક્ષ્મણીબાઈએ તો શ્રી મદનમોહન ને જ પોતાના સ્વામી (વર) કરીને માની લીધા. કે જેથી રૂક્ષ્મણીબાઈની દ્રષ્ટિ લૌક્કિ... . તરફ સ્હેજ પણ ગઈ ન હતી. એટલે સમજો કે આવા ઉચ્ચ ભાવનાવાળા રૂક્ષ્મણીબાઈ શ્રી મદનમોહનજીને બહુ જ... પ્રિય હતા.

આમ રૂક્ષ્મણીબાઈના લૌક્કિ લગ્ન પ્રસંગમાં શેઠજીએ તો શ્રી મદનમોહનજીની આજ્ઞા પ્રમાણે જ ધનનો ખર્ચ કર્યો હતો પણ ડહાપણનો અને એક પ્રકારના મોભાનો ઈજારો રાખનાર પોતાની બેને તો પાછું વાળીને નહિ જોતા અનહદ ધનનો ખર્ચ કર્યો હતો, એટલે જેવું જેવું ધન તેવો તેનો ઉપયોગ. આમ લગ્ન વિધિ સમાપ્ત થયા પછી લૌક્કિ રિવાજ મુજબ રૂક્ષ્મણીબાઈને સાસરે વિદાય કરતા રૂક્ષ્મણીબાઈને સાસરે મોકલવામાં આવ્યા અને.... પછી સમજો કે સાસરે એક દિવસ રહીને બીજા દિવસે પાછા પિયરમાં બોલાવી લેવામાં આવ્યા. હવે સમય પસાર થતા થતા એક માસ થયો હશે- એવામાં રૂક્ષ્મણીબાઈનો લૌક્કિ વર શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોંચી જતા લૌક્કિ આ સક્તિવાળા સૌ જીવોને અતિ દુઃખ થવા લાગ્યુ હતુ પરંતુ.... અલૌક્કિ ભાવના વિલાસી શેઠજીએ તથા રૂક્ષ્મણીબાઈએ તો કેવળ શ્રી ઠાકોરજીની

કૂપા જ માની. આમ રૂક્ષ્મણીબાઈએ પોતાનું લૌક્કિ સાસરૂ જોવાને માત્ર એક જ દિવસમાં પાછા પિયરમાં આવી ગયા તે પાછા આવી જ ગયા. એટલે સમજો કે રૂક્ષ્મણીબાઈને પોતાના સાસરે જવાનો પ્રસંગ નહિ આવતા જિંદગી સુધી પોતે પોતાના પિતાજી શેઠ પુરૂષોત્તમદાસજીના ઘરે જ રહ્યા હતા.

હવે લોકિક દ્રષ્ટિએ રૂક્ષ્મણીબાઈ વિધવા બનેલા હોવાથી સ્ત્રીને બાર માસનુ સુતક આવે એ નિયમે રૂક્ષ્મણીબાઈ પાસે અંદર કોઈપણ સેવા નહિ કરવતા માત્ર બહારનીજ સેવા શેઠજી કરાવતા હતા કારણ કે લૌકિક-વૌદિક મર્યાદા અર્થે સુતક તરીકે બાર માસ સુધી અંદરની સેવા કરાવવી ન જોઈએ અને કદાચ "એવુ જો ન કરીએ તો અજ્ઞાની જીવો સમાજમાં નિંદા કરે" કે પતિના મરણ પછી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો બાર માસનું સુતક પણ પળાવતા નથી. એટલે આમ નિંદા કરનારા અજ્ઞાની જીવોના હિતાર્થે શેઠજીએ આટલી લૌકિક-વૌદિક મર્યાદા પણ રાખવી હતી. બાક અલૌકિક ભાવના તરીકે તો "સૌભાગ્યનો અધિકાર" શ્રી મદનમોહનજી તરફથી રૂક્ષ્મણીબાઇનાને મલી જ ગયેલો છે એટલે પછી શું ચિતાં?... તે પછી સમય થતા થતા રૂક્ષ્મણીબાઇના લૌકિક પતિના મરણ થયાને બાર માસ થઇ જતા શેઠજીએ વિચાર કર્યો કે રૂક્ષ્મણીને લૌકિક મર્યાદાનો જે પ્રતિબંધ હતો તે હવે દૂર થઇ ગયો છે એટલે સેવામાં નવરાવીએ તો હવે કંઇ હરકત નથી પંરતુ...શ્રી મદનમોહનજીની કપા થાય તો રૂક્ષ્મણીને સ્નાન કરાવીને અંદરની સેવા કરાવું!...

ત્યારબાદ એક દિવસે રાજભોગના સમયે રૂક્ષ્મણીબાઇ જયારે દર્શન કરવા આવ્યા અને દર્શન કરતા હતા ત્યારે શ્રી મદનમોહમજીએ રૂક્ષ્મણીબાઈની સામે કરૂણા ભરીને રસભરેલી દષ્ટિથી જોઇને એક પ્રકારે "રસ સિંચન" કર્યું કે જે રસ સિંચનથી રૂક્ષ્મણઈબાઇનું ચિત ચોરી લીઘેલ હોવાથી રૂક્ષ્મણીબાઇને કંઇક આકર્ષણ થયું કે જેના આધારે દર્શન કરતા કરતા રૂક્ષ્મણીબાઇ તો શ્રી ઠાકોરજીની સન્મુખમાં જ એક પુતળાની માફક ભૂમિ પર પડી ગયા. પરિણામે અતિ તાપકલેશના આ આધારે દેહનું ભાન પણ પોતાને રહ્યુ નહિ. પછી આવુ શેઠજીના જોવામાં આવતા અનોસર કરીને અને રૂક્ષ્મણીબાઇને પોતાની ગોદમાં લઇને નિજ મંદિરમાંથી બહાર આવ્યા. હવે રૂક્ષ્મણીબાઇને કંઇક થઇ ગયુ છે એવુ સમજીને શું થયું?...શું થયું?...એમ ગભરાયેલા હૃદયે ઘરના સૌ કોઇ બોલવા લાગ્યા.પછી કોઇ પંખો કરવા લાગ્યા, તો કોઇ પગ પકડીને જોવા લાગ્યા, તો કોઇ વળી માથે હાથ ફેરવવા લાગ્યા. એટવે જેઓને જેવું યોગ્ય લાગ્યું તેંવુ સૌ કોઇ કરવા લાગ્યા. પરંતુ રૂક્ષ્મણીબાઇને શું થયું છે ?..તે તો કોઇ સમજી શકયા નહિ, બાકી જે થયું છે તે માત્ર રૂક્ષ્મણીબાઇ અને શેઠજી આમ આ બંને જણા જ જાણે છે. વળી શેઠજી જાણતા હોવા છતાંય આ વાત વિષે કોઇને નહિ કહેતા પોતાના હૃદયમાં જ સમાવી દીધી. તે પછી ઘરમાં સૌને આશ્રવાસન આપતા કહેવા લાગ્યા કે તમે કોઇ ગભરાશો નહિ. રૂક્ષ્મણીને કંઇ જ થયું નથી... શ્રી મદનમોહનજી બધુંય સારૂં જ કરશે.. આમ ઘરમાં સૌ કોઇને આશ્વાસન આપતા હોવા છતાંય રૂક્ષ્મણીબાઇના માતાજીને સહેજ સહેજ પણ શાન્તિ થઇ નહિ. પરીણામે રડી રડીને કહેવા લાગ્યા કે અરે... પ્રભુ..સુંદર સ્વરૂપવાળી મારી રૂક્ષ્મણીને આ શું થયું...અરે..રે જેના દર્શન કરતા જીવ કૃર્તાથ થાય એવી મારી આ..રૂક્ષ્મણીને આ શું થયું?..અરે... અરે..સદગુણવાળી મારી આ.. રૂક્ષ્મણીને શું થયું?..અરે..અરે. ..પ્રભુ.. આ શું થયું?.. આમઆવુ બોલી બોલીને અને રૂદન કરતા કરતા રૂક્ષ્મણીબાઇના માતાજી પોતાનું દુઃખ વ્યકત કરી રહ્યા હતા.બાદ રૂક્ષ્મણીબાઇની બનેલીઆંવી પરિસ્થિતિના આધારે રૂક્ષ્મણીબાઇ સહિત ઘરમાંથી કોઇએ મહાપ્રસાદ પણ લાધો નહિ. અને પછી તો સમજો કે ભૂખ્યા પેટે આમને આમ સૌ રૂક્ષ્મણીબાઇ પાસે બેસી જ રહ્યા..હવે રૂક્ષ્મણીબાઇની થયેલી આવા પ્રકારની દશાથી એ સુચન થાય છે કે સુતક તરીકેના બાર મહિના પુરા થયા પછી સેવામાં જયારે પ્રથમ ન્હાવાનું હોય છે ત્યારે વિધવા થયેલ બાઇને આગલા દિવસે એક વ્રત કરવું પડે છે એવી પુષ્ટિમાર્ગની એક મર્યાદા છે. એટલે રૂક્ષ્મણીબાઇની આવા પ્રકારે થયેલી દશા તો માત્ર એક નિમિત બતાવતા માર્ગની મર્યાદા અનુસાર રૂક્ષ્મણીબાઇને આ રીતે આપો આપ અને તે પણ આજે ને આજે જ સિધ્ધ થઇ ગયું. એટલે રૂક્ષ્મણીબાઇને જે તાપકલેશ થયો તે તાપકલેશ દ્વારા આજે જ વ્રત સિધ્ધ થઇ ગયું. આમ તાપકલેશ એ જ ફળ-સ્વરૂપ છે. વળી એ પણ છે કે શેઠજીના રૂક્ષ્મણીબાઇને સેવામાં નવડાવા માટેનો હૃદયમાં જે ભાવ થયો હતો તે ભાવ માટે શ્રી ઠાકોરજીએ આવું કરીને શેઠજીનો ભાવ પણ સિધ્ધ કર્યો.

તે પછી સૌ કોઇ આઘાપાછા થતા અને વળી કોઇ ન સાભળે તેમ શેઠજીએ રૂક્ષ્મણીબાઇના કાનમાં કહ્યું કે બેટા,ઉત્થાપન સમયે(અનોસર કર્યા પછી જાગૃત થવાના સમયે શ્રી ઠાકોરજી દષ્ટિ દ્વારા જે સમયે કૃપા કરે છે તે સમયે)શ્રી મદનમોહનજીના ચરણારવિંદનો સ્પર્શ તને થશે માટે તું જરાય ગભરાઇશ નહિ..આમ એક ઔષધિરૂપે શેઠજીના વચનો એ કાન દ્વારા જયારે રૂક્ષ્મણીબાઇના હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે રૂક્ષ્મણીબાઇની દશામાં કંઇક પરિર્વતન થતા પોતે જે સૂતા

હતા તેને બદલે પોતાના શરીરને ધીરે ધીરે આમતેમ ફેરવતા ફેરવતા બેઠા થતા ઘરના સૌ કોઇ આંનદમાં આવી ગયા અને પછી સમજો કે એકાદ કલાકમાં તો બિલકુલ શુધ્ધિમાં આવી ગયા હતા.

હવે સખી ચંપકલતા પોતાની સખી મણીકુંડલા (તુલસાબાઇ) જેમ લીલામાં સાથે રહેતા હતા તેમાં અહીં ભૂતળ પર પણ સાથે જ રહેવા માટે તેઓ બનેંના એક જ ઘરમાં પ્રાકટય થતાં તેઓ બંને સાથે રહીને પોતપોતાના વલણ અનુસાર પોતપોતાના કાર્યો સિધ્ધ કરી બતાવ્યા.. એટલે તેવી જ રીતે લીલામાં શ્રી સ્વામિનાથજીના સખી ઇન્દુલેખાના ગુપ્ત સ્વરૂપવાળા શેઠ પુરૂષોતમદાસજી અને પોતાની સખી મોહિનીના ગુપ્ત સ્વરૂપવાળા આ રૂક્ષ્મણીબાઇ એમ આ બંને પણ એક જ ભાવના સ્વરૂપો હોવાથી જેમ લીલાંમાં સાથે રહેતા હતા તેમ અહીં ભૂતળ પર આ બનેં સ્વરૂપોએ સાથે જ રહેવાનું હોવાથી શેઠજીના અને રૂક્ષ્મણીબાઇના એમ આ બનેં સ્વરૂપોના પ્રાગટય પણ એક જ ઘરમાં થયા..હવે સખી મોદિનીમાં એક ગુણ છેકે જે ગુણ દ્વારા ખરેખર આનંદ પ્રગટ કરાવીને સામાને વશ કરી લીએ છે. એટલે સામાના હૃદયમાં આનંદ પ્રગટ કરાવનાર જો કોઇ હોય તો તે સખી મોગિની છે.આમ સખી મોદિની સામાના હૃદયમાં આનંદ પ્રગટ કરાવનારિ સખી હોવાથી અહિંભૂતળ પર આવ્યા પછી આ રૂક્ષ્મણીબાઇના સ્વરૂપે રહીને જેઓ પોતાના સ્વરૂપ તરીકે છે તેઓના હૃદયમાં આનંદ પ્રદટ કરાવીને અને આ આનંદ દ્વારા પ્રસન્ન કરીને તેઓને વશ કરી લીએ તેમાં વળી આશ્ચર્ય પામવા જેવું પણ શું છે ?...

તે પછી સખી ઇન્દુલેખા અને પોતાની સખી મોદિની એમ આ બંને સ્વરૂપો અહીં ભૂતળ પધારીને અક જ ઘરમાં પ્રગટ તો થયા પરંતુ અહીં ભૂતળ પર રહીંને પોતાના કરવાના કાર્યોમાં લૌકિક મર્યાદાનો ભંગ ન થાય તે રીતે રહીને જ દરેક કાર્યો કરવાના હતા. એટલે અહીં ભૂતળ પર શેઠજી રૂક્ષ્મણીબાઇના પિતાજી તરીકે હોવાથી લૌકિક દષ્ટિએ તો પિતા-પુત્રીના સંબંધે હતા કે જેથી અલૌકિક મર્યાદા સાથે લૌકિક મર્યાદાનો પણ ભંગ ન થાય તે રીતેની બંને (અલૌકિક-લૌકિક)મર્યાદા સાચવતા રૂક્ષ્મણીબાઇના કાનમાં અગાઉથી સુચન કરી દીધું હતુ કે "બેટા...ઊત્થાપનના સમયે શ્રી મદનમોહનજીના ચરણારવિંદનો સ્પર્શ તને થશે"..એટલે હવે તો મદનમોહનજી શું કરે છે?...તેજ જોવાનું રહ્યુ.. બાકી આ ભાવસિન્ધુ તે તો ખરેખર "રહસ્ય તરીકે ભાવની સિન્ધુ જ છે" અટલે રસમધુર તરીકે આ પુષ્ટિમાર્ગના વીલાસનો રસ માત્ર કિનારે જ બેસી રહીને અથવા તો જ્ઞાનરૂપેના માત્ર વાણીના વિલાસો કરીને પ્રાપ્ત કરીને શકાતો નથી.એટલે રસરૂપેના આ સમુદ્રમાં દઢ ભાવના સહિતની અલૌકિક ક્રિયા દ્વારા ઊંડુ તો ઊતરવુ જ પડશે...વળી ઉડું ઉતરવા માટે લૌકિક તરીકે અનેક પ્રકારના આવતા આવરણોને પસાર કરવા પડશે...આવરણોને પસાર કરતાકરતા અનેક પ્રકારની મુશીબતોને સહન કરવી પડશે...અને મુશીબતોને સહન કરતા દઢતાપૂર્વક જો ઉડાં ઉતરી જવાયુ તો કાર્ય સિધ્ધ થવાનું.. થવાનું ને થવાનું જ

ત્યારબાદ ઉત્થાપનનો સમય થતા શેઠજીએ અપરસમાં સ્નાન કર્યુ.. તેમજ રૂક્ષ્મણીબાઇને પણ સ્નાન કરાવીને પ્રસાદી વસ્ત્રો પહોરાવ્યા,પછી જેમણે અપરસમાં સ્નાન કરેલું હતું તેવા પોતાની માતાએસૌભાગ્યવંતીના એક ચિન્હ તરિકે રૂક્ષ્મણીબાઇની આંખમાં કાજલ (આંજણ) આંજીને તેમજ લલાટમાં (કપાળમાં)ચાંલ્લો કરીને રૂક્ષ્મણીબાઇને નીરખવા લાગ્યા. આમ આ સમયે લૌકિક કાર્યોના મહા ઉત્સાહી એવા શેઠજીના જે બેન હતા તે અત્યારે ઘરમાં ન હતા વળી તેવા લૌકિક આશકિતવાળા કે દષ્ટિવાળા અન્ય કોઇ જીંવને ઘરમાં આવવા જેટલો પણ મોકો ન રહે તેના હેતુએ મકાનના બધાય દરવાજા શેઠજીએબંધ કરાવી દીધા અને પછી રૂક્ષ્મણીબાઇના માતાજી બીજા કાર્યોમાં પરોવાતા બીજા કાર્યો કરવામાં રોકાયા પછી.. અલૌક્કિ ભાવનાએ ...તૈયાર કરેલ રૂક્ષ્મણીબાઈના સ્વરૂપને નીરખતા તેમનું આખું સ્વરૂપ " અલૌક્કિ રસરૂપ " ભાસતુ હતું ... કેમ જાણે વ્રજભૂમિમાં બિરાજતા શ્રી ઠાકોરજીના દર્શન કરવા માટે ખરેખર વ્રજ-ભક્ત જ પધાર્યા હોય તેવા રૂક્ષ્મણીબાઈના "સૌભાગ્ય દર્શન "થતા હતા. પછી ઉત્થાપન ભોગ તરીકેની સામગ્રી પણ રૂક્ષ્મણીબાઈના હાથે જ સિદ્ધ કરાવતા શેઠજીએ ઘંટાનાદ કરીને થોડીકવારે મંદિરના દરવાજા ખોલીને શેઠજી મંદિરમાં ગયા અને શ્રી મદનમોહનજીને જગાડતા પોતે દંડવત્ પ્રણામ કર્યા .

તે પછી બહાર આવીને રૂક્ષ્મણીબાઈના હાથ ખાસા કરાવીને (ધોવરાવીને) રૂક્ષ્મણીબાઈને નિજ મંદિરમાં લઈ જઈને શ્રી મદનમોહનજીની સન્મુખમા ઉભા રાખ્યા અને પછી રૂક્ષ્મણીબાઈને સેવામાં નવરાવવા વી. ની આજ્ઞા માંગતા હોય તેમ શેઠજીએ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદનું સ્મરણ કરતાની સાથે જ "રસસ્વરૂપ એવા શ્રી મદનમોહનજીએ "પોતાનો એક ચરણારવિંદ લાંબો કરતા લાંબો કરેલો ચરણારવિંદ સામે ઉભેલા રૂક્ષ્મણીબાઈના વૃક્ષસ્થલ ઉપર (છાતીના કહેવાતા ભાગ ઉપર) જઈ રહ્યો. ... આમ આ સમયે શેઠજી પણ નિજ મંદિરમાં ઉભેલા શ્રી મદનમોહનજીએ આવા

પ્રકારે ...... કરેલી લીલાના પ્રત્યક્ષ રીતે શેઠજીએ દર્શન થયા. એટલે કે બેટા, ઉત્થાપનના સમયે શ્રી મદનમોહનજીના ચરણારવિંદનો સ્પર્સ તને થશે " ... એવું શેઠજીએ રૂક્ષ્મણીબાઈને જે કહ્યુ હતું તે મુજબ શેઠજીને પ્રત્યક્ષ રીતે દર્શન થયા.

હવે આ સમયે એટલે કે ઉત્તાપનના સમયે શ્રી મદનમોહનજીએ કરેલી આવા પ્રકારની "રસાત્મક લીલાના " ના આધારે શ્રી મદનમોહનજીની નજીકમાં જ ઉભેલા -રૂક્ષ્મણીબાઈ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે શ્રી મદનમોહનજીએ તો આવી રસાત્મક લીલા દ્વારા મને "સ્નેહ રસનું " દર્શન કરીને અરસપરસના સ્નેહનો અલોકિક સંબંધ બતાવ્યો.... આમ પોતે આવો સંબંધ પ્રગટ કરી બતાવ્યો તો ખરો પરંતુ લૌકિક સંબંધ તરીકે પિતાજી અહીં ઉભેલા હોવાથી એક પિતા-પુત્રીના સંબંધ તરીકે લૌકિક -મર્યાદાનો ભંગ મારાથી કેમ થાય ?.... વળી મારે હવે જે કરવાનું છે તે જો હું અત્યારના આ સમયે નહિ કરૂં તો મને પ્રાપ્તિ થયેલો આવો કિંમતી સમય મારા માટે તો જતો જ રહેશે..... આવા વિચારોના અંતે પોતાના હૃદયમાં એવું સુઝી આવ્યુ કે પિતાજી દ્વારા તો શ્રી મદનમોહનજીએ મારૂ આ રીતે વિચાર્યુ છે વળી અહીં લોકિક ભાવનાવાળા કે લૌકિક દ્રષ્ટિવાળા બીજા કોઈ જ પણ નહિ. એટલે હવે જેઓ અલૌકિક ભાવરૂપ જ છે એવા મારા પિતાજીની લૌકિક મર્યાદાનો કદાચ મારાથી ભંગ થયો કહેવાશે તો પણ અત્યારના આ એકાંતના સમયે તે બાધક થશે નહિ. એચલે અત્યારે આવેલા આ અવસરને નહિ ચૂકતા પ્રભુ ઈચ્છાએ જે બની આવે તે એક વખત તો મારે કરી જ લેવું જોઈએ એવો મનમાં દ્રઢ નિશ્ચય કર્યો ..... હવે જેમનું ચિત્ત શ્રી મદનમોહજીમાં ચોંટી ગયું છે. જેમના સૌભાગ્ય ચિહ્નો શોભી રહ્યા છે, જેમના અંગોઅંગમાં પ્રેમરસ ઊભરાઈ રહેલા છે. વળી માત્ર દશ વર્ષની વયવાળા રૂક્ષ્મણીબાઈના સ્વરૂપનું વર્ણન કરવું પણ અશક્ય છે એવા મોદિની સખીના ગુપ્ત સ્વરૂપવાળા આ રૂક્ષ્મણીબાઈએ તો એવું કર્યુ કે શ્રી મદનમોહનજીના ચરણારવિંદ સામે પોતે જે ઉભા હતા તેને બદલે પોતે શ્રી મદનમોહનજીના ચરણારવિંદમાં પડી ગયા અને ...... શ્રી મદનમોહનજીના બંને ચરણારવિંદનો સ્પર્સ કરીને (પકડીને) બંને ચરણારવિંદ પોતાના વૃક્ષસ્થલ ઉપર એટલે પોતાની છાતી તરીકેના ભાગ ઉપર પધરાવીને પોતાની છાતી સાથે અતિ સ્નેહથી દબાવવા લાગ્યા અને પછી.... શું થયું હશે?... તે તો અનુભવી જાણે એટલે કે રૂક્ષ્મણીબાઈ પોતે જ જાણે ......

આ રૂક્ષ્મણીબાઈને શ્રી મદનમોહનજીના ચરણારવિંદમાં સંબંધ થતાની સાથે જ રૂક્ષ્મણીબાઈના અંગોઅંગમાં અલૌકિક રસ પ્રસરી ગયો. પરિણામે રૂક્ષ્મણીબાઈના આખા અંગમાં અલૌકિક સામર્થ્ય આવી હયું. એટલે કે લોઢાને પારસનો સ્પર્શ થતા લોઢું સોનું બની જાય છે તેવી એક જ માન્યતા થે તે માનવા યોગ્ય છે પરંતુ અહીં આ માર્ગમાં તો વળી તેનાથી ઉત્તમ જ બતાવવામાં આવી એટલે કે આ માર્ગમાં તો લાઢાને પારસનો સંબંધ થતા સોનું તો ટીક પણ પારસ જ બની જાય છે એવો શ્રી મહાપ્રભુજીનો આ માર્ગ છે.... અનુભવી બોય તે જાણે. આમ આ રીતે રૂક્ષ્મણીબાઈમાં અલોકિક સામર્થ્ય આવી જતા ભક્ત કોટીમાં તો ઠીક પરંતુ તેઓ અગવદ્રપ જ બની ગયા એટલે કે ભગવાનમાં જેવા ગુણ હોય છે અને ભગવાનની જેવી ક્રિયા (લીલા) હોય છે તેવું જ ભગવાન પોતે પોતાના ભક્તમાં સ્થાપન કરીને પોતાના સ્પર્શ દ્વારા સોનું તો ઠીક પણ પારસ જ બનાવી દીયે છે. એટલે આવા પ્રકારે સ્થાપેલા સામર્થ્યના આધારે ભગવાનમાં અને ભગવદ્રપ બનેલા ભક્તમાં કંઈ તફાવત હોતો નથી. બાકી.... પછી તો જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. બાદ રૂક્ષ્મણીબાઈએ અતિ પ્રેમના આવેશમાં આવી જઈને એક પ્રકારની લીલારૂપે કરેલા આવા કાર્યથી રૂક્ષ્મણીબાઈના આધ્યાત્મક (ચિંતા) આધિભૌતિક (રોગ) અને આધિદેવિક (ઉપાધી) એમ ત્રિવિધ તાપની-નિવૃતિ કરીને શ્રી મદનમોહનજીએ રૂક્ષ્મણીબાઈ ને પોતાની પાસે ખંચી નિજ ચરણારવિંદમાં રાખ્યા. આમ આવા પ્રકારના દર્શન કરતા કરતા પ્રેમના આવેશમાં આવી જવાય એવા અલૌકિક ભાવવાળા શેઠજીની આંખોમાંથી તો આંસુઓની ધારાઓની જ વહી રહી ....

તે પછી શેઠજીએ કર્યું કે ઉત્થાપન ભોગવી સિદ્ધ કરાયેલી સામગ્રી રૂક્ષ્મણીબાઈના હાથે જ શ્રી મદનમોહનજીને આરોગાવી. આમ ઉત્થાપન ભોગની સામગ્રી આરોગી લીધા પછી શ્રી મદનમોહનજીએ આજ્ઞા કરતા શેઠજીને કહ્યું કે હવેથી જે જે સામગ્રી સિદ્ધ કરવા માં આવે તે બધીય રૂક્ષ્મણીના હાથે જ સિદ્ધ કરાવજો. શ્રી મદનમોહનજીનએ કરેલી આવી આજ્ઞાના આધારે આજથી બધી સામગ્રી રૂક્ષ્મણી પોતે પોતાના હાથેજ એટલે એવી રીતે કે ઘરમાં આવેલી બધીય સામગ્રી બરાબર તપાસે, બરાબર સાફ કરે, વીણે, પોતાની હાથે બરાબર દળે વી. એટલે સમજો કે દરેક રીતે સાવધાની રાખીને દરેક સામગ્રી સિદ્ધ કરવા લાગ્યા હતા. આમ આવા પ્રકારની ભાવનાએ રૂક્ષ્મણીબાઈથી સિદ્ધ કરવામાં આવતી બધીય સામગ્રી શ્રી મદનમોહનજી અતિ પ્રેમથી આરોગતા હોવાથી તેમા સાક્ષાત્ અધરામૃત તરીકેનો જ સ્વાદ આવતો હતો. આમ સ્નેહના ભંડાર રૂક્ષ્મણીબાઈ રોજ નવીનવી સામગ્રી સિદ્ધ કરીને શ્રી મદનમોહનજીને આરોગાવતા અને પછી વૈષ્ણવોને બોલાવી મહાપ્રસાદ પણ પ્રેમથી લેવડાવતા હતા.

હવે પ્રથમ રૂક્ષ્મણીબાઈ રાત્રે જ્યારે સૂઈ રહેતા હતા ત્યારે પલંગમાં જ રહેતા હતા પરંતુ શ્રી મદનમોહનજીના ચરણારવિંદના થયેલા સ્પર્શ પછી પોતે પલંગ પર કદીપણ સૂતા ન હતા. વળી રોજના નિયમ અનુસાર શ્રા મદનમોહનજીને શયન કરાવ્યા પછી "આજનું કાર્ય સમાપ્ત થઈ ગયું છે" એવું નહિ સમજતા શયન કરાવ્યા પછી પણ રાત્રિના સમયે સેવા ને સેવા જ કરતા હોવાથી આખી રાત્રિ શ્રી મદનમોહનજીની સેવામાં જ પસાર કરતા હતા. વળી રૂક્ષ્મણીબાઈ આવા પ્રકારે એટલે કે તન-મન-ધન અર્પણ કરીને તે પણ રાત્રિના ઉજાગરા કરીને ડે સેવા કરી રહ્યા હતા તે સ્નેહપૂર્વકની સેવા જોઈને શ્રી મદનમોહનજીથી સહન થઈ નહિ શકતું શ્રી મદનમોહનજી ક્યારે... ક્યારે આજ્ઞા કરીને કહે કે રૂક્ષ્મણી... તુ મારી બહુ જ સેવા કરે છે હું તારા ઉપર અતિ પ્રસન્ન જ છું પણ.... તું હવે જરા સૂઈ તો જા શ્રી મદનમોહનજી શ્રીમુખના આવા વચનામૃતો રૂક્ષ્મણીબાઈ જ્યારે જ્યારે સાંભળે ત્યારે ત્યારે કેવણ શ્રી મદનમોહનજીની આજ્ઞાનું પાલન કરવા અર્તે જ કલાક બે કલાક માત્ર એક ચટાઈ પર સૂઈ રહે અને સૂઈ ગયા પછી જ્યારે જાગી જતા હતા ત્યારે પાછા શ્રી મદનમોહનજી પાસે આવીને સેવામાં લાગી જતા, હતા આવો તો આ રૂક્ષ્મણીબાઈના સ્હેજ સ્નેહ શ્રી મદનમોહનજીમાં હતો.... તો શું પછી શું શ્રી મદનમોહનજીનો પમ સ્નેજ સ્નેહ રૂક્ષ્મણીબાઈમાં ન હોય ?..... હોય જ એ તો પાઘડીમાં માતુ અને માથામાં પાઘડી જેવું છે, વિશેષ લખવું પણ શું... એટલે રૂક્ષ્મણીબાઈ આલી રીતે શ્રી મદનમોહનજી લાડ લડાવીને સેવા કરતા હતા. બાકી આજકાલના આ સમયમાં આવી... સેવા ભાગ્ય જ કોઈ કરી શકશે. એટલે જીવ જેવું કરતા હોય છે તેવું તે પામતા હોય છે. ટુંકમાં કે જીવ માટે ભોગ આપે પ્રાપ્ત થાય. દ્રષ્ટાંત તરીકે લક્ષ્મી માટે ભોગ આપે તો લક્ષ્મી પ્રાપ્ત થાય સંતાન માટે ભોગ આપે તે સંતાન પ્રાપ્ત થાય, મોટા કાર્યો મોટે ભોગ આપે કીર્તિરૂપે મોટાઈપણું પ્રાપ્ત થાય અને તન-મન-ધનથી જો શ્રી ઠાકોરજી માટે ભોગ આપે તો શ્રા ઠાકોરજી પ્રાપ્ત થાય.... વળી શ્રી ઠાકોરજી પ્રાપ્ત થાય પછી બાકી પણ શું રહે ?..... એટલે શ્રી ઠાકોરજીની પાછળ "બધુંય" પ્રાપ્ત થઈ જ ગયું સમજો.......

ત્યારબાદ આમ કરતા કરતો કાર્તિક માસના દિવસો આવતા રૂક્ષ્મણીબાઈએ પોતાના પિતાજી અગાઉથી કહી દીધુ હતુ કે મારે કાર્તિકી સ્નાન કરવાનું આવતું હોવાથી રોજ સામગ્રી બનાવવા માટે રાંડ,બુરૂ, નેદો, ઘી વી. વસ્તુ મને વધારે આપજો તેમજ રોજની શાકપાન જેવી જરૂરીઆતની બીજી વધી વસ્તુઓ પણ મને રોજ બરાબર મલી જાય તો રીતેની વ્યવસ્થા પણ કરજો.... અને ... પછી સમજો કે કાર્તિક માસનો આરંભ થતા પહેલા જ રૂક્ષ્મણીબાઈના કહ્યા મુજબ શેઠજીએ બધી વ્યસ્થા કરી રાખેલ જ હતી જે દિવસે કાર્તિક માસનો આરંભ થવાનો હતો તે દિવસની આગલી રાત્રિના ત્રણ વાગે શ્રી ઠાકોરજીની સેવામાંથી .... પરવારી રૂક્ષ્મણીબાઈએ સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી સુંદર સુંદર સામગ્રી સિદ્ધ કરીને શ્રી મદનમોહનજી મંગલા કરાવીને સમયે સમયેના ભોગધરીની સમય અનુસાર ભોગ સરાવીન અને વૌષ્ણવોને બોલાવીને પ્રેમથી મહાપ્રસાદ લેવડાવીને અને પછી પોતે મહાપ્રસાદ લીધો. પછી જ્યાં સુધી કાર્તિક માસ પૂરો થયો ત્યાં સુધી રૂક્ષ્મણીબાઈ નિત્ય આ પ્રમાણે કરીને કાર્તિકી- સ્નાનના દિવસોને પસાર કરતા હતા. આવામાં એક દિવસ શેઠજીએ આ પ્રમાણે રૂક્ષ્મણીબાઈને પૂછ્યું કે બેટા, કાર્તિકી સ્નાન કરવા માટે નદીએ જતા હું તો તને ક્યારેય જોતો નથી તો તું કાર્તિકી સ્નાન કરવા ક્યા સમયે જાશ?.... જવાબમાં સ્વમાર્ગીય ભાવનાએ પૂર્ણ રીતે સમજી ગયેલા એવા રૂક્ષ્મણીબાઈએ સમજાવતા કહ્યું કે પિતાજી, તમે પણ શું આવું પૂછો છો ?.... આ બધુય આપની કૃપાનું ફલ છે. એટલે કે આપની કૃપાથી જે કંઈ હું સમજી શકી છું તેના આધારે કહું છુ કે આપણા પુષ્ટિમાર્ગમાં જે કાર્તિકી સ્નાન કરવામાં આવે છે તેનો વિધિ પ્રકાર જુદો છે. આમ આ કાર્તિકી સ્નાન કરવાની વિધી એવી છે કે કાર્તિકી માસનો આરંભ થાય ત્યારે વૈષ્વોએ વહેલી સવારે (રાત્રિના પાછલા સમયે) ત્રણ વાગે ઉઠીને સ્નાન કરવું. બની આવે તે રીતેની સામગ્રી સિદ્ધ કરવી. પોતાના શ્રી ઠાકોરજીને સંપૂર્ણ ભાવથી ભોગ ધરાવો પછી બહુ જ પ્રેમથી વૈષ્ણવોને બોલવીને આનંદપૂર્વક વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવો એટલે આવી કાર્તિકી સ્નાન કરવાની વિધિ છે. બાકી માથા ઉપર પાણી નાખીને જે સ્નાન કરવાનું છે તે તો ઘરે જ અને તે પણ જે અપરસમાં સ્નાન થાય છે તે જ.... બીજુ નહિ. રૂક્ષ્મણીબાઈ ના આવા ઉચ્ચ પ્રકારના ભાવ જાણીને શેઠજી બહુ જ પ્રસન્ન થતા રૂક્ષ્મણીબાઈની પ્રશંસા કરવા લાગ્યા. આમ કરતા કાર્તિક માસ થા પૂર્ણ થતા રૂક્ષ્મણીબાઈએ "કાર્તિકી સ્નાન " તરીકે આખો કાર્તિક માસ આ રીતે પસારકર્યો અને પછી તો દર વર્ષે આવતા કાર્તિક માસમાં આવી જ વિધિ કરીને કાર્તિક માસ પસાર કરતા હતા. તેમજ બીજા સમયે પણ આવી જ વિધિથી સ્નાન કરતા હતા.

આમ હૃદયનાં પૂર્ણ ભાવથી અને પૂર્ણ સ્નેહથી શ્રી મદનમોહનજીની સેવા કરતા કરતા થોડાક વર્ષો વિત્યા હશે આવામાં શેઠની અહીં ભૂતલ પરની લીલા સંપૂર્ણ થતી હોવાથી શેઠ પુરુષોતમદાસજી શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોચ્યાં. તે પછી ટુંક સમયમાં શેઠજીના પુત્ર ગોપાલદાસ પણ દેહ અશક્ત થતા ગોપાલદાસજી પણ ફાગની (લલનાની)

બે ઘમાર ગાતા ગાતા શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોંચ્યા. તે પછી આ ગોપાલદાસજીના વહુ પાર્વતી શ્રી ઠાકોરજીની સેવામાં મદદરૂપ થતા હોવાથી રૂક્ષ્મણીબાઈ તથા ભાભી પાર્વતી એમ બંને શ્રી ઠાકોરજીની સેવામાં જ તલ્લીન થઈને ભાવપૂર્વક સેવા કરતા હતા આખરે સેવા કરતા કરતા સેવા રસને વશ જ્યાં ઘરની બહાર જ નીકળી શકતા ન હતા ત્યાં વળી ઘરની બહાર રહેલો ચેતારો (ઓટો) તો જોવા જ ક્યાંથી પામે...

ત્યારબાદ રૂક્ષ્મણીબાઈ આવી રીતેના સેવા રસને છોડીને ઘરની બ્હાર ક્યાંય જતા જ ન હતા. આમ આવી રીતે રૂક્ષ્મણીબાઈ શ્રી ઠાકોરજીની સેવા સિવાય બીજું કંઈપણ લૌકિક વૈદિક નહિ કરતા હોવાથી જ્ઞાતિના લોકો ચર્ચા કરતા કરતા કહેવા લાગ્યા કે શ્રી ઠાકોરજીની સેવા તો સૌ કરતા હોય છે પરંતુ આ રૂક્ષ્મણીએ તો સેવા-સેવા કરીને ગંગા-સ્નાન કરવા જવાનું પણ છોડી દીધુ... હવે જ્ઞાતિમાં થઈ રહેલી આવી ચર્ચાની વાત રૂક્ષ્મણીબાઈ ના મામાએ જ્યારે સાંભળી ત્યારે એક દિવસ દર્શનના સમયે રૂક્ષ્મણીબાઈના ઘરે આવ્યા અને જય શ્રી કૃષ્ણ કહીને બેઠા. પછી થોડી વારે ચર્ચાની વાત કાઢતા પોતાના મામાએ રૂક્ષ્મણીબાઈને સમજાવતા કહ્યું કે રૂત્રમણી, તમે રાત્રિ- દિવસ એમ આઠેય પહોર જે શ્રી ઠાકોરજીની સેવામા મગ્ન રહો છે તે તો જાણે ઉત્તમ જ કરો છો પરંતુ બાર મહિને માત્ર એક જ દિવસે જે ગંગા -સ્નાન કરવા જવાનું હોય છે તે આ એક દિવસ ગંગા-સ્નાન કરવા પણ તમે જતા નથી તેથી જ્ઞાતિમાં બહુ જ ચર્ચા થયા કરે છે. એટલે તે આપણા જેવા માટે અયોગ્ય કહેવાય. વળી આવી નકામી ચર્ચા થાય તેમાં ફાયદો પણ શું ?.... એટલે સેવાના સમયમાંથી તમે જ્યારે પરવારો ત્યારે થોડાક સમયનો ભોગ આપીને પણ તમે ગંગા-સ્નાન કરવા જતા રહેજો.... આમ રૂક્ષ્મણીબાઈને તો પોતાના મામા હજી સમજાવી જ રહ્યા હતા. આવામાં તો શ્રી ઠાકોરજી સન્મુખ ચોકમાં જ શ્રી ગંગાજી, શ્રી યમુનાજી અને શ્રી સરસ્વતીજી એમ ત્રણેય નદીઓના પ્રવાહોની ધારાઓ પ્રગટ થઈને વહેવા લાગી. આમ ઘરમાં જ ત્રણેય નદીઓના દર્શન કરતા કરતા વળી મંદિરમાં દ્રષ્ટિ કરી તો શ્રી ઠાકોરજીના દર્શન કરી રહેલા સાક્ષાત્ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવજીને પણ પોતાના મામાએ જોયા કે જેથી રૂક્ષ્મણીબાઈના મામા તો આવી અલૌક્કિતાના દર્શન કરીને ચકિત જ થઈ ગયા. અરે.. એટલું જ નહિ પરંતુ આવા અલૌક્કિતાના દર્સન કરીને રૂક્ષ્મણીબાઈના ચરણારવિંદમાં જ પડી ગયા. આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યા અને પ્રયશ્રિત કરતા હોય તેમ રડતા રડતા અતિ દીનતાથી કહેવા લાગ્યા કે બેન ક્ષમા કરો..... બેન.... તમારા આવા પ્રભાવશાળી સ્વરૂપને હું બીલકુલ ઓળખી શક્યો ન હતો. તેથી... બેન... રૂક્ષ્મણી.... મારા કહેવા બદલ દુઃખ ન લગાડશો...બેન રૂક્ષ્મણી.... મારા અપરાધની મને માફી આપો.... માફી આપો.... બાપુ માફી આપો..... આમ કહેતા કહેતા પોતાના મામાએ રૂક્ષ્મણીબાઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

હવે ખરેખર જે ભગવદ્ ભક્ત હોય છે તે અન્ય કોઈને કદાચ કંઈ ભૂલ જેવું કરેલ હોય તોપણ તે ભૂલને અપરાધ જેવું કંઈ ગણતા જ ન હોય અને ઉલટી તેમાં ભગવદ્ ઈચ્છા જ માનતા હોય છે. વળઈ ભગવદ્ ભક્તનું હ્રદય એટલું બધું કોમળ છે કે જેથી સાચું હોય અથવા ખોટું હોય તોપણ ભગવદ્ ભક્ત કોઈનું દુઃખ જુએ તો અન્યને થતું દુઃખ પોતાનાથી સહન થઈ શકતું નથી. એટલે આમ આ નિયમે પોતાના મામા ગમે તે બોલ્યા તે બાબત નો કંઈ વિચાર નહિ કરતા ઉલટું મામાની આવી હાલતને જોઈને રૂક્ષ્મણીબાઈ પોતે ગદ્ગદ્ થઈ જતા પોતાના મામાને ઉભા કરતા કહ્યું કે મામા, તમે મને આવું કહ્યું તેમાં શું થઈ ગયું?.... બાકી તો મામા જ્ઞાતિવાળા કહો કે પછી સમાજવાળા કહે પરંતુ તેઓ સૌ તેઓનું કામ કરે છે અને અમે અમારૂં કામ કરીએ છીએ. એટલે હ્રદયને શાંત કરો.... અપરાધ જેવું કંઈ નથી... આમ દોઢડાહ્યા જેવા થઈને શીખામણો આપવા અર્થે પોતાના બોલવા જેવું બોલ્યા તો ખરા પરંતુ રૂક્ષ્મણીબાઈના આવા વચનો સાંભળી પોતાના અર્થે પોતાના બાલવા જેવું બોલ્યા તો ખરા પરંતુ રૂક્ષ્મણીબાઈના આવા વચનો સાંભળી પોતાના મામાની બાવનામાં પરિવર્તન થઈ જતા પોતાના મામા કહેવા લાગ્યા કે બેન રૂક્ષ્મણીબાઈ, હવે પછી જ્ઞાતિના કે પછી સમાજના જે કોઈ તમારી બાબતમાં ચર્ચા કરશે તેને મેં આજે અહીં જે દર્શન કર્યા છે તે દર્શનરૂપેના તમારા પ્રભાવથી ચર્ચા કરનારને સચોટ રીતે જવાબ આપીશ. આમ આવું કહીને રૂક્ષ્મણીબાઈ વિષે હ્રદયમાં પૂર્ણ આનંદ અનુભવતા રૂક્ષ્મણીબાઈના મામા તો જતા રહ્યા .... અને પછી તો રૂક્ષ્મણીબાઈની બાબતમાં સત્ય સમજુતીના અભાવે જ્યાં જ્યાં ચર્ચા થતી હોય ત્યાં ત્યાં જઈને અને સત્ય વસ્તુ સમજાવીને સૌના મનનું સમાધાન કરતા હતા.

અમુક વર્ષો વિત્યા બાદ -

એક સમયે સૂર્યગ્રહણના દિવસે ગ્રહણ સ્નાન કરવાના કારણસર અડેલમાં બિરાજતા શ્રી ગુસાંઈજી આ કાશીનગરમાં પધાર્યા અને મણીકર્ણિકા ઘાટ ઉપર એક સ્થળે બિરાજ્યા. આમ શ્રી ગુંસાઈજી પધાર્યા અને છે તેવા સમાચાર સાંભળીને રૂક્ષ્મણીબાઈ શ્રી ગુસાંઈજીના દર્શન કરવા માટે મણીકર્ણિકાના ઘાટ ઉપર આવ્યા અને શ્રી ગુસાંઈજીના દર્શન કરી દંડવત્ પ્રણામ કર્યા. બાદ અન્ય કોઈના કહેવાથી શ્રી ગુસાંઈજીએ પૂછ્યું કે રૂક્ષ્મણીબાઈ આજે તમે કેટલા ગિવસે ગંગા-સ્નાન કરવા આવ્યા છો ?...... જવાબમાં બે હાથ જોડીને દીનતાપૂર્વક રૂક્ષ્મણીબાઈને કહ્યું કે રાજ, શું કરૂ ?.... શ્રી ઠાકોરજીની સેવામાંથી પરવારી શકાતુ નથી અને આ ગંગાજીએ સ્નાન કરવા આવી શકાતુ નથી... પ્રભુ, આજે તમે પધાર્યા છો તેવું સાંભળીને હું તો રાજના દર્શન કરવા માટે જ આવી છું. બાકી ગંગાજીના કિનારે કે ગંગાજીએ સ્નાન કરવા તો આજે હું ચોવીસ વર્ષે આવી છું.... રૂક્ષ્મણીબાઈના હ્રદયની આવી વાત સાંભળીને " શ્રી ગુસાંઈજી નું હ્રદય ભરાઈ આવ્યું "

હવે આમ શ્રી ગુસાંઈજીનું હ્રદય જે ભરાઈ આવ્યું તેથી તે સ્પષ્ટ સુચન થાય છે કે પોતાની ઘરે બિરાજતા શ્રી ઠાકોરજી ગૌણ નથી કે જેથી પોતાને ઘરે બિરાજતા શ્રી ઠાકોરજીને ગૌણ માનીને ગમે તે સ્થિતિમાં ગમે ત્યાં ભટકવું અથવા તો પોતાના માથે પધરાવ્યા પછી જ્યાં ત્યાં ભટકવું તેનો અર્થ પણ શું ?. ..વળી ઘરમાં પોતાની હાજરીના અભાવે શ્રી ઠાકોરજીને સુખ પણ શું ?.... એટલે પોતાના પ્રભુને પ્રાણ થી પણ જો વ્હાલા માનતા હોઈએ તો પોતાના માથે પધરાવેલા શ્રી ઠાકોરજીમાં મસ્ત બનીને પોતાના ઘરમાં રહીને જેટલી બને તેટલી તેજ સ્વરૂપની સેવા કરીએ જીવન પુરુ થાય તે જ સર્વોત્તમ છે.

ત્યારબાદ ચોવીસ વર્ષે ગંગાજીએ આવી તો છું પરંતુ તે કેવળ આપના દર્શન કરવા માટે જ... એવી રૂક્ષ્મણીબાઈની ભાવના જાણીને શ્રી ગુસાંઈજીનું હ્રદય ભરાઈ આવ્યા બાદ અતિપ્રસન્ન થતા શ્રી ગુસાંઈજીએ ફરી પુછ્યું કે રૂક્ષ્મણી, તમારી આવી ભાવનાના આધારે શ્રી ઠાકોરજીના કંઈક અનુભવ થાય છે ?.... જવાબમાં પોતાના ભાવનાના "રસરૂપ" સ્વરૂપને નહિ બતાવતા કહ્યું કે રાજ, હું તો આખો દિવસ પેટ ભરીને ખાઉં છું..... આખો દિવસ આંખો મિચીને ઉંઘું છું.... અને તેમા વળી જો નિદ્રાં ન આવી હોય તો શ્રા મહાપ્રભુજીના ગ્રંથો ઉઘાડીને જોઉં છું..... એટલે આવી મારી હાલતમાં વળી શ્રી ઠાકોરજી અનુભવ કરાવે એવું દિન અલબા જેવી આ.... દાસીનું સદ્ભાગ્ય તો હોય જ ક્યાંથી ?...... તે તો આપશ્રી જીવનું વિચારીને જો કૃપા કરો તો આપશ્રીની કાનની સર્વ વસ્તુ સિદ્ધ થાય તે પછી આગળની વાતો શ્રી ઠાકોરજી જાણે. બાકી જીવ શું કરી જાણે.... કે શું કરી જાણે ?.... આમ દીનતારૂપેની અને તે પણ રહસ્ય તરીકે ના રસથી ભરેલી રૂક્ષ્મણીબાઈની આવી વાણી સાંભળીને શ્રી ગુસાંઈજી બહુ પ્રસન્ન થયા અને આજ્ઞા કરી કે અરે.... આ પરમ ભગવદીય રૂક્ષ્મણી પોતાની અસલ ભાવનાનું સ્વરૂપ ગુપ્ત રાખીને નિઃસાધનતા પ્રગટ કરીને કેવી દીનતા બતાવે છે ?... અરે, તે તો ઠીક પરંતુ તેમની આવી ભાવના એ કરી રહેલ સેવાથી ઋણી થયેલા શ્રી ઠાકોરજી રૂક્ષ્મણીના આવા ઋણમાંથી મુક્ત કેવી રીતે થશે ?..... આમ આવી આજ્ઞા કરીને ધન્ય-ધન્ય કહીને રૂક્ષ્મણીબાઈને ધન્યવાદ આપવા લાગ્યા હતા.

હવે શ્રી ગુસાંઈજીના આ પ્રશ્નના જવાબમાં રૂક્ષ્મણીબાઈએ ટુંકી પણ રહસ્ય ભરીલી જે વાત કરી તેમાં રહેલો ગુપ્ત ભાવ એવો સમજાય છે કે " પેટ ભરીને ખાઉં છું " એટલે કે કૃપા સાગર શ્રી ઠાકોરજીથી છુટા પડ્યા પછી અનેક જન્મો લીધા હોવા છતાંય કોઈ યોનિમાં પેટ ભરાયું જ ન હતુ. પરંતુ આપની કૃપાથી આ જન્મમાં સારી રીતે પેટ ભરાયું હોવાથી જેટલો રસ મારા પેટમાં સમાય છે તેટલો રસ પીધા કરું છું. એટલે ખાવા જેટલું ખાધા જ કરૂ છું. પછી "આખો દિવસ આંખો મિચીને ઉંઘુ છું ".... એટલે તો મારી અજ્ઞાનતા ના કારણે ઘણાય સ્થળે ભટકેલ હોવા છતાંય ક્યાંય સુખ-શાન્તિની ઉંઘ આવી જ ન હતી. પરંતુ આપની કૃપાથી આ જન્મમાં સ્વક્રિયા ભાવ સિદ્ધ થયેલો હોવાથી જેટલું સુખ શાન્તિથી સુવાય છે તેટલું શ્રી ઠાકોરજી સાથે સુઈ જ રહું છું અને તે પણ આંખો મીચીને એટલે કે જેટલું પાત્ર તૈયાર છે તેટલો રસ આપીને શ્રી ઠાકોરજી ડે રીતે વિલસાવે છે તે રીતે આંખો મીચીને "બીજું કંઈ પણ જોયા સિવાય "એકલી આકલી વિલસ્યાં કરુ છું. વળી આવી ખાવા પીવાના અને ઉંઘવાની દશામાંથી જ્યારે જાગૃત દશામાં આવી જવાય છે ત્યારે શ્રી મહાપ્રભુજીના ગ્રથંરૂપેના વાણી અધરામૃતો નું પાન કરું છું કે જેથી સર્વે વસ્તુ સિદ્ધ થઈ જાય છે. એટલે આ જન્મ માં હું સુખી છું કોઈ ચિંતા નથી.... બાકી આગળનું એટલે કેઆ દેહ છુટ્યા પછીનું શ્રી ઠાકોરજી જાણે જીવ શું જાણી શકવાનો હતો કે કેશું કહી શકવાનો હતો?.... આમ સર્વસ્વ ન્યૌછાવર કરીને ભક્ત કરેલી આવી સેવાથી શ્રી ઠાકોરજી " નીજ સ્વરૂપા નંદનું ખરુ સુખ " આપીને અને ભક્તને ખરેખર સુખી કરીને ભક્તના રૂણમાંથી મુક્ત થાય છે.

ત્યારબાદ સમજી પણ ન શક્ય તેવા રૂક્ષ્મણીબાઈનાં સેવા ભાવથી અતિ સંતોષ પામેલા એવા શ્રી ગુસાંઈજી વિના બોલાયે દર્શન આપવા માટે વારંવાર રૂક્ષ્મણીબાઈના ઘરે પધારતા હતા. આમ પોતાના ઘરે શ્રી ગુસાંઈજી જ્યારે જ્યારે પધારતા હતા ત્યારે ત્યારે રૂક્ષ્મણીબાઈ પણ પોતાના હ્રદયનાં ખરા ભાવથી શ્રી ગુસાંઈજીની સેવા પણ કરતાં હતા. " હવે

જે અવર્ણિય છે તેવી રીતે કરવામાં આવતી સેવા દ્વારા " રૂક્ષ્મણીબાઈને જોઈને શ્રી ગુસાંઈજી બહુ જ પ્રસન્ન થતા અને વળી આજ્ઞા પણ કરતા કે રૂક્ષ્મણી, રાત્રિ દિવસ તારી પાસે જ રહું તેવું મનમાં નિરંતર થયા કરે છે..... શું કરું ગયા વિના ચાલે તેમ નથી આમ શ્રી ગુસાંઈજી અપૂર્વ કૃપા રૂક્ષ્મણીબાઈ ઉપર હતી તેવું શ્રી ગુસાંઈજીના વચનામૃત રૂપે આવા વાક્ય થી સ્પષ્ટ સમજાય છે અહીં થી ગયા વિના છુટકો નહિ હોવાથી શ્રી ગુસાંઈજી આ કાશીનગરથી વિદાય થઈ ને અડેલ પધાર્યા.

ત્યારબાદ, શ્રી હરિ ગુરૂ વૈષ્ણવની સેવા વિષે એવું હતું કે રૂક્ષ્મણીબાઈના માથે ત્રણ સ્વરૂપોની એટલે કે એક શ્રી ઠાકોરજીની બીજી શ્રી ગુસાંઈજીની અને ત્રીજી વૈષ્ણવની સેવા એમ આ ત્રણેય પ્રકારની રૂક્ષ્મણીબાઈ ઉપર બિરાજતી હતી. હેવ શ્રી ઠાકોરજીની અને શ્રી ગુસાંઈજીની સેવા તો સિદ્ધ કરી બતાવી કે જે ઉપર પ્રમાણે રૂક્ષ્મણીબાઈના જીવન પ્રસંગો ઉપરથી જાણી શકાયું પરંતુ જે સેવા દુર્લભ છે તે વૈષ્ણવની સેવા પણ પોતે ભાવપૂર્વકથી જ કરતા હતા. હવે વૈષ્ણવો જ્યારે જ્યારે રૂક્ષ્મણીબાઈના ઘરે પધારતા હતા ત્યારે ત્યારે રૂક્ષ્મણીબાઈનો આનંદ હૃદયમાં સમાય જ નહિ તેવા પ્રકારે એક અને અનોખા આવેશમાં આવી જતા પોતાના રોમરોમમાં પણ અતિ હર્ષ પ્રગટ થઈ જતો હતો. એટલે વૈષ્ણવોના પધારવાથી આનંદ રૂપેના રસથી હૃદયજે ભરપુર થઈ જાય છે તે અનુભવથી જ સમજાય-લખેલું વાંચવાથી ન સમજાય. પછી રૂક્ષ્મણીબાઈનો અતિ પ્રેમ ભાવ જોઈને પોતાના ઘરે આવતા વૈષ્ણવો અતિ પ્રસંન્ન થઈ જઈ ને શ્રી ઠાકોરજીની સેવા ના લોભે અતિ પ્રેમભાવ થી રૂક્ષ્મણીબાઈને સૌ વિનંતી કરતા કે અમને પણ શ્રી ઠાકોરજીની સેવા બતાવો. તમારા દ્વારા અમારું પણ શ્રી ઠાકોરજી કંઈક વિચારે. વૈષ્ણવો તરફથી કરવામાં આવતી આવી દૈન્યતા ભરેલી વિનંતી ના જવાબમાં તેમનું હૃદય ખરેખર ભરાઈ ગયું છે. જેમ ની આંખોમાંથી આંસુ વહી જ રહ્યા છે એવા રૂક્ષ્મણીબાઈ વિનય રૂર્વક કહેતા હતા કે ભાઈ જી.... મારા વ્હાલાના લ્હાલાઓ .... આપ સૌ મારે ઘરે પધારીને જે મને દર્શન આપો છો તે જ તમારી સેવા છે. એટલે આપ સૌના પધારવાથી આપ સૌની જે સેવા થાય છે તે દ્વારા શ્રી ઠાકોરજીની સેવામાં અને સારી સારી ભાવના પ્રગટ કરાવો છો. આમ જે ન કરી શકાય તેવી ઉતમ સેવા તો આપ સૌ કરી રહ્યા છો કે જેથી આવી સેવા કરતાં બીજી ઉતમ સેવા વળી કઈ બતાવું? માટે આવું કહીને મને ન શરમાવો. બાકી સેવા તો હું શું કરું છું?.... આતો ઠીક છે શ્રી ઠાકોરજીએ પોતાની કરી જાણ રાખી છે કે જેથી આપ સૌ કૃપા કરીને મારા ઘરમાં ચરણાવિંદ ધરો છો. નહિત્તર મારા જેવીના આ ઘરમાં આપ જેવા વૈષ્ણવોના ચરણારવિંદની રજ ક્યાંથી હોય ?.... આમ દીનતારૂપેની આવી વાત કરી કરીને આવેલા વૈષ્ણવની સેવા તકીને અલૌકિક આનંદ અમુભવતા હતા. વિશેષ શું? .....

આમ આ પ્રસંગથી એક વસ્તુએ પણ સમજાવી જરૂરી છે કે પુષ્ટિમાર્ગીય સંપ્રદાય તરીકે હાલના સમાજમાં કેવળ "પોતાના કોઈ એક સ્વાર્થના લોભે " ફલાણ કાર્ય જ ઉત્તમ છે.... ફલાણું કાર્યા કરવું જ જોઈએ.... ફલાણા જ શ્રી ઠાકોરજી મુખ્ય છે... ફલાણા શ્રી ઠાકોરજી ગૌણ છે (એટલે કે મુખ્ય નથી) ફલામા ગુરૂ ઠીક કહેવાય... ફલાણા ગુરૂ ઠીક નહિ ફલાણા વૈષ્ણવ સાચા છે.... ફલાણા વૈષ્ણવ ખોટા છે... વી.વી. એમ ગમે તેવી વિચર્યા સિવાયની "વેવલી-વેવલી " વાતો કરી કરીને સ્વમાર્ગીય વૈષ્ણવોને આવું ન સમજાવવા જેવું જે સમજાવવામાં કે કહેવામાં આવે છે તે યોગ્ય કહેવાય નહિ કારણકે આ શ્રી પુષ્ટિમાર્ગીય સંપ્રદાયમાં મનાવેલા શ્રી ઠાકોરજીના, શ્રી ગુરૂદેવના કે પછી બ્રહ્મસંબંધી વૈષ્ણવોના સ્વરૂપમાં આવો ભેદભાવ રાખનારી અથવા તો આવો ભેદભાવ બતાવનારી વ્યક્તિઓ આ ત્રણેય સ્વરૂપોને ઓળખવા જાય કે પૈસા તરીકે લક્ષ્મીના સ્વરૂપને ઓળખવામાં જાય ?....

એટલે ટુંકમાં કે માર્ગમાં આવેલ હોવા છતાય જેઓ માર્ગથી-દુર વિમુખ હશે તેઓ જ આવું.... ન સમજાવવા જેવું સમજાવતા હશે. હવે પોતાના માથે પધરાવેલા શ્રી ઠાકોરજીને ગૌણ બતાવીને કે માનીને જ્યાં ત્યાં ભટકવાનું જ જો માર્ગમાં હોત તો શ્રી ગુસાંઈજીનું હૃદય જે ભરાઈ આવ્યું તે ભરાઈ ન આવત... અરે... આવું આ રૂક્ષ્મણીબાઈ નું એક જ પ્રમાણ છે તેવું નથી; ચોર્યાસી બસો બાવન વૈષ્ણોમાં આવા ઘણાય પ્રમાણો છે પરંતુ પરંતુ.... તે બધાય મનથી જ જોઈએ અને પોતાના જ મનથી સમજવામાં આવે તો પ્રત્યેકને " બાવા સચોટ પ્રમાણો દેખાય " અને સમજાય. વળી આ ઠાકોરજી મુખ્ય કહેવાય અને આ શ્રી ઠાકોરજી ગૌણ કહેવાય. આ ગુરૂ ઠીક અને આ ગુરૂ ઠીક નહિ તેમજ આ વૈષ્ણવ સાચા છે અને આ વૈષ્ણવ ખોટા છે એવું જે કેવળ પોતાના મનથી જ જેઓ માની બેઠેલા છે અને આ વૈષ્ણવ ખોટા છે એવું જે કેવળ પોતાના મનથી જ જેઓ માની બેઠેલા છે અને બીજાને આવું પોતાની વાણીથી કહી બતાવે છે તેઓને પોતાના જ ખ્યાલ નહિ હોય કે સ્વમાર્ગીય શ્રી ઠાકોરજીના કે ગુરૂદેવના કે વૈષ્ણવના સ્વરૂપોમાં ભેદભાવ જોવાથી, માનવાથી, સમજવાથી કે પછી અન્યને કહી બતાવવાથી થતા મહાન અપરાધો બદલ કેવા દંડ ભોગવવા પડે છે? .... તે ચોર્યાસી-બસો બાવન વૈષ્ણવોના જીવન-પ્રસંગો ઉપરથી સમજી શકાય તેવું જ છે. પરંતુ..... વાંચીને વિચારાય તો

સમજાય ને !..... એટલે આ વસ્તુ તો તેઓ જ જાણતા-સમજતા હોય કે જેઓ શ્રી મહાપ્રભુના આ માર્ગને અનુસરતા હોય.....

બાકી જ્ઞાનનો ઈજારો રાખવાથી.... બગલા જેવા સફેદ કપડા પહેરાવાથી.... ગાદી-તકીયા ઉપર બેસી રહીને વટ બતાવવાથી... મોજશોખ અર્થે જ્યાં ત્યાં ફરવાથી.... જેવી તેવી વાતો-અફવાઓ સાંભળીને જેવું તેવું બોલાવાથી.... સભ્યતા છોડીને સામાને ઉતારી પાડવાથી... મોટી મોટી કથાઓ કરવાથી... વી...વી.. પ્રકારે કરવામાં આવતા આવા વર્તનના માત્ર એક પ્રભાવથી કંઈ સમજી ન શકાય.... બાપા..... સમજી ન શકાય.... એ તો દાસત્વ સિદ્ધ થયેલી સમજાય.... અંતમાં કે ન સંભળાય તેવી વાતોથી સાવધાન રહીને એ કરવું જરૂરી છે કે પોતાના પૂજનીય તરીકે પોતાના શ્રી ગુરૂદેવ (કૃપા દ્વારા) પુષ્ટ કરીને પોતાની માથે જે સ્વરૂપ પધરાવી આપેલ હોય તે સ્વરૂપને જ તન-મન-ધન તરીકે પોતાનું સર્વસ્વ અર્પણ કરીને અને "તે સ્વરૂપને જ પોતાના સર્વસ્વ તરીકે માનીને " તે સ્વરૂપમાં જ મસ્ત રહેવું જોઈએ એવું મહાનુભાવ શ્રી રૂક્ષ્મણીબાઈના આ જીવન-પ્રસંગ ઉપરથી સ્પષ્ટ સુટન થાય છે. પછી શ્રી વલ્લભકુલના બાળકો તરીકે સ્વમાર્ગીય આટાર્યપદે બિરાજી રહેલા શ્રી ગુરુદેવના ગોષો જોઈને કે સાંભળીને તે દોષો પ્રત્યે સ્હેજ પણ વિચાર કર્યા સિવાય કેવળ પોતાના મનથી જ કલ્પના કરી લઈને "સારા- ખરાબ" જેવું માનીને જે ચર્ચાઓ કરવામાં આવે છે તે તેમાં પોતાનું જ અહિત થવાનું.... થવાનું... ને થવાનું જ. પછી વૈષ્ણવોના સ્વરૂપોને તો ઓળખવા જ મુશ્કેલ છે કે જેથી "સાંચા-ખોટા" જેવુ પોતાના મનથી અનુમાન કરીને કે કરાવીને અપરાધના પોટલા બાંધવા જેવું નહિ કરતા માત્ર સાક્ષીવત્ તરીકે રહીને પોતાને જે કરવાનું છે તેમાં જ ચિત્ત લગાડીને તે જ કરતા રહેવું સારું છે. બાકી અન્ય કોઈની વાતથી તો કેવળ નકામા ફાફા મારવા જેવું જ કે પાણીમાં બાચકા ભરવા જેવું જ થવાનું. એટલે શ્રી હરિ, ગુરૂ અને વૈષ્ણવ આ ત્રણેય સ્વરૂપોમાં સ્હેજ પણ ભેદભાવ નહિ જોતા કે નહિ રાખતા સમાન ભાવે જ માનવા પણ.... વિવેક રાખીને. હા હા.. વિવેક રાખીને.. .. કારણકે માર્ગમાં બતાવેલો વિવેક જો રાખવામાં નહિ આવે તો ત્રણના, તેરના અને છપ્પનના મેળમાંથી પણ ગયા સમજો... એટલે તે દેહિક વિષયોના કીડા બનીને કે બનાવીને જેને તેને ઉત્તમ માનીને કે મનાવીને જ્યાં ત્યાં ભટકીને કે ભટકાવીને તો કેવળ સમય બગાડવાનો, પૈસા બગાડવાનો અને આખરે જાત પણ બગાડવાની એવી અનુભવીઓની વાણી દ્વારા સ્પષ્ટ સમજાય છે.

આમ શ્રી હરિ, ગુરૂ વૈષ્ણવોની પ્રેમપૂર્વક સેવા કરતા કરતા રૂક્ષ્મણીબાઈનો દેહ અશક્ત થયો અને પછી સમજો કે..... થોડાક દિવસોમાં રૂક્ષ્મણીબાઈ શ્રી મદનમોહનજીના ચરણારવિંદની સેવામાં પહોંચ્યા એટલે કે રૂક્ષ્મણીબાઈનો લીલામાં પ્રવેશ થયો. બાદ રૂક્ષ્મણીબાઈ નો લીલામાં પ્રવેશ થયાના સમાચાર વૈષ્ણવોએ સાંભળીને સૌને દુઃખ થયું હતું તેમજ આમાંના એક વૈષ્ણવે શ્રી ગુસાંઈજી પાસે જઈને વિનંતીથી કહ્યું કે રાજ, રૂક્ષ્મણીબાઈ શ્રી ગંગાજીને પામ્યા. આવા સમાચાર આપનાર વૈષ્ણવની આવી વાત સાંભળીને "શ્રી ગુસાંઈના રૂવાટા ઉભા થઈ જતા " શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરતા કહ્યું કે જેઓ પુષ્ટિમાર્ગીય અસલ વસ્તુને ન જાણતા હોય કે ન સમજતા હોય તેઓ બધાય સાંભળો કે શ્રી ગંગાજી એક તીર્થરૂપ છે કે જેથી તીર્થરૂપે આ ગંગાજી જગતને પાવન કરે તે સત્ય છે પરંતુ રૂક્ષ્મણીબાઈ તો એક મહાન ભગવદીય(ભક્ત) હતા કે જેથી ભગવદીય(ભક્ત) તરીકે " આ રૂક્ષ્મણીબાઈતો જગતને પાવન કરનાર જે શ્રી ગંગાજી છે તે શ્રી ગંગાજીને પાવન કર્યા છે".... એવું કહો. કારણકે જગતને પાવન તીર્થ કરે છે અને તીર્થને પાવન ભગવદીય(ભક્ત) કરે છે. વળી શાસ્ત્રોનો સિદ્ધાંત પણ એ જ સુચન કરે છે કે જગતને પાવન તીર્થ કરે છે અને તીર્થને પાવન ભક્ત કરે છે "એવો ભગવદીયનો (ભક્તનો વિલાસ છે")....

આમ લૌકિક વૈધવ્ય તુચ્છ માની બતાવનાર રૂક્ષ્મણીબાઈની વાર્તા સંપૂર્ણ

૯. રજોબાઈ ક્ષત્રાણી

શેઠજી પુરૂષોત્તમદાસજીના વતન તરીકે કાશીનગરમાં જ ઉચ્ચ બ્રાહ્મણ જ્ઞાતિના એક શ્રી કૃષ્ણ ભટ્ટજી રહેતા હતા.અને આ શ્રી કૃષ્ણ ભટ્ટજીના મકાનના વાડામાં એક ક્ષત્રિય સદ્‌ગૃહસ્થ રહેતા હતા. સમય અનુસાર તેમના લગ્ન થયા અને પછી તેમના માતા- પિતા તુરતમાં શ્રી હરિ શરણ થયા હતા. અને પછી ગૃહસ્થ તરીકેનું જીવન વ્યતિત કરતા કરતા પ્રભુ ઈચ્છાએ દ્રવ્ય પણ પોતે સારા પ્રમાણમાં પ્રાપ્ત કર્યુ હતુ. અરે... એટલું જ નહિ પરંતુ કાશીનગરમાં પોતે એક ધનવાન તરીકે પણ કહેવાતા હતા. બાદ પ્રભુની અટપટી લીલાના કારણે લક્ષ્મી તો અઢળક હતી પરંતુ પોતાને ત્યાં એક પણ સંતાન ન હતું. હવે જે ઘરમાં સંતાન ન હોય તે ઘર સ્મશાન જેવું ગણાય એવી એક લૌકિક માન્યતાના આધારે આ સદ્‌ગૃહસ્થની સ્ત્રીને સંતાન વિષે મનમાં બહુ જ દુઃખ થયા કરતું હતું. પરંતુ... તે પ્રભુ ઈચ્છાની વાત હોવાથી પોતે કરે પણ શું?... વળી પ્રભુ ઈચ્છા પાસે પોતાનું ચાલે પણ શું ?... એટલે સમજો કે અરસપરસ સ્ત્રી પુરૂષ બન્ને જણાઓ મનનું આવું દુઃખ પોતાના મનમાં જ રાખીને પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવી રહ્યા હતા.

હવે કાશીનગરમાં વહી રહેલા શ્રી ગંગાજી (નદી) પ્રત્યે આ સદ્‌ગ્રહસ્થની ભાવના સારી હતી એટલે કે શ્રી ગંગાજીએ પોતે પોતાના ભાવનાથી ઉત્તમ માનતા હતા. કે જેથી શ્રી ગંગાજીના થતા ઉત્સવોના સમયે પોતે પણ ઉત્સવ માનીને આનંદ અનુભવતા હતા. વળી દર વર્ષે આવતા ગંગાસપ્તમીના મોટા ઉત્સવના દિવસે પણ સંતાન પ્રાપ્તિના ઉપાય અર્થે આ સદ્‌ગ્રહસ્થ એક મોટા ઉત્સવ માનીને શ્રી ગંગાજીમાં ઘણું દૂધ પધરાવતા હતા, મોટા પ્રમાણમાં સામગ્રીનો ભોગ ધરતા હતા તેમજ પૂજન અર્થે કંઈક વિધિ પણ કરતા હતા, અરે.... એટલું જ નહિ પરંતુ બ્રાહ્મણોની કન્યાઓનું સ્ત્રી-પુરૂષ બન્ને જણાઓ પૂજન કરતા હતા. પણ.... બધુય વ્યર્થ કારણકે જીવ સ્વભાવે દુષ્ટ હોવાથી પોતે જેને માને છે એવા શ્રી ગંગાજી ઉપર વિશ્વાસ નહિ રાખતા જીવનનો સમય બગાડ્યો. જીવનમાં પ્રાપ્ત કરેલો પૈસો બગાડ્યો અને જીવનમાં ન કરવા જેવા આવા કાર્યો કરવા જતા જાતને (દેહને) પણ બગાડી. એટલે સમજો કે જે જીવોમાં વિશ્વાસ જેવું કંઈ હોતું નથી તેઓની પણ આવી હાલત હોય છે. આમ કરતા કરતા આ સદ્‌ગ્રહસ્થની વય પણ સાઠ વરસની થઈ ગઈ પરંતુ આવું ઘણુંય કરેલ હોવા છતાંય... . સંતાનની પ્રાપ્તિ ન થઈ તે ન જ થઈ.

આમ આ સદ્‌ગ્રહસ્થની વય વૃદ્ધા અવસ્થાએ પહોંચેલી હોવાથી એક દિવસ સ્ત્રી-પુરૂષ બન્ને જણાએ નિરાશ થઈને વિચાર કરવા લાગ્યા કે અરે... લક્ષ્મી તરીકે ધન તો ઘણું છે પરંતુ તે શું કામનું ?.... એટલે હવે પૂન્ય જેવા કાર્યો કરીને આપણી હયાતીમાં જ આ બધુંય ધન વાપરી નાખીએ તો સારૂ નહિતર પાછળથી શું થવાનું હતું ?.... આમ આવો વિચાર કરીને આખરે રાત્રિ થઈ જતા નિરાશામાંને નિરાશામાં સ્ત્રી-પુરૂષ બન્ને જણાઓ સૂઈ ગયા..... આવામાં આમ સૂઈ ગયેલી સ્થિતીના સમયે શ્રી ગંગાજી સોળેય શણગાર ધારણ કરીને આ સદ્‌ગ્રહસ્થને સ્વપ્ન દ્વારા દર્શન આપીને કહેવા લાગ્યા કે ખર્ચો કરતાં કરતા તમારી પાસે હવે જે ધન બચેલું છે તે ધન અલૌકિક છે કે જેથી સેવારૂપેના અલૌકિક કાર્યાર્થે જ તે ધન વપરાશે.... માટે તમે જે વિચાર કર્યો છે તે પ્રમાણે તમારી પાસે રહેલું ધન "પૂન્યની ભાવનાઓ " જેમ તેમ અને જ્યાં ત્યાં વાપરી નાખશો નહિ.... હવે વ્રજભક્તોના રજરૂપ સાક્ષાત્ આધદૈવીક દૈવી કન્યા જેવી એક કન્યા તમને પ્રાપ્ત થશે...... અને વળી તમારા મનમાં રહેલી બધીય ભાવનાઓ પણ પૂર્ણ થશે.... આમ આવું સુચન થતાની સાથે જ સ્વપ્નમાં જ અતિ આનંદ માનતા માનતા આ સદ્‌ગ્રહસ્થ જાગૃત દશામાં આવી જતા પોતાની સ્ત્રીને જગાડી અને સ્વપ્નમાં થયેલા સુચનની વાત કહી સંભળાવતા બન્નેના જીવનમાં કેમ જાણે કંઈક નવું જ ચેતન આવ્યું હોય તેમ પોતાનું " ગૃહસ્થી જીવન " જીવવા લાગ્યા હતા. સમયની ગતિએ સમય પસાર થતા થતા સદ્‌ગ્રહસ્થને ત્યાં એક પુત્રીનો જન્મ થતા બન્ને

જણાએ પોતાના જીવનને ધન્ય-ધન્ય માનવા લાગ્યા અને શ્રી ગંગાજીની કૃપાથી સાક્ષાત્ વ્રજભક્તોના રજરૂપ જેવા સ્વરૂપે આ પુત્રી પ્રગટ થયેલ હોવાથી આ પુત્રીનું નામ "રજો" લાખ્યું. તે પછી પોતાની આ રજો નામની પુત્રીને અતિ લાડમાં મોટી કરતા કરતા પોતાનો ગ્રહસ્થાશ્રમ સુખેથી ભોગવવા લાગ્યા હતા.

જ્યારે બીજી તરફ લીલામાં શ્રી સ્વામિનીજીના માટે વિવિધ પ્રકારની સામગ્રી બનાવવી, શ્રી સ્વામિનીજીને આરોગાવવી અને રાત્રિના સમયે પણ નિકુંજમાં દૂધ વી. આરોગાવવું વી.વી. આવી આ બધી સેવાઓ અધિકાર તો માત્ર શ્રી લલિતાજીનો જ છે અને શ્રી લલિતાજી આવી બધી સેવા કરી પણ રહ્યા છે.... હવે અહીં એટલે કે લીલામાં રતીકલા સખીના નામે શ્રી લલિતાજીના એક સખી છે કે જે શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીના એમ યુગલ સ્વરૂપના આનંદરૂપેના માત્ર વિહારમાં જ આનંદ માનીને રહે છે કે જેના કારણે આ સખી રતીકલાને સામગ્રી બનાવવાની અને શ્રી સ્વામિનીજીને આરોગાવવા તરીકેની સેવા પ્રત્યે ભાવ થવા લાગ્યો હતો અને પછી આવો ભાવ થયા જ કરતો હતો પણ પોતાને (રતીકલા સખીને) આ અશક્ય જેવું લાગતું હતું કારણકે શ્રી સ્વામિનીજી ને આરોગાવવાનો અધિકાર તો શ્રી લલિતાજીનો છે વળી બધીય લીલાની...... સિદ્ધિ પણ શ્રી લલિતાજી કરતા હોવાથી શ્રી લલિતાજી તેમને એટલે કે યુગલ સ્વરૂપને પ્રિય પણ છે.... એટલે આવા પ્રકારની પરિસ્થિતિના આધારે પોતાને (સખી રતીકલાને) એવું જ થવા લાગ્યું કે આવી.... સેવા કરવાનું ભાગ્ય વળી મારું ક્યાંથી હોય ?... અથવા તો આવી .... સેવા કરવાનું સૌભાગ્ય વળી મને પ્રાપ્ત પણ ક્યાંથી થાય ?..... આમ આવા વિચારો દ્વારા પોતાને (રતીકલા સખીને) આવી.... સેવા પ્રત્યે અતિ તાપ પણ થવા લાગ્યો હતો પરંતુ પોતાની (રતીકલા સખીના) શક્તિ બહારની આ... વાત હોવાથી તે કેવળ જો શ્રી સ્વામિનીજી જ મારું (રતીકલા સખીનું) વિચારે તો મારા (રતીકલા સખીના) મનોરથરૂપેનો આવો ભાવ પૂર્ણ થાય. બાકી મારા (રતીકલા સખી) માટે તો આ બનવું મુશ્કેલ જ છે..... આમ પોતાના હાથે સામગ્રી સિદ્ધ કરીને આરોગાવવાનો ભાવ રતીકલા સખીને જે થયો હતો તે ભાવથી રતીકલા સખીને થયેલા અતિ તાપક્લેશના આધારે શ્રી સ્વામિનીજી ને "અતિ પ્રિય" એવી રતીકલા સખીના ભાવને પૂર્ણ કરવાની ઈચ્છા કરતા શ્રી સ્વામિનીજીએ વિચાર્યું કે સખી રતીકલાનો આવો ભાવ અહીં લીલાંમાં પૂર્ણ કરવો તેના કરતા ભૂતળ પર પૂર્ણ કરવો વધારે ઉચ્ચીત છે. વળી ભૂતળ પર પધારીને આવા. .. મનોરથો પૂર્ણ કરી શકાશે.

બાદ આવો વિચાર કરીને " નિજ ઈચ્છાતઃ કરિષ્યતિ "...... એ નિયમે શ્રી સ્માિમિનીજીનું શ્રી મહાપ્રભુજીના નામે (પુરૂષ ભાવનું) શ્રી લક્ષ્મણ ભટ્ટજીના પુત્ર ચંપારણ્યમાં પ્રાકટ્ય થયું.... અને સખી રતીકલાનું રજોબાઈના નામે ધનવાન તરીકે ક્ષત્રિય સદ્‌ગ્રહસ્થની પુત્રી તરીકે કાશીનગરમાં પ્રાકટ્ય થયું..... આમ આવા પ્રકારે રચેલી લીલા અનુસાર શ્રી મહાપ્રભુજી તે શ્રી ઠાકોરજી(પૂર્ણ પુરુષોત્તમનું રસાત્મક સ્વરૂપ) ના ભાવે અહીં ભૂતળ પર પ્રગટ તો થયા પરંતુ યુગલ સ્વરૂપ તરીકે સૌના જે ભાવ પૂર્ણ કરવાના છે તે લોક મર્યાદામાં રહીને કરવાના હોવાથી મારા એકલાથી જો કરવામાં આવશે તો રસસ્વરૂપ તરીકે " જે રસાનંદ પ્રગટ કરી બતાવવાનો છે તે નહિ બને ".... એટલે આવા વિચારે જેમ શ્રી લલિતાજીના અન્ય સ્વરૂપો ભૂતળ પર પ્રગટ કર્યા છે તેમ શ્રી સ્વામિનીજીની સ્વરૂપ તરીકે એક આપ (શ્રી મહાપ્રભુજી) ભૂતળ પર પ્રગટ થઈ ચૂકેલા હોવા છતાંય નિજ સ્વરૂપમાંથી (શ્રી મહાપ્રેભુજીના સ્વરૂપમાંથી) શ્રી સ્વામિનીજીના ભાવનું "બીજું જ સ્વરૂપ" પ્રગટ કરવાનો વિચાર કરીને સર્વ શક્તિમાન એવા શ્રી મહાપ્રભુજીએ લીલાની અન્ય કોઈ સખીનું નહિ પરંતુ સમાન ભાવ તરીકેનું જ બીજા સ્વરૂપનું શ્રી મહાલક્ષ્મીજીના નામે બ્રાહ્મણ જ્ઞાતિના કહેવાતા શ્રી કૃષ્ણ ભટ્ટજીના પુત્રી તરીકે કાશીનગરમાં અને તે પણ રજોબાઈની બાજુમાં જ પ્રાકટ્ય કરાવ્યું.... એટલે પછી શ્રી સ્વામિનીજી (શ્રી મહાલક્ષ્મીજી) અને સખી રતીકલા (રજોબાઈ) લીલામાં જેમ સાથે રહેતા હતા તેમ અહીં ભૂતળ પર પણ એક જ સ્થળે પ્રગટ થયા અને તે પણ પાડોશમાં જ પ્રગટ થયેલા હોવાથી બન્નેના એટલે કે શ્રી મહાલક્ષ્મીજીના અને રજોબાઈના "સ્નેહ સંબંધીની ફલ પ્રાપ્તિ તો એક જ થઈ "... એટલે હવે રજોબાઈના ભાવ પૂર્ણ થવામાં કે કરવામાં બાકી પણ શું રહેવાનું?...

ત્યારબાદ પાડોશમાં રહેતા રહેતા શ્રી કૃષ્ણ ભટ્ટજીના પુત્રી શ્રી મહાલક્ષ્મીજી (શ્રી સ્વામિનીજીનું બીજુ સ્ત્રી ભાવનું સ્વરૂપ) અને સદ્‌ગ્રહસ્થના પુત્રી રજોબાઈ (સખી રતીકલા) એમ આ બન્ને સમય અનુસાર મોટા થતા જાય છે અને જેમ જેમ મોટા થતા જાય છે તેમ તેમ બન્નેની વચ્ચે રહેલો "અલૌકિક સ્નેહ સંબંધ " પણ અંદરોઅંદર પ્રગટ થતો જાય છે. એટલે કે રજોબાઈ રોજ શ્રી મહાલક્ષ્મીજીના ઘરે જાય, સાથે રહે, સાથે રમે, વળી ગંગાજીએ સ્નાન કરવા જાય તો પણ બંને સાથે જ જાય અને લાવેલા ફૂલ વી. સામગ્રીથી શ્રી ગંગાજીનું પૂજન કરીને બંને સ્નાન પણ સાથે જ કરે. આમ સ્નાન કર્યા પછી શ્રી મહાલક્ષ્મીજી શ્રી ગંગાજીને એક પ્રાર્થનારૂપે કહે છે કે હે ગંગાજી, મારા પર કૃપા કરીને મને શ્રી પૂર્ણ

પુરૂષોતમ જેવો જ પતિ આપજો. શ્રી મહાલક્ષ્મીજીના ભાવરૂપેની આવી પ્રર્થનારૂપેના શબ્દો સાંભળીને રજોબાઈ પણ પ્રાર્વનારૂપે વળી બીજું જ કહે કે ગંગાજી, પ્રાણથી પણ વહાલા એવા શ્રી મહાલક્ષમીજીને જે પતિ આપો તે પતિના ચરણારવિંદની રજ મને પ્રાપ્ત થાય તેવી કૃપા મારા ઉપર કરજો.... આમ બંને રોજ ગંગાજીએ સ્નાન કરવા જાય , પૂજન કરે અને આ પ્રમાણે પ્રાર્થના પણ "રોજ" કરે. એટલે સમજો કે આ બંને પોતપોતાના ભાવ તરીકે એક પ્રકારનો આનંદ-વિલાસ કરી રહ્યા હતા.

હવે સમય પસાર થતા થતા આ બંને મોટા થતા એટલે કે પુખ્ત વયના થયા રજોબાઈના પિતાજી રજોબાઈના વિવાહ (સગાઈ) માટે યોગ્ય વરની તપાસ કરવા લાગ્યા. પરિણામે પોતાની જ્ઞાતિમાં જ્યાં જ્યાં વાત મૂકે ત્યાં ત્યાંથી રજોબાઈના સ્વરૂપને જોતાની સાથે "ના" તરીકેનો જ જવાબ આવે. આમ આવા પ્રકારના વાતાવરણને આધારે રજોબાઈના માતાપિતાના હૃદયમાં ચિંતાએ ઘેરો ઘાલતા રજોબાઈના માતાપિતા ચિંતારૂપેના ખાબોચીયામાં જ પડી રહીને અનેક પ્રકારના વિચારો કરવા લાગ્યા...... આમ વિચારો કરતા કરતા રજોબાઈની બેનપણી..... શ્રી મહાલક્ષ્મીજી યાદ આવી જતા રજોબાઈના પિતાજીને મનમાં થયું કે આ મહાલક્ષ્મી દ્વારા મારી રજોના ભાગ્યની કદાચ સિદ્ધિ ન થાય તેની શું ખાત્રી ?... આમ રજોબાઈના પિતાજીના મનમાં આવો ભાવ પ્રગટ થતા પોતે એક દિવસ શ્રી મહાલક્ષ્મીજીના પિતાજી શ્રી કૃષ્ણ ભટ્ટજીના ઘરે આવ્યા અને અક લૌકિક રીતી અનુસાર પ્રણામ કર્યા અને પછી બેસીને વાતની શરૂઆત કરતા વિનયપૂર્વક કહ્યું કે ભાઈજી.... આપની કન્યા કોઈ અલૌકિક સ્વરૂપનો અવતાર છે કે જેનું વાણી દ્વારા વર્ણન પણ શું કરું?... એટલે ખરેખર ખુશી થવા જેવું જ છે... તમારી મહાલક્ષ્મીજી અને મારી રજો એમ બંને વચ્ચે અરસપરસ બહુ જ સ્નેહ હોવાથી જ્યારે જુઓ ત્યારે બન્ને સાથે જ હોય છે.... એટલે આ પણ એક ઈશ્વરી સંકેત તો ખરો ને ?... એટલે હવે બન્નેનો વિવાહ(સગાઈ) પણ કોઈ સારે ઠેકાણે થઈ જાય તો ઘણું સારું..... વળી ઉમ્મરલાયક પણ થયા છે..... એટલે માથા ઉપર સ્હેજ બોજો પણ રહ્યા કરે છે.... મારી રજો માટે હું યોગ્ય વરની તપાસ તો કરું જ છું પરંતુ .... તેમાં મને ક્યાંય કંઈ સાર દેખાતો નથી... વળી આવી વાત માટે જ હું આપની પાસે આવ્યો છું... હા, ભાઈજી... આપે આપની મહાલક્ષ્મીનો વિવાહ(સગાઈ) કરવાનો.... હાલમાં કંઈ.... વિચાર કર્યો છે કે નહિ ?..... રજોબાઈના પિતાજી જેમ જેમ આવી વાત કરતા જતા હતા તેમ તેમ શ્રી મહાલક્ષમીજીના પિતાજીની આંખોમાંથી આંસુઓ ટપક ટપક પડવા લાગ્યા જ હતા. અને.... થોડીક ક્ષણો પસાર થયા પછી પોતાના રુંધાયેલા કંઠે જવાબ આપતા કહ્યું કે ભાઈજી, આવી.... મારી કન્યા માટે યોગ્ય વરની તો જાણે હું તપાસ કરી જ રહ્યો છું પરંતુ.... શું કહું ?..... ટુંકમાં એટલું જ કે "કંઈ ઉત્તમ દેખાતુ નથી"... એટલે ભાઈજી, હવે... મારી લાજ તો ગંગાજી રાખશે તો રહેશે.... બાકી જેની તેની સાથે એટલે કે લૌકિક જેવા જીવ સાથે મારી આ અલૌકિક સ્વરૂપવાણી મહાલક્ષીમીનો વિવાહ તો કદી પણ હું નહિ જ કરું...... અને વળી એ પણ છે કે મારી આવી ભાવનાના આધારે સમાજમાં લોકો અમારી ન કરવા જેવી સાચી-ખોટી ચર્ચાઓ તો કરશે જ કે જે હું સમજું પણ છું.... એટલે લોકોની ચર્ચાઓને આધારે અમારા હૃદયમાં જો વધારે ક્લેશ જેવું થશે તો મારો પોતાનો આ દેહ શ્રી ગંગાજીને અર્પણ કરી દઈશ. પણ... જેની તેની સાથે મારી મહાલક્ષમીજીનો સંબંધ તો નહિ જ કરું ?.... શ્રી મહાલક્ષમીજીના પિતાજી શ્રી કૃષ્ણ ભટ્ટજીની આવી દ્રઢતાપૂર્વકની વાત સાંભળીને કેમ જાણે પોતે પણ તૈયાર થઈ ગયો હોય તેમ ટેકો આપતા રજોબાઈના પિતાજીએ કહ્યું કે ભાઈજી... સત્ય છે.... આવી આપણી દિકરીનો સંબંધ જેની તેની સાથે કરવા ક્યાં જવું.?.... તેમાં દિકરી સુખી પણ શું થાય?... એટલે... હવે તમારી અને સાથે સાથે અમારી પણ લાજ ગંગાજી રાખે ! બીજું શું?... બાકી મારી રજો માટે પણ મેં આવું જ વિચાર્યુ છે કે જેવા તેવાની સાથે તો સંબંધ કરવો જ નથી... આમ અરસપરસમાં પોત પોતાની ભાવનાને કંઈક પોષણ મલતા રજોબાઈના પિતાજીએ પણ એક ટેકારૂપેનો દ્રઢ નિશ્ચય પ્રગટ કરતા કહ્યું કે સારૂ... ભાઈજી.... જેવું તમારી મહાલક્ષમીજીનુ થશે તેવું... મારી રજોનુ થશે.બાકી ચિંતા કરવાથી શુ વળવાનું છે ?... આમ આવું બોલતા બોલતા રજોબાઈના પિતાજી તો ઉઠીને પોતાને ઘેર જતા રહ્યા.

હવે પોતાના હૃદયમાં દ્રઢતાપૂર્વકની કોઈ પણ ટેક જો જીવે રાખેલી હોય છે તો " તે ટેક જ તે જીવને ફલરૂપ નિવડે છે "..... એટલે આ નિયમે મહાલક્ષમીજીએ અને રજોબાઈએ ગંગાજીનું પૂજન કરી કરીને હૃદયથી જે પ્રાર્થના કરી હતી તે પ્રાર્થના દ્વારા મનમાં કરેલા ગુપ્ત મનોરથને સફળ કરવાની નિશ્ચય કરીને સમય આવતા લોક મર્યાદાની રીતે લગ્ન વિધિ દ્વારા શ્રી મહપ્રભુજીએ શ્રી મહાલક્ષમીજીનો સ્વીકાર કબૂલ કરતા શ્રી મહાલક્ષમીજીના પિતાજીએ લગ્નની તૈયારીઓ કરવા માંડી. આમ શ્રી મહાલક્ષમીજીના લગ્નની તૈયારીઓ થઈ રહેલી હોવાથી અતિ ધનવાન એવા રજોબાઈના પિતાજીએ શ્રી કૃષ્ણ ભટ્ટજી પાસે આવીને કહ્યું કે ભાઈજી, તમારા હૃદયના સાચા ભાવના આધારે પ્રભુજીએ ઘણું જ સારૂ કર્યું... એટલે હવે આવેલા આ માંગલિક અવસરમાં ધનનો સ્હેજ પણ સંકોચ રાખ્યા સિવાય એટલે કે હૃદયને ખુલ્લુ કરીને ઉદાર મનથી ધન વાપરજો મારી પાસે જે ધન છે તે અન્ય કોઈનું ન સમજતા તમારૂ જ છે તેવું સમજીને ધામધુમથી લગ્ન કરજો... પછી શ્રી મહાલ્ક્ષમીજી મારી જ દિકરી છે તેવું સમજીને માનીને રજોબાઈના પિતાજીએ બહુ જ ધન શ્રી કૃષ્ણ ભટ્ટજીને આપતા શ્રી મહાલક્ષ્મીજીનાં લગ્નનો માંગલિક અવસર સૌએ આનંદ કરતા કરતા ઉજવ્યો. હવે રજોબાઈના પિતાજી પાસે જેટલું દેવી ધન હતુ તેટલું ધન આમ શ્રી મહાલક્ષમીજીની લગ્નના નિમિત્તે થયેલા અલૌકિક કાર્યમાં વપરાવીને તે દેવી ધનનો અંગીકાર કર્યા, અને સાથે સાથે શ્રી મહાલક્ષમીજીએ મનમાં કરેલો મનોરથ સફળ કરતા શ્રી મહાપ્રભુજીએ લગ્ન વિધિ દ્વારા શ્રી મહાલક્ષ્મીજીનો પણ અંગીકાર કર્યો....

આમ શ્રી કૃષ્ણ ભટ્ટજીએ એક ટેકરૂપે જે દ્રઢતા પ્રગટ કરી બતાવી હતી તે ટેકના આધારે શ્રી મહાલક્ષમીજીના લગ્ન થઈ જતા શ્રી કૃષ્ણ ભટ્ટજી તો જાણે દિકરીના વિવાહ તરીકે એક મોટા બોજામાંથી મુક્ત થયા. પરંતુ આવું જોઈને રજોબાઈના પિતાજી વિચાર કરવા લાગ્યા કે હવે મારૂ શું ?... હું હવે મુક્ત ક્યારે થઈશ... આવો વિચાર કરતા કરતા પોતાના મનમાં કોઈ એક વિચાર આવ્યો કે જે વિચારના આધારે રજોબાઈના પિતાજી પોતાના કુટુંબ સહિત સૌ શ્રી મહાપ્રભુજીને શરણે આવતા સૌને શરણે લીધા બાદ રજોબાઈના પર દ્રષ્ટિ કરતા શ્રી મહાપ્રભુજીએ રજોબાઈના પિતાજીને આજ્ઞા કરતા કહ્યું કે આ તમારી... પુત્રીનું કોઈ અલૌકિક સ્વરૂપ છે... શ્રી મહાપ્રભુજીના મુખારવિંદ દ્વારા સ્નેહ રસના સિંચનરૂપેનો આવા વચનો સાંભળીને રજોબાઈના પિતાજીએ વિનંતી કરતા કહ્યું કે રાજ, આપ તો સાક્ષાત ઈશ્વર જ છો એટલે આપે જે આજ્ઞા કરી તે તો આપ જાણો... હું અજ્ઞાની શું જાણું ?... પરંતુ પ્રભુ કૃપા કરીને મને ઉપાય બતાવો કે હવે તેનો વિવાહ માટે મારે શું કરવું ?....

બાદ રજોબાઈના પિતાજીની આવી વિનંતી સાંભળીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે આ... તમારી દીકરીનો જે વિવાહ સંબંધ થશે તે પહેલેથી તે અંત સુધી એટલે કે તેના લગ્ન થશે ત્યારથી તે તેના લૌકિક જીવનના અંત સુધી અલૌકિક જ સંબંધ રહેશે. એટલે સમજો કે સમય આવ્યે બધુય સારૂ થઈ રહેશે માટે તમે જરાય ચિંતા કરશો નહિ.... બાકી જીવ માત્ર સંસારમા આવી સમાજ સાથે જોડાયેલો હોવાથી લૌકિક મર્યાદાઓ ભંગ ન થાય તે રીતે રહેવું જોઈએ. વળી લોકમાં નિંદા ન થાય તેટલા માટે તમારી દીકરીના લગ્ન પણ જ્ઞાતિના રીવાજ પ્રમાણે થવા તો જોઈએ જ... હવે તમે એવું કરો કે તમારી જ્ઞાતિમાં જે કોઈ સારો છોકરો લાગે તે છોકરાને તમે અમારી પાસે લાવજો એટલે અમે તેને અમારો સેવક કરીને વૈષ્ણવ કરીશું અને તે પછી તમે તેના સાથે તમારી દીકરીનોવિવાહ (સગાઈ) કરીને લગ્ન કરજો.

આ પ્રમાણે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવા અર્થે રજોબાઈના પિતાજી પોતાની જ્ઞાતિમાં યોગ્ય છોકરાની તપાસ કરવા લાગ્યા અને તપાસ કરતા કરતા નિર્ધન-ગરીબનો એક છોકરો હતો જે છોકરો પોતાને યોગ્ય લાગતા રજોબાઈના પિતાજીએ પોતાના ગોર મહારાજ દ્વારા તે છોકરાના પિતાને કહેવડાવ્યું કે તમે સૌ શ્રી મહાપ્રભુજીના સેવક થાવ તો તમારા પુત્રની સાથે મારી પુત્રીનો વિવાહ સંબંધ કરૂ. આમ રજોબાઈના પિતાજીએ ગોર મહારાજ દ્વારા મોકલાવેલા સંદેશાની વાત સાંભળતા જે નિર્ધન-ગરીબ છે તેવા તે છોકરાના પિતાજી પોતે તેમજ ઘરના સૌ કોઈ બહુ જ ખુશ થયા મનમાંને મનમાં બહુ જ હર્ષ પામતા કહેવા લાગ્યા કે અરે.. . આ તો આમ અને અમારા પુત્રના ધન્ય ભાગ્ય કહેવાય નહિતર આવા મોટા ઘરની કન્યા અમારા જેવા ગરીબનાં આંગણામાં હોય પણ ક્યાંથી?... પછી તો સમજો કે કુટુંબના બધાય શ્રી મહાપ્રભુજીના શરણે આવતા શ્રી મહાપ્રભુજીએ છોકરા સહિત સૌને શરણે લીધા.

ત્યારબાદ શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર આ છોકરાનો વિવાહ સંબંધ(સગાઈ) રજોબાઈ સાથે નક્કી થયો. આમ વિવાહ સંબંધ નક્કી થયા બાદ શ્રી મહાપ્રભુજીની કૃપા દ્રષ્ટિ દ્વારા આ છોકરાની દ્રષ્ટિમાં પરિવર્તન થઈ જતા રજોબાઈને જોતાની સાથે જ પોતાની હૃદયમાં અલૌકિક ભાવ પ્રગટ થવા લાગ્યા કે જન્મ લઈને જગતમાં આવી રહેલી બધીય સ્ત્રીઓ કરતા આ રજોનું રૂપ. તેમજ શરીરનો રંગ વી. વી. ખરેખર જુદા જ છે. એટલે જગતમાં જેટલી સ્ત્રીઓ છે તે બધીય સ્ત્રીઓ જેવી આ રજો.. નથી. વિશેષમાં પોતાને એવું પણ જ્ઞાન થઈ ગયુ હતુ કે "આ રજોની કૃપા દ્રષ્ટિ દ્વારા મારી પણ સંસારમાંથી મુક્તિ "... એટલે સમજો કે આ છોકરાના ભાવમા આવી રીતેનું પરિવર્તન થઈ જવા પામ્યું હતું કે જે થઈ ગયેલા પરિવર્તનની વાત પણ આ છોકરાએ પોતાના ઘરમાં અન્ય કોઈને કરી ન હતી. પછી તો સમજો કે આ છોકરો નિત્ય શ્રી મહાપ્રભુજીને ત્યાં જાય અને શ્રી મહાપ્રભુજીમાં દર્શન-ચરણસ્પર્શ કરે.

તે પછી રજોબાઈના પિતાજીએ લગ્ન કરવાનો દિવસ નક્કી કરીને આ છોકરા સાથે રજોબાઈના લગ્ન પણ કરી દીધા. આમ રજોબાઈના લગ્ન થયા અને સમજો કે રજોબાઈ સાસરે પણ ગયા. પરંતુ... છોકરાનાં હૃદયમાં પ્રથમથી જ

થઈ ગયેલા અલૌકિક પરિવર્તનના આધારે આ છોકરાએ રજોબાઈ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ કર્યો ન હતો... બાદ જ્ઞાતિના રીતરિવાજ મુજબ બીજા દિવસે રજોબાઈને સાસરેથી પિયર માં એટલે કે પોતાના માબાપના ઘરે બોલાવી લાવવામાં આવ્યા... હવે બીજી તરફ આ છોકરાના ઘરે એવું બન્યું કે રજોબાઈના કરવામાં આવેલા લગ્ન નિમિત્તે કન્યાદાન આપીને આ છોકરાની સાથે રજોબાઈનો હસ્ત-મિલાપ કરાવતા રજોબાઈના હાથનો સ્પર્શ તો આ છોકરાને અવશ્ય થયો જ હોય. એટલે આમ રજોબાઈના હાથના માત્ર સ્પર્શ દ્વારા જ રજોબાઈના લૌકિક પતિ તરીકે આ છોકરાની દેહ છૂટી જતા મુક્તિ થઈ ગઈ.... હવે વિચારો કે વૈષ્ણવોના માત્ર સ્પર્શથી જ જીવની મુક્તિ થઈ ગઈ તો પછી આવા વૈષ્ણવોની સાથે કદાચ અષ્ટ પ્રહર લેવામાં આવે તો શું ન થાય ?.... આમ શ્રી મહાપ્રભુજીની કૃપા દ્રષ્ટિ દ્વારા લોક મર્યાદાની રીતે લગ્ન તરીકે રજોબાઈનું લૌકિક કાર્ય સંપૂર્ણ રીતે પતી જવાથી રજોબાઈ પિયરમાં જ રહીને પોતાનું જીવન જીવવા લાગ્યા હતા.

આમ શ્રી મહાલક્ષ્મીજીના અને રજોબાઈના સમાજની (લૌકિક) રીતી અનુસાર લગ્ન જેવા કાર્યો સિદ્ધ થઈ ગયા બાદ પૃથ્વી પરિક્રમા અર્થે શ્રી મહાપ્રભુજી કાશીનગરમાં આગળ પધારવાની તૈયારી કરતા શ્રી મહાલક્ષમીજીએ રજોબાઈને કંઈક સમજાવીને શ્રી મહાપ્રભુજી પાસે મોકલતા રજોબાઈ શ્રી મહાપ્રભુજી પાસે ગયા અને શ્રી મહાલક્ષમીજીના વતી વિનંતી કરીને પૂછ્યું કે આપ તો આમ અહીંથી પધારો છો.... પરંતુ આપની સેવા વિના મારાથી અહીં કેમ રહી શકાશે?... એટલે આજ્ઞા કરો કે મારે કઈ રીતે અહીં રહેવું?.... શ્રી મહાલક્ષ્મીજીએ રજોબાઈ દ્વારા કહેવડાવેલી આવી વિનંતી સાંભળીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે અહીં આ કાશીનગરમાં શેઠજી પુરૂષોત્તમદાસજીના ઘરમાં અમારું સ્વરૂપ સાક્ષાત્ રીતે બિરાજે છે તેથી તમે હંમેશા ત્યાં પધારજો અને સ્નાન કરીને અમારા સ્વરૂપના ચરણસ્પર્સ કરતા રહેશો અને પછી ઘરે આવી ભોજન કરજો. આ પ્રમાણેની આજ્ઞા કર્યા બાદ શ્રી મહાપ્રભુજી કાશીનગરથી વિજય કરીને આગળ પધાર્યા. તે પછી શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર શ્રી મહાલક્ષમીજી હંમેશા શેઠજી પુરૂષોત્તમદાસજીના ઘરે પધારતા હતા. હવે શ્રી મહાલક્ષમીજી જ્યારે જ્યારે પોતાના ઘરે પધારતા હતા ત્યારે ત્યારે શેઠજી શ્રી મહાલક્ષમીજીનો ભાવપૂર્વક સત્કાર કરીને પોતાના ઘરમાં પધરાવતા હતા અને.... પછી શ્રી મહાલક્ષમીજી અંદર પધારીને સ્નાન કરતા, શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનાં ચરણારસ્પર્સ કરતા , ભોગ ધરતા અને ભોગ સરાવ્યા પછી પોતે આરોગતા પણ હતા. વળી શ્રી મહાલક્ષમીજી જ્યારે જ્યારે શેઠજીના ઘરે પધારતા હતા ત્યારે ત્યારે રજોબાઈ પણ શ્રી મહાલક્ષમીજીની સાથે શેઠજીના ઘરે જતા હતા. અરે... એટલું જ નહિ પરંતુ રજોબાઈને અલૌકિક દર્શન પણ થતા હતા. એટલે કે શ્રી સ્વામિનીજીના "સ્ત્રી ભાવ તરીકેના " ગુપ્ત સ્વરૂપવાળા શ્રી મહાલક્ષમીજીની કૃપા દ્વારા રતીકલા સખીના ગુપ્ત સ્વરૂપવાળા આ... રજોબાઈને શ્રી સ્વામિનીજીના "પુરૂષભાવ તરીકેના " ગુપ્ત સ્વરૂપવાળા શ્રી મહાપ્રભુજીના સાક્ષાત્ દર્શન પણ થતા હતા.....

બાદ શ્રી મહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરવા માટે આ કાશીનગરથી પધાર્યા પછી પૃથ્વી પરિક્રમા દરમ્યાનમાં જે જે કાર્યો કરવાના હતા તે સ્વચ્છાએ પૂર્ણ કરીને શ્રી મહાપ્રભુજી પાછા કાશીનગરમાં પધાર્યા અને શ્રી મહાલક્ષમીજીને સ્વગ્રહમાં અંગીકાર કર્યો. એટલે કે શ્રી મહાલક્ષમીજી પોતાના પિયરમાં પિતાજીને ઘરે જે રહેતા હતા તેને બદલે શ્રી મહાપ્રભુજીના ઘરે પધરાવી લાવ્યા. આમ શ્રી મહાલક્ષમીજી શ્રી મહાપ્રભુજીના ઘરે પધારતા પોતાના પિયરમાંથી પોતાને અર્પણ કરેલું જે કંઈ હતું તે બધુંય લાવીને શ્રી મહાપ્રભુજીને પોતે અર્પણ કર્યું કે જેની સાથે શ્રી મહાલક્ષમીજીના પિતાજીના ઘરમાં જે પંચપૂજા (પંચદેવની પૂજા-આવી આ પંચપૂજીમાં પાંચદેવના જે સ્વરૂપો હતા તેમાં એક તો શ્રી ગોકુલનાથજીનું સ્વરૂપ હતુ અને બીજા ચાર જે સ્વરૂપ હતા તે મર્યાદા વ્યૂહ સ્વરૂપો હતા) હતી કે પણ શ્રી મહાપ્રભુજીની સન્મુખમાં ધરીને અર્પણ કરી. હવે શ્રી મહાલક્ષમીજીના પ્રાકટ્ય થયા પછી તે પોતાના લગ્ન થયા ત્યાં સુધી અને શ્રી મહાપ્રભુ સાથે લગ્ન થયા પછી પણ પોતે પોતાના પતિવ્રતા ધર્મનું પાલન બરાબર કરેલ છે કે જે આ પંચપૂજા જ સ્પષ્ટ સમજાવે છે એટલે કે આ પંચપૂજાની પૂજામાં શ્રી ગોકુલનાથજીનું જે સ્વરૂપ હતું તે સ્વરૂપ સાક્ષાત શ્રી મહાપ્રભુજીનું જ હતું. વળી આ સ્વરૂપ પહેલેથી જ શ્રી કૃષ્ણભટ્ટજીના ઘરમાં બિરાજતું પણ હતું. એટલે લગ્ન થયા પહેલા પણ શ્રી મહાલક્ષમીજી આ શ્રી ગોકુલનાથજી(શ્રી મહાપ્રભુજીના સ્વરૂપના) દર્શન ચરણસ્પર્શ, સેવા, વી.વી. કરતા જ હતા. એટલે શ્રી મહાલક્ષમીજીએ પોતાના પ્રાગટ્યથી તે આજસુધી પોતાના પતિવ્રતા ધર્મનું પાલન આ રીતે બતાવીને ભૂતળ પર દેવી જીવોને એક પ્રકારે.. પતિવ્રતા ધર્મનું જ્ઞાન કરાવ્યું... આમ આ પંચપૂજા શ્રી મહાપ્રભુજીને જ્યારે અર્પણ કરવામાં આવી હતી ત્યારે આ પંચપૂજામાં શ્રી ગોકુલનાથજીનું જે "પુષ્ટિ રસસ્વરૂપ " હતું તે સ્વરૂપને શ્રી મહાપ્રભુજીએ ઘરમાં પધરાવીને રાખ્યું અને

બાકી બીજા ચાર વ્યૂહ સ્વરૂપોને શ્રી ગંગાજીમાં પધરાવી દેતા આ ચારેય વ્યૂહ સ્વરૂપો જ્યાં જ્યાંથી પધાર્યા હતા ત્યાં ત્યાં તે લય થઈ ગયા હતા

ત્યારબાદ શ્રી મહાપ્રભુજીએ કાયમને માટે અડેલ બિરાજવાનો વિચાર કરીને શ્રી મહલક્ષમીજી સહિત શ્રી મહાપ્રભુજી અડેલમાં પધાર્યા અને અડેલ જ વાસ કરીને શ્રી મહાલક્ષમીજી... પરમ રમણ સુખ ભોગવી રહ્યા હતા. આમ કરતા કરતા થોડોક સમય પસાર થયો હશે એવામાં લૌકિક દ્રષ્ટિએ શ્રી મહાપ્રભુજીના સાસુ-સસરા શ્રી મહાપ્રભુજીની કૃપાથી શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પ્રાપ્ત થયા.

આમ શ્રી મહાપ્રભુજીના સાસુ-સસરા શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોંચ્યાં પછી રજોબાઈને હવે કાશીનગરમાં કોઈપણનો સંગ રહેલ નહિ હોવાથી કે પછી કોણ જાણે... શું થયુ?. ..તેજ સમજી શકાયુ નહિ. પરંતુ પોતાનો વિયોગ દશામાં પ્રવેશ થઈ જતા કેમ જાણે પોતાના માથે મહાન દુ:ખ આવી પડ્યું હોય તેમ ચિંતારૂપી સમુદ્રમાં ડુબી ગયા અને.... પછી એક દિવસ રાત્રે પોતે જ્યારે બેભાન જેવી હાલતમાં સૂઈ રહ્યા હતા ત્યારે રાત્રિના પાછલા સમયે નિદ્રાંમાંથી અચાનક જાગી ગયા અને પોતાના હ્રદયમાં જે દુ:ખ થઈ રહ્યું હતું તે અત્યારે આ પાછલી રાત્રિના સમયે આપોઆપ પ્રગટ થઈ જવા પામ્યું હતું. એટલે કે કહેવા લાગ્યા કે હે પ્રભુ... હે નાથ... આપ અડેલ પધાર્યા. શ્રી અક્કાજી (શ્રી મહાલક્ષ્મીજી) પણ આપની સેવા અર્થે અડેલમાં બિરાજે છે. વળી શ્રી અક્કાજીના માતાપિતા પણ શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોચ્યાં.... આપ પણ શ્રી અક્કાજી સહિત અડેલમાં જ બિરાજી રહ્યા છો.... એટલે આવા પ્રકારે ઉપસ્થિત થયેલા વાતાવરણથી હવે મારે શું સમજવું. ..આપે મારા માટે શું વિચાર્યું છે? શું આપ બન્નેના દર્શન પણ મને નહિ ? શું આમ વિયોગે જ મને રાખવાનો વિચાર કર્યો છે? ... અને તે પણ આમ ઝૂરી ઝૂરીને જ... સારૂ... જેવી આપની ઈચ્છા.... આમ આવી રીતે મનમાં વિરહનું અતિ દુ:ખ પામતા રજોબાઈએ તો કેમ જામે રણચંડિ રણ મેદાને આવી પહોંચી હોય તેમ હ્રદયના ભાવ અને પ્રેમ જેવા નિ:સાધન રૂપેના હથિયારથી પોતાના દેહ સાથે લડાઈ જ શરૂ કરી દીધી..... આમ લડાઈ કરતા કરતા એકાદ કલાક જેટલો સમય વિત્યો હશે છતાંય પોતાને પોતાના વિજય જેવું કંઈ નહિ દેખાતા ઘરમાં આમતેમ ફરતા ફરતા પોતે વળી વિચાર કરવા લાગ્યા કે "દેહથી અલૌકિક સુખ પ્રાપ્ત ન થયું" તે આદેહનું કરવાનું પણ શું?..... એટલે હવે આ દેહ ન જોઈએ. .. આ દેહ ન જોઈએ... હવે આ દેહ ન જોઈએ... એવો દ્રઢ નિશ્ચય કરીને આખરે પોતાના દેહ ઉપર એક પ્રકારે કેવળ બળાત્કાર કરીને જ રજોબાઈએ તો એવું કર્યું કે પોતાના દેહને જમીન પર ફેંકી દીધો .... પછી જમીનની લાગેલી પછડાટથી રજોબાઈના દેહની હાલત તો એવી થઈ ગઈ કે દેહ છુટ્યો..... કે હમણાં છુટશે. એમ આખરે પોતાના મુખમાંથી છેલ્લા એટલા જ શબ્દો નીકળ્યા કે પ્રભુ.... હું... તમારી છું.... પ્રભુ... હે નાથ.... હે નાથ......

હવે લખેલું વાંચવાથી કૃપા થતી નથી... વાંચીને વાણી વિલાસો કરવાથી કૃપા નથી થતી... વાણી વિલાસો કરીને માત્ર ભાવ કરવાથી કૃપા થતી નથી.... ભાવ તરીકેની માત્ર ક્રિયામાં જ સંતોષ માની લેવાથી કૃપા થતી નથી.... સંતોષ માનીને પ્રેમઘેલા બનવાથી કૃપા થતી નથી... પ્રેમઘેલા બનીને અન્યને બતાવવા પુરતા ભાવલાવેળા કરવાથી કૃપા થતી નથી... ભાવલાવેલા દ્વારા ખોટી દીનતા બતાવવાથી કૃપા થતી નથી.... ખોટી દીનતા બતાવીને નમી નમીને ચાલવાથી કે રહેવાથી કૃપા થતી નથી. નમીને ચાલવા જેવું કે રહેવા જેવું વર્તન બતાવીને પૂજાવા જેવું કરી બતાવવાથી કૃપા થતી નથી... અને આવા ભગવદીયપણાના આધારે વિષયો કે મોજશોખો જેવા દેહના સુખો ભોગવવાથી કૃપા થતી નથી.. .. એટલે સમજો કે કૃપા તો ત્યારે જ થાય કે જ્યારે આ રજોબાઈની માફક પોતાના વ્હાલાના વિયોગે ખરેખર દેહ છોડી દેવાની તૈયારી થાય.... વિશેષ શું?....

બાદ વિરહરૂપે થઈ રહેલા અતિ દુ:ખના આધારે અંતિમ જેવી દશાએ પહોંચેલાં રજોબાઈના મુખમાંથી નીકળેલા છેલ્લા શબ્દોને સાંભળતા એટલે કે "પ્રભુ .... હું... તમારી છું... " એવા છેલ્લા શબ્દીને સાંભળતાં શ્રી મહાપ્રભુજી પોતાની વસ્તુનો ત્યાગ કેમ કરે ?.... એટલે પોતાની વસ્તુને એક પ્રકારે આશ્વાસન આપવા અર્થે તે જ દિવસે અને પાછલી રાત્રિના તે જ સમયે પરમકૃપાળુ એવી શ્રી મહાપ્રભુજી રજોબાઈના ઘરે પધાર્યા અને પ્રત્યક્ષ દર્શન આપીને આજ્ઞા કરતાં કહ્યું કે રજો.... અમારા ચરણારવિંદમાં જ તમારે સદાય રહેવાનું થશે. પરંતુ સમય આવ્યે તે બધુંય થાય માટે તમે ચિંતારૂપે જરાય દુ:ખી થશો નહિ ... "તમારા બધાય મનોરથો .... અમે સિદ્ધ કરીશું " આમ આ રીતે ની આજ્ઞા કરીને શ્રી મહાપ્રભુજી અંતધ્યાન થતા જેઓના વચનામૃતોનું પાન કરતાં અંતિમ જેવી દશામાં પડી રહેલા રજોબાઈને ભાન આવ્યું અને ભાન આવતાની સાથે જ લાગણી ભરેલો પ્રેમ પોતાનામાં ઉભરાવવા લાગ્યો એટલે સમજો કે જીવ જેવી

ભાવનાથી પ્રભુનું સ્મરણ કરે છે તેવી જ ભાવના પ્રભુ પણ તે જીવને સંભાળે છે. કે જે રજોબાઈના આ ભાવથી સ્પષ્ટ સુચન થાય જ છે. હવે જેઓ કૃપાપાત્ર હશે તેઓ જ લૌકિક સંબંધ તરીકેની ગંધથી પણ દુર રહેશે. બાકી આધુનિક સામાન્ય જીવોના માટે આવો ભાવ દુરાધ્ય છે એટલે કે અભક્તોથી (કૃપાપાત્ર સિવાયના જીવોથી) આવો ભાવ થવો મુશ્કેલ છે.

તે પછી સમય વ્યતિત થતા થતા શ્રી મહાપ્રભુજીની આજ્ઞા ફલિત થવાનો સમય આવી પહોંચતા એટલે કે રજોબાઈ માટે અલૌકિક સુખ ભોગવવા માટેના સમય આવી પહોંચતા એક દિવસ રજોબાઈના પિતાજીને હૃદયમાં અચાનક પ્રેરણા થઈ કે અરે..... મારા અંતરના વ્હાલા સ્નેહી મિત્ર કે જે શ્રી મહાપ્રભુજીના સસરા-શ્રી કૃષ્ણ ભટ્ટજી તથા તેમની ધર્મપત્નિ એમ તેઓ બંને શ્રી ભગવદ્ ઈચ્છામયથી શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પ્રાપ્ત થયા. તેમજ તેઓની લાડકી પુત્રી શ્રી મહાલક્ષમીજી પણ અડેલમાં બિરાજીને શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની સેવા કરે છે વળી જેમ શ્રી મહાલક્ષ્મીજી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની સેવા કરે છે તેમ મારી લાડકી રજો પણ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની સેવા કરે તો મારો પણ જન્મ સફળ થાય. આમ પોતાને આવી પ્રેરણા થતા રજોબાઈના પિતાજી પોતાના કુટુંબ સહિત કાશીનગરથી એડેલમાં આવીને એડેલમાં જ વાસ કર્યો તેમજ શ્રી મહાપ્રભુજીની કૃપા દ્રષ્ટિ દ્વારા સૌ કોઈ અડેલમાં સુખ-શાંતિથી રહેવા લાગ્યા હતા. પછી સમય પસાર થતા થતા એક દિવસ શ્રી મહાપ્રભુજીએ કૃપા કરીને શ્રી ઈલ્લમાગારૂજીના (શ્રી મહાપ્રભુજીના માતાજી) ઉત્સંગ સ્વરૂપ શ્રી બાલકૃષ્ણજીનું સ્વરૂપ રજોબાઈના પિતાજી ઉપર પધરાવી આપીને આજ્ઞા કરી કે આ સ્વરૂપની સેવા કરો. આમ શ્રી મહાપ્રભુજીએ કૃપા કરીને પોતાના માથે પધરાવી આપેલા શ્રી બાલકૃષ્ણજી ઠાકોરજીની સેવા રજોબાઈના માતાપિતા એમ બંને જણાઓ ભાવપૂર્વક કરતા હતા. એટલે સમજો કે રજોબાઈના માતાપિતાએ આવી રીતે અડલેમાં વાસ કરતા પોતાના જન્મને બહુ જ કૃતાર્થ માન્યો. પછી શ્રી ઠાકોરજીની સેવા થોડાક દિવસ કરી હશે એવામાં રજોબાઈના માતાપિતા શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોંચ્યા એટલે કે લીલામાં પ્રાપ્ત થયા.

હવે પોતાના માતાપિતાની લીલામાં પ્રાપ્તિ થયા પછી રજોબાઈએ ધીરજ રાખીને બંને સ્વરૂપોની એટલે કે શ્રી મહાપ્રભુજી અને બીજા શ્રી બાલકૃષ્ણ-ઠાકોરજીની એમ આ બંને સ્વરૂપોની તન મન અને ધનથી લાડ લડાવીને સેવા કરતા હતા. અરે... આટલું જ નહિ પરંતુ પોતાના ઘરમાં બિરાજતા શ્રી ઠાકોરજીની સેવામાં જેટલી ઉત્સવ સામગ્રી કરતા હતા તેટલી જ ઉત્સવ સામગ્રી મહાપ્રભુજીને અર્પણ કરીને આરોગાવતા હતા. પછી અડેલમાં એક ક્ષત્રાણિ રહેતી હતી કેજે ક્ષત્રાણીના હૃદયમાં કંઈક અલૌકિક ભાવ પ્રગટ થતા આ ક્ષત્રાણિ રજોબાઈને ઘરે આવવા લાગી હતી અને સેવા.વી. કાર્યોમાં મદદરૂપ થતી અને પછી તો ધીમે ધીમે આ ક્ષત્રાણી રજોબાઈની સાથે જ રહીને શ્રી ઠાકોરજીની સેવારૂપેનો અલૌકિક આનંદ અનુભવતી હતી. હવે... રજોબાઈ રોજ રાત્રે ત્રણ વાગે ઉઠતા હતા. ઉઠીને સ્નાન કરે. સ્નાન કરીને આવી પાછલી રાત્રે શ્રી મહાપ્રભુજીના ઘરે જાય કે જ્યાં પેંડામાં જઈને શ્રી મહાપ્રભુજીને જગાડે. ઉબટના કરાવે. સ્નાન કરાવે. વેણી ગુંથે. વસ્ત્રો ધરાવે વી પ્રકારની શ્રી મહાલક્ષમીજીની ટહેલ-ખવાસી કરે, પછી પોતાનાં ઘરે જઈને પોતાના શ્રી ઠાકોરજીની સેવાને પહોંચીને રાત્રિનો સમય પસાર થતા રજોબાઈ પાછા શ્રી મહાપ્રભુજીના ઘરે આવી જાય અને શ્રી મહાલક્ષમીજીને રાત્રિનો શૃંગાર ધરાવીને સુખ-શૈયામાં (સૂઈ જવાની પથારીમાં) પધરાવીને શ્રી મહાપ્રભુજી અને શ્રી મહાલક્ષમીજી એમ બેય યુગલ સ્વરૂપના દર્શન કરતાં પંખો કરે. ટુંકમાં કે શ્રી મહાલક્ષમીજીની દરેક પ્રકારની ટહેલ-ખવાસી કરતા કરતા કરતા રજોબાઈ અલૌકિક આનંદનો અનુભવ કરતા હતા. વળી મર્યાદા કે પ્રમાણનો જેઓને સ્પર્શ થયો નથી એવા આ રજોબાઈના કેવળ "રસમાર્ગી" ભક્ત હતા. અને તેથી જ યુગલ સ્વરૂપની આવી. .. સેવા કરવાને પોતે ભાગ્યશાળી બની શક્યા હતા, એટલે સમજો કે રજોબાઈ શ્રી મહાપ્રભુજીના બાલપણમાં પણ સેવા ટહેલ કરતા હતા અને પછી અહીં અડેલમાં આવીને પણ યુગલ સ્વરૂપની સેવા કરી વળી શ્રી ગોપીનાથજી તથી ગુસાંઈજીના પ્રાકટ્ય સમયે (જન્મ સમયે) પણ શ્રી મહાલક્ષમીજી પાસે રજોબાઈ રહ્યા હતા.

હવે શ્રી મહાપ્રભુજીના શ્રી અંગની સેવા જેમ દામોદરદાસ હરસાની કરતા હોય તેમ શ્રી મહાલક્ષમીજીની શ્રી અંગની સેવા રજોબાઈ કરતા હોય એટલે સમજો કે આવી સેવા કરવા માટે કેમ જાણે આ બંને એક જ ધામમાં પધાર્યા હોય તેવું સમજીને આ બંને એટલે કે શ્રી લલિતાજીના ગુપ્ત સ્વરૂપવાળા દામોદરદાસ હરસાની અને સખી રતીકલાના ગુપ્ત સ્વરૂપવાળા રજોબાઈ એમ બંને તેવાજ એક ધામમાં આવીને 'સુખરૂપેની સેવા અર્થે જ કરવામાં આવતી સેવામાં' તૈયાર થઈ રહ્યા હતા.

તે પછી રજોબાઈની ભાવપૂર્વકની સેવાથી અતિ પ્રસંન્ન થતા શ્રી મહાલક્ષમીજીએ એક દિવસ શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા કહ્યું કે "શયન ભોગના" પકવાન (મોરસની... સામગ્રી) રજોના હાથની આપ આરોગજો. શ્રી મહાલક્ષ્મીજીએ કરેલી આ વિનંતીનો સ્વીકાર કરતા શ્રી મહાપ્રભુજીએ રજોબાઈને પોતાના ઘરેથી "શયન ભોગના .... પકવાન " સિદ્ધ કરીને લાવવાની આજ્ઞા કરતા શયન ભોગના પકવાન તરીકે અન્સખડીન જેવી સામગ્રી પોતાના ઘરેથી સિદ્ધ કરીને રજોબાઈ રોજ લાવતા અને શ્રી મહાપ્રભુજીને જ્યારે આરોગાવતા ત્યારે આવી..... પકવાન જેવી એટલે કે " મોરસના ભાવવાળી અન્નસખડી જેવી સામગ્રીનો ".... અંગીકાર પણ શ્રી મહાપ્રભુજી "નિત્ય" કરતા હતા. અરે, એટલું જ નહિ પરંતુ રજોબાઈ શ્રી મહાપ્રભુજીએ શયન ભોગની આવી.... પકવાન જેવી સામગ્રી જ્યારે આરોગાવતા હોય ત્યારે શ્રી મહાલક્ષમીજી પંખો કરતા હોય. એટલે સમજો કે રજોબાઈને આવું "અવર્ણીય સુખ પ્રાપ્ત થતું હતુ" ધન્ય છે રસમાર્ગી .... રજોબાઈને કે જેઓને લીલામાં કરેલા પોતાના મનોરથો અહીં ભૂતળ પર પૂર્ણ થઈ રહ્યા છે.... હવે રજોબાઈની આજ્ઞા પ્રકારની સેવાથી એ સ્પષ્ટ થાય છે કે જે જીવમાં (ભક્તમાં) અગાઢ અયન્યતારૂપેનો શુદ્ધ પ્રેમ હોય છે તે જીવના (ભક્તના) પ્રેમનેવશ થઈને પ્રેમાવેશમાં આવી જતા પ્રમાણ તરીકેની અરસપરસની મર્યાદા છૂટી જ જાય છે અને આમ મર્યાદા છૂટી જતા લૌકિક દેહ સંબંધે નહિ પંરતુ કેવળ લીલા સંબંધે જ (આત્મ સંબંધે જ) અલૌકિક આનંદ અનુભવી શકાય છે. બાકી તો આ પ્રસંગ અતિ ગૂઢ રહસ્યવાળો હોવાથી વિશેષ વર્ણન પણ શું હોઈ શકે ?... એટલે જેઓ કેવળ રસમાર્ગી હશે તેઓ જ રજોબાઈના આ પ્રસંગને સમજી શકશે.

તે પછી જેઓ ખરેખર આત્મ-સંબંધી જ છે તેવા રસમાર્ગી ભાવનાવાળા દામોદરદાસ હરસાની રજોબાઈના ઘરે હંમેશા જતા હતા અને શ્રી મહાપ્રભુજીના રસાત્મક સ્વરૂપ સંબંધી વાર્તા પણ કરતા હતા. આમ આવી વાર્તા કરતા કરતા એક દિવસ શ્રી મહાપ્રભુજીના રસ સંબંધનો વાર્તા પ્રસંગ નીકળતાં કોણ જાણે એવું તો શું સંભળાવ્યું હશે.... અથવા તો શું સાંભળ્યું હશે? .... તે કંઈ સમજી શકાતું નથી. પરંતુ આવો વાર્તા પ્રસંગ કહેતા કહેતા અને આવો વાર્તા પ્રસંગ સાંભળતા સાંભળતાં બંને જણાઓને એટલે કે સંભળાવનારા અને સાંભળનારા એમ બંને જણાઓને પોત પોતાના દેહનું ભાન ભૂલાઈ જતા સવાર થયું છે તેવું પણ બંનેમાંથી કોઈને ખ્યાલ રહ્યો નથી એટલે સવાર સુધી આવી જ દશામાં રહેલા હોવાથી રજોબાઈના ઘરમાં સેવા નિમિત્તે રહેલી ક્ષત્રાણી સવારે જાગી અને આ બંનેની જ્યારે આવી... દશામાં દર્શન કર્યા ત્યારે આ ક્ષત્રાણીએ બંનેને સાવધાન કર્યા એટલે કે સમજો કે દામોદરદાસ હરસાની અને રજોબાઈ એમ બંને વચ્ચેનો પરસ્પર આવો.... સ્નેહ એટલે કે "આત્મસંબંધી" તરીકેનો સ્નેહ હતો. વળી શ્રી મહાલક્ષ્મીજીનો પણ રજોબાઈ પ્રત્યે અપૂર્વ સ્નેહ હતો. એટલે કે શ્રી મહાલક્ષ્મીજી પ્રયાગરાજ વી. સ્થળોએ જ્યારે પધારતા હોય ત્યારે રજોબાઈને પણ પોતાની સાથે જ રાખતા હતા એટલે ટુંકમાં કે શ્રી મહાલક્ષ્મીજીની પણ સંપૂર્ણ કૃપા રજોબાઈ ઉપર હતી.

તે પછી આ અડેલ ગામમાં જ શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક એક શ્યામદાસજી સુતાર વૈષ્ણવ રહેતા હતા(આમ આ શ્યામદાસજી સુતાર વૈષ્ણવની વાર્તા પણ આ પ્રસંગમાં જ પ્રગટ કરવામાં આવેલી છે કે જેથી તેમના પ્રત્યેની વિશેષ માહિતી તેમની વાર્તા દ્વારા સમજી શકાશે.) હવે જેઓને આત્મસંબંધી તરીકે રજોબાઈના સ્વરૂપનું જ્ઞાન શ્રી મહાપ્રભુજીની કૃપા દ્રષ્ટિ દ્વારા થઈ ગયેલું છે એવા આ સુતાર વૈષ્ણવ ક્યારેક ક્યારેક રજોબાઈના ઘરે આવ્યા કરતા હતા. વળી આ સુતાર વૈષ્ણવ જ્યારે જ્યારે પોતાના ઘરે આવતા હતા ત્યારે ત્યારે રજોબાઈ આ સુતાર વૈષ્ણવને શ્રી મહાપ્રભુજીના અધરામૃત તરીકેનો પ્રસાદ પણ લેવડાવતા હતા. પછી શ્રી મહાપ્રભુજીના અધરામૃતરૂપે પ્રસાદના પ્રતાપબળથી અરસપરસના હૃદયમાં આત્મ સંબંધ તરીકે અલૌકિક સ્નેહના અંકુરો ફૂટવા લાગ્યા હતા અને જેમ જેમ આવા અંકુરો ફૂટતા જતા હતા તેમ તેમ અરસપરસનો અલૌકિક ગૂઢ સ્નેહ પણ પોતાના હૃદયમાં પ્રગટ થતો જતો હતો કે જે અરસપરસના અલૌકિક ગૂઢ સ્નેહના આધારે એક બીજાના પ્રત્યે આકર્ષણ પણ વિશેષ વધતું જતું હતું. પરિણામે પોતાને થઈ રહેલો આવો અલૌકિક આકર્ષણના આધારે આ સુતાર વૈષ્ણવને પ્રસાદ નિત્ય લેવડાવ્યા પછી જ મારે પ્રસાદ લેવો એવો રજોબાઈએ એક નિયમ પણ કરી રાખ્યો હતો. આમ રજોબાઈના આવા પ્રકારના નિયમથી પોતાને એક પ્રકારે ફરજ પડતા પ્રેમને વશ થયેલ એવા આ સુતાર વૈષ્ણવ તો રજોબાઈને ઘરે નિત્ય આવવા લાગ્યા હતા. અને પછી સમજો કે આ સુતાર વૈષ્ણવ પોતાને ઘરે આવે એટલે પ્રથમ તેમને પ્રસાદ લેવડાવીને પછી રજોબાઈ પ્રસાદ લેતા હતા. આમ રજોબાઈ અને સુતાર વૈષ્ણવ વચ્ચે પ્રગટ થયેલા આવા અલૌકિક આત્મ સંબંધના સ્નેહ દ્વારા અલૌકિક આનંદ અનુભવતા અનુભવતા ઘણાય દિવસો વીતી ગયા.

આમ કરતા કરતા એક દિવસ એવું બન્યું કે સુતાર વૈષ્ણવ અને રજોબાઈ એમ આ બંને વચ્ચે પ્રગટ થઈ ચૂકેલા અલૌકિક સંબંધની વાત સુતાર વૈષ્ણવના સ્ત્રીને ખબર પડતા સુતાર વૈષ્ણવની સ્ત્રીથી સહન થઈ નહિ શકવાથી સ્ત્રીને

પોતાના લૌકિક પતિ તરીકે સુતાર વૈષ્ણવ પ્રત્યે ખરેખર અણગમો જ આવતા પોતે(સ્ત્રીએ) સુતાર વૈષ્ણવ તરીકે પોતાના પતિને રજોબાઈના ઘરે જવા દીધા નહિ.... જયારે બીજી તરફ રજોબાઈ તો પોતાના નિયમ મુજબ શ્રી ઠાકોરજીની સેવામાંથી પરવારીને સુતાર વૈષ્ણવની રાહ જોતા હતા કે હમણાં આવશે.... વૈષ્ણવ હમણાં આવશે... પરંતુ લૌકિક ભાવવાળા જીવના સત્તામણી જેવા આવી પડેલા પ્રતિબંધના આધારે સુતાર વૈષ્ણવ આવે પણ કયાંથી ?... વળી સુતાર વૈષ્ણવના ઘરે બની ગયેલી વસ્તુસ્થિતિને રજોબાઈ જાણે પણ ક્યાંથી ... એટલે આમ રાહ જોઈને બેસી રહેલા હોવા છતાય સુતાર વૈષ્ણવ આવેલ નહિ હોવાથી રજોબાઈના હૃદયમાં બહુ જ દુઃખ થવા લાગ્યું. પરિણામે પોતે પ્રસાદ લીધો નહિ તેમજ સેવામાં સહાય કરનારી ક્ષત્રાણીએ પણ પ્રસાદ લીધો નહિ.... એટલે સમજો કે બધોય પ્રસાદ ગાયોને ખવડાવી દીધો.

હવે ચૈત્ર વૈશાખ જેવા ગરમીના દિવસો હોય, જંગલ જેવા સ્થળોએ ફરવા ગયા હોઈએ, વળી ચાલતા ચાલતા થાકી પણ ગયા હોઈએ અને પછી સમજો કે પાણીની તરસ પણ લાગી હોય, ગળું સુકાઈ જતું હોય, છતાંય પાણી જ્યારે મલતું ન હોય ત્યારે માત્ર પાણી...પાણી.. અને પાણીની ઝંખના થયા કરતી હોય છે. અરે... એટલું જ નહી પરંતુ હમણાં જ પ્રાણ ઊડી જશે. એવી હાલતમાં મૂકાઇ જવાય છે. એટલે પાણીના તરસ્યાની જેવી હાલત થાય છે તેવી જ હાલત અત્યારે આ રજોબાઇની થવા પામી છે કે જે હાલત માં આધારે પોતે અતિ દુઃખ કરી કરીને બોલી રહ્યા છે કે વૈષ્ણવ આજે આવ્યા નહિ ..વૈષ્ણવ આજે પ્રાસાદ લેવા આવ્યા નહિ... વૈષ્ણવ આજે તારા ઘરે પ્રસાદ લેવા આવ્યા નહિ...વૈષ્ણવ આવ્યા નહિ.આમ આવી રીતે તલસી તલસીને રજોબાઇની જેમ તેમ કરીને સાંજ પડી...

બાદ આવા પ્રકારે તલસી રહેલી હાલતમાં શયનભોગની સામગ્રી આરોગાવવાનો સમય થઇ ગયેલો હોવાથી શયન ભોગના પકવાન લઇને રજોબાઇ શ્રી મહાપ્રભુજીના ઘરે ગયાં કે જયાં જઇના શયન ભોગના પકવાન... શ્રી મહાપ્રભુજીને આરોગાવી ને અને અધરામૃત તરીકે શયન ભોગનો પ્રસાદ લઇને પોતાને ઘરે ગયાં.આમ ઘરે આવ્યા તો ખરા પરંતુ અધરામૃત તરીકેનો પ્રસાદ પોતે નહિ લેતા ઘરમાં મુકી રાખ્યા.પછી સંધ્યાના આ સમયે રજોબાઇએ પોતાના ઘરમાં રહેલ ક્ષત્રાણીને કહ્યુ કે પેલા સુતાર વૈષ્ણવને ઘરે જાવ અને પ્રસાદ લેવા માટે ગમે તેમ સમજાવીને તેમને બોલાવી લાવો. રજોબાઇના સુચના મુજબ ક્ષત્રાણીબાઇ તો સુતાર વૈષ્ણવને ઘરે ગયા અને સુતાર વૈષ્ણવને બોલાવા લાગ્યા. આમ રજોબાઇના ઘરેથી જ આ બાઇ બોલાવવાં આવી છે તેવું જાણતા સુતાર વૈષ્ણવ ઘરમાં હોવા છતાય આ ભગવદ્ ભકતો પર જોરજુલમ કરનારા જીવો જેવી સુતાર વૈષ્ણવની આ સ્ત્રીએ ખોટું બોલીને આવેલી ક્ષત્રાણી બાઇને જવાબ આપ્યો કે તે ઘરે નથી. ક્ષત્રાણી બાઇને આવો જવાબ મલતા પોતે રજોબાઇ પાસે આવી અને સુતાર વૈષ્ણવની સ્ત્રીએ આપેલાં જવાબરૂપે કહ્યું કે તે વૈષ્ણવ ઘરે નથી.. આમ તે વૈષ્ણવ ઘરે નથી... એવું સાભળતાં રજોબાઇને વિશેષને વિશેષ દુઃખ થવા લાગ્યું કે અરે... આજે મારૂં શું થવાનું હશે ?... અરે, શ્રી મહાપ્રભુજીના સેવક અને તેપણ આત્મસ્નેહી વૈષ્ણવ આજે મારા ઘરે પ્રસાદ લેવા આવ્યા નહિ. શ્રી મહાપ્રભુજીએ આજે મારી શું વિચારી હશે?... આમ આવી રીતેના કંઈક વિચારો કરીને અતિ વિલાપ કરતા કરતા આખરે શ્રી મહાપ્રભુજીને પોઢવાનો સમય થઈ ગયેલો હોવાથી રજોબાઈ શ્રી મહાલક્ષ્મીજીની ટહેલ કરવા લાગ્યા. વળી, જતા જતાં ઘરમા રહેલી ક્ષત્રાણી બાઈને કહ્યું કે પેલા સુથાર વૈષ્ણવ આવે તો તેમને પ્રસાદ લેવડાવજો. આમ આવું કહીને રજોબાઈતો સેવા અર્થે શ્રી મહાપ્રભુજીના ઘરે ગયા કે જ્યાં જઈને પોતાના નિત્ય નિયમ મુજબ શ્રી મહાલક્ષ્મીજીની ટહેલ કરીને શ્રી મહાપ્રભુજીને સુખશૈયામાં પોઢાડીને તેમજ દરેક પ્રકારનુ કાર્ય સંપૂર્ણ રીતે કરીને રજોબાઈ પોતાના ઘરે આવતાં ક્ષત્રાણી બાઈને પુછ્યુ કે વૈષ્ણવ પ્રસાદ લેવા માટે આવ્યા કે નહિ.... જવાબમાં ક્ષત્રાણીબાઈએ કહ્યું કે ના તે આવ્યા નથી. આવું સાંભળતાં રજોબાઈ તો કંઈક વિચારોમાં જ લીન થઈ ગયા.

જ્યારે બીજી તરફ રાત્રિ થઈ ગયેલી હોવાથી સુતાર વૈષ્ણવની સ્ત્રી તો સૂઈ જ ગઈ હતી પરંતુ મૌન ધારણ કરીને રજોબાઈના આત્મ-સ્નેહી સમાન સુતાર વૈષ્ણવને પણ જે દુઃખ થઈ રહેલું છે તે બહાર નહિ બતાવતા કેવળ પોતાના હૃદયમાં જ સમાવી રાખીને ખાધાપીધા સિવાય શ્રી મહાપ્રભુજીના (સ્મૃતિમાત્રાર્તિનાશનઃ) નામનો અને રજોબાઈના ભાવનો જ વિચાર કરતા કરતા ઘરમાં એકબાજુએ બેસી રહેલા છે..... આવામાં પોતાનું સ્મરણ કરતાની સાથે જ પોતાના ભક્તોના દુઃખનો નાશ કરનારા એવા શ્રી મહાપ્રભુજી આ સુતાર વૈષ્ણવના ઘરે અલૌકિક રીતે પધાર્યા અને સુતાર વૈષ્ણવની સ્ત્રી જ્યાં સૂતી હતી ત્યાં પધારીને સ્ત્રીની છાતી પર લાત મારીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે કુલક્ષણી તેં મારી રજોને હેરાન કરીને બહુ જ દુઃખી કરી છે માટે તારા પતિને હમણાંને હમણાં જ રજોને ઘેર મોકલ અને નહિ મોકલે તો સવારે તને મારા દર્શન અને ચરણસ્પર્શ નહિ આપું... હવે પોતાની છાતીમાં લાત વાગતા અને શ્રી મહાપ્રભુજીના આવા વચનો સાંભળતાની સાથે જ સુતાર વૈષ્ણવની સ્ત્રી નિંદ્રામાંથી જાગી ગઈ અને આમ... પોતાની

આંખો ખુલતા અયોગ્ય જેવા કરેલા પોતાના કર્તવ્યનો પસ્તાવો કરતા કરતા બેસી રહેલા પોતાના પતિ પાસે ગઈ. અને તેમના ચરણમાં પડી જઈને રડતા રડતા કહેવા લાગી કે વ્હાલા, હું તમારા અલૌકિક સ્વરૂપને સમજી શકી નહિ.... આમ ન વિચારવા જેવું વિચારીને મેં ખરેખર ભૂલ જ કરી... મારાથી થયેલા મારા આવા અપરાધ બદલ મને ક્ષમા કરો.... આપ પ્રેમથી રજોબાઈને ઘેર પધારો..... શ્રી મહાપ્રભુજીનો પ્રસાદ ભાવથી લીધો..... અને પ્રસાદ લઈને "રજોબાઈને... સુખી કરો-પ્રસન્ન કરો" પધારો હમણાંજ પધારો.. રજોબાઈના ઘરે હમણાં જ પધારો....

હવે પોતાની સ્ત્રીના આવા વચનો સાંભળીને સુતાર વૈષ્ણવ તો તરત જ ઉભા થયા અને અર્ધરાત્રિ જેવા સમયે જ રજોબાઈના ઘરે ગયા. પછી બંધ કરી દીધેલો ઘરનો દરવાજો ખોલાવવાના સુચન અર્થ "જય શ્રી કૃષ્ણના " ઉચ્ચારથી ભગવદ્ સ્મરણ કર્યા. આમ આ રાત્રિના સમયે જય શ્રી કૃષ્ણ જેવો સુતાર વૈષ્ણવના મુખનો અવાજ સાંભળતાં રજોબાઈએ પોતાના ઘરનો દરવાજો ખોલ્યો અને પછી.. . જેમ તરસ્યાને પાણી મલતા આનંદ અનુભવે છે તેમ તલસી રહેલ રજોબાઈને આમ... રાત્રિએ વૈષ્ણવના દર્શન થતા પોતાનું બધુંય દુઃખ ભૂલી જઈને એક અનોખા આનંદમાં આવી ગયા બાદ ઘરમાં લઈ જઈને અતિ આતુરતાથી રજોબાઈ કહેવા લાગ્યા કે આશામાંને આશામાં જ બેસી રહીને મેં તમારી ગઈ કાલે બહુ જ રાહ જોયા કરી પરંતુ તે મારી આશા આશામાં જ સમાઈ ગઈ આખરે પ્રભુએ મારી.... વિચારી તો ખરી જ... હા,.., હવે એ તો બતાવો કે તમે ગઈ કાલે કેમ આવી શક્યા નહિ?.. જવાબમાં સુતાર વૈષ્ણવે કહ્યું કે હું અહીં તમારે ઘરે અવારનવાર આવ્યા કરૂં છું અને આપણે આનંદથી જે રહીએ છીએ તે મારી સ્ત્રીને અયોગ્ય લાગતા મારી સ્ત્રીએ ઘરમાં બહુ જ કલેશ કર્યો હતો. એટલે પછી ઘરમાં થયેલા આવા કલેશના કારણે જ હું ગઈ કાલે તમારે ઘરે આવી શક્યો નહિ. બાકી રજોબાઈ.... આત્મ સંબંધી ક્યાંથી?... પણ શું કરૂં?... અજ્ઞાનતાના કારણે ઘરમાં પ્રગટેલા કલેશથી હું અહીં આવું પણ કેવી રીતે?.... સુતાર વૈષ્ણવની હૃદયની આવી વાત સાંભળીને રજોબાઈએ ફરીને પુછ્યું કે તો પછી અત્યારે કેવી રીતે આવી શકાયું?... જવાબમાં પોતાના ઘરમાં અલૌકિક રીતે શ્રી મહાપ્રભુજી પધાર્યા અને ઘરમાં જે ઘટના બની ગઈ હતી તે ઘટનાની તમામ વાત સુતાર વૈષ્ણવે કહી સંભળાવતાં બહુ જ પ્રસ્તાવો કરવા લાગ્યા કે અરે.... મારા આવા હઠાગ્રહના કારણે શ્રી મહાપ્રભુજીને આટલો બધો પરિશ્રમ લેવો પડ્યો! અને તે પણ મારા માટે!... આમ આવું બોલતા બોલતા રજોબાઈની આંખોમાંથી તો આસુંઓ જ વહેલા લાગ્યા ..... અને પછી ગદ્ગદ્ થઈ ગયેલા કંઠે સુતાર વૈષ્ણવને કહેવા લાગ્યા કે સ્નેહીના સ્નેહી.... ભાઈશ્રી... તમને પ્રસાદી લેવડાવીને મારે પ્રસાદ લેવો એવો જે મારો નિયમ હતો તે નિયમથી હઠાગ્રહ જેવા થયેલા આવા કાર્યથી આપણા અલૌકિક સંબંધમાં કસર પડી ગણાય. માટે આજથી હું તેવો નિયમ નહિ રાખું... એટલે હવેથી તમારી અનુકુળતા એ તમે આવ્યા કરજો.... બાકી જે આત્મ સંબંધ છે તે તો છે જ .... આમ આવું કહીને સુતાર વૈષ્ણવ રજોબાઈ અને ક્ષત્રાણી બાઈ એમ આ ત્રણે જણાઓએ સાથે હળીમળીને આનંદપૂર્વક શયન ભોગનો....પ્રસાદ લઈને મોઢું ધોયું, હાથ ધોયા, બીડી લીધી અને પછી " સ્નેહરૂપેના મિલન દ્વારા" આનંદ માનીને ભગવદ્ સ્મરણ કરતા કરતા સુતાર વૈષ્ણવ પોતાને ઘરે ગયા... પાછળ પોતાના કરીને થોડીકવાર બન્ને જણાઓ (રજોબાઈ અને ક્ષત્રાણી બાઈ) સૂઈ રહ્યા હતા એવામાં તો આત્મ સંબંધીઓના આનંદરૂપેની રાત્રિ.... ગઈ અને સવાર થયું....

આમ સવારનો સમય થતા રજોબાઈ ઉઠયા અને સ્નાન કરીને શ્રી મહાપ્રભુજીના ઘરે ગયા કે જ્યાં પેંડામાં જતા શ્રી મહાપ્રભુજી અને શ્રી મહાલક્ષમીજી એમ યુગલ સ્વરૂપને જગાડતા બંને સ્વરૂપો જાગૃત થયા. પછી રજોબાઈ શ્રી મહાપ્રભુજીના ચરણસ્પર્શ કરતા શ્રી મહાપ્રભુજીના સૂજેલા ડાબા ચરણનાં દર્શન કરતા વિનંતીથી પુછ્યું કે પ્રભુ, આ શ્રમ કેવી રીતે થયો છે?... જવાબ અર્થે રજોબાઈ સામે દ્રષ્ટિ કરીને હાસ્ય કરતા કરતા શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે આ શ્રમ તો તમારા... સુતાર વૈષ્ણવની સ્ત્રીએ કરાવ્યો છે. હાસ્ય કરતા કરતા શ્રી મહાપ્રભુજીએ કહેલી વાત સાંભળીને રજોબાઈ મનથી બહુ જ પસ્તાવો કરવા લાગ્યા હતા આવામાં શ્રી મહાપ્રભુજીના દર્શનાર્થે બીજા વૈષ્ણવો આવવા લાગ્યા અને શ્રી મહાપ્રભુજીના દર્શન કરીને ચરણ સ્પર્શ કરતા કરતા સૂજેલા ડાબા ચરણને સૌ નિરખવા લાગ્યા. પછી સમજો કે સુતાર વૈષ્ણવની સ્ત્રીએ પણ આવીને દર્શન અને ચરણસ્પર્શ કર્યા. અને પછી આવેલા વૈષ્ણવોએ વિનંતી કરીને પુછ્યું કે રાજ, ડાબા ચરણમાં આવો શ્રમ કેવી રીતે થયો છે?... વૈષ્ણવોની આવી વિનંતીથી શ્રી મહાપ્રભુજી કહ્યું કે આ શ્રમ તો શ્યામદાસજી સુતાર વૈષ્ણવની સ્ત્રીએ કરેલા કૌતુંકથી થયેલો છે. શ્રી મહાપ્રભુજીના શ્રીમુખે આવી વાત સાંભળીને સૌની સાથે ઉભેલા સુતાર વૈષ્ણવની સ્ત્રી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં ઢળી પડી અને અજ્ઞાનતાથી પોતે કરેલા પોતાના દોષ બદલ પસ્તાવો કરી કરીને રડવા લાગી. આખરે વૈષ્ણવના સ્વરૂપને નહિ ઓળખનાર એવા સુતાર વૈષ્ણવની સ્ત્રીએ વૈષ્ણવના એક પ્રકારે કરેલા અપરાધ બદલ ક્ષમા માંગતા હોય તેમ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં પડી જ રહ્યા. આમ

સુતાર વૈષ્ણવની સ્ત્રીને ખરેખર પસ્તાવો થયો જ છે તેવું જાણીને પરમકૃપાળુ એવા શ્રી મહાપ્રભુજીએ સુતાર વૈષ્ણવની સ્ત્રીને ફરી આવું નહિ કરવા તરીકેનું સુચન કરતા આજ્ઞા કરી કે સારૂ.. . થયું તે થયું પણ... હવે પછી તમારા પતિને કદીપણ આવો કલેશ કરાવશો નહિ. આમ આવી રીતે પરમ કૃપાળુ શ્રી મહાપ્રભુજી નિજ સેવકો પર કૃપા દ્રષ્ટિ રાખીને પોતાનો મહિમા પ્રગટ કરી બતાવતા હતા, આમ કરતા કરતા શ્રાધના દિવસો આવતા શ્રી મહાપ્રભુજીના પિતાજી શ્રી લક્ષ્મણ ભટ્ટજીના શ્રાદ્ધનો દિવસ પણ આવ્યો.

હવે લક્ષ્મણ ભટજીનાં શ્રાધ્ધનો દિવસ આવતા શ્રી મહાપ્રભુજીએ બ્રહ્મભોજન કરાવવા માટે બ્રાહ્મણોને બોલાવ્યા. પછી સીધુ સામર્ગી કઢાવતા ઘરમાં બીજું કંઇ નહિ પણ ઘી.. જ ઓછું થયું કે જેથી શ્રી મહાપ્રભુજીએ "રજોબાઇ નું વિચારતા"....ઘી લાવવા માટે રજોબાઇના ઘરે એક માણસને મોકલ્યો પરંતુ... ભગવાનના હ્રદયને ભગવદિય જાણે એવા શ્રી મહાપ્રભુજીના વચનો અનુસાર ઘી લેવા માટે આવનાર માણસને રજોબાઇએ કહ્યું રે મારાઘરમાં ઘી નથી.... આમ ઘીની ના પાડવાથી તે માણસે શ્રી મહાપ્રભુજી પાસે આવીને કહ્યુ કે રજોબાઇના ઘરમાં ઘી નથી આવું સાભળતા શ્રી મહાપ્રભુજી એપાછો બીજીવાર એ માણસને ઘરે મોકલ્યો પરંતુ રજોબાઇએ તો જવાબ તરીકે એવું જ કહ્યુ કે મારા ઘરમાં ઘી નથી ઘીની બીજીવાર ના પાડવાથી તે માણસે શ્રી મહાપ્રભુજી પાસે આવીને કહ્યુ કે રજોબાઇ તો ઘીની ના પાડતા કહે છે કે મારા ઘરમાં થી નથી. આવું સાંભળતા શ્રી મહાપ્રભુજીએ ફરીને ત્રીજીવાર રજોબાઈના ઘરે માણસને મોકલ્યો પરંતુ એકાંગી એટલે કે એક મતરૂપેના પોતાના ભાવમાં હઠીલાપણું કરી બતાવનાર રજોબાઈએ તો એકજ વાત અને એકજ જવાબ તરીકે એમજ કહ્યું કે મારા ઘરમાં ઘી નથી, નથીને નથી જ.... આમ રજોબાઈના ઘરે ઘી લેવા માટે માણસ ત્રણ ત્રણ વાર ગયેલો હોવા છતાંય રજોબાઈના ઘરેથી ઘી નહિ મલતા માણસ જેવોજતો હતો તેવો જ પાછો આવતો હતો. હવે શ્રાદ્ધના નિમિત્તેના બ્રહ્મભોજનનો ભાવ તો બ્રહ્મભોજન કરાવનાર અને કરનાર જ જાણે અને વળી રજોબાઈના ઘરેથી ઘી નહિ મલતા બ્રહ્મભોજન માટે ઘીનું કેમ કર્યું હશે?.... તે પણ તેઓ જ જાણે. પરંતુ.... અહીં તો વસ્તુસ્થિતિ બીજી જ છે.

એટલે કે સર્વશક્તિમાન એવા શ્રી મહાપ્રભુજીને ઘી જેવી વસ્તુ શું મલી શકતી ન હતી ?... શ્રી મહાપ્રભુજીને ઘરે ઘીના અભાવે શું બ્રહ્મભોજન અટકી રહ્યું હતું... વળી શ્રી મહાપ્રભુજીના ઘરે ઘી જેવી વસ્તુને ઘટવા જેવું હોય ખરૂ ?... એટલે સમજો કે બ્રહ્મભોજનનું તો એક નિમિત્ત કરી બતાવીને અન્યતારૂપે રજોબાઈના કેવળ ભાવની પરીક્ષા જ કરવાની હતી કે જે પરિક્ષા અર્થે જ શ્રી મહાપ્રભુજીએ અન્ય કોઈના ઘરેથી નહિ પરંતુ રજોબાઈના ઘરેથી જ ઘી લાવવા માટે મોકલ્યો હતો. દ્રષ્ટાંત તરીકે કે રાસ પંચાધ્યાયમાં રાસોત્સવના સમયે વ્રજભક્તોને બોલાવનાર શ્રી ઠાકોરજી હતા અને પછી પોતાનું સર્વસ્વ છોડી છોડીને આવેલા વ્રજભક્તોને ઘરે પાછા જવાનું સુચન કરનાર પણ જેમ શ્રી ઠાકોરજી પોતે જ હતા તેમ તેવી જ રીતેના ભાવથી અહીં શ્રી મહાપ્રભુજીએ રજોબાઈની પરિક્ષા કરવા માટે જ આવુ કર્યું હતું. એટલે કે ઘીના નિમિત કરી બતાવીને ત્રણ ત્રણવાર માણસ મોકલીને રજોબાઈની પરિક્ષા કરી હતી. પરંતુ ભગવાનના હ્રદયને અને સાથે સાથે ઘી જેવી.... વસ્તુને પણ ભગવદીય જાણતા જ હોય છે. એટલે સમજો કે રજોબાઈ અન્ય સામાન્ય જીવોની માફક કાચાપોચા ન હતા. તે ... તો પૂર્ણરીતે આંબાની પાકેલી કેરી જેવા તૈયાર થઈ જ ગયા હતા અને તેથી જ શ્રી મહાપ્રભુજીની ત્રણેય વખતની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ઘી ... લેવા આવેલા માણસને ત્રણેય વખતે એકનું એક જ કહીને પાછો મોકલ્યો હતો.

હવે આમ ત્રણ ત્રણ વખત માણસ આવેલા હોવા છતાંય રજોબાઈએ ઘી નહિ આપવાનું કારણ એવું હતું કે શ્રી પુષ્ટિમાર્ગીય શુદ્ધ દેવી જીવોને વેદ,(વૈદીક) લોક(લૌકિક) અને કુળ(કુટુંબિક) આમ ત્રણેય પ્રકારના આચાર એટલે કે ધર્મશાસ્ત્રમાં કહેલા આ ત્રણેય પ્રકારના આચારણના નિયમો પાળવા તરીકેની મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને કેવળ રસ-ભાવથી જ શ્રી ઠાકોરજીની સેવા કરી રહ્યા હોય છે. એટલે આમ આવા પ્રકારના ભાવપ્રગટ કરી બતાવવા પાછળ શ્રી મહાપ્રભુજીનો હેતુ એવો હતો કે "ભૂતળ પર રહેલા જીવો આવા પ્રકારના શુદ્ધ પુષ્ટિ તરીકેના ભાવને સમજે અને સમજીને તે પ્રમાણે અનુસરે(વર્તે) એવા હેતુએ જ શ્રી મહાપ્રભુજીએ ત્રણ વખત માણસને મોકલ્યો હતો. પરંતુ આંબાંની પાકેલી કેરી જેવા રજોબાઈપણ એવું જ કરી બતાવ્યું કે શ્રી મહાપ્રભુજીના આ ત્રણેય વખતની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ત્રણેય આજ્ઞાઓ માની નહિ.... હવે આવું આવું વાચ્યાં પછી કે વાંચીને સમજ્યા પછી પણ દેવી જીવ તરીકે પોતાના સ્વરૂપપણાનો સ્હેજ પણ વિચાર કર્યા સિવાય એકજડ જેવા થઈને માત્ર શાસ્ત્રમાં બતાવેલા આચારને જ વળગી રહેનારા દેવી જીવો પોતાનું અહિત કરતા હોય છે. એટલે માત્ર શાસ્ત્રમાં બતાવેલા આચારને વળગી જ રહેવાથી જેપણ ફળ પ્રાપ્ત થવાનું હોય તે ફળ પ્રાપ્ત થતું નથી. એટલે કે કૌટુંબિક કાર્યોથી સંસારના સુખનું ફળ મળે છે. વૈદીક કાર્યથી સ્વર્ગના સુખનું ફળ મળે છે. લૌકિક કાર્યોથી સમાજના સુખનુ ફળ મળે છે અને અલૌકિક કાર્યોથી ભગવદ્ પ્રાપ્તિ તરીકે પરમ સુખનું ફલ મળે છે. આવું દેવી જીવોને સ્પષ્ટ સમજાવતા અર્થેજ શ્રી મહાપ્રભુજીએ રજોબાઈજેવા રસમાર્ગીય ભક્તો નાઘરે માણસને ત્રણ વખત મોકલ્યો હતો.

તે પછી સંધ્યાના સમયે પકવાન આરોગવાનો પોતાનો જે નિયમ હતો તે નિયમ અનુસાર પકવાન સિદ્ધકરીને રજોબાઈ શ્રી મહાપ્રભુજીને આરોગવા માટે શ્રી મહાપ્રભુજીને ત્યાં જઈને શ્રી મહાપ્રભુજીના દર્શન કર્યા. આમ સયનભોગના પકવાન લઈને પોતાની પાસે આવેલા રજોબાંઈને જોઈને સહેજ હાસ્ય અવલોકન કરીને શ્રી મહાપ્રભુજીએ દ્રષ્ટિ ફેરવી નાખી. હવે શ્રી મહાપ્રભુજીએ કરેલી એક પ્રકારની આ લીલા દ્વારા રજોબાઈ સમજી ગયા કે શ્રી મહાપ્રભુજી આજે મારા પર ખરેખર અપ્રસન્ન થયાજ છે કે જેથી રજોબાઈને પોતાના મનમાં દુઃખ થવા લાગ્યું અરે.... એટલું જ નહિ પરંતુ જે દુઃખ થઈ રહેલું હતુ તે દુઃખને મનમાં દબાવી જ રાખવા માટે પોતે મનથી ઘણાંય પ્રયત્નો કર્યા. પરંતુ આખરે તે પ્રયત્નો નિષ્ફળ જતા મનમાં થયેલ દુઃખના પ્રકાશ રૂપે ગદ્ ગદ્ થઈ ગયા અને પછી તો સયનભોગના પકવાન રૂપેથી સામગ્રી ને એક બાજુએ પધરાવતા રજોબાઈથી શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં પડી જવાયું. અને પછી કેમ જાણે પોતાના દેહમા કંઈ જ ચેતન જ રહ્યું નથી એવી અવસ્થામાં રજોબાઈ મુકાઈ ગયા.

હવે પોતાની લાડિલી સખી રતિકલાના ગુપ્ત સ્વરૂપવાળા રજોબાઈની આવી અવસ્થા જોઈને બાજુમાજ બીરાજી રહેલા શ્રી મહાલક્ષ્મીજીને તો તરત જ સ્નેહ રૂપેનો એક આંચકો લાગ્યો કે જે આંચકાને આધારે શ્રી મહાલક્ષ્મીજી તરત જ ઉભા થઈને અનુપમ પ્રેમ રજોબાઈ ઉપર છે તેવું પ્રત્યક્ષ જોઈને શ્રી મહાપ્રભુનું હ્રદય ભરાઈ આવ્યું. અને કેમ જાણે નેત્રોથી શ્રી મહાલક્ષ્મીજીનો પ્રભાવજ વહી રહ્યો હોય તેવા શ્રી મહાપ્રભુજીના મુખારવિંદના દર્શન પણ રહ્યા હતાઅને પછી.... આવા પ્રકારના વાતાવરણ થી શ્રી મહાલક્ષ્મીજીએ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં પડી જઈને પોતાનું શ્રી મસ્તક શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં ધરી દીધું. અરે.... એટલું જ નહિ પરંતુ શ્રી મહાલક્ષ્મીજીના નેત્રોમાંથી આંસુઓની તો એવીધારાઓ વહેવા માંડીકે શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદ તેમજ ગાદી પણ ભીંજાઈ ગઈ. પણ સમજો કે કૃપાનાસાગર એવા શ્રી મહાપ્રભુજીએ શ્રી મહાલક્ષ્મીજીને શ્રી હસ્ત થી ઉભા કરીને ચિબુંકમાં ગ્રહણ કરતા શાંતિથી બેસાડ્યા. આમ શ્રી મહાલક્ષ્મીજીને જ્યારે શાંતિથી બેસાડયા ત્યારે રૂદન કરતા કરતા અને તેપણ ચરણારવિંદ પાસેથી ખસ્યા સિવાય શ્રી મહાલક્ષ્મીજીએ દીનતાપૂર્વક વિનંતી કરતાં માંગ્યું કે સ્વામી... રજોને આવી અવસ્થાને મારાથી જોઈ શકાતી નથી કે જેથી રજોના પ્રાણનુ દાન મને કરો.... શ્રી મહાલક્ષ્મીજીની આવી વિનંતી ના આધારે આશ્વાસન આપતા શ્રી મહાપ્રભુજીએ આજ્ઞ કરતા કહ્યું કે તમે કાયર થાઓ નહિ..... પ્રભુ બધું સહજ કરશે.... હવે શ્રી મહાપ્રભુજીએ આવી આજ્ઞા કરેલ હોવા છતાં અતિપ્રેમના આવેશ વાળા એવા શ્રી મહાલક્ષ્મીજીને ધીરજ નહિ રહેતા રજોબાઈને વારંવાર પોતાની છાતી સાથે દબાવ્યા કરતા હતા અને જેમ જેમ દબાવ્યા કરતા હતા તેમ તેમ આતુરતા પણ વિશેષને વિશેષ વધતી જતી હતી. પછી સમજો કે શ્રી મહાલક્ષ્મીજીએ પોતાના શ્રી હસ્તથી રજોબાઈને સહેજ ઉચકીને રજોબાઈની છાતી સાથે પોતાની છાતી(હ્રદય) રાખવાથી રજોબાઈને પોતાના હ્રદયનો સ્પર્શ કરાવ્યો કે કરાવેલા સ્પર્શથી શ્રી મહાલક્ષ્મીજીના હ્રદય કમલ માં બિરાજતા શ્રી મહાપ્રભુજીના હ્રદયનો સંબંધ રજોબાઈને થતા રજોબાઈ ભાનમાં આવ્યા અને આમ દેહમાં કંઈક ચેતન આવતા વહી રહેલા આસુંઓ વાળી આંખોએ યુગલ સ્વરૂપ તરફ દ્રષ્ટિ કરી કરીને જોઈજ રહ્યા.

પછી રજોબાઇ ની આખોમાંથી વહી રહેલા આસુંઓને સાફ કરતા કરતા શ્રી મહાલક્ષ્મીજીએ રજોબાઇને સરખી રીતેબેસાડયા અને પછી પુછયુ કે રજો.. તને આ શું થયુ હતું ?...જવાબ માં બરાબર ભાન માં આવી ગયેલાં એવા રજોબાઇ બે હાથ જોડીને મહાપ્રભુજીને કહેવા લાગ્યા કે રાજ... આજે મારો એવો કયો અપરાધ થયો હતો કે જે અપરાધ અંગે આપ મારા સામે કરૂણ દષ્ટિથી જોતા પણ નથી?... પ્રભુ આ લોકમાં પણ અમારૂ જીવન તો આપ જ છો એટલે આપથી વધારે પ્રિય વળી અમને બીજુ હોય પણ શું ?... રજોબાઇનીઅનન્યતા રૂપેની આ વાત સાંભળીને શ્રી મહાપ્રભુજીએ પૂછયુ કે આજે અમારે ત્યાં અમારા પિતાજીના શ્રાધ્ધ નિમિતે ઘી લેવા માટે મોકલેલા માણસને તમે ઘી કેમ ના આપ્યુ ?... હવે જેઓએ ખરેખર સર્વસ્વ અર્પણ કરેલ જ છે એવા રજોબાઇએ જવાબમાં કહ્યું કે રાજ, આપના પિતાજી શ્રી લક્ષ્મણ ભટ્ટજીના સંબંધથી મેં આપની સાથે કંઈ સંબંધ રાખ્યો નથી એટલે વિશેષ શું કહું ? .... પરંતુ મારા ઘરમાં જે જે વસ્તુઓ છે તે બધી વસ્તુ ઓ કેવળ રાજના ઉપયોગ માટેજ છે. વળી જો આજ્ઞા હોય તો મારા ઘરમાં રહેલી ઘાસની સળીથી જો બધી વસ્તુઓ લાવીને આપ શ્રીને હમણાં ને હમણાં જ અર્પણ કરૂ... ટુંકમાં કે આપની ઈચ્છા અનુસાર જે જોઈએ તે મંગાવો... અરે, હું તો એવું સમજુ છું કે ઘરની એટલે કે પોતાની વસ્તુઓમાં માગવાનું શું હોય?... અને

વળી માગવાનું પણ શું હોય ?.... વળી આ ઘર કોનું?.... આ વસ્તુ કોની ?.... આ દેહ કોનો ?... આ આખરે આ રજો.... પણ કોની?... એટલે કે સમજો કે અમારા જેવા જીવોને આપ આવી રીતે જો ડરાવશો કે પછી આવી રીતે ધમકી આપશો તો અમારા જેવા જીવો જીવીશકશે પણ કેવી રીતે?... બાકી જેવી વસ્તુ તરીકે ના રસથી ભરેલું અમારું હૃદય જેના તેના ઉપયોગ માટે નથી એટલે કે જેને તેને તે ન અપાય. ટુંકમાં તેવું આ હૃદય કેવળ જેવોને અપાતું હોય તેઓને જ અપાય... વિશેષ શું?... રજોબાઈના પ્રેમરૂપેના આવા વચનો થી કેમ જાણે વશ થઈ ગયા હોય તેમ શ્રી મહાપ્રભુજીએ મુખ ફેરવીને હાસ્ય કરતા કરતા રજોબાઈને સામે દ્રષ્ટિ કરી અને ઘી જેવી વસ્તુને નિમિત્ત કરીને આ લીલાને સમાપ્ત કરવા રજોબાઈના આનંદનો પાર રહ્યો નહિ.....

તે પછી બાજુમાં પધરાવી રાખેલ શયનભોગના પકવાન તરીકેની સામગ્રી લાવીને રજોબાઈને શ્રી મહાપ્રભુજીને વિનૅતી કરી કે આ.... પંકવાન આરોગવાની કૃપા કરો. જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરીકે શ્રાદ્ધના દિવસોમાં અમે બે વખત આરોગતા નથી. પરંતુ ભક્તિ સંબંધનો જ્યા સ્નેહ ભાવ હોય ત્યાં તો સર્વાત્મક ભાવથી આરોગવું જોઈએ નહિતર ભક્તિ પક્ષના વચનો મિથ્યા થઈ જાય. શ્રી મહાપ્રભુજીએ કહેલા પ્રમાણ રૂપેના આવા વચનામૃતો સાંભળીને રજોબાઈએ કહ્યું કે રાજ... એ બધુંય જવા દોને. વળી આપ તો અંતર્યામી છો સર્વજીવોના હૃદયની વાત જાણો છો એટલે આપ જીવન દાન આપશો તો હું જીવીશ. બાકી હું.... લાયક પણ ક્યાં છુ કે આપને વિનંતી પણ કરી શકું?.... કપટ અને વિકાર રહીતથી રજોબાઈની આવી વાત સાંભળીને ભક્તના શુદ્ધ પ્રેમથી વશ થતા શ્રી મહાપ્રભુજી સયનભોગના પકવાન જેવી રીતે. હંમેશા આરોગતા હતા તેવી જ રીતે પણ સ્નેહ પૂર્વક આરોગવા લાગ્યા અને પછી "યેયથામાં પ્રપદ્યંતે તાસ્તથૈવભજામ્યહ"... આવા ભગવદ્ વાક્ય મુજબ રજોબાઈને જે... મનોરથ હતો તે મનોરથ આમ સયનભોગના પકવાન આરોગવાના સમયે.... શ્રી મહાપ્રભુજીએ સિદ્ધ કર્યો.... આમ આ વસ્તુ વૈદ, (વૈદીક), લૌક(લૌકિક)અને કુળ(કૌટુંબિક) એમ આ ત્રણેય પ્રમાણરૂપેની મર્યાદાથી જુદી છે. એટલે કે સમજો કે આવા રજોબાઈ જેવા તાદશીય ગુણાતીત(ત્રણેયગુણોને ઓળખી ગયેલા) જીવ ભક્ત હોય તે જ આવી વસ્તુનો અનુભવ કરે.... ટુંકમાં કે જેનું સ્નેહી હૃદય પૂર્ણકૃપાને પાત્ર થયું હોય તેજ આ વસ્તુને જાણે અને તેજ આ વસ્તુને સમજે બાકી લૌકિક બુદ્ધિવાળાજીવોને અત્યારના જીવોમાં આ વાત ઘટે નહિ. પછી તો એજ કે રજોબાઈ નિત્ય અનેક પ્રકારના લાડલડાવીને શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની સેવા કરતા કરતા સેવામાં જ સમરૂપ થયા. જન્મ ફલને ફલીત કરતા હતા. આવા રસમાર્ગીય વૈષ્ણવો હાલના સમાજમાં જે હશે તે શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનો મહિમા સમજશે. બાકી અન્ય સામાન્ય વૈષ્ણવોને તો આવી રસીક વાર્તાઓ પાછળ રહેલા રહસ્ય સમજાય પણ નહિ. એટલે સમજો કે આવા વૈષ્ણવ રજોબાઈ હતા જે રજોબાઈ સંસારમાં રહીને અતિ સ્નેહાદ્ર હૃદયના રસીકભાવથી જીવન જીવતા હતા. વળી રજોબાઈની સમાનતા શ્રી મહાલક્ષ્મીજીમાં જ હતી બાકી અન્ય સ્ત્રીઓ તો રજોબાઈના સ્નેહાદ્ર ભાવને જ્યાં સમજી શકે પણ નહિ ત્યા વળી સમાનતાની વાત જ ક્યાં કરવી?.... એટલે હવે ટુંકમાં એટલું જ કે દ્વાપરયુગના સમયે શ્રી ગોપીજન વલ્લભ શ્રી કૃષ્ણનેજેમ વ્રજભક્તો વશ કરી શક્યા હતા તેમ આ કલયુગ જેવા સમયમાં ભુતળ પર શ્રી મહાપ્રભુજીના સ્વરૂપે પ્રગટ થતા વ્રજભક્તોની સમાન આ રજોબાઈએ પોતાના સ્નેહાદ્રભાવથી સેવા કરીને તેજ શ્રી ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણને વશ કરી બતાવીને ભૂતળ પર રહેવા જીવોને "સેવા રસનો" અપૂર્વ મહિમા દેખાડ્યો છે.

આમ આવા પ્રકારે સેવા કરતા કરતા રજોબાઈનું જીવનપણ સ્વમાર્ગીય તરીકેના આનંદમાંજ વ્યતીત થઈ રહ્યું હતુ.... આવામાં જે ચોથો આશ્રમ કહેવાય તે ચોથો આશ્રમ ધારણ કરવાની એટલે કે સંન્યાસ ગ્રહણ કરવાની શ્રી મહાપ્રભુજીએ જ્યારે ઈચ્છા દર્શાવી ત્યારે બધા વૈષ્ણવોને બહુ જ દુઃખ દુર થવા લાગ્યુ હતુ બાદ.... શ્રી મહાપ્રભુજીએ સંન્યાસ ગ્રહણ કરતા ની સાથે જ રજોબાઈને તો તાવજ ચઢિઆવ્યો હતો અને પરિણામે સંન્યાસ ગ્રહણ કર્યા પછી ચોથે જ દિવસે રજોબાઈની દેહ છુટી જતા રજોબાઈ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદની સેવાઅર્થે લીલામાં પ્રાપ્ત થયા. બાદ રજોબાઈને માથે જે શ્રી ઠાકોરજી બિરાજતા હતા તે શ્રી ઠાકોરજીની સેવા પોતાના ઘરમાં સાથે જે ક્ષત્રાણીબાઈ રહેતી હતી તે ક્ષત્રાણીબાઈએ કરી હતી. અને પછી આ ક્ષત્રાણીબાઈ પણ જ્યારે ચરણારવિંદમાં પહોંચી ત્યારે આ શ્રી બાલકૃષ્ણજી ઠાકોરજી શ્રી ગુસાઈજીના ઘરે પધાર્યા.

આમ કેવળ રસમાર્ગીય રજોબાઈ ક્ષત્રાણીની વાર્તા સંપૂર્ણ.

૧૦. નારાયણદાસ બ્રહ્મચારી

શ્રી પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુએ જે ભૂમિમાં અવતાર ધારણ કરીને અને ખુલ્લા ચરણારવિંદથી ગમન કરીને અનેક પ્રકારની લીલાઓ કરેલ છે તે વ્રજભૂમિમાં જીવનો પ્રવેશ થતાની સાથે જ લૌકિક ભૂલી જઈને અલૌકિક આનંદ અનુભવી શકે છે. આવી આ વ્રજભૂમિમાં સાક્ષાત્ શ્રી યમુને મહારાણી, અને શ્રી ગિરીરાજજી બિરાજી રહ્યા છે. વળી વ્રજભૂમિમાં આવેલા વનો, ઉપવનો, કુંડો તેમજ લીલાઓના બીજા ઘણાય સ્થળો આવેલા છે કે જે સ્થળોના માત્ર દર્શન કરતા જ એક અનોખો ભાવ ઉત્પન્ન થઈ જીવને ઘડીક વાર તો જરૂર એમ થઈ જશે કે "સંસારની મમતાને" છોડી દઈને અને આ વ્રજભૂમિમાં રહીને પ્રાપ્ત થયેલા આ મનુષ્ય અવતારથી કૃતાર્થ થઈએ. એટલે આવી વ્રજભૂમિનું સ્વરૂપ કોઈ અદ્ભુત જ છે. હવે આવી આ પવિત્ર વ્રજભૂમિમાં આવેલાં શ્રીમદ્ ગોકુલની બાજુમાં અને તે પણ શ્રી યમુનાજીના એક તરફના કિનારા પર મહાવન નામનું એક નાનકડું ગામ આવેલ છે. જે મહાવન નામના નગરમાં સારસ્વત બ્રાહ્મણની જ્ઞાતિ તરીકેના એક કુટુંબના બે ભાઈઓ રહેતા હતા. વળી પોતાના (બન્ને ભાઈઓના) બાળપણમાં પોતાના માતાપિતા શ્રીહરિ શરણ થયેલા હતા. અને પછી આ બન્ને ભાઈઓ પૈકી મોટા ભાઈનું નામ ભરતજી હતું કે જેમના લગ્ન થયા પછી પ્રભુ ઈચ્છાએ પોતાને સંતાનમાં ચતુરબાઈ નામની એક દીકરી હતી સમય અનુસાર આ દીકરીના લગ્ને કરીને દિકરીને સાસરે મોકલી અને પછી સમજો કે "ઈશ્વરી સંકેત અનુસાર" ટુંક સમયમાં આ દીકરી વિધવા થતા પિયરમાં આવી પોતાના માબાપના ઘરે રહીને પોતાનું જીવન વ્યતિત કરી રહેલ હતી તેમજ ભરતજી તરીકેના મોટા ભાઈથી જે નાના ભાઈ હતા તે નાના ભાઈનું નામ નારાયણદાસ હતું અને તે બીજા કોઈ નારાયણદાસ નહિ પરંતુ આ... નારાયણદાસ બ્રહ્મચારી જ.

હવે સંસારની મોહમાયા પ્રત્યે સ્હેજ પણ આસક્તિ નહિ રાખનાર એવા આ નારાયણદાસ પોતાના બાલપણથી જ ત્યાગી-વિરાગી હતા અને તે પણ એવા ત્યાગી-વિરાગી હતા કે પોતાના શરીર પર કપડા પણ પહેરતા ન હતા અને આખો દિવસ આવી રીતે નગ્ન દશામાં રહીને શ્રી યમુનાજીના કિનારા પર બેસી રહીને શ્રી યમુનાજીનું જ સ્મરણ કર્યા કરતા હતા. આમ કરતા કરતા નારાયણદાસજીની ઉંમર મોટી થતા થતા પોતે પુખ્ત ઉંમરના થયેલ હોવા છતાંય પોતે તો તેવીને તેવી જ અવસ્થામાં રહેતા હતા. એટલે કે જેઓને ખાવાનું ,પીવાનું, સુવાનું, ઠંડીનું, વરસાદનું વી.વી. તરીકેની દેહાદિક, સંસારીક કે સામાજીક મર્યાદાનું ભાન કે જ્ઞાન પણ નથી એવા નારાયણદાસજી પોતાના શરીર પર કપડા પહેર્યા સિવાય પોતાની ભાવના મુજબની દશામાં મસ્ત બની રહીને શ્રી યમુનાજીના કિનારા પર જ બેસી રહેતા હતા. વળી જમવાનો સમય થતા પોતાના મોટા ભાઈ શ્રી યમુનાજીના કિનારા પર આવે અને જમવા માટે નારાયણદાસજીનો હાથ પકડીને જ્યારે ઘરે લઈ જતા હોય ત્યારે નારાયણદાસજી ઘરે જતા અને પોતાની ઈચ્છાનુસાર ભોજન કરીને તુરત જ શ્રી યમુનાજીના કિનારા પર આવી જતા હતા અને આખરે રાત્રિ થતા ત્યાંને ત્યાં જ શ્રી યમુનાજીના કિનારા પર અને તે પણ નગ્ન અવસ્થામાં જ સૂઈ રહેતા હતા. ટુંકમાં કે સંસાર પ્રત્યે મોહ કરાવે તેવી કોઈ પણ વસ્તુનો સ્પર્શ કર્યા સિવાય કેવળ શ્રી યમુનાજીના કિનારે જ બેસી રહેતા હતા અને શ્રી યમુનાજીના સ્વરૂપમાં જ આસક્ત થઈને શ્રી યમુનાજીનું સ્મરણ કર્યા કરતા હતા.

જ્યારે બીજી તરફ નારાયણદાસજી ની આવી દશા પ્રત્યે શ્રી યમુનાજીએ વિચાર કર્યો કે મારા સ્વરૂપમાં આશકત થયેલા એવા નારાયણદાસજી આમ "નગ્ન અવસ્થામાં અહીં કિનારી પર બેસી રહે તે યોગ્ય નહિ. એવું વિચારીને એક.. રાત્રે શ્રી યમુનાજીએ નારાયણદાસજીને આજ્ઞા કરી કે નારાયણદાસજી.. તમે અહીં કપડાં પહેરી ને બેસો. અને પછી.. આમ આવી આજ્ઞા કરીને શ્રી યમૂનાજી તો અંતધ્યાન થયા.

બાદ પૂર્ણ પુરૂષોતમ શ્રી કૃષ્ણચંદ પ્રભુનો પ્રાર્દુભાવ જેમ નીજ-જનોના ઉધ્ધાર કરવા માટે થયેલ છે તેમ શ્રી યમૂનાજીનો પ્રાર્દુભાવ પણ જેઓ ખરેખર નિઃસંતાન તરીકેના જીવો છે તે જીવોનો ભગવદ સંબધ કરાવવા માટે જ છે.

હવે શ્રી યમૂનાજીના અનુગ્રહ જેવા સાઘન સિવાય બીજા કોઇ પણ સાઘન થી પોતે પ્રાપ્ત થઇ શકે નહિ તેવું વિચારીને શ્રી ઠાકોરજીએ પોતાના ઐશ્વર્યોનું દાન નિજ જનો ને કરે છે તેથી મહાપ્રભુજી એ પ્રગટ કરી બતાવેલા આ માર્ગમાં પ્રવેશ કરવા માટે સૌથી પ્રથમ શ્રી યમૂનાજીના આશ્રયના ખાસ આવશ્કયતા રહે છે . એટલે ઐવી ભાવના મુજબ નારાયણદાસજી સૌથી પ્રથમ શ્રી યમુનાજી નું જ સ્મરણ કરતા હતાં.વળી શ્રી યમુનાજીના અનુગ્રહથી જીવના તમામ દોષોની નિવૃતિ થાય છે. નિજ-જનોની(ભક્તોની) મહત્તા વધે છે. શ્રી યમુના સ્નાન નહિ પરંતુ માત્ર પાનથી જ ઉત્તમ ફળને યોગ્ય બને છે, શ્રી ઠાકોરજી પ્રત્યે સ્નેહરૂપેનું અધિક આકર્ષણ થાય છે. લૌક્કિ આસકિતવાળા જીવોનો આસુરી સ્વભાવ બદલાઈ જઈને દેવી સ્વભાવ થાય છે. વી.વી. એટલે સમજો કે જીવને કરેલા દાન દ્વારા પ્રભુની લીલાના દર્શન અને તે દર્શન દ્વારા "સ્વસ્વરૂપના આનંદનો અનુભવ " કરાવનારા શ્રી યમુનાજી છે. બાકી વિશેષ તો શ્રી યમુનાજીના અનુગ્રહ સિવાય કંઈ સમજાય તેવું નથી.

હવે શ્રી ઠાકોરજીની સુંદરતાને ધારણ કરનારા એવા શ્રી યમુનાજીના રસરૂપ સ્વરૂપના દાનરૂપેના પ્રભાવથી એ સ્પષ્ટ સમજાય છે કે યમુનાજી પોતાના (દેવી) જીવોની ત્યાગી-વિરાગી કે પછી સંન્યાસી જેવી દશામાં પલટાવવાનું રાખવાનું કે પછી રહેવાનું કદી પણ સુચન કરે જ નહિ, એટલે ટુંકમાં શ્રી યમુનાજી તો આત્મિય તરીકેનો સ્નેહ સંબંઘ પ્રગટ કરાવીને પોતાને (જીવનું) સ્વમાર્ગીય આનંદનું દાન કરનારા છે. એટલે કેવળ જીવ પર અનુગ્રહ કરી બતાવવા અર્થે જ રાત્રિના સમયે આજ્ઞા કરી કે આવી... દશામાં બેસી રહો છો તેમાં લોક મર્યાદાનો ભંગ થતો હોવાથી તમે કપડા પહેરીને બેસો. આમ આવી આજ્ઞા કરીને નારાયણદાસજીને જે... રસનું દાન કરવાનું હતું જે રસનું દાન કરીને શ્રી યમુનાજી અંતર્ધાન થયા હતા.

તે પછી લીલામાં શ્રી સ્વામિનીજીના સખી તરીકેની મધુરેક્ષણા નામની જે સખી છે તે એ મધુરેક્ષણા નામની પોતાની ગુપ્ત સ્વરૂપે આ નારાયણદાસજીના નામે અહીં મહાવનમાં પ્રગટ થયા છે અને શ્રી ઠાકોરજીની સુદરતાને ધારણ કરનારા એવા શ્રી યમુનાજીના સ્વરૂપમાં આશક્ત થઈને શ્રી યમુનાજીના દર્શન કરાવનારા એવા શ્રી યમુના જલ પાસે જ બેસી રહેતા હતા. પરંતુ ઉપર પ્રમાણેના શ્રી યમુનાજીના વચનો સાંભળીને પોતાને પોતાના સ્વરૂપનું જ્ઞાન ભાન થતા " પ્રગટ કર્યે રસ જાય..." એ ભાવનાએ પોતે રાત્રિના તે જ સમયે પોતાના ઘરે ગયા અને મોટાભાઈ પાસે જઈને પહેરવાના કપડા માંગતા મોટાભાઈ તો ખરેખર આશ્ચર્ય જ પામ્યા. અને પછી અતિ આનંદમાં આવી જતા ઘરમાંથી બે વસ્ત્રો લાવી આપીને નારાયણદાસજીને પ્રેમથી આપ્યા. આમ ત્યાગી-વિરાગી જેવા હોવા છતાંય નારાયણદાસજીએ તો બંને કપડા ધારણ કર્યા (પહેર્યા) એટલે સમજો કે જેઓના ત્યાગી-વિરાગી કે સંન્યાસી જેવા આચરણો હોવા છતાંય શ્રી યમુનાજીની કૃપા દ્રષ્ટિ દ્વારા પહેરેલા કપડાથી નારાયણદાસજીનું સ્વરૂપ ખરેખર બદલાઈ જ જવા પામ્યું હતું. બાદ શ્રી યમુનાજીના કિનારા પર આવી પાછા બેસી ગયા.

અમુક વર્ષો વિત્યા બાદ-

આવામાં એક દિવસે પૃથ્વી પરિક્રમા કરતા કરતા શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ ગોકુલમાં પધાર્યા... કે.... જે સમાચાર નારાયણદાસજીને મહાવનમાં મલતા પોતે તરત જ પોતાના મોટાભાઈ પાસે ગયા અને નમ્રતાથી કહ્યું કે મોટાભાઈ, આપ જો આજ્ઞા આપો તો ગોકુલમાં જે મહાપુરુષપધાર્યા છે તે મહાપુરુષના શરણે જાઉં તેમજ ભેટ તરીકે આપ જે કંઈ આપશો તે હું તેમને અર્પણ કરીશ. પોતાના નાનાભાઈની આવી અતિ નમ્રતાપૂર્વકની વાત સાંભળીને નારાયણદાસજીના મનમાં જે ઈચ્છા થઈ છે તે ઈચ્છાને પૂર્ણ કરતા મોટાભાઈએ કહ્યું કે સારૂ. ભાઈ...લ્યો આ ભેટ અને ખુશીથી જાવ.

હવે ભેટ લઈને નારાયણદાસજી શ્રીમદ્ ગોકુલ આવ્યા અને શ્રી મહાપ્રભુજી જ્યાં બિરાજતા હતા ત્યાં આવી પહોંચ્યાં. શ્રી મહાપ્રભુજીના દર્શન કર્યા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને લાવેલ ભેટ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં અર્પણ કરતા નિજ સખી મધુરેક્ષણાના ગુપ્ત સ્વરૂપવાળા આ શ્રી યમુનાજીના અનુગ્રહ દ્વારા સન્મુખ થયેલા એવા નારાયણદાસજી બે હાથ જોડીને દીનતાપૂર્વક કહેવા લાગ્યા કે પ્રભુ આપના દર્શનની અને દર્શન દ્વારા આપના આ માર્ગમાં પ્રવેશ કરવાની ઘણાં લાંબા સમયે થયા રાહ જોતો હતો અને આખરે આપશ્રીના દર્શન થયા. પરંતુ આવેલા આ અવસરથી આ જન્મધર્યાનું ફળ પ્રાપ્ત થયું બાકી વિશેષ તો આપ જાણો હું.... આમ બોલતા બોલતા નારાયણદાસજીનુ હૃદય ભરાઈ આવતા વધારે કંઈ બોલી નહિ સકવાથી શ્રી મહાપ્રભુજીએ નારાયણદાસજી સામે સહેજ હાસ્ય રસ પ્રગટ કરીને આજ્ઞા કરીકે નારાયણદાસજી સ્નાન કરી આવો. પછી આજ્ઞાનુસાર સ્નાન કરીઆવતા શ્રી મહાપ્રભુજીએ નારાયણદાસજીને નામ નિવેદન કરાવ્યું. આમ નારાયણદાસજીનું પુષ્ટિમાર્ગમાં અંગીકાર થતાની સાથે જ પોતાના હૃદયમાં " જે પુષ્ટિબીજ હતી તે પુષ્ટિબીજને અંગીકાર તરીકેના રસનું પોષણ મલતા" રોમે રોમમાં આનંદ વ્યાપી ગયો અને શરીરમાં જાણે બીજી નવીનતા આવી ગઈ.

બાદ નારાયણદાસજીએ વિનંતી કરી કે પ્રભુ હવે મારે શું કરવું? મને ઉપદેશ તરીકે કંઈક સુચન કરો.... જવાબમાં શ્રી મહપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે નારાયણદાસજી તમે ત્યાગી- વિરાગી જેવી સ્થિતિમાં રહેલા હોવાથી તમે હજુ પ્રભુના સ્વરૂપને જાણતા નથી એટલે હાલ તો શ્રી યમુનાજીનું સ્મરણ કરો શ્રી મહાપ્રભુજીના મુખથી આવા વચનો સાંભળીને નારાયણદાસજીએ કહ્યું કે રાજ, આપ શ્રી ભગવદ્‌ના સ્વરૂપ નો દર્શન કરાવો તો હું ભગવદ્ સ્વરૂપને જાણું અને જાણીને સેવા કરૂ. નારાયણદાસજીના હૃદયમાં રહેલા આવા ભાવ પ્રત્યે વિચાર કરીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે દરેક પ્રકારના દુઃ ખમાંથી બચાવીને પ્રભુના સુખનો અનુભવ કરાવનારા તેમજ દરેક પ્રકારની સિધ્ધિ કરાવી પ્રભુના સેવા અર્થે યોગ્ય બનાવનારા એવા શ્રી યમુનાજીના સ્વરૂપ પ્રત્યે વિશેષ તો શું કહું? પરંતુ ટુંકમાં કે રાસ રમણમાં થયેલા પરિશ્રમના નિવારણ અર્થે પ્રભુએ શ્રી યમુનાજીના જ્યારે જલવિહાર-જલક્રિડા કરી હતી ત્યારે પ્રભુના શ્રી અંગના દરેક અવયવો દ્વારા શ્રી યમુનાજી સાથે પૂર્ણ રીતે સમાગમ થયેલો છે અને વળી પ્રભુનાં શ્રીમુખ માર્જન થી શ્રી યમુનાજીને અધરામૃત મલ્યું છે એટલે શ્રી યમુનાજીનું જે ભક્ત ભાન પૂર્વક પાન કરે છે તેને તે અધરામૃતની કણીકા હાલ પણ મલેજ છે. એટલે તમે થોડાક દિવસ શ્રી યમુનાજીની સેવા કરો અને પછી શ્રી યમુનાજી દ્વારા તમારા બધાય મનોરથો પરિપૂર્ણ થશે, શ્રી મહાપ્રભુજીના શ્રીમુખની આવા અવૌક્કિ ભાવ રૂપેના વચનોને બરાબર ગ્રહણ કર્યા અને દંડવત્ પ્રણામ કરીને નારાયણદાસજીતો આજ્ઞા લઈને મહાવન ગયા. આમ શ્રી મહાપ્રભુજીના વચનમૃતોનું મનન કરતા કરતા નારાયણદાસજી મહાવનમાં પોતાને ઘરે આવ્યા અને શ્રીમદ્ ગોકુલમાં બનેલી સર્વ વસ્તુ સ્થિતિનો ઉલ્લેખ કરી સમજાવીને આ માર્ગનો પ્રભાવ બતાવ્યો. અને પછી મોટાભાઈને શ્રી મહાપ્રભુજીના શરણ જવાનું સુચન કરતા કુટુંબ સહિત મોટાભાઈ શરણે જઈને શ્રી મહાપ્રભુજીના સેવક બનીને સૌ વૈષ્ણવો થયા. અરે એટલું જ નહિ પરંતુ નારાયણદાસજીના અલૌક્કિ ભાવ રૂપેના સત્સંગ દ્વારા મહાવનમાં રહેતા લગભગ બધાજ જીવો શ્રી મહાપ્રભુજીના શરણે આવી સેવક થયા અને પછી તો સમજો કે શ્રી મહાપ્રભુજીના આ માર્ગનો મહિમા દીનપ્રતિદીન મહાવનમાં વધવા લાગ્યો હતો.

ત્યારબાદ એક દિવસે મોટાભાઈએ નારાયણદાસજીને કહ્યું કે ભાઈ મારી ઉંમર હવે મોટી થવા આવી છે આપણા ઘરમાં તો કેવળ એક વિધવા પુત્રી સિવાય બીજુ કોઈ પણ સંતાન નથી એટલે વંશની વૃદ્ધિ અર્થે તમે વિવાહ લગ્ન કરીને આપણું ઘર સંભાળજો તો સારૂ.... મોટાભાઈની આ વાત સાંભળીને સંસારની જુઠી માયા પ્રત્યે અભાવ પ્રગટ કરતા નારાયણદાસજીએ કહ્યું કે મોટાભાઈ આવા અલૌક્કિ કલ્પલૃક્ષને છોડી દઈને થૂરીયા જેવા એટલે કે કેવળ કાંટા વાળું જે વૃક્ષ છે તેવા વૃક્ષનું સેવન કરવા જેવું કાર્ય મને ક્યાં બતાવો છો?.... કારણકે લગ્ન એટલે લૌક્કિ બંધન કે જે બંધન કેવળ મોહ ઉત્પન્ન કરાવનારી તેમજ મમત્ત ધરાવનારી વસ્તુ છે તેથી લૌક્કિ લગ્ન કરવા મારા માટે અશક્ય છે. વળી લૌક્કિ દેહ સંબંધે થયેલા લગ્ન થી પતિ-પત્નિ જ્યારે અંતીમ અવસ્થાએ પહોંચે છે ત્યારે તે લૌક્કિ દેહ તરીકેનો સંબંધ નાસ્વંત થાય છે વળી ઈશ્વરી સંકેતે કદાચ પતિ નું મરણ જો પત્નિ ની પહેલા થાય છે તો સંસાર ના બંધનથી વધેલા મમત્વના કારણે તે પત્નિને બહુ જ દુઃખ થાય છે અને પછી સમજો કે જીવન પર્યાપ્ત રંડાપો ભોગવવો પડે છે કે જેના કારણે પત્નિનું જીવન પણ સંસારમાં જ્યા ત્યાં ભટકી ભટકીને બગડતું હોવાથી આખરે તે પત્નિ દુઃખી દુઃખી થઈ જાય છે.

વળી લગ્ન તો એકવાર હોય વારંવાર ન હોય, એ નિયમે મારા લગ્ન તો એકવાર થઇ ચુકયા છે. એટલે પ્રભુની સાથે મારો જે અલૌકિક સંબઘ લૌકિક સંબઘ જેવો નથી કે જેથી મારે કયારેય દુ;ખી થવું પડે. એટલે કે તે મારો અલૌકિક લગ્નસંબઘ જયાં સુઘી આ દેહમાં પ્રાણ ત્યાં સુઘી અંખડ સૌભાગ્યપણું સચવાઇ જ રહેવાનુ છે.અને પછી જયારે આ દેહનો અંતિમ સમય આવવાનો હોય છે ત્યારે જેની સાથે લગ્ન થયા છે તેની એટલે કે પ્રભુની લીલા-સામગ્રીના દર્શન થઇ જતા આ લોકનું અને પરલોકનું સુખ પણ ભોગવવાનું ભાગ્ય શાળી બની શકાય છે. અટલે મોટાભાઇ,હાડકાં,માંસ,અને રૂઘીરથી જ ભરેલા આ ક્ષણભગુંર દેહ પ્રત્યે જે મમત્વ છે તે મમત્વ તરીકેનું સુખ તો કેવળ ક્ષણભરનું જ સુખ છે તેવું માનીને તે મમત્વને મૂળમાંથીજ ઊખેડી નાખીને પ્રભુંનું સ્મરણ કરો. બાકી વંશ ની વૃધ્ધિ કે પછી બીજું જે કંઇ બને છે તે બંઘુય પ્રભુની ઇચ્છા થી બને છે. એટલે ટુંકમાં કેં આપણે તો એટલું જ સમજવું કે પ્રભુના દાસ થઇને રહેવાથી જ જીવન આનંદરૂપ બની શકે છે બાકી લૌકિક લગ્ન તો પાણીના પરપોટા જેવા છે એટલે કે ઘડીકમાં હતા ન હતા થઇ જાય છે...મોટાભાઇ મારા મનની આવી સ્થિતિ છે એટલે તમે કહો છો તેવા લૌકિક લગ્ન કરવા તે મારે માટે અશકય છે.

આમ લૌકિક ભાવનાને ચીરી નાખે એવી નાનાભાઇ ની વાત સાભળીંને મોટાભાઇ તો કંઇ બોલી શકયા જ નહિ અને પોતાના મનમાં સમજી ગયા કે નારાયણદાસજી નું મન હવે સંસાર પ્રત્યે સ્હેજ પણ લલચાય તેવું નથી. વળી સંસારની માયાતો શું?...પરંતુ માયાની ગંઘ જેવી વસ્તુ પણ નારણદાસજીને સ્પર્શ કરી શકે તેમ નથી. એટલે નારણદાસજી સાથે હવે સંસારીક કોઇ પણ વાત કરવી અયોગ્ય જ છે. એવો મન સાથે દ્રઢ સંકલ્પ કરીને મોટાભાઈ મૌન રહ્યા બાદ નારાયણદાસજીના સામે જોતા જોતા પોતાના હૃદયમાં કોઈ અલૌકિક ભાવ પ્રગટ થઈ જતા વળી કહ્યું કે ભાઈ, ધન્ય છે તમને.... અને ધન્ય છે તમારા અલૌકિક પતિને.... આમ આવું કહીને નારયણદાસજીના ચરણોમાં પડી ગયા. અને પછી બન્ને ભાઈઓ વચ્ચે જે લોકિક સંબંધની ભાવના હતી તે લૌકિક સંબંધની ભાવના તિરોધાન થઈ. આમ આવા પ્રસંગથી નારાયણદાસજી " નારાયણદાસજી બ્રહ્મચારી કહેવાયા".

તે પછી શ્રી મહાપ્રભુજીના પ્રતાપબળના આધારે નારાયણદાસજી જ્યા જ્યા બેસે ઉઠે જ્યા જ્યા હરે ફરે ત્યાં ત્યાં લૌકિક ધનના ઢગલા જ થઈ જ રહે વળી માટીની જરૂર જણાતા પોતાના હાથથી નારાયણદાસજી જ્યાં જ્યાં માટી ખોદે ત્યા ત્યા ધન, ધન અને ધન જ દેખાતુ હતું. અરે... એટલું જ નહિ પરંતુ જંગલે (જાજરૂ) જાય અને પોતાના હાથ સાફ કરવા અર્થે જ્યાં માટી લેવા જાય તો ત્યાં પણ માટીને બદલે ધન જ જોવામાં આવતું હતું પરંતુ બ્રહ્મચારી તરીકે પોતાના ધર્મનું પાલન કરવાની ભાવનાએ આવા લૌકિક ધન પ્રત્યે સ્હેજ પણ લલચાયા સિવાય તે જગ્યાએ પાછી માટી નાખી દે અને ધનને ઢાંકી દઈને પોતે ચાલતા થાય એટલે સમજો કે ધનરૂપેની આવી લૌકિક લક્ષ્મીનો નારાયણદાસજી સ્પર્શ પણ કરતાં ન હતા. આમ કરતા કરતા એક દિવસ એવું બન્યું કે રાત્રિ થતા ઘરમાં સૌ સૂઈ જવાની તૈયારી કરતા નારાણદાસજીએ પણ સૂઈ જવાની તૈયારી કરીને પોતે સુતા હતા. આવામાં પોતે જ્યાં સુતા હતા ત્યાં આજુબાજુમાં બધેય ધન પથરાઈ જતા ધનના તો ઢગલા થવા માંડ્યા. આમ આવું જોઈને ઘરમાં પથરાઈ રહેલો આ બધોય બગાડો ફેંકી દેવાનો વિચાર કરીને નારાયણદાસજીએ ધનને સંબોધતા કહેવા લાગ્યા કે અરે... આ બગાડ (ધન) મને વળી ગળે પડવા ક્યાં આવ્યો?... એ.... ચતુરી.... ચતુરી.... (પોતાની ભત્રીજી) લે... લે..... આ બધોય બગાડ (ધન) ઘરની બહાર ફેંકી દે.... અને આ જગ્યા પણ લીપીને શુદ્ધ કરી નાખ. આમ કાકાની સુચનાથી બગાડને ભરવાનું કોઆ એક સાધન લાવીને પોતાની ભત્રીજી ચતુરબાઈ તો બગાડને ભરી ભરીને પોતાના ઘરની બહાર દૂર જઈને ફેંકી આવ્યા અને આવા બગાડથી ઘરમાં બગડેલી જગ્યા પણ લીપીને શુદ્ધ કરી.

હવે જે બગાડને (ધનને) ઘરમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યો છે તે બગાડના ઢગલા તરફ જોઈ રહેલા મોટાભાઈ નું મન ખરેખર તે ધન લેવા પ્રત્યે લલચાયું તો હતું જ પરંતુ નારાયણદાસજીની સામે કેમ લેવાય?... પણ જો તે આઘાપાછા થાય તો તે ઢગલાવાળું બધુંય ધન લઈને ઘરમાં મૂકી દઉં. આમ ધનના ઢગલા સામે ઉભા ઉભા પોતાના મનમાં મોટાભાઈ આવો વિચાર કરતા હતા. આવામાં મોટાભાઈના હૃદયની ભાવનાને જાણી ગયા હોય તેમ નારાયણદાસજીએ કહ્યું કે મોટાભાઈ, ફેંકી દેવામાં આવેલા ધનની તે ઢગલામાંથી જો ધન લેવાની તમારી ઈચ્છા થતી હોય તો તે ઢગલામાંથી જોઈએ તેટલું ધન લઈ લો. આમ નારાયણદાસજીની આવી વાત સાંભળતા લાલચરૂપેની ભાવનાને પોતાના હૃદયમાં ગુપ્ત રાખીને જવાબમાં મોટાભાઈએ કહ્યું કે ના ભાઈ, તે ધન લેવાની મારી તો જરાય ઈચ્છા નથી. વળી મારી પાસે તો ધન ઘણું છે તેથી તે ધન લઈને હું કરૂં પણ શું?.... આમ આવું કહીને કેમ જાણે પોતે કંઈ જાણતા નથી તેમ ઘરમાં આવીને પાછા સુઈ જતા નારાયણદાસજ વી. પણ સૂઈ ગયા. હવે... મોટાભાઈ સૂઈ તો ગયા પરંતુ પોતાની આંખો સામે પેલો ધનનો ઢગલો તરતો હોવાથી તેમને ઉંઘ પણ ક્યાંથી આવે ?... અને પછી થોડીકવારે નારાયણદાસજી જાગે છે કે સૂઈ ગયા છે તેમ વારંવાર જોયા કરે. પરંતુ નારાયણદાસજી તો મોટાભાઈના હૃદયમાં પ્રગટ થયેવી લાલચવાળી ભાવનાને જાણી ગયેલા હોવાથી મોટાભાઈની પરીક્ષા કરવા માટે પોતાને ઉંઘ આવી ગઈ છે તેવું બતાવવા અર્થે નારાયણદાસજી સૂઈ જ રહ્યા હતા. પછી સમજો કે નારાયણદાસજી સૂઈ ગયા છે તેવું અનુમાન કરીને મોટાભાઈ ઉભા થયા અને નારાયણદાસજી જાગે છે કે સૂઈ ગયા છે તેવી ફરીને એકવાર ખાત્રી કરવા અર્થે મોટાભાઈ એ પોતાના મોઢેથી ખોંખારા જેવો અવાજ કર્યો. પરંતુ નારાયણદાસજી જાગતા હોવા છતાંય પોતાની બંધ રાખેલી આંખોએ એમને એમ જ સૂઈ રહેલા હોવાથી મોટાભાઈને ખાત્રી થઈ કે નારાયણદાસજી તો ખરેખર સૂઈ ગયા છે. એટલે પછી ઘરમાંથી વાંસનો એક ટોકરો (ટોપલો) લીધો અને મોટાભાઈ તો આ અર્ધ રાત્રિએ બહાર ફેંકેલા ધનના ઢગલા પાસે ગયા કે જ્યાં જઈને ઢગલામાંથી ધન લઈને વાંસના ટોકરામાં ભરવા લાગ્યા.

હવે નારાયણદાસજીએ બગાડ તરીકે કહેલું ધન નારાયણદાસજીના મોટાભાઈ ટોકરામાં ભરવા લાગ્યા તો ખરા પરંતુ નારાયણદાસજીના અલૌકિક પ્રતાપનો જ્યા સુધી સંબંધ હતો ત્યાં સુધી જમીન પર પડેલું તે ધન તેવુંને તેવું જ રહ્યું

હતુ પણ તે ધનનો ભરેલો ટોકરો પોતાના માથા ઉપર મુકીને મોટાભાઈ જ્યારે પોતાને ઘરે લાવતા હતા ત્યારે ટોકરામાં રહેલું ધન અદ્રશ્ય થયું અને ધનને બદલે બગાડરૂપેના કચરા સમાન થઈ ગયું. અરે એટલું જ નહિ પરંતુ તેમાંથી દુર્ગંધ પણ આવવા લાગીઅને વળી વાંસના ટોકરામાં ભરેલ હોવાથી પ્રવાહીની માફક વહેવા માંડતા ટપક ટપક કરીને ટપકાં તો મોઢા ઉપર જ પડવા લાગ્યા. પરિણામે મોટાભાઈનું મોઢું દુર્ગંધ ભરેલા આવા-કીચડ-કચરાથી ભરાઈ ગયું એટલે કે બગડી ગયું એટલે સમજો કે તે ધન જે ધનરૂપે દેખાતું હતું તેને બદલે તે બધુંય ધન આવી રીતે કીચડ-કચરા સમાન થઈ ગયું. આમ તે ધન કીચડ-કચરા સમાન થઈ ગયેલા હોવા છતાંય ત્યાં ને ત્યાં બહાર ફેંકી નહિ દેતા તેવી ને તેવી જ પરિસ્થિતિએ મોટાભાઈ તો ઘરમાં આવ્યા અને બોલવાનો અવાજ કરી કરીને પોતાની દિકરી ચતુરબાઈને ઉંઘમાંથી જગાડવા લાગ્યા. આમ મોટાભાઈનો અવાજ સાંભળતા રહેલા નારાયણદાસજી તો તરત જ ઉભા થયા અને મોટાભાઈ તરફ આવી રહ્યા. હતા. નારાયણદાસજી આવે છે તેવું જાણતા કીચડથી ભરેલા ટોકરા સહિત મોટાભાઈ તો ઘરની બહાર જતા જ રહ્યા. પરંતુ નારાયણદાસજી ઘરમાં દ્રષ્ટિ કરે છે તો દરવાજા પાસે બધેય કીચડ -કીચડ જેવું દેખાયું. આવામાં કીચડનો ટોકરો ફેંકીને મોટાભાઈ ઘરમાં આવ્યા. મોટાભાઈના શરીરને કીચડથી લીપાંયેલું હોય તેવું જોવાથી નારાયણદાસજીએ પુછ્યું કે મોટાભાઈ શું થયું ?.... નારાયણદાસજીના આવા પ્રશ્નથી મોટાભાઈ ને બહુ જ શરમ આવી જતા પોતે નારાયણદાસજીના ચરણોમાં પડી જઈને ગભરાઈ ગયેલા હૃદયે કહેવા લાગ્યા કે ભાઈ, તમારા સ્વરૂપને હું ઓળખી શક્યો નહિ તેમજ તમારા સ્વરૂપનો જે અલૌકિક પ્રભાવ છે તે પણ મારાથી સમજાયો નહિ. વળી ધનની લાલચમાં પડતા સ્વાર્થવૃત્તિ જેવા મારા ભાવને હૃદયમાં ગુપ્ત રાખીને મેં તમને જે છેતર્યા છે તેનું ફળ મેં આ રીતે ભોગવ્યું. પણ.... ભાઈ હવે મારા ઉપર કૃપા કરીને મને આવા માયાના બંધનમાંથી મુક્ત કરાવો. મોટાભાઈ ની આવી વાત સાંભળીને નારાયણદાસજીએ ઘરમાં જ્યાં જ્યાં કીચડ-પડેલો હતો ત્યા ત્યા બધેય સાફ કર્યા પછી મોટાભાઈ ને સ્નાન કરીવીને મોટાભાઈ ના હૃદયને શાંત કર્યું.

બાદ પ્રંતઃકાળનો સમય થઈ ગયેલો ગોવાથી દેહ કૃત્યો કર્યા પછી નારાયણદાસજીએ પણ સ્નાન કરીને મોટાભાઈ ને સમજાવતા કહેવા લાગ્યા કે મોટાભાઈ ભલભલાઓ પણ આવા અલૌકિક ધનના પ્રભાવથી અંજાઈ જઈને ધનવાન બનવાની આશાઓ કરતા હોય છે. પરંતુ તેઓ બધાય આવા પ્રકારના ધનથી ધનની પાછળ આંધળા બને છે. પણ.... આવી રીતે આંધળા બનીને ધનવાન થવાથી પ્રભુ કૃપા કરતા નથી. લૌકિક લક્ષ્મી પ્રત્યે સૌ લલચાય છે અને લલચાતા લલચાતા પોતાપણું ભૂલે છે. પોતાપણું ભૂલતાં ભૂલતાં ગાંડાઘેલા થાય છે, ગાંડાઘેલા થતા ધર્મને છોડે છે, ધર્મને છોડતા છોડતા અનિતી જેવા કર્યો કરે છે, અનિતિ જેવા કાર્યો કરતા કરતા આવી લક્ષ્મીને એકઢી કરે છે, એકઠી કરતા કરતા અભિમાની બને છે, અભિમાની બનતા બનતા સ્વમાર્ગીય પ્રેમના સ્વરૂપ પ્રત્યે અજ્ઞાન થાય છે. અજ્ઞાન થતા થતા અધર્મના પંથે ચાલે છે, અધર્મના પંથે ચાલતા ચાલતા તુચ્છ સુખો ભોગવે છે, તુચ્છ સુખો ભોગવતા ભોગવતા જયાં ત્યા અથડાય છે. જ્યા ત્યાં અથડાતા અથડાતા અવતારને બગાડે છે અને અવતારને બગાડતા બગાડતા ભવસાગરમાં (૮૪ લક્ષ યોનીમાં) ફર્યા કરે છે. એટલે મોટાભાઈ ટુંકમાં એટલું કે પ્રભુ કંઈક વિચારે તેવા માર્ગે ચાલો કે જેથી ભવસાગરમાંથી છૂટી શકાય. બાકી આવી લૌકિક લક્ષ્મીથી પ્રાપ્ત થતા સુખો તો આખરે નાશવંત છે નાશવંત , આમ સ્વમાર્ગીય મર્મરૂપે નારાયણદાસજીના આવા વચનો સાંભળીને પોતે મોટાભાઈ હોવા છતાય નાનાભાઈ થઈને ભવસાગર તરવા ઉત્તમ રસ્તે ચાલવા લાગ્યા.

ત્યારબાદ સમય થતા થતા થોડાક દિવસો વિત્યા હશે.. આવામાં શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ ગોકુલ પધાર્યા . કે જે સમાચાર સાંભળતા મોટઅભાઈની આજ્ઞા લઈને નારાયણદાસજી શ્રીમદ્ ગોકુલ આવ્યા. શ્રીમદ્ ગોકુલ આવી ને શ્રી મહાપ્રભુજીના દર્શન કર્યા અને સાથે લાવેલ ભેટ ધરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બાદ વિનંતી કરતા નારાયણદાસજીએ કહ્યું કે પ્રભુ, આપના દર્શનની ઘણા લાંબા સમયથી રાહ જોતો હતો... હવે મારૂ વિચારીને મારો મનોરથ પૂર્ણ કરો કે જેથી સંસારમાં રહીને પણ અલૌકિક રીતે જીવન નિર્વાહ કરી શકું નારાયણદાસજીનો આવો ભાવ જાંણીને શ્રી મહાપ્રભુજીએ શ્રી ગોકુલચન્દ્રમાજીનું સ્વરૂપ નારાયણદાસજીના માથે પધરાવીને આજ્ઞા કરી કે નારાયણદાસજી... આ ઠાકોરજી તે અમારૂં સર્વસ્વ છે તેથી આ શ્રી ઠાકોરજીની સ્નેહપૂર્ણ સેવા કરજો. હવે સેવાના પ્રકારથી અજ્ઞાન એવા નારાયણદાસજીએ વિનંતી કરી પુછ્યું કે રાજ, પ્રભુના સ્વરૂપને હું તો ઓળખતો નથી તેથી પ્રભુની સેવા ક્યા ભાવથી અને કેવી રીતે કરૂ? જવાબમાં રાસરમણમાં મુખ્યસ્થાન લેનાર એવા... આ શ્રી ગોકુલચન્દ્રમાજીના સ્વરૂપના મહાત્મ્યરૂપેની લીલાનું વર્ણન કહી સંભળાવીને વિશેષમાં આજ્ઞા કરતા કહ્યું કે પ્રભુ તો સાચા સ્નેહીથી રીઝે છે એટલે એવો...સ્નેહ પ્રભુ પ્રત્યે રાખીને મહાત્મ સહિતની લીલાનું અવલોકન કરીને સેવા કરવામાં આવે તો કરવામા

આવતી પ્રભુ સેવાથી પ્રભુ જરૂર રીઝે અને રસરૂપ પણ કરે. હવે કેવળ પ્રમાણથી કે પછી કેવળ પ્રમેયરૂપે પોતાના જીવનમાં અલૌકિક આનંદ પ્રાપ્ત કરી શકતો નથી. એટલે કે પ્રમાણરૂપેના સેવા અને પ્રમેયરૂપે પોતાના નવા ભાવ એમ બંને સાથે થાય તે પ્રભુ જીવનું વિચારે અને રસનું દાન કરીને જીવને અલૌકિક..... સુખ આપે. બાકી તો સૌ સેવા કરે જ છે ને ! અને સૌ .... જીવન જીવે છે ને !... આમ શ્રી મહાપ્રભુજીએ પ્રભુની લીલાનું મહાત્મ સમજાવીને, પ્રભુ પ્રત્યેના ભાવનું સિંચન કરીને અને મંગલાથી તે શયન સુધીનો સેવા પ્રકાર બતાવીને શ્રી ગોકુલચન્દ્રમાજીનું સ્વરૂપ નારાયણદાસજીના સાથે પધરાવી આપતા શ્રી મહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરીને નારાયણદાસજી મહાવન આવ્યા પછી પોતાના ઘરે આવીને પ્રભુ માટે એક સુંદર મંદિર બનાવ્યું અને તે મંદિરમાં પ્રભુને પધરાવીને શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર તન-મન-ધનથી સેવા કરવા લાગ્યા. આમ નારાયણદાસજી પ્રભુની સેવા કરતા હતા તે સેવાની માટે મોટાભાઈ ભાભી તથા વિધવા ભત્રીજી એં બધાય મદદરૂપેની બહારની સેવા કરવા લાગ્યા હતા.

હવે આ પ્રસંગથી એ સ્પષ્ટ સમજાય છે કે કેવળ પ્રમાણથી કરવામાં આવતી સેવામાં પ્રેમ અને ભાવનાના આધારે પ્રભુ માટે અમુક પાત્રો જોઈએ... પ્રભુને અમુક વસ્તુ જોઈએ.... પ્રભુને અમુક સામગ્રી જોઈએ.... પ્રભુને સમયે આવું આવું કરવું જોઈએ. .. એવી કેવળ પ્રમાણરૂપે કરવામાં આવતી સેવાથી પ્રભુ પ્રસન્ન થતા નથી. તે પછી પ્રમેયથી કરવામાં આવતી સેવામાં પ્રેમ અને ભાવનારૂપેની ભાવનાના અભાવે ખોટા ભાવલાવેળા દ્વારા વિચારવામાં આવે કે પ્રભુ તો ભાવના ભૂખ્યા છે.... શું પ્રભુ ખાવાનું માગે છે?.... શું પ્રભુને આવી ક્રિયાની જરૂર છે?. .. આમ આવું વિચારીને કે સમજીને કે બીજાને આવું છોડીને અથવા કરતા હોય તેઓને આવું સમજાવીને છોડાવી દઈને કેવળ પ્રમેયની વાતો કરી કરીને માત્ર મુખ દ્વારા બતાવવામાં આવતી "માનસી સેવાથી" પ્રભુ પ્રસન્ન થતા નથી. એટલે સમજો કે આ માર્ગમાં પ્રમાણ અને પ્રમેય એમ બન્ને વસ્તુઓ જ્યારે સામે હશે ત્યારે જ તે સેવાને પુષ્ટિમાર્ગીય સેવા કહેવાશે. બાકી તો "સગવડીયા પંથ" જેવું જ કંઈક કહેવાય અને આમ સગવડીયા પંથ જેવું કરવાથી ફળ પણ સગવડીયા પંથ જેવું જ મલે પુષ્ટિમાર્ગીય ફલ તો ન જ મલે દ્રષ્ટાંત તરીકે કે આંબાની પાકેલી કેરીનો રસ તો પ્રમેય છે અને કટોરા જેવું જે પાત્ર હોય છે તે પ્રમાણ છે. હવે કટોરા માત્રમાં (પ્રમાણ) પાકેલી કેરીનો રસ (પ્રમેય) રાખવામાં આવે તો તે રસમાંથી સ્હેજ પણ રસ ઢોળાતો નથી એટલે આવી રીતે પ્રમાણ અને પ્રમેયનો વિચાર કર્યા સિવાય એટલે કે કેરીના રસને પાત્રમાં કાઢ્યા સિવાય કેરીને માત્ર મોઢેથી ચુસવામાં આવે તો રસ મળે જ છે પરંતુ" પુરેપુરો રસ" મોઢામાં નહિ જતા થોડોક રસ બહાર ઢોળાઈ જાય છે જેના કારણે હોઠ અને ગાલ પણ બગડે છે એટલે કે કેવળ પ્રમેય પ્રમેય કરી કરીને એક લૌકિક જેવી લીલાઓ સમજી લેવાની રસાભાસ થઈ જાય છે અને પરિણામે જીવન પણ બગડે છે. ટુંકમાં કે આવું જ્ઞાન આપનારા પોતાના પ્રેમીજનોના ઉપદેશો સાંભળ્યા પછી પણ પ્રમાણ અને પ્રમેય એમ આ બન્ને વસ્તુઓનો પોતાના હૃદયથી વિચાર કરીને જો સેવા કરવામાં આવે તો પ્રભુ જરૂર પ્રસન્ન થયા છે પરિણામે યોગ્ય રસદાન કરીને પુષ્ટિમાર્ગીય સુખ તરીકેનું અલૌકિક સુખ આપે છે.

આમ ઘરના સૌ મલીને શ્રી ઠાકોરજીની સેવા કરતા કરતા મોટાભાઈ તથા ભાભી એક પછી એક બન્ને શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોંચ્યા બાદ શ્રી ઠાકોરજીની સેવામાં ભત્રીજી ચતુરીબાઈ મદદ કરતા હતા. હવે આગળ બતાવ્યા પ્રમાણે લીલામાં મધુરેક્ષણા સખીના ગુપ્ત સ્વરૂપવાળા આ નારયણદાસજી છે અને મધુરેક્ષણા સખીના જે ચતુરા નામની સખી છે તેજ ભત્રીજી ચતુરીબાઈ પોતાનામાં રહેલી અલૌકિક ચતુરાઈથી પોતાના કાકા નારાયણદાસજીના સાથે રહીને શ્રી ઠાકોરજીની સેવા ભાવપૂર્વક કરતા હતા. વળી વનમાં જઈને ઘાસ લાવે. છાણા લાવે, પાંદડા લાવે , લાકડા વી. લાવે. હવે માટીવાળું ઘાસ ગાયને ખવડાવવાથી શ્રી ઠાકોરજીને માટીવળુ દૂધ આરોગવું પડે તેટલા માટે ઘાસને પાણીથી બરાબર સાફ કર્યા પછી જ ગાયને ઘાસ ખવડાવતા હતા. પછી ગાય જે દુધ આપતી હતી તે દુધને ચાર વખત ગરણીથી ગળીને દુધનો સામગ્રી તરીકે ઉપયોગ કરતા હતા. પછી આવા દુધ ની સામગ્રી સિદ્ધ થતી હતી તે સામગ્રી ઉપર કોઈની દ્રષ્ટિ પડી ન જાય તેમજ તે સામગ્રીને માખી, કીડી,મકોડા જેવા જીવનો સંસર્ગ.... (સંબંધ-સ્પર્શ) થઈ ન જાય તેવી ભાવનાએ તૈયાર કરેલી સામગ્રી ની યોગ્ય રીતે સંભાળ રાખતા હતા.... ને પછી તૈયાર કરેલી સામગ્રી શ્રી ઠાકોરજીને અંગીકાર કરાવતા હતા. આમ આવી રીતેની કાળજી રાખતા રાખતા સામગ્રીમાં સામગ્રી તરીકે જે ખીર હતી તે ખરેખર સુંદર બનતી હોવાથી ખીર જેવી સામગ્રી આરોગતા શ્રી ઠાકોરજી આજ્ઞા કરતા હોય તે નારાયણદાસજી આ... ખીરની સામગ્રી પાસે છપ્પન ભોગની સામગ્રી પણ તુચ્છ છે. આમ કાકા- ભત્રીજીથી સિદ્ધ થતી ખીરની સામગ્રીની શ્રી ઠાકોરજીના મુખારવિંદ દ્વારા પ્રશંસા સાંભળતા નારાયણદાસજી મનમાં તો એવું જ સમજતા કે મને સારૂ લગાડવા અર્થે અથવા મારા મનને પ્રસન્ન કરવા અર્થે શ્રી ઠાકોરજી ખીરની આવી પ્રશંશા કરે છે બાકી શ્રી ઠાકોરજીના સુખનો વિચાર અમે વળી શું કરી શકવાના હતા?.... વળી ભોગ સરાવ્યા પછી પોતે જ્યારે તાપક્લેશ મહાપ્રસાદ લેતા હતા ત્યારે મહાપ્રસાદમાં પોતાને અલૌકિક સ્વાદ આવતો હોવા છતાંય મનમાં તાપક્લેશ કર્યા કરતા હતા કે અમારા હાથે સિદ્ધ થતી સામગ્રી પ્રભુને યોગ્ય થતી હશે કે કેમ ?..... પ્રભુને પસંદ આવતી હશે કે નહિ?.. . પ્રભુ આરોગતા હશે કે કેમ?.... આમ માર્ગની રીતિ અનુસારનો નારાયણદાસજીના મનમાં જે તાપક્લેશ થતો હતો તે તાપક્લેશને અંતર્યામિ એવા શ્રી મહાપ્રભુજી જાણી જતા તાપક્લેશની નિવૃતિ કરીને નારાયણદાસજીનો "મનોરથ પૂર્ણ કરવા માટે" કૌતુક રચીને એક દિવસ શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ ગોકુલ પધાર્યા.

આમ આ સમયે નારાયણદાસજી મહાવનમાં પોતાને ઘરે શ્રી ઠાકોરજીને જગાડી મંગલભોગ અને શૃંગાર ભોગની સેવાને પહોચ્યાં બાદ રાજભોગની તૈયારી થઈ જતા રાજભોગમાં જે ખીર ધરવાની હતી તે ખીરને ઠંડી કરી રહ્યા હતા. આવામાં એક વૈધયાએ મહાવનમાં આવી નારાયણદાસજીને વધાઈ આપતા કહ્યું કે શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ ગોકુલ પધાર્યા છે. આમ આવા સમાચાર સાંભળતાની સાથે નારાયણદાસજી અતિ હર્ષ માં આવી જતા પ્રભુની વાત્સલતાની ખબર પોતાને રહી નહિ અને પોતાનું ચિત શ્રી મહાપ્રભુજીના દર્શન કરવા તરફ જતું કહ્યું. પરિણામે પોતે ખીર જે ઠંડી કરી રહ્યા હતા તે ઠંડી કરવાનું ભૂલી જઈને ઉને ઉની ખીરનો ભોગ શ્રી ઠાકોરજીને ધર્યો અને પછી બ્હાર આવીને ભત્રીજીને કહ્યું કે હું શ્રી મહાપ્રભુજીના દર્શન કરવા જાવ છું. તું સાવધાન રહેજે. આમ આવું કહીને નારાયણદાસજી તો મહાવનથી રવાના થઈને તુરત શ્રીમદ્ ગોકુલમાં શ્રી મહાપ્રભુજી જ્યા બિરાજતા હતા ત્યા આવીને શ્રી મહાપ્રભુજીના દર્શન કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પછી સમજો કે જ્યારે ભેટ ધરતા હતા ત્યારે શ્રી મહાપ્રભુજીએ પોતાના ચરણારવિંદમાં નારાયણદાસજીના મસ્તક ઉપર ધરીને પુછ્યું કે શ્રી ગોકુલચંદ્રમાજીને ત્યાં શું સમય છે ? જવાબમાં આનંદીત ચહેરે નારાયણદાસજીએ વિનંતીથી કહ્યું કે પ્રભુ રાજભોગ ધરીને આવ્યો છું... કે જે સાંભળીને રાસરસીક શ્રી ગોકુલચંદ્રમાજીની સેવા કરવાની ઈચ્છા દર્શાવતા શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે નારાયણદાસજી, ચાલો... હું પણ તમારી સાથે આવું છું. આમ આવી આજ્ઞા કરીને નારાયણદાસજીના ઘરે પધારવા માટે શ્રી મહાપ્રભુજીએ અપરસમાં ને અપરસમાં શ્રીમદ્ ગોકુલથી પ્રયાણ કર્યું....

હવે પ્રભુ પ્રત્યેની વાસ્તલતાને ભૂલી જઈને ઉને ઉની ખીરનો ભોગ ધરીને નારાયણદાસજી શ્રીમદ્ ગોકુલ આવી ગયા અને પછી પાછળથી એવું બન્યું કે નારાયણદાસજીએ ઉને ઉની ખીરનો ભોગ તો ધર્યો હતો પરંતુ ભક્ત સ્નેહના આધારે ધરેલી ઉની ઉની ખીરના આરોગવા અર્થે શ્રી હસ્તથી ખીર લેવા જતા શ્રી ઠાકોરજીના (શ્રીગોકુલચંન્દ્રમાજીના) શ્રીહ્સતની આંગળીઓ દાઝી. દાઝેલી આંગળીઓ શ્રીમુખમાં નાખતા હોઠ પણ દાઝ્યા. પરિણામે આંગળીઓ અને હોઠ લાલ થઈ ગયેલા જોઈને આંગળીઓને તરછોડતા આંગળીઓમાં ચોટેલી ખીર શ્રીએંગ ઉપર તેમજ મંદિરમાં બધેય ઉડી. વળી થઈ રહેલી બળતરાના આધારે શીશકારીઓ કરતા કરતા આંગળીઓને વારંવાર શ્રીમુખમાં નાખતા હતા અને આમ આવી પરિસ્થિતિમાં મુકાયેલા ભક્ત વત્સલ શ્રી ઠાકોરજી આમ તેમ જોઈ રહ્યા હતા. આવામાં નારાયણદાસજી સહિત શ્રી મહાપ્રભુજી નારાયણદાસજીના ઘરે પધાર્યા અને અપરસમાં હોવાથી આચમન કરાવવા અર્થે ટેરો સરકાવી નિજ મંદિરમાં પધાર્યા. પછી મંદિરમાં પધારતા મંદિરમાં જ્યાં ત્યાં ખીર ઉડેલી જોઈ. પછી પ્રભુના સામે દ્રષ્ટિ કરતા નેત્રોમાં આંસુઓ જોયા, વળી હોઠ અને આંગળીઓ લાલ થઈ ગઈ હતી તે પણ જોયું. આમ આવું જોઈને આશ્ચર્ય પામતા શ્રી મહાપ્રભુજીએ પ્રભુને ગોદમાં પધરાવ્યા. પછી શ્રીમુખ પર હસ્ત ફેરવતા આવું થવાનું કારણ પૂછતાં પ્રેમરૂપેની તોતડી વાણી દ્વારા શ્રી ઠાકોરજી કહેવા લાગ્યા કે આપના પધાર્યાના સમાચાર સાંભળતા મને ઉની ઉની ખીર ધરીને આપના આ નારાયણદાસજીતો આપના દર્શન કરવા અર્થે જતા રહ્યા. પછી... ઉની ઉની ખીર આરોગવા અર્થે ખીરમાં મારો હાથ નાખતા ઉની ઉની ખીર હાથની આંગળીઓને ચોંટી ગઈ. પછી...પછી તો ચોંટેલીખીરવાળી આંગળીઓ દાઝી. ને પછી... દાઝેલી આંગળીઓ મોઢામાં નાખતા હોઠ અને મોઢું પણ દાઝ્યા. પછી... આમ દાઝી જવાથી થતી વેદનાના આધારે શીશકારીઓ થવા લાગી અને પછી.... પછી... સમજો કે આંગળીઓને મોઢામાંથી કાઢીને હાથમાં આમ તેમ... ખંખેરતા આંગળીઓમાં ચોંટેલી ખીર આવી રીતે.... બધેય ઉડી. પછી છેને.... કે થતી બળતરાથી આંખોમાંથી આવી રીતે આંસુઓ વહેલા લાગ્યા. અને પછી વહેતા આંસુઓએ આમતેમ જોઈ રહ્યો હતો એવામાં તો આપ પધાર્યા અને અહીં થઈ ગયેલી આવી લીલાના આપને દર્શન થયા. એટલે સમજો કે આવી પરિસ્થિતમા હું મુકાયો હતો. જુઓને આ... મારી આંગળઈઓ તથા હોઠ બતાવવા લાગ્યા. શ્રી ઠાકોરજીની આવી પ્રેમ ભરેલી વાણી સાંભળીને અને આવી પરિસ્થિતિના પ્રત્યક્ષ દર્શન કરીને શ્રી મહાપ્રભુજીનું હૃદય ભરાઈ આવ્યું. શ્રી ઠાકોરજી તો બાળક સ્વરૂપે બિરાજે છે તેથી જે જે ગરમ સામગ્રી ધરવામાં આવે તે તે દરેક સામગ્રીને સોહાય તેવી રીતે ઠંડી કરીને ધરવી. થઈ ગયું તે થઈ ગયું પણ.... હવે સાવધાની રાખજો.

તે પછી ખીરનો ફરીથી ભોગ ધરો એવી શ્રી ઠાકોરજીની આજ્ઞા થતા શ્રી મહાપ્રભુજીએ ફરીથી ભોગ ધર્યો... સમય થયેલી ભોગ સરાવ્યો આચમન કરાવ્યું. બાદ શ્રી ઠાકોરજીએ શ્રી મહાપ્રભુજીને આજ્ઞા કરીકે આપ આ ... ખીર આરોગો. જવાબમાં શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે નારાયણદાસજી ક્ષત્રિય હોવાથી તેમના હાથે સિદ્ધ થયેલી ખીર મારાથી આરોગી શકાય નહિ. વળી મારો તો જ્ઞાતિ વહેવાર રાખવો જોઈએ.... આમ એક સિદ્ધાંતરૂપે શ્રી મહાપ્રભુજીના વચનો સાંભળીને શ્રી ઠાકોરજીએ પણ એક પ્રમાણ તરીકે સુચન કરતા આજ્ઞા કરી કે "ઘૃતપકવ પયપકવ" એટલે કે આ.... સામગ્રી દૂધથી સિદ્ધ થયેલી હોવાથી પ્રમાણની દ્રષ્ટિએ પણ જ્ઞાતિ વહેવાર તરીકે કંઈ બાધક નહિ માટે આપ આરોગો. આમ આવી આજ્ઞા કરતા શ્રી ઠાકોરજી(ગોકુલચંન્દ્રમાજીના) પીરસવા લાગ્યા અને શ્રી મહાપ્રભુજી આરોગવા લાગ્યા. આમ આવા અલૌકિક દર્શન નારાયણદાસજીને જે દિવસે થયા હતા તે દિવસથી આ..: ખીરની સામગ્રી અન્ન સખડી તરીકે ગણાવા લાગી અને બાલભોગમાં ધરાવા લાગી વળી ખીર જેવી સામગ્રી શ્રી ઠાકોરજીને સદાય પ્રિય હોવાથી તેમાં રીતી, ઋતુ કે પછી ઉત્સવનો વિચાર કરવા જેવું નથી ગમે ત્યારે ધરી શકાય છે. હવે આ ખીર જેવી સામગ્રી પ્રથમ શ્રી ઠાકોરજી આરોગ્યા પછી શ્રી મહાપ્રભુજી આરોગ્યા અને પછી સમજો કે જુઠાણુ તરીકેનો ખીરનો મહાપ્રસાદ ગામના બધાય વૈષ્ણવોને લેવડાવતાં મહાપ્રસાદમાં અલૌકિક સ્વાદ આવતો હતો. વળી ગામમાં આટલા બધા વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધેલો હોવા છતાંય જરાય ઓછો થયો ન હતો. એટલે કે સ્પષ્ટ સુચન થાય છે કે શ્રી ઠાકોરજીને અર્પણ કરેલી સામગ્રી શ્રી ઠાકોરજીના આરોગવાથી ઓછી થતી જ નથી. આમ આવો મહાપ્રભુજીનો પ્રભાવ છે.

બાદ શ્રી મહાપ્રભુજી જ્યારે જ્યારે શ્રીમદ્ ગોકુલ પધારતા હતા ત્યાપે ત્યારે મહાવન પણ પધારતા અને નારાયણદાસજીના ઘરે બિરાજતા હતા. અરે... એટલું જ નહિ પરંતુ શ્રી ગોકુલચંન્દ્રમાજીની સેવામાં પણ પધારીને સેવાની રીતી શીખવાડવા અર્થે આપ શૃગાંર ધરાવતા અને પછી ચરણ સ્પર્શ કરીને આપ શ્રીમદ્ ગોકુલ પધારી ભોજન કરતા હતા. હવે શ્રી મહાપ્રભુજી પોતે પૂર્ણ પુરૂષોત્તમ શ્રી ઠાકોરજીનું સ્વરૂપ હોવાથી સર્વ શક્તિમાન હતા. છતાપણ પોતાના નિયમ અનુસાર શ્રી મહાપ્રભુજી શ્રી ગોકુલચંન્દ્રમાજીની આટલી કાની રાખતા હતા. એટલે આવા શ્રી મહાપ્રભુજીના સંપૂર્ણ કૃપાપાત્ર જેવા નારાયણદાસજીના ભાગ્યની વાત જ શું કરવી?... ટુંકમાં કે શ્રી મહાપ્રભુજીના પૂર્ણ કૃપાના આધારે નારાયણદાસજી શ્રી મહાપ્રભુજીની સેવા-રસના રસિક ભ્રમરરૂપે હતા. એટલે અહર્નિશ "સેવા-રસમાં" જ રમતા હતા. આમ આવા "સેવા-રસ તરીકેનું રસનું" વર્ણન પણ શું હોઈ શકે?....

ત્યારબાદ શ્રી ઠાકોરજીની સેવા અર્થે નારાયણદાસજી જે શ્રી યમુનાજીનું જલ લાવતા હતા તે જલ ગાગરમાં ભરીને નારાયણદાસજી પોતે પોતાની કાંધ(ખભા) ઉપર લાવતા હતા. આમ કરતા કરતા એક દિવસ એવું બન્યું કે ગાગરને લઈને નારાયણદાસજી શ્રી યમુનાજીએ જ્યારે જલ ભરવા જતા હતા ત્યારે રમણ રેતીમાં શ્રી ગોકુલચંન્દ્રમાજીને ક્રિડા(રમત) કરતા જોયા કે જે જોઈને નારાયણદાસજી મનમાં વિચાર કરવા લાગ્યા કે શ્રી યમુનાજીના જલથી ગાગર ભરીને હું જ્યારે અહીંથી પાછો આવીશ ત્યારે શ્રી ઠાકોરજીની દ્રષ્ટિ કદાચ મારા ઉપર પડી જશે તો શ્રી ઠાકોરજીની ક્રિડામાં (રમતમાં) ભંગ પડશે અને મારો દાસ- ધર્મ જશે. એટલે હવે જલ ભરીને જ્યારે પાછો આવીશ ત્યારે આ રસ્તે થઈને નહી આવતા બીજા રસ્તે થઈને ઘરે જતો રહીશ. આમ બીજા રસ્તે થઈને જ્યારે પાછા આવતા હતા એવામાં ત્યાં પણ એક ટીલા (ભેખડ) પર શ્રી ઠાકોરજીને ઉભેલા જોયા કે જેથી ફરી પોતે વિચાર કરવા લાગ્યા કે અરે... અહીં પણ શ્રી ઠાકોરજી ઉભા રહેલા છે !.... હવે મારે શું કરવું?.... આમ આવો વિચાર કરતા સ્હેજ આગળ ચાલ્યા એવામાં શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરતા નારાયણદાસજીને કહ્યું કે તમે આ રસ્તે થઈને જતા હતા છતાં પણ તમને શ્રમ થયો. જવાબમાં નારાયણદાસજીએ દીનતાપૂર્વક કહ્યું કે પ્રભુ..... મને શ્રમ થયો કે ન થયો તે વાત તો એક બાજુ રહી પરંતુ આમ આ તરફ આવીને આપના ખેલમાં ભંગ કરાવતા મેં તો આપને શ્રમ કરાવ્યો. નારાયણદાસજીની આવી દીનતા જોઈને કેમ જાણે બંનેના શ્રમનું નિવારણ કરતા હોય તેમ શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી કે અમારે તો અહીં સર્વત્ર એટલે કે બધાય સ્થળોએ ક્રિડા (રમત) કરવાની હોય જ છે. વળી તમારા આવવાથી અમારી રમતમાં ભંગ થતો નથી તેમ જ તમારા આવવાથી અમને કોઈ પણ જાતનો શ્રમ પણ નથી એટલે સમજો કે અમે અહીં ગમે ત્યાં ક્રિડા (રમત) કરતા હોઈએ તો પણ તમારે કોઈ પણ જોતનો સંકોચ રાખ્યા સિવાય અહીં બધેય આવવું-જવું. આમ આવી આજ્ઞાઓ કરીને શ્રી ઠાકોરજી નારાયણદાસજી ઉપર સંપૂર્ણ કૃપા કરીને સેવા- રસનું અનુપમ પાન કરાવતા હતા. પછી તો સમજો કે નારાયણદાસજી જ્યારે જ્યારે શ્રી યમુનાજી જલ ભરવા જતા હતા ત્યારે ત્યારે વિના સંકોચે જતા હતા અને જલ ભરીને પણ પાછા વિના સંકોચે જ આવતા હતા.

તે પછી શ્રી ઠાકોરજીને ભોગ ધરાવાની સામગ્રી સિદ્ધ થઈ જાય અને શ્રી ઠાકોરજીને ભોગ ધર્યા પછી નારાયણદાસજી જ્યારે બ્હાર આવીને બેસતા ત્યારે ઘણીવાર વિચારે ચઢી જતા કે મારા હાથથી સિદ્ધ થયેલી સામગ્રી " મારા શ્રી ઠાકોરજી" આરોગતા હશે કે કેમ?..... આમ આવા વિચારમાંને વિચારમાં એક દિવસ નારાયણદાસજીની આંખોમાંથી આંસુઓ વહી રહ્યા હતા કે જે સાંભળીને અને જોઈને ભત્રીજીએ કહ્યું કે શ્રી મહાપ્રભુજીના ગમે તે સેવક હોય તો પણ તે સેવક દ્વારા સિદ્ધ થયેલી સામગ્રી શ્રી મહાપ્રભુજીની કાંનીથી શ્રી ઠાકોરજી આરોગે જ છે. એટલે તેમાં શંકા જેવું છે જ ક્યાં?... વળીતમે તો શ્રી ઠાકોરજીના કૃપાપાત્ર છો કે જેથી તમારા હાથની સામગ્રી શ્રી ઠાકોરજી અવશ્ય આરોગતા જ હોય તેમાં શંકાને સ્થાન જ ક્યાં છે?... કે જેથી તમે આવા વિચારો કરો છો !..... ભત્રીજીની ભાવભરેલી આવી વાત સાંભળીને નારાયણદાસજીએ કહ્યું કે બેટા, તારી વાત સાચી છે અને તે ઉપરાત બીજુ એક એ પણ ચિન્હ છે તે શ્રી ઠાકોરજી માટે સામગ્રી બની હોય ભોગ ધર્યા હોય અને ભોગ સરાવ્યા પછી શ્રી મહાપ્રભુજીના કોઈ સેવક અચાનક આપણે ઘરે આવી પહોંચે અને સેવક જો મહાપ્રસાદ લીએ તો સમજવું કે આપની અને આપણા હાથે સિદ્ધ થયેલી સામગ્રી શ્રી ઠાકોરજી પ્રસંન્નતાથી આરોગ્યા છે. નારાયણદાસજીએ વૈષ્ણવના સ્વરૂપોને ઓળખેલ હોવાથી વૈષ્ણવોના સ્વરૂપ મહાત્મ્ય પ્રગટ કરતા નારાયણદાસજીએ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના સ્વરૂપની એક મર્યાદા રીતી બતાવી. વળી નારાયણદાસજીનો વૈષ્ણવોનો સ્વરૂપ પ્રત્યે અપુર્વ પ્રેમ હતો કે જે અલૌકીક પ્રેમંના આકર્ષણથી જેટલા વૈષ્ણવો મહાવનમાં આવતા હતા તેટલા બધાય વૈષ્ણવો નરાયણદાસજીને ઘરે આવતા હતા. ઉતારો કરીને રહેતા હતા, પ્રેમથી મહાપ્રસાદ લેતા હતા અને પછી આવેલા વૈષ્ણવો એક બે દિવસ નારાયણદાસજીના ઘરે રહીને પોત પોતાના દેશ તરફ જતા રહેતા હતા.

હવે ધનરૂપેની પાકૃત (સામાન્ય) લક્ષ્મી નારાયણદાસજીનો ભક્તિભાવ જોઈને વિચાર કરતી કે નારાયણદાસજી જેવા ભગવદીય પાસે જો હું જાવ તો શ્રી ઠાકોરજીની સેવામાં મારો ઉપયોગ કરીને મારો અંગીકાર.... કરાવે અથવા તો એવા ભગવદીય દ્વારા.. .. મારો અંગીકાર થાય. આમ પોતાના આવી વિચારે પોતે (લક્ષ્મી) એક લૌકિક તરીકે ધનનું સ્વરૂપ ધરી ધરીને "નારાયણદાસજી જ્યાં સૂઈ... રહેતા હતા ત્યાં આવતી હતી." પરંતુ પારકી સ્ત્રી પ્રત્યે સ્હેજ પણ કુદ્રષ્ટિ કર્યા સિવાય ત્યાગી બ્રહ્મચારી જેવા નારાયણદાસજી માયાના પ્રભાવમાં નહિ અંજાતા આવી..... લક્ષ્મીનો સ્પર્શ પણ કરતા નહિ....અરે અંજાઈ જઈને સ્પર્શ કરવાનુ તો ઠીક પરંતુ તેને બગાડ તરીકે માનીને બહાર ફેંકાવી દેતા હતા આમ નારાયણદાસજીની આવી રહેણી-કરણીના આધારે હજારો સંન્યાસ વારી જાય એવું મહાન બ્રહ્મચર્ય પોતે પાળી બતાવ્યું હતું. વળી માયાના ગુણને જીતીને માયાનો સ્પર્શ પણ કર્યો ન હતો એટલે કે કેવળ ગુણાતીત થયા હતા વિશેષ તો આ બાબતમાં અનુભવી જાણે....

તે પછી, એક દિવસ શ્રી ઠાકોરજીને અદભુત શૃંગાર ધરાવ્યા અને શૃંગારના દર્શન કરવાના સમયે "રાસરસિક"શ્રી ગોકુલચંન્દ્રમાજીએ કોટી કંદર્પની લાવણ્યતા ધારણ કરીને નારાયણદાજીને અલૌકિક દર્શન કરાવ્યા કે જે દર્શન કરતા નારાયણદાસજીનું હૃદય પરમાનંદથી ભરાઈ આવ્યું અને પછી આવા.. ..દર્શન કરતા કરતા નારાયણદાજીએ પુછ્યું કે પ્રભુ, આવી અદભુત ઘટા... આજે કોના ઉપર વરસશે?... જવાબ અર્થે શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરતા કહ્યું કે જ્યાં શ્રી મહાપ્રભુજીનું સર્વસ્વ હશે ત્યાં વરસશે !.... શ્રી ઠાકોરજીના આવા ગર્ભિત- રહસ્ય ભરેલા વચનોનો ભાવ એવો છે કે શ્રી સ્વામિનીજીના હૃદયમાં હું સદાય બિરાજું છું-વશ છું. અને શ્રી સ્વામિનીજીની (શ્રા મહાપ્રભુજીની) કૃપાથી હું તમારે ત્યાં પધારેલ છું અને શ્રી મહાપ્રભુજીનું સર્વસ્વ એટલે કે શ્રી મહાપ્રભુજીના જે અનન્ય ભક્તો હશે ત્યાં આ.... ઘટા વરસશે. એટલે સમજો કે નારાયણદાસજી પોતે અનન્ય ભક્ત છે કે જેથી આ... અદભૂત ઘટા આજે નારાયણદાસજી ઉપર વરસશે એ સ્પષ્ટ છે. બાકી આ.... ઘટાના ભાવને પૂર્ણ રીતે તો જે શ્રી મહાપ્રભુજીના અનન્ય ભક્ત હોય તેજ જાણે અને તેજ સમજે બાદ આવી.... રહસ્ય ભરેલા શ્રી ઠાકોરજીના વચનો સાંભળીને નારાયણદાજી આવી..... ઘટાના દર્શન અનુભવ કરતા કરતા રસ સમુદ્રમાં ડુબી ગયા અને વિચારવા લાગ્યા કે "આવી નિધિ" શ્રી મહક્ષમીજીના ઘરે હંમેશા બિરાજે એવું મારા મનનું વ્રત છે.

આમ આવા પ્રકારના ભાવથી સેવા કરતા કરતા નારાયણદાજીના જીવનની અંતિમ સ્થિતિ આવી પહોંચી અને પછી સમજો કે ઠાકોરજીની સેવામાં સહાય કરવા અર્થે પોતાની જ્ઞાતિના એક કૃષ્ણદાસ સ્વામિ કે જે શ્રા મહાપ્રભુજીના સેવક હતા તે શ્રી ઠાકોરજીની સેવામાં ઉપયોગી થતા હતા. આમ કૃષ્ણદાસ સ્વામિ શ્રી ઠાકોરજીની સેવામાં હંમેશા આવતા તો હતા પરંતુ નારાયણદાસજીને સંતોષ થતો ન હતો. એટલે પોતે કરે પણ શું.... હવે નારાયણદાસજીનું શરીર ખરેખર થાકેલ જ છે એવું જોઈને એક દિવસ શ્રી ઠાકોરજીએ નારાયણદાજીને આજ્ઞા કરતા કહ્યું કે મારા સુખનો વિચાર કરીને

તમે ઘણાં લાંબા સમયથી મારી જે સેવા કરી છે તે સેવાથી હુ તમારા ઉપર બહુ જ પ્રસન્ન થયો છું. કે જેથી તમારી ઈચ્છામાં આવે તે માંગો.... શ્રી ઠાકોરજીના આવા વચનામૃતો સાંભળીને નારાયણદાસજીએ દીનતાપૂર્વક કહ્યું કે પ્રભુ માંગી માંગીને જીવ શું માંગવાનો હતો?.... આમ આટલુ બોલતાની સાથે જ નારાયણદાસજીના શરીરમાં કોઈ બીજી જ શક્તિ આવી ગઈ. પરિણામે શરીર અંતિમ સ્થિતીએ પહોંચેલું હોવા છતાંય નવુ જીવન પ્રાપ્ત થતા પોતાના શરીરમાં જુવાની આવી ગઈ. અરે... જુવાની તો આવી ગઈ પરંતુ પચાસ વર્ષ સુધી સેવામાં રહીને પોતે શ્રી ઠાકોરજીના ઝારીજી. ભર્યા. એટલે શું માત્ર ઝારીજી જ ભર્યા હશે.... બીજું કંઈ સુખ પોતાને નહિ મલ્યુ હોય !... મલ્યું હોય... બધુય સુખ મલ્યું હોય.... બાપા..... શ્રી ઠાકોરજીનું સુખ વિચારવામાં તો બધુય સુખ.... મલ્યુ હોય.

આમ કેવળ શ્રી ઠાકોરજીના સુખનો જ વિચાર કરીને સેવા કરતા કરતા બીજા પચાસ વર્ષો પસાર થઈ ગયા બાદ નારાયણદાસજીનું શરીર પાછુ જ્યારે અંતિમ દશાએ પહોંચ્યું ત્યારે પોતે વિચાર કર્યો કે હવે મારા પ્રભુને અનંત એટલે કે જેનો અંત નથી તેવું સુખ અહીં નહિ તેથી શ્રી ઠાકોરજી હવે શ્રી મહાપ્રભુજીના ઘરે પધારો તેજ ઉત્તમ છે. પરંતુ પોતાનો આવો ભાવ હૃદયમાં ગુપ્ત રાખીને ચુપ રહ્યા અનો પછી સમજો કે શ્રી ઠાકોરજીએ અગાઉ વચન માંગવાની જે આજ્ઞા કરી હતી તે વચન માંગતા નારાયણદાસજીએ શ્રી ઠાકોરજીને કહ્યું કે પ્રભુ આપે અગાઉ મને વચન માંગવાની જે આજ્ઞા કરી હતી તે આજ્ઞાના આધારે અત્યાર હું એ માંગું છું કે આપને હવે અહીં સુખ પ્રાપ્ત થશે નહિ કે જેથી આપ હવે શ્રી મહાપ્રભુજીના ઘરે પધારો. નારાયણદાસજીની આ વાત સાંભળીને શ્રી ઠાકોરજી કાયર થઈ જતા કહેવા લાગ્યા કે ભક્તે કરેલી મારી સેવાથી હું તેમનો ઋણદાર થયો છું કે જેથી તેનો બદલો હું કેવી રીતે વાળું?.... વળી આ ભક્તને હું આપું છું. તેમાંનું કંઈ પોતે લેતા પણ નથી?.... વળી પુષ્ટિમાર્ગીના ફલની રીતે ફલ પણ આપવાનો જો હું વિચાર કરૂં છું તો પણ આ ભક્ત મને સુખી કરીને પોતાને જે ફળ (સુખ) મલતુ હોય છે તો તે ફલરૂપેનું સુખ પણ પોતે માંગતા નથી.... શ્રી ઠાકોરજીના આવા વચનો સાંભળતાં સાંભળતા નારાયણદાસજી શ્રી ઠાકોરજીની લીલામાં પ્રાપ્ત થયા. અહીં નારાયણદાસજી લીલામાં પ્રાપ્ત થયા પછી શ્રી ઠાકોરજીની સેવા કૃષ્ણદાસ સ્વામિ કરતા હતા.

હવે આ શ્રી પુષ્ટિમાર્ગના મર્મથી અજ્ઞાત એવી સંપ્રદાયની કોઈ કોઈ વ્યક્તિઓ એવું માને છે કે વૈષ્ણોના માટે પધરાવી આપવામાં આવતા શ્રી ઠાકોરજી ગૌણ છે.અરે.... એટલુ જ નહિ પરંતુ એવી વ્યક્તિઓ એવું માનીને અન્ય જીવોને પણ એવા ઉપદેશો કરતા હતા. એટલે આવું સાંભળનારા સૌ કોઈ "પોતપોતાના હૃદયથી" વિચાર કરજો કે શ્રી દામોદરદાસ સંભલવાલાનું જીવન ચરિત્ર શું કહે છે?... શ્રી પદ્મનાભદાસજીનું જીવન ચરિત્ર શું કહે છે?. .. શ્રી તુલસાંબાઈનું જીવન સરિત્ર શું કહે છે?... શ્રી રૂક્ષ્મણીબાઈનું જીવન ચરિત્ર શું કહે છે?... અને આવા બીજા વૈષ્ણવોના જીવનચરિત્રો પણ શું કહે છે?.... વળી વૈષ્ણવોના માથે પધરાવી આપવામાં આવતા શ્રી ઠાકોરજી જો ગૌણ હોત તો "અમારૂ સર્વસ્વ" એવી આજ્ઞાઓ કરી કરીને શ્રી મહાપ્રભુજી વૈષ્ણવોના માથે પધરાવી ન આપત!... વળી તે જ શ્રી ઠાકોરજી વૈષ્ણવો સાથે વાતચીત પણ ન કરત!.... એટલે આવું ન માનવા જેવું માનીને બીજાઓને ઉલટા ઉપદેશો કરનારી વ્યક્તિઓ પોતે જ જાણતી નહિ હોય કે પોતે ક્યાં છે?... એટલે પછી વૈષ્ણવોના સ્વરૂપોને તેમજ વૈષ્ણવોના માથે પધરાવીને આપવામાં આવતા શ્રી ઠાકોરજીના સ્વરૂપને તો તે જાણે જ ક્યાંથી?... વળી શ્રી ઠાકોરજી નારાયણદાસજી બ્રહ્મચારીનું જીવન પણ તે જ કહે છે કે પોતાના માથે પધરાવી આવેલા શ્રી ઠાકોરજી ગૌણ નહિ પરંતુ પોતાના માટેતો પોતાના સર્વસ્વ તરીકે મુખ્ય જ છે. એટલે આવી વાતોથી સાવધાન રહીને પોતાના માથે પધરાવેલા શ્રી ઠાકોરજીના સુખમાં જ રચ્યાપચ્યા રહેવું વધારે ઉચીત છે અને આખરે કે ફલરૂપ નિવડશે એવું આ નારાયણદાસજીના જીવનથી સ્પષ્ટ સમજાય છે.

તે પછી નારાયણદાસજીની દેહ છુટતાં લીલામાં પ્રવેશ થયાના સમાચાર જ્યારે શ્રી ગુસાંઈજીએ સાંભળ્યા ત્યારે શ્રી ગુસાંઈજી રોમાંચ થઈ ગયા અને આજ્ઞા કરી કહ્યુ કે અત્યારના સમયમાં આવા ભગવદીયના દર્શન પણ હવે પાછા હવે ક્યાંથી હોય?... બાદ શ્રી ગુસાઈજીના આવા વચનોના અનુસંધામાં શ્રી ગોકુલનાથજીએ પણ નારાયણદાસજીની પ્રસંસા કરતા શ્રીમુખે આજ્ઞા કરીને કહ્યું કે આ નારાયણદાસજીએ શરૂઆતથી તે અંતિમ સમય સુધીમાં તેમજ અંતિમ સમયે પણ શ્રી ઠાકોરજીની સેવા સિવાય બીજું કંઈ માગ્યું કંઈ જ નહિ... બાદ નારાયણદાસજીની દેહ છૂટ્યા બાદ ઠાકોરજીની સેવા કૃષ્ણદાસ સ્વામિ કરતા તો હતા પરંતુ તે સેવા શ્રી ઠાકોરજીને અનુકુળ નહિ થવાથી નારાયણદાસજીના ઘરે થોડો સમય બિરાજીને આ શ્રી ઠાકોરજી(શ્રી ગોકુલચંન્દ્રમાજી) શ્રી મહાપ્રભુજીના ઘરે પધાર્યા અને પણ શ્રી ગુસાંઈજીએ આ શ્રી ઠાકોરજીને પોતાના પાંચમાં લાલજી શ્રી રઘુનાથજીના માથે પધરાવી આપ્યા હતા.

આમ ધનને તુચ્છ બતાવનારા નારાયણદાસ બ્રહ્મચારી વાર્તા સંપૂર્ણ.

૧૧. સંતદાસ ચોપડા ક્ષત્રિય

આ હિન્દુસ્તાન દેશના ઉત્તર પ્રદેશમાં આવેલા આગ્રા નામના પ્રખ્યાત શહેરમાં ચોપડા ક્ષત્રિય જ્ઞાતિના એક ગ્રહસ્થ રહેતા હતા કે જેઓ મર્યાદામાર્ગને માનીને એક ગ્રહસ્થી તરીકે જીવન જીવતા હતા. વળી પોતાને પાસે દ્રવ્ય પણ ઘણું હતું કે જેથી દ્રવ્યનો સદમાર્ગે ઉપયોગ કરતા હતા. આવા આ ગ્રહસ્થને ત્યાં સંતાન તરીકે એક પણ પુત્ર નહિ હોવાથી કેવળ પુત્રની આશાએ ઘણાય સાધુસંતોની સેવા પણ પોતે ભાવપૂર્વક કરતા હતા. આમ કરતા કરતા એક દિવસ પોતાને ત્યાં સંત મહાત્માજી આવી પહોંચતા પોતાની ભાવના મુજબ યથાશક્તિ સત્કાર કરીને વિનંતીથી કહ્યું કે મહાત્માજી, મારે ત્યાં એક પણ પુત્ર નથી કે જેથી કૃપાકરીને આપ આશીર્વાદ આપો તો મને એક પુત્રની પ્રાપ્તિ થાય. જવાબમાં સંત-મહાત્માજીએ કહ્યુ કે શેઠજી, પુત્ર તો શ્રી મહાદેવજી જો પ્રસન્ન થાય તો આપે. એટલે તમે શ્રી મહાદેવજીને પ્રસન્ન કરવાનું કાર્ય કરો કે જેથી તમારી મનોકામના પૂર્ણ થાય. આમ આવું કહીને આ સંત-મહાત્માજી જતા રહ્યા. તે પછી આ ક્ષત્રિય ગ્રહસ્થ તો મહાદેવજીની પૂજા-વ્રત કરવા લાગ્યા. અને પછી સમજો કે પુત્રની આશાએ પૂજા-વ્રતતો એવા કરવા લાગ્યા ક્ આખરે પોતાના શરીરને પણ હાડપિંજર જેવું કરી નાખ્યું. આમ આવા પ્રકારની સ્થિતિએ આવી પહોંચેલા આ ક્ષત્રિય ગ્રહસ્થોનો ભક્તિ-ભાવ જોઈને મહાદેવજી પ્રસન્ન થયા. પછી એક દિવસ રાત્રે સ્વપ્ના દ્વારા મહાદેવજીએ આજ્ઞા રી કે તમારી ભક્તિ જોઈને હું પ્રસન્ન થયો છું માટે તમારી ઈચ્છામાં આવે તે માંગો... હવે પુત્રની આશાએ કરેલી ભક્તિથી આ ક્ષત્રિય ગ્રહસ્થે તો એજ માગ્યું કે પ્રભુ મારે ત્યાં હરિભક્ત જેવો એક પુત્ર થાય તો સારૂ!... જવાબમાં માંગેલા વરદાનની સમજુતી કરાવતા મહાદેવજીએ કહ્યું કે અરે... હરિભક્ત જેવાઓનો સંગ તો હું પણ સદાય માંગું છું. પણ તે દુર્લભ છે. એટલે કે મારા દ્વારા આપવામાં આવતા બધાય પુત્ર તો લૌક્કિ સુખ ભોગવનારા હોવાથી તે પ્રભુથી બહિર્મુખ હોય છે. એટલે હરિભક્ત જેવો પુત્ર હું તમને ક્યાંથી આપુ?.. .... સારૂ!..... આવા પુત્રની બાબતમાં હુ તમને કાલે જવાબ આપીશ. એવું કહીને મહાદેવજી સ્વપ્નમાંથી અંદ્રશ્ય થયા.

પછી ફરતા ફરતા મહાદેવજી તો પ્રભુ પાસે આવ્યા અને પુછ્યું કે પ્રભુ એક ક્ષત્રિયે મારી બહુજ ભક્તિ કરી છે અને તેથી હું તેને વરદાન આપવા તો ગયો હતો પરંતુ તેણે તો હરિભક્ત જેવો પુત્ર માંગ્યો કે જેથી આપને પુછવા આવ્યો થું કે તેના ભાગ્યમાં હરિભક્ત જેવો પુત્ર છે કે નહિ?... જવાબમાં પ્રભુએ આજ્ઞા કરી કે સારૂ... તે ક્ષત્રિયને કહો કે તારે ત્યાં હરિભક્ત જેવો પુત્ર થશે અને તે દ્વારા આખા કુટુંબનો ઉદ્ધાર પણ થશે. પ્રભુના વચનામૃતોનો વિચાર કરતા કરતા મહાદેવજી પોતાના સ્થાને ગયા. બાદ બીજા દિવસે મહાદેવજીએ સ્વપ્નમાં આ ક્ષત્રિય ગ્રહસ્થને કહ્યું કે તમે માંગેલું વરદાન આપુ છુ કે તમારે ત્યાં હરિભક્ત જેવો એક પુત્ર થશે અને તમારા આખા કુટુંબનો તે ઉદ્ધાર કરશે.... આમ આવું વરદાન આપીને મહાદેવજી સ્વપ્નમાંથી અદ્રશ્ય થતા આ ક્ષત્રિય ગ્રહસ્થ બહુજ પ્રસન્ન થયા. બાદ સમય પસાર થતા થતા પોતાની સ્ત્રીને ગર્ભ રહ્યો અને પછી સમજો કે ગર્ભના દિવસો પુરા થતા એટલે કે પુત્રનો જન્મ થવાનો દિવસ નજીક આવી પહોંચતા હરિભક્ત જેવા પુત્રનો જન્મ થયો.... અને ઘરમાં આનંદ આનંદ થઈ ગયો.

જ્યારે બીજી તરફ લીલામાં એવું બન્યું કે ચંદ્રાવલીજી અને તેમની સખી ચંદ્રિકા એમ આ બન્ને જણીઓ શ્રી યમુનાજીએ સ્નાન કરવા માટે ગઈ અને બંનેને સ્નાન કર્યું. આમ સ્નાન કરવા આવ્યા ત્યારથી તે સ્નાન કર્યું ત્યાં સુધીમાં પણ શ્રી ઠાકોરજી શ્રી યમુનાજીના કિનારે નહિ પધારેલ નહિ હોવાથી શ્રી ચંદ્રાવલીજીએ પોતાની સખી ચંદ્રિકાને કહ્યું કે શ્રી ઠાકોરજી આજે પણ શ્રી યમુનાજી ના કિનારે પધાર્યા નહીં... માટે તું જશોદાજીના ઘરે જા અને બરાબર તપાસ કરીને આવ. શ્રી ચંદ્રાવલીજીના કહેવા મુજબ સખી ચંદ્રિકા તો જશોદાજીના ઘર તરફ ચાલવા લાગી. બાદ ચાલતા ચાલતા ચંદ્રિકા સખી જશોદાજીના ઘર પાસે આવી પહોંચ્યા શ્રી નંદરાયજીના મહેલના પ્રવેશ દ્વાર પાસે શ્રી સ્વામિનીજી ઉભેલા હોવાથી ચંદ્રિકાને જોઈને શ્રી સ્વામિનીજીએ પુછ્યું કે ચંદ્રિકા, તું ક્યાં જઈ રહી છો?... વળી ચંદ્રાવલીજીને ક્યાં છે ?... જવાબમાં ચંદ્રિકાએ કહ્યું કે ચંદ્રિકાવલી ક્યાં છે તે હું જાણતી નથી! ગુપ્ત બાબતને છુપાવતી ચંદ્રિકાની વાત સાભળીને શ્રી સ્વામીનીજી એ કહ્યુ

કે જુઠુ શા માટે બોલે છે ?...શ્રી ઠાકોરજી ને બોલાવવા માટે આવી હઈશ ?...ખરેખર,તું પણ આવી... બાબતમાં બહુજ ચતુર છો.જવાબમાં ચંદ્રિકા એ કહુ કે આવી... બાબતમાં તમે ચતુર છો કે ચંદ્રાવલીજી ચતુર છે તેમાં હું કાંઈપણુ જાણતી નથી. કેબાકી હું તો શ્રી યમુનાજીએ સ્નાન કરવા ગઈ હતી અને સ્નાન કરીને મારા ઘરે પાછી જાવ છું. એમાં વળી ચતુરાઈ જેવું જેવું શું છે?.... આમ એક પ્રકારની ગર્વ તરીકેની વાત સાંભળીને શ્રી સ્વામિનીજીએ ચંદ્રિકાને કહ્યું કે ઓહોહો... આવો ગર્વ થયો છે તો જા... ભૂતલ પર પ્રગટ થઈને ભૂતલ પર રહેજે અને જ્યારે ગર્વ જતો રહે ત્યારે અહીં (લીલામાં) પાછી આવજે. આમ શ્રી સ્વામિનીજીએ આવા પ્રકારની આજ્ઞાને કારણે સખી ચંદ્રિકાને ભૂતલ પર પ્રગટ થવાનું થયેલ હોવાથી આ સખી ચંદ્રિકા અહીં ભૂતલ પર આગ્રામાં ચોપડા ક્ષત્રિય ગ્રહસ્થને ત્યા પુત્ર ભાવે પ્રગટ થઈ. એટલે સમજો કે ચોપડા ક્ષત્રિય ગ્રહસ્થને ત્યાં હરિભક્ત જેવો જે પુત્ર થયો છે તે અન્ય કોઈ જીવ નહિ પરંતુ તે શ્રી ચંદ્રાવલીજીની સખી ચંદ્રિકાનું જ સ્વરૂપ છે. આમ સખી ચંદ્રિકા અહીં ભૂતલ પર આવી ગયા બાદ શ્રી ચંદ્રાવલીજીપણ ભૂતલ પર પધાર્યા. શ્રી સ્વામિનીજી પણ પધાર્યા. શ્રી યમુનાજી પણ પધાર્યા અને શ્રી વિશાખાજી પણ પધાર્યા. અરે.... એટલું જ નહિ પરંતુ શ્રી ઠાકોરજી પણ પધાર્યા અને....

ત્યારબાદ શ્રી ચંદ્રાવલીજીની સખી ચંદ્રિકાના ગુપ્ત પ્રગટ થયેલા પુત્રને જોઈને કેમ જાણે કરેલા વ્રતનું પોતાને ફલ પ્રાપ્ત થયું હોય તેમ ક્ષત્રિય ગહસ્થ બહુજ ખુશી થયા. હવે સંતમહાત્માઓ પ્રત્યે પોતાને માન હોવાથી આ ક્ષત્રિય ગ્રહસ્થે પોતાના આ પુત્રનું "સંતદાસ" એવું નામ પણ રાખ્યુ વળી સંતદાસજીનો જન્મ ત્યારથી પિતાજીને ત્યાં લક્ષ્મી વધતી ગઈ પરિણામે વૈભવ બહુ જ વધી ગયો. પછી સમય પસાર થતા થતા ચંદ્રિકા સખીના ગુપ્ત સ્વરૂપવાળા આ....સંતદાસ પુખ્ત ઉંમરે પહોંચતા જ્ઞાતિમાં એક કન્યા સાથે પિતાજીએ સંતદાસનો વિવાહ (સગાઈ) કર્યો. અને પછી લગ્ન કરતા લગ્નના માંગલિક કાર્યના નિમિત્તે બહુ જ ધન વાપરીને આવા લૌકિક કાર્યને જગતમાં દીપાવ્યું (ઉજ્જવળ કર્યુ) હતું. અને પછી પણ સંતદાસજીને સંસાર સુખનો અનુપમ લાભ આપવામાં બાકી રાખ્યું ન હતું. આમ સંતદાસજી પોતાનું ગ્રહસ્થી જીવન વ્યતિત કરતા તો હતા પરંતુ સંપૂર્ણ રીતે વૈરાગી જેવા વિચારોવાળા સંતદાસજી પોતાનું ગ્રહસ્થી જીવન વ્યતિત કરતા તો હતા પરંતુ સંપૂર્ણ રીતે વૈરાગી જેવા વિચારવાળો સંતદાસજીએ આવા લૌકિક સુખથી સંસારમાં ચેન પડતુ ન હતુ પણ શું કરે?..... સમયની રાહ જ જોવાની રહી. આમ કરતા કરતા થોડાક સમય પસાર થશે હશે એવામાં પોતાના પિતાજી હરિશરણ થયા.

બાદ પોતાના પિતાજી હરિશરણ થયેલા હોવાથી સંતદાસજીને સુતક આવે અને સુતકરૂપેના દિવસો સમય પસાર કરવામા પોતાને કંઈક મુશ્કેલી જેવું દેખાતા પોતાની જ્ઞાતિના જ એક ક્ષત્રિયને સંતદાસજીએ કહ્યું કે મારા આ ... દિવસો પસાર થતા નથી તેથી ક્યાંય જો કથાવાર્તા થતી હોય તો સાંભળવા જઈએ. સંતદાસજીની આવી ઈચ્છાના આધારે ક્ષત્રિયએ કહ્યું કે અહીં આ કનૈયા શાલ નામના ક્ષત્રિયના ઘરે શ્રી મહાપ્રભુજી પધાર્યા છે. વળી કથા-વાર્તા પણ કહે છે કે જેથી તેમના મુખેથી કથા-વાર્તા સાંભળશો તો તેમાં તમને આનંદ આવશે અને દિવસનો સમય પણ પસાર થશે. બાકી બીજે તો કથા-વાર્તા સાંભળવા ક્યાં જવું?.... ક્ષત્રિયની આ વાત સાંભળીને સંતદાસજીએ કહ્યું કે સારૂ... તમે જ્યારે જાવ ત્યા જાવ ત્યારે મને જરૂર લઈ જજો. બાદ આ ક્ષત્રિય ત્રીજા દિવસે જ્યારે કનૈયા શાલના ઘરે જતા હતા ત્યારે સંતદાસજીને પણ સાથે લઈ ગયા. પછી કનૈયા શાલના ઘરે પહોચતા શ્રી મહાપ્રભુજીના દર્શન કર્યા અને દંડવત્ કરીને ક્ષત્રિયની સાથે સંતદાસજી પણ કથા-વાર્તા સાંભળવા બેઠા. આમ શ્રી મહાપ્રભુજીના મુખરાવિંદ દ્વારા કથા-વાર્તા સાંભળતા સાંભળતા સંતદાસજીના હૃદયમાં એવું જ્ઞાન થઈ આવ્યું કે શ્રી મહાપ્રભુજી પૂર્ણ પુરૂષોત્તમ છે. અને પછી તો સમજો કે કથા-વાર્તા સમાપ્ત થતા સંતદાસજીએ બે હાથ જોડી વિનંતી કરી કે પ્રભુ, કૃપા કરીને મને શરણે લ્યો. સંતદાસજીની આવી વાત સાંભળીને આપ બધુંય જાણતા જ હોય તેવી રીતેની આજ્ઞા કરતા કહ્યું કે સંતદાસજી... અત્યારે તો તમને સુતક આવેલું હોવાથી સૂતકના દિવસો વિત્યા બાદ તમને શરણે લઈને અમારા સેવક કરીશું. શ્રી મહાપ્રભુજીના આવા વચનામૃતોનું પાન કરતા આખરે સંતદાસજી પોતાને ઘરે આવ્યા હવે સૂતકના બાકી રહેલા દિવસો દરમ્યાનમાં શ્રી મહાપ્રભુજીના નિત્ય દર્શન કરવા આવતા અને કથા-વાર્તા પણ નિત્ય સાભળતા હતા. અરે....એટલું જ નહિ, પરંતુ નિત્ય કથા-સાંભળ્યા પછી જ પોતે ખાનપાન કરતા હતા.

આમ કરતા કરતા સૂતકના દિવસો પુરા થતા સૂતક ઉતર્યા તરીકેનું સ્નાન કર્યું અને આવા સ્નાન દ્વારા શુદ્ધ થઈને સંતદાસજી શ્રી મહાપ્રભુજી પાસે આવ્યા. દર્શન અને દંડવત્ પ્રણામ કરીને વિનંતી કરી કે કૃપાનાથજી, કૃપા કરો અને મારે ઘરે પધારીને મારા કુટુંબ સહિત મને પાવન કરો. સંતદાસજીની વિનંતીનો સ્વીકાર કરીને શ્રી મહાપ્રભુજી

સંતદાસજીના ઘરે પધારતા શ્રી મહાપ્રભુજીનો ભાવપૂર્વક સત્કાર કરીને સંતદાસજીએ પોતાના ઘરમાં પધરાવ્યા. પછી આજ્ઞા મુજબ સંતદાસજી સ્નાન કરીને આવતા શ્રી મહાપ્રભુજીએ સંતદાસજીને નામ નિવેદન (બ્રહ્મ સંબંધ) કરાવ્યું અને પછી દંડવત્ પ્રણામ કરીને ફરી એક વિનંતી કરી કે પ્રભુ આને..... પણ(પોતાની સ્ત્રીને) શરણે લીઓ.

આમ સંતદાસજી પોતીની સ્ત્રીને શરણે લેવાની વિંનતી કરતા શ્રી મહીપ્રભુજી એ આજ્ઞા કરી કે તે દેવી નથી... એટલે તેને નામ નિવેદન નહિ કરાવતા તેને માત્ર(અષ્ટાક્ષર મંત્ર)સુણાવીસ એટલે કે નામ પમાવીશ.એટલે કે "તમારી સંગથી" કૃતાથ થશે. આવી આજ્ઞા કરીને શ્રી મહાપ્રભુજી એ સંતદાસજીની સ્ત્રીને નામ સુણાવ્યુ. આમ પોતપોતાના વલણ તરીકેનું કાર્ય સિધ્ધ થયા બાદ સંતદાસજીએ શ્રી મહાપ્રભુજી ને વિનંતી કરી કે રાજ, હવે મારે શું કરવુ ?.. શ્રી ચદ્રાવલીજીની સખી ચંદ્રીકાના ગપ્ત સ્વરૂપવાળા આ સંતદાસજીની આવી વાત સાભળી ને શ્રી મહાપ્રભુજીએ સહેજ ...વિચાર કર્યા પછી શ્રી ઠાકોરજીના સેવા-અર્થે શ્રી નવનીપ્રિયાજીનું પ્રસાદી વસ્ત્ર સેવામાં પધરાવી આપ્યું.વળી આ રીતે ની શ્રી ઠાકોરજી ની સેવા પધરાવી આંપીને સંતદાસજીના ઘરે જ શ્રી મહાપ્રભુજી એ પોતે પાક-સામગ્રી સિધ્ધ કરીને ભોગ ધર્યો તેમજ સમય અનુસાર ભોગ સરાવીને ભોજન કર્યુ. આમ ભોજન કર્યા પછી સંતદાસજી તેમજ તેમની સ્ત્રી એમ બનેં ને શ્રી મહાપ્રભુજી એ જુઠણ ની પાતળ ધરતા બન્ને ને મહાપ્રસાદ લીધો અને....

પછી શ્રી મહાપ્રભુજી જયારે અકાંતમાં એકલા બિરાંજતા હતા ત્યારે એકાંતનો મોકો જોઇને સંતદાસજી શ્રી મહાપ્રભુજી પાસે ગયા અને દંડવત્ પ્રણામ કરીને ચરણારવિંદ પાસે બેઠા. બાદ પોતાના હૃદયમાં છુપાવેલા ભાવને પ્રગટ કરતા સંતદાસજીએ વિનંતીથી કહ્યું કે પ્રભુ, મારા ઉપર એવી કૃપા કરો કે આ સંસારમાં આવી પડ્યો તો છું પરંતુ સંસારતા લૌકિક સુખદુઃખ કે લૌકિક આવરણો મને બાધક ન થાય.... આપનું સ્વરૂપ હૃદયારૂઢ થાય..... પુષ્ટિમાર્ગીય ફલની પ્રાપ્તિ થાય એટલે કે આ દેહથી ઠાકોરજી અનુભવ જણાવે.... વળી મારી પાસે ધન ઘણું છે કે જેથી તે ધનને માટે મારે શું કરવું?.... સંતદાસજીની આવી વાત સાંભળીને જવાબ અર્થે શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે તમે જરાય ચિંતા કરશો નહિ. તમે દેવી છો તેથી થોડાક સમયમાં જ તમારૂં મન સંસારમાંથી છુટી જઈને શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં દ્રઢ થશે. વળી તમારા ઉપર હું પ્રસન્ન છુ તેથી તમને લૌકિક કંઈ પણ બાધક નહિ તાય અને પછી સમજો કે વિવેકધર્યાશ્રદ્ધાથી ધર્મ ભાવના રહેશો. આમ આવી આવી આજ્ઞાઓ કરીન્ સ્વમાર્ગીય રહસ્યરૂપેની બીજી વાતોના સિંચન દ્વારા સંતદાસજીને સ્વમાર્ગીય રહસ્યનું પાન કરવ્યું. બાદ આવા એકાતના સમયે રહસ્ય તરીકે સર્વ સિદ્ધાંત સંતદાસજીના હૃદયમાં સ્થાપન કરતા સંતદાસજી "રસરૂપ" બની ગયા. આમ થોડાક દિવસો સંતદાસજીના ઘરે બિરાજીને સંતદાસજી પ્રત્યે જે કાર્ય કરવાનું હતુ તે કાર્ય સિધ્ધ કરાવીને શ્રી મહાપ્રભુજી અડેલ તરફ વળ્યા.

ત્યારબાદ સંતદાસજીના પલટાયેલા જીવનમાં ન બનવા જેવુ બનવા લાગ્યું. એટલે કે શ્રી મહાપ્રભુજી અડેલ તરફ પધાર્યા. બાદ ધંધા અર્થે જે મોટી પોતાની પેઢી ચાલતી હતી તેને સંકેલીલેવાની ભાવનાએ પેઢીમાં કામ કરનારા બધાય માણસોને એકપછી એક એમ સૌને છુટા કરી દઈને ધંધો બંધ કરી દીધોને ધંધાને લગતી દરેક વસ્તુઓ તરછોડી દીધી અને પોતાની પાસે પૂંજી તરીકે જે ધન હતું તેમાંથી શ્રી ઠાકોરજીની સેવા અર્થે થોડુંક ધન રાખીને બાકીના ધનમાંથી સોના-ચાંદીના આભૂષણો બનાવીને થોડાક ઘરમા રાખીને કેટલાક શ્રીનાથજીને ત્યાં તેમજ કેટલાક શ્રી મહાપ્રભુજીને ત્યાં મોકલી આપ્યા. આવું આવુ કર્યા પછી પણ બચેલા ધનને ભેટ તરીકે અર્પણ કરીને મહાપ્રભુજીને ત્યાં મોકલી દીધું. હવે ઠાકોરજીના સેવાઅર્થે પોતાની પાસે રાખેલ ધનમાંટે પણ એવું કરતા હતા કે નિત્ય નવી નવી સામગ્રી બનાવી બનાવીને શ્રી ઠાકોરજીને આરોગાવતા હતા અને પછી વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવતા હતા.અરે એટલું જ નહિ પરંતુ રાત્રે પોતાને ત્યાં થતા ભગવદ્ વાર્તાઓમાં જે વૈષ્ણવો આવતા હતા તેઓને પણ મહાપ્રસાદ વાટતા હતા.આમ કરતા કરતા આખરે જ્યારે ધન ઓછુ થઈ ગયું ત્યારે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાને યાદ કરતા પોતાને બહુજ આનંદ થયો અને વળી વિચારતા હતા કે જેની વસ્તુ હતી ત્યાં બધી પહોંચી ગઈ.એટલે આ બધુ ધન શ્રી ઠાકોરજીનું હતું અને શ્રી ઠાકોરજીની સેવામા વપરાયું. બાદ નિષ્કંચન એટલે કે ગરીબાઈ જેવી દશાએ સંતદાસજી પાસે ચોવીસ આનાના ચોથા ભાગની ચોવાસ ટકાની (ચોવીસ પૈસાની) પુંજી બાકી રહી કે જે માત્ર ચોવીસ ટકાની બાકી રહેલી પુંજી દ્વારા જ પોતાનો નિર્વાહ કરવાનો રહ્યો!....

હવે વિચાર કરો કે આમ બાકી રહેલી ચોવીસ ટકા જેવી પુંજીમાં શું થઈ શકે?.... છતાંય વિશ્વાસ એક મહાન વસ્તુ છે એટલે જો વિશ્વાસ હોય તો પ્રભુ કંઈને કંઈ રસ્તો બતાવે છે.

બાદ પોતાની પાસે રહેલી માત્ર ચોવીસ ટકાની પુજીમાં મારી નિર્વાહ કઈ રીતે કરુ?.... એવો વિચાર કરતા કોડી લાવીને વેચું એવો વિચાર કરીને શ્રી ઠાકોરજીની સેવાના કાર્યમાંથી પરવાર્યા પછી એક મોટા વેપારીને ત્યાં જઈને

સંતદાસજી કોડી લાવ્યા અને પછી સેઉની બજારમાં ગયા અને જ્યાં એક જગ્યાએ બેસવાનુ નક્કી કરીને એક એક ટકામાં એક એક ઢગલી વેચાય એવી રીતે લાવેલ બધીય કોડીઓ નાની નાની ઢગલીઓ કરીને સંતદાસજી કોડી વેચવા માટે સેવની બજારમાં રસ્તા ઉપર બેઠા. પછી કોડી લેનારા આવીને કંઈ પુછે તો સંતદાસજી આંગળીના ઈશારાથી સમજાવતા કે એક ઢગલીઓ એક ટકો એટલે કે કોઈની સાથે કંઈ પણ નહિ બોલતા શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ કરે અને મૌન બેસી રહે. પછી કોડી લેવા આવનારા સૌ સમજી પણ ગયા કે આ સોઈ સંત મહાત્માજી છે જેથી મૌન રહીને કોડી વેચે છે.... પછીજેને જેને કોડી લેવી હોય તે એક એક ટકો મુકી જાય અને કોડીની એક એક ઢગલી લઈ જાય. આમ કરતા કરતા સંતદાસજી એક પહોર અને ચાર ઘડિ કે લગભગ સાડાચાર કલાક બજારમાં બેસી રહીને અઢી ટકા જેટલું કમાયા હોવાથી આમ આવી અઢી ટકાની કમાઈ કરીને ઘર તરફ જવાને વિદાય થયા. હવે આ સમયે અનાજ વિગેરે બહુજ સસ્તુ હતુ કે જેથી ઘર તરફ જતા જતા અડધા ટકાના એક શેર ચણા અડધા ટકાની ચણાની દાળ એક ટકાના દોઢશેર ઘઉં અને બાકી રહેલા અડધા ટકામાંથી બીજી જે સામગ્રી આવી તે લીધી. આમ આ રીતે શ્રી ઠાકોરજીની સેવા અર્થે જે જે સામગ્રીની જરૂર હતી તે તે સામગ્રી બજારમાંથી લઈને સંતદાસજી ઘરે આવ્યા. ઘરે આવીને સામગ્રી સિદ્ધ કરતા કરતા ઉત્થાપનનો ભોગ ધર્યો અને રીતી અનુસાર શ્રી ઠાકોરજીને સેવા અર્થે શંયન કરાવીને સ્ત્રી પુરૂષ એં બંને જણા ઓએ મહાપ્રસાદ લીધો. તે પછી પોતાના ત્યાં નિત્ય ભગવદ્ વાર્તા થતી હોવાતી રાત્રિ થતા ભગવદ્ વાર્તા સાંભળવા માટે ગામમાંથી વૈષ્ણવો આવવા લાગ્યા. પછી ભગવદ્ વાર્તા પુર્ણ થતા આવેલા સૌ વૈષ્ણવોને ચણાની દાળનો મહાપ્રસાદ વાટ્યો. આમ ભગવદ્ વાર્તામાં આવેલા સૌ વૈષ્ણવો ચણાની દાળનો મહાપ્રસાદ લેતા આ ચણાની દાળનો મહાપ્રસાદ માં સૌને અલૌકિક સ્વાદ આવ્યો હોવાથી સૌ વૈષ્ણવો આ ચણાની દાળના મહાપ્રસાદની પ્રસન્નતા કરતા કરતા અને જય કૃષ્ણ બોલાવતા સૌ પોત પોતાને ઘરે ગયા. બાદ વૈષ્ણવોની આવી પ્રસંન્નતાથી સ્ત્રી-પુરૂષ એમ બન્ને જણાએ અલૌક્કિ આનંદ સાગરમાં ડુબકીઓ મારતા મારતા સૂઈ ગયા... અને પછી સમજો કે સંતદાસજી પોતાના રોજનો જીવન નિર્વાહ આ રીતે જ કરતા કરતા હતા. અરે એટલું જ નહિ પરંતુ હૃદયના અલોક્કિ ભાવથી શ્રી ઠાકોરજીની તેમજ વૈષ્ણવોની સેવા કરતા હોવાથી સંતદાસજી એક મહાન પુરૂષ છે એવું ગામના સૌ કોઈ માનવા લાગ્યા હતા.

હવે આગ્રા શહેરમાંજ એટલે કે સંતદાસજીના આ ગામમા જ એક સદગૃહસ્થ વૈષ્ણવ રહેતા હતા. વળી તે બહુ જ ધનવાન હોવાથી ગામના શેઠ તરીકે પ્રખ્યાત હતા તેઓ ના ઘરે પણ ભગવદ્ સેવા થતી હતી તેમજ તેઓ ના ઘરે રોજ રાત્રે ભગવદ્ વાર્તા પણ થતી હતી. અરે.... એટલું જ નહિ પરંતુ અહંકાર રૂપેના ભગવદીય પણાનો કેવળ એક પ્રભાવ બતાવવા અર્થે પોતાના ઘરે થતી ભગવદ વાર્તા સાંભળવા માટે જે જે વૈષ્ણવો આવતા હતા તે બધાને વાર્તા પ્રસંગો પૂરા થયા બાદ તેઓ મહાપ્રસાદમાં થોર લાડુનો પ્રસાદ વાટતા હતા... વળી સમાજમાં મને ભગવદીય કહે... સમાજ માં મારી કિર્તિ વધે... સમાજ માં હું પણ કંઈ ક છું.... એવી ભાવનાએ પોતે પોતાનુ જીવન વ્યતિત કરી રહ્યા હતા. પરંતુ આ શેઠ જાણતા નહિ હોય કે સમાજ માં ભગવદીય કહેવડાવું સહેલું છે પણ ખરેખર ભગવદીય થવું મુશ્કેલ છે... એતો પ્રભુની પૂર્ણ કૃપા હોય તો ખરેખર ભગવદીય થવાય. વળી કિર્તી કે ખોટી મોટાઈ મેળવવા મસ્ત થઈને જીવન જીવી રહેલા આ શેઠ બિચારા જાણે પણ શું કે ગંદા પાણીથી ખાબોચીયા માં રહેતા દેડકા જેવો પણ હું નથી....

થોડાક સમય વિત્યા બાદ-

સમાજની દ્રષ્ટિએ ભગવદીય જેવ આ શેઠ ના સાંભળવામાં આવ્યું કે સંતદાસજી પણ એક પરમ ભગવદીય છે વળી શ્રી મહાપ્રભુજીના પરમકૃપા પાત્ર છે. વળી તેમના ઘરે પણ રાત્રે નિત્ય ભગવદ વાર્તા થાય છે વળી કેટલાક રસીક વૈષ્ણવો તેમને ત્યાં પધારે છે. આમ આવું સાંભળેલ હોવાથી પોતાને પણ ભાસ થયો કે સંતદાસજીના ઘરે ઘણાય રસિક વૈષ્ણવો પધારે છે. અને સૌ સંતદાસજીના ઘરે અલૌક્કિ લાભ લે છે તો હું પણ તેવા સત્સંગનો લાભ લેવા માટે ત્યાં જાઉં અને જોવું કે કેવો રસ આવે છે?.... આમ આવો વિચાર કરીને સંતદાસજીના ઘરે જે સમયે ભગવદ્ વાર્તા થઈ રહી હતી તે સમયે પોતાની વાહ વાહ કરનારા ત્રણ ચાર વૈષ્ણવોને સાથે લઈને શેઠ સંતદાસજીના ઘરે આવ્યા પછી પ્રભુની નિકુંજ જેવા સંતદાસજીના ઘરે પ્રવેશ કરીને દ્રષ્ટિ કરે છે તો સામે ચોકમાં સંતદાસજી બેઠેલા છે.બાજુમાં પ્રગટેલો એક દિવો છે. સંતદાસજી વાર્તા પ્રસંગો કહી રહેલા છે. સંતદાસજીની જમણી બાજુએ પુરૂષ વર્ગ બેઠેલો છે અને ડાબી બાજુએ સ્ત્રી વર્ગ બેઠેલો છે. વાર્તા સ્થાનમાં બીલકુલ શાન્તિ પ્રસરેલી છે. નાના નાના બાળકો પણ ધાંધલ મચાવ્યા સિવાય આનંદથી બેસી રહ્યા છે નિદ્રાદેવીને પોત પોતાને ઘરે મુકીઆવેલા સૌ રસિક વૈષ્ણવો ભગવદ્ વાર્તાના રસમય પ્રસંગો એક ચિત્તે સાંભળી રહ્યા છે. વળી કોણ આવે છે અને કોણ જાય છે તેની પણ કોઈને ખબર નથી એટલે કે જે કોઈ વૈષ્ણવો આવતા હોય તે

બધાય જ્યા જગ્યા દેખાય છે ત્યા બેસતા જાય છે... આમ આવા પ્રકારનુ વાતાવરણ જોઈને શેઠ ચક્તિ તો થઈ જાય છે પરંતુ પોતે શ્રીમંત હોવાથી કોઈએ સન્માન નહિ કરતા પોતાની લજ્જા આવી કે અરે મને કોઈ આવો.... બેસો..... પણ કહેતુ નથી. અરે આવો વિવેક પણ નહિ ખેર... હવે આવ્યો છુ તો બેસું તો ખરા!.... આમ પોતાના મનમા ને મનમાં આવુ વિચારીને શેઠ તો એક જગ્યાએ બેઠા અને પછી તો સમજો કે ચાલી રહેલી વાર્તા પ્રસંગમાં પોતાને કંઈ સમજણ નહિ પડતા પોતાને રસ જેવું કંઈ દેખાયુ નહિ આખરે નિરસ જેવા આ શેઠને ઉંઘ આવી જતા ઝોકા ખાવા લાગ્યા.

હવે બિચારા શેઠ જાણે પણ શું કે આવકાર ક્યાં મળે?.... સન્માન ક્યાં થાય?... વાહ વાહ કોણ કરે ?.... આવો બેસો કહેવાનું ક્યા હોય?... શોભા રૂપેના દીવાના અજવાળા ક્યા દેખાય ?.... પણ આતો શ્રી મહાપ્રભુજીના પરમકૃપાપાત્ર અને તે પણ પરમ ભગવદીય નું ઘર છે... એટલે સમાજમાં રાખવામાં આવતો રંક રાય તરીકેનો ભેદભાવ અહી ન હોય.... અહી તો સૌ સમાન જ હોય. ટુંકમાં કે ભગવદ ભક્તો નિસ્વાર્થી હોવાથી તેઓની દ્રષ્ટિમાં તો સૌ સમાન જ હોય એટલે જેઓ ખરેખર ભગવદ્ ભક્તોની કોટીમાજ છે તેવા ભગવદ ભક્તોને ત્યા વળી લૌક્કિ આમંત્રણ કેવુ ?.... લૌક્કિ સન્માન કેવુ?.... લૌક્કિ વાહ વાહ કેવી ?. .. લૌક્કિ અજવાળા કેવા?... લૌક્કિ વાતો કેવી ?... લૌક્કિ ભાવ કેવો?... કે પછી લૌક્કિ સંબંધ કેવો?... એટલે ટુંકમાં વૈષ્ણવ તરીકે નો સાચો વિવેક તો એ કહેવાય કે ભગવદ વાર્તાના સ્થાનમાં ગયા પછી નાના મોટા જેવુ કંઈ પણ નહિ માનતા જ્યા જગ્યા મલી ત્યા બેસી જાવ અને સૌની સાથે ભગવદ્ સ્વરૂપેના પ્રસંગો એકચિત્તે સાંભળો. વિશેષ શું ?....

તે પછી સંતદાસજીએ જોયું કે ભગવદ્ વાર્તા સાંભળવા માટે ફલાણા શેઠજી આ... ઘરમાં આવ્યા છે. પરંતુ ભગવદ્ ઈચ્છા માનીને સંતદાસજીએ તો પોતાનુ કાર્ય ચાલુ જ રાખ્યુ હતુ અને પછી સમજો કે ભગવદ્ વાર્તા પૂરી થઈ અને કિર્તન વિગેરે બોલાઈ જતા ફરસાણ તરીકે ચણાની દાળનો પ્રસાદ આવેલા સૌ વૈષ્ણવોને સંતદાસજીએ વાટ્યો. વળી એ પણ ખરૂ કે વૈષ્ણવો વૈષ્ણવોમાં કોઈપણ જાતનો ભેદભાવ નહિ રાખતા આજે વાર્તા સાંભળવા આવેલા પેલા સદગૃહસ્થ શેઠજી કે જે ઉંઘતા હતા તેમને જગાડીને તેમને પણ સંતદાસજીએ એજ ચણાની દાળનો પ્રસાદ આપ્યો. આમ વૈષ્ણવ થઈને નહિ પરંતુ પોતે જેને ભગવદીય માનતા હતા તેવા સંતદાસજીનુ અપમાન કરીને કહેવા લાગ્યા કે પરમ ભગવદીય જેવા સંતદાસજીએ આ. .. શું પ્રસાદ આપ્યો છે?... આમ આવું કહીને પોતાની સાથે આવેલા વૈષ્ણવો સહિત શેઠજી ઉઠીને ચાલી ગયા. અરે એટલુ જ નહિ પરંતુ ઉઠીને પોતાના ઘરે જવા માટે જોડા પહેરતા પહેરતા હાથમાં રાખેલા મહાપ્રસાદને રસ્તામાં એટલે કે સંતદાસજીના ઘરની બહાર જમીન ઉપર ફેંકી દઈને જતા રહ્યા. આમ વૈષ્ણવો અને મહાપ્રસાદનું એમ બંન્ને સ્વરૂપોનું અપમાન કરીને સમાજની દ્રષ્ટિએ કહેવાતા પરમ ભગવદીય આ શેઠજીએ તો ગયા તે ગયા પછી પાછા દેખાયા નહિ. ટુંકમાં સંતદાસજી જેવા ભગવદીય નો સંગ સંતદાસજીના ઘર જેવી રજ, સંતદાસજીના જેવા ઘરનો મહાપ્રસાદ વિગેરે તો તેઓને જ મલે કે જેઓએ પ્રભુએ કંઈક.... વિચાર્યું હોય !.... બાકી પ્રભુએ જેઓને અંગીકૃત તરીકે એટલે કે પોતાના માન્યા હોય તેવા વૈષ્ણવોના ઘરે તેવા વૈષ્ણવો પાસે શેઠ થઈને કે જ્ઞાની થઈને કે અહંકારી થઈને જઈએ તો કંઈ ના મલે... બાપા. .. કંઈ ના મલે. આ તો દાસ બની જઈને અને સર્વસ્વ અર્પણ કરી ને રહીએ તો બધુય મલે... હા હા તો બધુય મલે.

જ્યારે બીજી તરફ શ્રી ઠાકોરજીના આજ્ઞા મુજબ સંતદાસજીના પિતાજીને અગાઉથી જે મહાદેવજીએ હરિભક્ત જેવા પુત્રનું વરદાન આપેલું હતુ તે જ મહાદેવજી કોઈ જાણે નહિ તેમ ગુપ્ત સ્વરૂપે હરિભક્ત જેવા આ સંતદાસજીના ઘરે રોજ ભગવત વાર્તા સાંભળવા આવતા હતા. તેમજ ભગવદ વાર્તા પૂર્ણથાય કે તરત જ પોતે જતા રહેતા હતા. પરંતુ આજે તો એવું બન્યુ કે પેલા શેઠજી ભગવદ્ વાર્તા સાભળવા માટે આવેલા અને પછી જતા જતા પરસાદ જમીન પર ફેંકી દીધેલ હોવાથી વાર્તા સાંભળવા રોજ આવા આ મહાદેવજી કે જે બહાર ઉભા હતા તે જોઈ ગયા અને પછી જમીન પર વેરાયેલા દાણા વિણી વિણીને ખાવા લાગ્યા.... હવે સંતદાસજીના ઘરે આવેલ વૈષ્ણવો ભગવદ્ સ્મરણ કરી કરીને સૌ કોઈ પોત પોતાને ઘરે જઈ રહેલા હતા આવામાં જમીન પર વેરાયેલા પ્રસાદના દાણા વીણીવીણીને ખાઈ રહેલી અજાણી વ્યક્તિને જોતાની સાથે જ ચોર.. . ચોર... ચોર.... એમ સૌએ બુમાબુમ કરીને આ અજાણી વ્યક્તિને પકડી પાડી. આમ ચોર... ચોર... તરીકેનો થતો અવાજ સાંભળીને સંતદાસજી બહાર આવ્યા અને સૌને કહ્યું કે ચોર... ચોર.... ન કહો. જ્યા ભગવદ્ વાર્તા થતી હોય ત્યા ચોર વળી શા માટે આવે? બાદ સંતદાસજીએ અજાણી વ્યક્તિને પુછ્યું કે તમે કોણ છો?... વિવેક ભરેલા વચનો સાંભળીને જવાબમાં આ અજાણી વ્યક્તિએ કહ્યું કે હું ચોર નથી... હુ મહાદેવજી છું.... વળી તમારા જેવા હરિભક્તના ઘરે થતી વાર્તા સાંભળવા માટે હું નિત્ય આવ્યા કરૂ છું. વળી ભગવદ વાર્તા પૂર્ણ

થયા પથી તમે સૌને પ્રસાદ તો આપો છો પરંતુ તમારા ઘરનો પ્રસાદ મને કદી પણ મલ્યો ન હતો કે જેથી શ્રી ઠાકોરજીના સાક્ષાત્ અધરામૃત રૂપેનો પ્રસાદ લેવાની ઈચ્છા મને બહુ જ થયા કરતી હતી. પરંતુ તેવો... પ્રસાદ મને મલવાનો હોય ત્યારે મલે ને?...

આમ કરતા કરતા ઘણા દિવસે આજે અહીં જે શ્રીમંત સદગૃહસ્થ શેઠ આવ્યા હતા તે શેઠને કઈ પ્રભુ પ્રેરણા થવાથી શેઠને ભગવદ વાર્તા સાંભળનાની ઈચ્છા થતા તે શેઠ આજે અહીં ભગવદ્ વાર્તા સાંભળવા માટે આવ્યા હતા અને તેમના દ્વારા મારા પર આ .... રીતે કૃપા થઈ એટલે કે તમારા જેવા હરિભક્તને તે શેઠને પ્રસાદ આપ્યો અને શેઠને તે પ્રસાદ પ્રત્યે અભાવ જણાતા પ્રસાદ જમીન પર ફેંકી દીધો અને મારા જેવા ના ભાગ્યમાં તે પ્રસાદ હશે કે જેથી ફેંકી દીધેલો પ્રસાદ આમ વીણીવીણીને હજુ તો હું ખાતો હતો એવામાં ચોર સમજીને બધાયે મને પકડી લીધો. આમ ભગવદ્ વાર્તા સાંભળતા સાંભળતા ભગવદ્ રસના આવેશવાળા વૈષ્ણવો મને આવી રીતે જે.... સ્પર્શ થયો તે પણ શ્રી ઠાકોરજીની મારા પર કૃપા જ થઈ હોય એવું જ હું માનુ છું. નહિતર મારા જેવાને માટે આવા વૈષ્ણવોનો સ્પર્શ પણ ક્યાં હોય ?... એટલે વિશેષ શું કહુ?.... ટુંકમાં એટલું જો કંઈક... કૃપાથઈ હોય તો તેતમારા જેવા હરિભક્તની મને થોડીકૃપા આ સૌ વૈષ્ણવોની અનેં સંપૂર્ણ કૃપા જો થઈ હોય તો આ શેઠની કારણકે જો શેઠે પ્રસાદ ફેંકી દીધો જ ન હોત તો મને હરિભક્ત જેવાના ઘરનો મહાપ્રસાદ ક્યાંથી મલવાનો હતો?.... મહાદેવજીના આવા વચનો સાંભળીને સૌ વૈષ્ણવોના અતિ આનંદ થયો. અરે... એટલુ જ નહિ પરંતુ સાક્ષાત્ મહાદેવજી પણ સંતદાસજીના ઘરે ભગવદ વાર્તા સાંભળવા માટે આવતા હતા કે જાણીને સંતદાસજીના સ્વરૂપ પ્રત્યેનો અલૌક્કિ પ્રભાવ પણ સૌ વૈષ્ણવોને સમજાયો.

બાદ શ્રી મહાપ્રભુજી ના સેવક તરીકેઆ સંતદાસજી ઉપર શ્રી ગુસાઈજી પણ બહુ જ પ્રસન્ન રહેતા હતા. કે જેથી શ્રી ગુંસાઈજી જયારે જયારે આગ્રા પધારે ત્યારે ત્યારે બોલાવ્યા સિવાય સંતદાસજી ઘરે પધારતા હતા. આમ શ્રી ગુંસાઈજી પોતાના ઘરે જેટલા દિવસ બિરાજે તેટલા દિવસ "તન મન ધન તરીકે પોતાનું સર્વસ્વ અર્પણકરીને"સંતદાસજી તથા તેમની સ્ત્રી એમ બન્ને જણાઓ શ્રી ગુસાઈજીના સેવાનો અનુપમ લાભ લેતા હતા.આમ આવા પ્રકારના સંજોગો માં પણ સંતદાસજી પાસે રહેલી ચોવીસ ટકાની પુંજીમાંથી જીવન વ્યતિત કરતા કરતા જીવનના ઘણાય વર્ષો પસાર થઇ ચુકેલા હોવા છતાય ચોવીસ ટકાની પુંજી એમને એમ રહી છે. એટલે કે તે પુંજીમાંથી થતી કમાઇ દ્વારા જ પોતાનો નિર્વાહ કરી રહ્યા હતા. પરિણામે સંતદાસજીના આવા અલૌકિક પ્રકારના જીવનથી ગામના સૌ વૈષ્ણવૌ સંતદાસજી તથા તેમના સ્ત્રી એમ બન્નેના સદ્‌ગુણની પ્રશંસા કરતા હતા.

થોડાક દિવસો બાદ-

આમ ચોવીસ ટકાની પુંજી દ્વારા કમાઈ તરીકે આવતા માત્ર અઢી ટકાથી સંતદાસજી પોતાનો નિર્વાહ કરે છે તેવા સમાચાર ગૌડ દેશના રહેવાસી એક નારાયણદાસજી ના સાભળવામાં આવતા નારાયણદાસજી વિચાર કરવા લાગ્યા સંતદાસજી ને ભગવદ સેવામાં ધનનો બહુજ સંકોચ રહેતો હશે... આમ નારાયણદાસજીએ આવુ વિચારીને સંતદાસજી ઉપર પત્ર લખ્યો અને સાથે સાથે મહારો ની હૂંડી લખી ને પત્ર સાથે રાખી બાદ કાસદને બોલાવીને કહ્યું કે આ પત્ર સંતદાસજીને આપીઆવો. નારાયણદાસજીના કહેવા મુજબ કાશટ તો આગ્રા ગયો અને સંતદાસજીના ઘરે જઈને સંતદાસજીને આપ્યો બાદ પત્ર સાથે મહારોની હૂંડી જોઈ તેમજ સંતદાસજીએ પત્ર વાચ્યો અને વિગત જાણીને સંતદાસજીને આવેલા કાસદને મહેનતાણા તરીકે એક ટકો આપ્યો. અનેસાથે સાથે નારાયણદાસજી ઉપર પત્ર પણ લખી આપ્યો કે ભાઈજી... તમે મહારોની હૂંડી સાથે લખી મોકલેલો પત્ર મલ્યો છે પત્ર વાંચી વિગત જાણી છે જવાબમાં લખવાનું કે મને સુખી કરવા માટે મહારોની હૂંડી મોકલી પરંતુ તમારી આવી ખરેખર તમારી ઉદારતા તરીકેની વૈષ્ણવતા દેખાડી પરંતુ તમારી આવી પ્રભુતાના કારણે અઢી ટકા જે હુ કમાઉં છું તેમના થી એક ટકો કાસદને આપતા અમારે ત્યા બિરાજતા શ્રી ઠાકોરજીના રાજભોગની એક દિવસની નાગા થઈને એટલે કે રાજ ભોગની સામગ્રીના દ્રવ્યનો આમ બીજી રીતે ઉપયોગ થઈ જતા રોજભોગની સિવાય ની સેવા થઈ... એટલે હવે પછી આવી કૃપા કદીપણ કરશો નહિ. વળી આવા પ્રકારે આવતુ દ્રવ્ય મારે ત્યા રાખવું અયોગ્ય હોવાથી તમે મોકલીલે હૂંડી મે ગુસાંઈજીને મોકલી આપી છે. વી... વી... જય શ્રી કૃષ્ણ. આમ આવે પત્ર લખીને સંતદાસજીએ કાસદને આપીને કહ્યુ કે આ પત્ર નારાયણદાસજીને આપજો. પછી તો પત્ર લખીને સંતદાસજીએ કાસદને આપીને કહ્યું કે આ પત્ર નારાયણદાસજીને આપજો. પછી કાસદતો પત્ર લઈને નારાયણદાસજી પાસે આવ્યો અને સંતદાસજીએ આપેલો પત્ર નારાયણદાસજીને આપ્યો.

બાદ અતિ હર્ષ પામેલા એવા નારાયણદાસજી પ્રથમ તો બહુ જ પ્રસન્ન થયા અને પછી પોતાના હૃદયમાં બહુ જ દુઃખ થયું કે ધનના પ્રભાવમાં અંજાઈ જઈને મેં આ શું કર્યું?ખરેખર આ મારી ભૂલ થઈ કે આવુ ન કરવા જેવુ કાર્ય મેં કર્યુ.,.. પ્રભુ .... પ્રભુ .... હવે શું થાય?.... મને ક્ષમા કરો.... પ્રભુ... મને ક્ષમા કરો. આમ કલ્પાંત કરતા કરતા નારાયણદાસજી કહેવા લાગ્યા કે સંતદાસજી તેમને ધન્ય છે... ધન્ય છે.

હવે પોતાની પાસે રહેલ શ્રી ઠાકોરજીની ચોવીસ ટકાની પુંજી નો આશ્રય પણ નહિ રાખનાર સંતદાસજી આવા અન્ય કોઈના દ્રવ્યનો આશ્રય તો કરે જ ક્યાં થી?.... આમ પ્રભુ સિવાય અન્ય કોઈ વસ્તુનું આશ્રય નહિ કરનાર સંતદાસજીએ તો નારાયણદાસજીએ મોકલેલી હૂંડી શ્રીમદ ગોકુલમાં બિરાજતા ગુસાંઈજીને મોકલી આપી અને સમજો કે તે હૂંડી શ્રીમદ્ ગોકુલ માં ચંપાભાઈ ભંડારી પાસે આવી પહોંચતા ચંપાભાઈ ભંડારીએ શ્રી ગુસાઈજી પાસે આવી વિનંતી કરતા કહ્યું કે રાજ, ગૌડ દેશના રહેવાસી નારાયણદાસજીએ મહોરોની એક હૂડી સંતદાસજીને મોકલી હતી.... પરંતુ સંતદાસજીએ તે હૂંડી નહિ રાખતા આપને મોકલી છે ચંપાભાઈ ભંડારીની આ વાત સાંભળીને શ્રી ગુસાંઈજીએ શ્રીમુખે આજ્ઞા કરતા કહ્યું કે હે ભગવદીય વૈષ્ણવોને આવા દ્રવ્યનો આશ્રય ન હોય....તેઓને તો કેવળ પ્રભુનો આશ્રય હોય.... એટલે કે સંતદાસજીતો શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક છે. કે જેથી વૈષ્ણવનું આવુ.... દ્રવ્ય કેમ રાખે?... આમ આવી આજ્ઞા કરીને શ્રી ગુસાંઈજીએ સંતદાસજીની સરાહના કરી. હવે વિચાર કરો કે કર્યા આ સંતદાસજીની ભાવના અને ક્યાં હાલના કહેવાતા જીવોની ભાવના !.... ખેર, જેની જેવી ભાવના અને જેનુ જેવુ વલણ.

ત્યારબાદ શ્રી ગુસાંઈજીએ ગોકુલ વાસ કર્યા પછી શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ તેમજ શ્રી ગુસાંઈજીનો પ્રાકટ્ય જન્મ દિવસ જ્યારે જ્યારે આવતો હોય ત્યારે ત્યારે શ્રી ગુસાંઈજીના દર્શન કરવા માટે સંતદાસજી શ્રીમદ ગોકુલ જતા હતા. અને થોડાક દિવસ શ્રીમદ ગોકુલમાં રહીને અને જે કંઈ પ્રાપ્ત કરવાનું હોય તે પ્રાપ્ત કરીને પાછા આગ્રા આવી જતા હતા.

બાદ સમયની ગતિએ સમય પસાર થઈ રહ્યો છે અને પછી.... સમજો કે એક દિવસ દામોદરદાસ હરસાનીની બરોબર શ્રી ગુસાંઈજીના સેવક ચાચા હરીવંશજી આગ્રા આવ્યા. હવે ચાચાહરિવંશજી આગ્રામાં જ્યારે આવ્યા ત્યારે સવારનો સમય હતો અને શહેરમાં પ્રવેશ કરીને હજુ તો છારછુ દરવાજે થઈને સંતદાસજીના ઘર તરફ જઈ રહ્યા હતા. આવા માં છારછું દરવાજા માંજ રૂપચંદનંદાનો સમાગમ થઈ જતા અરસપરસ બન્નેએ ભગવદ સ્મરણ કરીને અલૌક્કિ આનંદ અનુભવ્યો. બાદ રૂપચંદનંદાએ ચાચા હરિવંશજીને વિનંતી કરી કે આજે તો મારા ઘરે જ ચાલો. જવાબમાં ચાચા હરિવંશજીએ કહ્યું કે ના.... હું તો સંતદાસજીના ઘરે જ જઈશ અને ત્યાં જ રહીશ આ વાત સાંભળીને રૂપચંદનંદાએ વિશેષ આગ્રહ કરતા કહ્યું કે સંતદાસજીના ઘરે તો હંમેશા જાઓ છો ને.... પરંતુ આજે તો મારા ઘરે આવો અને મારુ ઘર પાવન કરો. દાસત્વથી ભરેલા રૂપચંદનંદાના આવા આગ્રહને વશ થતા ચાચહરિવંશજી સંતદાસજીના ઘરે જવાને બદલે રૂપચંદનંદાના ઘરે ગયા કે જ્યા જઈને સ્નાન જેવા કાર્યો કરીને અને પ્રસાદ લઈને પરવાર્યા અને....

જ્યારે બીજી તરફ ચાચાહરિવંશજી આગ્રામાં આવ્યા છે અને રૂપચંદનંદાને ઘરે ગયા છે તેવુ સંતદાસજીના જાણવામાં જ્યારે આવ્યું ત્યારે જ પોતે મનમાં બહુ જ દુઃખ કરવા લાગ્યા કે એવો તો અમારો કયો અપરાધ થર્યો હશે કે જેથી ચાચાજી આજે પરબારા ત્યા જ જતા રહ્યા હતા?.... વળી પોતાની સ્ત્રીને પુછ્યું કે તમે ચાચાજીને ક્યારેય કઈ સાધારણ વચન તો કહ્યા નથી ને?.... જવાબમાં સ્ત્રીએ કહ્યું કે ના.... હું તો કોઈ દિવસ કંઈ બોલીજ નથી પછી રાજભોગની સેવામાંથી પરવારી ને બહાર આવતા બે ચાર ઘડિક રાહ જોઈને ચાચાજી હમણામાં આવશે... પણ આમ રાહ જોયેલ હોવા છતાંય ચાચાજી નહિ આવતા આખરે નિરાશ થયેલા એ સંતદાસજી પોતાની સ્ત્રીને કહ્યું કે હવે ધંધા અર્થે હું બજારમાં જાવ છું પણ જો ચાચાજી જો આવે તો મને બોલાવજો. અને ચાચાજી જો ન આવે તો મહાપ્રસાદ ઢાંકી દેજો. આમ આવુ કહીને સંતદાસજીતો પોતાના ધંધા અર્થે બજારમાં જતા રહ્યા. તે પછી સ્ત્રીએ ચાચાજીની બહુજ રાહ જોઈ પરંતુ ચાચાજી નહિ આવતા આખરે મહાપ્રસાદ ઢાંકી દીધો.

હવે જેઓના ચિત્તની વૃત્તિ ક્યાંય... બીજે જ છે તેવા સંતદાસજી બજારમાં બેઠા બેઠા કોડી વેચી રહ્યા છે. આવા માં ઉત્થાપનનો સમય થતા પોતાના ધંધાને સંકેલી લઈને સંતદાસજીતો બજારમાંથી ઘરે આવ્યા અને ઘરે આવતાની સાથે જ પોતાની સ્ત્રીને પુછ્યું કે ચાચાજી આવ્યા છે કે નહિ?... જવાબમાં બહારની સેવા કરી રહેલ સ્ત્રીએ કહ્યું કે ના.... હજુ આવ્યા નથી. સ્ત્રીના નિરાશા જેવા શબ્દો સાંભળીને મહાપ્રસાદ પ્રત્યે કંઈપણ વિચાર નહિ કરતા પોતાના લથડતા શરીરે સ્નાન કરીને શ્રી ઠાકોરજીના ઉથ્થાપન કરાવીને શયન સમયસુધીની સેવાને પહોંચીને બહાર આવ્યા અને પછી

તો સમજો કે રાત્રિ થઈ ગયેલ હોવા છતાંય હજુ ચાચાજી આવ્યા નહિ એવો વિચાર કરતા કરતા સ્ત્રી પુરુષ એમ બન્ને જણાઓએ રાત્રિએ પણ મહાપ્રસાદ લીધો નહિ અરે એટલુ જ નહિ પરંતુ ઘરમાં ક્યાંય ચેન પણ પડતુ નહતુ. અને એજ વિચાર આવ્યા કરતા હતા કે આ વખતે ચાચાજી અમારે ઘરે આવ્યા નહિ કે જેથી આ વખતે ચાચજી એ અમારા માટે શું વિચાર્યુ હશે ? વળી આવી વાત અન્ય કોઈ વૈષ્ણવને નહિ કરતા માત્ર હ્રદયમાં સમાવી રાખીને આવેલા આવા સમયને પસાર કરતા હતા. આખરે મોડી રાત્રિ થઈ જતા સૂઈ જવાના વિચારે ઘરમાં જેમ તેમ પડી રહ્યા પણ ઉંઘ આવે કેમ? અને પછી તો બન્ને ને એવુ દુ: ખ થઈ રહ્યું હતુ કે જેનુ વર્ણન અશક્ય છે. કારણકે ઘાયલના હ્રદયતો ઘાયલ જ જાણે. એટલે કે ટુંકમાં એટલું જ કે બન્ને ના હ્રદયમાં એકજ રટણ હતુ કે ચાચાજીએ અમારા માટે શું વિચાર્યુ હશે?...

અરે ... અહીં દેહ સંબંધ તરીકેના સ્નેહની વાત નથી. અહી તો આત્મ સંબંધ તરીકેના સ્નેહની વાત છે વળી એના સ્નેહ સ્વરૂપ પ્રગટ પણ કોણ કરી શકે?.... એટલે કે એવા સ્નેહનું સ્વરૂપ તો એવા સ્નેહી જે હોય તે જ જાણે હવે પોતાના ઘરે સંતદાસજી જે દશામાંથી પસાર થઈ રહેલા છે તેની રૂપચંદનંદાના ઘરે મુકામ કરી રહેલા ચાચાજી પણ એવી જ દશામાં પસાર થઈ રહેલા છે. એટલે કે ઘડીક માં સૂઈ રહેલા છે તો ઘડીકમાં ઝબકીમાં જાગી ગયેલા હોય છે.... તો ઘડીકમાં ઉઠીને બેઠેલા હોય છે.... તો ઘડીકમાં આમ તેમફરી રહેલા હોય છે.... તો ઘડીકમાં ફરતાફરતા સંતદાસજી પોતે વિચાર કરતા હોય છે.... તો વળી ઘડીકમાં બીજી જ કોઈ વસ્તુમાં મસ્ત બની ગયેલા હોય છે... એટલે કે પોતાની આવી દશામાં પોતે કરી છે?... તે પણ ચાચાજી જ જાણે... આમ આવા સમયે શ્રી ચંદ્રાવલીજીના ગુપ્ત સ્વરૂપવાળા શ્રી ગુસાઈજીએ આજ્ઞા કરીકે સંપૂર્ણ કૃપા પાત્ર જેવા શ્રી મહાપ્રભુજીના સેવક સંતદાસજીનું માત્ર નામ સ્મરણ કરતા મનુષ્ય જીવ કૃતાર્થ થાય છે તેવા સખી ચંદ્રિકાના ગુપ્ત સ્વરૂપવાળા સંતદાસજી અને સાથે સાથે તેમની સ્ત્રી પણ એ તેઓ બન્ને તમારી રાહ જોઈને હજી બેસી રહ્યા છે. વળી નથી તેઓઓ મહાપ્રસાદ લીધો કે નથી તેઓએ જલપાન પણ કર્યું. આમ આવા ભગવદીયને તમે જે શ્રમ કરાવો તે ઘણું જ અયોગ્ય કર્યુ પણ હવે વિલંબ નહી કરતા તમે તેમના ઘરે જલદી જાવ અને....

અને... પછી તો સમજો કે ગુસાંઈજીની આવી આજ્ઞા મુજબ ચાચાજીતો તેજ સમયે તૈયાર થયા. અને બાજુમાં સૂઈ રહેલા રૂપચંદનંદાને કહ્યું કે હું સંતદાસજીના ઘરે જાઉં છું. કે જેથી ઘરના દ્વાર બંધ કરીને તમે સૂઈ રહેજો આમ લગભગ અડધી રાતે ચાચજીની આવી વાત સાંભળીને રૂપચંદનંદાએ કહ્યું કે અત્યારે. .. આટલી મોડી સત્રે જવુ એના કરતા સવારે પ્રેમથી જજો. રૂપચંદનંદાએ કરેલી વાત પ્રત્યે લક્ષ નહી આપતા ચાચાજીએ કહ્યું કે અરે ભાઈ સવાર તો કોણ જાણે ક્યારે થાય.....મારે તો અત્યારે ને હમણાં જ જવું છે. આમ આવુ કહીને ચાચાજી તો રૂપચંદનંદાને ઘરેથી ચાલી નીકળ્યા... હવે રૂપચંદનંદા ગુસાંઈજીના ઘરે કૃપાપાત્ર સેવક હતા કે જેથી આવા પ્રકારના આવા વાતાવરણથી પોતાને જે કંઈ સમજવા જેવુ હતું તે પણ સમજાઈ ગયેલ હોવાથી આમ અર્ધ રાત્રિએ સંતદાસજીના ઘરે જતા રોક્યા નહિ અને પોતાના ઘરમાં દ્વાર બંધ કરીને સૂઈ રહ્યા પરંતુ ઉંઘ નહિ આવી .કંઈના કંઈ વિચારે ચઢી ગયા.

જ્યારે બીજી તરફ રૂપચંદનંદાના ઘરેથી પ્રયાણ કરીને ચાચજી સંતદાસજીના ઘરે તો આવ્યા પણ ઘરના દ્વાર બંધ હોવાથી કેમ જાણે દ્વાર ખોલવા માટે સુચન કરતા હોય તેમ "જય શ્રી કૃષ્ણ" બોલીને ચાચાજીએ ભગવદ્ સ્મરણ કર્યા.... કોઈ પણ બીજી આવેશ વાળી દશામાં પડી રહેલા સંતદાસજી અને તેમની સ્ત્રી એમ બન્નેએ ચાચાજીના અવાજ સાંભળતાની સાથેજ કોઈ અનોખા આનંદમાં આવી જઈને સંતદાસજીએ જલદી જલદી પોતાના ઘરના ......દ્વાર ખોલ્યા અને ભગવદ સ્મરણ તો કર્યા પરંતુ મલવા માટે જેઓને નેત્રો અતિ રાહ જોઈ રહી હતી તેવા સંતદાસજીના નેત્રોને ચાચાજીના નેત્રો મલતા બન્ને નાં નેત્રોમાંથી અલૌકિક આંસુઓ વાળા નેત્રોએ ચાચાજીની છાતી સાથે પોતાની છાતી બરાબર મીલાવીને કોઈ અલૌક્કિ સ્નેહ થી સંતદાસજી ભેટ્યા. બાદ પોતાનાથી થયેલા અપરાધ બદલ સંતદાસજી પાસે ક્ષમા માંગી રહ્યા હોય તેમ ચાચાજી કહેવા લાગ્યા કે મારા સ્નેહીના સ્નેહીથી તમારા ઘરે આવવાને બદલે રૂપચંદનંદાના ઘરે હું ત્યાં જે રહ્યો તે મારી મોટી ભૂલ થઈ છે કે જે ભૂલ દ્વારા મેં શ્રમ પણ તમને ઘણું કરાવ્યો છે કે જેથી મને ક્ષમા કરો. સંતદાસજી.... મારાથી થયેલા આવા અપરાધની ક્ષમા કરો..... ચાચાજીની આવી વાણી સાંભળીને જેમનું હ્રદય ખરેખર કામજ કરતું નથી તેવા સંતદાસજીએ જવાબમાં એટલું જ કહ્યું કે ભાઈજી.... આમ આવી અડધી રાત્રિ જેવા સમયે મારા ઘરે આવવા માટે મેં જે આપને શ્રમ કરાવ્યો તેનું શું?.... બાદ અરસપરસ હાસ્ય કરતા કરતા જેમનો હાથ પકડાવાનો છે તેવા ચાચાજીનો હાથ પકડીને ચાચાજીને અંદર લઈ ગયા અને અતી માન પૂર્વક પોતાના ઘરમાં બેસાડયા.

હવે સંતદાસજી અને તેમની પત્નિ બન્ને ભૂખ્યા છે એવી ગુસાંઈજીની આજ્ઞા મુજબ ચાચાજીએ વિચાર કર્યો કે આ બન્નેને અત્યારેજ મહાપ્રસાદ લેવડાવો જોઈએ. આમ આવુ મનમાં વિચારીને ચાચાજીએ એક લૌક્કિ યુક્તિ કરી અને કેમ

જાણે પોતે ભૂખ્યા હોય તેમ ચાચાજી એ કહ્યું કેભાઈજી મને બહુ જ ભૂખ લાગી છે કે જેથી જો મહાપ્રસાદ હોય તો મને લેવડાવો. જવાબમાં ઢાંકી રાકેલા મહાપ્રસાદનું વર્ણન કરતા સંતદાસજીએ કહ્યું કે મહાપ્રસાદતો છે પરંતુ સવારનો વાસી છે કે જેથી વાસી મહાપ્રસાદ તમને કેમ અપાય? પણ આપણે એવું કરીએ કે અત્યારેતો આ પાછલી રાત્રિનો સમય લગભગ પસાર થઈ જવા આવ્યો છે કે જેથી આપ વિચારો.... તો આને હમણા સ્નાન કરાવું અને પછી.... સવાર પણ થઈ જશે અને શ્રીને રાજભોગ પણ આવી જશે અને તે પછી આપણે સૌ મહાપ્રસાદ લઈશું, સંતદાસજીની આવી વાત સાંભળીને ભૂખ પ્રત્યેની વધુ સમજુતી કરાવા અર્થે ચાચાજીએ ફરી કહ્યું કે ભાઈજી સવારની વાત કોણ જાણે છે કે સવારે શું થશે?.... માટે જે તૈયાર છે તે મહાપ્રસાદનું શું?... એટલે ટુંકમાં સમજો કે અત્યારે તૈયાર હોવા છતાં જો આ સમયે તે ન લઈએ તો તે મહાપ્રસાદ અને ભૂખ એમ એ બન્ને વસ્તુઓનો ભાવ ઉડી જ ગયો સમજો એટલે બીજો કોઈ વિચાર નહિ કરતા વાસી પ્રસાદ કે જે તૈયાર છે તે જ.... મહાપ્રસાદ લાવો અને આપણે સૌ લઈએ. બાદ ચાચાજીની આવી.... વાત થી પસાર થઈ રહેલ આવી આ.... અડધી રાત્રિ જેવા સમયે સંતદાસજીએ પોતાની પત્નિ સ્નાન કરીને મહાપ્રસાદ લાવવાનું સુચન કરતા સ્ત્રીએ સ્નાન કર્યું અને પછી વાસી તરીકે કહેવામાં આવેલો મહાપ્રસાદ લાવીને ચાચાજીની સન્મુખ ધર્યો અને પછી....

અને પછી ત્રણેય જણાઓ વાસી મહાપ્રસાદ લેવા લાગ્યા અને પછી તો સમજો કે આવો.... મહાપ્રસાદ લેતા લેતા ત્રણેય જણાય કોઈ બીજો જ આનંદ અનુભવી રહ્યા હતા. આખરે આવો.... મહાપ્રસાદ લઈ લીધા બાદ ત્રણેય જણાઓને ખરેખર અલૌક્કિ આનંદ પ્રાપ્ત થયો હતો. આમ આવા.... આ મહાપ્રસાદમાં આવેલા સ્વાદનુ વર્ણન કરવું પણ શું?... એટલે ટુંકમાં એટલું જ કે આ મહાપ્રસાદ વાસી હોવા છતાંય આ વાસી મહાપ્રસાદને જરાય લૌક્કિ સંબંધ થયો ન હતો. તેમજ આવો આં.... મહાપ્રસાદ અત્યારે આ અડધી રાત્રે જેવા સમયે લીધેલ હોવા છતાંય તેમાં સવાર જેવો જ સ્વાદ આવ્યો હતો. બાદ ત્રણેય જણાઓએ આવો.... વાસી મહાપ્રસાદ લઈ લીધા પછી સૌએ જલ લઈને હાથ વિગેરે ખાસા કરી ને પાન બીડી લીધી. આમ આવો વાસી મહાપ્રસાદ.... આ હા.... વાસી મહાપ્રસાદ લેવડાવવાનું કાર્ય પૂર્ણ થયા પછી સંતદાસજીના સ્ત્રી પોતાના કરવાના કાર્યમાં રોકાતા સંતદાસજી અને ચાચાજી એમ આ બન્ને જણાઓ ભગવદ વાર્તાઓ કરવા બેઠા. આમ ભગવદ વાર્તાનું નામ આવ્યું એટલે પછી હવે કહેવાનું પણ શું હોય ?....

હવે અત્યારના આ સમયમાં કેવળ લૌક્કિમાં અશક્ય થઈને રહેનારા કોઈ કોઈને તો વળી એવું પુછતા હોય છે કે પહેલાના સમયમાં મહાનુભાવો જે ભગવદ વાર્તા કરતા હતા વળી તે ભગવદ્ વાર્તામાં તેઓને ખરેખર રસાવેશ પણ આવી જતો હતો. એવું ગ્રંથો દ્વારા સ્પષ્ટ સમજાય છે એટલે તે ભગવદ વાર્તા વળી કેવી હશે?.... તે ભગવદ વાર્તા માં કેવી કેવી વાતો કે કેવા કેવા પ્રસંગો નીકળતા હશે ?... એટલે આવી આ ભગવદ વાર્તા વિશે અત્યારે ભગવદીય જેવા ઘણાય વૈષ્ણવોને પુછીએ તો છીએ પરંતુ કોઈ કંઈ કહેતા જ નથી તો તેનુ કારણ શું હશે?... અથવા તો એવી ભગવદ વાર્તાઓની વાર્તાકે પ્રસંગો સમજાવનાર મહાનુભાવો અત્યારે ભૂતલ પર નહિ હોય!... આમ આવુ પુછનારાઓ કે પછી આવુ સમજાવનારાઓ માત્ર એટલુ જ વિચારે કે લૌક્કિ દેહના સુખ માટે કે લૌક્કિ દેહના પોષણ માટે લૌક્કિ રોટલાના ટુકડા માટે જ્યા ત્યા ભટકીને અને જેનો તેનો આશ્રય કરનાર ભીખારણ જેવી સ્ત્રી જો રાણી બનવા જાય તો તે કેવી રીતે બની શકે ખરી?.... વળી ગદ્ધા પચ્ચીસી જેવા આંકડાવાળી પચ્ચીસ રૂપિયા જેટલી કિંમત વાળી રકમને બદલે એકડા પછી મીંડાઓ ના મીંડાઓ લગાવીને લખેલો એક લઈને બેંક જાવ તો બેંક વાળો એવી મોટી રકમ આપે ખરો ?... વળી દમલા તારા માટે આ માર્ગ પ્રગટ કર્યો છે વળી શ્રી મહાપ્રભુજીની વાણી ઉપર થી સ્પષ્ટ સમજી શકાય છે કે શ્રી મહાપ્રભુજીના માર્ગની સ્થિતિ અહીં ભૂતળ જ્યા સુધી છે ત્યા સુધી માર્ગનો સિદ્ધાંત કે પછી માર્ગનું રહસ્ય જે કંઈ છે તે સમજનારા તેમજ સમજાવનારા મહાનુભાવો ભૂતલ પર નથી એવુ માનવા ને કોઈ કારણ નથી. હવે સમજવું હોય તો સમજો કે ભગવદ વાર્તા એટલે સ્વમાર્ગીય રહસ્ય વાતો. આમ આવી આવી સ્વમાર્ગીય રહસ્યો વાતો સાંભળવા કે સમજાવવા માટે પ્રથમ તો તન-મન-ધન તરીકે જે પોતાનુ જે સર્વસ્વ કહેવાય છે તે સર્વસ્વ અર્પણ કરવું પડે અને અર્પણ કર્યુ કે યોગ્યતા પ્રાપ્ત થવાની યોગ્યતા પ્રાપ્ત થઈ કે આશ્રયમાં પ્રવેશ થવાનો જ. આશ્રયમાં પ્રવેશ થયો કે સ્વમાર્ગીય ફલમાંટે બળતરા થવાનીજ બળતરા થઈ કે પાત્ર તૈયાર થવાનુ જ અને પાત્ર તૈયાર થવાનુ કે સ્વમાર્ગીય ભગવદ વાર્તા તરીકે નું બધુજ સમજાયુ સમજો. પછી તો જેવી જેમની વૃત્તિ તેવી તેમની કૃતિ.

હવે "વાસી મહાપ્રસાદ " લેવાનું કાર્ય પૂર્ણ થયા પછી સંતદાસજી અને ચાચાજી એમ બન્ને જણાઓ ભગવદ વાર્તાઓ કરવા બેઠા . પછી સ્વમાર્ગીય રહસ્ય તરીકે ના પ્રસંગો વાળી ભગવદ વાર્તા કરતા કરતા બન્ને ને એવો રસાવેશ આવી ગયો કે બન્નેના શરીરના ભાન ભૂલાઈ જતા બન્નેને કોઈ ને સમયનો ખ્યાલ પણ રહ્યો નહિ. આમ આ બન્નેની આવી

દશામાં સવારનો સમય થઈ ગયેલો હોવાથી સંતદાસજીની સ્ત્રીએ બીજો કંઈપણ વિચાર કર્યા સિવાય ફરીથીસ્નાન કર્યું અને સામગ્રી તૈયાર કરીને શ્રી ઠાકોરજીના મંગલા કરાવ્યા અને પછી રાજભોગની સામગ્રી તૈયાર કરીને ઠાકોરજીને પણ રાજભોગ ધર્યો. આમ શ્રી ઠાકોરજીને રાજભોગ આવી ગયા સુધીમાં પણ આ બન્ને જણાઓ પોતાની દશામાંથી જાગૃત થયેલ નહિ હોવાથી સંતદાસજીની સ્ત્રીએ બન્નેની પાસે જઈને અને આવી અલૌકિક દશાના દર્શન કરીને માત્ર એક વિનંતીરૂપે કહ્યું કે શ્રી ઠાકોરજીને રાજભોગ આવી ગયા છે માટે ઉઠો અને સ્નાન કરો. સંતદાસજીની સ્ત્રીએ આવુ કહેલ હોવા છતાંય અલૌકિક આવેશમાં મસ્ત બનેલા એવા બન્ને સ્વરૂપોમાંથી કોઈએ કેમ જાણે કંઈજ સાંભળ્યું ન હોય તેમ પોતાના આવેશમાં કંઈક અલૌકિક આનંદ અનુભવી રહ્યા હોવાથી કંઈ નહિ બોલતા સંતદાસજીની સ્ત્રીએ શ્રી ઠાકોરજીના અનોસર કર્યા અને પછી સમજો કે બહારની સેવામાં લાગી ગયા આમ આવાને આવાજ રસાવેશમાં પાંચ પહોર વીતી ગયા.(પંદર કલાક) અને વળી સાંજનો સમય થઈ ગયેલો હોવાથી સંતદાસજીની પત્નિ તો વળી સ્નાન કરીને શ્રી ઠાકોરજીના ઉથ્થાપન કરાવ્યા.... બાદ સામગ્રી તૈયાર કરીને શ્રી ઠાકોરજીને શયનભોગપણ આપી ગયા.

જ્યારે બીજી તરફ શ્રી મહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર સંતદાસજીના ઘરે પરમ ભગવદીય ચાચા હરિવંશજી આવ્યા છે એવા સમાચાર ગામના વૈષ્ણવોએ જાણતા આવા .... આ સાંજના સમયે ગામના વૈષ્ણવોતો સંતદાસજીના ઘરે આવવા લાગ્યા આમ આ... ઘરમાં વૈષ્ણવો આવી રહ્યા છે એવો કંઈક અલૌકિક રીતે અનુભવ થઈ જતા સંતદાસજી તથા ચાચાજી એમ બન્ને સ્વરૂપો પોતાની રસવેશવાળી દશામાંથી જાગૃત થયા. પરંતુ સમય વિશે કંઈ ખબર નહિ હોવાથી સંતદાસજીએ પોતાની સ્ત્રીને પુછ્યું કે કેટલો સમય થયો છે? જવાબમાં સ્ત્રીએ કહ્યું કે સમય નું શું કહુ!... પણ શ્રી ઠાકોરજીને શયનભોગ આવ્યા છે... અરે શ્રી ઠાકોરજીને શયનભોગ આવ્યા છે તેવુ સાંભળીને કંઈક આશ્ચર્ય પામ્યા હોય તેમ સંતદાસજીએ કહ્યું કે ન્હાયા છો? જવાબમાં સ્ત્રીએ કહ્યું કે હા, સેવામાં હું નાહી છું.... રાજભોગના સમયે મેં તમને સહેજ યાદી તો આપી હતી પરંતુ તમેતો ભગવદ વાર્તા કરતા કરતા રસાવેશ તરીકેનો અલૌકિક આનંદ અનુભવી રહેલ હોવાથી તેમાં મારે વિઘ્ન કરાવું તે પણ ઠીક નહી હોવાથી ભગવદ ઈચ્છાને આધીન થઈને આ રીતે મેં શ્રી ઠાકોરજીની સેવાને પહોંચવાનું કાર્ય કર્યું. સ્ત્રીની આ પ્રમાણેની વાત સાંભળીને સંતદાસજીતો ખરેખર આશ્ચર્ય પામ્યા. આમ સંતદાસજી ખરેખર આશ્ચર્ય પામ્યા છે તેવું જોઈને ચાચાજી એ કહ્યું કે અરે.... એ તો શ્રી મહાપ્રભુજીએ તમને આજ્ઞા કરેલી જ છે કે તમારા સંગથી તમારી સ્ત્રી કૃતાર્થ થશે એટલે સમજો કે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર તમારી સ્ત્રી તમારા યોગ્ય બનતા શ્રી ઠાકોરજીએ તેમની પાસે સેવા કરાવીને સામગ્રી તરીકેની વસ્તુનો આ... રીતે અંગીકાર કર્યો... .બાદ બન્ને જણા સ્નાન જેવા કાર્યોમાંથી પરવાર્યા એવામાં શયન ના દર્શન ખુલતા બન્નેના શયનના દર્શન કર્યા. અને પછી.... ત્રણેય જણાઓ સાથે મળીને શયનભોગનો મહાપ્રસાદ લીધો. અરે શયનભોગનો.... મહાપ્રસાદ લીધો એટલુજ નહિ પરંતુ અલૌકિક આનંદ પણ અનુભવ્યો.

આ પ્રકારના વાતાવરણ બાદ રૂપચંદનંદાએ જ્યારે સાંભળી ત્યારે રૂપચંદનંદા તરત જ સંતદાસજીના ઘરે આવ્યા અને ચાચાજીને ગઈ કાલે પોતાના ઘરે લઈ જઈને સંતદાસજીને જે શ્રમ કરાવ્યો હતો તે બદલ ક્ષમા માંગતા હોય તેમ અતિ ગદગદ થઈને રૂપચંદનંદા સંતદાસજીને કહેવા લાગ્યો કે ભાઈજી.. આ બાબતમાં ચાચાજીનો જરાય દોષ નથી. વળી આપને જે શ્રમ થયો તે મેં જ કરાવ્યો છે . કે જેથી આપને આવો શ્રમ કરાવીને મેં જે અપરાધ કર્યો છે તે બદલ મને ક્ષમા કરો. ભાઈજી.... મને ક્ષમા કરો.... અને પછી...

હવે શ્રી મહાપ્રભુજીના સેવકોની શ્રી ગુસાંઈજીની કાની મર્યાદા રાખતા હતા કે જેથી પોતાના ઘરે ચાચાજીના નહી આવવા બદલ મહાપ્રસાદ લીધા સિવાય સંતદાસજીને દુ;ખ થઈ રહ્યું હતુ તે દુઃખ જોઈને અડધી રાત્રિ થઈ ગયેલી હોવાથી છતાંય શ્રી ગુસાંઈજીએ ચાચાજીને આજ્ઞા કરી અને.... ચાચાજીને તેજ સમયે સંતદાસજીના ઘરે મોકલ્યા હતા. એટલે સમજો કે સંતદાસજીનો પ્રભાવ અલૌકિક જ હતો અરે એટલુ જ નહિ પરંતુ આગ્રામાં જેટલા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો થયા હતા તે કેવળ સંતદાસજીના આવા અલૌકિક પ્રભાવને આધારે થયા હતા. આમ કરતા કરતા ગરમીના દિવસો આવતા એક દિવસે સો વૈષ્ણવો મલીને શ્રી ગુસાંઈજીના શ્રી અંગે ચંદન લગાવતા હતા આવામાં જેના ઉપર સંતદાસજીની કૃપાદ્રષ્ટિ થઈ હતી તેવા એક વૈષ્ણવની શ્રી ગુસાંઈજીના સ્વરૂપના સાક્ષાત વૃન્દાવન ચંદ્ર શ્રીકૃષ્ણ સ્વરૂપે દશર્ન થયા હતા. એટલે શ્રી ગુસાંઈજીના આવા અનુપમ સ્વરૂપના દર્શનનો અલભ્ય લાભ મેળવવા માટે તે વૈષ્ણવ કેવળ સંતદાસજીનાં પ્રભાવથી જ ભાગ્યશાળી બની શક્યા હતા. આમ આવા કારણે જ શ્રી ગુસાંઈજી ની માફક શ્રી ગોકુલનાથજી પણ શ્રી ગુસાંઈજીની આજ્ઞા લઈને સંતદાસજીને દર્શન આપવા માટે કે દર્શન આપવા નિમેત્તે બે ચાર વખત સંતદાસજીના ઘરે પધારતા હતા એટલે સમજો કે શ્રી મહાપ્રભુજીએ આવો અલૌકિક પ્રભાવ સંતદાસજીના હૃદયમાં સ્થાપન કર્યો હતો કે જેનુ વર્ણન અશક્ય હોવાથી અહીં લખવું પણ શું?....

વળી સંતદાસજી જેમ શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર હતા તેમ ચાચાજી તેમ રૂપચંદનંદા શ્રી ગુસાંઈજીના કૃપાપાત્ર સેવકો હતા. છતાંપણ શ્રી મહાપ્રભુજીના સેવકોની વાત કંઈ બીજી જ છે એટલે કે એક સમયે એવુ બન્યું કે એક વખતે રૂપચંદનંદા સંતદાસજીના ઘરે આવ્યા અને ચાર પહોરની આખી રાત્રિ સંતદાસજીના ઘરે જ રહ્યા હતા અને .... પછી તો સમજો કે શ્રી મહાપ્રભુજીના લીલા ગુણ શ્રવણ કરતા કરતા હૃદયમાં એટલો બધો રસાવેશ પ્રગટ થઈ જવા પામ્યો હતો કે રસાવેશનું સિંચન થતા ની સાથે જ રૂપચંદનંદા પોતાના આખા શરીરમાં શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ નો આવેશ આવી ગયો હતો. અને એટલુ જ નહિ પરંતુ સંતદાસજીના મહાપ્રભુજીના ઘરમાં બેઠા બેઠા રૂપચંદનંદાને વ્રજ લીલાનો સાક્ષાત્ અનુભવ થયો હતો. આમ આવા સાક્ષાત્ અનુભવ થયો હોવા છતાંય પ્રગટ કર્યો રસ જાય એ નિયમે આવા અનુભવોની વાતો કોઈપણ વૈષ્ણવને જણાવી ન હતી. એટલે આ બધો પ્રતાપ માત્ર સંતદાસજીના સત્સંગનો હતો.

આમ કરતા કરતા સંતદાજી વૃદ્ધ અવસ્થાએ પહોંચ્યા અને પછી સમજો કે અહીં ભૂતળ પર જેમના હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે એવા સંતદાસજીનુ શરીર અશક્ત થયેલા દેખાતા શ્રી ગુસાંઈજીએ ચાંપાભાઈ ભંડારીને બોલાવીને કહ્યું કે સંતદાસજી હવે દેહ છોડશે માટે ચરણામૃત અને મહાપ્રસાદ લઈને તમે આગ્રા જાવ. શ્રી ગુસાંઈજીની આજ્ઞા મુજબ ચરણામૃત અને મહાપ્રસાદ લઈને ચંપાભાઈ ભંડારી ભેટ્યા અને પછી પોતાની પાસે બેસાડતા શ્રી ગુસાંઈજીએ મોકલેલ ચરણામૃત અને મહાપ્રસાદ સંતદાસજીને આપ્યા. બાદ ચરણામૃત અને મહાપ્રસાદ લઈને સંતદાસજીએ કહ્યું કે ભાઈજી આ ઘરમાં વાસણ વિગેરે જે કાંઈ છે તે બધુ તેમ જ શ્રી ઠાકોરજીનું દ્રવ્ય છે તે તેમજ મકાન વિગેરેના ખતપત્ર એમ બધુય ચાંપાભાઈ ભંડારીને આપ્યુ પછી જો આપની ઈચ્છા હોય તો આ ઘરમાં આને રહેવા દેજો અને કદાચ મકાન વેચીને રકમ એકઠી કરી લેવી હોય તો પણ આપની ઈચ્છા બાકી આ બધુ શ્રી ગુસાંઈજીનું છે.એટલે જેમ યોગ્ય લાગે તેમ કરજો. આમ આખરે જે વ્યવસ્થા કરવાની હતી તે વ્યવસાથા કરીને સંતદાસજીએ પોતાનું જે કંઈ પણ હતુ તે બધુ ય ચાંપાભાઈ ભંડારીને સોપી દીધું.

બાદ સંતદાસજીની અંતિમ સ્થિતિ આવી પહોંચી છે. તેવી વાત ગામમાં પ્રસરતા ગામના બીજા ઘણા વૈષ્ણવો સંતદાસજીના ઘરે આવવા લાગ્યા અને પછી સમજો કે જેવા જીવો હોય છે તેવી ભાવના બતાવતા કોઈ કોઈ સંતદાસજીને કહેવા લાગ્યા કે તમે કહેતા હો તો તમને રેણુકા તીર્થમાં લઈ જઈએ અથવા તમે કહો તો મથુરા તીર્થ ધામમાં લઈ જઈએ. આવુ કહેનારા સૌને જબાવમાં સંતદાસજીએ કહ્યું કે રેણુકા કે મથુરા જેવા તીર્થધામો મને વળી શું કૃતાર્થ કરવાના હતા?.... વળી જીવન પર્યાપ્ત શ્રી મહાપ્રભુજી આશ્રય કર્યો અને હવે વળી આવા અંતિમ સમયે અવા તીર્થધામોનો આશ્રય કરીને શું મારું જીવતર બગાડું? એટલે ટુંકમાં કે મારા માટે તો શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદનો આશ્રય જ ઉત્તમ છે કે જેથી તીર્થધામ જેવા બીજી કોઈના આશ્રયની મારે જરૂર નથી. સંતદાસજીના આવા દ્રઢ આશ્રય વાત સાંભળીને વળી કોઈએ એવુ પણ કહ્યું કે તો પછી તમને શ્રીમદ્ ગોકુલ લઈને જઈએ આ વાતમાં જવાબમાં પણ સંતદાસજીએ કહ્યુ કે જેવા તમારા સૌના ભાવ તેવુ સૌ કહો છો પરંતુ ભાઈ શ્રીમદ ગોકુલની સેવાતો મારાથી કંઈ બની નથી તો હવે એવા લીલા સ્થળમાં જઈને શું મારા આ લૌકિક દેહની રાખ ઉડાડું? માટે આવા વિચારો કરવા કરતા સૌ ભગવદ નામ લ્યો.

બાદ સંતદાસજીની ઈચ્છા અનુસાર આવેલા વૈષ્ણવોમાંથી કોઈ કોઈ રાસપંચાદયાઈનો પાઠ કરવા લાગ્યા કોઈ કીર્તન બોલવા લાગ્યા. તો કોઈ કોઈ વળી અષ્ટાક્ષર મંત્રનો પાઠ કરવા લાગ્યા આમ સો વૈષ્ણવો ભગવદ નામ લેતા હતા એવામા દેહ છૂટવાનો સમય આવી પહોંચતા સંતદાસજીએ સૌને કહ્યું કે તમે બધાય ચુપ થઈ જાવ અને મારી એક વાત સાંભળો. સંતદાસજીએ આવુ કહેવાથી ભગવદ્ નામ લઈ રહેલા સો વૈષ્ણવો ચૂપ થઈ જતા સંતદાસજીએ કહ્યુ કે સાંભળો એક સમયે શ્રી ગુસાંઈજીના પ્રાકટ્ય દિવસના ઉત્સવ પર અમે શ્રીમદ ગોકુલ ગયા હતા વળી જ્યારે અમે શ્રીમદ ગોકુલ પહોંચ્યા ત્યારે વધાઈ કીર્તન ગાતા ગાતા વૈષ્ણવો શ્રી ગુસાંઈજીને કેસર સ્નાન કરાવતા હતા આમ આવા સમયે શ્રી ગુસાઈજી પાસે જઇને મેં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા શ્રી ચંદ્રાવલીજીની ગુપ્ત સ્વરૂપવાળા શ્રી ગુંસાઇજીએ હસીને મને પુછ્યું કે કેમ સંતદાસજી આવ્યા.... જવાબમાં મેં કહ્યું કે હા રાજ હમણાંજ આવ્યો.... આમ આટલું કહેતા કહેતા સંતદાસજીની દેહ છુટતા શ્રી ચન્દ્રાવલીજીની અંતરંગ સખી તરીકેની ચંદ્રિકા સખીના ગુપ્ત સ્વરૂપવાળા સંતદાસજી જે લીલાના સંબંધવાળા હતા તે લીલામાં પ્રાપ્ત થયા.

હવે તીર્થોનો કે આવા બીજા કોઈનો આશ્રય નહિ કરતા સંતદાસજી જેવા વૈષ્ણવની કૃપા દ્રષ્ટિ દ્વારા કેવળ શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદનો જ આશ્રય રાખીને સૌ પોત પોતાનું જીવન જીવી જજો. વિશેષ શું?....

આમ વિવેકધ્યાશ્રમ સિદ્ધ કરી બતાવનાર સંતદાસજીની વાર્તા સંપૂર્ણ.

૧૨. ગજન ધાવન ક્ષત્રિય

જેઓ ખરેખર પ્રભુના જ બની રહ્યા છે તેઓના જીવનની કે તેઓના સુખની તો વાત જ શું કરવાની હોય?.... વળી તે સાંભળવાથી ન સમજાય.... તે તો અનુભવે જ સમજાય તેવું છે..... હા... અનુભવે જ સમજાય તેવું છે.....

હવે લીલામાં શ્રી ચન્દ્રાવલીજીની સુભઆનના નામની અંતરંગ છે કે જે સુભઆનના સખી લીલામાં બાળલીલા તરીકે શ્રી ઠાકોરજીની લીલામાં જ મગ્ન રહ્યા કરે છે. એટલે કે બાળલીલા તરીકેની રમતો શ્રી ઠાકોરજી સાથે બહુજ કર્યા કરતી હોય છે અને વળી આ સુભઆનની શ્રી ચંન્દ્રાવલીજીની અંતરંગ સખી હોવાથી બધીય લીલાના મિલાપનો ભેદ પણ શ્રી ચન્દ્રાવલીજીને બતાવતી હોય છે કે જેથી આ સખી સુભઆનના શ્રી ચન્દ્રાવલીજીને પ્રિય પણ બહુ જ છે. વળી આ સખી સુભઆનના શ્રી ઠાકોરજીની બાળલીલા તરીકેના ખેલની (રમતની) મસ્તીમાં જ સદાય રહેતી હોવાથી શ્રી ઠાકોરજીથી એક ક્ષણ પણ ક્યાંય દૂર રહી શકતી નથી. એટલે સમજો કે શ્રી ઠાકોરજી પ્રત્યે આવો તો તેમનો ભાવ છે આમ કરતા કરતા એક વખતે એવુ બન્યુ કે શ્રી સ્વામિજીની અને શ્રી ઠાકોરજી એમ આ બંને સ્વરૂપો અંહી ભૂતળ પર પધાર્યા કે જેથી આવી રીતે શ્રી ઠાકોરજીનો થયેલો વિયોગ આ સખી સુભઆનનાથી સહન નહિ થવાથી બીજા જ દિવસે આ સખી સુભઆનનાનું પણ અહીં ભૂતળ ઉપર પ્રાક્ટય થયું....

પણ ક્યાં ?

પણ ક્યા?.... એ જાણવા માટે સુચન કરવામાં આવે છે કે સંતદાસજીના જ વતન તરીકેના આગ્રા શહેરમાં એક ક્ષત્રિય ગૃહસ્થને ત્યા ગજન ધાવનના નામે પ્રગટ થઈ. એટલે પછી સમજો કે સખી સુભઆનના ગુપ્ત સ્વરૂપવાળા ગજન ધાવનના અહીં ભૂતળ પર થયેલા પ્રાકટ્ય પછી પોતાના માબાપના લાડમાં ગજન ધાવન મોટા થતા જાય છે. આવામાં ધર્મ પ્રત્યેની કંઈક ભાવના પ્રથમથી જ થયેલી હોવાથી પોતાના ખરા માર્ગને બદલે બદલે મર્યાદા માર્ગીય વૈષ્ણવ તરીકે પોતાનાથી જે બને તે કરીને જે ખરેખર વિયોગી જીવન જ..... લાગે છે તેવુ વિયોગી જીવન જીવી રહ્યા છે. બાદ અરસપરસના લેણદેણના કાર્યો પૂર્ણ કરાવવા અર્થે પોતાની જ્ઞીતિમાં જ એક ક્રયા સાથે ગજન ધાવનના લગ્ન થયા પછી પોતાના માબાપ (એક પછી એક) બંને શ્રી હરિશરણ થયા. પછી સમજો કે.....

કોનો પુત્ર? પુત્રી કોની? કોની વસ્તુ ને કોની વાત?... આવા પ્રકારના કેવળ એક અજ્ઞાનરૂપેના અંધકારમાં આ બન્ને જણ ઓ મર્યાદા માર્ગનો રસ પ્રાપ્ત કરીને એક મર્યાદા માર્ગીય વૈષ્ણવ તરીકે કહેવાઈને પોતાનું જીવન વ્યતિત કરી રહ્યા હતા. વળી ધંધા અર્થે એક વસ્ત્રોની (કાપડની) દુકાન કરેલી હતી કે જે કાપડની દુકાન દ્વારા ગૃહસ્થાશ્રમ તરીકે પોતાનો જીવન નિર્વાહ પણ સુખેથી ચલાવી રહ્યા હતા. બાદ મર્યાદા માર્ગ તરીકેના ધર્મમાં મસ્ત બનેલા એવા ગજન ધાવન શ્રીમદ ભાગવત સાંભળે, એકદશીના વ્રતો નિર્જલ એટલે કે જલ લીધા સિવાય કરે. રાત્રિએ જાગરણ કરે. વળી ઘણાય સંત-મહાત્માઓને બોલાવી બોલાવીને આખી રાત્રિ હરિ કીર્તન કરે. વી.વી. આમ ધાર્મક દ્રષ્ટિએ પણ ગજન ધાવન પોતાનું આવી રીતે જીવન જીવી રહ્યા હતા. આમ કરતા કરતા પોતાની સાથેનું લેણદારનું કાર્ય પૂર્ણ થઈ જતા પોતાની સ્ત્રી પણ હરિ શરણ થયા. એટલે પછી સંસારના મોહરૂપેની બંધનમાંથી પોતે મુક્ત થયા અરે.... મુક્ત તો થયા પરંતુ આવા મોહરૂપેના બંધનમાં પાછા સપડાઈ ન જવાય એવી ભાવનાએ પોતે એવો એક નિશ્ચય કરી લીધો કે હવે ફરીને આવા લૌક્કિ દેહ સંબંધ તરીકેના લગ્ન કરવા જ નથી. આમ પોતાના હૃદયમાં સંપૂર્ણ રીતે પ્રગટ થઈ ચુકેલા સંસાર પ્રત્યેના વૈરાગ્ય જેવા અંકૂરો દ્વારા લેણદાર તરીકેનું એક જે સ્ત્રી આવરણ હતું તે પણ આમ દૂર થતા સખી સુભઆનનાના ગુપ્ત સ્વરૂપવાળા આ ગજન ધાવનાના હૃદયમાં કોઈ એક... નવીન પ્રકારના તાપ ક્લેશ પ્રવેશ કર્યો.

બાદ જ્યાં સુધી પુષ્ટિ જીવોના અમુક પ્રકારના આવરણો બાકી રહ્યા હોય તેમ એકબીજાના લેણદેણનું કાર્ય પુરૂ થવાનું બાકી રહ્યું હોય ત્યાં સુધી પુષ્ટિ જીવ હોવા છતાય પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થાય જ ક્યાંથી?..... પરંતુ આવુ બધુય પુરૂ કરાવવા માટે પુષ્ટિ જીવને ગોથા ખાતા ખાતા ભલે ગમે ત્યાં ભટકવું પડે પણ સમય આવતા પુષ્ટિ જીવમાં રહેલું પુષ્ટિ બીજ આખરે પોતાનું વલણ બતાવે, બતાવે ને બતાવે જ. આમ આવા પ્રકારના કારણે ગજન ધાવન એવી જ એક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા. અને માબાપ સમજો. સ્ત્રી સમજો કે કોઈ વસ્તુ સમજો પણ આવા બધાય આવરણો દૂર થયા કે ગજનના ધાવનના હૃદયમાં રહેલા પુષ્ટિ ભીજ દ્વારા થયેલા તાપક્લેશના આધારે ગજન ધાવનના વિચારો બદલાયા અને પછી તો તાપક્લેશે દિનપ્રતિદિન એવું સ્વરૂપ ધારણ કર્યું કે ગજન ધાવનને ક્યાંય ચેન પણ પડે નહિ.

હવે અહીં સ્હેજ સમજાવા જેવી એક વસ્તુનો પણ વિચાર કરીએ કે ઓચિંતા આવી પડેલા સંકટના સમયે સૌ કેવો રસ્તો શોધીએ છીએ?.... એટલે કે આ ભૂતળ પરના ઘણાય ગામોમાં રહેતા જીવોએ શ્રીનાથજીના ધામમાં જવાનો વિચાર કરીને અને એક ગાડીમા બેસીને પોતાના ગામમાંથી રવાના તો જાણે થયા સમજો પણ પછી એક ગાડી.... બીજી ગાડી.... ત્રીજી ગાડી...... એમ એક પછી એક ગાડીઓ બદલાવતા બદલાવતા, મુશીબતોને સહન કરતા કરતા અને દરેક સ્થળે ભટકતા ભટકતા આખરે શ્રીનાથજી ધામ તરફ જવાની ગાડીમાં બેઠા, અને પછી સમજો કે શ્રીનાથજીના ધામ તરફ જવા માટે તે ગાડીએ પ્રયાણ કર્યું. આમ શ્રીનાથજીના ધામ તરફ જતી ગાડીએ પોતાની ગતિ અનુસાર પ્રયાણ કરતા કરતા શ્રીનાથજીના નજીક જ આવી પહોંચતા આ ગાડીનું એન્જીન કે જે સ્ટેશનોમાં માત્ર શટીંગ જ કરનારૂ હોવાથી શટીંગ માસ્તરનું એન્જીન વધારે બોઝો ખેંચતા ખેંચતા આ રીતે વચ્ચે જ બગડી ગયું પરિણામે આવા એન્જીનની શક્તિથી ચાલતી આ ગાડી રાત્રે વનવગડામાં જ અટકી પડતા શ્રીનાથજીના ધામમાં જનારા સૌ પોતપોતાને ફાવે તેવી વાતો કરી કરીને કંઈક સલાહ જેવું સૌ બતાવવા લાગ્યા. પરંતુ જે ગાડીમાં સૌ બેઠા હતા તે ગાડી તો અટકી જ પડી. અરે, એટલું જ નહિ પરંતુ આ ગાડીએ તો આખરે માને ધાવવા જેવું જ કરી બતાવ્યું. આમ રાત્રિએ આવેલા આવા સંકટના સમયે અધ વચ્ચે લટકી પડેલા સૌ હે શ્રીજી બાવા.... હે શ્રીજી બાવા.... કરવા લાગ્યા પણ શ્રીજી બાવા તરત વિચારે પણ ક્યાંથી?.... બાદ સૌ કોઈ માત્ર પોતપોતાનો જ વિચાર કરવા લાગ્યા કે અરે, આવા આ વનવગડા જેવા સ્થળેથી હવે શ્રીનાથજીના ધામમાં કઈ રીતે પહોંચવું?.... અરે, શ્રીનાથજીના દર્શનનું સુખ હવે કઈ રીતે મલે ?..... અરે શ્રીનાથજીના ધામમાં હવે કોણ લઈ જશે?... અરે, સર્વત્ર અંધારૂ દેખાય છે કે જેથી હવે જવું પણ કઈ તરફ?.... અરે, તરસ તો લાગી પણ આવા અંધકારમાં હવે પાણી મળે પણ ક્યાંથી?.... પછી સમજો કે આવા અંધકારમાં ને અંધકારમાં જેમને જેવો રસ્તો સુઝયો તેમણે તેવા રસ્તે ચાલતી પકડી. બાદ ચાલતા ચાલતા આવા સંકટના સમયે કંટકરૂપેના આવરણના સમયને વિતાવતા વિતાવતા અંધકારથી છવાયેલી રાત્રિઓની પસાર થઈ રહી પણ....

આમ ગજન ધાવન પણ અત્યારે આવી જ પરિસ્થિતિમાં મુકાઈ ગયેલા હોવાથી હજી આવરણરૂપે કહેવાતી અંધકાર જેવી કેટલીક રાત્રિઓના અનુભવો કરતા કરતા તાપક્લેશરૂપી અગ્નિમાંથી પસાર થઈ રહ્યા હતા. આવામાં એકાદશીનો એક દિવસ આવ્યો અને તેજ રાત્રિએ ગજન ધાવન પોતાની દશામાં પડી રહીને બહુ જ દુઃખ કરી કરીને આ એકાદશીની રાત્રિને પસાર કરી રહ્યા હતા. વળી પોતાના દેહનું ભાન પણ ભુલાઈ ગયું હોય તેવા ગજન ધવનનો આ રાત્રિનો આવો સમય પસાર થઈ રહ્યો હતો. આવા આ સમયે કેવળ અલૌક્કિ રીતે જ ભગવદ્ આજ્ઞા થઈ કે શ્રીમદ્ ગોકુલમાં બિરાજતા શ્રી મહાપ્રભુજીના શરણે જશો તો તમારૂ કાર્ય સિદ્ધ થશે.... આમ અલૌક્કિ રીતે થયેલી આવી ભગવદ્ આજ્ઞાના વચનો સાંભળતાની સાથે જ બેભાન જેવી દશામાં પડી રહેલા ગનજ ધાવન સાવધાન થયા અને આવરણ તરીકે બાકી રહેલી રાત્રિનો સમય પસાર કરવા લાગ્યા.

બાદ એક પ્રકારના આવરણ રૂપેની ઘોર અંધકાર જેવી રાત્રિનું અંધારૂ દૂર થતા અને અંધકારને બદલે સર્વત્ર અજવાળુ દેખાતા ગજન ધાવન તો શ્રીમદ્ ગોકુલ જવા માટે તૈયારી કરવા લાગ્યા.

હવે "પ્રગટ કર્યે રસ જાય"... એ નિયમે પોતાને એક અનુભવરૂપે જે ભગવદ આજ્ઞા થઈ હતી તે ભગવદ આજ્ઞાને ગુપ્ત રાખીને મારે શ્રી યમુનાપાન કરવા જવું છે એવું સમાજના લોકોને સમજાવીને પોતાની તૈયારી થઈ જતા પોતાના કોઈ એક માણસને સાથે લઈને શ્રીમદ્ ગોકુલ તરફ જવા માટે ગજન ધાવન આગ્રાથી ચાલી નીકળ્યા. આમ આગ્રાથી ચાલતા ચાલતા શ્રી યમુનાજીના કિનારે એક ગામ આવતા ગજન ધાવને ત્યાંના એક માણસને પુછયું કે ભાઈ, અહીંયા જે ગોકુલ કહેવાય તે કેટલું દુર છે?..... જવાબમાં પેલા માણસની કહ્યું કે જુઓ.... આ સામા કિનારે જે ગામ દેખાય છે તે જ ગોકુલ છે. પેલા માણસની વાત સાંભળીને આ બન્ને જણાએ ગામની બ્હાર આવતા કોયલા ઘાટ તરીકેનો એક

ઘાટ આવ્યો કે જે કોયલા ઘાટે ઉભેલી એક નાવમાં બેસીને સાથે રહેલા માણસ સહિત ગજન ધાવન તો બીજા દિવસે સવારના સમયે વ્રજબૂમિ તરીકે શ્રીમદ્ ગોકુલમાં આવી પહોચ્યાં. આમ વ્રજભૂમિમાં પ્રવેશ કરતા કિનાર પર ઉભેલા વ્રજવાસીઓને પૂછયું કે અહીં શ્રી મહાપ્રભુજી ક્યાં બિરાજે છે?.... જવાબમાં સીધો રસ્તો બતાવવા હોય તેમ સુચન કરતા એક વ્રજવાસીએ કહ્યું કે આ સમયે ગોવિંદ ઘાટ દેખાય છે ત્યાં જ શ્રી મહાપ્રભુજી બિરાજે છે. આ વ્રજવાસીની આવી વાત સાંભળીને ગજન ધાવન ગોવિંદ ઘાટ ઉપર આવ્યા અને ગોવિંદ ઘાટ ઉપર સામે જ બિરાજતા શ્રી મહાપ્રભુજીના દર્શન થતા ગજન ધાવને તો તરત જ સષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને એક મહોર ભેટ ધરી. આમ ગજન ધાવનને એક મહોર ભેટ કરતા જોઈને સ્હેજ હાસ્ય કરતા શ્રી મહાપ્રભુજીએ પૂછ્યું કે કેમ ગજન ધાવન તમે આવ્યા?...... જવાબમાં ગજન ધાવને વિનંતીથી કહ્યુ કે હા..... પ્રભુ.... હમણાં..... જ આગ્રાથી ચાલ્યો આવું છું...... આમ આટલુ કહ્યું તો ખરું પરંતુ શ્રી મહાપ્રભુની આવા પ્રકારની વાણી દ્વારા જેઓ ખરેખર આશ્ચર્ય જ પામ્યા હોય એવા ગજન ધાવનના રૂવાંટા ઉભા થઈ ગયા. હૃદયમાં કોઈ અલૌકિક હર્ષ ઉભરાવા લાગ્યા અને મન તો જાણે નાચવા-કૂદવા જ લાગ્યું. આમ આવી દશામાં ઉભા રહેલા ગજન ધાવનને શ્રી મહાપ્રબુજીના સ્વરૂપ પ્રત્યે કંઈક જ્ઞાન થયેલ હોવાથી પોતાના મનમાં વિચાર્યા કરતા હતા કે મારા અનેક આવરંણો દૂર થયા બાદ અને તે પણ ભગવદ્ આજ્ઞાનુસાર આજે મારૂ કાર્ય સિદ્ધ થયું.

હવે સખી સુભઆનના ગુપ્ત સ્વરૂપવાળા આ ગજન ધાવનને શ્રી સ્વામિનીજીના સ્વરૂપમાં જ નિરોધ સિદ્ધ કરાવીને ફલદાન કરવું એવું વિચાર કરીને સર્વ શક્તિમાન એવા શ્રી મહાપ્રભુજી એવું કર્યું કે સન્મુખ થયેલા એવા આ ગજન ધાવનને સાક્ષાત્ શ્રી નવનીતપ્રિયાજીના સ્વરૂપે દર્શન આપીને ગજન ધાવનના મનનું આકર્ષણ કર્યું કે જે આકર્ષણથી ગજન ધાવનને મહાપ્રભુજીના સ્વરૂપનું પૂર્ણ જ્ઞાન થઈ ગયું અનેપછી વિચાર કરવા લાગ્યા કે શ્રી યશોદાજીને તેમજ વ્રજભક્તોને સુખ આપનાર જે સ્વરૂપ હતુ એજ આ શ્રી નવનીતપ્રિયાજીનું સ્વરૂપ છે. આમ સ્વરૂપના દર્શન કરતા કરતા ગજન ધાવન તો ગદ્ગદ્ થઈ જતા પોતાની આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યા અને આખરે પોતે કંઈ બોલી પણ નહિ શક્તા પરમ કૃપાળુ એવા શ્રી મહાપ્રભુજીએ કેવળ કૃપા કરવા માટે પૂછ્યું કે ગઈ કાલે એકાદશી હતી કે જેથી કાલનું વ્રત કર્યુ હતું કે નહિ?....જવાબમાં બે હાથ જોડીને ગજન ધાવને કહ્યું કે હા....પ્રભુ...ગઈ કાલનું તો નિર્જલ વ્રત એટલે કે પાણી લીધા સિવાયનું વ્રત છે.આમ ગજન ધાવને ગઈ કાલે વ્રત કરેલ છે તેવું જાણીને શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરીકે જાવ શ્રી યમુનાજીમાં સ્નાન કરીને પછી કોરા કપડા પહેરીને આવો વળી રસ્તામાં કોઈને અડકી ન જવાય એવી સાવધાની રાખીને આવજો બાદ ગજન ધાવન શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મુજબ સ્નાન કરીને આવતા શ્રી મહાપ્રભુજીએ ગજન ધાવનને પ્રથમ નામ સંભળાયું અને પછી તેજ સમયે હાથમાં તુલસી આપીને નવનિત પ્રિયાની સન્મુખમાં બ્રહ્મસંબંધ કરાવ્યો. અથવા તો સેમજો કે નિવેદનનું દાન કર્યું. એટલે ગજન ધાવનને આવી રીતે દાન કરતા ગજન ધાવનને આ સમયે ખરેખર અલૌકિક દર્શનનો અલભ્ય લાભ મળ્યો.એટલે કે શ્રી નવનીજપ્રિયાજીનો એક સ્વરૂપ સિંહાસન ઉપર બિરાજી રહેલ છે અને શ્રી નવનીતપ્રિયાજીનું બીજુ સ્વરૂપ તુલસી સમર્પે છે. એટલે કે મૂળમાં શ્રી મહાપ્રભુજી અને શ્રી નવનીતપ્રિયાજી એમ બન્ને સ્વરૂપો તો એકજ સ્વરૂપે છે.એવાં દર્શન થયા.આમ આવા પ્રકારના દર્શન તો ગજન ધાવન જેવા મહાભાગ્યવાને થાય.....

ત્યારબાદ ગજન ધાવને આવા દર્શન થતાની સાથે જ સ્વરૂપમાં સ્વરૂપશક્તિ થઈ જતા પોતે મનમાં વિચાર કરવા લાગ્યા કે હવે દુકાન કોની?... અને વળી ઘર પણ કોનું?.... માટે હવે તો શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદ છોડીને ક્ષણવાર પણ જુદા પડવું નથી કારણકે મનુષ્ય અવતાર તરીકે પ્રાપ્ત થયેલો આ મહાન મનુષ્ય અવતારનો માત્ર શરીરના સુખ માટે કે સંસારના કાર્યો કરવામાં ઉપયોગ કરૂ તો હવે શરીરનું ભાન પણ રહી શકે તેવું નથી તો પછી જીવનની તો વાત જ શું કરવી?... એટલે સમજો કે આ બધોય શ્રી મહાપ્રભુજીએ કરેલા કૃપાદાનનો પ્રભાવ છે.

આમ ગજન ધાવનના હૃદયમાં પ્રગટ થઈ ચુકેલા આવા ભાવ જાણીને અંતર્યામી એવા શ્રી મહાપ્રભુજીએ વિશેષ કૃપા કરવા માટે વિચાર્યુ કે ગજન ધાવન ઉપર શ્રી ઠાકોરજીનું સ્વરૂપ પધરાવી દઈએ તેમને બાલરસ તેમજ કિશોરરસ એમ બંને પ્રકારના ઉત્તમ રસનું સુખ આપવું એવું વિચારીને આજ્ઞા કરતા ગજન ધાવનને કહ્યું કે તમે ઘરે જઈને શ્રી ઠાકોરજીની સેવા કરો.... શ્રી મહાપ્રભુજીએ કરેલી આજ્ઞાના આવા વચનો સાંભળીને કેમ જાણે નારાજી બતાવતા હોય તેમ ગજન ધાવને વિનંતીથી કહ્યું કે પ્રભુ , હવે મને સંસારની જાળમાં નહિ ફસાવતા આપના ચરણારવિંદની સેવામાં જ રાખો. ગજન ધાવનની આ વાત સાંભળીને શ્રી મહાપ્રભુજીએ ફરીને આજ્ઞા કરતા કહ્યું કે તમને અમારી પાસે જ રાખીશું. એટલે આ શ્રી નવનીતપ્રિયાજીનું જે સ્વરૂપ તમારા માથે પધરાવીને આપું છું. :તે સાક્ષાત્ મારૂ જ સ્વરૂપ છે કે જેથી આ સ્વરૂપના સુખનો વિચાર કરીને લાડ લડાવીને સેવા કરજો . વળી તમે જે જે મનોરથ વિચાર કરશો તે તે બધાય મનોરથો આ સ્વરૂપે પૂર્ણ થશે. આમ આવી આજ્ઞા કરીને ગજન ધાવનને થાડાક દિવસ પોતાની પાસે રાખીને સેવાની રીતિ શીખવાડી. બાદ આજ્ઞા મુજબ શ્રી નવનિતપ્રિયાજીને પધરાવીને ગજન ધાવન પોતાના ઘરે આવ્યા અને સેવાની શીખેલી રીતિ અનુસાર અતિ સ્નેહથી શ્રી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા.

આમ શ્રી પુષ્ટમાર્ગીય વૈષ્ણવ થઈને સેવા કરતા હોવાથી ગજન ધાવનમાં પહેલા લૌકિકવૈદિક મર્યાદા તરીકેની જે ભાવના હતી તે ભાવના હવે છૂટી ગઈ એટલે સમજો કે તે લૌકિક વૈદિક ભાવનામાં પરિવર્તન થઈ જતા હવે તો કેવળ શ્રી પુષ્ટિમાર્ગીય ભાવના પ્રમાણે જ વર્તવા લાગ્યા...... વળી આવું પરિવર્તન થઈ જતા શ્રી નવનિતપ્રિયાજી પણ ખરેખર ગજન ધાવનની સાથે પ્રિતિપૂર્વક હળીમળી ગયા.... અરે... એટલું જ નહિ પરંતુ અરસપરસના પ્રેમની "અલૌકિક ગાંઠ" બંધાઈ જતા શ્રી નવનિત પ્રિયાજીએ આજ્ઞા કરતા કહ્યું કે ગજન ધાવન... તમે સ્હેજ આઘાપાછા થાવ છો તો મને તમારા સિવાય અહીં ગમતું નથી કે જેથી તમારી દુકાન છે બંધ કરીને ચોવીસેય કલાકો મારી પાસે જ રહ્યા કરો. વળી સામગ્રી કે બીજી જરૂરીયાતના વસ્તુઓ જે બહારથી મંગાવવાની હોય તે તમારા માણસ દ્વારા હંમેશા મંગાવ્યા કરો. પણ....હવે તમે ક્યારેય ક્યાં જશો નહિ..... ઠાકોરજીએ કરેલી આવી આજ્ઞાનું પાલન કરવા અર્થે ગજન ધાવને એવું જ કર્યું કે દુકાનમાં થોડો ઘણો જે માલ હતો વેંચી નાખીને દુકાન બંધ કરી અને માલ વેંચતા જે દ્રવ્ય આવ્યું તે પોતાની પાસે રાખ્યું પછી પોતાને ત્યાં જે માણસ હતો તેને મહિનાનો પગાર બાંધી દીધો કે જેથી તે માણસ રોજ એક વખત આવીને જે કામ હોય તે કામ કરી જાય. નિત્ય નિયમ તરીકે આવું કરીને શ્રી ઠાકોરજીની આજ્ઞાને એક પ્રમાણ તરીકે માની બતાવીને ગજન ધાવન તો ચોવીસેય કલાકો શ્રી ઠાકોરજી પાસે જ રહીને સેવા કરવા લાગ્યા. વળી ગામના વૈષ્ણવો જે કોઈ શ્રી ઠાકોરજીના દર્શન કરવા માટે આવતા હતાં તેઓ બધાયને માત્ર શૃંગારના જ દર્શન કરાવીને બારણાં બંધ કરી દેતા હતા અને પછી પછી બારણા ખોલતા જ ન હતા.

હવે "જીનકી રીત-રીત છબી ન્યારી" એવા એક પ્રમાણને સિદ્ધ કરી બતાવનાર ગજન ધાવન જેવા જે સેવા કરતા હતા તે સેવા ની અરસપરસ બન્નેની રીત પ્રિતછબી એવી હતી કે શ્રી ઠાકોરજીમાટે જે સામગ્રી કરવાની હોય તે સામગ્રી ગજન ધાવન પોતે પોતાના હાથેજ તૈયાર કરતા. વળી જ્યારે અડધી સામગ્રી તૈયાર થાય ત્યારે શ્રી ઠાકોરજીને જગાડતા. અરે બાલભોગ... તરીકેની સામગ્રી મંગલભોગના ધરતા પછી રસોઈ ઘરમાં જઈને પાછી સામગ્રી તૈયાર કરવા લાગતા અને પછી બધી સામગ્રી જ્યારે તૈયાર થઈ જતી ત્યારે શ્રી ઠાકોરજી પાછા જાગી જતા અને ગજન ધાવનને બોલાવા માંડે કે ઓ... ગજન ધાવન ઓ... ગજન ધાવન આવો.... અહીં આવો.. .. હું એકલો છું. આમ શ્રી ઠાકોરજી વારંવાર જ્યારે ગજન ધાવનને બોલાવતા હતા ત્યારે જવાબમાં ગજન ધાવન કહે કે આવું.. ..પ્રભુ.... આવો...હું અહીંજ છું ક્યાંય ગયો નથી... એટલે સમજો કે આવા પ્રકારની સ્વરૂપાશક્તિતો વ્રજભક્તોથી તો લૌકિક અધિક કહેવાય કારણકે શ્રી ઠાકોરજીની સેવામાં જતા કે સેવામાં રહેલ વ્રજભક્તોને તો લૌકિક ગુરૂજનો એટલે કે મા- બાપ પતિ તેમજ આવા અન્ય સગાસંબંધીઓનો પ્રતીબંધ હતો. પરંતુ ગજન ધાવનને જે પ્રતિબંધ હતો તે દૂર થઈ જતા હવે કોઈ પ્રતિબંધ રહ્યો ન હતો કે જેથી નિર્ભય... થઈને કેવળ રસરીતિથી શ્રી ઠાકોરજીના સ્વરૂપ સાથે વિવિધ પ્રકારે રમણ કરતા હતા. એટલે કે ગજન ધાવનને કોઈ વખતે વાછરડો કરીને કોઈ વખત ઘોડો બનાવીને શ્રી ઠાકોરજી જ્યારે જ્યારે રમણ કરવાની ઈચ્છા કરતા હોય ત્યારે ત્યારે શ્રી ઠાકોરજીને પોતાની પીઠ ઉપર પધરાવીને ઘુંટણો દ્વારા ગજન ધાવન પોતાના ઘરમાં ફરતા હોય છે આવા પ્રકારે ગજન ધાવનની સાથે આવી રમત કરતા કરતા ગજન ધાવને બાલરસ, પૌગંડ રસ, તરૂણરસ,અને કિશોર રસ એમ આ ચાર પ્રકારના રસનું સુખ શ્રી ઠાકોરજી આપતા હતા.

આ પ્રમાણેની રમત રમતા રમતા શુભ આનંદ ના ગુપ્તસ્વરૂપવાળા ગજન ધાવનના ઘુંટણો પણ ઘસઈ જવા પામ્યા હતા. હવે આમ વાછરડો અને ઘોડો બનીને આમ તેમ કરે કરેલ હોવાથી ઘુંટણો જે ઘસાઈ જવા પામ્યા હતા તે ઘૂંટણો એવું સુચન કરી બતાવે છે કે શ્રી ઠાકોરજી ગજન ધાવનને જે ચાર પ્રકારના રસનું સુખ આપ્યું હતુ તેનો એક અનુભવ રૂપે ઘૂંટણો ઉપર આવા ચિન્હો દેખાતા હતા. વળી ગજન ધાવન પોતાનું શરીર અન્ય કોઈને બતાવતા પણ નહતા કે જેથી એ પણ સ્પષ્ટ થાય જે કે માત્ર ઘુંટણો ઉપર જ ચિહ્નો દેખાતા હતા એવું નથી પરંતુ શરીરના બીજા ભાગ ઉપર પણ આવા બીજા ચિહ્નો દેખાતા હતા એટલે સમજો કે આવા દેખાતા આ બધાય ચિહ્નો માત્ર રસસંબંધી હોવાથી આવી આ રસસંબંધની મુળવાતને જો લોકમાં પ્રગટ કરવામાં આવે તો રસાભાસ થઈ જાય કે જેથી મૂળવાતને ગુપ્ત રાખવાના હેતુએ એટલુ જ સુચન કર્યું કે વાછરડો અને ઘોડો બની બનીને જે રમત રમતા હતા કે જે રમણ કરતા હતા તેના આધારે જ

ગજન ધાવનના માત્ર ધુંટણો જ ઘસાઈ ગયા હતા.... એટલે આવી રમત કે આવા આ રમણને પ્રત્યે વિશેષ પ્રકાશ નહિ કરતા ટુંકમા એટલું જ કે આવા પ્રકારના રસના જે અધિકારી હશે તે આ રમતમાં રહેલા રસને સમજી શકશે.

બાદ આવી રમતમાં પ્રાપ્ત થતા અલૌકિક રસ છોડીને ગજન ધાવન ઘરની બહાર પણ નીકળતા ન હતા. વળી પોતાનો જે માણસ હતો તે કામમાટે આવે અને પોતાનુ કામ કરીને પાછો જાય કે તરત જ ઘરના બારણાં બંધ કરી દે. એટલે સમજો કે ગજન ધાવન પોતાના ઘરના બારણા કાયમ બંધજ કરી રાખતા. આમ બંધ રહેતા ગજન ધાવન એકલવાયા જેવા જીવનના સમાચાર સાંભળી સાંભળીને ગામમાં રહેતા ઘણાંય વૈષ્ણવો ગજન ધાવનના ઘરે આવતા. અને પછી તો સમજો કે ઘરમાં આવતાની સાથે જ ઘરમાં પ્રસરી રહેલી અત્તરની સુગંધ સૌને આવતી રહેતી હોવાથી સૌ ચકિત થઈ જતા હતા. અને પછી દર્શન કરીને સૌ જતા રહેતા હતા. આમ પોતાને ઘરે સૌ વૈષ્ણવો આવતા હોવા છતાંય ગજન ધાવન કોઈ સાથે વિસેષ કંઈ વાત પણ કરતા ન હતા એટલે કે કેવળ પોતાના વિલાસ રૂપે રસસંબંધની અલૌકિક વાત કોઈને કહેતા જ નહતા.

હવે સુજાતી અને વિજાતી તરીકે એક પ્રકારના ભાવના આધારે પોતાના જ ગામમાં (આગ્રામાં)રહેતા ઘણાય વૈષ્ણવોમાંથી એક સંતદાસજીના સ્વરૂપેં ગજન ધાવન આછી રીતસો એટલે કે બરાબર સારી રીતે જાણતા હતા પણ સંતદાસજીના સ્વરૂપ વિશેષ કોઈને વાત કરતા ન હતા. એટલે અરસપરસના આવા અલૌકિક સંબંધના આધારે જ્યારે સખી ચંદ્રીકાની ગુપ્ત સ્વરૂપવાળા સંતદાસજી પણ કોઈ કોઈ સ્વરૂપે ભગવદ્ વાર્તા શુભ આનના ગુપ્તસ્વરૂપળા આ ગજન ધાવનને ઘરે આવતા હતા. તેમજ રસસંબંધી ભગવદ્ વાર્તા પણ કરતા હતા કે જેથી રસસંબંધ વાતો ગજનધાવન કોઈને કહેતા પણ ન હતા અને ... પછી ગજન ધાવનની આવી ગુપ્ત ભાવના ગજન ધાવનની દશા ગજન ધાવનનું આવું ઘર વિગેરે વિગેરે થી ગજન ધાવન ઉપર સંતદાસજી બહુજ પ્રસન્ન થતા અને ગજન ધાવનની પ્રશંસા કરી કરીને કહેતા કે ધન્ય છે... ગજન ધાવન તમને ધન્ય છે

આમ ને આમ અને તે પણ આનીને આની દશામાં રહેતા રહેતા ગજન ધાવનને પુર્ણ રીતે નિરોધ સિધ્ધ થઇ ગયો એટલે કે શ્રી ઠાકોરજી નવનીતપ્રિયાજી ને અને ગજન ધાવન ને એમ અરસપરસ બન્નેં પુર્ણ આસકિત થઇ ગઇ હવે આવી અસકિતનું સ્વરૂપ કુંભનાદાસજીએ પણ સિધ્ધ કરી બતાવ્યું તો છે પરતું...પરતું એટલે એ કે ગજન ધાવન ઉપર વિશેષ..કૃપા હતી. કારણકે પોતાને સીધ્ધ થયેલી આની આસકિત ના સ્વરૂપ ને કુંભદાસજી એ કીર્તન દ્વારા લોકમાં ગાઇ બતાવ્યું જયારે ગજન ધાવન ને તો કોઇને ખબર જ પડવા દીધી નહિ. એટલે આસક્તીના પ્રકારમાં આ કોઇ એક ઉચોં પ્રકાર બતાવ્યો. આમ સિધ્ધ થયેલી આ બન્ને ની આસકિતના પ્રકારમાં આટલું અંતર હોવાથી ગજન ધાવન ઉપર શ્રી ઠાકોરજી ની વિશેષ.. કૃપા હતી. એટલે ટુંકમાં એટસું જ સમજો કે "પ્રગટ કર્યે રસ જાય".. એ સુચન કરી બતાવ્યું.

ત્યારબાદ ગજન ધાવનની આવા પ્રકારની દશાના આધરે શ્રી મહાપ્રભુજીએ વિચાર્યું કે ગજન ધાવનને પૂર્ણ રીતે નિરોધ સિદ્ધ ગયેલો છે અને વળી હવે કંઈ બાકી પણ નથી કે જેથી એક દિવસે રાત્રે શ્રી મહાપ્રબુજીએ શ્રી નવનીતપ્રિયાજીને અલૌકિક રીતે સુચન કર્યું કે આપ ગજન ધાવનને સાથે લઈને અહીં પધારો.... શ્રી મહાપ્રભુજીએ કરેલા આવા સુચનથી શ્રી ઠાકોરજીએ તે જ સમયે ગજન ધાવનને આજ્ઞા કરતા કહ્યું કે હવે મને શ્રી મહાપ્રભુજીને ત્યાં શ્રીમદ્ ગોકુલ પધરાવવા માટે તમે મારી સાથે ચાલો.... અરે, ન કદી સ્પપ્નમાંય કે ન કદી કલ્પનામાં એવી શ્રી ઠાકોરજીની આજ્ઞાના વચને સાંભળ્યા તો ખરા પરંતુ ગજન ધાવનના શરીરની દશામાં કઈ પરિવર્તન થઈ જવાથી પોતાને કઈ સુજ પડી નહિ કે જવાબમાં શું આપું?... આખરે ગદ્ગદ્ થઈ ગયેલા કંઠે કહ્યું કે આવો વિચાર કરીને આપે મારી શું વિચારી છે?.... વળી આપ વિના હું કેમ જીવીશ?... કેમ જાણે ખરેખર બહુ જ દુઃખજ થયું હોય એમ વ્યાકુળ વ્યાકુળ થઈ ગયેલા ગજન ધાવનને જોઈને આશ્વાસન આપતા હોય તેમ શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરતા કહ્યું કે ગજન.... તમે જરાય દુઃખ પામશો નહિ જ્યાં તમે ત્યાં હું અને જ્યાં હું ત્યાં તમે... પછી શું?... શ્રી ઠાકોરજીના પ્રેમ ભરેલા આવા મધુર વચનો સાંભળીને ગજન ધાવન પાછા પોતાની મૂળ દશામાં આવી ગયા અને પછી તો એજ કે સવાર થતા શ્રી ઠાકોરજીની સેવાને પહોંચી લઈને અને શ્રી ઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવીને ઝાંપીજી તૈયાર કર્યા અને પછી એક ગાડુ બોલાવી ઘરનો કંઈપણ સામાન ઘરમાં નહિ રાખતા ઘરમા રહેલા બધોય સામાન ગાડામાં મુક્યો અને પછી ઝાંપીજી પધરાવીને શ્રીમદ ગોકુલ જવા માટે પોતાના લૌકિક ઘરેથી ચાલી નિકળ્યા. હવે જેઓ ઘરની બહાર કદી પણ નીકળતા નહતા એવા આ ગજન ધાવન ચાલતા જાય અને સૌ વૈષ્ણવોને બોલાવી બોલાવીને જયશ્રી કૃષ્ણ.... જય શ્રી કૃષ્ણ કહીને કહે કે શ્રીમદ્ ગોકુલ જાવ છું અને પછી પોતાનો એક અંગત વૈષ્ણવ આવી પહોંચતા ગજન ધાવને આ વૈષ્ણવને કહ્યું કે ભાઈજી હું જાઉં છું હવે તો હું કોણ જાણે હુ ક્યારે પાછો આવીશ માટે લૌકિક દ્રષ્ટિએ મારુ આ ઘર વેચીને તેનું જે ધન આવે તે શ્રી મહાપ્રભુજીને ત્યાં પહોંચાડી

દેજો... આમ આવું કહીને એકબીજાને અરસપરસ ભેટ્યા અને ભેટતાની સાથેજ ગજન ધાવનની આંખો માંથી આસુંઓને જોતા આ વૈષ્ણવો તેમજ ઉભેલા બીજી વૈષ્ણવોની આંખોમાંથી પણ આસુંઓ પણ વહી રહ્યા અને પછી... પછી આગળ ચાલ્યા પછી આગળ ચાલ્યા પછી આગળ ચાલતાની સાથે રહેલા સૌ વૈષ્ણવો કેમ જાણે ખરેખર રૂદન જ કરતા હોય તેમ સૌની આંખોમાંથી વહી રહેલા આસુંઓને જોઈને સંતદાસજીએ સૌને ધીરજ આપતા કહ્યું કે ગજન ધાવનને શ્રીમદ્ ગોકુલ પહોંચવા માટે ચાલો આપણે સૌ ગજન ધાવનની સાથે જઈએ.... વળી આ એક લાભની સાથે મહાપ્રભુજીના દર્શનનો લાભ પણ સૌને મળશે. સંતદાજીની વાત સાંભળીને ગજન ધાવનને શ્રીમદ ગોકુલ પહોંચાડવા માટે સંતદાસજી સહિત કેટલા વૈષ્ણવો ગજન ધાવનની સાથે જ પ્રયાણ કરીને સૌએ આગ્રા છોડયું.

જ્યારે બીજી તરફ ગજન ધાવનની દેખાતી ઘેર હાજરીના કારણે આગ્રા ગામના વૈષ્ણવોને તેમજ ગજન ધાવનને જે મહોલ્લામાં રહેતા હતા તે મહોલ્લા વાસી એટલે સ્વમાર્ગીય અને અન્નમાર્ગીય એમ સૌ કોઈને અતિ દુઃખ થઈ રહ્યું પરંતુ ગજન ધાવનતો ગયા તે ગયાજ.હવે શ્રી ઠાકોરજીને પધરાવીને ગજન ધાવન સહિત સૌ વૈષ્ણવો આગળ પ્રયાણ કરતા કરતા નાના નાના ગામડાઓને પસાર કરતા કરતા વળી રસ્તામાં એક પ્રકારના આનંદની લહેરોનો અનુભવ કરતા કરતા અને આખરે રાત્રિના સમયે સૌ શ્રીમદ્ ગોકુલ આવી પહોંચ્યા. અને હવે શ્રી ઠાકોરજી સહિત ગજન ધાવન શ્રીમદ ગોકુલમાં આવીને જ્યારે શ્રી મહાપ્રભુજીને ત્યાં ગયા ત્યારે શ્રી મહાપ્રભુજી કથા કરી રહ્યા હતા. આમ આવા સમયે ગજન ધાવન શ્રી મહાપ્રભુજી પાસે આવ્યા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિનંતી કરી કે રાજ શ્રી નવનીતપ્રિયાજી પધાર્યા છે. ગજન ધાવનની વાત સાંભળીને કંઈ જાણતા નથી એવું માત્ર બતાવવા અર્થે જ શ્રી મહાપ્રભુજીએ પૂછ્યુ કે આમ અચાનક કેવી રીતે પધાર્યા ?... જવાબમાં ગજન ધાવનને કહ્યું કે રાજ, શ્રી નવનીતપ્રિયાજીએ અહીં પધરાવી લાવવાની મને આજ્ઞા કરતા હું આપને ત્યા પધરાવી લાવ્યો છું બાકી બીજું કંઈ તો હુ જાણતો નથી.

ત્યારબાદ શ્રી નવનીતપ્રિયાજી ને પોઢાડવાની તૈયારી કરવા માટે શ્રી મહાપ્રભુજીએ જે કથા કહી રહ્યા હતા તે બંધ કરીને અંદર જ્યાં શ્રી મહાપ્રભુજી નિત્ય પોઢતા હતા ત્યાં શ્રી નવનીતપ્રિયાજીને પધરાવ્યા. અને વિચાર કરવા લાગ્યા કે પોઢાડવામાટે સૈયા તો નથી તેથી શું કરવું?.. વળી અત્યારે આમ રાત્રિના સમયે તૈયાર પણ કેમ કરાવી શકાય? આમ આવા પ્રકારના વિચારો કરતા કરતા આખરે સારૂ... મારી સાથે પોઢાડીશ એવો વિચાર કરીને શ્રી નવનીતપ્રિયાજીને પોઢાડવાની તૈયારી કરતા શ્રી મહાપ્રભુજીએ પોતાના શ્રી અંગપર અત્તર જેવી સુગંધ જેવી વસ્તુ લગાડીને શ્રી નવનીતપ્રિયાજીને પધરાવીને એક સૈયા માં સાથે પોઢ્યા. હવે દર્શન કરનાર વ્યક્તિને આ બન્ને સ્વરૂપો અલગ અલગ દેખાય તે સ્વભાવિક જ છે વળી મૂળમાં એટલે કે દર્શન કરનાર વ્યક્તિ તો અલૌકિક તો આ બન્ને સ્વરૂપો એકજ હોવાથી અહીંયા આ રીતે એકજ સૈયામાં પોઢ્યા છે તો ખરા પરંતુ લૌકિક દ્રષ્ટિએ આવું બને તે યોગ્ય નહિ એવું લૌકિક દ્રષ્ટિવાળાઓને દેખાશે પણ તેઓએ સમજવું જરૂરી છે કે અહીં લોક્કી પ્રણામ તરીકેની મર્યાદાનો વિચાર નહિ કરતા અહીં કેવળ અલૌકિક સ્વરૂપોના સંબંધોનો જ વિચાર કરવો. વળી અલૌકિક દ્રષ્ટિએ તો આવુ બધુયે થયા કરતું તે વિષય કેવળ અલૌકિક સ્વરૂપનો જ છે. વિશેષ શું?....

આમ આ બંને અલૌકિક સ્વરૂપો એકજ શય્યામાં પોઢ્યા અને....

તે પછી... બીજા દિવસે તૈયાર કરાવેલી નવી શય્યામાં શ્રી નવનીતપ્રિયાજીને પોઢાડતા નવી કરાવેલી આ શય્યા સ્હેજ... નાની પડવાથી આજે પણ ગઈ કાલ જેવી જ પરિસ્થિતિ ઉભી થઈ એટલે કે આજ્ઞા કરીને શ્રી નવનીતપ્રિયાજી કહેવા લાગ્યા કે આવી... નાની શય્યામાં પોઢી શકાશે નહિ... હું તો આપની સાથે જ પોઢીશ. શ્રી નવનીતપ્રિયાજીની આવી આજ્ઞાના વચનો સાંભળીને શ્રી મહાપ્રભુજીએ ગઈ કાલની માફક શ્રીઅંગ પર અત્તર જેવી સુગંધી વસ્તુ લગાડીને શ્રી નવનીતપ્રિયાજીને પોતાના સાથે એક જ શય્યામાં પોઢાડ્યા અને...

પછી ત્રીજા દિવસે મોટી શય્યા કરાવી અને પછી તૈયાર કરાવેલી આ મોટી શય્યામાં શ્રી નવનીતપ્રિયાજીને રાત્રે પોઢાડતા શ્રી નવનીતપ્રિયાજીએ આજ્ઞા કરી કે મને આપની સાથે જ પોઢાડો... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે લૌકિક દ્રષ્ટિએ અહીં લોક મર્યાદા રાખો. બાકી અલૌકિક રીતે તો હું સદાય આપની સાથે જ છું... એટલે અહીં તો લૌકિક મર્યાદા રાખવી જરૂરી હોવાથી આપ મોટી શય્યામાં જ પોઢો.... એવું કહીને શ્રી મહાપ્રભુજીએ શ્રી નવનીપ્રિયાજીને આ નવી મોટી શય્યામાં જ પોઢાડ્યા અને શ્રી નવનીતપ્રિયાજી આ નવી શયયામાં પોઢયા પણ ખરા.... તે પછી અરસપરસના અતિ સ્નેહના આધારે શ્રી નવનીતપ્રિયાજી ગજન ધાવન સાથે એટલા બધા હળીમળી ગયા હતા કે ધરવામાં આવતા ભોગ પણ ગજન ધાવનને જ્યારે જુએ ત્યારે જ શ્રી નવનીતપ્રિયજી આરોગતા હતા અને કદાચ ગજન ધાવનને ન જુએ

તો ભોગ એમ ને એમ પડી રહે પણ આરોગતા તો નહિ જ. આમ આવા પ્રકારે શ્રી નવનીતપ્રિયાજીની પૂર્ણ કૃપા મેળવીને ગજન ધાવન તો ખરેખર પૂર્ણ ભાગ્યશાળી જ થયા હતા. એટલે સ્નેહીની ટોચે પહોંચેલા આવા .... સ્નેહના આધારે... બધાય... સમયે ગજન ધાવન મંદિરમાં બારણાના ઉંમરા ઉપર જ બેસી રહેતા હતા.

બાદ ચાર પાંચ દિવસ શ્રીમદ્ ગોકુલમાં રહીને શ્રી મહાપ્રભુજીના દર્શનનો તેમજ બીજો લાભ લઈને સંતદાજી સહિત આવેલા આગ્રાના વૈષ્ણવો આગ્રા પાછા ગયા. પછી થોડોક સમય પસાર થયો હશે એવામાં એક દિવસ એવું બન્યું કે શ્રી નવનીતપ્રિયાજીને રાજભોગ ધર્યા અને પછી બીડી બનાવવા માટે પાન લેવા જતા ખબર પડી કે પાન નથી જેથી શ્રી અક્કાજીએ બજારમાંથી પાન લેવા જવા માટે ગજન ધાવનને બજારમાં મોકલ્યા. આમ શ્રી અક્કાજીની આજ્ઞાનુસાર પાન લેવા માટે ગજન ધાવન બજાર તરફ ચાલતા થયા.... હવે... ચાલતા તો થયા પરંતુ થોડેક દુર પહોંચતાની સાથે જ કોણ જાણે શું થયું કે ગજન ધાવનને મૂર્છા આવી જતા બેભાન જેવા થઈને દુર રસ્તામાં જ જમીન પર ઢળી પડ્યા . હવે આ સમાચાર શ્રી અક્કાજીએ સાંભળતા અક્કાજીએ તો બીજા એક માણસ દ્વારા પાન મંગાવીને બીડી તૈયાર કરી. આવામાં ભોગ સરાવવાને સમય થતા ભોગ સરાવવા માટે શ્રી અક્કાજી અંદર આવ્યા . અરે.... અંદર... તો ગયા પરંતુ અંદર જઈને જુએ તો ધરેલા રાજભોગ એમ ને એમ જ પડેલા છે અને શ્રી નવનીતપ્રિયાજી આજ્ઞા કરી રહ્યા છે કે મારો ગજન આવશે ત્યારે જ રાજભોગ આરોગીશ. મારો ગજન આવશે ત્યારે જ રાજભોગ આરોગીશ... આમ આવું વાતાવરણ જોઈને અક્કાજી તો વિચારમાં જ પડી ગયા કે હવે કરવું શું?... આખરે ગજન ધાવનને બોલાવી લાવવા માટે બે માણસોને સમજાવીને મોક્લાય. શ્રી અક્કાજીની આજ્ઞા મુજબ આ બન્ને માણસો ગજન ધાવનને બોલાવવાને માટે ગયા અને ગજન ધાવન જ્યાં બેભાન દશામાં પડી રહેલા હતા ત્યાં જઈને ગજન ધાવનના કાનમાં કહ્યું કે ગજન ધાવન-તમે જલદી ચાલો.... શ્રી નવનીતપ્રિયાજી તમને યાદ કરી રહ્યા છે... વળી તમારી આ રીતે થયેલી ગેરહાજરીના અંગે રાજભોગ પણ આરોગતા નથી માટે જલદી ચાલો... ગજન ધાવન.. જલદી ચાલો. માણસોની આવી વાત સાંભળતાની સાથે જ ગજન ધાવન સાવધાન થયા અને તરતજ શ્રી નવનીતિપ્રિયાજીના મંદિરના બારણા પાસે આવીને વિનંતીથી કહ્યું કે પ્રભુ, હું આવ્યો છું... આપ સુખેથી રાજભોગ આરોગો. આમ ગજન ધાવનની વાણીરૂપેના વચનો સાંભળીને શ્રી નવનીત પ્રિયાજી સુખેથી રાજભોગ આરોગવા લાગ્યા અને પછી તો રાજભોગ આરોગતા જાય અને આજ્ઞા પણ કરતા જાય કે ગજન, તમે મારી પાસે જ રહેજો... ક્યાંય જશો નહિ... તમારા વિના મને બીજું કંઈ પણ ગમતું નથી....

આમ કરતા કરતા એક દિવસ રાત્રિના સમયે ગજન ધાવનને પોતાના શરીરમાં કંઈક અશક્તપણું આવી ગયેલું દેખાતા પોતે સૂઈ રહ્યા હતા... વળી પોતાને જલની તરસ તો લાગી હતી પણ જલપાન કરવા માટે ઉઠી શકે તેવી સ્થિતિ પણ તેમની ન હતી. એટલે કરે પણ શું?.... અને પછી તો સમજો કે જલ વિના પોતાનું ગળું સુકાવા લાગ્યું. હવે શરીર અશક્ત થયું... તરસ લાગી છે... ઉઠી શકાતુ નથી.... વળી ગળુ પણ સુકાતુ હોવાથી દુ:ખી થઈ રહ્યા ... આમ પોતાના ભક્ત તરીકે ગજન ધાવનની આવી સ્થિતી જોઈને શ્રી નવનીતપ્રિયાજીથી સહન કેમ થાય ?....

એટલે શ્રી નવનીતપ્રિયાજીથી ગજન ધાવનનું દુ:ખ સહન નહિ થવાથી પોતાના ઝારીજી લઈને શ્રી નવનીતપ્રિયાજી નિજ મંદિરમાંથી બહાર આવ્યા અને ગજન ધાવનને જલપાન કરાવીને પછી મંદિરમાં પધાર્યા. અને તે પછી આ રાત્રિ... પૂર્ણ થતા વ્હેલી સવારે ગજન ધાવનની દેહ છૂટતા ગજન ધાવન શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં પહોચ્યા. આમ ગજન ધવનની દેહ છૂટી જતા શ્રી નવનીતપ્રિયાજીને થઈ રહેલા શ્રમ બદલ શ્રી મહાપ્રભુજી... શ્રી નવનીતપ્રિયાજીને ધીરજ આપીને એક પ્રકારનું આશ્વાસન આપ્યું. તેમજ ગજન ધાવનને અલૌક્કિ દેહ આપીને સદાય શ્રી નવનીતપ્રિયાજીની પાસે નિત્ય લીલામાં પહોંચાડ્યા. બાદ સૌ વૈષ્ણવોએ મલીને ગજન ધવનના લૌક્કિ દેહને અગ્નિ સંસ્કાર કર્યો.... આમ ગજન ધાવન જ્યાં સુધી ભૂતલ પર રહ્યા હતા ત્યાં સુધી ગજન ધાવન ઉપર શ્રી નવનીતપ્રિયાજીનો અવર્ણનીય અત્યંત પ્રેમ રહ્યો હતો અને તેથી જ ઘણાય દિવસો સુધી શ્રી નવનીતપ્રિયાજીનું મુખારવિંદ ઉદાસ બની રહ્યું હતુ. એટલે સમજો કે ગજન ધાવન ઉપર શ્રી નવનીતપ્રિયાજીની પૂર્ણ કૃપા હતી, તે પછી શ્રીમદ્ ગોકુલથી શ્રી મહાપ્રભુજીએ અડેલ પધારીને અડેલમાં વાસ કર્યો ત્યારે શ્રી નવનિત પ્રિયાજીને પણ અડેલ પધરાવી લાવીને એક સુંદર મંદિરમાં પધરાવ્યા હતા. હવે શ્રી નવનીતપ્રિયાજીના આજ્ઞાના વચનો મુજબ એ પણ સમજી લેવું કે જ્યાં શ્રી નવનીતપ્રિયાજી ત્યાં જ ગજન ધાવન, એટલે... બધાય... સમયે ગજન ધાવન શ્રી નવનીતપ્રિયાજીના મંદિરના બારણાના ઉંમરા ઉપર જ બેસી રહેલા છે... વળી અહીં સંતદાસજીનાં વચનો પણ યાદ આવે કે ધન્ય છે... ગજન ધાવન... તને ધન્ય છે...

આમ વ્યસન દશાને સિદ્ધ કરી બતાવનાર ગજન ધાવનની વાર્તા સંપૂર્ણ.

૧૩. કૃષ્ણદાસ તથા તેમના પત્ની

આ હિન્દુસ્તાન નામના પવિત્ર દેશમાં ગુજરાત નામનો એક પ્રદેશ આવેલો છે કે જે પ્રદેશમાં સાબરકાંઠા જીલ્લામાં એક બાડ(હાલનું બાયડ) નામના ગામમાં એક બ્રહ્મણને એક પુત્ર હતો. તેમજ આ બાડ ગામની બાજુમાં આવેલા ચોઈલ નામના ગામમાં એક બ્રાહ્મણને એક પુત્રી હતી. આમ આ પુત્ર-પુત્રી તરીકે બન્ને વ્યક્તિઓ "કોણ-કોણ" હશે તે તો સમજી જ જવાયું હશે પણ... જીનકી રીત... પ્રીત.. છબી ન્યારી એ ભાવનાએ આ બંને વ્યક્તિઓ નું જીવન આખરે ન્યારૂ જ બની જાય છે. અરે.... એટલું જ નહિ પરંતુ બતાવવામાં આવેલા પ્રમાણને પણ એકબાજુએ મુકી દઈને આત્મ સંબંધ તરીકેનો પ્રેમ?.... ક્યાં દેહ સંબંધ તરીકેની મર્યાદા અને ક્યાં આત્મ સંબંધ તરીકેનો ભાવ?... એટલે આવા મહાનુભાવોની આવી વાતો વાંચીને કે સાંભળીને સ્હેજ વિચારમાં તો પડી જવાશે કે સમાજમાં રહીને આવુ કેમ થઈ શકતું હશે?... પરંતુ તેમાં નવાઈ પામવા જેવુ કઈ નથી,એટલે કે આવુ જીવન જીવી બતાવનારાઓ સમાજમાં રહીને જ આવુ જીવન જીવી બતાવતા હોય છે પણ.... બધાય નહિ એ તો વિરલ જ કે જેની રીત-પ્રીત છબી ન્યારી હોય તેવા જ.

જ્યારે બીજી તરફ લીલામાં એક એવી વાત બની કે લીલામાં શ્રુતિરૂપામાં મદનગોપાલના નામે એક ગોપ છે કે જેને બે પુત્રી છે. એકનું નામ નંદા અને બીજીનું નામ શુભદ્રા. હવે સમય પસાર થતા થતા એક દિવસે એવું બનેલું કે શ્રી ઠાકોરજી સંકેત વનમાં પધાર્યા. તેમજ ચંદ્રાવલીજી પણ સંકેત વનમાં પધારેલા હોવાથી શ્રી ચંદ્રાવલીજીને શ્રી ઠાકોરજી મલ્યા હશે અને.... વળી એકાંતમાં કરવા યોગ્યની કંઈક વાતો પણ કરી હશે. આમ આ બન્ને સ્વરૂપોનું આ રીતે થયેલ મિલન નંદા અને શુભદ્રા નામની આ બન્ને સખીની દ્રષ્ટિમાં આવી જતા આ બન્ને સખીએ કીરતિજીને બધીય વાત કરતા કહ્યું કે શ્રી ચંદ્રાવલીજી અને શ્રી કૃષ્ણ એમ આ બન્ને સંકેત વનમાં એકાંત વાતો કરતા હતા. આમ એકાંતમાં થયેલી ગુપ્ત મિલનની આવી.. વાત સાંભળીને કીરતિજીએ તો નંદાને અને શુભદ્રાને એમ આ બન્ને સખીઓને એક સમજાવવાની ભાવનાએ ખીજાઈને કહ્યું કે આવી... કોઈની વાત ન કરીએ. હવે કીરતિજીની શીખામણરૂપેની આવી ભાવના જાણીને નંદા અને શુભદ્રા એમ આ બન્ને સખીઓ વિચારમાં પડી ગઈ કે અરે.. કહેતા કહેતા આવી વાત કહેવાઈ તો ગઈ પણ હવે થાય શું?....

હવે સખી નંદા અને શુભદ્રા એમ બંનેને મારી વાતની ખબર પડી તો ઠીક પરંતુ તે બંનેએ મારી તે વાત પાછી બીજાને કરી છે તેવી ખબર શ્રી ચંદ્રાવલીજીને પડતા શ્રી ચંદ્રાવલીજી એ આ બન્ને સખીને શાપ આપ્યો કે તમે બન્ને ભૂતલ પર પ્રગટીને ત્યા રહો. આમ શ્રી ચંદ્રાવલીજીએ આપેલા શાપના આધારે સખી તરીકેની આ બન્ને બહેનો ભૂતલ પર પ્રગટ થતા ઉપર પ્રમાણેના અલગ અલગ ગામમાં પ્રગટ થયા એટલે એક બ્રાહ્મણને ત્યાં જે પુત્ર હતો તે સખી નંદાના ગુપ્ત સ્વરૂપે કૃષ્ણદાસજી છે તેમજ બીજા એક બ્રાહ્મણને ત્યાં જે પુત્રી હતી તે સખી શુભદ્રા ગુપ્ત સ્વરૂપે કૃષ્ણદાસજીના પત્નિ છે. બાદ લીલાના ગુપ્ત સ્વરૂપે આ બન્ને પોત પોતાના ગામમાં રહેતા રહેતા મોટા થતા જાય છે. આમ કરતા કરતા આ બન્ને યુવાન થયા અને પછી સમજો કે સમાજની રીતિ અનુસાર અન્ય કોઈ સાથે નહિ પરંતુ ઈચ્છાનુસાર અરસપરસમાં જ આ બન્નેના લગ્ન થયા અને પછી બન્નેના આ રીતે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ થથાં બન્નેનો ગૃહસ્થાશ્રમ પણ સુખેથી ચાલવા લાગ્યો. વળી એ પણ ખરું કે પોતાના ઘરે કોઈ સાધુ-સંતો જો આવી જાય તો પોતાના ઘરેથી કોઈ ખાલી જતા પણ નહિ. એટલે કે યથાશક્તિ સૌનો સત્કાર પણ કરતા હતા.

હવે જ્યારે પોતાના જીવનમાં કંઈક ઉલટું પરિવર્તન થવાનું હોય છે ત્યારે કંઈને કંઈ "ન બનવા જેવુ" બને જ છે. આમ આવા નિયમે એક દિવસે એવુ બન્યું કે કૃષ્ણદાસજીની પત્નિ દશેક સ્ત્રીઓની સાથે માટી લેવા ગામની બહાર ગઈ. ચાલતા ચાલતા માટીના એક ભેખડ પાસે આવીને બધીય સ્ત્રીઓ માટી ખોદવા લાગી. આમ માટી ખોદી ખોદીને પોત પોતાના વાસણોમાં બધીય સ્ત્રીઓ હજી તો ભરતી હતી એવામાં માટીના આ ભેખડના એક તરફનો ભાગ અધર થઈ

ગયેલો હોવાથી ભેખડનો તે ભાગ તૂટ્યો અને બધીય સ્ત્રીઓ ઉપર આવી પડ્યો. પરિણામે બધી સ્ત્રીઓ માટીમાં દટાઈ જતા બધીય સ્ત્રીઓ બુમાબુમ કરવા લાગી પરંતુ ગામની બ્હાર આવેલા આવા એકાંત જેવા સ્થળે દટાઈ ગયેલી સ્ત્રીઓનો કારમી અવાજ સાંભળે પણ કોણ?... અરે, હજી તો સંસારના સુખો ભોગવવની કંઈક પ્રકારની આશાઓમાં ને આશાઓમાં પોતાને પ્રાપ્ત થયેલા મનુષ્ય અવતાર તરીકેના અવતારનુ જીવન જીવી રહેલી આ બધીય સ્ત્રીઓ આજે આમ અહીં આવી ફસાતા કોણ જાણે સૌના જીવનનો અંતિમ સમય આવી પહોચ્યો હોય તેમ બધીય સ્ત્રીઓ હવે મરશે જ એવી દશામાં મુકાઈ જતા કોઈ કોઈને મદદરૂપ પણ થઈ શકી નહિ એટલે હવે તો કેવળ પ્રભુ સૌનુ વિચારે અને પ્રભુ જો સૌને બચાવે તો જ સૌ બચો નહિતર સૌના પ્રાણ છૂટ્યા જ સમજો.

જ્યારે બીજી તરફ દેવી જીવોનો ઉદ્ધાર કરનારા અને વળી ભૂમિના ભાગ્યરૂપે એવી શ્રી મહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરતા કરતા આ રસ્તે થઈને દ્વારકા તરફ પધારી રહ્યા હતા. આવમાં અહીં આ ભેખડ તૂટી અને સ્ત્રીઓ દટાઈ ગઈ છે એવુ જોતા વૈષ્ણવ સમાજ સહિત શ્રી મહાપ્રભુજી તૂટેલી ભેખડ પાસે પધાર્યા અને પછી તો તૂટેલી ભેખડવાળી જગ્યાએ કોઈ એક અલૌક્કિ દ્રષ્ટિ કર્યા પછી વૈષ્ણવોને આજ્ઞા કરી કે જુઓ આ માટીમાં સ્ત્રીઓ દટાઈ ગઈ છે કે જેથી માટી ફેરવીને તેમાં દટાયેલી બધીય સ્ત્રીઓને બ્હાર કાઢો. આમ આ સમયે શ્રી મહાપ્રભુજીની સાથે ગુજરાતના વૈષ્ણવો પણ ઘણાય હતા કે જેથી શ્રી મહાપ્રભુજીની આવી આજ્ઞાના વચનો સાંભળતાની સાથે જ હાથોહાથ સૌ વૈષ્ણવો જલદી જલદી માટી ફેરવા લાગ્યા અને એક પછી એક એમ દબાઈ ગયેલી બધીય સ્ત્રીઓને માટીના ઢગલામાંથી બહાર કાઢી તો ખરી પરંતુ આ બધીય સ્ત્રીઓમાંથી બેચાર સ્ત્રીઓ અધમુઆ જેવી થઈ ગઈ હતી. બાદ શ્રી મહાપ્રભુજીએ વેદમંત્ર ભણીને આ બધીય સ્ત્રીઓ પર જલ છાંટતા બધીય સ્ત્રીઓમાં કેમ જાણે નવા જ પ્રાણ આવ્યા હોય તેમ બધી સ્ત્રીઓ સાવધાન થઈ. હવે ગામમાં એવુ બને છે કે જે સ્ત્રીજનો અહી માટી લેવા આવ્યા હતા તેઓ બધાયના ઘરવાળાઓ વિચાર કરવા લાગ્યા કે ઘરવાળા ક્યાં ગયા?... ઘરવાળા ક્યાં ગયા?... વળી સમય પણ ઘણો થઈ ગયેલો હોવાથી તેઓ બધાય ગામમાં તપાસ કરવા લાગ્યા અને પછી કરતા કરતા જણાયું કે અમુક સ્ત્રીઓ ભેગી થઈને માટી લેવા ગઈ છે. આમ આવું સાંભળતાની સાથે જ જે જેના હતા તે સૌ એક પછી એક ગામ બહાર આવેલા માટીના ભેખડ પાસે આવ્યા અને બની ગયેલી ઘટનાથી આશ્ચર્ય પામી પામીને અને પોતાના સ્ત્રીજનોને જોઈ જોઈને બચી ગઈ... બચી ગઈ... એવુ બોલી બોલીને પોતપોતા સ્ત્રીજનોને સૌ પોતપોતાના ઘરે લઈ ગયા. પણ .... કૃષ્ણદાસજીના પત્નિ તો ઉભા જ રહ્યા.

ત્યારબાદ જેમના સ્વરૂપના કોઈ અલૌક્કિ દર્શન થાય છે એવા શ્રી મહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરીને અને બે હાથ જોડીને કૃષ્ણદાસજીના પત્નિ એ દીનતાપૂર્વક પુછ્યું કે મહારાજ, અમારા જીવનના આવા અંતિમ સમયે અમને પ્રભુ સિવાય કોણ બચાવનારૂ હતુ?.... છતાંય અમારા બધાય ઉપર કૃપા કરીને આમ મરતા મરતા અમને આપે બચાવી તો ખરી પરંતુ આપ કોણ છો?... તે કૃપા કરીને કહો. હવે જેમનું માત્ર રૂપ જ જોઈને વિષય વાસનાવાળા જીવોની બુદ્ધિ દુષ્ટ થઈ જાય એવા કૃષ્ણદાસજીના પત્નિના પ્રશ્નના જવાબ તરીકે આજ્ઞા કરતા શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે તુ દેવી જીવ છો વળી ભગવદીય પણ છો એટલે તારા જેવા એક ભગવદીયની પાછળ આમ આ બધીય સ્ત્રીઓના પ્રાણ બચ્યા. શ્રી મહાપ્રભુજીના આવા વચનો સાંભળીને કૃષ્ણદાસજીનાં પત્નિને અલૌક્કિ આંચકો લાગતા પોતે તો ખરેખર ગદગદ જ થઈ ગયા અને પછી વિનંતી કરી કે મહારાજ, કૃપા કરીને આપ મારા ઘરે પધારો અને મારી સત્તા તરીકેનું મારૂં કંઈક... અંગીકાર કરો. આમ કૃષ્ણદસાજીના પત્નિએ કરેલી આવી વિનંતીના જવાબમાં કૃષ્ણદાસ મેઘને કહ્યું કે બેન... બાપુ... આ શ્રી મહાપ્રભુજી અન્ય કોઈનું કંઈ પણ લેતા નથી માત્ર પોતાના સેવકોનું જ લીએ છે.

આમ આ પ્રમાણે હજી તો વાર્તાલાપ થઈ રહ્યો હતો એવામાં સ્ત્રીઓ માટીમા દટાઈ ગઈ છે વળી પોતાની સ્ત્રી પણ તેમાં છે એવી વાત સાંભળીને કૃષ્ણદાસજી પણ પોતાની પત્નિના આધારે અહીં દોડી આવ્યા અને પત્નિને સહિસલાસેત રીતે ઉભેલા જોઈને પૂછ્યું કે શું બન્યું હતુ?.... જવાબમાં પત્નએ કહ્યુ કે અમે બધીય સ્ત્રીઓ માટી લેવા માટે અહીં આવેલી હતી અને માટી ખોદતા હતા એવામાં આ ભેખડ તૂટતા અમે બધીય સ્ત્રીઓ તૂટેલી ભેખડની માટી નીચે આવી જતા માટીમાં દબાઈ ગઈ હતી. અરે, દટાઈ તો ગઈ હતી પરંતુ માત્ર પ્રાણ જ નીકળવાના બાકી રહ્યા હતા. આમ આવા આ સમયે આ શ્રી મહાપ્રભુજી અહીં પધાર્યા અને દટાઈ ગયેલી બધીય સ્ત્રીઓને માટીમાંથી બહાર કઢાવી તેમજ જલ છાંટીને અમને બધીય સ્ત્રીઓને જીવતદાન આપ્યું. વળી આવુ કાર્ય ઈશ્વર સિવાય કોણ કરી શકે?... એટલે સમજો કે આ શ્રી મહાપ્રભુજી સાક્ષાત્ ઈશ્વર જ છે. મારી આવી ભાવનાના આધારે આપણા ઘેર પધારવા માટે મેં તેઓને વિનંતી તો કરી પરંતુ તેઓ પોતાના સેવકનું જ લીએ છે બીજા કોઈનુ કંઈ પણ લેતા નથી. એટલે હવે વિચાર કરીને તમે વિનંતી કરો. આવા ન બનવા બનેલા કાર્યની વાત સાંભળઈને કૃષ્ણદાસજીએ પોતે શ્રી મહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરીને વિનંતી કરી કે મહારાર્જ, અમે પણ આપના થવા તૈયાર છીએ કે જેથી અમારા ઘરે પધારો અને અમારા જેવાનું ઘર પાવન કરીને અમને પણ આપના કરો.... બાદ કૃષ્ણદાસજીએ પ્રગટ કરી બતાવેલી આવી ભાવનાથી શ્રી મહાપ્રભુજી કૃષ્ણદાસજીના ઘરે પધાર્યા અને પછી તો સમજો કે સ્ત્રી-પુરુષ એમ બન્ને સ્નાન કરાવીને નામ નિવેદન કરાવ્યું. આમ શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ થયા પછી કૃષ્ણદાસજીએ વિનંતી કરી કે પ્રભુ, હવે અમારે શું કરવું?.... જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમે સંત-મહાત્માઓની સેવા કરી છે જેથી તમારા માટે તો વૈષ્ણવોની સેવા જ સર્વોપરી છે એટલે તમે આવતાજતા વૈષ્ણવોની સેવા ભાવપૂર્વક કરતા રહેજો..... આમ આવી આજ્ઞા કરીને સાથે સાથે શ્રી નવનીતપ્રિયાજીના વસ્ત્રની સેવા પણ પધરાવી આપીને કૃષ્ણદાસજીના ઘરે ત્રણ રાત્રિ.... બિરાજીને માર્ગની બધી... રીતિ બતાવી અને તે પછી દ્વારકા નગર પધારવા અર્થે શ્રી મહાપ્રભુજી આગળ પધાર્યા.

ત્યારબાદ શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર કૃષ્ણદાસજી પોતાના હૃદયના ખરા ભાવથી શ્રી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા હતા તેમજ વૈષ્ણવોની સેવા પણ ભાવથી કરતા હતા. એટલે આમ ભગવદ્ ધર્મનું પાલન બરાબર રીતે કરતા હતા. હવે કૃષ્ણદાસજીની માફક કૃષ્ણદાસજીના પત્નિ પણ પરમ ભગવદીય હતા. સ્વરૂપ બહુ જ રૂપવાન તેમજ દેખાવે બહુ જ સુંદર હતા. પતિવ્રતા ધર્મનું પાલન કરીને પોતાનું જીવન જીવતા હતા. એટલે કૃષ્ણદાસજી જેમ શ્રી ઠાકોરજીની તેમજ વૈષ્ણવોની સેવા કરતા હતા તેમ પોતાના પત્નિ પણ તેવા જ ભાવથી કરતા હતા એટલે કે પોતાના ગામમાં બીજા કોઈ વૈષ્ણવો નહિ હોવાથી પોતાના ગામમાં આવતા જતા વૈષ્ણવો કૃષ્ણદાસજીના ઘરેજ આવે.... એટલે કે આમ વૈષ્ણવો જ્યારે પોતાના ઘરે પધારતા હતા ત્યારે કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા સિવાય સૌનો સારો સત્કાર કરીને સેવા-ટહેલ પોતાના નિર્મળ ભાવથી કરતા હતા. વળી શ્રી ઠાકોરજીની સેવામાં પણ પોતાના પત્નિ તન-મનથી સંપૂર્ણ રીતે સહાયરૂપ બની રહેતા હતા. આમ આ બન્ને ભગવદ ધર્મનું પાલન કરવામાં કદાચ પોતાનો જીવ જાય તો પણ તેની પરવા કરતા ન હતા અને પછી તો શ્રી મહાપ્રભુની આજ્ઞાનુસાર શ્રી ઠાકોરજીની સેવા માટે તેમજ વૈષ્ણવોની સેવા માટે પોતાનું મસ્તક આપવામાં પાછી પાની કરવી નહિ એવી એક ટક પણ શ્રી મહાપ્રભુજીના પ્રતાપબળથી રાખી શક્યા હતા. એટલે સમજો કે આવા ભગવદીયોના એકવાર જો દર્શન થઈ જાય તો તેમના માત્ર દર્શનની પ્રતાપથી જ કરોડો જન્મના અવરોધો દૂર થઈ જાય. વિશેષ શું?.... હવે દ્વારકા તરફ પધારેલા શ્રી મહાપ્રભુજી દ્વારકાથી પાછા પધારતા કૃષ્ણદાસજીના ગામમાં પધાર્યા અને પછી સમજો કે કૃષ્ણદાસજીના ઘરે એક.... રાત્રિ બિરાજીને અડેલ તરફ પધાર્યા.

બાદ ઉપર દર્શાવ્યા મુજબ શ્રી ઠાકોરજીની તેમજ આવતાજતા વૈષ્ણવોની સેવા-ટહેલ કરતા કરતા પોતાના પાસે ધનનો વિચાર કરતા આખરે નિરધન જેવી દશામાં આવી પહોંચતા હોવા છતાંય આ બંને જણાઓ પોતાના ગુપ્ત ભાવમાં સ્હેજ પણ પરિવર્તન થવા દેતા ન હતા. વળી નિર્ધન જેવી દશામાં પ્રવેશ થઈ ગયેલો હોવાથી અનાજ, ગોળ,તેલ,ઘી,મીઠું,મસાલો, વી. જેવો રોજની જરૂરીયાતોનો થોડો થોડો સામાન એક કોથળામાં ભરીને આજુબાજુમાં નાના નાના ગામડાઓમાં રોજ વેચવા જાય અને રોજના ખર્ચ પુરતું કમાઈ લાવે. એટલે સમજો કે આવા પ્રકારે એક કોથળાના વેપારી તરીકેનો ધંધો કરીને પોતાના નિર્વાહ કરતા હતા. આમ આવી પરિસ્થિતિમાં મુકાયેલા હોવા છતાંય પોતાનાથી જે રીતે બની શકતી હતી તે રીતે શ્રી ઠાકોરજીની સેવા પણ કરતા હતા. એટલે કે લગભગ સવા શેર લોટ,થોડીદાળ,થોડું ઘી,વી. વસ્તુઓથી સિદ્ધ કરેલા સામગ્રી રાજભોગમાં ધરાવતા હતા તેમજ શયન ભોગમાં શેકેલી થોડી દાળ ધરતા હતા વળી ભગવદ સ્વરૂપ સમાન ગણાતા વૈષ્ણવો પ્રત્યે સ્હેજ પણ અભાવ નહિ લાવતા પોતાના આંગણે આવેલા વૈષ્ણવોનો સત્કાર પણ સારી રીતે કરતા હતા તેમજ મહાપ્રસાદ પણ અવશ્ય લેવડાવતા જ હતા. આમ આવી પરિસ્થિતિમાં પોતાના જીવનના દિવસો પસાર કરતા હોવા છતાંય આ બન્ને જણાઓ પોતાનું સ્વરૂપ છુપાવીને ભગવદીય ધર્મ તરીકે પોતાના ધર્મનુ પાલન કરી રહ્યા હતા. વળી પોતાની આવી પરિસ્થિતિમાં પણ વિવેક ધૈર્ય અને આશ્રય રાખીને જીવી રહેલા જીવનની આધારે પોતાના સંસારના વ્યવહારની તેમજ પોતાના ભગવદ ધર્મની વાત પણ કોઈને કરતા ન હતા. વળી નિષ્કચન જેવી દશાના આધારે પોતાના સદાચાર પ્રત્યે ગામમાં કોઈને કોઈપણ પ્રકારની શંકા પણ આવે નહિ એવી મર્યાદા રાકીને રહેતા હતા. આમ પોતાનું જીવન નિષ્કંચન દશામાં પલ્ટાઈ ચુકેલા હોવા છતાંય સંતોષ સંતોષ માનીને પોતાનો જીવન નિર્વાહ ચલાવી રહ્યા હતા. વળી જ્ઞાની તરીકેનું જ્ઞાન પોતામાં નહિ હોવા છતાંય પોતાના આચાર વિચાર પ્રત્યે દામની કોઈ પણ વ્યક્તિ નારાજ થતી ન હતી એટલે કે ગામમાં સૌને પ્રિય લાગતા હતા. વળી દેહ સંબંધને મુખ્ય. માનવાને બદલે આત્મ સંબંધને મુખ્ય માનીને આંગણે આવેલા વૈષ્ણવોને જોઈને હૃદયમાં પ્રગટ થઈ જતા કોઈ

અલૌકિક ભાવના આધારે તન-મન-ધન તરીકેનું પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવમાં જરાય અચકાય પણ નહિ એવા શ્રી કૃષ્ણદાસજી તથા તેમના પત્નિ હતા.

હવે કૃષ્ણદાસજીના આ ગામમાં એક વાણીયો રહેતો હતો. લીલામાં જેનું પેંલી ગોપ નામ છે. એવો આ વાણીયો મૂલમાં દેવી જીવ છે પરંતુ ભગવદ ભક્તોના સમાગમ સિવાય દેવી તત્વ પ્રગટ પણ કેમ થાય?.... એટલે ભગવદ ભક્તોના સમાગમના અભાવે કેવળ માયાવી સ્વરૂપે સંસારમાં રહીને પોતાનો ધંધો રોજગાર કરતો હતો. પરિણામે પૈસો પણ સારો પ્રાપ્ત થઈ જવાથી ગામમાં એક પૈસાદાર તરીકે આ વાણીઆને ભગવદ ભક્તનો સમાગમ થઈ જાય તો જ તેના હૃદયમાં રહેલા પુષ્ટિ બીજને અલૌકિક પોષણ મલે અને પછી સમજો કે આવા અલૌકિક પોષણ દ્વારા તેનામાં રહેલી અલૌકિક ભાવના તરીકેનું દેવી તત્વ પ્રગટ થાય. પરંતુ.... તે તો એ જ જોવાનું રહ્યું કે વાણીઆને કઈ રીતે વિચારવામાં આવે છે?...

આમ કરતા કરતા થોડા વર્ષો પસાર થયા હશે એવામાં ભૂતલ પર રહેલા નિજ જીનોને ખેંચી લેનાર એવા શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસ તથા તેમના પત્ની જેવા ભગવદીયોનો સમાગમ કરાવવા અર્થે આ વાણીયાને લૌકિક આસકતીનું દાન કર્યું. આમ આવા દાન દ્વારા આ વાણીઆની લૌકિક આસક્તિ તરીકેની દુષ્ટ બુદ્ધિ થઈ કે દુષ્ટ બુદ્ધિના આધારે આ વાણીઆની દ્રષ્ટિ પણ દુષ્ટ થઈ અને પરિણામે જેમ માત્ર સ્ત્રી તરીકેનું સ્વરૂપ જ જોઈને વિષય વાસનાવાળા જીવોની બુદ્ધિ દુષ્ટ થઈ જાય છે તેમ કૃષ્ણદાસજીના પત્ની કે જે રૂપાળા દેખાવે બહુ જ સુંદર દેખાતા હોવાથી આ વાણીઆની વિષય કામનાવાળી દુષ્ટ દ્રષ્ટિ આ કૃષ્ણદાસજીના પત્ની ઉપર પડી... હવે વિષય કામનાવાળા જીવો કોઈની ગરીબાઈનો કે પછી અજ્ઞાનતાનો લાભ લેવા માટે અનેક પ્રકારના પ્રપંચો રચી રચીને અથવા અનેક પ્રકારની લાલચો આપીને આખરે પોતાનું કાર્ય સિદ્ધ કરે જ છે. આમ આવી ભાવનાએ આ વાણીઓ પણ તેવું જ કંઈક કરવાને તૈયાર થયો. એટલે કે કૃષ્ણદાસજીની પત્નીના દેખાતા લૌકિક સ્વરૂપમાં આસક્ત થયા પછી તો જેમની જુવાનીનં જોબન ખરેખર ઝબકી રહેલ છે એવા કૃષ્ણદાસજીના પત્નીને આ વાણીઓ જ્યારે જુએ ત્યારે ટગર ટગર જોયા જ કરે. અરે એટલું જ નહિ પરંતુ પોતાના હૃદયમાં છુપાયેલી દુષ્ટ ભાવનાને પ્રગટ કરી બતાવીને કાંઈનું કંઈ બબડતો પણ હોય... પરંતુ પતિવ્રતા સ્ત્રીથી ન સાંભળી શકાય તેવા વાણીઆના હૃદયભેદક શબ્દો સાંભળીને કૃષ્ણદાસજીના પત્ની તો મનમાં એટલું જ વિચારતા હતા કે પ્રભુ... આ વાણીઆને સદબુદ્ધિ આપો.... આમ આવું વિચારતા વિચારતા કૃષ્ણદાસજીના પત્ની પોતાના ઘરે ચાલ્યા આવે. પછી તો સમજો કે આ વાણીઓ કૃષ્ણદાસજીના પત્નીને જ્યારે જ્યારે જુવે ત્યારે ત્યારે આવી રીતે જ જોયા કરે અને આવી જ રીતે બબડતો પણ રહે....

હવે અત્યારના આ સમયમાં એવું કહેનારી વ્યક્તિઓ છે કે ફલાણા શ્રી ઠાકોરજી ગૌણ છે અને ફલાણા શ્રી ઠાકોરજી મુખ્ય છે તેમજ ફલાણા વૈષ્ણવો ખોટા છે અને ફલાણા વૈષ્ણવો જ સાચા છે. વળી સેવા-સેવા કરીને મરવાથી કંઈ કૃપા થતી નથી એટલે કે સેવા તરીકેની ક્રિયાને બદલે માત્ર હૃદયના શુદ્ધ ભાવ જોઈએ. આમ આવું કહેનારી વ્યક્તિને આ વાણીઆ જેવી દુષ્ટ બુદ્ધિવાળી જ સમજી લેવી. નહિતર શ્રી મહાપ્રભુજીના આવા ઉત્તમ માર્ગમાં રહીને આવું કદીય પણ કહે નહી એટલે સમજો કે આવું કહેનારી વ્યક્તિ આ વાણીઆની માફક કેવળ મનોકામના સિદ્ધ કરવા માટે જ નિરધન કે અજ્ઞાની જીવોને આવું કહીને કે પછી આવું સમજાવીને પ્રપંચરૂપેની પોતાની જાળ બિછાવે છે અને પછી સમય આવ્યે પોતાની મનોકામના પૂર્ણ કરે છે. માટે આવું કહેનારી કે પછી આવું સમજાવનારી દુષ્ટ બુદ્ધિવાળી વ્યક્તિથી સાવધાન રહેવું. નહિતર સમય બગડશે... પૈસો બગડશે... અને આખરે પોતાની જાત... પણ બગડશે.

ત્યારબાદ થોડોક સમય પસાર થયા પછી દર વર્ષે જેમ ચોમાસાના દિવસો આવે છે. તેમ આ વર્ષે પણ ચોમાસાના દિવસો પણ આવ્યા. આમ આવા ચોમાસાના દિવસો દરમ્યાન પણ કૃષ્ણદાસજી તો રોજના જીવન નિર્વાહ અર્થે પોતાના નિયમ મુજબ થોડો ઘણો સામાન કોથળામાં ભરીને રોજ નાના નાના ગામડાઓમાં જતા જ હતા. હવે આવેલા આ ચોમાસાના દિવસોમાં એક દિવસ એવું બન્યું કે કૃષ્ણદાસજી તો રોજના નિયમ મુજબ માલ વેચવા માટે ગામડા તરફ જતા રહ્યા અને પછી તેમની પત્ની સ્નાન કરીને શ્રી ઠાકોરજી માટે સામગ્રી સિદ્ધ કરવા રોકાયા. જ્યારે બીજી તરફ કોઈ એક ગામનાં ચાર વૈષ્ણવો વ્રજમાં જઈ રહયા હતા.ચાલતા ચાલતા વચ્ચે આવતા કૃષ્ણદાસજીના આ ગામમાં પ્રવેશ કરીને સાધારણ જેવા એક મકાન પાસે આવીને કૃષ્ણદાસ ભાઈ... જયશ્રી કૃષ્ણ. આમ આવું કહીને સૌ મકાન પાસે ઉભા રહ્યા. હવે વૈષ્ણવોનો અવાજ સાંભળીને કૃષ્ણદાસજીની પત્ની કે જેઓ સામગ્રી સિદ્ધ કરતા કરતા મકાનના પ્રવેશ દ્વારે આવ્યા અને મકાનનું પ્રવેશ દ્વાર ખોલતા પોતાના ઘરે આવેલા વૈષ્ણવોના દર્શન કરીને ભગવદ સ્મરણ કર્યા. પછી વૈષ્ણવોનો ભાવપૂર્વક સત્કાર કરતાં અંદર આવવાનું સુચન કર્યું. આમ અંદર આવવાના સુચનથી ચારેય વૈષ્ણવો ઘરમાં આવ્યા અને

ઘરમાં બતાવેલી જગ્યાએ સૌ બેઠા-બાદ આવેલા વૈષ્ણવોમાંથી એક વૈષ્ણવે પુછયું કે બેન... કૃષ્ણદાસભાઈ નથી.. જવાબમાં કૃષ્ણદાસજીના પત્નીએ કહ્યું કે તેઓ ગામડે ગયા છે અને થોડીવારમાં આવી પણ જશે એટલે આપ સૌ બેસો. આમ આવું કહીને પ્રસન્ન થતા થતા પોતે અંદર ગયા. હવે શ્રી મહાપ્રભુજીના લાડીલા વૈષ્ણવો આજે પોતાના ઘરે આવેલા હોવાથી પ્રથમ તેઓ બહુ જ પ્રસન્ન તો થયા પરંતુ અંદર જતાની સાથેજ પોતાની સ્થિતિનો વિચાર આવતા પ્રસન્નતા દૂર થઈ. એટલે કે દ્રવ્યના અભાવે રોજ રોજ કમાઈને અને રોજનું રોજ લાવીને પોતાનો જીવન નિર્વાહ ચલાવતા હતા એટલે આજે ઘરમાં કંઈ પણ વસ્તુ નહિ હોવાથી આવેલા વૈષ્ણવોને સમાધાન કેવી રીતે કરાવું?... એ વિચાર આવી જતા પોતાને બહુ જ દુઃખ થવા લાગ્યું કે આજે આંગણે આવેલા વૈષ્ણવો મહાપ્રસાદ લીધા સિવાય જો જાય તો આત્મ સંબંધ તરીકેનો અમારો ધર્મ જ જાય ને !.... એવા કંઈક પ્રકારના વિચારમાં ને વિચારમાં પોતે મુંઝાઈ ગયા. વળી તેઓ ગામડેથી આવશે અને વૈષ્ણવોના દર્શન કરીને આનંદ તો પામશે પરંતુ તેમનો સત્કાર કરવા માટે મુઠ્ઠી ચણા જેયલી વસ્તુ પણ અમારા ઘરમાં નથી એવું જાણીને તેમને તો વળી કોણ જાણે કેટલુંય દુઃખ થશે!... આમ પોતાના આવા સંજોગાના આધારે પોતાનું હૃદય ખરેખર ભરાઈ જ આવ્યું અને પછી તો સમજો કે તાપક્લેશ દ્વારા અતિ દુઃખ પામતા પોતાની આંખોમાંથી આંસુઓ વહેવા માંડ્યા, તેમજ પોતાને કંઈ સુઝ નહિ પડતા આખરે ઘરમાં આમતેમ ફરી ફરીને પોતાના આત્મ સંબંધ તરીકેના ધર્મ પ્રત્યે અતિ તાપક્લેશ કરવા લાગ્યા.

બાદ કૃષ્ણદાસજીના પત્નીને આવી રીતે થઈ રહેલું અતિ દુઃખ શ્રી ઠાકોરજીથી સહન થઈ શક્યું નહિ કે જેથી શ્રી ઠાકોરજી વિચાર કરવા લાગ્યા કે અરે, મારા આ બન્ને જીવોની શું વાત કરૂ?... પોતે નિશ્કંચન હોવા છતાંય મારી પાસે ધન તો માગતા જ નથી. અરે.... એટલું જ નહિ પરંતુ તેમના માંગ્યા સિવાય જો હું આપું તો મારું આપેલું ધન સ્વીકારવાની તેમની ઈચ્છા પણ નથી. વળી નિસ્વાર્થપણે રહીને પોતાના હૃદયના સાચા ભાવથી મારી સેવા ઘણા લાંબા સમયથી કરી રહેલ હોવા છતાંય આવો સમય તો કદી પણ આવ્યો નથી. વળી ન તો રસોઈ ઘરમાં જાય કે ન તો મંદિરમાં જાય... ન તો સામગ્રી સિદ્ધ કરે કે ન તો મંદિરમાં જાય ન તો સામગ્રી સિદ્ધ કરે કે ન તો મને જગાડે એટલે આવું ક્યાં સુધી કરશે?..... આમ આજે આ બન્નેને માટે ખરેખર ધર્મ સંકટ જ આવ્યું છે કે જેથી આજે તો મારે જ કંઈક રસ્તો કાઢવો પડશે.... હવે "નિજ ઈચ્છતાત :કરિષ્યતિ". એ નિયમે શ્રી ઠાકોરજીએ નવું કર્યું કે પોતે એક ભાવાત્મક સ્વરૂપે સ્ત્રીના હૃદયમાં બિરાજ્યા અને પછી પોતાના હૃદયમાં અલૌકિક સ્વરૂપ બિરાજમાન થયેલ છે તેવું કંઈક જ્ઞાન કૃષ્ણદાસજીની પત્નીને થતા ક્લેશરૂપેના વાતાવરણમાંથી પોતે મુક્ત થયા. બાદ પોતાના હૃદયમાં બિરાજી રહેલ શ્રી ઠાકોરજીએ કરેલી કોઈ.... એક આજ્ઞાના આધારે કૃષ્ણદાસજીની પત્નીને પેલા દુષ્ટ બુદ્ધિવાળા વાણીઆની વાત યાદ આવી અને.....

અને.... કૃષ્ણદાસજીની પત્ની વિચાર કરવા લાગ્યા કે વાણીઓ ન કરવા જેવી વાત મને રોજ કર્યા કરતો હતો જેનાથી હવે આત્મસંબંધ તરીકેનો ધર્મ જો રહેતો હોય તો લૌકિક દેહ સંબંધ તરીકેનો ધર્મ જતો હતો તો ભલે જતો રહે. પ્રભુ તો સર્વ સામર્થવાળા છે અને વળી તેમણે જ મને આ વાણીઆની યાદી કરાવીને મારો આત્મ સંબંધ તરીકેનો ધર્મ રાખવાનો આ એક રસ્તો બતાવ્યો છે એટલે હવે બીજો કોઈ પણ વિચાર કર્યા સિવાય તે વાણીઆ પાસે જાવ અને તેની મનોભાવના મુજબ મારો આ લૌકિક દેહ એક રાત્રિ માટે તેને ત્યાં ગિરવી મુકીને વૈષ્ણવોના સમાધાન માટે જરૂરત પુરતી વસ્તુઓ લાવું અને આજે તો મારૂ પતિવ્રત આમ આત્મ સંબંધ તરીકેના વૈષ્ણવોની આ પ્રકારે સેવા કરવામાં જ અર્પણ કરી દઉ અને.... પછી આગળની વાત શ્રી ઠાકોરજી જાણે અને શ્રી ઠાકોરજીના વહાલા જાણે..... આમ આવો દ્રઢ નિશ્ચય કરીને કૃષ્ણદાસજીના પત્ની પેલા વાણીઆની દુકાને જવા માટે ઘરમાંથી ચાલવાની શરૂઆત તો કરી પરંતુ એક ગૃહસ્થી તરીકેની સ્ત્રીથી આવુ ન કરવા જેવું કાર્ય કરવા માટે પોતાના પગ ઉપડે જ ક્યાંથી?.... એક તરફ પતિવ્રત લૂંટાવાની તૈયારીઓ અને બીજી તરફ આત્મ સંબંધ ટકાવવાની તૈયારીઓ વિચાર કરતા પોતાને મૂર્છા આવી ગઈ. પરિણામે ભોંય પર પડી ગયા... પણ વળી સાવધાન થઈને વિચાર કરવા લાગ્યા કે હવે જો હું આવી રીતે સમય પસાર કરતી રહીશ તો વૈષ્ણવો મહાપ્રસાદ લેવડાવવામાં વિલંબ થશે. એટલે હવે શ્રી ઠાકોરજી મારી પાસે જે કરાવી રહ્યા છે તે જ મારા માટે ઉત્તમ છે એટલે અલૌકિક દેહની દ્રષ્ટિએ કહેવાતુ તન મન અને ધન તરીકેનું મારૂ સર્વસ્વ (પતિવ્રત) આત્મ સંબંધી તરીકેના વૈષ્ણવોની સેવા કરવા અર્થે જ અર્પણ કરી દઉં આમ આવો વિચાર કરીને ધ્રુજતા ધ્રુજતા શરીરે ઉભા થયા અને પછી શ્રી ઠાકોરજીનું સ્મરણ કરતા કરતા કૃષ્ણદાસજીના પત્ની જેમ તેમ કરીને પેલા વાણીઆની દુકાને પહોંચ્યાં.

હવે જેમના હૃદયમાં ગુપ્ત રીતે રહેલા દેવી તત્વને પ્રગટ થવાનો સમય નજીક આવી પહોંચ્યો છે એવા આ વાણીઆની દુકાને કૃષ્ણદાસજીના પત્નીને આવેલા જોઈને તે વાણીઓ તો બહુ જ ખુશી થયો. એટલે સમજો કે મનથી નાચવા કૂદવા

લાગ્યો અને કેમ જાણે કોઈ બીજી જ દુનિયામાં પ્રવેશ કરી ચુક્યો હોય તેમ બોલવા લાગ્યો કે ધન્ય ઘડી ધન્ય ભાગ્ય તમારા.... પાવન થયા ઘર અમારા..... આજે મારા આંગણે સોનાનો સૂર્ય ઉગ્યો... આજે મારા આંગણે અમૃતના વરસાદ વરસ્યા.... આજે મારા ભાગ્યનો સંપૂર્ણ રીતે ઉદય થયો.... મારા પર અત્યંત કૃપા કરીને મને પાવન કરવા માટે આજે મારે ત્યાં પધાર્યા છો તેથી પધારો... પધારો.... આમ આવું બોલી બોલીને કૃષ્ણદાસજીના પત્નીનો આ વાણીઓ બહુ જ સત્કાર કરવા લાગ્યો અને પછી વળી આગળ બોલવા લાગ્યો કે તમારે જે જોઈએ તે માંગો... જરાય સંકોચ ન કરો... આ દુકાન તમારી છે. ... આ ધન તમારું છે.... આ વસ્તુઓ તમારી છે..... આ માલ તમારો છે... આ મિલક્ત તમારી છે... અને મારા દેહ તરીકેનું મારુ આ સર્વસ્વ પણ તમારું જ છે.... હવે વિચાર કરો કે વિષય જેવા સુખો ભોગવવા માટે આવી કામી વ્યક્તિઓ બોલવામાં કેટલો ભાવ બતાવે છે?.... એ અથવા તો આ વાણીઆ જેવા સદ્‌ગૃહસ્થો અન્ય કોઈની ગરીબાઈના કારણે કે પછી કોઈની અજ્ઞાનતાના કારણે સામાન્ય જીવોને ભરમાવવામાં કેટલી ચતુરાઈવાળા હોય છે?.... એટલે વિશેષ કહેવાનુ પણ શું હોય?.... ટુંકમાં કે આવા વાણીઆ જેવા સગૃહસ્થોથી સાવધાન રહેવું પોતે પોતાના માટે ઉત્તમ છે. આમ વાણીઆની આવી અમૃત ચોપડેલી ઝેરી વાણી સાંભળવા માટે કૃષ્ણદાસજીના પત્ની આ વાણીઆ પાસે આવતા ન હતા. તે તો કેવળ પોતનું કાર્ય સાધવા માટે જ આવેલા હતા કે જેથી કૃષ્ણદાસજીના પત્નીએ કોઈ બીજા સ્વરૂપના આવેશમાં આવી જઈને કહ્યું કે તમે અવારનવાર મને તમારે ત્યાં આવવાનું કહેતા હોવાથી આજે હું તમારી પાસે આવી છું એટલે મારી જરૂરીયાત પુરતો સામાન મને આપો અને તમારી મનો-કામના પૂર્ણ કરવા માટે આજની રાત્રિ હું તમારી પાસે આવી રહીશ.... હવે સ્હેજ વિચાર કરો કે આવા વૈષ્ણવો કેવળ વૈષ્ણવોના સમાધાન માટે આવું કર્યું તો પછી બીજી વસ્તુ માટે શું નહિ કરતા હોય!...

ત્યારબાદ કૃષ્ણદાસજીના પત્નીના આવી વાતથી કેમ જાણે પોતાની મનોકામના પૂર્ણ થઈ જ ગઈ હોય તેવું માનીને વાણીઓ તો દુકાનની અંદર ગયો અને લોટનો ટોપલો, મેદાનો ટોપલો, ખાંડનો ટોપલો, ચોખાનો ટોપલો, દાળનો ટોપલો, ઘી જેવી વસ્તુને પણ એક ડબ્બો તથા થોડાક રૂપીયા વી. વી. લાવીને કૃષ્ણદાસજીના પત્ની પાસે રાખીને કહ્યું કે લ્યો આટલું આ બધુય લઈ જાવ. હવે પોતાનાથી ઉપાડી શકાશે નહિ તેટલો આ બધુંય સામાન જોઈને કૃષ્ણદાસજીના પત્નીએ કહ્યું કે આટલો બધો સામાન મારે જોઈતો નથી. મારે તો પાંચ શેર (કાચો)લોટ, સવાશેર દાળ, સવા શેર ખાંડ, સવા શેર ઘી અને થોડુંક મીઠું, મરચું, હીંગ, હવેજ વી. વી. આપો અને વધારામાં એક આનો રોકડો આપો. આમ માત્ર આટલા જ સામાનની માંગણીથી વાણીયો આગ્રહ કરવા લાગ્યો કે મારી દુકાને તમે કોઈ દિવસ આવ્યા નથી. આજે પહેલ વહેલા જ તમે આવ્યા છો તેથી આટલો બધો સંકોચ શા માટે કરો છો?.... કહ્યું ને તમને આ બધુંય તમારૂ જ છે પછી શું?... માટે તમારે જેટલો સામાન જોઈએ તેટલો ખુલ્લા મનથી કહો. કદાચ તમારાથી ઉપાડી શકે તેવુ નહી હોય તો મજુર દ્વારા તમારા ઘરે પહોંચતો કરી દઈશ. આમ વાણીઆની વંચક (ઠગ) જેવી ઉદારતા જોઈને કૃષ્ણદાસજીના પત્નીએ ટુંકમાં એટલું જ કહ્યું કે આજે તો મારે આટલો જ સામાન જોઈએ છે તેથી તેટલો જ સામાન મને આપો. બાકી ભવિષ્યમાં જો જરૂર પડશે તો ફરી આવીને લઈ જઈશ..... હવે "સમય વર્તે સાવધાન" એ નિયમે ચતુર વાણીઆએ સમયનો વિચાર કરી લઈને વિશેષ કંઈ આગ્રહ નહિ કરતા જરૂરત પુરતો સામાન અને એક આનો રોકડો આપીને કૃષ્ણદાસજીના પત્નીને વિદાય કરતા કહ્યું કે પધારજો... પાછા વહેલા પધારજો... આમ વાણીઆની દુકાનેથી વિદાય થયા પછી એક આનાના ચાર પૈસામાંથી પાન ,કાથો,ચુનો, સોપારી વી.વી. બજારમાંથી લઈને કૃષ્ણદાસજીના પત્ની ઘરે આવ્યા.

હવે કૃષ્ણદાસજી તથા તેમની પત્ની જેવા ભગવદ ભક્તની ગરીબાઈના આધારે વિષય જેવા સુખો ભોગવવાની ભાવનાએ આ વાણીઆએ જે જાળ બીછાવી છે તે જાળના આધારે હવે શ્રી ઠાકોરજી કોના માટે શું કરે છે?..... તે જોવાનું રહ્યું.

આમ ઘરે આવ્યા પછી સ્નાન કરીને કૃષ્ણદાસજીના પત્ની સામગ્રી સિદ્ધ કરવા લાગ્યા. હવે વાણીઆની દુકાનેથી લાવેલા સામાનની સિદ્ધ કરી રહેલ સામગ્રીવાળા હાથનો પોતાની કમાણી તરીકે કહેતા ઘરના સામાનથી સિદ્ધ કરવામાં આવતી સામગ્રીને સ્પર્શ થવા દેતા ન હતા અને બીજી સામગ્રીને જો સ્પર્શ કરવાનુ થતું તો હાથ ખાસા કરીને એક બીજી સામગ્રીને સ્પર્શ કરતા હતા. એટલે ટુંકમાં કે આવા બન્ને પ્રકારના સામાનથી સિદ્ધ થતી સામગ્રીને એક બીજી સામગ્રીનો સ્હેજ પણ સંબંધ થઈ ન જાય એવી સાવધાની રાખીને આ બન્ને પ્રકારની સામગ્રી અલગ અલગ રીતે સિદ્ધ કરી... પછી શ્રી ઠાકોરજીને જગાડીને મંગલભોગ સિદ્ધ કર્યો પછી શૃંગાર કરીને રાજભોગની સજાવટ કરતા ઉપર પ્રમાણે અલગ અલગ રીતે સિદ્ધ કરેલી રાજભોગની સામગ્રી માટે બે પોતાની કરીને અલગ અલગ રીતે ભોગ ધર્યો અને તુલસી સમર્પિને અને મંદિરના દ્વાર બંધ કરીને બ્હાર આવ્યા અને પછી રસોઈ ઘર પોતવા લાગ્યા એટલે કે રસોઈ ઘર સાફ કરવા લાગ્યા.

આવામાં ધંધા અર્થે ગામડે ગયેલા કૃષ્ણદાસજી ઘરે આવી પહોચ્યાં અને કૃષ્ણદાસજીનો આવેલા જોઈને આ ચારેય વૈષ્ણવોએ ઉઠીને અને બે હાથ જોડી જોડીને કૃષ્ણદાસજી સાથે ભગવદ સ્મરણ કર્યા તેમજ કૃષ્ણદાસજીના હૃદય સાથે પોત પોતાનું હૃદય મિલાવીને એક બીજા સૌ ભેટ્યા પણ ખરા. આવા શ્રી મહાપ્રભુજીના સેવક તરીકેના ભગવદીયો પોતાના આંગણે પધારેલ હોવાથી કૃષ્ણદાસજીના હર્ષનો તો કોઈ પારજ ન રહ્યો. વળી આવા હર્ષોવેશમાં શરીરનું સહેજ ભાન પણ ભુલાઈ ગયું હોય તેવી પલ્ટાયેલી દશાએ ઘરમાં જવા લાગ્યા અને પછી સમજો કે પોતાને યાદ આવ્યું કે અરે. આંગણે ભગવદીયો તો પધાર્યા તો ખરા પરંતુ ઘરમાં તો કંઈ નથી તેથી તેમના સમાધાન માટે હું શું કરીશ?... આવો વિચાર આવી જતા નિષ્કંચન એવા કૃષ્ણદાસજી તો ઘરમાં જતાની સાથે જ ભોંય પર પડી ગયા અને... આવું જોઈને કૃષ્ણદાસજીના પત્ની કૃષ્ણદાસજીની પાસે આવ્યા અને આવી પરિસ્થિતિ જોઈને આશ્વાસન આપતા કહેવા લાગ્યા કે તમે જરાય ચિંતા ન કરો... વળી તમને જે બાબતથી દુઃખ થઈ રહ્યું છે તે બાબતનો ઉપાય શ્રી ઠાકોરજીની કૃપાએ પહેલેથી જ થઈ ગયો છે માટે દુઃખ ન પામો... ઉભા થાવ..... હવે તે બાબતનો ઉપાય પહેલેથી જ થઈ ગયો છે એવું સાંભળતા કૃષ્ણદાસજીએ અતિ આતુરતાથી પૂછ્યું કે તે બાબતમાં તમે શું કર્યું?... જવાબમાં એક પતિવ્રતા સ્ત્રી તરીકેના પોતાના પત્નીએ કહ્યું કે જે વાણીઓ હંમેશા ટકોર કરતો હતો કે વાણીઆંની ત્યાં આજની રાત્રિ માટે મારો આ દેહ ગીરવી મુકીને જરૂર પુરતો સામાન તેની દુકાનેથી લાવી છું અને સામગ્રી સિદ્ધ કરીને ભોગ ધર્યો છે... અને પછી આગળ તો ભગવદ ઈચ્છા હશે તેમ જોઈ લેવાશે બાકી અત્યારે તો આત્મ સંબંધ તરીકેનો આપણો ધર્મ પ્રભુએ આ રીતે નભાવી લીધો છે, અને પછી બનેલી બધી હકીકત પણ કહી સંભળાવીને કૃષ્ણદાસજીને આ રીતે આશ્વાસનરૂપેની ધીરજ આપીને કહ્યું કે ચાલો.... ઉઠો.... જલદી સ્નાન કરો.... વળી વૈષ્ણવો બેઠા છે. ... તેઓ બધાને પણ સ્નાન કરાવો...

તે પછી પોતાની સ્ત્રીની આવી વાત સાંભળીને શ્રી મહાપ્રભુજીનું સ્મરણ કરતા કરતા કૃષ્ણદાસજી ઉભા થયા અને દેહકૃત્ય કરીને સ્નાન કર્યુ તેમજ અપરસીયું પહેરી તિલક વી. કરીને વૈષ્ણવો પાસે ગયા. આમ વૈષ્ણવો પાસે આવીને બે હાથ જોડીને વિનંતી કરી કે ભાઈજી,આપ સૌ ઉઠો અને સ્નાન કરો. કૃષ્ણદાસજીના કહેવા મુજબ ચારેય વૈષ્ણવોએ સ્નાન કરવાની તૈયારી કરતા કૃષ્ણદાસજીએ ચારેય વૈષ્ણવોના શરીરે તેલ ચોળીને તૈયાર રાખેલ ગરમ પાણીથી સ્નાન કરાવ્યું પછી વૈષ્ણવોને તિલક મુદ્રા ધારણ કરાવ્યા. પછી ચારેય વૈષ્ણવોને એક આસન ઉપર બેસાડીને દીનતાપૂર્વક કૃષ્ણદાસજીએ કહ્યું કે અમારા ધન્યભાગ્ય છે કે આજે શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર સેવકોના દર્શન થયા.... વળી આજે કેવા પ્રકારનું ફલ આપવા માટે આપ સૌ પધાર્યા છો?.... તે સમજાતુ નથી..... આવામાં ભોગ સરાવવાનો સમય થતા કૃષ્ણદાસજી અંદર ગયા અને ભોગ સરાવ્યો, આરતી ઉતારી અને દર્પણ બતાવીને પરમ વધાઈ માની. આમ આ સમયે શ્રી ઠાકોરજી અતિ પ્રસન્નતામાં હોય તેવા પરમાનંદરૂપ દર્શન થયા પછી મંદિરના દ્વાર બંધ કરીને બહાર આવ્યા.

ત્યારબાદ આવેલા ચારેય વૈષ્ણવો માટે ચાર પોતાના કરીને પાતળો ધરી. હવે વાણીઆની દુકાનેથી લાવેલા સામાનની બનાવેલી સામગ્રીનો શ્રી ઠાકોરજીને જે અલગ ધર્યો હતો તેજ અલગ ભોગવાળો મહાપ્રસાદ આ ચારેય પાતળોમાં પીરસ્યો અને પછી પોતાની કમાણી તરીકે કહેવાતા દ્રવ્યમાંથી નિત્ય લાવવામા આવતા સામાનની બનાવેલી સામગ્રીનો જે અલગ ભોગ ધર્યો હતો તે અલગ ભોગવાળો મહાપ્રસાદ પોતાના બન્ને પાતળોમાં પીરસી રાખ્યો. પછી વૈષ્ણવો પ્રસાદ લીઓ... એવી વિનંતી કરીને ચારેય વૈષ્ણવોને પરમ પ્રીતીથી મહાપ્રસાદ લેવડાલતા ચારેય વૈષ્ણવોએ પ્રસાદ લઈને બહુજ પ્રસન્ન થયા. પછી હાથ મોઢું ધોવરાવીને એક એક કરીને ચારેય વૈષ્ણવોને ચાર બીડાં આપ્યાં..... તે પછી વૈષ્ણવો પાસે આજ્ઞા માંગીને આ સ્ત્રી પુરુષ બંને જણાઓ મહાપ્રસાદ લેવા બેઠાં અને મહાપ્રસાદ લેતાં લેતાં આજના આ મહાપ્રસાદમાં એવો સ્વાદ આવ્યો કે જેનું વર્ણન વાણી દ્વારા અશક્ય છે. આમ આવો સ્વાદિષ્ટ મહાપ્રસાદ લઈને હાથ-મોઢા ધોયાં અને બીડાં લઈને જ્યાં વૈષ્ણવો બેઠા હતા ત્યાં આવીને બેઠા.

બાદ કંઈક ભગવદ ચર્ચા જેવી વાતો કરીને આવેલા વૈષ્ણવોમાંથી કહ્યું કે ભાઈજી, આપ આજ્ઞા આપો તો હવે અમે જઈએ... જવાબમાં કૃષ્ણદાસજીએ રહેવાનો આગ્રહ તો કર્યો પરંતુ વૈષ્ણવોએ કહ્યું કે ભાઈજી, અત્યારે તો અમારે વ્રજમાં જવાની ઉતાવળ છે તેથી અત્યારે તો રહેશું નહિ પણ ફરી પાછા કોઈ વખતે આવીશું. વૈષ્ણવોની આવી વાત સાંભળીને કૃષ્ણદાસજી મૌન રહ્યા. પછી જવાની તૈયારી થઈ જતા વૈષ્ણવોને વિદાય કરવા માટે કૃષ્ણદાસજી પણ વૈષ્ણવોની સાથે ઘરેથી રવાના થયા. અને ચાલતા ચાલતા થોડેક દૂર પહોંચ્યા બાદ વૈષ્ણવોના સ્નેહના અંગે છૂટા પાડીને પાછુ વળવાની ઈચ્છા નહિ થતા કૃષ્ણદાસજી તો સૌની સાથે આગળ ચાલવા લાગ્યા. આખરે ન છુટકે છૂટા પડવાનું થતા કૃષ્ણદાસજીને દુઃખ થવા લાગ્યું કે જે પાછા આવેશમાં વૈષ્ણવોના શરીરને વીંટળાઈ વળે તેમજ વારંવાર ભેટ્યા કરે. પણ.... પાછા

વળવાની ઈચ્છા તો કરતા જ ન હતા. આવામાં પવન ફૂંકાવા લાગ્યો, કાળા કાળા વાદળોથી એવા વાતાવરણને જોઈને વૈષ્ણવોએ કહ્યું કે ભાઈજી હવે તમે ઘરે પધારો. વળી આવુ વાતાવરણ બની ગયેલ હોવાથી વરસાદ પણ હમણાં જ ભારે તૂટી પડશે અને પછી તો સમજો રે આપણે સૌ જો આવા વાતાવરણના ઝપાટામાં કદાચ ફસાઈ ગયા તો અમારે એક ગાવ પહોંચવું પણ મુશ્કેલ થશે. પરિણામે અમારે અને તમારે બહુજ દુ: ખ વેઠવું પડશે. આમ વૈષ્ણવોએ આવી વાત કરીને કૃષ્ણદાસજીને સમજાવ્યા અને ઘર તરફ પાછા મોકલીને વૈષ્ણવો આગળ ચાલી નીકળ્યા અને પછી જલદી જલદી ચાલીને ચારેય વૈષ્ણવો એક ગાવ ઉપર આવેલા સ્થળે પહોંચી ગયા.

હવે વૈષ્ણવોથી વિખુટા પડેલા કૃષ્ણદાસજી હજી તો ગામમાં આવતાં સુધીમાં જ વરસાદ વરસવો શરૂ થઈ ગયો અને આમ વરસાદ વરસતાં જેમ તેમ કરીને ઘરે આવી પહોંચ્યાં. પછી તો સમજો કે આટલો બધો વરસાદ વરસવા માંડયો કે સર્વત્ર પાણી પાણી થઈ ગયું. પછી રાત્રિનો સમય થતા વરસાદે વરસવાનું કાર્ય પણ ધીમું કરી નાખેલ હોવાથી પોતાના વચન અનુસાર કૃષ્ણદાસજીના પત્ની વાણીઆને ત્યાં જવાનો વિચાર તો કરતા હતા પરંતુ પતિવ્રતા સ્ત્રી કહેવાતી સ્ત્રીથી પોતાના પતિની આજ્ઞા સિવાય ઘરની બહાર એક પગલું પણ ભરી શકાય નહિ એવા એક પતિવ્રતા તરીકે કહેવાતા ધર્મના નિયમ મુજબ પતિના મુખે થી જ આજ્ઞા કરાવીને મારે જવું જોઈએ એવું મનમાં વિચારતા વિચારતા કૃષ્ણદાસજીના પત્ની પોતાના પતિની આજ્ઞાની જ રાહ જોતા હતા..... પછી સમય અનુસાર કૃષ્ણદાસજીએ પોતે જ વાત કાઢતા કહ્યું કે તમારા વચન અનુસાર તમારે વાણીઆને ત્યાં જવાનું છે તે યાદ છે ને?.... હવે તમારે વાણીઆને જીવ(આત્મા) તો આપવાનો નથી એટલે કે માત્ર દેહ સંબંધની જ વાત છે કે જેથી તમારા વચન અનુસાર કહેવાતો દેહધર્મ રાખવા માટે વાણીઆને ત્યાં જવુ જોઈએ વળી વરસાદ પણ હવે બીલકુલ ધીમો પડી ગયો છે કે જેથી વાણીઆને ત્યાં જલદી જાવ.... તે પણ બિચારો રાહ જોતો બેઠો હશે .... તે પછી કૃષ્ણદાસજીએ કહ્યું કે આવેલા વૈષ્ણવોને માટે આ વાણીઆએ જેમ ઉત્તમ સામગ્રી આપી છે તેમ તમારે પણ" ઉત્તમ સામગ્રી" જેવા થઈને એટલે કે ઉત્તમ શણગાર સજીને જ વાણીઆને ત્યાં જવુ જોઈએ. આમ કૃષ્ણદાસજીએ આવી રીતે પોતાના હૃદયનો ભાવ સમજાવ્યો તો ખરો પરંતુ પોતાની પત્ની સમજી ગયેલ હોવા છતાંય કંઈ પણ જવાબ નહી આપતા કૃષ્ણદાસજી પોતે પોતાની હાથથી પોતાની પત્નિને સારા સારા વસ્ત્રો આભૂષણો પહેરાવવા લાગ્યા. વળી ચરણોમાં ઝાંઝર રપહેરાવ્યા. નેત્રોમાં કાજલ આંજ્યું અને મુખમાં બીડી. . . પણ આપી. આમ આવી રીતે કરવામાં આવતી શરીરની શોભારૂપે ની ભાવનામાં હર્ષ તો બન્નેમાંથી કોઈના હૃદયમાં હતો જ નહિ પરંતુ પોતાની ઉપર કરેલા ઉપકારનો માત્ર બદલો વાળવા માટે જ આવુ બધુંય કર્યું. બાકી જેમાં.... હર્ષ હોય તેની વાત જ કરવાની શું હોય!...

આમ આવી રીતે તૈયાર થઈ જતા કૃષ્ણદાસજીના પત્ની વાણીઆને ત્યાં જવા માટે ઘરમાંથી નીકળતા તો હતા પરંતુ ઝરમર ઝરમર વરસાદ વરસતો હોવાથી કૃષ્ણદાસજીએ વિચારીને વળી કહ્યું આવા વરસતા વરસાદથી તમારા વસ્ત્રો પલળી જશે કે જેના કારણે વાણીઆને ગ્લાનિ આવતા અથવા તો અભાવ આવતા તેને સારૂ લાગશે નહિ માટે એક બીજુ વસ્ત્ર ઓઢાડીને મારી કાંધ ઉપર બેસાડીને હું જ તમને વાણીઆને ત્યાં મુકી જાવ છું કે જેથી તમારા વસ્ત્રો વલળે નહિ તેમજ ચરણો પણ બગડે નહિ.અરે.... આ કાંઈ મોટી વાત નથી કારણકે જેમ વાણીઆએ આપેલી ઉત્તમ સામગ્રીથી વૈષ્ણવોને અતિ પ્રેમથી મહાપ્રસાદ લેવડાવીને આપણા ઘરના વૈષ્ણવ ધર્મને દીપાવ્યો છે તેમ તમારે સુંદર શણગારથી શોભાયમાન થઈને જવુ જોઈએ. આમ આવુ કહીને પોતાની પત્ની ઉપર એક સાદુ વસ્ત્ર ઓઢાડીને અને પછી... અને પછી શું?.... અને પછી એ જ કે પોતાની કાંધ પર બેસાડીને કૃષ્ણદાસજી તો ઝરમર ઝરમર જેવા વરસતા વરસાદમાં વાણીઆના ઘર તરફ ચાલવા લાગ્યા.

ધન્ય છે આ સ્ત્રીના પતિને લૌકિક દ્રષ્ટિએ આ સ્ત્રી પોતાની પત્ની હોવા છતાંય લૌકિક સંબંધને તુચ્છ માનીને આત્મ સંબંધ તરીકેના પોતાના અલૌકિક સંબંધનો ભાવ પ્રગટ કરી બતાવ્યો. ટુંકમાં કે આવુ બોલવું તો સહેલું છે પણ પાળવું મુશ્કેલ છે તેમજ ભગવદીય કહેવડાવવું સહેલું છે પરંતુ બનવું મુશ્કેલ છે. એટલે સમજો કે એવા તો વિરલા જ હોય કે જેઓ કેવળ આત્મ સંબંધનો જ વિચાર કરીને પોતાનુ જીવન જીવતા હોય છે.

તે પછી થોડા થોડા ચાલુ વરસાદમાં ચાલતા ચાલતા વાણીઆના મકાન પાસે આવી પહોંચ્યા અને મકાનના બારણા બંધ હોવાથી કૃષ્ણદાસજીના પત્નીએ અવાજ કરતા કહ્યું કે હું આવી છું.... આમ આવો અવાજ સાંભળીને તરત જ દીવો કરીને અને હાથમાં એક પાઈને લોટો લઈને વાણીઆએ પોતાના મકાનનું બારણું ખોલ્યું વળી બારણું ખોલતાની સાથે જ ઓઢાડેલું વસ્ત્ર લઈને કૃષ્ણદાસજી પોતાની પત્નીને અંદર મોકલીને પોતે સાવધાની રાખીને પોતાના ઘર તરફ ચાલતા થઈ ગયા હવે કોઈ મુકવા આવ્યું છે એવી વાણીઆને જો ખબર પડે તો વળી વાણીઓ પુછે કે સાથે કોણ હતુ?.... આમ આમ પ્રકારના પ્રશ્ન-ઉત્તરથી કદાચ વાણીઓ શરમાઈ જાય અથવા તો કોઈક સંશયના લીધે લોક શરમ આવી જાય એવા કારણે પોતાને વાણીઓ જોઈન જાય એવા હેતુએ ઘરનું બારણું ખોલતાની સાથે જ ઓઢાડેલું વસ્ત્ર લઈને અને પોતાની પત્નીને અંદર મોકલીને કૃષ્ણદાસજી પોતાના ઘર તરફ ચાલતા થઈ ગયા હતા.

ત્યારબાદ આવા વરસાદમાં ચાલીને આવવાથી પગ કીચડવાળા થયેલા હોય એવું સમજીને પાણીથી ભરેલો લોટો આપતા વાણીઆએ કહ્યું કે લ્યો આ પાણીથી તમારા પગ ધોઈ નાખો. જવાબમાં કૃષ્ણદાસજીના પત્નીએ કહ્યું કે મારા પગ જરાય કીચડવાળા થયા નથી. આ વાત સાંભળીને વાણીઆએ દીવો લઈને જોયું તો પગ બીલકુલ સૂકા અને ચોખા હોય તેવું દેખાયું તેમજ વરસાદ વરસી રહેલા હોવા છતાય પહેરેલાં વસ્ત્રો પણ બીલકુલ કોરાં દેખાંયા એટલે પછી આશ્ચર્ય પામતા વાણીઆએ કહ્યું કે અરે..... આ તો એક નવાઈની વાત કહેવાય કે આવા વરસતા વરસાદમાં તમે આવેલા હોવા છતાંય તમારા પગ કીચડવાળા થયા નથી. વળી તમારાં વસ્ત્રો પણ બીલકુલ કોરાં છે તો તમે મને તે તો કહો કે તમે આમ ઉડીને કઈ રીતે આવ્યા?.... આમ ખરેખર આશ્ચર્ય પામતા વાણીઓ તો કંઈક વિચારમાં પડી ગયો અને પછી તો પૂર્ણ ખાત્રી કરવાના વિચારે વાણીઆએ કૃષ્ણદાસજીના પત્નીના પગ ઉપર પોતાનો હાથ ફેરવીને જોતાં પગ બીલકુલ કોરા જ લાગ્યા. આમ કૃષ્ણદાસજીના પત્નીના પગને પોતાનો હાથ ફેરવીને ખાત્રી તો કરી પરંતુ આવી રીતે પગના થયેલા સ્પર્શ માત્રથી જ પોતાના હૃદયમાં રહેલી દુરાચાર જેવી દ્રષ્ટિ ભાવનાનું પરિવર્તન થઈ જતા કોઈ અલૌક્કિતા પ્રગટ થઈ ગઈ.

હવે સંસારમાં એક પ્રકારનું વિષય સુખ ભોગવવાની ભાવનાએ કૃષ્ણદાસજીના પત્ની આ વાણીઆને ત્યાં આવેલા ન હતા. એટલે કે પોતાના ઘરે આવેલા વૈષ્ણવોનું સમાધાન કરીને પોતાનો વૈષ્ણવ ધર્મ સાચવી રાખવાના હેતુએ વાણીઆને ત્યાંથી લાવેલ સામગ્રી બદલ પોતે આપેલા વચનનું પાલન કરવા માટે જ આવું ન કરવા જેવું કાર્ય કરીને વાણીઆને સાચી વૈષ્ણવતાનો એક પ્રભાવ બતાવવા માટે આવ્યા હતા. વળી એ પણ ખરૂં કે જો વાણીઓ દેવી જીવ ન હોત અને કેવળ વિષય કામના પૂર્ણ કરવાની દુષ્ટ ભાવનાવાળો જ જો હોત તો આવી રીતેની લાંબી કે ઉંડી પૂછપરછ કરતા જ નહિ એટલે કે તે વાણીઓ મૂળમાં દેવી જીવ હતો પરંતુ પૂર્વની આવી પડેલી કોઈ અંતરાઈના અંગે પોતાના હૃદયમાં રહેલું પુષ્ટિ બીજ તરીકેનું તત્વ ઢંકાઈ ગયેલું હતુ અને પછી તે ઢંકાઈ ગયેલું પુષ્ટિ બીજ આવી રીતે એક પરમ ભગવદીય દ્વારા પ્રગટ થઈ જવા પામ્યું એટલે કે જેઓ અલૌક્કિ ભાવનાવાળા હતા તેમજ જેમની આંખોમાં નિરંતર શ્રીનાથજી બિરાજતા હતા એવા કૃષ્ણદાસજીના પત્નીના લૌક્કિ દેહના એક અવયવ તરીકે પગના થયેલા સ્પર્શ માત્રથી જ વાણીઆના હૃદયમાં રહેલી લૌક્કિ દુષ્ટ ભાવનાનુ પરિવર્તન થી જતાં વાણીઆના હૃદયમાં આવી રીતે અલૌક્કિ ભાવ પ્રગટ થી જતા પામ્યો. પરિણામે સમજો કે વાણીયોને હૃદયમાં કોઈ અલૌક્કિ ભાવ પ્રગટ થઈ જતા વાણીઓ કૃષ્ણદાસજીના પત્નીને ફરીને પૂછવા લાગ્યો કે આમ વરસતા વરસાદમાં તમે આવે હોવા છતાંય તમે પલળ્યા સિવાય અહીં કેવી રીતે આવ્યા?.... જવાબમાં બીજું કંઈ નહિ કહેતા કૃષ્ણદાસજીના પત્નીએ એટલું જ કહ્યું કે અરે, આવી વાત પૂછીને તમારે શું કરવાનું છે?.... તમારે જે કાર્ય કરવાનું છે તે નિર્ભય બનીને અને તે પણ તમારી ઈચ્છા મુજબ સુખેથી કરો...

તે પછી કૃષ્ણદાસજીના પત્નીએ કરેલી આવી વાત ઉપર સ્હેજ પણ ધ્યાન નહિ આપતા વાણીઆએ તો અતિ આગ્રહ કરતા કહ્યું કે તે વાત તમારે કહેવી પડશે. વાણીઆના આવા અતિ આગ્રહથી કૃષ્ણદાસજીના પત્નીએ વિચાર્યું કે સત્ય વાત કહ્યા સિવાય હવે આ વાણીઓ માને એવું લાગતું નથી કે જેથી કૃષ્ણદાસજીના પત્નીએ કહ્યું કે ગરજવાને અક્કલ હોતી નતી એવી માત્ર એક તુચ્છ ભાવનાના આધારે જ હું ચુપચાપ તમારી પાસે આવી છું એવું તમે ન માનતા એટલે સમજો કે સમાજની દ્રષ્ટિએ મારા લૌક્કિ પતિની આજ્ઞાથી જ હું તમારી પાસે આવી છું. અરે. .. એટલું જ નહિ. પરંતુ લૌક્કિ પતિ તરીકે મારા તે પતિદેવ પોતે જ પોતાની કાંધ ઉપર બેસાડીને મને અહીં તમારા ઘરે પહોંચાડી ગયા હોવાથી મારા પગ, મારા કપડાં કે પછી મારૂં બધુંય આવી રીતે કોરૂં જ રહ્યું છે (કંઈ પલળ્યું નથી) આવી વાત સાંભળીને વાણીઓ તો ખરેખર આશ્ચર્ય જ પામ્યો અને પછી બીજું વધારે જાણવાની આતુરતા વધી જવાથી વાણીઆએ ફરીને પૂછ્યું કે આમ પોતાની સ્ત્રીને અને તે પણ પોતાની કાંધ ઉપર બેસાડીને પર (પારકા) પુરુષને ત્યાં મુકી જવાને માટેનો ભાવ તમારા પતિના હૃદયમાં પ્રગટ કેમ થયો?.... વાણીઆને આવી લપ્પન-છપ્પન જેવી વાત સાંભળીને કૃષ્ણદાસજીના પત્નીએ કહ્યું કે અરે.... તમે પણ ખરા છો!.... તમારી વાતના આવા આવા પ્રશ્નોના ઉત્તરો આપવા માટે તમે મને અહીં બેસાડી છે?...... માટે આવી માથાકુટ કરવા કરતા તમારે જે કાર્ય કરવાનું છે તે સુખેથી કરવા માંડો ને.... હવે જેના હૃદયમાં કંઈક બીજુ જ વાતાવરણ છવાઈ ગયુ હોય એવા આ વાણીઆએ કાલાવાલા કરતા ફરીને કહ્યું કે હવે તો તમારે બધીય

વાત સત્ય રીતે કરવી પડશે.... કરવી પડશે.... અને કરવી જ પડશે.... વાણીઆને આવો હઠાગ્રહ જોઈને કૃષ્ણદાસજીના પત્ની કહેવા લાગ્યા કે-

આમ અમારી ગરીબાઈના કારણે આવું કરી કરીને ગૃહસ્થથી તરીકે કહેવાતા અમારા જીવનને એક કલંક લગાડીને જીવન જીવવા જેવી જો અમારી ભાવના હોત તો અમે કોરાં જ રહ્યાં જ ન હોત. ટુંકમાં કે તમારા જેવા દુષ્ટ બુદ્ધિવાળાના ઝપાટામાં ક્યારનાય આવી ગયા હોય... એટલે હવે સાંભળો કે તમારા આત્મ સંબંધ તરીકે કહેવાતા અમારા ચાર ગુરૂભાઈઓ આજે સવારે અમારા ઘરે પધાર્યા અને પછી ઘરમાં જોયું તો માત્ર શેર લોટ જ ઘરમાં હતો કે જેથી આ શેર લોટમાં બધાને ભોજન કેવી રીતે કરાવી શકાય?.... આમ આવો વિચાર કરતા કરતા હૃદયમાં દુઃખતો ઘણુજ થયા કરતું હતુ પરંતુ મને કોઈ રસ્તો સૂજતો ન હતો. આખરે... પ્રભુ તો દયાળુ છે કે જેથી રસ્તો બતાવવા પ્રભુએ મને તમારી યાદ કરાવી અને પછી આવી પ્રેરણાને સત્ય કરી બતાવવા માટે હું તમારી પાસે આવી હતી અને અમારા આ લૌક્કિ દેહ ધર્મ તરીકે કહેવાતા ધર્મને તુચ્છ માનીને મારે આ લૌક્કિ દેહ એક રાત્રિમાટે તમારી ત્યા ગીરવી મૂકી મારી જરૂરત પૂરતો સામાન તમારે ત્યાં થી લઈ જઈને અમારા ગુરૂભાઈઓ તરીકે ના ચારેય વૈષ્ણવોને ભોજન કરાવીને અલૌક્કિ ધર્મ તરીકેનો અમારો વૈષ્ણવ ધર્મ સાચવ્યો. એટલે તમે જે સામાન આપ્યો તે પણ તમે અમારા ઉપર એક મોટો ઉપકાર કર્યો હતો. આમ અમારા ઉપર કરેલ આવા ઉપકારનો બદલો વાળીને કરેલા તમારા દેવામાંથી છૂટવા માટે મારા પતિ પોતે પોતાની કાંધ ઉપર બેસાડીને મને અહીં તમારા ઘરના બારણા પાસે પહોંચાડી ગયા અરે એટલુ જ નહિ પરંતુ મને અહીં મુકીને પાછા હતા ત્યારે એવી આજ્ઞા પણ કરતા ગયા કે આ વાણીઆના દેવામાંથી આપણે છુટા થઈએ એવી રીતનો બદલો વાળતા મનોકામના પૂર્ણ કરીને આવજો. એટલે સમજો. કે અમારા આવા સમયમાં તમે કરેલા ઉપકારનો બદલો વાળવા માટે મારા પતિદેવ મને અહીં તમારા બારણા સુધી મુકી ગયા.... આમ તમારા ઘરે મુકી ગયેલ હોવા છતાંય તમારા ઋણમાંથી મુક્ત થઈ શકાય તેવું નથી એવો તમારો આ ઉપકાર છે. બોલો.... હવે કંઈ પૂછવા જેવું છે?..... કૃષ્ણદાસજીના પત્નીના મુખેથી આવા વચનોનું પાન કરતાની સાથે જ વાણીઆને કોઈ એક પ્રકારની ધ્રુજારી આવી જતા પોક મુકીને રડવા લાગ્યો. વળી પોક મુકીને રડતા રડતા પોતાને ધીક્કારવા લાગ્યો. હે પાપી.... હે કુકર્મી..... હે કુલાલચ વાળા.... હે દુષ્ટ બુદ્ધિવાળા આ તે શું કર્યું?.... તમારી દુષ્ટ બુદ્ધિનુ પ્રદર્શન કોની સામે કરી બતાવ્યું?.... જા,જા.... તે કરેલા આવા નીચ કાર્યથી તારા આ મનુષ્ય અવતારનો અંત લાવ.... આમ આટલુ બોલીને વાણીઆએ તો એવુ કર્યુ કે જે દેહથી આવુ નીચ અને અધર્મ કાર્ય કરવાનું હતુ એવા પોતાના દેહને જમીન પર ફેંકી દીધો. આમ પોતાના દેહને જમીન પર ફેંકી દીધા પછી અતિ કલ્પાંત કરી કરીને જમીન પર આમ તેમ આળટવા લાગ્યો.

ત્યારબાદ થોડીક ક્ષણો પસાર થયા પછી વાણીઓ સહેજ સાવધાન થતા કૃષ્ણદાસજીના પત્નીના ચરણો પકડીને અને તેંપણ ચરણોમાંજ પોતાનું માથુ રાખીને કહેવા લાગ્યો કે માતાજી, ધન્ય છે ધન્ય છે તમારા આવા પતિને પણ ધન્ય છે તમારા માતા-પિતા કે જેઓને તમારા જેઓને જન્મ આપ્યો છે..... આમ આવું કહીને પોતે ધીમે ધીમે ઉભો થયો અને બે હાથ જોડીને વળી કહેવા લાગ્યો કે માતાજી... મારી મહાન ભુલ થઈ.... મને ક્ષમા કરો.... આવો અનુચિત અપરાધ કરીને હુ તમારો મોટો અપરાધી થયો છું. માટે આ મારા અપરાધ બદલ.... મને ક્ષમા કરો.... માતાજી.... મને ક્ષમા કરો. આમ આટલુ બોલતાની સાથે જ આ વાણીઓ કૃષ્ણદાસજીના પત્નિનાચરણોમાં ઢળી પડ્યો. હવે વાણીઆની પલટાયેલી આવી દશા જોઈને કૃષ્ણદાસજીના પત્નીએ આશ્વાસન આપતા કહ્યું કે આવી રીતે કાયર શા માટે થાઓ છો?..... જવાબમાં વાણીઆએ કહ્યું કે માતાજી... મારાથી આવો અનુચિત અપરાધ થયેલો હોવાથી હવે મારા આ દેહને રાખવાની જરૂર નથી. એટલે કે હવે આ દેહ રાખીને જીવન જીવુ તો તેના કરતા મરી જવુ જ મારા માટે યોગ્ય છે. વાણીઆની આવી વાત સાંભળીને કૃષ્ણદાસજીના પત્નીએ ધીરજ આપતા કહ્યું કે આવી બધી વાત તમે મને કહો છો તેના કરતા મારા પતિદેવ પાસે ચાલો અને તેમને કહેવાથી તમારૂ બધુંય સુધરી જશે. કૃષ્ણદાસજીના પત્નીની આવી વાત થી પોતાના માં આવેલી ધીરજથી કૃષ્ણદાસજીના પત્નીને વિનંતી કરતા વાણીઆએ કહ્યું કે માતાજી.... જે પ્રમાણે તમારા મારા પતિ કૃષ્ણદાસજી પોતાની કાંધ પર બેસાડીનેતેમને અહીં પહોચાંડી ગયા હતા તે પ્રમાણે જ મારી કાંધ ઉપર તમને બિરાજ માન કરીને તમારે ઘરે તમને પધરાવા માટે આવું છું કે જેથી કૃપા કરીને અને હવે પોતાનું જાણીને આવો.... મારી કાંધ ઉપર બિરાજમાન થાઓ. આમ વાણીઆએ આવુ કહ્યું તો ખરૂ પરંતુ કૃષ્ણદાસજીના પત્નીએ આવુ કહેવાની ચોખ્ખીના પાડી. આમ ના પાડેલ હોવા છતાંય વાણીઆએ તો એવુ કર્યુ કે રડતા રડતા કૃષ્ણદાસજીના પત્નીના ચરણો પકડી લઈને અતિ આગ્રહ કરીને આખરે વાણીઆએ કૃષ્ણદાસજીના પત્નીને પોતાના કાંધ પર બિરાજમાન કર્યો અને પછી કંબલ ઓઢાડીને આ વાણીઓ કૃષ્ણદાસજીના ઘર તરફ ચાલતો થયો. વળી રસ્તામાં કૃષ્ણદાસજીના પત્નીને સહેજ પણ શ્રમ ના થાય તેમ ધીમે ધીમે ચાલતા આ વાણીઓ કૃષ્ણદાસજીના ઘર પાસે આવી પહેંચ્યો.

આમ પોતાના ઘર પાસે આવી પહોંચતા બંધ રહેલા બારણા ખોલાવવા માટે કૃષ્ણદાસજીના પત્નીએ અવાજ કરતા કહ્યું કે બારણું ઉઘાડો.... પોતાની પત્નીનો અવાજ સાંભળતા ઘરની અંદર રહેલા કૃષ્ણદાસજી વિચાર કરવા લાગ્યા કે અરે... આટલી વારમા પાછી કેમ આવી હશે?.... આમ વિચાર કરતા કરતા ઘરના બારણા તો ખોલ્યા પરંતુ પોતાની પત્નીને જોતાની સાથે જ ખીજાઈ ગયા અને ઠપકો આપવા લાગ્યા. આ ઠપકા જેવી પરિસ્થિતિ જોઈને પોતાના પત્નીએ કહ્યું કે મને આવી રીતે ઠપકો આપો છો તે તો ઠીક પણ તમારે જે કંઈ કહેવું હોય તે આ વાણીઆને કહો. કૃષ્ણદાસજીના પત્નીના આવા વચનો સાંભળતા આવા વચનો સાંભળતા વાણીઓ તો જમીન પર ઢળી પડ્યો તેમજ પોતાનું નાક ભૂમિ પર ઘસતો જાય, રડતો જાય અને કહેતો જાય કે હુ રૂવાંટે રૂવાંટે તમારો અપરાધી થયો છું..... આમ પોતાના સાચા અંતઃકરણ પૂર્વક થી ક્ષમા માંગી રહેલા વાણીઆનું દુઃખ જોઈને કૃષ્ણદાસજીનુ હૃદય ખરેખર જ ભરાઈ આવ્યું અને .....

હવે ભક્ત એક જ ઉત્તમ લક્ષણ છે કે સામાન્ય જીવે ભક્ત પ્રત્યે ગમે તેવું ખરાબ કાર્ય કર્યું હોય છતાં પણ સમય આયે ભક્તનુ હૃદયતો દ્રવિજ જાય છે. એ નિયમે આ વાણીઆએ કૃષ્ણદાસજી પ્રત્યે કે પછી પોતાની પત્ની પ્રત્યે ન કરવા જેવી ભાવના કરેલ હોવા છતાંય વાણીઆની દુઃખ ભરેલી દશા જોતાની સાથે જ ભક્ત જેવા કૃષ્ણદાસજીનું હૃદય ભરાઈ આવ્યું અને પછી તો સમજો કે કૃષ્ણદાસજી તો વિચાર કરવા લાગ્યા કે આ વાણીઆનું કાર્ય સિદ્ધ કરવાનો વિચાર હવે શ્રી ઠાકોરજીનો થયો છે કે જેના કારણે જ આ વાણીઓ અત્યારે અહીં સુધી આવી શક્યો છે. આમ વિચાર કરતા કરતા કૃષ્ણદાસજીએ આ વાણીઆની સામે દ્રષ્ટિ કરીને કહ્યું કે ભાઈ, અત્યારે આ રાત્રિનો સમય હોવાથી અત્યારે તમે ઘરે જાવ અને સવારે આવી મલી જજો. જવાબ અર્થે વાણીઆએ કહ્યું કે ભાઈ... બાપુ,.. પ્રસન્ન થઈ ને તમે મને જવાની આજ્ઞા કરતા હોતો હું મારા ઘરે જાઉં નહિતર તમારા ઘરના આ બારણાની બહાર પડી રહીને આમ આખી રાત્રિ પસાર કરીશ કારણકે તમારા બંને સિવાય હવે મારૂ તો આ ત્રણેય લોકમાં કયાય ઠેકાણુ પડવાનું નથી. વાણીઆની દીનતારૂપેની આવી વાત સાંભળીને કૃષ્ણદાસજીએ જે રીતે બન્યુ તે રીતે વાણીઆના મનનું સમાધાન કરીને વાણીઆને ઘરે મોકલ્યો. બાદ વાણીઓ પોતાના ઘર તરફ ચાલતો તો થયો પરંતુ ચાલતા ચાલતા રસ્તામાં જ વાણીઆનું મન ચકડોળે ચઢ્યું કે કૃષ્ણદાસજીના મારા અપરાધની ક્ષમા કરીને મને પોતાનો દાસ બનાવશે કે નહિ?... આમ મનમાં ને મનમાં આવો વિચાર કરતા કરતા પોતાને ઘરે આવી પહોંચ્યો અને ઘરમાં જઈને સૂઈ જવાની કોશિસ કરતા હોવા છતાંય પોતાને ઉંઘ નહિ આવતા કૃષ્ણદાસજી અને તેમના પત્ની એમ માત્ર બંને ના વિચારો કરતા કરતા રાત્રિનો સમય પસાર થઈ જતા સવાર નો સમય થયો.

આમ સવારનો સમય થતાની સાથે જ આ વાણીઓએ એક નવી બુહારી બાંધી અને આ નવી જ સાવરણી લઈને કૃષ્ણદાસજીના ઘરે આવ્યો. અને પછી સમજો કે આ નવી સાવરણી દ્વારા કૃષ્ણદાસજીના ઘરના ચોતરફ થી કચરો કાઢવા લાગ્યો. આમ કચરો કાઢતા કાઢતા ઘરમાં રહેલા કૃષ્ણદાસજી તથા તેમના પત્ની જેવા ભગવદીય ની ચરણરજ ઉડી ઉડીને દેહ પર પડવા લાગી. વળી આવા પરમ ભગવદીયોની ચરણરજ દ્વારા પોતાના હૃદયમાં રહેલો કચરો પણ સાફ થઈ જતા પોતે ખરેખર યોગ્ય જ બની ગયો. બાદ આ વાણીઓ કચરો કાઢી રહેલ છે એવુ જોતાની સાથે જ કેમ જાણે કૃપા કરીને કહેતા હોય તેમ કૃષ્ણદાસજીએ વાણીઆને અંદર બોલાવીને કહ્યું કે હવે બુહારી પછી કરજો... આવો.... અહીં બેસી જાવ. કૃષ્ણદાસજીના આવા વચનો સાંભળીને આ વાણીઓ તો બતાવેલી જગ્યાએ બેસી ગયો અને આ બંને ભગવદીયોને જોઈ જોઈને આ બંનેના જ વિચારો કરતો રહ્યો. તે પછી કૃષ્ણદાસજી તથા તેમના પત્ની એમ બંનેએ સ્નાન કર્યુ અને સેવામાં જઈને મંગલભોગની તૈયારી કરીને શ્રી ઠાકોરજીને જગાડ્યા અને મંગલભોગ ધરીને સમય અનુસાર ભોગ ધરાવી વાણીઆને શ્રી ઠાકોરજીના દર્શન કરાવ્યા. આમ શ્રી ઠાકોરજીના દર્શન કર્યા કે બસ વાણીઓ કૃતાર્થ થઈ જતા કહેવા લાગ્યો કે ભાઈ, મને હવે આપનો દાસ બનાવીને ટહેલમાં રાખો. જવાબમાં કૃષ્ણદાસજીએ કહ્યું કે અમારા તેમજ તમારા એમ આપના સૌના સ્વામિતો શ્રી મહાપ્રભુજી જ છે એટલે શ્રી મહાપ્રભુજી જ્યારે અહી પધારશે ત્યારે તમને સેવક કરાવીશું અને શ્રી મહાપ્રભુજીના સેવકે થયેથી તમે સેવા-ટહેલ કરવા ને લાયક થશો. અને પછી શ્રી ઠાકોરજી તમારૂ કાર્ય સિદ્ધ પણ કરશે. આમ એક પ્રકારે વિશ્વાસ કરાવીને કૃષ્ણદાસજીએઆ વાણીઆને પોતાને ઘરે મોકલ્યો..... પછી તો સમજો કે આ વાણીઓ કૃષ્ણદાસજીના ઘરે નીત્ય આવે અને મને શ્રી મહાપ્રભુજીના દર્શન કરાવો.... મને શ્રી મહાપ્રભુજીના દર્શન કરાવો... એવી અતિ પૂર્વકની હંમેશા વિનંતી કર્યા કરે. તેપછી જેમ જેમ દિવસો પસાર થતા જતા હતાં તેમ તેમ વાણીઆને શ્રી મહાપ્રભુજીના દર્શન પ્રત્યે તાપક્લેશ તરીકેની અર્તિ પણ વધતી જતી હતી.

થોડાક સમય પસાર થયા બાદ.

હવે સ્મૃતિમાત્રાર્તિનાશનઃ એટલે કે સ્મરણ કર્તાની સાથે જ સર્વ પ્રકારના દુઃખનો નાશ કરનારા એવા શ્રી મહાપ્રભુજી છે આપ શ્રીના નામના આધારે વાણીઆને ગઈ રહેલી અર્તિના કારણે શ્રી મહાપ્રભુજીએ આ વાણીઆનું વિચારીને આ વાણીઆને ફલદાન કરવાની ઈચછા કરીને શ્રી મહાપ્રભુજી અડેલ થી પધારતા પધારતા કૃષ્ણદાસજીના ગામમાં પધારી રહ્યા હતા આવામાં વધઈયા દ્વારા કૃષ્ણદાસજીને વધઈ પહોંચાડતા કપડા પહેરીને કૃષ્ણદાસજી વાણીઆ પાસે ગયા. અને વાણીઆને કહ્યું કે વધૈયા દ્વારા વધાઈ મલી છે કે શ્રી મહાપ્રભુજી પધારી રહ્યા છે.

શ્રી મહાપ્રહુજી પધારી રહ્યા છે એવી વાત સાંભળતા વાણીઓ તો કોઈ અનોખા આનંદમાં આવી જતા જલદી જલદી કપડાં પહેર્યા અને દુકાન પણ બંધ કરાવી. પછી પોતાની સાથે સંબંધ ધરાવતા દસ-વીશ વાણીઆ સ્નેહી બંધુઓને ખબર કરાવ્યા કે શ્રી મહાપ્રભુજી પધારી રહ્યા છે કે જેથી જે કાંઈ ભેટ ધરવાની હોય તે લઈને સૌ આવો. આમ સૌને સમાચાર કહેવડાવીને પોતે પણ શ્રીફળ લીધુ. (આમ આ શ્રીફળનો ભાવ શ્રી દામોદરદાસ સંભલવાલા ની વાર્તામાં લખેલ છે તે મુજબ જાણો.) પછી સૌ એકઠા થતા જેઓ શ્રી મહાપ્રભુજીના પરમ કૃપા પાત્ર છે એવા કૃષ્ણદાસજી ની સાથે સૌ શ્રી મહાપ્રભુજીને પધરાવી લાવવા સામા ગયા. બાદ સામા આવનારા શ્રી મહાપ્રભુજીની સન્મુખ થતા કૃષ્ણદાસજીએ વાણીઆ તથા અન્ય સૌએ દર્શન કર્યા તેમજ પોત પોતાની ભાવના અનુસાર સૌએ ભેટ કરીને દંડવત્ પ્રણામ કર્યા. હવે સૌએ ભેટ કરીને દંડવત્ પ્રણામ કર્યા પરંતુ વાણીઆનું તો એવું થયું કે દર્શન કરીને ભેટ કરી અને ભેટ કરીને વારંવાર દંડવત્ પ્રણામ જ કરવા લાગ્યો અને શ્રીફળ ભેટનો સ્વીકાર થતાની સાથે જ વાણીઆની આંખોમાંથી આસુઓની ધારાઓ વહેવા લાગી. આખરે કોઈ એક આવેશમાં આવી જતા શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં ઢળી પડ્યો. આમ વાણીઆની આવા પ્રકારની હાલત જોતા સ્હેજ હસીને શ્રી મહાપ્રભુજીએ જેમને પોતાના માની રાખેલા કૃષ્ણદાસજીને પૂછ્યું કે આ કોણ છે?... જવાબમાં શરૂઆત થી તે અત્યાર સુધીમાં વાણીઆની બની ગયેલી તમામ કહીકત કૃષ્ણદાસજીએ નિવેદન કરીને કહી સંભળાવી અને પછી વાણીઆ ઉપર જેમની કૃપા દ્રષ્ટિ કરી છે એવા કૃષ્ણદાસજીએ શ્રી મહાપ્રભુજીને વિનંતી કરતા કહ્યું કે આ વાણીઆને નામ શ્રવણ કરાવો. હવે શ્રી મહાપ્રભુજીએ કોઈ વાણીઆને શરણે તો લીધા નથી પણ.... ભક્તેચ્છા પૂર્વક એટલે કે અન્નયં ભક્તની ઈચ્છા ને પુરી કરનારા એવા શ્રી મહાપ્રભુજી છે. આમ આપ શ્રીના આવા નામના આધારે કૃષ્ણદાસજી જેવા અન્નય ભક્તની ઈચ્છા પૂર્ણ કરવાના હેતુથી કૃષ્ણદાસજીએ કરેલી વિનંતીને સ્વીકાર કરીન શ્રી મહાપ્રભુજીએ આ વાણીઆને નામ શ્રવણ કરાવ્યું અને આ વાણીઆને જ્ઞાનચંદ તરીકેનું સંબોધન કરી બતાવતા આ વાણીઆનું નામ જ્ઞાનચંદ તરીકે પ્રસિદ્ધ થયું. આમ જ્ઞાનચંદ ભાઈ તરીકે આ વાણીઆને નામ સુચવ્યા પછી અહીં જેટલા દેવી જીવો હતા તે બધાય જીવો શરણે આવ્યા.

ત્યારબાદ વાજતે ગાજતે શ્રી મહાપ્રભુજીને ગામમાં પધરાવી લાવ્યા. આમ શ્રી મહાપ્રભુજીના દર્શન કરવાથી વાણીઆને જે અર્તિ થઈ હતી તે પરમ ભગવદીય જેવા કૃષ્ણદાસજીની કૃપા દ્રષ્ટિ દ્વારા ફલીભૂત થી. અરે અટલુ જ નહિ પરંતુ કૃષ્ણદાસજી તથા તેમના પત્ની દ્વારા પોતાનું કાર્ય સિદ્ધ થયું છે એવું ખરેખર સમજી ગયેલા જ્ઞાનચંદભાઈ તો કૃષ્ણદાસજીની પત્નીના સદ્દ્ગુણોની પ્રસંસા કરતા કરતા અને તે પણ જોર જોરથી અવાજ કરીને બોલવા લાગ્યા કે ધન્ય માતાજી.... ધન્ય માતાજી... વળી આવા પ્રકારના આનંદમાં મગ્ન બની ગયેલા જ્ઞાનચંદભાઈને કંઈક જ્ઞાન થઈ જતા આ સમયે એક દોહો પણ બોલ્યા હતા.

○ દોહો ○

હીન દીન સાધન રહિત, પાયો પણ નિર્વાણ;
શ્રી વલ્લભકે બાજીકે, બાચત ગયે નિશાન...૧

ત્યારબાદ શ્રી મહાપ્રભુજીએ જ્ઞાનચંદભાઈને નામ નિવેદન કરાવ્યું. આમ નામ નિવેદન કરાવ્યા પછી શ્રી મહાપ્રભુજીને તપેલીના ખર્ચ તરીકેનો રોજનો ખર્ચ તેમજ બીજો તમામ ખર્ચ શ્રી મહાપ્રભુજી જેટલા દિવસ પોતાના ગામમાં બિરાજ્યા તેટલા દિવસોનું ખર્ચ જ્ઞાનચંદભાઈએ આપ્યું હતુ તેમજ ભેટ પણ ઘણી અર્પણ કરી હતી. તે પછી શ્રી મહાપ્રભુજીએ જ્યારે દ્વારકા તરફ પધારવાની તૈયારી કરી ત્યારે કૃષ્ણદાસજી તતા જ્ઞાનચંદભાઈ એમ આ બંને એ શ્રી મહાપ્રભુજીએ દ્વારકા સુધી પહોચાંડી આવાની તૈયારી કરી અને પછી સમજો કે શ્રી મહાપ્રભુજી આ ગામમાંથી પધારતા આ બંને જણાઓ શ્રી મહાપ્રભુજી સાથે ચાલી નિકળ્યા. હવે અંતર્યામી એવા શ્રી મહાપ્રભુજી આ બંને ના હૃદયમાં રહેલી ભાવનાને જાણી જતા ચાલતા ચાલતા એક ગાવ દૂર પહોંચતા શ્રી મહાપ્રભુજીએ આ બંનેને પાછા વળવાની આજ્ઞા કરી ને બંનેને પાછા વિદાય કરીને નિજ સેવકો સહિત શ્રી મહાપ્રભુજી આગળ પધાર્યા. જ્યારે બીજી તરફ આ બંને શ્રી મહાપ્રભુજીએ પાછા વળવાની આજ્ઞા કરેલ હોવાથી દર્શન અને દંડવત્ પ્રણામ કરીને આ બંને પાછા તો વળ્યા પરંતુ બંનેને થયેલા અતિ વિરહના કારણે મુશ્કેલીમાં મુકાતા મુકાતા આખરે જેમ તેમ કરીને આ બંને પોત પોતના ઘરે આવી પહોંચ્યા.

તે પછી જ્ઞાનચંદભાઈ પોતાની દુકાનનું બધુય કામ દિવસના સમયમાં જ પુરૂ કરી લઈને રાત્રિના સમયે નિત્ય કૃષ્ણદાસજીના ઘરે સત્સંગ માટે આવે અને શ્રી મહાપ્રબુજીના સ્વરૂપ પ્રત્યેની બધી લીલા-વાર્તા પુછે અને કૃપા કરીમે કૃષ્ણદાસજી લીલા સંબંધેની કથા મૃતનું પાન કરાવે. આમ કથામૃતનું પાન કરતા કરતા જ્ઞાનચંદભાઈતો પ્રેમાંચ અને રોમાન્ચ થઈ જતા શરીર નું ભાન પણ ભુલી જતા હોય... એટલે સમજો કે પૂર્ણ ભગવદીય જેવા કૃષ્ણદાસજીએ જ્ઞાનચંદભાઈ ઉપર એવી કૃપા કરી કે પૂર્ણ ભગવદીય થઈ ગયા. આમ એક નિષ્કંચન જેવા વૈષ્ણવ જેવા તરીકે દેખાતા કૃષ્ણદાસજીની કૃપા દ્રષ્ટિ દ્વારા જ શ્રી મહાપ્રભુજીએ મારા ઉપર કૃપા કરી છે એવું ખરેખર જ્ઞાનચંદભાઈને જ્ઞાન થઈ ગયેલ હોવાથી જ્ઞાનચંદભાઈ કૃષ્ણદાસજીને નિત્ય કહ્યા કરે કે ભાઈ જે સામાન- સામગ્રી જોઈતી હોય તે મારી દુકાન માંથી લાવું... હવે સંકોચ શા માટે કરો છો?... હવે મને તમારો પોતાનો જાણો.... મારો અંગીકાર કરો... વી.વી. જેવી વાત જ્યારે જ્યારે કહે ત્યારે ત્યારે જવાબ અર્થે કૃષ્ણદાસજીએ કહ્યું કે હંમેશનું તો મારા કોથળા જેવા ધંધામાથી અમારૂ કાર્ય ચાલ્યા કરે છે એટલે મંગાવા જેવું હોય પણ શું?... બાકી જ્યારે કોઈ વૈષ્ણવ આવી જશે ત્યારે તમારી માલીકી તરીકે સામગ્રીને અંગીકાર કરાવીશું.

બાદ પોતાને પ્રાપ્ત થયેલા મહાન અવતાર તરીકેના આ મનુષ્ય અવતારૂપેનું અને સાથે સાથે વૈષ્ણવ તરીકેનું જીવન જ્ઞાનચંદભાઈ જ્યા સુધી જીવ્યા ત્યાં સુધી કૃષ્ણદાસજીના કૃપા પાત્ર થઈને જ જીવ્યા હતા અને વળી સત્સંગ પણ સમાજની દ્રષ્ટિએ ભગવદીય નો કે એક મહાન તરીકે કોઈને કરતા ન હતા. પરંતુ સ્વમાર્ગીય અન્નયતા ને આધારે ટોચે પહોંચેલા પૂર્ણભગવદીય જેવા કૃષ્ણદાસજીનો જ કરતા હતા. હવે અન્ય માર્ગોમાં કદાચ. એવી માન્યતા હશે કે લોઢાને જો પારસમણીનો સંબંધ થાય તો લોઢું સોનુ બની જાય છે પરંતુ અહીં એટલે કે સ્વમાર્ગમાં ઉલટું છે. એટલે કે અહીં સ્વમાર્ગમાં તો એવું છે કે લોઢાને પારસમણી સાથે સંબંધ થતા લોઢું સોનું બની જવાને બદલે પારસમણીજ બની જાય છે. એટલે કે સમાન જ બની જાય છે. જેમ દુધ જેવી વસ્તુને ગોરસ જેવી વસ્તુનો સંબંધ થતા દુધ જેવી વસ્તુ ગોરસ બની જાય છે તેમ પારસમણી સમાન ગણાતા પૂર્ણ ભગવદીય નો સંબંધ થતા દુધ સમાન ગણાતા સામાન્ય જીવો પણ પૂર્ણ ભગવદીય જેવા જ બની જાય છે કે જેના દ્રષ્ટાંત રૂપે કદાચ વિચારવામાં આવે તો પણ આ વાર્તાથી સ્પષ્ટ સમજી શકાય છે કે ક્યાં અન્નય ભક્ત જેવા કૃષ્ણદાસજી તથા તેમના પત્ની અને ક્યાં સામાન્ય જીવ જેવા જ્ઞાનચંદભાઈ?... પણ આખરે કૃષ્ણદાસજી તથા તેમના પત્ની જેવા પૂર્ણ ભગવદીયના સંબંધ દ્રરા જ્ઞાનચંદભાઈ જેવા સામાન્ય જીવ પણ પૂર્ણ ભગવદીય જેવા થઈ જતા બસોબાવન વૈષ્ણવોની વાર્તામાં નહી પરંતુ પોતાની સાથેજ એટલે કે ચોર્યાસી વૈષ્ણવોની વાર્તામાંજ લખાઈ ગયા... એટલે સમજો કે સંગ કરવો તે જેઓ પૂર્ણરીતે ભગવદીય તેઓનો જ કરવો કે જેંથી જેમ જેમ પોતે પૂર્ણ હોય છે તેમ પોતાના સંગ દ્વારા બીજીને પણ પૂર્ણ કરે છે. પણ....

પણ શું?..

પણ એટલે એ કે શ્રી મહાપ્રભુજીની જ્યારે પૂર્ણ કૃપા હોય ત્યારેજ એવા પૂર્ણ ભગવદીયોનો સંગ થાય અને એવા પૂર્ણ ભગવદીયોનો જો સંગ થાય તો જ કાર્ય સિદ્ધ થાય અથવા તો સમજો કે એવા ભગવદીય નો જો સંગ થઈ ગયો તો કાર્ય પણ સિદ્ધ થઈ ગયું સમજો.એટલે હવે ટુંકમાં એટલું જ કે આ જ્ઞાનચંદભાઈ સામાન્ય જીવ તરીકે હોવા છતાંય પૂર્ણ ભગવદીય જેવા કૃષ્ણદાસજી તથા તેમના પત્નીનો જો સંગ થયો તો જ્ઞાનચંદભાઈ પણ તેમના જેવા જ પૂર્ણ ભગવદીય થઈ શક્યાં.

આમ આત્મ સંબંધને જ મુખ્ય માની બતાવનાર
કૃષ્ણદાસજી તથા તેમના પત્નીની વાર્તા સંપૂર્ણ.

૧૪. શ્યામદાસ સુતાર

આ હિન્દુસ્તાન દેશના ઉત્તર પ્રદેશ તરીકેના પ્રદેશમાં એક અલ્લાબાદ નામનું શહેર આવેલ છે હવે શ્રી યમુનાજી, શ્રી ગંગાજી અને શ્રી સરસ્વતીજી એમ આ ત્રણેય નદીઓનો સંગમ જ્યાં થાય છે એવા આ અલ્લાબાદ શહેરની પૂર્વે અડેલ નામનું એક નાનકડું ગામડું આવેલ છે. આમ આ અડેલ નામના નાનકડા ગામમાં એક સુતાર રહેતો હતો તેમજ પોતાના કુટુંબ નિર્વાહ અર્થે લીલા વૃક્ષો કાપી લાવીને ગૃહસ્થી તરીકે પોતાનો જીવન નિર્વાહ ચલાવતો હતો . આમ પોતાનો ગૃહસ્થાશ્રમ તો સુખેથી ચાલતો હતો પરંતુ સંતાનમાં પોતાને ત્યાં કંઈ પણ નહિ હોવાથી સંતાન માટે કરી રહેલ ઘણાય પ્રયત્નોની સાથે એક પ્રયત્ન એવો પણ કરતો હતો કે જ્યારે જ્યારે મકરસંક્રાતિ આવે ત્યારે ત્યારે તે દિવસથી એક માસ સુધી ઉપર બતાવેલ ત્રણેય નદીઓના સંગમ વાળા સ્થળે જતો હતો અને ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને ત્રિવેણી સંગમનું પૂજન કરતો હતો. આમ કરતા કરતા થોડાક વર્ષો વિત્યા બાદ એક વર્ષ મકરસંક્રાતિ આવતા આ સુતારે તો પોતાના નિયમ મુજબ ત્રિવેણીમાં સ્નાન કરવાનું અને ત્રિવેણીનુ પૂજન કરવાનું એમ બંને કાર્યો શરૂ કરી દીધા હતા. આમ આવા દિવસો દરમ્યાનમાં એક રાત્રિએ આ સુતાર ત્રિવેણી સંગમ પર સુતો હતો. એવામાં પોતાને આજ્ઞા થઈ કે " તમારા નિયમથી અમે પ્રસન્ન થયા છીએ પરંતુ આજથી લીલા વૃક્ષો નહીં કાપતા ક્યાંય સૂકા વૃક્ષો આવેતો તે સૂકા વૃક્ષો કાપીને તમે તમારો નિર્વાહ કરજો તેમજ તમારા ગામમાં શ્રી યમુનાજી બિરાજે છે તેથી તે શ્રી યમુનાજીનું પૂજન નિત્ય કરજો. એટલે સમજો કે આ રીતનો નિર્વાહ અને આવી રીતેનું પૂજન કરવાથી તમારી મનોકામના પૂર્ણ થતા તમારે ત્યાં એક ભક્ત જેવો પુત્ર થશે....." આમ આવા પ્રકારે થયેલી આજ્ઞાના વચનો સાંભળીને આ સુતાર જાગ્રત થતા અડેલ પોતાનો ઘરે આવ્યો.... પછી સમજો કે પોતાને જે પ્રમાણે આજ્ઞા થઈ હતી તે પ્રમામે જ કરીને પોતાનુ જીવન જીવવા લાગ્યો હતો.

હવે લીલામાં એક એવી ઘટના બનવા પામી કે લીલામાં એક શ્રીદામા સખા છે કે જે શ્રીદામાસખાશ્રી ઠાકોરજીના અંતરંગી છે તેમજ બીજી તરફ શ્રી સ્વામિનીજીના ભાઈ પણ થાય. વળી લીલામાં સહાયક તરકે પણ આ શ્રીદામા સખા હોવાથી શ્રી સ્વામિનીજીની બધી વાત પણ શ્રી દામા સખાને જ પૂછે એટલે સમજો કે આવા પ્રકારના ગૂઢ સંબંધના આધારે શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામિનીજી એમ બંને સ્વરૂપો જે જે લીલા કરે તે તે લીલાનો અનુભવ પણ શ્રીદામા સખા પણ કરતા હોય આમ કરતા કરતા એક દિવસ એવું બન્યું કે સખા તરીકેના સંબંધના આધારે કંઈક ખેલ કરતા કરતા એટલે કે રમતા રમતા શ્રી દામાસખો શ્રી ઠાકોરજીના કાંધ ઉપર ચઢ્યો અને.... બાદ સખા મંડળમાં સૌ કોઈ આ ખેલમાં મગ્ન બન્યા હતા. તે પછી આ વાત જ્યારે શ્રી સ્વામીનીજીના સાંભળવામાં આવી ત્યારે શ્રી સ્વામીનીજી એ આ વાત સાંભળી તો ખરી પરંતુ શ્રી ઠાકોરજીને આવા પ્રકારે કરેલો શ્રમ શ્રી સ્વામિનીજી એ સહન થઈ શક્યો નહિ. પરિણામે શ્રી સ્વામિનીજીએ શ્રીદામા સખા ઉપર ખરેખર અપ્રસન્ન થયા... તે પછી શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનીજીને બહુ જ સમજાવ્યા તો ખરા પરંતુ શ્રી સ્વામિનીજી પ્રસન્ન ન થયા તે ન જ થાય અને આખરે શ્રીદામા સખાનો આવુ વર્તન પોતાને યોગ્ય નહિ લાગતા શ્રી સ્વામિનીજીએ શ્રીદામા સખાને શાપ દીધો કે જાવ... ભૂતળ પર જઈને રહો....

જયારે બીજી તરફ પેલો સુતાર કે જેમને ત્રિવેણિ સંગમમાં થયેલી આજ્ઞા મુજબ અડેલ જેવા નાનકડા ગામડામાં રહીને પોતાનું જીવન વ્યતિત કરતા કરતા પોતે થોડાક દિવસો પસાર કર્યા હશે એવામાં સંવત ૧૫૩૫ નો સમય આવ્યો અને ભગવદ વચન સિદ્ધ થયા અર્થે આ સુતારની પત્નીને ગર્ભ રહ્યો... બાદ ચૈત્ર માસ આવતા આ ભૂતળ પર શ્રી મહાપ્રભુજીના શ્રી સ્વામિનીજીનું પ્રાક્ટય થયું અને તે પછી દિવસો પસાર થતા થતા આ સુતૈરની પત્નીને રહેલા ગર્ભના દિવસો પૂરા થતા આસો માંસમાં આ સુતારને ત્યાં એક પુત્રનો જન્મ થયો આમ આ પુત્રનો જે જન્મથયો તે અન્ય કોઈનો નહી પરંતુ લીલામાં શ્રી સ્વામીનીજીને શ્રીસખાને જે શાપ આપેલ હતો તે શાપ ના આધારે શ્રીદામા સખાનુ જ આ

સુતારનેને ત્યાં પુત્ર તરીકે પ્રકાટય થયું. આમ આ પુત્રનો જન્મ થતાની સાથે જ માયા તરીકે દેહમાં અલૌક્કિ દેહ શ્રીદામા સખાનો આવેશ આવી જતા જન્મ થઈ ગયા બાદ રડવાને બદલે આ પુત્ર હસતો હતો કે જે જોઈને સૌને આશ્ચર્ય થયું હતુ. પછી પુત્ર જન્મના નીમેત્તે લૌક્કિમાં જેમ સૌને આનંદ થાય છે તેમ આ સુતારને તેની પત્નીને તથા અન્ય સૌને બહુ જ આનંદ થયો આમ કરતા કરતા સમય આવતા શ્યમાદાસ એવું આ પુત્રનું નામ પડાયું અને પછી સમજો કે સમય પસાર થતાં થતાં શ્યામદાસજી મોટા થતાં જાય છે.

હવે શ્રી મહાપ્રભુજીને પોતાના અલૌક્કિ સ્નેહના વિલાસને પ્રગટ કરવાની ઈચ્છા થયેલ હોવાથી પોતાના પ્રાક્ટય પછી છમહિને આ શ્યામદાસજીને અહીં ભૂતળ પર પ્રગટ કર્યા એટલે કે શ્રી મહાપ્રભુજના અલૌક્કિ સ્નેહના અવતાર સ્વરૂપે આ શ્યામદાસજી અહીં ભૂતળ પર પ્રગટ થયા. અને પછી સમજો કે શ્યામદાસજી જ્યારે સહેજ મોટા થયા ત્યારે શ્રી ઈલ્લમાગારૂજીની ગોદમાં શ્રી મહાપ્રભુજી ખેલી રહ્યા છે તેવા દર્શન શ્રી શ્યામદાસજીને થવા લાગ્યા હતા. આમ શ્માયદાસજીને જ્યારે જ્યારે આવા દર્શન થતા હોય ત્યારે ત્યારે શ્યામદાસજી આવા દર્શન કરતા જાય અને સાથે સાથે હસતા પણ જાય વળી શ્યામદાસજી જ્યારે સૂઈ જતા હોય ત્યારે શ્રી મહાપ્રભુજી પધારતા અને સંપૂર્ણ રીતેની કૃપા કરીમે નિદ્રાંમાં સહેજ રીતિ થી દર્શન આપતા હતા. એટલે કે નિજ અલૌક્કિ સ્નેહ અવતારૂપ આ શ્યામદાસજી હોવાથી શ્યમાદાસજીનો શ્રી મહાપ્રભુજીના સ્વરૂપમાં સંપૂર્ણ સર્વાત્મ ભાવ સિદ્ધ થઈ ગયો અને .... પછી શ્યામદાસજી જ્યારે ત્રેવીસ વર્ષના થયા ત્યારે શ્યામદાસજીના પિતાએ પોતાની જ્ઞાતિમાં સારા સંસ્કાર વાળી એક કન્યા સાથે શ્યામદાસજીના લગ્ન કર્યા. જ્યારે બીજી તરફ શ્રી મહાપ્રભુજીના અલૌક્કિ સ્નેહના સ્વરૂપે આ શ્યામદાસજીના અંગેન શ્યમાદાસજી જે ગામમાં રહેતા હતા તે અડેલ ગામમાં પણ સનાથ કરવાનો વિચાર કરીને શ્રી મહાપ્રભુજી અડેલ ગામમાં પધાર્યા છે. ઈલ્લામાગરૂજી સહિત સૌ અડેલ ગામમાં વાસ કરીને બિરાજ્યા.

આમ અડેલમાં વાસ કરીને રહેવાના કારણસર શ્રી મહાપ્રભુજી અડેલ માં બિરાજ્યા તો ખરા પરંતુ શ્રી મહાપ્રભુજીની જ્યારથી દર્શન કર્યા ત્યારથી શ્યામદાસજી તો શ્રી મહાપ્રભુજીમાં આસક્ત થઈ ગયા છે અને પછી તો દંડવત્ પ્રણામ કરીને વિનંતી કરીકે પ્રભુ , મને શરણે લીયો. શ્યામદાસજીની આવી વિનંતીથી જીવની તૈયારી કેટલી છે. તે જાણવાની ઈચ્છાએ શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરતા કહ્યું કે શું તમારે તો જ્ઞાતિમાં ખાનપાન છે કે જેથી પુષ્ટિમાર્ગીય ધર્મ કેવી રીતે નભી શકશે?.... જવાબમાં બે હાથ જોડીને કહ્યું કે પ્રભુ આપ વિના એક ક્ષણ પણ હવે મારાથી રહેવાતુ નથી કે જેથી હુ તો આપની સાથે બેસી રહીને આપના દર્શન કર્યા કરીશ બાકી ઘરનું કે જ્ઞાતિનું હવે મારે શું કામ છે?.... શ્યામદાસજીના અંતઃકરણ પૂર્વકની ભાવના જોઈને શ્રી મહાપ્રભુજી એ આજ્ઞા કરી કે સારૂ.... જાવ.... શ્રી યમુનાજીમાં સ્નાન કરી આવો આમ શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર શ્યામદાસજી સ્નાન કરીને આવતા શ્રી મહાપ્રભુજીએ શ્યામદાસજીને નામનિવેદન કરાવ્યું બાદ પોતે શ્રી મહાપ્રભુજીના સેવક બન્યા પછી ઘરના સૌ કોઈને શ્રી મહાપ્રભુજીના સેવક બનાવ્યા એટલે કે ઘરના સૌ કોઈ શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા.

ત્યારબાદ જયારથી શ્રી મહીપ્રભુજીના સેવક બન્યા ત્યારથી શ્યામદાસજી એ બધાય લૌકિક કાર્યો છોડી દીધા અને પછી સમજો કે જે સમયે શ્રી મહાપ્રભુજી જાગવાના હોય તે સમય પહેલા શ્યામદાસજી શ્રી મહાપ્રભુજી ના ઘરે હમેંશા આવતા અને શ્રી મહાપ્રભુજી જયારે ત્યારે આપના દર્શન કરે અને દર્શન એવી રીતે કર્યા કરે કે નેત્રો ની પાંપણને ચલાયમાન કર્યા સિવાય એટલે કે નેત્રો બંધ કર્યા સિવાય સ્થિર નેત્રો એ શ્રી મહાપ્રભુજી ના મુખારવિંદ સામે જોઇ જોઇને દર્સન જ કર્યા કરે અરે એટલું જ નહિ પરંતુ તે જગ્યાએથી પાછા ખસે પણ નહિ. આમ આવા પ્રકાર ની આસકિતથી એ પણ સમજવું જરૂરી છે કે શ્યામદાસજીના હૃદયમાં આવો જે સ્નેહ પ્રગટ થયો છે તે કોઇ પણ પ્રકારના સકામથી- સ્વાર્થથી સ્નેહ થયો નથી.એટલે કે શ્યામદાસજી કેવળ સહેજ સ્નેહી જ હતાં. હવે શ્યામદાસજી ના આવા પ્રકાર ની આસકિતના કારણે શ્રી મહાપ્રભુજી પણ ક્ષણે ક્ષણે મંદ હાસ્ય કરી કરીને ચિંતન કરતા હોવાથી શ્યામદાસજીના રૂવાંટે રૂવાટે સ્નેહરસ ભરાઇ જતો કે જે સ્નેહરસથી લાવણ્યામૃત,હાસ્યામૃત અને અધરામૃત એમ આના ત્રણેય પ્રકારના અમૃતનું પાન કરતા કરતા શ્યામદાસજી તો શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ થઈ જતા એટલે કે જેમ જાણે પોતાના દેહનું ભાન પણ પોતાને ઘરના માણસો ધંધા રોજગાર સિવાય દુઃખી દુઃખી થતા હોય છતાંય શ્યામદાસજી તો શ્રી મહાપ્રભુજીના ઘરના બારણા જયારે બંધ થઈ જાય ત્યારે પ્રાણનીકળી ગયા હોય તેમ બંધ કરેલા બારણા બહાર શ્યામદાસજી પડી જાય અને આખરે પોતાના ઘરના માણસો આવીને શ્યામદાસજીને પોતાના ઘરે લઈ જાય તો ખરા પરંતુ શ્યામદાસજીનું ચિત્ત ઘરમાં ક્યાંય લાગે નહિ... શ્યામદાસજીની આવા પ્રકારની પરિસ્થિતિના આધારે ગામના વૈષ્ણવો આવીને શ્યામદાસજીને સૌ આશ્વાસન

આપી આપીને સાવધાન કરી રાખે આમ આશ્વાસન આપવા અર્થે ગામમાં જે જે વૈષ્ણવો શ્યામદાસજીના ઘરે આવતા હતા તેમા એક રજોબાઈપણ શ્યામદાસજીના ઘરે આવતા હતા અને શ્યામદાસજીની ભુખ તરસને પહોંચી વળવા માટે ખાવપીવાની સંભાળ આ રજોબાઈ રાખતા હતા.

આ છે આત્મ સંબંધ તરીકેના અલૌકિક સંબંધનું આકર્ષણ... કે જે અનુભવ એજ સમજાય તેવું છે... વિશેષ શું?..

આ પ્રકારે બનેલી શ્યામદાસજીની પરિસ્થિતિને આધારે શ્યામદાસજી ના માતા-પિતા કાયર થઈ ગયેલા હોવાથી આખરે તેઓ શ્રી ઈલ્લામાગારૂજી પાસે આવીને વિનંતી કરવા લાગ્યા કે માતાજી, અમારો છોકરો છે તે રાત દિવસ આપના પુત્રના દર્શન જ કર્યા કરે છે કે જેના કારણે અમારા ઘરનો ધંધો રોજગાર પણ તે કંઈ કરતો નથી વળી તેને પરણાવેલો છે અને વહુ પણ અમારા ઘરે આવેલી છે કે જેથી તે વહુ પણ બદુજ દુઃખી થાય છે... માટે આપ આપના પુત્રને કંઈક કહો કે અમારા છોકરાને સમજાવીને અમારા ઘરે મોકલે અને ધંધો રોજગાર કરે કે જેથી અમારે ઘર સંસાર પણ સુખેથી ચાલતો રહે. શ્યામદાસજીના ઘરના માણસોની આવી વાત સાંભળીને માતાજી એ શ્રી મહાપ્રભુજીને બધી જ વાત કહી સંભળાવતા જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરતા કહ્યું કે અમે શું કરીએ?... અમે શ્યામદાસજીને બોલાવા જતા નથી... તે પોતે પોતાની ઈચ્છાથી અમારા દર્શન કરવા આવે છે. એટલે આ બાબતનો બંદોબસ્ત તમે જ કરો કે જેથી શ્યામદાસજી અહી આવે નહિ ... શ્રી મહાપ્રભુજીના આવા વચનામૃતો સાંભળીને માતાજીએ વૈષ્ણવોને કહ્યું કે તમે સૌ મલીને શ્યામદાસજીને સમજાવીને કહો કે શ્રી મહાપ્રભુજીના દર્શન કરીને શ્રી મહાપ્રભુજીના ઘરે નહિ રહેતા પોતાને ઘરે જાય. શ્રી ઈલ્લામાગારૂજી આવા વચનો સાંભળીને વૈષ્ણવોએ શ્યામદાસજીને સમજાવવાને બદલે શ્રી મહાપ્રભુજીને વિનંતી કરીને કહેવા લાગ્યા કે મહારાજ શ્યામદાસજીના આવા ઘરમાં સૌને અતિ ક્લેશ થઈ રહેલો હોવાથી તેઓ બધાના હૃદયમાં શાંતિ થાય તેવી રીતે આપજ શ્યામદાસજીને ઘરે મોકલશો તો જ શ્યામદાસજી પોતાના ઘરે જશે કારણકે આપની આજ્ઞાનું પાલન તેઓ કરે છે. બાકી અમારી વાત ઉપર તો જરાય ધ્યાન આપશે નહિ.... આમ અમારે તો તો આપને આટલી વિનંતી કરવાની હતી કે જે અમે... બાકી આપતો ઈશ્વર છો... એટલે આપે જે વિચાર્યું હશે તે ખરૂ!...

આમ વૈષ્ણવોની કરેલી વિનંતીના જવાબમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે શ્યામદાસજીને અહીં અંદર મારી પાસે બોલાવી લાવો. શ્રી મહાપ્રભુજીએ કરેલી આજ્ઞા મુજબ વૈષ્ણવો શ્યામદાસજીને બોલાવી લાવ્યા અને શ્રી મહાપ્રભુજીની સન્મુખ માં બેસાડ્યા. હવે શ્યામદાસજીને લાવેલા જોઈને કોઈ એક અલૌકિક રીતે શ્યામદાસજીની આસક્તિ અંગીકાર શ્યામદાસજીને આજ્ઞા કરી કે તમારા ઘરે પધારીને અમે તમને ત્યા દર્શન આપીશું માટે તમારે ઘરે જાવ. શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુપાલન કરી રહેલ શ્યામદાસજી તો તરત જ ઉઠીને પોતાના ઘરે જતા રહ્યા. બાદ શ્યામદાસજી પોતાના ઘરે આવેલ હોવા છતાંય પોતાનું ચિત્ત ઘરમાં ક્યાંય ચોંટતું નહિ હોવાથી કંઈનું કંઈ કરી રહ્યા હોય છે. કારણ કે દેહના સંબંધીઓ દેહને જ ઈચ્છતા હોય છે કે જેથી માત્ર પોતાના દેહજ ઘરમાં લાવી રાખ્યો છે બાકી પોતાનું ચિત્તતો શ્રી મહાપ્રભુજીના સ્વરૂપમાં લાગી રહેલું છે. એટલે આવી રીતે માત્ર પોતાના દેહ જ દેહજ પોતાના ઘરમાં લાવી રાખ્યો છે.

જ્યારે બીજી તરફ શ્યામદાસજી ઘરે આવેલ છે તેવું સાંભળીને ઘરમાં માણસો એ એક પ્રકારે આનંદ માણી લીધો કે ઘરનું ભલે કંઈ પણ કામકાજ ન કરે પણ ઘરમાં આવી રહ્યો છે તો ક્યારે તેનું મન ઘરમાં કામકાજમાં લાગી જતા ઘરનું બધુય કામકાજ પોતે ઉપાડી લેશે અને ઘરસંસાર તરીકેનો વેપાર પણ સારી રીતે ચાલતો રહેશે . આમ પોત પોતાના મનથી સંતોષ માનીને ઘરના સૌ માણસો શાંતિ પૂર્વક જીવન જીવવી લાગ્યા હતા તેમજ વૈષ્ણવો પણ શ્યામદાસજીના ઘરની સંભાળ સારી રીતે રાખવા લાગ્યા હતા.

તે પછી શ્યામદાસજી હંમેશા શ્રી મહાપ્રભુજીને ત્યાં આવતા અને શ્રી મહાપ્રભુજીના દર્શન કરતા હતા પણ હવે તો ઉલટું થયુ કે શ્યામદાસજીને દર્શન આપવા માટે મહાપ્રભુજી શ્યામદાસજીના ઘરે પધારીને શ્યામદાસજીના ઘરે દોઢ કલાક બિરાજતા હતા. આમ આવા પ્રકારની આસક્તિના કારણે દિનપ્રતિદિન પરસ્પર એટલી બધી આસક્તિ વધતી દેખાવા લાગી કે શ્યામદાજીના ઘરે ગયા વિના શ્રી મહાપ્રભુજીને ચાલતું ન હતું. અને જ્યારે શ્રી મહાપ્રભુજી પોતાના ઘરે પધારતા હતા ત્યારે પોતાના ઘરમાં રહીને ક્ષણે ક્ષણે શ્યામદાસજીનું જ સ્મરણ કર્યા કરતા હતા. અરે.... એટલું જ નહિ પરંતુ વૈષ્ણવોને વારવાર શ્યામદાસજીના ઘરે મોકલતા અને ક્ષણે ક્ષણના સમાચાર મંગાવતા હતા કે શ્યામદાસજી શું કરે છે?.... હવે આવા પ્રકારના વાતાવરણથી માતાજીને કંઈ યોગ્ય નહિ લાગતાં શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે આપ શ્યામદાસજીના ઘરે જે વારંવાર પધારો તો તે આપને માટે સારૂં કહેવાય નહિ.... માતાજીની આવી વાત સાંભળીને માતાજીની વાતને માન્ય રાખતા શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે સારૂં.... હવે એવું નહિ કરીએ.

ત્યારબાદ રાજા એક કાયદો ઘડે તો પ્રજા વળી તેમાથી બચવાનુ બીજું કંઈક કરે... એ નિયમે માતાજીની વાતને માન્ય રાખ્યા પછી આખરે બાળક ખરાને!.... એટલે શ્રી મહાપ્રભુજીએ એવું કર્યું કે એક દિવસ શ્રી મહાપ્રભુજી શ્યામદાસજીના ઘરે પધારે તો વળી એક દિવસ શ્યામદાસજી શ્રી મહાપ્રભુજીના ઘરે રહેવા આવે તેમ આ બન્ને સ્વરૂપો આવી રીતે ઉલટા-સુલટી કરવા લાગ્યા. એટલે આસક્તિ વસ્તુ જ એવી છે કે કહ્યું ન જાય... બાપા... રહ્યું ન જાય.... આત્મા તો જાણે તલસ્યા જ કરતો હોય...

હવે "પુષ્ટિલીલાકર્તા રહઃ પ્રિયાઃ" એટલે પુષ્ટિ લીલાઓ કરનારા અને એકાંતવાળું સ્થાન જેમને વ્હાલું છે એવા શ્રી મહાપ્રભુજી છે. આમ આપશ્રીના આવા નામને સિદ્ધ કરી બતાવતા શ્રી મહાપ્રભુજીએ વિચાર કરીને એક દિવસ શ્યામદાસજીને આજ્ઞા કરતા કરતા કહ્યું કે આપણી એટલે કે "પુષ્ટિમાર્ગીય રસ સંબંધી આ રીતિ છે" કે જેનાથી લોકાપવાદ આવવો જોઈએ નહિ એટલે કે સમાજમાં ખરાબ કહેવાવું જોઈએ નહિ એવી આજ્ઞા કરીને શ્યામદાસજીને એકાતમાં લઈ જઈને શ્રી પ્રભુજી પોતાના મુખનો અધરામૃત (અમીરસ) શ્યામદાસજીની મુખમાં પાન કરાવ્યો એટલે કે પીવડાવ્યો કે જે અધરામૃત દાન (અમીરસના દાન) દ્વારા શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ શ્યામદાસજીના હૃદયમાં બિરાજ્યું. આમ શ્રી મહાપ્રભુજીનુમ રસરૂપ સ્વરૂપ શ્યામદાસજીના હૃદયમાં બિરાજવાથી શ્યામદાસજીમાં જે બ્હારની આસક્તિ દેખાતી હતી તે અંતર સ્વરૂપ થઈ જતાં શ્રી મહાપ્રભુજીએ ફરીને આજ્ઞા કરતાં કહ્યું કે અમારા ચરણારવિંદમાં આસક્તિ કરી કે જેથી તમને મહાન ફલનું દાન આપ્યું છે એટલે હવે તમને જે રીતિ પ્રમાણે ચાલવાની આજ્ઞા કરું તે રીતિ પ્રમાણે જ તમારે ચાલવું. વળી અમારા બે દાન જે તમને આપ્યા છે તે દાન તો પ્રથમ વ્રજભક્તોને આપ્યા હતા પણ આ સમયમાં હજુ સુધી કોઈને આપ્યા નથી.... શ્રી મહાપ્રભુજીના આવા વચનામૃતો સાંભળતાની સાથે જ શ્યામદાસજીના રૂવાંટે રૂવાંટે તો ઠીક પણ આનંદ પછીનો જે પરમાનંદ કહેવાય છે તે પરમાનંદ ભરાઈ આવતા શ્યામદાસજીએ પરમાનંદનો અનુભવ કર્યો.

વળી આજ્ઞા કરતા શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે શ્યમાદાસજી તમે તો તમારા સ્નેહના અવતાર છો તેથી કહું છું કે જે અંતરંગો હોય છે તે આવા પ્રસંગો દ્વારા અનુભવ કરી શકે છે... "દાસદાસી પ્રિય પતિ" એવું શ્રી મહાપ્રભુજીનું જે નામ છે તે નામશ્રી મહાપ્રભુજીએ અહીં આ પ્રસંગ દ્વારા પ્રગટ કરી બતાવતા આજ્ઞા કરી કે આ પ્રસંગનો અનુભવ દામોદરદાસ હરસાનીને શ્રી અક્કાજીને, રજોબાઈને અને તમને એટલે તમારા ચારેયનું એકજ ભાવનું વર્ણન છે. હવે ટુંકમાં એટલુ જ કે શ્રી મહાપ્રભુજીના સહચરી રજોબાઈ અને દામોદરદાસ હરસાનીના સહચરી શ્યામદાસજી છે બાકી રસસંબંધેની વાર્તાનું વિશેષ વર્ણન પણ શું હોઈ શકે?... એટલે રસ સંબંધની વાતો જે રસીયા એટલે કે સ્વમાર્ગીય રસ સંબંધી મર્મના જે જાણનારા હશે તે પોતાના મેળે જ જાણી જશે.

ત્યારબાદ ગામના સૌ વૈષ્ણવો શ્રી મહાપ્રભુજીના દર્શન ચરણ સ્પર્શ કરવા આવતા હતા અને દર્શન ચરણ સ્પર્શ કરીને જેમ વૈષ્ણવો પોત પોતાને ઘરે જતા રહેતા તેમ શ્યામદાસજીપણ શ્રી મહાપ્રભુજીના દર્શન ચરણસ્પર્શ કરીને પોતાને ઘેર જતા રહેતા હતા અને ઘરનું જે કંઈ કામ હોય તે કરતા હતા. આવા માં... એક પછી એક શ્યામદાસજીના માતા-પિતા હરિશરણ થયા અને ....

આમ પોતાના માતા-પિતા હરિશરણ થયા બાદ સેવા સંબંધી વૈષ્ણવોની ટહેલ શ્યામદાસજી કરવા લાગ્યા એટલે કે પાટલા, ચોકી, શૈયા, પાલના,હિંડોલા, વિ.વિ. વૈષ્ણવોને જે કંઈ કરાવાનું હોય તે મજૂરી તરી કે ના પૈસા લીધા સિવાય પોતાના હૃદયના ખરા ભાવથી શ્યામદાસજી સૌને કરી આપતા હતા. ટુંકમાં કે પોતાના ઘરમાં રહીને આવી તનુજા સેવા કરતા હતા. આમ મજૂરીના પૈસા લીધા સિવાય અને વળી ભાવથી સેવા કરતા હોવા થી બધા વૈષ્ણવો શ્યામદાસજીના ઘરની સંભાળ રાખતા હતા તેમજ આત્મ સંબંધી તરીકે ના રજોબાઈ પણ શ્યામદાસજીની સંભાળ રાખતા હતા અને શ્યામદાસજીના ઘરે આવીને શ્યામદાસજીને પણ પ્રસાદ લેવડાવતા હતા. આમ આવી વાત જોકે શ્યામદાસજીના પત્નીને ગમતી તો નહતી પણ .... શ્રી મહાપ્રભુજીની ઈચ્છાને આધીન બની જઈને પોતાનું જીવન જીવી રહેલા આત્મ સંબંધીઓ ના ગૂઢ સંબંધને તે જાણે પણ શું?... એટલે સંબંધીઓના સ્વરૂપો પ્રત્યે કંઈક સમજાય છે. એટલે શ્યામદાસજીના પત્નીને થયેલા એક અનુભવની વાત રજોબાઈની વાર્તામાં પ્રસિદ્ધ છે તેથી તે વાચીને વિચાર કરવાથી સ્વમાર્ગીય ભાવના તરીકેનુ કંઈક સમજાશે....

વળી વૈષ્ણવોની ઈચ્છા મુજબ જ વસ્તુઓ બનાવી આપતા હતા તેવું નથી પરંતુ શ્રી મહાપ્રભુજીને બિરાજવાના પાટલા,પાદુકાઓ,શૈયા ,હિંડોલા ખાટ વિ. વિ. તેમજ શ્રી મહાપ્રભુજી માટે પાટલા, ચોકીજી, ભોજન કરવા માટે

બિરાજવા માટે પાટલા વિ.વિ. બધી વસ્તુઓ શ્યામદાસજી પોતે પોતાના ઘરે હાથે જ તૈયાર કરતા હતા અને શ્રી મહાપ્રભુજીએ તથા શ્રી મહાલક્ષ્મીજીને સમર્પણ કરીને અંગીકાર કરાવતા હતા એટલે કે ભોજન કરવાના સમયે પાટલા ઉપર બિરાજતા હતા. ખાલી બિરાજવાના સમયે હિંડોલા ખાટ પર બિરાજતા હતા પોઢવાના સમયે શૈયા પર પોઢતા હતા. આમ શ્યામદાસજીના હાથે તૈયાર થયેલી બધી વસ્તુઓનો શ્રી મહાપ્રભુજીએ તથા શ્રી લક્ષ્મીજીએ અંગીકાર કરેલ હોવાથી ગૂઢ ભાવનાની દ્રષ્ટિએ એ સ્પષ્ટ સમજાય છે કે શ્યામદાસજીનો અંગીકાર રાત્રિ દિવસ થતો રહેતો હતો અને તેથી જ શ્યામદાસજી શૈયારૂપ તથા પાટલા રૂપ હાલ પણ મનાય છે. એંટલે વિશેષ કંઈ પ્રકાશ નહિ કરતા ટુંકમાં એટલું જ કે શ્રી મહાપ્રભુજી અને એમ બન્નેની વચ્ચે રહેલો સંબંધ અપૂર્વ રસમય જ હતો કે જેથી વિશેષ પ્રકાશ પણ શું હોય?....

ત્યારબાદ શ્રી મહાપ્રભુજીએ કાશીમાં સંન્યાસ ગ્રહણ કરવાની ઈચ્છા પ્રગટ કરીને કાશી તરફ પધાર્યા. બીજી તરફ જોતા એમ જણાય છે કે કાશી તરફ પધારવાનો જે સમય હતો એજ સમયે શ્યામદાસજીના પ્રાણ નીકળી ગયા. એટલે શ્યામદાસજી શ્રી મહાપ્રભુજીના જે સ્નેહાત્મક સ્વરૂપ હતા તે શ્યામદાસજી પોતે શ્રી મહાપ્રભુજીના લીલાત્મક સ્વરૂપ માં પ્રાપ્ત થયા.

આમ શ્યામદાસજીને લીલા સ્વરૂપની પ્રાપ્તિ થઈ એવા સમાચાર શ્રી મહાપ્રભુજીને પહોંચાડવા માટે વૈષ્ણવો દોડતા દોડતા શ્રી મહાપ્રભુજી પાસે ગયા અને વિનંતી કરીને શ્યામદાસજીના સમાચાર શ્રી મહાપ્રભુજીને કહી સંભળાવતા શ્રી મહાપ્રભુજીએ પોણા કલાક સુધી શ્યામદાસજીના વિયોગનું સ્વરૂપ બધા વૈષ્ણવોને બતાવ્યું. આમ આવા પ્રકારે કરેલા દર્શનની બધા વૈષ્ણવો બહુ જ ખેદ કરી કરીને કહેવા લાગ્યા કે એર... શ્યામદાસજીની વાત આપણે શ્રી મહાપ્રભુજીને જે જણાવી હતી તે મોટી ભૂલ કરી પણ... હવે શું થાય?...એટલે સમજો કે આમ સૌ વૈષ્ણવો પ્રાયશ્ચિત કરવા લાગ્યા અને પછી પોણા કલાકનો સમય વ્યતિત થયા બાદ શ્રી મહાપ્રભુજીને આજ્ઞ કરીકે શ્યામદાસજીને તો એવા સ્વરૂપની પ્રાપ્તિ થાય તેજ યોગ્ય છે. ટુંકમાં એ કે હવે તો શ્યામદાસજી વિના અમે નહિ અને અમારા વિના શ્યામદાસજી નહિ... આમ શ્રી મહાપ્રભુજીએ શ્યામદાસજીની બહુજ પ્રશંસા કરી....

વાહ પ્રભુ વાહ.... આપની વાણીમાં જીવ શું સમજી શકવાનો હતો?...

તે પછી પાટલા રૂપે અને શૈયાજીરૂપે પોતાના સ્વરૂપનું વર્ણન કરી બતાવેલ સહેજ સ્નેહી જેવા શ્યામદાસજીએ બનાવેલા પાટલા અને પાદુકા માટે શ્રી ગુસાંઈજીએ એક અલગ મંદિર તૈયાર કરાવીને મંદિરમાંજ પાટલા અને પાદુકાઓ પધારવ્યા હતા. વળી શ્રી મહાપ્રભુજીની લીલામાં પધાર્યા પછી આ પાટલા તથા આ પાદુકાજીને શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ માનીને શ્રી ગુસાંઈજીએ હંમેશા સેવા કરતા હતા. એટલે સમજો કે શ્યામદાસજીનો આવો સેવા સંબંધ શ્રી મહાપ્રભુજીએ અંગીકાર કર્યો હતો કે જેથી શ્યામદાસજી જેવા ભગવદીય તો સદાય આપની પાસે એટલે કે શ્રી મહાપ્રભુજીની સેવામાં બિરાજે એજ યોગ્ય છે. આમ આવા પ્રકારની ભાવરૂપે બનાવેલા પાટલા પાદુકાજી વિ.વિ. હાલ પણ શ્રી નાથ દ્વારામાં બિરાજે છે.

સ્હેજ સ્નેહનો પ્રકાર બતાવનાર શ્યામદાસ સુતારની વાર્તા સંપૂર્ણ.

૧૫. વાઘાજી રજપૂત

આ પરમ ભગવદીય વાઘાજી રજપૂત કૃપાનિધી શ્રી ગુસાંઈજીના અન્ય અંતરંગ સેવક હતા કે જેઓનું વૈષ્ણવ તરીકેનું જીવન ચરિત્ર એવુ હતું કે આ હિન્દુસ્તાન દેશમાં એક ગુજરાત પ્રાંત આવેલો છે કે જે ગુજરાત પ્રાંત ના એક ગામમાં એક રજપૂત કુટુંબમાં આ વાઘાજીનો જન્મ થયો હતો અને પછી આ વાઘાજી દસ વર્ષના થયા ત્યારે વડીલો તરીકેના પોતાના મા-બાપને રજપૂત જ્ઞાતિની એક સુપાત્ર કન્યા સાથે આ વાઘાજીના લગ્ન કર્યા. આમ લગ્ન થયા પછી કન્યાને પોતાના પિયરમાં લઈ ગયા બાદ કન્યા જ્યારે મોટી થઈ ત્યારે કન્યાના મા-બાપે પોતાની કન્યાને સાસરે મોકલી આપી એટલે કે વાઘાજીના ઘરે મોકલી આપી. આમ વાઘજીના આ પત્ની વાઘાજીની આજ્ઞાનું પાલન કરીને પોતાના પતિવ્રતા ધર્મનું પાલન કરવા લાગ્યા અને પરિણામે વાઘાજીને સદાય પ્રસંસામાં રાખતા હતા. આવા માં વાઘાજીની વય જ્યારે વીસ વર્ષની થઈત્યારે એક અમલદાર તરીકે રાજ્યમાં નોકરી કરવા લાગ્યા અને પછી આવી રીતેની નોકરાાાતા વાઘજી તથા તેમના પત્ની એમ બન્ને જણાઓ સંસારના સુખો ભોગવતા ભોગવતા પોતાના જીવનના દિવસો આનંદથથી વિતાવતા હતા.

આમ ને આમ થોડાક વર્ષો પસાર થયા હશે એવામાં દ્વારકા જવા માટે દ્વારકા તરફ જવાના માર્ગે શ્રી ગુસાંઈજી પધાર્યા હતા અને વચ્ચે આવતા ગામડામાં ડેરા-પાલ કરતા કરતા વૈષ્ણવ સમાજ સહિત શ્રી ગુસાંઈજી આગળ પધારી રહ્યા હતા. આમ પધારતા પધારતા વાઘાજી જે ગામમાં રહેતા હતા તે ગામમાં વૈષ્ણવોએ શ્રી ગુસાંઈજી પધારી રહ્યા છે એવા સમાચાર સાંભળતા ગામના વૈષ્ણવો ભેગા થઈ ગયા અને શ્રી ગુસાંઈજીને પોતાના ગામમાં પધરાવી લાવવા માટે કીર્તન સમાજ સહિત સૌ ભેગા થયા. પછી તો સમજો કે વૈષ્ણવ સમાજ સહિત શ્રી ગુસાંઈજીને વાજતે ગાજતે પોતાના ગામમાં પધરાવી લાવીને પોતાના ગામમાં ડેરા-પાલ કરાવ્યા એટલે કે તંબુઓ બાંધીને મુકામ કરાવ્યો.... અરે... મુકામ તો કરાવ્યો પરંતુ મુકામ કરેલા સ્થલના માત્ર દર્શન કરતા જ ઘડીક જ તો એવું થઈ જાય કે આવી સવારી વળી કોની હશે?...

જ્યારે બીજી તરફ રાજ્યના એક અમલદાર તરીકે વાઘાજી પોતાની નોકરીના કાર્યમાંથી પરવારીને પોતાના ઘરે જઈ રહ્યા હતા આવામાં શ્રી ગુસાંઈજીનો જે સ્થળે મુકામ હતો તે સ્થળ પાસે થી પસાર થતા હાથી,રથ,ઘોડા,માણસો વિ.વિ. આકર્ષણ થાય તેવા અલૌકિકતા ભરેલા ઠાઠમાઢ જોઈને વાઘાજી તો અચંબો પામતા વિચાર કરવા લાગ્યા કે આ વળી કોની ફોજ આવી હશે?... આમ આવા બીજી કંઈક વિચારો કરતા કરતા વાઘાજીતો પોતાને ઘર જવાને બદલે ડેરા તંબુઓ તરફ ચાલવા લાગ્યો. હવે રાજ્યાના એક અમલદાર તરીકે ઢાલ, તલવાર,પટ્ટા વગેરેથી સજ્જ થયેલા વાઘાજીતો ડેરા તંબુઓ નજીક આવ્યા અને પોતાને કંઈ સમજ ન પડતા એક વ્રજવાસી જેવા માણસને પૂછ્યું કે ઓ ભાઈજી... આ કયા રાજાની ફોજ આવેલી છે? જવાબમાં કહ્યું કે સાહેબ... આ રાજાની ફોજ નથી... આ રાજાના પણ રાજા મહારાજા ધિરાજા છે... જગતગુરૂ છે... મોટામોટા રાજાઓ પણ એમના સેવકો થયેલા છે... આ વાત સાંભળીને વાઘાજીએ ફરી પૂછ્યુ કે સાહેબ, શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજી એમનું નામ છે... શ્રીમદ્ ગોકુલમાં આપ રહે છે... એટલે સમજો કે આ તો શ્રી ગોકુલાધિપતિ છે...

બાદ વાઘાજીદેવી હતા કે તેથી માણસની આ વાત સાંભળતાની સાથે જ વાઘાજીને શ્રી ગુસાંઈજીના દર્શન કરવાની તીવ્ર ઈચ્છા થઈ જતા માણસને કહ્યું કે ભૈયાજી... મનેં શ્રી ગુસાંઈજીના દર્સન કરાવશો?... જવાબમાં માણસે કહ્યું કે જુઓ... એ ... ઉભા...આમ માણસ જે તરફ જોવાનું કહ્યું હતુ તે તરફ દ્રષ્ટિ કરતા વાઘાજીને શ્રી ગુસાંઈજીના દર્શન થયા પરંતુ હૃદયમાં કોઈ અલૌક્કિક ભાવ પ્રગટ થઈ જતા પોતે હર્ષઘેલા થઈ ગયા. પછી તો શ્રી ગુસાંઈજી જે તંબુ પાસે ઉભા હતા તે તંબુ પાસે વાઘાજી આવ્યા અને બે હાથ જોડીને થોડેક દુર ઉભા રહ્યા. હવે શ્રી ગુસાંઈજીના સન્મુખ ઉભા રહીને જેમ જેમ મુખારવિંદને નીરખવા લાગ્યા તેમ તેમ પોતાને આકર્ષણ વધતુ હતુ પરિણામે હૃદયમાં પ્રગટ થઈ ચુકેલા નવાનવા ભાવના કારણે આર્તિએ કંઈક જુદુ જ આર્કમણ કર્યુ કે જે આર્કમણથી અકળામણ પણ થવા લાગી. પરંતુ શું

કરે? એક અજાણી વ્યક્તિ જેવાથી શ્રી ગુસાંઈજીના ચરણારવિંદ સુધી પહોંચી પણ કેમ શકાય?.... એટલે પછી પોતાને કંઈ રસ્તો નહિ સૂઝતા વાઘાજીતો જ્યા ઉભા હતા ત્યાને ત્યાંજ અન્ય માણસોના ટોળા વચ્ચે ઉભા રહીને હૃદયમાં અતિક્લેશ કરવા લાગ્યા.

હવે "ભક્તશોકાપહઃ" એટલે કે ભક્તોના શોક-અર્તિને દુર કરનારા આવા શ્રી ગુસાંઈજી છે. આમ શ્રી ગુસાંઈજીના આવા નામના આધારે માણસો ના ટોળા વચ્ચે ઉભેલા વાઘાજી રજપૂતને થઈ રહેલી અર્તિ શ્રી ગુસાઈજીથી સહન થઈ શકી નહિ કે જેથી કૃપાનિધી એવા શ્રી ગુસાંઈજી એક વૈષ્ણવને આજ્ઞા કરતા કહ્યું કે જુઓ... સામે જે વાઘાજી રજપૂત ઉભા છે તમની મારી પાસે બોલાવો.... શ્રી ગુસાંઈજીની આજ્ઞા મુજબ વૈષ્ણવ તો સામે ઉભેલા માણસના ટોળા તરફ ગયા અને શ્રી ગુસાંઈજીએ સંબોધન કરીને જે વ્યક્તિ બતાવી હતી તે વ્યક્તિ પાસે જઈને વૈષ્ણવે પુછ્યું કે વાઘાજી રજપુત તમે છે?... જવાબમાં વાઘાજીએ કહ્યું કે હા... આમ આ હા જેવો શબ્દ સાંભળીને વૈષ્ણવોએ કહ્યું કે તમને શ્રી ગુસાંઈજી યાદ કરી રહ્યા છે... હવે શ્રી ગુસાંઈજી યાદ કરી રહ્યા છે એવું સાંભળતા વાઘજીને તો અતિ આનંદ થયો કે જે આનંદના કારણે પોતાના હૃદયમાં કોઈ જબ્બર આચકો લાગતા અલૌકિક પ્રેમનો ઉમળકો આવી ગયો.

આમ અલૌકિક પ્રેમના આવેલા ઉભરાથી પોતાનું શરીર પણ ફુલવા જેવુ થઈ જતા વાઘાજીએ પહેરેલા અંગરખાની કસો પણ તૂટી ગઈ... શરીર ઉપર બાંધેલી હાલતમાં રાખેલા ઢાલ અને તલવારના બંધવાળા પટ્ટા પણ તુટી ગયા. આમ પ્રેમ ઘેલા બનેલા વાઘાજી શ્રી ગુસાંઈજી પાસે આવ્યા અને દંડવત્ પ્રણામ કરીને પ્રભુજી... એટલું જ કહેતાની સાથેજ વાઘાજી તો શ્રી ગુસાંઈજીના ચરણારવિંદમાં છળી પડ્યા... શરીરનું ભાન રહ્યું નહિ... અસલ પ્રેમના સ્વરૂપને પ્રગટ કરી બતાવતી આખોમાંથી આસુંઓની ધારોઓ વહેવા લાગી... અને સમજો કે પોતનાથી કંઈ બોલી શકાયું નહિ... આમ વાઘાજીની આવી પરિસ્થિતિ જોઈને શ્રી ગુસાંઈજી વાઘાજીના માથા પર શ્રીહસ્ત ધરીને આજ્ઞા કરી કે વાઘાજી વાઘાજી સાવધાન થા... જરા સાવધાન થા... જીવનું હિત વિચારનારા એવા શ્રી ગુસાંઈજીના આવા વચનામૃતો સાંભળીને વાઘાજી સહેજ ભાનમાં આવતા હૃદયમાં શાંતિ થઈ અને પછી વાઘાજી જ્યારે બરાબર સાવધાન થયા ત્યારે વિનંતી કરતા શ્રી ગુસાંઈજે કહ્યું કે પ્રભુ.. મને તથા મારી પત્ની ને આપના ચરણારવિંદમાં શરણ રાખો.... જો આપ આજ્ઞા કરતો હું મારી પત્નીને બોલાવી લાવું આપ શ્રી ગુસાંઈજી ની આજ્ઞા મુજબ તરત જ પોતાના ઘરે ગયા અને પોતાના પત્નિને બોલાવી લાવીને બંને જણાઓ શ્રી ગુસાંઈજીના ચરણારવિંદ પાસે આવીને દંડવત્ પ્રણામ કર્યા અને બે હાથ જોડીને ઉભા રહ્યા.

હવે પોતાની પત્ની સહિત વાઘાજી પોતાની સંપૂર્ણ તૈયારી કરીને આવેલા છે તેવું જાણીને શ્રી ગુસાંઈજીએ વાઘજીને આજ્ઞા કરતા પૂછ્યું કે આજે સવારથી તેં અત્યાર સુધીમાં ભોજન તરીકે કંઈ લીધુ નથીને?.... જવાબમાં બંનેના વતી વાઘજીએ કહ્યું કે પ્રભુ... કંઈજ લીધુ નથી એરે એટલું જ નહિ પરંતુ જલપાન પણ હજુ કર્યું નથી. વાઘાજીની આવી વાત સાંભળીને શ્રી ગુસાંઈજીએ બંનેને બ્રહ્મસંબંધ કરાવ્યો... અરે... બ્રહ્મસંબંધ તો કરાવ્યો પરંતુ શ્રાવણ મહિનાની અજવાળી રાત્રિએ શ્રી ઠાકોરજીએ કહેલા વચનો અનુસાર આ બંનેને બ્રહ્મસંબંધ થતાની સાથે જ બંનેના હૃદયમાં કંઈક પરિવર્તન થઈ જતા બંનેના હૃદયમાં અલૌક્કિ ભાવના જાગૃત થઈ ગઈ એટલે સમજો કે આ છે દેવી જીવો તરીકેનું એક ચિહ્ન અને...

અને પછી વાઘાજીએ વિનંતી કરી કે કૃપાનિધી એવી હવે કૃપા કરો કે જેથી જન્મ-મરણ તરીકેના અસહ્ય દુઃખોમાંથી મુક્ત થઈને સહાય શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં રહી શકીએ. જવાબમાં આજ્ઞા કરતા શ્રી ગુસાંઈજીએ કહ્યું કે વાઘાજી તમારા સૌના અરસપરસનાં લૌક્કિ સંબંધે તમારી જ્ઞાતિમાં તમે જો ખાનપાન ન કરો તો તમને વૈષ્ણવ ધર્મ ના કર્તવ્યની આજ્ઞા કરીએ. શ્રી ગુસાંઈજીના આજ્ઞાના આવા વચનોનું પાન કરતા શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં રહેવા માટે તેઓની સંપૂર્ણ તૈયારી છે એવા વાઘાજીએ બે હાથ જોડીને વિનંતી કરીને કહ્યું કે રાજ, અત્યાર સુધી તો જે થવાનું હતુ તે થયું પરંતુ હવે તો અમારી જ્ઞાતિમાં થતા ખાનપાનમાં કોઈ પણ વસ્તુની વાસ સરખી પણ અમે લઈશું નહિ. આમ શ્રી ગુસાંઈજીની સન્મુખમાં વાઘાજી જ્યારે પ્રતિજ્ઞાપૂર્વકની આવી વાત નિવેદન કરી ત્યારે શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે વાઘાજી તમારી આવી દ્રઢતા પુર્વકની પ્રતિજ્ઞાપૂર્વક ભાવના જોઈને અમે પ્રસન્ન છીએ એટલે હવે તમને જે આજ્ઞા કરું છું તે પ્રમાણે તમે કરજો. હવે શ્રી ઠાકોરજીને સુખ થાય તેવી રીતે બંને પરસ્પર સહાયરૂપ રહીને રસ ભરેલા ભાવથી શ્રી ઠાકોરજીની સેવા કરજો. આમ આવી આજ્ઞા કરીને શ્રી ગુસાંઈજીએ વાઘજીના માથેથી શ્રી મદનમોહજીનું સ્વરૂપ પધરાવી આપ્યું અને વળી સાથે સાથે એવી પણ આજ્ઞા કરી કે આ ગામમાં ફલાણા વૈષ્ણવ રહે છે તેમની પાસે જઈને સેવાની રીતિ

શીખી લઈને તે પ્રમાણે સેવા કરતા રહેજો. નિત્ય એક બે વૈષ્ણવોની મહાપ્રસાદ લેવડાવતા રહેજો કે જેથી જેથી શ્રી ઠાકોરજી સુખેથી આરોગશે.

ત્યારબાદ પોતીના હૃદયમાં ઉપસ્થિતિ થયેલી મુઝવણોનો ખુલાસો માંગવા માટે વાઘજીએ શ્રી ગુસાંઈજીને પુછયું રાજ,મારે આ રાજય ની નોકરી દ્વારા મને મારા પગાર ઉપરાંત ગામ પણ મલ્યું છે તેમજ મારે બીજી જમીન પણ છે તો આ વસ્તુઓ માટે મારે શું કરવું?...વળી રાજયની નોકરી કરવી કે ન કરવી?... વાઘાજીની આવી મુઝવણોનાં સમાધાન અર્થે શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે શ્રી ઠાકોરજીના શૃગાંર ધરીને તેમજ ચરણ-ચરણસ્પર્શ કરીને તમારે રાજદરબારમાં જવું. વળી શ્રી ઠાકોરજીના સુખનો વિચાર કરીને સેવા કરવાથી તમને કંઈ બાધક નહિ થાય માટે નોકરી તો કરવીજ હવે તમે રાજ્યદરબારમાં ગયા પછી પાછળથી તમારા પત્ની શ્રી ઠાકોરજીમાટે રાજભોગની સામગ્રી સિદ્ધ કરીને તમારી આડીથી રાજભોગ ધરશે અને પછી "જીવનું વિચારીને શ્રી ઠાકોરજી સુખેથી આરોગશે". એટલે કે તમારી આડીથી તમારી પત્નીએ ધરેલી સામગ્રીનો શ્રી મહાપ્રભુજી પ્રસન્નતા પૂર્વક અંગીકાર કરશે તેમજ વૈષ્ણવોને મહાપ્રસાદ... પણ તમારી પત્ની લેવડાવશે એટલે સમજો કે તમારી આડીથી તમારા પત્નીને સેવા સાથે તમારી સેવાનો પણ અંગીકાર થઈ જતા હોવાથી તમારૂ કાર્ય પણ સિદ્ધ થઈ જશે. આમ વાઘાજીના હૃદયમાં ઉપસ્થિત થયેલી મુઝવણોનું આવી રીતે સમાધાન થયા બાદ એક બે દિવસ ગામમાં બિરાજીને શ્રી ગુસાંઈજી દ્વારકા તરફ પધાર્યા.

હવે "તમે બંને પરસ્પર સહાયરૂપે રહીને રસભરેલી ભાવથી શ્રી ઠાકોરજીની સેવા કરજો... નિત્ય એક બે વૈષ્ણવોને મહાપ્રસાદ પણ લેવડાવતા રહેજો કે જેથી શ્રી ઠાકોરજી સુખેથી આરોગશે અથવા તો તમારી પત્નીએ ધરેલી સામગ્રીનો શ્રી ઠાકોરજી પ્રસન્નાતાપૂર્વક અંગીકાર કરશે... તમે રાજદરબારમાં ગયા પછી પાછળથી વૈષ્ણવોને મહાપ્રસાદ પણ તમારા પત્ની લેવડાવશે". આમ શ્રી ગુસાંઈજીએ જે જે આજ્ઞાઓ કરી તે કેવળ સંબંધી હોવાથી રસસંબંધના આવા પ્રસંગના ભાવપ્રકાશ તરીકેના ગૂઢભાવો જો ખુલ્લા રાખવામાં આવે તો લોકોપવાદ આવે કે જેથી તેવા ગૂઢભાવોને વિશેષ ખુલ્લા કર્યા નથી પણ... એટલું ચોક્કસ ખરેખર અનન્યતાની ટોચે પહોંચેલા રસીક શિરોમણી હશે તેવો આવા રસસંબંધી પ્રસંગોમાં રહેલા ગૂઢભાવને સમજી જશે. કારણકે વાઘાજી રજપૂત પણ શ્રી ગુસાંઈજીના એક અન્નય સેવક હતા. એટલે હવે આ પ્રસંગમાં ગૂઢભાવ પ્રત્યે ટુંકમાં એટલું જ કે લીલામાં જેઓને અરસપરસમાં અત્યંત સ્નેહ છે એવા સખી ચારૂમતિ અને સખી ચારૂમુખી એ બે શ્રી ઠાકોરજીના અંતરંગ સખીઓ છે તેજ ભાવના સ્વરૂપો પતિ-પત્નિ તરીકેના આ બંને જણાઓ છે. એટલે લીલાના આવા સંબંધે તેમજ અહીંના લૌક્કિ પતિ-પત્નીના સંબંધે પણ આ બંને અત્યંત સ્નેહવાળા હોવાથી વાઘાજીના પત્ની જે સેવા કરશે તે સેવા દ્વારા વાઘાજીનું કાર્ય પણ સિદ્ધ થઈ જાય તેમાં નવાઈ નહિ અને તેથીજ શ્રી ગુસાંઈજીએ ઉપરમાં દર્શાવ્યા મુજબ અલગ અલગ સ્થળોએ અલગ અલગ વાક્યોમાં અને અલગ અલગ ભાવ રૂપે જે આજ્ઞા કરેલી છે તે આજ્ઞાઓ મુજબ વાઘાજીના પત્ની જે સેવા કરશે તે સેવા દ્વારા વાઘાજીનું કાર્ય પણ સિદ્ધ થઈ જાય તેમા નવાઈ નહિ!... એટલે આવી આજ્ઞાઓ પાછળ કેવળ ગૂઢભાવનું સુચન હોવાથી વિશેષ સમજૂતી પણ શું હોઈ શકે?...

ત્યારબાદ શ્રી ગુસાંઈજીની આજ્ઞાને સર્વોત્તમ માનીને બંને જણાએ હૃદયના શુદ્ધ સ્નેહથી અને તેપણ રસભરેલા ભાવથી શ્રી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા વળી ઋતુ પ્રમાણે એટલે કે શિયાળાની ઋતુમાં ઠાકોરજીને સ્નાન કરાવીને શ્રી ઠાકોરજી પાસે અગ્નિની સઘડી ધરે અને ગરમ ભોગના ભોજન આરોગાવે તેમજ ઉનાળાની ઋતુમાં શિતળ ભોગના ભોજન આરોગાવે અને સાથે સાથે પંખા પણ કરે અને પછી નિત્ય એક બે વૈષ્ણવોને આત્મ સંબંધ તરીકેની સ્નેહથી બોલાવીને પોતાના ઘરમાં પધરાવે અને તેમને સ્નાન કરાવીને મહાપ્રસાદ લેવડાવે એટલે સમજો કે શ્રી ગુસાંઈજીની આજ્ઞાને સર્વોત્તમ માનીને રસભરેલા ભાવથી સેવા કરતા પોતાના સેવ્ય શ્રી ઠાકોરજી બંનેને સાક્ષાત્ રીતે અનુભવ કરાવવા લાગ્યા હતા. આમ શ્રી ઠાકોરજી પોતે સાક્ષાત્ રીતે અનુભવ કરાવતા હોવાથી વાઘાજી તથા તેમના પત્નિ એમ બંને જણાઓ લૌક્કિમાં સંસારમાં રહેલ હોવાથી શ્રી ગુસાંઈજી આ મુજબ આવી રીતેની સેવા કરીને પોતાનું દેવી જીવન વ્યતિત કરતા હતા . બાકી...

બાકી કેવળ પ્રમાણરૂપે અથવા તો કેવળ ક્રિયારૂપે અથવા તો કેવળ દંભરૂપે શ્રી ઠાકોરજીની સેવા કરતા કરતા વર્ષોના વર્ષો વિતી ગયેલ હોવા છતાંય કંઈ કૃપા નહિ અથવા તો કંઈ અનુભવ નહિ અથવા તો પોતાના સેવ્ય શ્રી ઠાકોરજીને ગમે ત્યાં પધરાવી રાખવા અથવા શ્રી ઠાકોરજીની સેવાથી કંઈ વળવાનું નથી એટલે સેવા શું કરવી?... એવું કહીને કે માનીને ફરી કરેલ સેવા છોડી દેનારી હાલની વ્યક્તિઓ પોત પોતાનામાં રહેલી સ્વમાર્ગીય મર્મરૂપેની ખામીઓને વિચાર

નહિ કરતા કરી રહેલ સેવા છોડી દે છે. અરે... કરી સેવા પોતે તો છોડી દે છે પરંતુ બીજાને નકરવા જેવા ઉપદેશો કરી કરીને બીજાઓ જે સેવા કરતા હોય છે તેની સેવા પણ છોડાવે છે અને પછી .... આવા વ્યક્તિઓ "અહબ્રહ્મ"જેવી થઈને જેના તેના ઘરે અથવા તો જ્યાં ત્યાં કેવળ ભટકતી જ હોય છે એવી આવી વ્યક્તિઓના સ્વમાર્ગીય સિદ્ધાતોના વિરુધ્ધના ઉપદેશથી સાવધાન રહોને ગુરૂદેવની આજ્ઞામુજબ પોતાના સેવ્ય શ્રી ઠાકોરજીના ચિત્તમાં પોતે પોતાનું દેવીજીવન વ્યતિત કરશે તો કૃપાકરીને શ્રી ઠાકોરજીને ગમે તે પ્રકારે પોતાનું જીવનું જરૂર વિચારશે જ... વિશેષ આ પરમ ભગવદીયો શ્રી વાઘાજી રજપૂત તથા તેમના પત્નિ એમ બંને પોતાના જીવન દ્વારા જે સુચન કરતા હોય તે ખરું... એટલે કે આ બંનેનું જીવન જોઈને વાંચીને કે સમજીને પોતાનું કંઈક... કરીને જો પોતાનું જીવન વ્યતિત કરશે તો જરૂર જન્મમરણ અસહ્ય દુ:ખોમાંથી મુક્ત થઈને લીલાનું સુખ પ્રાપ્ત કરી શકશે.

આમને આમ થોડોક સમય પસાર થયા બાદ...

એક દિવસ એવું બન્યું કે પોતાના નિત્ય નિયમ મુજબ વાઘાજી તથા તેમના પત્ની એમ બન્નેએ અપરસ સ્નાન કરીને શ્રી ઠાકોરજીના મંગલા કરાવ્યા અને પછી વાઘાજીના પત્ની સામગ્રી સિદ્ધ કરવામાં રોકાતા વાઘાજી શ્રી ઠાકોરજીને શૃંગાર ધરવા લાગ્યા. આમ આવા આ સમયે રાજાને ત્યાંથી એક માણસ આવ્યો અને વાઘજીને સંબોધીને કહ્યું કે રાજાજીને બહાર જવા માટે સવારીની તૈયારી થઈ ગઈ છે માટે તમે જલ્દી ચાલો. રાજાજીના તરફથી માણસની આવી વાત સાંભળીને વાઘાજીએ વિચાર્યું કે જો આવી રીતે સેવામાં વિઘ્ન આવ્યું પરંતુ નોકરી છે એટલે થાય પણ શું?... એટલે જવું તો પડશે જ આમ આવો વિચાર કરતા કરતા શ્રી ગુસાંઈજીની આજ્ઞામુજબ વાઘાજીએ શ્રી ઠાકોરજીને શૃંગાર ધરીને ચરણસ્પર્શ કરીને પોતે સેવામાંથી બહાર આવ્યા. પછી પોતાની પત્ની સાથે આવીને કહ્યું કે મને બોલાવા માટે માણસ આવેલો હોવાથી મારે તો નોકરી ઉપર જવું જ પડશે અને સામગ્રી સિદ્ધ થઈ જાય એટલે તમે શ્રી ઠાકોરજીને રાજભોગ ધરજો અને પછી બહાર જે વૈષ્ણવો આવીને બેઠા છે તેમને તેલ ચોળીને સ્નાન કરાવજો. અપરસીયું પહેરાવજો. રીતિ પ્રમાણે તિલક કરાવજો અને પછી હદ ઉપરાંતનો આગ્રહ કર્યા સિવાય તેઓ જેમ પ્રસન્ન રહે તેમ મહાપ્રસાદ... લેવડાવજો. હું તો નોકરી ઉપર જાવ છું. આમ આવું કહીને પોતાનો પહેરવેશ પહેરીને વાઘાજીતો ઘોડા ઉપર સવાર થઈને રાજાની સવારીમાં જવાને વિદાય થઈ ગયા. બાદ રાજભોગની સામગ્રી સિદ્ધ થઈ ગયા બાદ વાઘાજીના પત્ની શ્રી ઠાકોરજીને ભોગ ધર્યો એટલે કે તવાપુરી,પુરણપુરી,(રસભરેલી)શાક,મીઠું દહીં(ગોરસ),અને એક કટોરામાં થોડુંક ઘી આમ આટલું ભોગમાં ધરી પોતે રસોઈ ઘર પોતવા (સાફ કરવા)લાગ્યાં.

આમ કટોરાંમાં ઘી પણ ધર્યુ પણ ઓછું...ધર્યું.એટલે સમજો કે આમાં પણ શ્રી ઠાકોરજી એ કંઈક ભલા જ વિચારી હશે ને?...

હવે ભોગ ધર્યા પછી વાઘાજીની પત્ની તો રસોઈઘરમાં પોતવામાં રહ્યા.જયારે બીજી તરફ ધરેલી સામગ્રી શ્રી ઠાકોરજી આરોગવા લાગ્યા પરંતુ જરૂરત પુરતા ઘી..અભાવે શ્રી કંઠમાં તવાપુરી ખુંચતી હોવાથી આ... તવાપુરી નહિ આરોગતા તવાપુરીનો કટકો એમ ને એમ શ્રી હસ્ત માં રાખી ને સવારીમાં ગયેલા વાઘાજી ને શ્રી ઠાકોરજી એ આજ્ઞા કરી કે આજે ભોગમાં તવાપુરી તો ધરી છે . પરંતુ તેની સાથે જરૂર પુંરતુ નહિ ધરતા ઓછું ધર્યુ છે કે જેથી મારા શ્રી કંઠે તવાપુરી ખુચે છે .એટલે કે હવે તમે આવી ને બીજું ઘી..તવાપુરી આરોગું.આમ શ્રી ઠાકોરજી નાં વચનોસાભળી ને વાઘાજી ને તો તરત જ પોતાના ઘોડાને સવારીમાંથી અલગ પડીને ઘર તરફ ચાલી નીકળ્યા અને વ્હેલા માં વ્હેલી તકે ઘરે આવી પહોચ્યા. આમ ઘર આવી ને શ્રી ઠાકોરજીના મંદિરનો ટેરો સરકાવી દષ્ટિ કરે છે તો પોતાને એવાં દર્શન થયાં કે કટોરામાં ઘી તો ધર્યુ છે પરંતુ ઓછુ હોવાથી તવાપુરી નો કકટો શ્રી ઠાકોરજી ના શ્રી હસ્તમાં રહી ગયેલા છે પણ આરોગતા નથી .એટલે સમજો કે શ્રી ઠાકોરજીની આજ્ઞા નાં વચનો જ પ્રમાણે જ પોતે દર્શન કર્યા અને પછી શ્રી ઠાકોરજીનું સુખ વિચારીને સેવા કરવામાં આવી રીતેના ખામી દેખાતા વાઘાજી ના હ્દયમાં શ્રી ઠાકોરજી પ્રત્યેની વાત્સલયતારૂપે રસભરેલો ભાવ પ્રગટ થઈ ગયો અથવા તો એવા આવેશમાં આવી ગયા પરિણામે પોત પોતાનું ભાન ભુલાઈ ગયું અને જોડા નહિ ઉતારતા પહેરેલા કપડાં નહિ બદલતા અને મંદિરમાં પ્રવેશ કર્યો અને ઘી વધારે ધરી દીધુ કે જેથી વધારે ધરેલા ઘીમાં બોળી બોળઈને શ્રી ઠાકોરજી તવાપુરી આરોગવા લાગ્યા અને પછી સવારીમાં પાછા જવા માટે વાઘાજી તો ઘોડેસવાર થઈને ઘરે ચાલી નીકળ્યા.

બાદ વાઘાજી બહારથી આવ્યા જોડા સહિત પહેરેલા પહેરવેશે જ મંદિરમાં પણ ગયા અને પછી વાઘાજી પાછા સ્વારીમા પણ જતા રહ્યા પરંતુ મહાપ્રસાદ લેવા માટે આવી બેસેલા વૈષ્ણવો આ બધુ જોયું કે જેથી પોતાની લૌક્કિ દ્રષ્ટિ દ્વારા અથવા તો પોતાની બુદ્ધિનો આચાર પ્રત્યેનો વિચાર કરીને મહાપ્રસાદ લેવા માટે આવેલા વૈષ્ણવો તો મુંગેમુગા પોતાના ઘરે જતા રહ્યા અને પોતાની પત્નીને કહ્યું કે વાઘાજી બહારથી આવ્યા અને અપરસ કર્યા સિવાય જોડા પહેરેલી હાલતમાં મંદિરમાં ગયા અને પછી તેતો પાછા સ્વારીમાં જતા રહ્યા આમ મારી જ હાજરીમાં જ્યારે એમણે આવું કર્યું તો પછી હંમેશ કેવા અનાચાર કરતા હશે?.... આવો અનાચાર કરતા મેં મારી નજરે જોયું કે જેથી ખબર પડી કે વૈષ્ણવ તરીકે વાઘાજી સાચી વૈષ્ણવતા બતાવવા તરીકેનો ઉપર ઉપરથી કેટલો ડોળ બતાવતા હોય છે?... પણ અંદરમાં તો ભાવના ભોપાળાજ હોય એટલે હવે અહીં મારાથી મહાપ્રસાદ લેવાય નહિ એટલે એવું વિચારીને ત્યા મહાપ્રસાદ લીધા સિવાય હું તો પાછો જ આવતો રહ્યો વળી તું પણ ધ્યાન રાખજે કે હવે પછી આવો અનાચાર કરતા વાઘજીના ઘરે કદી પણ મહાપ્રસાદ લેવા જતી નહિ... આમ પોતાની પત્નીને આવી ચતુરાઈ ભરેલી વાત કહી સંભળાવીને પોતે કંઈક ઉચ્ચ પ્રકારનું કાર્ય કરીને આવ્યા હોય તેમ પોતાના ઘરે મહાપ્રસાદ લઈ સૂઈ ગયા પણ હવે જે થાય તે ખરું...

હવે શ્રી ઠાકોરજીને રાજભોગ ધર્યા પછી ભોગસરાવવાનો સમય થતા વાઘાજીના પત્નીએ ભોગ સરાવ્યા અને આરતી કરીને તાલામંગલ કર્યા. પછી બહાર આવીને જુએ તો મહાપ્રસાદ લેવા માટે આવી બેસેલા વૈષ્ણવને નહી જોતા વાઘાજીના પત્ની તો દોડતા દોડતા તે વૈષ્ણવના ઘરે ગયા કે જ્યાં જઈને જોર જોરથઈ વૈષ્ણવને બોવાવવા લાગ્યા.... વાઘાજીના પત્નીનો અવાજ સાંભળતા ઘરમાં સૂઈ રહેલો હોવા છતાંય વૈષ્ણવ પોતાની પત્નીને સુચન કર્યુ કે તું જવાબ આપી દે કે વૈષ્ણવ ઘરમાં નથી... બહાર ગયા છે... આમ પોતાના પતિ જુઠુ બોલે છે તેવું જાણતા હોવા છતાંય પતિવ્રતાનું ધર્મનું પાલન કરવા અર્થે પોતે પણ જુઠ્ઠુ બોલીને વાઘાજીના પત્નીને જવાબ આપવા અર્થે કહ્યું કે બહેન, તે તો ઘરમાં નથી... બહાર ગયા છે... આવી વાત સાંભળીને વાઘજીના પત્નીએ ફરીને દીનતાપૂર્વક વિનંતી કરવા લાગ્યા કે વૈષ્ણવને મહાપ્રસાદ લેવા માટે મારે ઘરે મોકલો ને વૈષ્ણવને અમારા ઘરે મોકલો ને.... આમ વારંવાર વિનંતી કરેલ હોવા છતાંય વૈષ્ણવની પત્નીએ કંઈ પણ ઉત્તર નહિ આપતા આખરે નિરાશ થયેલી હાલતે વાઘાજીના પત્ની પોતાના ઘરે આવ્યા પરંતુ હ્દયમાં બહુ જ ખેદ થઈ જતા ઘરમાં જમીન પર પડી ગયા... પછી વિચાર કરવા લાગ્યા કે અરે... કદી પણ નહી બનવા જેવો બનાવ આજે કેમ બન્યો હશે?... ન જાણે ઠાકોરજીએ આજે મારી શું વિચારી હશે?... સામગ્રીમાં કે સામગ્રી ધરવામાં કંઈ ભુલચુક થઈ હશે કે શું ? ... સામગ્રી સિદ્ધ કરવા માં વિલંબ થયો તેથી શ્રી ઠાકોરજી શું આરોગતા નહિ હોય?.. વળી વૈષ્ણવ મહાપ્રસાદ લીધા સિવાય વળી આજે ભૂખ્યા કેમ જતા રહ્યા હશે.. પ્રભુ....પ્રભુ... મને કંઈ સમજ પડતી નથી.. પ્રભુ... સેવક સેવા કરીને આજે મારો શું દોષ થયો હશે?.. વળી તેઓ જાણશે તો તેઓ પણ શું કહેશે?.. .. પ્રભુ... તેમને પણ કેટલું દુ:ખ થશે?... આમ આવા પ્રકારે અતિક્લેશ કરતા કરતા આખરે હ્દય ભરાઈ આવતા આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેવા માંડી આમ આવા પ્રકારનો તાપક્લેશ કરી રહેલ હોવા છતાંય પોતાને કંઈ સૂઝ પડી નહિ અને પછી આવીને આવી જ હાલતમાં પોતે જ્યા જમીન પર પડી ગયા હતાં ત્યાંને ત્યા પડી રહ્યા.

આમને આમ સમજો કે સમય તો જાણે પસાર થઈ રહ્યો છે એવા માં ઉત્થાપનનો સમય થતા પોતાની નોકરીના કાર્યમાંથી પરવારીને વાઘાજી ઘરે આવ્યા અને પહેરેલા કપડા બદલતા બદલતા પોતાની પત્નીને દુ:ખદ અવસ્થામાં જોઈને વાઘાજીએ પોતાની પત્નીને પૂછ્યું કે તમે વૈષ્ણવને મહાપ્રસાદ લેવડાવ્યા?... જવાબમાં પત્નીએ કહ્યું કે મારી વાત શું કરું?.. સાંભળો કે સવારે તમારા ગયા પછી સામગ્રી સિદ્ધ થઈ જતા રાજભોગ ધર્યા અને ભોગસરાવ્યા પછી મેં જોયું તો તે વૈષ્ણવ તો મને કંઈ પણ કહ્યા સિવાય પોતાના ઘરે જતા રહ્યા હશેએવું સમજીને હું તે વૈષ્ણવને બોલાવવા માટે તેમના ઘરે પણ ગઈ હતી પરંતુ તેમના ઘરવાળાએ કહ્યું કે તે ઘરમાં નથી બહાર ગયા છે. એટલે પછી કદી પણ નહિ બનવા જેવા બની ગયેલા આજના આ પ્રસંગથી હું ઘરે પાછી આવી અને વિચારમાં આવી હાલતમાં બેસી રહી છું. હવે પોતાની પત્નીની આવી વાત સાંભળીને વાઘાજીએ કહ્યું કે જેના કારણે શ્રી ઠાકોરજી તવાપુરીઓનો કકડો લઈને આરોગવા તો જતા હતા પરંતુ જરૂરત પુરતા ઘીના અભાવે તવાપુરી શ્રીકંઠમાં ખૂંચતી હોવાથી રાજભોગ નહિ આરોગતા હું જે સમયે સ્વારીમાં સૌની સાથે જતો હતો તે સમયે શ્રી ઠાકોરજીએ મને આજ્ઞા કરી કે તવાપુરીની સાથે ઘી જે જરૂરત પુરતું જોઈએ તેને બદલે ઘી ઓછું ધરેલ હોવાથી તવાપુરી મારા શ્રીકંઠમાં ખુંચે છે એટલે હવે તમે આવીને બીજુ ઘી ધરી જાવ તો હું રાજભોગ આરોગું. આમ શ્રી ઠાકોરજીની આજ્ઞાના આવા વચનો સાંભળતા જ ની સાથે નોકરીની પરવા કર્યા સિવાય સ્વારીમાંથી પાછો વરીને હું અહીં ઘેર આવ્યો હતો પણ...

પણ... પછી મને મારા દેહનું ભાન નહિ રહેતા જોડા પહેરેલી હાલતમાંજ મંદિરનો ટેરો સરકાવીને જોયું તો કટોરામાં ઘી ઓછું હોવાથી તવાપુરીનો કકડો શ્રી ઠાકોરજી પોતાના શ્રીહસ્તમાં રાખીને બિરાજી રહ્યા હતા એટલે કે આરોગતા ન હતા. આખરે નિજ મંદિરમાં જઈને કટોરામાં બીજુ ઘી ધરીને હું તો ઘોડા ઉપર સ્વાર થઈને નોકરી તરીકેની ફરજ બજાવવા અર્થે પાછો સવારી શઈને જતો રહ્યો કે એટલે કે શ્રી ઠાકોરજીના સુખના વિચારમાં મારા શરીરનું ભાન ભુલાઈ જતા જોડા કાઢ્યા સિવાય પહેરેલા કપડાં બદલ્યા સિવાય અને વળી અપરસ કર્યા સિવાય હું જે મંદિરમાં ગયો હતો તે વૈષ્ણવે જોયુ કે જેથી તેજ વૈષ્ણવે મહાપ્રસાદ લીધા સિવાય ભુખ્યા પોતાના ઘરે જતા રહ્યા હશે. આમ મહાપ્રસાદ લીધા સિવાય વૈષ્ણવ ભૂખ્યા જતા રહ્યા તેમજ સ્વારીમાં પધરાવા બદલ શ્રી ઠાકોરજીને પણ શ્રમ કરાવ્યો. આમ કદી પણ ન બનવા જેવુ આજે બન્યું છે તેમાં કેવળ તમારા માં રહેલી નિરસતાનું જ કારણ છે. બાદ....

બાદ શું?....

બાદ એક વાઘાજીના આવા વચનો સાંભળતા દાઝ્યા ઉપર ડામ દેવા જેવું થતા વાઘાજીના પત્નીની હાલત હતી તેના કરતા વિશેષ બગડી અને પછી તો સમજો કે ક્ષણ વારમાં તો એવું થઈ ગયું કે શરીરમાં ચાલતો શ્વાસ બંધ થઈ ગયો. અરે એટલું જ નહિ પરંતુ હમણાંજ પ્રાણ નીકળી જશે એવી મરણ તુલ્ય અવસ્થામાં પલટાઈ ગયા. આમ આવું દ્રશ્ય જોઈને હવે શું કરવું?.... તેની વાઘાજીને કંઈ સૂઝ નહિ પડતા પોતે પોતાની પત્ની પાસે અને જોયું તો શરીરમાં ચાલતો શ્વાસ બંધ પડી ગયો છે. વળી આવું જોતાના સાથે જ વાઘાજી બહુ જ ગભરાઈ ગયા.... થોડીક ક્ષણો પસાર થયા પછી જે થવાનું હતું તે થયું એવું સમજીને વાઘાજીએ પોતાના હૃદયમાં ધીરજ લાવીને ઘરમાં રહેલ ચરણામૃત લાવીને પોતાની તથા પોતાની પત્નીની આંખોએ લગાડ્યું મોઢામાં લેવડાવ્યું અને સમજો કે છાતી એ પણ લગાડયું. પણ... આવા પ્રયાસ કરેલ હોવા છતાંય પોતાની પત્નીને ભાન ન આવ્યું. આખરે વાઘજી કાયર થઈ જતા ખરેખર ગભરાઈ જ ગયા તેમજ ગદગદ થઈ ગયા અને પછી રૂદન પણ કરવા લાગ્યા. અરે... રૂદન તો કરવા લાગ્યા પરંતુ રૂદન કરતા કરતા પોતાની પત્નીના કાનમાં કહેવા લાગ્યો કે હે પ્રભુ... આ... અપરાધ.. મારાથી બહુ જ ભારી થઈ ગયો છે. આમ આવું કહીને હૃદયથી બહુ દુ:ખી દુ:ખી થઈ જતા પોતે પણ બેશુદ્ધી જેવા થઈ ગયા. એટલે કે સમજો કે આખરે વાઘાજી પણ જમીન પર ઢળી પડયા. એટલે સમજો કે એક બાજુ વાઘજી અને બીજી બાજુ તેમના પત્ની એમ બન્ને જણાંઓ બેશુદ્ધ જેવી હાલતે પોતાના ઘરમાં પડી રહ્યા છે. હવે સહેજ વિચાર કરો કે પતિ-પત્નીના લૌકિક સંબંધે કોન કોના છે?...

પ્રભુ... પ્રભુ... આજે આપે શું વિચારી છે?... આપ તો દયાળું છો... જીવનું હિત વિચારવાળા છો તેથી કંઈક રસ્તો કાઢો... જો કંઈ રસ્તો નહિ કાઢો તો આત્મ સંબંધને મુખ્ય માનનારાં એવા આ બન્ને સ્નેહીજનોના પ્રાણ છુટી ગયા સમજો પ્રભુ... વિશેષ કહુ પણ શું?...

આખરે શ્રી ઠાકોરજી થી આ બન્નેનું આવું અસહ્ય દુ:ખ સહન નહિ થઈ શકવાથી શ્રી ઠાકોરજીએ અલૌકિક રીતે કરેલી કૃપાના આધારે પ્રથમ વાઘાજીના પત્નીને સહેજ ચેતન આવ્યું અરે.. સહેજ ચેતન તો આવ્યું પણ પોતાના માં આવી ગયેલી બેશુદ્ધિ પછી પોતાના પતિની થઈ ગયેલી હાલત વિશે જેમને કંઈ ખબર જ ન હતી એવા વાઘાજીના પત્નીને વધારે ચેતન આવતા બેઠા થયા અને પોતાની બાજુમાં નજર કરતા પોતાના પતિને પણ પોતાની જેવી જ હાલતામાં જમીન પર પડેલા જોઈને વળી પોતાનામાં સ્હેજ અસ્થિરતા આવી પણ પછી તરત જ સાવધાની પ્રાપ્ત કરતા પોતાના પતિના પાસે ગયા અને પતિના શરીર પર પોતાના હાથનો સ્પર્શ કરતા કરતા આખરે પોતાના પતિને સાવધાન કર્યા. આમ વાઘાજી સાવધાન થતા પોતે જોયું તો પોતાની પત્ની પણ સાવધાન થઈને પોતાની પાસે બેઠેલા છે અને....પછી તો પોત પોતાનાથી થયેલા અપરાધ બદલ કેમ જાણે ક્ષમા માંગતા હોય તેમ એકબીજાઓ એકબીજાની સામે જોઈને બન્ને જણાઓ રડવા લાગ્યા.

હવે ભક્તના સુખે સુખી અને દુ:ખે દુ:ખી એવા ભગવદ વચનો અનુસાર આ બન્નેને રડતાં જોઈને નિજમંદિરમાંથી શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી કે અરે... જે થવાનું હતું તે થઈ ગયું... હવે દુ :ખી શા માટે થાવ છો?.... તમારું દુ:ખ મારાથી સહન થતું નથી... માટે હવે દુ:ખી ન થાવ... ચિંતા ન કરો... અને જે વૈષ્ણવ આજે ભૂખ્યા ગયા છે તે વૈષ્ણવ આવતી કાલે પોતાની મેળે જ તમારા ઘરે આવીને મહાપ્રસાદ લેશે.... માટે તમે બંને જણાઓ જરાય ખેદ ન કરો... આશ્વાસનરૂપે શ્રી ઠાકોરજીનાં આવાં વચનો સાંભળીને બન્નેના હૃદયમાં આનંદ થયો અને પછી તો સમજો કે થઈ ગયેલા અપરાધોને ભૂલી જઈને રડતાં બંધ થઈ ગયાં તેમજ રાજભોગનો જે પ્રસાદ હતો તેમાંથી પોતે કંઈ પણ નહિ લેતાં બધોય મહાપ્રસાદ ગાયોને ખવડાવી દીધો. તે પછા સાંજનો સમય પણ થઈ ગયેલો હોવાથી સ્નાન કરીને શયન સુધીની સેવાને પહોંચીને અને શ્રી ઠાકોરજીને શયન કરાવીને તાળા મંગલ કર્યા... પછી શયન ભોગનો મહાપ્રસાદ પણ ગાયોને ખવડાવી દેતાં બન્નેમાંથી કોઈએ મહાપ્રસાદ લીધો નહિ અને બન્ને આજે એમ ને એમ ભૂખ્યા સૂઈ ગયા. બાદ આજે આપણા ઘરેથી વૈષ્ણવ ભૂખ્યા ગયા.... આજે આપણા ઘરેથી વૈષ્ણવ ભૂખ્યા ગયા.... એમ સૂતાં સૂતાં બન્ને જણાંઓ પોતપોતાના હૃદયથી પ્રાયશ્ચિત કરવા લાગ્યા અને....

જે વૈષ્ણવ મહાપ્રસાદ લીધા સિવાય ચાલ્યા જઈને વાઘાજીનું જે અપમાન કર્યું તે અપમાનથી થયેલા અપરાધ બદલ પોતાને નહિ પરંતુ પોતાની પત્નીને પોતાના સેવ્ય શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરતાં જણાવ્યું કે અહીં તમારા ઘરે નહિ બિરાજતાં આવતી કાલે અમે શ્રીમદ્ ગોકુલ પધારીશું... હવે કદી ન કલ્પનામાં એવાં શ્રી ઠાકોરજીનાં વચનો સાંભળીને ચક્તિ થઈ ગયેલાં વૈષ્ણવનીં પત્નીએ વિનંતીથી પૂછ્યું કે પ્રભુ....પ્રભુ.... એવો તે અમારો કયો અપરાધ થયો કે જે થી આપ અમને છોડીને શ્રીમદ્ ગોકુલ પધારવાની વાત કરો છો?.... જવાબમાં શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી કે તમારા પતિએ ગઈકાલે વાઘાજીનો મોટો અપરાધ કર્યો છે એટલે આમ "જે મારા છે" તેનો અપરાધ કરનારાઓને ઘરે બિરાજીને અમે શું કરીએ?... આવું સાંભળીને વૈષ્ણવની પત્નીએ વળી વિનંતી કરીને પૂછ્યું કે પ્રભુ જીવ તો અપરાધોથી ભરેલો છે કે જેથી જીવ તો અપરાધ કરતો આવ્યો છે અને આપ સાક્ષાત્ અમારા ઘરમાં બિરાજતાં હોવા છતાંય જીવ સ્વભાવે અપરાધો થઈ જાય છે. પણ પ્રભુ... કૃપા કરીને આપ સમજાવશો તો જીવ સમજે. આમ વૈષ્ણવની પત્નીની આવી વાતથી શ્રી ઠાકોરજીએ વિશેષ ખુલાસો કરતાં આજ્ઞા કરી કે તમારા પતિ ગઈ કાલે વાઘાજીના ઘરે મહાપ્રસાદ લેવાના કારણસર વાઘાજીના ઘરે બેઠા હતા. આવામાં રાજભોગ ધરવાની સામગ્રી સિદ્ધ થઈ ગતા વાઘાજીના પત્નીએ તેમના સેવ્ય સ્વરૂપને તવાપુરી,શાક,મીઠું દહીં, અને ઘી વી. નો ભોગ ધર્યો. હવે ઘી તો ધર્યું હતું પરંતુ ઓઠું ધરેલ હોવાથી તેના સેવ્ય સેવરૂપે સ્વારીમાં ગયેલા વાઘાજીને જણાવ્યું કે જેથી વાઘાજી તરત જ ઘરે આવ્યા. બાદ પ્રેમના આવેશમાં આવી ગયેલા વાઘાજીને પોતાના શરીરનું ભાન નહિ રહેતાં પગમાં જોડા પહેરેલ હોવા છતાંય નિજમંદિરનો ટેરો સરકાવીને મંદિરમાં પ્રવેશ કર્યો અને કટોરામાં ઘી તો ઓછું હતું કે જેથી બીજું ઘી... ધરીને પોતે પોતાની નોકરીનું કાર્ય કરવા અર્તે પાછા સ્વારીમાં જતા રહ્યા. આમ આ સમયે તમારા પતિ વાઘાજીના ઘરે બેઠેલા હોવાથી તમારા પતિએ આ બધુંય જોયું કે જેમાં વાઘાજીનો વાત્સલ્ય પ્રેમ કેવો છે?.... તે જોયું નહિ પરંતુ જોડા પહેરીને વાઘાજી મંદિરમાં ગયા એવું જોઈને પોતે વાઘાજીનો કેવળ દોષ જ જોયો. અરે... એટલું જ નહિ પરંતુ આવા પ્રકારની પોતાની દોષબુદ્ધિના કારણે પોતે ત્યાં મહાપ્રસાદ લીધા સિવાય ઘરે આવતા રહ્યા. આમ આવા પ્રકારનું પોતે પરાક્રમ કરેલ હોવાથી આખા દિવસના આઠેય પહોરથી વાઘાજી તથા તેમના પત્ની એમ તેઓ બન્ને અન્ન-જલ લીધા સિવાય મરણતુલ્ય(બેભાન) જેવી અવસ્થામાં પડી રહ્યા છે. એટલે વાઘાજીના કરેલ આવા અપરાધ માટે વિશેષ તો શું આજ્ઞા કરું!.... છતાંય એ કે અમારો અપરાધ થાય તે તો સામાન્ય અપરાધ ગણાય પરંતુ અમારા ભક્તનો અપરાધ થાય તે તો મહાન અપરાધ ગણાય એટલે સમજ કે તમારા પતિ વાઘાજીના તથા તેમનાં પત્નીનાં એક પ્રકારે મોટા અપરાધી થયા છે. હવે તે મહાન અપરાધની માફી પણ હું આપી શકતો નથી તેથી તે મહાન અપરાધને માફ કરાવવો હોય અને તમારા ઘરમાં અમને બિરાજતા રાખવા હોય તો તે વાઘાજીના ઘરે જાય અને પોતે કરેલ અપરાધ બદલ માફી માંગીને મહાપ્રસાદ લીએ. આમ આવું તે કરશે તો જ અમે તમારા ઘરમાં બિરાજશું નહિતર આવતી કાલે સવાર થતાંની સાથે જ અમે સદાયને માટે શ્રીમદ્ ગોકુલ પધારી જઈશું... વળી વિશેષ સુચન કરતા આજ્ઞા કરી કે દેવી જીવો તરીકેના મારા જીવોમાંથી કે જીવ મારા તરફ કેવળ શુદ્ધ પ્રેમ રાખે છે તે જીવથી પ્રમાણરૂપેના આચારવિચાર કે અપરસ જેવા કોઈ નિયમ પાળી શકાતા નથી એટલે કે 'જ્યાં પ્રેમ ત્યાં નેમ નહિ'....

હવે પોતાના સેવ્ય શ્રી ઠાકોરજીની આજ્ઞાનાં આવાં વચનો સાંભળીને વૈષ્ણવની આ પત્ની ભગવદીય હતી કે તેના હૃદયમાં ખરેખર આઘાત લાગતાં પોતે વિચારવા લાગી કે ઓ...પ્રભુ.... શું આપ અમારા ઘરેથી પધારી જશો?.... વળી સેવા સિવાય અમારૂં નિર્ભાંગી જીવન સંસારમાં રહેલા અન્ય આસુરી જીવોના જીવન જેવું જીવન જીવું અમારું પણ આસુરી જીવન બની જશે.... વળી શ્રીમદ્ ગોકુલમાં પધારીને આપ શ્રી ગુસાંઈજીને શું કહેશો?... આપ કદાચ આવું કરશો તે શું અમારા પ્રાણ ટકી રહેશે?..... આમ આવા વિચારો કરતા કરતા પોતાને મૂર્છા આવી ગઈ અને તે મૂર્છા એવી આવી ગઈ કે બેભાન દશામાં એમ ને એમ રાત્રિ પસાર થઈ જતાં સવાર થયું તો પણ પોતાને કંઈ ભાન ન નથી. અરે.... ક્યાં આવા અન્નય જીવોના જીવન અને ક્યાં આપણા જેવા ભટકતા જીવોના જીવન?. ... ક્યાં આવા રસરૂપ જીવોના રસ ભરેલાં હૃદયો અને ક્યાં આપણા જેવા નિરસ જીવોનાં રસહીન હૃદયો?....

ત્યારબાદ સવાર થઈ જતાં આ પત્નીનો પતિ જાગ્યો અને જુવે છે તો પોતાની પત્ની હજી જાગી નથી.... અરે, સમય થઈ ગયેલો હોવા છતાંય હજી અપરસ પણ કરી નથી!... આમ આશ્ચર્ય પામતાં આ પત્નીના પતિદેવ ઉભા થયા

અને પાસે જઈને બોલાવતાં પત્ની બોલી નહિ. એટલે વિશેષ તપાસ કરી અને આ તો બેભાન જેવી અવસ્થામાં પડી છે. એવું જાણતાં કેમ જાણે પોતે ગભરાઈ ગયા હોય તેમ પોતાના મોઢામાંથી એવા શબ્દો નીકળ્યા કે અરે... આજે આને આવું કેમ થયું છે?.... બાદ પોતાની પત્નીને હલાવી હલાવીને બોલાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ કંઈ વળ્યું નહિ અને પછી ઠાકોરજીની સેવામાં વિલંબ થતો હોવાથી વિચાર કરીને પોતે જ અપરસમાં સ્નાન કર્યું.... શ્રી ઠાકોરજીને જગાડતા.... ભોગ ધર્યો..... પછી વળી શૃંગાર ધર્યો.... પછી કંઈક સામગ્રી બનાવીને રાજભોગ ધર્યા... અરે.... શ્રી ઠાકોરજીને રાજભોગ તો ધર્યો પરંતુ શ્રી ઠાકોરજીના દર્શન કરતા શ્રીં ઠાકોરજીનાં ઉદાસીનતા ભરેલા દર્શન થયાં. પણ પોતાને કંઈજ સમજ પડી નહી. પછી ભોગ સરાવીને રાજભોગ સુધીની સેવાને પહોંચીને અનોસર કર્યા. પછી બહાર આવીને પોતાની પત્ની તરફ જોયું તો કંઈક ચેતન આવેલું જોઈને પ્રેમભરેલા ભાવથી પોતાની પત્નીના બે હાથ પકડીને બેસાડ્યાં અને પછી પૂછ્યું કે આજે તને આ શું થયું છે?... પતિના આ પ્રશ્નના જવાબમાં કંઈ પણ નહિ બોલતાં પત્ની તો માત્ર રડવા જ લાગી કે જે જોઈને પતિદેવ સ્હેજ અકળાઈ જઈને વળી પૂછ્યું કે અરે... તું બોલ તો ખરી કે તને શું થયું છે?. ... બાકી આમ ને આમ રડતાં રહેવાથી મને શું સમજણ પડશે?....

બાદ પતિદેવના આવા પ્રશ્નોના જવાબમાં પત્નીએ કહેવાનું શરું કર્યું કે વાઘાજીના ઘરે મહાપ્રસાદ લેવા તો તમે જાણે ગઈ કાલે ગયા હતા પરંતુ ત્યાં જઈને વાઘાજીથી થયેલી ઉપર ઉપરની ક્રિયાને જોઈને મહાપ્રસાદ લીધા સિવાય તમે જે ચાલ્યા આવ્યા તેનાથી વાઘાજી તથા તેમનાં પત્નીને બહુ જ દુઃખ થયું કે અમારા ઘરેથી વૈષ્ણવ ભૂખ્યા જતા રહ્યા.... એટલે તેઓને થયેલા આવા પ્રકારના દુઃખના કારણે તેઓ બન્નેમાંથી કોઈએ હજી સુધી અન્ન જલ લીધું નથી. આમ આવી આ બનેલી પરિસ્થિતિની વાત મને તો ક્યાંથી ખબર હોય!.... પરંતુ તેઓને થયેલું દુઃખ આપણા શ્રી ઠાકોરજીથી સહન નહિ થયેલુ હોવાથી આપણા શ્રી ઠાકોરજીએ મને રાત્રિના સમયે આજ્ઞા કરીને કહ્યું કે તમારા પતિએ વાઘાજીનો મહાન અપરાધ કર્યો છે તે જેથી હવે અમે અહીં તમારા ઘરમાં નહિ બિરાજતાં શ્રીમદ્ ગોકુલ પધારી જઈશું. આવી રીતેનાં શ્રી ઠાકોરજીના વચનો સાંભળીને મને તો કંઈનું કંઈ થઈ જતાં બેભાન જેવી અવસ્થામાં હું તો પડી રહી હતી. પછી બાકી રહેલી રાત્રિ પણ જતી રહી અને દિવસનો આટલો સમય પણ જતો રહ્યો બાદ અત્યારે મને સ્હેજ ચેતન આવતાં હું આમતેમ જોઈ રહી હતી એવામાં તમે મારી પાસે આવ્યા અને તમે મને બેઠી કરી.... હવે તમે વાઘાજી પાસે જઈને તમે કરેલા અપરાધની માફી માંગીને જો અપરાધ માફ નહિ કરાવો તો આપણા શ્રી ઠાકોરજી આપણા ઘરમાં નહિ બિરાજતાં શ્રીમદ્ ગોકુલ પધારી જશે. પોતાની પત્નીની આવી વાત સાંભળીને બીજો કંઈ પણ વિતાર કર્યા સિવાય આ વૈષ્ણવ દોડતા દોડતા વાઘાજીના ઘર તરફ જવા લાગ્યો.

જ્યારે બીજી તરફ એવું બને છે કે હંમેશના નિયમ મુજબ વાઘાજી તથા તેમનાં પત્ની એમ બન્ને શ્રી ઠાકોરજીની રાજભોગ સુધીની સેવાને પહોંચીને નિજમંદિરમાંથી બહાર આવતાં વિચાર કર્યો કે હજી વૈષ્ણવ મહાપ્રસાદ લેવા આવ્યા નહિ....પછી થોડીક વાર રાહ જોયા બાદ આજે પણ બધોય મહાપ્રસાદ ગાયોને ખવડાવી દીધો અને પછી નિરાશામાં બેઠા અને હૃદયનાં દુઃખને પ્રગટ કરીને બન્ને જણાંઓ વિચાર કરવા લાગ્યા કે અરે.... શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી છે કે કાલે તમારે ઘરે આવીને તે વૈષ્ણવ મહાપ્રસાદ લેશે.. .. તો હજી સુધી વૈષ્ણવ કેમ પધાર્યા નહિ હોય?.... વળી બીજો શું અપરાધ થયો હશે?.... આમ એકબીજાએ એકબીજાના દુઃખ પ્રત્યે આવા બીજા ઘણાય વિચારો કરતાં કરતાં પોતાના જીવનમાં પડેલો આવો સમય પસાર કરી રહ્યા હતા.... આવામાં પેલા વૈષ્ણવ દોડતા દોડતા વાઘાજીના ઘરે આવી પહોંચતાં ઉદાસ ચહેરે બેસી રહેલાં વાઘાજી તથા તેમના પત્ની એમ બન્નેની સાથે ભગવદ સ્મરણ તરીકે જયશ્રીકૃષ્ણ કહીને બન્નેના ચરણોમાં ઢળી પડ્યા. હવે આવેલા વૈષ્ણવને જોઈને પોતાની પ્રિય વસ્તુ ખોવાઈ ગયેલી હોય અને પછી જ્યારે પાછી મલે ત્યારે જેવો આનંદ થાય તેનાથી પણ વિશેષ આનંદ આ બન્નેને થયો... પોતાનાં અહોભાગ્ય માન્યાં અને મનથી એ પણ માન્યું કે ખરેખર, શ્રી ઠાકોરજીએ આજે કૃપા કરી કે જતી રહેલી વસ્તુ પાછી પ્રાપ્ત કરાવી આપી... પછી વાઘાજી આવેલા વૈષ્ણવને કહે કે મારા વ્હાલાના વ્હાલા... આવેશમાં આવી જતાં મારા શરીરનાં ભૂલાઈ ગયેલાં ભાનનાં કારણે હું જોડા પહેરીને નિજમંદિરમાં જતો રહ્યો હતો પરંતુ તે મારા આચારવિચારથી અમે આપને બહુ જ શ્રમ કરાવ્યો પણ હવે.... આમ વાઘાજી હજી વિશેષ બોલવા જતા હતા એવામાં વૈષ્ણવ તો જમીન પર પોતાનું નાક ઘસીને વિનંતી કરવા લાગ્યા કે મારી અજ્ઞાનતાના કારણે તમને બન્નેને બહુ જ દુઃખ કરાવ્યું છે કે જેથી મેં આપનો એક મહાન અપરાધ કર્યો છે પણ હવે તે ભૂલી જઈને થયેલા મારા તે મહાન અપરાધ બદલ મને ક્ષમા કરો.... ખરેખર તો હું જ અપરાધી છું... મને ક્ષમા કરો.... બાપુ... મને ક્ષમા કરો... આવા મહાન અપરાંધમાંથી મને મુક્ત કરો... મુક્ત કરો... વાઘાજી તથા બેન, બાપુ... મને મુક્ત કરો.

ભાઈ, અમે ક્યાં અને તમે ક્યાં?... વળી મોટાઓ કદી પણ પોતાનો વિવેક કે પોતાની દિનતા છોડતા નથી એવું આપ જેવા વૈષ્ણવોની આડી થી કંઈક જાણી શક્યા છીએ કે જેથી આવું કહી કહીને અમારા જેવાને ન શરમાવો.... આમ આવું કહી કહીને વાઘાજીએ ઢળી પડેલા વૈષ્ણવને બેઠા કર્યા... વૈષ્ણવની નેત્રોમાંથી પડી રહેલા આસુંઓ લુછવા લાગ્યા.... વૈષ્ણવના શરીર સાથે પોતાનું શરીર મીલાવા લાગ્યા... અને આખરે ત્રણેય જણાઓ પોતપોતાના અસલ સ્વરૂપમાં આવી જતા એટલે કે આનંદ માં આવી ગયા પછી સમજો કે થોડીક ક્ષણો પસાર થયા બાદ પેલા વૈષ્ણવે કહ્યું કે મને મહાપ્રસાદ લેવડાવો. જવાબમાં વાઘાજીએ કહ્યું કે ભાઈ, સખડી... અનસખડી એમ બન્ને પ્રકારનો મહાપ્રસાદતો ગાયોને ખવડાવી દીધો એટલે હવે તો મહાપ્રસાદ અત્યારે ક્યાંથી લાવવો?... પણ આપ એવું કરો કે બે ચાર ઘડી બિરાજો એવામાં અનોસરની પછીની સેવાનો સમય થઈ જતા આને સ્નાન કરાવીને શયન સુધીની સેવા પહોંચીને આપણે ત્રણેય જણાઓ શયનનો મહાપ્રસાદ લઈશું. આમ વાઘાજીએ આવી વાત કરેલ હોવા છતાંય આ વૈષ્ણવે માન્યું નહિ અને કહ્યું કે શયન ભોગના મહાપ્રસાદની વાતતો શયનભોગના સમયે જોઈશું.... બાકી અત્યારે તો તમારા ઘરમાં સૂકો કે પાકો જે મહાપ્રસાદ પડ્યો હોય તે આપો....(સૂકો પાકો એટલે કે પ્રસાદના આવા વિશેષણથી અહીં સૂચન એવું થાય છે કે દુસંગ રૂપે મકોડાના ડંખ લાગતા હોય તો પણ સૂકો જેવા મહાપ્રસાદમાં રહેલી મીઠા દ્વારા જ પોતાના ભાવ પ્રમાણેનું કાર્ય કરી જાય તેવો પૂર્ણ રીતે પાકેલો મહાપ્રસાદ) હવે વૈષ્ણવની આવી ઈચ્છા જાણીને વાઘાજીએ પોતાની પત્નીને કહ્યું કે જુઓ.... ઘરમાં કંઈ હોય તો લાવો.વાઘાજીના કહેવા પ્રમાણે વાઘાજીના પત્ની ઘરમાં ગયા અને પોતાની પત્નીને કહ્યું કે સૂકો પાકા જેવો જે અનસખડી મહાપ્રસાદ હતો તે અનસખડી મહાપ્રસાદને હૃદયરૂપે એક દુનામાં (પડીયામાં) સજાવટ કરીને લાવ્યા અને વૈષ્ણવને બતાવીને વિનંતીથી કહ્યું કે લો.... એવું કહીને વાઘાજીના પત્નીએ લાવેલ પ્રસાદ વૈષ્ણવની પાસે ધર્યો આમ મહાપ્રસાદ જોઈને સ્હેજ હાસ્ય કરતા વૈષ્ણવે કહ્યું કે હું એકલો કેવી રીતે લઉ?.... એટલે પ્રથમ તમે બંને લો.... અને પછી મને આપો. .. તે પછી સૌએ એવું કર્યું કે ત્રણેય જણાઓએ હળીમળીને સૂકા કે પાકા જેવો અનસખડી મહાપ્રસાદ લીધો અને પછી....

વાહ.... પ્રભુ.... વાહ... ક્યાં રડવાનું અને ક્યાં હસવાનું ?... એટલે સમજોકે આ માર્ગના વિલાસમાં કૃપા સિવાય કંઈ સમજ પડે તેવું નથી... વિચારો કે વાઘાજી આજે નોકરી કરવા ગયા હતા ?... એટલે રસ ભરેલા ભાવથી કરવામાં આવતો આનંદ જ એવો છે કે જે લૌકિક બધુય ભુલાવે !..... વિશેષ શું ?.......

ત્યારબાદ સેવાનો સમય થતાં વાઘજીના પત્નીએ અપરસ સ્નાન કરીને શ્રી ઠાકોરજીના ઉથ્થાપન કરાવ્યા અને પછી.... પછી શયનભોગમાં સખડી અનસખડી જેવી સામગ્રી સિદ્ધ કરીને શ્રી ઠાકોરજીને શયનભોગ ધર્યા અને પછી ભોગ સરાવીને અને શયન કરાવીને આરતી કરીને દર્શન કરતા શ્રી ઠાકોરજી દર્શન આનંદ પૂર્વક બહુ જ પ્રસન્નતા પૂર્વકના ત્રણેય જણાઓને થયા. (આમ શ્રી મદનમોહનજીનું સ્વરૂપ મુંબઈમાં મોટા મંદિરાવાળા શ્રી ગોકુલનાથજી મહારાજના માથે શ્રી બાલકૃષ્ણજી ની સાથે બિરાજમાન છે) આમ આવા દર્શન થયા બાદ શ્રી ઠાકોરજીને શયન કરાવીને અને તાળામંગલ કરાવીને વાઘાજીના પત્ની બહાર આવતા શયનભોગનો મહાપ્રસાદ લેવા માટે ચાર પાતાળો કે જેમા એક ગાયનું એક પેલા વૈષ્ણવની અને બે વાઘાજી અને તેમના પત્નીની કર્યા પછી ત્રણેય જણાઓએ હળીમળીને શયન ભોગનો મહાપ્રસાદ સૌએ સાથે લીધો... પછી પેલા વૈષ્ણવને આચમન કરાવીને બીડા આપ્યા બાદ વૈષ્ણવ જતા હોવાથી વાઘાજીને તથા તેમના પત્નીને એમ બન્ને ને હાથ જોડીને વિનંતીથી કહ્યું કે આવતી કાલે મહાપ્રસાદ.... લેવા માટે વહેલા પધારજો હો.... આ બન્નેના આવા ભાવભરેલા વચનો સાંભળીને જયશ્રીકૃષ્ણ કરીને વૈષ્ણવ તો પોતાને ઘેર ગયા.

હવે અહીં એક વસ્તુ સ્થિતિ સમજવાની છે કે શ્રી મહાપ્રભુજીના આ માર્ગની રીતિતો એવી છે કે અપરસમાં ભોગ ધરવો જોઈએ છતાંય બહારથી આવેલા વાઘાજીએ અપરસ કર્યા સિવાય અને તે પણ જોડા પહેરેલી હાલતે જ નીજમંદિરમાં જઈને ઘી કેમ ધર્યુ હશે ?....આમ અહીં બનેલા પ્રસંગમાં ઘી જેવી જે વસ્તુ દર્શાવવામાં આવલી છે તે ઘી... શું છે ?.... તે જ પ્રથમમા સમજવુ મુશ્કેલ છે છતાંય અહીં પરિસ્થિતિ શંકાના સમાધાન અર્થે એવું છે કે જે ઘી દર્શાવવામાં આવેલ છે તે એક પ્રકારનો રસ છેકે જે રસ છુપાતો નથી વળી આવું જે બન્યું છે તે કેવળ પ્રેમના કારણે જ બન્યું છે અને પ્રેમતો ભગવદ સ્વરૂપે છે વળી સાથે સાથે એ પણ છે કે શ્રી મહાપ્રભુજીએ જે મર્યાદા બાધેલી છે તે બધી મર્યાદા કેવળ પ્રેમ પ્રગટ કરવા માટે જ બાંધેલી છે કે જે વાઘાજીએ સિદ્ધ પણ કરી બતાવ્યું છે કે રસભરેલા ભાવથી સેવા કરવામાં મર્યાદા રહી શકતી નથી કારણકે જ્યા પ્રેમ ત્યાં નેમ નહિ એટલે ભગવદ સ્વરૂપેના પ્રેમથી મર્યાદા કેમ છુપાય ?.... તે પછી આવા આ પ્રસંગોથી અહીં એક બીજી વસ્તુસ્થિતિ પણ સમજવાની કે કેવળ જીવ બુદ્ધિથી ઉપસ્થિત કરવામાં આવતી પોતાની ભાવના પ્રમાણેનીજ સેવા અથવા તો જીવ બુદ્ધિની કરવામાં આવતી ચતુરાઈ રૂપેની સેવાતો માર્ગતો માર્ગની રીતિથી

વિરુદ્ધ હોવાથી તે તો બાધક જ છે. એટલે સાધારણ આવસ્થાઓનું વર્તન તો શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કરી બતાવેલી મર્યાદા પ્રમાણે જ હોવું જોઈએ અને સાધારણ અવસ્થામાંથી પસાર થયા પછી પ્રેમ આવેશમાં કદાચ બતાવેલી મર્યાદા તૂટી જાય તો પણ તે બાધક નહી થાય તે સુચન સ્પષ્ટ થાય છે.

ત્યારબાદ પેલા વૈષ્ણવ પોતાના ઘરે જઈને પોતાની પત્નીને બધાય સમાચાર કહી સંભળાવતા પોતાની પત્ની બહુ જ પ્રસન્ન થયા અને પછી કહેવા લાગ્યા કે શ્રી ગુસાંઈજીની કાનીથી શ્રી ગુસાંઈજીએ આપણા આ આખા જનમની લાજ રાખી... કારણકે આપણે જો પ્રભુનો અપરાધ કર્યો હોય તો તે અપરાધ પ્રેમને વશ થયેલા પ્રભુ કદાચ સહન કરી પણ લીએ પરંતુ ભક્તનો જો અપરાધ કર્યો હોય તો તે અપરાધ પ્રભુ કદી પણ સહન કરતા નથી. માટે પ્રભુના વ્હાલા જેવા ભક્તો વૈષ્ણવો જે રીતેની સેવા કરતા હોય તેવા ઉપરની દેખાતી ક્રિયા કદી પણ જોવી નહિ પરંતુ તે ઉપર ઉપરની દેખાતી ક્રિયા પાછળ તેઓ નો ભાવ કેવો છે ?... તેજ જોવું. એટલે ટુંકમાં કે વૈષ્ણવોના ભક્તોના અપરાધો ભૂલે ચુકે પણ ન થઈ જાય તેવી સાવધાની રાખીને રહેવું. બાકી તો શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કરેલા આ પુષ્ટિમાર્ગનો વિલાસ જ એવો છે કે જે વિલસતા પાર પણ આવે નહિ.

આમ રસભરેલા ભાવથી સેવા કરી બતાવનાર વાઘાજી રજપૂતની વાર્તા સંપૂર્ણ.

૧૬. ચંદાબાઇ

આ હિદુસ્તાન દેશના લગભગ મધ્ય ભાગમાં મેવાડ નામના અક પ્રાંતમાં આવેલો છે કે જે પ્રાંતમાં મુખ્ય શહેર તરીકેનું એક ઉદેપુર શહેર આવેલુ છે આમ આ સમયે સીસોદીયા રજપૂત તરીકેના એક મહારાણા આ ઉદેપુર તરીકેના શહેરમા રહીને રાજય કરતા હતા. આમ આ મહારાણા ને ચંદાબાઈના નામે એક મનોહર રૂપવાળી કુંવરી હતી... સમય પસાર થતાં થતાં પોતાના લગ્ન થતાં પહેલાં જ પોતાના માં રહેલા કોઇ દેવી તત્વના કારણે આ ચંદાબાઇ શ્રી ગુસાંઇજીના સેવક થઇને શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બન્યાં હતાં .અરે એટલું જ નહિ પરંતુ પોતાની આ શકિત ના પ્રભાવબળેપોતાની નાની વયમાં જ શ્રી ગુસાંઇજીનાં ચિત્ર- સ્વરૂપ પધરાવીને પુષ્ટિમાર્ગીય રીતિ અનુસાર ભાવથી શ્રી ગુસાઇજીના ચરણારવિંદ ની સેવા કરતા હતાં. વળી વૈભવવાળી સેવામાં સહાયરૂપ બની શકે એવા હેતુથી આઠ સાહેલીઓ ને પણ બ્રહ્મસંબંધ અપાવીને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કરી હતી. આમ વૈષ્ણવ બનેલી આ આઠેય સાહેલીઓ અપરસ-સ્નાન કરીને શ્રી ઠાકોરજીની સેવામાં ચંદાબાઇનેં સહાયરૂપ બની રહેતી હતી. એટલે સમજો કે આવી રીતેની સેવા કરતાં કરતાં ચંદાબાઇનું જીવન કોઇ અલૌકિક ભાવથી વ્યતિત થઇ રહ્યું હતું.

આમ આવા પ્રકારે જીવન વ્યતિત કરતાં કરતાં ચંદાબાઈની વય મોટી થતાં મહારાણા તરીકેના પોતાના પિતાજીને જોધપુરના રાજા સાથે પોતાની કુવરી ચંદાબાઈનો વિવાહ નક્કી કર્યો..... હવે ચંદાબાઈનો વિવાહ આ જોધપુરના રાજા સાથે કર્યો તો ખરો પરંતુ પાછળ મહારાણાને ખબર પડી કે જેના સાથે મારી ચંદાનો વિવાહ કર્યો છે તે રાજા તો ચંદાબાઈ માટે યોગ્ય નથી એટલે કે તે રાજા ઘણો અભિમાની છે, વેદશાસ્ત્રો કે પુરાણો નહિ જાણનારો છે, ધર્મ પ્રત્યે અભાવ વાળો છે, અધર્મના રસ્તે જનારો છે, બ્રાહ્મણો સંતપુરુષો કે પછી દેવો વી.વી. ને પણ નમસ્કાર પણ નહી કરનારો છે.... ટુંકમાં કે આ રાજા અવિવેકી અને દુરાગ્રહી છે પણ... હવે શુ થાય ?.... વળી મહારાણાને એવા પણ વિચારો આવવા લાગ્યા કે પુર્વજનમનાં બાકી રહી ગયેલાં કોઈ બંધનોના આધારેજ મારી ચંદાનો સંબંધ આવા દુષ્ટભાવનાવાળાની સાથે થયો હશેને !.... સારૂ !.... જેવું ચંદાનું ભાવી !.... એટલે હવે ચંદાના જીવન માટેં તો પ્રભુએ જે વિચાર્યું હોય તે ખરૂ !.... આમ ચંદાબાઈના પિતાજીએ ઉદેપુરના મહારાણા આવા વિચારો કરતા કરતા પોતાના મહેલમાં એક એકાંત જેવા સ્થળે બેસીને મનમાંને મનમાં પસ્તાવો કરી રહ્યા હતા અને....

આવામાં કેવળ પ્રભુ ઈચ્છાજ પોતાની કુવરી ચંદાબાઈ પોતે જ્યાં એકાંતમાં એકલા બેઠા હતા ત્યાં આવી અને જેમના મોઢા ઉપર ચિંતાનાં વાદળો છવાઈ રહ્યા હોય એવા પોતાના પિતાજીને જોઈને ચંદાબાઈએ પુછ્યું કે પિતાજી કેમ ઉદાસ છો ?... જવાબમાં કંઈ પણ નહિ કહેતા ગદગદ થઈ ગયેલા પિતાજીની આંખોમાંથી માત્ર આસુંઓ જ ટપકવા લાગ્યા કે જે જોઈને કંઈ પણ સમજી શક્યા નહોય એવા ચંદાબાઈતો આશ્ચર્ય પામતા પિતાજીના ગળે વળગી જઈને કરગરવા લાગ્યા. હવે કુવરીને પણ ગદગદ થયેલી આંખો જોઈને રૂધાંઈ ગયેલા શ્વાસે પિતાજીએ કહ્યું કે બેટા, શું કરું?.... તારા ભાવિએ ન કરાવા જેવું મારી પાસે કરાવ્યું !..... આમ આટલુ કહીને પોતાને થઈ રહેલી ચિંતા સંબંધેની બધી વાત કહી સંભળાવતા ચંદાબાઈને માયારૂપેનો સહેજ આંચકો લાગ્યો કે હવે મારું શું થશે ?.... હવે હું શુ કરીશ ?...... વળી પિતાજીની મર્યાદા છોડીને મારાથી કંઈ પણ બોલી શકાય નહિ. વળી મારી ઈચ્છા પ્રમાણે મારે કંઈ પણ કરી શકાય પણ નહિ..... એટલે હવે મારાથી થાય પણ શું ?.... આમ ચંદાબાઈને આવા વિચારો તો આવ્યા પણ ઘડીક વારમાં પોતે પાછા હિંમતમાં આવી જતા પોતાના પિતાજીને ચિંતામાંથી મુક્ત કરવા અર્થે ચંદાબાઈ કહ્યું કે પિતજી મારી વળી આવી ચિંતા કરો છો ?.... આપણા માથે શ્રી ઠાકોરજી નથી બિરાજતા ?.... એટલે આપણે માથે શ્રી ઠાકોરજી બિરાજતા હોવાથી આપણે વળી ચિંતા જેવું હોય ?.... વળી સર્વ શક્તિમાન છે..... પોતાના જીવોની પોતેજ સંભાળ રાખે છે.... વળી રજપુત થઈને આપણે આવા વિચારો કરવા ના હોય ?.... માટે આપ મારી જરાય ચિંતા ન કરો.... આમ આવી રીતે આશ્વાસન આપીને ચંદાબાઈએ પોતાના પિતાજીને ચિંતામાંથી મુક્ત કર્યા અને....

આમ કરતાં કરતાં ચંદાબાઈનોલગ્ન કરવાનો સમય આવી પહોંચ્યો અને પછી સમજો કે લગ્નની દિવસે જોધપુરના રાજા જાન લઈને પરણવા માટે ઉદેપુર આવી પહોંચતા એક રાજ્યની રીતિ અનુસાર તેમજ જ્ઞાતિના વ્યવહાર મુજબ ઉદેપુરના મહારાણાએ સૌનું સારી રીતે સ્વાગત કર્યું. બાદ રાજા રૂપે વરરાજાને જાનૈયા અને જાનરડી ને વી. યોગ્ય ઉતારો આપીને સૌનો મુકામ કરાવ્યો પછી જ્ઞાતિના વ્યવહાર મુજબ જં કંઈ કરવાનું હતું તે બધુંય ઉદેપુરના મહારાણા એ કર્યું. બાદ પરણવાના સમયે જાન સહિત પૂર્ણરીતેનાં ઠાઠમાઠથી આવેલા વરરાજા લગ્ન મંડપમાં આવતા રાજ્યના પુરોહિતે લગ્નનું કાર્ય શરૂ કર્યું. વિધિપુર્વકના મંત્રો બોલવા લાગ્યા.... બાદ વરકન્યા જ્યારે ચોરીમાં આવ્યાં ત્યારે પોતાના લૌકિક પતિ તરીકે જોધપુરના રાજાને જોઈને ચંદાબાઈના હૃદયમાં ન થવા જેવું કંઈક થવા લાગ્યું..... પરિણામે લગ્ન વિધિની કાર્યસમાપ્ત થઈ જતાં ચંદાબાઈને તાવ ચઢી આવ્યો. આમ આવા સમાચાર ચંદાબાઈના પિતાજીએ જ્યારે જાણ્યા ત્યારે તાવ ચઢી આવવાનો હેતુ પોતે સમજી ગયા અને આશ્વાસનરૂપે ચંદાબાઈ પ્રથમ જે વાત કહીને સમજાવ્યા હતા તે વાતથી પોતાને પણ શ્રી ઠાકોરજી ઉપર પૂર્ણ વિશ્વાસ આવી ગયેલો હોવાથી પોતાની રાજ્ય શક્તિનો વિચાર કરીને પોતાની કુવરી ને હિંમત ધિરજ આપવા માટે પોતે ચંદાબાઈ પાસે આવ્યા અને

બેટા.... તુ તો પરમ ભગવદીય છો... વળી શ્રી ઠાકોરજીની સેવા કરવામાંજ આનંદ માને છે.... જો કે તારા પતિ તરીકેના આ જોધપુરના રાજા ધર્મ પ્રત્યે કેવળ અવિવેકી અને દુરાચારી છે વળી ભગવાન જેવાને નહિ માનતા હોવાથી તારું અથવા તારા શ્રી ઠાકોરજીનું અપમાન કરે કે નકરવા જેવું કરીને શ્રી ઠાકોરજીની સેવામાં કદાચ વિઘ્નરૂપ થાય કે પછી અધર્મના રસ્તે ચાલવાનું કહે તો પણ તારે જરાય ગભરાયા સિવાય કે મનમાં જરાય મનમાં દુઃખ રાખ્યા સિવાય તારા હૃદયનો જેવો અલૌકિક ભાવછે તેવાજ ભાવથી શ્રી ઠાકોરજીની સેવા કર્યા કરજે અને પછી આ રાજા તને જો વધારે હેરાન કરે છે એવી મને ખબર પડશે તો તારા રક્ષણ માટે મારા પચ્ચાસ હજાર સીસોદીયા મોસરીશ એટલે ટુંકમાં કહેવાનું કે બેટા જરાય ચિંતા કર્યા સિવાય તારુ કાર્ય કરજે . આમ ઉદેપુરના મહારાણા તરીકે પોતાના પિતાજીના આવા વચનો સાંભળી જેઓને શ્રી ગુસાંઈજીના ચરણારવિંદનો આશ્ચર્યદ્રઢ છે એવા ચંદાબાઈએ જવાબ અર્થે કહ્યું કે પિતાજી મારે ગભરાવવાનું કોઈ કારણ નથી એટલે આમ મારી જરાય ફિકર કરશો નહિ... હવે પોતાની કુવરી ચંદાબાઈ પોતાને સાસરે જવાની હોવાથી કુવરીને જે આપવાનું હોય છે તે બધુય એટલે કે સારા કિંમતી કપડાં, હીરો મોતી, સોના અને ચાંદીના દાગીના વી. વી. આપ્યું. આ ઉપરાંત દ્રવ્ય પણ ઘણું આપ્યું. વળી પોતાને કુવરી ની સેવા માટે આઠસહેલીઓ પણ આપી. વળઈ કુવરીનાં રક્ષણ અર્થે થોડાક નામધારી માણસોને પણ મોકલવાનું નક્કી કરીને રાજ્યના માણસોને પણ તૈયાર કર્યા. બાદ જાનને વિદાય ગીરી આપતા જાનના સૌ કોઈ ઉદેપુરથી વિદાય થયા પછી ચાલતા ચાલતા જ્યાં રસ્તામાં જ્યાં જલની જરૂર પડતી હતી ત્યાં ત્યાં જલભરી લાવનારા વાસણોને રેશમી વસ્ત્રો લપેટીને માણસો જલ લાવી આપતા હતા. એટલે સમજો કે કોઈ પણ જાતની તકલીફ ચંદાબાઈને નહી થતાં બધુંય બરાબર વભી રહ્યું હતુ. વળી ચંદાબાઈને રસ્તામાં તાવ આવતો હોવાથી પોતાના પતિ-પત્ની તરીકેના સંબંધોમાનો કોઈ સંબંધ કે કોઈ વહેવાર પણ થઈ શક્યો નહિ.... અને તે પછી તો સમજો કે આખરે જોધપુર આવી પહોંચ્યાં આમ જોધપુર આવી પહોંચ્યા બાદ -

હવે જોધપુર મહારાણાનાં કુંવરી ચંદાબાઈનો એટલે કે જોધપુર નરેશના કહેવાયેલા રાણીનો નિવાસ એક સખતના મહેલમાં એટલે કે જમીનથી જે ઘણો ઉંછો છે એવા ઉંચા મહેલમાં કરાવ્યો. બાદ આ મહેલને ખાસા (સાફ) કરાવીને જ્યાં અન્ય સૌની અવરજવર ન થાય એવા એક તરફ આવેલા ખંડમાં શ્રી ઠાકોરજીને પધરાવ્યા અને રાજા અથવા લૌકિક જે કોઈ આવે તેમના માટે બેસવા ઉઠવા માટેની જગ્યા અલગ રાખી. આમ આવી રીતેની વ્યવસ્થા કરીને શ્રી ઠાકોરજી સહિત ચંદાબાઈ તો આવા ઉંચા મહેલમાં રહ્યાં. અરે, ચંદાબાઈ આવા મહેલમાં રહ્યા તો ખરાં પરંતુ હૃદયમાં કંઈક... ક્લેશ થઈ આવ્યો. પરિણામે સમજો કે ચિંતામાં કે ક્લેશમાં દિવસ તો જાણે જેમ તેમ કરીને વિતાવ્યો અને પછી રાત્રિનો સમય ... થઈ ગયેલ હોવાથી પોતાને ક્યાંય ચેન પડે નહિ. આખરે સુઈ જવાની જગ્યાએ પડી રહેતાં ચંદાબાઈને સ્હેજ નિદ્રાં આવી. અને .... પછી મધ્યં રાત્રિના સમયે એક પ્રકારનો અનુભવ કરાવતાં એટલે કે દર્શન આપીને શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી કે તમે રાજાથી જરાય ડરશો નહિ.... તે તમને કંઈપણ કરી શકશે નહિ... આમ શ્રી ઠાકોરજીનાં આવાં વચનામૃતો સાંભળીને ચિંતાના કે ક્લેશના કારણે ચંદાબાઈને જે નિદ્રા આવી ગઈ હતી તેના બદલે હૃદયમાં અતિ આનંદ માનતાં પોતે બેઠા થયાં... વળી એક પ્રકારે થયેલા આવા અલૌકિક આનંદના આધારે શરીર ઉપરનાં રૂવાંટા પણ કોઈ હર્ષથી ખીલવા લાગ્યા અને પછી તો સમજો કે શ્રી ઠાકોરજીનું જ સ્મરણ કરતાં કરતાં રાત્રિનો આવો સમય પસાર થઈ જતાં આખરે સવાર થયું. અરે, સવાર તો થયું પરંતુ 'પ્રગટ કરે રસ જાય'..... એ ભાવના અનુસાર આવા સુચન સંબંધેની વાત પણ ચંદાબાઈએ કોઈને કરી નહિ.

ત્યારબાદ પત્ની સમાન રાણી ચંદાબાઈ પાસે ક્યારે જવું ?.... એવું નક્કી કરવા માટે જોધપુરના નરેશે જ્યોતિષનું જ્ઞાન ધરાવનાર એવા એક જોષીજીને બોલાવ્યા અને રાણીના મહેલમાં જવા માટેનું મુહુર્તનું પૂછતાં જોષીજીએ સારા મુહુર્તનો દિવસ બતાવ્યો. તે દિવસે રાણીના મહેલમાં જવાની તૈયારી કરતા જોધપુર નરેશે નાજરને (એક ઉપરી અમલદારને) બોલાવ્યો અને રાણીના મહેલમાં જવા માટેની તૈયારી કરવાનું સુચન કરતાં નજરે તૈયારી કરી અને પછી જે જે વસ્તુઓ રાણીના મહેલમાં મોકલવાની હતી તે તે વસ્તુઓ સહિત ચાર સહેલીઓને તેમજ રાજાની આજ્ઞાનું પાલન કરવા અર્થે નાજરને એમ સૌને લગભગ બપોરના સમયે રાણી ચંદાબાઈના મહેલે મોકલતાં સૌ રાણીના મહેલે આવી પહોંચ્યાં. આમ આ સમયે ચંદાબાઈ પ્રસાદ લેવા બેઠાં હતાં અને પછી પ્રસાદ લઈને ચંદાબાઈ જ્યારે મહેલના ચોકમાં રાખવામાં આવેલા પડદા પાસે આવ્યાં ત્યારે નાજરે એક રાજ્યની રીતિ અનુસાર વિનયપૂર્વક નમન કરીને કહ્યું કે મહારાજા આજે તમારા મહેલે પધારવાના છે. આમ રાજાની આજ્ઞાનાં વચનો કહી સાંભળીને તેમજ ચાર સહેલીઓ દ્વારા વૈભવ વિલાસ ભોગવવાની જે વસ્તુઓ રાજાએ મોકલી હતી તે બધીય વસ્તુઓ એટલે કે ચાંદીના થાળમાં પાન, સોપારી, કાથો, ચુનો, એલચી, મસાલા વી.વી. મુખવાસની વસ્તુઓ તેમજ મદીરા પાન કરવાના વસ્તુઓ તેમજ જુદી જુદી જાતના અત્તરો વી. વી. વસ્તુઓ ચંદાબાઈને અર્પણ કરીને મહેલમાં મુકાવી. આમ મહેલમાં મુકાવેલી વસ્તુ સાથે જે મદિરા-દારૂ હતો તે દારૂની ખરાબ દુર્ગંધ આવતી ચંદાબાઈએ પોતાના મોઢા આડુ એક વસ્ત્ર રાખી દીધું અને પછી રાજાએ મોકલાવેલ આવી વસ્તુઓને જોઈને હૃદયમાં બળવા લાગ્યા અને પછી તો સમજો કે સંયમ રાખીને (ઈન્દ્રીયોને કાબુમાં રાખીને) દ્રઢતાપૂર્વક ગંભીર વાણીથી નાજરને કહ્યું કે આ મદીરા-દારૂ જેવી તમે જે વસ્તુ વાવ્યા છો તે વસ્તુનો એક છાંટો પણ ભૂલેચુકે જો અમારા વસ્ત્રો ઉપર પડી જાય તો અમારાં વસ્ત્રો અમારે ફેંકી દેવાં પડે માટે અપવિત્ર જેવી વસ્તુ તમે પાછી લઈ જાવ અને વિનંતી કરીને તમારા.... રાજાને આપી દેજો. હવે રાણી ચંદાબાઈનાં વચનો સાંભળીને કેમ જાણે પોતાનું અપમાન કર્યું હોય તેમ નાજર મનમાં બહુ જ ચીડાઈ ગયો પરંતુ રાણી ચંદાબાઈના ભયથી ચંદાબાઈની સામે કંઈ પણ બોલ્યા સિવાય મદીરા-દારૂ અને ચારેય સહેલીઓને લઈને દુષ્ટ ભાવનાવાળો આ નાજર તો રાજા પાસે આવ્યો. અને....

અને શું ?...

અને.... એટલે કે જેમ એકબીજાના વિરોધીઓ એકબીજાની સાંભળેલી મૂળ વાતને બદલે તેમાં મરચું-મીઠું ભભરાવીને વધારે વાત કરતા હોય છે તેમ આ નાજરે પણ એવું જ કર્યું. એટલે કે માઠી-મરચાં જેવું સાચું-ખોટું ભેગું કરીને રાજીને ખરેખર ક્રોધ જ આવી જાય તેવી રીતેની વિશેષ વાતો કરી કરીને મદીરા-દારૂ તથા મદીરા પાન કરાવતા પ્યાલા વી. નો રાજા પાસે થાળ મુકાવ્યો. આમ આ વસ્તુઓ જોઈને તેમજ નાજરની વાતને સત્ય માનીને અને વળી પોતાનું અપમાન કર્યું એવું સમજીને રાજા તો ઉશ્કેરાઈ ગયો, પરિણામે અતિ ક્રોધાયમાન થઈને ચંદાબાઈના મહેલ તરફ વિદાય થયો. હવે માજર પોતાના મહેલમાંથી ગયો અને રાજાની પાસે જઈને સાચી-ખોટી વાતો કરી કરીને ઉશ્કેર્યા છે અને રાજા પોતાની પાસે આવી રહ્યો છે એવા સમાચાર ચંદાબાઈને મલી જતાં ચંદાબાઈ દ્રઢતાપૂર્વક વિચાર કરવા લાગ્યા કે ઓહોહો... આવે છે તો શું થઈ ગયું ?.... મારા માથે તો શ્રી ઠાકોરજીનાં ચરણાંરવિંદની અનુપમ છાયાનો પ્રભાવ બિરાજમાન છે તેથી તે વળી શું કરી શકશે ?... એટલે ભલેને આવે.... આમ ચંદાબાઈ વિચાર કરતા હતા એવામાં હિરણ્ય કશ્યપની માફક ક્રોધથી ભરેલા આવેશવાલા રાજા ચંદાબાઈના મહેલે આવ્યા.

આમ ક્રોધના આવેશમાં આવેલા જોધપુરના નરેશ તો ચંદાબાઈના મહેલે આવ્યા અને ક્રોધમાં ને ક્રોધમાં ન બોલવા જેવા શબ્દો બોલીને ચંદાબાઈને કંઈનું કંઈ કહેવા લાગ્યા તેમજ હલકટ જેવી વાણી દ્વારા આપની નિંદા કરવા લાગ્યો. આમ પોતાના લૌકિક પતિ રાજાના નીચ-હલકટપણું બતાવતા વચનો સાંભળીને ચંદાબાઈના હૃદયમાં બહુ જ દુઃખ થયું. વળી શું કરવું ?.... તેવી પણ પોતાને સમજ પડી નહિ. પછી વિચાર્યું કે શાસ્ત્રમાં સુચન કરવામાં આવેલ છે કે પોતાના પ્રભુની કે પોતાના ગુરૂની નિંદા કરે તો તેની જીભ કાપી લેવી પરંતુ... હું... એક અબળા સ્ત્રી-જાતિ ક્યાં ?...... અને નિંદા કરનાર દેશાધપતિ આ મહારાજા ક્યાં ?.....એટલે તે તો મારાથી બનવું અશક્ય છે પણ મારા માટે તો એ જ ઉત્તમ છે કે રાજાએ નિંદારૂપેના જે શબ્દો કહ્યા છે તે શબ્દો મારા દેહના અવયવ કાન દ્વારા મેં સાંભળેલા હોવાથી કાનના સંબંધ તરીકેનો આ દેહ જ છોડી દેવો... આમ આવો વિચાર કરીને ચંદાબાઈએ તો એવું જ કર્યું કે પોતાના રહેવાનાં મહેલની બારીમાં મુકીલી લોઢાના સળીઆની જાળી આંડીઅવળી કરીને ઉંચા મહેલની બારીમાંથી ચંદાબાઈએ તો પડતું જ મુક્યું. બાદ આવું જોઈને ગભરાઈ ગયેલો રાજા તો મહેલ બહાર જ ભાગી ગયા.

જ્યારે બીજી તરફ એવું બને છે કે પોતાના દેહનો ત્યાગ કરવા અર્થે ચંદાબાઈએ બારીમાંથી જે સમયે પડતું મુક્યું તે સમયે હવાનુ પ્રમાણ તરત જ.... વધી જવાથી હવા અતિ જોરથી ચાલવા લાગી. જોરથી ચાલી રહેલી હવાના કારણે ચંદાબાઈએ પહેરેલ અતિ ઘેરવાળા ઘાઘરામા (ચણિયામાં) હવા ભરાઈ જતા ચંદાબાઈ એક પક્ષીના રૂપમાં બની ગયા અને પછી તો સમજો કે જેમ પક્ષી પોતાની પાંખો દ્વારા જમીનથી એદ્ધર ઉડતા હોય છે અને પછી પાછાં સહેલાઈથી જમીન ઉપર ઉતરી શકે છે તેમ પોતાના ઘાઘરામાં ભરાઈ ગયેલી હવાના કારણે પક્ષીના રૂપમાં બની ગયેલા ચંદાબાઈના દેહને કોઈ પણ પ્રકારની ઈજા થયા સિવાય ચંદાબાઈ તો સહેલાઈથી જમીન પર આવી પહોંચતા પોતાના ઘાઘરાંને જેમતેમ કે સંકોડતા જમીન પર બેસી ગયાં. હવે સ્હેજ વિચાર તો આવે જ કે આવા ઉંચા મહેલમાંથી એક કોડી જો ફંકવામાં આવે તો તે કોડીના તો ટુકડા જ થઈ જાય એવા ઉંચા મહેલમાંથી જ ચંદાબાઈએ પડતુ મુકેલ હોવા છતાંય પ્રભુ કૃપાથી ચંદાબાઈના દેહ ઉપરનો એક વાળ પણ વાંકો થયો નહિ !....

એટલે સમજો કે આવો છે શ્રી ગુસાંઈજીની કૃપાનો પ્રભાવ !...

ત્યારબાદ જોર જોરથી ચાલી રહેલી હવાનું વાતાવરણ શાંત પડતાં ભાગી ગયેલા રાજાએ નાજરને હુકમ કર્યો કે રાણી જીવે છે કે મરણ પામ્યા છે ?.... તે તપાસ કરાવો. આમ રાજાના હુકમ મુજબ રાણીની તપાસ કરવા માટે નાજરે અમુક સાહેલીઓને મોકલી. જ્યારે બીજી તરફ એવું બને છે કે અરે.... રાણીજીએ આપઘાત કર્યો... રાણીજીએ આપઘાત કર્યો.... એવા પ્રકારના છવાઈ ગયેલા વાતાવરણના આધારે મહેલમાં રહેલી સાહેલીઓ અતિ દુઃખ થતાં સૌ વિચાર કરવા લાગ્યા કે હવે આપણે આ મહેલમાં રહીને શું કરીશું ?.... એટલે સમજો કે આવો વિચાર કરતાંની સાથે જ સાહેલીઓએ અપરસ સ્નાન કર્યું, શ્રી ઠાકોરજીને કંઈક ભોગ ધર્યો. પછી શ્રી ઠાકોરજીને ઝાંપીજીમાં પોઢાડ્યા. પછી ઝાંપીજી રેશમી વસ્ત્રથી બાંધ્યાં તેમજ સેવાના બંટા, ઝાંપીજી, આભૂષણ, વી. વી. પણ એક રેશમી કોથળીમાં ભરીને બધુંય તૈયાર કરવા લાગ્યા. આવામાં ન કદી સ્વપ્નામાં હોય કે ન કદી કલ્પનામાં પણ હોય એવા સમાચાર સાંભળવામાં આવ્યા કે રાણીજી તો જીવતા છે. આમ આવા શુભ સમાચાર સાંભળતાની સાથે જ ચાર સાહેલીઓ રાજાજી પાસે આવી અને જયશ્રીકૃષ્ણ કહીને ઉભી રહી. આમ પોતાની સાહેલીઓને આવેલા જોઈને ચંદાબાઈએ કહ્યું કે મારે તો હવે આ રાજાનું મોઢું જોવું નથી તેમજ આ રાજાના મહેલમાં પણ મારે રહેવું નથી કે જેથી તમારાથી જો બની શકે તો મારા પ્રભુને અહીં પધરાવી લાવો અને કદાચ રજા અથવા બીજા કોઈ અટકાવે તો પધરાવી લાવશો નહિ.

હવે રાણીજી જીવતાં છે એવા સમાચાર સાંભળતા રાણીજીને બોલાવી લાવવા માટે રાજાએ કનાત (તંબુ જેવો જાડા કપડાંનો પડદો) સહિત નાજરને તથા સહેલીઓને રાણી પાસે મોકલ્યાં. આમ કનાત સહિત સૌને પોતાની પાસે આવેલાં જોઈને ચંદાબાઈએ નાજરને પોતાની પાસે બોલાવ્યો અને સમજાવતા કહ્યું કે તમે જો સમજુ માણસ હો તો અહીંથી તાત્કાલિક ચાલ્યા જાવ નહિતર નકામાં પચાસ માણસોની અહીં હત્યા થઈ જશે બાકી હવે તો રાજાનું કૂવાંનું...પાણી પણ પીવું હું ઈચ્છતી નથી અથવા મારે તો હવે રાજાના કૂવાનું પાણી... પાણી પણ પીવું નથી... એટલે રાજાની સાથે પતિ-પત્ની તરીકેનો મારે લૌક્કિ સંબંધ છે તે મારા લૌક્કિ સંબંધના આધારે કુવાના પાણી તરીકે...સુચવાયેલી રાજાની કોઈ પણ વસ્તુની હવે મારે જરૂર નથી લૌકિક સંબંધને તરછોડતી રાણીજીની આવી ટુંકી સાંભળીને રાજ્યનો એક પણ માણસ રાણીજી પાસે નહિ રાખતાં નાજર તો જેવો આવ્યો તેવો જ સાહેલીઓ, કનાત અને રાજ્યાના માણસો સહિત પાછો જતો રહ્યો.

હવે ચંદાબાઈની આજ્ઞા મુજબ શ્રી ઠાકોરજીને પધરાવવા માટે ગયેલી સાહેલીઓ તો મહેલમાં ગઈ અને ચાંદીના લોટા, રાણીને પહેવાના દાગીનાનીપેટી, વસ્ત્રો પેટી, સેવાનો બધોય સામાન વી .વી. સહિત શ્રી ઠાકોરજીને પધરાવીને સહેલીઓ ચંદાબાઈ પાસે આવી અને.... ઉદેપુરના માણસો કે કુંવરીના રક્ષણ અર્થે ઉદેપુરના મહારાણા તરીકેના પોતાના પિતાજીએ આપેલા હતા તે બધાય માણસો હથીયાર સહિત ચંદાબાઈ પાસે આવીને ઉભા રહ્યા અને નમન કરીને કહેવા લાગ્યા કે કુવરી સાહેબા, આપ જો હુકમ કરો તો અમે મરીએ અથવા તો તેમને મારીએ....રજપૂત ખૂનનો પ્રભાવ બતાવનારા આ માણસોની આવી વાત સાંભળીને ચંદાબાઈએ સૌને કહ્યું કે એવું કંઈ પણ કરવાની જરૂર નથી. વળી શ્રી ઠાકોરજીને આ બગીચામાં પધરાવીને સેવા કરીશું અને આપણે સૌ આ બગીચામાં રહીશું પણ રાજા કે રાજાના કોઈ માણસો બગીચામાં પ્રવેશ કરીને મારી પાસે ન આવે એવી તમે સૌ સંભાળ રાખજો. બાકી મરવાની મારવાની વાત આપણે ન કરીએ. કુવરી સાહેબાની આવી વાત સાંભળીને બધાય માણસો બગીચામાં ગયા અને સુખેથી રહી શકાય એવા પ્રકારની તૈયારી કરતાં સાહેલીઓ સહિત ચંદાબાઈ બગીચામાં ગયા અને શ્રી ઠાકોરજીને પધરાવીને સૌ બગીચામાં રહ્યા..... જ્યારે બીજી તરફ એવું બને છે કે પચાસ માણસોની હત્યા થઈ જશે એવી ચંદાબાઈની વાત સાંભળીને પાછો જતો રહેલ નાજર રાજા પાશે પહોંચ્યો અને રાણીજીએ કહેલ વાત રાજાને કહી સાંભળાવતા જોધપુરના નરેસ તરીકેના રાજા પોતાની પત્ની તરીકેની રાણીનાં આવા વચનો સાંભળીને રાજા પસ્તાવો કરવા લાગ્યો અને..... પછી પોતાનાથી થઈ ગયેલ અપરાધ બદલ ક્ષમા માગવા અર્થે રાજાએ ફરીને ચાર માણસો રાણીજી પાસે મોકલ્યા.

આમ જોધપુર નરેશે મોકલેલા ચાર માણસો બગીચા પાસે તો આવ્યા પરંતુ ચંદાબાઈની આજ્ઞા મુજબ પહેરાવાળા તરીકે ઉભેલા ચંદાબાઈના માણસોએ રાજાના માણસોને બગીચામાં આવતાં અટકાવ્યા અને પછી અંદર જઈને ચંદાબાઈને ખબર મોકલાવ્યા કે જેથી ચંદાબાઈ પોતે જ બ્હાર આવતાં રાજા તરફથી આવેલા માણસોએ રાજ્યની એક રીતિ અનુસાર ચંદાબાઈને નમન કરીને વિનયપૂર્વક કહ્યું કે મહારાજાએ આપને જે અનુચીત વચનો કહ્યાં છે તે બદલ રાણીજી હવે ક્ષમા કરો...... વળી આપને જે સમયે અનુચીત વચનો કહ્યાં હતા ત્યારે મહારાજા પૂર્ણ મદીરાના નશામાં હતા કે જેથી તેમને કંઈ ભાન જ ન હતું. પણ હવે તેઓ બહુ જ પસ્તાય છે. .. અરે.... એટલું જ નહિ પરંતુ પોતાનાથી થઈ ગયેલી ભૂલ આપની પાસે કબુલ કરતાં આટલો સંદેશો કહેવડાવ્યો છે કે મારી થયેલી ભૂલ ક્ષમા કરશો.... તમારા બધાય માણસો સહિત તમારા ભગવાનને પધરાવીને મહેલમાં ભગવાનની સેવા-પુજા અર્થે બેચાર ગામ તમને વધારે કાઢી આપીશ. હવે રાજ્યના માણસો દ્વારા પતિ તરીકેના રાજાનાં આવા વચનો સાંભળીને પત્ની તરીકેના ચંદાબાઈએ કહ્યું કે " તમારા રાજાના કૂવાનું....પાણી પણ હવે મારા ઉપયોગનું નથી".... માટે તમે સૌ જતા રહો નહિતર વળી કોઈ આફતમાં આવી જશો.

આમ રાણીનાં આવા દ્રઢતાપૂર્વકનાં વચનોનું સ્મરણ કરતાં કરતાં માણસો મહારાજા પાસે આવ્યા અને રાણીનાં વચનો મહારાજાને કહી સંભળાવતાં મહારાજા બહુ જ પસ્તાયા, અરે એટલું જ નહિ પરંતુ પોતે કરેલા આવા અપકૃત્યને મનમાં વિચારીને પોતાને ધિક્કારવા લાગ્યા કે આ આખાય ભારતવર્ષમાં મહારાજાઓ તરીકેના મહારાજાઓમાં સૌથી ઉત્તમ સીસોદીયાનું કુલ કહેવાય છે કે જે સીસોદીયા કુળની આ.... કુંવરી ભગવાનની ભક્તિ કરવામાં ઉત્તમ ગણાય છે કે જે દેવી રત્ન સમાન કુંવરી ચંદાબાઈ મારા જેવા અધર્મીને પરણીને મારું આ મનુષ્ય અવતાર તરીકેનું જીવન પણ દેવી બનાવીને આ લોકમાં તેમજ પરલોકમાં પણ મારું કલ્યાણ કરત. પરંતુ... નાલાયક સ્વભાવવાળો જે હું અભાગિયો દેવી રત્ન સમાન આ ચંદાબાઈની વૈષ્ણવતાના સદગુણોને જાણી નહિ શકતાં તેને મેં આમ અતિ દુઃખી કરીને હું તેનો અપરાધી બન્યો, વળી કેવળ ચંદાબાઈનો જ અપરાધી બન્યો છું તેવું નથી પરંતુ ભક્તના આધારે ભગવાનનો પણ અપરાધી બન્યો છું એટલે આવા અપરાધથી ભગવાન મને કેવો દંડ આપશે ?..... તે તો ભગવાન જ જાણે..... તેમજ મારા આવા અપકૃત્ય બદલ જગતમાં લોકો શું કહેશે ?..... વળી ઉદેપુરમાં સીસોદીયાઓ જ્યારે આ વાત જાણશે ત્યારે તેઓ પણ શું કરશે ?... એટલે સમજો કે આવી રીતેના વિચારો કરતાં કરતાં જોધપુર નરેશ તો ખરેખર પોતાની જાતને ધિક્કરવા જ લાગ્યો પણ ભક્તના આવી રીતે થઈ ગયેલા અપરાધથી હવે પોતે કરે પણ શું ?.. ... પછી પોતાને કંઈ સમજણ નહિ પડતા ચંદાબાઈની બની ગયેલી ઘટનાના સમાચાર આપવા માટે ઊંટ દ્વારા એક માણસને ઉદેપુર રહેતા ચંદાબાઈના ભાઈ પાસે મોકલ્યો. બાદ ઉદેપુરમાં આવા સમાચાર સાંભળતાંની સાથે જ સીસોદીયાઆએ પોતાપણુંનું જોર બતાવવ માટે ન કરવા જેવી તૈયારીઓ કરી પણ....

હવે પોતાના લૌક્કિ પતિ તરીકેના જોધપુરના મહારાજાએ ઉદેપુરના મહારાણા તરીકેના પોતાના પિતાજીને ખબર આપવા મોકલ્યા છે તેવા સમાચાર ચંદાબાઈને મલતાં ચંદાબાઈએ તો તરત જ પોતાના પિતાજી ઉપર એક પત્ર લખ્યો કે -

પૂજ્ય પિતાજી,

મારા માટે બનવાનું હતું તે બન્યું છે પણ મારા સંબંધની જે વાત તમારા જાણવામાં આવી હોય તે વાતથી આપ મારી જરાય ચિંતા કરશો નહિ. વળી મારી થયેલી દશાના કારણે ઉશ્કેરાઈ જઈને ન કરવા જેવો વિચાર કરીને પણ કોઈ પ્રકારનું અનુચિત પગલું ભરશો નહિ. બાકી તો મારા લગ્ન સમયે આપે જેના હાથમાં મારો હાથ સોંપ્યો હતો તે આ મહારાજાએ કોઈ.... ઈશ્વરી સંકેતે મને વનવાસ આપ્યો છે. એટલે આવી રીતે હું તમારાથી પણ ગઈ... અને આ મહારાજાથી પણ ગઈ.... ટુંકમાં એ જ સમજોકે શ્રી ઠાકોરજીના ચરણારવિંદના દ્રઢ આશ્રયથી સંસારની લૌક્કિ વાસના આ રીતે છૂટી ગઈ. પરિણામે પરમાનંદરૂપેનો અલૌક્કિભાવ મારા હૃદયમાં પ્રગટ થી જતાં હું તો હવે સદાય શ્રી ઠાકોરજીનાં ચરણારવિંદમાં રહીને તમારા કુળની નિષ્કલંક કીર્તિને જગતમાં ઉજ્વળ કરીશ. હવે ભવિષ્યમાં કદાચ તમારા મનમાં એવું આવી જાય કે ચંદાએ આવું સાહસ કર્યું તો ખરું પરંતુ અમને ખબર પણ ન કરી... એટલે આવી મનોભાવનાએ જ આ પત્ર દ્વારા તમને ખબર આપું છું કે હવે તમે જો મારા સાચા પિતાજી હો તો મને શ્રીમદ ગોકુલમાં બિરાજતા શ્રી

ગુસાંઈજીનાં ચરણારવિંદની શીતલ છાયામાં પહોંચાડી "મને સુખી... કરજો". વળી એ પણ સમજી લેજો કે અમારા શ્રી ઠાકોરજી પ્રત્યે મને પૂર્ણ વિશ્વાસ છે કે હું જે કુળમાં જન્મી છું તે તમારા કુળને કલંક લગાડવાજેવું શ્રી ઠાકોરજી નહિ કરે... હવે અંતમાં એ જ કે તમારા તરફના સમાચારની આઠ દિવસ સુધી રાહ જોઈશ અને આઠ દિવસમાં તમારા તરફ થી જો કંઈ પણ સમાચાર નહિ મલે તો પછી નવમા દિવસે હું શ્રીમદ ગોકુલ જવા માટે ચાલી નીકળીશ.

...એજ લી. તમારી ચંદા

આ પ્રમાણે લખેલો પત્ર ઉદેપુર પહોંચાડવા માટે ચંદાબાઈએ પોતાના એક માણસને આપ્યો અને ઊંટ દ્વારા તે માણસને ઉદેપુર રવાના કર્યો અને પછા સમજો કે આ પત્ર ઉદેપુરના મહારાણાને પહોંચાડતાં ચંદાબાઈનો આવો પત્ર વાંચતાં વાંચતાં મહારાણા સ્હેજ વિચારમાં તો પડી ગયા પરંતુ પછી મહારાજાએ પોતાના ભાઈઓ ,કુંવરો તથા કુંવરીઓ એમ સૌને પોતાના આશય સમજાવતાં કહ્યું કે જોધપુર નરેશના સંબંધમાં હવે આપણે બળ બતાવવાની જરાય જરૂર નથી.... તે પછી ચંદાબાઈના પત્ર મુજબ ચંદાબાઈને શ્રીમદ્ ગોકુલ પહોંચાડવા માટે એક પાલખી, પચીસ ઊંટ, પાંચસો માણસો અને આ ઉપરાંત પચાસ હજાર રૂપિયાની રોકડ રકમ વી.વી. ની તૈયારીઓ કરાવીને મહારાણાએ એક પત્ર લખીને પોતાના ભાઈના હાથમાં આપ્યો અને સમજાવવા જેવી બીજી વસ્તુઓ સમજાવીને આવા કાફલા સહિત જોધપુર તરફ વિદાય કરતાં આખા કાફલા સહિત મહારાણાના ભાઈઓ તથા કુંવરીઓ જોધપુર તરફ વિદાય થયાં. બાદ આગેકૂચ કરતા કરતાં આવો આ આખો કાફલો જોધપુર ચંદાબાઈના મુકામે આવી પહોંચતાં ચંદાબાઈને સૌ મલ્યા અને મહારાણાએ લખી આપેલો પત્ર ચંદાબાઈજે આપતાં ચંદાબાઈ તે પત્ર વાંચવાં લાગ્યા કે -

કુળને દીપાવનારી ચંદા,

તારો પત્ર મલ્યો છે. પ્રભુ ઈચ્છાએ તું જે પગલું ભરી રહી છો તેમાં મારે કહેવાનું પણ શું હોય !..... આપણા મર્યાદા પ્રમાણે કીર્તિ વધારીને ભરતવર્ષમાં અમારી પાઘડી રાખીને તે હવે તારા હાથમાં છે. તારા લગ્ન વખતે તને જે ગામ આપ્યા હતા તેનાતી બમણાં ગામ આજથી તારા માટે અલગ-જુદાં રાખ્યાં છે. વળી તારી ઈચ્છા મુજબ તને શ્રીમદ ગોકુલ પહોચાડવા માટેની તૈયારી કરીને મોકલવા યોગ્ય મેં બધુય મોકલ્યું છે. "બેટા, તું સુખી થા" એ જ મારા આશીર્વાદ....

....એજ લી. તારો પિતા.

આમ આવો પત્ર વાંચી રહ્યા બાદ સૌએ ચંદાબાઈને ઉદેપુર આવવા બાબતનાં ઘણો આગ્રહ કર્યો તેમજ માફી માંગી માંગીને જોધપુર નરેશે પણ ઘણાં મનાવેલા પરંતુ ચંદાબાઈએ કોઈની વાત માન્ય રાખી નહિ.... પછી પોતાની ભાવના મુજબ શ્રીમદ ગોકુલ તરફ જવા માટેં તૈયારી કરીને પોતાની સાહેલીઓ તેમજ લશ્કરી સેના જેવા મોટા કાફલા સહિત ચંદાબાઈએ તો બીજા દિવસે જ પોતાના લૌકિક પતિને તથા આ જોધપુરને છોડતાં આગેકૂચ કરી. આમ ચંદાબાઈને શ્રીમદ ગોકુલ તરફ વિદાય કરીને ઉદેપુરથી આવેલા મહારાણાનાભાઈ વી.વી. ઉદેપુર પાછા ગયા તેમજ ઉદેપુર જઈને ચંદાબાઈના કુશળ સમાચાર મહારાણીને કહી સંભળાવ્યા.

જ્યારે બીજી તરફ લશ્કરી સેના જેવા કાફલા સહિત શ્રીમદ ગોકુલ તરફ પ્રયાણ કરી રહેલ ચંદાબાઈ કેટલાક દિવસે શ્રીમદ ગોકુલ આવી પહોંચ્યા અને શ્રી ગુસાંઈજી જ્યાં બિરાજતા હતા ત્યાં આવીને શ્રી ગુસાંઈજીના દર્શન કર્યા અને બે હાથ જોડીને ઉભા રહ્યા. બાદ લીલામાં જે અંતરંગ જેવાં છે તે આ ચંદાબાઈને જોઈને શ્રી ચંદ્રાવલીજીના ગુપ્ત સ્વરૂપવાળા શ્રી ગુસાંઈજીએ પ્રસન્ન થતાં પૂછ્યું કે ચંદાબાઈ..... આવ્યા ?...... જવાબમાં ચંદાબાઈએ કહ્યું કે હા... રાજ... આવી તો ખરી પરંતુ આ દેહ પર કઠીન ઘાતો આવેલી હોવા છતાંય રાજની કૃપાથી કોઈનું કંઈ ચાલ્યું નહિ. વળી કેવળ આપશ્રીના ચરણારવિંદના પ્રતાપથી જ બન્ને ઠેકાણેથી ડંકા વગાડીને રાજના ચરણારવિંદમાં આવી પહોંચી છું..... આમ આટલું બોલતાંની સાથે જ ચંદાબાઈ ગદગદ થઈ ગયાં અને દંડવત્ પ્રણામ કરતાં કરતાં શ્રી ગુસાંઈજીના ચરણારવિંદમાં ઢળી પડ્યાં. પરિણામે દેહની શુદ્ધિ પણ રહી નહિ , ચંદાબાઈની આવી પરિસ્થિતિ જોઈને શ્રી ગુસાંઈજીએ પોતાના બન્ને ચરણારવિંદ ચંદાબાઈના મસ્તક ઉપર પધરાવતાં સાથે રહેલી સાહેલીઓએ ચંદાબાઈના બે હાથ પકડીને ચંદાબાઈને બેઠા કરતાં દંડવત્ પ્રણામ કરીને ચંદાબાઈ બેઠા થયાં અને.... પછી શ્રી ગુસાંઈજીએ વચનામૃતો દ્વારા સિંચન કરતાં ચંદાબાઈનો ત્રણેય પ્રકારના તાપ તરત જ નિવૃત થઈ ગયા. તેમજ સાથે સાથે ધીરજ પણ આવી ગઈ. તે પછી વળી અલૌકિક રસનું વિશેષ સિંચન કરવા અર્થે શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે વ્રજભક્તોએ શ્રી ગોપીજન વલ્લભ (રસાત્મક સ્વરૂપ) શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુને વિનંતી કરી હતી કે " સંત્યજન સર્વ વિષાયાન્ સ્તવપાદમુલ પ્રાપ્તા વંય ".... એટલે કે સંસારની દરેક વસ્તુને અથવા તો સંસારના દરેક પ્રકારના સુખોને છોડી દઈને આપના ચરણારવિંદમાં આવ્યા છીએ એટલે હવે જઈએ પણ

ક્યાં?... એટલે સમજો કે પોતાના જીવોને છોડાવાને બદલે શ્રી ઠાકોરજી તો પોતાના જીવોને સંસારના તુચ્છ વિષય સુખમાંથી પોતાના ચરણારવિંદની સેવામાં જ રહેવાની ભાવના ઉત્પન્ન કરાવે છે.... આમ શ્રી ગુસાંઈજીએ આવા પ્રકારે કરેલા રસ સિંચનથી ચંદાબાઈના હૃદયમાં અલૌકિક રસભાવના પ્રગટ થઈ અને....

અને.... એટલે એ જ.... વિશેષ કંઈ નહિ.

હવે આ ચંદાબાઈ સ્વરૂપે બહુ જ રૂપાળાં અને સુંદર હતાં તેમજ તેમના માથા ઉપર બિરાજેલા શ્રી ઠાકોરજીનું પરમ અદભુત ભગવદ્ તેજ એટલું બધું ઝગમગતું હતું કે ગમે તેવો શક્તિમાન પુરુષ હોય તો પણ ચંદાબાઈના મોઢા સામે જોઈ શકે જ નહિ એટલે સમજો કે શ્રી ઠાકોરજીએ કરેલા અનુગ્રહથી ચંદાબાઈના દેવી જીવનનો આવો અલૌકિક પ્રભાવ હતો. વળી શ્રી ઠાકોરજીના ચરણારવિંદની સેવાના પ્રભાવથી ચંદાબાઈએ પોતાના માટે કેવળ નાકની એક નાથની તથા ગળામાં પહેરવાનું તનમનીયું (સૌભાગ્ય તરીકેનું મંગલસૂત્ર) રાખીને બાકીનું બધુંય એટલે કે પોતાને પહેરવાનાં કેટલાંક કીંમતી વસ્ત્રો તેમજ હીરા-મોતી વી. રત્ન જડીત પોતાનાં જે સુવર્ણનાં આભૂષણો હતાં તે વી. વી. એટલે આમ આવું બધુંય શ્રી ગુસાંઈજીનાં બેટીજીને અગીકાર કરાવી દીધાં. બાદ શ્રી ગુસાંઈજી શ્રી ગિરિરાજજીની કંદરામાં પધાર્યા પછી.... એટલે કે શ્રી ગુસાંઈજીએ આસુરવ્યામોહ લીલા કર્યા પછી.... ચંદાબાઈએ બધી લૌકિક વસ્તુઓનો ત્યાગ કર્યો એટલે પોતાના શરીર ઉપર રંગીન કપડાં પહેરે નહિ અને શ્રી ઠાકોરજીના આરોગ્ય પછી કેવળ પોતાના દેહ-નિર્વાહ માટે મગની દાળ તથા રોટલી તરીકેનો મહાપ્રસાદ લઈને અને શ્રી ઠાકોરજીની સેવામાં મસ્ત બની રહીને પોતાનું જીવન વિતાવવા લાગ્યાં. આમ કરતાં કરતાં થોડા દિવસ વિત્યા બાદ ચંદાબાઈએ એવું કર્યું કે શ્રીમદ્ ગોકુલમાં યશોદા ઘાટનો કોટ બનાવ્યો તેમજ શ્રી મથુરામાં શ્રી યમુનાજીના તીરે શ્રી વિશ્રામ ઘાટ ઉપર એક હવેલી બનાવી : વળી ચંદાબાઈ જ્યારે જ્યારે મથુરામાં આવે ત્યારે ત્યારે આ હવેલીમાં જ ઉતરે.

આમ ને આમ થોડોક સમય પસાર થયા બાદ એક સમયે ચંદાબાઈ મથુરા આવ્યાં અને પોતે બંધાવેલી હવેલીમાં ઉતારો કરી રહ્યાં. આવામાં આગ્રા ગયેલા જહાંગીર બાદશાહ આગ્રેથી દિલ્હી તરફ જતાં વચ્ચે આવતા આ મથુરામાં રહેવાનો વિચાર કરીને જહાંગીર બાદશાહ મથુરામાં રહ્યા.... હવે ઈશ્વરી સંકેતે અહીં એવું બને છે કે કોઈ દુષ્ટ ભાવનાવાળા મ્લેચ્છે બાદશાહને ચાવી ચઢાવી કે જે મહારાણા કદી પણ નમ્યા નથી એવા ઉદેપુરના મહારાણાની કુંવરી ચંદાબાઈ અહીંની એક હવેલીમાં આવી રહેલાં છે. એટલે જો તે કુંવરીને પકડીને લાવવામાં આવે તો ઉદેપુરના મહારાણા અહીં આવીને આપના પગમાં નમી પડશે. એટલે આટલો આ મોકો જવા દેવો તે ઠીક નહિ.... પછી તો જેવી આપની ઈચ્છા. હવે રાજા, વાજા અને વાંદરાની કહેવત મુજબ જહાંગીર બાદશાહે કંઈ પણ વિચાર કર્યા સિવાય ચંદાબાઈને પકડી લાવવાનો હુકમ કરતાં દશ હજાર માણસોની એક ફોજ તૈયાર થઈને ચંદાબાઈના મુકામ તરફ ગઈ . આમ બાદશાહ તરફથી દશ હજાર માણસો ચંદાબાઈની હવેલી તરફ જતાં હોવાથી શહેરમાં સૌ કોઈ આશ્ચર્ય પામ્યાં કે આજે વળી આ શું છે ?... અને પછી તો સમજો કે વાત ફેલાતાં ફેલાતાં સૌના જાણવામાં આવ્યું કે બાદશાહ તરફથી મોકલવામાં આવેલા આ બધાય માણસો ચંદાબાઈને પકડી લાવવા માટે ચંદાબાઈની હવેલીએ જઈ રહ્યાં છે. બાદ ચંદાબાઈ સહિત સાહેલીઓ તથા ચંદાબાઈનાં બીજા માણસો એમ સૌ કોઈના સાંભળવામાં આવતાં ચંદાબાઈ સિવાય સૌ કોઈ ગભરાઈ જઈને વિચારમાં પડી ગયાં કે દુષ્ટ ભાવનાવાળા આ મ્લેચ્છો અહીં આવીને કેવાં કેવા જુલ્મો કરશે !.... હવે પોતાના પક્ષવાળા સૌ કોઈ ગભરાઈ ગયેલા છે એવું જોઈને ચંદાબાઈએ સૌને ધીરજ આપતાં કહ્યું કે હું અહીંયાં હોવા છતાંય તમે સૌ શા માટે ગભરાવ છો ?.... માટે જરાય ગભરાયા સિવાય પોતપોતાનું કામ કરો...... આવામાં જહાંગીર બાદશાહે મોકલેલા દશ હજાર મ્લેચ્છ લોકો ચંદાબાઈની હવેલી પાસે આવી પહોંચ્યાં અને હવેલીને ઘેરી લઈને તોફાન જેવું કંઈક કરવા લાગ્યા. ચંદાબાઈ ઉપર આવી પડેલી આવી આફત જોઈને ગામના લોકો પણ ગભરાઈ જઈને બોલવા લાગ્યા કે આજે ચંદાબાઈનો ધર્મ ટકી રહેવો મુશ્કેલ છે........ વળી આવા ભગવદીય વૈષ્ણવ ઉપર બાદશાહે આવું કર્યું તો પછી સામાન્ય માણસ ઉપર બીજું કંઈ અયોગ્ય કરે તેમાં નવાઈ શું ?....

બાદ બાદશાહે ઉત્પન્ન કરેલા આવા પ્રકારના ત્રાસથી પોતાના માથે બિરાજતા અનંત શક્તિમાનની પ્રતાપબળથી ચંદાબાઈએ તો એવું કર્યું કે પોતે પહેરેલ સાડી ઉંચી કરીને પોતાના પગની વચ્ચેથી પાછળ ખોસીને કાછડો વાળ્યો તેમજ માથા પર એક કપડુ બાંધીને હવેલીની બહાર આવ્યાં અને જ્યાં મ્લેચ્છ લોકો તોફાન કરી રહ્યા હતા ત્યાં આવીને ચંદાબાઈએ દુષ્ટ ભાવનાવાળા મ્લેચ્છાને કહ્યું કે,કેમ તોફાન કરી રહ્યા છો ? .... જવાબમાં એકે કહ્યું કે બાદશાહના હુકમથી અમે તમને પકડવા માટે આવ્યા છીએ બાદશાહ તરફથી મોકલવામાં આવેલા માણસોની આ વાત સાંભળીને ચંદાબાઈએ કહ્યું કે તમારે પકડવાનું શું કામ છે ?..... વળી તમે મને પકડીને શું લઈ જવાના હતા ?..... ચાલો તમે

કહો ત્યાં હું પોતે જ આવું છું ... આમ આવું કહીને જેમ સિંહ ગર્જના કરતો હોય છે તેમ ગર્જનારૂપેથી શુરવીરતા અને સ્વરૂપે ગંભીરતા ધારણ કરીને સૌની આગળ ચંદાબાઈ ચાલવા લાગ્યાં .... હવે ચંદાબાઈની ચાલવાની ઢબ જ એવી હતી કે જે જોઈને સૌ મ્લેચ્છ લોકો ચંદાબાઈથી દૂર ચાલે અરે પાસે જવાની હિંમત પણ કોઈ કરે નહિ. એટલે સમજો કે આવું અદભુત પ્રતાપી ગંભીર સ્વરૂપ ધારણ કરીને સૌની આગળ ચાલતાં ચાલતાં ચંદાબાઈએ તો જહાંગીર બાદશાહ મુકામે આવી પહોંચતાં કોઈને પૂછ્યા વિના એકદમ બાદશાહ પાસે જઈને ઉભા રહ્યાં.

આમ ચંદાબાઈ બાદશાહ પાસે જઈને ઉભાં તો રહ્યાં પરંતુ ચંદાબાઈએ ધારણ કરેલા ગંભીર સ્વરૂપને જોતાંની સાથે જ બાદશાહ તો થર થર ધ્રુજવા લાગ્યો. અરે... એટલું જ નહિ પરંતુ ચંદાબાઈના તેજસ્વી સ્વરૂપ પાસે ઝાંખો પડી જઈને ગભરાવા જ લાગ્યો અને પછી સિંહ જેવી ગર્જના કરીને ચંદાબાઈ બાદશાહને કહેવા લાગ્યા કે અરે, આ ભારતવર્ષના સમ્રાટ બાદશાહ ધિક્કાર છે તમને, તમારા આ સમ્રાજ્યને અને તમારા આ બાવીસ લાખ માણસોના લશ્કરને.... બાકી એક અબળા થઈને તમને વિશેષ કહુપણ શુ? છતાંય સાંભળોકે ભારતવર્ષમાં ઉદેપુર રાજ્યના સીસોદીયા મહારાણાની સાથે લડાઈ કરીને જીતવાની હિંમત તમારામાં નહિ હોવાથી આવો બાયલા જેવો વિચાર કર્યો ?.... વળી આ કુંવરી જેવાતેવાની નથી એટલે કે તે તો છે સીસોદીયા તરીકેના ઉદેપુરના મહારાણાની- એટલે જો તમારશરીરમાં સંપૂર્ણ વીર્યબળ અને ધૈર્યતાપૂર્વકની અપૂર્વ શક્તિ હોય તો તમારા બાવીસ લાખ માણસોના લશ્કર સાથે તલવાર બાંધીને સીસોદીયા રજપૂતો સામે એક સંગ્રામ રચો અને પછી તે સંગ્રામમાં સીસોદીયા રજપૂતોને હરાવીને રાજશિરોમણી તરીકેના ઉદેપુરના મહારાણાને જો જીવશો તો જ તમારી કીર્તિ જગતમાં ઉજળી થશે. બાકી તો આવી રીતે બાયલાપણું કરીને સ્ત્રી જાતિ તરીકેની એકળ અબાથી તમારી કીર્તિ જગતમાં કલંકીત થશે કે જેની સાથે સાથે આખા ભારતમાં તમારા નામની હાંસી પણ થશે. એટલે તમે તમારા આવા અધર્મ કાર્યથી ઉદેપુરના મહારાણાને શું નમાવી શકવાના હતા ?.....

આમ શુરવીરતા ભરેલાં ચંદાબાઈનાં વચનો સાભળીને જહાંગીર બાદશાહ તો ચકિત થઈ જતાં ભોંઠો જ પડી ગયો અને ખરેખર પોતાની શરણ આવી જવાથી પોતાનું મોઢું તો જાણે સમજો કે ઉતરી જ ગયું. આમ આવા પ્રકારના વાતાવરણથી બાદશાહના હૃદયમાં વિવેકભરેલી ભાવના પ્રગટ થઈ જતાં બાહશાહે એક હજાર રૂપિયાની શાલ ચંદાબાઈના શરીર ઉપર ઓઢાડી તેમ સુવર્ણમય બે શ્રીફળો ચંદાબાઈના ખોળામાં મુક્યાં તેમજ પાંચસો વીઘા જમીન આપીને આખરે બે હાથ જોડીને ક્ષમા માંગતા બાદશાહ કહેવા લાગ્યા કે તમે મારા ધર્મનાં બેન છો અને હું તમારો ધર્મનો ભાઈ છું એટલે તમે હવે મારાં બેન તરીકે હોવાથી મારી પાસે કંઈક માંગો. આમ બાદશાહની પલટાએલી ભાવનાના આધારે ચંદાબાઈએ એવું માંગ્યું કે જે માણસે તમને આવી દુષ્ટ ભાવનાવાળી સલાહ આપીને આવું અધમ કાર્ય કરાવ્યું છે તે માણસમે કોઈ પણ પ્રકારની શિક્ષા કરીને દુઃખી નહિ કરતાં તેને માફ કરશો.

બાદ ચંદાબાઈએ માંગેલા વચનના (વરદાનના) શબ્દો સાંભળીને બાદશાહ તો ચકિત જ થઈ ગયો અને પછી પ્રસન્ન થતાં બાદશાહે કહ્યું કે બેન, ખરાબ કર્તવ્ય કરનારને પણ સુખી કરવાની તમારી ભાવના જોઈને એવું જ સમજાય છે કે તમારી ભક્તિ ખરેખર સાચી જ છે.... આમ આવું કહીને ચંદાબાઈને એક પાલખીમાં બેસાડ્યાં અને. ... પછી તો સમજો કે બાદશાહ પોતે પોતાની જાતે જ ચંદાબાઈને હવેલીએ પહેંચાડી ગયો. અરે, બાદશાહ ચંદાબાઈને પોતાની હવેલીએ પહોંચાડી તો ગયો પરંતુ ચંદાબાઈનો આવો અલૌક્કિ પ્રભાવ જોઈને મથુરામાં રહેતાં બધાય લોકોનાં દુઃખ અને તાપ નિવૃત્ત થતાં સૌ અતિ આનંદ પામ્યાં. ટુંકમાં કે આવા આ પ્રસંગથી ઉદેપુરના મહારાણાએ બદલે જહાંગીર બાદશાહ પોતે જ નમી ગયો. એટલે આ છે ભગવદ્ ભક્તોના અલૌક્કિ જીવનનો પ્રભાવ.....

તે પછી થોડાક દિવસો મથુરામાં રહીને ચંદાબાઈ શ્રીમદ્ ગોકુલ આવ્યાં અને શ્રી ઠાકોરજીની સેવામાં રહીને પોતાનું દેવી જીવન વ્યતિત કરતાં કરતાં આખરે શ્રી ગુસાંઈજીનાં ચરણારવિંદમાં પ્રાપ્ત થયાં ....

આમ ચંદાબાઈ શ્રી ગુસાંઈજીનાં ચરણારવિંદમાં જે સમયે પ્રાપ્ત થતાં તે સમયે શ્રી ગોકુલનાથજી તથા શ્રી ઘનશ્યામજી દર્શન આપતા હતા. વળી ચંદાબાઈ જ્યાં સુધી ભૂતળ પર રહ્યાં હતાં ત્યાં સુધી જહાંગીર બાદશાહ પોતે ચંદાબાઈ પ્રત્યે પવિત્ર ભાવ રાખીને ચંદાબાઈની દરેક પ્રકારની સંભાળ રાખતા હતા. એટલે સમજો કે આવો પ્રભાવ શ્રી વિઠ્ઠલનાથજી સિવાય અન્ય કોઈને હોઈ શકે જ નહિ. હવે ચંદાબાઈએ મથુરામાં જે હવેલી બાંધેલી હતી તે હવેલી શ્રી ઘનશ્યામજીને વ્હેંચણી તરીકે ભાગમાં મળી હતી. આમ આવાં આ ચંદાબાઈનાં ચરિત્રો અનંત છે કે જેથી લખતાં પાર પણ આવે નહિ અને જે જે કંઈ લખ્યું છે તે શ્રીનાથજીનાં વચનામૃતોમાંથી લખ્યું છે.

આમ અલૌકિક પતિના સંબંધોનો ત્યાગ કરી બતાવનાર ચંદાબાઈની વાર્તા સંપૂર્ણ.

૧૭. બે કુંભાર ભાઈઓ

આ હિન્દુસ્તાન દેશમાં આવેલા ગુજરાત પ્રાતમાં એક રાજનગર નામનું શહેર આવેલ છે કે જે શહેરને હાલનું અમદાવાદ કહેવાય છે. આમ આ અમદાવાદ શહેરમાં આ બે કુંભાર ભાઈઓ રહેતા હતા અને પોતાના જીવન નિર્વાહ અર્થે પોતાની જાતિનો ઉઘોગ કરતા હતા એટલે કે માટીના વાસણો વિ. બનાવવાનો ધંધો કરતા હતા. પછી.... સમય અનુસાર શ્રી ગુસાંઈજીના સેવક બનીને શ્રી ગુસાંઈજીના ચરણારવિંદની સેવા પધરાવીને હૃદયના કોઈ અલૌક્કિ ભાવથી સેવક કરતા હતા. આમ પોતાના ભાવ મુજબ દેવી જીવન વ્યતિત કરતા કરતા આ બંને કુંભાર ભાઈઓ પોતાનું જીવન સુખેથી જીવી રહ્યા હતા.

હવે કોઈ પણના જીવનમાં જ્યારે કંઈક ઉલટું જ પરિવર્તન થવાનું હોય છે. ત્યારે શાન્તિપૂર્વક ચાલી રહેલા પોતાના સુખી જીવનમાં ન ધારેલ હોવા તેવું કંઈક નવાજુનું થયા વિના રહેતું જ નથી..... એટલે આ નિયમે આ બંને કુંભાર ભાઈઓ માટે પણ કંઈક એવું જ બને છે કે એક દિવસ આ બન્ને ભાઈઓ પૈકી મોટાભાઈ કોઈ એક કાર્યાર્થે ગામમાં ગયા અને નાનાભાઈ પોતાનું કામ કરવા લાગ્યા એટલે કે તૈયાર કરી રાખેલા માટીના કાચા વાસણોને પકાવવા માટે નાનાભાઈ નિભાડામાં ગોઠવવા લાગ્યા. આમ કાચા વાસણો ગોઠવતા ગોઠવતા લગભગ અડધા જેટલા વાસણો ગોઠવાઈ ગયા હશે એવામાં પોતાના બચ્ચાને લઈને એક બિલાડી આ નિભાડા પાસે અચાનક આવી અને નિભાડામાં ગોઠવેલા વાસણોના થરની વચ્ચેનું સ્થળ પોતાને (બિલાડીને) એકાંત જેવું લાગવાથી વિચાર કર્યો કે મારાં બચ્ચાં માટે અહીં કોઈ જાતનો ભય નથી. આમ આવુ વિચારીને પોતાના બચ્ચાંને આ નિભાવડામાં એકાંત જેવા માનેલા સ્થળમાં મુકીને જીવન નિર્વાહ અર્થે બિલાડી તો પાછી જતી રહી. હવે નાનાભાઈ નું ધ્યાન તો કેવળ કાચા વાસણો ગોઠવવામાં જ હતું કે જેથી પોતાના બચ્ચાંને લઈને આ બિલાડી આવી અને નિભાડામાં વાસણોના કરેલા ત્રીજા થરની વચ્ચે પોતાના બચ્ચાંને મુકીને પાછી જતી પણ રહી તે નાનાભાઈને ખ્યાલ પણ ક્યાંથી હોય !...... એટલે પછી બાકી રહેલા વાસણો લાવી લાવીને અને થર ઉપર થર કરીને પોતે ગોઠવી રહ્યા હતા. બાદ બધાય વાસણો નિભાડામાં ગોઠવાઈ જતા નિભાડાની ચોતરફ દેવતા મુકીને નિભાવડાને સળગાવ્યો.

આવામાં પોતાના નિર્વાહ અર્થે રહેલી બિલાડી પોતાના બચ્ચાંની સંભાળ લેવા માટે નિભાડા પાસે આવી. અરે, નિભાડા પાસે આવી તો ખરી પરંતુ નિભાડાને સળગતો જોતાની સાથેજ પોતાના બચ્ચાંને લેવા માટે નિભાડા ચોતરફ ફરવા લાગી. આખરે ચોતરફ દેખાતા અગ્નિના કારણે પોતે પોતાના બચ્ચાં પાસે જઈ નહિ શકતા સળગતા નિભાવડા જોઈ જોઈને નિભાડાથી સ્હેજ દૂર ઉભી અને પછી તો સમજો કે જીવ માત્રમાં પ્રવેશ કરી ચુકેલી માયાને કારણે બિલાડી ટળવળવા લાગી....... પરિણામે કેમ જાણે પોતાના બચ્ચાંના વિયોગથી પોતાને ખરેખર આઘાત જ લાગ્યો હોય તેમ રૂદન રૂપેનો જોરથી અવાજ કરીને આમ તેમ ચક્કર મારવા લાગી. આમ બિલાડીનો જોરજોરથી અવાજ સાંભળતા નાનાભાઈ નિભાડા પાસે ચક્કર મારવા લાગ્યા. આમ બિલાડીનો જોરજોરથી અવાજ સાંભળતા નાનાભાઈ તો નિભાડા પાસે ચક્કર મારી મારીને અવાજ કરી રહેલી બિલાડી પાસે આવ્યાઅને ટળવળતી બિલાડીને નિભાડા પાસે ઉભી રહીને ખરેખર રૂદન જ કરતી હોય તેવું જણાતા નાનાભાઈ વિચાર કરવા લાગ્યા કે જરૂર આ બિલાડીના બચ્ચાં આ નિભાડામાં હશે. અને પછી તો અરે . . . આ મેં શું કર્યું ?..... અરે, ધ્યાન રાખ્યા સિવાય મેં પાપીએ આ આ કેવું કાર્ય કર્યું ?..... વળી નિભાડો તો સળગી રહ્યો છે કે જેથી તેનાં બચ્ચાં બચ્ચાં પણ ક્યાંથી હોય !... .પોતાના હૃદયમાં આવી રીતેની હાય-હાય થઈ જતા નાનાભાઈને તો પોતાના શરીરે ધ્રુજારી આવી જતા ધ્રુજતા ધ્રુજતા બિલાડીની માફક રડવા લાગ્યા. પરંતુ હવે પોતે કરે પણ શું ?.... આવામાં એક પ્રકારેના ભયના કારણે પોતાનું ભાન જ ભૂલાઈ ગયું હોય તેવી દશામાં પલ્ટાઈ જતા નાનાભાઈએ તો શ્રી ગુસાંઈજીનું સ્મરણ કર્યું અને સાથે સાથે વિનંતી પણ કરી કે પ્રભુ, આવુ.. ... બની ગયું છે કે જેથી અત્યારે તો આ બચ્ચાંને જો આપ બચાવો તો જ બચે એવું છે .... આમ આવું બોલીને નાનાભાઈએ તો

અગ્નિને શ્રી ગુસાંઈજીની આણ દીધી કે અગ્નિ... તને શ્રી ગુસાંઈજીની આણ છે કે જેથી આ સળગતા નિભાવડામાં રહેલા બિલાડીના બચ્ચાં પાસે તું જતો નહિ. આ પ્રમાણે આણ જોઈ જોઈને હૃદયથી બહુજ પશ્ચાતાપ કરવા લાગ્યા.

આમ નિભાડા સામે ઉભા રહીને નાનાભાઈ પશ્ચતાપ કરી રહ્યા છે એવામાં ગામમાં ગયેલા મોટાભાઈ ઘરે આવ્યા અને મોટાભાઈને આવેલા જોઈને નાનાભાઈએ કહ્યું કે આ સળગતા નિભડામાં હું જ્યારે કાચા વાસણો ગોઠવતો હતો ત્યારે આ બિલાડી આવી હશે તેમજ પોતાના બચ્ચાંને આ નિભાડામાં મુકેલા હશે તેવી મને કંઈ ખબર ન હતી અને પછી તો સમજો કે બધાય કાચા વાસણો નિભાવડામાં ગોઠવાઈ જતા મેં પાપીએ તો દેવતા મુકીને નિભાડાને ચોતરફથી સળગાવ્યો. આમ નિભાડાને સળગાવ્યા પછી આ બિલાડીએ અહીં આવીને જ્યારે જોર જોરથી બુમાબુમ કરવા માંડી ત્યારે હું અહીં આવ્યો અને બિલાડીને જોઈને મને એવું થયું કે તેના બચ્ચાં આ સળગતા નિભાડામાં હશે એટલે આવી રીતે બની ગયેલી આ ઘટનાથી હવે મારી શું દશા થશે ?..... નાનાભાઈની આવી વાત સાંભળતા મોટાભાઈએ હાય-હાય ......બોલીને કહ્યું કે આ તો મોટી હત્યા થઈ .... પછી તો સમજો કે આ બંને ભાઈઓ બહુ જ ખેદ કરવા લાગ્યા. અરે, એટલું જ નહિ પરંતુ બિલાડીને અસહય દુઃખ થતા બિલાડી જેમ આખી રાત્રિ નિભાડા પાસે જ બેસી રહી હતી તેમ આ બંને ભાઈઓ અસહ્ય દુઃખ થતા બિલાડી જેમ આખી રાત્રિ નિભાડા પાસે જ બેસી હતી તેમ આ બંને ભાઈઓ પણ પશ્ચાતાપ કરતા કરતા આખી રાત્રિ નિભાડા પાસે જ બેસી રહ્યાં. આખરે સવાર થતા ભય પામેલા નાનાભાઈ તો આઘાપાછા થઈને શ્રી ગુસાંઈજી પાસે ગયા અને બની ગયેલી આવી દુઃખદ્ ઘટનાની વાત કરતા કરતા રડવા લાગ્યા. આમ નાનાભાઈની આવી પરિસ્થિતી જોઈને શ્રી ગુસાંઈજીએ આશ્વાસન આપતા આજ્ઞા કરી કે તમે ચિંતા ન કરો.... શ્રી ઠાકોરજીની કૃપાથી તે બિલાડીના બચ્ચાંને અગ્નિએ બાળ્યા નથી એટલે કે બચ્ચાં જીવતા જ રહ્યા છે કે જેથી કોઈ પણ જાતીની ચિંતા કર્યા સિવાય શાંતિથી ઘરે જઈએ તપાસ કરો. શ્રી ગુસાંઈજીની આવા પ્રકારની આજ્ઞા વચનોનું પાલન કરીને નાનાભાઈ તો ઉતાવળે પોતાના ઘરે આવ્યા અને ......

અને ...ઘરે આવીને નિભાડા પાસે બેઠેલા મોટાભાઈ પાસે આવ્યા તેમજ આશ્વાસનરૂપે શ્રી ગુસાંઈજીએ કરેલી આજ્ઞાના વચનો કહી સંભળાવતા મોટાભાઈએ કહ્યું કે તેં શ્રી ગુસાંઈજીને કંઈ શ્રમ તો કરાવ્યો નથીને ?.... જવાબમાં ગુપ્ત રાખેલી વાતને ખુલ્લી કરતા નાનાભાઈએ કહ્યું કે આ નિભાડા પાસે આવી અને નિભાડાને સળગતો જોઈને જ્યારે તે કલ્પાંત કરવા લાગી હતી ત્યારે અગ્નિને મેં શ્રી ગુસાંઈજીની આણ દીધી હતી અને આવી રીતે આખી રાત્રિ પશ્ચાતાપ કર્યા પછી અત્યારે હું શ્રી ગુસાંઈજી પાસે ગયો અને બની ગયેલી આ ઘટનાની વાત કરતા આપે આજ્ઞા કરી કે બિલાડીના બચ્ચાં જીવતા જ છે. એટલે સમજો કે શ્રી ગુસાંઈજીનાં આવા વચનો સાંભળીને હુ પાછો તરત જ ઘરે આવ્યો અને.... હજી નાનાભાઈ વિશેષ વાત કરવા તો જતા હતા પરંતુ નાનાભાઈની વાત ઉડાડી દઈને વચ્ચેજ મોટાભાઈ કહેવા લાગ્યા કે અરે, શ્રી ગુસાંઈજીને આવો શ્રમ શા માટે કરાવો ?. ... અને પછી તો પોતાની જાતી પ્રત્યેનો વિચાર કરતા કહેવા લાગ્યા કે હે પ્રભુ અમારી કુંભાર જાતિના જીવનો જેમ જન્મ થાય છે તે જન્મ કેવળ જગતમાં અપરાધના પોટલા બાંધવા માટે જ થાય છે કારણકે જ્યારે જ્યારે નિભાડાને અમે સળગાવીએ છીએ ત્યારે ત્યારે પણ કોણ જાણે કેટલાય જીવોની હત્યા થતી હશે !. ..તેમા આજે તો આણે (નાનાભાઈએ) વળી શ્રી ગુસાંઈજીને શ્રમ આપવા બાદ એક મહાન અપરાધ કર્યો પરંતુ હવે અમજેવા જીવોની કેવી ગતિ થશે તે તો આપ જ જાણો !... આમ અતિ કલ્પાંત કરતા કરતા સૂર્યનો ઉદય થયો. અને બીજી તરફ નીભાડામાં પ્રગટાવેલો અગ્નિ પણ બુઝાઈ ગયો. આખરે નિભાડામાં શીતળતા આવી છે તેવું જોતા બંને ભાઈઓ નિભાડામાં ગોઠવેલા વાસણો જલદી જલદી ઉપાડવા લાગ્યા. આમ ગરમ લાગતા વાસણો ઉપાડતા જાય અને મનમાં વિચારતા જાય કે આવા સખ્ત તાપમાં આ વાસણો પાકીને ત્રાંબાના વાસણો જેવા થઈ ગયા છે તો પછી બિલાડીના બચ્ચાંતો વળી જીવતા હોય જ ક્યાંથી ?.....

આમ આવું આવું વિચારતાં જાય અને વાસણો ઉપાડતા જાય અને પછી વાસણો ઉપાડતા ઉપાડતા ગોઠવેલ વાસણોમાંના જ્યારે ત્રીજા થરના વાસણો ઉપાડવા જાય છે તો ત્રીજા થરના વાસણો કાચા નીકળ્યાં. અરે એટલું જ નહિ પરંતુ આ ત્રીજા થરના વાસણોને ધૂમાડા જેવી વસ્તુનો સ્પર્શ પણ થયો નથી તેમજ આ વાસણોને હાથ લગાડતા આ વાસણો બિલકુલ ઠંડાજ લાગ્યા પરિણામે આશ્ચર્ય પામીને આ ઠંડા વાસણો ઉપાડતા ઉપાડતાં બિલાડીએ જે જગ્યાએ પોતાના બચ્ચાંને જેમ જીવતા મૂક્યાં હતા તેમ તેજ જગ્યાએ જીવતા દેખાયા કે જે જોઈને આ બંને ભાઈઓના હૃદયમાં કંઈક શાન્તિ થઈ. આમ આ બન્ને ભાઈઓને શાન્તિ થયેલી જોઈને સામે ઉભેલી બિલાડીને કંઈક જ્ઞાન થઈ જતા બિલાડીતો નિભાડા પાસે આવી અને પોતાના બચ્ચાંને જીવતા જોઈને એટલે કે વિયોગ સંયોગ થયેલો જોઈને આ બિલાડીતો ખરેખર

હર્ષમાંજ આવી ગઈ .... પછી તો સમજો કે પોતાના બચ્ચાંને મોઢામાં લઈ તરત જ જતી રહી.... તે જતી જ રહી. અરે એટલું જ નહિ પરંતુ પાછુ વાળીને જોયું પણ નહિ.

જોયું ને !... આ છે સ્વાર્થનો પ્રભાવ એટલે કે સ્વાર્થ સાધ્યો કે બસ જય શ્રીકૃષ્ણ જ ... પછી સામું જુવે જ કોણ?... આમ આ બિલાડી તરીકેની લૌકિક આસક્તિવાળી જીવની આવી કેવળ સ્વાર્થ ભરેલી ભાવનાથી આ બન્ને ભાઈઓને બહુ જ દુઃખ થયું.

ત્યારબાદ કેવળ સ્વાર્થ ભરેલા માયાના પ્રભાવના અંજાયેલા જીવોમાંના જીવ તરીકેની આ બિલાડી પણ માયાના સંબંધરૂપે પોતાના બચ્ચાંને જીવતાં જોતાની સાથે જ પોતાના મોઢામાં લઈને જતી રહેવાથી આવી લૌકિકભાવના વાળી કેવળ તુચ્છ વસ્તુને માટે શ્રી ગુસાંઈજીને જે શ્રમ કરાવ્યો તે શ્રમ બદલ જ આ બન્ને ભાઈઓને બહુ જ દુઃખ થયું અને દુઃખ એટલા માટે થયું કે આ બિલાડીને કંઈ કદર થઈ !....ટુંકમાં કે આવા લૌકિક આસક્તિવાળા જીવોને માટે શ્રી ગુસાંઈજીને શ્રમ કરાવો તે કેવળ મહાન અપરાધ જેવું કર્યું જ કહેવાશે. એ સ્પષ્ટ સુચન થાય છે અને તેથી જ બન્ને ભાઈઓને બહુજ દુઃખ થયું.... આમ એક તુચ્છ વસ્તુ માટે શ્રી ગુસાંઈજીને શ્રમ આપવા આ બન્ને ભાઈઓને ખરેખર ચોટજ લાગી કે જે ચોટના આધારે આ બન્ને ભાઈઓના શાન્તિ પૂર્વક ચાલી રહેલા સુખી જીવન પરિવર્તન કરાવા માટે બન્ને ભાઈઓ ના હૃદયમાં વૈરાગ્ય પ્રવેશ કર્યો .....

હવે તો એજ જોવાનું રહ્યું કે આ બન્ને ભાઈઓનું સુખી જીવન હોવા છતાંય આ રીતે લાગેલી ચોટના કારણે હૃદયમાં પ્રસરેલા વૈરાગ્ય દ્વારા આ બન્ને ભાઈઓના જીવનમાં કેવા પ્રકારનું પરિવર્તન થઈ જાય છે !.....

ત્યારબાદ એવું બને છે કે મોટાભાઈ એ વિચાર કરીને નાનાભાઈને કહ્યું કે આપણી જાતિ તરીકેનો આપણો ધંધોજ એવો છે કે આપણા પેટ ભરવા માટે આવો ધંધો કરતા હંમેશા હજારો જીવોની હત્યા જ કરવી પડે છે. વળી નિભાડામાં રાખેલા બચ્ચાંઓ વળી જતા મોટી હત્યા લાગશે એવુ સમજીને તે શ્રી ગુસાંઈજીને શ્રમ કરાવ્યો એટલે આવી રીતે ભવિષ્યમાં પણ જ્યારે જ્યારે શ્રી ગુસાંઈજીને શ્રમ કરાવીશું જ. એટલે આવી રીતે વારંવાર શ્રી ગુસાંઈજીને શ્રમ કરાવતા કરાવતા આપણે જો અપરાધી બનતા રહીશું તો તે બદલ આપણી કેવી ગતિ થશે !.... આમ આવી વાત કરતા કરતા પોતાના આવા જીવન પ્રત્યે બન્ને ભાઈઓને ખરેખર અભાવ જ આવી ગયો કે જે આવી ગયેલા અભાવને કારણે તરત જ ગામના અમુક વૈષ્ણવોને બોલાવ્યા અને બન્ને ભાઈઓ અંદરો અંદર કરેલા નિર્ણય મુજબ મોટાભાઈએ વૈષ્ણવોને કહ્યું કે અમે બન્ને ભાઈઓ કાયમને માટે શ્રીમદ્ ગોકુલ જઈએ છીએ અને ત્યાં જઈને શ્રી ગુસાંઈજીના ચરણારવિંદમાં રહીને શ્રી ગુસાંઈજીની સુખેથી સેવા કરીશું. એટલે તમને બધાને કહેવાનું કે અમારૂ ઘર, ઘરમાં રહેલી બધીય વસ્તુઓ આ માટીના વાસણો વી.વી. બધી વસ્તુઓ વેચી નાખજો અને વેચતા જે ધન આવે તે ધન શ્રી ગુસાંઈજીને ત્યાં પહોંચતું કરી દેજો .... આમ આવું કહીને રસ્તાની ખર્ચી પુરતુ ધન લઈને લૌકિક જીવન તરીકે દેખાતા પોતાના લૌકિક જીવનનો, પોતાના ધનનો, પોતાની મિલ્કતનો ત્યાગ કરીને શ્રીમદ ગોકુલ જવા માટે તૈયારી કરી આખરે આ અમદાવાદનો પણ આ છેલ્લો ફેરોમાનીને આ અમદાવાદનો પણ ત્યાગ કરી બતાવતા આ બન્ને ભાઈઓ આ અમદાવાદથી ચાલી નીકળ્યા..... બોલ શ્રી ગુસાંઈજી પરમ દયાળ કી જય ....

હવે પોતાને પ્રાપ્ત થયેલા મનુષ્ય અવતારને પણ છેલ્લો ફેરો માનીને આ છેલ્લા ફેરામાંજ કાર્ય સિદ્ધ કરી લેવા માટે અમદાવાદથી ચાલી નીકળેલા આ બન્ને ભાઈઓ ચાલતા ચાલતા શ્રીમદ્ ગોકુલ આવી પહોંચ્યાં અને પછી તો શ્રી ગુસાંઈજી પાસે આવીને સાથે લાવેલ શ્રીફળ ભેટ કરીને બન્ને એ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા બે હાથ જોડી સન્મુખ ઉભા રહેતા અતિ પ્રસન્ન થયેલા શ્રી ગુસાંઈજીએ કરૂણા દ્રષ્ટિથી દર્શન કરાવ્યા કે જે દર્શન કરતાની સાથે જ આ બન્નેની ત્રિવિધ તાપ નિવૃત થયા.... તે પછી બન્નેના વતી મોટાભાઈએ વિનંતી કરતા કહ્યું કે હે રાજ, આ મનુષ્ય અવતાર તરીકેના અવતારના દેહમાં નિર્વાહ અર્થે કરવામાં આવતા ધંધાથી અનેક હત્યાઓ થયેલી હશે કે જે હત્યાઓમાંથી છૂટવા માટેં આપને શ્રમ આપવામાં પણ અમારા જેવા અધમ જીવોએ કંઈ બાકી રાખ્યું નહિ હોય કે જેથી હવે તો આવા આ દુઃખી જીવો પર કૃપા દ્રષ્ટિ કરીને જીવ તરીકેનું અમારૂં કાર્ય આ જન્મમાં જ સિદ્ધ કરી શકીયે એવો માર્ગ બતાવો. આ કુંભારભાઈઓની વાત સાંભળીને અતિ દયાળુ એવા શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરીકે તમારી હત્યાઓ થતી હોવાથી હવે તો તમે તે ધંધો કરશો નહિ. એટલે કે શ્રી ઠાકોરજીની સેવા કરતા કરતા અન્ય કોઈ ધંધા દ્વારા તમારા દેહનો નિર્વાહ કરજો.

બાદ શ્રી ગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે જ વર્તવાનો દ્રઢ નિશ્ચય કર્યો અને પછી ધંધા અર્થે તપાસ કરતા કરતા આ ગોકુલમાં રહીને પોતાનો નિર્વાહ ચાલી શકે તેવો કોઈ ધંધો નહિ દેખાતા બન્ને ભાઈઓ વિચાર કરવા લાગ્યા કે આપણે

ગોકુલમાં આવી ને રહ્યા તો ખરા પરંતુ આપણો જીવન નિર્વાહ ચાલે એવો કેઈ ધંધો આ ગોકુલમાં તો દેખાતો નથી કે જેથી હવે ધંધા માટે શું કરીશું ?.... વળી ધંધો કર્યા સિવાય નિર્વાહ પણ કેમ ચાલશે ?.... આમ આવો વિચાર કરતા કરતા આખરે મથુરામાં જવાનો વિચાર કરીને બીજા દિવસે શ્રી ઠાકોરજીની રાજભોગ સુધીની સેવાને પહોંચીને અને મહાપ્રસાદ લઈને બન્ને ભાઈઓ ચાલતા ચાલતા શ્રી ગોકુલથી છ માઈલ દુર આવેલા મથુરામાં આવ્યા આમ મથુરામાં આવીને વળી એવો પણ વિચાર કર્યો કે આપણે એવો ધંધો કરવો કે જેમા વૈષ્ણવતા પ્રગટ ન થાય.... પક્ષપાત જેવું ન થાય ..... અનિતિ જેવું ન થાય... અસત્ય બોલવા જેવું ન થાય.... કોઈની હત્યા જેવું ન થાય ...... અને પ્રભુને શ્રમ જેવું પણ કંઈજ ના થાય. આમ પોતાની આવા પ્રકારની ભાવનાઓ સાથે આ બન્નેઓને કોઈ ધંધો સુઝ્યો નહિ કે જેથી બન્ને ભાઈઓ નિરાશ થતા વિચારવા લાગ્યા રે આ પેટના માટે હવે શું કરીશું ?......

હવે એટલું સમજાય કેછે કે આખરે આ બન્ને પ્રભુના છે કતે જેથી આ બન્નેને થઇ રહેલુ દુઃખ પ્રભુથી સહન નહિ થવાથી બન્નેં હૃદયમાં પ્રભુ બિરાજતા અને પછી હૃદયમાં બિરાજીને પ્રભુ માર્ગ દર્શન કરાવવા લાગ્યા એટલે કે પ્રભુ જેમ જેમ માર્ગ દર્શન કરતા જાય છે તેમ તેમ આ વબનેં ભાઇઓ મથુરા ના બઝારોમાંથી પસાર થતા થતા મથુરાની કહેવાતી દાણાપીઠમાં આવી પહોચ્યા અને દાણાપીઠમાં આવેલી દુકાનો પાસે આમતેમ ફરવા લાગ્યા.આમ દાણાપીઠ માં ફરતા ફરતા બનેં ભાઇઓ વિચાર કરવા લાગ્યા કે આ અનાજ ઉપાડીને ગ્રાહકનાં ઘરે મુકી આવવાનો જ ધંધો આપણા માટે ઉતમ છે કે જેમાં સાચું ખોટું બોલવાનું નામ જ નહિ વળી કોઇની હત્યા નહિ વળીના પ્રભુને શ્રમ પણ નહિ. વાહ પ્રભુ વાહ ...આખરે રસ્તો બતાવ્યો ખરો !

ત્યારબાદ આવો વિચાર કરીને આવી મજુરી કરવાનો નિશ્ચય કરતા આ બન્ને ભાઈઓ જ્યા ઉભા હતા ત્યાં એક ગૃહસ્થે આવીને પોતાના પડેલા માલ તરફ ઈશારો કરી બતાવતા પોતાની ભાષામાં કહ્યું કે ચખપલબ .... હં .... ચખપલબ આવે આ બન્ને ભાઈઓ તો ગુજરાતી હતા જેથી આ ગૃહસ્થની ઈશારા સહિતની પોતાના ભાષાના શબ્દોમાં આ બન્ને કંઈ સમજી શકયા તો નહિ છતાંય આ બન્નો ભાઈઓ તો ગૃહસ્થની સાથે ચાલતા જે વસ્તુ પડી હતી તે વસ્તુને જોતાની સાથે હૃદયમાં પ્રભુ બિરાજતા એ માર્ગ દર્શન કરીને સમજાવ્યું કે આ કપડા બાધેલા ચોખાના બે પોટલા ઉપાડીને તેમના ઘરે મુકી આવવાને છે એટલે જ કહ્યું કે ચખપલબ .... હં .... ચખપલક અને પછી સમજો કે પ્રભુ દ્વારા આવી સમજ શક્તિઆવી જવાથી બીજો કંઈ પણ વિચાર કર્યા સિવાય બન્ને ભાઈઓ ચોખાનું એક એક પોટલું પોતાના માથા ઉપર ઉપાડી લઈને પેલા ગૃહસ્થની પાછળ પાછળ ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા ગૃહસ્થનું ઘર આવતા ચોખાના બન્ને પોટલાં પોતાના ઘરમાં મુકાવીને આ બન્ને ભાઈઓને એક એક આનો આપ્યો. આમ મજુરીનો એક એક આનો લઈને આ બન્ને ભાઈઓ પાછા દાણાપીઠમાં આવ્યા અને પછી આવી બીજી મજુરી કરતા કુલ ચાર પાંચ આના જેટલી કમાણી કરી અને પછી કોઈને પણ દુઃખ કર્યા સિવાય આજે કરેલી આવી સાચી કમાણીથી બન્ને ભાઈઓના હૃદયમાં કોઈ અલૌકિક આનંદમાને આનંદમાં ચાલતા ચાલતા સાંજના લગભગ પાંચ વાગ્યાના સુમારે ગોકુલ આવી પહોંચ્યાં. આમ પોતાના ઘરે આવી પહોંચતા આપરસ સ્નાન કરી અને પોતાના શ્રી ઠાકોરજીને ઉથ્થાપન કરાવીને શયન સુધીની સેવાને પહોંચીને મહાપ્રસાદ લીધો. બાદ રાત્રિનો સમય થઈ ગયેલો હોવાથી વળી શ્રી ગુસાંઈજી પાસે ગયા કે જ્યાં જઈને દંડવત્ પ્રણામ કરીને બેઠા. પછી કથા વચનામૃત સાંભળીને પોતાને ઘરે આવ્યા અને પછી સમજો કે સુઈ ગયા.

તે પછી વહેલી સવારે જાગીને દેહ સંબંધેના કાર્યોમાંથી પરવારીને શ્રી ગુસાંઈજીને ત્યાં ગયા અને ચરણસ્પર્શ કરીને પોતાના ઘરે આવ્યા કે જ્યા શ્રી ઠાકોરજીની સેવા પહોંચીને અને મહાપ્રસાદ લઈને ઘરના કાર્યમાંથી પરવારીને બન્ને ભાઈઓ સવારે નવ વાગતા સુધીમાં આવી ગયા. પછી તો સમજો કે ગઈ કાલની માફક આજે પણ દાણાપીઠમાં જઈને જે મલી આવે તે મજુરી કરવા લાગ્યા. હવે મજુરી કરતા કરતા સાંજના ચાર વાગતા સુધીમાં આઠ- દશ આના મજુરી મલી જતા મથુરાથી ચાલી નીકળ્યા અને પાંચ વાગતા સુધીમાં ગોકુલ આવી પહોંચ્યાં પછી શ્રી ઠાકોરજીની સેવાને પહોંચીને અને મહાપ્રસાદ લઈને પરવાર્યા પછી શ્રી ગુસાંઈજી પાસે ગયા કે જ્યાં દંડવત્ પ્રણામ કરીને કથા વચનામૃત સાંભળીને ઘરે આવીને સૂઈ ગયા. એટલે સમજો કે આ બન્ને ભાઈઓ પોતાના નિત્ય ક્રમ પ્રમાણે હંમેશા આ પ્રમાણે કરીને ગોકુલ જેવા સ્થળમાં રહીને પોતાનું દેવી જીવન આવી રીતે વ્યતિત કરવા લાગ્યાં.

હવે પોતાના સર્વસ્વનો ત્યાગ કરીને શ્રીમદ્ ગોકુલમાં આવી શ્રી ગુસાંઈજીના ચરણારવિંદમાં રહેવું,દેહ નિર્વાહ માટે રોજ બાર માઈલનો પ્રવાસ કરીને મથુરા જવું આવવું. પરસેવાની સાચી મજુરી પ્રાપ્ત કરવી, સેવાનો સમય થતાં સુધીમા જે મલ્યું તેમાં પાછું શ્રીમદ ગોકુલ આવી જવું. શ્રી ઠાકોરજીની સેવામાંથી પરવારીને રાત્રે નિત્ય શ્રી ગુસાંઈજીના વચનામૃતો શ્રવણ કરવા જવું વિ, વિ. આમ આવા પ્રકારે શ્રમ લઈને બંને ભાઈઓ જે મજુરી કરતા હતા તે મજુરી દ્વારા પ્રાપ્ત થતા ધનનો દર મહિને હિસાબ રાખતા અને હિસાબ કરીને કમાયેલા ધનના ત્રણ ભાગ પાડતા કે જેમાનો એક ભાગ શ્રી ગુસાંઈજીના ચરણારવિંદમાં ધરતા, બીજો ભાગ પોતાના જીવન નિર્વાહ માટે ઘરમાં રાખતા અને ત્રીજો ભાગ વૈષ્ણવની સેવા ટહેલમાં વાપરતા હતા. આમ ત્રીજો ભાગ વૈષ્ણવની સેવા-ટહેલમાં વાપરતા તો હતા પરંતુ તે એવી રીતે વાપરતા હતા કે આ બન્ને ભાઈઓ રાત્રિના સમયે વૈષ્ણવના ઘરે જાય અને આ બન્ને ભાઈઓ પૈકી એક ભાઈ વૈષ્ણવ સાથે ભગવદ વાર્તા કરવા લાગે જ્યારે બીજા ભાઈ ઘરમાં આમતેમ ફરતા ફરતા વૈષ્ણવ જાણે નહિ તેમ વૈષ્ણવની પથારીની નીચે મુકવા જેટલુ ધન મુકી દઈને પાછા આમ તેમ ફરવા લાગે. પછી કાર્ય સિદ્ધ થઈ ગયું છે એવું એક બીજાને જણાવે પોતાની ભગવદ વાર્તા સમાપ્ત કરીને અને વૈષ્ણવને જય શ્રી કૃષ્ણ કહીને બન્ને ભાઈઓ પોતાના ઘરે આવતા રહેતા હતા અને પછી ભગવદ વાર્તા કરનાર વૈષ્ણવતો સૂઈ જાય પરંતુ સવારે પથારી ઉપાડીને સાવરણી દ્વારા જ્યારે ઘરમાંથી કચરો કાઢે ત્યારે પોતાના હાથમાં પાંચ-છ રૂપિયા આવતા વૈષ્ણવ આશ્ચર્ય પામતા વિચાર કરે કે અરે.... પ્રભુ મારા ઘરમાં આ રૂપિયા ક્યાંથી આવ્યા હશે ?. ... પછી પ્રભુ ઈચ્છા માનીને આ રૂપિયાનો ઉપભોગ પોતે કરી કરી લેતા, તે પછી બીજા મહિને વળી બીજા વૈષ્ણવને ઘરે જાય અને આ પ્રમાણે ગુપ્ત રીતનો જ પાઠ ભજવીને પોતાનું કાર્ય સિદ્ધ કરતા હતા.

આમ કરતા કરતા આવું ઘણાય મહિના સુધી ચાલ્યું અને વળી વૈષ્ણવો વિચારતા તો હતા કે હંમેશા જ્યારે સાવરણીથી કચરો કાઢીએ છીએ ત્યારે રૂપિયા હાથ માં આવે છે પણ તેનું કારણ કંઈ સમજાતું નથી !.... આમ એક બીજાઓ સૌ વાત કરે પણ કોઈને કંઈ સમજાય નહિ . આવા માં શ્રી ગુસાંઈજીના એક કૃપાપાત્ર વૈષ્ણવે સૌને કહ્યું કે પેલા કુંભાર ભાઈઓ જ વારાફરતી સૌના ઘરે આવી આવીને રૂપિયા મુકી જાય છે. એટલે સમજોકે ખરો ગોકુલ વાસતો આ કુંભાર ભાઈઓએ જ કર્યો.... પછી આ બન્ને કુંભાર ભાઈઓએ કરેલી વૈષ્ણવોની આવી ગુપ્ત સેવાને ફલીત કરવા માટે આ કૃપાપાત્ર વૈષ્ણવે વિચાર કરીને પોતે શ્રી ગુસાંઈજીના ચરણસ્પર્શ કરવા ગયા અને....

અને પછી.... આ બન્ને કુભાંર ભાઈઓ જેમ રોજ ચરણસ્પર્શ કરવા આવતા હતા તેમ આજે પણ ચરણસ્પર્શ કરવા આવ્યા અને ચરણસ્પર્શ ..... કરીને પોતાના નિયમ મુજબ ના કાર્યો કરવા માટે આજે બન્ને ભાઈતો જતા રહ્યા. બાદ કેમ જાણે આમ કંઈ જાણતા નથી તેમ અજાણ થઈને આપે બાજુમાં બેઠેલાબીજા વૈષ્ણવોને પુછ્યું કે આ બન્ને કુંભારભાઈઓ તો નિભાડાનો ધંધોતો કરતા નથી કે જેથી પોતાનો નિર્વાહ કેવી રીતે કરતા હશે !.... શ્રી ગુસાંઈજીની આવી વાત સાંભળીને આપના કૃપાપાત્ર વૈષ્ણવેજ કહ્યું કે રાજ, આ બન્ને કુંભાર ભાઈઓ હંમેશા વહેલી સવારે ઉઠે છે સ્નાન કરીને આપના ચરણસ્પર્શ કરવા આવે છે ઘરે જઈને શ્રી ઠાકોરજીની સેવાને પહોંચીને મહાપ્રસાદ લીએ છે, પછી મથુરામાં જઈને દાણાપીઠામાં મજુરી કરે છે. અને પછી પાંચ વાગતા સુધીમાં પાછા અહીં ગોકુલમાં આવી જાય છે અને શ્રી ઠાકોરજીની સેવાને પહોંચીને મહાપ્રસાદ લઈને ઘરના કામમાંથી પરવારીને રાત્રે આપશ્રીના વચનામૃત શ્રવણ કરવા આવે છે અને તે પછી ઘરે જઈને સૂઈ જાય છે. વળી આટલું જ નહિ પરંતુ મજુરી કરી કરીને જેટલું કમાય છે તેના દર મહિના ત્રણ ભાગલા કરે છેકે જેમાનો એક ભાગ આપને ત્યાં આવે છે બીજો ભાગ પોતાના નિર્વાહ અને પોતાની પાસે રાખે અને ત્રીજો ભાગ વૈષ્ણવોની સેવા-ટહેલમાં વાપરે. હવે રાજ ત્રીજો ભાગ વૈષ્ણવોની સેવા-ટહેલમાં તો વાપરે છે તો ખરા પરંતુ એવી ગુપ્ત રીતે વાપરે છે કે કોઈને ખબરજ પડતી નથી. એટલે વારા ફરતી દર મહિને નવાનવા વૈષ્ણવોના રાત્રે ઘરે જાય અને તે ઘરવાળા વૈષ્ણવોની સાથે એક ભાઈ ભગવદ વાર્તા કરે અને બીજો ભાઈ વૈષ્ણવની દ્રષ્ટિ ચુકાવીને તેમની પથારી નીચે રૂપિયા મુકી દે ...... એટલે આવી રીતે આ બન્ને કુભાંર ભાઈઓ પોતાનું જીવન વ્યતિત કરતા કરતા શ્રીમદ્ ગોકુલ માં વાસ કરી રહેલ છે. વૈષ્ણવની આવી વાત સાંભળતા શ્રી ગુસાંઈજીનું હૃદય પ્રેમથી ઉભરાવવા લાગ્યું અને શ્રીમુખથી આજ્ઞા કરી કે ખરેખરે ગોકુલવાસ.... તો આ બન્ને ભાઈઓજે કરી જાણ્યો વળી આ બન્ને ભાઈઓની માર્ગીય રીતિ પ્રત્યે પણ આપણે શું સમજી શકવાના હતા ? .... કારણકે માર્ગીય જે રીતિ છે તે તો તેઓએ પ્રથમથી જ કરી બતાવી એટલે હવે શું કહેવું ?....

હવે શ્રી ગુસાંઈજી તો અંતર્યામી છે એટલે સૌના હૃદયની વાત જાણતા જ હોય છતાંય આ બન્ને કુંભાર ભાઈઓના હૃદયની ભાવનાઓ અન્ય વૈષ્ણવોને સમજાવવા માટે એક કૌતુક રચીને આજ્ઞા કરી કે આ બન્ને કુભાંર ભાઈઓ આજે રાત્રે વચનામૃત શ્રવણ કરવા આવે ત્યારે તેમની ઈચ્છા મુજબની વસ્તુ માંગવાનું હું તેમને કહીશ. એટલે આપણે જોઈએ તો ખરા કે તે બંને ભાઈઓ શું માંગે છે ?.... પછી સમજો કે રાત્રિનો સમય થતા આ બન્ને ભાઈઓ પોતાના ઘરના

નિત્યા કાર્યોમાંથી પરવારીને શ્રી ગુસાંઈજી પાસે આવ્યા અને દંડવત્ પ્રણામ કરીને સન્મુખ બેઠા, બાદ શ્રી ગુસાંઈજી કરી રહેલા વચનામૃતો સાંભળવા આ બન્ને ભાઈઓ સહિત સાંભળનારા સૌ વૈષ્ણવોને અલૌક્કિ આનંદ થયો. આવામાં કથા-વાર્તા સમાપ્ત થતા બધાય વૈષ્ણવો ઉઠી ઉઠીને પોતપોતાના ઘરે જવા લાગ્યા તેમજ બન્ને ભાઈઓ પણ પોતાના ઘરે જવા માટે ઉભા થયા કે તરત જ શ્રી ગુસાંઈજીએ પોતાના ખવાસને આજ્ઞા કરી કે આ બન્ને કુંભારભાઈઓને કહે કે તમને ઘરે જવાની આજ્ઞા નથી. આમ ખવાસ દ્વારા સાંભળેલી શ્રી ગુસાંઈજીની આજ્ઞાથી બન્ને ભાઈઓ તો મનમાં ગભરાવા લાગ્યા, વળી કેમ જાણે હાથ-પગની શક્તિ જતી રહી હોય તેમ થરથર ધ્રુજવા લાગ્યા વળી મનમાં વિચાર કરીને બોલવા લાગ્યા કે આને વળી શું અપરાધ થયો હશે ?... કોણ જાણે શ્રી ગુસાંઈજીએ આજે વળી આપણી શું વિચારી હશે ?..... આમ આવા વિચારો કરતા હૃદયથી ગભરાતા ગભરાતા અને શરીરમાંથી ધ્રુજતા ધ્રુજતા શ્રી ગુસાંઈજી પાસે આવ્યા અને સન્મુખ ઉભા રહેતા શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે તમે ધ્રુજો છો શા માટે ?.... ગભરાવ નહિ ...!.. તમારો કોઈ અપરાધ નથી... અમે તે તમારા ઉપર બહુ જ પ્રસન્ન થયા છીએ કે જેથી કંઈક માગી શ્રી ગુસાંઈજીની આજ્ઞાના આવા વચનો સાંભળીને બન્ને ભાઈઓ તો રાજી થવાને બદલે ગદગદ થઈ ગયા. મોઢામાંથી કાંઈ બોલવાની શક્તિ રહી નહી અને આંખોમાંથી આંસુઓ વહેલા લાગ્યા. બાદ જરા શાન્ત થતા બન્ને ભાઈઓ મનમાં વિચાર કરવા લાગ્યા કે જરૂર આપણો કંઈક અપરાધ થયો છે કે જેથી શ્રી ગુસાંઈજી આવી ન કરવા જેવી આજ્ઞા કરે છે. બાકી શ્રી ગુસાંઈજી પ્રસન્ન થાય તેવું તો કોઈ કાર્ય કર્યું નથી ?.... છતાય ઉલ્ટી પ્રસન્નતા બતાવીને કંઈક માગવાની આજ્ઞા કરે છે એટલે આમાં કંઈક છે... આમ આ બન્ને ભાઈઓ ઉભા રહીને વિચાર કરતા હતા એવામાં શ્રી ગુસાંઈજીએ ફરીને આજ્ઞા કરતા કહ્યું કે હૃદયમાં બીજો કોઈ પણ વિચાર કર્યા સિવાય તમને જે ઈચ્છા થતી હોય તે ખુશીથી માંગો.... અમે ખરેખર તમારા ઉપર પ્રસન્ન થયા જ છીએ. શ્રી ગુસાંઈજીની આ બીજી વારની આજ્ઞાના વચનો સાંભળીને બંને ભાઈઓના વતી મોટાભાઈએ વિનંતીથી કહ્યું કે રાજ, આપને પ્રસન્ન કરવા માટે જીવો અનેક સાધનો કરતા હોય છે પણ આપને પ્રસન્ન કરવા માટે સાધનરૂપેનો એકપણ ઉપાય જેમણે કર્યો નથી એવા અધમ અને પતિત અમે છીએ. છતાંય.... આમ જેવા ઉપર કૃપા કરીને આપ નિજ ઈચ્છાથી જે આમારા ઉપર પ્રસન્ન થયા છો તેજ અમારા માટે ઘણું છે એટલે આવી પ્રસન્નતાથી વળી બીજું અધિક માંગવાનું પણ હોય શું !...

આમ આ બન્ને ભાઈઓના હૃદયની આવા ભાવ જાણીને શ્રી ગુસાંઈજીએ વળી આજ્ઞા કરતા કહ્યું કે તમે બીજું કંઈક માગો. શ્રી ગુસાંઈજીની આગ્રહ ભરેલી આવી આજ્ઞાના વચનો સાંભળીને બંને ભાઈઓ વિચાર કરવા લાગ્યા કે આથી બીજું વધારે શું માંગીશું ? .... આમ વિચાર કરતા કરતા બંનેમાંથી કોઈને કંઈ સુઝ નહિ પડતા બંને ભાઈઓના હૃદયમાં આપ બિરાજમાન થયા અને પછી હૃદયમાં બિરાજીને આ બન્ને ભાઈઓ દ્વારા એવું મંગાવ્યું કે રાજ, આપ જે પ્રસન્ન થયા છો તે રીતે અમારા ઉપર સદાય પ્રસન્ન રહો એ જ અમે માંગીએ છાએ.... આમ આ બન્ને ભાઈઓની આવી વાત સાંભળ્યા બાદ શ્રી ગુસાંઈજીએ કરૂણા ભરેલી વાણીથી સિંચન કરતા આજ્ઞા કરી કે તમારા બંને ઉપર અમે સદાય પ્રસન્ન રહીશું. અને સાથે સાથે એ પણ આજ્ઞા કરૂ છું કે અમારા અન્ય સેવકોમાંથી જે સેવક તમારા ઉપર પ્રસન્ન રહેશે તેજ અમારો સેવક ગણાશે અને જે સેવક તમારા ઉપર અપ્રસન્ન રહેશે તે અમારો સેવક ગણાશે... નહિ... એટલે સમજો કે અમારી કૃપા તેમજ અમારા સેવકોની કૃપા એમ બન્ને રીતિથી અમારી કૃપા તમારા ઉપર રહેશે. આમ આવું "મહાન ફલદાન " આપીને બન્ને ભાઈઓના મસ્તકો ઉપર પોતાના બન્ને ચરણારવિંદ ધારણ કરીને આજ્ઞા કરી કે હવે તમે આ ..... રીતિથી શ્રીમદ્ ગોકુલમાં વાસ કરજો.... આમ આ પ્રમાણે શ્રી ગુસાંઈજીમા સંપૂર્ણ કૃપાપાત્ર બનેલા આ બન્ને કુંભાર ભાઈઓના ભાવ પ્રત્યે હવે લખતા પાર આવે તેમ નથી એટલે વિશેષ લખવું પણ શું ?...

આમ સ્વમાર્ગીય રીતિ મુજબ પોતાનું જીવન જીવી બતાવનાર
બે કુંભાર ભાઈઓની વાર્તા સંપૂર્ણ.

૧૮. દુર્ગાવતી રાણી

આ હિન્દુસ્તાન દેશની પૂર્વ દિશામાં એટલે કે અલ્લાબાદની બાજુમાં કડા નામું એક મોટું શહેર આવેલ છે વળી આ કડા શહેરનું રાજ્ય એક બળવાન રાજ્ય તરીકે કહેવાતું હતું. આમ આવા કડા શહેરમાં પૂર્વે એટલે કે શ્રી મહાપ્રભુજીના સમયમાં એક એવી ઘટના બનવા પામી હતી કે આ કડા શહેરમાં એક તળાવ આવેલ છે કે જે તળાવ ઉપર પ્રાચીન ઠાકોરજીનું એક મંદિર હતું જે મંદિરમાં બિરાજતા પ્રાચીન ઠાકોરજીને દેવી તરીકે માનીને એટલે કે કલ્યાણી દેવી માનીને ગામના સૌ પૂજન કરતા હતા. અને શૃંગાર પણ દેવીના (સ્ત્રીના) જ ધરતા હતા. આવામાં પૃથ્વી પરિક્રમા કરતા કરતા શ્રી મહાપ્રભુજી અલ્લાબાદથી ચિત્રકુટ તરફ પધારી રહ્યા હતા અને વચ્ચે આવતા આ કડા શહેરમાં આવેલ. આ તળાવ ઉપર જ એક સુંદર સ્થળે બિરાજ્યા બાદ આ કલ્યાણી દેવી ઉપર દ્રષ્ટિ પડતા આપ વિચાર કરવા લાગ્યા કે કલ્યાણી દેવી તરીકેનું આ સ્વરૂપ તો ઠાકોરજીનું છે !.... અને આવા સ્વરૂપને કોઈએ દેવીના શૃગાંર ધર્યા છે !.... અને પછી આપ દેવી તરીકેના આ સ્વરૂપ પાસે પધાર્યા તેમજ દેવી તરીકેના આ સ્વરૂપને પૂછ્યું કે બાવા, આ શું ?.... જવાબમાં આ સ્વરૂપે આજ્ઞા કરતા કહ્યું કે આ ગામમાં લગભગ સૌ શુદ્ર જેવા જ છે. વળી સૌ દેવીના ઉપાસકો છે તેમજ અહીં ઠાકોરજીના સ્વરૂપને એટલે કે ભગવાનના સેવારૂપને કોઈ જાણતા જ નથી કે જેથી અહીં દેવી તરીકે મારી સૌ પૂજા કરે છે એટલે આ રીતે હું અહીં બિરાજું છું..... આ સ્વરૂપના આવા વચનો સાંભળીને શ્રી મહાપ્રભુજીએ તો એવું કર્યું કે દેવી તરીકે માનીને આ સ્વરૂપને જે સાડી ધરેલી હતી તે સાડીને ફાડી નાખીને અક કકડાનો પાઘ ધરાવ્યો અને બીજા કકાડાના વસ્ત્ર કર્યા... આવામાં આ દેવીનો પૂજારી આવ્યો અને દેવીની સાડી ફાડી નાખેલી જોઈને પૂજારી બોલવા લાગ્યો કે અમારી દેવીના કપડાનું આ શું કર્યું ?... જવાબ અર્થે આજ્ઞા કરતા શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે અરે.... આ સ્વરૂપ દેવીનું નથી.... આ તો.... શ્રી ઠાકોરજીનું સ્વરૂપ છે આમ આ સ્વરૂપ શ્રી ઠાકોરજીનું હોવા છતાંય તમે દેવી તરીકે પૂજા કેમ કરો છો ?.... શ્રી મહાપ્રભુજીના આવા વચનો સાંભળતા જવાબ આપવાને બદલે પૂજારી તો શરમિંદો જ થઈ ગયો અને ..... પછી આ સમાચાર શહેરમાં ફેલાતા આ શહેરમાં રહેતા બાબા વેણુદાસ, કૃષ્ણદાસ અને યાદવદાસ એમ આ ત્રણેય જણાઓ આવ્યા અને દંડવત્ પ્રણામ કરીને વિનંતી કરતા આ ત્રણેય જણાઓને શ્રી મહાપ્રભુજીએ શરણે લીધા તેમજ આ સ્વરૂપને દેવી તરીકે માની બેઠેલા સૌને સમજાવતા આ શ્રી ઠાકોરજીનું કલ્યાણરાયજી એવું નામ ધર્યું તેમજ શણગાર વિ. ધરવાની રીત સમજાવી.... આમ આ કડા શહેરમાં આ શ્રી ઠાકોરજી કલ્યાણરાયજી આખરે વડોદરામાં પધાર્યા અને હાલ પણ વડોદરામાં બિરાજે છે અને .....

અને.... પછી તો સમજો કે સમય પસાર થતા થતા આ દેવીની માફક આ શહેરનું પણ નામ બદલાઈ જતા હાલ આ શહેરને માણેકપુર કહેવામાં આવે છે.

આમ આ માણેકપુર શહેરના મહારાજાનું અવસાન થયા બાદ તે રાજાના રાણી તરીકેના મહારાણી દુર્ગાવતી પોતે જ રાજ્ય-તંત્ર ચલાવતા હતા. આમ આ રાણી દુર્ગાવતીએ સોળ શાસ્ત્રીઓ રાખ્યા હતા કે જે શાસ્ત્રીઓ દ્વારા પોતે ધર્મશાસ્ત્ર તથા નીતિશાસ્ત્ર સિદ્ધ કર્યા હતા તેમજ પોતે બ્રાહ્મણ હતા એટલે કે બ્રાહ્મણો ઉપર શ્રદ્ધા રાખનારા હતા. વળી પુન્ય જેવા કાર્યો પણ બહુ જ કરતા હતા. વળી જાતિ-શાસ્ત્રનો સારી રીતે અભ્યાસ કરેલો હોવાથી ક્ષત્રિય જાતિના ભૂષણ તરીકેના વીર્યરસમાં નિપુણ થયા હતા કે જેના કારણે પોતે એક સ્ત્રી જેવા હોવા છતાંય રાજાના વસ્ત્રો એટલે કે પુરુષના વસ્ત્રો પહેરીને પાંચ પ્રકારના શાસ્ત્રો (હથિયારે) ધારણ કરતા હતા. વળી લડાઈ જેવા પ્રસંગોના સમયે પોતાનામાં રહેલા વીર્યરસના તેજથી સૌને વિસ્મય પમાડતા પમાડતા પોતાના રાજ્યનો વિસ્તાર પણ બહુ જ વધારી શક્યા હતા. પરિમામે પોતાનું રાજ્ય બળવાન બનાવી શક્યાં હતા. એટલે ટુંકમાં કે દુર્ગાવતી રાણીનો પ્રભાવ જ કોઈ એવો હતો કે જે જોઈને ઘડીક તો ચકિત જ થઈ જવાય.

ત્યારબાદ પુરુષનો વેશ ધારણ કરનાર અને વળી આવા પ્રભાવશાળી રાણી દુર્ગાવતીનો અંગીકાર કરાવાની ઈચ્છા શ્રી ગુસાંઈજીના હૃદયમાં થતા આપે વિચાર કર્યો કે અડેલથી વ્રજ તરફ પદારતા વચ્ચે દુર્ગાવતી રાણીનું શહેર આવશે એટલે કે શહેરમાં મુકામ કરીને દુર્ગાવતી રાણીનો અંગીકાર કરીશું અને પછી તો સમજો કે સખ્ત ઠંડીના દિવસો હોવા છતાંય સહકુટુંબ પરિવાર સહિત વ્રજ તરફ પધારવાની તૈયારી કરી .... બાદ બીજા દિવસે વ્રજ તરફ પધારવા માટે અડેલ છોડવું અને અડેલથી પધારતા પધારતા એક દિવસ અર્ધી રાત્રીના સમયે દુર્ગાવતી રાણીનું માણેકપુર શહેર આવતા શ્રી ગુસાંઈજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી કે આપણે આ માણેકપુરમાં મુકામ કરવાનો છે. શ્રી ગુસાંઈજીની આવી આજ્ઞા સાંભળતા સાથે રહેલા વૈષ્ણવોએ વિનંતી કરતા કહ્યું કે રાજ, આ સમયે અહીં મુકામ કરવાનું જવા દઈએ અને પછી વળી પાછા બીજી વખતે જ્યારે વ્રજ તરફ જવા આવવાનું થશે ત્યારે આ માણેકપુરમાં મુકામ કરીશું. હવે વૈષ્ણવોને તો શું ખબર હોય કે અહીં શું કરવાનું છે !.... કે જેથી વૈષ્ણવોએ તો આવા પ્રકારે વિનંતી કરી પરંતુ.... તેઓ ખરેખર રાણી દુર્ગાવતી ઉપર કૃપાવાન થાય છે એવા શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરતા કહ્યું કે નહિ... આ વખતે જ અહીંયા મુકામ કર્યા પછી જ અમે આગળ પધારીશું. શ્રી ગુસાંઈજીની આવી... ભારપૂર્વકની આજ્ઞા મુજબ આવી અર્ધી રાત્રીના સમયે એક વિશ્રુતાલ નામના સ્થેળે ડેરા નાખીને રાણી દુર્ગાવતી ના આ માણેકપુર શહેરમાં મુકામ કર્યો અને ..... પછી રાણીના હૃદયમાં સેવાની ભાવના પ્રગટ કરાવવા અર્થે રાણીને કંઈક પ્રભાવ તો બતાવવો જ પડશે એવો વિચાર કરવા લાગ્યા. પછી તો સમજો કે આવો વિચાર કરતા કરતા સવાર થયું અને .....

આમ સખ્ત ઠંડીના કારણે સવાર થતા શ્રી ગુસાંઈજીએ એક ભટ્ટજીને આજ્ઞા કરી કે તમે ગામમાં જાવ અને ગમે ત્યાંથી અગ્નિ લાવો. આમ શ્રી ગુસાંઈજીના આજ્ઞાના વચનો સાંભળતા ભટ્ટજી તો ગામ તરફ ચાલ્યાં. બાદ પોતે દક્ષિણ પ્રદેશના તૈલુંગી બ્રાહ્મણ હતા કે જેથી તેઓના આ દેશની ભાષા આવડતી ન હોવાથી ગામમાં જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં પોતાની તૈલુંગી ભાષામાં કહી કહીને અગ્નિ માંગે એટલે કે ઈસ્તુ-ઈસ્તુ જેવા શબ્દો બોલીને અગ્નિ માગે પરંતુ અહીંના કોઈ માણસો ઈસ્તુ- ઈસ્તુમાં સમજતા નહિ હોવાથી જેને જેને પૂછ્યું તેઓ બધાએ નથી નથી કહ્યું. એટલે કોઈની પાસેથી આ ભટ્ટજીને અગ્નિ મળ્યો નહિ. આમ આવા માટો શહેરમાં ક્યાંયથી અગ્નિ મળેલ નહિ હોવાથી આશ્ચર્ય પામતા ભટ્ટજી તો પાછા શ્રી ગુસાંઈજીપાસે આવ્યા અને વિનંતી કરીને કહેવા લાગ્યા કે રાજ, આ ગામમાં ક્યાંયથી અગ્નિ મળી શકયો નહિ. ભટ્ટજીની આવી વાત સાંભળીને કેમ જાણે આશ્ચર્ય પામતા હોય તેમ આજ્ઞા કરી કે આવા મોટા ગામમાં શું દેવતા નથી !.... આમ શ્રી ગુસાંઈજીના મુખારવિંદમાંથી આવા વચનો નીકળતાની સાથે જ ગામમાં જ્યાં જ્યાં અગ્નિ-દેવતા ઝગમતો હતો ત્યાં બધેય બધાય લોકો ચૂલામા પણ અગ્નિ-દેવતા બૂઝાઈ ગયો. વળી સાધુ જોગી, વૈરાગી કે જેઓ ઠંડીના કારણે અગ્નિની જે ધુણી લગાવીને બેઠા હતા ત્યાં પણ અગ્નિ-દેવતા બુઝાઈ ગયો. અરે, એટલું જ નહિ પરંતુ દુર્ગાવતી રાણીના મહેલમાં પણ અગ્નિ-દેવતા બુઝાઈ ગયો. આમ આવા પ્રકારના વાતાવરણથી આખા શહેરમાં સૌ આશ્ચર્ય પામવા લાગ્યા. વળી સખ્ત ઠંડીના દિવસો હોવાથી લોકો દુઃખી દુઃખી થઈ જવા લાગ્યા. આમ આખા શહેરમાં અગ્નિ-દેવતા દેખાતો બંધ થઈ ગયો પરંતુ શ્રી ગુસાંઈજીના ડેરામાં તો અગ્નિ પ્રગટ થયેલો સૌએ જોયો. આખરે શહેરમાં પ્રજાજનો દુઃખી દુઃખી થઈ રહી છે એવા સમાચાર રાણીના સાંભળવામાં આવતા રાણી બહુ જ ગભરાયા અને પછી તો રાણી દેવી જીવ હોવાથી પોતાના હૃદયમાં એવી પ્રેરણા થઈ કે મારા શહેરમાં કોઈ મહાપુરુષ પધાર્યા હશે અને તમને જરૂર કંઈક અપરાધ થયો હશે કે જેથી શહેર આખામાં આવું બનવા પામ્યું હશે ?..... આમ રાણીને આવી પ્રેરણા થતા રાણીએ તરત જતપાસ કરી લાવવા માટે પંદર-વીસ માણસોને શહેરની બહારના ભાગમાં મોકલ્યા.

બાદ માણસો તો બધેય ફરવા લાગ્યા અને ફરતા ફરતા જ્યાં શ્રી ગુસાંઈજીનો મુકામ હતો ત્યાં આવીને જોતો ઝગમગી રહેલો અગ્નિ દેવતા સૌ માણસોએ જોયો કે જે જોઈને સૌ ચકિત થઈ ગયા અને પછી રાણીના માણસોએ કોઈ એકને પૂછ્યું કે આ ડેરા તંબુ કોના છે ?. ... જવાબમાં કોઈ એકે કહ્યું કે અડેલમાં બિરાજતા શ્રી ગુસાંઈજી મહારાજ અહીં પધારેલ હોવાથી શ્રી ગુસાંઈજીના આ ડેરા છે. આમ આવું નામ સાંભળતા અને અહીં પ્રગટી રહેલા અગ્નિ દર્શન કરતાની સાથે જ રાણીના માણસો તો રાણી પાસે ગયા અને રાણીના મોભાને અનુસાર માણસોએ કહ્યું કે મહારાણી સાહેબા, શહેરની બહાર ચારેય તરફ ફરી ફરીને અમે તપાસ કરી પણ અગ્નિ- દેવતા તો ક્યાંય જોવામાં આવ્યો નહિ. બાકી વિસ્નુતાલવાળામાં ભાગમાં શ્રી ગુસાંઈજી તરીકેના નામવાળા કોઈ મહાપુરુષે પધારીને ડેરા નાખેલા છે કે જ્યાં અગ્નિ-દેવતા છે. વળી દેવતાનો પ્રકાશ.... આટલો બધો છે કે સામે જોઈ પણ શકાતુ નથી. ... માણસોની આવી વાત સાંભળીને મનમાં વિચાર આવ્યો કે જરૂર આ મહાપુરુષનો જ કંઈ અપરાધ થઈ ગયેલો હશે. આમ આવું વિચારતાની

સાથે જ સ્વારી જેવી કોઈ પણ વસ્તુની તૈયારી કર્યા સિવાય માત્ર પચાસેક માણસોને સાથે લઈને રાણી દુર્ગાવતી તો પગે ચાલીને જ્યાં શ્રી ગુસાંઈજીનો મુકામ હતો ત્યાં આવ્યા.

હવે જે સમયે રાણી દુર્ગાવતી શ્રી ગુસાંઈજીના ડેરા પાસે આવ્યા ત્યારે સ્નાન કરીને શ્રી ગુસાંઈજી બ્રહ્મયજ્ઞ કરતા હતા (બ્રહ્મયજ્ઞ એયલે પાંચ મહાભૂતોમાંનો એક વેદ ભણવો કે ભણાવવો) પછી ચાર માણસો દ્વારા શ્રી ગુસાંઈજીને સમાચાર કહેડાવતા શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે સારી વાત છે... ખુશીથી આવે.. આવી વાત સાંભળતા દુર્ગાવતી રાણી કોઈ બીજી જ શક્તિએ શ્રી ગુસાંઈજીની સન્મુખમાં આવ્યા અને સમજો કે સન્મુખમાં આવી શ્રી ગુસાંઈજીના દર્શન કરતાની સાથે જ ચરણારવિંદમાં ઢળી પડયા અને પછી વિનંતી કરતા કહેવા લાગ્યા કે પ્રભુ.... આ નગરવાસીઓના ભૂલેચૂકે થઈ ગયેલા અપરાધને ક્ષમા કરીને નગરવાસીઓને જીવતદાન આપો. રાણીની આ વાત સાંભળીને સ્હેજ હાસ્ય કરતા કૃપાથી શ્રી ગુસાંઈજીએ રાણીને પૂછ્યુ કે કેમ રાણીજી તમે શું માગો છો ?.... જવાબમાં રાણીએ કહ્યું કે પ્રભુ... આપે સાક્ષાત્ અહીં પધારીને અમને દર્શન આપ્યા છે એટલે પ્રથમ તો એ કૃપા કરો કે મારા આ નગરવાસીઓના ચૂલામાં અગ્નિ જે બુઝાઈ ગયો છે તે પ્રગટ થઈ જાય. રાણીની આ વાત સાંભળીને અગ્નિ સ્વરૂપ સમાન ગણાતા શ્રી ગુસાંઈજીએ અગ્નિ સ્વરૂપનો એક પ્રભાવ બતાવવા આજ્ઞા કરી કે આ શહેરની પ્રજાજનોના ઘરમાં રહેલા ચૂલાઓમાં અગ્નિ તો પ્રગટ થઈ જ ગયેલો છે..... માટે તપાસ કરો......

આવામાં કોઈ એક માણસ દ્વારા રાણીને સમાચાર મલ્યા કે મહારાણી સાહેબ, પ્રજાજનોના ઘરમાં રહેલો ચૂલાઓમાં તેમજ સંત- મહાત્માઓની ધુનીમાં એમ બધેય અગ્નિ-દેવતા પ્રગટ થયો છે અને દુઃખી થઈ રહેલા સૌ પ્રજાજનો આવા મહાન દુઃખમાંથી મુક્ત થયા છે. આવા સૈમાચાર સાંભળતા રાણી શ્રી ગુસાંઈજીને વિનંતી કરવા લાગ્યા કે કૃપાનિધિ, જેવી રીતે આ પ્રજાજનોને મહાન દુઃ ખમાંથી મુક્ત કર્યા છે તેવી જ રીત્તે હવે સંસાર સમુદ્રના ઉછળતા દુઃખનાં ડુબકીઓ મારી રહેલ આ રંક દાસીને આપના ચરણારવિંદમાં રહેવાનો અધિકાર પ્રાપ્ત કરાવીને આપના ચરણારવિંદની દાસી બનાવો ..... અતિ દીનતા ભરેલી રાણીની આવી વાત સાંભળીને શ્રી ગુસાંઈજીએ રાણીને નામ સુણાવીને આજ્ઞા કરી કે આજે તમે વ્રત કરજો અને આવતી કાલે તમને બ્રહ્મસંબંધ કરાવી સેવા.... માર્ગ બતાવીશું. બાદ રાણીએ આ સમયે પુષ્કળ સોના મહોરો મંગાવીને શ્રી ગુસાંઈજીને ભેટ કરીને અને હૃદયમાં છુપી રીતે રહેલી ભાવનાઓને પ્રગટ કરતા કહ્યું કે પ્રભુ, ઘણા લાંબા સમયથી આપશ્રીના દર્શન કરવાની આતુરતા હતી પરંતુ રાજ્યના કાર્યોમાંથી જરાય પરવારી શક્યું નહિ. છતાંય આપ તો દયાળુ છો... કે જેથી તો આજે મારા ભાગ્યનો ઉદય જ થયો કે કૃપાના સાગર મારા જેવી અનાથ ઉપર પૂર્ણ .... કૃપા કરવા માટે આપશ્રી અહીં પધાર્યા છો ..... એટલે વિશેષ શું કહું ?. ... રાણીની આવી વાત સાંભળીને શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરતા કહ્યું કે સારૂ..... હવે તમે તમારા મહેલમાં જાઓ અને પહેરવાના નવા કપડા લઈને આવતી કાલે અહીં આવજો એટલે આવતી કાલે તમને બ્રહ્મસંબંધ કરાવીશું.

આમ મહેલમાં જવા માટે કરેલી શ્રી ગુસાંઈજીના આજ્ઞા પ્રત્યે ધ્યાન નહિ આપતા રાણીએ પોતાના મંત્રીને બોલાવીને હુકમ કર્યો કે આપણા શહેરમાં આપ કૃપાનાથના ભોજન માટે સામગ્રી વિ. તથા બીજી દરેક વસ્તુઓ રાજ્યમાંથી હમણાં જ મોકલો અને જ્યાં સુધી કૃપાનાથ આપણા શહેરમાં બિરાજે ત્યાંસુધી રોજ સામગ્રી અહીં આવી જાય એવો બંદોબસ્ત પણ કરજો. એ ધ્યાન રાખજો કે કૃપાનાથને જરાય પરિશ્રમ થાય નહિ .... રાણીના આવા પ્રકારના હુકમના આધારે મંત્રીઓ બરાબર વ્યવસ્થા કરવા સવાર થતા સુધીમાં તો સામગ્રી, શાક, ખાંડ, લોટ, પાન, સોપારી, કાથો, ચુનો, એલચી, સુગંધ, વી.વી. બધીય વસ્તુઓ શ્રી ગુસાંઈજીના મુકામવાળા સ્થળે આવી પહોંચી અને પછી....

અને પછી શું ?

અને પછી એ કે શ્રી ગુસાંઈજીની આજ્ઞા મુજબ બીજા દિવસે રાણી શ્રી ગુસાંઈજી પાસે આવતા રાણીને નામ નિવેદન કરાવ્યું. આમ રાણીને નામ નિવેદન કરાવતા રાણીએ સહસ્ત્ર સોના મહોરો શ્રી ગુસાંઈજીને ભેટ કરી. બાદ જીવ સન્મુખ થયા પછી જીવને એક પ્રકારે તલસાવવા અર્થે શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે હવે તમે સુખેથી જાવ.... વળી આવતી કાલે અમે પણ વ્રજ તરફ પ્રયાણ કરીશું. કારણ કે શીયાળાની ઠંડીનો સમય છે, વળી ટાઢ પણ બહુ પડે છે, વળી સાથે સાથે વૈષ્ણવ સમાજ પણ ઉતાવળ કરે છે. એટલે ઠેકાણે પહોંચીને બિરાજીએ તો સૌ સુખી થાય..... શ્રી ગુસાંઈજીના આવા વચનો સાંભળીને રાણીને તો કંઈનું કંઈ થઈ ગયું. પરિણામે શ્રી ગુસાંઈજીની નિકટમાં આવતા આડા પડી જઈને કહેવા લાગ્યા કે રાજ ..... પ્રભુ મારી રાજીખુશીથી તો આપને પધારવા નહિ દઉં..... છતાંય આપનો જો પધારવું જ

હોય તો મારી અઃ .... છાતી ઉપર રથ ચલાવીને ભળે આપ પધારો..... બાકી આ નગર, આ શહેર, આ રાજ્યની સંપૂર્ણ સત્તા, આ રાજ્યના બધાય વૈષ્ણવો આપના જ છે ..... વળી આપની ઈચ્છા હોય તો મને .... રાખો અને ઈચ્છા ન હોય તો પૂન્ય દ્વારા બીજાને આપી દીધો. રાણીજીના અંતઃકરણમાંથી નીકળેવી પ્રેમ ભરેલા આવા વચનો સાંભળીને સ્હેજ હાસ્ય કરતા આજ્ઞા કરી કે રાણીજી, કાયર ન થાવ, તમારી પ્રસન્નતા મુજબ જ અમે આગળ પ્રયાણ કરીશું. જોયું!.... પતી ગયુંને ! .... પછી તો કેમ જાણે શ્રી ગુસાંઈજીના વચનો દ્વારા અમીરસની પ્રાપ્તિ જ થી ગઈ હોય તેમ શ્રી ગુસાંઈજીના આવા વચનામૃતો સાંભળીને દુર્ગાવતી રાણીએ કોઈ અનેરો આનંદ અનુભવ્યો.

બાદ એક પ્રકારના અનેરા આનંદને આનંદમાં રાણીએ તો પોતાના મંત્રીને બોલાવીને હુકમ કર્યો કે જાવ, શહેરમાં રહેલી હવેલીઓમાંથી સુંદર સુંદર હવેલીઓ સાફ કરાવો અને રાજની (શ્રી ગુસાંઈજી) આજ્ઞા મુજબ રાજના જલઘરીયા લઈ જઈને તે હવેલીઓ ખાસા કરાવો. જલદી જાવ, જરાય વિલંબ ન કરો.... આવા હુકમથી તો મંત્રી ગયા અને રાણી સાહેબાના હુકમ મુજબ બધીય તૈયારી કરાવી એટલે કે હવેલીઓ ારાવીમે સુંદર પલંગો, શય્યાઓ, સિંહાસનો, ખાટ, ગાદી, તકીયા, વિ. તૈયાર કરાવ્યું. તેમજ દરેક પ્રકારની સામગ્રી પણ મોકલીને ભોજન માટે બધુય તૈયાર કરાવ્યું. ટુંકમાં કે કેમ જાણે શ્રી ગુસાંઈજી પોતાના સ્વગ્રહ-અડેલમાં જ બિરાજતા હોય તેવા પ્રકારની રાણીએ બધીય તૈયારીઓ કરાવી. પછી.....

પછી .... બીજા દિવસે શ્રી ગુસાંઈજીને શહેરમાં પધરાવવાની તૈયારી કરાવતા શહેરના દરવાજાથી તે શ્રી ગુસાંઈજીને બિરાજવા માટે તૈયાર કરાવેલી હવેલી સુધી સ્તંભ રોપાવી તોરણો બંધાવ્યા પ્રજાજનોએ પોતપોતાના આંગણામાં ચંદરવા-તોરણો બાંધીને પોતાના આંગણાને શોભાયમાન કર્યા વળી ઘરેઘરે ફૂલના ટોપલા ભરી રાખવામાં આવ્યાં. શહેરના રસ્તાઓ પર ઠેકઠેકાણે કમાનો બાંધવામાં આવી. રસ્તામાં સર્વત્ર પતાકાઓ એટલે કે નાની નાની ધજાઓ લગાડવામાં આવી અને પછી.. ન કદી કલ્પનામાં હોય એવા પ્રગટ થયેલા સંબંધના આધારે અતિ શોભી ઉઠેલી સ્વારી સહિત શ્રી ગુસાંઈજીને શહેરમાં પધરાવવા માટે રાણીજી શ્રી ગુસાંઈજી પાસે આવ્યા અને પછી દેવની સ્વારીને ટકર એવી આ સ્વારી વિશ્રુતાલવાળા સ્થળેથી પ્રયાણ કર્યું..... ચાલતા ચાલતા શ્રી ગોવર્ધનનાથ કી જય, શ્રી ગિરિરાજધારણ કી જય ... એમ જયજયકારોથી મધુર અવાજોના રણકાર કરતા કરતા પ્રજાજનો ફૂલનો વરસાદ વરસાવવા લાગ્યા. સ્થળે સ્થલે ગર્ઝના સમાન આનંદમંગળ ગીતો સંભળાવવા લાગ્યા. આમ ન કદી વિચારેલ હોય તેવા ઉત્સાહમા આવીગયેલા દુર્ગાવતી રાણીએ શ્રી ગુસાંઈજીને સ્વારી સહિત પોતાના શહેરમા પધરાવ્યા. અને મંડપ, ધ્વજ, પતાકા, સ્થંભ. તોરણો, ચંદરવા વી.થી અલાંકૃત કરેલી ભવ્ય દેદીપ્યમાન હવેલીઓની અંદર બધાય બાળકો અને વૈષ્ણવ સમાજ સહિત શ્રી ગુસાંઈજીને બિરાજમાન કર્યા.

હવે દુર્ગાવતી રાણી ઉપર કેવળ કૃપા નહિ પરંતુ પ્રમેય બળથી અનુગ્રહ જ કરવા અર્થે આપનું અહીં પધારવું થયેલ છે અને અહીં પધાર્યા પછી ન ધારેલ હોય એવો ઉત્સાહ પોતાનામાં આવેલ હોવા છતાય દુર્ગાવતી રાણી જેવા ..... હજી સાધન દશા જેવી " સાધન દશામાં " ગોથું ખાવા જાય છે .... એટલે કે દુર્ગાવતી રાણી હવે એવું કરે છે કે :-

આમ પરિવાર સહિત શ્રી ગુસાંઈજીને શહેરમાં પધરાવ્યા પછી રાજ- વૈભનની તમામ વસ્તુઓ શ્રી ગુસાંઈજીની સેવામાં અર્પણ કરી રાખી હતી. વળી દર્શન અને ચરણાસ્પર્શ કરવા માટે દુર્ગાવતી રાણી નિત્ય આવતા હતા કે જે દ્વારા.... સ્નેહ ભરેલી તેમની સેવાની વાત અહીં શબ્દોમાં લખવી જ મુશ્કેલ છે. છતાંય ટુંકમાં કે એમની સ્નેહ ભરેલી સેવા અને ભાવના કોઈ અલૌક્કિ ભાવરૂપજ હતી .... આવામાં સોમવતી અમાસનો દિવસ આવ્યો અને સુવર્ણના સિંહાસન ઉપર શ્રી ગુસાંઈજીને બિરાજમાન કરીને, છત્ર અને ચમર ધારણ કરાવીને, તૈયાર કરી રાખેલી પૂજનની સામગ્રીથી રાણીએ શ્રી ગુસાંઈજીનું પૂજન કરીને એક પછી એક એમ શ્રી ગુસાંઈજીની પ્રદક્ષિણા (પરિક્રમા) કરવા લાગ્યા. અરે... આમ પ્રદક્ષિણા કરવા લાગ્યા તો ખરા પરંતુ એક એક પરિક્રમા કરતા જાય અને એક એક ગામની ભેટ કરતા જાય. વળી આ સમયે બ્રાહ્મણો વેદમંત્રો ભણતા જતા હતા અને પછી તો સમજો કે આવી રીતે કરેલા સાધન દ્વારા દુર્ગાવતી રાણીએ શ્રી ગુસાંઈજીને એકસોને આઠ પ્રતક્ષિણા કરીને એકસોને આઠ ગામ ભેટ કર્યા. બાદ સુંદર નવા નવા વસ્ત્રો, આભૂષણો, વી. ભેટ કરીને કપૂરની આરતી ઉતારી અને કહ્યું કે રાજ, આ રીતે એકસોને આઠ ગામ જે ભેટ કયા છે તે આપ સાંભળી લેશે. હવે શ્રી ગુસાંઈજીએ આવી સાધન દશા જેવી વસ્તુને તુચ્છ માનીને આજ્ઞા કરી કે રાણીજી, તમે.... ભેટ ઘણી સારી કરી છે તે વળી આ કાર્ય પર ઘણું સુંદરજ કર્યુ છે પણ ... આ સોમવતી આમાસના નિમિત્તે કરેલી આવી ભેટોમાંથી એક સુતરનો તાંતણો પણ અમારા ઉપયોગમાં આવી શકે નહિ. એટલે હવે આવી રીતે કરેલા આવા સાધન દ્વારા કરેલી

ભેટ વિષે વિશેષ કહેવું પણ શું ?... શ્રી ગુસાંઈજીની આવી વાત સાંભળીને સ્વમાર્ગીય મર્મથી અજ્ઞાન એવા દુર્ગાવતી રાણી મનમાં બહુ જ પસ્તાવો કરવા લાગ્યા અને પછી ગદગદ થઈ ગયેલા કંઠે કહ્યું કે પ્રભુ.... કૃપાનિધાન .... હું ભૂલી ....પણ .... હું આપની આજ્ઞાકિત સેવક છું..... આ શરીર આપનું છે... આ રાજય આપનું છે.... અરે, એટલું જ નહિ પરંતુ મારૂં કહેવાતુ સર્વસ્વ પણ આપશ્રીની ચરણારવિંદમાંજ અર્પણ કરેલું છે. એટલે હવે આ સર્વ વસ્તુસ્થિતિનો આપ જ વિચાર કરો અને માર્ગની રીતિ અનુસાર માર્ગદર્શન કરાવીને આ ... વસ્તુઓનો અંગીકાર કરો. આમ આવું કહીને દુર્ગાવતી રાણી તો શ્રી ગુસાંઈજીના ચરણારવિંદમાં ઢળી પડ્યા. બાદ ત્યાગવૃત્તિનો અભાવ બતાવીને શ્રી ગુસાંઈજીએ એવું કહ્યું કે એકસોને આઠ ગામો જે ભેટ કર્યા. હતા તે બધાય ગામો પોતાની તૈલુંગી જ્ઞાતિના ભટ્ટજીઓને એક એક ગામ અપાવી તેમજ સુવર્ણના આભૂષણો જે અજ્ઞપણ કર્યા હતા તે પણ બધાય બ્રાહ્મણોને આપી દીધા. આમ શ્રી ગુસાંઈજીનો આવો ત્યાગવૃત્તિનો અપૂર્વ પ્રભાવ જોઈને દુર્ગાવતી રાણી સહિત રાજ્યસભામાં બેઠેલા બધાય સભાસદો ચકિત થઈ ગયા. (આમ આ ગામોની ઉપર હાલ પણ તે તે ભટ્ટજી જ લીએ છે) આવું જોઈને દુર્ગાવતી રાણી મનમાં વિચાર કરવા લાગ્યા કે આવી રીતે શ્રી ગુસાંઈજી ...કંઈપણ અંગીકાર કર્યુ નહિ કે જેથી મારો મનોરથ સિદ્ધ કરવા માટે હવે વળી કંઈક બીજું કરૂ.

હવે શ્રી ગુસાંઈજીના પ્રથમ વહુજી લીલામાં પધારેલા હોવાતી યુક્તિ રચતા દુર્ગાવતી રાણીએ વિનંતી કરતા શ્રી ગુસાંઈજીને કહ્યું કે આજ આપ બીજો વિવાહ કરો. જવાબમાં શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે જુઓ .... રાણીજી..... છ લાલાજી તથા ચાર બેટીજી બિરાજમાન છે એટલે સમજો આવી રીતેનું લૌક્કિ સુખ પ્રાપ્ત થઈ ગયું છે એટલે હવે બીજો વિવાહ કરવાની જરૂર જ ક્યાં રહી ?... આવું સાંભળીનો પોતાની એક પ્રકારની સેવા ભાવના સિદ્ધ કરવા અર્થે દુર્ગાવતી રાણીએ શ્રી ગોકુલનાથજી તથા શ્રી રઘુનાથજીના એમ શ્રી ગુસાંઈજીના બન્ને લાલાજી દ્વારા ન કલ્પી શકાય તેવો આગ્રહ કરાવ્યો એટલે કે આ બન્ને લાલાજી શ્રી ગુસાંઈજી પાસે આવીને વિનંતીથી કહેવા લાગ્યા કેં આપ બીજીવાર વિવાહ કરશો તો જ અમે વિવાહ કરીશું. અને આપજો બીજો વિવાહ નહીં કરો તો અમે પણ વિવાહ નહિ કરીએ અને નહિ જ કરીએ . ... બાળકોને આવો હઠાગ્રહ જોઈને આખરે શ્રી ગુસાંઈજીએ રાણી દુર્ગાવતીનો મનોરથ પૂર્ણ કરવાની ઈચ્છાએ શ્રી ગુસાંઈજીએ બીજો વિવાહ કરવાની કબૂલાત કરી અને ..... પછી તો સમજો કે શ્રી ગુસાંઈજીની સાથે રહેલા એક ભટ્ટજીની પુત્રી શ્રી પદ્માવતી હતા કે જેઓ સાક્ષાત્ શ્રી સ્વામિનીજીનો જ બીજો અવતાર છે. તેવું જાણીને શ્રી ગુસાંઈજીએ આ શ્રી પદ્માવતી સાથે વિવાહ કરવાનું નક્કી કરીને એટલે કે શ્રી પદ્માવતી વહુજીનો વિવાહ અંગીકાર કરીને દુર્ગાવતી રાણીનો મનોરથ શ્રી ગુસાંઈજીએ સફળ કર્યો. આમ આ વિવાહ પ્રસંગે શ્રી ગુસાંઈજીને તથા શ્રી પદ્માવતી વહુજીને અમૂલ્ય આભૂષણો તથા ભારેમાં ભારે વસ્ત્રો દુર્ગાવતી રાણીએ અર્પણ કર્યા. તેમજ છ બાળકો તથા ચાર બેટીઓને પણ એવીજ રીતે વસ્તુઓ અર્પણ કરી.... બોલ શ્રી વલ્લભકુળ પરિવારકી જય....

આમ શ્રી ગુસાંઈજીનો બીજો વિવાહ થઈ ગયા બાદ બીજા દિવસે રાણીએ યુગલ સ્વરૂપને તથા બાળકો-બેટીઓ વી, ને પોતાના મહેલમાં પધારાવી લાવવાનો મનોરથ કરતા રસ્તામાં બધેય મખમલનો પેડો બિછાવ્યો અને પછી શ્રી ગુસાંઈજીને પોતાના મહેલમાં પધારાવી લાવતા મખમલનો બિછાવેલા પેંડા ઉપર ચરણારવિંદ ધરી ધરીને ચાલતા ફૂલનો વરસાદ વરસાવા લાગ્યો. શંખ, દંદુભી, શરણાઈ વી. વાંજીંત્રોના મધુર નાદો થવા લાગ્યા, ગોવાળ ગંર્ધવ વિ. ગાન કરવા લાગ્યા. જયજયકારના મધુર આવાજો થવા લાગ્યા, નાની કુમારીકાઓ તથા સ્ત્રીઓ મનહર ગીતોનું ગાન કરવા લાગ્યા આમ આવા પ્રકારની અવર્ણનીય શોભમાં પોતાના ભાવરૂપેના પ્રકાશનો પધારો કરતા દુર્ગાવતી રાણીએ શ્રી ગુસાંઈજીને તથા શ્રી પધ્માવતી વહુજીને પોતાના મહેલમાં પધરાવ્યા.... બાદ સહેરા ધરાવ્યા, ઘણાય વસ્ત્રોની, ઘણાય આભૂષણોની તથા પુષ્કળ ધનની ભેટ કરીને શ્રી ગુસાંઈજીના બીજા વિવાહ ઉત્સવનો મનોરથ દુર્ગાવતી રાણીએ આવી રીતે પરમાનંદથી કર્યો. એટલે સમજો કે દુર્ગાવતી રાણીના ભાગ્યની તો વાત જ શું કરવી ?....

ત્યારબાદ થોડાક દિવસો આ માણેકપુરમાં બિરાજ્યા પછી શ્રી ગુસાંઈજીએ દુર્ગાવતી રાણીને આજ્ઞા કરતા કહ્યું કે રાણીજી... . તમારા બધાય ... મનોરથો સંપૂર્ણ રીતે સિદ્ધ થઈ ગયા છે કે જેથી હવે અમને વિદાયગીરી આપો. આમ શ્રી ગુસાંઈજીના આવા વચનો સાંભળતાં રાણીજીનું ભાન ભૂલાઈ જવા પામ્યું કારણકે રાણીજીના મનમાં તો એવીજ ભાવના હતી કે આપ કાયમ આ માણેકપુરમાં બિરાજે પણ .... વળી બીજો વિચાર કર્યો શ્રી ગુસાંઈજીને હું એકલી નથી આપને તો અનેક અનાથ ભકતોને આ રીતે ... સનાથ કરીને સુખી રાખવા કરવાના છે. એટલે સમજો કે આ કર્તવ્ય લીલા સંબંધેનું હોઈ શ્રી ગુસાંઈજીને અહીં રોકી રાખવા મારા માટે અયોગ્ય છે. આમ આવું વિચારીને શ્રી ગુસાંઈજીની

આજ્ઞાને માન્ય રાખીને અતિ ઉત્સાહથી વૈષ્ણવ સમાજ અને કુટુંબ પરિવાર સહિત શ્રી ગુસાંઈજીને વિદાયગીરી આપતા વાજતા ગાજતે પગે ચાલીને દુર્ગાવતી રાણી શહેરની હદ સુધી પહોંચાડવા ગયા અને .... આમ દુર્ગાવતી રાણી તરફથી વિદાય થઈને વ્રજમંડળમાં પ્રવેશ કરતા શ્રી ગુસાંઈજી મથુરામાં પધાર્યા. બાદ શ્રી ગુસાંઈજીએ મથુરામાં બિરાજવાની ઈચ્છા કરી . આમ આવા સમાચાર દુર્ગાવતી રાણીના સાંભળવામાં આવતા દુર્ગાવતી રાણી મથુરા આવ્યા અને આપની ઈચ્છા મુજબ રાણીએ ઘણો ખર્ચ કરીને મથુરામાં સાત ઘર બંધાવ્યા અને એક ઘરમાં શ્રી ગુસાંઈજીને અને છ ઘરમાં છ લાલાજીને એમ આ સાતેય ઘરમાં સાતેય આ સ્વરૂપોને બિરાજમાન કર્યા. વળી મથુરામાં એક સતઘરો પણ બંધાવ્યો.

આમ કરતા કરતા થોડાક વર્ષો વિત્યા બાદ.

આ દુર્ગાવતી રાણીના માણેકપુર ઉપર કોઈ એક રાજાએ ચડાઈ કરીને શરૂ કરી આ રીતે શરૂ થયેલી લડાઈમાં દુર્ગાવતી રાણીએ એકવાર શત્રુઓ સામે સામનો કર્યો વળી શત્રુએ મારેલું તીર રાણીના શરીરમાથી આરપાર નીકળી ગયેલ હોવા છતાંય દુર્ગાવતી રાણી પોતાની શુરવીરતાથી લડતા લડતા રાણીએ શત્રુઓને હરાવીને નસાડી મુકયા અને આખરે પોતાના લશ્કર સહિત રાણી દુંર્ગાવતી પોતાના શહેરમાં આવ્યા આમ દુર્ગાવતી રાણીએપોતાની શૂરવીરતાથી શત્રુઓને પરાજય કરીને પોતાનો વિજય કર્યો જ .... પરંતુ પોતાના શરીરે લાગેલા તીરના સપ્ત ઘાથી પીડા થઈ આવતા આમ એ શ્રી ઠાકોરજીનું સ્મરણ કરતા કરતાં દુર્ગાવતી રાણી સાતમે દિવસે શ્રી ગુસાંઈજીના ચરણારવિંદમાં પ્રાપ્ત થયા એટલે કે લીલામાં પહોંચ્યા. આમ દુર્ગાવતી રાણી લીલામાં પહોંચેલા હોવા છતાંય બેઠકજીમાં બિરાજતા શ્રી ગુસાંઈજીના ચરણારસ્પર્શ કરતા હોય એવા દર્શન બીજી દિવસે બધાય વૈષ્ણવોને થતા રાણીજીને બધાય વૈષ્ણવો જોવા લાગ્યા. આમ આવો દુર્ગાવતી રાણીનો 'અલૌકિક સંબંધ' શ્રી ગુસાંઈજીએ બધાય વૈષ્ણવોને બતાવ્યો.

હવે દુર્ગાવતી રાણીનો ગુરદાર નામનો એક હાથી કે જે હાથીને ખબર પડી કે રાણીનો લીલામાં પ્રવેશ થયો છે... આમ આવા હાથી જેવા એક પ્રાણીને રાણીજીનો વિયોગ દેખાતા આ હાથીએ પણ ઘાસ કે પાણી લીધા સિવાય આખરે ચોથે દિવસે પોતાનો દેહ છોડી દીધો. એટલે સમજો કે આ છે લીલા સંબંધના સાચા સ્નેહનું ઉત્તમ લક્ષણ. .. વિશેષ તો સ્નેહનું હૃદય તો સ્નેહી હોય તે જ જાણે. બાકી વિશેષ વર્ણન કરવાથી કંઈ વળી નહિ.....

ત્યારબાદ રાણીજીના માણસો મથુરા આવ્યા અને શ્રી ગુસાંઈજીને સમાચાર કહી સંભળાવતા કહ્યુ કે રાજ, આજે પાંચ દિવસ થયા રાણીજીએ દેહ છોડ્યો છે અને સાથે સાથે રાણીજીને સ્વારી કરવાનો જે ગુરદાર હાથી હતો તે હાથીએ પણ રાણીજીના વિયોગે ત્રણ દિવસ સુધી ઘાસ પાણી કંઈ પણ નહિ લેતો અને ખેદ કરતા આખરે આ હાથી પણ ચોથે દિવસે મરણ પામ્યો છે. આમ આવા સમાચાર સાંભળતા શ્રી ગુસાંઈજીએ અડતાલીસ મીનીટ સુધી દુર્ગાવતી રાણીનો વિયોગ અંગીકાર કર્યો અને પછી... રાણીના અલૌકિક ભાવની પ્રશંસા કરતા આજ્ઞા કરી કે ધન્ય છે દુર્ગાવતી રાણીને ..... અને ધન્ય છે સવારી કરવાના ગુરદાર હાથીને .... વળી દુર્ગાવતી રાણી તો નિત્ય લીલામાં પ્રાપ્ત થયા પરંતુ એક પશુ યોનીમાં રહેલો હાથી પણ 'રાણી દુર્ગાવતીના સંબંધથી... નિત્ય લીલામાં પ્રાપ્ત થયો' એટલે આ છે ભગવદ ભક્તોના સંબંધનો એક અલૌકિક પ્રભાવ !.... વળી દુર્ગાવતી રાણીનો શ્રી ઠાકોરજીની સેવામાં અલૌકિક સ્નેહ હતો તેથી તેમનો હાથી પણ સ્નેહ ના સ્વરૂપને સમજી શક્યો. એટલે કે એક પશુ યોનીમાં રહેલો હાથી દુર્ગાવતી રાણીના 'સંબંધ દ્વારા' સ્નેહના સ્વરૂપને સમજી શક્યો. બાકી મનુષ્ય દેહ ધારણ કરીને જો સ્નેહના સ્વરૂપને જાણે નહિ તો પછી તે મનુષ્ય જેવા જીવો ગધેડા કરતા પણ નીચ ગણાય છે... માટે સ્નેહની વાત મોટી છે કે જે કેવળ બંધાયેલા સંબંધે જ જણાય. આવા સ્નેહનું સ્વરૂપ દુર્ગાવતી રાણીએ જાણ્યું અને "દુર્ગાવતી રાણીના સંબંધ દ્વારા" .... હાથીને સ્નેહનું સ્વરૂપ સમજાવતા આવા હાથી જેવા જીવનમાં પણ સ્નેહભાવ પ્રગટ થયો હવે સહેજ વિચારજો કે ક્યાં મનુષ્ય યોનીના જીવો !.... અને ક્યાં પંશુ યોનીના જીવો !.... આમ દુર્ગાવતી રાણીતો મહાભાગ્યવાન ભગવદ્ ભક્ત હતા.

આમ પોતાના મનોરથોને પૂર્ણ કરી લેનાર દુર્ગાવતી રાણીની વાર્તા સંપૂર્ણ.

૧૯. રૂપમુરારીદાસ

આ હિન્દુસ્તાન દેશના ઉત્તર પ્રદેશમાં આવેલા પંજાબ તરીકેના પ્રાંતમાં એક અંબાલા નામનું શહેર આવેલ છે કે જે અંબાલા શહેરમાં એક ક્ષત્રિય રહેતો હતો. આમ આ ક્ષત્રિય દેશાપતિને ત્યાં એક ઉપરી અમલદાર તરીકે નોકર હતો. વળી દેશાધિપતિ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં આ ક્ષત્રિય પણ સાથે જઈનો પોતાની નોકરી કરતો હતો. વળી નોકરીનું પાલન પણ એવું સરસ કરતો હતો કે જેના કારણે દેશાધિપતિ આ ક્ષત્રિય ઉપર બહુ જ પ્રસન્ન રહેતો હતો. આમ કરતા કરતા આ ક્ષત્રિયને ત્યાં એક પુત્રનો જન્મ થયો અને રૂપમુરારીદાસ એવું પોતાના પુત્રનું નામ રાખ્યું. બાદ .... નોકરીનું પાલન કરતા કરતા ઘણા વર્ષો વિતી ગયા આખરે પોતે વૃદ્ધ થતા પોતે વિચાર કરવા લાગ્યો કે મારૂ શરીર હવે અસક્ત થતું જતું હોવાથી આ પુત્રને શિકારની તાલીમ મલી જાય તો મારી ગેરહાજરી પછી મારો પુત્ર જ મારી જગ્યા સંભાળી લીએ તો સારૂં....

અરેરે !.... લીલામાં ક્યાં ચિત્રા સખીના ભાવરૂપની સખી ચિત્રાંકિની અને ભૂતલ પર આવતા ક્યાં તે સખીના ગુપ્ત સ્વરૂપવાળા આ રૂપમુરારીદાસ !... શું શિકારનું કાર્ય શીખીને રૂપમુરારીદાસ શિકારી બનશે !.... શું પશું-પંખી જેવા મૂંગા જીવોની હત્યાઓ કરને જીવશે !... પણ પ્રભુ ... શું આપ પણ ચિત્રા સખીના ભાવરૂપેની ચિત્રાંકિની સખીના ગુપ્ત સ્વરૂપવાલા એટલે કે લીલાના આવા સંબંધવાળા આ રૂપમુરારીદાસ પાસે આવું કરાવશો !.... શું ભૂતલ પર આવીને તેમને આવો પાઠ ભજવવાનો હશે !.... રૂપમુરારીદાસનું આવું કાર્ય જોઈને અન્ય જીવો વળી શું સમજશે ?... સારૂં ....પ્રભુ આપની લીલામાં આપ જાણો ... જીવ શુ જાણે .... આપ જે કરાવશો તે તો જીવને કરવાનું જ રહ્યું ?...

બાદ રૂપમુરારીદાસના પિતાજીએ ઉપર પ્રમાણે કરેવા વિચાર મુજબ દેશાધિપતિની સાથે પોતે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં પોતાના પુત્ર રૂપમુરારીદાસને પણ સાથે લઈ જવા લાગ્યા. પછી જીવનના દિવસો વ્યતિત થતા થતા રૂપમુરારીદાસની વય પણ ખરી જુવાનીમાં પ્રવેશ કરી ચુકી તેમજ પોતાના પિતાજીની સાથે જતા જતા શિકારના કાર્યમાં રૂપમુરારીદાસ એક ખેલાડી જેવા હોંશીયાર થઈ ગયાં. આમને આમ થોડોક સમય પસાર થયો હશે એવામાં રૂપમુરારીદાસના પિતાજી મરણ પામતા પિતાજીની જગ્યાએ નોકરી કરવા માટે દેશાધિપતિએ બીજા કોઈને નહિ રાખતા રૂપમુરારીદાસને જ નોકરીમાં રાખ્યા. એટલે સમજો કે દેશાધિપતિની સાથે રહીને પોતાના પિતાજી નોકરી કરતા હતા તેમ રૂપમુરારીદાસ નોકરી કરવા લાગ્યા. આમ દેશાધિપતિની નોકરી કરતા કરતા અને સમય પસાર થતા થતા ઘણોજ સમય વ્યતિત થઈ ગયો કે જે સમય દરમ્યાનમાં રૂપમુરારીદાસ ક્યાં સુધી પહોંચ્યા છે તેની ખબર કોઈને ક્યાંથી હોય ?..... એટલે સમજો કે દેશાધિપતિની સાથે રહીને શિકારમાં મૂંગા પસુ-પંખીઓની હત્યાઓ કરવામાં પાછું વળીને જોયું જ નથી. વળી જ્યારે જ્યારે લડાઈનો મામલો ઉપસ્તિત થતો હતો ત્યારે ત્યારે લડાઈના નિમિત્તે હજારો મનુષ્ય જીવોની તેમજ બીજા જીવોની પણ પ્રાણઘાતક હિંસાઓ કરી છે. આમ કેવળ પેટના ભરણ પોષણ અર્થે આવી નોકરી કરીને ન કરવા જેવી હત્યાઓ કરી કરીને પાપરૂપેના અનેક અપરાધો ખરી ચુકયા છે. અરે ... એટલું જ નહિ પરંતુ કસાઈ કરતા પણ નીચ-અધમ કૃત્યો દ્વારા થયેલા અપરાધોમાંથી કોઈ મુક્ત કરાવી શકે ખરા ?.... ના, બાપા.... ના .... એવી તો કોઈની શક્તિ નથી... ટુંકમાં કે પોતાના કરેલા પોતાને ભોગવવાના જ હોય છે.... પણ .....

પણ.... એટલે શું ?.....

પણ .... એટલે એ કે શ્રી મહાપ્રભુજીએ ભૂતલ પર પધારીને પ્રગટ કરેલા આ માર્ગનો જો સંબંધ થાય તો સંબંધ થતાની સાથે જ ગમે તેવા કરેલા અરાધોમાંથી પણ મુક્ત થઈ શકાય છે. બાકી તો ભલેને ચૌદ લોકમાં ફરો તો પણ કંઈ વળે નહિ .... એટલે સમજો કે હાલના સમયમાં તો એક જ માર્ગ એવો છે કે જેમાં જીવે કરેલા બધાય અપરાધોની (દોષોની) નિવૃત્તિ થઈ જાય છે. પણ ... હૃદયના સાચા ભાવથી અને વિવિધપૂર્વક સંબંધ થવો જોઈએ.
(વાંચો : શ્રી ષોડશ ગ્રંથમાં પ્રગટ કરવામાં આવેલ શ્રી સિદ્ધાંત રહસ્ય નામનો ગ્રંથ)

ત્યારબાદ આવા પ્રકારે જીવન જીવતા જીવતા હવે એવું બને છે કે એક સમયે દેશાધિપતિની એટલે કે અકબર બાદશાહની સ્વારી મથુરામાં આવી. આમ બાદશાહની સ્વારી મથુરામાં આવતા બાદશાહની સાથે રૂપમુરારીદાસ પણ મથુરામાં આવ્યા અને પછી એક દિવસે ફરતા ફરતા રૂપમુરારીદાસ મથુરાના વિશ્રામઘાટ ઉપર આવ્યા... અરે ... વિશ્રામઘાટ ઉપર આવ્યા તો ખરા પરંતુ વિશ્રામઘાટની ભૂમી પર પોતાનો પગ મુકતાની સાથે જ કોઈ .... ઈશ્વરી સંકેત પોતાને સ્નાન કરવાની ઈચ્છા થઈ. આમ થયેલી આવી ઈચ્છાના કારણે કેવળ એક પ્રવાહી જીવ તરીકે જ જલ સ્વરૂપે બિરાજી રહેલા શ્રી યમુનાજીમાં સ્નાન કર્યુ તેમજ સાથે સાથે થોડુંક જલ પણ પીધું. ....પછી આવરણરૂપેના પોતાના જે લોહીવાળા કપડા હતા તે કપડા પાછા પહેરી લીધા. આમ પોતાના દેહની શ્રી યમુનાજીના અલૌક્કિ જલનો સ્પર્શ થવાથી દેહ પવિત્ર થયો તેમજ પીધેલ જલ દ્વારા હૃદયને શ્રી યમુનાજીના અલૌક્કિ જલનો સ્પર્શ થવાથી હૃદય પણ શુદ્ધ બન્યું. આમ ન ધારેલ તેવી આ બંને પ્રકારની થઈ ગયેલી ક્રિયા દ્વારા પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપે ભૂતળ પર બિરાજતા શ્રી ગુસાંઈજીએ રૂપમુરારીદાસના બધાય દોષોનું નિવારણ કરી દીધું. હવે વિચાર કરો કે શ્રી ગુસાંઈજી ક્યાં બિરાજી રહ્યા છે અને રૂપમુરારીદાસ ક્યાં ભટકી રહ્યા છે ?... છતાંય અંતર્યામી એવા શ્રી ગુસાંઈજી બધુંય જાણે જ છે કે જેથી પોતાના જીવો ભલે ગમે ત્યાં તો પણ ત્યાંથી મૂળ સ્થળે આવી જવાની પ્રેરણા કરે જ કારણકે રહસ્યની દ્રષ્ટિએ તો એવું છે કે રૂપમુરારીદાસે શ્રી યમુનાજીમાં જે સ્નાન અને જે પાન કર્યું હતું તે સ્નાન અને તે પાન દ્વારા એવું થયું કે છ મહિનાની એક રાત્રિ કરી શ્રી ઠાકોરજીએ મહારસની જે લીલા કરી હતી તે લીલા પછી શ્રી ઠાકોરજીને થયેલા શ્રમનું જલ અથવા તો થયેલા પરસેવાનું જલ 'જલ વિહાર લીલા દ્વારા પોતાનામાં (શ્રી યમુનાજીમાં) જે આવેલું છે તે જલનો .... સંબંધ' રૂપમુરારીદાસને થઈ જતા રૂપમુરારીદાસ ઉપર ખરેખર કૃપા જ થઈ ગઈ. એટલે કે આવી રીતે શ્રી યમુનાજીનું સ્નાન કે પાન કરતા પોતાની બુદ્ધિમાં કંઈક પરિવર્તન થઈ જતા ભૂતકાળમાં પોતે કરેલા અપરાધોની ખરેખર યાદી આવી ગઈ પરિણામે કરેલા તે અપરાધોને યાદ કરી કરીને પ્રાયશ્ચિત જ કરવા લાગ્યા. પણ ... અહીં માર્ગદર્શન કરે કોણ ?..... છતાંય શ્રી ગુસાંઈજી સર્વ શક્તિમાન છે કે જેથી શ્રી ગુસાંઈજી કંઈક રસ્તો બતાવશે જ...

ત્યારબાદ રૂપમુરારીદાસ તો આમ તેમ ફરતા ફરતા વિશ્રામ ઘાટ ઉપર બેઠેલા ચોબોઓ પાસે ગયા અને બેઠેલા ચોબાઓમાં ના એક ચોબાને પૂછ્યું કે ભૈયા ... આ સંસારમાં આવીને મનુષ્ય જીવ તરીકેના આ જીવનું પાપી પેટ ભરવા માટે સંગ્રામમાં તેમજ શિકારમાં અસંખ્ય જીવોની હત્યાઓ કરવા માં મે પાછુ વાળીને કદી પણ જોયું નથી એટલે સમજો કે ન કરવા જેવા અધમ કર્મો દ્વારા એકઠા થયેલા મારા દોષોમાંથી - અપરાધોમાંથી મુક્ત થઈને મારૂં આ મનુષ્ય તરીકેનું જીવન સફળ બનાવી શકાય તેવો રસ્તો મને બતાવો અથવા તો આવો રસ્તો બતાવનાર જો કોઈ તમારા ધ્યાન માં હોય તો મને કહો કે જેથી હુ તેઓની પાસે જાવ .... બાકી મને ઉત્તમ રસ્તો જો તમે બતાવશો તો તમારૂ કલ્યાણ થશે. અરે, આ વિચારો કોઈ દુઃખીયો લાગે છે. એવી રીતેની એક ચોબાના હૃદયમાં દયા આવી જતા તે ચોબાએ રૂપમુરારીદાસને બોલાવીને પોતાની પાસે બેસાડ્યા અને પછી માર્ગદર્શન કરાવતા હોય તેમ ચોબાએ કહ્યું કે ભાઈજી.... આજ કાલના આ સમાજમાં (જગતમાં) આવી પડેલા જીવોના ઉધ્ધારક તરીકે તો શ્રી વિઠ્ઠવદાસજી (શ્રી ગુસાંઈજી છે) એટલે તેમની પાસે તમે જશો તો તેમના દર્શન માત્રથી તમારૂ મન આકર્ષાશે અને પછી તેમના ઉપદેશ દ્વારા ભક્તિરૂપેની સેવાની પવિત્રભાવના તમારા હૃદયમાં પ્રગટ થશે.... પછી તો તમારૂ કાર્ય પણ સિદ્ધ થશે. ચોબાની આવી વાત સાંભળીને જેમના હૃદયમાં પ્રગટ થયેલી આતુરતાએ કોઈ બીજુ જ સ્વરૂપ ધારણ કર્યું હોય તેવી આતુરતા વાળા રૂપમુરારીદાસે વળી પૂછ્યું કે ભૈયા.... તે મહાપુરુષનો મિલાપ ક્યાં થાય ?... જવાબમાં ચોબાએ કહ્યું કે શ્રીમદ ગોકુલ કે જે તેમનુ નિજ ધામ છે ત્યા તેઓનો મિલાપ થશે, શ્રી ગુસાંઈજી સંબંધની આવી વસ્તુસ્થિતિ જાણીને અને હૃદયમાં રાખીને રૂપમુરારીદાસતો પોતાને મુકામે ગયા.

આમ રૂપમુરારીદાસ પોતાના મુકામે તો આવ્યા પરંતુ આવીને શ્રી ગુસાંઈજીની તપાસ કરી લાવવા માટે તુરત જ એક માણસને શ્રીમદ ગોકુલ મોકલ્યો. બાદ રૂપમુરારીદાસે મોકલેલ માણસ શ્રીમદ્ ગોકુલમાં જઈને ગોકુલવાસીઓમાંના કોઈ એક માણસને પૂછ્યું કે અહીં શ્રી ગુસાંઈજી કહેવાય છે તેઓ ક્યાં બિરાજે છે ?.... જવાબમાં ગોકુલવાસીએ કહ્યું કે શ્રી ગુસાંઈજી તો ગોવર્ધન ગામ પાસે જે શ્રી ગિરિરાજજી કહેવાય છે ત્યાં બિરાજે છે. આમ આવા સમાચાર લઈને અર્ધ રાત્રિ થઈ ગયેલ હોવા છતાંય માણસ તો રૂપમુરારીદાસ પાસે આવ્યો અને પ્રાપ્ત થયેલા સમાચાર કહી સંભળાવતા રૂપમુરારીદાસને કહ્યું કે તેઓ હાલ શ્રી ગોવર્ધન ગામ પાસે આવેલા શ્રી ગિરિરાજજીમાં બિરાજે છે. આવા સમાચાર સાંભળીને હૃદયમાં વિશેષને વિશેષ પ્રગટ થતી જતી આતુરતાના કારણે રૂપમુરારીદાસ સ્હેજ વિચારમાં પડી ગયા કે હવે શું કરવું ?..... વળી આવા અર્ધ રાત્રિ જેવા સમયે જવું પણ ક્યાં ?.... આમ આવા વિચારોમાંથી અર્ધ રાત્રિનો સમય પસાર થઈ જતા પાછલી રાત્રિનો સમય થયો પણ રૂપમુરારીદાસને કંઈ સૂઝ પડી નહિ . આખરે ....

આખરે.... પોતે એવું કાર્ય કે શ્રી ગિરિરાજજીના સ્થળે જવા માટે ચાર માણસોને સાથે લઈને આવી આ પાછળની રાત્રિના સમયે રૂપમુરારીદાસ તો મથુરાથી વિદાય થયા, પછી સમજો કે શ્રી ગિરિરાજજીના સ્થળે આવી પહોંચ્યા અને કોઈ વ્રજવાસીને જોતા તે વ્રજવાસીને પૂછ્યું કે શ્રી ગુસાંઈજી ક્યાં બિરાજે છે ? ..... જવાબમાં વ્રજવાસીએ કહ્યું કે શ્રી ગુસાંઈજી તો સ્નાન કરવા માટે શ્રી ગોવિંદ કૂંડ ઉપર પધાર્યા છે આમ વ્રજવાસીના આવા વચનો સાંભળતાં રૂપમુરારીદાસ તો તરત જ શ્રી ગોવિંદ કુંડ ઉપર આવી પહોંચ્યા. હવે રૂપમુરારીદાસ જે સમયે શ્રી ગોવિંદ કુંડ ઉપર બિરાજ્યા હતા તેમજ છીતસ્વામી, ચર્તુભુજદાસ વિ. ભગવદીયો પણ આપની આસપાસમાં બેઠા હતા એવામાં જેઓએ લોહીયાળ જેવા અથવા તો લોહીથી ખરડાયેલા કપડા પહેરેલા છે એવા રૂપમુરારીદાસ તો શ્રી ગુસાંઈજી પાસે આવ્યા. દર્શન કર્યા અને પછી ધ્રુજતા દ્રુજતા સન્મુખમાં ઉભા રહીને હૃદય ખાલી કરવા લાગ્યા કે હે પ્રભુ... હે દયાન્ના સાગર.... હું મહા અપરાધી છું ..... હત્યારો છું.... કસાઈ કરતા પણ વધારે નીચ- અધમ કૃત્યો કરનારો ચંડાલ સમાન હું પાપીમાં પાપી છુ કે જેથી મારાં આવા મહાન અપરાધોમાંથી મુક્ત કરીને મને કલ્યાણનો માર્ગ બતાવો.

હવે જેઓએ લોહીથી ખરડાયેલા કપડા પહેરેલા છે તેમજ જેઓ ધ્રુજતા ધ્રુજતા પોતાના હૃદયમાં રહેલી વસ્તુ સત્ય રીતે પ્રગટ કરી રહ્યા છે એવા રૂપમુરારીદાસ તરફ શ્રી ગુસાંઈજીએ દ્રષ્ટિ કરી અને રૂપમુરારીદાસની હાલત જોઈને કૃપાનિધિના હૃદયમાં દયાએ પ્રવેશ કર્યો. આમ હૃદયમાં દયાએ કરેલા પ્રવેશ દ્વારા કરૂણા દ્રષ્ટિરૂપેનું હાસ્ય કરીને શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે રૂપમુરારીદાસ તમે તમારી સત્ય વાત પ્રગટ કરી દીધી તે ઠીક કર્યું છતાય હજી જો કંઈ હિસાના અપરાધ કહેવાના બાકી રહ્યા હોય તો તે મનમાં રાખ્યા સિવાય કહી દીયો. બાકી... તમારા ઉદ્ધાર માટે શું કહો છો ?..... તમારો ઉદ્ધાર તો અહીં આવતાની સાથે જ થઈ ગયો છે. એટલે ... હવે વળી બીજો કયો ઉદ્ધાર કરવાનો બાકી રહ્યો છે ?... શ્રી ગુસાંઈજીએ કરેલી આવી આજ્ઞાના વચનો સાંભળીને રૂપમુરારીદાસ વિનંતી કરતા કહેવા લાગ્યા કે :

○ દોહો ○

એક જીવકે કારણે, મારે જીવ અપાર,
બધિક અધિક હુતે અધિક, સુનીએ કૃપા ઉદાર.

યહ સુનીકે કરૂણા કરી, દીને બંદ છુદાય;
અતિ પુનીત તતક્ષન કીયો, લીયો આપ અપનાય.

○ કવિત ○

મહા પતિત પાવન શ્રી વિઠ્ઠલેશ મજત ગુરૂ,
એસો નામ સુનીકે આયો હું શરણકો ;

કેતે તીર તરે જાત ગંગા જો અનંત જીવ,
દેખ્યો પરચો પ્રસિદ્ધ પાય પંચ વરનકો.

કુરૂપમુરારીદાસ તાહિ કિયે સુખ રૂપ,
અભયપદ દાન દીયે મેંટયો દુઃખ મરનકો;

દેખેહી દેખે બસલ સબ રૂધિર ભરે,
તેહી ક્ષણા ઉજવલ કરે એંસે પાપ હરનાકો.... ॥ ૧ ॥

આમ રૂપમુરારીદાસની આવી સાવ સાચી વાત સાંભળી શ્રી ગુસાંઈજી એ આજ્ઞા કરી કે હવે તમને આ માર્ગનો સંબંધ થવાનો હોવાથી આવરણરૂપેના આવા જે કપડા હજી તમે પહેરી રાખ્યા છે તે કપડા ઉતારી નાખો અને આ .... ગોવિંદકુંડમાં સ્નાન કરીને આવો. શ્રી ગુસાંઈજીએ કરેલી આજ્ઞાના આવા વચનો સાંભળીને આવરણરૂપે કહેવાતા પોતાના કપડા ઉતારી નાખીને રૂપમુરારીદાસ સ્નાન કરવા ગયા અને ગોવિંદકુંડમાં સ્નાન કરી આવતા શ્રી ગુસાંઈજીએ નવા

વસ્ત્રો આપ્યા એટલે કે પહેરવા માટે પરદીની તથા ઓઢવા માટે ઉપરણો આપ્યા આમ શ્રી ગુસાંઈજી તરફથી આપવામાં આવેલા આવા નવા વસ્ત્રો પહેરીને વૈષ્ણવપણું પ્રાપ્ત કરવા માટે રૂપમુરારીદાસ શ્રી ગુસાંઈજીની સન્મુખમાં આવીને બેસતા શ્રી ગુસાંઈજીએ શ્રી અષ્ટાક્ષર મંત્ર સુનાવ્યો. અરે, શ્રી અષ્ટાક્ષાર મંત્ર તો સુનાવ્યો પરંતુ શ્રી અષ્ટાક્ષર મંત્ર સાંભળતાની સાથે નવો દેહ પ્રાપ્ત થતા જીવ હિંસા તરીકે કરેલા બધાય દોષોમાંથી (અપરાધોમાંથી) રૂપમુરારીદાસ મુક્ત થઈ ગયા તેમજ લોહીથી ખરડાયેલા કપડા જે ઉતારી રાખ્યા હતા તે લોહીથી ખરડાયેલા કપડા પણ વગર ધોયે દૂધ ... જેવા સફેદ થઈ ગયા. એટલે સમજો કે રૂપમુરારીદાસે કરેલી બધીય હત્યાઓનો નાશ થઈ ગયો. આમ આવા પ્રમાણરૂપેના આવા બંને પ્રકારો દ્વારા રૂપમુરારીદાસમાં ખરેખર દ્રઢતા આવી ગઈ એટલે કે રૂપમુરારીદાસનો ભાવ શ્રી ગુસાંઈજીના ચરણારવિંદમાં દ્રઢ થયા. પછી સાષ્ટાંત દંડવત્ પ્રણામ કરીને રૂપમુરારીદાસે બે સોના મહોરો આપના ચરણારવિંદમાં ભેટ કરતા શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરીને કહ્યું કે કે આજે તમે વ્રત કરજો અને પછી આવતી કાલે શ્રીનાથજીની સન્મુખમાં તમને નામ નિવેદન (બ્રમ્હસંબંધ) કરાવીશું. હવે અત્યારે પાછલી રાત્રિનો સમય હોવા છતાય રૂપમુરારીદાસને આવી... આજ્ઞા કરીને બધાય સેવકો સહિત શ્રી ગુસાંઈજી શ્રીનાથજીના મંદિરમાં પધાર્યા કે જ્યાં પધારીને શંખનાદ કર્યો તેમજ મંગળ ભોગની સામગ્રી સિદ્ધ થઈ જતા શ્રીનાથજીને જગાડીને મંગલ ભોગ ધર્યા. બાદ સમય અનુસાર મંગલ ભોગ સરાવીને જ્યારે આરતી કરી ત્યારે આ .... આરતીના સમયે શ્રી ઠાકોરજીના દર્શન કરતાની સાથે જ રૂપમુરારીદાસને પરમ આનંદ પ્રાપ્ત થયો.

તે પછી શૃંગાર ધરીને શ્રીનાથજીના સન્મુખ રૂપમુરારીદાસને નામ નિવેદન (બ્રહ્મસંબંધ) કરાવ્યું અને શ્રીનાથજીની રાજભોગથી તે આરતી સુધીની સેવામાંતી પરવારીને શ્રી ગુસાંઈજી શ્રી ગિરિરાજજી ઉપરથી નીચે પધાર્યા. આમ નીચે પધાર્યા પછી શ્રી ગુસાંઈજીએ ભોજન કર્યુ તેમજ શ્રી ગુસાંઈજીએ રૂપમુરારીદાસને જુઠાણ-મહાપ્રસાદની પાતર ધરતા રૂપમુરારીદાસે મહાપ્રસાદ લીધો. અરે, એટલું જ નહિ પરંતુ જુઠણ-મહાપ્રસાદ લેતાની સાથે જ રૂપમુરારીદાસના હૃદયમાં બહુ જ હર્ષ પ્રગટ થઈ ગયો કે જે હર્ષના કારણે શ્રી ગુસાંઈજીએ સ્વરૂપનું ચિત્ર રૂપમુરારીદાસ ઉપર પધરાવી આપીને સેવા કરવાની આજ્ઞા કરી. તે પછી.... શ્રી ગુસાંઈજીએ કરેલી આજ્ઞા મુજબ શ્રી ઠાકોરજીને પધરાવીને રૂપમુરારીદાસ મથુરા આવ્યા. અને પચી તો સમજો કે શ્રી ગુસાંઈજીના ચિત્ર સ્વરૂપની જે સેવા પોતાનાં માથે પધરાવી હતી તે સ્વરૂપને નિત્ય ભોગ ધરીને અને મહાપ્રસાદમાં પણ તેજ લઈને પોતાના દેહનો નિર્વાહ કરવા લાગ્યા.

ત્યારબાદ રૂપમુરારીદાસ એવું કરવા લાગ્યા હતા કે પોતાના ગળામાં તુલસીની માળા (કંઠી) નિત્ય પહેરી રાખતા હતા. વળી સ્નાન કરીને નિત્ય તિલક કરતા હતા અને ઉપરાંત એવું પણ થયું કે પોતાની દાઢી અને મૂછના વાળ જે વધી ગયેલા મોટા મોટા વાળા પણ ઉતરાવી નાખતા રૂપમુરારીદાસનું સ્વરૂપ ખરેખર બદલી જ જવા પામ્યું હતું વળી આવી રીતે બદલી ગયેલા સ્વરૂપવાળા રૂપમુરારીદાસ તો શ્રી ઠાકોરજીની સેવામાંથી પરવારીને અને મહાપ્રસાદ લીધા પછી જ નોકરી કરવા જતા હતા. વળી રૂપમુરારીદાસના આવા પ્રકારે બદલાઈ ગયેલા વાતાવરણથી સમજો અપ્રસન્ન થવાને બદલે બાદશાહ અકબર તો રૂપમુરારીદાસ ઉપર સદાય પ્રસન્ન રહેતા હતા. એટલે સમજો જ્યાં ધણી પોતે પ્રસન્તામાં હોય ત્યાં રાજયના બીજા કોઈ વળી શું કરી શકવાના હોય... એટલે ટુંકમાં કે આ તો કેવળ એક લૌકિક વાત છે તો પછી અલૌકિક ધણીની તો વાત જ ક્યાં કરવી ?..... છતાય કોઈ કોઈ વખત એવુ પણ બને કે અન્ય કોઈનું સારુ નહિ જોનારા અથવા તો સારૂ નહિ ઈચ્છનારાઅથવા તો અદેખાઈ કરનારા અથવા તો પછી સમજો કે વિરોધ કરનારા લોકો આખરે પોતાનો પાઠ ભજવ્યા વિના રહેતા જ નથી. એટલે આવા એક નિયમે અહીં પણ કંઈક એવું જ બને છે એટલે કે કેમ જાણે પોતાને નવો જ દેહ પ્રાપ્ત થયો હોય તેમ દાઢી તથા મૂછના વાળ ઉતારી નંખાવેલા. વળી ગળામાં તુલસીની માળા, વળી લલાટમાં તિલક, વળી શરીરે છાપા વિ. દ્વારા પોતાના પલ્ટાયેલા વેશે રૂપમુરારીદાસ બાદશાહની કચેરીમાં આવતા હોવાથી રૂપમુરારીદાસને જોઈને કચેરીમાં રહેલા સૌ મ્લેચ્છો (મુસલમાનો) રૂપમુરારીદાસ પ્રત્યે કતરાઈને બહુ જ દ્વવેશ કરવા લાગ્યા. પરિણામે મનમાં બહુ જ બળવા લાગ્યા એટલે પછી કચેરીમાંના બધાય મ્લેચ્છોએ એકઠા થઈને રૂપમુરારીદાસના ધર્મનો નાશ કરવવાના હેતુએ છળકપટ તરીકેનું એક કાવતરૂં રચ્યું અને ....

અને .... પછી એક દિવસ સૌ મલીને અકબર બાદશાહ પાસે આવ્યા અને સૌનાવતી એક મ્લેચ્છે કહ્યુ કે હજુર સાહેબ ... આ રૂપમુરારીદાસ હવે તે .... હિન્દુના ફકીર જેવા જ (સાધુ-સંત જેવા જ) બનીને કચેરીમાં આવતા થઈ ગયા છે એટલે શું ખબર પડે કે આવા વેશની (ભેખથી) હજુર સાહેબના માટે કેવો વિચાર કરીને કચેરીમાં આવતા હશે!... વળી રાજ્યની સલામતી અર્થે આ પણ એક વસ્તુ વિચારવા યોગ્ય છે... આમ મ્લેચ્છોની આવા પ્રકારની વાત સાંભળીને

વિચારવંત બાદશાહે રૂપમુરારીદાસને સંબોધતા પૂછ્યું કે રૂપમુરારીદાસ. આ ફકીર (ત્યાગીપણા જેવો ભેખ) શા માટે લીધો છે ?.... બાદશાહે કરેલા આવા પ્રશ્નથી રૂપમુરારીદાસ તરતજ સમજી ગયા કે બાદશાહના કાન કોઈએ ભંભેર્યા છે. એટલે પછી ભરાયેલી કચેરીમાં જ ....

રૂપમુરારીદાસ વિનયપૂર્વક છે કે -

○ દોહો ○

જુરી કચહરી યવનકી, કીનો સબ મિલી દ્વેષ;
દેખતહીં અકબર કહ્યો,યહ કહા ધાર્યો ભેષ....૧

રૂપમુરારી અબ ભયો, સુનો અકબર શા;
શ્રી વિઠ્ઠલ શરણ લીએ, ભયે દોષ સબદાહ....૨

પછી.... શું થયું ?...

પૃથ્વી પતિ સુની કે, કહી દઈ બહુત શ્યાબાસ;
અપને દિલકી ખુશીયોં રહે આઓ મેરે પાસ....૩

પછી દાસત્વ બતાવતા વળી રૂપમુરારીદાસે દીનતાપૂર્વક કહ્યું કે -

અતૂલ પ્રતાપ નિજ નાથકો, મેં કહા કરૂ બખાન
ઉભય લોક નિર્ભયકીએ, બાજત પ્રગટ નિશાન ૪

તે પછી સમજો કે વિશેષ પ્રસંન થતા બાદશાહ અકબરે રૂપમુરારીદાસને હંમેશા પોતાની પાસે જ રહેવાનું ફરમાન કર્યું અને રૂપમુરારીદાસના હૃદયમાં રહેલી પ્રભુ ભક્તિ પ્રત્યેની અલૌકિક ભાવનાનો અપૂર્વ પ્રભાવ કચેરીમાં બેઠેલા સૌ મ્લેચ્છોને સમજાવ્યો. આમ અકબર બાદશાહની આવી વાતો સાંભળીને છલકપટ કરીને બાદશાહના કાન ભંભેરનારા સૌ મ્લેચ્છો ખરેખર ભોંઠા પડી ગયા. એટલે ટુંકમાં કે અકબર બાદશાહની ભરાયેલી કચેરીમાં શ્રી ગુસાંઈજીની સેવાના પ્રતાપબળથી રૂપમુરારીદાસે વિજય મેળવ્યો. હવે આવી રીતે મ્લેચ્છો તરીકે કહેવાતા અકબર બાદશાહની કચેરીમાં બેઠેલા સૌ મ્લેચ્છોને ભોંઠા પાડીને રૂપમુરારીદાસે વિજય તો મેળવ્યો પરંતુ... હત્યાઓ કરી કરીને મનુષ્યોને તેમજ પશુ-પંખીઓ જેવા મારી નાખેલા મૂંગા જીવોનું શું ?... અરે... આવો વિચાર હોય ખરો... એ તો ભક્તના આવા પ્રકારે થયેલા સંબંધ દ્વારા એટલે કે આવા .. અધમ કૃત્યો હોવા છતાય "કેવળ ભક્તના સંબંધમાંથી " તે મરી ગયેલા બધાય જીવો બીજે ક્યાંય નહિ પરંતુ લીલામાં જ પહોંચ્યા છે પણ.... બાપા.... તે મનાય કેમ ?.... ન મનાય તો હવે જોવાનું જ રહ્યું કે -

ત્યારબાદ અકબર બાદશાહની સ્વારી મથુરામાંથી રવાના થઈને દિલ્હીમાં આવતા રૂપમુરારીદાસ પણ અકબર બાદશાહની સાથે રહીને નોકરી કરતા કરતા રૂપમુરારીદાસનું દેવી જીવન વ્યતીત થઈ રહ્યું છે. આમ આવા પ્રકારના જીવી રહેલા જીવન દરમ્યાનમાં રૂપમુરારીદાસને ઘણીવાર વિચારો આવી જતા હતા કે સંગ્રામમાં હજારો જીવોનો મેં નાશ કર્યો છે તેમજ હત્યાઓ કરી કરીને પશુ- પંખી જેવા મૂંગા અનેક જીવોને મેં મારી નાખેલા છે કે જેથી બિચારા આ બધાય જીવોની શી દશા (ગતિ) થઈ હશે ?... આમ પોતાને થતા આવા વિચારોના આધારે રૂપમુરારીદાસના મનને શાંતિ રહેતી ન હતી. પરિણામે મનમાં અશાંતિ રહ્યા કરતી હોવાથી રાત્રિ દિવસ પોતાના મનમાં દુઃખ જ થયા કરતું હતું. આમ કરતા કરતા ઘણાય દિવસો પસાર થઈ ગયા પછી એક દિવસે રૂપમુરારીદાસ રાત્રે સુતા હતા અને આવી ગયેલી નિંદ્રામાંથી જાગી ગયા અને તે પછી તો સમજો કે સ્હેજ પાછી નિંદ્રા આવી જાય તો વળી પાછા સ્હેજ જાગી પણ જતા હોય.... આમ પોતાની આવા પ્રકારની થઈ રહેલી દશામાં પોતાને એક કૌતુક દેખાયું એટલે કે રૂપમુરારીદાસના હાથની ગમે તે નિમિત્તે જેટલા જીવો મર્યા હતા તે બધાય જીવો રૂપમુરારીદાસની પાસે આવીને સ્તુતી કરતા કહેવા લાગ્યા કે -

○ દોહો ○

જીતને મારે જીવ સબ, તીન સબ કહી સુનાયક;
હમ સબહી મહામુક્તિ, ભયે તેરે હાથ વિકાય ... ૧

એટલે કે હે રૂપમુરારીદાસ ?... અમે કે જે તમારા હાથે મરેલા જીવો છીએ અને અમે તમારી સ્તુતિ કરીએ છીએ અથવા તો તમારા ગુણગાન કરીએ છીએ કે તમારા હાથે મરેલા અમે બધાય જીવો શ્રી ઠાકોરજીના કૃપાબળથી આ લોક અને સ્વર્ગ વિગેરમાં રહેલી લૌક્કિ સંબંધવાળી વાસનાઓથી મુક્ત થઈને અમારી કેવળ મુક્તિ જ થઈ છે એવું નથી પરંતુ મહામુક્તિ થઈ છે એટલે કે શ્રી ગોપિજિનવલ્લભ શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુના ચરણારનિંદની સેવામાં (લીલામાં) જ પ્રાપ્ત થયા છીએ માટે... તમે અમારી ચિંતા કરીને જરાય ખેદ (દુ:ખ) કરશો નહિ... અમે સુખી જ છીએ. આમ એટલું કહીને પ્રગટ થયેલા આ બધાય જીવો અદ્રશ્ય થઈ ગયા... હવે અગાઉ મતુરામાં આવેલા વિશ્રામ ઘાટ ઉપર ચોબાએ રૂપમુરારીદાસને " શ્રી ગુસાંઈજી પ્રત્યેનું " જે માર્ગદર્શન કરેલ હતું. તે માર્ગદર્શન દ્વારા રૂપમુરારીદાસનું કાર્ય સિદ્ધ થઈ જવાથી ચોબાનું કલ્યાણ ન થયું હોય તેવું માનવાને કોઈ કારણ નથી. કારણકે ભક્ત તરીકે ભક્તના એટલે કે રૂપમુરારીદાસના વચનો હતા કે "જો તમે મને ઉત્તમ રસ્તો બતાવશો તો મારુ કલ્યાણ થશે. અરે... મારું કલ્યાણ તો થશે પરંતુ સાથે સાથે તમારું પણ કલ્યાણ થશે ".. આમ ભક્ત સમાન ગણાતા રૂપમુરારીદાસના માત્ર આવા વચનોથી જ જેમ મારેલા બધાય જીવોની લીલામાં પ્રાપ્ત થઈ ગઈ તેમ માર્ગદર્શન આપનારા આ ચોબાનું પણ કાર્ય સિદ્ધ થઈ જ જવાનું... એટલે હવે વિચાર કરો કે ભક્તના સંબંધથી બીજું શું ન થાય !.....

ત્યારબાદ પોતે મારી નાકેલા જીવોની આવી વાત સાંભળતાની સાતે જ રૂપમુરારીદાસ તો ખરેખર જાગૃતિમાં આવી જતા પોતે બેઠા થઈ ગયા અને પ્રમેય રોમાંચ થઈ જતા પોતાનો કંઠપણું ગદગદ થઈ ગયો અને પછી જેમના શરણનો આવો પ્રભાવ છે એવા શ્રી ગુસાંઈજીના સ્વરૂપનું સ્મરણ કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા કરતા એકસોને આઠ વાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અને પછી મોઢેથી બોલતા રહ્યા કે ધન્ય ... શ્રી વિઠ્ઠલેશ પ્રભુ , ધન્ય ... શ્રી વિઠ્ઠલેશ પ્રભુ.

○ દોહો ○

રોમ રોમ રસના રટુ, ધન્ય શ્રી વિઠ્ઠલ દેવ;
ઉલટેકો સુલટો કીયો, સહજ બિરદ કી ટેવ ૧

આમ શ્રી ગુસાંઈજીએ કરેલા અનુગ્રહને હંમેશા યાક કરી કરીને રૂપમુરારીદાસ પોતાનું જીવન વ્યતિત કરવા લાગ્યા. પછી રૂપમુરારીદાસનું આવું દેવી જીવન જોઈને અકબર બાદશાહનો મમત્વ (પોતાના જ હોય તેવો) પ્રેમ પણ રૂપમુરારીદાસ પ્રત્યે વિશેષને વિશેષ વધતો ગયો. પરિણામે રૂપમુરારીદાસ પોતાના નોકર નહિ પરંતુ પ્રિય મિત્ર એવું અકબર બાદશાહ માનવા લાગ્યા કે જેના કારણે રૂપમુરારીદાસની સેવા અર્થે અકબર બાદશાહે આઠ માણસો રાખ્યાતેમજ સ્વારીના સમયે બેસવા માટે એક સારામાં સારો ઘોડો પણ આપ્યો. વળી અકબર બાદશાહે રૂપમુરારીદાસને એવું પણ કહ્યુ કે હવેથી અમારી જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તમારે અમારી સાથે જ સ્વારીમાં રહેવું એટલે સમજો કે હવે બીજું કંઈ કામ તમારં કરવાનું નથી.

આમ સમય પસાર થતા થતા એક સમયે અકબર બાદશાહની સ્વારી કાબુલ ગઈ કે જેથી રૂપમુરારીદાસ પણ અકબર બાદશાહની સાથે કાબુલમાં ગયા. આમ આ કાબુલ શહેરમાં રહેતા માણસોની ભાષા, પહેરવેશ, તેમજ ખાનપાન વિં. જોવાથી હિંદુ કોણ છે અથવા તો મુસલમાન કોણ છે ?.... તેવી કંઈજ ખબર જ પડતી નહતી. અહીં આવા પ્રકારની સ્થિતિમાં મૂકાતા રૂપમુરારીદાસને ચિંતા થવા લાગી કે અરે, આવા દેશમાં આવ્યો તો ખરો પરંતુ અહીંયા વૈષ્ણવ ધર્મ કેવી રીતે પાળવો ?.... સારૂ, જેવી પ્રભુની ઈચ્છા. આમ પોતાના મનને વાળીને સામગ્રી મંગાવવા માટે એક માણસને બજારમાં મોકલ્યો અને રૂપમુરારીદાસને સુચન કર્યુ કે, "બજારમાં જો કોઈ હિન્દુની દુકાન દેખાય તો તે દુકાનની ખાત્રી કરીને તે દુકાનેથી ચોખા, ઘી, મીઠું, વિગેરે સામાન લઈ આવો "... આમં રૂપમુરારીદાસના સુચનને ધ્યાનમાં રાખીને માણસ તો કાબૂલ શહેરમાં આવેલી બજારમાં ગયો... હવે બજારમાં ફરતા ફરતા જ્યાં જુએ ત્યાં હિન્દુ જેવા દુકાનદારની દુકાન ક્યાંય જોવા મળે નહિ. છતાંય નોકર તો કેવળ ચિઠ્ઠીનો ચાકર કહેવાય એ નિયમે આ માણસ તો આમતેમ બીજી તરફ બજારમાં ફરવા લાગ્યો. આખરે... એક હિન્દુ જેવા દેખાતા દુકાનદારની દુકાને આવ્યો અને રૂપમુરારીદાસના સુચન મુજબ બરાબર તપાસ કરવા અર્થે માણસે દુકાનદારને પૂછ્યું કે "આ દુકાન હિન્દુની છે" ?..? જવાબમાં દુકાનદારે માથું હલાવીને "હા" કહી અરે, હા તો કહી પરંતુ દુકાનદારે માણસને સામો પ્રશ્ન કર્યો કે "તમે ક્યાંથી આવો છો ?... વળી કોણ છો "? જવાબમાં માણસે કહ્યું કે શેઠજી અમે દિલ્હીમાં રહીએ છીએ અને બાદશાહ અકબરની સવારી અહીં આવેલ હોવાથી અમે તેમની સાથે અહીં આવ્યા છીએ. આમ અહીં આવતા મારા માલિકે મને એવી ભલામણ કરીને મોકલ્યો છે કે જો હિન્દુની દુકાન મલે તો જ સામાન લાવજો .... એટલે પછી મારે તો પૂરી ખાત્રી કરવી જ જોઈને !.... અને તેથી જ મેં આપને હિન્દુ તરીકે પુછ્યું . વળી મારા જે માલિક છે તે અકબર બાદશાહની સાથે જ રહે છે. એટલે કે તે પણ રાજ્યના એક ઉપરી અમલદાર છે. હવે માણસની આવી વાત સાંભળીને જેમને કંઈક વિશેષ આકર્ષણ થયું હોય એવા આ દુકાનદારે માણસને ફરીને પૂછ્યું કે તમારા માલિકનું નામ શું છે ?... તેમજ તેમનું ચલન કેવું છે ?.... જવાબમાં માણસે કહ્યું કે તેમનુંનભ રૂપમુરારીદાસ છે અને ગોકુલમાં રહેતા શ્રી ગુસાંઈજી મહારાજના તેઓ સેવક છે. વળી તેમની સેવા-પૂજા હોવાથી મને સામાન લેવા માટે મોકલ્યો છે. તેમની કૃપાથી હું પણ શ્રી ગુસાંઈજીના શરણે જઈને સેવક બન્યો છું. હવે તમે હિન્દુ છો તેથી આટલા .... ચોખા. આટલું.... ઘી, આટલું .... મીઠું, આયલું .... આં વિ. વિ. મને આપો. વળી અહીં બજારમાં તપાસ કરતા કરતા મને બહુ મોડું થયું છે કે જેથી તેઓ પણ મારી રાહ જોતા જ બેઠા હશે.

હવેમાણસે મંગાવેલો સામાન આપવાને બદલે આ દુકાનદાર તો માણસની વાત સાંભળતાની સાથે જ પોતાની દુકાન બંધ કરી અને.... મને રૂપમુરારીદાસ પાસે લઈ ચાલો. દુકાનદારની આવી વાત સાંભળીને સામાન લઈને જવાને બદલે આ દુકાનદારને જ લઈને માણસ તો રૂપમુરારીદાસ પાસે આવ્યો, આમ રૂપમુરારીદાસને જોઈને દુકાનદારે એવું થયું કે "નેત્ર મલતા વાત કીધી".... એટલે કે નેત્રો મલતા અરસપરસમાં કંઈક વાત થઈ ગઈ હોય તેમ દુકાનદારને કંઈક અલૌક્કિ આકર્ષણ થઈ ગયું કે જે થયેલા આકર્ષણથી હાથ જોડીને રૂપમુરારીદાસને મલ્યા.... નેત્રોમાંથી આસુંઓની ધારાઓ વહેવા માંડી...કંઠ પણ ગદ્ગદ્ થઈ ગયો... હૃદય કોઈ અલૌક્કિ ભાવથી ભરાઈ આવ્યું... આમ આવા એક અજાણ્યા દુકાનદારની હાલત જોઈને રૂપમુરારીદાસે પૂછ્યું કે ભાઈજી.... આપની કંઈક ઓળખાણ તો કરાવો !... રૂપમુરારીદાસની ઈચ્છા જાણીને દુકાનદારે પોતાની ઓળખાણ કરાવતા કહ્યું કે મારૂ નામ માધવદાસ છે અને જેમના સેવક આપ છો તેમનો જ સેવક હું છું પણ મારા વલણ મુજબ હું આવા દેશમાં આવી પડ્યો છું અને અલૌક્કિમાં મારાથી જે બની આવે છે તે કરીને હું મારું જીવન જીવી રહ્યો છું. આવી રીતે પોતાની ઓળખાણ કરાવીને માધવદાસે કહ્યું કે ભાઈજી, આવા દેશમાં પડ્યો તો છું છતાંય શ્રી ગુસાંઈજી દયાળુ છે. મારા જેવાનું વિચારીને આપને આવા દેસમાં મોકલ્યા એટલે કે શ્રી ગુસાંઈજી એ આજે મારા ઉપર ઘણી જ કૃપા કરી, વળી મને પોતાનો જાણ્યો, વળી આપ.... જેવાના મને અહીં દર્શન થયા. આમ આવું કહીને માધવદાસે પોતાની છાતી સાથે રૂપમુરારીદાસની છાતી મિલાવીને કોઈ એક સંબંધને યાદ કરતા કરતા ભેટી જ પડ્યા. અરે ભેટી પડ્યા તો ખરા પરંતુ તે એવી રીતે ભેટી પડ્યા કે પાછા છૂટા પડે જ નહિ. એટલે સમજો કે નીકટ-નિપટ જેવા થઈ ગયેલા માધવદાસને આખરે રૂપમુરારીદાસે શાન્ત કર્યા અને ....

અને ... પછી આંખોમાંથી વહી રહેલા આંસુઓને માધવદાસે રૂપમુરારીદાસને બે હાથ જોડીને વિનંતી કરતા કહ્યું કે ભાઈજી, ઘરે પધારો માધવદાસજી આવી વાત સાંભળીને રૂપમુરારીદાસે ના કહી. આમ ના જેવા શબ્દો સાંભળીને માધવદાસ તો તો બહુ જ રડવા લાગ્યા અને રડતા રડતા માધવદાસના હૃદયમાં "વૈષ્ણવ ભાવ" પ્રગટ થઈ જવા પામ્યો કે જે વૈષ્ણવ ભાવ અહીં લખાણમાં લખી શકાય તેવો નથી. એટલે લખવું પણ શું ?..... તે પછી માધવદાસના અલૌક્કિ પ્રેમને વશ થઈને રૂપમુરારીદાસ માધવદાસને ઘરે ગયા. અરે, માધવદાસના ઘરે ગયા તો ખરા પરંતુ ઘરે જઈને દ્રષ્ટિ કરે છે તો માધવદાસના ઘરમાં સાક્ષાત પ્રભુ બિરાજે છે એવો પ્રભાવ પ્રસરી રહેલો જોયો... આમ આવું જોઈને રૂપમુરારીદાસ બહુ જ પ્રસન્ન થયા અને પછી તો સમજો કે રૂપમુરારીદાસે માધવદાસના ઘરે જ સામગ્રી સિદ્ધ કરીને શ્રીને ભોગ ધર્યો અને ..... પછી માધવદાસ સહિત એટલે કે બન્ને જણાઓએ મલીને મહાપ્રસાદ લીધો.

ત્યારબાદ બંને જણાઓ અરસપરસ વાતોએ વળગતા માધવદાસ માધવદાસે રૂપમુરારીદાસને પૂછ્યું કે ભાઈજી, તમે શ્રી ગુસાંઈજીના શરણે કેવી રીતે આવ્યા ?..... જવાબમાં રૂપમુરારીદાસે કહ્યું કે ભાઈજી તમે મારી કૃતિની તો વાત જ ન પૂછો, છતાંય તમારે સાંભળવું છે તો સાંભળો કે ભાઈજી... મારૂ જીવન મનુષ્ય જીવન પ્રમાણે ઉત્તમ ન હતું એટલે કે મારું જીનવ એવું હતું કે નિર્દય હૃદયના ક્રુર કસાઈ કરતા પણ અત્યંત નીચ અને ઘાતકી જીવન હતું. વળી મનુષ્ય અવતારમાં પણ આ પાપી પેટ ભરવા માટે પૃથ્વીપતિ અકબર બાદશાહની નોકરી કરી કરીને સંગ્રામમાં તેમજ શિકારમાં અનેક જીવોની પ્રાણઘાતક હિંસાઓ કરી કરીને મેં માત્ર જીવોની હત્યાઓ જ કરી છે. વળી વિશેષ વાત કરવામા મને જ દુ:ખ થાય છે કારણકે તે સાંભળાથી તમારૂ સુખી જીવ થરથર કંપી ઉઠશે- સાંભળીને તમને બહુ જ દુ:ખ થશે.... ટુંકમાં કે આવી પ્રાણઘાતક અને જીવોની હિંસાઓ કરતા કરતા દોષિત થયેલા મારા આ દેહ અને આત્મા ઉપર કૃપા કરતા શ્રી ગુસાંઈજીએ કંઈક મારૂં વિચારીને મને (આત્માને) અને મારા પાપી દેહને પવિત્ર કર્યા પછી શ્રી ગુસાંઈજીના ચરણારવિંદનો વિના મૂલ્યનો સાચો સેવક થવાની ભાવના મારા હૃદયમાં પ્રગટ થતાં હું શ્રી ગુસાંઈજીનો સેવક બન્યો.

અને શ્રીને... પધરાવીને મારા બનતા પ્રયાસે હું શ્રીની સેવા કરૂં... આમ શરૂઆતથી તે ઈતિશ્રી સુધી બનેલી પોતાની વાત રૂપમુરારીદાસે સંભળાવતા આખરે રૂપમુરારીદાસના નેત્રોમાંથી આસુંઓ વહેવા લાગ્યા. આમ રૂપમુરારીદાસની જીવનની કરૂણતાભરેલી વાત સાંભળીને માધવદાસે કહ્યું કે ભાઈજી, શ્રી વિઠ્ઠલનાથજીના (શ્રી ગુસાંઈજીના) આવા પ્રભાવનો અનુભવ તો તમારા જેવા જે પરમ ભગવદીય હોય તેઓને જ થાય છે.

આમ આવા પ્રકારે ભગવદ્ વાર્તા કરતા હતા એવામાં ઉત્થાપનનો સમય થતા માધવદાસ ઉભા થયા અને અંચલ કરવા લાગ્યા... એટલે કે તે સાડીના પાલવરૂપે એક કપડાનો છેડો આમતેમ ફેરવવા લાગ્યા. આમ આવું જોઈને રૂપમુરારીદાસે પૂછ્યું કે ભાઈજી, આ શું લીલા કરી રહ્યા છો ?.... જવાબમાં માધવદાસે કહ્યું કે ભાઈજી, શ્રીનાથજી વનમાંથી પધારી રહ્યા છે એટલે વનમાં પધારેલા શ્રીનાથજીને રજ રજકણો કે રજોટી શ્રીઅંગ ઉપર ઉડેલી હોય વળી આજે શ્રીનાથજી શ્રીઅંગ ઉપર શ્રી બાલકૃષ્ણનો શૃંગાર છે અને જંગાલી વાઘા, જગાલી પાડી તથા શ્રીમસ્તક ઉપર મોર ચંદ્રિકા શોભીત થઈ રહ્યા છે એટલે આવી રીતે અંચલ કરીને રજોટી ઉડાડી રહ્યો છું, માધવદાસના આવી અલૌકિક વાત સાંભળીને આશ્ચર્ય પામતા રૂપમુરારીદાસ વિચાર કરવા લાગ્યા કે અરે, ક્યાં આ કાબુલ અને ક્યાં વ્રજભૂમિમાં બિરાજતા શ્રીનાથજી? એટલે કે કાબુલ અને વ્રજભૂમિ અંતરમાં બહુ જ દુર છે છતાંય શ્રીનાથજીના શૃંગારની વાત કાબુલમાં માધવાદાસના ઘરમાં બેઠેલા માધવદાસે મારી સામે જ જાણી તેથી વાત સત્ય છે કે ખોટી ?.... તેની ખાત્રી કરવા રૂપમુરારીદાસે તો આજનો દિવસ, ચાલુ મહિનો અને કરેલા શૃંગારની એક યાદી લખી લીધી. બાદ અકબર બાદશાહ જ્યાં સુધી કાબુલમાં રહ્યા હતા ત્યાં સુધી રૂપમુરારીદાસ પણ આ કાબુલમાં અને તે પણ આ માધવદાસ પાસે જ રહ્યા. આમ કરતા કરતા બાદશાહ અકબરની સ્વારી કાબુલથી રવાના થઈને દિલ્હી આવી એટલે સમજો કે રૂપમુરારીદાસ પણ દિલ્હી આવ્યા.

આમ દિલ્હીમાં રહેતા રહેતા કેટલાક દિવસ પછી રૂપમુરારીદાસને જ્યારે વ્રજમાં આવવાનું થયું ત્યારે રૂપમુરારીદાસ શ્રીનાથજીના દર્શન કરવા માટે શ્રી ગિરિરાજજી ગયા અને ... શ્રીનાથજીના દર્શન કર્યા પછી કાબુલમાં માધવદાસને ઘરે જે નોંધ કરી રાખી હતી તે સત્ય છે કે ખોટી છે તેની તપાસ કરવા અર્થે સેવામાં રહેલા રામદાસજીને પૂછ્યું કે અમુક દિવસે શ્રીનાથજીને ક્યા સ્વરૂપના અને ક્યાં શૃગાંર ધરાવમાં આવ્યા હતા ?.... રૂપમુરારીદાસની આવી વાત સાંભળીની રામદાસજી તો રોજે રોજના કરવામાં આવતા શૃંગારનું એક પુસ્તક લાવ્યા અને તેમાં જોઈને તે તે દિવસે જે શૃંગાર ધર્યા હતા તે શૃંગારનું વર્ણન કહી સંભળાવવાતા રૂપમુરારીદાસે લખી રાખેલી યાદી સાથે સરખાવતા બંને વાત એકજ આવી કે જેથી રૂપમુરારીદાસનો ઘણો જ આનંદ થયો કે જે આનંદ દ્વારા પોતે બોલવા લાગ્યા કે માધવદાસજી .... તમને ધન્ય છે કે તમારા ઉપર શ્રી ગુસાંઈજીની અનહદ કૃપા છે ત્યારપછી રૂપમુરારીદાસજી શ્રી ગુસાંઈજી પાસે આવ્યા. દર્શન અને દંડવત્ પ્રણામ કરીને માધવદાસના ઘરે બની ગયેલી વાત કહી સંડળાવતા શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરીને કહ્યું કે રૂપમુરારીદાસ ભગવદીયના હૃદયમાં દ્રઢ આશયવાલી ભક્તિ હોવાથી ભગવદીયો ગમે તે સમયે, ગમે તે દેસમાં અને ગમે તે સ્થિતિમાં રહે તો તેમને દેશદોષ અને કાલદોષ બાધક કરતા નથી. શ્રી ગુસાંઈજીની આજ્ઞાના આવા વચનો સાંભળીને રૂપમુરારીદાસે વિનંતીથી કહ્યું કે રાજ આવી લાયકાત તો મારામાં નથી !... મારી આપે શું વિચારી છે ?.... રૂપમુરારીદાસની વાત સાંભળીને આજ્ઞા કરતા શ્રી ગુસાંઈજીએ કહ્યું કે કોઈ પણ જાતની ઉપાધી કર્યા સિવાય તમારી બધી ઈચ્છા-ભાવના શ્રી ઠાકોરજી પૂર્ણ કરશે આમ આવી આજ્ઞા કરીને શ્રી ગુસાંઈજી કરૂણામૃત વચનોથી તેવું...રસદાન કરવા લાગ્યા. બાદ આ દિવસથી રૂપમુરારીદાસને "સાક્ષાત્ સંબંધ થવા લાગ્યો" ... પછી રૂપમુરારીદાસ પાછા દિલ્હીમાં આવીગયા.

ત્યારબાદ દેશાધિપતિ અકબર બાદશાહની નોકરી કરી રહ્યા તો હતા પરંતુ રૂપમુરારીદાસને જે જે સુખની વાસના હતી તે તે શ્રી ગુસાંઈજીએ કરેલા અનુગ્રહ દ્વારા સિદ્ધ થતા લૌકિક દ્રષ્ટિએ કરવામાં આવતી બધીય ક્રિયાઓ છુટી ગઈ. પરિણામે વ્યસન દશામાં પ્રવેશ થઈ જતા રૂપમુરારીદાસ એક ગાંડાની માફક ડોલતા ફરવા લાગ્યા. આમ રૂપમુરારીદાસની થયેલી આવી દશા જોઈને મ્લેચ્છોએ અકબર બાદશાહ ને વાત કરી કે રૂપમુરારીદાસ તો ગાંડાની માફક ડોલતા ફરે છે તે જેથી હવે તેમનાથી નોકરી થશે નહિ. પોતાના માણસોની આવી વાત સાંભળીને અકબર બાદશાહે રૂપમુરારીદાસને બોલાવીને પૂછ્યું કે તમે કઈ વસ્તુ માટે કોના ધ્યાનમાં ડોલતા ફર્યા કરો છો ?..... જવાબમાં રૂપમુરારીદાસે કહ્યું કે શ્રીમદ્ ગોકુલમાં બિરાજતા કનૈયા માટેનું ધ્યાન ધરીને આમતેમ ફરી રહ્યો છું. આમ રૂપમુરારીદાસની આવી વાત સાંભળીને અકબર બાદશાહે કહ્યું કે તમારી આવી દશાના કારણે તમારાથી નોકરી થઈ શકશે નહિ માટે હવે તમે ગોકુલ જાવ અને ગોકુલમાં જ રહીને કનૈયૉજીનો આનંદ ભોગવો. અકબર બાદશાહની આવી વાત સાંભળીને રાજ્યમા પોતાની જે રકમ ચઢેલી હતી તે રકમ ખજાનામાંથી લઈને અને જે ઘોડો હતો તે ઘોડો વેંચી નાખીને રૂપમુરારીદાસ તો તરત જ

શ્રીમદ ગોકુલ આવ્યા અને શ્રી ગુસાંઈજી પાસે આવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પોતાની પાસે જે દ્રવ્ય હતું તે બધુંય દ્રવ્ય ગુસાંઈજીના ચરણારવિંદમાં ભેટ કરી દીધું. આમ રૂપમુરારીદાસની દશા જોઈને તેમજ આવી રીતે ભેટ કરેલું દ્રવ્ય જોઈને શ્રી ગુસાંઈજીએ પૂછ્યું કે આવું કેમ કરો છો ?.... જવાબ રૂપમુરારીદાસે દીનતાપૂર્વક કહ્યુ કે રાજ, આજ સુધી રાજની ઈચ્છાથી માયામાં રહ્યો પણ ... હવે તો કૃપા કરીને માયાથી છોડવો ....

બાદ શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરતા રૂપમુરારીદાસને કહ્યું કે જાવ ... સ્નાન કરી આવો અને પાતરમાં રાખેલો જુઠાણુ-પ્રસાદ લીઓ કે જેથી માયાના બંધનમાંથી મુક્ત થશો. હવે જેઓને લૌકિક ખાવાપીવાની ક્રિયાઓ છુટી ગઈ છે એવા રૂપમુરારીદાસે તો એવું કહ્યું કે શ્રી ગુસાંઈજીની આજ્ઞાના વચનોને મનથી વિચારીને, એવી ક્રિયાઓ કરીને અને "શ્રી ગુસાંઈજીનું સ્વરૂપ જે સેવામાં હતું તે સ્વરૂપ હૃદયમાં પધરાવીને" રમણ રેતી તરફ એકાંતમાં નીકળી ગયા. અને....

અને ... એટલે શું ?...

એને એટલે કે ત્યાં ફરતા ફરતા પ્રત્યેક ઝાડ તથા વેલોની પાસે જઈને ભેટી પડે અને ભેટી ભેટીને રડી પડે. આમ આવી અવસ્થાનો સમય પસાર કરતા કરતા દિવસ તરીકેનો સમય પુરો થઈ જતા રાત્રિનો સમય થયો અને રાત્રિના સમયમાં પણ આવું કરતા કરતા આખરે... રૂપમુરારીદાસને સાક્ષાત્ લીલાના દર્શન થયા. એટલે કે રમણ રેતીની વચ્ચે ટીલા (માટીની ભેખડ) ઉપર શ્રી ઠાકોરજી નિજ ભકતો સહિત રમણ કરી રહ્યા છે એવા દર્શન થયા. વળી આમ રાત્રિ સુધી આવા દર્શન પોતાને થઈ રહ્યા હતા. આવામાં પ્રાતઃકાલનો સમય થતા શ્રી ગુસાંઈજીના વિયોગાગ્નિ હૃદયમાં પ્રગટ થતાની સાથે જ શ્રી ગુસાંઈજીનું સ્મરણ કરવા લાગ્યા. અરે, સ્મરણ કરવા તો લાગ્યા પરંતુ સ્મરણ કરતા કરતા વિરહમાંને વિરહમાં રૂપમુરારીદાસ તરત જ સાક્ષાત્ લીલામાં પ્રાપ્ત થઈ ગયા.

બાદ રાજભોગનો સમય થયેલો હોવા છતાંય શ્રી ગુસામઈજીએ રૂપમુરારીદાસજીને જોયેલ નહિ હોવાથી તેમની તપાસ કરી લાવવા અર્થે અન્ય માણસોને મોકલ્યા પરંતુ રૂપમુરારીદાસને જોયેલ નહિ હોવાથી પ્રાપ્ત થઈ શક્યા નહિ. આમ આવા પ્રકારના કારણથી શ્રી ગુસાંઈજી ગયાં કે રૂપમુરારીદાસ મનોરથ કરતા હતા તે તેમનો મનોરથ સંપૂર્ણ રીતે સિદ્ધ થઈ ગયો જ સમજો પણ... તેમના શરીરની તપાસ તો કરાવવી જ જોઈએ. એવું વિચારીને તપાસ કરવા માટે ફરીને માણસો મોકલ્યા. પરંતુ રાત્રિસુધીમાં ઘાટ પર કે તીર પર ક્યાંય થી કોઈપણ જાતના સમાચાર મલ્યા નહિ આખરે રાત્રિ થઈ ગયેલી હોવાથી શ્રી ગુસાંઈજી પોઢ્યા. તે પછી સવારનો સમય થતા શ્રી ગુસાંઈજી જાગ્યા અને બે માણસોએ ગુસાંઈજીની આવી આજ્ઞા કરતા કહ્યું કે રમણ રેતીમાં જઈને તપાસ કરો -કદાચ ત્યાંથી મલી જાય. શ્રી ગુસામઈજીની આવી આજ્ઞા સાંભળતા રૂપમુરારીદાસના દેહની પ્રાપ્તિ કરવા માટે બે માણસો મહાવત પાસે આવેલા રમણ રેતીના સ્થળે ગયા.

આમ રમણ રેતીના સ્થળે બન્ને માણસો આવ્યા અને રૂપમુરારીદાસના શરીરની તપાસ કરતા કરતા રમણ રેતીની વચ્ચે ગોપ કુવા પાસે સૂઈ રહેલા રૂપમુરારીદાસને જોયા કે જેથી આ બન્ને માણસો શ્રી રૂપમુરારીદાસ પાસે ગયા તો ખરા પરંતુ રૂપમુરારીદાસ શરીરમાંથી પ્રાણ તો જતાજ રહ્યા હતા એટલે કે માત્ર શરીર જ દેખાયું વળી રૂપમુરારીદાસના શરીરમાં મરણ તરીકેના કોઈ ચિહ્નો દેખાતા ન હતા તેમજ કોઈ પણ જાતની દુર્ગંધ જેવી વાસ પણ આવતી ન હતી. પણ માત્ર ખુલ્લી આંખોએ રમણ રેતીમાં જોઈ રહેલા છે એવું દેખાતું હતું. આમ આવું જોઈને કંઈ બોલતા નથી કે જેથી આપણે બોલાવીએ તો ખરા .... આવો વિચાર કરીને રૂપમુરારીદાસને બોલાવવા લાગ્યા. પણ કંઈ જવાબ મલ્યો નહિ કે જેથી બન્ને જણાઓ જેમની દેહ છુટી ગઈ છે એવા રૂપમુરારીદાસને ઉભા કર્યા. આમ રૂપમુરારીદાસને ઉભા કરતા બન્નેને જણાયું કે શ્વાસ ચાલતો તો બંધ થઈ ગયો છે છતાંય મુખ જોતા એવું લાગતું હતું કે રૂપમુરારીદાસ હમણાં બોલશે.... અને પછી તો સમજો કે એક માણસ રૂપમુરારીદાસ પાસે રહ્યો અને બીજો માણસ શ્રી ગુસાંઈજી પાસે જઈને રૂપમુરારીદાસની જે વસ્તુસ્થિતિ જોઈ તે વસ્તુસ્થિતિના સમાચાર કહી સંભળાવ્યા હવે માણસે સંભળાવેલા સમાચાર સાંભળીને શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે રૂપમુરારીદાસ તો લીલામાં જ પ્રાપ્ત થઈ ગયા છે કે જેથી બીજા બે માણસોને લઈ જઈને તેમના લૌકિક દેહનો અગ્નિ સંસ્કાર કરો કે જેથી પવિત્ર થયેલા રૂપમુરારીદાસના દેહનું અંતિમ કાર્ય પણ સંપૂર્ણ થાય.

તે પછી સમજો કે શ્રી ગુસાંઈજીની આજ્ઞા મુજબ બાજી માણસો અને પાંચ લાકડા લઈ જઈને રૂપમુરારીદાસના દેહને અગ્નિ સંસ્કાર કર્યો અરે, અગ્નિ સંસ્કારતો કર્યો પરંતુ એક કલાકમાં તો રૂપમુરારીદાસનું લૌકિક શરીર અગ્નિમાં ભસ્મ થઈ ગયું. આમ રૂપમુરારીદાસના લૌકિક શરીરનું અંતિમ કાર્ય સમાપ્ત કરીને બધાય માણસો શ્રી.ગુસાંઈજી પાસે આવ્યા અને

કાર્ય સંપૂર્ણ કરીને બધાય માણસો પાછા આવી ગર્યા છે તેવા સમાચાર આપતા શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરીને કહ્યું કે રમણ રેતીમાં ફરતા ફરતા રૂપમુરારીદાસને શ્રી ઠાકોરજીનો અતિ વિરહ થયો કે જે વિરહમાને વિરહમાં પોતાના શરીરમાં અગ્નિ ઉત્પન્ન થયો જ હતો કે જેથી અંદરનો જે કંઈ હતું તે તો બળી જ ગયું હતુ પછી ઉપરનું જે માત્ર શરીર જ દેખાતું હતું તે શરીરને લૌકિક અગ્નિએ થોડીક વારમાં જ ભસ્મ કરી રાખ્યું હોય તેમાં નવાઈ નથી, આમ રૂપમુરારીદાસની સરાહના (પ્રશંસા) શ્રી ગુસાંઈજી શ્રીમુખે બહુજ કરતા હતા કે જે સાંભળીને બધાય વૈષ્ણવો શ્રી રૂપમુરારીદાસને ધન્યવાદ આપવા લાગ્યા.....

આમ અનેક હત્યાઓ કરીને મારી નાખેલા બધાય જીવોની લીલામાં પ્રાપ્તિ કરાવનાર રૂપમુરારીદાસની વાર્તા સંપૂર્ણ.

૨૦. તાજ બેગમ

આ... ભાવસિન્ધૂ નામનાં ગ્રંથમાં "અલૈકિક પ્રભાવ" તરીકે લખાયેલી પહેલી વાર્તાના અનુસંધાનથી આ... પરમ ભગવદીય તાજ બેગમ ની વાર્તા શરૂ થતી હોવાથી જુઓ સમાપ્ત થતું તે વાર્તાનું છેલ્લું અનુસંધાન- એટલે કે :-

બાદશાહ અકબર શ્રી મહાપ્રભુજીને વિનંતી કરે છે કે મને આશીર્વાદ આપો કે આપશ્રીના ચરણકમળમાં મારૂં મન સદાય રહ્યા કરે. જવાબમાં શ્રી મહાપ્રભુજીએ 'તથાસ્તુ' એટલે કે 'તેમ થશે '.... એવી જ્યારે આજ્ઞા કરી ત્યારે વૃન્દાવનમાં અક્રુરજીને પ્રભુના જેવા દર્શન થયા હતા થેવા શ્રી મહાપ્રભુજીના દર્શન બાદશાહ અકબરને થયા કે જે દર્શનથી બાદશાહ અકબરને અપૂર્વ આનંદ થયો હતો .... ત્યારબાદ બાદશાહ અકબર દિલ્હી આવ્યો. બાદ પોતાના મહેલમાં પધરાવી રાખેલા આપશ્રીના (સેવકો સહિતના) ચિત્રજીના દર્શન કર્યા પછી જ બીજા સામે જોવું અને તે પછી જ બીજું કાર્ય કરવું એવો પોતે રોજનો નિયમ કર્યો હતો...

આમ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ પ્રત્યે બાદશાહ અકબરની ભાવના કેવી હતી ?.... તે તો સમજો કે જાણી પણ ...

પણ ... આ તાજ પંજાબ પ્રાંતના વતની એક હિન્દુ પુત્રી હતી પરંતુ કુદરતના નિયમ અનુસાર પૂર્વ જન્મના બાકી રહી ગયેલા એકબીજાના કેવળ ઋણા પૂરા કરવા અર્થે જ આ તાજને મુસલમાન તરીકે બાદશાહ અકબરને ત્યાં આવવાનું થયું. એટલે કે હિન્દુ તરીકેની આ તાજને બાદશાહ અકબર પરણીને લાવ્યો અને પોતાની અર્ધાંગના (બેગમ) તરીકે માનીને પોતાને ત્યાં રાખી. હવે વિચારો કે ક્યાં એક સામાન્ય હિન્દુ માણસની પુત્રી તરીકે તાજ !.... અને ક્યાં બાદશાહ અકબરની બેગમ તરીકે તાજ !.... એટલે સમજો કે એકબીજાના બંધનો પૂરા કરવા માટે હિંદુ તરીકેની આ તાજ હવે બેગમ બન્યા. બાદ તાજને પરણી લાવ્યા પછી પોતાના બેગમ તરીકેની તાજની કેવળ સેવા માટે જ બાદશાહ અકબરે બે સહેલીઓ એટલે કે એક રાજ્ય વૃન્દાવનદાસની પુત્રી અને બીજી બીરબલની પુત્રી શોભાવતી એમ આ બે સહેલીઓ રાખી કે આ બંને સહેલીઓના સહવાસમાં રહીને એક બેગમ (રાણી) તરીકે રહીને જીવનના દિવસો તાજ બેગમ વિતાવવા લાગ્યા. હવે તાજ બેગમ પોતાની (પ્રભુની) હોવાથી તાજ બેગમ વહી રહેલા આનંદરૂપેના જીવનમાં ન ધારેલા હોય તેવું પરિવર્તન કરાવવા માટે પ્રભુએ કંઈક નવી જ પરિસ્થિતિ ઉભી કરી. એટલે બાદશાહ અકબરે તાજ બેગમને માનીતી બેગમ (રાણી) તરીકે માનેલા હોવા છતાંય માનીતી બેગમ તરીકે તાજ બેગમના વહી રહેલા જીવનના થોડાક દિવસો તો જાણે સમજો કે લૌકિક તરીકેના અનેરા આનંદમાં પસાર થયા પછી તાજ બેગમનું જીવનમાં એવું બંને છે કે :-

હવે દેશાધિપતિ તરીકેના અકબર બાદશાહે આ તાજની સાથે લગ્ન કરીને પોતાની બેગમ બનાવી. અરે ..... બેગમ તો બનાવી પરંતુ અન્ય બેગમો કરતાં ઉંચી કક્ષાએ રાખી, વળી દેહસંબંધે લૌકિક સુખો ભોગવતા ભોગવતા માનીતી પણ કરી રાખી અને ...... આખરે કોઈ પણ જાતની અવળી અર્તણૂક સિવાય આ તાજ પ્રત્યે બાદશાહ અકબરને એકાએક અભાવ આવ્યો. પરિણામે એક અર્ધાંગના તરીકે તાજ બેગમનું જે સ્થાન હતું તે સ્થાન પણ અકબર બાદશાહના હૃદયમાંથી જતું રહેલ હોવાથી તાજને એક અણમાનીતી જેવી કરી રાખવામાં આવી. હવે વિચાર કરો કે એક સ્ત્રી પોતાના જાતિ જેવી વ્યક્તિ આવી પરિસ્થિતિમાં જ્યારે મુકાય ત્યારે હૃદયમાં દુ:ખનો અનુભવ કરી કરીને તે સ્ત્રી પોતાના જીવનના દિવસો કઈ દશામાં રહીને પસાર કરતી હશે !.... પણ .... જીવનમાં સુખ પછી દુ:ખ અને સુખ પછી દુ:ખ આવ્યા જ કરે છે. છતાંય તાજ બેગમ તો પોતાના માથે આવી પડેલા માનસી રોગ જેવા આવા દુ:ખના દિવસોમાં સુખરૂપે ભૂતકાળના દિવસોને યાદ કરતા કરતા અને સાથે સાથે રૂદન કરતા કરતા પોતાનું જીવન જીવી રહેલ છે.

આમને આમ થોડાક દિવસો પસાર થયા પછી તાજ બેગમ પોતાના મહેલમાં આવેલા સૂવાના ખંડમાં પડેલા શોભાયમાન પલંગ ઉપર સૂઈ રહીને પોતાના માટે આવેલા આવા દિવસો પ્રત્યે વિચાર કરી રહેલા છે.... આવામાં

પોતાની સાહેલી તરીકે રાખેલા શોભાવતી આવી અને કોઈ દુઃખ ભરેલા વિચારો કરતા હોય તેવી દશામાં તાજ બેગમને જોઈને શોભાવતીએ પૂછ્યું કે બેગમ સાહેબા, આજે વળી કયા વિચારે ચઢી જઈને આવી રીતે સૂઈ રહેલા છો ? .... જવાબમાં તાજ બેગમે કહ્યું કે આ માનસી રોગ જેવા રોગ (દુઃખ) પ્રત્યે તો હવે ઘણું જ થઈ ગયું !.... મનમાં સમાઈ રહેલું આ દુઃખ હવે સહ્યું જતું પ્રણ નથી !.... વળી ધણી હોવા છતાંય આવા મારા દુઃ ખનું નિવારણ પણ કોણ કરી આપે !... શોભા ... શોભા ... એમ કહીને કોઈ અલૌકિક પ્રેમથી પકડી લઈને વળી કહેવા લાગ્યા કે શોભા ..... આવી પરિસ્થિતિમાં રહીને હવે મારુ જીવન પણ કેમ વીતશે ... શોભા .... શોભા .... હવે હું શું કરું ? ... આવી રીતે પોતાનું દુઃખ પ્રગટ કરી બતાવતા આવું જોઈને તાજ બેગમનું હૃદય ખરેખર ભરાઈ જ આવતા તાજ બેગમ તો રૂદન કરવા લાગ્યા. આમ આવું જોઈને તાજ બેગમના નેત્રોમાંથી વહી રહેલા આસુંઓ લૂંછતા લૂંછતા હિન્દુ તરીકે જન્મેલા તાજના હૃદયમાં અલૌકિક શોભાની વૃદ્ધિ કરાવનારી શોભાવતીએ કહ્યું કે બેગમ સાહેબા, આવી રીતે કોચવાવવાથી શું થવાનું છે ? .... ધીરજ રાખો .... પ્રભુ દયાળુ છે .... કંઈક રસ્તો કાઢશે ... ઠંડા પાણી જેવી શોભાવતીની આવી વાત સાંભળીને તાજ બેગમ વળી કહેવા લાગી કે મારી શોભા ... ધીરજનો અંત તો દેખાવો જોઈએ ને ?.... આમ ને આમ ધીરજ પણ ક્યાં સુધી રહે ?... વળી 'સ્ત્રી તરીકેનું જીવન છે ' એટલે ....

આમ ભરાઈ ગયેલા હૃદયના આધારે વાત કરતા તાજ બેગમ અટકી જવાથી શોભાવતીએ પૂછ્યું કે એટલે .... શું ?....

શોભા, શોભા ... મારી શોભા ,... કહેતા હૃદય તો જાણે બળી જ જશે .... પણ શોભા, શોભા ... મારી શોભા ... મારી વાત તને નહિ કહું તો હવે કહીશ પણ કોને ?.... એટલે સાંભળકે બાદશાહ અકબર જેવાની સાથે લગ્ન કરવાથી મેં મારો હિન્દુ વેશ છોડ્યો .... એક બાદશાહ તરીકેના મુસલમાનને ત્યાં આવવાથી મેં મારા માબાપ વિ, જેવા મારા હિન્દુ કુટુંબીજનોને છોડ્યા ... એક બેગમ તરીકે બનીને અહીં આવવાથી મેં મારી બહેનપણીઓને તેમજ એવા બીજા સંબંધીઓને છોડ્યા..... બાદશાહ અકબરના માટે મારા વતન તરીકેનો મેં મારો દેશ છોડ્યો .... શોભા, આ બધુંય શા માટે ?.... અરે આખરે દેશાધિપતિની બેગમ બનવા માટે વ્હાલામાં વ્હાલો મેં મારો હિન્દુ ધર્મ પણ છોડ્યો..... શોભા, શોભા .... એટલે સમજ કે કેવળ મનુષ્ય જીવન તરીકેના સુખવૈભવો ભોગવવા માટે જ હું અહીં આવી ... હા, અહીં આવીને જરૂર મારા ભાગ્યમાં હતો તેટલો સમય સંસારી તરીકેના સંસારના બધાય સુખવૈભવો ભોગવ્યા ..... વળી અન્ય બેગમો કરતાં અતિ માનીતી તરીકે પણ હું બની ... પણ શોભા, આજે એ બધુંય વિસારે પડી ગયું એટલે કે આમ એકાએક મારી આ દશા થઈ !.... એટલે શોભા, શોભા... સમજ કે કેવળ સંસારના તુચ્છ સુખવૈભવો ભોગવવા માટે અહીં આવતા આખરે મેં મારૂં બધુંય ખોયું ? શોભા, શોભા ... આ દાઢી પકડવા જતા ચોટલી ગુમાવ્યા જેવું થયું !... એટલે મારા જીવનમાં ન ધારેલ કે કલ્પેલ તેવું બની જવા પામેલ હોવાથી દુઃ ખ થયા વિના રહે કેમ ?.... વળી તું પણ એક સ્ત્રી છો કે જેથી સ્ત્રી આવી પડેલા આવા ....દુઃખને તુ પણ સમજી શકે છે.... એટલે થઈ રહેલા આવા દુઃખથી હવે મને ધીરજ પણ ક્યાં સુધી રહે ? .... શોભા, શોભા ... મારી શોભા.... હવે તો તુ જ બતાવ કે હું કરૂ શું ?....

શોભા, શોભા .... મારી શોભા ... મારી વાત તને નહિ કરું તો હવે કરીશ પણ કોને ?..... આવા તાજ બેગમના સ્નેહરૂપેના વચનોથી સંબોધવામાં આવતા આ શોભા કોણ ?.... એ વિષે કંઈક વિશેષ જ્ઞાન કરીએ કે જેથી આ વાર્તાઓ સંપૂર્ણ થતા સોને સમજાય કે દેહ સંબંધીઓ કરતા આત્મસંબંધીઓ પોતાની સાથે સંબંધ ધરાવનારાને માટે અને તે પણ કેવળ નિઃસ્વાર્થપણે કેવું કેવું કરીને કેવા કેવા ભોગ આપે છે !.....

હવે બેગમ-તાજ મૂળમાં જનતા તરીકે એક હિન્દુની પુત્રી હતા અને અકબર બાદશાહ જેવા મુસલમાન સાથે લગ્ન કરીને એક દેશાધિપતિના અતિ વૈભવોવાળા સ્થળે આવતા પોતે સંકોચાઈને રહેતા હતા. કે જેથી અકબર બાદશાહને એવું કે દેખાવા લાગ્યું કે તાજ ને મહેલમાં ક્યાંય ગમતુ નથી એટલે પછી અકબર બાદશાહે વિચાર કર્યો કે તાજ જો આમ સંકોચપણાથી કે શરમથી અંહી તો તેને તેના જીવનમા આનંદ જેવું કંઈ દેખાશે જ નહિ. આમ અકબર બાદશાહના આવા વિચારે તાજનું સંકોચપણું દુર કરવાના હેતુએ અકબર બાદશાહનું પોતે જ પોતાની પાસે રહેવા બિરબલની સારા વિચારો ધરાવનારી પુત્રી શોભાવતીને તાજની એક સહેલી તરીકે તાજની પાસે રાખી હતી વળી આ શોભાવતીને શ્રી ગુસાંઈજીએ નામનિવેદન કરાવેલા હોવાથી આ શોભાવતી વૈષ્ણવ થઈ હતી અને વૈષ્ણવે થયા પછી સ્વમાર્ગીય કંઈક.... અલૌકિક વસ્તુ પ્રાપ્ત કરીને વૈષ્ણવ તરીકેના ઉચ્ચ સંસ્કારો તેનામાં પ્રવેશ કરી ચુકેલા હોવાથી બસો બાવન વૈષ્ણવોની વાર્તામાં અમર પણે લખાઈ ગયા છે. આમ આવા આ શોભાવતીના કેવળ પ્રભુએ જ થયેલા આ રીતેના સમાગમથી તાજ બેગમનુ સંકોચપણું દુર થઈ જતા પોતાને ખરેખર આનંદજ આવતો હતો અને પોતાનું વૈભવી જીવન પણ આનંદથી વિતાવતા હતા. અરે, એટલુ જ નહિ પરંતુ એકબીજાના મન મલી ગયા પછી તાજ બેગમ પોતાના હૃદયની બધીજ વાત વિના સંકોચે આ શોભાવતીને કરતા હતા આમ અરસપરસ થઈ ગયેલા હૃદયના મીલનથી જ આ સમયે પણ પોતાના દુઃખની આવી બધી વાત તાજ બેગમ આ શોભાવતીને કહીને !....

બાદ જેને તાજ બેગમ પોતાની માની એવી શોભાને પોતાના બળતા હૃદયની સાચી વાત કરેલ હોવાથી હવે શોભા પોતાનો પાઠ ભજવતા તાજ બેગમને કહ્યું કે બેગમ સાહેબા મનુષ્ય અવતાર તરીકે આ દેહ પ્રાપ્ત થયો છે કે જેથી દેહ સંબંધના સુખ દુઃખતો આવે ... એટલે આવેલા આવા દુઃખમાં કાયરપણાને મુખ્ય સ્થાન આપીને હૃદયને આવી રીતે બળવાથી શું થવાનું છે ?... વળી સુખ કોને નથી ગમતુ !.... દુઃખ કોને નથી આવતુ !... પરંતુ જીવનની ખરી કસોટી સુખમાં નહી પરંતુ દુઃખમાં હોય છે. એટલે આવી કસોટીમાંથી પસાર થવા માટે પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને પ્રત્યેક માણસે ધીરજ રાખવી જરૂરી છે... વળી ધણીનું જ ધાર્યુ થવાનું છે કે જેથી દુઃખમાં વધારે દુઃખ શા માટે કરવું ? .... અમે રાજા મહારાજ જેવા તો નથી ને ?.... શું અમે દુઃખના દિવસો નહિ વિતાવ્યા હોય !.... માટે બેગમ સાહેબા , જાણે કંઈ બન્યું નથી તેમ આ બધુયં હવે ભુલી જાવ.... આમ એક બાજુ શોભાવતી તાજ બેગમને આ પ્રમાણે આશ્વાસન આપતી હતી અને બીજીબાજુ તાજ બેગમની આંખોમાંથી આસુંઓ લૂંછતા લૂંછતા તાજ બેગમને કહ્યું કે શોભા .... ખરું છે .... તુ સત્ય કહે છે. એટલે તુ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે જ મારા વિચારો બદલી નાખું બીજુ શું ?... તાજ બેગમની આવી વાત સાંભળીને શોભાવતીએ કહ્યું કે એ તો જેવી જેની ભાવના બાકી આવુ થવા પાછળ પ્રભુની કંઈક ઈચ્છા તો હશેને ? વળી તે કોણ જાણી શક્યું છે ?.... પણ દેહસંબંધનો સ્વાર્થજ એવો છે કે દુઃખના સમયે મનુષ્ય માત્રને દુઃખ થયા વિના રહેતુ નથી બાકી આ જગ્યાએ તમે જો હિન્દુ તરીકે સામાન્ય કોઈ હોય તો તમને વૈષ્ણવ કરાવત અને પછી.... મારા ગુરૂદેવની કૃપાએ તમારુ બધુ જ સારુ થઈ જાત .... પણ ... એ અત્યારે બનવું અશક્ય છે. એટલે હું પણ શું કરું ? .... વળી મારા ગુરુદેવ જેવા તેવા ન માનજો એતો સાક્ષાત્ પ્રભુનો જ અવતાર છે.... વળી મારા આ પ્રતાપી ગુરૂદેવ પાસે બાદશાહે દુઆ પણ માંગી છે. એટલે બાદશાહ જેવા પણ મારા ગુરૂદેવ નું માન જાળવે છે એટલે વધારે તો શું કહું ?.... આ તો મારા ઘરની વાત છે એટલે વધારેન કહેવાય .... કોઈ મુર્ખ કહે !.... બાકી તો આ બધુ અનુભવે સમજાય .... કોઈના કહેવાથી ન સમજાય ....

ખરેખર જેમને કંઈક આંચકોજ લાગ્યો હોય તે શોભાવતીની આવી વાત સાંભળીને પોતાના હૃદયમાં રહેલી કોઈ એક ગુપ્ત ભાવનાને તાજ બેગમે પ્રશ્ન કર્યો કે શોભા... મારું એક કામ કરીશ ?... જવાબમાં શોભાવતી એ કહ્યું કે અરે, બેગમ સાહેબ !... તમારું કામ કરવા માટે જ બાદશાહે મને આપની પાસે રાખી છે કે જેથી આવી લાચારી કરીને શામાટે કહો છો ?.... બોલો તમારી આ શોભાને શું હુકમ કરો છો ?... ફરમાવો. બેગમ સાહેબા. ફરમાવો. પ્રેમ ભરેલી શોભાની આવી ભાવના જાણીને તાજ બેગમે સહેજ સંકોચ કરતા કરતા કહ્યું કે શોભા ... તારા ગુરૂદેવ આવા મહાન છે અને પ્રભુ જ છે તેમ તુ કહે તો બાદશાહ મારે વસ થાય તેવા પ્રકારનો કોઈ યંત્ર તેમની પાસે થી મંગાવી ન આપ ? બેગમ સાહેબાની આવી વાત સાંભળીને શોભાવતી વિચાર કરવા લાગી કે ખરેખર સંસારની મોહ જાળમાં આવ્યા પછી જીવદેવી હોવા છતાંય સંસારમાં તુચ્છ સુખ વૈભવને અમૃતસમાન માનીને કેવળ લૌકિકભાવનાઓમાંજ ડુબી રહીને આ મનુષ્ય અવતાર જેવા આવેલા કિંમતી સમયને પણ વેડફી નાખે છે.... સારૂં.... જેનું જેવું વલણ ..... પણ હવે મારે જવાબ શું આપવો ?.... આવી લૌકિકભાવના વાળા કાર્યમાટે મારે શું ગુસાંઈજીને શ્રમ કરાવવો ?... અરે ... મારાથી આ કેમ બને ! .... આમ આવા કારણોના આધારે શોભાવતીએ કહ્યું કે બેગમ સાહેબા, આવી એક તુચ્છ કામના માટે મારા ગુરૂદેવને આવી તકલીફ આપવી ઠીક નહિ અને તે માટે આપણે કંઈક બીજો રસ્તો કાઢીશું.

હવે શોભાવતીએ આપેલા આવા જવાબમાંથી પોતાના હૃદયમાં રહેલી ગુપ્ત ભાવનાને પ્રગટ કરી બતાવતાં તાજ બેગમે કહ્યું કે શોભા તારાથી મારે કશું છુપુ રાખવાની જરૂર નથી કે એટલે સંભાળકે લૌકિક તુચ્છ સુખ વૈભવો ભોગવાની મારી જે ભાવના પ્રથમ હતી તે ભાવના તો હવે અદ્રશ્ય થઈ ગઈ છે એટલે આવું કરાવા પાછળ મારો આશય એવો છે કે ક્યાં એક સમયની બેગમ તાજ અને આજની સૌભાગ્યવંતી હોવા છતાય વિધવા જેવી તાજ ... વળી મહેલમાં રહેલી બધીયે દાસીઓ મારા માટે જે પ્રેમ બતાવતી હતી તેને બદલે આજે મને અણમાનીતી તરીકે જોઈને હસતી હોય છે કે જેથી મારા હૃદયને તેજ ડંખ માર્યા કરે છે. બાકી શોભા, શોભા... મારી શોભા ... મને મારા પણાનું અભિમાન હતું. મારા આ રૂપનું અભિમાન હતુ, એક બેગમ તરીકેનું અભિમાન હતું, અને મને પ્રાપ્ત થયેલા આવા વૈભવનું અભિમાન

હતું. વળી મને કંઈક સમજ પડે છે કે માત્ર આવા અભિમાનને દુર કરવા માટે જ પ્રભુએ મારી આવી દશા કરી હશે !... પરંતુ આવા પ્રકારનું અભિમાન હવે મારામાં રહ્યું નથી .... ટુંકમાં સમજ કે મારા હૃદયમાં જે મારો આશય છે તેટલા પુરતો જ છે કે બાદશાહ જો એક વખત મારે વશ થઈ જાય તો આ બધી દાસીઓ અને બેગમો પછી મારી સામે જે કત્રાઈથી જુએ છે તેજ મારે ભુલાવું છે અને પછી...

અને પછી ... સંસારી જીવ તરીકે સહન રહીને સંસારની આ જુઠ્ઠીમાયા તરછોડીને તારી માફક પ્રભુમય બનીને જ મારે મારું જીવન જીવવું છે. એટલે હવે શોભા આથી વિશેષ કહેવાનુ પણ મારી પાસે અત્યારે તો કંઈ તો નથી .

આમ તાજ બેગમના હૃદયમાં જાગૃત થયેલી આવી અલૌકિક ભાવના વાળી વાત સાંભળીને શોભાની આંખોમાંથી ટપક ટપક જ આંસુઓજ પડવા લાગ્યા કે જે ટપકી રહેલા આસું ઓ દ્વારા શોભાવતીને તાજ બેગમ પ્રત્યે કોઈ અલૌકિકભાવ પ્રગટ થઈ જતા શોભાવતીએ કહ્યું કે બેગમ સાહેબા ભલે મારા ગુરૂદેવને શ્રમ પડે પણ તમારા ફરમાનનું પાલન કરવા અર્થે મારી ફરજ બજાવીને મારૂ કાર્ય સિદ્ધ કરાવી આપીશ. બાકી આપ તો કૃપાના સાગર છો કે જીવ પર નકરવા જેવી કૃપા કરીને કૃપાદાન કરશો જ એવી જ મને ખાત્રી છે. એટલે હવે ખાનગી રીતે પત્ર લખીને આજે જ મારા શ્રી ગુરૂદેવ ઉપર તે પત્ર મોકલી આપીશ, આમ પોતાની ઉપર પ્રથમ તો શોભાવતી જેવા એક વૈષ્ણવની-જાણે કૃપા થઈ હોય તેમ શોભાવતીના વચનો સાંભળીને નિરાશ થયેલી તાજ બેગમના હૃદયમાં જાણે કોઈ નવાજ ભાવ પ્રગટ થયા હોય તેમ કોઈ બીજા આનંદમાંજ ગરકાવ થઈ ગયા.

તે પછી શોભાવતીએ શ્રી ગુસાંઈજી ઉપર એક કૃપાપત્ર લખ્યો કે કૃપાનાથ ... કૃપાનાસિન્ધું.... અમારા બેગમનો એવો મનોરથ છે કે તેમના પતિ દિલ્હીપતિ બાદશાહ અકબર અમારા બેગમ સાહેબાને એટલે કે તાજ બેગમને વશ થાય એવા જંત્ર જેવો એક મંત્રલખીને મોકલી આપવા વિનંતી છે... અને પછી આપની કૃપાએ અમારા તાજ બેગમ સાહેબા આપના ચરણારવિંદમાં શરણે આવશે અને આપના સેવક બનીને આપની સેવા કરશે ... આમ આવો પત્ર લખીને શોભાવતીએ ગુપ્ત રીતે શ્રી ગુસાંઈજીને મોકલી આપ્યો. બાદ આવો આ પત્ર શ્રી ગુસાંઈજીને મલ્યો અને તાજ બેગમનું સંસારી જીવન આનંદપૂર્વક વિતે અને શ્રી ઠાકોરજી પ્રત્યે સદભાવના ઉત્પન્ન થયા કરે એટલા માટે જ્યારે પતિવ્રતા ધર્મનું પાલન થતું હોય અથવા તો પતિવ્રત ધર્મના પ્રધાનતા સુચન કરતો હોય એવો એક દોહો લખ્યો તેમજ વિશેષ સુચન અર્થે સાથે સાથે આજ્ઞા તરીકેના વચનો લખ્યાં કે જંત્ર તરીકે મોકલેલા આમંત્રને સોનાની એક તાવીજ માં મુકીને તે તાવીજ બંધ કરીને તે તાવીજ હંમેશા ગળામા પહેરાવી રાખજો તથા તેમના પતિ અકબર બાદશાહજેમ કહે તેમ પોતાનું વર્તન રાખે... આમ આવી રીતે કરવાથી તેમના પતિ જરૂર ટુંક સમયમાં તેમને વશ થશે. વળી તેમના બધાય મનોરથ પણ શ્રી ગુસાંઈજી પૂર્ણ કરશે .... આમ મંત્ર સહીતનો આવો આજ્ઞા પત્ર શ્રી હસ્તે લખીને શ્રી ગુસાંઈજીએ શોભાવતી ઉપર મોકલ્યો અને.. ..

બાદ શ્રી ગુસાંઈજીએ લખી મોકલેલ મંત્ર સહિતનો પત્ર શોભાવતીને મલ્યો અને પત્રવાંચીને શોભાવતી ખરેખર પોતાના અહોભાગ્ય માનવા લાગી અને પછી પોતે તાજ બેગમ પાસે આવીને કહ્યું કે બેગમ સાહેબા મારા ગુરૂદેવે તમારી મનોભાવના પૂર્ણ કરી છે કે એટલે કે બાદશાહને વશ કરે તેવો મંત્ર લખીને મને મોકલાવેલો છે એટલે હવે તે સોનાની ચોકીમાં મુકીને અને તે ચોકી બંધ કરીને તે ચોકી હંમેસા ગળે બાંધી રાખજો. આમ આટલું કર્યા પછી મારા ગુરૂદેવેવળી એવી પણ આજ્ઞા લખી છે કે તે આ મંત્ર ગળે બાંધ્યા પછી બાદશાહ જેમ કહે તેમ વર્તન રાખજો કે જેથી બાદશાહ ટુંક સમયમાં જ તેમને વશ થશે. વળી તેમના બધાય મનોરથ પણ શ્રી ઠાકોરજી પૂર્ણ કરશે ... એટલે બેગમ સાહેબા હવે જાણે કંઈજ થયું નથી તેમ આગળનું બધુ ભુલીને આજ પ્રમાણે વર્તજો. વળી આ મંત્રનો પ્રભાવજ એવો દેખાશે કે બાદશાહના વિચારોનું પરિવર્તન થઈ જતા બાદશાહ આપોઆપ તમારે વશ થઈ જશે... શોભાવતીની આવી વાત સાંભળીને તાજ બેગમ મનમાં વિચારવા લાગ્યા કે શોભાવતી ખરેખર હિતેચ્છુ છે એવુ મનમાં સાંભળીને તાજ બેગમને મનમાં વિચારવા લાગ્યા કે કહ્યું કે શોભા ... આ મહાપુરૂષની સરખામણીરૂપેના વચનો અનુસાર જ હુ વર્તીશ અને પછી શરણે જઈને તેમની થઈને રહીશ. આમ આવું કહીને મંત્ર નૂ માટે એક સોનાની ચોકી મંગાવીને તે મંત્રરૂપે ના કાગળને સોનાની ચોકીમાં મુકીને દઈને ચોકી બંધ કરી દીધી. પછી દોરો બાંધીને એક તાવીજ તરીકેની આ ચોકી તાજ બેગમે પોતાના ગળામાં બાંધીને શોભાવતીને પૂછ્યું કે કેમ શોભા, આ પ્રમાણે જ બાંધીને રાખુ ! ... જવાબમાં શોભાવતી કહ્યું કે હા, બરોબર છે....

આમ આવી રીતે તાજ બેગમે પોતાના ગળામાં બાંધેલા તાવીજ પછી થોડોક સમય પસાર થતા અકબર બાદશાહના વિચારો આપોઆપ વિચારો બદલવા માંડ્યાં તાજ બેગમને બાદશાહ અકબર જે ભુલી ગયો હતો તેના બદલે પોતાને દેખાયેલી ખામી બદલ પોતે ખરા અંઃતકરણ પૂર્વક પશ્ચાતાપ કરવા લાગ્યો. પરિણામે પોતાના મનમાં પોતાની થયેલી ભુલો સમજાતા તાજ બેગમની યાદીને લાવીને અકબર બાદશાહ તો તાજ બેગમ પાસે ધીમે ધીમે આવતો જતો થઈ ગયો. અરે એટલું જ નહિ પરંતુ પછી તો કંઈને કંઈ બહાનુ કાઢી કાઢીને પણ અકબર બાદશાહ તાજ બેગમ પાસે આવતો હતો વળી અકબર બાદશાહ પોતાની પાસે આવતો થઈ ગયો છે કે જેથી ગર્વમાં આવી નહિ જતા શ્રી ગુસાંઈજીની આજ્ઞા મુજબ અકબર બાદશાહ જેમ કહે તેમ અથવા તો અકબર બાદશાહ જેમ પ્રસન્નતામાં રહે તેમ તાજ બેગમ પોતાનું વર્તન રાખતાં હતા. આમ આવું જોઈને મોગલ સમ્રાટ અકબર બાદશાહ તાજ બેગમે બતાવેલા સ્નેહથી કેમ જાણે વશ થઈ ગયા હોય તેમ નમીજ ગયો. વળી અકબર બાદશાહને રાજદરબારના કે બીજા ઘણાય કાર્યો હોય કે જેથી બહારતો જવું જ પડે છતાંય તાજ બેગમ પાસેથી જ્યારે બહાર જવાનો વખત આવતો હતો ત્યારે અકબર બાદશાહને ખરેખર દુઃખજ થયા કરતું હતું. તે પછી બાદશાહ અકબર પોતાની પાસે ભાવપૂર્વક આવતા જતા થઈ ગયેલા હોવાથી તેઓ શ્રી ગુસાંઈજીનું અહર્નિશ સ્મરણ કરી રહેલા છે એવા તાજ બેગમના આનંદનો તો કોઈ પારજ ન હતો. એટલે સમજો કે ક્યાં બુઝાઈ રહેલા દિપક સમાન એક સમયની તાજ બેગમ !... અને ક્યાં પ્રકાશ કરી રહેલા દિપક સમાન આજની તાજ !.... વળી જે બની શકે તેવું બેગમ સાહેબાનું વાતાવરણ જોઈને શોભાવતી તો તાજ બેગમ કરતા પણ વિશેષ આનંદ અનુભવવા લાગ્યા. ટુંકમા કે સ્નેહનું સ્વરૂપ જ એવું છે કે જેના સર્વે કાર્યો સિદ્ધ થઈ જાય છે. પણ પોતાના સર્વસ્વને જ્યારે તુચ્છમાનીને ન ધાર્યો હોય તેવો આનંદ અનુભળી શકાય છે. આમ અરસપરસમાં પ્રગટ થયેવા સાચા સ્નેહથી તાજ બેગમના સાચા ભાવથી શ્રી ગુસાંઈજીના સાચા પ્રતાપબળથી અને આત્મસંબંધી શોભાવતીની સાચી સહાયતાની જે કદી સ્વપ્નામા પણ ન હોય તેવું બની ગયેલું હોવાથી મોગલ સમ્રાટ જેવો અકબર બાદશાહ ટુંક સમયમાંજ તાજ બેગમને વશથઈ ગયો.

આમને આમ થોડોક સમય પસાર થયા બાદ - હવે બાદશાહતો ખરેખર તાજ બેગમને જ વશ થઈ ગયો છે તેવું વિઘ્નસંતોષીઓના જાણવામા આવતા વિઘ્નસંતોષીઓ તો ન રચવા જેવા પ્રપંચો રચવા લાગ્યા. એટલે કે શહેનશાહ અકબર તાજ બેગમને વશ થઈ જવાથી અકબર બાદશાહે બીજી બેગમો પાસે જવા-આવવાનું ઓછું કરી નાખેલ છે. અરે, ખાસ કામ સિવાય બીજી બેગમો પાસે જતા પણ નહિ. આમ આવા પ્રકારના કારણે બાદશાહને તાજ બેગમ પાસે જતા- આવતા બંધ કરી દેવા માટે વિઘ્નસંતોષીઓ તરીકેની બીજી બેગમો પ્રપંચો રચવા લાગી પરંતુ તાજ બેગમનો એક પણ ગુનો હાથમાં આવે નહિ. એટલે પછી બીજી બેગમોએ રચેલા પોતાના બધાય પ્રપંચોથી કેવળ નિરાશા જ અનુભવી. અને ... પછી તાજ બેગમના ગળામાં તાવીજ છે તે તાવીજની જ વાત બીજી બેગમોના સાંભળળામાં આવતા બીજી બેગમો વિચાર કરવા લાગી કે તાજ બેગમે જે તાવી જ ગળામાં પહેર્યું છે તે તાવીજથી જ બાદશાહ તાજ બેગમને વશ થયા છે. આમ આવી સૌને ખાત્રી થતાં બીજી બેગમોએ વળી બીજો પ્રસંગ રચીને સૌ બોલવા લાગી કે હં ... હવે દાવ હાથમાં આવ્યો. પણ બાદશાહ . .. હવે અહીં આવે એટલી જ વાર ...

આમ કરતા કરતા એક દિવસે પોતાના કોઈ એક કાર્યાર્થે અકબર બાદશાહ બીજી બેગમો પાસે આવતા પોતાને કરવાનું જે કાર્ય હતું તે કાર્ય પતી ગયા પછી કરી રાખેલા પ્રપંચોરૂપેના વિચાર મુજબ વાતની શરૂઆત કરતા બીજી બેગોમાંથી એક બેગમે કહ્યું કે શહેનશાહ ... તાજે પોતાના ગળામા એક તાવીજ પહેર્યું છે કે તે જે તાવીજ દ્વારા તમારા ઉપર કઈક જંતરમંતર કરેલ હોવાથી તમે તાજને વશ થઈ ગયા છો કે જેથી આપ અહીં અમારી પાસે ખાસ આવતા પણ નથી. ખેર ... આમ અમારી પાસે ન આવો તે તો અમારા ભાગ્યની વાત છે ! ... પરંતુ તાજે કરેલા આવા હલકા કાર્યથી અમને તમારા પ્રત્યે અને મોગલવંશીની આ હકુમત પ્રત્યે ભય જેવું દેખાય છે. બેગમની આવી વાત સાંભળીને અકબર બાદશાહ તો ક્ષણેભર વિચારમાં જ પડી ગયા પણ ... પછી જવાબ અર્થે કહ્યું કે હિન્દુમાંથી મુસલમાન બનેલી તાજ મારા માટે આવું કાંઈ કંરે જ નહિ. બાકી આ તો તમને બધાયને એક ભ્રમ (શંકા) જેવું દાખાય છે . અકબર બાદશાહના આવા વચનો સાંભળીને બેગમોએ વળી કપટી સ્ત્રીનો એક ગુણ બતાવતા કહ્યું કે નામદાર, પુરુષ ગમે તેવો ચતુર'હોય કે પછી ભલે ચતુર શિરોમણી હોય તો પણ સ્ત્રીના હૃદયને જાણી ન શકે ?... વળી સ્ત્રી તો પોતાના ઝપાટામાં આવેલા પુરૂષને માટે ન કરવા જેવું કરીને આખરે પુરૂષને પાયમાલ જ કરે છે, (વાંચો- વાંચકના લક્ષણો આવા માટે દુસંગ વિજ્ઞાન પ્રકારમાં શ્રી હરિરાયજીએ કરેલી આજ્ઞાઓ) એટલે આપ વધારે ન બોલાવો... અમને તો વળી ચોકખું દેખાય છે કે તે તાવીજ દ્વારા હિન્દુલોહી ધરાવનારી તાજે તમારા ઉપર બહુ જ ખરાબ જંતરમંતર્ કરેલ છે કે તે જેનો પુરાવો પણ એ છે કે આપને

તાજ સિવાય બીજી કોઈ બેગમ ગમતી પણ નથી... બોલો ?... સાચી વાત છે કે જુઠ્ઠી ?.... મોગલવંશી બાદશાહ વળી એ પણ સાંભળો કે આવા હલકા કામ કરવાવાળી સ્ત્રી પાછી એવી સાવધાન રહેતી હોય છે કે પોતે બિછાવેલી જાળના સંબંધમાં કોઈને ગંધ પણ આવવા ન દીયે. બાકી તો ઉંડી રીતે જો બરબર ખાત્રી કરીએ તો જ તેની ખબર પડે ?.... અને આ તો વળી પૂરેપુરી કપટી કહેવાનું પણ શું હોય ?... હવે તેવો પુરૂષ હોય તો પણ કેવળ ખોટા પ્રપંચોરૂપેની આવી ગરમાગર મસાલેદાર જેવી વાત સાંભળીને એક વખત તો ખરેખર ઉશ્કેરાઈ જ જાય. આમ આવા નિયમે અકબર બાદશાહ તો ડાકણ જેવી કહેવાતી શંકાના પંજામાં ફસાતા ખરેખર ઉશ્કેરાઈ ગયો અને પછી ક્રોધાવેશમાં આવી ગયેલો બાદશાહ અકબર તો તરત જ તાજ બેગમ પાસે ગયો અને ....

અને.. ખરેખર કોધાવેશમાં આવેલા બાદશાહે તાજ બેગમ પાસે આવીને પુછયું કે તાજ, કંઈક જંતરમંતર જેવું આ તમારા ગળામાં તમે શું પહેર્યુ છે ?...હજરત સાહેબ, એક હિન્દુ ફકીર પાસે આર્શીવાદ તરીકેનોમંત્ર મંગાવીને તે મંત્ર તાવીજ માં રાખ્યો છે.બાકી હજરત સાહેબ,... જંતરમંતર જેવું વળી મારે શું કરવાનું હોય ?... આ વાત સાંભળી ને અકબર બાદશાહ ને થયું કે બીજી બેગમોએ મને જે વાત કરી છે તે સત્ય જ લાગે છે પણ તાજ હજી છુપાવે છે આમ બાદશાહનાં હ્રદયમાં આવી ભાવના થતા અકબર બાદશાહે કહ્યુ કે લાવો... મને તે તાવીજ બતાવો. જવાબમાં તાજ બેગમે કહ્યુ કે હજરત સાહેબ,આર્શીવાદરૂપે રાખેલા મંત્રવાળુ આતાવીજ ખોલીને તમને બતાવી શકાય તેવું નથી...હવે પોતાનાં માં પ્રવેશ કરી ચુકેલી શંકાને વિશેષ પોષણ મલતું હોય તેવી તાજ બેગમ ના આ વાત સાંભળીને અકબર બાદશાહે તો પોતાના મનમાં પાકો જ નિશ્ચય કરી લીધો કે જરૂર તાજે મારા ઉપર કંઈક જંતરમંતર જેવું કરેલ જ છે કે જેથી તાવીજ બતાવવાની તાજ મને ના પાડે છે.

આસ્ત્રી જાતિને લાંછન લગાવતી બાદશાહની આવી વાત સાંભળીને તાજ બેગમે પણ સ્ત્રી જાતિનું વર્ણન બતાવ્યું કે હજરત સાહેબ ,.... મારા હિન્દુ માબાપને .... મારા હિન્દુ ધર્મને મારા પંજાબ વતનને વિ. વિ. છોડીને અહી આવી છું અને મારા પતિવ્રતા ધર્મનું પાલન કરવા અર્થે મારા ખાવિંદ (પતિ) તરીકે જ તમને માનીને આપને ત્યાં રહેતી આવું છું. છતાંય .... આમ આટલું બોલતાની સાથે જ તાજ બેગમેને બહુ જ દુઃખ થતાં આંખમાંથી આંસુઓ વહેવા લાગ્યા અને વહેતા આસુંએ વળી કહ્યું કે આપને હૃદયથી એટલો પણ વિચાર આવતો નથી કે તાજ આપના ઉપર જંતરમંતર કરતી હશે ખરી ?....

બાદ તાજ બેગમે પોતાના મનમાં વિચાર કર્યો કે બીજી બેગમોએ કરેલા કારસ્તાનથી ઉશ્કેયેલા બાદશાહને હવે.હું ગમે તેવી રીતે સમજાવીશ તો પણ તેને મારી વાત ગળે ઉતરશે નહિ માટે તાવીજ બતાવીને તેમના હૃદયમાં પ્રગટ થયેલી શંકાનો અંત લાવવો જ ઠીક છે. આમ આવો વિચાર કરીને પોતાના ગળામાં પહેરેલું તાવીજ કાઢીને બાદશાહને આપતા કહ્યું કે હજરત સાહેબ .... લ્યો આ તાવીજ ...અને તમારી શંકાનું નિરાકરણ કરો ... પછી ક્રોધાવેશથી ભરેલા અકબર બાદશાહે તો તાવીજ હાથમાં લીધું અને ખોલીને જોતા તેમાંથી એક ઘડી કરેલો કાગળ નીકળ્યો અને પછી તો કાગળમાં લખેલા અક્ષરોને વાંચવા લાગ્યા કે -

○ દોહો ○

કામન ટોંમન ટોટિયા, એ સબ ડારો ધોયે;
પ્રિયા કહે સો કીજીયે, અપહી તે વશ હોય.

એટલે કે જંતરમંતર કે જંતરમંતર જેવી બધીય વસ્તુને છોડી દઈને કેવળ પોતાના પતિ જેમ કહે તેમ કરો અને તેમ કરવાથી પોતાની મેલે જ તે વશ થશે - અરે, ક્ષણભર પહેલા તો ક્રોધવેશમાં દેખાતા અકબર બાદશાહ કોઈ બીજા જ સ્વરૂપે દેખાવા લાગ્યા. એટલે ટુંકમાં કે ક્રોધાવેશથી ભરેલો ચહેરો કેમ જાણે કોઈની લાચારી કરતો હોય તેવો બની ગયો. હૃદય શાંત થઈ ગયું. આવું લખનારા પ્રત્યે કોઈ બીજો જ ભાવ પ્રદર્શિત થયો, ગુસ્સામાં ને ગુસ્સામાં જે કાંઈ પોતે બોલેલ હતા તે બદલ પશ્ચતાપ કરવા લાગ્યા અને બીજી બેગમો પ્રત્યે અપ્રસન્નતા બતાવતા બોલવા લાગ્યા કે અહાહા .... સ્ત્રી જાતિ કહી એટલે ખલાસ ... પગે લાગીયે પગે ... તે પછી કેમ જામે તાજ બેગમ પાસે માફી માગતા હોય તેમ કહેવા લાગ્યા કે તાજ ... તારા પ્રત્યે મેં બતાવેલા અવિશ્વાસ બદલે મને દર ગુજર કરો. બાકી તમને ધન્ય છે ... એમ કહીને તાવીજ નો કાગળ તાજ એ બેગમના હાથમાં પાછો આપતા તાજ બેગમે પણ પત્રમાં લખેલું લખાણ વાંચ્યું અને હૃદયથી તો બહુજ આનંદ માનવા લાગ્યા પછી અકબર બાદશાહને કહ્યું કે હજરત સાહેબ, તાવીજ રૂપેનો આવા આશીર્વાદનો કાગળ મને આ શોભાવતીના ગુરૂ દ્વારા મને પ્રાપ્ત થયો છે.

ત્યારબાદ તાજ બેગમની વાત સાંભળીને અકબર બાદશાહ બહુ જ પ્રસન્નતા અનુભવી અને અનુભતા અનુભવતા કહેવા લાગ્યા કે વાહ .... મારા જેવા એક તુચ્છ જીવ ઉપર જેવી સાહેબની દયા આવી છે તેવી શ્રી દિક્ષિતજી (શ્રી ગુસાંઈજીએ) બતાવીને મને પોતાનો જાણ્યો. એટલે સમજો કે આ દિવસ થી અકબર બાદશાહનો શ્રી ગુસાંઈજી ચરણારવિંદમાં વિશ્વાસ પણ દ્રઢ થતો ગયો. બાદ અકબર બાદશાહે તાજ બેગમને કહ્યું કે તારા ઉપર હું પ્રસંન્ન થયો છું કે જેથી તુ કંઈક માંગ.... વળી જે માંગીશ તે આવીશ. જવાબમાં દેહ સંબંધના સુખવૈભવો ભોગવવાનું માગવાને બદલે તાજ બેગમે કહ્યું કે હજરત સાહેબ, આપ મારા ઉપર ખરેખર પ્રસન્ન થઈને આપ માગવાનું કહો છો તો હું એવું માંગુ છું કે શ્રી દિક્ષિતજી પાસેથી આશીર્વાદ અને મંત્ર લેવાની મને રજા આપો. તેમજ વળી મારા આવા કાર્યના નિમિત્તે કોઈ કંઈ અવરોધ કરે તો .... હવે તો તાજ બેગમે માગેલા આવા વચનના જવાબમાં અકબર બાદશાહે કહ્યું કે તાજ બહુ જ ખુશ છું તેથી તમે ખુશેથી મંત્ર લ્યો..... અને પછી વિશેષમાં એ પણ કહ્યું કે તાજ.... તારા જેવી બેગમના આધારે હું પણ અહોભાગ્ય માનું છું માટે તુ ખુશીથી મંત્ર લેજે અને વળી તારા આવા કાર્યમાં તને કોઈ વિઘ્નરૂપ નહિ થાય તેવો હુ બંદોબસ્ત કરીશ. અકબર બાદશાહના આવા વચનોથી તાજ બેગમ મનમાં વિચારવા લાગ્યા કે ખરેખર મારું વિચારીને પ્રભુને મારા મનોરથ પૂર્ણ કર્યો અને ... પછી સમજો કે તાજ બેગમના હર્ષનો તો કોઈ પારજ ન રહ્યો. આમ એક પ્રકારે અતિ પ્રસન્નતા અનુભળતા અકબર બાદશાહ અહીંથી વિદાય થઈને કચેરીમાં ગયો.

તે પછી જેમના હર્ષનો પાર નથી એવા તાજ બેગમતો તરત જ શ્રી ગુસાંઈજી ઉપર પત્ર લખ્યો કે કૃપાના સાગર આપની કૃપાથી બધુંય સારૂ થયું હતુ અને આ દિન અબળાની એક વિનંતી છે કે આ અકબર બાદશાહ પાસેથી રજા લઈ લીધી છે કે જેથી કોઈ પણ વાતનો સંદેહ રાખ્યા સિવાય આપ દિલ્હી પધારો અને મને શરણે લ્યો. આમ આવો કાગળ લખીને શોભાવતીને બોલાવી અને કહ્યું કે શોભા.... પ્રભુએ ખરેખર કૃપા કરી અને આખરે મારોમનોરથ સિદ્ધ કર્યો કે જેથી હવે એવુ કર કે આ પત્ર લઈને તુ ગુસાંઈજી પાસે જા અને મારી તમામ વાત કહીને આ પત્ર તેમના ચરણારવિંદમાં અર્પણ કરજે ..... હવે જે આવા કાર્યોમાં સદા તૈયાર તેવી શોભાવતીતો તરત જ શ્રી ગુસાંઈજી પાસે જવાને વિદાય થઈને શ્રી ગુસાંઈજી પાસે આવી. પછી દર્શન અને દંડવત્ પ્રણામ કરીને તાજ બેગમે મોકલેલો પત્ર ચરણારવિંદમાં અર્પણ કર્યો તેમજ તાવીજ વિ. બાબતમા બનેલા બધાય સમાચાર કહી સંભળાવ્યા. બાદ શ્રી ગુસાંઈજીએ પત્ર વાચ્યો. અને કેમ જાણે આપ ખરેખર પસન્ન થયા હોય તેમ આપે સ્હેજ હાસ્ય કરીને આજ્ઞા કરીકે સારૂં .... તું જા. આમ શ્રી ગુસાંઈજીની આજ્ઞાના વચનો સાંભળીને શોભાવતી પાછી તાજ બેગમ પાસે આવી અને ...

થોડાક દિવસો વિત્યા બાદ ....

અકબર બાદશાહની બેગમ તાજ બેગમની વિનંતીઓનો સ્વીકાર કરીને શ્રી ગુસાંઈજી દિલ્હી પધાર્યા અને શ્રી યમુનાજીના કિનારા પર આવેલા બીરબલના બાગમાં મુકામ કર્યો અને પછી તો સમજો કે તાજ બેગમનો બાગ બીરબલના બાગની બરોબર જ અને તે પણ પાસે હતો કે જેથી અકબર બાદશાહને ખબર પડી કે શ્રી દિક્ષિતજી પધાર્યા છે. આમ આવું જાણીને હિન્દુ ધર્મના રીત રિવાજોને બરાબર નહિ સમજી શકનાર એવા અકબર બાદશાહે અમુક પંડિતોને બોલાવ્યા અને પૂછ્યું કે હિન્દુના પીરના (ગુરૂદેવના) દર્શન કરવા કઈ રીતે જવું જોઈએ ? .... જવાબમાં પંડિતોએ કહ્યું કે દેવના જ્યાં મંદિર હોય ત્યાં જઈને સૌથી પ્રથમ દરવાજાથી જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા પછી દેવના દર્શન તેમજ ગુરુદેવ આચાર્યો માટે પણ આવું જ સમજવું અને પછી ગુરૂદેવ જો આપણે ત્યાં પધારે તો આપણા મહેલના દરવાજા સુધી સામા જઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને આપણા મહેલમાં પધરામણી કરવી તેમજ શક્તિ અનુસાર ભેટ ધરવી .... પંડિત દ્વારા આ પ્રમાણે વસ્તુસ્થિતિ જાણી લઈને અકબર બાદશાહે તો શ્રી ગુસાંઈજીની પોતાના મહેલમાં પધરામણી કરી અને પછી પંડિતોના કહેવા પ્રમાણે કર્યુ ... આમ આવું જોઈને કાજીએ તથા મુસલમાનોએ વિરોધ ઉઠાવતા અકબર બાદશાહને કહ્યું કે હજરત સાહેબ, આપે આ ધર્મ વિરુદ્ધનું કાર્ય કર્યુ છે કે જે યોગ્ય ન કહેવાય ?.... આમ સૌ કોઈ વિરોધ દર્શાવવા લાગ્યા પરંતુ અકબર બાદશાહે તાજ બેગમને હુકમ કર્યો કે શ્રી દિક્ષિતજી પધાર્યા છે કે જેથી મારો મનોરથ હોય તો શરણે જાય.

હવે બીરબલ બાગ અને તાજ એમ બંને બાગ બાજુમાં હતા. અરે બાજુમાં તો હતા પરંતુ એક બાગમાંથી બીજા બાગમાં જઈ શકાય તેવો રસ્તો પણ હતા. કે જેથી અકબર બાદશાહના હુકમ અનુસાર તાજ બેગમ તો પાલખીમાં બેસીને

પોતાના તાજ બાગમાં આવ્યા પછી તાજ- બાગની અંદરથી બીરબલના બાગમાં જવાનો જે રસ્તો હતો તે રસ્તે થઈને તાજ બેગમ બીરબલ બાગમાં કે જ્યાં શ્રી ગુસાંઈજી બિરાજતા હતા ત્યાં આપના ચરણારવિંદ પાસે આવ્યા અને દર્શન કર્યા તેમજ દંડવત્ પ્રણામ કરીને પાછા દર્શન કર્યા. આમ આ સમયે તાજ બેગમનો જે સ્નેહ પ્રગટ થયો હતો તે સ્નેહનું વર્ણન અહીં લખવું અશક્ય છે, એટલે ટુંકમાં કે આ સમયે આ સમયે તાજ બેગમના હૃદયની ભાવના "રસમય" બની જતા પોતાના દેહમાં અન્ય સંબંધ-અન્યાશ્રયથી ગંધ પણ રહી ન હતી. આમ તાજ બેગમનો આવો ભાવ જાણીને શ્રી ગુસાંઈજીએ તાજ બેગમને શરણે લીધા અને સાથે સાથે શ્રી ગુસાંઈજીએ તાજ બેગમને "દાસીભાવનું દાન કર્યું" .. આમ પોતાને દાસીભાવનું દાન થતા તાજ બેગમે પોતાનું કહેવાતું તન,મન, અને ધન ભેટમાં અર્પણ કરીને વિનંતી કરી કે રાજ, હવે મારે કેવી રીતે વર્તવું?.... જવાબમાં આજ્ઞા કરતા શ્રી ગુસાંઈજીએ કહ્યું કે શ્રી મહાપ્રભુજીના ચિત્રજી તો તમારે ત્યાં બિરાજે છે તેથી તે ચિત્ર સ્વરૂપના હંમેશા દર્શન કરજો તેમ શોભાવતી અને રાય વૃન્દ્રવદાસની પુત્રી એમ આ બન્નેમો સત્સંગ કરજો. શ્રી ગુસાંઈજીએ કરેલી આવી આજ્ઞાને પોતાને માથે ધરાવીને તાજ બેગમ પોતાના મહેલમાં ગયા.

તે પછી તાજ બેગમે બે મહેલો તૈયાર કરાવ્યા. આમ આ બન્ને મહેલો માટે તાજ બેગમે એવી વ્યવસ્થા કરી કે શ્રી મહાપ્રભુજીના ચિત્રજી જે અકબર બાદશાહના મહેલમાં બિરાજતા હતા તે ત્યાંથી પધારીને લાવીને આ બે મહેલો પૈકા એક મહેલમાં પધરાવ્યો તેમજ સત્સંગ કરવાનું પણ આ મહેલમાં જ રાખ્યું એટલે કે એક મહેલ તો કેવળ સેવા-સત્સંગ માટે જ રાખ્યો. વળી બાદશાહ અકબર આવે અને તેનો સહવાસમાં પણ બેસવું પડે એટલે બીજા મહેલ આવા કાર્યો માટે રાખ્યો. આમ અલગ અલગ કાર્યો માટે અલગ અલગ મહેલો બનાવીને પોતે પોતનું કાર્ય સિદ્ધ કરવા લાગ્યા અને પછી તો સમજો કે પ્રેમના આવેશમાં આવી જતા તાજ બેગમે પોતાનું કાર્ય એટલે અંશ સુધી સુધી સિદ્ધ કરી લીધું કે પ્રેમને વશ થયેલા શ્રીનાથજી પોતે શંતરંજ ખેલવા માટે તાજ બેગમના મહેલમાં પધારતા અને તાજ બેગમની સાથે શેતરંજ ખેલીને મોડી રાત્રિના સમયે નિજ મંદિરમાં પાછા પધારતા આમ કરતા કરતા એક દિવસ શ્રીનાથજીના શ્રીઅંગે આળસ અને નેત્રોમાં લાલાશ દેખાતા શ્રી ગુસાંઈજીએ શ્રીનાથજીને વિનંતીથી પૂછ્યું કે બાવા, નેત્રો લાલાશ જેવા દેખાય છે તો રાત્રિ ક્યાં રહ્યા હતા ?... જવાબમાં શ્રીનાથજીએ આજ્ઞા કરીને કહ્યું કે રાત્રિએ તાજની સાથે શેતરંજ ખેલી ... વળી રાત્રિ પણ ત્યાં જ રહેલ એટલે રાત્રિએ જાગરણ જેવું થયેલ હોવાથી શ્રીઅંગે-આળસ અને નેત્રોમાં લાલાશ ..... જેવું દેખાતું હશે. આમ આવા ... સ્ત્રીપ્રસંગની વાત શ્રીનાથજીના મુખરાવિંદ દ્વારા સાંભળકા શ્રી ગુસાંઈજીએ શ્રીનાથજીના રાજભોગમાં આ દિવસથી શેતરંજ બિછાવી એટલે આ દિવસથી શ્રીનાથજીના રાજભોગના સમયે શેતરંજ બિછાવાય છે.

ત્યારબાદ એક દિવસે તાજ બેગમે શ્રીનાથજીને વિનંતી કરતાં કહ્યું કે પ્રભુ ... મારા જેવી પર કૃપા કરીને હંમેશા મારા મહેલમાં જ આપ બિરાજો જવાબમાં શ્રીનાથજીએ " શ્રીમુખે અને તે પણ સાક્ષાત્ રીતે " આજ્ઞા કરતા કહ્યું કે તમારા મહેલમાં શ્રી મહાપ્રભુજીના જે ચિત્ર સ્વરૂપ બિરાજે છે તે મારૂં જ સ્વરૂપ છે, તેથી તે સ્વરૂપને મારૂં જ સ્વરૂપ માનીને રહેજો. શ્રીનાથજીના શ્રીમુખેથી કરેલી આવી આજ્ઞાથી એ સૂચન થયું કે શ્રી મહાપ્રભુજીના ચિત્રસ્વરૂપે શ્રીનાથજી પોતે જ હંમેશા તાજ બેગમના મહેલમાં બિરાજ્યા. એટલે ટુંકમાં એટલું જ સમજો કે શ્રીનાથજીએ શ્રીમુખે કરેલી આ પ્રમાણેની આજ્ઞાથી તાજ બેગમ "પોતાના અલૌકિક ભાવથી " આ મહાપ્રભુજીના સ્વરૂપની સેવા કરવા લાગ્યા હતા. વિશેષ શું?...

આમ શ્રી મહાપ્રભુજીના આ ચિત્રસ્વરૂપને તાજ બેગમે પોતાના મહેલમાં પધરાવ્યા પથી પણ અકબર બાદશાહ સવારે જ્યારે નિંદ્રામાંથી જાગ્રત થતા ત્યારે સૌથી પ્રથમ આ સ્વરૂપના દર્શન કરવા માટે તાજ બેગમના મહેલમાં અને દર્શન કર્યા પછી જ બીજા કાર્યો કરતા હતા. એટલે કે શ્રી મહાપ્રભુજીના સ્વરૂપના પ્રત્યે અકબર બાદશાહનો આવો ઉત્તમ ભાવ હતો. વળી જ્યારે જ્યારે જનમાષ્ટમીનો ઉત્સવ આવતો હોય ત્યારે ત્યારે અકબર બાદશાહ શ્રીમદ્ ગોકુલ જતા અને શ્રી નવનીતપ્રિયાજીનાં દર્શન કરતા હતા. આમ આવા આ જનમાષ્ટમીના ઉત્સવના દિવસે અકબર બાદશાહને તો વળી એવા દર્શન થતા હતા કે શ્રી ગુસાંઈજી પલનામાં ઝૂલે અને શ્રી નવનીતપ્રિયાજી (શ્રીઠાકોરજી) ઝૂલાવે છે .... જો કે બિરબર પણ આપના સેવક હતા છતાંય તેમને આવા દર્શન કદી પણ થયા નથી એટલે કે બિરબલ જ્યારે દર્શન કરતા હોય ત્યારે તેમને પૂછતા કે તમને કેવા દર્શન થાય છે ?..... જવાબમાં બિરબલ કહેતા હતા કે શ્રી નવનીતપ્રિયાજી પાલનામાં ઝૂલે છે અને શ્રી ગુસાંઈજી ઝૂલાવે છે એવા મને દર્શન થાય છે - એટલે કે બિરબલ બાદશાહ જેવો અનુભવ થતો ન હતો. આમ આવા પ્રમાણે ઉપરથી એ સમજાય છે કે બાદશાહ અકબર ઉપર શ્રી ગુસાંઈજીની સંપૂર્ણ કૃપા હતી. નહિતર અકબર બાદશાહને આવા દર્શન થવાનું સંભવે જ નહિ !.... આમ અકબર બાદશાહ ઉપર શ્રી ગુસાંઈજીની

આવી કૃપા હોવાના કારણે અકબર બાદશાહ જ્યારે જ્યારે મથુરા આવતા હતા ત્યારે ત્યારે શ્રી ગુસાંઈજીના દર્શન કરવા માટે પ્રથમ શ્રીમદ્ ગોકુલ આવતા અને પછી જ મથુરા જઈને પોતાનું કાર્ય કરતા હતા.

ત્યાર બાદ એક દિવસ અકબર બાદશાહે એવું કર્યું કે રાજસભા ભરીને અકબર બાદશાહે પંડિતોને રાજસભામાં બોલાવ્યા અને અકબર બાદશાહે પંડિતોની સાથે એક ઉકેલ કરવા લાગ્યા કે :-

○ દોહો ○

દિલ્હીપતિ અકબર કહ્યો, વિદુસ બતાવો ભેદ;
ધન્ય રાજ્ય કાકો ભાયો, યહ સંશય સમ છેદ ૧

સતયુગ શ્વેત વારાહ બુન, તીન્યો યુગ નિરાધાર;
ધન્ય રાજ્ય પાંડવનકો, કૃષ્ણ લીયો અવતાર ૨

એક પ્રશંસા આપકી, કહે તબ આવે લાજ;
યહ સુનીકે અકબર કહ્યો, ધન્ય ધન્ય સબ રાજ ૩

ધન્ય ભાગ્ય મમ યાં સમે, પંડિત કરો વિચાર;
શ્રી વલ્લભ વલ્લભ સુવન, નવનિધિ કૃષ્ણ અવતાર ૪

આમ રાજ્યસભામાં આવું કહી કહીને અકબર બાદશાહ પોતાના રાજ્યને ભાગ્યશાળી માનવા લાગ્યા. અરે એટલું જ નહિ પરંતુ સાથે સાથે તાજ બેગમની પણ બહુ જ કાની રાખવા લાગ્યા હતા. તે પછી તાજ બેગમની ઈચ્છા મુજબ તાજ બેગમે આગ્રામાં એક ગોકુલપુરા વસાવ્યું અને પછી તો સમજો આ ગોકુલપુરામાં બધાય વૈષ્ણવો- ભગવદીયો રહેવા લાગ્યા હતા.

તે પછી જ્યારે ફાગણ માસ આવ્યો ત્યારે એક સમયે તાજ બેગમને શ્રી ઠાકોરજીના દર્શન માટે બહુ જ વિરહ થયો. પરિણામે ખાવાપીવાનું પણ ભાન ભૂલાઈ ગયેલું જોઈને શ્રી ઠાકોરજીએ કૃપા કરી અને પોતાના મહેલમાં જ સંપૂર્ણ લીલા સહિત હોળી ખેલતા શ્રી ઠાકોરજીના દર્શન થયા. આમ પોતાને આવા દર્શન થતા તાજ બેગમ ધમાર ગાવા લાગ્યા કે :-

○ રાગ-નટ ○

બહુરી ડફ બાજર લાગે, હેલી તુમ સુનિયો સાહેલી.

પછી છેલ્લે ટુંકમાં એવું ગાયું કે :-

નિર્તન આવત તાજરે, પ્રભુ ગાવત હોરી ગીત ...

આમ આવી રીતેની ધમાર ગાયા પછી ઠાકોરજી અંતધ્યાન થતાં તાજ બેગમને બહુ વિરહ થવા લાગ્યો. આમ આ સમયે શોભાવતી તથા શેઠ વૃન્દ્રવનદાસની પુત્રી અમ બંને સાહેલીઓ પણ પાસે જ હતી. અને પછી આવા વિરહમાં ને વિરહમાં બીજી નવા દોહા બોલ્યા કે :-

○ દોહો ○

પ્રીતમ બસત પહાડપે, હમ યમુના કે તીર;
અલકે મિલનો કઠિન હૈ, પોવન પરી જંજીર ૧

અગર આગરો મો રહ્યો, ગિરિ પર વસે મો નાથ;
તોરી જંજીર જોમસોં ઔર મેં પ્રીતમ કે પાસ ... ૨

ઈતની રહી ઘરની ગિરિ, જીવ સખી ઉર લાય;
પ્રાણ પ્રિયા કે પ્રેમસોં સીંચી ધીર ધરાય ૩

નિશા અંત મહા વિરહમેં,દરશન દીલો વ્રજનાથ;
અકબર શાહ મથુરા ચલે. સંગ લીયે તિયતાજ ૪

આમને આમ તાજ બેગમના આવા ત્રણ દિવસો વિત્યા બાદ અકબર બાદશાહ તાજ બેગમની ખબર કાઢવા માટે તાજ બેગમના મહેલે આવ્યા અને ... તાજ બેગમની આવી વિરહ દશા જોતા પોતે વિચાર કરવા લાગ્યો કે તાજ જ્યારે પોતાના ઈષ્ટદેવના દર્શન કરશે ત્યારે જ તેના હૃદયમાં ઉત્પન્ન થયેલો વિરહ શાંત થશે. આમ આવો વિચાર કરીને મથુરા જવા માટેની તૈયારી કરાવીને બીજા દિવસે સવારે બંને સાહેલીઓ સહિત તાજ બેગમને લઈને બાદશાહ અકબર મથુરા આવ્યા. હવે મથુરા આવ્યા પછી જેમનો અંતિમ સમય આવી પહોંચ્યો છે એવા તાજ બેગમે અકબર બાદશાહને કહ્યું કે હજરત સાહેબ, મારા ઈષ્ટદેવ શ્રી ગોવર્ધનનાથજી (શ્રીનાથજીના) દર્શન કરવાની મારી ઈચ્છા છે તેથી મને ત્યાં લઈ ચાલો અને શ્રી ગોવર્ધનનાથજીના દર્શન કરાવો. તાજ બેગમની આવી ઈચ્છા જાણીને સૌને સાથે લઈને અકબર બાદશાહ ગોપાલપુરા (જતીપુરા) આવ્યા અને રૂદ્ર કુંડ (રૂદન કુંડ) ઉપર તંબુ લગાવીને મુકામ કર્યો. પછી પ્રથમ તો અકબર બાદશાહ ઉત્થાપનના દર્શન કરી અને પછી ભોગના સમયે આ તાજ બેગમને દર્શન કરવા લઈ ગયા.

બાદ શ્રીનાથજીના દર્શન કરવા માટે તાજ બેગમ શ્રીનાથજીના મંદિરમાં આવ્યા. અને ભોગના સમયે દર્શન કરતા પોતાને એવા દર્શન થયા કે શ્રીઅંગ ઉપર મુકુટ-કાછનીનો શૃંગાર ધારણ કરીને શ્રીનાથજી વ્રજભક્તોની સાથે હોળી ખેલતા હતા તેમજ કુંભનદાસ, ગોવિંદસ્વામી વગેરે ભગવદીયો તાજ બેગમની જ બનાવેલી ધમાર ગાઈ રહ્યા હતા. આમ પ્રણય લીલાના આવા દર્શન તાજ બેગમને થતાં " નેત્રો મળતાં વાત કીધી" ... એટલે કે શ્રીનાથજીએ તાજ બેગમનાં નેત્રે સામે જોઈને કટાક્ષ દ્રષ્ટિ કરવાથી તાજ બેગમ તો શ્રીનાથજીને મળવા માટે દોડ્યા અને દોડતા દોડતા મણીકોઠાની દેલી ઉપર ચઢતાંની સાથે જ તાજ બેગમની લૌકિક દેહ છૂટી જતાં અલૌકિક દેહ ધારણ કરીને શ્રી ઠાકોરજીની નિજ લીલામાં પહોંચ્યા અને પછી તો સમજો કે છૂટી ગયેલા દેહ નીચે જમીન પર પડતા તાજ બેગમને પછડાટ લાગશે એવું વિચારીને ઉભેલી બન્ને સાહેલીઓ તાજબેગમના લૌકિક દેહને જમીન પર પડતા રોકીને પોતાની ગોદમાં લઈ લીધો. પછી બન્ને સાહેલીઓએ ગભરાતા ગભરાતા તાજ બેગમની લૌકિક દેહને શ્રી ગિરિરાજની નીચે દંડવતી શીલા પાસે લાવ્યા અને ગોદમાંથી નીચે ઉતારીને બેસાડવા લાગ્યા. પરંતુ તાજ બેગમના લૌકિક દેહમાં શ્વાસનો અંશ પણ રહ્યો ન હતો એટલે કે જડ જેવો માત્ર દેહ જ દેખાયો. આમ આવું દેખાતું હોવા છતાંય બંને સાહેલીઓએ ચેતન લાવવા માટે પ્રયત્નો તો કર્યા પણ દેહમાં પ્રાણ હોય તો તે ચેતન આવેને !... એટલે આખરે તાજ બેગમના લૌકિક દેહમાં પ્રાણ નથી એવું માનીને બંને સાહેલીઓ વિચારમાં પડી ગઈ કે બેગમ સાહેબાનું તો આવું થયું ... . પરંતુ આવા સમાચાર સાંભળતા બાદશાહ આપણને શું કહેશે ?.... તેમજ આપણું શું થશે ?...

આમ બન્ને સાહેલીઓ ચિંતા કરતી હતી એવામાં તો બાદશાહને ખબર પહોંચી ગયા કે તાજ બેગમ દર્શન કરવા ગયા હતા અને દર્શન કરતા કરતા તેનો જીવ-આત્મા તો દેવના ચરણારવિંદમાં પહોંચી ગયો છે અને જડ થયેલા લૌકિક દેહને સાહેલીઓ નીચે લાવી છે. આમ આવા સમાચાર સાંભળતા અકબર બાદશાહ તાજ બેગમના લૌકિક દેહ પાસે આવ્યા અને ગભરાઈ રહેલી સાહેલીઓને જોઈને અકબર બાદશાહ એટલુંજ બોલ્યા કે "જે વસ્તુ જ્યાંની હતી ત્યાં તે વસ્તુ પહોંચી" .. .. અને વળી આવા કારણથી જ એટલે કે ઠાકોરજીના ચરણારવિંદમાં પહોંચવા માટે જ તાજ મને અહીં બોલાવીને લાવી હતી. વળી તાજના આવા મરણથી હુ બહુજ સુખ માનું છું ..... બાદ તાજ બેગમના લૌકિક દેહની વિધિ કરાવ્યા પછી અકબર બાદશાહ અહીંથી દિલ્હી તરફ જતા રહ્યા.

ત્યારબાદ બેગમના જીવન ચરિત્ર ઉપરથી સૌ વૈષ્ણવો કહેવા લાગ્યા કે તાજ બેગમને આ જે મનુષ્ય અવતાર પ્રાપ્ત થયો હતો તે તો કેવળ મ્લેચ્છ તરીકે કહેવા પુરતો જ હતો. બાકી જ્યારથી શ્રી ગુસાંઈજીના શરણે આવ્યા ત્યારથી જ ઠાકોરજીની સેવા કરી તેમજ અંતિમ સ્થિતિએ પણ શ્રીનાથજીના ચરણારવિંદમાં જ દેહ છોડીને પોતાનું દેવી જીવન બતાવ્યું આમ આ તાજ બેગમ શ્રી ગુસાંઈજીના આવા કૃપાપાત્ર સેવક હતા. હવે આ ભાવસિન્ધુ નામના ગ્રંથમાં એવું પણ લખેલ છે કે શ્રી લલિત ત્રિભંગીરાંયજીને પોતાના મહેલમાં પધરાવીને તાજ બેગમ થોડોક સમય સેવા કરી હતી. વળી આ સમયે પોતાની બન્ને સાહેલીઓ પરચારગીઆ (ટહેલમાં) રહી હતી ... પછી શ્રી લલિતત્રિભંગીરાયજી દંડોત ધારમાં બિરાજ્યા અને તે પછી ગુસાંઈજીના ઘરે પધાર્યા.

હવે તાજ બેગમના મહેલમાં બિરીજતા શ્રી મહાપ્રભુજીના ચિત્ર સ્વરૂપ વિષે પણ કંઈક જાણીએ કે પાછળથી એવું બન્યું કે અકબર બાદશાહની ગેરહાજરી પછી જહાંગીરશાહ અને જહાંગીરશાહની ગેરહાજરી પછી જયારે શાહજહાં દિલ્હીના ગાદીપતિ તરીકે બન્યા હતા ત્યારે તેમના સમયમાં થયેલી લડાઈમાં કૃષ્ણગઢના રાજાએ સહાયતા કરેલી હોવાથી શાહજહાં આ રાજા ઉપર અતિ ખુશ થઈ જતા કંઈક માંગવાનું કહેતા કૃષ્ણગઢના રાજા એ શ્રીમહાપ્રભુજી ના આ ચિત્રજીની માંગણી કરતા શાહજહાંએ આ ચિત્રજી કૃષ્ણગઢના રાજાને આપ્યા. એટલે સમજો કે સીકંદરના સમયમાં હોનહાર નામના ચિતારાએ સેવકો સહિત શ્રી મહાપ્રભુજીના ચિતરેલા આ ચિત્રજી કૃષ્ણગઢના રાજ મહેલમાં પધરાવવામાં આવ્યા અને હાલ પણ ત્યાં જ બિરાજે છે તેમજ સેવા પ્રકાર પણ ચાલુ છે.

આમ મ્લેચ્છોની સાથે રહીને દેવી જીવન જીવી બતાવનાર
તાજ બેગમની વાર્તા સંપૂર્ણ.

*

ખરેખર, સત્ય જ છે કે જે વસ્તુ જયાંની હતી
ત્યાં જ તે વસ્તુ પહોંચી...એટલે હવે તો સૌએ
પોત પોતાનુ જ વિચારવાનું રહ્યું!.....ઈતિ.